મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી વિરચિત

શ્રી શાંતસુધારસ

[વિસ્તૃત વિવેચન તથા ગ્રંથ અને ગ્રંથકારના સવિસ્તર પરિચય સાથે]

વિવેચક

સ્વ. શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

પ્રકાશક

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

ઑગસ્ટ ક્રાંતિ માર્ગ

મુંબઈ - ૩૬

શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથમાળા : ગ્રંથાંક-૬

મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી વિરચિત

શ્રી શાંતસુધારસ

[વિસ્તૃત વિવેચન તથા ગ્રંથ અને ગ્રંથકારના સવિસ્તર પરિચય સાથે]

વિવેચક

સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

(બી. એ., એલએલ. બી., સોલિસિટર, નોટરી પબ્લિક)

પ્રકાશક

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

ઑગસ્ટ ક્રાંતિ માર્ગ

મુંબઈ

પ્રકાશક :
શ્રી જયંતીલાલ રતનચંદ શાહ
શ્રી જગજીવન પોપટલાલ શાહ
ડૉ. રમણુલાલ ચીમનલાલ શાહ
માનદ મંત્રીઓ :
શ્રી મહાવીર જૈન વિદ્યાલય
ઑગસ્ટ ક્રાંતિ માર્ગ,
મુંબઈ-૪૦૦૦૩૬

પહેલી આવૃત્તિ : પહેલો ભાગ – સને ૧૯૩૬; બીજો ભાગ – સને ૧૯૩૮, નકલ ૧૦૦૦
બીજી આવૃત્તિ : પહેલો ભાગ – સને ૧૯૩૯; બીજો ભાગ – સને (?) ; નકલ ૧૦૦૦
ત્રીજી આવૃત્તિ : બન્ને ભાગ – સને ૧૯૬૪; નકલ ૧૨૫૦
ચોથી આવૃત્તિ : એક જ પુસ્તકરૂપે. સને ૧૯૭૬, નકલ ૨૦૦૦
પાંચમી આવૃત્તિ : એક જ પુસ્તકરૂપે; સને ૧૯૮૬, નકલ ૨૦૦૦

વીર નિ. સં. ૨૫૧૨; વિ૦ સં૦ ૨૦૪૨ જેઠ, જૂન ૧૯૮૬

કિંમત : બત્રીશ રૂપિયા

મુદ્રક :
જસવંતલાલ ગીરધરલાલ શાહ
શ્રી પાર્શ્વ પ્રિન્ટરી
૧૪૭ દોશીવાડાની પોળ
અમદાવાદ – ૩૮૦૦૦૧
ફોન નં. ૩૮૩૭૦૬



શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ

<જન્મ: તા ૭-૧૨-૧૮૭૮, મોધલગાર • અવસાન તા. ૨૭-૩-૧૯૫૧ મુંબઈ>

પાંચમી આવૃત્તિ પ્રસંગે

(પ્રકાશકીય નિવેદન)

પરમ પૂજ્ય મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે રચેલ "શ્રી શાંતસુધારસ" ગ્રંથ જેમ એક સુમધુર કાવ્યકૃતિ છે, તેમ એ ૧૬ ભાવનાઓનો મહિમા વર્ણવતું મહાગીત પણ છે. આ કાવ્યગ્રંથમાં અનિત્ય વગેરે બાર ભાવનાઓનું અને મૈત્રી વગેરે ચાર ભાવનાઓનું ધ્યેયાત્મક વર્ણન કરવામાં આવ્યું છે; અને તે ખૂબ મનોહર, હૃદયસ્પર્શી અને આત્મભાવને જાગ્રત કરે એવું છે તથા શબ્દો અને ભાવોની મધુરતા તો જાણે એના અણુ અણુમાં રેલાતી હોય એમજ લાગે છે. અને જ્યારે કોઈ સંગીતકાર વ્યક્તિ મધુર કંઠે એનું ગાન કરે છે ત્યારે તો જાણે એ શ્રોતાના ચિત્ત ઉપર કામણ જ કરી જાય છે.

આ કાવ્યકૃતિ ઉપર શાસ્ત્રાભ્યાસી, અનેક ગ્રંથોના સર્જક અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ભૂતપૂર્વ માનદ મંત્રી શ્રી મોતીચંદભાઈ ગિરધરલાલ કાપડિયાએ, પોતાના જેલવાસ દરમ્યાન, ખૂબ વિસ્તૃત વિવેચન લખ્યું હતું; અને તે પહેલી વાર ચારેક દાયકા પહેલાં, બે ભાગમાં, ભાવનગરની શ્રી જૈન ધર્મ પ્રચારક સભા તરફથી, મૂળ સંસ્કૃત કૃતિ સાથે પ્રકાશિત કરવામાં આવ્યું હતું. (પહેલો ભાગ સને ૧૯૩૬માં અને બીજો ભાગ સને ૧૯૩૮માં પ્રગટ થયો હતો.) શ્રી મોતીચંદભાઈના આ વિવેચનને લીધે શ્રીસંઘે આ ગ્રંથનો કેટલા પ્રમાણમાં લાભ લીધો છે એ વાત અત્યાર સુધીમાં આ ગ્રંથની ચાર આવૃત્તિઓ પ્રસિદ્ધ થવા છતાં ઘણાં વર્ષોથી એ અપ્રાપ્ય છે, એ બીજા ઉપરથી પણ જાણી શકાય છે.

આ ગ્રંથની બે આવૃત્તિઓ ભાવનગરની જૈન ધર્મ પ્રસારક સભાએ પોતે જ પ્રગટ કરી હતી. એની ત્રીજી આવૃત્તિ પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયમંગલપ્રભસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી અને પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ક્ષમાસાગરજી મહારાજની પ્રેરણાથી, સને ૧૯૬૪ની સાલમાં, રાજસ્થાન–શિવગંજના શ્રી વર્ધમાન જૈન તત્ત્વજ્ઞાન પ્રચારક વિદ્યાલય તરફથી, પ્રકાશિત થઈ હતી.

આ ગ્રંથની ચોથી આવૃત્તિ વિદ્યાલયે "શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથમાળા"ના ગ્રંથાંક ૬ તરીકે પ્રગટ કરેલ.

આ ગ્રંથની આ ચોથી આવૃત્તિ તૈયાર કરતી વખતે એમાં આ પ્રમાણે બે મુખ્ય ફેરફાર કરવામાં આવ્યા હતા. (૧) અત્યાર અગાઉ પ્રગટ થયેલી આ ગ્રંથની ત્રણ આવૃત્તિઓના, નાની સાઈઝના પુસ્તક-રૂપે, બે ભાગ કરવામાં આવ્યા હતા તે આ વખતે શ્રી આનંદઘન–ચોવીશી વગેરે શ્રી મોતીચંદભાઈ દ્વારા વિવેચિત ગ્રંથોની જેમ, મોટી સાઇઝના એક જ ગ્રંથ તરીકે છપાવવામાં આવ્યા છે. અને (૨) ગ્રંથ અને ગ્રંથકારનો સવિસ્તર પરિચય આપતું શ્રી મોતીચંદભાઈનું, ગ્રંથના ઉપોદ્‌ઘાતરૂપ લખાણ બીજા ભાગને અંતે આપવામાં આવ્યું હતું તે, આ આવૃત્તિમાં ગ્રંથની શરૂઆતમાં મૂકવામાં આવ્યું છે. ઉપરાંત, અનુક્રમણિકાના લખાણમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.

છેલ્લા ઘણા સમયથી ચોથી આવૃત્તિ પણ અપ્રાપ્ય થતાં આ પાંચમી આવૃત્તિ પ્રગટ કરતાં અમે ખૂબ આનંદ અનુભવીએ છીએ.

આ ગ્રંથમાળાનું સંપાદન અને પ્રકાશન કાર્ય પ્રારંભથી જ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ સંભાળેલ છે. આ આવૃત્તિ તુરત પ્રગટ થાય અને વાચકવર્ગની માંગણી સંતોષાય તે ભાવનાની તેઓએ, પોતાની તબિયત અસ્વસ્થ રહેતી હોવા છતાંય પૂરી કાળજી રાખી છે, જે સંસ્થાની સાહિત્ય પ્રવૃત્તિ પ્રત્યેની એમની મમતા અને સ્વ. શ્રી મોતીચંદભાઈના કાર્ય અને સાહિત્યસર્જન પ્રત્યેની ભક્તિનાં દર્શન કરાવે છે. આ ભાવના બદલ અમે તેઓના અત્યંત ઋણી છીએ.

આ પુસ્તકનું સ્વચ્છ અને સુઘડ મુદ્રણ અમદાવાદની શ્રી પાર્શ્વ પ્રિન્ટરીએ કરી આપ્યું, તેના પ્રુફ રીડિંગનું કામ અધ્યાપક શ્રી રતિલાલ ચીમનલાલ દેશીએ સંભાળી લીધું અને બાઇન્ડિંગ ભગવતી બાઇન્ડીંગવાળા શ્રી નાનાલાલ વ્યાસે કરી આપ્યું છે, તેઓ સર્વે પ્રત્યે અમે કૃતજ્ઞતાની લાગણી દર્શાવીએ છીએ.

ઑગસ્ટ ક્રાંતિ માર્ગ,
મુંબઈ-૪૦૦૦૩૬
ચૈત્ર સુદિ ૧૩, બુધવાર
તા. ૨૨-૪-૧૯૮૬

શ્રી જયંતીલાલ રતનચંદ શાહ
શ્રી જગજીવન પોપટલાલ શાહ
ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ
મંત્રીઓ

આ મુ ખ

શ્રી વિનયવિજય ઉપાધ્યાય વિક્રમની સત્તરમી સદીની છેલ્લી પચ્ચીશીમાં જન્મ્યા અને અઢારમી સદીમાં પોતાની સાહિત્ય–પ્રસાદી જનતાને આપી. એવી પ્રસાદીઓ પૈકીની આ **"શ્રી શાંતસુધારસ"** ગ્રંથ એક વિભૂતિ છે. એમાં શાંતરસ ગેયરૂપે છલોછલ ભરેલો છે અને પ્રત્યેક ભાવના સાથે ગૂજરાતમાં સુપ્રસિદ્ધ દેશીના રાગોમાં સાદી પણ માર્મિક સંસ્કૃત ભાષામાં સુંદર ઢબે ગાઈ શકાય તેવું એક એક અષ્ટક આપ્યું છે. આ પ્રથમ વિભાગમાં નવ ભાવનાઓ આવે છે: **અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર અને નિર્જરા.** પ્રથમની પાંચ ભાવના આત્માને ઉદ્દેશીને છે, છઠ્ઠી શરીરને ઉદ્દેશીને છે અને સાતમી, આઠમી અને નવમી ભાવનામાં તત્ત્વચર્ચા ખાસ કરીને તત્ત્વદૃષ્ટિએ કરી છે. આખો ગ્રંથ અતિ મધુર ભાષામાં અને સુંદર રીતે લેખક–મહાત્માએ તૈયાર કર્યો છે.

મારા જેલનિવાસ દરમ્યાન મને આ આકર્ષક ગ્રંથ પર વિવેચન લખવાની અભિલાષા થઈ. મને મળેલી શાંતિનું આ ગ્રંથ પણ એક પરિણામ છે. અત્ર પ્રથમ ભાગ રજૂ કર્યો છે. બીજા વિભાગમાં બાકીની ત્રણ અનુપ્રેક્ષા–ભાવના (ધર્મસુકૃતતા, લોકપદ્ધતિ અને બોધિદુર્લભતા) આવશે અને ત્યાર પછી મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવનાઓ આવશે.

આ ગ્રંથના કર્તા શ્રી વિનયવિજય ઉપાધ્યાયનું ચરિત્ર અને વિસ્તૃત ઉપોદ્‌ઘાત બીજા વિભાગમાં આવશે. બની શકશે તો શાંતરસને રસ ગણવા સંબંધીની સાહિત્યવિષયક ચર્ચા પણ બીજા ભાગમાં કરવાની તક હાથ ધરવામાં આવશે. 'શ્રી અધ્યાત્મકલ્પદ્રુમ'માં એ ચર્ચા મૂકવાની હતી તે રહી ગઈ છે, તે વિચારનો અમલ આ પુસ્તકના બીજા ભાગમાં કરવાની ઇચ્છા છે. બીજો ભાગ પણ લગભગ આ પ્રથમ વિભાગ જેવડો જ થશે એમ લાગે છે.

સર્વને ગાવાની અથવા અભ્યાસ કરવાની સગવડ થવા માટે ઉપયોગી લાગશે તો માત્ર મૂળ ગ્રંથને બીજા ભાગમાં પૃથક્ આપવાની પણ ઇચ્છા છે અને સમાન ભાવનાઓ (યશઃસોમ અને સકળચંદ્રજી ઉપાધ્યાયની) વચ્ચે મૂકી છે તે પૈકી બાકીની રજૂ કરવામાં આવશે.

કેટલાક ગ્રંથો પચાવી હૃદયમાં ઉતારવા યોગ્ય છે. આત્માને ઉદ્દેશીને એની પ્રગતિ અને સાધ્યસામીપ્યની નજરે જ રચાયેલા હોય છે અને શાંતિના પ્રેરક અને સાધ્યને નજીક લાવનાર હોય છે. તે પૈકીનો આ ગ્રંથ હોઈ એને નવલકથાની પેઠે વાંચી જવાનો નથી; એને તો જેટલી વાર બને તેટલી વાર વાંચી હૃદયમાં ઉતારવા યોગ્ય છે. કેટલીક વાતો વ્યવહારુ નજરે ન બેસે તો વિચારવા યોગ્ય છે, પણ અંતે આ ગ્રંથમાં બતાવેલ રસ્તે જ સિદ્ધિ છે; એ વિચારપૂર્વક જ આ ગ્રંથ પચાવવાનો છે. આવા પાંચ ગ્રંથો મેં જૈન સાહિત્યમાંથી ધારી રાખ્યા છે, તે પૈકી 'શ્રી અધ્યાત્મકલ્પદ્રુમ' પછી આ બીજો ગ્રંથ છે. જે હેતુથી ગ્રંથકર્તાએ આ ગ્રંથ રચ્યો છે તે મુદ્દો ધ્યાનમાં રાખી તે પર વિસ્તારથી વિવેચન કર્યું છે. જ્યાં અપૂર્વ ભાવ જણાય ત્યાં બલિહારી મૂળ લેખકની છે, જ્યાં કિલષ્ટતા જણાય ત્યાં મારી જવાબદારી છે. અભ્યાસક દૃષ્ટિએ આ વિચારણા કરી છે એ ધ્યાનમાં રાખી એમાં પ્રવેશ કરવા વિજ્ઞપ્તિ કરું છું. બીજા ભાગમાં હજુ પણ વિશિષ્ટ ભાવો જણાશે એટલી ખાતરી આપી આ ગ્રંથ અનેક વાર વાંચવા અને વાંચ્યા કરતાં પણ વધારે વિચારવા

અને વિચારથી પણ વધારે જીરવવા અંતિમ પ્રાર્થના કરું છું અને આમાં રસ પડે તો બીજા ભાગને પણ તેટલા જ રસથી વાંચવા વિનંતિ કરું છું.

આ ગ્રંથની ગેયતામાં કેવી મજા છે, એની રચનામાં કેટલી નૂતનતા છે, એના ભાષાપ્રયોગમાં શી ભવ્યતા છે, એના રસમાં કેવી જમાવટ છે, એ સૂત્ર વાચકે સ્વયં સંગ્રહવી, અનુભવવી અને એ વિચારણાને બીજા ભાગમાં પ્રગટ થનાર ઉપોદ્‌ઘાત સાથે સરખાવવી. ખૂબ મજા આવે અને ઊંડા સંસ્કારો જાગે એવી વિશિષ્ટતા અત્ર ભરેલી છે, આ તો સાહિત્યની દૃષ્ટિએ વાત થઈ, પણ વ્યવહારની અનેક મૂંઝવણોનો તદ્દન જુદી ભાત પડે તેવી રીતે નિકાલ કરવાના આમાં કાયડા આપ્યા છે, તે શોધવા જેવા છે. આ ગ્રંથ પર વિચાર કરતાં અનનુભૂત અભિલાષાઓ જાગે તેમ છે અને અપૂર્વ વીર્યોલ્લાસ થાય તેમ છે, એમાં જરા પણ અતિશયોક્તિ નથી. માત્ર દૈનિક છાપાની જેમ એના પર નજર ફેરવી જનારને આ વાંચન કશો લાભ કરે તેમ નથી. એમાં લેખક કે વિવેચકની શૈલી તરફ વિચાર કરવા કરતાં અંતર્ગત મંડાણો પર ધ્યાન આપવાની વાતો છે અને તેને માટે યોગ્ય વાતાવરણ, એકાગ્રતા અને બને તેટલી એકાંત જોઈએ. સાધ્યદૃષ્ટિ જાગૃત કરવાની એમાં પ્રેરણા છે અને જાગૃત થયેલી હોય તો તેને વધારે ચેતનવંતી બનાવવાના તેમાં વિશિષ્ટ પ્રયોગો છે. આ દૃષ્ટિએ આ ગ્રંથ પચાવવાનો છે. સાહિત્યમાં એનું અનેરું સ્થાન છે. આ સર્વ હકીકત બીજા ભાગના ઉપોદ્‌ઘાતમાં આપ વિસ્તારથી જોશો. એકાંતમાં બેસી ચેતનરામ સાથે વિલાસ કરવાની વૃત્તિ થાય, અંતર આત્માનંદ શી ચીજ છે તેનો ખ્યાલ કરવા અભિલાષા થાય, અનાહત આંતરનાદ સાંભળવાની આકાંક્ષા થાય અને પ્રવર્તમાન દુનિયાને થોડીવાર ભૂલી જઈ અનનુભૂત ઉન્નત દશા અનુભવવા લાલસા થાય ત્યારે આ ગ્રંથ હાથમાં લેવો, એને માણવો, એને અપનાવવો. એને અપનાવતાં અંતરના પ્રદેશો ખુલી જશે અને પછી અપૂર્વ ગાન અંદરથી ઊઠશે. એવા વખતના અનિર્વચનીય સુખની શક્યતા અત્ર છે એમ મને લાગ્યું છે અને એની પ્રાપ્તિ કોઈ કોઈને પણ આ ગ્રંથ દ્વારા થઈ જાય તો તેટલે અંશે મારો જેલનિવાસ વધારે ફલવતો થાય એ ધરછાથી આ અલ્પ પ્રયાસને જાહેરની સેવામાં રજૂ કરું છું.

પ્રિન્સેસ સ્ટ્રીટ, મનહર બિલ્ડિંગ,
મુંબઈ તા. ૧૬ માર્ચ ૧૯૩૬:
સં. ૧૯૯૨ના ફાલ્ગુન વદ અષ્ટમી.

મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

નોંધ–શ્રી મોતીચંદભાઈએ આ ગ્રંથના પહેલા ભાગના "આમુખ" તરીકે ઉપરનું લખાણ લખ્યું હતું; એટલે એમાં બીજો ભાગ પ્રગટ કરવાનો નિર્દેશ તેમ જ એને જોવાની ભલામણ એમણે કરી હતી. પણ હવે બન્ને ભાગ એક જ ગ્રંથરૂપે પ્રગટ થાય છે, એટલે શ્રી મોતીચંદભાઈએ આ ગ્રંથને અનુલક્ષીને લખેલી બધી જ સામગ્રી એક જ સ્થાને સુલભ થઈ શકશે. —**પ્રકાશક**

ગ્રંથ, ગ્રંથકાર, તેમના સમયના પરિચયરૂપ

ઉપોદ્ઘાતની અનુક્રમણિકા

[**સૂચના :** ગ્રંથમાં આ ઉપોદ્ઘાતના પૃષ્ઠકમાંક અલગ આપ્યાં છે; **પાનાને મથાળે મધ્યમાં** કૌંસ કરીને આપ્યા છે. એટલે નવેસર આપેલા 'શાંતસુધારસ' ગ્રંથના પૃષ્ઠકમાંક અત્રે ધ્યાનમાં ન લેવા.]

૧. 'શાંતસુધારસ' ગ્રંથ (પૃ. ૩ થી ૨૨)

૧. ગ્રંથની યોજના ૩
૨. પ્રથમ વિભાગ : બાર ભાવના ૪
૩. ભાવનાની આવશ્યકતા ૬
૪. વર્તમાનયુગ અને ભાવનાઓ ૮
૫. બાર ભાવનાના વિભાગો ૯
૬. ચાર પરાભાવના : દ્વિતીય વિભાગ ૧૦
૭. પરાભાવનામાં આત્માનુસંધાન ૧૦
૮. ગ્રંથનું મૂલ્યાંકન ૧૧
૯. ગ્રંથની ભાષા ૧૨
૧૦. વિચારની સ્પષ્ટતા ૧૪
૧૧. વિષયનિરૂપણની સફળતા ૧૫
૧૨, ગ્રંથની જ્ઞેયતા ૧૬
૧૩. ગીતગોવિંદ (પંડિત જયદેવ) ૧૭
૧૪. ગ્રંથપદ્ધતિ ૨૦
૧૫. ગ્રંથરચનાકાળ અને પ્રશસ્તિ ૨૧
૧૬. પં. શ્રી ગંભીરવિજયજીકૃત ટીકા ૨૨

૨. શ્રી વિનયવિજયજી ઉપાધ્યાય (પૃ. ૨૩ થી ૪૧)

૧. માતા-પિતા અને જ્ઞાતિ ૨૩
૨. ગુરુ ૨૪
૩. જીવનસમય ૨૭
૪. ગુરુ-પરંપરા ૨૯
૫. જીવનચર્યા ૩૧
૬. સુજશવેલીભાસ ૩૭
૭. લેખકમહાત્માનો જીવનપ્રવાહ ૩૮

૩. ગ્રંથકર્તાની કૃતિઓ (પૃ. ૪૧ થી ૭૫)

અ. સંસ્કૃત કૃતિઓ
૧. સુબોધિકા ટીકા ૪૨
૨. લોકપ્રકાશ ૪૭
૩. ક. હૈમલઘુપ્રક્રિયા ૫૪
ખ. તેની ઉપર સ્વોપજ્ઞ ટીકા ૫૬
૪. નયકર્ણિકા ૫૯
૫. ઇંદુદૂત ૬૦
૬. શાંતસુધારસ ૬૨
૭, ષટ્ત્રિંશત્-જલ્પ-સંગ્રહ ૬૨
૮. અર્હન્નમસ્કાર સ્તોત્ર ૬૩
૯. જિનસહસ્રનામ સ્તોત્ર ૬૩
બ. ગુજરાતી કૃતિઓ
૧૦. સૂર્યપૂરચૈત્યપરિપાટી ૬૩
૧૧. આનંદલેખ ૬૪
૧૨. વિજયદેવસૂરિલેખ ૬૫
૧૩. ઉપમિતિભવપ્રપંચનું સ્તવન ૬૬

૧૪. પટ્ટાવલી–સજ્ઝાય ૬૬
૧૫. પાંચ સમવાય (કારણ) સ્તવન ૬૭
૧૬. ચોવીશી-સ્તવન ૬૮
૧૭. વીશી–સ્તવન ૬૮
૧૮. પુણ્યપ્રકાશ અથવા આરાધનાનું સ્તવન ૬૯
૧૯. વિનયવિલાસ ૭૦
૨૦. 'ભગવતીસૂત્ર'ની સજ્ઝાય ૭૧

ગુજરાતી પ્રકીર્ણ કૃતિઓ

૨૧. આંબેલની સજ્ઝાય ૭૧
૨૨. શ્રી આદિજિન–વિનતિ ૭૧
૨૩. ષડાવશ્યક (પ્રતિક્રમણ) સ્તવન ૭૨
૨૪. ચૈત્યવંદન ૭૨
૨૫. ઉપધાનસ્તવન ૭૨
૨૬. શ્રી શ્રીપાળરાજાનો રાસ ૭૩

૪. ગ્રંથકર્તાનો સમય (પૃ. ૭૬ થી ૮૯)

૧. રાજકીય ૭૬
૨. સાંસારિક ૭૭
૩. ગુજરાત ૭૮
૪. સત્તરમી સદીનો જૈન ઇતિહાસ ૭૯
૫. મતભેદનો ઇતિહાસ ૮૦
૬. તપગચ્છના ત્રણ વિભાગ ૮૨
૭. વિજયદેવસૂરિના વખતમાં ક્રિયા-ઉદ્ધાર ૮૨
૮. વિજયપ્રભસૂરિ ૮૩
૯. મૂળપાટનું પ્રાબલ્ય ૮૪
૧૦. વિજયઆનંદસૂરિ ૮૪
૧૧. રાજસાગર ૮૫
૧૨. સાહિત્ય ૮૬
૧૩. અધ્યાત્મ ૮૭
૧૪. ક્રિયાયોગ ૮૮

વિવેચનસહ 'શાંતસુધારસ' ગ્રંથની

અ નુ ક્ર મ ણિ કા

[**સૂચના :** આના પૃષ્ઠક્રમાંક ઉપોદ્‌ઘાત પૂરો થયે **પાનાના મથાળે** જમણે-ડાબે છેડે **નવેસરથી** આપ્યા છે તે ધ્યાનમાં લેવા.]

- પ્રવેશક ૧–૧૦
- પ્રસ્તાવના (મૂળ ગ્રંથની) ૧૨–૩૨
  - —મૂળ (સાર્થ) ૧૨
  - —પરિચય ૧૫

૧. અનિત્યભાવના ૩૩–૬૩
- —મૂળ (સાર્થ) ૩૩
- —પરિચય ૩૮
- —ગેયાષ્ટકપરિચય ૪૨
- —સકળચંદ્રજીકૃત 'અનિત્યભાવના' ૬૩

૨. અશરણુભાવના ૬૪–૭૪
- —મૂળ (સાર્થ) ૬૪
- —પરિચય ૬૯
- —ગેયાષ્ટકપરિચય ૭૭
- —સકળચંદ્રજીકૃત 'અશરણુભાવના' ૭૪

૩. સંસારભાવના ૭૫–૧૨૮
- —મૂળ (સાર્થ) ૭૫
- —પરિચય ૧૦૧
- —ગેયાષ્ટકપરિચય ૧૧૦
- —સકળચંદ્રજીકૃત 'સંસારભાવના' ૧૨૮

૪. એકત્વભાવના ૧૨૯–૧૫૬
- —મૂળ (સાર્થ) ૧૨૯
- —પરિચય ૧૩૪
- —ગેયાષ્ટકપરિચય ૧૪૪
- (—૭. સકળચંદ્રજીકૃત 'એકત્વભાવના' આ અનુક્રમણિકાને અંતે આપી છે.)

૫. અન્યત્વભાવના ૧૫૭–૧૮૫
- —મૂળ (સાર્થ) ૧૫૭
- —પરિચય ૧૬૨
- —ગેયાષ્ટકપરિચય ૧૭૦
- —સકળચંદ્રજીકૃત 'અન્યત્વભાવના' ૧૮૫

૬. અશુચિભાવના ૧૮૬–૨૧૦
- —મૂળ (સાર્થ) ૧૮૬
- —પરિચય ૧૯૨
- —ગેયાષ્ટકપરિચય ૧૯૮
- —સકળચંદ્રજીકૃત 'અશુચિભાવના' ૨૧૦

૭. આશ્રવભાવના ૨૧૧–૨૩૪
- —પૂર્વપરિચય ૨૧૧
- —મૂળ (સાર્થ) ૨૧૫
- —પરિચય ૨૨૦
- —ગેયાષ્ટકપરિચય ૨૨૫
- —સકળચંદ્રજીકૃત 'આશ્રવભાવના' ૨૩૪

૮. સંવરભાવના ૨૩૫–૨૬૨
- —પૂર્વપરિચય ૨૩૫
- —મૂળ (સાર્થ) ૨૪૧
- —પરિચય ૨૪૬
- —ગેયાષ્ટકપરિચય ૨૫૧
- —જયસોમમુનિકૃત 'સંવરભાવના' ૨૬૨

૯. નિર્જરાભાવના ૨૬૩–૨૮૭
- —પૂર્વપરિચય ૨૬૩
- —મૂળ (સાર્થ) ૨૬૮
- —પરિચય ૨૭૨
- —ગેયાષ્ટકપરિચય ૨૭૮
- —જયસોમમુનિકૃત સજ્ઝાય ૨૮૭

૧૦. ધર્મભાવના ૨૮૮–૩૨૨
—મૂળ (સાર્થ) ૨૮૮
—પરિચય ૨૯૪
ગેયાષ્ટકપરિચય ૩૦૭
—સકળચંદ્રજીકૃત 'ધર્મદુર્લભભાવના' ૩૨૨

૧૧. લોકસ્વરૂપભાવના ૩૨૩–૩૪૫
—મૂળ (સાર્થ) ૩૨૩
—પરિચય ૩૨૮
ગેયાષ્ટકપરિચય ૩૩૬
—સકળચંદ્રજીકૃત 'લોકસ્વરૂપભાવના' ૩૪૫

૧૨. બોધિદુર્લભભાવના ૩૪૬–૩૭૩
—મૂળ (સાર્થ) ૩૪૬
—પરિચય ૩૫૨
ગેયાષ્ટકપરિચય ૩૬૨
—જયસોમમુનિકૃત 'બોધિદુર્લભ ભાવના ૩૭૩

૧૩. મૈત્રીભાવના ૩૭૪–૪૦૦
—મૂળ (સાર્થ) ૩૭૪
—પરિચય ૩૭૮
—ગેયાષ્ટકપરિચય ૩૮૮
ઉપસંહાર ૩૯૫

૧૪. પ્રમોદભાવના ૪૦૧–૪૩૦
—મૂળ (સાર્થ) ૪૦૧
—પરિચય ૪૦૬
—ગેયાષ્ટકપરિચય ૪૧૮
—ઉપસંહાર ૪૨૬

૧૫. કરુણાભાવના ૪૩૧–૪૬૧
—મૂળ (સાર્થ) ૪૩૧
—પરિચય ૪૩૬
—ગેયાષ્ટકપરિચય ૪૪૫
—ઉપસંહાર ૪૫૪

૧૬. માધ્યસ્થ્યભાવના ૪૬૨–૪૯૪
—મૂળ (સાર્થ) ૪૬૨
—પરિચય ૪૬૬
—ગેયાષ્ટકપરિચય ૪૭૭
—ઉપસંહાર ૪૮૯

* પ્રશસ્તિ ૪૯૫–૫૦૨
—મૂળ (સાર્થ) ૪૯૫
—પરિચય ૪૯૮

સુધારો : પૃ ૬૫ થી ૮૯ વચ્ચે પૃષ્ઠકમાંક સાથે જ્યાં 'અનિત્યભાવના'–એમ મથાળું બાંધ્યું છે ત્યાં 'અશરણભાવના'–એમ સુધારો કરી લેવો.

૩. સકળચંદ્રજીકૃત 'એકત્વભાવના'

આ ગ્રંથના વિવેચક મહાનુભાવે બાર ભાવનાના વિવેચનની સાથે જે તે ભાવના સંબંધી સજ્ઝાય આપી છે; પણ, કોણ જાણે કેમ, એકત્વભાવનાના વિવેચન સાથે એની સજ્ઝાય મૂકવી રહી ગઈ છે. તેથી આ ભાવનાની સજ્ઝાય અહીં આપવામાં આવી છે. —પ્રકાશક

એ તૂંહી આપકૂં તૂંહી ધ્યાઓજી; ધ્યાનમાંહિ એકેલા;
જિહાં તિહાં તૂં જાયા એકેલા, જાવેગા ભી એકેલા. એ૦—૧

હરિ હર પ્રમુખા સુર નર જાયા, તે ભી જગેં એકેલા;
તે સંસાર વિવિધ પર ખેલી, ગયા તે ભી એકેલા. એ૦—૨

કો ભી લીણા સાથ ન તેણે, ઋદ્ધિ ગઈ નવિ સાથે,
નિજ નિજ કરણી લેઈ ગયા તે, ધન વિણ ઠાલી હાથે. એ૦—૩

બહુ પરિવારે ન રાચો લોકા, મુધા મલ્યો સબ સાથો;
ઋદ્ધિ મુધા હોશે સબ ચિંતો, ગગન તણી જિમ બાથો. એ૦—૪

શાંતિ સુધારસ સરમાં ઝીલો, વિષય વિષ પંચ નિવારો;
એકપણું શુભ ભાવે ચિંતી, આપ આપકું તારો. એ૦—૫

હિંસાદિક પાપે એ જીવો, પામે બહુવિધ રોગો;
જલ વિણ જિમ માછો એકેલો, પામે દુઃખ પરલોગો. એ૦—૬

એકપણું ભાવિ નમિરાજા, મૂકી મિથિલા રાજો;
મૂકી નર નારી સવિ સંગતિ, *પ્રણમે તસ સુરરાજો. એ૦—૭

* પાઠાંતર : પ્રણમે 'સકલ' મુનિરાજો.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં પ્રકાશનો

શ્રી મોતીચંદ કાપડિયા ગ્રંથમાળાનાં પુસ્તકો

(૧) અધ્યાત્મ કલ્પદ્રુમ

આચાર્ય શ્રી મુનિસુંદરસૂરિજી મહારાજની ત્યાગ-વૈરાગ્ય-સંયમબોધક સંસ્કૃત પદ્યબદ્ધ કૃતિનું શ્રી મોતીચંદભાઈએ કરેલ ભાષાંતર તથા વિવેચન, **સાતમી આવૃત્તિ : કિંમત રૂ. ૨૫-૦૦**

(૨) જૈન દૃષ્ટિએ યોગ

લેખક—શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા; **ત્રીજી આવૃત્તિ : કિંમત રૂા. ૪-૦૦**

(૩) શ્રી આનંદઘનજીનાં પદો ભાગ પહેલો

શ્રી આનંદઘનજીનાં ૫૦ પદોનું શ્રી મોતીચંદભાઈએ કરેલ ભાષાંતર તથા વિવેચન

ત્રીજી આવૃત્તિ; કિંમત રૂા. ૨૫-૦૦

(૪) શ્રી આનંદઘનજીનાં પદો ભાગ બીજો

શ્રી આનંદઘનજીનાં ૫૧ થી ૧૦૮ સુધીનાં પદોનું શ્રી મોતીચંદભાઈએ કરેલ ભાષાંતર તથા વિવેચન; શ્રી મોતીચંદભાઈના પરિચય સાથે : સંપાદક—શ્રી રતીલાલ દીપચંદ દેસાઈ

બીજી આવૃત્તિ; કિંમત ૩૦-૦૦

(૫) શ્રી આનંદઘનજી ચોવીશી

યોગીરાજ શ્રી આનંદઘનજીકૃત સ્તવનોનું શ્રી મોતીચંદભાઈએ કરેલ ભાષાંતર તથા વિવેચન

સંપાદક—શ્રી રતીલાલ દીપચંદ દેસાઈ

બીજી આવૃત્તિ : કિંમત ૨૦-૦૦

(૬) મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી વિરચિત; શ્રી શાંતસુધારસ

(વિસ્તૃત વિવેચન તથા ગ્રંથ અને ગ્રંથકારના સવિસ્તર પરિચય સાથે)

વિવેચન સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા

આવૃતિ પાંચમી : મૂલ્ય રૂ. ૩૦-૦૦

(૭) આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ

સ્વ. આ. મ. શ્રી. વિજયવલ્લભસૂરીશ્વરજીના પરિચય તથા જૈનધર્મ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, કળા તથા સાહિત્યને લગતી લેખસામગ્રીથી સમૃદ્ધ સચિત્ર ગ્રંથ.

કિંમત રૂા. ૧૭-૫૦ (સભ્યો માટે રૂા. ૧૨-૫૦)

(૮) પ્રશમરતિ પ્રકરણ કર્તા-ઉમાસ્વાતિ વાચક

વિવેચક : શ્રી મોતીચંદભાઈ ગિરધરલાલ, કાપડિયા **મૂલ્ય રૂા. ૪૦/૦૦**

અન્ય પુસ્તકો

કાવ્યાનુશાસન

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે રચેલ આ મૂળ ગ્રંથ, એની ટીકા વગેરે સાથે, વિદ્યાલય તરફથી બે ભાગમાં પ્રગટ કરવામાં આવ્યો હતો. તે અપ્રાપ્ય થઈ જવાથી આ ગ્રંથ-મૂળ. ટિપ્પણો તથા વિસ્તૃત પ્રસ્તાવના સાથે, ફરી છપાવવામાં આવ્યો છે.

સંપાદક : શ્રી રસિકલાલ છોટાલાલ પરીખ તથા ડૉ. વી. એમ. કુલકર્ણી. **કિંમત રૂા. ૧૫-૦૦**

યોગશાસ્ત્ર (ચાર પ્રકાશ, અનુવાદ યુક્ત)

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યપ્રણીત ગ્રંથના ચાર પ્રકાશનું ભાષાંતર ૫-૦૦

શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઑગસ્ટ ક્રાંતિ માર્ગ મુંબઈ ૪૦૦૦૩૬

ગ્રંથકર્તા

શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયનું

ચરિત્ર

તથા

તેમની કૃતિની નોંધ

અને તેમના

સમયના ઇતિહાસનું

અવલોકન

'શાંતસુધારસ' ગ્રંથ

આ ગ્રંથને બરાબર સમજવા માટે એના લેખકનો બરાબર પરિચય કરાવવો, એમની અન્ય કૃતિઓનો ઝોક સમજી લેવો અને તે યુગને બરાબર ઓળખવો તે જરૂરી છે. તેટલા માટે નીચેની પદ્ધતિ સ્વીકારવામાં આવી છે :

૧લા વિભાગમાં—આ ગ્રંથનો પરિચય કરાવવો.
(આમાં ગ્રંથની યોજના, ગેયતા, એવા ગ્રંથનો પરિચય અને આ કૃતિનો સમય વગેરે હકીકત આવશે.)

૨જા વિભાગમાં—ગ્રંથકર્તાનું સંક્ષિપ્ત ચરિત્ર.
(અન્યાન્ય સાધનોદ્વારા ઐતિહાસિક દૃષ્ટિએ સંગ્રહિત કર્યું છે.)

૩જા વિભાગમાં—ગ્રંથકર્તાની સર્વ કૃતિઓનો સંગ્રહ.
ઉપલબ્ધ સાધનોથી સંગ્રહ કરી ગ્રંથકર્તાની અનેકદેશીય વિદ્વત્તાનો પરિચય કરાવવાનો આમાં પ્રયત્ન છે.)

૪થા વિભાગમાં—ગ્રંથકર્તાનો સમય.
(આ સમય પર ઇતિહાસની નજરે ઘણું લખી શકાય તેમ છે. માત્ર સામાન્ય દિગ્દર્શન અત્ર કરાવ્યું છે.)

: ૧ :

'શાંતસુધારસ' ગ્રંથ

ગ્રંથની યોજના—

આ ગ્રંથની યોજના બહુ સરળ રીતે કરવામાં આવી છે. એના બે વિભાગ પડી શકે છે. એના પ્રથમ વિભાગમાં **બાર ભાવનાઓ** આપી છે. **એને ધર્મનું અનુસંધાન કરાવનાર ભાવના** કહેવામાં આવી છે. ધર્મધ્યાનના હેતુભૂત એ ભાવનાઓ ભાવવાથી આત્મા આદર્શપ્રદેશમાં વિહરી શકે, વિચરવા યોગ્ય વાતાવરણ જમાવી શકે એ સ્થિતિ ભાવનાઓમાંથી જામે છે. અનંત ગુણોથી યુક્ત ચેતન-આત્માની એ ગુણવત્તા અત્યારે દબાઈ ગયેલ છે, એનું શુદ્ધ કાંચનત્વ અત્યારે ચીમળાઈ ગયું છે, એના શુદ્ધ જ્ઞાન-પ્રકાશ પર અત્યારે આવરણો—આચ્છાદનો ચઢી ગયાં છે, એને એના અસલ સ્વરૂપે પ્રકટ કરવા માટે તદ્યોગ્ય વાતાવરણ તૈયાર કરવું ઘટે અને તેમ કરવાનો અતિ સુંદર પ્રસંગ વિચાર-વાતાવરણ જમાવવામાં પ્રાપ્ત થાય છે. માનસવિદ્યા (Psychology)-

નો એક નિયમ છે કે કોઈ પણ પરિણામ નિપજાવવું હોય તો પ્રથમ તે માટે તેને અનુકૂળ વાતાવરણ નિપજાવવું ઘટે. દાખલા તરીકેઃ આપણે બહારગામ જવું હોય તો પ્રથમ જવું છે એવી વાત શરૂ થાય, પછી તે મનમાં જામે, પછી નિર્ણય થાય, પછી તેને યોગ્ય સામગ્રીની તૈયારી થાય, પછી સાધનો મેળવાય અને તેને પરિણામે બહારગામ જવાય. તે જ પ્રમાણે આત્માનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરવાનો આશય હોય તો તદ્યોગ્ય વાતાવરણ જમાવવા માટે પ્રથમ ભૂમિકા તૈયાર કરવી જોઈએ. એ ભૂમિકા તૈયાર કરવામાં પ્રબળ સાધન 'ધર્મધ્યાન' છે. ધર્મધ્યાનનું સ્વરૂપ ખૂબ વિચારવા યોગ્ય છે. તે અન્યત્ર આલેખાઈ ગયું છે (જૈન દૃષ્ટિએ યોગ, પૃ. ૧૪૪). એવા ધર્મધ્યાનમાં પ્રવેશ કરવાના હેતુ તરીકે બાર ભાવનાની યોજના શ્રી વીતરાગદેવે બતાવી છે. એ બાર ભાવનાઓ નીચે પ્રમાણે છેઃ

પ્રથમ વિભાગ : બાર ભાવના—

અનિત્ય—સાંસારિક પદાર્થો, સંબંધો અને સગપણો કાયમ રહેનાર નથી, આત્મિક વસ્તુથી પર સર્વ પૌદ્ગલિક વસ્તુઓ તે સ્વરૂપે અનિત્ય છે અને શરીર તથા સગપણ નાશવંત હોઈ આખો જીવન-વ્યવહાર વિચારણા માગે છે.

અશરણ—આ જીવનમાં અન્યના આધાર પર ટેકો દેવા જેવું નથી. જ્યાં આધાર આપનારનું જ સ્થાયીપણું નથી ત્યાં એ ટેકો કેવો અને કેટલો આપે? આત્મશ્રદ્ધા અને એની સિદ્ધિમાં વિશ્વાસ રાખી આગળ ધપવામાં જ અંતે નિરંતરનો આરામ છે.

સંસાર—આખા સંસારની રચના જોવા જેવી છે. દુનિયાના પડદા પર આવી, એક રૂપ લઈ, પાઠ ભજવી, પાછા પડદા પાછળ ચાલ્યા જવું, વળી નવું રૂપ લેવું વગેરે. કર્મના પ્રકારો, મનોવિકારના આવિર્ભાવો, સ્વાર્થો, રાગદ્વેષની પરિણતિઓ વિચારવા યોગ્ય છે અને વિચારી એના મર્મમાં ઊતરવાની આવશ્યકતા છે.

એકત્વ—આ જીવ એકલો આવ્યો છે, એકલો જવાનો છે, એના સ્નેહ-સંબંધ સર્વ વસ્તુતઃ ખોટા છે, અલ્પ સમય રહેનારા છે, પણ અંતે એનો છેડો આવવાનો છે. ચેતનનું એકત્વ સ્થાયી છે અને એનો સાક્ષાત્કાર થતાં એમાંથી ખૂબ આત્મવિશ્વાસ પ્રાપ્ત થાય તેમ છે.

અન્યત્વ—પોતાના આત્મતત્ત્વ સિવાયની સર્વ પૌદ્ગલિક વસ્તુઓ આત્માથી પર છે. સ્વ અને પરને બરાબર સમજવા યોગ્ય છે. સ્વ અને પરનો યથાવત્ ખ્યાલ થતાં આખા ભવચક્રની ગૂંચવણોનો નિકાલ થાય છે. પરમાં રાચવું એ અલ્પજ્ઞતા છે. આખરે પર એ પર છે.

અશુચિ—જે શરીરને પોતાનું માન્યું છે તે અપવિત્ર પદાર્થોથી ભરેલું છે. એમાં માંસ, લોહી, ચરબી, હાડકાં વગેરે ભરેલાં છે. એનું રૂપ જોઈને લલચાવાનું નથી, એમાં રાચવા જેવું કાંઈ નથી, એની ચામડીને ઉથલાવી અંદરનું બહાર કાઢ્યું હોય તો તે પર થૂંકવું પણ ગમે તેમ નથી.

આશ્રવ—કર્મ અને આત્માનો સંબંધ કેવી રીતે થાય છે, તેના હેતુ કયા કયા છે, એ કર્મ આવવાના માર્ગો કયા કયા છે, એ આવીને કેવી પરિસ્થિતિ નિપજાવે છે અને આત્માને શુદ્ધ દશામાંથી કયાં ઘસડી જાય છે–એ આખો કર્મનો આયવિભાગ વિચારવા યોગ્ય છે.

સંવર—એ કર્મોને આવતાં અટકાવવાના રસ્તા છે. એ રસ્તાઓને ઓળખવાની જરૂર છે. એને ઓળખી એ દ્વારા આવતાં કર્મો બંધ થાય તો જ કર્મસરોવર ખાલી થવાનો સંભવ થાય.

નિર્જરા—નવાં કર્મો આવતાં હોય તે સંવરથી અટકે, પણ અગાઉથી જે કર્મો લાગેલાં હોય તેને દૂર કરવાનો ઉપાય બાહ્ય–અભ્યંતર તપ છે. એ તપથી સંયમ આવે છે, સંયમથી કર્મોનો નાશ થાય છે અને પરંપરાએ સર્વથા મુક્તિ થાય છે.

ધર્મભાવના—ધર્મ એ શું ચીજ છે, એનો આત્મા સાથે કેવો સંબંધ છે, એનાં વ્યવહાર-સ્વરૂપો કેવાં છે, દાન, શીલ, તપ, ભાવનો આંતર આશય શો છે એનો વિચાર કરી એ વિચારદ્વારા ધર્મને અપનાવવો અને જીવનને ધર્મમય બનાવવું.

લોકસ્વભાવ—આ દુનિયાની વ્યવસ્થા વિચારી, એનાં અનેક સ્થાનો સમજી ત્યાં આ પ્રાણી આવે-જાય છે, એક ખાડામાંથી બીજામાં પડે છે અને એ રીતે એનું ચક્રભ્રમણ ચાલ્યા કરે છે. એમાં અનિત્ય સુખ-દુઃખો થાય છે. એમાં સર્વ કાળની શાંતિનું સ્થાન પણ છે.

બોધિદુર્લભ—સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યક્ ચારિત્રને સમજવાં બહુ મુશ્કેલ છે, સમજ્યા પછી એની પ્રાપ્તિ મુશ્કેલ છે અને જ્યાંસુધી એની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સંસારચક્રના ફેરા અનિવાર્ય છે. બોધિરત્નની પ્રાપ્તિ કરવા યોગ્ય છે.

ધર્મધ્યાનમાં પ્રવેશ કરવા માટે આ બાર ભાવનાઓ હેતુ છે. એમાંની એક એક ભાવનાને એના યથાતથ સ્વરૂપે દીર્ઘ કાળ સુધી નિરંતર ભાવવામાં આવે અને તે સિવાય સર્વ કાર્ય છોડી દેવામાં આવે તો આખા ભવચક્રના ફેરા હંમેશને માટે દૂર થાય તેમ છે અને તેવી રીતે આ બારમાંની માત્ર એક જ ભાવના ભાવીને અનેક પ્રાણીઓ પોતાનું જીવન-ધ્યેય પ્રાપ્ત કરી શકયા છે. ટૂંકામાં શુદ્ધ ધર્મધ્યાનની સાથે આત્માને અનુસંધાન કરાવનાર એ બાર ભાવનાઓ છે.

આવા પ્રકારના અવાંતર અને બાહ્ય સંયોગી વિચારો સંપૂર્ણ શાંતિથી કરવામાં આવે ત્યારે આ જીવનનું ખરું સ્થાન શું છે અને કયાં છે તે સમજાય તેમ છે. એનું ખરું માપક યંત્ર મૂકવામાં ન આવે તો તો આ જીવન એક ઉપર ઉપરની રમત જેવું બની રહે છે અને સાધ્ય (હેતુ) વગરનું જીવન જીવી મરણ આવે ત્યારે ચાલ્યા જવાનું થાય છે. એવા જીવનમાં કાંઈ મજા નથી, વિકાસ નથી, ધ્યેય-પ્રાપ્તિ નથી અને સાદા શબ્દોમાં કહીએ તો એવું જીવન માત્ર એક ફેરા સમાન છે.

ભાવનાની આવશ્યકતા—

આ ભાવનાની આવશ્યકતા કેટલી છે અને ખાસ કરીને આ યુગમાં એની કેટલી જરૂરિયાત છે તે પર સંક્ષિપ્ત વિવેચન ગ્રંથની શરૂઆતમાં 'પ્રવેશક'માં આપ્યું છે. વાત એ છે કે અત્યારે આપણું જીવન એટલું તો સંકીર્ણ થઈ ગયું છે કે એમાં આપણે કચાં છીએ અને ઘસડાતા કચાં જઈએ છીએ એનો વિચાર કરવાનો સમય પણ મેળવતા નથી અને વિચાર કરવાની સામગ્રી એકઠી પણ કરતા નથી. ધર્મધ્યાનમાં કારણભૂત, આત્માનું એની પોતાની સાથે એની મૂળ સ્થિતિમાં અનુસંધાન કરાવનાર આ બાર ભાવનાઓ છે. એ આ શાંતરસના ગ્રંથનો મુખ્ય વિષય છે. ભાવનાઓ આપણા આખા જીવનના પ્રકરણનું પૃથક્કરણ કરે છે, આપણે પોતાનો પરવસ્તુ સાથે સંબંધ કેવો છે અને શા કારણે થયેલો છે અને કેટલો વખત ચાલે તેવો છે તેનું સ્પષ્ટ ભાન કરાવે છે અને તે ધ્યેયપ્રાપ્તિ કેવી રીતે થાય તેના માર્ગો બતાવે છે. આપણે છેવટે કચાં જવાનું છે, શું મેળવવાનું છે અને આપણા પ્રયત્નોનું અંતિમ ધ્યેય શું છે એ વાતની ચોખવટ ન હોય તો નકામાં ફાંફાં માર્યા કરીએ અને જેમ સુકાન વગરનું વહાણ દરિયામાં અથડાયા-પછડાયા કરે તે પ્રમાણે અહીંથી તહીં અને તહીંથી અહીં એમ આંટા માર્યા કરીએ. આ સ્થિતિનો છેડો લાવવાનું ભાવનાઓ કરે છે, એને બરાબર હૃદય પર લીધી હોય તો તે આપણો આખો સંસારપથ હેતુને અનુલક્ષીને સફળ બનાવે છે અને એક વાર સાધ્ય સમજાય, એ પ્રાપ્ત કરવાની બુદ્ધિ થાય અને એ પ્રાપ્ત કરવા તરફ નિર્ણય થાય એટલે પછી સંસારમાં રહેવું પડે તો પણ આપણા પ્રત્યેક કાર્યમાં સરખાઈ, હેતુમત્તા અને નિયમાનુસારિતા આવી જાય છે. જીવન એક વાર પદ્ધતિસરનું અને સાધ્યસન્મુખ થઈ ગયું તો પછી એના ઢંગધડા વગરનાં તોફાનો, કાર્યો કે કાર્ય-વિહીનતાનો છેડો આવી જાય છે. આ નજરે **ભાવનાને આપણા જીવનમાં અનુપમ સ્થાન** છે. પોતાનું શું છે એ સમજવું, એમાં નિત્યાનિત્યત્વનું ભાન આવવું, સ્વના સ્વીકારનો નિર્ણય કરવો, પરને પર તરીકે જાણવા—એટલે આખા જીવનના પ્રશ્નોનો નિર્ણય આ ભાવનામાં આવી જાય છે. 'સ્વપરનો નિર્ણય કરવો અને પરિણતિની નિર્મળતા કરવી' એટલા વાકયમાં જૈન દર્શનના આખા નીતિવિભાગનો સમાવેશ થઈ જાય છે. એ વાત તો વિવિધ આકારમાં અત્ર તેમજ અન્યત્ર અનેક વાર કરી છે. વાત અતિ મહત્ત્વની છે અને અનેક વાર પુનરાવર્તન કરીને પણ મન પર ઠસાવવા યોગ્ય છે.

સાંસારિક સર્વ પ્રવૃત્તિઓ હેતુ કે અર્થ વગરની છે, અનિત્ય છે, અલ્પ કાળ ચાલનારી છે એમ તો પ્રત્યેક વિચારકને ઘણી વાર લાગ્યા વગર રહેતું નથી. અનેક દોડાદોડી, ધમાલ કે પ્રયાસો કરવા છતાં જ્યારે પ્રાણી પાછો પડે છે અથવા પોતાની પાસે દુનિયાની નજરે ધન, માલ-મિલકતથી મળેલ સ્થાન કે સત્તા ગુમાવી બેસે છે ત્યારે એને એ સર્વ પ્રવૃત્તિની પાછળ રહેલ અલ્પજ્ઞતા અને ચપળતાનો સાક્ષાત્કાર થાય છે. પણ વળી પાછો એનો અનંત-

કાળનો અભ્યાસ એને સંસાર તરફ ઘસડી જાય છે અને વળી કાંઈક પ્રાપ્તિ એની ટૂંકી નજરે થઈ જાય એટલે લાગેલા ધક્કાને વીસરી જઈ પાછો એ ઘરેડમાં પડી જાય છે. એક સગા, સ્નેહી, મિત્ર, પત્ની કે પુત્રનું મરણ થાય ત્યારે એને અનેક જાતના વિચારો આવે છે, એ સ્નેહસંબંધની અલ્પતા પર, એમાં રાચવાની અંધતા પર અને એની અસ્થિરતા પર થોડો વિચાર કરે છે, કાંઈક ઉતાવળા પણ આછાપોચા અર્ધદગ્ધ નિર્ણયો પણ કરી નાખે છે, પણ થોડા દિવસમાં એનું પૃથક્કરણ કર્યા વિનાનું દુઃખ વિસારે પડે છે. દુનિયાની ઘરેડમાં ચઢી જઈ પાછો એ હતો તેવો ને તેવો થઈ જાય છે અને આ રીતે **પ્રાપ્ત કરેલ તકને એ ગુમાવી બેસે છે.** આવી જ તકો એ પોતે **માંદો પડે ત્યારે** પણ કેટલીક વાર એને પ્રાપ્ત થાય છે. એને જરા અકળામણ થાય છે એટલે એ જીવનની અસ્થિરતા સમજવા માંડે છે, વધારે આકરા પ્રસંગોમાં એ પરભવમાં શું થશે એની કલ્પના કરવા લાગે છે અને વસિયતનામું કરીને કે ધર્માદા કરીને કોઈ પણ રીતે અહીં મળેલ કે મેળવેલ મિલ્કત કે એનો નાનો-મોટો ભાગ આગળના ભવમાં પણ મળે એ હિસાબે એના ઉપરના તીવ્ર મોહને પરિણામે એ વૈરાગ્યના ઓઠા નીચે કાંઈ આછા-પાતળા ગૂંચવાડાભરેલા નિર્ણયો કરવા લાગે છે, પણ જ્યાં વ્યાધિગ્રસ્ત સ્થિતિમાં ફેરફાર થયો, હાલચાલ થવા માંડી અને નબળાઈ દૂર થઈ કે પાછા **'એ ભગવાન એના એ'**-એવી એની દશા થઈ જાય છે.

આવી જ પરિસ્થિતિ કોઈ **સુંદર વ્યાખ્યાન** સાંભળે, કોઈ મહાત્માની વાણીનું શ્રવણ કરે, કોઈ સુંદર આત્મજ્ઞાનની ચર્ચામાં ભાગ લે અથવા કોઈ અધ્યાત્મ કે યોગના પુસ્તકનું પોતે જરા શાંત વાતાવરણમાં વાંચન કરે ત્યારે થાય છે. તે વખતે એને જરા વિરાગ-ઉપરઉપરનો ખાલી તરવરાટ થાય છે, એને આ જીવનના વિલાસો, પ્રયાસો કે ધમાલો પર જરા નિર્વેદ આવે છે, પણ એ વાંચન કે શ્રવણની અસર છૂટી ગઈ કે પાછો એ સંસારની ઘરેડમાં પડી જાય છે અને કરેલ વિચારો કે ઘડેલાં સ્વપ્નોને સ્થાને એ હતો તેવોને તેવો અને કેટલીક વાર તો વધારે રસથી સંસાર તરફ ચાલ્યો જાય છે. આ સર્વ ગૂંચવણવાળી પરિસ્થિતિઓ ખૂબ વિચારણા માગે છે, આવા અવ્યવસ્થિત જીવનપલટાઓ ખૂબ પૃથક્કરણ માગે છે અને આખા જીવનના સાધ્યનો નિર્ણય, સાધ્ય તરફ ગમનનો નિર્ણય અને એને ચોક્કસ વળગી રહેવાનો નિર્ણય ખૂબ વિચારણા માગે છે. એ કાર્ય આ ભાવનાઓ કરે છે.

આપણે ઘણીવાર વાંચીએ છીએ કે અમુક માણસે ખૂબ વિચારણા કર્યા પછી સંસારનો ત્યાગ કર્યો અને પાછો નવીન વેશ છોડી સંસાર તરફ ચાલ્યો ગયો. આપણે અનુભવીએ છે કે અમુક માણસે વૃદ્ધવય સુધી ત્યાગધર્મ સ્વીકાર્યા પછી ઘડપણમાં એણે અમુક સ્ત્રીના હાવભાવથી લલચાઈ સંસાર આદર્યો; આપણે જોઈએ છીએ કે શુદ્ધ જીવન ગાળનાર પૈસાની લાલચમાં આબરૂ ગુમાવી બેઠા, સ્ત્રીની લાલચમાં વિષયી થઈ ગયા,

આનંદ મેળવવાની જિજ્ઞાસામાં પ્રામાણિકપણાને લાત મારી, આબરૂ મેળવવાની લાલચમાં વિતંડાવાદમાં પડી ગયા–વગેરે વગેરે. આ સર્વનું મૂળ કારણ એક જ છે. એણે સ્વને કદી બરાબર ઓળખેલ નથી, એણે પરને પરરૂપે જાણ્યા નથી અને જ્યારે જ્યારે એણે ત્યાગ કે વૈરાગ્યની વાત કરી છે ત્યારે એણે માત્ર ઉપર-ઉપરનો વાણીવિલાસ જ કર્યો છે. સ્વને અને પરને સમજનારની આ દશા ન હોય. એ સમજાવનાર ભાવનાઓ છે, એને સ્થિર કરનાર ભાવનાઓ છે, એની જમાવટ કરનાર **ભાવનાઓ** છે અને એટલા માટે પુનરાવર્તનના ભોગે એકની એક વાત સાપેક્ષ દૃષ્ટિએ વિચારપથમાં લેવા યોગ્ય છે.

વર્તમાનયુગ અને ભાવનાઓ—

આ યુગમાં તેની જરૂરિયાત ખાસ વધારે છે. અત્યારે આપણા દેશમાં બે પ્રકારની **વિચિત્ર ઘટના** ચાલી રહી છે. એક તરફ પાશ્ચાત્ય આદર્શો અને ભાવનાઓ આપણા ઉપર ખૂબ જોરથી આક્રમણ કરી રહી છે. આપણા પરંપરાગત સંસ્કારો અને આ ભાવનાઓમાં કેટલીક જગ્યાએ મૂળગત ભેદ છે, કેટલીક જગ્યાએ સ્થાનગત ભેદ છે અને બન્નેની સમાજરચના જુદા જ ધોરણ પર રચાયેલી હોઈને વિગતોમાં ભેદ છે. આ સર્વની વિગતોમાં અત્રે ઊતરીએ તો વિષયલંબાણ પ્રમાણની બહાર થઈ જાય તેમ છે. પણ મુદ્દાની હકીકત એ છે કે જ્યાં સમાજરચનાના આદર્શો અને પાયાઓ જ જુદા હોય ત્યાં ખૂબ ધ્યાન રાખવાની જરૂર પડે છે. એમ ન થાય તો બન્ને આદર્શોનું સંઘર્ષણ થતાં કાં તો વિરૂપ પરિણામ પ્રાપ્ત થાય અથવા તો વિકૃત સ્વરૂપ પ્રાપ્ત થાય. આ એક વાત થઈ.

વર્તમાનયુગને અંગે હકીકત એ છે કે અત્યારે **જીવનકલહ** ભારે આકરો થતો જાય છે. એક તરફ અનેક રાજકીય કારણે દેશમાં બેકારી વધતી જાય છે, આર્થિક કારણે ઘણીખરી વ્યક્તિઓને બારે માસ કામ કરવાની ફરજ પડે છે અને પરિણામે આખો વખત વ્યાપાર, નોકરી કે ધંધાધાપામાં આડાઅવળા ફાંફાં મારવાં પડે છે. જેને કામ મળતું નથી તેને કામ મેળવવાની ભારે ચિંતા થયા કરે છે અને કામ હોય તે ધમાધમમાંથી ઊંચો આવી શકતો નથી. જૂના વખતમાં આપણા ભારતવર્ષમાં વર્ષના બારે માસ કામ કરવું પડતું નહોતું; વેપારી આઠ માસ કામ કરે–તેને ચોમાસામાં શાંતિ રહેતી, જ્યારે ખેડૂતવર્ગને ચોમાસા-શિયાળામાં વધારે કામ હોઈ તેને ચારથી છ માસ નિરાંત રહેતી. આવા શાંતિના વખતમાં તેઓ આત્મારામનો વિચાર કરતા, એને શેની જરૂર છે તે સમજતા, સાંભળતા અથવા વિચારતા. અત્યારે એ સ્થિતિમાં ભારે પલટો થઈ ગયો હોય એમ દેખાય છે. ધંધો ન હોય તેને મેળવવા માટે દેશ-પરદેશ રખડપાટો કરવો પડે છે અને હોય તેને રાત્રે પણ કુરસદ મળતી નથી અને રાત્રિના પણ બજારમાં બેસી કે ટેલિફોનો દ્વારા વેપાર ને વેપારના ઓર્ડરો આપવા પડે છે. મતલબ : એને પરિણામે એને ઊંઘમાં સ્વપ્નાં પણ વેપારનાં જ આવે છે અને ચેતનરામ સાથે વાત કરવાની કુરસદ કે તક મળતી નથી અને તેથી કાં તો બેકારીના ખપ્પર

નીચે અથવા વ્યવસાયના મશગૂલપણામાં એનું વ્યક્તિત્વ દબાઈ, હણાઈ, કચરાઈ જાય છે. એને કદી પોતે કોણ છે, આ બધી ધમાલ કોને માટે અને કેટલા માટે કરે છે, એનું પરિણામ શું આવશે તેનો વિચાર કરવાની કે તેમાં ઊંડા ઊતરવાની તક જ મળતી નથી. અસલ તો બપોરે રાસ સાંભળવાદ્વારા, રાત્રિએ દેરાસરની બહાર ધર્મકથાદ્વારા, સવારે વ્યાખ્યાનશ્રવણદ્વારા, અન્યત્ર કથાશ્રવણદ્વારા અથવા બીજી અનેક રીતે એ કાંઈક વખત મેળવી ચેતનની નજીક જતો; પણ હવે એ સર્વ વાત દૂર થતી જાય છે. આવા યુગમાં આંતરવિચારણા કરાવી આત્માની સાથે વાત કરાવે તેવા પ્રસંગો ઉપસ્થિત કરવાનું સાધન ભાવના, ભાવનાનું ભાન કરાવે તેવાં પુસ્તકો અને તેને લગતી વાતો દ્વારા જ શકય જણાય છે તેથી આ પ્રવર્તમાન યુગમાં ભાવનાની વિચારણાની વિશેષ આવશ્યકતા છે એમ લાગ્યું છે.

આપણો પૂર્વકાળનો આદર્શ સમષ્ટિગત હતો; એમાં કોમ કોમની નજરે, વ્યાપારી મહાજનની નજરે અને કૌટુંબિક કુટુંબની નજરે જોતો હતો. એમાં પોતાના વ્યક્તિત્વની નજરે વિચાર જ નહોતો. અત્યારે વ્યક્તિગત શક્તિના ફેરફારને પરિણામે, બાપદાદાના ધંધા કરવા જ જોઈએ તે નિર્ણયમાં મહાન્ પરિવર્તન થયેલ હોવાને લઈને અને વ્યક્તિત્વદર્શનના બોધપાઠ મળેલા હોઈને આખી સંયુક્તકુટુંબભાવના ખલાસ થતી જાય છે, જ્ઞાતિઓ ભાંગીને ભુક્કા થઈ જવાની અણી પર આવી ગઈ છે અને આરામ, શાંતિ કે વિલાસના વિચારોએ તદ્દન નવીન ઝોક લીધો છે; તેવે વખતે પોતે કોણ છે, શા માટે આવેલ છે, શેને માટે પ્રયત્ન કરે છે વગેરે બાબતો એની સન્મુખ સ્પષ્ટપણે ન રહે તો આદર્શોના ગૂંચવાડામાં એ સંસ્કારી હોય તો પણ ગૂંચવાઈ જાય તેમ છે, તેથી સ્વપરનું વિવેચન કરી વસ્તુઓ અને સંબંધોનું યથાવત્ મૂલ્ય આંકી આપનાર **ભાવનાઓનું આ યુગમાં અતિ મહત્ત્વનું સ્થાન છે.**

બાર ભાવનાના વિભાગો—

બાર ભાવનાઓના નીચે પ્રમાણે વિભાગો પડે છે :

(૩) સંસારભાવના, (૧૧) લોકસ્વરૂપભાવના વિશાળ નજરે બાહ્ય અવલોકન કરાવે છે. (Objective)

(૧) અનિત્ય, (૨) અશરણ, (૪) એકત્વ, (૫) અન્યત્વ અને (૬) અશુચિ એ પાંચ ભાવનાઓ આંતરગ્રાહી (Subjective) છે.

(૧૨) બોધિદુર્લભ અને (૧૦) ધર્મભાવના સ્વરૂપલક્ષી–સાધનધર્મલક્ષી (Instrumental) છે જ્યારે (૭) આશ્રવ, (૮) સંવર અને (૯) નિર્જરા ભાવનાઓ આત્માના કર્મ સાથેના સંબંધ પરત્વે હોઈ એની વર્તમાન સ્થિતિને સમજાવે છે. They show evolutionary stages of developments.

આ રીતે જોતાં ભાવનાઓ આંતરલક્ષી અને અવાંતરલક્ષી છે.

આ બાર ભાવનાને 'અનુપ્રેક્ષા' કહેવામાં આવી છે. એની આત્મલક્ષિતા પર ગ્રંથની શરૂઆતમાં 'પ્રવેશક' લખી ત્યાં કેટલુંક વિવેચન કરવામાં આવ્યું છે તે પર ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

ચાર પરાભાવના : : દ્વિતીય વિભાગ—

આત્માને આત્મભાવસન્મુખ રાખનાર–આત્મા સાથે અનુસંધાન કરાવનાર એ બાર ઉપરાંત નીચેની ચાર ભાવનાઓને અતિ વિસ્તૃત આકારમાં 'પરા' ભાવનાને નામે પ્રસિદ્ધ કરવામાં આવી છે. એનું સામાન્ય સ્વરૂપ આ પ્રમાણે છે :—

મૈત્રી—આ દુનિયાના સર્વ જીવો સાથે બંધુભાવ ધ્યાવવો, કોઈ પણ જીવ પોતાનો વિરોધી કે દુશ્મન નથી એમ વિચારવું અને જીવનની અસ્થિરતા સમજી કોઈ પણ પ્રાણી સાથે પોતાને વૈર નથી, એવું હૃદયમાં માનવું એ અનુસંધાન ભાવનાનું મંગળાચરણ છે.

પ્રમોદ—કોઈ પ્રાણીમાં ગુણ જોઈ આનંદ માનવો, એ ગુણની હૃદયથી પ્રશંસા કરવી, ગુણવાન્ ધન્ય છે, એનું જીવન તેટલા પૂરતું સફળ છે એમ માનવું. ગુણને ગુણ ખાતર માન આપવું અને જ્યાં હોય ત્યાંથી ગુણની શોધ કરી એના ઉપર વારી જવું.

કરુણા—દુનિયાના કોઈ પણ દીન-દુઃખી-પીડાર્તને જોઈ એના તરફ હૃદયથી દયા આવે, માનસિક, શારીરિક દુઃખો જોઈ અંતરથી દુઃખ થાય, આવા દુઃખમય સંસારમાં પણ પ્રાણી કેમ રાચતા હશે એનો ખ્યાલ થાય અને બનતા ઉપાયો કરવા ઉપરાંત જીવનના કરુણભાવ તરફ વિચારણા દોડે.

માધ્યસ્થ્ય—જ્યાં પોતાના ઉપાય ન ચાલે, સલાહ, શિખામણ કે ભલામણ ન ચાલે તેવા હૃદયદ્રાવક પ્રસંગો, વર્તનો અને ત્રાસ ઉપજાવે તેવા જીવનબનાવો તરફ કાં તો બેદરકારી (ઉપેક્ષા) અથવા શાંત વિચારણા દ્વારા એનું યોગ્ય સ્થાન સમજવાની ધીરજ. પાપી પાપ કરે તે માટે ક્રોધનો અભાવ, પણ સાથે તે તરફ સહાનુભૂતિનો પણ અભાવ.

પરાભાવનામાં આત્માનુસંધાન—

આ ચાર પરાભાવના ખપી, સાધ્યલક્ષી પ્રાણીને ઊંડા વિચારમાં નાખી દે તેવી છે. પ્રાણી જ્યારે મહાન્ પર્વતની ઉચ્ચ શ્રેણી પર ચઢી ચોતરફ અવલોકન કરે છે ત્યારે એને શું દેખાય છે તે પરાભાવનામાં ખૂબ વિચારવા જેવું છે. પ્રથમ એને વિચારણા કરતાં સર્વ જીવો તરફ **મિત્રભાવ** હોય તો જ એને એમાં મજા આવે છે. સર્વ પ્રાણીઓ એના શુદ્ધ સ્વરૂપે અનંતગુણથી ભરેલા છે અને પોતપોતાની શક્તિ અને સંયોગો અનુસાર આત્મવિકાસ સાધી રહ્યા છે, પણ એમાં કોઈ પણ જીવ પોતાનો વિરોધી કે દુશ્મન નથી, સર્વ આત્મસ્વરૂપે એકસરખા છે. આવા વિચારને પરિણામે એનું સર્વ જીવો

તરફ મિત્રભાવનું લક્ષ્ય રહે છે; એને મનુષ્ય તો શું, પણ કોઈ જનાવર, જંતુ કે સ્થાવર પણ પોતાનો વિરોધી લાગતો નથી. આ સર્વ જીવો તરફના મિત્રભાવને પરિણામે ખૂબ વિશાળ બુદ્ધિ પ્રાપ્ત થાય છે; અને એક વાર વિશાળ બુદ્ધિપૂર્વક મિત્રભાવ બંધાયો એટલે સ્વરૂપલક્ષી આત્માનુસંધાન થતાં વખત લાગતો નથી.

એક વખત સર્વ જીવો તરફ મિત્રતા આવી એટલે પછી ચારે તરફ પ્રેમભાવે જોવાનું સૂઝે છે. પ્રેમભાવે જોતાં એમાં ગુણ જ દેખાય છે. ગુણને જોઈને પ્રેમ થાય, ઉમળકા આવે, હૃદયપૂર્વક એને અભિનંદન અપાઈ જવાય ત્યારે ગુણપક્ષપાત સાહજિક બને છે અને ગુણને ઓળખતાં, એનું ખરું મૂલ્યાંકન કરતાં, એના સંબંધી ચર્ચા કે વિચારણા કરતાં પ્રાણી આખરે ગુણવાન્ થઈ જાય છે. ગુણનો વિચાર કરનાર, ગુણ તરફ પ્રેમ બતાવનાર પોતાની આસપાસ ગુણનું વાતાવરણ જમાવે છે અને એ રીતે આત્માનુસંધાન અત્યંત સરળ, સુંદર અને સફળ બને છે.

આ સર્વ આત્મપ્રદેશમાં ફરવાની ખરેખરી ચાવીઓ છે. એમ કરતાં – આત્માવલોકન કરતાં બાહ્ય પ્રદેશમાં અનેક પ્રાણીઓ વ્યાધિ, વિયોગ, મારામારી અને નકામા તડફડાટમા પડેલા દેખાય છે. એવા પ્રાણીઓનાં દુઃખો દૂર કરવાની તીવ્ર ઇચ્છા થાય એમાં કરુણા–વિશાળ દયા છે. એવી વૃત્તિથી પ્રાણી સ્વથી બહાર જોતાં શીખે છે, સર્વ દુઃખો દૂર કરવાની ભાવના પાછળ એનો આત્મલક્ષી ભાવ રહે છે અને પ્રતિકારભાવનામાં સર્વ જીવોના આત્મા તરફ વૃત્તિ દોરાતાં સ્વાત્મભાવ સાથે અનુસંધાન થાય છે. આ કરુણાભાવમાં પણ આત્માનુસંધાન જરૂર થાય છે.

માધ્યસ્થ્યવૃત્તિ તો આત્માનુસંધાનમાં જ છે, દોષ તરફ જ્યારે શાંતવૃત્તિ થાય, કર્મોધીના પ્રવૃત્તિનું રહસ્ય સમજાય, આખી દુનિયાને સુધારવા પોતે કન્ટ્રાકટ લીધો નથી એવી સમજણપૂર્વકની બેદરકારી–વૃત્તિ થાય ત્યારે આત્માનુસંધાન પ્રત્યક્ષ દેખાઈ આવે છે. દુનિયાદારીના માણસો તો પોતાને ન ગમે તેવી હકીકત બને એટલે તેના તરફ ઉઘાડો વિરોધ બતાવે છે, જાહેર ટીકા કરે છે, વ્યક્તિ તરફ અભાવ દાખવે છે અને પોતાનું ચાલે ત્યાં સુધી તેવા માણસનો તિરસ્કાર કરે છે. પણ આત્માનુસંધાન કરનારની રીતિ તો કાંઈ અનોખી જ હોય છે. એ એના મૂળમાં ઊતરી અસલ કારણ સમજે છે અને જરા પણ ગૂંચવાયા વગર એ દોષ તરફ ઉપેક્ષા અથવા માધ્યસ્થ્યભાવ રાખે છે. એ રીતે આ ચારે **પરાભાવના** આત્માનુસંધાનરૂપ છે અથવા તેનું પરિણામ છે.

ગ્રંથનું મૂલ્યાંકન—

આ ગ્રંથમાં એ રીતે આત્મપ્રદેશમાં વિહરવાનું છે. કવિત્વદૃષ્ટિએ કલ્પનાશક્તિને જોમ આપે એવાં વર્ણનો એમાં નથી, એમાં કથાનુયોગની રસસ્વિતા નથી, એમાં નવલકથાના વિહારો

નથી, એમાં ઇતિહાસનાં આંદોલનો નથી, એમાં લડાઈનાં રસભર્યાં વર્ણનો નથી કે એમાં કરુણા ઉત્પન્ન કરે તેવા હૃદયદ્રાવક પ્રસંગો નથી. નથી એમાં શૃંગાર, નથી એમાં ભય કે નથી એમાં હાસ્ય. એમાં **શાંત** નામના દશમા રસની પોષણા છે, એમાં આત્મા સાથે વિહાર છે, એમાં હૃદયચક્ષુને ખોલવાના જુદા જુદા પ્રસંગો છે. સંસાર-અટવીમાં ભૂલા પડેલા, જ્યાં ત્યાં અર્થ કે પરિણામનો ખ્યાલ કે તેની તુલના કરવાની દરકાર કર્યા વગર દોડાદોડી કરનાર કયાં જાય છે અને શેની પછવાડે દોડે છે એ બતાવનાર આ ગ્રંથ છે. બાહ્ય વિષયને એના યથાર્થ સ્વરૂપે ઓળખી એનો અને ચેતનજીનો સંબંધ શા કારણે થયો છે તેના મૂળ તરફ લક્ષ્ય ખેંચી, એને એમાંથી હંમેશને માટે કેવી રીતે દૂર રખાવવો એનું માર્ગદર્શન કરાવનાર અને વધારે ઊંડા ઊતરનારને એની ખરી ચાવીઓ સંપડાવનાર આ ગ્રંથ છે. જીવનના અનેક ગૂંચવણભરેલા પ્રસંગોમાં આ પ્રાણી અટવાઈ જઈ સંસારમાં ઘોરણ કે હેતુ, આદર્શ કે સાધ્યને જાણ્યા વગર ભટકચા કરે છે. તેને માર્ગ પર લાવનાર, સામાને જોવાને બદલે પોતા તરફ જોવરાવનાર, દરેક બાબત કે બનાવના મૂળ તરફ લક્ષ્ય કરાવનાર અને આ હેતુ વગરના ચકભ્રમણનો છેડો લાવવાના માર્ગો બતાવનાર અથવા તે તરફ ધ્યાન ખેંચનાર આ ગ્રંથ છે. એનું મૂલ્ય કેટલું આંકવું એ તો આંકનારની આવડત પર છે. આત્મપ્રદેશમાં એની કિંમત બહુ છે અને એની વાટિકામાં પ્રવેશ થઈ જાય તો મુક્તિફળની પ્રસાદી અપાવે એવાં એમાં અનેક સાધનો હોવાથી એની કિંમત અલૌકિક હોવા સાથે દુનિયાથી પર છે, સામાન્ય જનતાથી ન માપી કે આપી શકાય તેટલી મોટી છે અને વિચારમાર્ગમાં અનુપમેય છે.

ગ્રંથની ભાષા—

શ્રીશાંતસુધારસ ગ્રંથની ભાષામાં ખૂબ **મીઠાશ** છે, કોઈ કોઈ શ્લોકો તો અદ્‌ભુત શાંતરસથી ભરેલા છે. એમાં આત્મા સાથે ભારે યુક્તિપૂર્વક વાતો કરી છે. કર્તામાં હૃદયને ઉદ્દેશીને સફળ વાતો કરવાની ભારે ઘાટી જણાય છે. દરેક ભાવનાના વિષયને એમણે ખૂબ અપનાવવા યત્ન કર્યો છે. એમનો ભાષા પરનો કાબૂ લગભગ દરેક ભાવનાના પરિચયમાં ખૂબ જણાઈ આવે છે. આપણે એમની હૃદયંગમિતાના એક-બે દાખલાઓ જોઈએ :—

यावद्देहमिदं गदैर्न गदितं नो वा जराजर्जरं
यावत्त्वक्षकदम्बकं स्वविषयज्ञानावगाहक्षमम् ।
यावच्चायुरभङ्गुरं निजहिते तावद्बुधैर्यत्यतां,
कासारे स्फुटिते जले प्रचलिते पालिः कथं बध्यते ॥

(બોધિદુર્લભભાવના-૧૨, પરિચય : શ્લો. **ચ**. પૃ. ૩૪૭)

એ ભાષામાં ખૂબ મીઠાશ, હૃદયસ્પર્શિતા અને સરળતા છે. એનું ભાષાસૌષ્ઠવ લગભગ ભર્તૃહરિના વૈરાગ્યશતકને મળતું આવે છે.

શાંત સ્થાનમાં શાંત ચિત્તે નીચેનો સ્રગ્ધરા ગાઈ જુઓ—

धन्यास्ते वीतरागाः क्षपकपथगतिक्षीणकर्मोपरागा-
स्त्रैलोक्ये गन्धनागाः सहजसमुदितज्ञानजाग्रद्विरागाः ।
अध्यारुह्यात्मशुद्ध्या सकलशशिकलानिर्मलध्यानधारा-
मारान्मुक्तेः प्रपन्नाः कृतसुकृतशतोपार्जितार्हन्त्यलक्ष्मीम् ॥

(પ્રમોદ, પરિચય : શ્લો. ૧, પૃ. ૪૦૧)

આવો એક શ્લોક તીર્થંકરના મહત્ત્વને હૃદયસન્મુખ ખડું કરી દે છે. એની ભાષાના અક્ષરમાં ચમત્કાર છે, એની સમસ્ત રચનામાં ગેયતા અને શબ્દરચનામાં રસાત્મકતા છે.

એનાં ગેયાષ્ટકો તો અદ્‌ભુત છે. એ તો ગાતા જઈએ અને શાંતરસનું પાન કરતા જઈએ એવા ભાષાસૌષ્ઠવથી ભરેલ છે. જરા ગાઓ :—

स्वजनजनो बहुधा हितकामं, प्रीतिरसैरभिरामम् ।
मरणदशावशमुपगतवन्तं, रक्षति कोऽपि न सन्तम् ॥
विनय ! विधीयतां रे, श्रीजिनधर्मः शरणम् ।
अनुसन्धीयतां रे, शुचितरचरणस्मरणम् ॥ १ ॥

(અશરણભાવના, ગેયાષ્ટક, પૃ. ૬૬)

આ અષ્ટકની ભાષામાં ખૂબ લહેર છે. એમાં રસની જમાવટ વિષયને અનુસારે હોઈ ખૂબ હૃદયંગમ છે અને પ્રત્યેક શબ્દની પસંદગી ખૂબ સુંદર છે. તમને દરેક શબ્દ માટે લાગશે કે એ શબ્દ જ ત્યાં બંધબેસતો આવે છે અને બીજો સમાન અર્થવાળો શબ્દ નકામો છે. मरणदशामुपगतवन्तं सन्तं न कोऽपि रक्षति એમાં सन्तं શબ્દ મૂકવામાં ભારે મજા કરી છે. એનો અર્થ 'મરણદશાને પહોંચેલા' એવો કરીએ ત્યારે सन्तं ને વર્તમાન કૃદંત લેવાય, પણ सन्तं ને ચાલુ અર્થમાં લઈએ તો ગમે તેવો મોટો **સંત** પુરુષ હોય, ભલે ખુદ ઇંદ્ર કે તીર્થંકર હોય, પણ તેને કોઈ બચાવી શકતું નથી. આવો વિશિષ્ટ ભાષાપ્રયોગ લગભગ દરેક શબ્દની સાથે બતાવી શકાય તેવું છે. કહેવાની બાબત એ છે કે ભાષારચનામાં, શબ્દોની પસંદગીમાં અને વિચારદર્શનની પદ્ધતિમાં લેખકમહાત્મા સકળ શબ્દચાતુર્ય દાખલ કરી શક્યા છે.

આ ઉપરાંત જ્યાં 'तुरग' શબ્દ મૂકયો છે ત્યાં તે જ શબ્દ શોભે અને સાર્થ લાગે તેમ છે, તેને બદલે સમાન અર્થવાળો 'अश्व' શબ્દ ન જ લાગી શકે એવી વિગતો બતાવી શકાય તેમ છે. तुरग શબ્દમાં ગતિ (तुर गमने) નો ભાવ છે, જ્યારે अश्व શબ્દમાં अश्न् ધાતુ આવે છે તે ઊંડા ઊતરવાના અર્થમાં આવે છે. ગમે તેવા જોરથી દોડનાર, ઘોડા, રથ, હાથી કે માણસોની હારની હારથી વીંટળાયેલા હો—આ એનો આશય છે. ત્યાં तुरग શબ્દ બરાબર સાર્થ છે. કહેવાની વાત એ છે કે લેખકે શબ્દની પસંદગીમાં ભારે ઝીણવટ રાખી છે અને જ્યાં જેવો જોઈએ તેવો શબ્દ પસંદ કર્યો છે.

પોતે વૈયાકરણ હતા, વ્યાકરણની પ્રક્રિયા બનાવનાર હતા એટલે વ્યાકરણને લગતી સ્ખલના એનામાં ન આવે એમ લખવું એ તો માત્ર સોનાને ઓપ આપવા જેવું છે. એની ભાષા માર્મિક, શુદ્ધ, સ્પષ્ટ અને હૃદયંગમ હોવા છતાં શૈલીમાં જરા પણ આક્ષેપ કે તુચ્છતા કોઈ સ્થાને આવવા દીધાં નથી અને યોગ્ય હોય ત્યાં અલંકાર લાવ્યા છે એટલો પણ અત્ર નિર્દેશ કરવો યોગ્ય જણાય છે. ભાષાશુદ્ધિને અંગે શ્રીશાંતસુધારસ ગ્રંથની ટીકાના પ્રકટ કરનાર (શ્રી જૈનધર્મ પ્રસારક સભા) એની પ્રસ્તાવનામાં લખે છે કે :—

"આ શાંતસુધારસ ગ્રંથમાં અનિત્યાદિક બાર અને મૈત્ર્યાદિ ચાર મળી ૧૬ ભાવનાના ૧૬ પ્રસ્તાવ છે; તે દરેક જુદી જુદી ઢાળમાં બનાવેલા છે. સંસ્કૃત ભાષામાં એવી ઢાળબંધ રચના કરવી અને તેમાં સંધિ, વિભક્તિ, પ્રત્યય કે સમાસાદિકનો પણ દોષ આવવા ન દેવો એ તેમના સંસ્કૃત ભાષાના પૂર્ણ પરિજ્ઞાનને બતાવી આપે છે. પરંતુ સંસ્કૃત ભાષામાં વ્યાકરણ બનાવનારનો એ ભાષા ઉપર એવો પ્રબળ કાબૂ હોય તેમાં નવાઈ જેવું પણ શું છે ?" (પૃ. ૭)[૧]

અહીં ભાષા ઉપરનો લેખકશ્રીનો કાબૂ બહુ સુંદર રીતે રજૂ કર્યો છે અને તેના કારણમાં જણાવે છે કે જે નવીન વ્યાકરણ બનાવનાર હોય તે આવું સ્પષ્ટ ભાષાકૌશલ્ય બતાવે, એમના પ્રયોગમાં વિભક્તિ, સંધિ કે સમાસનો દોષ ન આવે એ સર્વ ઉચિત છે. આ ટાંચણમાંથી એક બીજી વાત પણ નીકળે છે, અને તે એ છે કે લેખકશ્રીએ અહીં જે છંદો વાપર્યા છે તે ગૂર્જર ભાષાને ઉચિત છે. આ મુદ્દા પર આગળ વિવેચન થશે.

વિચારની સ્પષ્ટતા—

ગ્રંથકર્તા પોતાનો આખો વિષય સારી રીતે સમજતા હતા. એમના વિચારમાં સ્પષ્ટતા હતી, સાધ્યસન્મુખતા હતી અને પોતાના વિષયને છણવાની તેમનામાં આવડત હતી. કાવ્ય કે ચરિત્ર લખનારને તો વાંચનારને કે શ્રોતાને શૃંગાર વગેરે રસોમાં લઈ જવાનું હોઈ પોતાના વિષયને ઝળકાવવાનું કાર્ય પ્રમાણમાં સહેલું બને છે, પણ અનિત્યતા બતાવવાની કે એકત્વ, અન્યત્વ બતાવવાની વાતો કરવી જ અરુચિકર હોય છે અને સાંભળવી તે તેથી પણ વધારે અરુચિકર અને બહુધા અપ્રિય હોય છે. ગ્રંથકર્તાએ પોતાના વિચારો ખૂબ નિર્મળ કર્યા છે અને પછી કલમ હાથમાં લઈને ખૂબ દીપાવ્યા છે તેમાં તેમની વિચારસ્પષ્ટતા છે. ઘણી વાર લેખક પોતે શું કહેવા માગે છે તેનો તેને પોતાને જ શરૂઆતથી પૃથક્કરણપૂર્વક

---

૧. સદર પ્રસ્તાવના સંસ્કૃત ભાષામાં આપી છે તેમાં એ જ હકીકત બહુ સારા શબ્દોમાં મૂકવામાં આવી છે. એ અતિ માર્મિક લાગવાથી અત્ર ઉતારી લેવામાં આવે છે. ત્યાં જણાવે છે કે :—

किं चैतच्छान्तसुधारसग्रन्थप्रतिष्ठितमैत्र्यादिभावनाचतुष्टयोपेतानित्यादिभावनाद्वादशकाभिधप्रस्तावषोडशकं गूर्जरभाषोचितविविधछन्दोभिरप्युपनिबद्धमपि सन्धिविभक्तिसमासादिदोषलेशवर्जितमिति चित्रीयन्ते चेतांसि चेतनवतां सुधियां संस्कृतवषयिकतदपूर्ववैदुष्या, यद्वा किमाश्चर्य नूतनव्याकरणव्याकर्तृणां तादृशां गीर्वाणभाषासरसीसरभसक्रीडने । (पृ. १)

સ્પષ્ટ ખ્યાલ હોતો નથી. એમ થાય ત્યારે ભારે અસ્તવ્યસ્તતા અને અવ્યવસ્થિતતા આખા ગ્રંથમાં દેખાય છે. એવું આ આખા ગ્રંથમાં નજરે પડે તેમ નથી.

વિષયનિરૂપણની સફળતા—

કેટલાક લેખકોમાં વિચારો ઘણા હોય છે, પણ તેને બતાવવામાં કળાનો અભાવ હોય છે. વિચારની સ્પષ્ટતા જેટલી જ અગત્યની બાબત વિચારદર્શનની છે. ગમે તેટલું જાણ્યા છતાં એને જનતા સમક્ષ રજૂ કરવામાં આવડત ન હોય તો કહેવાની વાત અદ્ભુત હોય તો પણ તે મારી જાય છે. તેમાં પણ જ્યારે અનિત્યતા, કરુણા જેવા નીરસ વિષયોને જનતા સમક્ષ રજૂ કરવા હોય ત્યારે જો વિષયને રજૂ કરવામાં કળા ન હોય તો વાત કથળી જાય છે. આ લેખક-મહાત્માનું વિષયનિરૂપણ સુંદર છે, એમાં તેમનું ચાતુર્ય છે અને એના પ્રત્યેક શ્લોકમાં કળા છે. આ વાત અનુભવવાથી સમજાય તેમ છે. દા. ત. અનિત્યભાવનાના ગેયાષ્ટકમાં (શ્લોક ૫, પૃ. ૩૫) કહે છે કે :—

यैः समं क्रीडिता ये च भृशमीडिता, यैः समाकृष्महि प्रीतिवादम् ।
तान् जनान् वीक्ष्य बत भस्मभूयं गतान्, निर्विशङ्काः स्म इति धिक् प्रमादम् ! ॥

"જેની સાથે રમ્યા, જેની સાથે આપણે પૂજાયા, જેની સાથે વિનોદવાર્તાઓ કરી તેવા માણસોને રાખમાં રગદોળાતા-રક્ષારૂપ થઈ જતા આપણી નજરે જોયા અને છતાં આપણને કાંઈ થવાનું નથી એમ ધારી ફિકર વગરના થઈને આપણે મહાલ્યા કરીએ છીએ ! આવા આપણા પ્રમાદ પર ફિટકાર હો !"

આ વિષયનિરૂપણનો દાખલો છે. એ વાંચતાં વિચારક વાંચનારની સમક્ષ ચિત્રો એક પછી એક ખડાં થાય તેવું એમાં ગાંભીર્ય છે. નાનપણમાં શેરીમાં પોતે કૂદતા, પોતાના લંગોટિયા દોસ્તદારો અને પોતે હરતા ફરતા અને ધૂળમાં રગદોળાતા દેખાય એ એક પછી એક એક પ્રકારની ચિત્રમાળા.

પછી ઉમરલાયક થતાં આપણને દરેકને અમુક માણસો મોટા લાગ્યા હોય; આપણા ગામના મુખીઓ, આપણા પિતાના મિત્રો, ધર્મના અધ્યક્ષો, સમાજના નેતાઓ, જેના શબ્દને આપણે માન આપીએ અને જે આપણી નજરે 'મોટા' માણસ લાગે તેવા પણ અનેક ગયા. જે આકાશને થોભાવે એવા આપણને લાગે, જેઓ સમાજમાં, ઘરમાં કે વેપારમાં થાંભલા જેવા લાગ્યા હોય તેઓની બીજા પ્રકારની ચિત્રમાળા.

જેની સાથે હાણ્યા-માણ્યા, ફર્યા-હર્યા, નાચ્યા-કૂદ્યા એની ત્રીજી ચિત્રપરંપરા.

એવા અનેકને સ્મશાને મૂકી આવ્યા, એમની ચિતાઓ હાથે ખડકી અને એમના શરીરની રાખ થતી જોઈ આ ચોથી ચિત્રમાળા !

અને આટલું જોયું છતાં જાણે પોતાને તો કદી જવાનું જ નથી, એમ ધારી ભાઈશ્રી અડગ ઊભા છે, છાતી કાઢીને ફરે છે, ન કરવાનાં કામો કરે છે અને ગમે તેવા ગોટાળા કરી ઘરનાં ઘર માની અહીં હાણે-માણે છે ! તું શું સમજે છે ? તારા પ્રમાદને ફિટકાર છે ! !—આનું નામ વિષયનિરૂપણની સફળ કળા કહેવાય. એમાં ચિત્રદર્શન છે, આહ્વાન છે, વિષયનિરૂપણ છે અને તે પરથી લેવા યોગ્ય સાર-રહસ્ય છે.

ગ્રંથની ગેયતા—

કોઈ પણ પિંગળ સમજનાર અથવા આપણી દેશીઓ ગાનાર હોય, એના કંઠમાં મધુરતા હોય અને એને સંગીતની નજરે જમાવટ કરતાં આવડતી હોય, તેની પાસે આ ગ્રંથનો કોઈપણ ભાગ ગવરાવવો, એના દેશી રાગોની ગેયતા એક વાર સાંભળી લેવી, પછી એમાં બહુ ભારે મજા આવે તેવી આખી કૃતિમાં ખૂબી છે. એમાં બરી ખૂબી એ છે કે એક વાર કોઈ ભાવનાને વાંચવામાં આવે તો પ્રથમ એનાં સ્રગ્ધરા કે શિખરિણી આદિ વૃત્તો વાંચવાં અને છેવટે ગેયાષ્ટક ગાવું. એનો રાગ એક વખત બેસી જશે તો એની કૃતિમાં એવી ખૂબી છે કે આખું ગાન મુખપાઠે થઈ જશે, એક વાર ગવાયા પછી બીજી વાર ગાવાનું મન થશે અને એવી રીતે થોડી વખત પુનરાવર્તન થશે એટલે ક્ષયોપશમ પ્રમાણે મુખે થઈ જશે. પછી તો જ્યારે જ્યારે અવકાશ મળશે ત્યારે એનું પરિશીલન થશે અને એ ગાવામાં અંતરના ઉમળકા આવશે, જેને સંસ્કૃતમાં 'ધ્વનિકાવ્ય' અથવા 'શબ્દાલંકાર' કહે છે એની છાયા એમાં ભરપૂર જણાય છે. જ્યારે સુંદર શબ્દચિત્ર કાનમાં ગુંજારવ કરે ત્યારે શબ્દાલંકાર બરાબર જામે છે. અર્થાલંકાર તો અર્થ આવડે, તેમાં ચિત્ત પરોવાય અને તે મગજમાં જામે ત્યારે મજા આપે છે. પણ શબ્દાલંકાર તો અર્થ આવડે કે ન આવડે તો પણ શબ્દરચનામાં જ મજા આપે છે. આ જાતની ચમત્કૃતિ સોળે ભાવનામાં બરાબર છે. આનંદની વાત એ છે કે લેખકશ્રીની ભાષા ભાવવાહિની અને અલંકારમય હોવા ઉપરાંત શબ્દની પસંદગી અને ગેયતાની ભવ્યતા તેઓશ્રી એવી સારી અને સાદી રીતે લાવી શકયા છે કે એના મર્મમાં ઊતર્યા વગર પણ એ ખૂબ આનંદ આપે અને કાનમાં ગુંજારવ કર્યા જ કરે.

દાખલા તરીકે બારમી ભાવનાનો પરિચયશ્લોક છઠ્ઠો લઈએ. (પૃ. ૩૪૭) એની ભાષા વિચારી છેવટે બોલીએ **कासारे स्फुटिते जले प्रचलिते पालिः कथं बध्यते.** એની શબ્દરચના અતિ આકર્ષક છે અને અર્થગાંભીર્ય તો ચિત્રમય છે. પછી **बुध्यतां बुध्यतां बोधिरतिदुर्लभा** ગાઈએ ત્યારે શબ્દ અને અર્થના પ્રવાહમાં પડી જવાય તેમ છે.

કોઈ સુંદર રાગથી ગાનાર અને ખાસ કરીને સંસ્કૃતના અભ્યાસી, શુદ્ધ ભાષાના આગ્રહી પાસે દેશી રાગો અને સાથે છંદના જ્ઞાનવાળા પાસે પરિચયશ્લોકો એકાદ વખત સાંભળી લેવા યોગ્ય છે. પછી વધારે ભલામણ કરવાની જરૂર નહિ પડે.

સોળે ભાવના જુદી જુદી દેશીઓમાં ગાઈ શકાય છે. કેટલીકના દેશી રાગો કર્તા કવિએ પોતે લખ્યા છે, કેટલાક મને બેઠા તેવા જણાવ્યા છે, પણ એને બહુ સુંદર રીતે ગાઈ બતાવી શકે તેવા શ્રાવક બંધુઓ જુદે જુદે સ્થળે વિદ્યમાન છે એમ મારા જાણવામાં આવ્યું છે. શોધક વૃત્તિએ તપાસ કરી આવા આત્મસન્મુખ ગ્રંથનો લાભ લેવા સૂચના છે.

ગેયતાને અંગે બીજી વાત એ છે કે દરેક અષ્ટક ગુજરાતી પ્રચલિત દેશીઓમાં ગાઈ શકાય છે તે ઉપરાંત અસલ રાગ અથવા રાગિણીમાં પણ ગાઈ શકાય છે :

પ્રથમ અષ્ટક—રામગિરિ	નવમ અષ્ટક—સારંગ
દ્વિતીય અષ્ટક—મારુણી	દશમ અષ્ટક—વસંત
તૃતીય અષ્ટક—કેદારો	એકાદશ અષ્ટક—કાફી
ચતુર્થ અષ્ટક—પરજિયો	દ્વાદશ અષ્ટક—ધનાશ્રી
પંચમ અષ્ટક—શ્રી રાગ	ત્રયોદશ અષ્ટક—દેશાખ
ષષ્ઠ અષ્ટક—આશાવરી	ચતુર્દશ અષ્ટક—ટોડી
સપ્તમ અષ્ટક—ધનાશ્રી	પંચદશ અષ્ટક—રામકુલી
અષ્ટમ અષ્ટક—નટ રાગ	ષોડશ અષ્ટક—પ્રભાતી

આ પ્રમાણે કવિ લેખક પોતે દેશીના રાગો બતાવે છે અને સાથે કોઈ કોઈ પ્રતિમાં ઉપરના રાગોનાં નામો પણ આપ્યાં છે. એ રાગોમાં ગાનાર ગવૈયાનો મને હજુ યોગ થયો નથી, પણ હું એનો અર્થ એવો સમજું છું કે એ પ્રત્યેક રાગ-રાગિણીમાં જે શબ્દ-મેળ હોય તે આમાં છે. મતલબ, એ રાગમાં પણ એ બરાબર ગાઈ શકાય તેવું હશે.

ભાષાસૌષ્ઠવ, શબ્દપસંદગીની વિશાળતા અને ભાષા પર અસાધારણ કાબૂ સાથે વ્યાકરણમાં રમણતા હોવાથી શબ્દની વિશુદ્ધિ, પસંદગીમાં વિશાળતા અને વિભક્તિ, જાતિ, સમાસ અને કૃદંત, કારક આદિની પસંદગીમાં સુકરતા હોઈ કાવ્યની નજરે આ શબ્દચિત્રમાં શબ્દાલંકાર અને અર્થાલંકાર બંને આવી શકયા છે અને એ વસ્તુસ્થિતિનો કાવ્યરસિકોએ લાભ લેવા યોગ્ય છે.

ગીતગોવિંદ (પંડિત જયદેવ)—

સંસ્કૃત ભાષામાં આ ગ્રંથ અજોડ છે એમ બતાવવાનો પ્રયાસ કરતાં પહેલાં એની કક્ષામાં મૂકી શકાય તેવા ગ્રંથસંબંધી કેટલીક હકીકત જણાવવી ઉચિત છે. સંસ્કૃતમાં હોવા છતાં દેશી રાગોમાં ગાઈ શકાય લેવો બીજો એક પણ ગ્રંથ જૈન સાહિત્યમાં માસ જોવામાં આવ્યો નથી અને સમસ્ત સંસ્કૃત સાહિત્યમાં પંડિત જયદેવ કવિ વિરચિત

गीतगोविन्द નામનો કાવ્યગ્રંથ જોવામાં આવ્યો છે. એ ગીતગોવિંદ કાવ્ય પર કુંભરાજે 'રસિકપ્રિયા' નામની અને મહામહોપાધ્યાય શ્રી શંકરમિશ્રે 'રસમંજરી' નામની ટીકાઓ લખી છે. એ ગ્રંથને સને ૧૮૯૯ માં રા. રા. મંગેશ રામકૃષ્ણ તેલંગે નિર્ણયસાગર પ્રેસ મારફત છપાવી બહાર પાડયો છે.

ગીતગોવિંદના બાર સર્ગ છે જ્યારે શાંતસુધારસના સોળ પ્રસ્તાવ છે. ગીતગોવિંદના રાગો હિંદી ભાષાને અનુકૂળ છે જ્યારે શાંતસુધારસના રાગો ગુજરાતી ભાષાને અનુકૂળ છે.

ગીતગોવિંદમાં કૃષ્ણ અને રાધાનો શૃંગાર અતિ આકર્ષક ભાષામાં ચીતર્યો છે. એના આરંભમાં જ એ ગ્રંથને **वासुदेवरतिकेलिकथासमेतं** કહી વર્ણવે છે અને વિનય-વિજય ઉપાધ્યાયને **नित्यमेकं चिदानन्दमयमात्मनो रूपम्** (૧-૯) માં બનાવવું હતું એટલે એનો મેળ ખાય તેમ નથી.

ગીતગોવિંદનો શૃંગાર અદ્ભુત ગણાય છે. એના એક-બેથી વધારે દાખલા આવા શાંતરસગ્રંથમાં મૂકવા તે યોગ્ય લાગતું નથી. જેને શૃંગારરસમાં મોજ આવે તેને માટે ગીતગોવિંદ બહુ **ઉચ્ચ** પ્રકારનો કાવ્યગ્રંથ છે.

चन्दनचर्चितनीलकलेवरपीतवसनवनमाली ।
केलिचलन्मणिकुण्डलमण्डितगण्डयुगः स्मितशाली ।
हरिहरमुग्धवधूनिकरे, विलासिनि विलसति केलिपरे ॥ २ ॥
पीनपयोधरभारभरेण हरिं परिरभ्य सरागम् ।
गोपवधूरनुगायति काचिदुदञ्चितपञ्चमरागम् ॥ हरिहर० ॥३ ॥

(પ્રથમ સર્ગ, પ્ર. ૪)

એના સર્ગનાં નામો જોતાં પણ એનો શૃંગાર ખૂબ ઊંડો જણાશે. પ્રથમ પ્રસ્તાવ 'सामोददामोदर' છે. બીજો **अक्लेशकेशव** છે. એમાં રાધા પોતાની વિરહવેદનાનું વર્ણન સખી પાસે કરે છે. ત્રીજા **मुग्धमधुसूदन** સર્ગમાં રાધાને હૃદયમાં રાખીને વ્રજસુંદરીઓનો કૃષ્ણ ત્યાગ કરે છે તેનું વર્ણન છે. ચોથા **स्निग्धमधुसूदन** નામના સર્ગમાં રાધાની સખી કૃષ્ણ પાસે રાધાની વિરહદશાનું વર્ણન કરે છે. પાંચમા **साकांक्षपुंडरीकाक्षः** નામના સર્ગમાં કૃષ્ણ રાધાને પ્રેમપૂર્વક યમુનાના કુંજમાં આવવાનો સંદેશો કહેવરાવે છે. છઠ્ઠા **धृष्टवैकुंठ** નામના સર્ગમાં લતાગૃહમાં રહેલી અનુરક્ત રાધા કૃષ્ણ પાસે આવવા અશક્ત બનેલી છે તેની સ્થિતિનું વર્ણન કરે છે. સાતમા **नागरनारायण** સર્ગમાં સંકેત કરેલ સમયે કૃષ્ણ રાધાને મળતા નથી એટલે એની દશા કેવી થાય છે તેનું વર્ણન છે. આઠમા **विलक्ष्यलक्ष्मीपतिः** સર્ગમાં, નવમા **मुग्धमुकुंद** સર્ગમાં, દશમા **चतुरचतुर्भुजः** સર્ગમાં, અગિયારમા **सानन्ददामोदर** સર્ગમાં અને બારમા **सुप्रीतदामोदर** સર્ગમાં રાધા અને કૃષ્ણનાં રિસામણાં-મનામણાં ચાલે છે.

આ આખા ગ્રંથમાં શૃંગારરસની મુખ્યતા છે અને વચ્ચે વર્ણનમાં હાસ્ય, કરુણ વગેરે રસો જામે છે. એનું શબ્દચિત્ર અનુપમ છે અને ભાષા પરનો કાબૂ અસાધારણ છે. એમાં શાંતરસનો પ્રસંગ જ નથી. એ આખો ગ્રંથ ધ્વનિકાવ્યથી ભરેલો છે. એની શાંતસુધારસ ગ્રંથ સાથે સરખામણી માત્ર ગેયતાની બાબતમાં જ થઈ શકે તેમ છે.

સંસ્કૃત સાહિત્યમાં ગાઈ શકાય તેવા આ બે જ ગ્રંથો છે. રસિક જનોને ગીતગોવિંદ ગ્રંથ ખૂબ પસંદ પડે તેવો છે. એની કાવ્યચમત્કૃતિ અતિ ઉચ્ચ પ્રકારની છે. સંસારને સમજનાર અને તેના સ્વરૂપને જાણી એનાથી દૂર ભાગનારને શાંતસુધારસ ગ્રંથ ખૂબ મજા આપે તેવો છે. બન્નેની સરખામણી કોઈ પણ રીતે કરી શકાય તેમ નથી. એકમાં જે વાતનું પોષણ છે તેનું બીજામાં મૂળ ઉખેડી નાખવામાં આવ્યું છે. ગીતગોવિંદમાં અધરસુધારસનું પાન કરવામાં જીવનને ધન્ય માનવામાં આવશે (સં. ૧૨–૫), ત્યારે શાંતસુધારસમાં જીવનને ડાભના અગ્રભાગ પર રહેલ પાણીના ટીપા જેવું અસ્થિર બતાવશે (૧૦–૧ અષ્ટક).

આટલું છતાં બન્નેની ગેયતા ઘણી સુંદર છે. કવિ જયદેવનો અને વિનયવિજય ઉપાધ્યાયનો પ્રયત્ન કાવ્યની નજરે સફળ ગણાય. એક રીતે જોઈએ તો કવિ જયદેવનો માર્ગ સરળ હતો. એને શૃંગાર પોષવો હતો, લોકરુચિને અનુસરવું હતું અને પૌદ્ગલિક વિલાસોનું શબ્દચિત્ર આપવું હતું. એમાં કાંઈ ઓછાશ રહે તો લોકો પોતાની કલ્પનાથી પુરવણી કરવા તૈયાર હતા. પણ ઉપાધ્યાયશ્રી વિનયવિજયનો માર્ગ વધારે મુશ્કેલ હતો. એને વિષયકષાયની વિરૂપતા, સંસારની અસારતા, જીવનની ક્ષણિકતા અને ત્યાગધર્મની શ્રેષ્ઠતા બતાવી જે સર્વ રાગની દૃષ્ટિએ ગમે છે તેને છોડાવી દેવાની વાત કરવાની હતી. આવા ચાલુ નજરે ન ગમે તેવા ત્યાગના વિષયને તેઓ પોતાના પાંડિત્યને ચોગે ખૂબ ઝળકાવી શક્યા છે.

સમસ્ત સંસ્કૃત સાહિત્યમાં ગાઈ શકાય તેવા આ બે જ ગ્રંથો હોવાથી તેનું સામ્ય અત્ર રજૂ કરવું જોઈએ. બાકી એકમાં શૃંગારને પોષવો છે અને બીજામાં શૃંગારને તજવો છે, ત્યાં સમાનતા તો કયાંથી આવે ? ત્યાગની બાબત વિષમ છે, કર્કશ છે, પ્રથમ દૃષ્ટિએ અનાદરણીય લાગે તેવી છે અને બહુધા શુષ્ક હોય છે. તેવી બાબત શ્રી વિનયવિજયે રસમય કરી બતાવી એ તેમની વિશિષ્ટતા છે. શાંતસુધારસ ગ્રંથમાં કોઈ પણ સ્થળે એમણે કર્કશતા આવવા દીધી નથી. ભાષાની નજરે જોઈએ અથવા કાવ્યની નજરે જોઈએ તો જયદેવનું ગીતગોવિંદ જરૂર વધારે ઉચ્ચ સ્થાન લે તેવું છે. જયદેવ શબ્દોની પસંદગીમાં વધારે સફળતા મેળવી શક્યા છે એમ લાગ્યા વગર રહે તેમ નથી; છતાં આ શાંતસુધારસ ગ્રંથ સુંદર ભાષામાં–ગેય ભાષામાં–શ્રુતિપટુ સુંદર શબ્દરચનામાં રચી શકાયો છે એ અતિ વિશિષ્ટ હકીકત છે. અત્યારે જેમ સ્ત્રીપાત્ર વગર નાટક કે શબ્દચિત્ર લખવું અશક્ય મનાય છે, તેમ જ શૃંગારની પોષણા વગર કાવ્ય કે ગેયરચના અશક્ય જ મનાય છે. એ અશક્ય વાતને શક્ય કરનાર ઉપાધ્યાય શ્રી વિનયવિજય જરૂર અભિનંદનને પાત્ર છે.

ગ્રંથપદ્ધતિ —

આખા **શાંતસુધારસ** ગ્રંથની ગાથાઓ ૨૩૪ નીચે પ્રમાણે છે :

શરૂઆતમાં ૮ ગાથા (શ્લોકો) પ્રસ્તાવના અને ઉપોદ્‌ઘાત જેવી છે. છેવટે પ્રશસ્તિના ૭ શ્લોકો છે.

બાકી સોળ ભાવનામાં અનુક્રમે ૩-૩-૫-૫-૫-૫-૫-૫-૭-૭-૭-૭-૮-૭-૭ અને ૫ મળીને ૯૧ શ્લોક છે. આ શ્લોકો ખૂબ પ્રૌઢ ભાષામાં છે અને તેમાં મંદાક્રાન્તા, શાર્દૂલવિક્રીડિત, સ્રગ્ધરા, માલિની, શાલિની, શિખરિણી વગેરે વૃત્તો બહુ આકર્ષક રીતે વપરાયાં છે.

તે ઉપરાંત દરેક ભાવના પર અષ્ટક લખેલ છે. તેના સોળ ભાવનાના ૧૨૮ શ્લોકો થાય છે. એ ગેય અષ્ટકો મૂળ રાગોમાં ગાઈ શકાય છે તેમ જ ગુજરાતી દેશીઓમાં પણ ગાઈ શકાય છે તે ઉપર બતાવ્યું છે.

એ રીતે ઉપોદ્‌ઘાતના ૮, સોળ ભાવનાની પર્યાલોચનના ૯૧, સોળ અષ્ટકના ૧૨૮ અને પ્રશસ્તિના ૭ મળી આખા ગ્રંથના કુલ ૨૩૪ શ્લોકો અથવા ગાથાઓ છે.

દરેક ભાવનાને લઈને તેનો પ્રથમ પરિચય કરાવવો અને પછી ગેય અષ્ટક લખવું એ પદ્ધતિ ગ્રંથકર્તાએ રાખી છે. દરેક ભાવના પર પરિમિત લખવાનો તેમનો વિચાર ચોક્કસ જણાય છે, કારણ કે આ સોળે ભાવનાઓ તો એવી છે કે એના પર જેટલું લખવું હોય તેટલું લખી શકાય. પણ ગ્રંથકર્તા લોકોની ધીરજ, આયુષ્યની મર્યાદા અને ખાસ કરીને મનુષ્યસ્વભાવના અભ્યાસને પરિણામે સમજી ગયા હતા કે લોકોને લાંબી લાંબી વાતો ગમતી નથી, એટલે એમણે સૂત્ર જેવી વાતો ટૂંકામાં પણ મુદ્દામ રીતે રજૂ કરી છે. એનું એક એક વાક્ય કોઈ કોઈ સ્થાને તો એવું અર્થ અને ભાવગર્ભિત છે કે એના પર પુસ્તકો લખાય. ગ્રંથકર્તાને ગ્રંથ વિદ્વત્તા બતાવવા માટે બનાવવાનો નહોતો. એમનો બોધ એમણે 'લોકપ્રકાશ'માં બતાવ્યો હતો. એમને આ ગ્રંથ તો આત્મા સાથે વાતો કરવાનો બનાવવો હતો. એમાં મનોવિકાર કે કલ્પનાને જોર આપવું નહોતું, પણ એને મર્યાદામાં લાવી એના પર સંયમ મેળવવાની ચાવીઓ-વિચારધારાઓ બતાવવાની હતી. એ કામ ગ્રંથકર્તા કવિએ સફળ રીતે કર્યું છે.

એનાં ગેયાષ્ટકો ઘડીભર ગાવા યોગ્ય છે. શાંતિનો સમય હોય, ચેતનરામ જરા લહેરમાં હોય, ઉપાધિઓથી સહજ વિરમવાનું થયું હોય તેવે વખતે એકાદ ભાવના ઉપાડવી અને અંતરજલ્પ કરવો; ત્યારે એની ખરી મોજ આવશે. એ ગાવામાં મજા આપે તેવી જરૂર છે, પણ એનાથી પણ વધારે મોજ એકલા-એકાંતમાં ચેતનરામ સાથે રમણ કરાવે એવી એની વાતોમાં છે. એમાં નવલની રસાત્મકતા ન હોય કે ગુપ્તચર (ડીટેકટીવ) કથાની પરિણામ-જિજ્ઞાસાઉત્પાદક શૈલી ન હોય; એમાં કવિનાં નિરંકુશ ઉદ્‌ગ્રયનો

ન હોય કે નાટકના શૃંગાર, વીર કે હાસ્યરસ ન હોય તો તેમાં આશ્ચર્ય પામવાનું નથી. એ આખી કૃતિ વિશિષ્ટ ભાવે આતમરામને ઉદ્દેશીને કૃતેહમંદીથી રચવામાં આવી છે. આ ગ્રંથપદ્ધતિ ધ્યાનમાં રાખવાથી એની ભાષાનો પ્રવાહ કયાં જાય છે અને શા માટે જાય છે તેનો આછો પણ ચોક્કસ ખ્યાલ જરૂર આવશે.

ગ્રંથરચનાકાળ અને પ્રશસ્તિ—

આ ગ્રંથની રચના સંવત્ ૧૭૨૩ માં **ગાંધાર** નગરમાં કરી એમ ગ્રંથકર્તા પોતે જ જણાવે છે. (જુઓ પૃ. ૪૯૬) ગંધપુર નગર એ જંબુસર નજીકનું **ગાંધાર** જ સંભવે છે. તેમની અન્ય કૃતિઓ પણ ગુજરાતમાં જ બની છે તે પરથી ગ્રંથકર્તાનો વિહાર બહુધા ગુજરાતમાં જ થયો હોય એમ સંભવે છે.

અકબરના સમયના જે ગાંધારમાં સેંકડો લખપતિ જૈનો હતા અને જ્યાં શ્રી હીરવિજયસૂરિ વ્યાખ્યાન વાંચતા ત્યારે સ્થાન મેળવવાની મુસીબત પડતી હતી ત્યાં અત્યારે એક પણ જૈનની વસતી રહી નથી અને માત્ર એક દેરાસર જ બાકી રહ્યું છે એ કાળબળની અને જૈન સમાજની વર્તમાન દશા બતાવે છે. આવી દશાનાં ઐતિહાસિક કારણોમાં આ સ્થાને ઊતરીએ તો લંબાણ થઈ જાય, પણ જૈનસમાજમાં કુસંપનો જે કીડો પેસી ગયો હતો અને દીર્ઘદ્રષ્ટાઓનો અભાવ થઈ ગયો હતો તેની દેખી શકાય તેવી પરિસ્થિતિ આ ગ્રંથ રચનાના કાળમાં જ તરી આવી હતી, તે એ યુગનો ઇતિહાસ, સાધુવર્ગમાં ન ઇચ્છવા યોગ્ય સ્પર્ધા અને વિજય-સાગરના ઝગડા વાંચી વિચારીએ છીએ ત્યારે ભારે ખેદ થાય તેવું છે. સંતોષની વાત એ છે કે એવા સંક્ષુબ્ધ વાતાવરણમાં 'શાંતસુધારસ' જેવા આત્મિક ગ્રંથના લેખકો પણ હતા અને આવા ગ્રંથો રચી શકયા હતા, પોતાના જીવન અને વિશિષ્ટ કથનોથી શ્રોતાના કાનને પવિત્ર કરતા હતા અને જનતાની આત્મિક પ્રવૃત્તિને વેગ આપવા દ્વારા આત્મવિકાસ સાધતા હતા.

સંવત્ ૧૭૨૩ એટલે ઈ. સ. ૧૬૬૭ નો સમય થયો. એ વખતે શહેનશાહ ઔરંગઝેબની આણ હિંદુસ્તાનમાં પ્રવર્તતી હતી. એ ઝનૂની શહેનશાહે ધર્માંધતાને પરિણામે મુગલાઈના પાયાને હચમચાવી દીધા હતા, પણ તે યુગમાં તે સમજાય તેવું નહોતું. તે વખતે તો મુગલાઈ એની પૂર્ણ જાહોજલાલીમાં પ્રસરતી હતી. એવા વિકટ સમયમાં આવા શાંતરસના ગ્રંથનું પરિશીલન કરવું કે વિલાસનાં કાવ્યો રચવાં (વિનયવિલાસ) એ મન પર અને લેખનશક્તિ પર અસાધારણ કાબૂ બતાવે છે. એ સમય પરત્વે ટૂંક વિગતો આગળ લખી છે તે ઉપરથી જણાશે કે આવા વાતાવરણ અને ખટપટના સમયમાં આવા ગ્રંથની રચના થાય એ ઘણું નવાઈભરેલું લાગે; છતાં એ યુગમાં મહાન્ જૈન લેખકો થયા છે, આનંદઘનજી જેવા યોગી થયા છે અને શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાય જેવા સિદ્ધ લેખકો થયા છે અને એકલા

તપગચ્છમાં જ બાવન જેટલા મહાન લેખકો, કવિઓ અને ચર્ચા કરનારાઓ થયા છે; એ બતાવે છે કે જે સમયે જેવી જરૂરિયાત હોય તે વખતે તેને યોગ્ય લેખકો નીકળી જ આવે છે. એ યુગમાં આવા વિશિષ્ટ લેખકો થઈ ગયા તેનાં કારણો તપાસવાનું પ્રાપ્ત થાય છે. ઇતિહાસવિદો આ પ્રશ્નને જરૂર ચર્ચશે એમ આપણે ઇચ્છીએ. આ ઉપોદ્‌ઘાતની આખરે આપણે પણ એ રસાત્મક ઇતિહાસવિભાગમાં સહજ ચંચુપ્રવેશ કરશું.

આ ગ્રંથની રચના થઈ ત્યારે તપગચ્છ પર શ્રી વિજયપ્રભસૂરિની આજ્ઞા પ્રવર્તતી હતી, એટલે કે તેઓ ગચ્છાધિપતિ હતા એમ લેખકના પોતાના શબ્દોથી જણાય છે (જુઓ પૃ. ૪૯૬). તેમના ગુરુ કીર્તિવિજય ઉપાધ્યાય હતા, એટલે 'વિજયપ્રભસૂરિનો પ્રભાવ' આ ગ્રંથરચનાનું કારણ હતું એમ ત્યાં જણાવ્યું છે તે ગ્રંથકર્તાની નમ્રતા સૂચવે છે.

હકીકત એમ જણાય છે કે વિજયદેવસૂરિએ પોતાની પાટે પોતાની હયાતીમાં વિજયસિંહસૂરિની સ્થાપના કરી, પણ એ વિજયસિંહસૂરિ તો વિજયદેવસૂરિની હયાતીમાં જ કાળ કરી ગયા. જેથી વિજયદેવસૂરિએ વિજયપ્રભસૂરિને ૧૭૧૧ માં આચાર્યપદવી આપી અને પોતે ૧૭૧૩ માં કાળ કરી ગયા. એટલે આ ગ્રંથની રચના સં. ૧૭૨૩ માં થઈ ત્યારે આચાર્યપદે વિજયપ્રભસૂરિ હતા. આ વખત પહેલાં પંન્યાસ સત્યવિજય ક્રિયાઉદ્ધાર કરી છૂટા પડી ગયા હતા. એટલે જે પક્ષને ક્રિયાઉદ્ધાર માન્ય હતો તેમણે વિજયપ્રભસૂરિની આજ્ઞા સ્વીકારી નહોતી. આને લગતી કેટલીક હકીકત આ ઉપોદ્‌ઘાતના છેલ્લા વિભાગમાં ચર્ચશું.

પં. શ્રી ગંભીરવિજયજી કૃત ટીકા—

श्रीबुद्धिविजयविनेयौ मुक्तिवृद्धिविजययुतगणधुर्यौ ।
मुनिपश्रीवृद्धिविजयशिष्याणुना बुधगंभीरविजयेन ॥

शान्तसुधारसपानश्रद्धामुग्धेन वृध्धेयं टीका ।
वसुरसाहिकुलचन्द्रमितवर्षे (१९६८) निजपरोपकृते च भक्त्या ॥

આ શાંતસુધારસ ગ્રંથ પર પંન્યાસ **શ્રી ગંભીરવિજય** ગણિએ ભાવનગર શહેરમાં સં. ૧૯૬૮ માં સંસ્કૃત ટીકા રચી છે અને તે ટીકાને શ્રી જૈન ધર્મ પ્રસારક સભાએ સં. ૧૯૬૯ માં છપાવી બહાર પાડી છે. ટીકાને છેડે પ્રશસ્તિમાં લેખકશ્રી લખે છે—

આ ટીકામાં શબ્દાર્થ, ભાવાર્થ આપ્યા છે અને કેટલીક સરળતા અર્થને અંગે કરી આપી છે. ટીકાનું પ્રમાણ લગભગ ૧૬૦૦ ગ્રંથાગ્ર ગણાય. અર્થ કરવામાં મેં આ ટીકાનો ઉપયોગ સર્વત્ર કર્યો છે.

આ પ્રમાણે ગ્રંથને અંગે વિચારણા કરી. હવે આપણે ગ્રંથકર્તાને અંગે મળી શકતી હકીકત પર દૃષ્ટિપાત કરી જઈએ.

: ૨ :

શ્રી વિનયવિજય ઉપાધ્યાય

શ્રી 'શાંતસુધારસ' જેવા અપ્રતિમ ગ્રંથની રચના કરનાર ઉપાધ્યાય શ્રીવિનયવિજયજી અને તેમના સમયના સંબંધમાં કેટલીક હકીકત રજૂ કરવી પ્રસ્તુત છે. કોઈ પણ પુસ્તક જે સમયમાં લખાયું હોય તે સમયના ઇતિહાસને જાણવાથી પુસ્તક સમજવામાં ઘણી સરળતા થાય છે, કારણ કે લેખક ગમે તેટલો પ્રતિભા અને પ્રજ્ઞાસંપન્ન હોય તો પણ તેના સમયની અને તેની આજુબાજુના વાતાવરણની તેના પર અસર થયા વગર રહેતી નથી. સર્વમાન્ય સત્યો રજૂ કરવાનાં હોય તેની ભાષામાં અને તેના દૃષ્ટાંતોની રચનામાં પણ સમયની અસર જરૂર થાય છે. તેથી કોઈ પણ પુસ્તક વિવેચકદૃષ્ટિએ સમજવાની ઇચ્છા હોય તેણે પુસ્તકના લેખકનો અને તેના સમયનો પરિચય મેળવવો ઘટે.

સામાન્ય રીતે ઇતિહાસની બાબતમાં હિંદમાં બહુ અલ્પ સાધનો મળે છે એ તો આપણી જૂની ફરિયાદ છે. પ્રમાણમાં જૈનોએ થોડોઘણો ઇતિહાસ જાળવી રાખ્યો છે તે આનંદદાયક હકીકત ગણાય, છતાં ત્યાં પણ કોઈ પણ લેખકવ્યક્તિનો સિલસિલાબંધ ઇતિહાસ મળે એવું તો એકાદ બે અપવાદ બાદ કરતાં ભાગ્યે જ શકય છે. આવા સંયોગોમાં ઉપલબ્ધ સાધનોથી જેટલી હકીકત મળી શકે તેટલી એકઠી કરી તેમાંથી ઐતિહાસિક ખ્યાલ આપવા પ્રયત્ન કરવો એટલું જ કર્તવ્ય શકય છે. આ ગ્રંથકર્તા અને તેમના સમયને માટે આપણને મળતાં સાધનોનો સમુચ્ચય કરીએ.

માતા-પિતા અને જ્ઞાતિ—

શ્રીવિનયવિજય ઉપાધ્યાયના જન્મના સંબંધમાં ઘણી ઓછી હકીકત પ્રાપ્ત થાય છે. તેઓનો જન્મ કઈ સાલમાં થયો, કયા શહેરમાં થયો, તેઓની કઈ ઉંમરે દીક્ષા થઈ વગેરે કાંઈ હકીકત પ્રાપ્ત થતી નથી. તેઓએ **શ્રી લોકપ્રકાશ** નામનો ગ્રંથ લખ્યો છે જે જૈન તત્ત્વજ્ઞાન અને ભૂગોળના જ્ઞાનને અંગે લગભગ મહાકોશ જેવો ગ્રંથ છે; એના પર વિશેષ વિસ્તાર ગ્રંથકર્તાની કૃતિવિચારણાના વિભાગમાં આગળ કરવામાં આવશે. એ ગ્રંથના ૩૬ પ્રકાશ (પ્રકરણ) પાડવામાં આવ્યા છે. પ્રત્યેક પ્રકાશને અંતે ગ્રંથકર્તાએ પોતે એક શ્લોક મૂકયો છે તેની મતલબ નીચે પ્રમાણે છે :—

" જગતને આશ્ચર્ય ઉત્પન્ન કરનારી જેઓશ્રીની કીર્તિ છે એવા શ્રી **કીર્તિવિજય** ઉપાધ્યાયના શિષ્ય અને **રાજશ્રી** તથા **તેજપાળના** પુત્ર શ્રી **વિનયવિજય** ઉપાધ્યાયે આ

કાવ્યરૂપ ગ્રંથ રચ્યો છે. નિશ્ચિત કરાયેલાં જગતનાં તત્ત્વોને દેખાડવામાં દીપક સરખા આ ગ્રંથમાં પ્રકટ થતા અર્થોના સમૂહોથી મનોહર આ અગિયારમો સર્ગ સુખેથી સમાપ્ત થયો.”[૧]

આ શ્લોક પરથી એમ જણાય છે કે સાંસારિકપણામાં વિનયવિજય ઉપાધ્યાયના પિતાનું નામ ‘તેજપાળ’ હતું અને માતાનું નામ ‘રાજશ્રી’ હતું. આ બન્ને નામો વણિકકુળ બતાવે છે. તેજપાળ નામ બહુધા જૈન વણિકોમાં સવિશેષ પ્રચલિત છે; કારણ તે નામનો સંબંધ વીરધવળના મંત્રીઓ વસ્તુપાળ-તેજપાળ સાથે છે. આટલા ઉપરથી સંસારીપણામાં તેઓ વણિક-વાણિયા જ્ઞાતિના હતા એમ અનુમાન થાય છે.

વણિકોમાં જૈન ધર્મ પાળતી જ્ઞાતિઓ ઓશવાળ, શ્રીમાળ અને પોરવાડ તથા તે યુગમાં અગ્રવાળ, મોઢ, કપોળ, નાગર જ્ઞાતિઓ પણ હતી એમ તે યુગના શિલાલેખો અને ગ્રંથો પરથી જણાય છે. એ પૈકી ચરિત્રનાયક કઈ જ્ઞાતિના હતા તે જાણવાનું કાંઈ સાધન મળતું નથી.

ગુરુ—

સદર ટાંચણ પરથી જણાય છે કે શ્રીવિનયવિજય ઉપાધ્યાયના ગુરુ ‘શ્રીકીર્તિવિજય વાચક (ઉપાધ્યાય) હતા. લગભગ દરેક ઠેકાણે પોતાનું નામ લખતી વખતે લેખકશ્રીએ પોતાના ગુરુનું નામ ‘કીર્તિ’ એટલું તો જરૂર લખ્યું છે જે આપણે હવે પછી જોશું; તેથી તેમના ગુરુ શ્રી કીર્તિવિજય ઉપાધ્યાય હતા એમ ચોક્કસ થાય છે. એ કીર્તિવિજય ઉપાધ્યાયનો મૂળ પાટ સાથે સંબંધ કેવા પ્રકારનો હતો તેનું આપણે જરા સંશોધન કરીએ. સદર લોકપ્રકાશ ગ્રંથની આખરે એ ગ્રંથના લેખક શ્રીવિનયવિજયે પોતાનું વંશવૃક્ષ આપ્યું છે તે ઐતિહાસિક નજરે ખાસ ઉપયોગી હોઈ તેનું અવતરણ અત્ર રજૂ કરીએ :—

“ શ્રી વર્ધમાનસ્વામી (મહાવીરસ્વામી)ની પાટે શ્રી ઈંદ્રભૂતિ ગણધરના નાના ભાઈ શ્રી ‘સુધર્માસ્વામી’ (૧) ગણધર થયા. તેમની પાટના દીપકરૂપ શ્રી જંબૂસ્વામી (૨) થયા, તેમની પાટે સંસારસમુદ્રમાં નૌકા સમાન શ્રી ‘પ્રભવસ્વામી’ (૩) થયા. તેમના ચરણકમળને વિકસ્વર કરવામાં

---

૧. વાનગીરૂપે ૧૧મા સર્ગની છેડેનો શ્લોક આપીએ. ઉપર તેનું અવતરણ આપ્યું છે :—

विश्वाश्चर्यदकीर्तिकीर्त्तिविजयश्रीवाचकेन्द्रान्तिषद्राजश्रीतनयोऽतनिष्ठ विनयः
श्रीतेजपालात्मजः ।
काव्यं यत्किल तत्र निश्चितजगत्तत्त्वे प्रदीपोपमे,सर्गो निर्गलितार्थसार्थसुभगः पूर्णोऽयमेकादशः ॥

કેટલાક દાખલા જોવા લાયક છે.

पूर्णः सुखेनादिमः ‘પ્રથમ સર્ગ સુખે પૂરો થયો.’

पूर्णः द्वितीयः सुखम् ‘બીજો સર્ગ સારી રીતે પૂરો થયો.’

ऽष्टाविंशः परिपूर्णतामकलयत्सर्गो निसर्गोज्ज्वलः । ‘સ્વાભાવિક ઉજ્જ્વળ એવો અઠ્ઠાવીશમો સર્ગ પૂરો થયો.’

આવી રીતે છત્રીશે પ્રકાશની નીચે ચોથી પંક્તિમાં જરૂરી ફેરફાર કરીને શ્લોક પૂરો કર્યો છે.

આવા દરેક અંતિમ શ્લોકની પ્રથમની ત્રણ પંક્તિઓ એકસરખી જ છે; જ્યારે ચોથી પંક્તિમાં ઉપર જણાવ્યું તેવો ફેરફાર કરેલ છે.

સૂર્યસમાન શ્રી 'શય્યંભવસૂરિ' (૪) થયા. તે મનકના પિતા હતા. તેમની પાટે ઐરાવતેંદ્ર જેવા અને લોકમાં પ્રસિદ્ધ યશવાળા શ્રી 'યશોભદ્રસૂરિ' (૫) થયા. તેમની પાટરૂપ ભારને વહન કરવામાં વૃષભ સમાન અને ગણધરોના શ્રેષ્ઠ એવા 'શ્રી સંભૂતિવિજયસૂરિ' અને 'શ્રી ભદ્રબાહુસૂરિ' (૬) લક્ષ્મીને ધારણ કરનારા થયા. તે બન્નેની પાટે 'શ્રી સ્થૂલભદ્રસૂરિ' (૭) ઉદય પામ્યા. ત્યારપછી 'શ્રી મહાગિરિ' અને 'શ્રી સુહસ્તિ' (૮) નામના ગુરુ (સૂરિ) થયા. તે બન્નેની પાટે 'શ્રીસુસ્થિત' અને 'સુપ્રતિબદ્ધ' (૯) નામના બન્ને ગણપતિઓ જગતમાં લક્ષ્મીને ધારણ કરનારા થયા. તેમના પટ્ટરૂપી ભૂષણના મણિ સમાન 'શ્રી ઇંદ્રદિન્ન' (૧૦) નામના ગુરુ થયા. તેમના પટ્ટના અધિકારી 'શ્રીદિન્ન' (૧૧) નામના સૂરિ થયા. તેની પાટે 'શ્રી સિંહગિરિ' (૧૨) નામના ગુરુ શોભતા હતા. તેની પાટે 'શ્રીવજ્રગુરુ' સ્વામી (૧૩) થયા. તેના પટ્ટને 'શ્રી વજ્રસેન' ગુરુ (૧૪) ધારણ કરતા હતા. તેને સ્થાને 'શ્રી ચંદ્ર' (૧૫) ગુરુ થયા. તેના પટ્ટ ઉપર 'શ્રી સમંતભદ્ર' (૧૬) ગુરુ ઉન્નતિ કરનારા થયા. તેના પટ્ટને 'શ્રી દેવસૂરિ (૧૭) નામના ગુરુ ભજતા હતા. ત્યારપછી 'શ્રી પ્રદ્યોતનસૂરિ' (૧૮) થયા. તેને સ્થાને 'શ્રી માનદેવસૂરિ' (૧૯) થયા. તેના પટ્ટને ધારણ કરનાર 'શ્રી માનતુંગ' (૨૦) નામના ગુરુ થયા. ત્યારપછી 'શ્રી વીર' (૨૧) નામના સૂરિ થયા. ત્યારપછી 'શ્રી જયદેવસૂરિ' (૨૨) થયા. ત્યારપછી 'શ્રી દેવાનંદસૂરિ' (૨૩) અને ત્યારપછી પૃથ્વી પર 'શ્રી વિક્રમ' (૨૪) નામના સૂરિ થયા. ત્યારપછી 'શ્રી નરસિંહ (૨૫) નામે પ્રસિદ્ધ સૂરિ થયા. તેના પટ્ટના સ્વામી 'શ્રી સમુદ્ર' (૨૬) નામના સૂરિ થયા. તેને સ્થાને 'શ્રી માનદેવસૂરિ' (૨૭) અને ત્યારપછી 'શ્રી વિબુધપ્રભ' (૨૮) સૂરિ થયા. તેના પટ્ટ ઉપર 'શ્રી જયાનંદસૂરિ' (૨૯) સૂરિલક્ષ્મીનું પોષણ કરતા હતા. તેની પાટે 'શ્રી રવિપ્રભસૂરિ' (૩૦) થયા, તેની પાટના સ્વામી 'શ્રી યશોદેવ' (૩૧) મુનિરાજ થયા. ત્યારપછી 'શ્રી પ્રદ્યુમ્ન' (૩૨) નામના ગુરુ ઉદય પામ્યા. ત્યારપછી 'શ્રી માનદેવસૂરિ' (૩૩) થયા. ત્યારપછી 'શ્રી વિમલચંદ્ર' (૩૪) ગુરુ થયા. ત્યારપછી 'શ્રી ઉદ્યોતન' (૩૫) નામના ગુરુ થયા. ત્યારપછી 'શ્રી સર્વદેવ' (૩૬) નામના મુનીંદ્ર થયા. ત્યારપછી 'શ્રી દેવસૂરિ' (૩૭) અને ત્યારપછી ફરીથી 'શ્રી સર્વદેવ' (૩૮) નામના બીજા સૂરિ થયા. ત્યારપછી આ ભૂતળને વિષે પ્રસિદ્ધ, જાણે કે નિરંતર ઉદય પામેલા નવીન સૂર્ય-ચંદ્ર હોય એમ ઘણા ગુણવાળા 'શ્રી યશોભદ્ર' અને 'શ્રી નેમિચંદ્ર' (૩૯) નામના સૂરિરાજ થયા. ત્યારપછી અદ્ભુત એવા 'શ્રી મુનિચંદ્ર' (૪૦) નામના મુનિ થયા. ત્યારપછી તેના શિષ્યોને વિષે શ્રેષ્ઠ એવા 'શ્રી અજિતદેવ' (૪૧) અને તેના મુખ્ય શિષ્ય 'શ્રી દેવસૂરિ' નામના વાદી પૃથ્વીમાં પ્રસિદ્ધ થયા. તેઓમાંના શ્રી અજિતદેવગુરુને સ્થાને પૃથ્વી પર પ્રસિદ્ધ 'શ્રી વિજયસિંહસૂરિ' (૪૨) થયા. ત્યારપછી તેના પટ્ટને ધારણ કરનારા, ગચ્છના ભારને વહન કરવામાં ધુરંધર એવા બે સૂરિ થયા. તેમાં પહેલા 'શ્રી સોમપ્રભસૂરિ' શતાર્થી (એક ગાથાના સો અર્થ કરનારા) હતા અને બીજા 'શ્રી મણિરત્નસૂરિ' (૪૩) સત્પુરુષોના મણિ સમાન હતા. ત્યારપછી શ્રી મણિરત્નસૂરિના પટ્ટ ઉપર

મણિસમાન 'શ્રી જગચ્ચંદ્ર' (૪૪) નામના મોટા સૂરિ થયા. તેમના 'શ્રી દેવેંદ્રસૂરિ' (૪૫) અને શ્રી વિજયચંદ્રસૂરિ એ બે મુખ્ય શિષ્યો થયા. ત્યારપછી શ્રી દેવેંદ્રસૂરિના શિષ્ય શ્રી વિદ્યાનંદસૂરિ અને 'શ્રી ધર્મઘોષ (૪૬) ગુરુ થયા. શ્રી ધર્મઘોષની પછી તેના શિષ્ય 'શ્રી સોમપ્રભસૂરિ' (૪૭) થયા. તેને ચાર દિશામાં ઉત્પન્ન થયેલા મનુષ્યોનું રક્ષણ કરવા.માટે યોદ્ધાઓની જેવા વિશુદ્ધ બોધ પામેલા ચાર શિષ્યો થયા : શ્રી વિમલપ્રભસૂરિ, પરમાનંદસૂરિ પદ્મતિલકસૂરીશ્વર અને 'શ્રી સોમતિલક' (૪૮) નામના ગુરુ થયા. એ ચારે શ્રી સોમપ્રભ-સૂરિના પટ્ટેશ હતા. તે સોમતિલકસૂરિના ત્રણ શિષ્યો હતા : શ્રી ચંદ્રશેખરસૂરિ, શ્રી જયાનંદ નામના સૂરિરાજ અને પોતાના પટ્ટરૂપી સિંહાસન ઉપર રાજા સમાન ત્રીજા શિષ્ય 'શ્રી દેવસુંદર' (૪૯) ગુરુ થયા. ત્યારબાદ શ્રી દેવસુંદર ગુરુના પાંચ શિષ્યો થયા : શ્રી જ્ઞાનસાગર ગુરુ, દેદીપ્યમાન ગુણવાળા શ્રી કુલમંડનસૂરિ, મહાત્મા શ્રી ગુણરત્ન ગુરુ, શ્રી સોમસુંદર ગુરુ (૫૦) અને શ્રી સાધુરત્ન ગુરુ. ત્યારબાદ શ્રી દેવસુંદર મુનીશ્વરની પાટે શ્રી સોમસુંદર ગુરુ હતા. તેને પણ પાંચ શિષ્યો હતા. તેમાં પોતાના પટ્ટરૂપી ગગનાંગણમાં સૂર્યસમાન મુખ્ય શિષ્ય 'શ્રી મુનિસુંદર' (૫૧) નામના ગણધર થયા. બીજા શ્રી જયચંદ્રસૂરિ, ત્રીજા શ્રી ભુવનસુંદર નામના, ચોથા શ્રી જિનસુંદરસૂરિ અને પાંચમા શ્રી જિનકીર્તિસૂરીંદ્ર થયા. ત્યારપછી શ્રી મુનિસુંદર-સૂરિના પટ્ટ ઉપર સૂર્યસમાન શ્રી રત્નશેખર (૫૨) નામના ગુરુ થયા. તેમના પટ્ટને ધારણ કરનાર અને રાજાઓને પણ પૂજ્ય લક્ષ્મી શબ્દ વડે યુક્ત 'સાગર' એટલે 'શ્રી લક્ષ્મીસાગર' (૫૩) સૂરિ થયા. ત્યારપછી તેના પદને ધારણ કરનાર અને સાધુઓના ગુરુ 'શ્રી સુમતિ' (૫૪) નામના પ્રભુ પ્રભાને વહન કરતા હતા. તેના પદને મોટા ગુણના ઉદયવાળા 'હેમ' શબ્દ સહિત 'વિમળ' એટલે 'શ્રીહેમવિમળસૂરિ (૫૫) દીપાવવા લાગ્યા. તેની પાટે ઉગ્રતપવાળા, વૈરાગ્ય-વંતમાં અગ્રેસર અને ભવ્યોનો ઉપકાર કરવામાં તત્પર એવા 'શ્રી આનંદવિમળ (૫૬) નામના ગણધર થયા તેમણે સંવત્ ૧૫૮૨મે વર્ષે ક્રિયાઉદ્ધાર કરીને જિનશાસનના શિખર ઉપર પતાકાની જેમ કીર્તિને ફેલાવી હતી. પદ્મ એટલે કમળનો અને બીજા અર્થમાં પદ્મા એટલે જ્ઞાનાદિક લક્ષ્મીનો ઉલ્લાસ કરતા. નિર્મળ માર્ગવાળા અને પાપરૂપી પંકથી રહિત એવા એ આનંદવિમળ નામના ગુરુ ચંદ્રની જેમ મનોહર દીપતા હતા. શરદૃતુની જેમ મનોહર કાંતિ-વાળા તેમણે પ્રમાદરૂપ વાદળથી ઢંકાયેલા અને તેને લઈને મંદ કિરણવાળા ચારિત્રરૂપી સૂર્યને દેદીપ્યમાન કર્યો હતો. ત્યારપછી તેમની પાટે તપગચ્છમાં અધિક ભાગ્યના નિધિ સમાન, શ્રુતના સાગર સમાન, સારા વિધાનને વૃદ્ધિ પમાડનાર ચંદ્ર જેવા ઉજ્જવળ યશવાળા અને જૈનધર્મધુરંધર 'શ્રી વિજયદાનસૂરિ' (૫૭) નામના ગુરુ કાંતિને ધારણ કરતા હતા. તેમની પાટે વિજય વડે ઉલ્લાસ પામતા 'શ્રી હીરવિજય' (૫૮) નામના ગુરુ થયા. તેમનો મહિમા આ કલિયુગમાં પણ દેવોએ વિસ્તાર્યો હતો. તેમના વચનથી મ્લેચ્છના સ્વામી અકબર બાદશાહ પણ બોધ પામ્યા હતા, તથા દયા અને દાનમાં ઉદાર એવા તેઓએ આખી પૃથ્વીને અરિ-હંતના ધર્મમય કરી હતી. ત્યારપછી તેમની પાટે ધીર એવા 'શ્રી વિજયસેન' (૫૯) સૂરિરાજે

તપગચ્છરૂપી રાજ્યની ધુરાને ધારણ કરી. તેમને અકબર બાદશાહની સમક્ષ મોટા વાદીઓના સમૂહે આપેલી જયલક્ષ્મી વરી હતી. તેમની પાટે મુકુટના મણિની જેમ જેની કીર્તિરૂપી કાંતિનો પ્રતાપ દેદીપ્યમાન હતો, જેની મોટી તપલક્ષ્મી વિસ્તાર પામી હતી એવા અને શુદ્ધ બુદ્ધિવાળા ગૌતમ ગણધરની પ્રકૃતિરૂપ, અતિ દક્ષ અને જંગમ કલ્પવૃક્ષ જેવા 'શ્રી વિજયદેવ' (૬૦) નામના સૂરિ થયા. તે વિજયદેવસૂરિએ પોતાની પાટે સ્થાપન કરેલા સૂરિ 'શ્રી વિજયસિંહ' (૬૧) નામના સુગુરુ દીપકની પેઠે પોતાના તેજ વડે જગતને દીપાવવા લાગ્યા. તેઓ પૃથ્વી પર ભવ્ય-જનોના સમૂહને પ્રતિબોધ કરીને પોતાના ગુરુ વિદ્યમાન હોવા છતાં દેવોને પ્રતિબોધ કરવા માટે અમારા પ્રેમનો ત્યાગ કરીને સ્વર્ગને પ્રાપ્ત થયા. ત્યારપછી હમણાં શ્રી વિજયદેવ નામના તપગચ્છના સ્વામીએ પોતાની પાટના સ્વામી તરીકે સ્થાપન કરેલા, મોટા ગુણસમૂહને ધારણ કરનારા અને મોટા ભાગ્યના સ્થાનરૂપ 'શ્રી વિજયપ્રભ' (૬૨) નામના ગણધર વિજય પામે છે."

આ લંબાણ ટાંચણ આપણા ચારિત્રનાયક શ્રી વિનયવિજય ઉપાધ્યાયનું પોતાનું લખેલ છે. સદર પ્રશસ્તિ લોકપ્રકાશ નામના ગ્રંથને છેડે સંવત્ ૧૭૦૮ના વૈશાખ શુદિ પાંચમને રોજ જૂનાગઢમાં લખી છે એમ લેખકશ્રી પોતે જ સદર પ્રશસ્તિને છેડે લખે છે. એટલે સંવત્ ૧૭૦૮માં શ્રી તપગચ્છના નાયક શ્રી વિજયસિંહસૂરિ હતા એમ નિશ્ચિત થાય છે. વિજયપ્રભસૂરિને આચાર્યપદ મળ્યું નહોતું તે આગળ જોવામાં આવશે. તેઓ તપગચ્છની બાસઠમી પાટે થયા તે ઉપર જણાવેલા આંકડાઓ પરથી જણાય છે. આ સંબંધમાં થોડી ગેરસમજૂતી જણાય છે. વિજયસિંહસૂરિનું સ્વર્ગગમન સં. ૧૭૦૯ના અષાડ શુદિ ૨ ને દિવસે છે, એમ છતાં આ લોકપ્રકાશ ગ્રંથ સં. ૧૭૦૮માં વૈશાખ શુદિ ૫ને રોજ પૂરો થયો છે; તેમાં વિજયપ્રભસૂરિનું નામ કેવી રીતે આવી શકે તે સમજવું મુશ્કેલ છે, શ્રી વિજયપ્રભનું આચાર્યપદ ગાંધારમાં સં. ૧૭૧૦ માં થયું છે. આ બાબત વધારે તપાસ કરવા યોગ્ય છે. શ્રી વિનયવિજય ઉપાધ્યાયનો બાકીનો સમય વિજયપ્રભસૂરિના સમયમાં પૂરો થાય છે તેથી અત્યારે આપણે જે સમયનો વિચાર કરીએ છીએ તે વિજયપ્રભસૂરિનો સમય છે તે ધ્યાનમાં રાખવું. આ સંબંધી વધારે વિગત છેવટના વિભાગમાં આપી છે.

જીવનસમય—

શ્રી વિનયવિજય ઉપાધ્યાયનો જન્મ કઈ સાલમાં થયો તેને માટે કોઈ પ્રકારની માહિતી મળી શકતી નથી. તેમના સ્વર્ગગમનનો સમય બરાબર મળી આવે છે; તે માટે આપણે શ્રી શ્રીપાળરાસની પ્રશસ્તિ જોઈએ. ચોક્કસ તારીખ હજુ સુધી પ્રાપ્ત થઈ શકી નથી. આ પ્રશસ્તિને અંગે થોડો ઉલ્લેખ કરવાની જરૂર છે. સંવત્ ૧૭૩૮માં 'રાંદેર' શહેર (સૂરતની બાજુમાં) શ્રી વિનયવિજય ઉપાધ્યાયે ચાતુર્માસ કર્યું હતું. ત્યાં તેમણે 'શ્રીપાળરાસ'ની શરૂઆત સંઘના આગ્રહથી કરી. રાસના ત્રણ ખંડ પૂરા કર્યા અને

ચોથા ખંડનો થોડો ભાગ રચાયા બાદ તેઓનું સ્વર્ગગમન થયું. ત્યારપછીનું રાસ-રચનાનું કામ શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાયે પૂર્ણ કર્યું. એ હકીકત સદર રાસની નીચેની 'પ્રશસ્તિ'માં ઉપાધ્યાય શ્રીમદ્યશોવિજયજીએ પોતાને હાથે લખી છે તેથી તે પુરાવા તરીકે ઘણી મહત્ત્વની વાત છે. પ્રશસ્તિ નીચે પ્રમાણે :—

'તપગચ્છ'નંદન સુરતરુ પ્રગટ્યા, 'હીરવિજય' ગુરુરાયા જી;
અકબરશાહે જસ ઉપદેશે, પડહ અમારિ વજાયા જી. ૧
હેમસૂરિ શાસન મુદ્રાએ, હેમ સમાન કહાયા જી;
જાચો હીરો જે પ્રભુ હોતાં, શાસન સોહ ચઢાયા જી. ૨
તાસ પટે પૂર્વાચલ ઉદયો, દિનકર તુલ્ય પ્રતાપી જી;
ગંગાજળ નિર્મળ જશની રતિ, સઘળે જગમાંહી વ્યાપી જી. ૩
શાહ સભામાંહે વાદ કરીને, જિનમત થિરતા થાપી જી;
બહુ આદર જસ શાહે દીધો, બિરુદ સવાઈ આપીજી. ૪
'શ્રી વિજયસેનસૂરિ' તસ પટધર, ઉદયા બહુ ગુણવંતા જી;
જાસ નામ દશદિશિ છે ચાવું, જે મહિમાએ મહંતા જી. ૫
'શ્રી વિજયપ્રભ' તસ પટધારી, સૂર પ્રતાપે છાજે જી;
એહ રાસની રચના કીધી, સુંદર તેહને રાજ્યે જી. ૬
સૂરિ હીરગુરુની કીરતી, 'કીર્તિવિજય' ઉવજ્ઝાયા જી;
શિષ્ય તાસ શ્રી 'વિનયવિજય વર, વાચક' સુગુણ સોહાયા જી. ૭
વિદ્યા વિનય વિવેક વિચક્ષણ, લક્ષણ લક્ષિત દેહા જી;
સોભાગી ગીતારથ સારથ, સંગત સખર સનેહા જી. ૮
સંવત 'સત્તર અડત્રીશ' વરષે, રહી 'રાંદેર' ચોમાસે જી;
સંઘતણા આગ્રહથી માંડ્યો, રાસ અધિકા ઉલ્લાસે જી. ૯
'સાર્ધસપ્તશત ગાથા' વિરચી, પહોતા તે સુરલોકે જી;
તેના ગુણ ગાવે છે ગોરી, મિલી મિલી થોકે થોકે જી. ૧૦
તાસ વિશ્વાસભાજન તસ પૂરણ, પ્રેમ પવિત્ર કહાયા જી;
શ્રી 'નયવિજય' વિબુધપયસેવક, 'સુજસવિજય ઉવજ્ઝાયા' જી. ૧૧
ભાગ થાકતો પૂરણ કીધો, તાસ વચન સંકેતે જી;
તેણે વળી સમકિતદૃષ્ટિ જે નર, તેહ તણે હિતહેતે જી. ૧૨
જે ભાવે એ ભણશે ગુણશે, તસ ઘર મંગળમાળા જી;
બંધુર સિંધુર સુંદર મંદિર, મણિમય ઝાકઝમાળજી. ૧૩
દેહ સબળ સસનેહ પરિચ્છદ, રંગ અભંગ રસાળા જી;
અનુક્રમે તેહ મહોદય પદવી, લહેશે જ્ઞાન વિશાળજી. ૧૪

આ પ્રશસ્તિ પરથી જણાય છે કે સંવત્ ૧૭૩૮માં શ્રી વિનયવિજય ઉપાધ્યાયે 'રાંદેર'માં ચોમાસું કર્યું હતું. આ રાસની પ્રશસ્તિ પર વધારે વિવેચન આગળ જતાં થશે. અહીં તે પરથી આપણે સમજી શકીએ છીએ કે તેઓ સંવત્ ૧૭૩૮ના ચાતુર્માસ દરમ્યાન કાળધર્મ પામ્યા. આ રીતે તેઓના સ્વર્ગગમનનો સમય નિર્ણીત થાય છે.

તેઓશ્રીનો જન્મસમય નક્કી થઈ શકે તેવું કોઈ પણ સાધન મળી શકયું નથી. હવે પછી તેમની કૃતિઓ પર વિવેચન આવશે તે પરથી માલૂમ પડશે કે તેઓએ શ્રી કલ્પસૂત્ર પરની સુબોધિકા ટીકા સંવત્ ૧૬૯૬ની સાલમાં જેઠ શુદિ ૨, ગુરુવારે પૂરી કરી હતી. સદર ટીકાની કૃતિ જોતાં તે વખતે તેમનું વય ૩૫ વર્ષનું ઓછામાં ઓછું હોવું સંભવે; તો તે રીતે વિચારતાં તેઓશ્રીનો જન્મ સંવત્ ૧૬૬૧ લગભગ ગણાય. તેમની કૃતિઓ વગેરેનો વિચાર કરતાં હું તેમનો સમય સંવત્ ૧૬૬૦ થી ૧૭૩૮ સુધી મૂકું છું. જન્મસમય માત્ર અનુમાનથી મૂકયો છે; તેમાં પાંચ-દશ વર્ષ વધારે-ઓછાં બન્ને બાજુએ હોય. સ્વર્ગગમન સમય તો નક્કી જ છે. તારીખ મળી શકતી નથી. આ ઉપરથી શ્રી વિનયવિજય મહારાજનો સમય આપણે વિક્રમની સત્તરમી સદીનો પૂર્વાર્ધ ગણી શકીએ. અંગ્રેજી સાલ ઈ. સ. ૧૬૦૪ થી ૧૬૮૨ આવે. એટલે આખી ઈસ્વીસનની સત્તરમી સદીનો ઇતિહાસ તેઓશ્રીને સ્પર્શે છે.

ગુરુપરંપરા—

શ્રી વિનયવિજયજીએ તપગચ્છમાં દીક્ષા લીધી તે વખતના અરસામાં તેમની ગુરુ-પરંપરા કેવા પ્રકારની હશે તે વિચારવું પ્રાસંગિક છે. વિક્રમની સત્તરમી શતાબ્દિમાં જૈનધર્મને અપનાવનાર અનેક મહાપુરુષો થયા છે. તેઓએ પોતાની પ્રતિભા અને સાહિત્યશક્તિથી જેમ જ્ઞાનના ક્ષેત્રમાં સુંદર કાર્ય કર્યું છે તેમ જ વિશુદ્ધ ચારિત્રથી અને મજબૂત સ્વાત્માંકુશથી જૈનશાસનને દીપાવ્યું છે. આપણે શ્રી વિનયવિજય ઉપાધ્યાયની ગુરુપરંપરા જરા જોઈ જઈએ. એટલે આખી સત્તરમી સદીનો સહેજ ખ્યાલ આવે.

સત્તરમી સદી પર શ્રી વિજયહીરસૂરિની છાયા જરૂર પડી હોય એમ જૈન સમાજનો તે કાળનો ઇતિહાસ વાંચતાં લાગ્યા વગર રહે તેમ નથી. તેમનો જન્મ તો સોળમી સદીમાં સંવત્ ૧૫૮૩માં થયો અને તેમની દીક્ષા સંવત્ ૧૫૯૬માં થઈ. પણ તેમનો સર્વ વિકાસ સત્તરમી સદીમાં થયો. નાડુલાઇમાં તેમને પંડિતપદ ૧૬૦૭માં આપવામાં આવ્યું અને બીજે જ વર્ષે સંવત્ ૧૬૦૮માં ઉપાધ્યાયપદ મળ્યું. શિરોહીમાં આચાર્યપદ ૧૬૧૦માં આપ્યું. એ હીરવિજયસૂરિ તપગચ્છમાં ૫૮મી પાટે થયા તે વાત ઉપર ટાંકેલ લોકપ્રકાશ ગ્રંથની પ્રશસ્તિમાં જોઈ ગયા. શ્રી હીરવિજયસૂરિ ઉગ્ર પ્રારબ્ધી અને ક્રિયાપાત્ર તથા વિદ્વાન હતા. શ્રી 'હીરસૌભાગ્ય' કાવ્ય તથા શ્રી 'વિજયપ્રશસ્તિ' કાવ્ય વગેરે જોતાં તપગચ્છમાં

આમ્નાય અચળ હતી એમ જણાય છે. અકબરપાદશાહના આમંત્રણથી ગાંધારથી વિહાર કરી તેઓ ફત્તેપુર સિકરીમાં પાદશાહને સં. ૧૬૩૯માં મળ્યા અને ત્યાં તેમણે બાદશાહ સમક્ષ જૈન ધર્મના સ્વરૂપનું પ્રતિપાદન કર્યું. પાદશાહની તેમના તરફ પસંદગી સારી થઈ. તેમણે પાદશાહનો ચાહ મેળવ્યો અને પાદશાહે તેમને 'જગદ્ગુરુ'નું બિરુદ સં. ૧૬૪૦માં આપ્યું. તેઓશ્રીનું સ્વર્ગગમન સં. ૧૬૫૨માં 'ઉના' (સોરઠ) ગામે થયું.

આ પ્રતાપી આચાર્યની અસર આખી સદી પર થઈ છે. તેમણે સાધુઓના શિસ્ત માટે ખૂબ વિચાર કર્યા જણાય છે અને 'ધર્મસાગર' જેવી પ્રબળ વ્યક્તિને પણ પોતે અંકુશમાં રાખી શકયા છે એ તેમનું આત્મતેજ બતાવે છે.

તેમના ગુરુ 'વિજયદાનસૂરિ' ૧૬૨૧માં સ્વર્ગે જતાં તેમના પર તપગચ્છની સર્વ જવાબદારીઓ આવી. એ જવાબદારી તેઓએ કેટલી બાહોશીથી ઉપાડી લીધી તે શ્રી હીરસૌભાગ્યાદિ ગ્રંથોથી જોઈ શકાય છે. તેમના શિષ્ય 'વિજયસેનસૂરિ'ને આચાર્યપદ સંવત્ ૧૬૨૮માં આપ્યું. શ્રી વિજયસેનસૂરિનું સ્વર્ગગમન સંવત્ ૧૬૭૨માં થયું. એ તપગચ્છની પહ્મી પાટે થયા. આ બન્ને આચાર્યોનો શાસ્ત્રબોધ એટલો સારો હતો કે આજે પણ તેમના લખેલા 'હીરપ્રશ્ન' અને 'સેનપ્રશ્ન' ખૂબ આધારભૂત ગણાય છે. એમાં શિષ્યો કે શ્રાવકોએ જે શંકાઓ પૂછી તેના તે આચાર્યોએ જવાબ આપ્યા છે; પણ એ પ્રશ્નો વિચારતાં તે યુગમાં કેવા સવાલો થતા હતા, લોકોની તત્ત્વરુચિ અને ક્રિયારુચિ કેવી હતી, લોકો ક્રિયામાર્ગ તરફ કેટલું વલણ ધરાવતા હતા વગેરે અનેક બાબતો પર અજવાળું પડે તેમ છે

શ્રી વિજયસેનસૂરિના શિષ્ય 'શાંતિચંદ્ર'ને ઉપાધ્યાયપદ સંવત્ ૧૬૪૦માં પ્રાપ્ત થયું. 'ભાનુચંદ્ર'ને ઉપાધ્યાયપદ સંવત્ ૧૬૪૮માં પ્રાપ્ત થયું. શિષ્ય સિદ્ધિચંદ્રે 'કાદંબરી' ઉપર સરળ ટીકા રચી છે.

આ યુગમાં સાહિત્ય સેવા ઠીક થઈ જણાય છે. પણ શ્રી વિજયસેનસૂરિના સ્વર્ગ-ગમન પછી તપગચ્છમાં અંદર-અંદરની ખટપટ ખૂબ થઈ. 'શ્રી વિજયસેનસૂરિ'ના શિષ્ય અને તે સમયના તપગચ્છનાયક શ્રી 'વિજયદેવસૂરિ'એ તે સમયમાં ઉદ્ભવેલા સાગર-ગચ્છનો શરૂઆતમાં પક્ષ કર્યો. એ વાત તે સમયના બીજા સાધુઓને પસંદ ન પડી, એટલે શ્રી સોમવિજય, ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્રે મળી તપગચ્છના આચાર્યપદ પર રામવિજયની સ્થાપના કરી અને તેમનું 'વિજયતિલકસૂરિ' નામાભિધાન કર્યું.

પણ બન્યું એવું કે વિજયતિલકસૂરિ તો આચાર્યપદ પર આવ્યા પછી તુરત જ કાળ કરી ગયા. એટલે તેમના સ્થાન પર તપગચ્છની પાટે 'વિજયઆનંદસૂરિ'ની સ્થા-પના સં. ૧૬૭૬માં કરવામાં આવી. આ રીતે તપગચ્છમાં એકી વખતે બે આચાર્ય થયા : 'વિજયદેવસૂરિ' અને વિજયઆનંદસૂરિ.'

ત્યારપછી બન્ને આચાર્યો વચ્ચે મેળ ૧૬૮૧માં થયો, પણ અંતે વિષમ સ્થિતિ થઈ અને એક ગચ્છના બે ભાગલા પડી ગયા. વિજયદેવસૂરિને અનુસરનારા 'દેવસૂર'ના નામથી ઓળખાવા લાગ્યા અને વિજયઆનંદસૂરિને અનુસરનારા 'આનંદસૂર' અથવા 'અણસૂર'ના નામથી ઓળખાવા લાગ્યા. એક બાપના બન્ને દીકરા હોવા છતાં મતભેદ રહ્યો અને મમત્વ થયો. એ અરસામાં જે પરિસ્થિતિ થઈ, કચવાટ શરૂ થયા અને સંઘમાં ભિન્નતા થઈ તેની અસર અત્યાર સુધી ચાલે છે. અવિચ્છિન્ન ધારા તૂટી ગઈ અને સંઘમાં સમાજહિતના સવાલોની ચર્ચાને બદલે અંગત ચર્ચા, કરેલ કાર્યની ટીકા અને ઢંગધડા વગરની વિચારોની કાપાકાપી શરૂ થઈ. તપગચ્છની થયેલી આ દશાનો ત્યારપછી અનિષ્ટ ફેજ થયો. સમાજે યુદ્ધક્ષેત્રનું રૂપ લીધું અને વાડા-બંધી વધતી જ ચાલી ને તે હજુ પણ વધતી જ જાય છે. તે યુગનો ઇતિહાસ સમજવા માટે આ આખી પરિસ્થિતિ ધ્યાનમાં રાખવા લાયક છે.

એ મહાપ્રભાવશાળી આચાર્ય શ્રી હીરવિજય પાસે 'શ્રી કીર્તિવિજય'ની દીક્ષા સં. ૧૬૩૧માં અમદાવાદમાં થઈ. તે વખતે કુલ ૧૮ જણને દીક્ષા આપવામાં આવી. શ્રી કીર્તિવિજય સાથેના દીક્ષિતમાં એક ધનવિજયનું નામ આવે છે. તેમણે શ્રી મુનિસુંદરસૂરિ કૃત શ્રી અધ્યાત્મકલ્પદ્રુમ પર ટીકા રચી છે તે ઉપલબ્ધ છે. આ કીર્તિવિજય સાથે તે જ દિવસે સોમવિજયે દીક્ષા લીધી. તે સોમવિજય અને કીર્તિવિજય સંસારીપણે સગા ભાઈઓ હતા એમ શ્રી શાંતસુધારસની પ્રશસ્તિ પરથી જણાય છે. (જુઓ પૃ. ૪૯૫.) આ કીર્તિવિજયની પાસે આપણા ગ્રંથના કર્તા શ્રી વિનયવિજયની દીક્ષા થઈ. કઈ સાલમાં અને કેટલી વયે દીક્ષા થઈ તેની કશી વિગત કોઈ પણ સ્થળેથી મળી શકી નથી.

શ્રી વિજયદેવસૂરિ(૬૯)ની પાટે શ્રી વિજયસિંહસૂરિ આવ્યા. તેઓ ૬૧મા પટ્ટધર થયા, પણ ગુરુની હયાતીમાં કાળ કરી ગયા (સં. ૧૭૧૦). તેમની પાટે ૬૨મા પટ્ટધર શ્રી વિજયપ્રભસૂરિ આવ્યા. તેમના રાજ્યમાં આ ગ્રંથ થયો તે પ્રશસ્તિ પરથી જણાય છે. કેટલાક વિજયપ્રભસૂરિને ૬૧મી પાટે પણ ગણે છે. આ સમયનો ઇતિહાસ તથા સમકાલીનોની હકીકત આગળ ઉપર આવશે. અત્ર તો ગુરુપરંપરા બતાવવા પૂરતો આટલો ઉલ્લેખ કર્યો છે.

જીવનચર્યા-

શ્રી વિનયવિજય ઉપાધ્યાયની જીવનચર્યાના સંબંધમાં કાંઈ પણ હકીકત ઉપલબ્ધ થતી નથી. તેમના કોઈ શિષ્યે તેમનો રાસ પણ લખ્યો નથી, એટલે એમના જીવનસંબંધી હકીકત માત્ર અનુમાન ઉપરથી અને તેમના લેખો ઉપરથી તારવવી પડે તેમ છે; તે સિવાય કાંઈ પણ હકીકત મળી શકી નથી. એમના સંબંધમાં લોકવાતો ચાલે છે તે વાતોનો સંક્ષિપ્ત નિર્દેશ કરી તેની શકયાશકયતા વિચારી જઈએ—

(૧)

એક લોકકથા નીચે પ્રમાણે છે—

શ્રી 'વિનયવિજય' અને 'યશોવિજય' જેઓ આગળ જતાં બંને 'ઉપાધ્યાય' થયા હતા તેમના સંબંધમાં એક એવી વાર્તા ચાલે છે કે એ બંને કાશીએ જઈ ગુપ્તવેશે રહ્યા. સાધુપણાનાં વસ્ત્રો દૂર કર્યાં અને તેમણે 'વિનુલાલ' અને 'જસુલાલ' નામ ધારણ કરી બ્રાહ્મણ પંડિત પાસે રહી બાર વર્ષ સુધી ન્યાયનો અભ્યાસ કર્યો. ગુરુ એમના અભ્યાસથી રાજી હતા, પણ એક ન્યાયનો વિશિષ્ટ ગ્રંથ ગુરુ પોતાના કુળના પુત્રો સિવાય અન્ય કોઈને બતાવતા નહિ. જસુલાલને આ હકીકતની ખબર પડી હતી. એક વખત ગુરુ તે ગ્રંથનો અભ્યાસ પોતાના પુત્રને કરાવતા હતા. અમુક કોટિ લગાવતા હતા ત્યારે જસુલાલે એને બીજી રીતે બરાબર લગાવી. ગુરુને એના જ્ઞાન અને બુદ્ધિની તીવ્રતા માટે માન થયું. એણે જણાવ્યું કે સદર ગ્રંથ તેઓ માત્ર એક વાર જસુલાલ અને વિનુલાલ પાસે વાંચી જશે. જસુલાલને આનંદ થયો. એ ગ્રંથ ૧૨૦૦ ગાથાનો હતો. એણે વિનુલાલને કહ્યું કે ગુરુ બીજે દિવસે આપણી પાસે એ ગ્રંથ વાંચે ત્યારે તેના પ્રથમના ૭૦૦ શ્લોક પોતે મ્હોઢે રાખી લેશે અને છેવટના ૫૦૦ શ્લોકો વિનુલાલે યાદ રાખવા. એ પ્રમાણે થયું. ગુરુએ બીજે દિવસે સદર ગ્રંથ એક વાર બંને શિષ્યો પાસે વાંચ્યો. જસુલાલે ૭૦૦ શ્લોકો યાદ રાખી લખી નાખ્યા અને બાકીના ૫૦૦ શ્લોક વિનુલાલે લખી નાખ્યા. ગુરુને લખેલી પ્રતિ બતાવી ત્યારે ગુરુમહારાજને પોતાના બન્ને શિષ્યોની યાદશક્તિ માટે સાનંદાશ્ચર્ય થયું, ગુરુએ કહ્યું : 'તમે બ્રાહ્મણ ન હોઈ શકો.' તે વખતે વિનુલાલ અને જસુલાલે પોતાની મૂળ હકીકત અને પોતે બન્ને જૈન હોવાપણાની વાત ગુરુને જણાવી દીધી. ગુરુ મહારાજને આનંદ થયો. શિષ્યોએ કહ્યું કે કોઈ વાર અડચણ આવે તો ગુજરાતમાં પધારજો અને ત્યાં યશોવિજય અને વિનયવિજયને પૂછશો તો ગુજરાતમાં કોઈ ઠેકાણે તેમનો પત્તો લાગ્યા વગર નહિ રહે. ગુરુએ અભ્યાસ પૂર્ણ થયેલો જાહેર કરી બન્ને શિષ્યોને રજા આપી. શિષ્યો સાધુનાં કપડાં પહેરી ગુજરાતમાં આવ્યા.

આ હકીકતમાં કવચિત્ એમ પણ સંભળાય છે કે ગુરુએ એક રાત્રિ એ ગ્રંથ વાંચવા આપ્યો. એક રાત્રિમાં ૭૦૦ શ્લોક અને ૫૦૦ શ્લોક અનુક્રમે જસુલાલ અને વિનુલાલે યાદ કરી લીધા.

આ હકીકત કેટલે અંશે બનવાજોગ છે તે પર વિચાર કરીએ. સદર હકીકતમાં જસુલાલ અને વિનુલાલ બાર વર્ષ કાશીમાં રહ્યા અને તેમણે ત્યાં બ્રાહ્મણ પંડિત પાસે અભ્યાસ કર્યો એમ જણાવવામાં આવે છે એ વાત બનવાજોગ લાગતી નથી. તેનાં કારણો નીચે પ્રમાણે છે : (૧) શ્રી વિનયવિજય ઉપાધ્યાયે જે કૃતિઓ કરી છે તેની તિથિઓ વિચારતાં તેઓ બાર વર્ષ કાશીમાં રહી શકયા હોય તે વાત બનવાજોગ નથી.

(૨) શ્રી વિનયવિજય ઉપાધ્યાયના પોતાના કહેવા પ્રમાણે શ્રી લોકપ્રકાશ ગ્રંથ સંવત્ ૧૭૦૭માં પૂરો થયો. એ ગ્રંથ સમગ્ર જૈન શાસ્ત્રના સાર જેવો હોઈ અને તેમાં લગભગ બારશેં ઉપરાંત શહાદતો અનેક શાસ્ત્રગ્રંથોની હોઇ એની તૈયારીમાં જે સમય જાય તે જોતાં સંવત્ ૧૭૦૦ થી ૧૭૦૭ સુધીમાં તો શ્રી વિનયવિજય કાશી જઈ શકે તેવું જણાતું નથી.

(૩) 'સુજશવેલ્લીભાસ'માં જણાવ્યા પ્રમાણે યશોવિજય ઉપાધ્યાયના ગુરુ નયવિજય અમદાવાદમાં સં. ૧૬૯૯માં ચાતુર્માસ રહ્યા. ત્યાં શેઠ ધનજી સૂરાની વિજ્ઞપ્તિથી કાશી જવાનો નિર્ણય કર્યો. ગુરુ સાથે ગયા. કાશીમાં ત્રણ વર્ષ રહ્યા અને ચાર વર્ષ આગ્રે રહ્યા. એ હિસાબે સંવત્ ૧૭૦૦ થી ૧૭૦૭ સુધી ઉપાધ્યાયજીનો અભ્યાસકાળ ગણાય. એ રીતે વિચારતાં કાશીમાં બાર વર્ષ અભ્યાસની વાત અસંગત બને છે.

(૪) એમાં યશોવિજયના ગુરુ શ્રી 'નયવિજય'ના નામને કોઇએ 'વિનયવિજય'ના નામ સાથે સેળભેળ કરી દીધું જણાય છે. નામમાં એટલું બધું સામ્ય છે કે એકવાર ગફલતી થઈ તો તે ચાલુ થઈ જાય તેવો પૂરતો સંભવ છે. વર્તમાન કિસ્સામાં તેમ થયું હોય એમ વધારે લાગે છે.

(૫) શ્રી યશોવિજય ઉપાધ્યાયની કૃતિઓ અને વિનયવિજયજીની કૃતિઓ જોતાં બન્નેનાં અભ્યાસનાં ક્ષેત્રો તદ્દન જુદાં જણાય છે. યશોવિજયમાં ન્યાય તરવરે છે ત્યારે વિનયવિજયમાં આગમજ્ઞાનની માત્રા વધારે પડતી દેખાય છે. 'લોકપ્રકાશ'ના લખનારને એક બાજુ રાખીએ અને 'ન્યાયખંડખાદ્ય' જેવા તાર્કિક ગ્રંથને સામે રાખીએ ત્યારે અભ્યાસની વિવિધતા તરવરી આવ્યા વગર રહે તેમ નથી. એક-સરખા રસવાળાને સહાધ્યાયી તરીકેનો સંબંધ બને. એકસાથે અભ્યાસ કરનારના રસાસ્વાદમાં આટલો બધો ફરક ન સંભવે.

આખો ઇતિહાસ વિચારતાં શ્રી વિનયવિજય અને યશોવિજય અભ્યાસ કરવા કાશી સાથે ગયા હોય એ વાત સંભવિત લાગતી નથી. અને સુજસવેલ્લીભાસ લખ્ય થયા પછી તો એ સહયોગની સંભવિતતા લગભગ ન માનવાના નિર્ણય સુધી પહોંચી ગઈ જણાય છે. સુજસવેલ્લીભાસ વગેરે બાબતો પર આગળ વિવેચન આવશે ત્યાં પણ આ વાત સુસ્પષ્ટ થઇ જશે.

(૨)

એક બીજી દંતકથા શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઈ 'નયકર્ણિકા'ના ઉપોદ્ઘાત-(પૃ. ૪૦-૧)માં નીચેના શબ્દોમાં રજૂ કરે છે :

"એક સમયે શ્રી વિનયવિજયજીનું ચોમાસુ ખંભાતમાં થયું. ખંભાત બંદર આ સમયમાં વ્યાપારની બાબતમાં અગ્રસ્થાન ધરાવતું હતું. શ્રાવકો પૈસેટકે બહુ સુખી હતા અને તેની સાથે જિનેશ્વર પ્રત્યે ભક્તિભાવવાળા અને ગુરુ પ્રત્યે વિનયવાળા હતા. આ વખતે ત્યાં બ્રાહ્મણ પંડિતોનું જોર હતું. શ્રી વિનયવિજયજી સવારના વ્યાખ્યાન આપવાનું શરૂ કરતા ત્યારે બ્રાહ્મણ પંડિતો હંમેશાં આવી શાસ્ત્રાર્થ અને વાદવિવાદ ચલાવતા. આથી ઉપાધ્યાય વ્યાખ્યાન કરી શકતા નહિ અને શ્રાવકો કંઈ શ્રવણ કરી શકતા નહિ તેથી નિરાશ થતાં શ્રી વિનય-વિજયજીને લાગ્યું કે બ્રાહ્મણો નિરર્થક કંટાળો આપે છે અને પોતાનું ઉપદેશનું કાર્ય થઈ શકતું નથી, તેથી તેમણે શ્રીમદ્ યશોવિજયજીને આનો પ્રતિકાર કરવા અર્થે બોલાવ્યા. શ્રીમદ્ આવ્યા અને એક સરસ યુક્તિ શોધી કાઢી. તેઓશ્રીએ એક શ્લોક એવો રચ્યો કે તેમાં ઓષ્ઠસ્થાની અક્ષરો પ, ફ, બ, ભ, મ લગભગ આવ્યા જ આવે. આ શ્લોક ઉપાશ્રયના દ્વાર ઉપર ચોંટાડ્યો અને તેની નીચે એ ભાવાર્થની સૂચના કરી કે 'જે કોઈ શાસ્ત્રાર્થ કે વાદવિવાદ કરવા ઇચ્છતો હોય તે જો ઉપરનો શ્લોક પોતાના બે હોઠો એક બીજાને અડાડ્યા વગર બોલી શકે તો જ ઉપાશ્રયના દ્વારની અંદર આવી શકે અને શાસ્ત્રાર્થ કરી શકે. હોઠ એક-બીજા શ્લોક બોલતી વખતે અડ્યા નથી તેની પરીક્ષા એ જ કે નીચેના હોઠને સિંદૂર લગાડી તે શ્લોક બોલવો અને તે બોલતાં ઉપલા હોઠને સિંદૂર ન લાગવો જોઈએ.' સવાર પડતાં વ્યાખ્યાન શરૂ થયું અને બ્રાહ્મણ પંડિતો આવ્યા. તેઓએ દ્વાર પરની સૂચના વાંચતાં જોયું કે પોતે શરત પ્રમાણે શ્લોક બોલી શકે તેમ નથી; તેથી ચાલ્યા ગયા. આ દિવસે વ્યાખ્યાન નિરાધાર ચાલ્યું અને શ્રાવકો આનંદ પામ્યા. ત્યારપછી શ્રી યશોવિજયજીને શરત પ્રમાણે શ્લોક બોલવાનું કહેતાં તેઓ પોતાને તેમ બોલવાનો અભ્યાસ હતો તેથી નીચેના હોઠને સિંદૂર ચોપડી ઉપલા હોઠને સિંદૂર ન લાગે તેવી રીતે કડકડાટ બોલી ગયા. આથી બ્રાહ્મણો ખિન્ન થઈ ગયા. આટલેથી વાત અટકાવી શકાતી હોવા છતાં પણ બ્રાહ્મણોને શ્રીમદ્ યશોવિજયજીએ યથાયોગ્ય શાસ્ત્રાર્થ કરવાનું કહ્યું. બ્રાહ્મણોએ હા પાડી, એટલે રાજસભામાં તત્સંબંધે નિયમિત તામ્રલેખ થયો અને તેમાં શ્રી યશોવિજયજીએ એવી શરત નાંખી કે પોતે હારે તો જૈન સાધુવેષ તજી દઈ બ્રાહ્મણધર્મ સ્વીકારે અને પોતે જીતે તો ૫૦૦ બ્રાહ્મણો જૈન ધર્મ અંગીકાર કરે. શાસ્ત્રાર્થ શરૂ થયો. બ્રાહ્મણ પંડિતોના કહેવાથી પૂર્વપક્ષ કરવાનું શ્રી યશોવિજયને શિરે આવ્યું. તેમણે પૂર્વપક્ષ શરૂ કર્યો. સંસ્કૃત વાણીમાં અવિચ્છિન્ન પ્રવાહે વાદ ચલાવ્યો; ન્યાયપૂર્વક એક પછી એક દલીલો ચાલી. એક દિવસ થયો, બે દિવસ થયા, ત્રણ દિવસ થયા, પરંતુ પૂર્વપક્ષ પૂર્ણ થાય નહિ અને ટૂંક સમયમાં પૂર્ણ થવાની વકી પણ જણાય નહિ. તેથી બ્રાહ્મણો હતાશ થયા. જાણ્યું કે આ કોઈ શાસ્ત્રપારંગત સમર્થ જ્ઞાની છે અને તેને પહોંચી શકાય તેમ નથી; તેથી તેઓએ શ્રીમદ્ને પોતાનો પૂર્વપક્ષ બંધ રાખવાને વિનવ્યું, પોતાની હાર કબૂલ કરી અને શરત પ્રમાણે ૫૦૦ બ્રાહ્મણો જૈન થયા. (કહેવાય છે કે ઉક્ત તામ્રલેખ ખંભાતમાં કોઈ ઉપાશ્રય, મંદિર કે ભંડારમાં હજૂ મોજુદ છે.) આવી રીતની દંતકથા છે."

આ દંતકથા અશકય લાગતી નથી; તેનાં કારણો નીચે પ્રમાણે છે—

૧. શ્રીમદ્ વિનયવિજય અને યશોવિજયજીનો મુખ્ય વિહાર ગુજરાતમાં હતો.

૨. તે યુગમાં શાસ્ત્રચર્ચા ઘણીવાર થતી,

૩. શરતો ઉપર જણાવ્યા પ્રમાણે અથવા તેને મળતી થતી.

૪. સિંદૂર લગાડવા જેવી બાબતો જનતાના અભિમાનને વધારે પોષતી અને તેનું મૂલ્ય પણ અંકાતું.

૫. જૈન અને બ્રાહ્મણ સંસ્કૃતિ વચ્ચે ચર્ચા કરવાના બહુ પ્રસંગો ઇતિહાસમાં નોંધાયેલા છે.

૬. તામ્રલેખની હસ્તી હોય તો પાકો પુરાવો મળે તેવી બાબત છે.

૭. યશોવિજયજીને 'ન્યાયવિશારદ' તથા 'ન્યાયાચાર્ય'નાં બિરુદ મળ્યાં હતાં. તેઓએ ન્યાયના અનેક ગ્રંથો લખ્યા હતા અને તેથી દિવસો સુધી પૂર્વપક્ષ સંસ્કૃત ભાષામા કરવાની તેમનામાં શક્તિ હતી.

ન્યાયપુરઃસર ચર્ચામાં ખંડનમંડન થવું ઘટે, દિવસો સુધી પૂર્વપક્ષ ચાલે તેવી ચર્ચા ઠીક ન પડે. તે જોતાં કાંઇક અતિશયોક્તિ જેવું પણ લાગે. ખરો પુરાવો તામ્રલેખનો ગણાય. તે જો હોય અને મળી આવે તો વાતની સ્પષ્ટતા થાય. ઇતિહાસપ્રેમી પુરાતત્ત્વગામી શોધકને ખંભાતના ભંડારના અધિપતિઓ સાથ આપે તો આ વાતની ચોખવટ થવી શકય ગણાય. એકંદરે આ હકીકત બનવા જોગ છે એમ વધારે લાગે છે. શ્રીમદ્યશોવિજયજીની કૃતિઓ જોતાં, તેમનો ન્યાય પરનો કાબૂ જોતાં, તેઓની અનેક કૃતિઓ નાશ પામી છે તે છતાં જે લભ્ય છે તેમાં તેઓએ તર્ક પર બતાવેલ અસાધારણ પ્રભુત્વ વિચારતાં આ વાતની શકયતા ઓછી લાગતી નથી.

(૩)

એક દંતકથા એવી ચાલે છે કે ખંભાતમાં 'શ્રીયશોવિજય' ઉપાધ્યાય અને શ્રીમદ્ 'વિનયવિજય' ઉપાધ્યાય ચાતુર્માસ રહ્યા હતા. દરમ્યાન જે વિદ્વાન ગુરુ પાસે તેમણે કાશીમાં અભ્યાસ કર્યો હતો અને જેમને તેઓશ્રીએ જરૂર પડે તો ગુજરાત-કાઠિયાવાડમાં આવવા વિજ્ઞપ્તિ કરી હતી તેઓ એક દિવસ વખાના માર્યા નામ પૂછતાં પૂછતાં ચાતુર્માસ દરમ્યાન ખંભાત બંદરે આવી ચડયા. પંડિત ઉપાશ્રયમાં આવી પહોંચ્યા. ત્યારે શ્રી યશોવિજયજીનું વ્યાખ્યાન ચાલતું હતું. જેવા ગુરુ સભામાં દાખલ થયા કે ઉપાધ્યાયજી વ્યાસપીઠ–વ્યાખ્યાનની પાટથી ઊતરી ગયા અને નીચે બેઠા. આખો સંઘ વ્યાખ્યાન સાંભળવા હાજર હતો.

ઉપાધ્યાયજીનું વ્યાખ્યાન અને ચોમાસાના દિવસો એટલે લોકોની ઠઠનું તો પૂછવું જ શું ? ગુરુમહારાજ નીચે બેઠા એટલે આખા શ્રોતાવર્ગમાં એક જાતનો તરવરાટ થઈ ગયો. 'શું છે ?' એમ એક આગેવાન શ્રોતાએ વિનયપૂર્વક પૂછતાં શ્રી યશોવિજય ઉપાધ્યાયે જણાવ્યું કે–'જેના પ્રતાપે હું આજે તમારી સમક્ષ વ્યાખ્યાન કરવા શક્તિમાન્ થયો છું, તે મારા વિદ્યાગુરુ આજે પોતે સ્વતઃ અત્રે પધાર્યા છે, તેમનો વિનય કરવા હું ઊંચા આસનથી નીચે ઊતર્યો છું.

શ્રી સંઘને આ હકીકતની ખૂબ અસર થઈ. એમણે તે વખતે ગુરુદક્ષિણા નિમિત્તે ખરડો કર્યો અને તે જ સભામાં ૭૦૦૦૦ (સિત્તેર હજાર) રૂપિયા ગુરુને રોકડા આપ્યા. આ સંબંધમાં કહેવાય છે કે કાશીથી આવેલ વિદ્યાગુરુ જ્યોતિષશાસ્ત્રમાં પણ પ્રવીણ હતા; તેઓ એક ચિઠ્ઠી લખી લાવેલા તે બતાવી; તેમાં '૭૦૦૦૦ દ્રવ્યની પ્રાપ્તિ થશે' એમ લખેલું હતું.

આ હકીકત વિનયવિજયના ચરિત્રમાં એટલા માટે રજૂ કરી છે કે લૌકિક કિંવદંતી પ્રમાણે એ પ્રમાણે આવનાર ગુરુ બંનેના ગુરુ થતા હતા. હકીકતની સ્પષ્ટતા વિચારતાં એ વિનયવિજયના ગુરુ હોય તે વાત બેસતી નથી. છતાં લોકોક્તિ એવી હોઇ એ વાત અત્ર રજૂ કરી છે.

વિદ્યાગુરુ બન્ને ઉપાધ્યાયોના હોય કે એકના હોય, પણ શ્રી ખંભાતના સંઘે આવી સુંદર રીતે ગુરુની ભૂખ કરી એ વાત ખૂબ ગૌરવપ્રદ ગણાય. અસલના યુગમાં વિદ્યા વેચવાનો રિવાજ નહોતો–જો કે શ્રી યશોવિજયજીના વિદ્યાગુરુને દરરોજ એક રૂપિયો આપવામાં આવતો હતો એવી વાત નોંધાયેલી છે. અસલના પ્રચલિત સુભાષિત પ્રમાણે વિદ્યા મેળવવાના ત્રણ માર્ગો છે: (૧) ગુરુની સેવા કરવાથી, (૨) પૈસા આપવાથી અને (૩) બદલામાં બીજી વિદ્યા આપવાથી. આ ઉપરાંત વિદ્યા મેળવવાનો ચોથો માર્ગ નથી. સામાન્ય માણસ તો કાશી જાય, ત્યાં ગુરુની સેવા કરે, તેમના ઘરનું કામકાજ કરે, રાત્રે ગુરુની પગચંપી કરે અને કેટલીક વાર સવારે ભિક્ષા લેવા પણ જાય. અભ્યાસ પૂરો થાય ત્યારે ગુરુ દેશમાં જવાની રજા આપે. ત્યારપછી અષાડ શુદિ ૧૫ ને રોજ દર વર્ષે બને તે રકમ પોતાની આવકમાંથી ગુરુને 'ગુરુદક્ષિણા' તરીકે મોકલી આપે; ભણતી વખત કોઇ જાતની ફી આપવાનો રિવાજ નહોતો. આ ઉપરથી સદર પૂનમને 'ગુરુપૂર્ણિમા' કહેવામાં આવે છે. અત્યાર સુધી પ્રાચીન સંપ્રદાયમાં આ રિવાજ ચાલુ છે એમ તપાસ કરતાં માલૂમ પડ્યું છે. આ હકીકત કેવા આકારમાં અને કોને માટે બની હશે તે કહી શકાય નહિ, પણ ખંભાતના શ્રીસંઘે શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાયજીના પંડિત ગુરુનો આટલો વિનય કર્યો હોય તે તદ્દન બનવાજોગ છે અને તે યુગની સભ્યતાના નિયમને બરાબર અનુસરતું છે.

સુજશવેલીભાસ—

આ ભાસની પ્રાપ્તિથી શ્રી વિનયવિજય ઉપાધ્યાયના ચરિત્રને અંગે ઘણી ચોખવટ થઈ જાય છે અને ચાલી આવતી વાતોમાં તથ્યાંશ કેટલો છે તેનો નિર્ણય કરવાનું પ્રબળ સાધન મળે છે. તેથી આ સ્થળે આપણે એનો વિચાર કરી લઈએ. આ કૃતિ ઉપાધ્યાય શ્રી કીર્તિ-વિજયના શિષ્ય કાંતિવિજયે લખી છે તેથી તે ઇતિહાસની નજરે ઘણી ચોક્કસ પુસ્તિકા ગણાય અને આપણા ચરિત્રનાયક વિનયવિજયના ગુરુભાઈની રચના હોઈ તત્કાલીન કૃતિ છે અને ઇતિહાસની નજરે ખૂબ આધારભૂત હકીકત પૂરી પાડે છે. એ 'ભાસ' પ્રમાણે 'જસવંત' અને તેના ભાઈ પદ્મસિંહની દીક્ષા સં. ૧૬૮૮માં અણહિલ્લપુરમાં પંડિત 'નયવિજયજી'ને હાથે થઈ. શ્રી વિજયદેવસૂરિને હાથે વડી દીક્ષા થઇ. તેમનું નામ 'યશોવિજય' રાખવામાં આવ્યું. સં. ૧૬૯૯માં રાજનગરમાં સંઘની સમક્ષ તેમણે આઠ અવધાન કર્યાં. શેઠ ધનજી સૂરાએ ગુરુને વિજ્ઞપ્તિ કરી કે એ જસવિજય ખૂબ વિદ્વાન—બીજા હેમચંદ્ર થાય તેવા વિદ્યાપાત્ર—જણાય છે. તો તેમને કાશીએ મોકલી છ દર્શનનો અભ્યાસ કરાવ્યો હોય તો તેઓ પ્રસંગ આવ્યે જૈન દર્શનને 'ઊજળું' કરી શકે એવા લાગે છે. ગુરુએ કહ્યું : 'એ કામ ધનને આધીન છે.' એ વખતે ધનજી સૂરાએ બે હજાર દીનાર—ચાંદીના સિક્કા પંડિતને આપવા માટે ખરચવાની કબૂલાત આપી. ગુરુએ શિષ્ય સાથે કાશીનો રસ્તો લીધો. કાશીમાં તાર્કિકકુલમાર્તંડની પાસે શિષ્યને ભણવા મૂકયા. એ ગુરુ સાતસેં શિષ્યને ભણાવતા હતા. તેને દરરોજનો એક એક રૂપિયો આપી ત્રણ વરસ ત્યાં અભ્યાસ કરાવ્યો. ત્રણ વર્ષની આખરે જસવિજયે એક સંન્યાસી સાથે વાદ કર્યો. એમાં એની જીત થઇ. ન્યાયવિશારદની પદવી મળી. આવી રીતે ત્રણ વર્ષ કાશીમાં રહી, તાર્કિક થઇને ગુરુ સાથે આગ્રા શહેરમાં આવ્યા. ત્યાં ન્યાયાચાર્યનો પાસે ચાર વર્ષ રહી કર્કશ ન્યાયના સિદ્ધાંતનો અભ્યાસ કર્યો. અનેક શાસ્ત્રોનું અવગાહન કર્યું.

* * *

આટલી હકીકત પરથી એમ જણાય છે કે સં. ૧૭૦૦ થી ૧૭૦૩ કાશીમાં અને ૧૭૦૩ થી ૧૭૦૭ આગ્રામાં શ્રી યશોવિજયજીનો અભ્યાસ થયો. એમની સાથે વિનયવિજય અભ્યાસમાં હતા એવું આ ભાસમાંથી નીકળતું નથી, પણ એમના પોતાના ગુરુ 'નયવિજય' હતા એમ જણાય છે. ત્યારપછીના સમયમાં નયવિજય અને વિનયવિજય નામ વચ્ચે ગૂંચવાડો થઈ ગયો લાગે છે. મતલબ કે કાશીમાં વિનયવિજય અને જસવિજયે સાથે રહી બાર વર્ષ સંસ્કૃતભાષા(ન્યાયશાસ્ત્ર)નો અભ્યાસ કર્યો એવી જે દંતકથા છે તે બરાબર નથી એમ માલૂમ પડે છે. ખુદ યશોવિજય ઉપાધ્યાય પણ કાશીમાં તો માત્ર ત્રણ જ વર્ષ રહ્યા જણાય છે. એ ઉપરાંત વિનયવિજય મહારાજે ગ્રંથરચનાઓ કરી તેનો સમય વિચારતાં પણ એ વાત શકય હોય એમ લાગતું નથી. 'લોકપ્રકાશ' ગ્રંથની રચના વિનયવિજયે સં. ૧૭૦૮ના

વૈશાખ શુદિ પાંચમે પૂરી કરી છે. એ ગ્રંથની શહાદતમાં ૧૦૨૫ આધારો અન્યાન્ય ગ્રંથોમાંથી મૂકેલા છે. એટલે કાશી સુધી એટલા બધા ગ્રંથો સાથે લઈ જવામાં આવે અને ત્યાં અભ્યાસ સાથે ગ્રંથરચના પણ થાય એ બનવાજોગ નથી. અભ્યાસકાળમાં ગ્રંથરચના લગભગ અશકય ગણાય અને કદાચ અસાધારણ બુદ્ધિવૈભવવાળા એવી અશકય વાતને શકય બનાવી શકે, તો પણ લોકપ્રકાશ જેવા ગ્રંથની રચના તો અશકય જ ગણાય. એને માટે શાંતિ અને સ્થિરવાસ જોઈએ, નજરસન્મુખ પુસ્તકભંડાર જોઇએ અને નવીન અભ્યાસ કરવાની બાબત ન જોઈએ. એ સર્વ વિચારતાં વિનયવિજય મહારાજનો કાશીનો અભ્યાસ અથવા તો તેમનો યશોવિજય મહારાજ સાથે રહી કાશીમાં અભ્યાસ બનવાજોગ લાગતો નથી. શ્રી વિનયવિજય વૈયાકરણી અને આગમાભ્યાસી હતા, યશોવિજય મહારાજ તાર્કિક હતા તેથી પણ એ વાતનો બહુ મેળ ખાતો નથી.

આ સુજશવેલીભાસમાંથી બીજી કેટલીક હકીકત પ્રાપ્ત થાય છે તેની વિચારણા તત્સમયના ઇતિહાસની વિચારણામાં થશે. અત્રે તો એનો વિનયવિજયજી ઉપાધ્યાયના ચરિત્ર પૂરતો ઉપયોગ કરી લીધો.

લેખકમહાત્માનો જીવનપ્રવાહ—

શ્રી વિનયવિજય ઉપાધ્યાયનો જીવન-ઇતિહાસ કાંઈ પણ મળી શકતો નથી અથવા લગભગ નહિવત્ મળે છે એમ ઉપર જણાવ્યું છે, છતાં તેમણે જે કૃતિઓ કરી છે તેનો સમય વિચારતાં તે પરથી તેમનો જીવનપ્રવાહ કેવા પ્રકારનો હશે તે તારવી શકાય તેમ છે. કોઇ પણ લેખકની કૃતિઓ એના જીવનનો પડઘો બરાબર પાડે છે. જે સમયે જે વિષય તરફ અમુક વ્યક્તિને પ્રેમ હોય તે તરફનું તેમનું વલણ પારખી શકાય છે, તે દૃષ્ટિએ વિચારતાં હું ઉપાધ્યાયજીની નીચે પ્રમાણે જીવનસરણી કલ્પું છું. આ માત્ર અનુમાન છે અને તેમાં સુધારો-વધારો કરવાની કે સૂચના કરવાની છૂટ રહે છે. તેમ જ વધારે સ્પષ્ટ જીવન-ઉલ્લેખનાં સાધનો મળતાં તેમાં ફેરફારને જરૂર અવકાશ રહે છે.

કર્તા મહાત્માએ લેખક તરીકે શરૂઆત 'કલ્પસૂત્ર'ની સુબોધિકા ટીકા (સં. ૧૬૯૬)થી કરી. લોકપ્રિય ગ્રંથની ટીકા લખવી એ શરૂઆતમાં બહુ ઉપયોગી અને જરૂરી છે. એથી લેખક તરીકે આબરૂ જામે છે, એ કૃતિમાં પ્રશંસા થતાં એમણે મોટા 'લોકપ્રકાશ' ગ્રંથ માટે તૈયારી કરી. સેંકડો શાસ્ત્ર-ગ્રંથોમાંથી હકીકત તારવી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની સર્વ હકીકતોનો સંગ્રહ કર્યો. હજારો શ્લોકની મૌલિક કૃતિ બનાવી અને તેમાં ઠેકાણે ઠેકાણે મૂળ ગ્રંથો-સૂત્રો આદિના ઉતારા કર્યા. આવી રીતે તેઓ સંગ્રહકાર મૂળ લેખક થયા. પણ એમનો મૂળ વિષય તો વ્યાકરણનો જ જણાય છે. સં. ૧૭૦૮માં લોકપ્રકાશ ગ્રંથ પૂરો કરી એમણે વ્યાકરણશુદ્ધિ અને સરળતા પર ધ્યાન આપી સં. ૧૭૧૦માં 'હૈમલઘુપ્રક્રિયા' બનાવી. અહીં ગ્રંથકાર

તરીકે તેઓ પૂરજોસથી ઝળકયા. યુવાવસ્થાનું જોર પૂરું થયું. પછી સંસાર પર વૈરાગ્ય આવ્યો. સં. ૧૭૨૩માં 'શાંતસુધારસ' ગ્રંથ બનાવ્યો. આ રીતે મહાન લેખક તરીકે તેમનું જીવન ચાલ્યું. ટીકાકારથી શરૂઆત અને શાંતરસપાનમાં પરિનિર્વાણ એ એમનો જીવનવિકાસ બતાવે છે. 'પુણ્યપ્રકાશ"નું સ્તવન સં. ૧૭૨૯માં બનાવ્યું એ એમનું દિશાસૂચન છે. ભગવતીસૂત્રની સજ્ઝાય સં. ૧૭૩૧માં બનાવી એ વિદ્વત્તાદર્શક વ્યાખ્યાનની લાઇનમાં જનાર છે. જીવનને છેડે તેઓ 'શ્રીપાળનો રાસ' બનાવવા તૈયાર થયા એ એમનામાં સતત ચાલુ રહેલ રસાસ્વાદનવૃત્તિ બતાવે છે. એ રાસમાં (સં. ૧૭૩૮) તેઓ સર્વ રસ આણી શકયા છે તે બતાવે છે કે વૃદ્ધાવસ્થામાં પણ તેઓ જીવનરસ માણી શકતા હતા – આપી શકતા હતા. આ પ્રકારનું તેઓનું સાધુજીવન હતું અને આ રીતનો તેમનો વિકાસ હતો. જીવનરસ તેઓ અંતપર્યંત જાળવી શકયા એ ખાસ નોંધવા લાયક બીના છે.

એમની સર્વ કૃતિઓ રાંદેર, સુરત, ગાંધાર અને રાંધણપુરમાં થયેલી નોંધાયેલી છે, એ જોતાં એમનો વિહાર મુખ્યત્વે કરીને ગુજરાતમાં હશે એમ જણાય છે અને લોકપ્રકાશ ગ્રંથ જૂનાગઢમાં પૂરો કર્યો એટલે ગુજરાત-કાઠિયાવાડનો સમાવેશ થાય છે. એમણે જાહેરમાં વ્યાખ્યાન વાંચવામાં ખૂબ રસ લીધો હશે એમ તેમણે વ્યાખ્યાનની લખેલી સજ્ઝાયો પરથી જણાય છે. શ્રી ભગવતીસૂત્રની સજ્ઝાય, પાંચ સમવાયી કારણની સજ્ઝાય એ દિશા તેમનો ઝોક બતાવે છે.

તેઓશ્રી સત્યવિજય પંન્યાસ સાથે ક્રિયાઉદ્ધારમાં જોડાઇ શકયા નહિ તેથી તેઓ મૂળ પાટને વળગી રહ્યા હશે એમ જણાય છે. તેઓએ જે શબ્દોમાં કલ્પકિરણાવલી ટીકાને અંગે ધર્મસાગર ઉપાધ્યાય પર ટીકા કરી છે તે પરથી જણાય છે કે તેઓનું વલણ એક અથવા બીજી રીતે તે વખતના તપગચ્છના ઝગડામાં ઝુકાવવાનું હતું. અત્રે એ ઝગડાની વિગતમાં ઊતરવાનું સ્થળસંકોચના કારણે બને તેમ નથી. માત્ર તેની આછી રેખા છેવટના ભાગમાં આપવામાં આવશે. ટૂંકમાં કહીએ તો શ્રી કલ્પસૂત્ર પર ધર્મસાગર ઉપાધ્યાયે કલ્પકિરણાવલી નામની ટીકા લખી હતી; શ્રી વિનયવિજય ઉપાધ્યાયે 'કલ્પસુબોધિકા' ટીકા લખી, તેમાં ઘણી જગ્યાએ ધર્મસાગરના કરેલા અર્થ પર ચર્ચા કરી છે. કેટલીટ વાર તો ધર્મસાગરના અર્થ માટે इति चिन्त्यं એટલે 'એ વિચારવાયોગ્ય છે' એમ લખ્યું છે અને કોઇ કોઇ સ્થળે વધારે પડતી ટીકા જરા આકરા શબ્દોમાં પણ કરી છે. ત્યારપછી ધર્મસાગરના શિષ્યોએ 'વિનયભુજંગમમયૂરી' નામની પુસ્તિકા રચી, તેમાં વિનયવિજય ઉપાધ્યાયના કરેલા અર્થો પર ટીકા કરી છે. આ ચર્ચા ગૃહસ્થાઇની મર્યાદામાં રહી શકી હોત તો તેમાં કાંઇ વાંધા જેવું ગણી શકાત નહિ. એક વસ્તુના જુદાં જુદાં દૃષ્ટિબિન્દુથી અથવા વ્યાકરણના નિયમે જુદા જુદા અર્થ કરવા એ તો વિદ્વત્તાના વિલાસો છે; પણ એમાં અંગત તત્ત્વ આવે એટલે ઘણીવાર સભ્યતા ચૂકી જવાય છે. 'વિનયભુજંગમમયૂરી' એ શબ્દ જ એવો ભયંકર છે કે એમાં પછી

વિવેકયુક્ત ચર્ચાને બહુ સ્થાન રહેતું નથી. ભુજંગ એટલે સર્પ, એને મારી નાખનાર 'મયૂરી' એટલે ઢેલ (મોરની માદા–female peacock). જૈન જેવા અહિંસાપ્રિય સમાજમાં પુસ્તકનું આવું નામ રાખવામાં આવે ત્યાં અંગત તત્ત્વ કેટલું વિપરીત થઇ જાય તે સમજી શકાય તેવું છે. આ તકરારની જડ ઘણી ઊંડી ગયેલી જણાય છે અને એ લેખપરંપરા સાથે બીજા ઐતિહાસિક પ્રસંગો જોતાં મનમાં ખેદ થાય તેવી પરિસ્થિતિએ એ તકરાર પહોંચી ગયેલી જણાય છે. એટલા ઉપરથી એમ લાગે છે કે તે વખતના જ્ઞાનયુગમાં જૈનસમાજમાં જે મહાન કોલાહલ ચાલ્યો હતો તેનાથી આપણા લેખકમહાત્મા તદ્દન અલિપ્ત રહી શક્યા નહિ હોય.

લેખક તરીકે 'કલ્પસુબોધિકા' વાંચતાં તેઓનો સંસ્કૃત ભાષા પરનો કાબૂ ઘણો સુંદર દેખાય છે. 'લોકપ્રકાશ' વાંચતાં તેઓનું આગમજ્ઞાન ઘણું વિસ્તૃત દેખાય છે. તેઓએ અનેક ગ્રંથોની શહાદતો જે સહેલાઇથી ટાંકી છે તે જોતાં તેમની યાદશક્તિ અસાધારણ હોવી જોઇએ એમ જણાય છે. વ્યાકરણગ્રંથ લખીને તેઓએ આખી વ્યાકરણના અભ્યાસની પદ્ધતિમાં ઘણી સહેલાઈ કરી આપી છે અને તે રીતે તેઓએ મૌલિકતા બતાવી છે, શાંતસુધારસ, વિનયવિલાસ અને આરાધનાનું સ્તવન બનાવીને પોતાની આત્મરસિકતા કેવી હતી એ બતાવ્યું છે. શાંત-સુધારસ ગ્રંથમાં વિદ્વત્તા બતાવવાનો જરા પણ પ્રયાસ નથી. એ ગ્રંથ આત્માને ઉદ્દેશીને ભાવનામય બનાવવા માટે રચાયેલ છે એમ એ વાંચતાં લાગ્યા વગર રહે તેમ નથી. એટલા ઉપરથી પોતાનું સાધ્ય તેઓ સન્મુખ રાખી શકતા હતા એમ જણાય છે. વૃદ્ધવયે શ્રીપાળનો રાસ લખવા બેસી જાય અને તેમાં શૃંગારના, વીરરસના, અદ્‌ભુતરસના અનેક પ્રસંગો ચીતરી શકે એ તેમનું વૈવિધ્ય બતાવે છે. શ્રીપાળનો રાસ એ તેમની અધૂરી રહેલી છેલ્લી કળાકૃતિ છે. એવો સર્વરસમય રાસ બનાવવાનું કામ જે હાથ ધરે તે અસાધારણ બુદ્ધિવૈભવવાન્ હોવા સાથે માનસવિદ્યાના પ્રખર અભ્યાસી હોવા જ જોઇએ એમ લાગ્યા વગર રહે તેમ નથી.

સંક્ષેપમાં કહીએ તો તેઓએ કલ્પસૂત્રની ટીકા રચી ગ્રંથકર્તા તરીકે સ્થાન મેળવ્યું, પોતાનું જ્ઞાન બને તેટલું 'લોકપ્રકાશ' ગ્રંથમાં રેડયું, તેની પાછળ તેમણે લગભગ દશ-બાર વર્ષ ગાળ્યાં અને ત્યારપછી વ્યાકરણ–પ્રક્રિયા બનાવી તેઓ શાંતિના માર્ગ પર વળ્યા. ત્યાર-બાદ વ્યાખ્યાનો આપ્યાં, શાંતભાવની નાની કળાકૃતિઓ કરી; પણ ધર્મચિંતવનમાં બાકીનો સમય ગાળી જીવન વ્યતીત કર્યું. સં. ૧૭૩૮માં રાંદેરના સંઘે શ્રીપાળનો રાસ બનાવવા વિજ્ઞપ્તિ કરી ત્યારે આ વિદ્વાન લેખકને વળી પાછાં મૂકી દીધેલ હથિયારો હાથ ધરવાનો સમય સાંપડયો અને તેમાં તેમણે ખૂબ રસથી ઝુકાવ્યું અને ચાલતી કૃતિએ કાળધર્મ પામ્યા.

મને એમના જીવનમાં ફેરફાર થયા હોય તેવું દેખાય છે. સં. ૧૬૯૫માં કલ્પસૂત્રની સુબોધિકા ટીકા રચી તે વખતે તેઓ સાગરપક્ષની વિરુદ્ધના હતા. જે શબ્દોમાં તેમણે

કલ્પાકરણાવલિ (કલ્પસૂત્રની ટીકા–રચયિતા ધર્મસાગર ઉપાધ્યાય) ટીકા પર ટીકા કરી છે તેમાં ક્વચિત્ રોષ દેખાય છે. ત્યારપછી સં. ૧૬૯૭માં 'આનંદલેખ' લખીને તેમાં વિજયાનંદસૂરિની ખૂબ પ્રશંસા કરી. ત્યારપછી સં. ૧૭૦૫માં વિજયદેવસૂરિને લેખ લખ્યો અને સં. ૧૭૧૬માં બોધપુરથી ઇંદ્રદ્રુત કાવ્ય લખીને વિજયપ્રભસૂરિને પાઠવ્યું. એ જોતાં તેઓ અણસૂરમાંથી દેવસૂરમાં આવ્યા જણાય છે. વળી તેઓએ કોઈ જગ્યા પર સત્યવિજય પંન્યાસના ક્રિયાઉદ્ધારનો તો ઉલ્લેખ પણ કર્યો નથી, એટલે એ વાત એમને રુચિ હોય અથવા તેમાં તેઓ જોડાયા હોય એમ લાગતું નથી. આગળ જતાં લેખકની કૃતિઓ જોતાં જણાશે કે તેઓ સાગર અને વિજય વચ્ચેના કલેશમાં અવ્યવસ્થિત રીતે વર્ત્યા છે. આ ઝગડો તેમનો હયાતી પછી પણ ચાલ્યા કર્યો હોય એમ જણાય છે.

એકંદરે વિનયવિજય ઉપાધ્યાય સાહિત્યપ્રેમી, આગમઅભ્યાસી, આત્માર્થે યથાશક્તિ પ્રયાસ કરનાર અને બને તેટલા આત્મારામમાં રમણ કરનાર તેમ જ વિલાસ કરનાર હોય એમ એમની કૃતિઓ પરથી જણાય છે. એમના સમયમાં એમને માટે કોઇ ઉલ્લેખ કરનાર નીકળ્યું નથી, એટલે જૈનસમાજમાં એમનું સ્થાન બીજી હારમાં હોય એમ લાગે છે અને પોતે પોતાને માટે કાંઈ લખ્યું નથી તે પરથી તેઓને અહંતા–મમતા હશે નહિ એવું સહજ અનુમાન થાય છે. તેઓની કૃતિઓને વિચારતાં તેમના જીવન પર સહજ દૃષ્ટિપાત અવારનવાર થઇ શકે તેમ છે, તેથી આપણે હવે તેમની સંસ્કૃત તથા ગુજરાતી કૃતિઓ ઉપર દૃષ્ટિપાત કરીએ.

: ૩ :

ગ્રંથકર્તાની કૃતિઓ

શ્રી શાંતસુધારસ ગ્રંથના રચયિતા શ્રીવિનયવિજય ઉપાધ્યાયે અનેક કૃતિઓ સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં રચી છે. કેટલીક કૃતિઓ નાની છે અને કેટલીક મોટી છે. પ્રથમ સંસ્કૃત કૃતિઓને કૃતિની સાલની નજરે જોઈ જઇએ. મને ઉપલબ્ધ થયેલી સર્વ કૃતિઓ ઇતિહાસ અને કળાની નજરે અવલોકન સાથે નીચે આપી છે. એમાં વિશેષ શોધખોળ થતાં વધારાને જરૂર અવકાશ છે.

૬. સંસ્કૃત કૃતિઓ

(૧) કલ્પસૂત્ર પરની સુબોધિકા ટીકા :—

પર્યુષણમાં કલ્પસૂત્ર આઠ વ્યાખ્યાને વંચાય છે; તે કલ્પસૂત્ર ઉપર સુબોધિકા ટીકા શ્રી વિનયવિજય ઉપાધ્યાયે સં. ૧૬૯૬ના જેઠ માસમાં પૂરી કરી એની વિસ્તૃત પ્રશસ્તિ નીચે પ્રમાણે છે :—

आसीद्वीरजिनेन्द्रपट्टपदवीकल्पद्रुमः कामदः
सौरभ्योपहृतप्रबुद्धमधुपः श्रीहीरसूरीश्वरः ।
शाखोत्कर्षमनोरमस्फुरदुरुच्छायः फलप्रापक-
श्चञ्चन्मूलगुणः सदाऽतिसुमनाः श्रीमान्मरुत्पूजितः ॥ १

यो जीवाऽभयभावडिण्डममिषात् स्वीयं यशोडिण्डिमं,
षण्मासान् प्रतिवर्षमुग्रमखिले भूमण्डलेऽवीवदत् ।
भेजे धार्मिकतामधर्मरसिको म्लेच्छाग्रिमोऽकब्बरः
श्रुत्वा यद्वदनादनाविलमतिर्धर्मोपदेशं शुभम् ॥ २ ॥

तत्पट्टोन्नतपूर्वपर्वतशिरःस्फूर्तिक्रियाहर्मणिः,
सूरिः श्रीविजयादिसेनसुगुरुर्भव्येष्टचिन्तामणिः ।
शुभ्रैर्यस्य गुणैरिवानघघनैरावेष्टितः शोभते,
भूगोलः किल यस्य कीर्तिसुदृशः क्रीडाकृते कन्दुकः ॥ ३ ॥

येनाकब्बरपर्षदि प्रतिभटान्निर्जित्य वाग्वैभवैः,
शौर्याश्चर्यकृता वृता परिवृता लक्ष्म्या जयश्रीकनी ।
चित्रं मित्र ! किमत्र मित्रमहसस्तेनास्य वृद्धा सती,
कीर्तिः पत्यपमानशङ्कितमना याता दिगन्तानितः ॥ ४ ॥

विजयतिलकसूरिर्भूरिसूरिप्रशस्यः,
समजनि मुनिनेता तस्य पट्टेऽच्छचेताः ।
हरहसितहिमानीहंसहारोज्ज्वलश्री-
र्त्रिजगति वरिवर्ति स्फूर्तियुग् यस्य कीर्तिः ॥ ५ ॥

तत्पट्टे जयति क्षितीश्वरततिस्तुत्यांघ्रिपङ्केरुहः,
सूरिर्दूरितदुःखवृन्दविजयानन्दः क्षमाभृन्निभुः ।
यो गौरैर्गुरुभिर्गुणैर्गणिवरं श्रीगौतमं स्पर्द्धते,
लब्धीनामुदधिर्दधीयितयशाः शास्त्राब्धिपारं गतः ॥ ६ ॥

यच्चारित्रमखिन्नकिन्नरगणैर्जेगीयमानं जग-
ज्जाग्रज्जन्मजराविपत्तिहरणं श्रुत्वा जयन्तीपितुः ।
वाञ्छापूर्तिमियर्ति युग्ममथ तल्लेभे सहस्रं स्पृहा-
वैयग्र्यं गुणरागिणोऽग्रिमगुणग्रामाभिरामात्मनः ॥ ७ ॥

" શ્રી વીરભગવાનની પટ્ટપરંપરામાં કલ્પદ્રુમ સમાન શ્રી 'હીરસૂરીશ્વર' થયા. તેઓ ઇચ્છિતને આપનાર હતા, સુગંધથી એમણે પંડિતભ્રમરોને પોતા તરફ આકર્ષ્યા હતા, તેઓશ્રી શાસ્ત્રના ઉત્કર્ષથી સુંદર અને સ્ફુરાયમાણ વિશાળ કાંતિવાળા હતા, ફળને અપાવનારા હતા, દેદીપ્યમાન મૂળગુણવાળા હતા અને સર્વદા સુંદર મનવાળા હતા. ૧.

" એમણે છ માસ સુધી સર્વ જીવોને અભયદાન આપવા રૂપ ડાંડી પીટાવીને તે બહાને આખી પૃથ્વી પર પોતાનો યશનો ડંકો વગડાવ્યો હતો. એમના શુભ મુખનો ધર્મોપદેશ સાંભળીને અધર્મરસિક મ્લેચ્છોનો અગ્રેસર એવો 'અકબ્બર બાદશાહ' નિર્મળ બુદ્ધિવાળો થયો હતો. ૨.

" તેમની પાટરૂપી ઉદયાચળપર્વતના શિખર પર સ્ફુરાયમાણ કિરણવાળા સૂર્ય સમાન અને ભવ્ય જીવોને ઇચ્છિત આપનાર ચિંતામણિરત્ન જેવા શ્રી ' વિજયસેનસૂરિ ' થયા. એમના શુભ્ર ગુણોથી જ જાણે સ્વચ્છ મેઘથી વીંટાયેલો પૃથ્વીનો ગોળો તેમની કીર્તિસ્ત્રીને રમવાનો દડો હોય તેમ શોભતો હતો. ૩.

"અકબ્બર બાદશાહની સભામાં પોતાની વાણીના વૈભવ વડે વાદીઓને જીતીને પોતાના શૌર્યથી આશ્ચર્ય પમાડાયેલી લક્ષ્મીથી પરિવરેલી (સહિત) એવી જયલક્ષ્મીને તેઓ વર્યા હતા. *મિત્ર ! તેજમય તેમની કીર્તિરૂપ પત્ની 'વૃદ્ધ' થતાં પતિ તરફથી એ કારણે થનાર અપમાનની* શંકાવાળી થઈને અહીંથી દિગન્ત સુધી ચાલી ગઈ તેમાં આશ્ચર્ય શું છે ? ૪.

" તેમની પાટે ઘણા સૂરિઓથી પ્રશંસા પામેલા, મુનિઓના નેતા અને સ્વચ્છ મનવાળા 'વિજયતિલકસૂરિ' થયા. શિવનું હાસ્ય, બરફ, હંસ અને હારના જેવી ઉજ્જ્વળ તેમની વિસ્તરતી કીર્તિ ત્રણ જગતમાં વર્તતી હતી. ૫.

" તેમની પાટે રાજાઓ વડે સ્તુતિ કરાયેલા ચરણકમળવાળા અને દુઃખસમૂહનો નાશ કરનારા મુનિશ્રેષ્ઠ 'વિજયાનંદસૂરિ' જયવંતા વર્તે છે – જેઓ ઉજ્જ્વળ મોટા ગુણો વડે ગચ્છમાં શ્રેષ્ઠ શ્રી ગૌતમસ્વામી સાથે સ્પર્ધા કરે છે, જેઓ લબ્ધિના સમુદ્ર છે, જેનો યશ દધિ (દહીં) જેવો ઉજ્જ્વળ છે અને જેઓ શાસ્ત્રસમુદ્રનો પાર પામેલા છે. ૬.

"કિન્નરસમૂહોથી ગાન કરાતું અને જન્મ-જરા-મરણનો નાશ કરનારું તે ગુરુનું ચરિત્ર સાંભળીને જગતના જીવો યુગલિયાની જેમ વાંચ્છાની પૂર્ણતાને પામે છે, તેથી કરીને તે જગતના

જેવો શ્રેષ્ઠ ગુણગણે કરીને સુંદર આત્માવાળા ગુરુરાગીની હજારો ઇચ્છાની પરંપરાને પામે છે. ૭.

श्रीहीरसूरिसुगुरोः प्रवरौ विनेयौ, जातौ शुभौ सुरगुरोरिव पुष्पदन्तौ ।
श्रीसोमसोमविजयाभिधवाचकेन्द्रः सत्कीर्तिकीर्तिविजयाभिधवाचकश्च ॥ ८ ॥

सौभाग्यं यस्य भाग्यं कलयितुममलं कः क्षमः सक्षमस्य,
नो चित्रं यच्चरित्रं जगति जनमनः कस्य चित्रीयते स्म ।
चक्राणा मूर्खमुख्यानपि विबुधमणीन् हस्तसिद्धिर्यदीया,
चिन्तारत्नेन भेदं शिथिलयति सदा यस्य पादप्रसादः ॥ ९ ॥

आबाल्यादपि यः प्रसिद्धमहिमा वैरङ्किकग्रामणीः,
प्रष्टुः शाब्दिकपङ्क्तिषु प्रतिभटैर्जय्यो न यस्तार्किकैः ।
सिद्धान्तोदधिमन्दरः कविकलाकौशल्यकीर्त्युद्भवः,
शश्वत्सर्वपरोपकाररसिकः संवेगवारांनिधिः ॥ १० ॥

विचाररत्नाकरनामधेयप्रश्नोत्तराद्यद्भुतशास्त्रवेधाः ।
अनेकशास्त्रार्णवशोधकश्च, यः सर्वदैवाभवदप्रमत्तः ॥ ११ ॥
तस्य स्फुरदुरुकीर्तेर्वाचकवरकीर्तिविजयपूज्यस्य ।
विनयविजयो विनेयः सुबोधिकां व्यरचयत्कल्पे ॥ १२ ॥

चतुर्भिः कलापकम् ।

समशोधयंस्तथैनां पण्डितसंविग्नसहृदयवतंसाः ।
श्रीविमलहर्षवाचकवंशे मुक्तामणिसमानाः ॥ १३ ॥

धिषणानिर्जितधिषणाः सर्वत्र प्रसृतकीर्तिकर्पूराः ।
श्रीभावविजयवाचककोटीराः शास्त्रवसुनिकषाः ॥ १४ ॥ युग्मम्

रसनिधिरसशशिवर्षे, ज्येष्ठे मासे समुज्ज्वले पक्षे ।
गुरुपुष्ये यत्नोऽयं सफलो जज्ञे द्वितीयायाम् ॥ १५ ॥

श्रीरामविजयपण्डितशिष्यश्रीविजयविबुधमुख्यानाम् ।
अभ्यर्थनापि हेतुर्विज्ञेयोऽस्याः कृतौ विवृतेः ॥ १६ ॥

"દેવોના ગુરુ બૃહસ્પતિને જેમ બે અનુચરો હતા તેમ શ્રી હીરવિજયસૂરિને બે પ્રધાન જેવા શિષ્યો થયા : એક સોમવિજય ઉપાધ્યાય અને બીજા કીર્તિવિજય ઉપાધ્યાય. ૮.

"એ ક્ષમાધારી(કીર્તિવિજય વાચક)નું સદ્‌ભાગ્ય સમજવાને કોણ સમર્થ થાય ? અને એમનું અદ્‌ભુત ચરિત્ર જગતના કયા જનમનને આશ્ચર્ય ઉપજાવ્યા વગર રહી શકે ? એમની હસ્તસિદ્ધિ[1] તદ્દન મૂર્ખ માણસને પણ વિદ્વાનશિરોમણિ બનાવે તેવી છે અને એમનાં પગલાં ચિંતામણિરત્ન વડે ભેદને ઢીલો કરી નાખે છે. ૯.

"જેઓ (કીર્તિવિજય ઉપાધ્યાય) લઘુવયથી જ સુપ્રસિદ્ધ મહિમાવાળા હતા, જેઓ વૈરાગીઓના નેતા (આગેવાન) હતા, શાબ્દિક(વૈયાકરણી)ની પંક્તિમાં જેઓ અગ્રેસર હતા, તર્કચર્ચામાં જેઓ સામા પક્ષથી કદી ન જિતાય તેવા હતા, શાસ્ત્રસિદ્ધાંતરૂપ સમુદ્રનું મંથન કરવામાં મંદરાચળ પર્વત જેવા હતા, જેઓ કવિઓની કુળ-કુશળતાથી થતી કીર્તિના ઉત્પત્તિસ્થાન હતા, જેઓ હમેશાં સર્વ પ્રકારના પરોપકાર કરવામાં રસિક હતા અને જેઓ સંવેગ-(વૈરાગ્ય)ના સમુદ્ર સમાન હતા. ૧૦.

"જેઓ 'વિચારરત્નાકર' નામના પ્રશ્નોત્તરગ્રંથ વગેરે અદ્‌ભુત શાસ્ત્રગ્રંથોના બનાવનાર હતા, તેમ જ અનેક શાસ્ત્રરૂપ સમુદ્રનું શોધન કરનારા હતા અને હંમેશાં અપ્રમત્ત (ઉદ્યોગી) હતા. ૧૧.

"એવા વિશાળ કીર્તિવાળા મહાન ઉપાધ્યાય પૂજ્યપાદ શ્રી કીર્તિવિજયના શિષ્ય વિનયવિજયે કલ્પસૂત્ર પર સુબોધિકા (ટીકા) રચી. ૧૨. (ચાર શ્લોકોનો અર્થ સાથે કરવો.)

"શ્રી વિમળહર્ષ ઉપાધ્યાયના વંશમાં મુક્તામણિ (મોતી) સમાન, બુદ્ધિના વિષયમાં બૃહસ્પતિની બુદ્ધિને જીતનાર અને પંડિતો, સંવિજ્ઞો (સાધુઓ) અને સહૃદયોમાં ભૂષણભૂત થયેલા, શાસ્ત્રરૂપ સુવર્ણની કસોટી કરનારા વાચકવર ભાવવિજયે એ(ટીકા)ને શોધી (તપાસી દીધી). ૧૩-૧૪.

"સંવત્ ૧૬૯૬મા વર્ષે, જેઠ માસના શુકલપક્ષની બીજને દિવસે, ગુરુવારના રોજ, પુષ્ય નક્ષત્રમાં આ યત્ન સફળ (પૂર્ણ) થયો. ૧૫.

"આ વિવૃતિ (ટીકા) રચવામાં શ્રી રામવિજય પંડિતના શિષ્ય શ્રી વિબુધવિજય વગેરેની ચાહુ માગણી પણ હેતુભૂત જાણવી." ૧૬.

૬૨ વર્ષે પર્યુષણમાં કલ્પસૂત્ર વાંચવાનો નિયમ થયો ત્યારથી તે પર વિવિધ ટીકાઓ તૈયાર થઈ. કલ્પસૂત્રમાં મુખ્યત્વે કરીને શ્રી મહાવીરચરિત્ર, સંક્ષિપ્તમાં શ્રી પાર્શ્વનાથ અને નેમિનાથ તથા આદીશ્વર ચરિત્ર, ત્યારપછી સ્થવિરોનાં ચરિત્ર અને અંતે સાધુની ક્ષમાચારી– એટલી હકીકત આવે છે. એનાં વ્યાખ્યાનો પર્યુષણના ચોથે. પાંચમે, છઠ્ઠે અને સાતમે દિવસે અર્થ સાથે થાય છે અને આઠમે દિવસે મૂળસૂત્રનું વાંચન થાય છે. એ કલ્પસૂત્રની આ સુબોધિકા નામની ટીકા રચીને લેખકમહાત્માએ કુલ ૬૫૮૦ શ્લોક(ગ્રંથાગ્ર)નો ગ્રંથ બનાવ્યો છે. આમાં માત્ર ટીકા જ રચી છે એમ નથી. મૂળ ગ્રંથમાં અનેક પ્રસંગે ઘણો નૂતન ઉમેરો

---

૧. માથે હાથ મૂકવો અથવા વાસક્ષેપ કરવો.

ટીકાકારે કર્યો છે. સુપનપાઠક વખતે રેખાશાસ્ત્ર, સ્વપ્નનિમિત્તશાસ્ત્ર અને ભગવાનને કેવળજ્ઞાન થયા પહેલાંનો તેમનો વિહાર તથા ઉપસર્ગસહનશક્તિ અને કૈવલ્ય પછી ગણધરવાદ આમો ઉમેર્યો છે. મૂળગ્રંથ (કલ્પસૂત્ર) લગભગ ૧૨૫૦ શ્લોકપ્રમાણ છે, તે પર આવા પ્રકારના વધારાથી ટીકા બહુ મોટી થઈ ગઈ છે. એના ઉપોદ્ઘાતમાં 'કલ્પ' એટલે શું એની ચર્ચામાં તથા મૂળ લેખકની માહિતી આપવામાં સારો ભાગ રોકયો છે.

વચ્ચે વચ્ચે 'કલ્પકિરણાવલી' નામની ટીકાના રચયિતા શ્રી ધર્મસાગર ઉપર કેટલેક ઠેકાણે ટીકા કરી છે અને તેમણે કહેલા અર્થો સમીચીન નથી કે તેઓ આ કલ્પસૂત્રનો આશય બરાબર સમજ્યા નથી એવી ગર્ભિત સૂચનાઓ કરી છે. તે યુગમાં વિજયપક્ષ અને સાગરપક્ષ વચ્ચે થયેલા ઝગડા ઐતિહાસિક છે તેની એમાં પીઠિકા છે.

એકંદરે ટીકાની ભાષા સરળ છે, વાંચવામાં મજા આવે તેવી છે. લેખકનો ભાષા પર કાબૂ ઘણો સુંદર હોય એમ બતાવે તેવો એ ગ્રંથ છે. એમણે પોતે જ પ્રસ્તાવના કરતાં જણાવ્યું છે કે આ કલ્પસૂત્ર ગ્રંથ પર અનેક ટીકાઓ થયેલી છે છતાં પોતે સામાન્ય મનુષ્યો માટે આ ટીકા બનાવે છે. સૂર્ય હોય તો પણ ભોંયરામાં પ્રકાશ માટે નાના દીવાની જરૂર પડે છે એ તેમનો આદર્શ છે.

આ ટીકા તેમણે સં', ૧૬૯૬ના જેઠ શુદિ બીજ, ગુરૂવારે પૂરી કરી એટલે એ તેમની કૃતિઓમાં પહેલી હતી એમ જણાય છે.

પ્રશસ્તિ પરથી લેખકના હૃદયમાં શ્રી હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિ પ્રત્યે કેટલું માન હશે તેનો ખ્યાલ આવે છે. પોતાના ગુરુ શ્રી કીર્તિવિજય ઉપાધ્યાય તરફ પણ તેમનું અત્યંત માન જણાય છે. લેખક તરીકે શ્રી કીર્તિવિજયે [૧]'વિચારરત્નાકર' ગ્રંથ બનાવ્યો છે તેથી તેઓનો પણ શાસ્ત્રબોધ સારો હશે એમ માલૂમ પડે છે.

શ્રી વિનયવિજય ઉપાધ્યાય પોતાના ગ્રંથોની રચનામાં ઉપયોગિતાના તત્ત્વ પર ખાસ ધ્યાન આપતા હશે એમ જણાય છે. એમણે બનાવેલ પુણ્યપ્રકાશ (આરાધના)નું સ્તવન તથા દર વર્ષે વંચાતાં પર્યુષણાનાં વ્યાખ્યાનો અને દર વર્ષે આયંબિલની ઓળીમાં નવ નવ દિવસ સુધી વંચાતો શ્રીપાળનો રાસ જોતાં તેમણે જનતાની તાત્કાલિક જરૂરિયાત પર, ગ્રંથ પસંદગી કરતી વખતે, ખાસ લક્ષ્ય આપ્યું હશે એમ લાગ્યા વગર રહે તેમ નથી.

મૂળ કલ્પસૂત્ર પર રચેલ 'સુબોધિકા' ટીકાને તેઓ 'વૃત્તિ' કહેતા નથી, પણ 'વિવૃતિ' કહે છે. એટલે વૃત્તિમાં તો મૂળનો અર્થ કરવાનો હોય, પણ વિવૃતિમાં વિશેષ આનુષંગિક હકીકત પણ જણાવી શકાય એવો આશય જણાય છે.

---

૧. એ ગ્રંથ છપાયેલ છે ને લભ્ય છે. તેમાં શ્રી આચારાંગાદિ સૂત્રોમાંથી અમુક સંખ્યામાં જુદા જુદા અધિકારો ચૂંટીને દાખલ કરેલા છે. ખાસ વાંચવા યોગ્ય છે.

તે વખતના સમાજમાં નિમિત્તના સંબંધમાં જનતાની માન્યતા કેવી હશે, રાજદરબારમાં પંડિતો જાય ત્યારે કેવા પ્રકારની તૈયારી કરતા હશે, એક નેતા હોવાની જરૂરિયાત કેટલી જણાતી હશે, ગર્ભવતી સ્ત્રીઓને અંગે કેટલી સંભાળ લેવામાં આવતી હશે વગેરે ઘણી બાબતો પર પ્રકાશ પડે છે; તે ટીકા પરથી તારવી કાઢવા યોગ્ય છે. એ પ્રસંગો પરથી શ્રી વીરપરમાત્માના સમયનું ભાન થાય છે એમ ધારવા જેવું નથી; એવી અનેક બાબત શ્રી વિનયવિજય ઉપાધ્યાયના સમયની સમાજરચના બતાવે છે એમ સમજી લેવાના અનેક પ્રસંગો ટીકા પરથી પ્રાપ્ત થાય તેમ છે.

વ્યાકરણની ચર્ચા કેટલેક સ્થળે આ ટીકામાં આવે છે તે ટીકાના કર્તાનો વ્યાકરણ પરનો કાબૂ બતાવે છે. તાર્કિક કોટીઓ ચર્ચામાં અવારનવાર આવે છે તે તેમનું અને શ્રીમદ્યશોવિજયનું ન્યાય વિષય પરનું પ્રભુત્વ પુરવાર કરે છે અને સાથે તે બન્ને વચ્ચે કેટલો તફાવત હતો તે ચર્ચાની વિગત પરથી જણાઈ આવે છે.

એકંદરે આ સુબોધિકા ટીકા સરળ, બાળ તથા વિદ્વાન વર્ગ બંનેને ઉપયોગી અને કલ્પસૂત્ર સમજવા માટે અગત્યનું સાધન પૂરું પાડે છે.

તે કાળમાં શ્રી હીરવિજય આચાર્યનું તથા વિજયસેનસૂરિનું સમાજમાં કેવું માન હતું તે વિચારવા માટે પ્રશસ્તિ ખાસ આપી છે. તે યુગમાં ધર્મના પ્રભાવકો બહુ સારા થયા છે એમ લાગ્યા વગર રહે તેમ નથી. આ સંબંધી તાત્કાલિક ઈતિહાસની વિચારણામાં કેટલીક હકીકત જોવામાં આવશે. આ ટીકા બનાવતી વખતે (૧૬૯૬માં) વિનયવિજય ઉપાધ્યાય વિજયતિલકસૂરિ અને તેમની પાટે વિજયાનંદસૂરિના પક્ષમાં હતા એમ પ્રશસ્તિ પરથી જણાય છે. એમણે એમાં વિજયદેવસૂરિનું નામ આપ્યું નથી એ ખાસ સૂચક છે. ત્યારપછી એ વાત ફરી ગઈ એ આપણે જોઈ ગયા. 'આનંદલેખ' આ ટીકા રચતાં પહેલાં લખાયેલો હતો તે આપણે આગળ જોશું.

લોકપ્રકાશ—

આ ગ્રંથની પ્રશસ્તિ આ વિભાગની શરૂઆતમાં ચરિત્રવિચારણાને અંગે આપી છે. ત્યાં તેનું આખું ભાષાંતર આપ્યું છે. મૂળ વિભાગના જિજ્ઞાસુએ તે વાંચી લેવું. (જૈન ધર્મ પ્રસારક સભા, કાળલોક, પૃ. ૭૨૧–૭.) એ પ્રશસ્તિમાં શ્રી સુધર્માસ્વામીથી માંડીને ગ્રંથરચનાના સમય સુધીના આચાર્યોની પરંપરા આપેલી છે. ગ્રંથરચના સં. ૧૭૦૮ના વૈશાખ શુદિ પાંચમે પૂરી થઈ તે વખતે તપગચ્છમાં આચાર્યપદે વિજયપ્રભસૂરિ હતા એમ એ પ્રશસ્તિમાં લખ્યું છે. આ બાબતમાં કાંઈ અવ્યવસ્થા જણાય છે. ૧૭૦૮માં વિજયસિંહસૂરિ હયાત હતા. તેઓ ૧૭૦૯માં કાળધર્મ પામ્યા એ પ્રસિદ્ધ વાત છે. પ્રશસ્તિ કાંઈ મોડી લખાયેલી હોવી જોઈએ એમ મારું અનુમાન છે.

સર્વ વિષયોનો સંગ્રહ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે એમ એ ગ્રંથની આ નીચે આપેલી સંક્ષિપ્ત અનુક્રમણિકા પરથી જોવામાં આવશે. એના મુખ્ય ચાર વિભાગ પાડવામાં આવ્યા છે : દ્રવ્યલોક, ક્ષેત્રલોક, કાળલોક અને ભાવલોક. તેના સર્ગ ૩૬ છે. ૩૭મો સર્ગ અનુક્રમણિકાનો જ છે તે નીચે પ્રમાણે—

(દ્રવ્યલોક)

પ્રથમ સર્ગમાં મંગળાચરણ, અભિધેય, પ્રયોજન, શિષ્ટપ્રસાદન, ઔદ્ધત્યત્યાગ, ગ્રંથનું નામ, અંગુળ-યોજન-રજ્જુ, પલ્યોપમ ને સાગરોપમનું સ્વરૂપ, ગુણાકાર, ભાગાકાર, સંખ્યેય, અસંખ્યેય ને અનંતના પ્રકારો વગેરે કહ્યું છે.

બીજા સર્ગમાં દ્રવ્યલોક, ક્ષેત્રલોક કાળલોક ને ભાવલોકનું નામમાત્ર આખ્યાન અને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય ને સિદ્ધનું સ્વરૂપ બતાવેલું છે.

ત્રીજા સર્ગમાં જે ૩૭ દ્વારો વડે સંસારી જીવોનું સ્વરૂપ બતાવવાનું છે તે ૩૭ દ્વારનો વિસ્તાર-તેનું સ્વરૂપ બતાવેલું છે.

ચોથા સર્ગમાં પૃથ્વીકાયાદિ પાંચ સૂક્ષ્મ સ્થાવરનું સ્વરૂપ કહ્યું છે. તેની ઉપર ૩૭ દ્વાર ઉતાર્યાં છે.

પાંચમા સર્ગમાં પૃથ્વીકાયાદિ પાંચ બાદર સ્થાવરનું સ્વરૂપ ૩૭ દ્વાર વડે કહ્યું છે. આ પ્રમાણે દરેક જીવપ્રકાર માટે સમજવું.

છઠ્ઠા સર્ગમાં દ્વીંદ્રિયાદિ તિર્યંચોનું સ્વરૂપ કહ્યું છે.

સાતમા સર્ગમાં મનુષ્યોનું સ્વરૂપ કહ્યું છે.

આઠમા સર્ગમાં દેવોનું સ્વરૂપ કહ્યું છે.

નવમા સર્ગમાં નારકોનું સ્વરૂપ કહ્યું છે.

દશમા સર્ગમાં સર્વ જીવોના ભવોનો સંવેધ કહ્યો છે, તેમ જ દશમા સર્ગમાં ભોટું અલ્પબહુત્વ અને કર્મપ્રકૃતિઓનું સ્વરૂપ કહ્યું છે.

અગિયારમા સર્ગમાં પુદ્ગલાસ્તિકાયના સ્વરૂપનું વર્ણન છે.

આ રીતે અગિયાર સર્ગમાં દ્રવ્યલોક પૂર્ણ થાય છે.

(ક્ષેત્રલોક)

બારમા સર્ગમાં સામાન્યથી ક્ષેત્રનું નિરૂપણ, દિશાનું નિરૂપણ, લોકમાં રજ્જુ અને ખંડુકનું સ્વરૂપ, સંવર્તિત લોકનું સ્વરૂપ અને તેની મહત્તા ને આયામ ઉપર દૃષ્ટાંત તથા રત્નપ્રભા વગેરે પૃથ્વીનું નિરૂપણ, વ્યંતરોની નગરાદિ સમૃદ્ધિનું પરિકીર્તન-આ સર્વે સવિશેષપણે નિરૂપિત કરે છે.

તેરમા સર્ગમાં ભવનપતિનું સ્વરૂપ તથા તેના ઇંદ્રોનાં નામ તથા તેના સામાનિક દેવો, અગ્રમહિષી વગેરેની સંપદા વિસ્તારથી કહી છે.

ચૌદમા સર્ગમાં સાત નરકનું નિરૂપણ, તેના પ્રસ્તટ, દરેક પ્રસ્તટે શરીરસ્થિતિ, લેશ્યા, આયુ અને વેદના વગેરેની સંપદા વિસ્તારથી કહી છે.

પંદરમા સર્ગમાં તિર્યક્‌લોકનું સ્વરૂપ, અસંખ્યાત દ્વીપ-સમુદ્રનું વર્ણન, જંબૂદ્વીપની જગતીનું ને તેના દ્વારનું તેમ જ તેના સ્વામીનું વર્ણન છે. આ સર્ગમાં વિજયદેવની ઋદ્ધિનું બહુ વિસ્તારથી વર્ણન છે.

સોળમા સર્ગમાં ભરતક્ષેત્ર, વૈતાઢ્ય પર્વત, તેની ગુફાઓ તથા કૂટો, હિમવંત પર્વત, પદ્મદ્રહ, શ્રીદેવી, ગંગા વગેરે નદીઓ, લવણસમુદ્રમાં નીકળેલી બે પર્વતની આઠ દાઢાઓ, તેની ઉપર રહેલા પદ અંતરદ્વીપો, તેમાં રહેલા યુગલિકો, હૈમવતક્ષેત્ર, તેમાં રહેલ વૃત્તવૈતાઢ્ય, મહાહિમવંત પર્વત, તેના પર રહેલ દ્રહ, તે દ્રહમાંથી નીકળતી બે નદીઓ અને તે પર્વત પર રહેલ કૂટો, હરિવર્ષ ક્ષેત્ર, નિષધ પર્વત, શીતા-શીતોદા નદી અને પાંચ-પાંચ દ્રહોનું વર્ણન છે.

સત્તરમા સર્ગમાં દેવકુરુ ને ઉત્તરકુરુ ક્ષેત્ર, પૂર્વ ને પશ્ચિમ મહાવિદેહ, આ પ્રમાણે સામાન્યથી ચાર વિભાગવાળા મહાવિદેહનું વર્ણન, તેમાં રહેલી વિજયો, વક્ષસ્કાર પર્વતો, અંતર નદીઓ, વિજયમાં રહેલ વૈતાઢ્ય, વિજયના છ ખંડ અને મુખ્ય નગરીઓ, ગંધમાદન ને માલ્યવંત ગજદંતોનું વર્ણન, ઉત્તરકુરુક્ષેત્રનું વિસ્તારથી નિરૂપણ, યમકાદ્રિ, પાંચ દ્રહો, ૧૦૦ કંચનગિરિઓ, જંબૂવૃક્ષનું તેના કૂટો સહિત વર્ણન, તેના અધિપતિનું વર્ણન, સૌમનસ ને વિદ્યુત્‌પ્રભ ગજદંતોનું વર્ણન, દેવકુરુ ક્ષેત્રનું વર્ણન, તેમાં રહેલા ચિત્ર ને વિચિત્ર પર્વતો દ્રહો, કંચનગિરિઓ, શાલ્મલી વૃક્ષ વગેરેનું વર્ણન છે.

અઢારમા સર્ગમાં મેરુપર્વતનું વર્ણન, તેનાં ચાર વન, તેમાં આવેલા કૂટો, મેરુની ત્રણ મેખલા, ઉપર આવેલી ચૂલિકા અને પાંડુકવનમાં આવેલ તીર્થંકરોના જન્માભિષેકની શિલાઓ અને સિંહાસનોનું વર્ણન છે.

ઓગણીશમા સર્ગમાં નીલવંત પર્વત, તેની ઉપર કૂટો, દ્રહ, તેની અધિષ્ઠાયક દેવી, દ્રહમાંથી નીકળતી શીતા ને નારીકાંતા નદીનું નામમાત્ર વર્ણન, રમ્યક્ ક્ષેત્ર, રુકમી પર્વત, હૈરણ્યવત ક્ષેત્ર, શિખરી પર્વત, ઐરવત ક્ષેત્ર, તેના છ ખંડ અને મધ્યની નગરી વગેરેનું વર્ણન, ક્ષેત્ર ને પર્વતાદિનું ઉત્તર-દક્ષિણમાં સામ્ય તેમ જ સર્વ પર્વતો, કૂટો, વિદ્યાધરની શ્રેણિઓ, તે પરનાં નગરો, કુલ નદીઓ, પ્રપાત કુંડો, દ્રહો, ચક્રવર્તી, તેનાં રત્નો, અરિહંતો તથા જંબૂદ્વીપવર્તી સૂર્ય, ચંદ્ર, ગ્રહાદિકની એકંદર સંખ્યા વગેરે સર્વ આપેલ છે.

વીશમા સર્ગમાં મંડલાદિક પાંચ દ્વાર વડે સૂર્ય-ચંદ્રની ગતિની રીત વિસ્તારથી બતાવી છે ને તેની સાથે નક્ષત્રના યોગનું, દિનવૃદ્ધિ ને ક્ષયાદિકનું, ધ્રુવરાહુનું ને પર્વ-રાહુનું, તિથિની ઉત્પત્તિનું અને પંદર દ્વારો વડે નક્ષત્રોનું નિરૂપણ કરેલું છે.

એકવીશમા સર્ગમાં લવણસમુદ્રનું, તેની શિખાનું, પાતાળકળશાઓનું, એ સમુદ્રમાં રહેલા દ્વીપોનું, સુસ્થિતાદિ દેવનું અને ચંદ્ર-સૂર્યાદિ જ્યોતિઓનું વર્ણન કરેલું છે.

બાવીશમા સર્ગમાં જુદાં જુદાં ક્ષેત્રાદિક કહેવા વડે ધાતકીખંડનું અને કાળોદધિનું પૂર્વવત્ વર્ણન બતાવવામાં આવ્યું છે.

તેવીશમા સર્ગમાં પુષ્કરાર્ધદ્વીપનું ને માનુષોત્તર પર્વતનું વર્ણન આપેલું છે અને નરક્ષેત્ર(અઢીદ્વીપ)માં આવેલા સમસ્ત ક્ષેત્ર અને પર્વતાદિકનો સંગ્રહ કરેલો છે, તેમ જ શાશ્વત ચૈત્યોની સંખ્યાનું વિસ્તાર સાથે નિરૂપણ કરેલું છે.

ચોવીશમા સર્ગમાં મનુષ્યક્ષેત્રની બહાર આવેલાં સ્થિર જ્યોતિઓ પૈકી સૂર્ય-ચંદ્રની શ્રેણિનું વર્ણન કર્યું છે. તથા પુષ્કરવર સમુદ્ર, ક્ષીરવર દ્વીપ, ક્ષીરવર સમુદ્ર વગેરેનું વર્ણન અનુક્રમે આપતાં નંદીશ્વર દ્વીપનું અને તે દ્વીપમાં આવેલાં શાશ્વતાં ચૈત્યોનું વિસ્તારથી વર્ણન અને પ્રાંતે સ્વયંભૂરમણ સમુદ્ર સુધીનું વર્ણન આપેલું છે.

પચીશમા સર્ગમાં ચર અને સ્થિર એવા ચંદ્રાદિ જ્યોતિઓની વ્યવસ્થિતિનું સવિસ્તર વર્ણન છે.

છવ્વીશમા સર્ગમાં ઊર્ધ્વલોકનું વર્ણન શરૂ થાય છે. તેમાં સૌધર્મ ને ઇશાન દેવલોકની હકીકત, તેનાં વિમાનોની શ્રેણિઓ, પુષ્પાવકીર્ણ વિમાનો, તેનાં નામ, તેમાં આવેલા પ્રાસાદની અને સભાઓની પરિપાટી, નવો દેવ કેવી રીતે ઊપજે તેના અભિષેકની હકીકત, તેણે કરાતી સિદ્ધોની પૂજા, તેનાથી ભોગવાતા ભોગ, દેવોના સ્વરૂપનું વર્ણન, દેવો કેવી ભાષા બોલે છે તેનું તથા દેવીઓના રૂપનું વર્ણન, તેની સાથેના વિલાસનું (કામક્રીડાનું) વર્ણન, તેમનો જેવા પ્રકારનો આહાર છે તે અને તેઓ આહાર અને શ્વાસોચ્છ્વાસ કેટલે અંતરે લે છે તેનું વર્ણન, મનુષ્યલોકમાં સ્નેહના આકર્ષણથી તેનું આવવું, પ્રેમના વશીકરણથી કેટલી નરકપૃથ્વી સુધી તેનું જવું, મહર્દ્ધિક દેવસ્વરૂપ, તેમના અવધિજ્ઞાનનું પ્રમાણ તથા લોકપાળ, અગ્રમહિષી (ઇંદ્રાણી), સામાનિક વગેરે દેવોથી શોભતા એવા સૌધર્મેંદ્ર અને ઇશાનેંદ્રની શક્તિ અને સંપત્તિનું વર્ણન વગેરે આપેલું છે.

સત્તાવીશમા સર્ગમાં ત્રીજા ને ચોથા દેવલોકનું વર્ણન, પાંચમા બ્રહ્મ દેવલોકનું વર્ણન, તેને અંગે મૂળથી નીકળેલા તમસ્કાયનું, કૃષ્ણરાજીનું અને તેના (કૃષ્ણરાજીના) અંતરે રહેલા લોકાંતિકનાં વિમાનોનું વર્ણન, લાંતક દેવલોકનું વર્ણન, ત્રણ પ્રકારના કિલ્બિષિક દેવોનું વર્ણન, જમાલિનું ચરિત્ર, શુક્ર-સહસ્રારાદિ દેવલોકનું યાવત્ અચ્યુત દેવલોક સુધીનું વર્ણન, રામ-

સીતાનું ચરિત્ર, ગ્રૈવેયક અને અનુત્તર વિમાનોનું વર્ણન, ત્યારપછી સિદ્ધશિલાનું અને લોકાંતે રહેલા સિદ્ધોનું વર્ણન આપેલું છે.

આ પ્રમાણે ૧૬ સર્ગમાં (૧૨ થી ૨૭ સુધીમાં) ક્ષેત્રલોક પૂર્ણ કરેલો છે.

(કાળલોક)

૨૮મા સર્ગમાં કાળને દ્રવ્ય તરીકે માનવા સંબંધી બે મતને આશ્રીને યુક્તિની સ્પષ્ટતા, છ ઋતુનું વર્ણન, કાળગોચર નિક્ષેપા, સમય, આવળી, ક્ષુલ્લક ભવનું વર્ણન, ઘડી, મુહૂર્ત, દિવસ, પક્ષ, માસ વગેરેનું વર્ણન, સૂર્ય, ઋતુ, ચંદ્ર, નક્ષત્ર ને અભિવર્દ્ધિત-એમ પાંચ પ્રકારના માસ, વર્ષ અને તેની ઉપપત્તિનું વર્ણન, યુગની આદિ કયારે થાય તે, દરેક યુગમાં આવતા માસ, ઋતુ, અયનો ને દિવસોનું પ્રમાણ, અધિક માસ, અવમ રાત્રિઓ ને વિષુવત્‌ની આવૃત્તિ, ઋતુ, અયન અને નક્ષત્રાદિ સાથે ચંદ્રમાનો યોગ, તેનાં કરણો, સૂર્યનાં કરણો, [illegible]ભવાદિ કરણો, પૌરુષી વગેરેનું પરિમાણ, તેના વડે તિથિ આદિનો નિશ્ચય વગેરે બતાવેલ છે.

૨૯મા સર્ગમાં યુગથી માંડીને સો-હજાર વગેરેના ક્રમથી શીર્ષપ્રહેલિકા સુધીના અંકોનું નિરૂપણ, અવસર્પિણીના પહેલા ત્રણ આરાનું વર્ણન તેમ જ કલ્પવૃક્ષ, યુગલિકાદિનું વર્ણન આપેલું છે.

૩૦મા સર્ગમાં સામાન્યે જિનેશ્વરોના જન્મથી માંડીને નિર્વાણ પર્યંતની સર્વ પરિસ્થિતિનું વિસ્તારથી વર્ણન આપેલું છે.

૩૧મા સર્ગમાં ચક્રવર્તીના દિગ્વિજયની હકીકત તેની સંપત્તિનું વર્ણન, નવ નિધિ ને ચૌદ રત્નોનું વર્ણન તથા વાસુદેવ, બળદેવ ને પ્રતિવાસુદેવનું સામાન્ય વર્ણન આપેલું છે.

૩૨મા સર્ગમાં ઋષભાદિ જિનેશ્વરોનું પૂર્વભવથી માંડીને સંક્ષેપથી ચરિત્ર વર્ણવેલું છે.

૩૩મા સર્ગમાં આ અવસર્પિણીમાં થયેલા ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ વગેરે સત્પુરુષોનું ચરિત્ર વર્ણવેલું છે.

૩૪મા સર્ગમાં આ પાંચમા આરાના સ્વરૂપનું નિરૂપણ અને તેમાં થનારા ઉદયો તથા આચાર્યોનું વર્ણન, તેમનાં નામો અને એ મહાત્માઓની કુલ સંખ્યા બતાવી છે. ત્યારપછી છઠ્ઠા આરાના પ્રારંભમાં થનારા ધર્મોચ્છેદાદિરૂપી સ્થિતિ, શત્રુંજયગિરિની વૃદ્ધિ-હાનિ અને છઠ્ઠા આરામાં બિલવાસી થનારા મનુષ્યાદિનું વર્ણન આપ્યું છે. તેમ જ ઉત્સર્પિણીમાં ઉત્કૃષ્ટપણે થનારી બધી સ્થિતિ, પર્યાયવૃદ્ધિ વડે વધતી છ યે આરાની સ્થિતિ, આવતી ઉત્સર્પિણીમાં થનારા જિન તથા ચક્રી વગેરેનું વર્ણન આપવામાં આવ્યું છે.

૩૫મા સર્ગમાં ચાર પ્રકારનાં પુદ્ગલપરાવર્તનનું સ્વરૂપ, ઔદારિકથી માંડીને કાર્મણ સુધીની આઠે વર્ગણાનું સ્વરૂપ, કર્મના પરમાણુઓમાં રહેલા અનુભાગના સ્પર્દ્ધકોનું સ્વરૂપ, અતીત, અનાગત કાળનું માન ઇત્યાદિ પરિકીર્તન વડે દિષ્ટ (કાળ) લોક સંપૂર્ણ કરેલો છે.

(ભાવલોક)

૩૬મા સર્ગમાં 'ભાવલોક'નું સ્વરૂપ આપેલું છે. તેમાં છ ભાવોનું સમ્યક્ પ્રકારે નિરૂપણ કર્યું છે અને ભાવલોક પૂર્ણ કર્યો છે.

આવી રીતે ચાર વિભાગમાં આ સર્વસમુચ્ચય ગ્રંથ (Encyclopaedia of Jainism) પૂરો કરવામાં આવ્યો છે, એના શ્લોકોની કુલ સંખ્યા ૧૫૫૫૯ છે, જ્યારે ગદ્યવિભાગ સાથેનું ગ્રંથાગ્ર ૨૦૬૨૧ શ્લોકનું છે. ગ્રંથાગ્ર ૩૨ અક્ષરે એક શ્લોકનું ગણાય છે. લખેલ પ્રતમાં પ્રાંતે ગ્રંથાગ્ર ૨૦૬૨૧ લખેલ છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચાર વિષયો લઇને આ ગ્રંથમાં જૈન ધર્મનો દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગ સંક્ષેપમાં સમાવી દેવામાં આવ્યો છે. આ ગ્રંથમાં ચરણકરણાનુયોગ શ્રાવકનાં બાર વ્રત તથા ૧૮૦૦૦ શીલાંગ વગેરે કહેવાને પ્રસંગે ચર્ચો છે. અને તીર્થંકરાદિ ચરિત્રોદ્વારા ધર્મકથાનુયોગ પણ ટૂંકામાં આપેલો છે.

તીર્થંકરો અને ચક્રવર્તીઓ તથા વાસુદેવોનાં ચરિત્રોનો વિષય કાળલોકમાં ચર્ચવામાં આવ્યો છે. મારી ગણતરી પ્રમાણે દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગની તો કોઈ પણ વાત ઘણે ભાગે આ ગ્રંથની બહાર રહેવા દેવામાં આવતી નથી. કોઈ જૈન ધર્મના તત્ત્વવિભાગનો સામાન્ય ખ્યાલ કે અભ્યાસ કરવો હોય તો તેને આ ગ્રંથ સારી રીતે બતાવી શકાય. જેના અભ્યાસ અને મનન માટે ભલામણ કરી શકાય તેવો ભવ્ય અને વિશાળ આ ગ્રંથ છે અને છતાં તેમાં સંક્ષિપ્તતા આણવા માટે જેટલો બને તેટલો પ્રયાસ કરવામાં આવ્યો છે.

એ ગ્રંથનું નામ 'લોકપ્રકાશ' રાખવામાં આવ્યું છે. **लोक्यते द्रव्याणि अस्मिन्निति लोकः** એવી 'લોક'શબ્દની વ્યાખ્યા કરવામાં આવી છે. જેમાં દ્રવ્યો દેખાય છે – જોવામાં આવે છે તે 'લોક,' દ્રવ્યના બે વિભાગ : જીવ અને અજીવ. અજીવના પાંચ પ્રકાર : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ. એ છ યે દ્રવ્યોનું ખૂબ વિસ્તારથી, પણ અન્ય શાસ્ત્રોની અપેક્ષાએ અતિ સંક્ષિપ્ત સ્વરૂપ આ ગ્રંથમાં આગમાદિ ધર્મશાસ્ત્રોના દોહનરૂપે આપવામાં આવ્યું છે.

આ ગ્રંથને એનસાઇકલોપીડિઆ–સમુચ્ચયગ્રંથ કહેવાનું કારણ એ છે કે ગ્રંથકર્તાએ એના આલેખનમાં ૧૦૨૫ સાક્ષીઓ–અન્ય મહાન આગમ આદિ ગ્રંથોની–મૂકી છે. કેટલીક જગ્યાએ આગમ–સૂત્રનો માત્ર નામનિર્દેશ છે; જ્યારે ઘણીખરી જગ્યાએ તો લેખકે પોતે મૂળપાઠોનો

ઉતારો પણ સાથે જ આપ્યો છે. મૂળ આગમ ને પંચાંગી મળી અડસઠમાંથી શહાદતો તેમાં આપી છે, જ્યારે ગ્રંથો અને પ્રકરણો, જેના આધાર ટાંકવામાં આવ્યા છે તેની સંખ્યા ૧૦૩ની થાય છે. આ આખું ૧૦૨૫ શહાદતોનું સ્થાન-લિસ્ટ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાએ પ્રગટ કરેલ 'કાળલોકપ્રકાશ' નામના ગ્રંથના પ્રારંભના ૩૬ થી ૪૭ પૃષ્ઠમાં ખૂબ પ્રયાસ કરીને આપવામાં આવ્યું છે. લોકોમાં વાત પ્રચલિત હતી કે આ ગ્રંથરચનામાં શ્રી વિનયવિજય ઉપાધ્યાયે ૭૦૦ ગ્રંથની સાક્ષીઓ આપી છે તેને સ્થાને બરાબર હકીકત શી છે તેનો આ ઉતારાથી ખ્યાલ આવે તેમ છે. વળી तथाहुः, तथोक्तं,, इति वचनात्, वृद्धसम्प्रदायः, इति आम्नायः, पूर्वसूरिभिः, पुरातनाः, त्रुटितपत्रे, त्रुटितगाथायां, इति जनप्रवादः આવા શબ્દોથી સૂચવેલા આધારો ઉપરની સંખ્યામાં જણાવેલ નથી. એવા આધારો પણ પુષ્કળ છે. ગ્રંથકર્તાનું જ્ઞાન કેટલું વિશાળ હશે, યાદશક્તિ કેટલી તીવ્ર હશે અને વાંચેલ વાતને શોધી કાઢવાની શક્તિ કેટલી મજબૂત હશે તેનો ખ્યાલ કરવા જેવું છે, અત્યારની જેમ તે વખતે ગ્રંથો મુદ્રિત થયેલા નહોતા, ગ્રંથની અનુક્રમણિકા તે વખતે તૈયાર કરવાનો રિવાજ નહોતો, આચારાંગમાં વાંચેલ હતું એમ યાદ કરતાં તેમાંથી પાઠ ન નીકળે તો ભગવતીસૂત્રમાંથી એ પાઠ કાઢતાં કલાકો થાય તેવો તે યુગ હતો. તેવા હજારો ઉતારા સાથેનો આધારભૂત ગ્રંથ તદ્દન શુષ્ક વિષય પરનો તૈયાર કરવો અને તેમાં સ્ખલના આવવા ન દેવાની ચીવટ રાખવી એ અતિ વિશાળ જ્ઞાન, યાદશક્તિ પરનો કાબૂ અને સમુચ્ચયીકરણશક્તિ (Synthetic power)નો મહાનમૂનો પૂરો પાડે છે.

ઉત્તરાધ્યયનસૂત્રની મોટી ટીકા કરનાર શ્રી ભાવવિજયે એ ગ્રંથ શોધી આપ્યો છે. એ ભાવવિજયનું આગમજ્ઞાન અતિ વિશાળ હતું. આ રીતે આ ગ્રંથ પર આગમજ્ઞની છાપ મારવામાં આવી છે.

આ ગ્રંથમાં એક ખાસ વિશિષ્ટતા જોવામાં આવે છે. એમાં અનેક યંત્રો અને ચિત્રો મૂકવામાં આવ્યાં છે. એ ચિત્રો અને યંત્રો પૈકી યંત્રો તો ગ્રંથકર્તાએ પોતે જ તૈયાર કરેલાં છે, પણ ચિત્રો પોતે આલેખ્યાં હશે કે અન્ય કળાકાર પાસે તૈયાર કરાવ્યાં હશે તેની સ્પષ્ટતા કોઈ સ્થાનકે થઈ નથી. એ ગમે તેમ હોય પણ સત્તરમી સદીની આખરમાં જૈન ચિત્રકળાનાં વહેણ કઈ દિશાએ વહેતાં હતાં એ બતાવવા માટે એ ચિત્રો ઘણી સામગ્રી પૂરી પાડે છે. મુસલમાન સમયની ઉત્તરાવસ્થાના અનેક ભાસો એ ચિત્રોમાંથી બરાબર માલૂમ પડી આવે છે.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના શાસ્ત્રી જેઠાલાલ 'કાળલોક'ની પ્રસ્તાવનાને છેડે (પૃ. ૧૨માં) લખે છે કે " આ આખા લોકપ્રકાશ ગ્રંથમાં જે જે હકીકત ગ્રંથકારે સ્વકૃતિ તરીકે લખી છે તે સર્વ 'અનેક શાસ્ત્રાનુસાર'જ લખી છે. ઉપરાંત વધારે આશ્ચર્ય તો એ થાય છે કે તેમણે આપેલી અનેક સૂત્રો, વૃત્તિઓ, ગ્રંથો અને પ્રકરણોની સાક્ષીઓ ઉપરથી તેમણે કેટલાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હશે, કેટલાં શાસ્ત્રો તેમને કંઠસ્થ હશે, કેટલાં શાસ્ત્રો પ્રસંગે

સ્મૃતિમાં સાન્નિધ્યકારી હશે, વિષયોની પ્રરૂપણામાં કયાં કયાં શાસ્ત્રો, કયાં કયાં સ્થળે, કેવા કેવા અભિપ્રાયથી જુદાં પડે છે–મતાંતરવાળાં થાય છે તે બતાવેલ હોવાથી તે સંબંધી વિચાર કરતાં તેઓ એક ધુરંધર વિદ્વાન તરીકે માલૂમ પડે છે." બ્રાહ્મણ છતાં જૈન શાસ્ત્રના અનુભવી પંડિતનો આ અભિપ્રાય અક્ષરશઃ ખરો છે. શ્રી લોકપ્રકાશ ગ્રંથ બનાવીને આપણા કવિરાજે ખરેખર કમાલ કરી છે. એમનાં આગમજ્ઞાન, યાદશક્તિ અને તર્કવિચારણાની પરાકાષ્ઠા એમાં જણાય છે.

હૈમલઘુપ્રક્રિયા

શ્રી વિનયવિજય ઉપાધ્યાયે આ કૃતિ સંવત્ ૧૭૧૦માં કરી છે એમ સદર ગ્રંથની પ્રશસ્તિ પરથી જણાય છે. સદર પ્રશસ્તિ નીચે પ્રમાણે છે :—

स्फूजद्रूपार्थनिधेर्हैमव्याकरणरत्नकोशस्य ।
अर्गलभिद्रचनेयं कनीयसी कुञ्चिकाक्रियताम् ॥ १ ॥
श्रीहीरविजयसूरेः पट्टे श्रीविजयसेनसूरीशाः ।
तेषां पट्टे संप्रति विजयन्ते विजयदेवसूरींद्राः ॥ २ ॥
श्रीविजयसिंहसूरिर्जीयाज्जयवति गुरौ गते स्वर्गं ।
श्रीविजयप्रभसूरिर्युवराजो राजतेऽधुना विजयी ॥ ३ ॥
खेन्दुमुनीन्दुमितेऽब्दे विक्रमतो राजधन्यपुरनगरे ।
श्रीहीरविजयसूरेः प्रभावतो गुरुगुरोर्विपुलात् ॥ ४ ॥
श्रीकीर्तिविजयवाचकशिष्योपाध्यायविनयविजयेन ।
हैमव्याकरणस्य प्रथितेयं प्रक्रिया जीयात् ॥ ५ ॥

"હેમચંદ્રાચાર્યની કૃતિ, પ્રકાશમાન રૂપ અને અર્થના સમૂહરૂપ હૈમવ્યાકરણ તો રત્નનો ભંડાર છે. એ ભંડારની અર્ગલા (આગળિયો) તોડતી (ઉઘાડતી) આ રચના નાનકડી સરળ કુંચી છે તેનો તમે સ્વીકાર કરો. ૧.

"શ્રી હીરવિજયસૂરિને પાટે શ્રી વિજયસેનસૂરીશ્વર થયા. તેઓશ્રીની પાટ ઉપર હાલમાં શ્રી વિજયદેવસૂરિ વિજયવંતા વર્તે છે. ૨.

"જયવંતા ગુરુ સ્વર્ગે જતાં શ્રી વિજયસિંહસૂરિ જય પામ્યા. અત્યારે શ્રી વિજયપ્રભસૂરિ યુવરાજ તરીકે વિજયી થઈને શોભે છે. ૩.

"વિક્રમથી ૧૭૧૦ વર્ષે 'રાધણપુર' નગરે શ્રી હીરવિજયસૂરિના વિસ્તૃત પ્રભાવથી શ્રી કીર્તિવિજય ઉપાધ્યાયના શિષ્ય ઉપાધ્યાય વિનયવિજયે હૈમવ્યાકરણની આ પ્રક્રિયા બનાવી તે જય પામો. ૪–૫."

આ પ્રશસ્તિ ઉપરથી જણાય છે કે આ ગ્રંથ સં. ૧૭૧૦માં શ્રી ' રાધણપુર ' નગરમાં રચાયેા. વિશેષ હકીકત એમ જણાય છે કે સંવત્ ૧૭૧૦માં જ્યારે આ ગ્રંથની રચના થઈ ત્યારે આચાર્ય વિજયસિંહસૂરિ સ્વર્ગગમન કરી ગયા હતા અને તે વખતે યુવરાજપદ ઉપર શ્રી વિજયપ્રભસૂરિ ની સ્થાપના થયેલી હતી. એનેા આશય એમ જણાય છે કે તે વખતે હજુ શ્રી વિજયપ્રભસૂરિની આચાર્યપદ પર સ્થાપના થયેલી નહેાતી.

અન્ય ગ્રંથેા તથા ઐતિહાસિક પ્રમાણેા જોતાં વિજયસિંહસૂરિનું સ્વર્ગગમન સં. ૧૭૦૯-ના અષાડ શુદિ બીજને રેાજ જણાય છે. સં. ૧૭૧૦માં તપગચ્છની જે શાખામાં શ્રી વિનયવિજય ઉપાધ્યાય થયા તેમાં વિજયદેવસૂરિ ગચ્છાધિપતિ હતા. તેમણે પેાતાના સ્થાન માટે વિજયસિંહસૂરિની સ્થાપના કરેલી હતી. તે સં. ૧૭૦૯માં કાળધર્મ પામી ગયા. ત્યારબાદ ૧૭૧૧માં વિજયપ્રભસૂરિને ગણાજ્ઞા આપી હતી. ઇતિહાસ પ્રમાણે તેમનેા આ ગણાનુજ્ઞાનેા મહેાત્સવ અમદાવાદમાં સં. ૧૭૧૧માં થયેા હતેા.

આ 'હૈમલઘુપ્રકિયા ' ગ્રંથ શ્રી વિનયવિજય ઉપાધ્યાયે શ્રીમદ્ હેમચંદ્રાચાર્યરચિત 'સિદ્ધ-હેમશબ્દાનુશાસન' નામના મહાવ્યાકરણ અનુસાર બનાવ્યેા છે. જૈનેામાં વ્યાકરણની ખેાટ પૂરી પાડવા શ્રી હેમચંદ્રાચાર્યે મેાટું વ્યાકરણ બનાવ્યું, તેના આઠ અધ્યાય બનાવ્યા, તે પર છ હજાર શ્લેાકની લઘુવૃત્તિ બનાવી તથા અઢાર હજાર શ્લેાકની બૃહદ્વૃત્તિ બનાવી. તેના ઉપર એંસી હજાર શ્લેાકેાનેા ન્યાસ પણ તેમણે જ બનાવ્યેા. એ મૂળ વ્યાકરણના આઠમા અધ્યાયમાં પ્રાકૃત ભાષાનું વ્યાકરણ પણ સાથે જ તૈયાર કરેલું છે. એ ઉપરાંત ધાતુપારાયણ અને ઊણાદિ ગણસૂત્રેાનું વિવરણ કરી સંપૂર્ણ વ્યાકરણનેા વિષય તદ્દન નવીન પદ્ધતિ પર શ્રી હેમચંદ્રાચાર્યે મૂકી દીધેા છે.

વ્યાકરણની સરળતા તેા એથી થઈ, પણ ક્રમે ક્રમે નાની-મેાટી વૃત્તિ. ધાતુપારાયણ, ન્યાસ, ઢુંઢિકા ટીકા વગેરેથી એ વ્યાકરણ ઘણું મેાટું થઈ ગયું. એ ગૂચવણ દૂર કરવા માટે શ્રી વિનયવિજય ઉપાધ્યાયે આ નાની 'પ્રકિયા' રચી. એમણે પ્રથમ સંજ્ઞા-અધિકાર મૂળસૂત્રેા સાથે કારિકાદ્વારા જ પ્રતિપાદિત કર્યો, સંધિના નિયમેા સરળ અને સુગમ બનાવ્યા, ષટ્લિંગ પ્રકરણમાં શબ્દોને અકારાદિ ક્રમમાં ગેાઠવી દીધા અને ખાસ કરીને તદ્ધિત અને ધાતુમાંથી થયેલાં નામેાની રચના એટલી સરલ અને સુકર બનાવી દીધી કે તેને લઈને આખેા વ્યાકરણનેા વિષય સુખબેાધી અને અલ્પ વિસ્તારવાળેા થઈ ગયેા.

આ વ્યાકરણની પ્રથમ આવૃત્તિ 'શ્રી જૈન ધર્મ પ્રસારક સભા'એ સં. ૧૯૪૯માં કરી. ત્યારપછી એની માગણી થતાં સં. ૧૯૭૪માં એ જ સંસ્થાએ એની બીજી આવૃત્તિ બહાર પાડી. આખેા ગ્રંથ જોતાં શ્રી વિનયવિજય ઉપાધ્યાયનેા વ્યાકરણના વિષય પરનેા કાબૂ ઘણેા સુંદર દેખાયછે. એમણે વ્યાકરણ શીખવવાની નવીન પણ સરળ રીતિ દાખલ કરી. અને એ

વ્યાકરણનો ઉપયોગ અત્યારે પણ થાય છે; તેથી તેમની એ કૃતિ પણ સફળ ગણાય. જેમ શ્રીયુત રામકૃષ્ણ ભાંડારકરે સંસ્કૃત વ્યાકરણની અંગ્રેજીમાં રચના કરી અનેક રીતે એ વિષયને સહેલો કર્યો છે તેમ જ શ્રી વિનયવિજય ઉપાધ્યાયે સંસ્કૃત ભાષાદ્વારા જ વ્યાકરણને સરળ બનાવ્યું છે. આટલા પૂરતી તેઓશ્રીની વિશિષ્ટતા અને મૌલિકતા ગણાય.

સ્વોપજ્ઞ ટીકા :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભાએ બહાર પાડેલા 'કાળ અને ભાવપ્રકાશ' (લોકપ્રકાશ) ગ્રંથની પ્રસ્તાવના, પૃ. ૧૪માં આ વિદ્વાન લેખકની કૃતિઓનું પત્રક આપવામાં આવ્યું છે તેમાં ઉપરના વ્યાકરણ ઉપર ગ્રંથકર્તાએ પોતે જ ૩૫૦૦૦ શ્લોકની ટીકા રચી છે એમ જણાવ્યું છે. તેમાં બનાવવાનું સ્થળ રાધણપુર લખે છે.

જૈનગ્રંથાવલિ' (જૈન શ્વે. કોન્ફરન્સ)માં ભાષાસાહિત્યવિભાગમાં જૈનવ્યાકરણગ્રંથોનું પત્રક શોધિત ભંડારોને અંગેનું આપવામાં આવ્યું છે તેમાં આ સ્વોપજ્ઞ ટીકા સંબંધી કાંઈ ઉલ્લેખ નથી. પૃ. ૩૦૯માં વિનયવિજય રચિત હૈમલઘુપ્રક્રિયાનો ઉલ્લેખ છે. તેનું પૂર ૨૫૦૦ શ્લોકનું બતાવ્યું છે. એનો રચનાકાળ સંવત્ ૧૭૩૭ લખ્યો છે અને નીચે નોટમાં લખે છે કે "આ સંવત્નો અંક પાટણની ટીપ ઉપરથી ઈહાં નોધ્યો છે. પણ ખંભાતની ટીપમાં સદરહુ પ્રક્રિયા સં. ૧૭૦૧માં રચાઈ છે એમ જણાવ્યું છે. " આ બંન્ને સંવત્ ખોટા છે એની સ્પષ્ટતા તો ઉપરના ઉતારાથી થઇ જાય છે, કારણકે સ્પષ્ટપણે કૃતિનો સંવત્ ૧૭૧૦ લેખકે પોતે જ જણાવી દીધો છે.

સદર ટીકાની એક પ્રત શ્રી ભાવનગર સંઘના જ્ઞાનભંડારમાં છે. હાલ તેને છપાવવાનો પ્રબંધ એક મુનિરાજ તરફથી થઈ ગયો છે અને ઘણો ભાગ છપાઈ જવા આવ્યો છે એવા સમાચાર સાંપડ્યા છે. વ્યાકરણને તદ્દન સરળ બનાવી દેવાનું સુંદર કામ ઉપાધ્યાય લેખકશ્રીએ કર્યું, તે પરથી તેમનો સંસ્કૃત ભાષા પર કેટલો પાકો કાબૂ હશે એ બાબત ધ્યાન ખેંચાયા વગર રહે તેમ નથી. સદર ગ્રંથની લગભગ ૩૫૦૦૦ શ્લોકની સ્વોપજ્ઞ વૃત્તિની શરૂઆતમાં લેખકશ્રી લખે છે કે :-

इह हि श्रीसिद्धराजजयसिंहदेवप्रभृतिपरःशतक्षितिपालमौलिमाणिक्यमालोत्तेजितक्रमनखसहस्रपादाः प्रत्यक्षसरस्वतीचक्रेश्वर्यादिदेवताचतुष्टयकृताह्लादा व्याकरणकाव्यालंकारच्छंदस्तर्कार्घनेकशास्त्रनिर्माणकृतसकलकोविदप्रसादाः श्रीहेमचन्द्रसूरिपादाः परपरिगृहीतपाणिनीयादिव्याकरणाध्ययने तेषां विनयादिविधाने च जैनयतयो मा स्म खिद्यन्तीति तेषां कृपया श्रीसिद्धराजप्रार्थनया च सकलव्याकरणोपनिषद्भूतमलौकिकसूत्ररचनाप्रधानं विविधविशेषार्थनिधानं श्रीहेमचन्द्राभिधानं महाव्याकरणं विरचयांचक्रुः। तस्मिंश्च रत्नाकर इवातिगंभीरेऽनुवृत्त्याद्यानुकूल्येन सूत्ररचनांचिते शब्दव्युत्पत्तौ व्यस्तसूत्रतां विलोक्य केचनाल्पमतयो ग्राम्या इव माणिक्यपरिग्रहेऽलसायन्ते। ततस्तेषामस्मिन्व्याकरणे प्रवेशोपायभूतां शब्दसाधनक्रमेण कतिपयहैमसूत्रसंघटनात्मिकां हैमलघुप्रक्रियां चिकीर्षुर्ग्रंथकारः...॥

વગેરે. આ શરૂઆત ઉપરથી જણાય છે કે આ હૈમલઘુપ્રક્રિયા ગ્રંથ તૈયાર કરવાનો ઉદ્દેશ શ્રી સિદ્ધહૈમવ્યાકરણમાં પ્રવેશ કરવામાં સહાયક થવાનો જણાય છે. આખી વૃત્તિ બહુ સરળ સંસ્કૃત ભાષામાં રચી છે.

સદર હૈમલઘુપ્રક્રિયા ઉપર શ્રી વિનયવિજય ઉપાધ્યાયે સં. ૧૭૩૭માં ૩૪૦૦૦ શ્લોક-પ્રમાણ ટીકા રચી, તેને રતલામ નગરમાં વિજયાદશમને દિવસે પૂરી કરી (ઋષિ–૭, વહ્નિ–૩, જલધિ–૭, શશિ–૧ અર્થાત્ ૧૭૩૭મે વર્ષે) એમ તેની પ્રશસ્તિ પરથી જણાય છે. એ ગ્રંથની પ્રશસ્તિ ઘણી સુંદર છે. તેમાં પોતે જણાવે છે કે "અમે નવાં કાવ્યોમાં પ્રવીણ છીએ, પાણિનિ અને હેમચંદ્રના વિજ્ઞાનમાં, વાસ્તુતત્ત્વમાં, તર્કશાસ્ત્રમાં નિષ્ણાત છીએ, સિદ્ધાંતમાં ધન્યબુદ્ધિ છીએ, નાટકોના જાણકાર છીએ, નીતિશાસ્ત્રમાં, શકુનશાસ્ત્રમાં, વૈદકમાં કાબેલ છીએ, અને નવા નવા છંદોમાં રચના કરી શકીએ છીએ, નવ રસ અને અલંકારની ગૂંચવણોના માહિતગાર છીએ, છ ભાષાના પદ્યબંધની રચના અમને હસ્તગત છે અને અધ્યાત્મવિદ્યામાં અમે ધુરંધર છીએ. આવા અમને લોકમાં જીતનાર કોણ છે ?—આવા અભિમાનમાં અમે મત્ત થયા હતા, એવામાં અકસ્માત્ અમારી નજર શ્રી હેમચંદ્રાચાર્ય વગેરે પર પડી એટલે તેમના પ્રબંધો જોતાં અમારો સર્વ ગર્વ ગળી ગયો. એના ગંભીર અર્થોને વિચારતાં એમની સાહિત્યલીલાના ધ્યાનમાં અમે ગરકાવ થઈ ગયા."

સદર પ્રશસ્તિ પરથી જણાય છે કે તેમણે સૂત્રનો ક્રમ જ ફેરવ્યો છે, પણ સૂત્રો તો અસલ સિદ્ધહૈમનાં જ રાખ્યાં છે. આ ટીકાની શ્લોક સંખ્યા ૩૪૦૦૦ લખી છે. તેમાં પ્રક્રિયાના શ્લોકો સાથે ગણ્યા છે કે નહિ તે સ્પષ્ટ નથી.

આ વ્યાકરણની ટીકાનું હાલમાં ઉ. ક્ષમાવિજયજી મારફત મુદ્રણ થાય છે. એમણે એની બે–ત્રણ પ્રતો મેળવી છે. શુદ્ધ કરવા માટે બનતો પ્રયાસ કર્યો છે. પૂર્વાર્ધ છપાઈ ગયેલ છે, આગળ છપાય છે, તેની પ્રશસ્તિ બધી પ્રતમાં સરખી નથી છતાં પ્રયાસ કરીને તેઓ સાહેબે ઠીક કરીને લખી મોકલી છે. તે નીચે પ્રમાણે છે—

प्रशस्तिः

नव्ये काव्येऽतिभव्याः प्रथितपृथुधियः पाणिनीये च हैमे,
विज्ञाने वास्तुतत्त्वेऽप्यतिविशदधियः कर्कशास्तर्कशास्त्रे ।
सिद्धान्ते बुद्धिधन्या गुणिगणकगणाग्रेसरा नाटकज्ञा,
निष्णाता नीतिशास्त्रे शकुनजयविदो वैद्यके हृद्यविद्याः ॥ १ ॥

स्वच्छन्दं छन्दसामप्यधिगतरचना यावती भावनीयाः,
प्राप्तालङ्कारसारा रुचिरनवरसग्रन्थग्रन्थे समर्थाः ।

षड्भाषापद्यबन्धोद्भुरमधुरगिरोऽध्यात्मविद्याधुरीणाः,
कोकेऽप्यस्तोकलोकप्रकटितयशसस्ते वयं केन जय्याः ? ॥ २ ॥

यावद्विद्याभिमानैरिति हृदि बहुधा मत्ततामाश्रयाम-
स्तावद्दैवावदक्स्मात् स्मृतिपथमगमन् हेमसूरीश्वराद्याः ।
गर्वः सर्वोऽपि खर्वः समजनि युगपत्तत्प्रणीतप्रबन्धात्,
ध्यायन्तोऽर्थैर्गभीरानथ परिचिनुमस्तत्त्वसौहित्यलीलाम् ॥ ३ ॥
त्रिभिर्विशेषकम् ॥

श्रीहेमचन्द्रादिसूरीश्वराणां, पुरः स्फुरेद्यः कवितामदौघः ।
तार्क्ष्यस्य पक्षौ समुदीक्ष्य साक्षात्, स मक्षिकाणामिव पक्षगर्वः ॥ ४ ॥

हैमव्याकरणार्णवं निजधिया नावावगाह्याभितो,
मज्जृषा समपूरि भूरिघृणिभिर्यैर्न्यायरत्नैरिह ।
ज्योतिस्तत्त्वविवर्तवार्तिककृतः श्रीहेमहंसाह्वया,
जीयासुः सुमनोमनोरमगिरस्ते वाचकाधीश्वराः ॥ ५ ॥

हैमव्याकरणाम्भोधिं, येऽवगाह्य महाधियः ।
अभिज्ञानमिवाकार्षुः, क्रियारत्नसमुच्चयम् ॥ ६ ॥

वैयाकरणधर्वास्ते, श्रीगुणरत्नसूरयः ।
अन्येऽपि शाब्दिकप्रष्ठा विजेषीरन् महर्षयः ॥ ७ ॥ युग्मम् ॥

हैमव्याकरणार्णवस्य महतस्तुच्छा मदीया मति-
र्द्रोणी पारमविन्दतीयमसकृत्क्रोडेऽस्य विक्रीडयन् ।
यद्वामू मुदमुक्तिमौक्तिकशतैर्व्यक्तीकृतैः कोविदान्
तत्सर्वं सुगुरुप्रसादपवनप्रागल्भ्यमुज्जृम्भते ॥ ८ ॥

श्रीसूरिभिर्यानि निरूपितानि सूत्राणि तान्येव शताधिकानि ।
क्रमः परिवर्तित एष शब्द-व्युत्पत्तये मादृशबालिशानाम् ॥ ९ ॥

या श्रीहेमगुरोर्मुखाम्बुदभवा सा मे क्व वाक्चातुरी-
त्यालोच्यैव कृतो वचोभिरमलैस्तैरेव शब्दक्रमः ।
सर्वं प्राक्तनमेव नव्यमिह किं निर्दिष्टमित्यादिभि-
र्वाक्यैर्मामिह ये हसन्ति सुहृदस्तुष्यन्तु ते सज्जनाः ॥ १० ॥

हं हो ! कोविदकुञ्जराः ! किमु गिरामर्थेषु संशय्यते !,
वीक्षध्वे किमु साधुशब्दघटनापृच्छाविलक्षा वियत् ।

सूत्राणां विविधप्रयोगसज्जुषामन्वेषणे कः श्रमो,
जागर्त्येष विशेषबोधकुशलो हेमप्रकाशो गुरुः ॥ ११ ॥

सन्तः प्रसीदन्तु सदोल्लसन्तो, गुणान् परेषां कृतिनो विभाव्य ।
क्रीडाशिशोरित्यपि कौतुकान्मे, प्रयत्नमेनं स्वदृशा पुनन्तु ॥ १२ ॥

चित्रं रागद्वेषौ दोषादुपकारिणाविह कृतौ मे ।
यदि मां सन्तो रागाद्, द्वेषादपरे विलोकयिष्यन्ति ॥ १३ ॥

क्षुण्णं यदत्र लिखितं, मया प्रमादादिचटुलचित्तेन ।
तच्छोधयन्तु सुधियो, मया प्रणामाञ्जलिर्घटितः ॥ १४ ॥

श्रीविजयप्रभगणपति-पट्टाधिपविजयरत्नसूरीणाम् ।
निर्देशादिह हर्षाद्, वर्षारात्रं स्थितवतो मे ॥ १५ ॥

ऋषिवह्निजलधिशशि(१७३७)मित-वर्षे रतलामपुरे रम्ये ।
ग्रन्थोऽयं संपूर्णो, विजयदशम्यामिति श्रेयः ॥ १६ ॥

આ પ્રશાસ્તમાંથી પ્રથમના ત્રણ શ્લોકનો ભાવાર્થ ઉપર આપ્યો છે.
હવે સંસ્કૃત ભાષાની નાની કૃતિઓ તપાસી જઈએ.

નયકર્ણિકા—

નય–દૃષ્ટિબિંદુઓના વિષય પર ૨૩ ગાથાની નાની પુસ્તિકા શ્રી વિનયવિજય ઉપાધ્યાયે દીવબંદરમાં રચી છે. બહુ સંક્ષિપ્તમાં મુદ્દામ રીતે 'નય' એટલે શું એનો આછો ખ્યાલ એ ગ્રંથમાં આપવામાં આવ્યો છે. એ પ્રવેશક ગ્રંથ જેવો છે. એની પ્રશસ્તિમાં ગ્રંથકર્તા લખે છે :-

इत्थं नयार्थकवचःकुसुमैर्जिनेन्दुर्वीरोर्चितः सविनयं विनयाभिधेन ।
श्रीदीवबन्दरवरे विजयादिदेवसूरीशितुर्विजयसिंहगुरोश्च तुष्टयै ॥

"આ પ્રકારે વિનયવિજયે વિજયદેવસૂરીશ્વર તથા વિજયસિંહગુરુની તુષ્ટિ માટે દીવ બંદરમાં નયના અર્થને જણાવનારાં વચનપુષ્પો વડે શ્રી જિનચંદ્ર વર્ધમાનસ્વામીની પૂજા કરી." આ ગ્રંથની રચનાનો સંવત્ ગ્રંથકર્તાએ આપ્યો નથી. વિજયસિંહસૂરિનું સ્વર્ગગમન સં. ૧૭૦૯માં થયું છે. વિજયદેવસૂરિએ પોતાની હયાતીમાં ગચ્છભાર વિજયસિંહસૂરિને સોંપ્યો હતો એ સર્વ ઐતિહાસિક બાબતો વિચારતાં આ ગ્રંથ બંને સદર આચાર્યોની હયાતીમાં તૈયાર થયેલો હોઇ એમ અનુમાન થાય છે કે એ કૃતિ સં. ૧૭૦૧માં લગભગ બની હશે.

એ કૃતિ ઉપર વિસ્તારથી ટીકા પંન્યાસ શ્રી ગંભીરવિજય ગણિએ રચી છે. એ આપેલા

ગ્રંથ તથા ટીકા 'જૈનસ્તોત્રસંગ્રહ'(શ્રી યશોવિજય ગ્રંથમાળા)માં પ્રકટ થયેલ છે અને તેનો ગુજરાતી અનુવાદ શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઈ વકીલે ઈ. સ. ૧૯૧૦માં વિસ્તારથી નોટ, ઉપોદ્ઘાત સાથે પ્રકટ કરેલ છે. આ કૃતિ ન્યાયના અભ્યાસના આરંભ-પ્રવેશ માટે ઉપયોગી છે અને અનુવાદકારે નયના વિષયની મુદ્દામ છણાવટથી એ નાના ઉલ્લેખને સારી રીતે ઝળકાવ્યો છે. શ્રીયુત મોહનલાલ દેશાઈનો એ પ્રયત્ન સફળ છે, નયના સામાન્ય ખ્યાલ માટે ઉપયોગી છે અને પ્રાથમિક અભ્યાસીઓને માટે અનિવાર્ય છે.

ઇંદુદૂત (કાવ્યમાળા, નિર્ણયસાગર પ્રેસ, ચૌદમો ગુચ્છક)—

તેનો ટૂંક સાર 'વિજ્ઞપ્તિત્રિવેણિ'ના ઉપોદ્ઘાતમાં (લેખક શ્રી જિનવિજય, પૃ. ૬-૧૮) આપેલ છે. સાંવત્સરિક પ્રતિક્રમણ કર્યા પછી એક સંઘ બીજા સંઘ પર ક્ષમાપનાના પત્ર લખતા. શિષ્ય પોતાના ગુરુ પર લખતા. અને કેટલીક વાર એવા પત્રો ૬૦ હાથ અને કોઈ વાર તો સો હાથ લાંબા થતા. એની પહોળાઈ ૧૦-૧૨ ઈંચ અને કાગળો સાથે કાગળ ચોંટાડી એમાં મંદિરોના દેખાવો વગેરેનાં ચિત્રો મૂકતા. એનો આકાર જન્મપત્રિકા જેવો થતો. રાજા-બાદશાહના મહેલ, નગર, બજાર, ભિન્નભિન્ન ધર્મોનાં દેવાલય અને ધર્મસ્થાનો, કૂવા, તળાવ, નદી, નટ-બાજીગરના ખેલ, ગણિકાનાં નૃત્ય વગેરે અનેક ભાતનાં દૃશ્યોનું આ વિજ્ઞપ્તિપત્રોમાં આલેખન થતું હતું. આ ચિત્રવિભાગ સાથે વર્ણનવિભાગ પણ બહુ સુંદર કાવ્યમય બનાવવામાં આવતો હતો.

આ લેખ વિનયવિજય ઉપાધ્યાયે જોધપુર(મારવાડ)થી લખ્યો છે. તે વખતે આચાર્ય શ્રી વિજયપ્રભસૂરિ સૂરતમાં ચાતુર્માસ હતા. ભાદરવા શુદિ ૧૫ની રાત્રિએ ચંદ્રને જોતાં તેને દૂત બનાવી તેની સાથે આચાર્યને વિજ્ઞપ્તિ મોકલી છે. આખો લેખ સંસ્કૃત મંદાક્રાંતા છંદમાં છે. કાવ્યની ભાષા અતિ આકર્ષક અને વર્ણનો ભવ્ય છે. ૨-૭ સુધીનાં કાવ્યોમાં જોધપુરનું વર્ણન છે, પછી ચંદ્રને દૂત ગણી કુશળપ્રશ્ન તેને પૂછે છે અને જોધપુરથી સૂરત જવાનું છે એમ જણાવી તેના આખા રસ્તાનું વર્ણન કરે છે. કંચનગિરિ, આલોર, શિરોહી, આબૂનાં ભવ્ય શિખર વર્ણવ્યાં છે. આબૂ પરનાં વિમળમંત્રી અને વસ્તુપાળનાં દેરાંનું વર્ણન અને અચલગઢ શિખર પર સ્વર્ણમિશ્રિત મૂર્તિઓનું વર્ણન કરી ત્યાંથી ઇંદુને સરસ્વતીના કાંઠા પર આવેલા સિદ્ધપુરમાં રોકાવાનું કહે છે. ત્યાંથી સાબરમતીના કાંઠા પર અહમદાવાદ જવાનું કહે છે. ત્યાંના લક્ષ્મીપતિઓના આવાસો તથા જિનચૈત્યો વર્ણવી વટપદ્ર(વડોદરા)ને વર્ણવ્યું છે. પછી ભરૂચ, તાપી નદીમાં સેંકડો જહાજો અને છેવટે સૂરતનું વર્ણન અતિ ભવ્ય ભાષામાં કર્યું છે. ત્યાંના ગોપીપુરાના શ્રાવકોપાશ્રયમાં જઈ ભવ્ય મંડપમાં વ્યાખ્યાતાના સિંહાસન પાસે ઇંદુને જવાને કહે છે. પછી ગુરુના ગુણોનું વર્ણન કરી એ મહાન તપગચ્છાધિપતિને નમજો અને પછી તેને મારો સંદેશો કહેજો એવી ભલામણ કરે છે છેલ્લાં ૧૦ કાવ્યોમાં સંદેશો છે. લેખક અવગુણથી ભરેલા છે અને ગચ્છપતિ વિશાળ હૃદયના છે વગેરે વાતો રજૂ કરે છે.

આ આખા લેખની પાછળ લાંબો ઇતિહાસ છે. લેખની નજરે-કાવ્યની નજરે જોઈએ તો એ ખરેખર સુંદર કાવ્ય છે. તે વખતનો સૂરતથી જોધપુરનો માર્ગ અત્યારનો લગભગ રેલ્વેનો જ માર્ગ છે. ખાસ કરીને અતિ ભવ્ય ભાષામાં શહેર, મંદિરો અને કુદરતનું વર્ણન કવિએ કર્યું છે તે ખાસ વાંચવા જેવું છે. એમાં કુલ ૧૩૧ શ્લોક છે. એ આખો લેખ વિજય-પ્રભસૂરિને ઉદ્દેશીને લખાયેલો છે. વિજયદેવસૂરિની હયાતીમાં જ વિજયસિંહસૂરિએ કાળ કર્યો (સં. ૧૭૧૦) એ જાણીતી વાત છે. વિજયપ્રભસૂરિ સં. ૧૭૧૨માં ગચ્છાધિપતિ થયા. તેમની પ્રકૃતિ આકરી હતી અને બીજા કેટલાય સુયોગ્ય સાધુને છોડીને તેમને આચાર્યપદ આપવામાં આવ્યું તેથી ગચ્છમાં તેમનો વિરોધ ચાલતો હતો. વિજયદેવસૂરિએ સં. ૧૭૧૨માં કાળ કર્યો ત્યારે વિજયપ્રભસૂરિની સામેના વિરોધમાં વિનયવિજય ઉપાધ્યાય સામેલ થયા. ત્યારબાદ કેટલાંક વર્ષો પછી વિજયપ્રભસૂરિનો પ્રભાવ વધ્યો અને સંઘમાં તેમનું વિશેષ સન્માન થવા લાગ્યું. ગચ્છમાં વિરોધ વધી ન પડે તેટલા ખાતર આ વિજ્ઞપ્તિપત્ર વિનયવિજય ઉપાધ્યાયે લખ્યો હતો એમ જણાય છે. એનું અનુમાને વર્ષ સં. ૧૭૧૮ લાગે છે. ત્યારથી એમણે શ્રી વિજયપ્રભસૂરિની આજ્ઞાનો સ્વીકાર કર્યો. નમૂનાના થોડા શ્લોક જોઈ જઈએ, જેથી કાવ્ય ચમત્કૃતિનો ખ્યાલ આવે. આરંભશ્લોક :—

स्वस्तिश्रीणां भवनमवनीकान्तपंक्तिप्रणम्यं,
प्रौढप्रीत्या परमपुरुषं पार्श्वनाथं प्रणम्य ।
श्रीपूज्यानां गुरुगुणवतामिन्दुदूतप्रभूतो-
दन्तं लेखं लिखति विनयो लेखलेखानतानाम् ॥ १ ॥

આબૂનાં વિમળ મંત્રી ને વસ્તુપાળનાં મંદિરો વર્ણવતાં કહે છે :—

रूप्यस्वच्छोपलदलमयौ चित्रदोत्कीर्णचित्रौ,
चञ्चच्चन्द्रोदयचयचितौ कल्पितानल्पशिल्पौ ।
जीयास्तां तौ विमलनृपतेर्वस्तुपालस्य चोच्चौ,
प्रासादौ तौ स्थिरतरयशोरूपदेहाविव द्वौ ॥ ५४ ॥

અમદાવાદની પોળ-પાડાઓનું વર્ણન આનંદ આપે તેવું છે :—

एकैकोऽस्य ध्रुवमुडुपते ! पाटकोऽन्यैः पुराणां,
वृन्दैस्तुल्यो जनपदसमान्येव शाखापुराणि ।
वेश्मैकैकं पृथुतरमुरुग्रामतुल्यं तदस्य,
माहात्म्यं कः कथयितुमलं प्राप्तवाग्वैभवोऽपि ॥ ७४ ॥

સૂરત ગોપીપુરા ઉપાશ્રય, જ્યાં આચાર્યશ્રી તે વખતે ચાતુર્માસ રહેલા હતા તેનું વર્ણન વાંચતાં કવિની પ્રતિભાનો ખ્યાલ આવે છે :—

मध्ये गोपीपुरमिह महान् श्रावकोपाश्रयोऽस्ति,
कैलासाद्रिप्रतिभट इव प्रौढलक्ष्मीनिधानम् ।
अन्तर्वर्त्यार्हतमतगुरुप्रौढतेजोभिरुच्च-
ज्ज्योतिर्मध्यस्थितमघवता ताविषेणोपमेयः ॥ १०१ ॥

આવા અદ્ભુત કળાકૃતિના ૧૩૧ શ્લોકો એ વખતની સમાજસ્થિતિ, શિલ્પકળા, ચિત્ર વગેરેનો ખ્યાલ આપે તેવા છે. અને શ્રીપૂજ્યનો પ્રભાવ તપગચ્છ પર કેટલો પડતો હશે તેનો પણ એ કૃતિથી બરાબર ખ્યાલ આવે છે. આખી કૃતિ ઐતિહાસિક, કળા અને સ્થાપત્ય તથા ભૌગોલિક નજરે વિચારવા યોગ્ય છે અને કાવ્યની નજરે તો ખરેખર મહાન છે. અસલ કૃતિમાં ચિત્રવિભાગ જરૂર હશે, તે પણ જાળવી રાખવો જરૂરી છે. મુગલસમયના ઉત્તર કાળમાં આ ચિત્રરચના કેવી થતી હતી તેનો તેમાં ખ્યાલ જરૂર સાંપડશે એવું અનુમાન સાહજિક છે.

શાંતસુધારસ—

આ ગ્રંથની વિશિષ્ટતા પર અન્યત્ર વિવેચન થયેલ છે તે જોવું. એ ગ્રંથ સં. ૧૭૨૩માં ગાંધાર નગરમાં પૂરો થયો છે. એમાં પૂર્વપરિચય અને પ્રશસ્તિના મળીને ૧૦૬ શ્લોક છે. જ્યારે સોળ ભાવનાના અષ્ટકના ૧૨૮ શ્લોક છે. એમ આખો ગ્રંથ ૨૩૪ શ્લોકનો છે.

ગ્રંથાગ્ર(૩૨ અક્ષર=એક ગ્રંથાગ્ર)ને હિસાબે તેના ૩૫૭ શ્લોક થાય છે એમ પ્રતિઓમાં જણાવ્યું છે. સં. ૧૭૨૩માં શ્રી વિજયપ્રભસૂરિ તપગચ્છની પાટે મટ્ટધર ગચ્છાધિપતિ હતા.

આ ગ્રંથ પર પંન્યાસ શ્રી ગંભીરવિજય ગણિએ સંસ્કૃતમાં ટીકા રચી છે. ગ્રંથ અદ્વિતીય છે, શાંતરસથી ભરેલો છે અને આત્માને ઉદ્દેશીને જે ઉપદેશાત્મક થોડા સુંદર ગ્રંથો યોજાયેલા છે તે પૈકીનો આ ગ્રંથ છે. એવા ગ્રંથોમાં વિદ્વત્તા બતાવવાનો કે ચર્ચા ઉપસ્થિત કરવાનો ઉદ્દેશ હોતો નથી. ચેતનજી સાથે વાત કરવા માટે યોજાયેલ અપૂર્વ આંતર (Subjective) ગ્રંથ છે.

સંસ્કૃત ભાષામાં ગ્રંથ હોય છતાં દેશી રાગોમાં ગાઈ શકાય તેવો આ જૈન સાહિત્યમાં એક જ અદ્વિતીય ગ્રંથ છે અને સંસ્કૃત સાહિત્યમાં એની કક્ષામાં મૂકી શકાય તેવું 'ગીતગોવિંદ' નામનું પુસ્તક છે. એના પર વિસ્તૃત વિવેચન આ ઉપોદ્ઘાતની શરૂઆતમાં કરેલ હોવાથી અત્ર તે પર પુનરાવર્તન કરવામાં આવતું નથી.

ષટ્ત્રિંશત્-જલ્પ-સંગ્રહ—

ઉત્તરાધ્યયનની જાણીતી મોટી ટીકા રચનાર શ્રી ભાવવિજયે (વિજયદાનસૂરિના શિષ્યે) સં. ૧૬૬૯માં ષટ્ત્રિંશત્જલ્પ નામનો ગ્રંથ સંસ્કૃતમાં પદ્યમાં રચ્યો; તેમાં તે સમયની પ્રચલિત શાસનની સ્થિતિ બતાવી છે. આ ગ્રંથનું સંક્ષિપ્ત રૂપ સંસ્કૃતમાં ગદ્યમાં વિનય વિજય ઉપાધ્યાયે બનાવ્યું. આ ગ્રંથ અપ્રસિદ્ધ છે. (જૈ. સા. ઈ., પૃ. ૬૪૯)

અર્હન્નમસ્કાર સ્તોત્ર—

અપ્રસિદ્ધ. સંસ્કૃત. (જૈ. સા. ઈ., પૃ. ૬૪૯) (ઉદેપુર ભંડારમાં પ્રત છે.))

જિનસહસ્રનામ સ્તોત્ર—

છપાવેલ છે. લભ્ય છે. (ઉદેપુર ભંડારમાં લખેલી પ્રત છે.)

આ સ્તોત્ર સંવત્ ૧૯૮૧માં શ્રી વિજયદાનસૂરિએ વીર સમાજ–અમદાવાદ મારફત છપાવેલ છે. કિંમત એક આનો રાખેલ છે. ૧૪૯ ઉપજાતિવૃત્તિના સંસ્કૃત શ્લોકો છે. એ સ્તોત્ર સં. ૧૭૩૧માં લેખકશ્રીએ ગંધારમાં ચાતુર્માસ રહેલા ત્યારે બનાવેલ છે. બૂકનાં પૃષ્ઠ ૩૮ છે.

એના નામનો અર્થ એ કરવાનો છે કે–'જે સ્તોત્રમાં એક હજાર વાર જિનેશ્વરને નમસ્કાર કરેલ છે એવું સ્તોત્ર'. આ સ્તોત્રના દરેક કાવ્યમાં ૭ વાર **નમસ્તે** આવે છે. એવાં ૧૪૩ કાવ્ય હોવાથી તેને સાતે ગુણતાં ૧૦૦૧ નમસ્કાર થાય છે. ૧૪૪ થી ૧૪૭ સુધીના ચાર શ્લોકો પૈકી એક માગધી ગાથા **इक्कोवि नमुक्कारो०**(સિદ્ધાણું બુદ્ધાણું'ની)છે. એ ચારેનોભાવાર્થ એ છે કે—જો એક નમસ્કાર પણ સંસારસમુદ્રથી પ્રાણીને તારે છે તો પછી એક હજાર નમસ્કારથી કેટલો લાભ થાય ? એથી તો અનેક જન્માંતરોમાં કરેલા પાપો નાશ પામે. ઇત્યાદિ.

છેલ્લાં બે કાવ્ય પ્રશસ્તિને લગતાં છે. કાવ્ય દરરોજ પાઠ કરવા લાયક છે. કૃતિ વિદ્વત્તા-ભરેલી છે.

ગુજરાતી નાની–મોટી કૃતિઓ

વિનયવિજય ઉપાધ્યાયે સંસ્કૃત ભાષામાં ઉપર જણાવેલા ગ્રંથો લખેલા મને લભ્ય થયા છે. તે ઉપરાંત તેઓશ્રીનો ગુજરાતી ભાષા પર પણ સારો કાબૂ હતો. તેમનો લખેલ શ્રીપાળરાજાનો રાસ અધૂરો રહી ગયો અને તે શ્રી યશોવિજય ઉપાધ્યાયે પૂરો કર્યો, તે પર ઉપર વિવેચન થઇ ગયું. ગુજરાતી ભાષાના કાવ્ય પર તેઓનું કેટલું પ્રભુત્વ હતું તે તેના પરથી વિદિત થાય છે. તે ઉપરાંત તેઓની મોટી–નાની ગુજરાતી કૃતિ અહીં–તહીંથી પ્રાપ્ત થાય છે તેનો માત્ર નામનિર્દેશ અને તે પર સહજ ટીકા અને સાથે તેની પ્રશસ્તિ અપ્રાપ્ત ઇતિહાસપરત્વે પ્રકાશ પાડનાર ઉલ્લેખની ઊડતી નોંધ લઇએ. એ કૃતિ કયાં પ્રસિદ્ધ– મુદ્રિત થયેલ છે તે પણ બનતાં સુધી નોંધી લેવામાં આવશે.

સૂર્યપૂરચૈત્યપરિપાટી (પ્રાચીનતીર્થમાળાસંગ્રહ, ભાગ ૧લો. સંગ્રાહક વિજયધર્મસૂરિ, પૃ. ૧૮૯–૧૯૪)—

સં. ૧૬૮૯માં સુરતનાં મંદિરોની પરિપાટી કરી તેનું વર્ણન કર્યું. છે. આ કૃતિમાં દેરાસરોના મૂળનાયકોની સ્તુતિ નામનિર્દેશ સાથે કરી છે. કોઈ કોઈ જગાએ 'ઉંબરવાડા'

વગેરે મહોલ્લા કે લત્તાનાં નામ આપ્યાં છે. રાનેર(રાંદેર)માં નેમિનાથ, શામલાજી, આદિનાથ, વડસાલિ(વલસાડ)માં જીરાઉલા, ઘણદીવિ(ગણદેવી)માં ચિંતામણિ, નવસારીમાં શ્રીપાસ અને હાંસોટમાં ભગવતી દેવને યાદ કર્યા છે. છેવટે—

તપગચ્છ તપગચ્છ હીરપટોધરુ એ,
જેસિંગ જેસિંગ ગુરુ ગચ્છ સ્તંભકે,
રૂપાઈ સુત તસ પટઈ એ,
વિજય એ વિજયદેવસૂરિંદકે.
તપગચ્છ હીરપટોધરુ એ.

ચુટક

તપગચ્છિ હીરસમાન ગણુધર, **વિજયસિંહ** સુરીંદ એ,
તસ ગચ્છભૂષણ તિલક વાચક **કીર્તિવિજય** સુખકંદ એ;
તસ ચરણસેવક વિનય ભગતે થુણ્યા શ્રી જિનરાજ એ,
સસિકલા (૧૬) સંવતવર્ષ વસુ (૮) નિધિ (૯) ફળ્યા વંછિત કાજ એ.

કૃતિ સામાન્ય છે. ઐતિહાસિક નજરે ઉપયોગી છે. આમાં ૧૪ કડી છે અને સુરતનાં અગિયાર દેરાસરનાં નામ આપ્યાં છે તેમાં અનુક્રમે આ પ્રમાણે મૂળનાયક છેઃ—૧. ઋષભદેવ, ૨. શાંતિનાથ, ૩. ધર્મનાથ, ૪. પાર્શ્વનાથ, ૫. સંભવનાથ, ૬. ધર્મનાથ, ૭. અભિનંદન, ૮. પાર્શ્વનાથ, ૯. કુંથુનાથ, ૧૦. અજિતનાથ અને ૧૧. ચિંતામણિ પાર્શ્વનાથ.

આવા પ્રકારની તીર્થમાળા લખવાનો અગાઉ ખૂબ રિવાજ હતો એમ જણાય છે. પ્રાચીન તીર્થમાળા સંગ્રહમાં આવી પચ્ચીશ માળાઓ પ્રકટ કરવામાં આવી છે. બીજી નોંધ લેવા જેવી ઐતિહાસિક હકીકત એ છે કે સં. ૧૬૮૯માં વિજયદેવસૂરિના રાજ્યમાં વિજયસિંહસૂરિને તપગચ્છના સ્તંભ તરીકે સ્વીકારી તેમની આજ્ઞામાં પોતે અને પોતાના ગુરુ હતા એમ આ કૃતિમાં જણાવ્યું છે.

આનંદલેખ :—

સંસ્કૃત લેખ છે. આખો લેખ પ્રસિદ્ધ નથી. તેનો સાર 'જૈનયુગ' પુ. ૫. પૃ. ૧૬૫–૬માં તેના વિદ્વાન તંત્રી શ્રી મોહનલાલ દેશાઇએ આપ્યો છે. આ 'આનંદલેખ'ની કૃતિ સં. ૧૬૯૭માં બની છે. એમાં ૨૫૧ શ્લોક છે. જુદા જુદા છંદો છે અને તેમાં કેટલાંક ચિત્રકાવ્યો છે. એના પાંચ અધિકાર પાડયા છે. પહેલા અધિકારમાં ૫૧ શ્લોક છે અને તેનું નામ 'પ્રથમાવયવવ્યાવર્ણનરૂપ ચિત્ત–ચમત્કાર' રાખ્યું છે. બીજામાં ખંભાતનું વર્ણન છે. ત્યાં તે વખતે વિજયાનંદસૂરિ બિરાજતા હતા. તે અધિકારમાં ખંભાતનાં વપ્રવાળા જિનગૃહોનું વર્ણન (૫૨ થી ૧૦૭ શ્લોક સુધીમાં) છે. ત્રીજા અધિકારમાં બારેજા (દ્વારપુર)–જે

ગામે લેખ પાઠવવામાં આવે છે તેનું વર્ણન (૧૦૮-૧૫૧) છે. એ અધિકારનું નામ 'ઉદ્ગન્ત-વ્યાવર્ણનરૂપ' આપેલ છે. ચોથામાં ગચ્છાધિપતિ વિજયાનંદસૂરિનું વર્ણન છે (૧૫૨-૨૧૨). એનું નામ 'ગુરુવર્ણનરૂપ' રાખ્યું છે. પાંચમામાં લેખપ્રશંસા છે. તેનું નામ 'સુજનદુર્જનવ્યા-વર્ણનરૂપ' રાખ્યું છે (૨૧૪ થી ૨૫૧).

ઇતિહાસ અને કાવ્યની નજરે આ લેખ ઉપયોગી છે, તેથી તેનો અંતભાગ સદર 'જૈનયુગ'ના લેખને આધારે તપાસીએ. આ લેખમાં કાવ્યચમત્કાર ઘણો જણાય છે. એમાં વિજયાનંદસૂરિની ખૂબ પ્રશંસા કરવામાં આવી છે. એનો છેલ્લો શ્લોક (૨૫૧મો) આ પ્રમાણે છેઃ—

पूज्यार्हद्भक्तभट्टारकततितरुणीचन्द्रकान्भव्यलेखा-
राध्यश्रीश्रीशसुश्रीनतपदविजयानन्दसूरीशपूज्यान् ।
ध्येयप्राधान्यधन्यांस्तपगणनृपतीन् व्यक्तविज्ञप्तिपत्रं
नामस्मृत्यैकतानः शिशुरिति नगरे स्तंभतीर्थेऽडुढौकत् ॥ २५ ॥

આ લેખ સં. ૧૬૯૭માં લખાયેલ છે. ઇતિહાસની નજરે એની અગત્ય છે. સં. ૧૬૯૭-માં વિનયવિજય ઉપાધ્યાય આનંદસૂરિ શાખાની આજ્ઞા માનતા હતા એમ આ લેખ બતાવે છે. આના પરથી એમ સાર નીકળે છે કે સૂરતની ચૈત્યપરિપાટિ સં.૧૬૮૯માં કરી, ત્યારપછી તપગચ્છની બીજી આણંદસૂર શાખાની આજ્ઞા વિનયવિજય ઉપાધ્યાયે સ્વીકારી હતી. આવો સમય લગભગ દશ વર્ષ ચાલ્યો હશે એમ હવે પછીના લેખ પરથી અનુમાન થાય છે.

વિજયદેવસૂરિલેખ (ઐતિહાસિક સજ્ઝાયમાળા, પૃ. ૭૮-૮૦)–

'આનંદલેખ' અગાઉ વર્ણવ્યો તેની સાથે આ લેખ ઇતિહાસની નજરે સરખાવવા યોગ્ય છે. આ લેખ સં. ૧૭૦૫માં લખાયેલો છે. એ લેખ પરથી વિજયસેનસૂરિ લોકભાષામાં 'ગુરુ જેસંગ'ના નામથી ઓળખાતા હશે એમ જણાય છે. સાગર તરફ વિજય-દેવસૂરિનું વલણ શરૂઆતમાં હતું અને તેને લઇને વિજયતિલકસૂરિ અને વિજયાનંદસૂરિની ગાદી જુદી પડી હતી. આ લેખમાં વિજયદેવસૂરિને 'જિનશાસનશણગાર' કહે છે. એમાં જણાવે છે કે 'ઇણિ કલિ તુમ્હ સમો કો નહિ, તે તો જગ સહુ જાણઈ રે; કર્મઈ નડીઆ આપડા પણિ, મતિઆ નિજમત તાણઈ રે' (૨૨). આવી ઉપમાઓ આપી છે. ખંભાતમાં હીરસૂરિના પટધરે તમને પાટ આપી અને અહીંઆ ઘુવડ ઘૂ ઘૂ કરે છે તે આપ રૂપ સૂર્ય ઊગતાં અલોપ થઈ જશે'– આવી વિજ્ઞપ્તિ આનંદલેખ પછી ૧૭૦૫માં એટલે ૮ વર્ષ પછી કરી છે તે જોવા જેવું છે.

સંવત સત્તર પંચોત્તરે રે એ તો ધનતેરસિં સુવિશેખ રે;
કીર્તિવિજય વાચક શિષ્યે, લિખિઓ 'વિનયે' લેખ રે. ૨૫
જય જેસિંગ પટોધરુ, શ્રી વિજયદેવસૂરિરાયો રે,

ઇતિહાસની નજરે આ નાનો લેખ ઉપયોગી લાગે છે. આ લેખ પછી શ્રી વિનયવિજય ઉપાધ્યાય વિજયદેવસૂરિની આજ્ઞામાં રહ્યા, એટલે તે વખતે વિજયસિંહસૂરિની આજ્ઞામાં રહ્યા અને ત્યારબાદ વિજયપ્રભસૂરિની આજ્ઞામાં રહ્યા.

ઉપમિતિભવપ્રપંચનું સ્તવન(જૈનકથારત્નકોષ, ભાગ ત્રીજો, પૃ. ૧૦૬-૧૩૮)-

શ્રી સિદ્ધર્ષિગણિના પ્રસિદ્ધ ગ્રંથ 'ઉપમિતિભવપ્રપંચાકથા'નો ઊડતો ખ્યાલ આપવા આ સ્તવન સૂરત બંદરમાં ચોમાસું કર્યું તે દરમ્યાન સં. ૧૭૧૬માં રચ્યું છે. એ ધર્મનાથજીની વિજ્ઞપ્તિરૂપ છે. શરૂઆતમાં પ્રસ્તાવનારૂપે ૯ દુહા આપ્યા પછી ચોપાઈમાં સ્તવન છે. ચોપાઈ ૧૨૯ છે, કુલ ગાથા ૧૩૮ છે. ભવચક્રનગરના ચાર પાડા છે, ત્યાં કર્મપરિણામ રાજા વિધાતા જેવો છે. એના આઠ ભાઈઓ છે, તેમાંના ચાર વિકરાળ-ઘાતી છે. એ આઠે બાંધવોનું સ્વરૂપ બતાવતાં મોહનીયનું અને તેના આખા પરિવારનું સ્વરૂપ ખૂબ વિગતથી બતાવ્યું છે. એના દીકરા રાગ-કેસરીનાં ત્રણ રૂપ (કામ, સ્નેહ, દૃષ્ટિરાગ) અને તેનો પરિવાર તથા દ્વેષગજેંદ્ર બીજો દીકરો અને તેનો પરિવાર બતાવી મોહરાજાના ફોજદાર મદનરાયને વર્ણવ્યા છે. પછી એના મોટા લશ્કર-સેનાપતિઓને વર્ણવે છે. ત્યારપછી સાત્ત્વિક-માનસપુરના રાજા ધર્મનરેંદ્રના પરિવારને વર્ણવ્યો છે. આ મોહનીય અને ધર્મરાયનાં કટકો લડચા કરે છે. આટલું આ સ્તવનનું વસ્તુ છે. છેલ્લી બે ચોપાઈમાં લખે છે કે :—

સત્તરશેં સોલોત્તરે, સુરત રહી ચોમાસ;
સ્તવન રચ્યું મેં અલ્પમતિ, આતમ જ્ઞાન પ્રકાશ. ૧૩૭

શ્રી વિજયદેવસૂરિ પટે, શ્રી વિજયપ્રભસૂરિ;
શ્રી કીર્તિવિજય વાચકતણો, વિનય વિનય રસપૂરિ. ૧૩૮

આ કૃતિની રચનામાં ખાસ કાવ્યચમત્કૃતિ દેખાતી નથી, પણ એકંદરે ભાષાકૃતિ હોઇ વાંચવા જેવી છે. કૃતિને છેડે પરમાનંદ કેવી રીતે પ્રાપ્ત થાય તે બતાવવા કહે છે કે:—

ધર્મનાથ આરાધતાં, એ સવિ સીઝે કાજ;
અંતરંગ રિપુ જીતિયે, લહિયે અવિચળ રાજ. ૧૩૪
ધર્મનાથ અવધારિયે, સેવકની અરદાસ,
દયા કરીને દીજિયે, મુક્તિ મહોદય વાસ, ૧૩૫

એટલા પૂરતું એ સ્તવન શ્રી ધર્મનાથની વિજ્ઞપ્તિ રૂપ છે, ગ્રંથકર્તાએ તેનું શીર્ષક એ રીતે (ધર્મનાથજીની વિનતિરૂપ) બાંધેલ છે તે અત્ર જણાવવું પ્રાસંગિક છે.

પટ્ટાવલી—સજ્ઝાય(જૈનયુગ, પુ. ૫, પૃ. ૧૫૬-૧૬૧)—

આ સજ્ઝાયની કૃતિનો સંવત્ આપ્યો નથી. એમાં શ્રી વિજયપ્રભસૂરિની ગચ્છપતિ તરીકે સ્થાપના સુધીની હકીકત આવે છે તે પરથી તે સં. ૧૭૧૨ પછી બનાવવામાં આવી

હશે એમ સહજ અનુમાન થાય છે. એમાં કુલ ગાથા ૭૨ છે. સરસ્વતીની સ્તુતિ કરીને એમાં સુધર્માસ્વામીથી પટ્ટપરંપરા વર્ણવી છે. પ્રથમ ઢાળમાં સ્થૂળભદ્રે કામદેવનો નાદ ઉતાર્યો તેનું વર્ણન ૧૨ ગાથામાં બહુ સુંદર કર્યું છે. દરેક આચાર્યની વિશિષ્ટતા અને તેમની કેટલીક કૃતિઓનાં નામો સાથે આપ્યાં છે. પોતાના ગુરુ કીર્તિવિજયનો ઉપાધ્યાય(વાચક)પદવીપ્રદાનનો મહોત્સવ સારો વર્ણવ્યો છે. હીરવિજયસૂરિએ ધર્મનો મહિમા કેટલો ફેલાવ્યો તેનું પણ સારું વર્ણન કર્યું છે. વિજયસેનસૂરિ પછી વિજયદેવસૂરિને એમણે યુગપ્રધાન અને ગૌતમાવતાર તરીકે વર્ણવ્યા છે (ગાથા ૬૫). એમના વિહાર, પ્રતિષ્ઠા વર્ણવી પટ્ટસ્થાપના વિજયસિંહસૂરિની કરી એમ બતાવ્યું છે (ગા. ૬૮). વિજયદેવની હયાતીમાં વિજયસિંહ સ્વર્ગે ગયા એટલે પોતાની પાટે વિજયપ્રભની સ્થાપના ગચ્છનાયક તરીકે કરી. આમાં વિજયતિલકસૂરિ કે વિજય-આણંદસૂરિ સંબંધી કાંઈ પણ હકીકત આવતી નથી એ અર્થસૂચક છે. છેવટે લખે છે કેઃ—

એ વીર જિનવર પટ્ટદીપક મોહજીવક ગણધરા,
કલ્યાણકારક દુઃખનિવારક વરણવ્યા જગિ જયકરા.
હીરવિજયસૂરિ સીસ સુંદર કીર્તિવિજય ઉવઝાય એ,
તસ સીસ ઈમ નિસદીસ ભાવે વિનય ગુરુ ગુણ ગાય એ. ૭૨

આ કૃતિ મધ્યમ પ્રકારની છે, પણ ઐતિહાસિક નજરે ઉપયોગી છે. 'ઇંદુદૂત' કૃતિ સાથે મેળ મેળવતાં અને એમાં આણંદસૂરિની કંઈ વાત નથી એ સર્વ વિચારતાં એનો સંવત્ હું ૧૭૧૮ લગભગ ધારું છું.

પાંચ સમવાય (કારણ) સ્તવન(સજ્જનસન્મિત્ર, પૃ. ૩૨૪-૩૨૬)—

ઢાળ છ. ગાથા કુલ ૫૮. એના કળશમાં લખે છે કે—

ઈમ ધર્મનાયક મુક્તિદાયક, વીર જિણવર સંથુણ્યો;
સય સતર સંવત વહ્નિ લોચન, વર્ષ હર્ષ ધરી ઘણો,
શ્રી વિજયદેવ સુરિંદ પટધર, વિજયપ્રભ મુણીંદ એ,
શ્રી કીર્તિવિજય શિષ્ય ઇણિપરે, વિનય કહે આણંદ એ. ૯

આ સ્તવનમાં કાળમતવાદી, સ્વભાવવાદી, ભાવી સમવાયવાદી, કર્મવાદી અને ઉદ્યમ-વાદીનાં મંતવ્યો વિસ્તારથી બતાવી પછી છઠ્ઠી ઢાળમાં એ સર્વ જિનચરણે આવે છે, ત્યાં છેવટનો ફેંસલો થાય છે કે—

એ પાંચે સમુદાય મળ્યા વિણ, કોઈ કાજ ન સીઝે;
અંગુલિયોગે કરતણી પરે, જે બૂઝે તે રીઝે.

આ રીતે પાંચે સમવાય કારણની જરૂર બતાવી છે. આ રચના સંવત્ ૧૭૩૨માં થઈ છે. સંવત્માં ૧૭નો અંક સદી માટે છે, પછીના વહ્નિ એટલે ત્રણ અને લોચન એટલે બે. અહીં ક્રમ ઊલટાવવાની જરૂર જણાતી નથી. કદાચ એનો સંવત્ ૧૭૨૩ પણ હોય- તો જે વર્ષમાં

શાંતસુધારસ ગ્રંથ બનાવ્યો તે જ વર્ષમાં આ કૃતિ થઈ ગણાય. પાંચ કારણનો મુદ્દો સમજવા માટે સ્તવન ઉપયોગી અને સમજાય તેવી ભાષામાં લખાયેલું છે. એમાં ખાસ કાવ્ય-ચમત્કૃતિ નથી.

ચોવીશી સ્તવન (ચોવીશી-વીશી-સંગ્રહ, અમદાવાદ, પૃ. ૬૯-૮૩)—

ચોવીશ તીર્થંકરનાં સ્તવનો. દરેક સ્તવન ત્રણ, ચાર અથવા પાંચ ગાથાનું છે, કુલ ગાથા ૧૩૦ છે. તેમાં નેમિનાથનાં ત્રણ સ્તવનો ૭, ૭ અને ૬ ગાથાનાં છે. મહાવીરસ્વામીનું સ્તવન સુપ્રસિદ્ધ છે : 'સિદ્ધારથના રે નંદન વિનવું.' એની છેલ્લી ગાથામાં લખે છે કે :—

વાચક શેખર કીર્તિવિજય ગુરુ, પામી તાસ પસાય;
ધર્મતણે રસે જિન ચૌવીશના, વિનયવિજય ગુણ ગાય. ૫

કુલ સ્તવનો ૨૬ છે. કૃતિ મધ્ય પ્રકારની છે. કોઈ કોઈ સ્તવનમાં ભાવ બહુ ઊંચા પ્રકારનો છે. નમૂના તરીકે મુનિસુવ્રતસ્વામીનું સ્તવન જોઈએ (પૃ. ૭૯) :

મન મધુકર સુણ વાતડી, તજી અવર સવાદ;
જિન ગુણ કુસુમ સવાદથી, ટળે સવિ વિખવાદ. મન૦ ૧
વિષય ધંતુરો મૂકીએ, એ માંહિ નથી ગંધ;
*નારી વિજયા પરિહરે, મમ થાઈશ તું અંધ. મન૦ ૨
સોળ કષાય એ કેરડા, તેથી રહેજે દૂર;
તે કંટક છે બાપડા, તુન્હે કરશે ચૂર. મન૦ ૩
વિસમો પથ તપ કેરડો, આદરીએ ગુણ જાણ;
જે પરિણામે રૂઅડો, તેહની મ કરીશ કાણ. મન૦ ૪
મુનિસુવ્રત પદ પંકજે, જો તું પૂરે વાસ;
વિનય ભણે તો તાહરી, પહોંચે સઘળી આસ. મન૦ ૫

આ કૃતિનો સંવત્ બતાવ્યો નથી. અઢારમી શતાબ્દિની એ કૃતિ છે. જે રીતે કૃતિઓનો વિકાસ થયો છે તે જોતાં સં. ૧૭૨૫ લગભગ એ કૃતિ બનાવી હોય એમ અનુમાન થાય છે.

વીશી-સ્તવન (ચોવીશી-સંગ્રહ, સંગ્રાહક : સવાઈભાઈ રાયચંદ, પૃ. ૬૨૫-૬૩૯)—

વિહરમાન તીર્થંકરોનાં વીશ સ્તવન. દરેક સ્તવનની પાંચ પાંચ ગાથા છે, માત્ર ચાર સ્તવનની છ છ ગાથા છે. કળશ સાથે આખી વીશીની કુલ ગાથાઓ ૧૧૫ છે. કૃતિના સંવત્નો નિર્દેશ નથી. આ કૃતિને છેડે કળશ પ્રશસ્તિરૂપે લખ્યો છે. સ્તવનોમાં વિહરમાન તીર્થંકરોની સામાન્ય બાબતો (શરીર, આયુષ્ય વગેરે) બતાવેલ છે. કળશમાં જણાવે છે કે એ તીર્થંકરોનાં નામક્રમ વગેરે શીલદેવ પંડિતના રચેલા 'એકવીશઠાણું' નામના ગ્રંથને આધારે આપ્યાં છે. એમાં ને બીજા ગ્રંથોમાં કેટલોક ફેરફાર છે. તેની સાચી વાત તીર્થંકર કહી શકે એમ જણાવી છેવટે લખે છે :—

*. ભાંગ (લીલાગર).

શ્રી કીર્તિવિજય ઉવઝાયનો એ, વિનય વદે કર જોડ;
શ્રી જિનના ગુણ ગાવતાં એ, લહીએ મંગળ કોડ. ૧૧

કૃતિ મધ્યમ પ્રકારની અને ઉપર જણાવેલ ચોવીશીની કૃતિને મળતી છે. અર્થ સુગમ છે.

પુણ્યપ્રકાશ અથવા આરાધનાનું સ્તવન(જૈનપ્રબોધ, પૃ. ૮૬-૧૦૦)—

સંવત્ ૧૭૨૬માં ઉપાધ્યાયશ્રી રાંદેરમાં ચાતુર્માસ રહ્યા ત્યાં તેઓએ આસો શુદિ દશમે સોમસૂરિએ બનાવેલા 'આરાધનાસૂત્ર' નામના પયન્નાને આધારે આ કૃતિ બનાવી છે, એ પયન્નો કઈ સાલમાં બન્યો તેનો પત્તો મળતો નથી. એની ગાથા ૭૦ છે. તે અવચૂરિ સાથે છપાય છે. સદર આરાધના-સ્તવનની આઠ ઢાળો છે, પ્રવેશક અને પ્રશસ્તિ સાથે સદર આઠે ઢાળોની મળીને એ સ્તવનની કુલ ગાથા ૮૭ થાય છે. એની પ્રશસ્તિ-(કળશ)માં કવિ પોતે લખે છે :—

શ્રી વિજયદેવસુરીંદ્ર પટધર, તીર્થ જંગમ ઈણિ જગે,
તપગચ્છપતિ શ્રી વિજયપ્રભસૂરિ, સૂરિ તેજે ઝગમગે. ૨
શ્રી હીરવિજયસૂરિ શિષ્ય વાચક, કીર્તિવિજય સુરગુરુસમો;
તસ શિષ્ય વાચક વિનયવિજયે, થુણ્યો જિન ચોવીશમો. ૩
સય સત્તર સંવત ઉગણત્રીશે, રહી રાંદેર ચૌમાસ એ;
વિજયદશમી વિજય કારણ, કિયો ગુણ અભ્યાસ એ. ૪

આ કૃતિમાં દશ પ્રકારે અંત્ય આરાધના બતાવી છે :

૧. અતિચારની આલોચના (ઢાળ ૧-૨-૩).
૨. દેશ કે સર્વથી વ્રતગ્રહણ (ઢાળ ૪થી).
૩. સર્વ જીવો સાથે ખમતખામણાં (સદર).
૪. અઢાર પાપસ્થાન વોસિરાવવા (સદર).
૫. ચાર શરણનો અંગીકાર (ઢાળ પમી).
૬. કરેલ પાપોની નિંદા (સદર)
૭. કરેલ શુભ કરણીની અનુમોદના (ઢાળ ૬ઠ્ઠી).
૮. શુભ ભાવનાનું અનુભાવન (સદર)
૯. અણસણ-પચ્ચક્ખાણ—ચારે આહારનો ત્યાગ (ઢાળ ૭મી).
૧૦. નમસ્કારમંત્રસ્મરણ (સદર).

આ ગુજરાતી કૃતિ બહુ સુંદર છે, હૃદયંગમ છે અને બરાબર વાંચતાં આંખોમાંથી અશ્રુધારા વહેવરાવે તેવી છે, માંદાના ખાટલા પાસે હૃદયની ભાવનાથી એને ગાતાં સાંભળી હોય તો ખૂબ અસરકારક છાપ મન પર પડે તેવી તેની શબ્દરચના છે. શુદ્ધ બધી જીવ

અંતરની લાગણીથી એને ગાય અને શ્રોતા ધર્મપ્રિય હોય તો શાંતરસની જમાવટ અને વાતાવરણની વિશુદ્ધિ થતી મેં એકથી વધારે વખત જોઈ છે. મૂળ માગધી પદ્યના પરથી બનેલી આ કૃતિ સફળ છે. વાંચીને વેદવા લાયક છે અને મુખપાઠ કરવા યોગ્ય છે. અસલ એ સ્તવનનો પાઠ કરવામાં વહેમ હતો, કારણ કે એમાં અંત્ય આરાધનાની વાત છે, અને આ પ્રાણીને મરવાની વાત કે એના વાતાવરણની ગંધ પણ ગમતી નથી; પણ હવે એ વાત રહી નથી. વહેલું કે મોડું મરવાનું તો સર્વને છે જ એટલે આવી સફળ કૃતિનો લાભ લેવાનું ચૂકવા જેવું નથી. 'ધન ધન તે દિન માહરો' એની છઠ્ઠી ઢાળ વાંચીએ તો મનમાં ઉમળકા આવે તેવું છે અને સાતમી ઢાળમાં અણસણની વાત કરતાં ધન્ના-શાલિભદ્ર, મેઘકુમાર આંખો સામે ખડા થાય છે. નમસ્કાર પર વિવેચન કરી છેવટે તો કવિએ કમાલ કરી છે. આ સફળ કૃતિ બહલાવવા યોગ્ય છે, પ્રસારવા યોગ્ય છે અને જીવવા-મરવા યોગ્ય છે.

વિનયવિલાસ(યશોવિજયાદિકૃતિ, પ્ર. કર્તા શેઠ વીરચંદ દીપચંદ સી. આઈ. ઈ., ભાગ બીજો)—

વિનયવિજય ઉપાધ્યાયે સાડત્રીશ પદો બનાવ્યાં છે. એ 'વિનયવિલાસ'ના નામથી જાણીતાં છે. 'યશોવિજયાદિકૃતિ'માં શેઠ વીરચંદ દીપચંદે 'જસવિલાસ', 'જ્ઞાનવિલાસ' સાથે એને છપાવેલ છે (વિભાગ ૨જો, પૃ. ૧૮૧-૨૦૮). એ પદોમાં કેાઈ કેાઈ પ્રસિદ્ધ છે. આ સાડત્રીશે પદો ઉપાધ્યાય વિનયવિજયની કૃતિ છે તેમાં શક નથી; કારણ કે છવ્વીશમા અને અઠ્ઠાવીશમા પદમાં પોતાના ગુરુ કીર્તિવિજયનું નામ તેમણે લખ્યું છે. અઠ્ઠાવીશમા પદમાં તો તે બરાબર સ્પષ્ટ રીતે આપ્યું છે :—

શ્રી કીર્તિવિજય ઉવઝાયકેરો, લહે એ પુણ્ય પસાય;
સાસતા જિન થુણી એણીપરે, વિનયવિજય ઉવઝાય. ૯

આ પદોની પદ્ધતિ એકંદરે સારી છે. એના નમૂના તરીકે એક સુપ્રસિદ્ધ પદ (૧૯મું, પૃ. ૧૯૪) અહીં આપીએ. એનો રાગ 'કાફી' છે :

કિસકે ચેલે કિસકે પૂત, આતમરામ અકિલા અવધૂત;
જિઉં જાનલે, અહેા મેરે જ્ઞાનીકા ઘરસુત્ત,
જિઉં જાનલે, દિલ માનલે. ૧

આપ સવારથ મિલિયા અનેક, આયે ઈકેલા જાવેગા એક. જિ૦ ૨
મટ્ટી ગિરદકી જૂઠે ગુમાન, આજ કે કાલ ગિરેગી નિદાન. જિ૦ ૩
તીસના પાવડલી બર જોર, બાબુ કાહેકુ સાચેા ગેાર. જિ૦ ૪
આગિ અંગિઠી નાવેગી સાથ, નાથ રમેાગે ખાલી હાથ. જિ૦ ૫
આશા ઝેાલી પત્તર લેાભ, વિષય ભિક્ષા ભરી નાચેા થેાભ. જિ૦ ૬
ફરમકી કંથા ડારેા દૂર, વિનય વિરાજે સુખ ભરપૂર. જિ૦ ૭

પદોનો સામાન્ય ઓક આત્માને ઉદ્દેશીને છે. એમાં આનંદઘનજીનો યોગ કે ચિદાનંદજીની હૃદયસ્પર્શિતા આવી શકચાં નથી, છતાં એ પદો અવગાહવા લાયક છે. આ વિલાસનો આશય આત્મા સાથે એકાંતમાં વાતચીત કરવા જેવો જ લાગે છે. આત્માર્થી મનુષ્યો શાંત સમયમાં પોતાના ચેતનજીને ઉદ્દેશીને જે વાતો ધ્વનિરૂપે ઉચ્ચરે એનું નામ 'વિલાસ' કહેવાય. યોગીઓના વિલાસો એવા જ હોય છે. એ યુગના 'જસાંવલાસ' કે 'જ્ઞાનવિલાસ' પણ વાંચવા જેવા છે, જીવવા જેવા છે. ગુજરાતી સાહિત્યમાં એને સ્થાન છે. દરેક પદ સરેરાશ પાંચથી દશ ગાથાનું છે. આ કૃતિનો સંવત્ નોંધાયેલ નથી, પણ અનુમાન ૧૭૩૦ આસપાસ લખાયેલી હોય એમ જણાય છે. દરેક પદ જુદે જુદે વખતે આંતરધ્વનિ તરીકે લખાયેલ હશે એમ કૃતિના વિષયો પરથી જણાય છે.

'ભગવતીસૂત્ર'ની સજ્ઝાય(યશો૦ આદ્દિ કૃતિ, વિભાગ ૧, પૃ. ૧૬૩)—

સંવત્ ૧૭૩૧માં વિ. ઉપાધ્યાય રાંદેરમાં ચાતુર્માસ રહ્યા ત્યારે સંઘે તેમની પાસે 'ભગવતીસૂત્ર'નું શ્રવણ કર્યું. તે વખતે આ એકવીશ ગાથાની સજ્ઝાય બનાવી છે. ભગવતીસૂત્રની વિશેષતા કેવી છે, એ વાંચે અને સાંભળે કોણ, એના શ્રવણથી લાભ શો થાય એ બતાવવા આ સ્વાધ્યાય રચેલ જણાય છે. કૃતિ સામાન્ય છે.

સંવત સત્તર એકત્રીશમે રે, રહ્યા રાનેર ચોમાસ;
સંઘે સૂત્ર એ સાંભળ્યું રે, આણી મન ઉલ્લાસ. ૧૯

* * *

કીર્તિવિજય ઉવઝાયનો રે, સેવક કરે સજ્ઝાય-
એણિપરે ભગવતીસૂત્રનો રે, વિનયવિજય ઉવઝાય રે. ૨૦

આ સામાન્ય કૃતિ જણાય છે.

ગુજરાતી પ્રકીર્ણ કૃતિઓ

સંવત્નો નિર્દેશ કર્યા વગરની નીચેની નાની-મોટી ગુજરાતી કૃતિઓ ઉપલબ્ધ થઈ છે. વધારે તપાસ કરતાં બીજી કૃતિઓ પણ નીકળી આવવા સંભવ છે. મળી આવેલી કૃતિઓનું સંક્ષિપ્ત વિવેચન અને નામનિર્દેશમાત્ર નીચે કરેલાં છે.

(૧) **આંબેલની સજ્ઝાય** (શેઠ વીરચંદ દીપચંદ, યશોવિજયાદિકૃતિસંગ્રહ, પ્રથમ વિભાગ, પૃ. ૧૨૮) ૧૧ ગાથાની સજ્ઝાય. આંબેલ તપમાં શું ખપે અને આંબેલ તપનો મહિમા શો છે તે બતાવનાર સામાન્ય કૃતિ. સંવત્ આપેલ નથી. છેવટે લખે છે :—

આંબિલ તપ ઉત્કૃષ્ટો કહ્યો, વિઘન વિદારણ કારણ લહ્યો;
વાચક કીર્તિવિજય સુપસાય, ભાખે વિનયવિજય ઉવજ્ઝાય. ૧૧

(૨) **શ્રી આદિજિન વિનતિ** (યશો. કૃતિ., પૃ. ૯૩, વિભાગ ૨જો) ગાથા ૫૭. આદીશ્વર ભગવાનની સામે ઊભા રહી શ્રી સિદ્ધાચળ ઉપર બોલવા લાયક આ પ્રસિદ્ધ કૃતિ

છે. એમાં ભગવાનને વિનવ્યા છે, ફોસલાવ્યા છે, મનાવ્યા છે, રાજી કર્યા છે, ઓળંભ્યા છે, આખરે એનું શરણું લીધું છે અને ભવે ભવે એની સેવા યાચી છે.

પામી સુગુરુ પસાય રે, શત્રુંજય ધણી;
શ્રી રિસહેસર વિનવું એ. ૧
જે મુજ સરિખો દીન રે, તેહને તારતાં;
જગ વિસ્તરશે જસ ઘણો એ. ૧૦
આવી લાગ્યો પાય રે, તે કેમ છોડશે ?
મન મનાવ્યા વિણ હવે એ. ૧૬
આડો માંડી આજ રે, બેઠો બારણે
માવિત્ર તુમે મનાવશો એ. ૩૩
વીતરાગ અરિહંત રે, સમતાસાગરુ;
માહરાં તાહરાં શું કરો એ ? ૪૪
શ્રીકીર્તિવજય ઉવજ્ઝાય રે, સેવક એણીપરે;
વિનય વિનય કરી વિનવે એ. ૫૭

આ નાનકડી પ્રાર્થનામાં શબ્દચમત્કૃતિ અને ભાષાકૌશલ્ય સુંદર છે. અલંકારો ધ્વન્ય છે અને હૃદયસ્પર્શી હોઈ આકર્ષક છે. એની કૃતિનો સંવત્ નોંધાયેલો નથી. સાહિત્યરસિકે જરૂર વાંચી જવા યોગ્ય આ નાની પ્રાર્થના છે અને પ્રૌઢ હૃદયંગમ ભાવભરી ભાષામાં છે.

(૩) **ષડાવશ્યક (પ્રતિક્રમણ) સ્તવન** (સજ્જનસન્મિત્ર, પૃ. ૨૧૫-૨૧૮)— દરેક જૈને દરરોજ છ આવશ્યક પ્રતિક્રમણરૂપ સવારે ને સાંજે કરવાનાં છે : ૧. સામાયિક, ૨. ચોવીશ તીર્થંકર આરાધના, ૩. ગુરુવંદન, ૪. પ્રતિક્રમણ, ૫. કાઉસ્સગ્ગ અને ૬. પચ્ચક્ખાણ-એના ભાવ પર છ ઢાળનું સ્તવન. એમાં પ્રવેશક પાંચ ગાથા છે. પછી ૫, ૭, ૭, ૬, ૫ અને ૭ ગાથા છ ઢાળની છે. કુલ ગાથા ૪૨ છે. પ્રશસ્તિ નીચે પ્રમાણે છે. કૃતિ સામાન્ય છે. સંવત્ સમય બતાવ્યો નથી.

તપગચ્છનાયક મુક્તિદાયક, શ્રી વિજયદેવ સૂરીશ્વરો;
તસ પટ્ટ દીપક, મોહ જિપક, શ્રી વિજયપ્રભસૂરિ ગણધરો. ૧
શ્રી કીર્તિવિજય ઉવજ્ઝાય સેવક, વિનયવિજય વાચક કહે,
ષડાવશ્યક જેહ આરાધે, તેહ શિવ સંપદ લહે. ૨

(૪) **ચૈત્યવંદન** – શ્રી સીમંધર વીતરાગ. પ્રસિદ્ધ છે. ત્રણ ગાથાનું છે.

(૫) **ઉપધાન સ્તવન** (ઉપધાનવિધિ-કુંવરજી આણંદજી, પૃ. ૩૧-૩૩)-આ સ્તવનમાં બે ઢાળ અને કળશની અનુક્રમે ૧૦-૧૧-૩ ગાથા મળી કુલ ૨૪ ગાથા છે. કૃતિનો સંવત્

લખ્યો નથી. વિજયપ્રભસૂરિનું નામ છે એટલે સં. ૧૭૧૨ પછીની કૃતિ છે. છેલ્લી કળશની ગાથામાં લખે છે :—

તપગચ્છનાયક સુમતિદાયક, શ્રીવિજયપ્રભસૂરીશ એ;
પુન્ય પ્રતાપે અધિક દિન દિન, જગત જાસ જગીશ એ;
શ્રીકીરતિવિજય ઉવઝાય સેવક, વિનય ઇણીપરે વિનવે,
દેવાધિદેવા ધર્મ હેવા, દેજો મુજને ભવોભવે.

ઉપધાનનો હેતુ શો તે શરૂઆતમાં બતાવી માળ પહેરાવવાની બાબત પર ખૂબ વિવેચન કર્યું છે. કૃતિ સામાન્ય છે. ઉપધાન વહેનારમાં સુપ્રસિદ્ધ છે અને 'ભાઈ હવે માળ પહેરાવો'–ની ઢાળ ઘણાખરાએ જરૂર સાંભળી હશે (માળારોપણના વરઘોડા અને મહોત્સવમાં).

(૬) શ્રી શ્રીપાળરાજાનો રાસ—

શ્રી વિનયવિજય ઉપાધ્યાયની ગુજરાતી કૃતિમાં આ રાસ અગત્યનું સ્થાન ધરાવે છે. આ સિદ્ધચક્રનો મહિમા બતાવનાર રાસ જૈનોમાં અનેરું સ્થાન ધરાવે છે, દરેક ચૈત્ર માસની અને આસો માસની આંબિલની ઓળીમાં શુદિ પૂર્ણિમા પહેલાંના આઠ દિવસ સાથે મળી કુલ નવ દિવસ સુધી આ રાસ સારી રીતે ગવાય, સંભળાય છે અને એ રાસની આખી કૃતિ ખૂબ લોકપ્રિય બનેલી છે. લેખકમહાત્માની આ અધૂરી રહેલી છેલ્લી ગુજરાતી કળાકૃતિ છે.

એ રાસમાં નૂતનતા એ છે કે એ રાસ બે કર્તાઓ તૈયાર કર્યો છે. ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીએ સં. ૧૭૩૮ના ચાતુર્માસમાં રાંદેર ગામમાં એ રાસને રચવાની તૈયારી કરી. તેમણે પહેલો ખંડ ૧૧ ઢાળનો બનાવ્યો અને તેમાં કુલ ૨૮૨ ગાથાની રચના કરી, બીજો ખંડ ૮ ઢાળનો બનાવ્યો અને તેમાં કુલ ૨૭૬ ગાથાની રચના કરી. ત્રીજા ખંડની પાંચમી ઢાળની રચના ચાલતી હતી તેની ૨૦મી ગાથા બનાવતાં તેના કર્તા શ્રી વિનયવિજય ઉપાધ્યાયના દેહનું અવસાન થયું. એ જ ઢાળની બાકીની ૧૧ ગાથા શ્રી યશોવિજય ઉપાધ્યાયે પૂરી કરી. એ ઢાળની પછવાડે છેલ્લી ગાથામાં 'વિનય' અને 'સુજશ' એ બન્ને નામનો ઉલ્લેખ થયો છે.

એ ત્રીજા ખંડની પાંચમી ઢાળની ૨૦ ગાથા સુધીનો સરવાળો કરતાં એ ખંડની ગાથા ૧૯૦ થાય છે. અને શરૂઆતથી ત્યાં સુધીની કૃતિ ગણતાં કુલ ગાથા ૭૪૮ થાય છે. એની પ્રશસ્તિમાં છેવટે યશોવિજય ઉપાધ્યાય જણાવે છે કે 'સાર્ધ સપ્તશત ગાથા વિરચી, પહોતા તે સુરલોકે જી' એટલે મહું મે ૭૫૦ ગાથા રચી આ વાતનો લગભગ મેળ મળી રહે છે.

શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાયે ત્રીજા ખંડની બાકીની ૧૧૮ ગાથા રચી એટલે ત્રીજા ખંડની કુલ ૩૦૮ ગાથા થઈ.

અને ચોથા ખંડની કુલ ૩૮૪ ગાથા (ઢાળ ૧૩) શ્રી યશોવિજય ઉપાધ્યાયે રચી.

આખા રાસની કુલ ગાથા ૧૨૫૦ થાય તે પૈકી ૭૪૮ શ્રી વિનયવિજય ઉપાધ્યાયે રચી અને ૫૦૨ શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાયે રચી.

એ રાસમાં ઢાળો ૪૦ આવે છે તે પૈકી ૨૪ની રચના વિનયવિજય ઉપાધ્યાયે કરી અને ૧૬ની રચના શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાયે કરી.

રચનામાં, કવિત્વમાં, વર્ણનમાં, વિષય રજૂ કરવાની પદ્ધતિમાં, ભાષાપ્રયોગમાં અને પદ-લાલિત્યમાં બન્ને કવિઓ એકબીજાથી તદ્દન જુદા પડી જાય છે. શ્રી વિનયવિજય વર્ણન કરવામાં શ્રોતાને પોતાના સાથે રાખી શકે છે. એમણે મયણાસુંદરી અને સુરસુંદરીના રાજસભામાં આલાપ કરાવ્યા છે તે અથવા કમળપ્રભા પાસે ચરિત્ર રજૂ કરાવ્યું છે તે કવિત્વને શોભાવે તેવું છે. તેમની સમુદ્રની સફર ટૂંકી, પણ અસરકારક છે. એમણે ધવળ શેઠને આબેહૂબ ચીતર્યો છે. શ્રી યશોવિજયની ભાષા વધારે તીક્ષ્ણ, આકરી અને કોઈ કોઈ વાર સંસ્કૃતમય છે. એમનું લડાઈનું વર્ણન અતિ તાદેશ છે. પણ એમની મજા તો 'ત્રીજે ભવ વરથાનક તપ કરી' એમ શરૂઆત કરી નવપદનો જે મહિમા પાંચ પાંચ ગાથામાં અર્થ-ગર્ભિત ગાયો છે તેમાં છે. તત્ત્વ કે યોગદૃષ્ટિએ એ તેમની મોટી ફતેહ ગણાય. ઉજ્જયિનીની બહાર લશ્કરનો પડાવ કરી શ્રીપાળ ને મયણાનો મેળાપ કરાવે છે અને સસરા-જમાઈનો સહયોગ કરાવે છે તે વખતે સુરસુંદરીને નાચતી અટકાવીને કવિત્વનું પ્રભુત્વ દાખવે છે. ચિત્રની પીંછીમાં જરા પણ પાછા ન પડનાર એ તત્ત્વજ્ઞાની કવિ તરીકે દીપે છે, પણ એ તત્ત્વજ્ઞાનની મહત્તા કદી વીસરી શકતા નથી.

એકંદર શ્રીપાળરાસની કૃતિ ઘણી સફળ ગણાય. એમાં સર્વ પ્રકારના રસોને સ્થાન મળ્યું છે, પણ આખા રાસમાં સિદ્ધચક્રના મહિમાનું લક્ષ્યબિન્દુ ચુકાયેલ નથી.

એક નવો ગ્રંથ બનાવવો એ જુદી વાત છે અને અધૂરા ગ્રંથને પૂરો કરવો અને અસલ લેખકની લય જાળવી રાખવી એ તદ્દન જુદી વાત છે. બાણભટ્ટના પુત્ર શોભનભટ્ટે 'કાદંબરી' પૂરી કરી, એ ઘણો વિદ્વાન હતો; છતાં પણ બાણભટ્ટની કૃતિ અને એની કૃતિ જુદી તો જરૂર પડી આવે જ છે. આ રાસની કૃતિ બે વિદ્વાનોએ કરી છે તેમાં જરા પણ રસક્ષતિ થઈ નથી અને તત્ત્વજ્ઞાન ભારોભાર ઉતારી આપવામાં શ્રી યશોવિજય ઉપાધ્યાયે 'ભાગ થાકતો પૂરણ કીધો, તાસ વચન સંકેતીજી' એમ કહી જણાવી દીધું છે કે અધૂરો રહેલો ગ્રંથ તેમણે પૂર્ણ કર્યો છે અને તેમ કરવામાં તેમણે વચન આપ્યું હતું તે પૂરું કર્યું છે.

અનુમાન થાય છે કે રચનાના ચાલતે કામે શ્રી વિનયવિજય ઉપાધ્યાય માંદા પડી ગયા હશે. તેમને શુદ્ધિ સારી રહી હશે. તે વખતે શ્રીમદ્યશોવિજયજી તેમને પડખે બેસી નિગરાણ કરતા હશે. શ્રી વિનયવિજયે કહ્યું હશે કે 'મારો રાસ તો અરધે રસ્તે રહી ગયો. તે તમે પૂરો કરજો.' શ્રી યશોવિજયે તેમની સાથે સંકેત કર્યો હશે (વચન આપ્યું હશે) કે બાકીનો ભાગ પોતે પૂરો કરી આપશે.

સંવત્ ૧૭૩૮ સુધીમાં તો યશોવિજયનાં જ્ઞાનશક્તિ અને કવિત્વનો સમાજને સારો રીતે અનુભવ પણ થઈ ગયો હશે, એટલે વિનયવિજયના 'વિશ્વાસભાજન' અને તેમના 'પૂરણ

પ્રેમના ભાજન' શ્રી યશોવિજયે આ કૃતિનો બાકીનો ભાગ ધર્મપ્રેમીઓના હિત ખાતર અને આપેલ વચનના સંકેત પ્રમાણે પૂરો કર્યો હશે.

આટલી સામાન્ય ટીકા કરી આ ગ્રંથમાં (રાસમાં) કવિ તરીકે શ્રી વિનયવિજયની વિશિષ્ટતા જરા વિચારી જઈએ :—

શ્રીપાળરાજાનો રાસ લખવા બેઠા એટલે એમણે ખરી રીતે શ્રીપાળના ચરિત્રથી શરૂઆત કરવી જોઈએ, પણ તેમ ન કરતાં એમણે મયણાસુંદરીનાં બાળપણ' અભ્યાસ અને રાજસભામાં પરીક્ષાથી શરૂઆત કરી છે એ એમનું ગ્રંથની ગોઠવણ કરવામાં પાંડિત્ય બતાવે છે. એમણે ધવળશેઠના પાત્રને ખૂબ સુંદર રીતે ચીતર્યું છે અને એને ખરા આકારમાં બતાવી કવિત્વ બતાવ્યું છે' સમુદ્રના કલ્લોલમાં અદ્‌ભુત રસ, રતનદ્વીપના સહસસાનુ પર્વતના મંદિરના વર્ણનમાં અદ્‌ભુત રસ, ધવળશેઠના મરણમાં રૌદ્ર રસ, ચાર પત્નીઓના વર્ણનમાં શૃંગાર રસ, લડાઇમાં વીરરસ અને પતિયાના સાતશેં માણસોના વર્ણનમાં હાસ્ય અને કરુણ રસ પોષ્યો છે. રતનદ્વીપમાં આખા લગ્નનો સમારંભ ખૂબ સરસ રીતે વર્ણવ્યો છે (ખંડ ૨, ઢાળ ૮ મી)'

શ્રી વિનયવિજય ઉપાધ્યાયનો ભાષાપ્રયોગ બહુ હૃદયંગમ, વ્યવહારુ અને અર્થગર્ભિત છતાં સાદો, સરળ અને પ્રેરક છે. ઉપાધ્યાય શ્રીમદ્યશોવિજયનો ભાષાપ્રયોગ વિદ્વત્તા ભરેલો, મજબૂત, છતાં સમજવામાં જરા પ્રયાસ કરવો પડે તેવો છે.

કવિનો ઉદ્દેશ શ્રી સિદ્ધચક્રનો યોગ જનતાને સમજાવવાનો હતો. તે શ્રી વિનયવિજયે વ્યવહારની નજરે બતાવ્યો છે. દુનિયા યોગ સમજી ન શકે; તેને તો ખૂબ સંપત્તિ સાંપડે, પૈસા અને સ્ત્રી મળે, રાજ્યઋદ્ધિ મળે અને લીલા લહેર થાય એમાં મોજ પડે છે. એ કાર્ય શ્રી વિનયવિજયે સફળ રીતે કર્યું છે. જ્યારે શ્રી યશોવિજયે સિદ્ધચક્રના યોગનું તત્ત્વજ્ઞાન ખૂબ વિગતથી સમજાવ્યું છે એમણે ચોથા ખંડની અગિયારમી અને બારમી ઢાળમાં આ યોગનું તત્ત્વજ્ઞાન સમજાવ્યું છે તે વિચારતાં ખૂબ મજા આપે તેવું છે. સામાન્ય વાચકને માટે શ્રી વિનયવિજયરચિત વિભાગ ખૂબ હૃદયંગમ થાય તેવો છે. જનતાની સામાન્ય કક્ષાથી ઉપર આવેલા વિદ્વાનવર્ગને તો બન્ને કવિની રચના ખૂબ મજા આપે તેવી છે.

આ ગ્રંથની રચના શ્રી વિનયવિજયે સં. ૧૭૩૮ના ચોમાસામાં રાંદેર શહેરમાં શરૂ કરી અને તે જ ચાતુર્માસમાં તેઓનો દેહવિલય થયો. બાકીનો વિભાગ ઉપર જણાવ્યું તેમ શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાયે પૂરો કર્યો, પણ તે તુરત જ પૂરો કર્યો કે વચ્ચે કાંઇ સમય જવા દીધો તેનો નિર્ણય થઇ શકે તેમ નથી, કારણ કે યશોવિજય ઉપાધ્યાયે તેને માટે કાંઇ સૂચન સદર રાસની પ્રશસ્તિમાં કર્યું નથી.

ઉપાધ્યાયનું અવસાન સં. ૧૭૪૩ના ચોમાસામાં ડભોઇ શહેરમાં થયું. એટલે વચ્ચેનો ગાળો માત્ર પાંચ જ વર્ષનો રહ્યો. ઉપાધ્યાય શ્રી યશોવિજયની વૃદ્ધ ઉંમર જોતાં, આપેલ વચન અથવા કરેલ સંકેતને પાર પાડવાની તેમની પોતાની ફરજના સ્પષ્ટ ખ્યાલનો તેમણે કરેલો ઉલ્લેખ વિચારતાં તેમણે તુરત જ આ કાર્ય પાર પાડયું હશે એમ ધારી શકાય અને તે રીતે જોતાં આ રાસની બાકીની કૃતિ સં. ૧૭૩૯ લગભગમાં થઇ હશે એમ અનુમાન સલામતીથી કરી શકાય છે.

: ૪ :

ગ્રંથકર્ત્તાનો સમય

રાજકીય—

ગ્રંથકર્તાનો સમય આપણે સં. ૧૬૯૬ પહેલાં પાંચેક વર્ષથી ગણી શકીએ, કારણ કે તેઓશ્રીની પ્રથમ સંસ્કૃત કૃતિ સં. ૧૬૯૬ના જેઠ માસમાં પૂરી થઈ; એટલે ઈ. સ. ૧૬૪૦નો સમય થયો. અને પ્રથમ ગુજરાતી કૃતિ સં. ૧૬૮૯માં બની એટલે ઇ. સ. ૧૬૩૩નો સમય થયો. તે વખતે હિંદ પર મુગલ શહેનશાહ શાહજહાનનો અમલ ચાલતો હતો (ઈ. સ. ૧૬૨૭-૧૬૫૮). મુગલ શહેનશાહતની સ્થાપના બાબરે ઈ. સ. ૧૫૨૬માં કરી અને હુમાયુના વખતમાં અનેક પ્રકારની અસ્તવ્યસ્તતા થયા પછી અકબરે એ શહેનશાહતને ખૂબ મજબૂત કરી. એની વિશાળ રાજ્યનીતિ, વસુલાતીની રીતિમાં સુધારા, ટોડરમલ્લ જેવા નિષ્ણાત પર વિશ્વાસ, હિંદુ-મુસલમાનને સમાન કક્ષા પર ગણવાની રીતિ, જઝિયાવેરો કાઢી નાખવાની દીર્ઘદર્શિતા આદિ અનેક કારણે પરદેશી મોગલોની સત્તા હિંદ પર પગભર થતી ચાલી. અકબરે વિંધ્યાચળની ઉપરનો પ્રદેશ લગભગ પોતાના કાબૂ તળે લીધો હતો અને પૂર્વમાં પણ ઠીક સત્તા જમાવી હતી. એના પુત્ર જહાંગીરે બાપે મેળવેલું જાળવી રાખ્યું. શહેનશાહ શાહજહાને અનેક લડાઇઓ કરી શહેનશાહતને વિશેષ મજબૂત કરી અને પોતે કળાનો ખાસ શોખીન હોવાથી તાજમહાલ જેવાં અનેક ભવ્ય મહાલયો બંધાવ્યાં. ઈ. સ. ૧૬૩૩(સં. ૧૬૮૯)માં શાહજહાન શહેનશાહનો સૂર્ય એની મધ્ય રેખા પર તપતો હતો. શાહજહાનાબાદ-નવા દિલ્હીની યોજના, મોતી મસ્જિદ, દિલ્હીની જુમામસ્જિદ આજે પણ જોનારને વિચારમાં નાખી દે છે. એ સમયમાં ગ્રંથકર્તાનો ઉદય થયો.

ઈ. સ. ૧૬૫૭(સં. ૧૭૧૨)માં શાહજહાનના પુત્રો : દારા, મુરાદ, ઔરંગજેબ અને સૂજા વચ્ચે લડાઇ થઈ, મહાન શહેનશાહ કેદમાં પડ્યો, એના ત્રણ દીકરાઓ ક્રમોતે મુઆ અને ઔરંગજેબ શહેનશાહતનો માલિક બન્યો. એણે જઝિયાવેરો શરૂ કર્યો. મુસલમાનોને મલ્હાવ્યા, હિંદુઓ તરફ ઘૃણા બતાવી, પોતાના અંગત માણસો તરફ પણ વહેમની નજરે જોવા માંડ્યું અને દક્ષિણ જીતવાને લોભે શહેનશાહતને ઢીલી કરી નાખી. એ ઈ. સ. ૧૬૫૭-(સં. ૧૭૧૩)માં ગાદીએ આવ્યો તે વખતે 'લોકપ્રકાશ' ગ્રંથ અને 'હૈમલઘુપ્રક્રિયા' કૃતિઓ બની ચૂકી હતી. ગ્રંથકર્તાનો બાકીનો સમય એટલે ઔરંગજેબના રાજ્યકાળનો સમય સમજવો. ઈ. સ. ૧૬૫૮-૧૭૦૭માં એટલે સં. ૧૭૧૪-૧૭૬૩ દરમ્યાન ઔરંગજેબે મુગલાઇને ઉપર ઉપરથી ખૂબ અપનાવી પણ અંદરખાનેથી એને ઢીલી કરી દીધી. એની ધર્માભિમાનની ભાવનાએ અથવા ધર્માંધ વલણે અકબર બાદશાહની જમાવેલી ભક્તિ, પ્રેમ અને ઐકય પર પાણી ફેરવ્યાં અને દક્ષિણમાં સત્તા જમાવવાના લોભમાં દિલ્હી પાયતખ્ત પરનો કાબૂ ઢીલો પાડી દીધો.

ઔરંગજેબના સમયમાં મરાઠા સરદાર શિવાજી જાગ્યા. એણે નવીન પદ્ધતિએ લડાઈ કરવાની શરૂઆત કરી. એનો પ્રદેશ ડુંગરાળ હોઈને એ અનુકૂળ વખતે બહાર પડે અને પાછો ડુંગરમાં છુપાઈ જાય. એણે ઔરંગજેબને ખૂબ ત્રાસ આપ્યો. મુગલાઈને ઢીલી પાડવામાં અને હિંદુત્વનું રક્ષણ કરવામાં એણે મજબૂત ફાળો આપ્યો. એણે સિંહાદ્રિ અને ઘાટોમાં ખૂબ જમાવટ કરી અને પરિણામે દક્ષિણ દેશ પર વિજય મેળવવાને બદલે ઔરંગજેબને વર્ષો સુધી દક્ષિણમાં જ સમય પસાર કરવો પડ્યો. શિવાજીનો રાજ્યકાળ ઈ. સ. ૧૬૬૪ થી ૧૬૯૦ છે એટલે સં, ૧૭૨૦ થી ૧૭૩૬ થાય, જે આપણા ગ્રંથકર્તાનો ઉત્તર સમય લગભગ પૂરેપૂરો બને છે આ આખો સમય અવ્યવસ્થાથી ભરપૂર હતો, રાજ્યમાં શાંતિ ન હોય, સૂબા અને સેનાપતિઓ પોતાની સત્તા જમાવવાની ગડમથલમાં પડી ગયા હોય અને ચારે તરફ લડાઈના પડઘા પડી રહ્યા હોય ત્યારે આત્મતત્ત્વનું ચિંતન થાય કે 'શાંતસુધારસ' જેવા ગ્રંથો લખાય કે તેના પર પરિશીલન થાય એ ભારે આશ્ચર્ય ઉપજાવે તેવી બાબત લાગે છે. અધ્યાત્મ કે યોગ શાંતિનો વિષય છે, એ તો શાંત વાતાવરણમાં જ સાધારણ રીતે જામે. જ્યારે દોડાદોડ અને નાસભાગ હોય ત્યારે શાંતિના વિચાર સૂઝે નહિ. આવા વાતાવરણમાં ગ્રંથો લખાયા છે અને આત્મસન્મુખ ભાવનાઓ થઈ શકી છે તે ગ્રંથકર્તાની અધ્યાત્મરસિકતા બતાવે છે. એનો આત્મતત્ત્વ-શોધન માટે ખરો આંતરનાદ સૂચવે છે અને વાતાવરણને તાબે ન થઈ જવાની ઉલ્લાસવૃત્તિ બતાવે છે. ખુદ સુરત શહેર ઉપર શિવાજી મહારાજે ઈ. સ. ૧૬૬૪ (સં, ૧૭૨૦)-માં લૂંટ ચલાવી, આખા શહેરમાં નાસભાગ થઈ રહી અને લોકોના જાનમાલની સલામતી મોટા ભયમાં આવી પડી, છતાં આપણે ઉપર જોયું છે કે રાંદેર, સુરત અને તેની આસપાસ ગુજરાતમાં રહીને જ સર્વ કૃતિઓ ગ્રંથકર્તાઓ કરી છે અને કેટલીક કૃતિઓ તો અસાધારણ એકાગ્રવૃત્તિ અને વિશિષ્ટ અભ્યાસને પરિણામે રચાયેલી છે. એ સર્વ બતાવે છે કે લેખકના મનમાં આત્મારામ-રમણતા હતી, વાતાવરણને તાબે ન થઈ જતાં તેની ઉપરવટ થવાની તાકાત હતી અને શાંતિના માર્ગની સાધ્યસ્પષ્ટતા નજરસન્મુખ રાખવાની વિશિષ્ટ આવડત તેમનામાં હતી.

સાંસારિક—

જનતા સામાન્ય રીતે અંધકારમાં હતી. લશ્કરી વર્ગો લડાઈની વાતોમાં પડેલા હતા, બાકીના વર્ગો અવ્યવસ્થાના સપાટામાં હતા. આખો વખત ચારે બાજુ લડાઈના ભણકારા વાગ્યા જ કરતા હતા, લોકોમાં વાતો જિંદગીની અસ્થિરતા, ભય અને અગવડની જ ચાલ્યા કરતી હતી, અમુક વિશિષ્ટ વર્ગને બાદ કરીએ તો અભ્યાસ બહુ સામાન્ય હતો, લોકોનો મોટો ભાગ અજ્ઞાનમાં સબડતો હતો અને ચારે તરફ અંધકાર અને અવ્યવસ્થાનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું. જનતાને મુસલમાન વર્ગ તરફથી મોટો ભય હતો અને દિલ્લી એટલું દૂર હતું કે ત્યાં સુધી રાવ પહોંચાડવાની જોગવાઈ લગભગ નહિવત્ હતી. માત્ર દેશનું ધન દેશમાં જ રહેતું, એટલે વરસાદ-પાણી સારાં થાય તો લોકોને ભૂખમરાને તાબે થવું પડતું નહિ,

પણ એ સિવાય જીવનની શાંતિ માટે કે આત્મસુધારણાને માટે એ સમયમાં અતિ અલ્પ તકો મળતી હતી. આવા સમયમાં લેખકો, કવિઓ, સાહિત્યકારો કે તાર્કિકો જન્મતા તે અપવાદરૂપે જ. લોકોનું અભ્યાસનું ધોરણ એટલું તો ઓછું હતું કે શિષ્ટ, ભણેલા કહેવાતા વર્ગમાં પણ વધારેમાં વધારે લખતાં-વાંચતાં, અને હિસાબ કરતાં આવડે તે પાંચમાં પૂછવા લાયક ગણાતા, જ્યારે સામાન્ય જનતાના મોટા ભાગને તો અક્ષરજ્ઞાન પણ મળતું નહિ. એટલું છતાં લોકો પોતપોતાના વ્યવહારમાં કુશળ હતા, નાતજાતના રિવાજને માન આપતા અને સગપણ, સ્નેહસંબંધ ચીવટથી જાળવતા હતા. દેશ-પરદેશ જવા-આવવાના સાધનો અતિ અલ્પ હોઈ પોતાના પ્રદેશમાં લોકો હાલતા-મ્હાલતા અને દૂર જવાની વાત તો અતિ સાહસિક વેપારી કે વહાણવટી જ કરતા, પણ સાધારણ રીતે તો પાંચ-પંદર ગાઉ દૂર જવું હોય તો ભાતા અને સથવારાની સગવડ કરવી પડતી હતી. જ્ઞાતિઓનું બંધારણ મજબૂત હતું અને પ્રાંતિક વાડાઓ પણ એટલા જ ચુસ્ત હતા. લોકો કથા-વાર્તા સાંભળીને, વ્યાખ્યાનોનું શ્રવણ કરીને જ્ઞાન મેળવતા અને બાકી પોતાના નાના-મોટા વ્યાપારમાં રળી ખાતા હતા. દેશ સમૃદ્ધ હતો, કુદરતની કૃપા હતી, ધરતીકંપ કે જ્વાલામુખીનું નામ નહોતું અને દુકાળ જવલ્લે જ પડતા. આવો સમય તે વિક્રમની સત્તરમી સદીની આખરનો અને અઢારમીની શરૂઆતનો હતો. હવે એ સમયે જૈન જનતાની ખાસ પરિસ્થિતિ કેવી હતી તે જરા લક્ષ્યમાં લઈ લઇએ.

ગુજરાત—

જૈન જનતાનો વિચાર કરતાં પ્રથમ રાજદ્વારી બાબતને અંગે ગુજરાતની સ્થિતિ વિચારવી પ્રસ્તુત થાય છે. રાજપુતાનામાં ઔરંગઝેબે કેર વર્તાવી દીધો હતો અને એના ધર્માંધપણાને લઇને હિંદુઓ તદ્દન વિરુદ્ધ થઈ ગયા હતા એ જાણીતી વાત છે. અકબરે જે પ્રજાનો પ્રેમ મેળવ્યો હતો એ રાજનીતિના ફેરફારથી અને ધર્મઝનૂની રાજકારણથી ઔરંગઝેબ ગુમાવી બેઠો એ વાત જગજાહેર છે. પણ એ જ ઔરંગઝેબ એના પિતાના વખતમાં ગુજરાતનો સૂબો નિમાયો હતો તે વખતે શેઠ શાંતિદાસે અમદાવાદના સરસપુરમાં સં. ૧૬૯૪માં બંધાવેલ (મગનલાલ વખતચંદ, અમદાવાદનો ઇતિહાસ, પૃ. ૧૪૨-૩) બાવન જિનાલયવાળા ભવ્ય દેરાસરને ઔરંગજેબે ઇ. સ. ૧૬૪૪(સં. ૧૭૦૦)માં તોડી પાડયું અને તે જ દેરાની મસ્જિદ કરી દીધી. આથી આખા ગુજરાતમાં હિંદુ અને મુસલમાનનું મોટું બંડ થયું (જૈન ઐતિહાસિક રાસમાળા, ભાગ ૧લો, પૃ. ૮૦). ઇતિહાસકાર લખે છે કે તે વખતે ધર્મને અંગે જુલમ ઘણો હતો એ વાત સમજીને શાંતિદાસ શેઠે એ દેરાસરથી પોતાના મકાન સુધી સુરંગ બોદાવી રાખી હતી. સુરંગમાં ગાડાં ઉતારી સદર દેરાની ચોમુખની ચાર પ્રતિમાઓ ગાડામાં બેસારી ઝવેરીવાડામાં લાવ્યા. તેમાંની ત્રણ મૂર્તિઓ આદીશ્વરના દેરાસરના ભોંયરામાં બેસારી અને ચોથી મૂર્તિ ઝવેરીવાડામાં નીશાપોળમાં જગવલ્લભ પાર્શ્વનાથના દેરાના ભોંયરામાં બેસારી તથા

મૂળનાયકની મૂર્તિ નાની શામળી ચિંતામણિ પાર્શ્વનાથની હતી તે લાવીને ઝવેરીવાડામાં સૂરજમલના દેરામાં પધરાવી. તે મૂર્તિઓ હાલ પણ છે. પછી તે મુસલમાનોએ દેરું વટાળ્યું, રંગમંડપ વગેરેના ઘુમ્મટની માંહેલી તરફ ફરતી ઊંચા પથ્થરની પૂતળીઓ વગેરે છે તેને છૂંદી નાંખી તથા ચૂનાથી લીંપી દીધી. તે સિવાય મુસલમાનોએ ઘણી તોડફોડ કરી છતાં પણ એ દેરાના ખંડેર પરથી માલૂમ પડી આવે છે કે એ દેરાનું કામ બહુ મજબૂત હતું. હાલ તે દેરું ઉજ્જડ પડ્યું છે.

આટલા ઉપરથી ગુજરાતમાં જાનમાલના રક્ષણની કેટલી ચિંતા હશે એનો ખ્યાલ આવશે. લોકોના જીવને ફડકો એટલો હતો કે આવતી કાલે શું થશે તેની કલ્પના થાય નહિ. મોટા શહેરમાં આવી સ્થિતિ હોય ત્યારે નાનાં શહેરો અને ગામડાંમાં કેવી જાતની રંજાડો હશે એ કલ્પી લેવું મુશ્કેલ નથી. ગુજરાતમાં સૂબા દિલ્હીથી નિમાઈને આવતા હતા અને તેની લાયકાત ઉપર ગુજરાતનો વહીવટ ચાલતો હતો. ગુજરાતનો તે સમયનો ઇતિહાસ જોતાં કોઈ વિશિષ્ટ તત્ત્વ દેખાતું નથી. સૂબાનો મેળાપ થાય અથવા તે માન આપે તો શહેનશાહે પોતે માન આપ્યું હોય એમ ગણવામાં આવતું હતું. આવા પ્રકારની ગુજરાતની તે સમયની સ્થિતિ હતી. જાનમાલની ચિંતા લોકોને ખૂબ રહેતી હતી. જ્ઞાતિબંધનો સામાજિક કારણે મજબૂત હતાં. નાની નાની જ્ઞાતિઓ અને પ્રાંતિક ભેદો ખૂબ હતા અને દિવસાનુદિવસ વધતા જતા હતા. થોડાં ગામોનાં ઘોળ બનતાં હતાં; અને રાજનગરના માણસો સ્વાભાવિક રીતે પોતાની જાતને ઉત્તમ-વિશિષ્ટ માનતા હતા. સ્ત્રીઓને અભ્યાસ માટે કોઈ જાતની વ્યવસ્થા નોંધાયેલી નથી. તેઓને ઘર બહાર ફરવા-ફરવામાં ઘણો સંકોચ રહેતો હતો અને બાળલગ્નો પ્રચલિત હતાં. લોકોમાં ધર્મભાવના સારી હતી.

સત્તરમી સદીનો જૈન ઇતિહાસ, પ્રભાવશાળી વિજયહીરસૂરીશ્વર, ધર્મસાગર ઉપાધ્યાયની ચર્ચા—

અઢારમી સદીને બરાબર સમજવા માટે શ્રી હીરવિજયસૂરિથી માંડીને શરૂ થતા યુગની અતિ સંક્ષેપમાં વિચારણા કરવી જરૂરી છે. પાલણપુરમાં કુરા ઓશવાલ અને નાથીબાઈને ત્યાં હીરાનો જન્મ સં. ૧૫૮૩માં થયો. વિજયદાનસૂરિ(૫૭મી પાટ)ના ઉપદેશથી ૧૩ વર્ષની વયે એણે સં. ૧૫૯૬માં માબાપની પરવાનગીથી પાટણ શહેરમાં દીક્ષા લીધી. દક્ષિણમાં દેવગિરિ થઈ દક્ષિણી પંડિત પાસે ખૂબ અભ્યાસ કર્યો, ન્યાય અને જ્યોતિષમાં ખાસ પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યું. સં. ૧૬૦૮માં નાડલાઈમાં તેમને પંડિતપદ પ્રાપ્ત થયું. સં. ૧૬૦૮માં ઉપાધ્યાયપદ પ્રાપ્ત થયું અને સં. ૧૬૧૦માં શિરોહીમાં તેમને આચાર્યપદવીનું પ્રદાન થયું. આચાર્ય વિજયદેવસૂરિનો સ્વર્ગવાસ સં. ૧૬૨૧માં થતાં તપગચ્છના વિજયહીરસૂરિ નાયક થયા. આ વખતે આખા તપગચ્છમાં તેમની આજ્ઞા વર્તતી હતી અને તેઓ એકલા અદ્વિતીય નાયક

બન્યા હતા. તેઓશ્રીનો વિહાર મુખ્યતયા ગુજરાતમાં, યાત્રાનિમિત્તે કાઠિયાવાડમાં અને કવચિત્ મેવાડમાં હતો.

સં. ૧૬૧૮માં આચાર્ય વિ. હીરસૂરિજી ગાંધાર(લાટદેશ)માં ચોમાસુ હતા તે વખતે અકબર બાદશાહને ધર્મજિજ્ઞાસા થઈ. એણે અનેક વિદ્વાનોને એકઠા કરી તેમની પાસેથી ધર્મનાં રહસ્યો જાણી તે પરથી સર્વધર્મસંમત એકમત ચલાવવાની ભાવના કરી. એટલે 'દીને-ઇલાહી' નામના સર્વ ધર્મના રહસ્યભૂત એક ધર્મની સ્થાપના સં. ૧૬૩૫માં કરી પણ દીધી હતી; એમાં એનો રાજદ્વારી ઉદ્દેશ પણ હતો, સાથે સાથે એનામાં ધર્મજિજ્ઞાસા પણ સારી હતી. નિષ્પાપ ધર્મમાર્ગની શોધ કરતાં એમની પાસે શ્રી હીરવિજયસૂરિના નામની પ્રાપ્તિ થઈ. શહેનશાહના આમંત્રણથી આચાર્યશ્રી દિલ્હી આવ્યા. ત્યાં શહેનશાહ અને સૂરીશ્વરનો મેળાપ થયો. અકબર બાદશાહને જૈન ધર્મના કેટલાક મુદ્દા ખૂબ પસંદ આવ્યા. આચાર્ય વિજયહીરસૂરિને એમણે સં. ૧૬૪૦માં 'જગદ્ગુરુ'ની પદવી આપી. વિજયહીરસૂરીશ્વરનો આ આખો પ્રસંગ અતિ આકર્ષક છે અને 'વિજયપ્રશસ્તિ' કાવ્ય, 'હીરસૌભાગ્ય' કાવ્ય, 'ઋષભદાસ-કૃત' 'હીરવિજયસૂરિરાસ' આદિ અનેક ગ્રંથોમાં ચિતરાયેલો છે. આપણે આ પ્રસંગે તેની વિગતમાં ઊતરવાનું નથી. જૈન સમાજની સ્થિતિ સમજવા પૂરતું આ સમયનું વિહંગાવલોકન કરી આપણે અઢારમી શતાબ્દિની શરૂઆત સુધી પહોંચી જશું; કારણ કે આ ઇતિહાસને અઢારમી સદીના ઇતિહાસ સાથે અતલગનો સંબંધ છે.

વિજયહીરસૂરિએ અકબર પાસેથી અનેક ફરમાનો મેળવ્યાં, જૈનધર્મની કીર્તિ વધારી, સં. ૧૬૪૦થી અકબરના દરબાર સાથે તપગચ્છનો સંબંધ અકબરના મરણ સુધી ચાલુ રહ્યો. આચાર્ય વિજયહીરસૂરિએ સં. ૧૬૫૨માં કાળ કર્યો ત્યારપછી પણ ભાનુચંદ્ર ઉપાધ્યાય સં. ૧૬૬૧માં અકબરના મરણ સુધી લગભગ દિલ્હીમા અથવા બાદશાહની નજીકમાં રહ્યા અને આ રીતે અહિંસાના સંદેશા રાજ્યદ્વારા પહોંચાડવાની તક આચાર્યશ્રીએ હાથ ધરી. એ જ સમયમાં ધર્મસાગર ઉપાધ્યાય થયા. એમની દીક્ષા સં. ૧૫૮૬માં અને વિજયહીરની સાથે ઉપાધ્યાયપદ તેમને ૧૬૦૮માં વિજયદાનસૂરિએ આપ્યું. તેમણે તપગચ્છ જ સાચો છે એમ જણાવી 'તત્ત્વતરંગિણી', 'પ્રવચનપરીક્ષા' આદિ ગ્રંથો રચ્યા અને 'કુમતિકુદાલ' ગ્રંથ બહાર પાડ્યો. ચર્ચા ઘણી વધી પડી. તેમના એક ગ્રંથને વિજયહીરસૂરિએ જળશરણ કરાવ્યો તેથી તેમની વાત દબાઈ તો ગઈ, છતાં તેની પાસે સંઘ સમક્ષ સં. ૧૬૨૧માં માફી મંગાવી. આ વખતથી મતભેદનો કીડો તપગચ્છમાં દાખલ થયો. આ ધર્મસાગર ઉપા-ધ્યાય મહાતાર્કિક અને અસાધારણ વિદ્વાન હતા, પણ આક્રમણરીતિએ આક્ષેપ કરનાર કોઈ અનેક વાર અથડામણમાં આવી જતા હતા.

મતભેદનો ઇતિહાસ—

વિજયસેનસૂરિને સં. ૧૬૨૦માં આચાર્યપદ આપવામાં આવ્યું. તેઓ વિજયહીરસૂરિની

પાટે આવ્યા. તેમનું સ્વર્ગગમન સં. ૧૬૭૧માં થયું. તેઓ ભારે વિદ્વાન હતા તેથી તેમના સમય સુધી તપગચ્છમાં શાંતિ ચાલી. વિજયસેનસૂરિ સંવત્ ૧૬૭૧માં કાળધર્મ પામ્યા. ત્યારપછી તપગચ્છમાં મતભેદ વધ્યો. વિજયસેનસૂરિની પાટે વિજયદેવસૂરિ આવ્યા. આ વિજયદેવસૂરિએ સાગરવાળાનો પક્ષ લીધો. આથી તપગચ્છમાં ભારે ખટપટ ઊભી થઈ. ભાનુચંદ્ર અને સિદ્ધિચંદ્રે સોમવિજય સાથે મળી રામવિજયને આચાર્યપદ આપ્યું અને એમનું નામ 'વિજયતિલકસૂરિ' પાડવામાં આવ્યું. આ વાતની ચર્ચા તો વિજયસેનસૂરિના સમયમાં શરૂ થઈ ગઇ હતી, પણ તેના પર તેમના સ્વર્ગગમન પછી સં. ૧૬૭૩માં-અમલ થવા લાગ્યો. સં. ૧૬૭૬માં વિજયતિલકસૂરિ કાળધર્મ પામ્યા. એમની પાટે વિજયઆનંદસૂરિની સ્થાપના કરવામાં આવી. તે વખતે વિજયદેવસૂરિ અને વિજયાનંદસૂરિ વચ્ચે મેળ થયો તો ખરો , પણ અંતે તપગચ્છના બે વિભાગ પડી ગયા. વિજયદેવસૂરિના પક્ષે રહેનાર 'દેવસૂરિ' અથવા 'દેવસૂર' કહેવાયા અને વિજયઆનંદસૂરિના પક્ષે રહેનારા 'આનંદસૂરિ' અથવા 'અણસૂર' કહેવાણા. એક બાપના બે દીકરા હોવા છતાં અને ક્રિયા કે વ્રત, નિયમ, સમાચારી કે આજ્ઞામાં જરા પણ મતફેર ન હોવા છતાં આ રીતે તપગચ્છમાં વિભાગ થયા અને પરિણામે એક છત્રે ચાલતા તપગચ્છમાં ચર્ચા, તકરાર અને ભેદની શરૂઆત થઈ.

તપગચ્છના ત્રણ વિભાગ—

આ ઉપરાંત તપગચ્છમાં એક બીજો અગત્યનો બનાવ વિજયદેવસૂરિના સમયમાં થયો. આ મહાતપસ્વી આચાર્યને જહાંગીર બાદશાહે 'મહાતપા'નું બિરુદ આપ્યું હતું. એના સમયમાં અમદાવાદમાં સુપ્રસિદ્ધ શાંતિદાસ શેઠ થયા. તેમના ઉપર તપગચ્છના રાજસાગરનો ઉપકાર હતો. અમુક પ્રકારના જાપ કરીને શેઠને અનર્ગલ લક્ષ્મી પ્રાપ્ત કરાવી દેવામાં એ કારણભૂત થયા હતા. શેઠ શાંતિદાસની ઇચ્છા પોતાના ગુરુ રાજસાગરને ઉપાધ્યાયપદવી અપાવવાની હતી. એમણે વિજયસેનસૂરિને વિજ્ઞપ્તિ કરી, પણ સૂરિમહારાજે જવાબમાં જણાવ્યું કે 'એમ પદવી આપીએ તો સ્થળે સ્થળે ઉપાધ્યાય થઇ જાય, તેથી તેનું માહાત્મ્ય ન રહે, માટે તમારી વિનંતિ સ્વીકારી શકાય તેમ નથી.' શ્રાવક જ્યારે અમુક સાધુનો પક્ષ કરે ત્યારે શાસનની જે દશા થાય છે તે ત્યારપછી બની. શેઠે રાજસાગરને આચાર્ય બનાવવાનું નક્કી કર્યું. ખંભાતના નગરશેઠ પોતાને ઘેર આવ્યા હતા તે તકનો લાભ લઈ તેને રોકી રાખ્યા. ખંભાતમાં વિજયદેવસૂરિ બિરાજમાન હતા. યુક્તિ-પ્રયુક્તિ કરી ખંભાતના નગરશેઠને ધમકાવી દબાવી વિજયદેવસૂરિ પાસેથી વાસક્ષેપ અને સૂરિમંત્ર મંગાવ્યો અને સં. ૧૬૮૬ના જેઠ માસમાં રાજસાગરને આચાર્યપદવી શેઠ શાંતિદાસે અમદાવાદમાં અપાવરાવી. આ રીતે તપગચ્છમાં ત્રીજો વિભાગ પડ્યો અને સાગરની પરંપરા તે વખતથી શરૂ થઈ.

આ રીતે તપગચ્છમાં સત્તરમી સદીની આખરે ખટપટો વધી પડી અને એક ચકવે ગચ્છનિર્વાહ થતો હતો તેમાં ભેદો થતા ચાલ્યા. વિજયદેવસૂરિના વખતમાં તેમની અને વિજયાનંદસૂરીશ્વરની વચ્ચે સં. ૧૬૭૫ લગભગ ભેદ થયો, પાછો તેમની વચ્ચે ૧૬૮૧માં મેળ પણ થયો, પરંતુ જ્યારથી વિજયદેવસૂરિએ સાગરવાળાનો પક્ષ ઉઘાડી રીતે લીધો ત્યારથી આનંદસૂરિ સાથે વિરોધ વધી પડ્યો અને આ રીતે તપગચ્છમાં મતભેદ, વિરોધ, ચર્ચાઓ અને અંગત આક્ષેપોનો યુગ શરૂ થયો. આવી તકરારનો વાત જહાંગીર પાદશાહ સુધી પણ પહોંચી અને તેમણે સં. ૧૬૭૩માં વિજયદેવસૂરિ જ ખરા પટ્ટધર છે એમ મત બતાવ્યો ત્યારે વિરોધવાળા ભભૂકી ઊઠી. શિરોહીના જૈન દીવાને ગચ્છભેદ અટકાવવા પ્રયત્નો કર્યા, પણ અંતે મતભેદ ચાલુ જ રહ્યો અને એમાં શ્રાવકોએ પક્ષ લઈ શાસનના હિતને બદલે અંગત માનાપમાન પર વધારે ધ્યાન આપી શાસનની છિન્નભિન્ન સ્થિતિની શરૂઆત કરી.

અકબર બાદશાહના સમયમાં અને ત્યારબાદ જહાંગીર અને શાહજહાનના સમયમાં જૈન ધર્મની પ્રગતિ સારી થઈ, સારા લેખકો પ્રાપ્ત થયા. વિજયહીરસૂરિ અને વિજયસેનસૂરિ બન્ને ખૂબ અભ્યાસી હોઈ એમણે સાહિત્યસેવા સારી કરી અને એમના સમયમાં ધર્મની જાહોજલાલી દર્શનવિકાસને અંગે પણ ખૂબ થઈ. તેમના પછી વિજયદેવસૂરિ આવ્યા; તે વિદ્વાન ખરા, પણ વિજયસેનસૂરિ જેવા મક્કમ જણાતા નથી. એમના સમયમાં શાસનની અંદર ક્ષીણતા આવવાની શરૂઆત થઈ, પણ ધર્મનું બાહ્ય સ્વરૂપ તો ધામધૂમથી ભરપૂર જ ચાલ્યું.

આપણે હવે અઢારમી શતાબ્દી પર આવી જઈએ.

વિજયદેવસૂરિના વખતમાં ક્રિયાઉદ્ધાર—

અઢારમી સદીની શરૂઆતમાં ઉપર જણાવ્યું તેમ તપગચ્છના ત્રણ વિભાગો પડી ગયા હતા. વિજયદેવસૂરિ તપગચ્છની ૬૦મી પાટે શ્રી વિજયસેનસૂરિના પટ્ટધર થયા. તેમની દીક્ષા સં. ૧૬૪૩, પંન્યાસપદ ૧૬૫૫, સૂરિપદ ૧૬૫૬. પોતાની હયાતીમાં તેમણે વિજયસિંહસૂરિને પટ્ટધર તરીકે નીમ્યા હતા. આ વિજયસિંહસૂરિનો જન્મ સં. ૧૬૪૪-માં (મેડતા), દીક્ષા સં. ૧૬૫૪માં, વાચકપદ સં. ૧૬૭૩માં અને સૂરિપદ સં. ૧૬૮૨માં થયું. તેમનું સ્વર્ગગમન સં. ૧૭૦૯માં અષાડ શુદિ ૨ ને રોજ અમદાવાદમાં થયું.

વિજયદેવસૂરિનું સ્વર્ગગમન સં. ૧૭૧૩ના અષાડ શુદિ ૧૧ને રોજ ઉનામાં થયું, એટલે તેમની હયાતીમાં જ તેમના પટ્ટધર વિજયસિંહસૂરિનું સ્વર્ગગમન થયું છતાં વિજયસિંહસૂરિ તપગચ્છની ૬૧મી પાટે ગણાય છે, કારણ કે એમણે ગુરુની હયાતીમાં ગચ્છાધિપતિ તરીકે કામ કર્યું હતું.

મુનિ સત્યવિજયજી વિજયસિંહસૂરિના શિષ્ય થયા. તેઓ મહાત્યાગી-વૈરાગી અથવા ક્રિયાશીલ હોઈ એમને પ્રચલિત સાધુમાર્ગમાં શિથિલતા લાગી. એમણે પોતાના ગુરુ પાસે

ક્રિયાઉદ્ધાર કરવાની પરવાનગી માગી. એમની ઇચ્છા ત્યાગધર્મને બરાબર બહલાવવાની, સવિશેષ તપ કરવાની અને તપગચ્છમાં કેટલોક સડો અને ખટપટ દાખલ થઈ ગયાં હતાં તે દૂર કરવાની હતી એમ જણાય છે. વિજયસિંહસૂરિએ એમની યોગ્યતા જાણી એમને ક્રિયાઉદ્ધાર કરવાની પરવાનગી આપી. તેઓ ગુરુની પરવાનગીથી જુદા પડ્યા, અપ્રમત્તપણે વિહાર કરવા લાગ્યા અને તેમણે તપ-ત્યાગનો માર્ગ આદર્યો.

આ સત્યવિજય પંન્યાસ અત્યંત ક્રિયાશીલ અને સ્વતંત્ર વિચારના, મક્કમ અને ઉદ્યોગી હતા. એમણે સંવિજ્ઞપક્ષ કાઢ્યો. પ્રચલિત પ્રવાહના સાધુઓથી જુદા પડવા સફેદને બદલે પીળાં વસ્ત્રો કર્યાં અને વિહાર આદિના આકરા નિયમો કર્યા.

તેમનો જન્મ માળવાના લાડલુ ગામમાં સં. ૧૬૭૪માં થયો હતો. ૧૪ વર્ષની વયે તેમની દીક્ષા માબાપની પરવાનગીથી તેમના ગામમાં થઈ. સં. ૧૭૨૯માં વિજયપ્રભસૂરિએ તેમને પંન્યાસપદ સોજતમાં આપ્યું અને ૮૨ વર્ષની વયે સં. ૧૭૫૬માં તેમનો સ્વર્ગ-વાસ પાટણ મુકામે થયો. તેમણે ક્રિયાઉદ્ધાર વિજયસિંહસૂરિના જીવનસમયમાં કર્યો છે અને તેમની પટ્ટપરંપરા વિજયસિંહસૂરિથી ગણાય છે; છતાં ૧૭૨૯માં તેમને પંન્યાસપદ આપ્યું છે તે પરથી જણાય છે કે તેમને મૂળપાટ સાથે સંબંધ તો ચાલુ રહ્યા હશે. નોંધવા જેવી વાત એ છે કે તેઓ આટલો લાંબો વખત જીવ્યા અને ક્રિયાઉદ્ધાર કરવા જેટલી તેમણે તાકાત બતાવી, છતાં તેઓને આચાર્યપદ મળ્યું નહિ, અથવા તેઓએ તે લીધું નહિ. આ તેમની ત્યાગદશા સૂચવે છે.

વિજયપ્રભસૂરિ—

વિજયદેવસૂરિની હયાતીમાં વિજયસિંહસૂરિનું સ્વર્ગગમન સં. ૧૭૦૯માં થતાં પાછી અગવડ ઊભી થઈ. તે વખતે તપગચ્છમાં બે મોટા ભેદ તો પડી ગયેલા જ હતા. વિજય-દેવસૂરિ અને વિજયઆનંદસૂરિનાં શાસન અલગ અલગ ચાલતાં હતાં અને સાગરગચ્છની પણ શરૂઆત થઇ હતી. તે વખતે તે ઉપરાંત સત્યવિજય મૂળ પાટથી જુદા પડી ગયા હતા. ત્યાં વિજયદેવસૂરિની હયાતીમાં વિજયસિંહસૂરિએ કાળ કર્યો. એમની ૬૧મી પાટ ગણાય છે. વિજયપ્રભ કચ્છ મનોહરપુરના હતા. જન્મ સં. ૧૬૭૭માં, દીક્ષા ૧૬૮૬માં પંન્યાસપદ સં. ૧૭૦૧માં થયેલ, તેમને સં. ૧૭૧૦માં ગાંધારમાં સૂરિપદ આપવામાં આવ્યું. આ વિજયપ્રભસૂરિના વખતમાં તપગચ્છમાં વધારે ને વધારે મતભેદ ચાલતા ગયા અને દેવસૂર, અણસૂર અને સાગરપક્ષ ઉપરાંત સંવિજ્ઞપક્ષ નીકળ્યો. અંતે મૂળપાટમાં મંદતા આવતી ગઈ, એમાં રહેનાર 'શ્રીપૂજ્યો' થઈ ગયા અથવા કહેવાયા અને એના તરફ લોકોનું માન થોડો વખત રહ્યું, પણ ધીમે ધીમે ચારિત્રમાં પણ શિથિલતા આવતી ગઇ એટલે સંવિજ્ઞપક્ષનું જોર વધતું ચાલ્યું.

મૂળપાટનું પ્રાબલ્ય—

એટલું છતાં અઢારમી સદીની શરૂઆતમાં તો મૂળપાટનું પ્રાબલ્ય ઘણું જણાય છે. વિનયવિજય ઉપાધ્યાય જેવા પ્રખર વિદ્વાને 'ઇંદુદૂત' કાવ્ય લખીને વિજયપ્રભસૂરિની પ્રશંસા કરી છે એ સર્વ હકીકત જોતાં અને શ્રીમદ્યશોવિજય જેવા મૂળપાટના પક્ષમાં ઊભા રહ્યા છે એ વિચારતાં એમનું જોર ઘણું હશે એમ લાગે છે. પણ સત્યવિજય પંન્યાસ તો જુદા પડી જ ગયા. એમનાં ત્યાગ અને ક્રિયાતત્પરપણાને લઈને 'સૂરિ પાઠક સન્મુખ ઊભા' એમ શ્રી વીરવિજય એમને માટે લખે છે, એટલે સત્યવિજય પંન્યાસ પાસે મોટા વિજયપ્રભ જેવા આચાર્ય કે યશોવિજય ઉપાધ્યાય જેવા પાઠક પણ ખડા રહેતા હતા. એ વાત ગમે તેમ હોય, પણ એ યુગમાં આખા તપગચ્છમાં મતભેદ, તકરાર, ચર્ચા ખૂબ ચાલ્યાં જણાય છે અને મૂળ પાટ સામે ગમે તેટલો વિરોધ દેખાવા છતાં એનું જોર તે યુગમાં ખૂબ રહ્યું જણાય છે.

વિજયદેવસૂરિનું સ્વર્ગગમન સં. ૧૭૧૨માં ઉના શહેરમાં થયું અને ત્યારબાદ વિજયપ્રભસૂરિની આણ પ્રવર્તી. તેઓના શિષ્યોમાં ૨૫ તો ઉપાધ્યાય હતા અને ૩૦૫ પંડિતપદ ધરાવનાર હતા. એક રીતે તેમનો સમય ખૂબ ઉદ્યોતનો ગણાય, પણ અંદરખાનેથી કુસંપ અને અવ્યવસ્થિત ચર્ચા અને ઢંગધડા વગરનો ખટપટો તેમના સમયમાં ખૂબ થઈ હોય એમ ઇતિહાસ વાંચતાં દેખાઈ આવે છે. શ્રી વિજયપ્રભસૂરિ ઉગ્ર હતા, કચ્છી હતા અને અમલનો દોર ચલાવનારા હતા. એમના સમયમાં યશોવિજય ઉપાધ્યાયને બે વખત તેમની લેખિત ક્ષમા માગવી પડી છે. અસાધારણ તાર્કિક, તીવ્ર બુદ્ધિબળ બતાવનાર અને સેંકડો વર્ષોના મતભેદોનો સમન્વય કરી શકનાર આ અસાધારણ પ્રતિભાવાન્ અને બુદ્ધિશાળી વ્યક્તિ એ સમયમાં સૂરિપદ તો ન મેળવી શકી, પણ લેખિત ક્ષમા માગવાની સ્થિતિમાં મૂકાણી ત્યારે સંઘમાં કેટલી દુર્વ્યવસ્થા અને ખટપટો ચાલી હશે એની કલ્પના થયા વગર રહે તેમ નથી.

વિજયપ્રભસૂરિનું સ્વર્ગગમન ૧૭૪૯માં ઉનામાં થયું. સત્યવિજય પંન્યાસ સં. ૧૭૫૬માં કાળધર્મ પામ્યા. મૂળ પાટ પણ ત્યાર પછી ચાલી છે. સત્યવિજય પંન્યાસે પીળાં વસ્ત્ર કર્યાં અને મૂળપાટે ધોળાં વસ્ત્ર ચાલુ રહ્યાં.

વિજયઆનંદસૂરિ—

વિજયદેવસૂરિના સમયમાં એક અગત્યની ઘટના બની. હકીકત એમ બની હતી કે વિજયહીરસૂરિના સમયમાં ધર્મસાગર ઉપાધ્યાય થયા. એ અતિ વિદ્વાન હતા. એમણે અનેક ગ્રંથો રચ્યા. તેમના વખતમાં અભ્યાસીઓ ઘણા હતા. એમણે સં. ૧૫૯૫માં દીક્ષા લીધી. દેવગિરિ(દક્ષિણ)માં ન્યાયનો અભ્યાસ કર્યો. તેમણે તપગચ્છ જ સાચો છે અને બીજા સર્વ ગચ્છો ખોટા છે એમ બતાવનારા ગ્રંથો બહાર આણ્યા અથવા નવા રચ્યા : કુમતિકુદ્દાલ,

તત્ત્વરંગિણી, પ્રવચનપરીક્ષા વગેરે. એમણે ખરતરો વિરુદ્ધ ખૂબ લખ્યું. છેવટે એમણે સં. ૧૬૧૭માં પાટણમાં ખરતરો સાથે વાદવિવાદ કર્યો અને મહાન ટીકાકાર અભયદેવસૂરિ ખરતર નહોતા એમ સ્થાપના કરી. તેમની ઉગ્ર ભાષાથી સમસ્ત જૈન શ્વેતાંબર સમાજમાં મોટો ખળભળાટ થયો. તેમને સંઘબહાર પણ કર્યા. શ્રી વિજયદાનસૂરિ મજબૂત હતા તેથી તેઓ અને પછી ગચ્છપતિ શ્રી વિજયહીરસૂરિ પ્રબળ પ્રતાપી અને બહુ મક્કમ હતા એટલે એ બન્ને તો ધર્મસાગર પર પોતે પોતાના વખતમાં કાબૂ રાખી શકયા અને સં. ૧૬૪૬માં 'બાર બોલ'ની આજ્ઞા શ્રી હીરસૂરિએ કાઢી ત્યારે તેમાં ધર્મસાગરને સહી કરવી પડી. પણ એ વખતથી તપગચ્છમાં અંદર અંદર મતભેદની શરૂઆત થઈ ગઈ. વિજયસેનસૂરિના સમયમાં એક ચકવે આચાર્યનું રાજ્ય રહ્યું, પણ ત્યાર પછી વિજયદેવસૂરિના વખતમાં ઝઘડા વધતા ચાલ્યા. વિજયસેનસૂરિનો સ્વર્ગવાસ થતાં તેમના પદ પર અમદાવાદમાં સં. ૧૬૭૩માં વિજયતિલકસૂરિની આચાર્યપદે સ્થાપના કરવામાં આવી. તપગચ્છમાં એક વિજયદેવસૂરિ તો આચાર્ય હતા અને આ બીજા આચાર્ય થયા. વિજયતિલકસૂરિ સં. ૧૬૭૬માં કાળ કરી ગયા. તેમની ગાદી પર સં. ૧૬૭૬માં વિજયઆનંદસૂરિ આવ્યા.

આ વિજયઆનંદસૂરિએ વિજયદેવસૂરિ સાથે મેળ કર્યો, પણ વળી સં. ૧૬૮૧માં વાંધા પડયા. વિજયદેવસૂરિનું વલણ સાગરપક્ષ તરફ હતું અને ભાનુચંદ્ર તથા સિદ્ધિચંદ્ર વગેરે પ્રખર વિદ્વાનો એ વાતથી વિરુદ્ધ હતા. એટલે સાગર-વિજયના ઝઘડા એક અથવા બીજા આકારમાં ચાલતા જ રહ્યા.

આપણા ચરિત્રનાયક વિનયવિજય ઉપાધ્યાય પણ આ ગૂંચવણના ચકરાવામાં પડી ગયા હોય તેમ જણાય છે. એમણે આનંદસૂરિ ઉપર વિજ્ઞપ્તિપત્ર સં. ૧૬૯૭માં લખ્યો છે (ઉપર જુઓ પૃ. ૬૪-૬૫). તેમ છતાં તેઓ પાછા વિજયસિંહસૂરિ તરફ અને ઉત્તરાવસ્થામાં વિજયપ્રભસૂરિ તરફ વળ્યા. તેમનું ઈંદુદૂત કાવ્ય તેમનો વિજયપ્રભસૂરિ તરફ પક્ષપાત બતાવે છે. તેમણે પંન્યાસ સત્યવિજય તરફ કાંઈ રુચિ બતાવી નથી. એ સર્વ ઉપરથી તેમનું વલણ કાંઈક અવ્યવસ્થિત અથવા તો થોડો વખત આનંદસૂરિ તરફ રહ્યા પછી છેવટે વિજયદેવસૂરિની પરંપરા તરફ હોય તેમ જણાય છે.

વિજયાનંદસૂરિથી અણસૂર અથવા આનંદસૂર પરંપરા ચાલી. તેઓ સં. ૧૭૧૧માં સ્વર્ગે ગયા. આ પાટ પર પણ વિદ્વાનો થયા છે.

રાજસાગર—

સં. ૧૬૮૬માં વિજયદેવસૂરિના વાસક્ષેપથી શેઠ શાંતિદાસે અમદાવાદમાં આચાર્યપદ અપાવ્યું. આ રાજસાગરસૂરિની પરંપરા ત્યાર બાદ ચાલ્યા કરી છે. પોતે સં. ૧૭૧૫માં કાળધર્મ પામ્યા.

ત્યારપછી આ સાગરસંપ્રદાય ચાલ્યો છે. આ ઉપરાંત સત્યવિજય પંન્યાસે ક્રિયા-ઉદ્ધાર કરી સંવિજ્ઞપક્ષ શરૂ કર્યો તેની પટ્ટપરંપરા જુદી ચાલી છે. આ રીતે તપગચ્છની તે વખતની સ્થિતિ હતી એમ જણાય છે.

સાહિત્ય—

સત્તરમી સદીથી સાહિત્યરુચિ અને કૃતિની ખીલવણી ખૂબ થઇ જણાય છે. લગભગ દરેક વિષયના લેખકો તે યુગમાં થયા છે. વિજયહીરસૂરિ અને વિજયસેનસૂરિ બન્ને ખૂબ અભ્યાસી હતા. તેઆ સારા વ્યાખ્યાતા અને લેખક જણાય છે. તેમના બન્નેના સમયમાં ખૂબ સારા લેખકો થયા. ત્યારપછી વિજયદેવસૂરિના સમયમાં આવીએ છીએ ત્યારે લેખકોનો વધારો થયો જણાય છે. એકલા તપગચ્છમાં બાવન પંડિતો હતા એમ લોકોક્તિ છે. અઢારમી સદીની શરૂઆતમાં લેખકો સારી સંખ્યામાં નીકળ્યા અને તેના ઉપર કળશ શ્રી યશોવિજય ઉપાધ્યાયે ચડાવ્યો. આ યુગની સાહિત્ય, કાવ્ય, વ્યાકરણ, ઇતિહાસ, રાસ આદિ કૃતિનું લીસ્ટ અહીં આપવા બેસીએ તો લેખ ઘણો મોટો થઈ જાય. તેને માટે શ્રી મોહનલાલ દેશાઇનો 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' (વિભાગ ૭) જોઈ જવા ભલામણ કરવામાં આવે છે. સત્તરમી સદીનો ઉત્તર ભાગ અને અઢારમી સદીનો પૂર્વાર્ધ એ જૈન સાહિત્યના ઇતિહાસમાં ખાસ અગત્યનો ભાગ ભજવે છે. એમાં લગભગ દરેક વિષય પર બહુ ઉચ્ચ કોટિના લેખક થયા છે. સર્વથી શિરસ્થાને તો શ્રીમદ્યશોવિજય બિરાજે છે. આપણા ચારિત્રનાયકની કૃતિઓ પણ વિવિધ અને ઉચ્ચ કોટિની છે. એ ઉપરાંત તે વખતે એક મેઘવિજય ઉપાધ્યાય થયા છે. તેમની કૃતિઓ ભારે મજાની છે. એમનું 'દેવાનંદાભ્યુદય' કાવ્ય તથા 'સપ્તસંધાન' કાવ્ય ભાષા, અલંકાર અને કાવ્યની નજરે અતિ વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરે છે. અને તે ઉપરાંત તેમણે જ્યોતિષ તથા વ્યાકરણ પર પણ બહુ સુંદર ગ્રંથો લખ્યા છે, 'પંચતંત્ર' જેવું 'પંચાખ્યાન' લખ્યા ઉપરાંત શ્રી વિજયપ્રભસૂરિનું જીવન બતાવનાર 'દિગ્વિજય' મહાકાવ્ય લખ્યું છે અને અધ્યાત્મવિષયમાં 'માતૃકાપ્રસાદ' ગ્રંથ રચ્યો છે.

આ યુગમાં ગુજરાતી કવિઓ પણ ઘણા થયા છે. એની વિશિષ્ટ કૃતિઓનું વર્ણન 'જૈન ગુર્જર કવિઓ'ના બીજા ભાગમાં શ્રી મોહનલાલ દ. દેશાઇએ ખૂબ વિવેચનપૂર્વક કર્યું છે. એના ગ્રંથકર્તાનાં નામો અને કૃતિઓનો વિસ્તાર જોતાં એ જૈન સાહિત્યનો 'જ્ઞાનકાળ' ગણાય. એ યુગમાં બહુ સારી ગુજરાતી કળાકૃતિઓ રચાઇ છે અને સંસ્કૃત સાહિત્યનું ખેડાણ પણ સારું થયું છે. સાહિત્યની નજરે અઢારમી સદીનો પૂર્વાર્ધ જૈન સાહિત્યના એક પ્રશસ્ય યુગ તરીકે સર્વ દિશાઓમાં ફરકી રહે છે એમ લાગ્યા વગર રહે તેમ નથી.

આ યુગના વિશિષ્ટ જૈન લેખક તરીકે તો શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાય જ રહેશે, કારણ કે એમનામાં અતિ તીક્ષ્ણ ચર્ચા કરતી ન્યાયકૃતિઓ કરવાની શક્તિ હતી, તેમ જ 'જગજીવન

જગવાલહો' જેવાં ભાવવાહી અને સાદાં તથા અર્થગર્ભિત સ્તવન લખવાની પણ આવડત હતી. 'ખંડખાદ્ય' જેવા ન્યાયના ગ્રંથ લખનાર 'સન્મતિતર્ક' પર ટીકા લખે, 'જ્ઞાનસાર' જેવો અધ્યાત્મગ્રંથ લખે અને સીમંધરસ્વામીને વિજ્ઞપ્તિ ગુજરાતીમાં કરે, સાથે 'ગિરુઆ રે ગુણ તુમતણા' જેવા સ્તવન જેવી સાદી પણ પૂર્ણ ભાવવાહી કૃતિ બનાવી શકે એવા સર્વદેશીય લેખક તો જૈન કે જૈનેતરમાં ભાગ્યે જ જોવા-જાણવા મળે છે. પણ તે ઉપરાંત એ યુગમાં સાહિત્યના ખેડાણની વિવિધ દિશાઓ જોતાં એકંદરે એ યુગ માટે સાહિત્યની નજરે માન થયા વગર રહે તેમ નથી. આ યુગમાં ધર્મસાહિત્ય અને રાસસાહિત્ય, સ્તવનો અને સઝાયો પણ ખૂબ લખાયાં છે. એનો વિસ્તાર સદર ઐતિહાસિક કૃતિમાં જોઈ લેવા જેવો છે. આપણે તો અત્ર અઢારમી સદીનું વિહંગાવલોકન કરીએ છીએ એટલે એ સર્વનો નામનિર્દેશ કે કૃતિઓની વિશિષ્ટતા ચર્ચવાનું બની શકે નહિ, પણ એકંદરે આ સમય જૈન સાહિત્યની નજરે ખૂબ સફળ ગણાય. અઢારમી સદી પછી સાહિત્યને અંગે અને ખાસ કરીને સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યને અંગે જૈન સમાજમાં જે મંદતા આવી ગઈ તેનો વિચાર કરીએ છીએ ત્યારે શ્રી હીરવિજયસૂરિથી શરૂ કરીને શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાયનો સમય (એટલે સત્તરમી સદી આખી અને અઢારમીનો મોટો ભાગ) સાહિત્યની નજરે જ્ઞાનનો ઉદયકાળ ગણી શકાય.

અધ્યાત્મ—

સત્તરમી સદીની આખરના ભાગમાં અને કદાચ અઢારમીની શરૂઆતમાં શ્રી આનંદઘનજી થયા. એમનું નામ 'લાભાનંદ' હતું. 'આનંદ' શબ્દમાં રહેલો ચમત્કાર તેમણે ખરેખરો જીવન જીવીને બતાવ્યો. એ ખરા યોગી હતા. એમનો અને શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાયનો મેળાપ થયો તે ઐતિહાસિક રસિક બનાવ શ્રી યશોવિજયવિરચિત 'અષ્ટપદી'થી જળવાઈ રહ્યો છે. એમણે અસાધારણ ભાવગર્ભિત લગભગ ૧૦૮ પદો લખ્યાં અને ચોવીશ તીર્થંકરની સ્તુતિગર્ભિત ચોવીશીનાં બાવીશ સ્તવનો રચ્યાં. એ અદ્‌ભુત યોગી હતા, બંધનમુક્ત હતા, આત્માના વિકાસને ઓળખનાર હતા અને નિબદ્ધ વૈરાગી હતા. એમણે વ્યવહાર-નિશ્ચયનો સમન્વય કરીને અનેક તત્ત્વદર્શી વાતો કરી નાખી છે. તેમના અવધૂત જીવનની છાયા તદ્‌યુગીય જીવન અને સાહિત્ય પર પડી જણાય છે. દિગંબર સંપ્રદાયમાં બનારસીદાસ થયા, દક્ષિણમાં તુકારામ થયા, સાથે શિવાજીના ગુરુ રામદાસ થયા, ગુરુ ગોવિંદસિંહ પણ એ જ યુગમાં થયા એટલે એકંદરે અઢારમી સદીની શરૂઆત થાય તે પહેલાં આત્મજ્ઞાનની ભૂમિકા તૈયાર થઈ ગઈ હતી. આ વિષય પર મેં 'આનંદઘનપદાવલિ', પ્રથમ ભાગના ઉપોદ્‌ઘાતમાં ખૂબ વિસ્તાર કર્યો છે (સદર ગ્રંથનો ઉપોદ્‌ઘાત પૃ. ૧૧૧થી આગળ), તે પરથી જણાશે કે એ યુગમાં આત્મરસિક મહાત્માઓ પણ સારી સંખ્યામાં જનતા પર પોતાનાં દૃષ્ટાંતથી અસર કરી રહ્યા હતા.

આ વિચારણા અને દાખલાઓની તે યુગના સાહિત્ય પર અસર થઈ જણાય છે. સત્યવિજય પંન્યાસ જેવા મૂળ પાટ છોડી વિજયસિંહસૂરિના સમયમાં બહાર નીકળી જઈ ક્રિયાઉદ્ધાર કરે કે આચાર્યપદ લેવાની આનાકાની કરે એમાં ઊંડો યોગ કારણભૂત જણાય છે. શ્રીમાન આત્મારામજી મહારાજે 'જૈનતત્ત્વાદર્શ'માં પૃ. ૬-૮માં જણાવ્યું છે કે "શ્રી સત્યવિજય ગણિજી ક્રિયાઉદ્ધાર કરી શ્રી આનંદઘનજી સાથે બહુ વર્ષ સુધી વનવાસમાં રહ્યા, તથા મહાતપસ્યા, યોગાભ્યાસ પ્રમુખ કર્યું. જ્યારે બહુ જ વૃદ્ધ થઇ ગયા, અને પગમાં ચાલવાની શક્તિ ન રહી ત્યારે અણહીલપુરપાટણમાં આવીને રહ્યા." આટલા ઉપરથી યોગીમાર્ગને અંગે આનંદઘનજીની કેટલી અસર તે યુગ પર થઈ હતી તે જણાય છે. છતાં આ બાબતમાં દિગંબરોના શુષ્ક અધ્યાત્મવાદની જે પ્રરૂપણા બનારસીદાસે કરી હતી અને જેને માટે જીવનના ઉત્તર ભાગમાં તેમને પોતાને જ ખેદ થયો હતો તે સ્થિતિ શ્વેતાંબર સમાજમાં ન થઈ (જૈ. સા. ઇતિહાસ, પૃ. ૫૭૯). સત્યવિજય પંન્યાસ અત્યંત અધ્યાત્મી છતાં અને વનવાસમાં આનંદઘનજી સાથે રહેલ હોવા છતાં ખૂબ ક્રિયાતત્પર હતા એમ એમના જીવનની અનેક વિભૂતિઓ જળવાઇ રહી છે તે પરથી જણાય છે. એ સર્વ વાતનો સમન્વય શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાયે ૩૫૦ ગાથાના સ્તવનમાં સીમંધરસ્વામીની વિજ્ઞપ્તિરૂપે કર્યો છે. એ એકાંત ક્રિયાયોગ કે એકાંત જ્ઞાનયોગમાં સાર નથી એમ બતાવી જ્ઞાન-ક્રિયાનો સહકાર કરવા ભલામણ કરે છે છે (ઢાળ ૧૬ મી. ગાથા ૨૪). આ વિશિષ્ટતાના સ્વીકારથી જૈન શ્વેતાંબર સમાજ ટકી રહ્યો જણાય છે.

આ જ્ઞાન-ક્રિયાનો સહકાર બતાવનાર તે કાળના ગ્રંથોમાં 'જસવિલાસ', 'જ્ઞાનવિલાસ', 'વિનયવિલાસ' વગેરે કૃતિઓ છે. આત્મિક વિચારો કરવા, આત્માને ઉદ્દેશીને તત્ત્વચિંતવન કરવું, આત્માનાં ઉચ્ચ ઉદ્ગારોનો કરવાં-એ યોગનું લાક્ષણિક અંગ છે. પદોની કૃતિને 'વિલાસ' કહેવો એ પરિભાષામાં જ ભારે ચમત્કાર છે. સંસારરસિકોનો વિલાસ શૃંગારમાં હોય, અધ્યાત્મરસિક 'અબ હમ અમર ભયે ન મરેંગે'ના ગાનમાં વિલાસ કરે એ ઉપરાંત 'અધ્યાત્મસાર' કે 'જ્ઞાનસાર' જેવા ગ્રંથો જે યુગમાં બને તેની અધ્યાત્મભાવના બહુ ઉચ્ચ પ્રકારની હોય એમ કહેવામાં જરા પણ સંકોચ થાય તેમ નથી, અને ખૂબીની વાત એ છે કે એટલું યોગ-અધ્યાત્મ તરફ વલણ છતાં એ યુગમાં ક્રિયાના અનેક ગ્રંથો રચાયા છે, મોટા આડંબરથી પ્રતિષ્ઠા વગેરે મહોત્સવો થયા છે. માતલબ આ યુગે જ્ઞાન અને ક્રિયાનો સહકાર સાધવા અનેકવિધ પ્રયત્નો કર્યા હોય એમ તે યુગના સાહિત્ય પરથી જણાય છે.

ક્રિયાયોગ—

અઢારમી સદીનો પ્રધાન સૂર ક્રિયાયોગ જણાય છે. એમાં આનંદઘનજી જેવા યોગી શરૂઆતમાં થયા અને ઉપર જણાવ્યા તેવા આત્મવિલાસોની રચના પણ થઈ, છતાં એમાં

મુખ્યતા તો ક્રિયાયોગની જ રહી હોય તેમ જણાય છે. સત્યવિજય પંન્યાસે ક્રિયાઉદ્ધાર કર્યો તેમાં પણ મુખ્યતા તો ક્રિયાશિથિલતાની સામે તેમના વિરોધની હતી. અને યશોવિજય ઉપાધ્યાયજીએ સીમંધરસ્વામીને વિજ્ઞપ્તિઓ કરી છે તેમાં જરા ઊંડા ઊતરીને વિચારતાં એમ લાગ્યા વગર રહે તેમ નથી કે એ વખતે ક્રિયાયોગ પર ખૂબ ભાર મૂકવામાં આવતો હતો. એમણે ૧૨૫ અને ૩૫૦ ગાથાના સ્તવનમાં ખૂબ વરાળ કાઢી છે, એમણે જ્ઞાનની મંદતા પર અરેરાટી કરી છે અને રહસ્ય સમજ્યા વગર માત્ર ક્રિયાની મુખ્યતા કરનાર, કરાવનાર અને તે માટે પ્રેરણા કરનાર સામે ખૂબ લખ્યું છે. એ વિચારતાં અને આખી અઢારમી સદીમાં ચોવીશી, વીશી સ્તવનો, સજ્ઝાયો વગેરે કૃતિઓ બની છે, પૂજાઓ તથા રાસો બન્યા છે તે જોતાં એમાં પ્રધાન સૂર ક્રિયાયોગનો જણાય છે. અને જ્ઞાનની જાગૃતિ કરાવે તેવા મહાપ્રબળ લેખકો અઢારમી સદીની શરૂઆતમાં થયા છતાં એ સર્વ હકીકત ધીમે ધીમે ઓછી થતી ચાલી એનું કારણ એ યુગનો પ્રધાન સૂર દર્શન-ઉદ્યોતનો હતો એમ વિચાર કરતાં લાગ્યા વગર રહે તેમ નથી. માનવિજય, રામવિજય, ઉદયરત્ન, લાવણ્યસમય વગેરે અનેક મહાન ગૂર્જર લેખકો થયા છે. તેમની કૃતિઓ અને તે યુગના રાસો વાંચતાં આ વાત સવિશેષપણે બહાર આવે છે. આ યુગમાં ગુજરાતી સાહિત્યનું પણ ખૂબ ખેડાણ થયું છે. અઢારમી સદીની વિલક્ષણતા એ છે કે એની શરૂઆતમાં ન્યાય, આગમ અને કથાગ્રંથો સંસ્કૃત-પ્રાકૃતમાં ખૂબ લખાયા, અનેક ટીકાઓ અને મૌલિક ગ્રંથોની રચના થઈ. તેના મધ્ય કાળમાં સંસ્કૃત અભ્યાસ ઘટતો ચાલ્યો અને ગુજરાતી રચનાઓ વધતી ચાલી. છેવટે ઘણાખરા ગ્રંથોનાં બાળાવબોધ અથવા ગુજરાતી ભાષાંતરો થવા લાગ્યાં. આ રીતે લખાયું ઘણું, છતાં અંદરખાનેથી ઉત્તરોત્તર અભ્યાસ ઘટતો ચાલ્યો, અને તે વાત જેમ આગળ વધતા જઈએ છીએ તેમ અઢારમી સદીની આખર સુધીમાં સ્પષ્ટ રીતે જણાતી જાય છે. આમાંની કેટલીક હકીકત 'શ્રી આનંદઘનપદરત્નાવલી'ના ઉપોદ્ઘાતમાં મેં લખી છે તેથી અત્ર પુનરાવર્તનની જરૂર નથી. માત્ર આનંદઘનજીનો યુગ હું સત્તરમીની આખરમાં મૂકું છું અને અત્યારે આપણે અઢારમી સદીની શરૂઆતના પૂર્વાર્ધનો ખાસ કરીને વિચાર કરી રહ્યા છીએ. આટલી વાત ધ્યાનમાં રહે તો થોડા ફેરફાર સાથે સદર ઉપોદ્ઘાતનો અને અહીં કહેલ વાતનો મેળ ખાઇ જશે.

વિનયવિલાસ

(પદ અગિયારમું)

(રાગ–બિહાગડો)

સાંઈ સલૂના કેસે પાઉંરી, મન થિર મેરા ન હોય;
દિન સારા બાતોમેં ખોયા, રજની ગુમાઇ સોય. સાંઇ૦ ૧

બેર બેર વરજ્યા મેં દિલકું, વરજ્યા ન રહે સોય;
મન ઓર મદમતવાલા કુંજર, અટકે ન રહે દોય. સાંઇ૦ ૨

છિન તાતા છિન શીતલ હોવે, છિનુક હસે છિનુ રોય;
છિનુ હરખે સુખ સંપત્તિ પેખી, છિનુ ઝૂરે સબ ખોય. સાંઇ૦ ૩

વૃથા કરત હે કોરી કુરાફૂત, ભાવિ ન મિટે કોય;
યા કીની મેં યાહી કરૂંગી, યોંહી નીર વિલોય. સાંઇ૦ ૪

મન ધાગા પિઉગુનકો મોતી, હાર બનાવું પોય;
વિનય કહે મેરે જિઉકે જીવન, નેક નજર મોહે જોય. સાંઇ૦ ૫

મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી

વિરચિત

શ્રી શાંતસુધારસ

(અર્થ તથા વિવેચન સાથે)



પ્રવેશક

આ જીવન એ એક મહાન વિકટ પ્રશ્ન છે. એનો ઉદ્દેશ શો અને એનું સાફલ્ય કઈ રીતે સાધી શકાય એ બન્ને બાબતનો નિકાલ કરવો એ ઘણો આકરો પ્રશ્ન છે. જીવનની સફળતા સાધવા માટે પ્રાણી અનેક પ્રકારના પ્રયત્નો કરે છે, અનેક જાતની હીકમતો કરે છે, અનેક જાતની દોડાદોડી કરે છે અને અનેક પ્રકારના પછાડા મારે છે; પણ ઘણીખરી વાર તો તે શેને માટે એ સર્વ કરે છે એનો એના મનમાં ખ્યાલ પણ હોતો નથી. જો માનસવિદ્યા દ્વારા એના મનનું એ પૃથક્કરણ કરે તો એને માલૂમ પડે કે એની દોડાદોડી અને ધમપછાડામાં કાંઈ હેતુ નથી અને કોઈ સાધ્ય પણ નથી. તદ્દન માનવામાં ન આવે એવી વાત છે, છતાં તે તદ્દન સાચી વાત છે કે આ પ્રાણીની સર્વ પ્રવૃત્તિઓની પાછળ રહેલા હેતુને તપાસીએ તો તેમાં તદ્દન અંધકાર અથવા અવ્યવસ્થા માલૂમ પડશે. આપણા અંતરાત્માને પૂછીએ કે આ સર્વ દોડાદોડી શાને માટે? કોને માટે? કયા ભવ માટે? કેટલા વખત માટે? અને પરિણામે મેળવવાનું શું? તો જવાબમાં એવા ગોટા વળશે કે ન પૂછો વાત! અને છતાં દોડાદોડી તો ચાલ્યા જ કરે છે, રેંટનું ચક ફર્યા જ કરે છે, અથડાઅથડી થયા જ કરે છે અને છતાં પાછો સવાલ અંતરાત્માને પૂછીએ કે ભાઈ! આ બધું કયાં સુધી? અને શા માટે? તો પાછો જવાબ શૂન્યમાં જ આવશે. અને હજુ એવી વિચારણા પૂરી નહિ થઈ હોય ત્યાં તો મન દોડાદોડી કરવા મંડી જશે. એને શાંતિથી બેસવાની-સ્થિર રહેવાની ટેવ જ નથી. એને એમાં ખરી મજા જ આવતી નથી, એથી એ સાધ્ય કે હેતુનો વિચાર કર્યા વગર પાછું દોડાદોડીમાં પડી જશે અને અનેક પ્રકારનાં નાટકોમાં ભાગ લેશે. કોઈ વખત વળી જરા વિચારમાં પડી જશે ત્યારે એની દશા ચણા ખાતા ઘોડાના મુખમાં કાંકરો આવતાં જેવી થાય તેવી થશે. એ જરા ચોંકશે અને પાછો વળી ચણા ખાવા મંડી જશે.

પણ આ વાત મૂર્ખ માણસની કહી કે સમજુ-ડાહ્યા-ભણેલા-પાંચમાં પુછાય તેવા માણસોને પણ એ વાત લાગુ પડે? ઉપર કહ્યું કે એની દોડાદોડીમાં 'હેતુ કે સાધ્ય' નથી એ વાત મૂર્ખાઓને લાગુ પડે કે લગભગ સર્વને લાગુ પડે? આવો પ્રશ્ન થાય તો તેનો જવાબ એક જ મળે તેમ છે અને તે એ કે સોમાં નવાણુ અથવા હજારે નવ સો નવાણું માણસો પોતે શેને માટે દોડાદોડી કરે છે તે જાણતા નથી, વિચારતા નથી, સમજતા નથી, સમજવા પ્રયત્ન પણ કરતા નથી. આપણા આત્મગૌરવને આ વિચાર ખરેખર નીચો પાડનાર લાગે તેવો છે, પણ જે પ્રાણીઓ આત્માને જ ઓળખતા નથી, આત્મગૌરવ શું અને કોનું?-તે જાણતા નથી અને ગૌરવ કેમ જળવાય કે પોતાનું કેમ કરાય?-તેના સ્પષ્ટ ખ્યાલ વગરના

છે તેઓને માટે આ તદ્દન સાચી વાત છે અને એ કક્ષામાં સંખ્યાબંધ માણસો આવે તેમ છે; તેથી તેઓને ઉદ્દેશીને આ હકીકત હોઈ સર્વ મનુષ્યોને એ લાગુ પડી શકે તેમ છે એમ કહેવું એમાં જરા પણ વાંધો જણાતો નથી. આત્માની ઓળખાણ એ બહુ જરૂરી પણ તેટલી જ મુશ્કેલ હકીકત છે અને તેને બરાબર ઓળખનાર તેમ જ ઓળખીને એને જ અપનાવનાર માટે અત્ર વક્તવ્ય નથી. આપણી ચર્ચામાં એવા જીવન્મુક્ત દશા ભોગવનાર, સંસારમાં રહી સાક્ષીભાવે કાર્ય કરનાર અને વિવેકપૂર્વક સ્વ-પરનું વિવેચન કરી સ્વને આદરનાર અને પરને તજનાર માટે સ્થાન નથી. પણ એ કક્ષામાં બહુ ઓછા જીવો હોવાથી આપણે તેનો વિચાર કરવાનો નથી. આ વિચારણામાં જ્યાં જ્યાં વિચારણા કરી છે ત્યાં ત્યાં આપણા જેવી સામાન્ય વ્યક્તિને ઉદ્દેશીને છે એમ સમજવું અને સાથે એટલું લક્ષમાં રાખવું કે એ કક્ષામાં લગભગ ઘણાખરા માનવોનો સમાવેશ થાય છે.

દરેક પ્રાણી કોઈકિ વસ્તુની ઇચ્છા તો જરૂર રાખે છે. એની ક્રિયાને સાધ્ય કે હેતુ હોતા નથી, છતાં ઘણાખરા પ્રાણીઓને પૂછીએ તો એ વાત કબૂલ નહિ કરે. એ જરા ઊંડી વિચારણાની હકીકત હોઈ એનો ખ્યાલ સ્પષ્ટ રીતે દરેકને આવવો મુશ્કેલ જણાય છે અને સ્વીકાર તો લગભગ અશક્ય જ ગણાય. ત્યારે આપણે ઉપર ઉપરનો ખ્યાલ લઈએ તો માલૂમ પડશે કે પ્રત્યેક પ્રાણીની વાંછા 'સુખ' મેળવવાની હોય છે. આ સુખનો ખ્યાલ ઘણીખરી વખત તદ્દન અવ્યવસ્થિત હોય છે. કોઈ ખાવા-પીવામાં સુખ માને છે, કોઇ કોલર નેકટાઇ પહેરવામાં સુખ માને છે, કોઈ ફ્રોક, કોટ અને ટોપહેટ પહેરવામાં સુખ માને છે, કોઈ વાયલ અને રેશમી વસ્ત્રમાં સુખ માને છે, કોઈ ભ્રમરની જેમ સ્ત્રીઓમાં રમણ કરવામાં સુખ માને છે, કોઈ રૂમાલમાં સેન્ટ કે માથામાં અત્તર લગાડવામાં સુખ માને છે, કોઈ નાટક-સિનેમા જોવામાં સુખ માને છે, કોઈ હારમોનિયમ, પિયાનો સાંભળવામાં સુખ માને છે, કોઈ દિલરૂબા-સત્તાર સાંભળવામાં મજા લે છે, કોઈ ઉસ્તાદ ગાયકના ગાનમાં મોજ માણે છે, કોઈ સુંદરીના નાચમાં મોજ માણે છે, કોઇ સુંદરી સાથે નાચવામાં આનંદ માણે છે વગેરે વગેરે સુખના ખ્યાલો અનેક પ્રકારના હોય છે.

કોઈ પણ 'સુખ' સ્થાયી રહેતું નથી. સુખની મુદત ઘણી ટૂંકી હોય છે અને માનેલ સુખ પણ જ્યારે પૂરું થાય ત્યારે પછવાડે કચવાટ મૂકી જાય છે. દૂધપાકના સબડકા લેનારને માત્ર બેથી ચાર સેકંડ સુખ પ્રાપ્ત થાય છે, પણ પછી શું ? અને સુખને માટે બીજી વાત એ છે કે જ્યારે એ દિવસો વહી જાય છે અને તેનાથી ઊલટી સ્થિતિ આવે છે એટલે કે ભૂખ ખાનારને ભૂખમાં દહાડા કાઢવા પડે છે ત્યારે આગળ ભોગવેલ સુખ તેને કાંઈ કામ આવતું નથી, તેનું સ્મરણ ઊલટું દુઃખ આપે છે અને સુખનો વખત સર્વદા તો રહેતો જ નથી. ત્યારે કોઈ પણ પૌદ્ગલિક સુખ કલ્પીએ, એની સ્થિતિ વિચારીએ અને એની ગેર-હાજરીમાં થતી મનની દશા વિચારીએ તો એ માની લીધેલા સુખમાં પણ કાંઇ દમ જેવું

રહેતું નથી, કાંઇ ઇચ્છવા જેવું રહેતું નથી, કાંઈ એની પાછળ પડી મરવા જેવું રહેતું નથી.

જે સુખ સ્થાયી ન હોય, જે સુખની પછવાડે દુઃખ આવવાની સંભાવના હોય એને સુખ કેમ કહેવાય ? ત્યારે આ તો પાછી ફસામણી થઇ. બીજી રીતે જોઇએ તો શક્તિસંપન્ન માણસ શક્તિનો ઉપયોગ કરી થોડી વસ્તુઓ કે ધન મેળવે, એ ધન કે વસ્તુનાં સાધનોથી મોજશોખ માણે, મોજશોખને પરિણામે અધઃપાત થાય. આ રીતે તો એક ખાડામાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં પડવાનું જ થાય. એમાં કાંઈ છેડો દેખાતો નથી, પાર આવતો નથી, કાંઠો માલૂમ પડતો નથી. ત્યારે હવે કરવું શું ? જવું કયાં ? આમ ને આમ ચક્કરમાં ઉપર–નીચે આવ્યા કરીએ અને થોડો વખત મનમાં સુખનાં સ્વપ્નમાં વિચરીએ એ તે કાંઇ વાજબી વાત છે ? કરવા જેવી વાત છે ? ત્યારે કોઇ એવું 'સુખ' શોધીએ કે જે હંમેશને માટે ટકી રહે અને એની પછવાડે ઉપર કચવાટ જેવી જે સ્થિતિ વર્ણવી છે તેવી કદી ન થાય. હંમેશને માટે 'સુખ' મળે તો એક ખાડામાંથી બીજામાં પડવાનો ભય મટી જાય અને પછી સ્થિતિસ્થાપકતા એવી જામી જાય કે નિરંતરને માટે આપણે આનંદમાં મજા માણીએ.

આવી મોટી ગૂંચવણમાં પડતાં વિચાર જરૂર આવે તેમ છે કે અત્યારની જે રચના છે અને જેમાં પ્રાણી સાચું–ખોટું સુખ માની રહેલ છે તેનું કારણ શું હશે ? અને આ એક ખાડામાંથી બીજામાં પડવાની સ્થિતિનો અંત કયાં અને કેમ આવે ? એ વિચાર–સવાલની સાથે જ ખ્યાલ આવે છે કે ઘણુંખરું પ્રાણી સુખ શું છે અને કયાં છે ? તથા સાચું સ્થાયી સુખ કયાં હોઇ શકે ?–તેનો ખ્યાલ જ કરતો નથી. સ્થૂળ કે માનસિક સુખ હંમેશને માટે બની રહે તે માટે ખાસ વિચારણા જ કરતો નથી અને નાની નાની સગવડ મળે કે તેમાં રાચી જઈ પોતાને 'સુખી' માની લે છે. વળી તેનો છેડો આવતાં પાછો વિષાદમાં પડી જાય છે અને ગૂંચવણમાં અટવાઇ જાય છે. એને માથે મરણનો ભય તો ઊભો જ હોય છે અને ધનના સાધનથી જમાવેલી સૃષ્ટિ પાછી છોડી જવી પડશે એ ખ્યાલ તો તેના મગજમાં કાયમ રહે છે. કેટલોક વખત આ ચીજ 'મારી', આ બંગલો 'મારો', આ છૈયાંછોકરાં 'મારાં', આ ફરનીચર 'મારૂ' એવી એવી કલ્પના કરી એ સંસારમાં ખૂબ રસ લઇ દોડાદોડ કરે છે; પણ જરા માથું દુખવા આવે છે કે ૧૦૪ ડીગ્રી તાવ આવે છે ત્યારે પાછો વળી એ વિચારમાં પડી જાય છે.

એના મનોવિકારો તો એટલા જબરા હોય છે કે એનું વર્ણન કરવું મુશ્કેલ છે. અભિમાન કરે ત્યારે એ ભિખારી હોય તો પણ પોતાની ભીખ માગવાની કુશળતાનું એ વર્ણન કરશે, પાંચ–પચાસ માણસોના મંડળમાં એને કાંઈ હોદ્દા હશે તો ફુલાઈ જશે, મેળાવડામાં જશે તો આગળ ખુરશી મળતાં એ મોટો થઇ જશે. પોતાની તદ્દન નાનકડી દુનિયામાં એ કેંદ્ર થવા પ્રયત્ન કરશે, એનો દંભ પાર વગરનો હશે, એની આત્મવંચના એને ખોટો ધર્મી

મનાવશે, એનો લોભ એને અનેક પાપમાર્ગોમાં ફેંકી દેશે, એનો ક્રોધ એને રાતોપીળો બનાવશે, એની મમતા એને માલિક બનાવશે, એનો ભય એને રાંક-બાયલો બનાવશે, એની ઈર્ષ્યા એને પર-ઉત્કર્ષ જોતાં ઉદ્વિગ્ન બનાવશે, એની વિષયવાંછા એને ધૂળમાં રગદોળશે, એનો શોક એને મોટી પોક મુકાવશે અને આવી રીતે અનેક આંતરવિકારો એને પરભાવમાં રમણ કરાવશે.

ત્યારે આ સર્વ ન થાય એવી સ્થિતિ કયાં ? આવા મનોવિકારોનો અને આવી દોડા-દોડીનો હંમેશને માટે છેડો કેમ આવે ? કયારે આવે ? એને માટે એને કોઇ વાર વિચાર થાય છે, પણ પાછો એ રખડપટ્ટીમાં પડી જાય છે અને અગાઉની જેવી દોડાદોડી શરૂ કરી દે છે.

ત્યારે સ્થાયી સુખ મળે તો તે ઈચ્છવાજોગ છે અને પ્રાપ્તવ્ય તરીકે તેને માલૂમ તો કોઈ કોઈ વાર પડે છે. એને માટે એણે ખરા 'સુખ'ને ઓળખવું ઘટે અને તે માટે એણે 'સુખ' કયું કહેવાય એ ઓળખવું જ રહ્યું. જ્યાં સુધી ખરા સુખને એ ન ઓળખે ત્યાં સુધી એની માની લીધેલા સુખ પાછળ દોડાદોડી તો કાયમ જ રહેવાની. ત્યારે જો ખરું 'સુખ' મળી આવે અને તે શોધવાનો માર્ગ મળે તો પછી આ સર્વ ગૂંચવણનો અંત આવી જાય. એ સુખ સાચું સુખ હોવું જોઈએ, એ નિરંતર રહે તેવું જોઇએ અને એ સુખની પાછળ કોઇ પણ પ્રકારનું દુઃખ ડોકિયાં કરતું હોવું ન જોઇએ.

એ 'સાચા સુખ'ના સંબંધમાં ખૂબ વિચાર કરી સુજ્ઞ પુરુષો નિર્ણયો કરી ગયા છે કે 'જે આત્મવશ (પોતાને તાબે) હોય તે સર્વ સુખ છે અને પરને તાબે હોય છે તે સર્વ દુઃખ છે.' સુખ-દુઃખનું આ સિદ્ધ લક્ષણ છે. આપણા જેવા વ્યવહારુ માણસને પણ તે અમુક અંશે તો સમજાય તેવું છે. આપણે દુનિયાદારીમાં કહીએ છીએ કે 'આપ સમાન બળ નહિ અને મેઘ સમાન જળ નહિ.' આપણા પોતાના હાથમાં હોય તો તે વાતને આપણે આપણી જ માનીએ અથવા ગમે ત્યારે આપણી કરી શકીએ. એટલે 'આત્મવશ હોય તે સર્વ સુખ છે' એ વાત તો ઠીક જણાય છે. આપણા ઘરમાં અનાજ હોય તો તેનો ઉપયોગ કરી શકીએ અને ઘરેણાં હોય તો કાળી રાત્રે હોંકારો આપે. એટલે આપણે એ વાત વગર-સંકોચે સ્વીકારીએ. આપણા નામ પર બેંકમાં રકમ હોય તો આપણે ચેક લખી ગમે ત્યારે જોઈતી રકમ મંગાવી શકીએ એટલે એને આપણે આપણા તાબાની રકમ માનીએ અને સુજ્ઞ પુરુષોએ 'આત્મવશ' વસ્તુમાં સુખ કહ્યું તે વાત કબૂલ રાખીએ.

પણ રજાને દિવસે નાણાની જરૂર પડે તો શું ? સરકારે 'મોરીટોરિયમ' જાહેર કર્યું હોય અને આપણે ચાલુ ખરચ માટે નાની રકમ ખાતામાંથી લેવી હોય તો તેનું શું ? ઘરેણું ઘરનું હોય, પણ સેફ કસ્ટડીમાં લેવા જવા જેટલી સલામતી ન હોય તો તેનું શું ? અનાજના કોઠારની ચાવી રસોયા પાસે હોય અને તે આવી શકે તેવી સ્થિતિમાં ન હોય તો શું ? ત્યારે તો પાછા ગૂંચવાયા.

'પારકાને વશ' એ સર્વ દુઃખ એ વાત તો એકદમ કેમ સ્વીકારાય? આપણી તો ઘણી ખરી વાત પારકાને આધીન છે. રસોયો કે સ્ત્રી રસોઈ કરી આપે ત્યારે જમીએ, ઘરાક આવે ત્યારે વેપાર કરીએ, દરજી કપડાં શીવી આપે ત્યારે પહેરીએ, પાણીનો નળ મ્યુનિસિપાલિટિ ઉઘાડી આપે ત્યારે પાણી મેળવીએ–વગેરે વગેરે. ત્યારે આ તો ગૂંચવણ વધતી જાય છે અને વધારે વિચારીએ તો શરીર પણ પર છે—પારકું છે, ચિરસ્થાયી નથી, આપણું રહેવાનું નથી, આપણી સાથે આવવાનું નથી, આપણા હુકમમાં નથી, આપણા તાબામાં નથી. ત્યારે શું સમજવું? આત્મા અને શરીર જુદાં છે, આત્મા અને શરીરનો સંબંધ થોડા વખતનો છે. ત્યારે તો શરીર 'પર' થયું, એ રીતે તો 'આત્માને વશ' હોય એ જ ચીજે સુખ આપી શકે અને આપણે તો બધી મદાર પુદ્ગલ અથવા શરીર પર બાંધી છે અને પુદ્ગલ (matter) યા શરીર પણ 'પર' હોઈ આપણને ખરેખરા સુખનું કારણ કદી થતું નથી. કદાચ તે દેખાવમાં થોડું સુખ આપતું જણાય છે તો તે સુખ ટૂંકુ હોય છે, વિનાશી હોય છે અને પોતાની પછવાડે ગ્લાનિ અથવા દુઃખ મૂકી જનાર હોય છે.

આ વાત ખાસ સમજવા યોગ્ય છે. આત્માથી જેટલું પર તેટલું પારકું જ છે અને પારકાની આશા રાખવી એ સદા નિરાશા જ છે. કદાચ મેગેફોનથી આપણે વધારે સાંભળી શકીએ અથવા ચશ્મા કે દૂરબીનથી આપણે વધારે જોઈ શકીએ, પણ મેગેફોન વીસરાઈ ગયું હોય અથવા ચશ્મા ફૂટી ગયાં હોય તો આપણી શી દશા થાય? અને રસોયો રસોઇ ન કરે, રીસાઈ જાય અથવા વગર રજાએ ગેરહાજર રહે ત્યારે આપણે કયાં જવું? એટલે આત્માને વશ હોય તેટલું જ ખરું સુખ છે અને પારકા ઉપર-પર ઉપર આશા રાખી બેસવું એ વસ્તુતઃ દુઃખ છે, કદાચ જરા સુખ જેવું લાગે તો પણ અંતે એ દુઃખ જ છે, દુઃખમાં જ પર્યવસાન પામે છે. આ સાથે એ વાત ધ્યાનમાં રાખવાની છે કે 'આત્મવશ' કઈ ચીજે કહેવાય અને 'પરવશ' કઈ ચીજે કહેવાય તેનો આપણે બરાબર ખ્યાલ કરવો જોઇએ, સ્પષ્ટ વિચાર કરવો જોઇએ અને ચોક્કસ નિર્ણય કરવો જોઈ એ.

આ નિર્ણય શા માટે કરવો? કારણ કે આપણને સર્વને 'સુખ' મેળવવું ગમે છે પણ સુખ કયાં અને કેમ મળે? તે જાણતા નથી; એટલે પછી જે તે મળે તેમાં સુખ માની લઈ એ છીએ. હંમેશને માટે સુખ મળે એ વિચાર તો આપણને પ્રત્યેકને જરૂર ગમે છે, પણ આપણે ખરા સુખનો કદી વિચાર કરતા નથી, તેના માર્ગો આચરતા નથી, તેનાં સાધનો શોધતા નથી અને જરા જરા સુખમાં રાચી જઇએ છીએ. આત્મવશ સુખ ઉપર જ આપણે મદાર બાંધીએ અને સર્વ પરભાવ છોડી દઇએ, પરવશ વસ્તુ કે ધન ઉપર કોઈ જાતનો આધાર ન રાખીએ તો સુખની જે વ્યાખ્યા સુજ્ઞ પુરુષોએ કરી છે તેની પ્રાપ્તિ તરફ આપણું પ્રયાણ થાય. આ તદ્દન સાદી લાગતી વાત કર્તવ્યમાં-ક્રિયામાં મૂકવી સહેલી નથી, તેનું

કારણ એ છે કે આપણે સુખનો ખરો ખ્યાલ કદી કરતા નથી, તે કયાં અને કેમ મળે તે વિચારતા નથી, તેનાં સાધનોનો અભ્યાસ કરતા નથી, એ સાધનો આચરતા નથી અને સાચા માર્ગની સન્મુખ પણ આવતા નથી.

ત્યારે વાત એ થઇ કે આપણે સાચા સુખને ઓળખવું જોઈ એ. એ ઓળખ્યા પછી એ કયાં અને કેમ મળે તેનો રસ્તો શોધવો ઘટે. એ વિચારણા માટે આપણે જેને આપણા માનીએ છીએ, આપણે જે ચીજોને આપણી માનીએ છીએ, આપણે જે શરીરને પોતાનું માનીએ છીએ, આપણે જે ધન-ધાન્ય-પુત્ર-પુત્રાદિને પોતાનાં સમજીએ છીએ, આપણે જે થોડો વખત રહેનારા ઘરને ઘરનું ઘર માનીએ છીએ-એ સર્વ વસ્તુતઃ શું છે? એનો અને આપણો સંબંધ કેવો છે? અને આપણે જે 'સુખ' મેળવવા માગીએ છીએ તેની સાથે એનો સંબંધ કેવા પ્રકારનો છે? એ બાબતનો વિચાર કરવો ઘટે, એ દરેક વસ્તુ અને સંબંધને એના ખરા આકારમાં પૃથક્કરણ કરીને ઓળખવા ઘટે અને તે માટે આપણા પ્રત્યેક સંબંધ એના વાસ્તવિક આકારમાં કેવા છે તેને માટે ઉપર ઉપરનો ખ્યાલ કરી અટકી ન પડતાં ખૂબ ઊંડા ઊતરવું ઘટે. ટૂંકામાં કહીએ તો આપણે વિચાર કરી વસ્તુઓને ઓળખવી ઘટે અને આપણી ચારે બાજુ કેવું નાટક ચાલી રહ્યું છે તે બરાબર સમજવું ઘટે અને તે નાટકમાં આપણે કેવા પાઠ ભજવી રહ્યા છીએ તેની તુલના કરવી ઘટે.

આ પ્રકારની વિચારણા અથવા તુલનાને 'ભાવના' કહેવામાં આવે છે. ખરા સુખની પ્રાપ્તિને માર્ગે ચઢવા માટે આ આંતરવિચારણાને બહુ અગત્યનું સ્થાન મળે છે. જ્યાં સુધી આપણે શું મેળવવાનું છે તે બરાબર ન જાણીએ અને અત્યારે જેમાં રાચીમાચી રહ્યા છીએ તેનું અનૌચિત્ય ન સમજીએ ત્યાં સુધી આપણી પ્રગતિ અશક્ય છે. કોઇ અસાધારણ પ્રસંગોમાં આંતરપ્રકાશ થઈ જાય તે અપવાદયોગ્ય બનાવોને બાદ કરતાં બાકી આપણા જેવા સામાન્ય પ્રાણીઓ માટે તો આ સાચી વિચારણા સિવાય બીજો માર્ગ નથી.

આ વિચારણામાં આત્મા છે, આત્મા શાશ્વત છે, એના પર કર્મનાં આવરણો આવી ગયાં છે, પ્રયત્નથી તે દૂર કરી શકાય તેમ છે, આત્માના આ પૌદ્ગલિક સંબંધ (કર્મો) દૂર થાય ત્યારે તે એના અસલ મૂળ શુદ્ધ સ્વરૂપે રજૂ થાય છે અને આ સ્થિતિમાં ખરા સુખનો સાક્ષાત્કાર થાય છે-આ સર્વ બાબતો સ્વીકારીને ચાલવાનું છે. એ સર્વ બાબતો અનુમાન પ્રમાણથી-દલીલથી સિદ્ધ કરી શકાય તેવી છે, પણ અત્ર તેની હયાતી સ્વીકારીને ચાલવાનું છે. આપણો અત્યારનો વિષય તો આપણે કોણ છીએ? કયાં છીએ? શા માટે છીએ? આપણું મૂળ સ્વરૂપ કેટલું વિકૃત થઇ ગયું છે? – એ સર્વનો વિચાર કરવાનો છે અને એ વિચાર બરાબર થાય તો પછી આપણે આગળ વધવાના માર્ગો અને સાધનો તો બરાબર શોધી શકીએ તેમ છીએ; તેથી આપણી પ્રાથમિક ફરજ, આપણા સંબંધી અને આપણાં પોતાનાં નાટકો અને આસપાસનાં નાટકોને ઓળખવાની છે અને એ કાર્ય 'ભાવના' કરે છે.

ભાવનાનું 'ક્ષેત્ર' આપણા સર્વ સંબંધોનું પૃથક્કરણ કરવાનું છે અને તે રીતે એ ભૂમિકાની શુદ્ધિ કરે છે. શુદ્ધ કરેલી ભૂમિકા ઉપર પછી સુંદર ચિત્રામણ થાય છે અને તેના ઉપર જેવી છાપ પાડવી હોય તેવી પડી શકે છે. ભૂમિકાની શુદ્ધિ માટે 'ભાવના' અદ્ભુત સાધન છે. ઘણાખરા તો કાંઈ વિચાર જ કરતા નથી. થોડા વિચાર કરે છે તે મર્યાદિત ક્ષેત્રમાં વિચાર કરી અટકી પડે છે, એટલે આપણે અહીં કયાંથી આવ્યા ? શા માટે આવ્યા ? આપણા જીવનનો ઉદ્દેશ શો ? આ સર્વ ધમાલ અને દોડાદોડીનું પર્યવસાન કયાં ?–એનો કદી સ્પષ્ટ વિચાર જ થતો નથી અને વિચારણા વગર તો પછી જેવો પવન આવે તેમ આપણે ઘસડાઈએ છીએ. નહિં તો આપણે સારાં કપડાંમાં રાચી જઈએ ? દૂધપાક–પૂરી કે રસ-રોટલી મળે ત્યાં ખૂબ રસ લઈ સબડકા લેવા મંડી જઈએ ? સભામાં બે માણસો ઊભા થઈ માન આપે ત્યાં લેવાઈ જઈએ ? છાપામાં નામ વાંચીએ એટલે રાજી–રાજી થઈ જઈએ ? આપણું વર્તન જાણે આપણને કાંઈ ભૂત વળગ્યું હોય તેના જેવું લાગતું નથી ? પણ એવો વિચાર જ ભાગ્યે આવતો હોય ત્યાં આ વાત શી ? કોની પાસે ? અને શા માટે ? આ ભાવનાનું ક્ષેત્ર છે. એ આપણા દરરોજના સંબંધને એના ખરા આકારમાં બતાવે છે અને આપણને ઊંડા વિચારમાં ઉતારી દે છે. એનું ક્ષેત્ર આપણી નાની સરખી દુનિયા નથી, પણ આખું વિશ્વ છે. વિશ્વનો અને આપણો પોતાનો (આત્માનો) સંબંધ શો છે ? કેટલો છે ? અને કેટલા વખત માટેનો છે ? તે અને આ ચારે તરફ નાટક ચાલે છે, આપણે પણ જેમાં ઊતરી પડયા છીએ એને બરાબર સમજવું એ ભાવનાનો વિષય છે. એક વાર આપણે કયાં છીએ ? કયાં દોડયા જઈએ છીએ ? શા માટે દોડયા જઈએ છીએ ? અને આપણને કોણ ઘસડે છે ? એ સમજાયું એટલે પછી તો સવાલ માત્ર આચરણમાં મૂકવાનો જ રહે છે.

વસ્તુને યથાસ્વરૂપે ઓળખવી એ પ્રથમ જરૂરીઆતની બાબત છે. વસ્તુને ઓળખ્યાપછી એની સાથે સંબંધ કેટલો રાખવો ? કયાં સુધી રાખવો ? અથવા રાખવો જ નહિ – તેનો નિર્ણય થઈ શકે છે. વસ્તુને યથાસ્વરૂપે ઓળખ્યા વગર તેને અંગે નિર્ણય થઇ શકે નહિ અને કરવામાં આવે તો તે ટકી શકે નહિ, વસ્તુઓને ઓળખીએ ત્યારે આપણે અત્યાર સુધી કેમ નાચ્યા ? અને કોણે નચાવ્યા ? એ બરાબર ઓળખી–જાણી–સમજી શકીએ, ત્યારે સમજાય કે જેને આપણે આપણાં માન્યાં, જે વસ્તુને આપણી માની, જે સંબંધો ખાતર લડયા, હસ્યા, પડી મર્યા અથવા અનેકની ખુશામતો કરી એ સર્વ વસ્તુગતે કેવા છે અને આપણે સંબંધ કરવા લાયક છે કે નહિ અને હોય તો તેની ખાતર લડવું કે પડી મરવું પરવડે કે નહિ ? આ જાતની વિચારણાને **'વિવેક'** કહેવામાં આવે છે. વિવેક એટલે સાચા અને ખોટા, સ્થાયી અને અસ્થાયી આપણા અને પારકા, આનંદદાયી કે વિષાદકારી વચ્ચેના તફાવતનું બરાબર ભાન. આવા પ્રકારના જ્ઞાન માટે ખૂબ ઊંડા ઊતરવાની જરૂર પડે છે.

આ ઊંડા ઊતરવાના–વિવેક પ્રાપ્ત કરવાના કાર્યને 'આત્માવલોકન' (Self–exa-

mination) કહેવામાં આવે છે. જ્યારે ઊંડા ઊતરીએ, પોતાની જાત તરફ જોઈએ, પારકાની ચિકિત્સા કરવાની રીત છોડી દઈએ, ઉપરછલ્લા ખ્યાલને તિલાંજલિ આપીએ ત્યારે આપણે ન જાણ્યાં કે ન કલ્પ્યાં હોય તેવાં પરિણામો તરફ દોરવાઈ જઈએ છીએ. પછી આપણને આપણી વસ્તુનું, આપણા સ્થાનનું, આપણી ટૂંકી સમજણનું ભાન થાય છે. પણ એ સર્વ પરિસ્થિતિ નિપજાવવા માટે આપણે ખૂબ અંદર ઊતરવું ઘટે છે. એને પરિણામે કઈ દશા પ્રાપ્ત થાય છે તે વિચારવાનું ક્ષેત્ર ધ્યાન વિભાગમાં આવે. આપણે અત્યારે તો વિવેક કરતાં શીખીએ, ઊંડા ઊતરતાં શીખીએ અને તે દ્વારા જે વિચારો આવે અને જે નિર્ણયો થાય તેને સંગ્રહી રાખીએ. એ થશે એટલે આગળ વધવાના માર્ગો આપણને મળી આવશે, સૂઝી જશે અથવા તો આપણે શોધી શકીએ એવી સ્થિતિમાં મુકાઈ જશું.

આવા પ્રકારનું ભાવનાનું ક્ષેત્ર છે. એના પરિણામે આત્મા કઈ સ્થિતિમાં મુકાય છે તે આપણે આગળ જોશું અને છેવટે તેનો પણ વિચાર કરશું અને સામાન્ય અવલોકન કરી જશું.

શાંતરસને રસ કહી શકાય કે નહિ એ ખૂબ ચર્ચવા જેવું છે, પણ એની ચર્ચામાં સાહિત્યના એક અગત્યના વિષયની અને વ્યાખ્યાઓની વૈજ્ઞાનિક નજરે ચર્ચા કરવાની હોઇ સર્વને તેમાં રસ પડે કે નહિ એ જરા ગૂંચવણવાળી બાબત છે અને ગ્રંથના પ્રવેશકમાં બિનજરૂરી છે. આ ગ્રંથની છેવટે પરિશિષ્ટમાં એ વિષય સાહિત્યની દૃષ્ટિએ ચર્ચેલો જોવામાં આવશે.

શ્રી 'શાંતસુધારસ' ગ્રંથમાં બાર ભાવનાનો અવલોકનની દૃષ્ટિએ અને આત્માને ઉદ્દેશીને વિસ્તાર કર્યો છે. એ ભાવનાઓ કઇ છે અને તેનું ઊંડું રહસ્ય શું છે તે પ્રત્યેક ભાવનામાં કર્તાએ બતાવ્યું છે. દરેક ભાવનાને છેડે વિસ્તારથી અવલોકન અને વિચારણા કરવામાં આવશે. એ ભાવનાનો વિષય અવલોકન કરવાનો અને તે પણ જેવું તેવું ઉપરચોટિયું અવલોકન નહિ, પણ ખરેખરું અંદર ઊંડાણમાં ઊતરીને કરવાનું છે. આ બાર ભાવનાને વિવેક અને આત્માવલોકન સાથે કેવો સંબંધ છે અને એ બન્ને વસ્તુ આત્મપ્રગતિ કરવા ઇચ્છનાર માટે કેટલી જરૂરી છે તે આપણે કંઈક જોયું. બાકી પ્રત્યેક પ્રસંગે એ વાત પર ધ્યાન ખેંચવાની તક લેવામાં આવશે.

આ સર્વ બાબતમાં મુદ્દો એક જ છે કે વસ્તુને વસ્તુ તરીકે ઓળખી, સ્વ-પરનો ખ્યાલ કરી સ્વનો સ્વીકાર અને પરનો ત્યાગ કરવો એ પ્રકારના આદર્શને ધ્યાનમાં રાખી, તેને જેમ બને તેમ જલ્દીથી પહોંચી વળવા પ્રયત્ન કરવો. અનેક ઉપદેશનો, શાસ્ત્રગ્રંથોનો અને શ્રવણ-વાચનનો સાર એ છે કે **સ્વ-પરનું વિવેચન કરવું, પરિણતિની**

નિર્મળતા કરવી, વિષયકષાય ઉપર બને તેટલો કાબૂ મેળવવો અને સર્વથા કાબૂ મેળવવાનો આદર્શ રાખી તે સિદ્ધ કરવા પ્રયત્ન કરવો. આ ચાલુ બાબતને અંગે એક હકીકત કહી આ વિષય પૂરો કરીએ. ભાવના બે પ્રકારની છે : શુભ અને અશુભ. શુભ ભાવનાની વાત આ ગ્રંથમાં આવવાની છે ત્યારે પ્રસ્તુત હકીકત કહેવાશે. **અશુભ ભાવનાઓને** પણ ઓળખવાની જરૂર છે. તેના પાંચ પ્રકાર છે :—

(૧) **કાંદર્પી** ભાવના : સ્ત્રી-વિષયભોગ માટે વિચારણા અને પ્રવૃત્તિઓ.

(૨) **કિલ્બિષી** ભાવના : ક્લેશ કરાવે તેવી, ખટપટ કરાવનારી, રાજનીતિ, ધમાલ-તોફાનની હકીકતો.

(૩) **આભિયોગિકી** ભાવના : યુદ્ધ-લડાઈ કરાવે તેવી ખટપટ, તૈયારી, ધમાધમ અને વાતાવરણ.

(૪) **દાનવી** ભાવના : આસુરી ભાવના : મોહ-મદ-મત્સરાદિ મનોવિકારોના ખ્યાલો.

(૫) **સમ્મોહી** ભાવના : રાગ-દ્વેષને વધારનારી, પોષનારી, કુટુંબ-ધનમાં મમત્વ કરાવનારી હકીકતો.

આ પાંચે પ્રકારની ભાવનાઓ તજવા યોગ્ય છે. એ વાત પણ એટલી જ ઉપયોગી હોઈ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. શુભ ભાવનાને સમજતાં આ અશુભ ભાવનાઓ પણ સમજવી પડશે. વસ્તુ-વિવેક કરતાં તે બરોબર સમજાઈ જશે.

આ ગ્રંથમાં કહેલ બાર ભાવનાને 'અનુપ્રેક્ષા' (ભાવના) કહેવામાં આવે છે. એ 'અનુપ્રેક્ષા' શબ્દનો અર્થ જ આત્માવલોકન થાય છે. 'ઈક્ષ્'નો અર્થ જોવું એમ થાય છે અને તેની સાથે અનુ અને પ્ર ઉપસર્ગ મળી એને વધારે મજબૂત અને ચારે તરફ જોનાર બનાવે છે. એ ઉપરાંત એક બીજી હકીકત એ છે કે સર્વ ભાવનાઓ ધ્યાનના વિશાળ યૌગિક વિષયની પૂર્વગામિની અને ધ્યાનમાં સ્થિર રાખનાર પણ છે. ધ્યાનનો વિષય ઘણો વિશાળ છે અને તે યોગગ્રંથોમાં ખૂબ ચર્ચાયેલો છે. એ ધ્યાનના વિષયને આપણે અહીં ચર્ચી ન શકીએ, કારણ કે તે વિષય વિસ્તીર્ણ છે અને અત્ર અપ્રસ્તુત છે. એ ધ્યાનની હેતુભૂત ચાર ભાવનાઓ યોગી પુરુષોએ બતાવી છે. એ અનુક્રમે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય છે. બાર અનુપ્રેક્ષા(ભાવના)ઓ પછી આ ભાવનાઓ પણ બતાવવામાં આવશે અને યોગપ્રગતિમાં તેમના સ્થાનનો પણ ખ્યાલ કરવામાં આવશે.

મતલબ : આપણા વિચારોની સ્પષ્ટતા કરવા, આપણે કયાં છીએ તે સમજવા, આપણા સંબંધો અને આપણા ભાવોનું પૃથક્કરણ કરવા આ અનુપ્રેક્ષા અને ધ્યાનહેતુભૂત ભાવનાઓને ઘણું અગત્યનું સ્થાન છે અને અત્યારના અતિ પ્રવૃત્તિમય જીવનમાં તો ખાસ સ્થાન છે. આપણે

કોઇ જાતનો ઊંડો વિચાર કર્યા વગર દોડ્યા જ કરીએ છીએ અને શું કરીએ છીએ તેનો ખ્યાલ થાય છે તે પહેલાં તો પ્રમોદમાં પડી જઇએ છીએ. આપણને સ્વપ્નો પણ દોડાદોડીનાં જ આવે છે અને પાછા જાગીએ છીએ એટલે વળી દોડાદોડીમાં પડી જઈ એ છીએ. પથારીમાંથી નીચે પગ મૂકીએ ત્યાં દરરોજનું છાપું પડ્યું હોય, ત્યાં આત્મારામનો કે શાંતિનો વિચાર કયાંથી આવે?

આ અસહ્ય સ્થિતિ કોઈ પણ રીતે ચલાવવા યોગ્ય નથી. સાધ્ય વગરનું જીવન નિરર્થક છે, આદર્શ વગરનું જીવન સુકાન વગરના વહાણ જેવું છે અને અર્થ વગરની દોડાદોડી તદ્દન હાંસી કરાવનાર છે.

આ રીતે આ ગ્રંથના વિષયનો અને તેની ઉપયુક્તતાનો પરિચય કરાવ્યા પછી હવે આપણે ગ્રંથકર્તાની સાથે ચાલીએ. પ્રત્યેક પ્રકાશનને છેડે એ વિષય પર અન્ય વિચારકોના વિચારો પણ ગ્રહણ કરશું અને સાથે સાથે બીજી અનેક પ્રાસંગિક વાતો પણ કરશું, શબ્દાર્થ જાણનારની સગવડ જળવાય, માત્ર મૂળ વાંચનારની પણ સગવડ જળવાય એ પદ્ધતિએ આ વિવેચન-વિચારણા કરવામાં આવશે. પરિશિષ્ટમાં મહાબુદ્ધિશાળી ગ્રંથરચયિતાનું ચરિત્ર ઉપલબ્ધ થશે તે બતાવવા પ્રયત્ન થશે. આટલો પ્રવેશક કરી હવે આપણે પ્રથમ ગ્રંથકર્તા સાથે વિહરીએ.



॥ ॐ परमात्मने नमः ॥

उपाध्याय श्रीविनयविजयविरचित

श्री शांतसुधारस



प्रस्तावना

शार्दूलविक्रीडित

नीरन्ध्रे भवकानने परिगलत्पञ्चाश्रवाम्भोधरे,
नानाकर्मलतावितानगहने मोहान्धकारोद्धुरे ।
भ्रान्तानामिह देहिनां स्थिरकृते कारुण्यपुण्यात्मभि-
स्तीर्थेशैः प्रथितास्सुधारसकिरो रम्या गिरः पान्तु वः ॥ १ ॥

द्रुतविलम्बित

स्फुरति चेतसि भावनया विना, न विदुषामपि शान्तसुधारसः ।
न च सुखं कृशमप्यमुना विना, जगति मोहविषादविषाकुले ॥ २ ॥
यदि भवभ्रमखेदपराङ्मुखं, यदि च चित्तमनन्तसुखोन्मुखम् ।
शृणुत तत्सुधियः शुभभावनाभृतरसं[1] मम शान्तसुधारसम् ॥ ३ ॥
सुमनसो मनसि श्रुतपावना, निदधतां द्व्यधिका दशभावनाः ।
यदिह रोहति मोहतिरोहिताऽद्भुतगतिर्विदिता समतालता ॥ ४ ॥

रथोद्धता

आर्त्तरौद्रपरिणामपावकप्लुष्टभावुकविवेकसौष्ठवे ।
मानसे विषयलोलुपात्मनां, क्व प्ररोहतितमां समाङ्कुरः ॥ ५ ॥

वसन्ततिलका

यस्याशयं श्रुतकृतातिशयं विवेकपीयूषवर्षरमणीयरमं श्रयन्ते ।
सद्भावनासुरलता न हि तस्य दूरे, लोकोत्तरप्रशमसौख्यफलप्रसूतिः ॥ ६ ॥

अनुष्टुब्

अनित्यत्वाशरणते, भवमेकत्वमन्यताम् ।
अशौचमाश्रवं चात्मन् ! संवरं परिभावय ॥ ७ ॥
कर्मणो निर्जरां धर्म-सूक्तितां लोकपद्धतिम् ।
बोधिदुर्लभतामेतां, भावयन्मुच्यसे भवात् ॥ ८ ॥

---

१. પાઠાંતર : भावनामृतरसं

પ્રસ્તાવનાનો સામાન્ય અર્થ

૧. જે સંસારરૂપ વન (જંગલ) બહાર નીકળવાના રસ્તા વગરનું છે, જે ચારે તરફથી વરસતા પાંચ પ્રકારના આશ્રવરૂપ[૧] વાદળા-વરસાદવાળું છે, જે અનેક પ્રકારનાં કર્મોરૂપ લતાઓ(ડાળો)થી ખૂબ ગહન બનેલું છે અને જે મોહરૂપી અંધકારથી વ્યાપ્ત છે તે જંગલમાં ભૂલા પડેલા પ્રાણીઓને સ્થિર કરવાને વાસ્તે કરુણાભાવથી પવિત્ર થયેલ આત્માવાળા તીર્થાધિરાજોએ સુધારસથી ભરપૂર અને અતિ આનંદને આપનાર વાણીનો વિસ્તાર કર્યો છે–તે વાણી તમારું સંરક્ષણ કરો.

૨. ભાવના વગર વિદ્વાનોના મનમાં પણ શાંતિરૂપ અમૃતનો રસ (શાંતસુધારસ) જાગતો નથી–પ્રગટતો નથી. અને આ મોહ તેમ જ સંસારરૂપ ઝેરથી ભરેલા સંસારમાં એ (રસ) વગર લગારમાત્ર પણ સુખ (જેવું કાંઇ) નથી.

૩. બુદ્ધિમાનો! વિચારકો! આ સંસારમાં રખડપટ્ટો કરવાના થાકથી તમારું મન ઊંચું થઈ ગયું હોય અને જેનો કદી નાશ ન થાય એવું (અનંત) અંત-છેડા વગરનું (સ્થાયી) સુખ પ્રાપ્ત કરવા સન્મુખ તમારું મન થયું હોય તો સુંદર ભાવનાઓથી ભરેલ મારો **શાંતસુધારસ** ગ્રંથ (શાંત અમૃતરસ) સાંભળો.

૪. સુંદર ચિત્તમંદિરના માલિકો! વિદ્વાનો! તમારા કાનોને પવિત્ર કરનાર બાર ભાવનાઓને તમારા મનમાં ધારણ કરો, જેને પરિણામે સારી રીતે જણાયેલી (સુપ્રસિદ્ધ) સમતારૂપી કલ્પવેલડી–જેનો પ્રસાર અત્યારે મોહરાજે ઢાંકી દીધો છે અને વસ્તુતઃ જેની અદ્‌ભુત શક્તિ (ગતિ) છે તે–તમારામાં ઊગી આવે–મૂળ ઘાલીને વધતી જાય.

૫. ઇંદ્રિયના વિષયોમાં ખૂબ લંપટ થયેલ પ્રાણીઓનાં મન જેમાંથી આર્ત્ત અને રૌદ્ર[૨] પરિણામરૂપ અગ્નિથી ભાવનારૂપ વિવેકનું ચાતુર્ય બળી–ઝળી ગયેલું હોય છે તેવા મનમાં **સમતાનો અંકુર ક્યાંથી** મૂલ ઘાલે? કેમ ઊગી નીકળે?

૬. જ્ઞાન અને વિજ્ઞાનને લઇને અતિ નિપુણ થયેલો જે પ્રાણીનો આશય વિવેકરૂપ અમૃતના વરસાદથી અતિ સુંદર થયેલ રમણીયતાનો આશ્રય કરે છે એટલે કે જે જ્ઞાનવાન

---

૧. **આશ્રવ**–કર્મને ગ્રહણ કરવાના માર્ગો પાંચ છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ. એ દ્વારા કર્મ આત્મા સાથે જોડાય છે. અથવા પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ રૂપ પાંચ આશ્રવો છે.

૨. **આર્ત્ત**—ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, રોગનિદાન અને આગામી ચિંતા, **રૌદ્ર**–જીવનાશ, અસત્ય, ચૌર્ય અને વસ્તુસંરક્ષણ.

પ્રાણીના આશયમાં વિવેક ભળેલો હોય છે તેવા પ્રાણીઓથી લોકોત્તર પ્રશમસુખનાં ફળને જન્મ આપનારી સુંદર ભાવનારૂપ કલ્પલતાની વેલડી દૂર દૂર રહેતી નથી–તેની નજીક આવતી જાય છે.

૭–૮ આત્મન્ ! નીચેની ભાવનાઓને ભાવવાથી તું સંસારમાંથી મુક્ત થઈ શકીશ. તે ભાવનાઓ આ પ્રમાણે :—

(૧) **અનિત્યતા** (પદાર્થોના સંયોગ-સંબંધ સર્વે થોડા વખત માટેના છે.)

(૨) **અશરણતા** (પુદ્ગળનો સંબંધ સંકટ હરનાર, શરણ આપનાર કે શાંતિ કરનાર નથી.)

(૩) **ભવ (સંસાર)** (ચાર ગતિરૂપ સંસારનું સ્વરૂપ વિચારવું–ભવભ્રમણ સમજવું.)

(૪) **એકત્વ** (આ પ્રાણી એકલો આવ્યો છે, એકલો જવાનો છે–એ વિચારવું.)

(૫) **અન્યત્વ** (શરીર આદિ સર્વ આત્માથી પર છે–પારકું છે એવી વિચારણા.)

(૬) **અશૌચ** (શરીર અપવિત્ર પદાર્થોથી ભરેલું છે તેનો સાચો ખ્યાલ.)

(૭) **આશ્રવ** (કર્મબંધનનાં સ્થાનો, તેની પ્રણાલિકા અને તે સંબંધી વિચારણા.)

(૮) **સંવર** (આવતાં કર્મોને રોકી રાખવાના માર્ગોની વિચારણા.)

(૯) **કર્મનિર્જરા** (બાંધેલાં કર્મોને ભોગવ્યા વગર ખપાવવાના માર્ગો.)

(૧૦) **ધર્મભાવના** (પરસ્પર અવિરોધીપણે ધર્મસ્વરૂપનું વિશિષ્ટ ચિંતવન.)

(૧૧) **લોકસ્વરૂપ** (આ વિશ્વની માંડણી, રચના અને સ્થાનનો ખ્યાલ.)

(૧૨) **બોધિદુર્લભતા** (ધર્મસામગ્રી–સમકિતની પ્રાપ્તિ થવી ઘણી મુશ્કેલ છે તેની વિચારણા.)



પ્રસ્તાવના

(પ્રથમના શ્લોકોનો વિસ્તરાર્થ)

૧. એક મહાન જંગલ છે. ગાઢ અરણ્ય છે. ભયંકર વન છે. એમાં ઝાડીનો પાર નથી. નિરંતર લીલોતરી ઊગતી જાય છે અને નાશ પામતી જાય છે. એ એટલું વિશાળ છે કે એનો પાર આવતો નથી, એનો છેડો દેખાતો નથી, એમાંથી બહાર નીકળવાનો રસ્તો જડતો નથી. એમાં વૃક્ષ, લતા અને છોડવાઓ એવા આડાઅવળા ચોતરફ વીંટળાઈ અંદર અંદર ગૂંચવાઇ ગયા છે કે એ દરેક જગ્યાએ ઘણું ઊંડું દેખાય છે. જ્યાં જોઈએ ત્યાં ઊંડાણ, ઝાડી અને અચોક્કસ રીતે વધતી અને વધતી લીલોતરી દેખાય છે. માથે સખત વાદળાં ચઢયાં છે, મેઘાડંબર ગાજી રહ્યો છે, પ્રકાશને અટકાવી રહ્યો છે અને વાદળાંમાંથી અવારનવાર વરસાદ વરસી રહ્યો છે. કોઇ કોઈ વાર છાંટા પડે છે, કોઈ કોઇ વાર મુશળધાર વરસાદ પડે છે, કોઈ કોઇ વાર ઝડીનો વરસાદ પડે છે, આખા જંગલમાં ભયંકર અંધકાર વ્યાપી રહ્યો છે, રસ્તો પણ દેખાય નહિ એવું તિમિર ચોતરફ પ્રસરી રહ્યું છે અને અંદરની દોડાદોડમાં કયાં જવું અને કઈ બાજુએ ચાલવું તેની કાંઇ કળ પડતી નથી.

આવા ગાઢ જંગલમાં આ પ્રાણી ભૂલો પડયો છે. તેના જેવા અનેક પ્રાણીઓ ચારે તરફ રખડે છે. એ કયાં જાય છે?–એનું એમને ભાન નથી. એ શા માટે રખડે છે? –એનો એને ખ્યાલ નથી. એ અંધકારમાં અહીંથી ત્યાં અને ત્યાંથી બીજે એમ રખડયા કરે છે નવાં નવાં રૂપો ધારણ કરી નાટકો કરે છે અને સાચું સુખ શું છે અને કયાં છે તેનો વિચાર કર્યા વગર કવચિત્ માન્યતાના સુખમાં અને મોટે ભાગે રખડપટ્ટીના ત્રાસમાં નવા નવા વેશ લઈ આંટા માર્યા કરે છે. એને દિશાનું ભાન નથી, એ કયાં છે તે સમજતો નથી અને એને નીકળવાનો રસ્તો સૂઝતો નથી – જડતો નથી અને કવચિત્ કોઈ વિરલને એવો માર્ગ જડે તેને તેઓ ગાંડો કે બાવરો ગણી એની વાત તરફ ધ્યાન આપતા નથી.

આવા જંગલમાં ભૂલા પડેલા અને કોઇ જાતના ધોરણ વગર ચારે તરફ દોડાદોડ કરનારાં પ્રાણીઓને તેઓની દોડાદોડી મટાડનાર કોઇ પુણ્યાત્મા માર્ગદર્શક થાય છે. એ એની અનુપમ વાણી વડે રખડપટ્ટી અટકાવવાના રસ્તા બતાવે છે. એવા મહાપુરુષને પ્રથમ કરુણા આવે છે. એમને મનમાં એમ થાય છે કે આ બિચારા મહાજંગલમાં ખરેખર ભૂલા પડેલા છે અને હેતુ કે સાધ્ય વગર નકામા રખડયા કરે છે. આવા પ્રાણીઓ ઉપર સાચી દયા લાવી એ કરૂણારસના ભંડાર મહાપુરુષો અમૃત જેવી વાણી વડે એ રખડપટ્ટો અટકે એવા ઉપાયો બહુ પ્રેમભાવે બતાવે છે અને તેમ કરવાનો તેમનો ઉદ્દેશ ભટકનારાની ભટકામણ અટકે અને તેઓનો અચળ સ્થાનમાં સ્થિર વાસ થાય એ જ હોય છે.

ભવાટવીમાં ભૂલા પડેલાને ખરેખર આનંદ ઉપજાવે અને તેમને હંમેશને માટે સર્વોત્કૃષ્ટ સ્થાનકે પહોંચાડે તેવી સુંદર પરિસ્થિતિ આ થઇ. આવી વાણી જો કોઇની હોયતો ખરેખર તે વંદ્ય છે અને આનંદપ્રદ છે. આવી વાણીનો પ્રસાદ જ એવો અપ્રતિહત છે કે એનું વર્ણન કરવું મુશ્કેલ છે. સર્વ રખડપટ્ટો અટકાવનાર આવી વાણી તમારું રક્ષણ કરો!

આ સંસાર એ ખરેખર અટવી છે. હિંદમાં ગાઢ જંગલો પૂર્વે ઘણાં હતાં. ને માઇલો સુધી એટલાં લાંબાં હતાં કે એક વાર જો મુસાફર એમાં ભૂલો પડે તો એનો પત્તો લાગે નહિ. એ અંદર ને અંદર રખડ્યા કરે-ભમ્યા કરે. એની ગાઢ ઝાડી અને અંદર રહેલાં ભયંકર પ્રાણીઓનો એ અનેક રીતે શિકાર બને અને હેરાન-હેરાન થઈ જાય. અત્યારે બહુ થોડાં જંગલો રહ્યાં છે, તેમાં પણ દરેકમાં રસ્તા બનાવ્યા છે; છતાં અટવીની ગાઢતા અત્યારે પણ મુંઝવે તેવી હોય છે. જર્મની અને અમેરિકામાં ઘણાં મોટાં જંગલો હાલ પણ મોજુદ છે.

આ સંસારને અટવી સાથે બરાબર સરખાવી શકાય તેમ છે. ગ્રંથકર્તાએ ચાર વિશેષણો મૂકયાં છે તે સાર્થક છે અને સમજવા યોગ્ય છે. આપણે તે સંક્ષેપથી જોઇ લઈ એ. 'નિરંધ્ર' આ સંસાર-અટવીમાંથી બહાર નીકળવાનો માર્ગ જડે તેમ નથી. એ એવી મોટી વિશાળ અટવી છે કે અંદર અંદર આંટા માર્યા જ કરે, પણ એમાંથી નીકળવાનો માર્ગ જ જડે નહિ. 'રંધ્ર' એટલે બહાર નીકળવાનો માર્ગ.

'પરિગલત્ પંચાશ્રવાંભોધરે' વળી એ સંસાર-અટવીમાં પાંચ પાંચ પ્રકારના આશ્રવરૂપ વાદળાં નિરંતર વરસ્યા કરે છે. પાંચ આશ્રવો એટલે આત્માની સાથે કર્મને ગ્રહણ કરવાનું કાર્ય કરનાર પ્રસંગો. એ કર્મને આવવાના નળો છે અથવા પરનાળીઆ છે. જેમ કૂવામાંથી કાઢેલ જળ નીક અથવા પરનાળ કે નળ મારફત ખેતરમાં આવે છે તેમ આત્મક્ષેત્રમાં આ આશ્રવોદ્વારા કર્મો આવે છે. એ આશ્રવો બહુ આકરા અને સમજી રાખવા જેવા છે. એના મુખ્ય પાંચ પ્રકાર છે અને ઉપભેદ ૪૨ છે. એનો વિસ્તાર સાતમી ભાવનામાં આગળ ઉપર થશે. ૪૨ ભેદ અત્ર ટૂંકામાં કહીએ તો (૧) પાંચ **મિથ્યાત્વ** એટલે અજ્ઞાન (૨) પાંચ **'અવિરતિ'** એટલે ત્યાગભાવનો અભાવ (૩) ચાર **'કષાય'** એટલે ક્રોધ, માન, માયા, લોભ (૪) ત્રણ **'યોગ'** એટલે મન, વચન, કાયાની પ્રવૃત્તિ અને (૪) ૨૫ **'ક્રિયા'** એટલે શારીરિક વગેરે પ્રવૃત્તિ કરતી વખત થતા દોષો. આ પાંચ પ્રકારના આશ્રવો સંસારઅટવી માથે નિરંતર લટકી રહેલા છે. એ ખરેખર વાદળાંનું કાર્ય જ કરે છે. વાદળાંનાં કાર્ય બે છે : વરસવું અને પ્રકાશને અટકાવવો. આશ્રવો આખો વખત આ બે કાર્ય બરાબર બજાવે છે. એ આત્મભૂમિકા ઉપર વરસ્યા જ કરે છે અને વરસીને ભવાટવીને લીલીછમ રાખે છે અને આત્માને કર્મવડે ભારે બનાવે છે; એ એના ભાવને બરાબર ભજવે છે અને આત્મજ્યોતિના પ્રકાશ ઉપર એ અંધકારની છાયા નાખે છે. એ એનું કાર્ય કેવી રીતે કરે છે તે આપણે

૧. આશ્રવતત્ત્વમાં પાંચ પ્રકારના મિથ્યાત્વને બદલે પાંચ ઈંદ્રિયો કહેલ છે અને કર્મબંધના હેતુમાં પાંચ મિથ્યાત્વ લીધેલ છે.

સાતમી ભાવનામાં વિસ્તારથી જોશું. અત્ર પ્રસ્તુત વાત એટલી છે કે ભવાટવી ઉપર પાંચે આશ્રવો આખો વખત વરસ્યા જ કરે છે. 'પરિ' ઉપસર્ગ મૂકવામાં ભારે ખૂબી કરી છે. 'પરિ' એટલે ચારે તરફ અથવા હંમેશાં; એટલે એ પાંચે આશ્રવરૂપ વાદળાં કોઈ કોઇ વાર વરસે છે એમ નથી, પણ સદા વરસાદ રહે છે અને ચારે તરફ–આખી ભવાટવીમાં વરસ્યા કરે છે.

'નાનાકર્મલતાવિતાનગહને'–વળી એ ભવાટવીમાં આશ્રવોનો વરસાદ વરસે છે એટલે તો નવાં કર્મો આવે છે તેની વાત થઈ, પણ તે પહેલાં તે અટવી અનેક પ્રકારના કર્મરૂપ લતાઓથી ખૂબ ગાઢ–ગહન થઇ રહેલી છે, એટલે કે એમાં પ્રાણીઓની સાથે અનેક પ્રકારનાં કર્મો લાગી રહેલાં છે. કર્મોના પ્રકાર અનેક છે અને એના વિપાક પાર વગરના છે. એનું આખું નાટક ચિતર્યું હોય તો પુસ્તકો ભરાઈ જાય. તદ્વિષયક ગ્રંથોથી એ જાણી લેવું, અત્ર વાત એ છે કે—આ સંસારઅટવી ખૂબ ગીચ–ગાઢી થઇ ગયેલી છે, કારણ કે એમાં કર્મનાં જાળાંઓ ખૂબ પથરાઇ ગયાં છે અને ચારે તરફ આડાં–અવળાં પડ્યાં છે. એક વડના ઝાડની વડવાઇઓની વાત બાજુ ઉપર રાખીએ, પણ એની શાખાઓ જોઇએ અને એવાં અનેક ઝાડો હોય અને એ પ્રત્યેકને શાખા–પ્રશાખા હોય ત્યારે જંગલ કેવું ઘનઘોર અને ગાઢ થઈ જાય તેનો ખ્યાલ જરૂર આવે. આ સંસાર-અટવી અનેક પ્રકારની કર્મરૂપ લતાઓથી ખૂબ ગાઢ બનેલી છે.

'મોહાન્ધકારોદ્ધુરે–' વળી આટલેથી વાત પતે તેમ નથી. આખી અટવીમાં ભયંકર અંધકાર વ્યાપી રહ્યો છે. મોહરાજાનું કાર્ય અંધારું ફેલાવવાનું છે. એ રાગ–દ્વેષની મારફત કષાયો, નોકષાયો અને ઇંદ્રિયોને એટલો અવકાશ આપે છે કે પ્રાણી એની નિદ્રામાં અથવા નશામાં પડી પોતે કોણ છે અને ક્યાં છે એ પણ વીસરી જાય છે અને એનાં વિવેકચક્ષુ નાશ પામી જાય છે. 'આંખ વિના અંધારુ" થાય તેવી એની દશા થાય છે અને એ અંધકારમાં ફાંફાં મારે છે. એ શું કરે છે અને શું બોલે છે અને શો વિચાર કરે છે એનું પણ એને કાંઈ ભાન રહેતું નથી. અંધારી ઘોર રાત્રિમાં અચાનક જાગી જતાં દરવાજો શોધવા માટે જે ફાંફાં મારવાં પડે છે તેવી એની દશા થાય છે. મોહરાજાનો કરેલો અંધકાર એવો પ્રગાઢ હોય છે કે એ અંધકારમાં પ્રકાશની આશા રાખવી એ ઘણી મુશ્કેલ બાબત છે.

એક ભયંકર જંગલ છે : એમાં ઝાડી, લતા, ઝાંખરાં, ડાળીઓનો પાર નથી, એમાં ચારે તરફ અંધકાર વ્યાપેલો છે, એમાં માથે વાદળાં ચઢી આવેલાં છે અને નિરંતર વરસ્યા કરે છે. એમાંથી બહાર નીકળવાના રસ્તા દેખાતા નથી. આવી જ સંસારઅટવી છે, એમાં નાના પ્રકારના કર્મની ગીચ ઝાડી છે, એમાં મોહરાજાએ વળી ખૂબ અંધકાર ફેલાવ્યો છે,

એની ઉપર આશ્રવરૂપ વાદળો વરસ્યા જ કરે છે અને એમાંથી બહાર નીકળવાના રસ્તા દેખાતા નથી, જડતા નથી, પત્તો લાગે તેવી સ્થિતિમાં સાધારણ રીતે નથી.

આવી સંસારઅટવીમાં આ પ્રાણી – અનેક પ્રાણીઓ રખડ્યા કરે છે, અંધકારમાં ફાંફાં મારે છે, આશ્રવોનો સંગ્રહ કરે છે, એના જળથી કર્મનો વિસ્તાર વધારે છે અને બહાર જવાનો માર્ગ શોધતા નથી, કદાચ સાંપડે તો તેને ઓળખતા નથી અને નિરંતર દોડાદોડ કરી રખડ્યા કરે છે. કોઈ વાર ઉપર જાય છે, કોઈ વાર નીચે જાય છે અને કોઈ વાર આડાઅવળા રખડે છે. એ સંસારઅટવી કેવી છે તેનું સ્વરૂપ આપણે આગળ અગ્યારમી ભાવનામાં વધારે જોશું.

આખો વખત – અનાદિ કાળથી આવી ભવાટવીમાં રખડતા ભૂલા પડેલા આપણે સર્વ છીએ. આપણે ચારે તરફ વગર અર્થની દોડાદોડ કરી રહ્યા છીએ અને ચારે તરફ આખો વખત નાચતા ફરીએ છીએ. કોઈ પૂછે કે કયાં ચાલ્યા ? તો કાંઈ સમજતા નથી, સમજાય તેવો જવાબ આપી શકતા નથી, પણ પાછી દોડાદોડ ચાલુ રાખીએ છીએ.

વાત એટલી હદ સુધી બને છે કે ઘણાખરા પ્રાણીઓ તો રખડીએ છીએ તે વાત પણ જાણતા નથી, જાણે તો માનતા નથી, સાચું સુખ ઓળખતા નથી, જરા સુખ જેવો ભાસ થાય, કાંઈક સગવડ મળે કે તેને સુખ સમજી તેમાં મોજ માણે છે અને ઉપર–નીચે આડાઅવળા ચક્કર ચક્કર ફર્યા જ કરે છે.

કોઈ કરુણારસથી ભરેલા મહાપુરુષો એની એ સ્થિતિ જુએ છે. તેઓએ પણ અનેક શ્રમણપરંપરામાંથી પસાર થવા બાદ ખૂબ પ્રયાસ કરી પોતાના આત્માને પવિત્ર બનાવેલો હોય છે. પોતે સાચું સુખ કયારે અને કેમ મળે તે બરાબર સમજી ગયેલા હોય છે. એવા મહાપુરુષોને 'તીર્થંકર' કહેવામાં આવે છે. જેની મદદ વડે આ સંસાર–સમુદ્ર તરી શકાય તેવાં ધર્મસાધન, સમુદ્રને અંગે **તીર્થ** કહેવાય અને એવા તીર્થનું સ્થાપન કરનાર **તીર્થંકર** કહેવાય છે. એ મહાન્ શુદ્ધ સત્ત્વશાળી મહાત્માઓ કરુણારસથી ભરેલા હોય છે. એમની કરુણા કેવા પ્રકારની હોય છે તે આગળ પંદરમા પ્રકરણમાં બતાવવામાં આવશે, અસાધારણ વીર્ય અને શક્તિને પ્રભાવે તેઓ વસ્તુસ્વરૂપ જાણી ગયેલા હોય છે અને વસ્તુને ઓળખ્યા પછી તે કરુણારસની પ્રસાદી તરીકે પોતાને પ્રાપ્ત થયેલી હકીકત પ્રાણીઓને ખરેખરી ભાવદયાથી બતાવે છે.

એ જ્યારે વસ્તુસ્વરૂપનું પ્રકાશન કરે છે ત્યારે શાંતરસની ખરી જમાવટ થાય છે. પ્રાણીઓ પોતાનાં કુદરતી વૈર પણ વીસરી જાય છે અને આખા વાતાવરણમાં શાંતિ જામે છે. એ અતિ મધુર વાણી વડે જ્યારે પોતાને સમજાયેલું સ્વરૂપ જનસમાજ આગળ રજૂ કરે છે ત્યારે શાંતિનો વરસાદ વરસતો હોય છે અને અતિશાંત પરિસ્થિતિની વચ્ચે તેઓ અતિ મીઠા શબ્દોમાં પ્રેમ ઊપજે તેવી રીતે વસ્તુ-સ્વરૂપ બતાવે છે.

એમની વસ્તુસ્વરૂપ બતાવવાની પદ્ધતિને અમૃતરસના પ્રસાર સાથે સરખાવી શકાય. જાણે પરમાત્માના મુખમાંથી અમૃત ઝરતું હોય એવી તદ્દન શાંત વાણી માલકોશ રાગમાં નીકળે છે અને એના પ્રત્યેક શબ્દ અને વાકય શ્રોતાને એ શાંતરસમાં ઝબોળી દે છે. મહાત્મા પુરુષોના સન્નિકર્ષનો પ્રસાદ જેણે અનુભવ્યો હોય એને જ એની વિશિષ્ટતા–ઉત્તમતા અને મહત્તા ખ્યાલમાં આવે તેમ છે. એવા મહાત્મા પાસે જઇએ ત્યારે આપણામાં ગમે તેટલો ઉકળાટ હોય તે દૂર થઈ જાય છે, કચવાટ નાશ પામી જાય છે અને ચિત્ત અનિર્વચનીય દશા અનુભવે છે. સાધારણ મહાપુરુષો, જેને આપણે યોગી તરીકે ઓળખીએ છીએ તેમની પાસે જતાં પણ કાંઈક આવો અનુભવ થાય છે તો ખુદ તીર્થાધિરાજના સાનિધ્યમાં કેવી દશા થતી હશે ? કેવી અખંડ શાંતિ વ્યાપતી હશે ? કેવી અનન્ય સ્થિતિ અંદર અનુભવાતી હશે ? તેની વ્યાખ્યા કરવી અશકય છે.

આવી અમૃતરસને વરસાવનારી વાણીમાં અસાધારણ બળ હોય છે. એક સાધારણ સારો વક્તા પણ શ્રોતાસમાજને દોરવી શકે છે તો પછી જ્યાં શમરસના ઘૂંટડા ભરાતા હોય, જ્યાં શાંતિજળના ફુવારા ઊડતા હોય, જ્યાં શાંત જળનાં જળકણો ચારે તરફ ઊડી રહ્યાં હોય અને જ્યાં આખા વાતાવરણમાં શાંતિ અને શમની વિભૂતિઓ જામી ગઈ હોય ત્યાં શી સ્થિતિ થાય ? એ વાણીનું બળ કેવું હોય ? પાંત્રીશગુણયુક્ત એ વાણી હૃદયની આરપાર ઊતરી જાય અને મનને હલાવી નાંખી શાંતિમાં તરબોળ કરે એમાં જરા પણ આશ્ચર્ય પામવા જેવું નથી. વળી એ વાણી અતિ 'રમ્ય' છે, એ સાંભળતાં મનને અને કાનને આનંદ ઉપજાવે તેવી છે, મનને વશ કરી લે તેવી છે અને આખા જીવનને ઝણઝણાટ કરાવે તેવી હોઈ ખૂબ વિનોદ કરાવનારી છે. પ્રાણીને રમ્ય ભાષા સાંભળવી ગમે છે, કર્કશતા હોય તો મજા આવતી નથી. ભગવાન બોલે ત્યારે તુચ્છ ભાષાપ્રયોગ કદી કરતા નથી. એ 'દેવાનુપ્રિય', 'ભવ્ય' આદિ સુંદર શબ્દોનો પ્રયોગ કરી પ્રાણીને ઉપદેશ આપે છે. એમની ભાષા કેટલી પ્રિય–રમ્ય હોય છે તે તેમનો કોઇ પણ ભાષાપ્રયોગ વિચારવાથી બરાબર સમજાય તેવું છે. વળી દરેક પ્રાણી પોતાને સમજાય તેવી ભાષામાં ભગવાનનો ઉપદેશ સાંભળે એટલે એને તેમાં રસ પડે છે. પરમાત્માની વાણીના પાંત્રીશ ગુણો આ સ્થળે વિચારવા યોગ્ય છે. એ કારણે એ ભાષા ખૂબ 'રમ્ય', વિનોદકારી અને આનંદ આપનારી લાગે છે.

આવી અસાધારણ બળવાણી વાણી પ્રગટ કરવાનું કારણ એક જ હોય છે : ઉપર વર્ણન કર્યું તેવા ભયંકર વન–જંગલમાં ભૂલા પડેલા–રખડપટ્ટે ચઢેલા પ્રાણીઓને સ્થિર કરવા, એમનો રખડપટ્ટો અટકાવવો અને એમને આ ભવ-પ્રપંચમાંથી મુક્ત કરી નિરંતરની શાંતિ મળે એવી સ્થિતિ સમજાવવી.

આવી વાણી તમારું રક્ષણ કરો ! ગ્રંથકર્તા કહેવા માગે છે કે અસાધારણ વીર્યવતી એવી ભગવાન શ્રી તીર્થંકરદેવની વાણી તમારું રક્ષણ કરો. ભાવ એ છે કે–શ્રી તીર્થાધિરાજની એવી સુંદર શાંત વાણી ભવાટવીમાં ભટકવાથી દૂર રહેવાનું તમને બળ આપો !

ગ્રંથના આરંભમાં(૧) આશીર્વાદ, (૨) નમસ્કાર અથવા (૩) વસ્તુનિર્દેશ એ ત્રણ અથવા ત્રણમાંની એક બાબત બતાવવાનો શિષ્ટ સંપ્રદાય છે. **आशिर्नमस्क्रियावस्तुनिर्देशो वापि तन्मुखम्** એટલે ગ્રંથની શરૂઆતમાં કાં તો કોઈ પ્રકારનો આશીર્વાદ અપાય છે અથવા કોઈ ઇષ્ટદેવને નમસ્કાર કરવામાં આવે છે અથવા ગ્રંથમાં કહેવો વિષય છે તેનો પ્રસ્તાવ કરવામાં આવે છે. આ પ્રાચીન આર્ય પદ્ધતિ સર્વથા પૂર્વકાળના ગ્રંથોમાં સ્વીકારાયેલી જોવામાં આવે છે.

ગ્રંથકાર **શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયે** આ ત્રણે બાબતોનો સમાવેશ આ પ્રથમના શ્લોકમાં કર્યો જણાય છે. 'તમારું રક્ષણ કરો' એમ કહીને તેઓશ્રીએ હૃદયપૂર્વક આશીર્વાદ મહાપુરુષ તીર્થાધિરાજને નામે આપ્યો છે. આ આશીર્વાદ થયો.

તીર્થાધિરાજને 'કારુણ્યપુણ્ય આત્મા' કરુણાભાવથી પવિત્ર થયેલ આત્માવાળા બતાવીને અને તેઓશ્રીએ કરેલો વાણીનો પ્રસાર રમ્ય છે, આનંદ ઉત્પન્ન કરનાર છે, સાંભળતાં વિનોદ કરાવે તેવો છે અને કાન અને મનને રસમાં તરબોળ કરે તેવો છે એ દ્વારા તીર્થાધિરાજને એમણે હૃદયપૂર્વક નમસ્કાર કર્યો છે અને વસ્તુનિર્દેશ તેમણે 'સુધારસકિર' શબ્દથી કર્યો જણાય છે. આ ગ્રંથમાં શાંતસુધા – શમઅમૃત ભર્યો છે. એનું નામ શાંતસુધારસ છે અને એ વિષય આ ગ્રંથમાં આવનાર છે એનો અત્ર દિગ્દર્શન પૂરતો નિર્દેશ કર્યો છે. આ પ્રસ્તાવનામાં એ હકીકત–વસ્તુનિર્દેશ હજુ વધારે કરવાનો છે, અત્ર તો માત્ર તેને સૂચવેલ જ હોય તેમ જણાય છે. આવી સુંદર રીતે ગ્રંથની શરૂઆત કરવામાં આવી છે. ભવાટવીની વિષમતા બરાબર લાગુ પડતાં ચાર વિશેષણોથી બતાવી તેમાં ભૂલા પડેલાને ઠેકાણે લાવનારનું અદ્ભુત, ટૂંકું, મુદ્દાસરનું વર્ણન કરી એમની અમૃતસરખી વાણીની પ્રશંસા કરતાં અને એનો પાલનસ્વભાવ બતાવતાં એમણે વિષયનિર્દેશ કરી દીધો છે અને સાથે જણાવી દીધું છે કે પોતે જે 'શાંતસુધારસ' ગ્રંથની રચના કરે છે તે અસાધારણ આત્મબળવાળા અને કરુણારસના ભંડાર શ્રી તીર્થંકરજીની અમૃત વાણીને અનુસરે છે અને જે વાણીનો પરમાત્માએ વિસ્તાર કર્યો છે એ જ વાણીને અનુસરી પોતે પણ એના ભાવને બતાવશે. એ સુધારસ–અમૃતરસ કેવી ભૂમિકા ઉપર જામે-જાગે તે હવે બતાવે છે.

૨. આ ગ્રંથનું નામ **'શાંતસુધારસ'**. શાંતરસનું રસત્વ સાહિત્યમાં મહાપ્રયાસે સિદ્ધ થયું. એ રસ કાંઇ સાધારણ રમતની ચીજ નથી, એ પ્રાપ્ત કરવો એ કાંઈ બચ્ચાંના ખેલ નથી, એ કાંઈ હામજી-ભામજીનાં કામ નથી. એ શાંતરસ જાગે કેવી રીતે ? કોને જામે ? અને કયારે જામે ? એ વાત ગ્રંથકર્તા પોતે જ કહે છે. એમને ગ્રંથનો વિષય પ્રતિપાદન કરવો છે એટલે એની સાથેનો સર્વ સંબંધ તેમણે બતાવવો જ રહ્યો. બહુ ભવ્ય રીતે એ પોતાની હકીકત રજૂ કરે છે. તેમની પ્રતિપાદનશૈલી પણ ખરેખર વિચારવા યોગ્ય છે.

આ આખો સંસાર મોહ અને વિષાદે ઉત્પન્ન કરેલા ઝેરથી આકુળવ્યાકુળ થઇ ગયેલો છે. ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, શોક, કામભોગ વગેરે મનોવિકારોને પરિણામે પ્રાણીની

નિર્ણયશક્તિમાં જે ઉલટભાવ આવે છે અથવા તો નિર્ણય-શક્તિ કુંઠિત થઈ જાય છે તે મોહ-અજ્ઞાનજન્ય છે. આ 'મોહ'નું સામ્રાજ્ય આખા જગત પર ચાલે છે. બુદ્ધિ અને નિર્ણય-શક્તિમાં ભેદ પાડવો. એ મોહનું કાર્ય છે. 'હું અને મારું' એ એનો મંત્ર છે. 'વિષાદ, પણ મોહને પરિણામે જ આવે છે. માંદા પડીએ ત્યારે ખૂબ વિષાદ થાય છે અને જાણે કોઇ દિવસ જન્મ્યા જ ન હોઈએ તેવું લાગે છે. સગા-સ્નેહીના દુઃખથી કે મરણથી પણ વિષાદ થાય છે. આ મોહરાજા રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે, તે બને મળીને ચાર કષાય ઉત્પન્ન કરે છે અને એને લઈ ને આખા જીવનમાં ઝેર ભરાઈ જાય છે. ખારું-ખાટું થયેલું જીવન બુદ્ધિનો વિપર્યાસ કરે છે અને વિષાદ-શોક જીવનને કડવું બનાવે છે. આ મોહ અને વિષાદનું ઝેર આખા જગતમાં ભરેલું છે. માત્ર એની જરા ઉપર જઈ અવલોકન કરીએ તો જ આ ઝેર સમજાય-ઓળખાય તેમ છે.

આવા ઝેરથી ભરેલા સંસારમાં **શાંતસુધારસ** પ્રાપ્ત કરવો ઘણો મુશ્કેલ છે. એનાં સ્વપ્ન આવવાં પણ મુશ્કેલ છે. અરે! ટૂંકામાં કહીએ તો એનો ઝબકારો થવો પણ અશક્ય છે. હવે શાંતરસની પ્રાપ્તિ વગર તો આ દુનિયામાં કાંઈ ખરો રસ પડે તેવું નથી. બાકીના સર્વ રસો તો ક્ષણિક છે, આવીને-ઝબકીને ઊડી જનારા છે અને દુનિયાદારીમાં કહેવત છે કે 'રસનાં તો ચટકાં હોય, કાંઈ કુંડાં ન હોય,' એ કહેવતને ખરી કરનારા છે. ચટકાં પણ ઉપર ઉપરનાં અને આવીને ખસી જનારાં હોય છે. શાંતરસ જ ખરો, લાંબા વખતનો અને ચિરસ્થાયી અસર મૂકી જનારો છે.

આવો શાંતરસ અંદર જાગે કેમ? જામે કેમ? અને ટકે કેમ? દુનિયાની નજરે ડાહ્યા લાગતા માણસોને બરાબર જોઇએ તો તેઓમાંના ઘણાખરા એક અથવા બીજા મનોવિકારને વશ હોય છે. કોઈ સલાહ લેવા લાયક લાગતા હોય છતાં પોતાના ધન કે બુદ્ધિના મદમાં પડેલા હોય છે, કોઇ લોભને વશ હોય છે, કોઈ સ્ત્રીના પાશમાં પડેલા હોય છે, કોઈ 'મરી ગયા-મરી ગયા' એવું માની નિરંતર કકળાટ કરતા હોય છે, કોઈ ખોટા દંભી હોય છે, કોઇ ધમાલીઆ હોય છે, કોઈ ક્રોધી હોય છે, કોઈ મશકરા હોય છે, કોઇ બીકણ હોય છે, કોઈ વાત વાતમાં છીંકી જનારા હોય છે અને કોઈ ઉપરથી સભ્ય જણાતા હોય પણ તેના જીવનનો અભ્યાસ કરતાં અતિ ક્ષુદ્ર-તુચ્છ પામર માલૂમ પડે છે. આવા માણસોમાં શાંતરસ કેમ જામે? એ ગમે તેટલું ભણેલા હોય, ગમે તેવા ગ્રેજ્યુએટ થયેલા હોય, વિશ્વ-વિદ્યાલયની અનેક ઉપાધિઓ ધરાવતા હોય, ન્યાયાસન પાસે અક્કલને ચક્કરમાં નાખી દેતેવી દલીલ કરનારા હોય, મુત્સદ્દીગીરીમાં સામાને થાપ ખવરાવનારા હોય-પણ અંતે એનામાં શાંતરસ જામતો નથી. જામવાની વાત શું કરવી? એનામાં શાંતરસ સ્ફુરતો પણ નથી, દેખાવ પણ દેતો નથી, ચમકારો પણ કરતો નથી.

વાસ્તવિક હકીકત એ છે કે-આ શાંતરસ વગર આ જગતમાં નામમાત્ર પણ સુખ

નથી. આપણે સર્વ સુખને ઈચ્છીએ છીએ અને સુખ પાછળ દોડીએ છીએ અને એને મેળવવાનાં વલખાં મારીએ છીએ, પણ ખરું સુખ ઓળખતા નથી. અને ક્ષણિક સુખ માની તેમાં રાચી જઈ એ છીએ. ભર્તૃહરિ કહે છે તેમ વ્યાધિના પ્રતિકારને આપણે સુખ માની લઇએ છીએ. કદાચ ખાવામાં દૂધપાક-પૂરી કે રસ-રોટલી મળે તો તેમાં સુખ શું ? અને હારમોનિયમ, દિલરુબા, નાચ સાથે ગાયન સાંભળીએ તેમાં સુખ શું ? સ્ત્રી સાથે વિષયાનંદ ભોગવીએ એમાં પણ સુખ શું ? અને ભ્રમરની જેમ ગમે ત્યાં રખડીએ એવા ચોરીના ધંધામાં પણ આનંદ શો ? આ પ્રાણી ખરા સુખને ઓળખતો નથી અને સમજ્યા વગર સુખના આભાસ પછવાડે દોડ્યા કરે છે. વાસ્તવિક સુખ તો આત્મિક આનંદમાં છે. એ ચિરસ્થાયી છે અને પછવાડે કચવાટ વગરનું છે. એ સુખ શાંતરસ વગર નામમાત્ર પણ મળતું નથી. આવું ખરું સુખ મેળવવાનો ઉપાય હવે વિચારીએ.

સુખ મેળવવા માટે કોઈ રાજમાર્ગ સાંપડે તો મજા આવે. એ સુખ **ભાવનાથી** સાંપડે છે એમ જેને અતુલ્ય સુખ મળ્યું છે તે અનુભવથી કહે છે, આપણે કોઇ વસ્તુ પ્રાપ્ત કરવી હોય તો તેનાં મૂળો શોધવાં પડે છે. ત્યારે આ ભાવના તે **શી ચીજ** છે ? તે બરાબર સમજવું ઘટે. **भाव्यते इति भावना** "સંસાર ઉપરથી વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે મનમાં વારંવાર જેનું સ્મરણ કરવામાં આવે અને તે દ્વારા આ સંસારબંધનથી આત્માને મુક્ત કરવામાં આવે અથવા આત્માને મોક્ષ સન્મુખ કરવામાં આવે તે **ભાવના.**

સમજણ અને જ્ઞાન વગર કોઈ પણ ક્રિયા એના વાસ્તવિક આકારમાં થઈ શકતી નથી આપણે કોણ છીએ ? કયાં છીએ ? અને શા માટે છીએ ? અને આ આખા નાટકનો ખરો અર્થ શો છે ? એ બરાબર વિચારવાનું ક્ષેત્ર ભાવના છે. આપણે પ્રવેશકમાં જે પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે તેનો જવાબ ભાવના આપે છે. એ ભાવનાને બરાબર વિચારવાનું કારણ એ છે કે એ દ્વારા આપણે સામે જોવાને બદલે અંદર જોતાં શીખીએ છીએ. અન્યથા આપણને કોઇ પીડા કરે તો આપણે તેના ઉપર ચીડાઇએ છીએ. એવી રીતે દરેક બાબતમાં ઉપર ઉપરનો ખ્યાલ કરવાની જ આપણને ટેવ છે.

આ ટેવ ભાવનાથી મટે છે. ભાવના આપણને અંદર જોતાં શીખવે છે. વસ્તુને બદલે વસ્તુના કારણ તરફ આપણને લઈ જાય છે. કૂતરાને લાકડી પડે એટલે એ લાકડીને કરડવા દોડે છે, એ તેનું અજ્ઞાન છે. લાકડી કયા ગુન્હાને બદલે પડી તે શોધવાનું તેને મન જ થતું નથી. મોહરાજાએ પણ આ જગતમાં એવું અજ્ઞાન ફેલાવ્યું છે કે આપણો દશા તેણે લાકડીને કરડવા દોડનાર કૂતરા જેવી જ કરી નાખી છે. જ્યારે આ ગ્રંથમાં કહેવાની ભાવના ઉપર વારંવાર સ્મરણ-ચિંતવન થશે અને વસ્તુ તેમ જ સંબંધ બરાબર ઓળખવા પ્રયત્ન થશે ત્યારે શ્વાનવૃત્તિ અટકશે. શાંતરસની જમાવટ બરાબર કરવા માટે આ વૈરાગ્યને ઉત્પન્ન કરનાર અને આત્માને મોક્ષ પમાડનાર ભાવનાઓ ભાવવી ઘટે.

ભાવના વગર વિદ્વાન માણસના મનમાં પણ શાંતરસ જાગતો નથી, ઊઠતો નથી અને જામતો નથી અને શાંતરસ વગર જરા પણ સુખ નથી, તેથી જેને દુનિયાદારીના શૃંગાર, હાસ્ય, વીરરસ કરતાં પણ બહુ આગળ લઈ જનાર શાંતરસનું મહત્ત્વ સમજાયું હોય તેને માટે ભાવના બહુ અગત્યની ચીજ છેઃ એ ભાવનાઓ વગર વિદ્વાન પણ સંસારમાં રખડી પડે છે, એ વગર ભણેલા માણસો પણ સંસારમાં આંટા માર્યા કરે છે અને એના વગર શાંતરસનો મહિમા એના મગજમાં કે વિચારભૂમિકામાં આવતો નથી.

'ભાવના' આ ગ્રંથનો વિષય છે, એની શક્તિ કેટલી છે તે અત્ર બતાવ્યું. ભાવના વગર શાંતરસ જામે નહિ અને શાંતરસ વગર ખરું સુખ મળે નહિ. ભાવનાની આ જીવનમાં તેટલા માટે કેટલી જરૂર છે? સમજી ભણેલા-ગણેલાને પણ એને માટે કેટલી ચીવટ રાખવી ઘટે એ બતાવવાની સાથે ગ્રંથકર્તાએ પ્રસ્તાવનામાં 'વસ્તુનિર્દેશ' કર્યો છે.

૩. વિદ્વાન બુદ્ધિશાળીને ઉદ્દેશીને એ વાત તદ્દન જુદા આકારમાં ગ્રંથકર્તા કહે છે. એમણે ગ્રંથના વિષયની વિશિષ્ટતા બતાવી છે અને શાંતરસ વિદ્વાનોમાં પણ જામે એ એમની આંતરેચ્છા છે.

મારા વિચક્ષણ ભાઈઓ! બુદ્ધિશાળી મહાનુભાવો! તમે આ સંસારમાં રખડ્યા કરો છો, આંટા માર્યા કરો છે અને હિસાબ વગરના ચક્કરે ચડો છો. ઘડીકમાં તમે અનેક રૂપે હાથી, ઘોડા, ગાય, બળદ, બકરીના વેશ ગ્રહણ કરો છો, વળી કોઈ વાર મગર કે માછલાં થાઓ છો, કોઈ વખત કાગડા-પોપટ થાઓ છો, વળી કોઈ વાર વનસ્પતિમાં જાઓ છો, કોઈ વાર જળમાં જાઓ છો, કોઈ વાર કીડી, માંકડ, મચ્છર થાઓ છો, વળી કોઈ વાર મનુષ્ય થઈ જાઓ છો. તમે આવી રીતે ચોરાશી લક્ષ યોનિમાં આંટા માર્યા કરો છો. તમે આમ ચારે તરફ ચક્કર ચક્કર ફરો છો પણ તેથી તમને ફેર આવે છે – ચક્કર આવે છે? અને તમને ત્રાસ થાય છે? આવા ચક્કરથી તમે ખરેખર થાકયા છો? તમને કાંઈ કંટાળો આવ્યો છે?

વળી આ સંસારમાં જરા વાર સુખ મળે, પાછો વિયોગ થાય, હેરાન હેરાન થઈ જાઓ, રડો, કકળો, મુંઝાઓ, છાતીનાં પાટીઆં ભીંસાઈ જાય એવા ત્રાસો થાય અને વળી જરા તમારી માનેલી સગવડ મળે એટલે એને તમે સુખ માનો છો; પણ જે સુખ પછવાડે દુઃખ હોય જ નહીં એવું અનંત સુખ તમારે પ્રાપ્ત કરવું છે કે અત્યારે જે મળે તેમાં મ્હાલવું છે અને આગળ જે થાય તે જોયું જશે એમ ધારી વાત પડતી મૂકવી છે? તમારા જેવા સમજુની આ ચકભ્રમણની દશા હોય? દોડીદોડીને પાછા પડો છો અને વળી પાછા ત્યાં જ આંટા મારો છો! તમારા જેવા વિદ્વાન, પાંચ માણસમાં પૂછવા લાયક માણસની આ દશા હોય? તમારે ખરું સુખ ખરેખર મેળવવું છે? છેડો કદી ન આવે અને સુખ, સુખ અને સુખ અનુભવો એ દશા પ્રાપ્ત કરવી છે?

જો તમને આ રખડપટ્ટી પર ખરેખર ખેદ આવ્યો હોય અને તમારા મનમાં સાચું સુખ હંમેશને માટે મળે એવી ઇચ્છા તીવ્ર સ્વરૂપે થઇ હોય તો હું તમને તેનો રસ્તો બતાવું. તમે ખરેખર આતુર હો તો મારી પાસે તેનો રસ્તો છે.

ગ્રંથકર્તા કહે છે કે મેં આ મારા **શાંતસુધારસ** ગ્રંથમાં શુભ ભાવનાઓનો રસ ઠાંસી-ઠાંસીને ભર્યો છે. એ તમે બરાબર સાંભળો, એમ કરશો એટલે તમારી જે ખેદ દૂર કરવાની અને અવિનાશી સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા છે એ સફળ થશે. એ ભાવના કઇ કઇ છે અને તે ભાવવાનું પરિણામ શું આવશે તે આગળ આ પ્રસ્તાવનામાં જ ગ્રંથકર્તા કહેવાના છે.

અહીં 'મારો આ ગ્રંથ સાંભળો' એમ કહેવાનો હેતુ જિજ્ઞાસા જાગૃત કરવાનો છે. મેં આ ગ્રંથમાં શાંતસુધાનો રસ ઠાંસીઠાંસીને ભર્યો છે અને એ જેવો 'મેં જાણ્યો કે અનુભવ્યો તે તમારે માટે અહીં સંગ્રહી રાખ્યો છે.'

આ વાકયમાં કોઇ જાતનું અભિમાન નથી. જેવી ભાવના સિદ્ધર્ષિ ગણીને થઈ હતી કે જ્ઞાન, દર્શન, ચારિત્ર-વિમળાલોક અંજન, તત્ત્વપ્રીતિકર પાણી અને પરમાન્ન ખૂબ આપવું પોતાને ભવિષ્યમાં મળ્યા કરે તે માટે આપવું. આપેલ મળે છે એ ન્યાયે વિશિષ્ટ સ્વાર્થ સાધવા આપવું, એ જ દશામાં વર્તી **શ્રી વિનયવિજય** ઉપાધ્યાય કહે છે કે તમે આ મારો ગ્રંથ સાંભળો. તમે એ બરાબર સાંભળશો તો તમારા સ્થૂળ સંતાપ નાશ પામી જશે અને તમને અજરામર મુખ અનંતકાળ માટે અવ્યાબાધપણે નિરંતરને માટે મળશે.

ખરી રીતે તો આવા ગ્રંથ સાંભળવા માત્રથી પ્રાણીનો ઉદ્ધાર થઈ જતો નથી, પણ ઉદ્ધારની દિશાએ તેને દોરવાનો ઉપાય તો એ જ છે. આ પ્રાણી જો આવું આવું સાંભળતો થાય અને જરા અંદર ઊંડો ઊતરે તો પછી એનો માર્ગ એને જડી આવે. આ વાત માત્ર માર્ગ ઉપર લાઇ આવવા ખાતર કહી છે. પ્રાણી માર્ગ ઉપર આવે તો પછી એને અનેક રસ્તા ઉઘાડા છે અને એ એને શોધી લઈ શકે તેમ છે. ભાવનાઓનું બળ એવું છે કે એક વાર જાગી તો પછી અંદર ઊંડા ઉતારી દે અને પ્રાણી વિવેક પ્રાપ્ત કરી લે તો પછી સમજુ માટે જરા પણ ચિંતા રહે નહિ. માત્ર એ 'હું બગ' ધારી દૂર નાસતો ન ફરે તેટલા પૂરતી આ સાંભળવાની પ્રેરણા છે અને આંતર આશય એમાં રમણ કરાવવાનો છે.

૪. ગ્રંથકર્તા હજુ પણ પોતાની પ્રાર્થના આગળ વધારે છે. બહુ સારા શબ્દોમાં સુંદર રીતે પ્રેરણા કરે છે. ઉપરના શ્લોકોમાં પ્રાણીને બુદ્ધિમાન કહ્યો. બુદ્ધિથી પ્રાણીને વિવેક આવે છે, પણ તે તેનો સદુપયોગ કરે તો. અહીં એ સુંદર બુદ્ધિવાળાના મનના વિચારો પણ સુંદર હોય છે, તેને ઉદ્દેશીને કહે છે. પ્રાણીને સંબોધન કરતાં તેને 'સુંદર ચિત્તવાળા-સુંદર ચિત્તમંદિરના માલિક !' એવા મધુર શબ્દે બોલાવે છે. આ પ્રાણી અત્યારે તો સંસારમાં રખડતો ફરે છે અને બુદ્ધિનો દુરૂપયોગ કરે છે, છતાં ગ્રંથકર્ત્તાનો આશય એને રસ્તે લાવ-

વાનો છે, તેથી એ તુચ્છ શબ્દોમાં આમંત્રણ કરતા નથી, એ એને નરકાધિકારી કે ભ્રમિત ચિત્તવાળા કે વિષયવિષ્ટામાં રમનારા કીડા કહીને બોલાવતા નથી; પણ એને મધુર ભાષામાં કહે છે કે તમે સુંદર મનોમંદિરના માલિક છો, તમે સારાસાર સમજી શકો એટલી બુદ્ધિ-શક્તિના સ્વામી છો, તમે પરોપકાર-સદાચાર-નીતિમાર્ગે તમારા વિચારો દોરવી શકો એટલી તમારી બુદ્ધિ છે અને એવા વિચારો તમે કરી શકો તેમ છો. તમે એવા નિર્મળ મનના માલિક છો અને ધારો તો બુદ્ધિનો સારો ઉપયોગ કરી શકો તેવા છો તેથી જ તમને આમંત્રણ કરી, વિજ્ઞપ્તિ કરી, પ્રાર્થના કરી આ અનુભવસિદ્ધ, સાચા, સાદા અને તમારા પોતાના માર્ગ પર આવવા તમને પ્રાર્થના કરવામાં આવે છે.

પ્રાચીન મહાન લેખકો તુચ્છ ભાષામાં આમંત્રણ કરવાની રીત પસંદ કરતા નહોતા. વાંચનાર કે સાંભળનાર પ્રથમ દૃષ્ટિએ વિરુદ્ધ પડી જાય અને ગ્રંથમાં આગળ ન વધે તો લેખકનો પ્રયાસ નિષ્ફળ જાય છે. સુંદર લેખકો કદી લોકસમાજને અસાધ્યની કોટિમાં ગણતા નથી, પોતાની પાસે સારી વાત હોય છે તે ઘણી મીઠી ભાષામાં મુદ્દા ન ચુકાય તેવી રીતે સ્પષ્ટ આકારમાં રજૂ કરે છે. ભાષાસૌષ્ઠવ કદી ચૂકતા નથી અને તેને માટે ખાસ ચીવટ રાખે છે.

ભવ્ય વિચારકો ! સુંદર મનોમંદિરના માલિકો ! આ ગ્રંથમાં કહેવાની બાર ભાવનાઓ તમે તમારા મનમાં ધારણ કરો. જેમ ધનવાન માણસ પોતાના ગળામાં અમૂલ્ય મોતીની માળા ધારણ કરે છે તેમ આ ભાવનારૂપ મૌક્તિકમાળા તમારા મનોમંદિરમાં ધારણ કરો. હૃદય ઉપર ધારણ કરેલી મોતીની માળા અન્ય જોનારને સુંદર લાગે છે અને પહેરનારની નજરમાં આખો વખત રહે છે તેવી જ આ ભાવનારત્નમાલિકાની સ્થિતિ છે. એ મનમાં ધારણ કરનારને અનંત સુખ આપે છે અને એના વાતાવરણમાં રહેનારને અદ્‌ભુત શાંતિ આપે છે. એટલા માટે એ ભાવનાવાળા તમારા મનોમંદિરમાં ધારણ કરો.

એ ભાવનાઓ કેવી છે ? એ 'શ્રુતપાવના' છે. એમાંથી ઘણા ભાવો પ્રાપ્ત થાય છે :

(૧) એ સાંભળવાથી કાનને પવિત્ર કરે તેવી છે. ઘણી હકીકત એવી હોય છે કે એ સાંભળતાં કંટાળો આવે, દુઃખ થાય અને એવી વાત ન સાંભળી હોત તો સારું એવી વૃત્તિ થાય છે. આ ભાવનાઓ તો એવી છે કે એ સાંભળતાં અતિશય આનંદ આપે છે.

અહીં એક વાત જરૂર કરવા જેવી છે. એ સંબંધી વિશેષ વિવેચન તો ઉપોદ્‌ઘાતમાં થશે; કારણ કે એનું સ્થાન ત્યાં છે. ગ્રંથકર્તાએ આ બાર ભાવના તથા ધર્મધ્યાનને અનુસંધાન કરાવનાર બીજી મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ બહુ સુંદર રીતે બતાવી છે. એમણે પ્રત્યેક ભાવના પર આઠ અથવા નવ સુંદર શ્લોકો ભિન્નભિન્ન પ્રચલિત છંદોમાં લખ્યા છે અને તેથી પાઠ કરવામાં સુગમ છે. એની ભાષા હૃદયસ્પર્શી અને વિચાર કરે તો અંતઃકરણમાં આરપાર

ઊતરે તેવી છે. વિચાર ન કરે તો પણ કાનને પવિત્ર કરે તેવી તેની શબ્દરચના છે. ત્યારપછી પ્રત્યેક ભાવના પર એમણે એક અષ્ટકગીત મૂકયું છે. એ જો એના ચાલુ રાગમાં ગવાય તો કાનને ખરેખર અપૂર્વ આહ્લાદ આપે તેવો તેનો રાગ છે. એ સુંદર રીતે ગવાય છે અને તાલ સુરની કેળવણી વિનાની પણ ચાલુ દેશીમાં ગાઇ શકે તેવી તેની રચના છે. આ હકીકત પર ચર્ચા તો ઘણી કરવાની છે, તે તેના સ્થાન પર થશે. અત્ર કહેવાની વાત એ છે કે એ વિદ્વાનોની ચર્ચા બાજુએ રાખતાં પણ આ ભાવનાઓ કાનને ખૂબ મજા આપે તેવી છે, આનંદ આપે તેવી છે, પવિત્ર કરે તેવી છે.

એક વખત કોઇ દેશી રાગો જાણનાર પાસે તેના લય જાણી લઈ, તેમાં ગાવામાં આવે તો ખૂબ મજા આપે તેવી છે. એ ગીતો અસલ ઉસ્તાદી રાગોમાં પણ ગવાય તેવાં છે અને એના છંદો સાદા સરલ અને ચાલુ હોવા ઉપરાંત એની રચના એવી છે કે એક બે વખત છંદોનું પુનરાવર્તન કરી ગયા પછી એ કાન સાથે અથડાયા જ કરશે, અંદર ગાન ઉત્પન્ન કરશે અને ભૂલવા પ્રયત્ન કરવા છતાં પણ સ્મરણમાં ચોંટી જશે. આનું નામ 'શ્રુતપાવન' કહેવાય.

(૨) એમાં બીજો પણ ભાવ છે. એ શ્રુત એટલે સાંભળી હોય તો સાંભળનારને પવિત્ર કરે છે. કાન અને કાનનો ઘણી એક જ છે, છતાં કાનને પવિત્ર કરવા એ જુદી વાત છે, સાંભળનારને પવિત્ર કરવો એ જુદી વાત છે, તે વિચાર કરવાથી સમજી શકાશે.

(૩) શ્રુત એટલે જ્ઞાન. તીર્થાધિરાજે કહેલું અને ગણધરોએ ગૂંથેલું આખું અનુયોગનું શાસ્ત્ર. જૈન શાસ્ત્રમાં એને 'શ્રુત' જ્ઞાન કહેવામાં આવે છે. ને શ્રુતજ્ઞાનથી આ બારે ભાવના પવિત્ર થયેલી છે. ટૂંકામાં કહીએ તો એ કોઈ એ પોતાની કલ્પનાથી ઊભી કરેલી-જોડી કાઢેલી વાત નથી, પણ શ્રુતનો વિષય થયેલી છે અને સિદ્ધ વસ્તુઓમાંથી સિદ્ધહસ્તદ્વારા સાંભળીને નોંધાઈ ચૂકેલી છે.

(૪) અથવા કોઇનું જ્ઞાન બરાબર ન હોય તો તેને બરાબર કરી આપનાર, તેનામાં વિવેક ઉત્પન્ન કરનાર અને તેના ઉપરચોટીઆ શ્રુતજ્ઞાનને યથાર્થ શ્રુત કરી પવિત્ર કરનાર હોઈ એ જાતે પરમ પવિત્ર છે. જ્ઞાન અને અજ્ઞાનનો ફેર અહીં સ્પષ્ટ માલૂમ પડે છે. આવા અનેક અર્થ નીકળી શકે એવો એ શબ્દ છે. ભાવ સમજાય તેવો છે.

આવી શ્રુતને પવિત્ર કરનારી બાર ભાવનાઓ મનમાં ધારણ કરો એમ લેખક મહાત્મા કહે છે. ઉપરના (ત્રીજા) શ્લોકમાં ભાવનાને સાંભળવાની સૂચના કરી, આ (ચોથા) શ્લોકમાં મનમાં ધારણ કરવાની વાત કરી. વાત એ છે કે માત્ર સાંભળવાથી લાભ તો થશે, પણ ખરો લાભ તો એને મનમાં ઊંડી ઉતારી, એને જીરવવાથી થાય તેમ છે. ભાવના જીરવાય કેમ ? એની કળા પણ આ ગ્રંથ વાંચવાથી અને એમાં ઊંડા ઊતરવાથી સાંપડશે.

આવી ભાવનાઓને મનમાં ધારણ કરવાથી લાભ શો ? અને એનું પરિણામ શું ? એ વાત હવે લેખકશ્રી પોતે જ કહે છે.

આ સંસાર-અરણ્ય જેનું વર્ણન પ્રથમ શ્લોકમાં કરવામાં આવ્યું તેમાં અનેક જાળાં-ઝાંખરાં વગેરે છે, પરંતુ એમાં કલ્પ-વેલડીઓ પણ છે, એ શોધવી પડે તેમ છે પણ શોધનારને જરૂર મળે તેમ છે. અને સમતા કલ્પવેલડી તો એવી છે કે એક વખત શોધ કરવાથી એ મળી જાય તો પછી તેની પાસેથી સમતા–શમ–સંવેગ વગેરે અનેક ફળો મળી શકે તેમ છે. કલ્પવૃક્ષનો એવો સ્વભાવ છે કે એ માગનારને માગ્યાં ફળ આપે. સમતાલતા પાસેથી તો ચારિત્રરાજના પરિવારનાં અનેક ફળો મળે તેમ છે. એનાં ફળોનું વર્ણન **ઉપમિતિ-ભવ-પ્રપંચા-કથા**ના પ્રસ્તાવમાં વિસ્તારથી કર્યું છે. એ સમતા-કલ્પવેલડીનાં ફળો પ્રાપ્ત કરવા માટે એ વેલડીને ઉગાડવી જોઈએ અને ઉગાડવા પહેલાં એને ઓળખવી જોઈએ.

એ સમતાલતામાં અસાધારણ શક્તિ છે, એ કહેવાય છે તો ઠંડી–શાંત, કારણ કે સમતાના વાતાવરણમા શાંતિ હોય છે, પણ એની ગતિ અદ્‌ભુત છે. એને અંગ્રેજી ભાષામાં Driving power (વેગ–શક્તિ) કહે છે. એ વેગ, એ બળ, એ યદૃચ્છા જેને પ્રાપ્ત થાય એની આત્મિક પ્રગતિ ઘણી વધી જાય છે અને એ કર્મનો તો ચૂરો કરી નાખે છે. એ સમતાના પ્રતાપે પ્રાણી અરિહંત–અર્હંત થાય છે, એ કર્મરૂપ દુશ્મનોનો નાશ કરનાર–કાઢી નાખનાર બને છે અને એ શાશ્વત સુખ પ્રાપ્ત કરનાર થાય છે. આવી અદ્‌ભુત શક્તિ સમતાલતામાં છે અને તે સારો રીતે જાણીતી છે. કોઈ ખરા યોગીની સન્મુખ જતાં એનો ખ્યાલ આવે છે, મહાત્મા પુરુષોમાં એનો સાક્ષાત્કાર દેખાય છે અને ઋષિમુનિઓમાં એનો પ્રભાવ એમના વર્તન અને વચનોથી જણાઈ આવે છે. જ્યારે માન–અપમાન સરખા ગણવાની ટેવ પડે, જ્યારે પથ્થર અને સુવર્ણ ઉપર સમભાવ થાય, જ્યારે સ્તુતિ કે નિંદા ઉપર એક સરખી વૃત્તિ આવે, જ્યારે સગવડ–અગવડમાં મનની એક સરખી વૃત્તિ ટકી રહે ત્યારે ખરી સમતા–શાંતિ પ્રાપ્ત થાય છે; એનું આબેહૂબ વર્ણન યોગીરાજ આનંદઘનજીએ શ્રી શાંતિનાથપ્રભુના સ્તવનમાં કર્યું છે, એના પરિણામે કેવી મનોદશા થાય છે તે યોગ-શાસ્ત્રના પ્રણેતા શ્રી હેમચંદ્રાચાર્યે વીતરાગસ્તોત્રમાં વર્ણવ્યું છે.

આવી અદ્‌ભુત વીર્યવતી સુપ્રસિદ્ધ પરિણામ જણાવનારી સમતાલતા આ ભવ–કાનનમાં પ્રાપ્ય છે, પણ અત્યારે એનો વેગ મોહરાજાએ દબાવી દીધો છે–છુપાવી દીધો છે–દાટી દીધો છે. મોહ કષાય વગેરે અનેક વિકારોને જન્મ આપે છે. એ વિકારોને પરિણામે પ્રાણી રાગ–દ્વેષમાં પડી જાય છે અને રાગદ્વેષ એ સાચી નિર્ણયશક્તિની આડે આવે છે. એટલે વાત એ થઈ કે સાધારણ ફળો આપનાર અને સુપ્રસિદ્ધ મહિમાવાળી સમતાલતા તમારા સંસાર–અરણ્યમાં–ભવકાનનમાં છે, પણ તે તમારામાં મોહના જોરથી ઊગતી નથી-જામતી નથી-વધતી નથી. અને તે કેમ વધે? એના મૂળમાં રાગ–દ્વેષ એવું ઝેર રેડે છે કે એનાં મૂળો બળી જાય છે અથવા અરધાં-પરધાં જળી જાય છે. કોઈ લતાનાં મૂળ બળી જાય એટલે એનો પાયો જ નકામો થઈ જાય છે અને એ વધતી અટકી જાય છે.

જો તમારે આ સમતાલતાને ઉગાડવી હોય, જો તમારે એનાં ફળ ચાખવાં હોય, જો તમારે અત્યારની સર્વ ગૂંચવણનો અંત હંમેશને માટે આણવો હોય તો મહાનુભાવો! તમે આ કહેવાશે તે બાર ભાવનાઓ મનમાં બરાબર ભાવો, એને તમારા વિચારક્ષેત્રમાં બરાબર સ્થાન આપો અને એને વારંવાર જમાવો, વગર અટકયે જમાવો, એનો નિરંતર અભ્યાસ કરો અને એને મનોમંદિરમાં સ્થાન આપો. વાતનો સાર એ છે કે આ બાર ભાવનાઓ તમે નિરંતર ભાવો.

આ શ્લોકમાં બાર ભાવનાની વાત કરી છે એ વાત વિચારવા જેવી છે. આ ગ્રંથની અસલ યોજના બાર ભાવના સંબંધી ઉલ્લેખ કરવાની હશે અને પછી ચાર ભાવના પછવાડે લખવાનો વિચાર થયો હશે એવું અનુમાન થાય છે—તે સંબંધી ઉપોદ્‌ઘાત જુઓ.

(૫) એ સમતાલતા પ્રાપ્ત કરવા જેવી તો ખરી, પણ જ્યાં ગામમાં પેસવાના જ વાંધા હોય ત્યાં એ કેમ બને! મોહરાજાએ એની શી સ્થિતિ કરી છે તે આપણે જોયું. હવે એનો અંકુર–એનું બીજારોપણ થવામાં ઘણા વાંધા છે તે બતાવે છે. બધી વાતનો સાર એ છે કે ગમે તેમ કરીને 'સમભાવ' પ્રાપ્ત કરવો જોઈએ. આ જ ગ્રંથના લેખક ઉપાધ્યાય **શ્રી વિનયવિજયજી** ઉપાધ્યાય પુણ્યપ્રકાશના સ્તવનમાં કહે છે કે :—

સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુણ્યનાં કામ;
છાર ઉપર તે લીપણું, ઝાંખર ચિત્રામ;
ધનધન તે દિન માહરો.

એમના સમકાલીન ઉપાધ્યાય **શ્રીમદ્યશોવિજયજી** મહારાજ ક્રોધની સજ્ઝાયમાં કહે છે કે :—

"ઉપશમ સાર છે પ્રવચને, સુજસ વચન એ પ્રમાણો રે."

એ સમ અથવા શમ શું છે એનો ખુલાસો પણ સમાષ્ટકમાં શ્રીમદ્યશોવિજયજી આપે છે. તેઓ કહે છે :—

विकल्पविषयोत्तीर्णः, स्वभावालम्बनः सदा ।
ज्ञानस्य परिपाको यः, स शमः परिकीर्तितः ॥

"વિકલ્પના વિષયથી ઊતરી ગયેલ અને સ્વભાવના અવલંબનને ગ્રહણ કરનાર જે જ્ઞાનનો પરિપાક તે શમ કહેવાય છે."

મતલબ, સમભાવ વગર સર્વ ક્રિયા વસ્તુતઃ નકામી થાય છે, કચરા ઉપર લીંપણ જેવી થાય છે. શુદ્ધ કરેલી ન હોય તેવી ભીંત ઉપર ચિત્રામણ જેવી થાય છે, એ સમ છે એટલે એમાં કોઇ જાતના વિકલ્પો થતા નથી. આત્મા એના મૂળ સ્વભાવનું અવલંબન કરે છે. ભણ્યાગણ્યાનું–સર્વ જ્ઞાનપ્રાપ્તિનું ફળ છે અને આખા જૈન શાસનનો સાર છે. કોઈ પણ પ્રકારના વિકારરહિત અને એકસરખા પરિણામ થાય તેને 'સમ' અથવા 'શમ' કહેવામાં આવે છે.

હવે મનનો વિચાર કરીએ તો સાંસારિક પ્રાણીઓના મનમાં આર્ત્ત અને રૌદ્ર ધ્યાન ચાલ્યા કરે છે. બહુ સંક્ષેપમાં કહીએ તો તે બંને ધ્યાનો અપધ્યાન છે અને તે નીચે પ્રમાણે વ્યક્ત થાય છે. આર્ત્તધ્યાનના ચાર પ્રકાર :—

૧. ગમે તેવી વહાલી ચીજોનો નાશ થાય તે પછી અથવા પહેલાં તેનું ચિંતવન–**ઇષ્ટનાશ**

૨. ન ગમે તેવી વસ્તુ કે માણસોના સંયોગ-ભૂત કે ભાવીનાં ચિંતવન-ચિંતા-**'અનિષ્ટસંયોગ'**

૩. વ્યાધિ થઇ ગયો હોય તેની ચિંતા, દવા, વ્યાધિ થવાની કલ્પના, મરણભય–**'રોગપ્રતિકાર'**

૪. મારું શું થશે ? હું શેના ઉપર ગુજારો કરીશ ? દુઃખ આવશે તો શું થશે ? 'નિદાન-કરણ'–**આગામીચિંતા.**

રૌદ્રધ્યાનના ચાર પ્રકાર :—

૧. અન્ય જીવને મારી નાખવાના, દુઃખ દેવાના, કદર્થના કરવા-કરાવવાના વિચાર-હિંસાનુબંધી.

૨. જૂઠું બોલવું, છેતરપિંડી કરવી, ખોટો આરોપ મૂકવો વગેરે વિચાર–મૃષાનુબંધી.

૩. પારકા ધન કે ચીજને ઉપાડવા, તેની રજા વગર ચોરી કરવી, ઘાટ ઘડવા–ચૌર્યાનુબંધી.

૪. લોભને તાબે થઇ તૃષ્ણા વધારવી, પરિગ્રહ આશા-તૃષ્ણાના વિચારો કરવા તે-પરિગ્રહાનુબંધી.

આ આર્ત્ત–રૌદ્ર ધ્યાનનું સ્વરૂપ વિસ્તારથી 'જૈન દૃષ્ટિએ યોગમાં' (પૃ. ૧૧૩માં) આપ્યું છે. આવા આર્ત્ત–રૌદ્ર ધ્યાનનાં પરિણામો–વિચારઘટનાઓ–ચાલતી હોય તે ખરેખર અગ્નિ જેવી છે. એ ભાવનાશીલ (ભાવુક) વિવેક–સદ્વસદ્વિચારણારૂપ સુંદર મંદિરને મૂળમાંથી બાળી નાખે છે. જ્યાં આર્ત્ત–રૌદ્ર ધ્યાન એના કોઈ પણ આકારમાં મનમાં વર્તતું હોય ત્યાં ભાવના-શીલ વિવેકરૂપ સૌંદર્યનો નાશ થઈ જાય છે.

જે મનમાં આર્ત્ત-રૌદ્ર ધ્યાન એના એક પણ પ્રકારમાં વર્તતું હોય છે ત્યાં વિવેકનો નાશ થાય છે.

આ પ્રાણી વિષયમાં લોલુપ છે. એને ઇન્દ્રિયોના વિષયોમાં ખૂબ આનંદ આવે છે. એનો અનંત ગુણવાળો આત્મા એટલો બધો વિભાવદશામાં પડી ગયો છે કે એને સ્ત્રીસંગ કે સુંદર ભોજન, નવનવ પદાર્થદર્શન કે સુંદર શ્રવણાદિકમાં રાગ થાય છે, તેમાં એ મસ્ત થઈ જાય છે, તેમાં એ એકરૂપ થઇ જાય છે. આવા વિભાવદશામાં લપટી ગયેલ આત્માના મનનો વિચાર કરીએ તો એ આર્ત્ત–રૌદ્ર ધ્યાનમાં પડી જઈ એના બળતા અગ્નિમાં ભાન ભૂલી જાય છે, એનો વિવેક નાશ પામે છે અને એ એમાં એટલો લુબ્ધ થઈ જાય છે કે એનામાં સમતા આવતી નથી. અરે ! વાત ત્યાં સુધી થાય છે કે એનામાં સમભાવના અંકુરો પણ ફૂટતા નથી. જ્યાં મૂળીઆને અંકુરો પણ ન ફૂટે ત્યાં ઝાડ ઊગવાની તો વાત શી કરવી ? અને નાનો છોડ ઊગવાની પણ આશા કેમ રહે ?

કોઇ પણ સાદો દાખલો લઈએ. મનમાં કોઈ ઉપર વૈર થયું એટલે પછી શા શા વિચાર આવે ? કેવાં કારસ્થાનો સૂઝે ? કેવી યોજનાઓ ઘડાય ? કેટલા ગોટા વળે ?

અથવા માન મેળવવાની આશા થઇ. પછી કેટલા ઢંભો કરવા પડે ? કેવા દેખાવો કરવા પડે ? કેટલા ઢાંકપિછોડા કરવા પડે ? કેટલા ગોટા વાળવા પડે ?

દુનિયાદારીનો એક દાખલો લઈએ. આત્માના વિભાવરમણની એક સ્થિતિ કલ્પીએ. પછી જુઓ તો એમાં ગૂંચવણ, ગોટાળા, દંભ, ધમાલનો પાર નહિ રહે. વિષયમાં રમવાની લોલુપતા હોય અને મન વિકારથી ભરેલું હોય, વિવેક બળી ગયો હોય પછી એમાં સમતા કયાંથી આવે ? કેમ આવે ? કયે રસ્તે આવે ?

ધ્યાનમાં રાખવાનું છે કે આ સર્વ વાત વિદ્વાનોને પણ એકસરખી રીતે લાગુ પડે છે, એ ગમે તેટલું ભણેલ હોય, એણે દ્રવ્યાનુયોગ કે ગણિતાનુયોગના ગ્રંથો વાંચ્યા હોય, એણે જ્ઞાન-વિજ્ઞાનનો અભ્યાસ કર્યો હોય, પણ જો તે વિષયમાં આસક્ત હોય અને એના મનમાં કોઈ પણ મનોવિકાર હોય તો એનામાં સમભાવનો અંકુર પણ ઊગતો નથી.

આ શમાંકુર ઉગાડવા માટે પ્રયત્ન કરવો, એની દિશા સમજાવવી-એ આ ગ્રંથનો ઉદ્દેશ છે. હવે એ શમાંકુર જગાડવા-ઉગાડવા માટે ભાવનાની જરૂર છે એ વાત તો ઉપર બતાવી દીધી છે. ભાવનાના ચાલુ અભ્યાસથી 'શમ' જાગે, એ વાત આ પ્રસ્તાવનામાં કરવાની છે. એ કયારે થાય તે સંક્ષેપમાં હવે બતાવી, છેવટે આ ગ્રંથમાં કહેવાની ભાવનાનો નામ-નિર્દેશ કરશે. અહીં વાત એ કરી કે દુર્ધ્યાન કરનાર વિષયાસક્તના મનમાં અતિશય પ્રયત્ન હોવા છતાં સમભાવ મૂળીઆં પણ નાખતો નથી.

૬. ઉપરના શ્લોકમાં વિષયવાસનામાં પડી રહેલાની વાત કરી. એથી ઊલટી રીતે જે જ્ઞાનીનો આશય વિવેકરૂપ અમૃતનો વરસાદ વર્ષાવનારો થઈ જાય છે તે પ્રાણીના સંબંધમાં લોકોત્તર સુખરૂપ ફળને આપનાર સદ્ભાવનારૂપ કલ્પલતા દૂર રહેતી નથી. મતલબ, એવા પ્રાણીને લોકોત્તર સુખ જરૂર પ્રાપ્ત થાય છે. બધી વાતનો આધાર અંદરના આશય ઉપર છે.બાહ્ય દૃષ્ટિએ સમાન ક્રિયા કરનારને ફળમાં ઘણો ફેર પડે છે. બે પ્રાણીઓ દૂધપાક-પૂરી ખાતાં દેખાય છે. જોનારની નજરે એ બન્ને એક જ ક્રિયા કરે છે. છતાં એક મહામલિન કર્મ બાંધતો હોય છે અને બીજો કર્મનો નાશ કરતો હોય છે. એક આવી પડેલ વસ્તુ ખાતો હોય છે, પણ એ શરીરને ભાડું આપતો હોય છે અને બીજો અંદરથી રસ જમાવી, સ્વાદ કરી, ગૃદ્ધ થઈ, રાચીમાચીને ખાતો હોય છે. એટલા માટે અંદરનો આશય શું વર્તે છે ? મન કયાં છે ? એ વાત પર ઘણો આધાર રહે છે.

જે પ્રાણીનો આશય ખાસ કરીને જ્ઞાનમય થયેલો હોય, અને જ્ઞાને કરી અંદરના સૂક્ષ્મ ભાવો ઓળખવા જેટલી જેનામાં ચતુરાઈ આવી ગઈ હોય એવો પ્રાણી જો વિવેકામૃતના વરસાદરૂપ પતિનો આશ્રય કરે તો પછી તેનાથી અસાધારણ લોકોત્તર પ્રશમસુખરૂપ

ફળને આપનાર સદ્ભાવનારૂપ કલ્પલતા દૂર રહેતી નથી. મતલબ, એને પ્રશમસુખ પ્રાપ્ત થાય છે. આમાં ટૂંકામાં નીચે પ્રમાણે વાત થઈ :

૧. અંદરનો આશય જામવો-સ્થિર થવો જોઇએ.
૨. એ આશયમાં જ્ઞાનમય નિપુણતા ભળવી જોઇએ.
૩. એવો નિપુણ આત્મા વિવેકને વરવો જોઇએ.
૪. એવા વિવેકને વરેલા આત્માથી સદ્ભાવના દૂર જતી નથી.
૫. પરિણામે લોકોત્તર પ્રશમસુખ એને જરૂર પ્રાપ્ત થાય છે.
આ ભાવાર્થ સમજાઈ જાય તેવો છે.

આ શ્લોકનો ભાવ બીજી રીતે પણ બેસે તેમ છે. સદ્ભાવનાસુરલતા હોય તો જે પ્રાણીનો આશય વિવેકામૃતના વરસાદરૂપ રમણીય પતિનો આશ્રય લે છે તેને લોકોત્તર પ્રશમસુખની ફળપ્રાપ્તિ દૂર નથી, એને એવાં ફળની પ્રાપ્તિ તુરત થાય છે. આ અર્થ સમીચીન જણાય છે. ભાવનાથી વિવેક લાવવાનો જે ક્રમ આપણે સમજ્યા છીએ તે પ્રમાણે આ અર્થ ઠીક લાગે છે. એ પ્રમાણે અર્થ કરીએ તો નીચેનો ભાવ બેસે :

૧. સદ્ભાવના હોય, ૨. શુદ્ધ આશય અતિશય જ્ઞાનથી વધેલો હોય, ૩. એવો પ્રાણી વિવેકામૃતનો આશ્રય કરે તો, ૪. એને પ્રશમસુખની પ્રાપ્તિ દૂર નથી.

વાતનો સાર એ છે કે—પ્રશમસુખ લોકોત્તર છે, પૂર્વ-અનનુભૂત છે અને આત્મિક પ્રગતિ વધારી દેનાર છે. એ સુખ પ્રાપ્ત કરવાનો આપણો આશય છે. એ પ્રાપ્ત કરવા યોગ્ય છે એવો નિર્ણય છે. એ નિર્ણય શ્રુતજ્ઞાનના અભ્યાસ ઉપર રચાયેલો છે. જ્ઞાન અને વિચારણા ઉપર રચાયેલા નિર્ણયો બરાબર ટકી શકે છે. એવો સુંદર મનમાં વિવેક પ્રાપ્ત થઈ ગયો છે એટલે સાચું-ખોટું શું છે ? તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકે છે. આવી સ્થિતિમાં અસાધારણ વીર્યવાન્ લોકોત્તર પ્રશમસુખ પ્રાપ્ત થાય અને થયા પછી ટકી રહે એ તદ્દન સમજી શકાય તેવી વાતછે.

વિષયલોલુપી પ્રાણીમાં સમભાવના અંકુરો ઊગતા-જામતા નથી, જ્યારે ભાવનાશાળી જ્ઞાની-વિવેકી પ્રાણીમાં પ્રશમરસ જામી જાય છે. આ રીતે પાંચમા અને છઠ્ઠા શ્લોકમાં બન્ને વાત કરી દીધી-શમના અંકુરો ઊગે નહિ તો પ્રશમફળોના ઢગલા કયાંથી થાય ?

૭.-૮. સદ્ભાવનાનું સ્થાન શું છે અને તે પ્રાપ્ત કરવાનું ફળ શું થાય તે બતાવ્યું. હવે આ ગ્રંથમાં આપવાની બાર ભાવનાનો નિર્દેશ કરી દે છે. અહીં બાર ભાવનાનાં નામ આપશે તે વાત સૂચક છે. એ ચર્ચા આપણે ઉપોદ્ઘાતમાં કરશું. આ બન્ને શ્લોકોમાં બાર ભાવનાનાં નામો આપ્યાં છે; આ સંસારની રખડપટ્ટીથી તું છૂટી જા તે માટે નીચેની બાર ભાવનાઓ ભાવ. આત્માની સાથે લાગેલાં કર્મોથી અને તેથી થતાં બંધનોથી કંટાળો ઉત્પન્ન થયો હોય તો આ સર્વ વિચારણાઓ કર. અતિ સંક્ષેપમાં તે નીચે પ્રમાણે છેઃ—

૧. તારો સંબંધ, તારા સંયોગો, તારી ચીજો નિત્ય તારી પાસે રહેવાની નથી, તારું શરીર પણ હંમેશનું તારું નથી-**'અનિત્ય'**

૨. તને વ્યાધિ થાય તો પીડામાં કોઇ ભાગ પડાવે તેમ નથી. દુઃખમાં કોઈ ટેકો આપી શકે તેમ નથી, તારે તારો જ આધાર છે-**'અશરણ'**

૩. આખા સંસારમાં કર્મરાજા જે નાટક કરાવી રહ્યા છે અને આખો આ ભવપ્રપંચ ચાલી રહ્યો છે તેની વિવેકપર્વતે ઊભા રહી વિચારણા કરવી તે-**'સંસાર'**

૪. આ પ્રાણી-એનો આત્મા એકલો જ છે, એનું કોઇ નથી, એ કોઈનો નથી, એ એનો પોતાનો માલિક છે-**'એકત્વ'**

૫. આપણો આત્મા સર્વથી અન્ય છે-ભિન્ન છે, એનું કોઈ સગું નથી, એનું શરીર પણ એનાથી અન્ય છે. આ સ્વ-પર-ભાવવિચારણા-**'અન્યત્વ'**

૬. માંસ, રુધિર, મેદ, હાડકાં, લોહી અને ચામડીનું બનેલું આ શરીર અપવિત્રતાની પોટલી છે, એના ઉપર મોહ કરવા જેવું નથી, એનો ખરો ઉપયોગ કરી લેવા જેવું છે-**'અશૌચ,**

૭. જીવ મિથ્યાત્વથી, અવ્રતીપણાથી, કષાયોથી અને મન-વચન-કાયાના યોગથી કર્મો બાંધે છે, ભારે થાય છે અને સંસારમાં રખડે છે-**'આશ્રવ'**

૮. ક્ષમાદિ યતિધર્મો, આઠ પ્રવચનમાતા, બાર ભાવનાઓ, બાવીશ પરિષહો વગેરે દ્વારા આવતાં કર્મોને રોકી શકાય છે એ વિચારણા-**'સંવર,**

૯. વૃત્તિ પર અંકુશ, અનશનાદિ બાહ્ય તપસ્યા તથા વિનય, વૈયાવચ્ચ આદિ આંતર તપસ્યાથી લાગેલાં કર્મોની મુક્તિ વગર ભોગવ્યે શકય છે તે વિચારણા-**'નિર્જરા'**

૧૦. આત્માનું સ્વરૂપ, કર્મસ્વરૂપ, બન્નેનો સંબંધ, મુક્તિમાર્ગ, તેના ઉપાય અને તેનું ઉપાદેયપણું ધર્મમાં બતાવ્યું છે તેની પુષ્ટિરૂપ વિચારણા-**'ધર્મસૂક્તતા'**

૧૧. લોકાકાશનું સ્વરૂપ, લોકનું સ્વરૂપ, તેમાં થતાં આત્માની જન્મ-મરણની સ્થિતિ અને તેના રખડપાટાંનાં સ્થાનોની વિચારણા-**'લોકપદ્ધતિ'**

૧૨. સાચા માર્ગની ઓળખાણ, પ્રાપ્તિ અને સંરક્ષણ મુશ્કેલ છે, પણ એ રત્નત્રયીની પ્રાપ્તિ કરવી એ ખાસ કર્તવ્ય છે. એની વિચારણા-**'બોધિદુર્લભ'**

આ બાર ભાવના આ ગ્રંથમાં કહેવાની છે.

આપણો ક્રમ નીચે પ્રમાણે રાખશું.

પ્રત્યેક ભાવનાને પ્રકરણ કહેવામાં આવશે, એટલે બાર ભાવનાનાં બાર પ્રકરણ અને મૈત્ર્યાદિ ચાર ભાવનાનાં ચાર પ્રકરણ એમ સોળ પ્રકરણ થશે.

પ્રકરણ પ્રથમ

પરિચય :: અનિત્યભાવના

पुष्पिताग्रा

वपुरवपुरिदं विदभ्रलीलापरिचितमप्यतिभङ्गुरं नराणाम् ।
तदतिभिदुरयौवनाविनीतं भवति कथं विदुषां महोदयाय ॥ क १ ॥

शार्दूलविक्रीडितम्

आयुर्वायुतरत्तरङ्गतरलं लग्नापदः सम्पदः,
सर्वेऽपीन्द्रियगोचराश्च चटुलाः सन्ध्याभ्ररागादिवत् ।
मित्रस्त्रीस्वजनादिसङ्गमसुखं स्वप्नेन्द्रजालोपमं,
तत्किं वस्तु भवे भवेदिह मुदामालम्बनं यत्सताम् ॥ ख २ ॥

प्रातर्भातरिहावदातरुचयो ये चेतनाचेतना,
दृष्टा विश्वमनःप्रमोदविधुरा भावाः स्वतः सुन्दराः ।
तांस्तत्रैव दिने विपाकविरसाद्वा नश्यतः पश्यत–
श्चेतः प्रेतहतं जहाति न भवप्रेमानुबन्धं मम ॥ ग ३ ॥

૧. **वित्** એટલે વિદ્વાન્, જાણકાર. **भिदुर** એટલે વજ્ર. **अतिभिदुरयौवनातीतं** Insolent by highly impulsive youth.

૨. **चटुलः** ચંચળ.

૩. **विधुराः** એટલે વ્યાપ્ત. **अवदातरुचयः** સુવિશુદ્ધ પ્રકાશવાળા–તેજવાળા. **विपाक** પરિપાક-દશા, અંતિમ સ્થિતિ, પક્વદશા. **प्रेत** યમ, નરક. **प्रेतहत** એટલે જેનો વિવેક નાશ પામી ગયો છે એવું. જેને યમ હણે તેની દશા એવી જ થાય છે.

ક ૧. ભાઇ! આ શરીર આકાશની લીલાનેા *પરિચય કરાવનાર હેાઇ ખરી રીતે શરીર જ નથી અને વળી મનુષ્યેાના સંબંધમાં એનેા એક ક્ષણવાર પણ ભરેાંસેા ન કરી શકાય તેવું છે. વળી એ શરીર ભારે આકરા યૌવનથી છકી ગયેલું છે. આવું શરીર સમજુ વિદ્વાન માણસના મહેાદયને માટે કઈ રીતે થઇ શકે?

ખ. ૨. (પ્રાણીનું) આયુષ્ય પવનનાં ઊંચા-નીચાં થતાં મેાજાં જેવું ચંચળ છે; સર્વ પ્રકારની સંપત્તિઓની સાથે આપદાઓ વળગી રહેલી છે; પાંચે ઇંદ્રિયનેા વિષય થઇ શકે તેવા સર્વે પદાર્થો સવાર-સાંજની સંધ્યાના રંગેાની પેઠે ક્ષણવારમાં આવે ત્યાં તેા ઊડી જનારા-ચંચળ છે; મિત્રેા, પત્ની અને સગાં-સંબંધીઓનેા મેળેા સ્વપ્નાની સાથે અથવા ઇંદ્રજાળની સાથે સરખાવવા યેાગ્ય છે—આ પ્રમાણે છે ત્યારે આ સંસારમાં કઈ વસ્તુ સજ્જન પ્રાણીને-સંત પુરુષને ટેકેા આપનારી અથવા ટેકેા લેવા લાયક છે?

ગ. ૩. ભાઈ! આ સંસારમાં અત્યંત પવિત્ર રુચિ ઉત્પન્ન કરનાર સ્થાવર અથવા જંગમ ભાવેા જાતે સુંદર હેાઈને સવારના પહેારમાં આખી દુનિયાને મનમાં આનંદ કરાવનાર હેાય છે તે જ ભાવેા પરિપાકદશા પામતાં વિરસ થઈ જઇને તે જ દિવસે (દિવસને અંતે-સાંજે) નાશ પામતા-ખલાસ થઈ જતા દેખાય છે; છતાં પ્રેતથી હણાયેલું આ મારું મન સંસારના પ્રેમની ગાંઠને છેાડતું નથી!

* પરિચય કરાવનાર એટલે એને યાદ કરાવનાર, એની રીતે વર્તનાર, એના જેવું. જેવાં વાદળાં અચેાક્કસ તેવું આ શરીર.

गेयाष्टक

अनित्यभावना

मूढ मुह्यसि मुधा मूढ मुह्यसि मुधा, विभवमनुचिन्त्य हृदि सपरिवारम् ।
कुशशिरसि नीरमिव गलदनिलकम्पितं, विनय जानीहि जीवितमसारम् ॥ मूढ० ॥ ध्रुवपद ॥

पश्य भङ्गुरमिदं विषयसुखसौहृदं, पश्यतामेव नश्यति सहासम् ।
एतदनुहरति संसाररूपं रयाज्ज्वलज्जलदबालिकारुचिविलासम् ॥ मूढ० ॥ १ ॥

हन्त हतयौवनं पुच्छमिव शौवनं, कुटिलमति तदपि लघुदृष्टनष्टम् ।
तेन बत परवशा परवशा हतधियः, कटुकमिह किं न कलयन्ति कष्टम् ? ॥ मूढ० ॥ २ ॥

यदपि पिण्याकतामङ्गमिदमुपगतं, भुवनदुर्जयजरापीतसारम् ।
तदपि गतलज्जमुज्झति मनो नाङ्गिनां, वितथमतिकुथितमन्मथविकारम् ॥ मूढ० ॥ ३ ॥

सुखमनुत्तरसुरावधि यदतिमेदुरं, कालतस्तदपि कलयति विरामम् ।
कतरदितरत्तदा वस्तु सांसारिकं, स्थिरतरं भवति चिन्तय निकामम् ॥ मूढ० ॥ ४ ॥

यैः समं क्रीडिता ये च भृशमीडिता, यैः समाकृष्महि प्रीतिवादम् ।
तान् जनान् वीक्ष्य बत भस्मभूयं गतान्, निर्विशङ्काः स्म इति धिक् प्रमादम् ॥मूढ०॥५॥

असकृदुन्मिष्य निमिषन्ति सिन्धूर्मिवच्चेतनाचेतनाः सर्वभावाः ।
इन्द्रजालोपमाः स्वजनजनसङ्गमास्तेषु रज्यन्ति मूढस्वभावाः ॥ मूढ० ॥ ६ ॥

कवलयन्नविरतं जङ्गमाजङ्गमं, जगदहो नैव तृप्यति कृतान्तः ।
मुखगतान् खादतस्तस्य करतलगतैर्न कथमुपलप्यसेऽस्माभिरन्तः ॥ मूढ० ॥ ७ ॥

नित्यमेकं चिदानन्दमयमात्मनो, रूपमभिरूप्य सुखमनुभवेयम् ।
प्रशमरसनवसुधापानविनयोत्सवो, भवतु सततं सतामिह भवेऽयम् ॥ मूढ० ॥ ८ ॥

ગેયાષ્ટકનો અર્થ : અનિત્યભાવના

આ ગેય વિભાગ 'તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી' એ લયમાં બરાબર ગાઇ શકાય છે. એનો અર્થ નીચે પ્રમાણે છે :—

ધ્રુવપદઃ–મૂઢ ચેતન! તારા (સ્ત્રી, પુત્ર, સગા–સંબંધી) પરિવારનો અને તારી દોલત, શેઠાઇ આદિ વૈભવનો વારંવાર વિચાર કરીને તું ફોકટ મુંઝાયા કરે છે. અરે મૂઢ તું ખરેખર ફોકટ ફિકર–ચિંતા કરે છે! અરે વિનય! પવનથી ફડફડાટ હાલતા દર્ભ (ઘાસ)ની અણી પર રહેલા પાણીના ટીપા જેવા (અસ્થિર) તારા જીવતરને તું અસાર જાણ.

૧. તું જો! ઇંદ્રિયજન્ય વિષયસુખની સાથે તારે જે દોસ્તીસંબંધ છે તે તો ક્ષણવિનાશી છે અને જોતજોતામાં હાથતાળી દઈને નાસી જાય તેવો છે, અને આ સંસારનાં સ્વરૂપો છે તે તો ઝબકારા મારતી વીજળીના ચમકારાનો બરોબર ખ્યાલ આપે છે–ચમકારાના વેગને અનુસરે છે.

૨. અરે ભાઇ! આ જોબન (યુવાની) છે તે તો ખરેખર કૂતરાની પૂંછડી જેવું (વાંકું) છે અને તેવું છતાં વળી જોતજોતામાં ખલાસ થઈ જાય છે. એવા જોબનીઆને જે પરવશ પડ્યા તે ખરેખર પારકાને આધીન પડી જઈ મંદ બુદ્ધિવાળા થઇ જાય છે. (એવા પ્રાણીઓ) કયાં કયાં કડવાં ફળ ન પામે?

૩. ઘડપણ (જરા) જે ત્રણ ભુવનમાં ન જીતી શકાય–વશ ન કરી શકાય તેવું છે તે શરીરનું સારસાર પી જાય છે અને તેથી આ શરીર તદ્દન રસ વિનાના ખોળ જેવું થઈ જાય છે, તો પણ લાજ–શરમ વગરનું પ્રાણીનું મન અડવા કે સૂંઘવા ન ગમે એવા કામદેવના ચાળાચસકાને–એના વિકારોને છોડતું નથી!

૪. અનુત્તર વિમાનમાં વસનારા દેવ સુધીનું સુખ સર્વોત્કૃષ્ટ ગણાય, તે પણ સમય પૂરો થાય–કાળ પ્રાપ્ત થાય–આયુ પૂર્ણ થાય ત્યારે પૂર્ણ વિરામ પામે છે, તેથી ભાઇ! તું ખૂબ વિચાર કરીને જો કે આ સંસારમાં રહેલી કઈ વસ્તુ એથી વધારે સ્થિર છે? અથવા હોઈ શકે?

૫. જેની સાથે આપણે રમ્યા–ખેલ્યા, જેની આપણે સારી રીતે પૂજા-સેવા કરી, જેની સાથે આપણે વિનોદ-વાર્તાઓ કરી તેવા તેવા માણસોને રાખમાં રગદોળાતા આપણે નજરે જોયા અને છતાં આપણને જાણે કાંઇ થવાનું નથી એમ ધારી નિશ્ચિન્ત થઈને (છાતી કાઢીને) ઊભા રહીએ છીએ! આવા પ્રમાદને-આવી મોટી ભૂલને ધિક્કાર છે!

૬. (આ દુનિયામાં) ચેતન અને અચેતન સર્વ ભાવો સમુદ્રમાં આવતાં મોજાંઓની પેઠે એક વાર ઊઠે છે-જામે છે અને પાછા તુરત જ શમી જાય છે. (અહીં) સગાંસંબંધી અને ધનનો સંબંધ ઇંદ્રજાળ જેવો છે. જે પ્રાણીઓ તદ્દન મૂઢ-મૂર્ખ હોય તે જ એમાં રાચીમાચી જાય છે.

૭. ત્રસ અને સ્થાવર જીવોથી ભરેલા આખા જગતને જમરાજા એક ક્ષણ પણ અટકયા વગર આખો વખત ગળી જતો જાય છે (ખાઈ જાય છે–કોળીઓ કરી જાય છે), પણ કદી ધરાતો નથી. એ કાળ પોતાના મુખમાં આવ્યા તેને હોઈયા કરી જાય છે ત્યારે તેની હથેળીમાં રહેલા આપણે અંત (છેડો) કેમ નહીં આવે ?

૮. આત્માનું ચિદાનંદમય રૂપ જોઇને તું એકલા નિત્યસુખનો અનુભવ કર. આ સંસારમાં અહીં પ્રશમરસરૂપ તાજા અમૃતરસનું પાન કરવારૂપ ઉત્સવ સંતપુરુષોને વારંવાર હોય.

નોટ :—

(ધ્રુવપદ) **गलत्** એટલે પડતું, પડું પડું થઈ રહેલું.

अनिलकम्पितं પવને હલાવેલું. પવન કુશને હલાવે છે, એ કુશના છેડા પર પાણીનું ટીપું છે તેને પડતાં વાર શી ?

विनय કર્તા પોતાને સંબોધે છે, મોક્ષાભિલાષી જીવને 'વિનય' કહેવાય. વિનય એટલે વિનિવર્તન. મોક્ષની અભિલાષા વર્તે તે.

૧. **सौहृदं** મિત્રભાવ, મૈત્રી, દોસ્તી. **विलास** નખરાં Freak.
सहासं હસીએ એટલી વારમાં, જોતજોતામાં, હાસ્ય કરતું.
संसाररूपं મોહરાજાનું નાટક. **रयात्** જોસથી.
जलदबालिका વાદળાની દીકરી–વીજળી. **रुचि** એટલે કાંતિ.

૨. **हतयौवन** એટલે હણાયેલું જોબનિયું. **लघु** એટલે શીઘ્ર, જલદી
कलयन्तिના બે અર્થ છે : પ્રાપ્ત કરે છે અથવા જોઇ–જાણી શકે છે.

૩. **पिण्याक** લોચો, ખોળ–તલમાંથી તેલ કાઢયા પછીનો કચરો–ઢોરને ખાવાનો ખોળ.
सार સત્ત્વ. જરા કેવી રીતે સત્ત્વ પી જાય છે તે લખવાની જરૂર નથી.
वितथ ઊલટાને સુલટું બતાવે, સુલટાને ઊલટું બતાવે એવું.
कुथित થૂંકવું પણ ન ગમે તેવું, ચીડ ઉપજાવે તેવું.

૪. **अनुत्तर** પાંચ અનુત્તર વિમાની દેવોમાં પણ છેલ્લા અનુત્તર વિમાનના દેવો. એનું તેત્રીશ સાગરોપમનું આયુષ્ય હોય છે અને કલ્પી ન શકાય તેવું ઊંચામાં ઊંચું સુખ હોય છે. પલંગ પર પોઢવાનું અને જ્ઞાનાનંદમાં મસ્ત રહેવાનું.
काल એટલે છેડો, મરણ. **विराम** એટલે પૂર્ણવિરામ – અલ્પ કે અર્ધ નહિ.
निकामम् ખૂબ, સારી રીતે, અત્યંત.

૫. **ईडिताः** પૂજિત, પૂજા કરેલ. **प्रीतिवाद** ઠોળ, મશ્કરી, ચાળાચસકા.
भस्मभूयं સ્મશાનમાં રાખોડી થયા. **निर्विशंका** નફિકરા, ચિંતા વગરના.

૬. **असकृत्** અનેકવાર, વારંવાર.

૭. **जंगमाजंगमं** જંગમ એટલે ત્રસ જીવો. બે, ત્રણ, ચાર, પાંચ ઇન્દ્રિયવાળા અને અજંગમએટલે સ્થાવર જીવો–એકેન્દ્રિય : પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ. **कवलयन्** કોળિયો કરી જતો. **करतल** હથેળી.

૮. **नित्यं** એ સુખનું વિશેષણ છે. **चिदानंदमय** વિશેષાર્થ જુઓ.
विनय લય આવવું, પ્રાર્થના ઉત્સવમાં નયન જરૂર હોય છે.
इह અહીં, આ ગ્રંથમાં, આ વિચારણામાં.

પરિચય

અનિત્યભાવના

(ક ૧) પ્રથમ આપણે લેખકમહાશયનો આશય વિચારી જશું. આ પ્રાણીને સર્વથી વધારે પ્રેમ અને પરિચય શરીર સાથે છે. આત્માના અસ્તિત્વનો સ્વીકાર કરીને જ આપણે ચાલીએ છીએ. જ્ઞેય અને જ્ઞાતા એક હોઇ શકતા નથી. આ શરીર છે એમ જાણનાર કોઈ અન્ય વસ્તુ છે અને તે આત્મા છે. એના અસલ સ્વરૂપે આત્મા જ્ઞાનવાન છે, વિદ્વાન છે અને તેથી આ પ્રાણીને સમજુ-વિદ્વાન તરીકે ઉદ્દેશીને લેખકમહાત્મા કહે છે કેઃ—

ભાઈ! તારા શરીર ઉપર ખૂબ મોહી રહ્યો છે અને એને જરા અગવડ પડતાં ગાંડો-ઘેલો થઈ જાય છે અને દોડાદોડ કરવા મંડી પડે છે કે બીજાને દોડાદોડ કરાવે છે. તે શરીરને ખરી રીતે જોઇશ તો તને લાગશે કે એ શરીર જ તારું નથી, તો તું કોને માટે આ સર્વ દોડાદોડ કરી રહ્યો છે? જરા જો! એ શરીર તો આકાશમાં ચઢી આવેલાં વાદળાંની જેવી રમત કરનારું છે.

તેં કદી વાદળાંનો અભ્યાસ કર્યો છે? એને વા(પવન)નું દળ કહેવામાં આવે છે. એક નાનું વાદળું ચોમાસામાં આવે અને પવન સખ્ત આવે તો કાં તો તે વરસી પડે અને કાં તો માઈલના માઈલ ચાલ્યું જાય. એનું કાંઇ ઠેકાણું જ નહિ. એના પર હિસાબ ગણી સટ્ટો કરનારા પણ પાયમાલ થઈ ગયા છે. એનું કાંઈ ઠેકાણું જ નહિ. વાત-વાતમાં વાદળાં ચઢી આવે અને જોતજોતામાં ચાલ્યાં જાય. લોકોક્તિમાં પણ કહેવાય છે કેઃ—

આભ ગાભ ને વર્ષા તારા, સ્ત્રીચરિત્ર ને રોતાં બાળા;
તેની જેહ પરીક્ષા કરે, સહદેવ જોશી પાણી ભરે.

એટલે એ વાદળાંનું કાંઈ ઠેકાણું નહિ. એવાં વાદળાંની લીલા બતાવનાર અને એનો ખરો પરિચય આપનાર આ શરીર છે. એ શરીરનું કાંઈ ઠેકાણું નહિ, ધોરણ નહિ, એની ચોકસાઈ નહીં તેથી એના ઉપર આધાર રખાય નહિ.

અથવા સારી રીતે પોષણ કરેલું એ શરીર કોઈ પણ વખતે વાદળાંની પેઠે વીખરાઇ જનાર છે, વરસ્યા વિના પણ બલાસ થનાર છે. એના તે ભરોંસા હોય? એના ઉપર ગણતરી કરાય?

અને વળી એ શરીર એટલું બધું ઠેકાણા વગરનું છે અને સાથે એ ક્ષણભંગુર પણ છે. એનો નાશ ગમે તે પળે થઈ જાય, એ અટકી પડે અને પછી તને એકલો કરી મૂકી બેસી જાય!

વળી તું વિચાર કર. એ શરીર યૌવનના જોરથી ઉદ્ધત થયેલું છે. માતેલા સાંઢ કે મદઝરતા ગાંડા હાથીનો ભરોંસો શો ? જુવાની માણસને ગદ્ધાપચીસીમાં નાખે છે ત્યારે ભાન, વિવેક, વિચાર, સૌજન્ય, લાજમર્યાદા કે સભ્યતા ભુલાવી દે છે. જુવાનીના જોરમાં-કામદેવના સાન્નિધ્યમાં પ્રાણી કેવાં કેવાં કામો-ચાળાઓ કરે છે તે તારે નવું જાણવાનું નથી. કોઈ પણ નવલ લે, એટલે તને જણાઈ આવશે. આવા શરીરને ભરોંસે કેમ રહેવાય ? એ વાદળાની લીલા દર્શાવનાર ક્ષણભંગુર છે અને ચાલે તેટલો વખત જુવાનીના ચસકામાં નાથ વગરના બળદ જેવું અવ્યવસ્થિત છે.

સમજુ માણસે એ શરીર લાભકર્તા કેમ નીવડે ? પ્રગતિ કરનાર કેમ થઈ શકે ? એને આત્મવિકાસ કરનાર કેમ બનાવી શકાય ? એ વાત શોધી કાઢવી એમાં આ જીવનયાત્રાનું સાફલ્ય છે. શરીર વસ્તુતઃ શરીર જ નથી, તારું રહેવાનું નથી; છે પણ નહિ અને જુવાનીની પેઠે અવિનીત છે. એમાંથી સાર કેમ કઢાય ? કાઢવાનો રસ્તો શોધી કાઢે તેનો અવતાર ધન્ય છે. બાકી એવા વાદળીઆ રંગ જેવા અવિનીતને આશરે પડી સબડચા કરે, એને પંપાળ્યા કરે-તે ગમે તે હોય, પણ એને વિદ્વાન કે સમજુનું ઉપનામ તો ન જ ઘટે.

તને સર્વથી વધારે વહાલા શરીરની વાત થઈ; હવે તું જરા આગળ ચાલ.

(ખ ૨) પ્રાણીનું જીવન પવનના અસ્થિર તરંગ જેવું ચંચળ છે. કાળનો ઝપાટો કયારે આવશે ? કેટલો ટકશે અને કયારે ઊડી જશે ? એ કાંઈ કહી શકાય નહિ. આયુષ્યની દોરી તૂટતાં વાર લાગતી નથી. અત્યારે છીએ, કાલે સવારે શું થશે તે કાંઈ કહેવાતું નથી. **न जाने जानकीनाथ । प्रभाते किं भविष्यति ?** એક આડી રાતમાં તો કંઈક ચાલ્યા ગયા. હસતા-રમતાને 'હાર્ટફેલ' થઇ જતાં જોયા.

સંપત્તિની સાથે વિપત્તિઓ વળગેલી જ છે. આપણે તો દોડાદોડીના જમાનામાં છીએ. જેની મોટરો દોડતી જોઈ એને ટ્રામનો આનો મળતો નથી એવા જોયા. કોટિધ્વજને નોકરી કરતા જોયા અને હૃષ્ટપુષ્ટ શરીરવાળાને ક્ષયની બીમારીમાં રગદોળાતા જોયા. ધનની, શરીરની કે કોઇ પણ પ્રકારની સંપત્તિ સાથે વિપત્તિ લાગેલી જ છે. ધનવાન શેઠોને ઈન્કમટેકસનો ગોટાળો કરતાં જેલની બીક લાગે છે અને વિશ્વાસઘાત ચોરી કરનારને જેલનો ભય માથે છે. સ્થાવરજંગમ સર્વ વિભૂતિ ઉપર ભય રહેલ જ છે. એને મેળવતાં ઉપાધિ, જાળવતાં ઉપાધિ અને જાય ત્યારે કકળાટ. એટલે સંપત્તિ સાથે વિપત્તિઓ પ્રથમથી જ વળગેલી છે.

પાંચે ઇંદ્રિયના વિષયો સંધ્યાસમયે જોવાતા આકાશના રંગ જેવા છે. આકાશમાં સવાર-સાંજ જુદા જુદા રંગ થાય છે, તે થોડા વખતમાં ખલાસ થઈ (ઊડી) જાય છે. ખાધું અને પેટમાં ગયું એટલે ખલાસ ! જોયું અને ચાલી ગયું ખલાસ ! એ સર્વ વિષયો ટૂંકો વખત રહી ઊડી જનારા છે અને ગયા પછી હતા જ નહિ એવા થઇ જાય છે. સ્વપ્ન આવ્યું,

તેમાં રાજ્ય મળ્યું, શેઠાઇ કરી, આંખ ઉઘાડી અને ખેલ ખલાસ! ઇંદ્રજાળથી નગરો બન્યાં, બાજી ખેંચી લેવાણી એટલે સર્વ ખલાસ! વીજળીનો ચમકારો થયો, ઝગઝગાટ થયો અને પછી અંધારું ઘોર! મૃગતૃષ્ણાના ઝાંઝવા પાછળ દોડ્યા, સ્થાને જઈ ને જોયું તો વાતમાં કાંઇ માલ નહિ! ઇંદ્રિયના વિષયોની આ ખરી સ્થિતિ છે. 'ચાર દહાડાનું ચાંદરડું અને ઘોર અંધારી રાત' એ લોકોક્તિવાળી વાત છે.

પ્રિય મિત્ર, વહાલી સ્ત્રી, સગાંસંબંધીઓ વગેરે સાથેનો મેળાપ પણ સ્વપ્નસરખો છે. ટૂંકો છે, થોડા વખતનો છે અને ખસી જનારો છે. એ પણ ઇંદ્રજાળની કલ્પનાથી બનાવેલા નગર જેવો છે.

જ્યારે આ સંસારમાં આયુષ્ય ઘણું ચંચળ છે, સંપત્તિ સાથે આપત્તિ વળગેલી છે, ઇંદ્રિયના વિષયો ચપળ છે અને વહાલાનું મિલનસુખ સ્વપ્ના જેવું છે ત્યારે સમજુ માણસે આમાં આનંદ કયાં માનવો? આનંદ માટે આપણે મહેનત કરી ધન મેળવીએ, પણ ત્યાં તો આપત્તિઓ સાથે જ આવે, છોકરાં કે સ્ત્રી વાસ્તે ઘર વસાવીએ ત્યાં તો એ કે આપણે ચાલ્યા જઈએ અને છેવટે આ જીવન પણ ઠેકાણા વગરનું અને ગમે ત્યારે રખડાવી પાડે એવું! ત્યારે આ સ્થિતિમાં આનંદ કયાંથી મેળવવો? આનંદ લેવા કોની પાસે જવું? અને કયાં શોધવો?

સુખ કયાં છે? તેની શોધમાં આપણે નીકળ્યા છીએ. સુખી થવું એ આપણી મનઃકામના છે; પણ જેનાથી, જેની ખાતર, જેના વડે અને જ્યાંથી સુખ મેળવવા માગીએ છીએ ત્યાં તો દુઃખનો પાર નથી, આનંદનું નામ નથી, સગવડનું ઠેકાણું નથી. ત્યારે આ સર્વ થોડા વખત રહેનારા પદાર્થો અને સંબંધ ઉપર આનંદ માટે આધાર રખાય? આ સંસારમાં કઈ વસ્તુ એવી છે કે જેમાંથી અથવા જે દ્વારા પ્રાણી આનંદ મેળવવા માટે પ્રયત્ન કરે?

શરીરની વાત કરી, સાંસારિક પદાર્થો અને સંબંધોની વાત કરી હવે સ્થૂળ ભાવોની વાત કરી તેનું અલ્પસ્થાયિત્વ વિચારીએ.

(ગ ૩) સવારે જે કમળ આનંદ આપે છે તે સાંજે બિડાઇ જતાં આનંદ આપતું નથી, યુવાન બળદ દોડતો હોય ત્યારે જે આનંદ આપે છે તે ઘરડો થઈ જાય ત્યારે પાંજરાપોળે મૂકવા યોગ્ય થાય છે. સંપત્તિવાન-ધનવાનના જે પુત્રોને મળવામાં કે તેની ઓળખાણમાં આનંદ કે માન મનાય તેની સંપત્તિ જતાં તેના સામું જોવું ગમતું નથી. નવી ખરીદેલી મોટરની સ્પીડની વાતો કરતાં મલકાનાર બે-ત્રણ વરસે એમાં કચડ કચડ થતું સાંભળે છે ત્યારે એને બદલવાનો વિચાર કરે છે અથવા સ્ક્રેપ (કચરા)ને ભાવે વેચી નાખે છે. યુવાનીનો રંગ ઊતરી ગયેલ સ્ત્રી સામું જોવું ગમતું નથી. આ સર્વ દરરોજના અનુભવના વિષયો છે. પ્રભાત અને તે જ દિવસ અહીં અલંકારિક ભાષામાં સમજવાના છે. આજે-કાલે, સવારે-સાંજે, ઓણ-પોર : એવા અર્થમાં એનો ઉપયોગ છે તે સુગ્રાહ્ય છે.

ચેતન પદાર્થોમાં સ્ત્રી, પુરુષ, અશ્વ વગેરે સમજવા. અચેતન પદાર્થો તે મોટરગાડી,વસ્ત્ર, અલંકાર સમજવા. આ ચેતન–અચેતન સ્થાવર–જંગમ પદાર્થો એક વખત અત્યંત આનંદ આપે તેવા હોય, સુંદર મનોહર હોય, કાંતિથી પ્રકાશમાન હોય, તે જ પદાર્થો જ્યારે પરિણામે વિરસ થઇ જાય છે, જ્યારે દૂધ ફાટીને લોચા વળે છે ત્યારે એનો નાશ થતો આપણે નજરે જોઇએ છીએ. આવું એક જ દિવસમાં બને છે. કોઇપણ ચરાચર પ્રાણી કે વસ્તુને લઇએ તો આમ જ થાય છે, છતાં આપણું મન સંસારને ચોંટ્યા જ કરે છે, એ એને વળગતું જ જાય છે, એ એને ચાટતું જ જાય છે. ખરેખર, ચેતન તો કોઇ ભારે જબરું છે ! એના ઉપર પ્રેત (Devil)ની અસર ખરેખરી જામેલી દેખાય છે ! એ નજરે આખો ખેલ જુએ છે, છતાં એના ઉપર કાંઈ અસર થતી નથી અને જાણે દુનિયામાં બીજાને ગમે તેમ થયું પણ પોતાનો ગોટો તો જરૂર ચાલ્યો જ જશે–આવી તુચ્છ ખોટી ભ્રમણામાં પડી જાણી જોઈને સંસારમાં અટવાયા કરે છે, તેને વળગતું જાય છે અને તેમાંથી સાર મળી આવશે એવા વલખામાં લાલચે એ ટંગાઈ રહે છે. એને સંસારનો પ્રેમ છોડવો ગમતો નથી, છોડવાની એની વૃત્તિ નથી અને છોડવાના એના માર્ગો નથી. એ અનિત્ય વસ્તુને ઓળખતું નથી, એના ઘરની ચીજોની કિંમત જાણતું નથી, એ આંખ ઉઘાડીને જોતું નથી અને સંસાર સાથે લાગી-વળગી રહી એના ઉપરનો રસ જરા પણ ઓછું કરતું નથી. એની સંસારની આસક્તિનો ચિતાર આપ્યો હોય તો એમ જ લાગે કે એને અહીંથી કદી જવાનું જ નથી અને એ તો જાણે અહીં ઘરબાર કરીને બેસી ગયેલ છે. આવું મારું મનડું છે. એ મનજીભાઈના તો ઘણા વખાણ કરવાના છે તે આગળ ઉપર યથાસ્થાનકે એકથી વધારે વખત થશે.

હવે જે ગીત શરૂ થાય છે તે અને પછીનાં સર્વ ગીતો ઘણી દેશીઓમાં ગાઈ શકાય છે. મુખ્યનો નિર્દેશ પ્રત્યેક ગીતની નીચે નોટમાં થશે. એને અસલ રાગ–રાગણીમાં પણ ગાઈ શકાય છે. એની ગેયતા અદ્‌ભુત છે, રસમય છે અને ન બેસે તો જેને આવડે તેની પાસેથી યાદ કરી લેવા લાયક છે. પ્રત્યેક ગીત બહુ સારી રીતે ચાલુ દેશીમાં ગાઈ શકાય છે. એની સંખ્યા ૧૨+૪=૧૬ ની છે અને દરેક અષ્ટક છે.



અનિત્યભાવના : : ગેયાષ્ટકપરિચય

લેખક મહાશય આ આત્માને એના સર્વ સંબંધો, એના આનંદ ઉત્સવો કેવા છે? કેટલા વખતના છે? અને છેવટે કેવા પરિણામવાળા છે–તે બતાવવા ઈચ્છે છે. તેઓ એ સર્વ વસ્તુઓ અને ખુદ શરીર પણ અનિત્ય છે એમ બતાવી એને ઊંડો ઉતારી દે છે. તેઓ એ કાર્ય ખૂબ સરસ રીતે ગેયાષ્ટકમાં દર્શાવે છે તે આપણે જોઈ એ.

ધ્રુવપદ—અરે ભાઈ! તું તારા સગા-સંબંધીઓની ચિંતા કર્યા કરે છે, તેઓનું શું થયું હશે? શું થશે? તેનો વિચાર કરી મનમાં મૂંઝાયા કરે છે. જેલમાં પડ્યો પડ્યો પણ છોકરાઓ, ભાઇઓ, વડીલો શું કરતા હશે એની ચિંતા કરે છે! અરે! તારી ચિંતાની તે વાત શી કરવી? જરા કોઇનું માથું દુઃખવા આવે ત્યાં તો દોડાદોડ કરી મૂકે છે અને ડોકટરોને ઉપરાઉપરી ટેલીફોનો કરવા મંડી જાય છે. કોઇના લગ્નની, કોઇના સગપણની, કોઈની નોકરીની, કોઇના વ્યાપારની, કોઇના કંકાસની, કોઈની ખટપટની, કોઈની નિંદાની, કોઇના ભવિષ્યની તું ચિંતા કરે છે અને મનમાં મૂંઝાયા કરે છે.

તારી દુનિયા ઘણી નાની છે. તેની પ્રશંસા–નિંદા માટે નિરંતર ગૂંચવાયા કરે છે. તેઓની ચિંતા કરી તું અટવાયા કરે છે અને જાણે તારા વગર દુનિયા ચાલવાની નથી એવો તું ખ્યાલ કર્યા કરે છે; પણ એ તારી મૂંઝવણ તદ્દન નકામી છે–ફોકટ છે. શા માટે ખોટી છે? – એ આપણે હમણાં જ જોશું.

એવી જ રીતે તારા વૈભવની તું ચિંતા કર્યા કરે છે અને તેની ખાતર પાતળો પડી જાય છે. વૈભવ જાણે ચાલ્યો જશે, લૂંટાઈ જશે કે વેડફાઈ જશે એવો તને ભય રહ્યા કરે છે. જાણે કે મોટર કે હવેલી ચાલી જશે અથવા તો વેપારમાં મોટી નુકસાની થશે એવી તારા મનમાં મૂંઝવણ થયા કરે છે.

વૈભવને માટે એવું છે કે રાજાને રાજ્યનો વૈભવ મીઠો લાગે તેટલો વેપારીને વેપારનો લાગે છે, અમલદારને અમલદારીનો લાગે છે, મુનીમને મુનીમગીરીનો લાગે છે અને જરા પણ અતિશયોક્તિ વગર કહી શકાય તેમ છે કે ભિખારીને તેના માગવાના ઠીકરાનો લાગે છે. આ વાત બારીક નિરીક્ષણથી જોસે તેવી છે, 'અપને અપને તાનમેં, ગદ્ધા ભી મસ્તાન' એ કહેવત સાવ સાચી છે. નિશાળનો માસ્તર, ઓફીસનો આખો દિવસ ઘસડઓળો કરનાર કારકુન, ચોકી કરનાર ભૈયો કે ચોરી કરનાર અઠંગખાન્દે સર્વ પોતાના તાનમાં મસ્ત રહે છે અને નાની ઓરડીમાં પણ વૈભવ માને છે અને એ એનો વૈભવ ચાલ્યો ન જાય તે માટે ફિકર–ચિંતા કર્યા જ કરે છે.

પૈસાની મૂંઝવણની તો વાત શી કરવી? એને મેળવતાં પીડા, જાળવતાં પીડા, વાપરતાં પીડા, ખોતાં પીડા, જતાં પીડા અને સર્વ પ્રકારે એના સંબંધી પીડાનો પાર આવે તેમ નથી;

કારણ કે ધનની સ્થિતિ આ પ્રાણીએ કદી વિચારી નથી. કદાચ જરા પણ ડહાપણ આવે છે તો તે પણ ઘણું ખરું વૈભવ ગયા પછી જ.

ભાઈ! આ પરિવાર અને ધન માટે તું ફોકટ મૂંઝાય છે. તારું વર્તન જોઈને તને 'મૂઢ' કહેવો પડે છે. મૂઢ એટલે મૂર્ખ, અવિચારી પ્રાણી. તારા જેવો મહાન પ્રાણી થવા યોગ્ય આત્મા – તેને મૂઢ કહેતાં ખેદ થાય છે. પણ તું નીચેની હકીકત વિચારીશ ત્યારે તને લાગશે કે એ ઉપનામ તારે માટે સર્વથા યોગ્ય છે અને તેથી તે તારા ઉપનામનું પ્રત્યેક ગાથાને છેડે પુનરાવર્તન કરવું પડયું છે.

તું સર્વને 'તારું પોતાનું' માનીને–તેને 'મારું મારું' ગણીને છાતી ફૂટચા કરે છે પણ બીજાની વાત બાજુએ મૂક, તારા પોતાના જીવતરને જ તપાસ. તારું શરીર કેટલું તારું છે? કયાં સુધી તારું છે? જરા જો.

એક વન છે, એમાં વનરાજી ફાલીફૂલી રહી છે, એમાં દર્ભ (ડાભડો)નું ઘાસ ઊગેલું છે, ઝાકળ પડી છે, ઝાકળના જળનું એક ટીપું એ દર્ભની છેડે વળગેલું છે. પ્રભાતનો પવન ફૂંકાય છે–હવે ડાભના છેડા પર રહેલા પાણીના ટીપાને નીચે પડતાં વાર કેટલી? એ કયારે પડશે એ કહેવું તે કરતાં એ કેટલો વખત ત્યાં ટકશે એ વિચારવું જ બાકી રહે છે. એ ટીપા જેવું આ જીવતર છે. એ ટીપાની જેટલી સ્થિતિ કાયમ ગણવાની ધૃષ્ટતા કરાય તેટલી આ જીવનની સ્થિતિ કાયમ ગણવાની ઉદ્ધતાઈ ગણાય. પડું પડું થઈ રહેલું એ ટીપું ગમે ત્યારે પડી જાય એ તો સમજાય તેવી વાત છે, પણ એ ત્યાં અમુક વખત જરૂર ટકશે એવી ગણતરી ગણીને હિસાબ થાય ખરો? એવા ધોરણ ઉપર કાંઇ રચના થાય? અને એવી રચના જે કરે તે કેવો ગણાય? એને માટે આ પ્રાણીને 'મૂઢ' કહેવાની છૂટ લેખકે લીધી જણાય છે. અથવા એ ડાભના છેડા પર પડું પડું થઈ રહેલું જળબિંદુ અસાર છે–સાર વગરનું છે, નિરર્થક છે, દમ વગરનું છે, એની વાતમાં કાંઈ માલ નથી. એવા ટીપાની કદાચ થોડો વખત ટકી રહે તો પણ, ઉપયોગિતા શી? આવશ્યકતા શી? એમાં એને કે કોઈને લાભ શો? એ કયા પ્રકારના લાભની સંભાવના પણ કરી શકે?

આગળ ચાલતાં વિભવ અને પરિવારની ચિંતામાં રહેલી મૂઢતા વિશેષ પ્રકારે બતાવવાની છે. લેખકશ્રીના લયમાં આગળ વધ્યા જઈએ અને તેમ કરતાં પ્રત્યેક ગાથાની આખરે આ ધ્રુવપદ ફરીફરી બોલીએ.

આ ગ્રંથમાં 'વિનય' શબ્દ ઘણીવાર આવશે. વિનય એટલે વિનિવર્તન, કોઈ આડો અવળો ગયો હોય તેને ઠેકાણે લઈ આવવો તે 'વિનય' કહેવાય. મોક્ષની અભિલાષા પણ 'વિનય' કહેવાય, આબરૂવાળું વિશિષ્ટ પદ્ધતિસરનું વર્તન વિનય કહેવાય. આ ગ્રંથના લેખકશ્રી વિનયવિજયજી ઉપાધ્યાયે પોતાની સાથે વાતો કરી છે અને પોતાને ઉદ્દેશીને વિનય નામથી સંબોધે છે. એ સુંદર શબ્દનો બહુ સારો ઉપયોગ લેખકશ્રીએ કર્યો છે, આપણે આપણી

જાતને વિનય કહીને સંબોધી શકીએ. વિનય શબ્દ જ્યાં જ્યાં આવે ત્યાં ત્યાં આ અર્થ પ્રત્યેક સ્થાને સમજી લેવો.

૧. તેં અત્યારે ઇંદ્રિયના વિષયો સાથે દોસ્તી બાંધી છે. તને સારું સારું ખાવાનું મળે ત્યારે તું સુખ માને છે, તું સુંદર સ્ત્રી સાથે વિષય સેવવામાં લહેર માણે છે, તું ભ્રમરની પેઠે જે તે ફૂલ ઉપર બેસી તેનું મધ ચાટવામાં મજા માણે છે, તું દૂધપાક-પૂરી કે રસ-રોટલી મળે ત્યારે સબડકા લેતાં અમૃત પીતો હોય એમ ગણે છે, સુંદર રૂપ જોવામાં તારી આંખોનું ફળ મળતું હોય એમ તને લાગે છે, ઓપેરા ચાલતા હોય કે વાજિંત્રના સૂર જામ્યા હોય ત્યારે તારા કાન તૃપ્તિ માને છે. આવી રીતે તેં પાંચે ઇંદ્રિયનાં સુખની સાથે ગાઢ સંબંધ માન્યો છે; જો કે એ ઇંદ્રિયના વિષયની સેવનામાં વાસ્તવિક રીતે જરા પણ સુખ જેવું છે જ નહીં એ તને બતાવાય તેમ છે. તેં વિચાર કર્યો હોત તો તને સમજાય તેમ પણ છે, પણ એ તો દૂધપાક ખાધા પછી કે સ્પર્શસુખ ભોગવ્યા પછી તુરત વિચાર કર્યો હોય તો જ સમજાય. તારે માટે હજુ એ વાત આગળ ઉપર હાથ ધરીએ. પણ જેને તેં સુખ માન્યું છે, જે સુખ સાથે તેં દોસ્તી બાંધી છે અને જે સુખ મેળવવા તું હાય-વરાળ કાઢે છે, ધમાધમ કરે છે અને જોખમ ખેડે છે તેને જરા થોડા વખત માટે સુખ માની લઈને ચાલીએ તો પણ તે સુખ કેવું છે? કેટલું છે? તે જરા વિચાર કરીને તું જો.

તેં માનેલું કોઈપણ સુખ જો. જરા ઊંડો ઊતરીને-વિચાર કરીને બરાબર તપાસજે. એ સુખ કેટલા વખત સુધી ચાલે તેવું છે તે જ પ્રથમ તો વિચાર. એમાં બે વાત છે: એક તો એ સુખ ઘણું જ થોડા વખતનું છે. અને હાથને તાળી દઈએ એટલી વારમાં નાશ પામી જનારું છે એ બીજી વાત. દૂધપાક ખાધો, સબડકો લીધો, જીભને દૂધપાક અડ્યો, ગળ્યો લાગ્યો, પેટમાં ઊતરી ગયો-ખેલ ખલાસ! આમાં મજા શી? કેટલા વખતની? અને પેટમાં તો દૂધપાક હોય કે જેલનો જાડો રોટલો હોય એ સર્વ સરખું જ છે. એનાથી પણ વધારે સ્ત્રીસેવનની વાત છે, પણ તેનો ચિતાર આપણે સભ્યતા ખાતર ન ચીતરીએ; પરંતુ એમાં સુખ જેવું કાંઈ નથી અને પછવાડેની સ્થિતિનો ખ્યાલ કરીએ તો અતિ તુચ્છ હીણપતભરેલી સ્થિતિ લાગે તેવી વાત છે. અરે આ તે સમજુની દશા હોય? પાંચે ઇંદ્રિયનાં વિષયસુખો જેની સાથે તેં અત્યારે જીવજાન દોસ્તી બાંધી છે અને જેની ખાતર આખો સંસાર રચ્યો છે તેમાં માલ શો છે?

ઘોર અંધારી રાત્રી છે, વાદળાં ચઢ્યાં છે, વીજળીના ચમકારા થઈ રહ્યા છે. એ વીજળીના ચમકારાને જેટલો વખત લાગે તેટલો વખત તારું માનેલું સુખ ચાલે છે, લગભગ ક્ષણિક છે, આવ્યું ને ઝબકઝબક થઈ પર્યવસાન પામી જાય છે અને નટડી નાચે ને ચાળા ચસકા કરે તેમ વીજળીના વિલાસના બરાબર અનુકરણ જેવું તે છે. તેમાં તે તારો નિવાસ હોય? તેમાં તે તારી સ્થિતિ હોય? તેમાં તે ઘરડકા લેવાય? તું કોણ? કયાં આવી ચઢ્યો? અને કેવી ચીજમાં માથાં મારે છે? એ શરીરની અંદરની વસ્તુઓ કઈ છે

અને કેવી છે? તેનો ખ્યાલ તને આગળ છઠ્ઠી ભાવનામાં લેખકશ્રી બરાબર આપશે, પણ તારા જેવા સમજુ આવા તુચ્છ ઇંદ્રિયસુખની સાથે મૈત્રી કરે ત્યારે તો પછી તને 'મૂઢ' જ કહેવો પડે. તું બરાબર વિચાર કરીને એ પાંચે ઇંદ્રિયના વિષયોને અને આખા સંસારના નાટકને યથાસ્વરૂપે ઓળખજે અને પછી તેમાં તને કાંઈ સ્થાયી, કાંઈ ગ્રહણ કરવા યોગ્ય, કાંઈ સંઘરવા યોગ્ય જણાય તો મારી સાથે વિચાર કરજે; અત્યારે આવા ઉપર ઉપરના ચમકારાને જોઈ તું ફસાઈશ નહિ.

વીજળીના ચમકારા સાથે સરખામણીમાં અત્યારના પફ્પાઉડર આદિ કૃત્રિમ સાધનોથી સુશોભિત (Butterfly or flapper) બનેલી 'ફેશનેબલ' ગણાતી સ્ત્રીઓ આવી શકે. કામદેવની પૂતળીઓ સંસારનું સત્યાનાશ કાઢે છે એ હકીકત હવે તો પશ્ચિમનો વિચારક-વર્ગ પણ જોઇ શકે છે, પણ ઉપરચોટીઆ કહેવાતા સુધારાએ આખા ચારિત્રના પ્રદેશને કેટલો શીર્ણવિશીર્ણ કરી નાખ્યો છે તેનો ઈતિહાસ તો હવે પછી લખાશે. હિંદ એ માર્ગે જ ચાલવા લાગ્યું હતું, પણ એને એનો ઈતિહાસ જુદો લખાય એવી સાદાઈ શીખવનાર હતા અને છે. એથી નસીબે એ ધસારાથી કદાચ બચી જશે એમ લાગે છે.

આ વીજળીના ચમકારાની લાલચમાં ભૂલેચૂકે કોઇ ભૂલ ન ખાઈ જાય, એ વાત પુનરાવર્તનના ભોગે પણ વારંવાર ઠસાવવા યોગ્ય છે. વીજળીના વિલાસ અને નાચનારીના વિલાસ બરાબર સરખાવવા યોગ્ય છે. મૂળ લયમાં હજુ આગળ વધીએ. ત્યાં એ જ સૂરની વાતો હજુ કરવાની રહે છે.

૨. આવી રીતે જીવન અનિત્ય સમજાવ્યું, વિષયસુખની દોસ્તી અનિત્ય બતાવી, આખા સંસારના પ્રપંચને વીજળીના ઝબકારા સાથે સરખાવી ક્ષણસ્થાયી સ્થાપિત કર્યો; પણ આ ભાઇસાહેબને જુવાનીનો તોર છે, એને એ વાતમાં હજુ તો 'હંબગ' જેવું લાગે છે. એ અત્યારે જેને ગદ્ધાપચીસી કહે છે તેમાં છે અને વાંકોચૂકો ચાલે છે, માથે વાંકી ટોપી મૂકે છે અને જૂવાનીના અનેક અત્યાચારો કરે છે. એના ચાળાનાં વર્ણન કર્યાં હોય તો હસવું આવે તેવી વાત છે. એ સમાજમાં કપડાં પહેરી ડાહ્યો-ડમરો થઈને બેઠો હોય ત્યારની વાત જુદી છે, પણ એની જુવાનીના રંગ જ્યારે એ ઘરમાં અથવા રાત્રે રખડીને બતાવે ત્યારે એની વાત, એનો મિજાજ, એનો દમામ ઓર થઈ જાય છે, અને એ સ્ત્રી સાથે એકાંતમાં હોય ત્યારે તો તદ્દન ઘેલો થઇ જાય છે. ત્યારે એ જુવાની શી ચીજ છે એ વિચારીએ.

મોહરાજા 'વસંત'ના મિત્ર તરીકે યૌવનને મોકલે છે. એનો દેખાવ મોહક છે પણ એની પછવાડે આપત્તિઓ ભરેલી છે. એ જુવાનીના જોશમાં પ્રાણીને વિવેક, મર્યાદા કે વિચાર રહેતા નથી, એ પોતાની જાતને અમર માની મોજશોખ અને તોફાન કરે છે, જુવાનીના મદમાં અનેક દુષ્કૃત્યો કરે છે, પાપો સેવે છે, સટ્ટા ખેલે છે, દારૂ પીએ છે અને પરસ્ત્રીમાં રમણ કરે છે. એના ખાવાપીવામાં ઠેકાણું રહેતું નથી, વખત-કવખતે ગમે ત્યાં મુખને સ્વાદિષ્ટ

લાગે તેવું ખાય છે અને જાણે શરીરની એ સ્થિતિ કાયમ રહેશે એમ માની તે દ્વારા પાર વગરના અત્યાચારો કરે છે; પણ એ જુવાની ખરેખર કૂતરાની પૂંછડી જેવી વાંકી જ છે. એના સપાટામાં આવનાર પણ વાંકાટેડા થઈ જાય છે, પણ 'જોબનીઆનો લટકો દહાડા ચાર જો' એ વાત ખરેખરી બને છે. એ જુવાની તો જોતજોતામાં ચાલી જાય છે અને પછી આંખે ચશમા આવવા માંડે, દાંત હાલવા માંડે, બાલ સફેદ થવા માંડે ત્યારે આ જિંદગીમાં જુવાનીના જુસ્સામાં કરેલા અત્યાચારોનાં ફળો ભોગવવાં પડે છે. પછી અપચા થાય, દાંતની દવા કરવી પડે, છાતી દુઃખે, ઘસારા થાય વગેરે. પણ આ ડહાપણ ઘણાખરાને બહુ મોડું આવે છે. જુવાનીને 'દીવાની' એટલા માટે જ કહેવામાં આવે છે, પણ એ આવેલી ચાલી જલ્દી જાય છે અને જરૂર જાય છે.

એ જુવાનીને વશ થઇ પ્રાણી તદ્દન પરવશ બની જાય છે. પોતે કોણ છે?-એનું પણ એને ભાન રહેતું નથી. પોતાનું વિશિષ્ટ તત્ત્વ એ ભાળતો નથી અને એની બુદ્ધિમાં પણ એટલો ફેરફાર થઈ જાય છે કે એને સ્વપ્નાં પણ ખોટા માર્ગનાં જ આવે છે, એના મનોરાજ્યમાં ચારે બાજુએ યુવતીઓ રાસડા લે છે અને એ સારું સારું ખાવાનું, સ્ત્રીસેવનનું, રખડવાનું, નાટક-સિનેમા જોવાનું અને ધમાલ કરી દરેક ઇંદ્રિયને તૃપ્ત કરવાનું જ ચિંતવન કરે છે. આવી રીતે એ ઇંદ્રિયોને વશ કરવાને બદલે પોતાની કલ્પનાશક્તિના દુરુપયોગથી ઇંદ્રિયોને વશ બની જાય છે અને બધો વખત એની તૃપ્તિનાં વલખાં માર્યા કરે છે. એની નજરની તુમાખી, એની વચનની બિનજવાબદારી, એના વર્તનની અચોક્કસતા એને 'પરવશ' બનાવે છે અને જાણે એનામાં કોઈ જાતનું ભૂત ભરાયું હોય એમ વિચારશીલને જરૂર લાગે છે.

થોડા દિવસ રહેનારી દીવાની જુવાનીને વશ થઇ આવી રીતે વિચિત્ર વર્તન કરનાર કડવાં ફળ કેમ ન પામે? પરભવની વાત બાજુ ઉપર રાખીએ તો આ ભવમાં પણ એને અત્યાચારનાં ફળો કેમ મળ્યા વગર રહે? અને જુવાનીના શોખ ઘડપણમાં કેવા નાચ નચાવે છે તે કાંઈ આપણું અજાણ્યું નથી. ખાઈ ન શકાય એટલે મનમાં કચવાટ થાય, ખાય તો અપચો થાય અને પછી તો ગાંઠીઆનો ભૂકો કરીને પણ ખાવો પડે અને રાબડી પીને દિવસો કાઢવા પડે! પરવશ પ્રાણી શું શું ન કરે? અને કરે એટલે પછી ફળ તો જરૂર પામે એમાં કાંઇ નવાઈ નથી, અને રસપૂર્વક સેવેલા ઇંદ્રિયના વિષયો પોતાનું વૈર બરાબર લે છે, કેટલાક તાત્કાલિક લે છે અને કેટલાક લાંબે વખતે લે છે. આટલા ઉપરથી જણાય છે કે ચાર દિવસના ચાંદરડા જેવી જુવાની પણ દેખીતી રીતે અનિત્ય છે. જોતજોતામાં આવીને નાશ પામી જાય તેવી છે અને જાય ત્યારે પોતાની પાછળ ઘણો કચવાટ મૂકી જાય તેવી છે. એને પરિણામે ગમે તેવાં આકરાં દુઃખો અહીં અને આગળ ખમવાં પડે તેમ છે તે ચોક્કસ સમજાય તેવી વાત છે.

કદાચ સદ્ભાગ્યે કોઈ પ્રાણી જુવાનીમાં પણ ભોજન કે સ્ત્રીના પાશમાં પડતો નથી અને સ્વત્વ જાળવી રાખે છે તેની પણ જુવાની અંતે જરૂર જાય છે. અહીં કહેવાની

વાત એ છે કે જુવાની જેવી સ્થિતિ જેના ઉપર અનેક સ્ત્રી-પુરુષોનો મદાર બંધાયેલો હોય છે તે પણ અનિત્ય છે, લાંબો વખત ટકનારી નથી અને જાય ત્યારે પોતાની પછવાડે વધારે -ઓછો કચવાટ જરૂર મૂકી જાય છે.

જુવાની કેવો કચવાટ મૂકી જાય છે તે તો વૃદ્ધના-જરાવસ્થાના બારીક અવલોકનથી બરાબર ખ્યાલમાં આવે તેવું છે. જુવાનીના લટકામટકાવાળી સ્ત્રીઓને બાલ સફેદ થવા માંડે ત્યારે કેવી દશામાં જોવાય છે અને ગુપ્ત વ્યાધિની વાત બાજુએ રાખતાં તેમનાં મનનો પરિતાપ અસહ્ય થઇ પડે છે. યુરોપની જનતામાં એવી પ્રથા છે કે જ્યારે જ્યારે જે કોઈ સ્ત્રી પોતાના રૂપાતિશયના કારણે સર્વ કોઇનું ધ્યાન ખેંચે છે ત્યારે ત્યારે તેને તેનું પદ આપવામાં આવે છે. ગામની, પ્રાંતની, દેશની અથવા તો આખા યુરોપની એક 'રાણી'નો બે વર્ષ મહિમા ઓર હોય છે. એની છબીઓ, સરઘસો અને ધમાલો ચાલે છે, પણ પછી પાંચેક વર્ષમાં અંધારી રાત આવે છે ત્યારે કોઈ તેની સામું પણ જોતું નથી. પક્ષ પાવડરના લપેડા અંતે ખલાસ થાય છે. આવા જોતજોતા ચાલ્યા જનારા અને માનસિક, શારીરિક ગ્લાનિ પછવાડે મૂકી જનારા 'જોબન' ઉપર આધાર રાખે તેને ઉપાધ્યાયશ્રી 'મૂઢ' કહે છે અને એની ખાતર પડી મરનારને બીજી વાર **મૂઢ** કહે છે.

૩. આ તો જુવાનીની વાત થઇ. ચાર દહાડાનો ચટકો શું છે તે તમે જોયું, પણ ખરી ખૂબીની વાત તો એ છે કે ઘડપણમાં શરીર તદ્દન ખલાસ થઇ ગયું હોય, માથા પર બાલ સફેદ થઇ ગયા હોય, કપાળમાં કરચલીઓ પડી ગઈ હોય અને ટૂંકામાં કહીએ તો શરીર તદ્દન હાડપિંજર જેવું થઇ રહ્યું હોય, મરવાને વાંકે જીવાતું હોય અને તલમાંથી તેલ કાઢી લેવામાં આવે અને પછી ઢોરને ખવરાવવા યોગ્ય રસકસ વગરના ખોળ જેવું શરીર થઇ ગયું હોય ત્યારે પણ આ પ્રાણી કામદેવના વિકારોને છોડતો નથી. એનુ શરીર ન ચાલે તો એ સ્ત્રીઓ સાથે ચાળાચેષ્ટા કરવામાં રસ લે છે, સ્ત્રીઓની સામું જોવામાં મજા માણે છે, કામની કથાઓ કરવામાં આનંદ ભોગવે છે અને જાણે કામદેવના વિકારોને કોઈ પણ પ્રકારે માર્ગ આપવામાં એને જીવનનું સાર્થકત્વ લાગે છે.

ભર્તૃહરિ એક બહુ સુંદર રૂપક રજૂ કરે છે. કૂતરો કાણો હોય, એને આખે શરીરે ખસ થઇ હોય શરીર પરના વાળ ઊડી ગયા હોય, પૂંછડી પણ અરધીપરધી કપાઇ ગઇ હોય, કાને સાંભળી શકતો ન હોય, ઘરઘરના ટુકડા ઊઠાવતો હોય અને સર્વત્ર હડધૂત થતો હોય-આવો કૂતરો પણ કૂતરીને દેખી તેની પાછળ દોડે છે! ખરેખર! કામદેવ તો મરેલાને એક વધારે પાટુ મારે છે.

તમે જુવાની ખોઈ બેઠેલા ઘરડાખખોની વાતો સાંભળી હોય તો તમને ખરેખર વિચારમાં નાખી દે. જેણે જુવાનીમાં રખડવાનો ધંધો કર્યો હોય તે ઘડપણમાં શું કરે એ શિષ્ટ ભાષામાં કહી શકાય તેમ નથી. પણ એ સ્ત્રીની વાતો અને વિકારની દશાના કૂતરા જ રહે છે. શરીર ન ચાલે ત્યારે મન વધારે ઉછાળા મારે છે. કામદેવનું જોર તો એવું છે કે એની

ખાતર ૭૦ વર્ષના ડોસાને પણ ડોશી સાથે એકાંતમાં સૂવાની ના પાડવામાં આવી છે. એવા ડોસાઓના કેસ પણ કોરટમાં આવ્યા કરે છે. ઘડપણની અસર શરીર ઉપર થાય ત્યારે મનનો માર્ગ કેટલો વધારે મોકળો બને છે તેની ઉપર તો મોટાં નાટકો લખાય તેમ છે.

એક પ્રશ્ન વિચારવા જેવો છે. આપણે જુવાનીને 'ગદ્ધાપચીશી' ઉપર કહી. પણ જિંદગીમાં એથી પણ વધારે ભયનો સમય ચાળીશથી પચાસ વર્ષ લગભગમાં આવે છે. જુવાન માણસ વિરહ સહશે, પરદેશ ખેડશે અને અગવડો ખમશે, પણ આધેડ વયે માણસને સર્વ ચાલી જતું–હાથમાંથી સરી જતું લાગે છે. એને આ ભોગવી લઉં કે પેલું ભોગવી લઉં એમ થનગનાટ થયા કરે છે અને તેથી જુવાની ઊતર્યા પછીની અને તદ્દન ઘડપણ આવી ગયા વચ્ચેની વય વધારે 'જોખમકારક' હોઈ ખાસ સંભાળવા લાયક છે, એવો મત હાલમાં વધારે જોર પકડતો જાય છે.

અહીં આપણે વિચારવાની વાત એ છે કે વિષયો તો જરૂર જવાના છે, છોડી દેવા પડવાના છે. પણ કામદેવ આ પ્રાણીને તદ્દન ખરખર બોરડી જેવી સ્થિતિએ પહોંચ્યા છતાં પણ નચાવે છે, ફસાવે છે અને તેની પાસે ચાળા કરાવે છે. અનિત્ય પદાર્થ પરની આ રુચિનું વધારે વર્ણન પણ કરતાં શરમ આવે તેમ છે. વસ્તુસ્વરૂપ સમજવું હોય તેણે આવી મૂર્ખતાભરેલી દશા પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

૪. એક બીજી યુક્તિ રજૂ કરી અનિત્યભાવ બહુ સુંદર રીતે લેખકશ્રી રજૂ કરે છે. દેવતાઓને રળવા–કમાવાની ખટપટ નથી, અમૃતપાન કર્યા કરે છે. નાટકો જુએ છે, લીલોતરીથી આંખોને તૃપ્તિ આપે છે, અમૂલ્ય રત્નોથી પ્રકાશ પામે છે. એકસરખું સુખ દેવાંગનાઓ સાથે ભોગવે છે અને આખો વખત ક્રીડા, આનંદ અને રળવાની ફિકર વગરનું સુખી જીવન ગાળે છે. દેવોને દુઃખનો ખ્યાલ પણ આવતો નથી. ત્યાં જીવનકલહ નામનો પણ નથી. વળી એમનાં આયુષ્ય ખૂબ મોટાં હોય છે. ભવનપતિના દેવો પણ એક સાગરોપમ જીવે છે, બાર દેવલોકના દેવો તેથી વધારે સાગરોપમો અનુભવે છે અને અનુત્તરવિમાનમાં સર્વાર્થસિદ્ધના દેવોનું આયુષ્ય ૩૩ સાગરોપમનું હોય છે.

એક સાગરોપમ શું તેનો ખ્યાલ કયો હોય તો કરોડો, અબજો, ખર્વ અને નિખર્વ વર્ષોએ પણ એનો પાર આવે તેમ નથી. આવું સુખ દેવો આટલા લાંબા વખત સુધી ચાલુ રીતે વગરસંકોચે અને વગર સ્ખલનાએ ભોગવે છે. પણ એમાં મજાની વાત એ છે કે અંતે તેનો છેડો આવે છે. કરોડો વર્ષ સુખ ભોગવ્યા પછી અન્તે ત્યાંથી બીજે મનુષ્ય-તિર્યંચમાં જવું પડે છે, ગર્ભમાં ઉત્પન્ન થવું પડે છે અને પછી તો એકડે એકથી એક નવી બાજી મંડાય છે.

હવે તારી સાંસારિક કોઈ ચીજ દેવતાના ઓછામાં ઓછા આયુષ્ય સમય જેટલી પણ ચાલે તેમ છે ? અરે ! એવું દેવતાનું સુખ પણ અંતે પૂરું થઇ જાય છે ત્યારે તું તે શેમાં રાચ્યોમાચ્યો રહે છે ? તું જરા ઊંડો ઊતરીને વિચાર કર. આ એક નાનકડી ઓફીસ કે દુકાન

મળી કે પાંચ-પચીસ વીઘા જમીન મળી કે નાનું-મોટું રાજ્ય મળ્યું તેમાં વળ્યું શું ? અને તે પણ કેટલાં વર્ષ ? પછી તો મૂકીને જવું પડે અને પછવાડે લડાઇ, કંકાસ કે કોર્ટના કિસ્સા થાય. તેને ખાતર તું પડી મરે છે, સુખે ખાતો નથી ઊંઘતો નથી, ઠરીને ઠામ બેસતો નથી અને આખો વખત ઉપાધિ કર્યા કરે છે; પણ તે કોને માટે અને કેટલા વખત માટે ?

જો તારું સુખ-માનેલું સુખ નિરંતર રહે તેવું હોય, તારે એને કદી છોડવું પડે તેમ ન હોય અને તું જ્યાં જાય ત્યાં સાથે આવે તેવું હોય-તો તો તું તેની ખાતર ગમે તેટલું કર. બાકી યાદ રાખજે કે દેવતાઓ મોટા આયુષ્યવાળા હોય છે છતાં તેને પણ આયુષ્યના છ માસ બાકી રહે છે ત્યારે વૃથા જન્મ વ્યતીત કર્યા સંબંધી માથાં પછાડી પસ્તાવા કરવા પડે છે અને તને તો એના કરોડમા ભાગનું સુખ નથી અને કરોડમા ભાગ જેટલો વખત ચાલે તેવું પણ નથી-ત્યારે તું તે શેના ઉપર મોહ્યો છે ? આ પ્રશ્ન ખૂબ વિચારવા જેવો છે. વળી તારે તો આગળ ગીત ગવાતાં હોય, પડખે બિરુદાવલી બોલાતી હોય, બે બાજુ ચામર વીંઝાતાં હોય તો તો સંસારમાં માણ; પણ આ તો વાતમાં કાંઈ માલ નથી, મહામુસીબતે જમે-ઉધારના ટાંટીઆ મેળવનાર તું શેના ઉપર આ સર્વ ધમાલ કરી રહ્યો છે ? કઈ સ્થિર વસ્તુ તને મળી છે અને તે કેટલી ચાલશે ? જરા વિચાર, ખૂબ વિચાર, ઊંડો ઊતર. વાસ્તવિક રીતે તો તું માને છે તે સુખ જ નથી પણ હોય એમ માનીએ તો પણ એ કેટલું અને ક્યાં સુધીનું ?

૫. હવે તારી આજુબાજુ જો, તો ત્યાં પણ તને ક્ષણભંગુરપણું-અનિત્યભાવ દેખાઇ આવશે. જરા વિચાર, તારાં સ્મરણો તાજાં કર અને ખ્યાલમાં લે.

બાળપણમાં જેની સાથે તેં રમતો ખેલી, જેની સાથે તું ગીલીદંડા (બાઈદાંડીઆ) રમ્યો, જેની સાથે સાત ટાપલીઆ દા લીધા, જેની સાથે લખોટા કે છૂટદડીના છૂટા ઘા રમ્યો-તેમાંના ઘણાએ સ્મશાનમાં પોઢ્યા. તેં તેમને રાખ થતાં જોયા. તારા વડીલો, જેની તેં પૂજા કરી, ભાવ-ભક્તિથી સેવા કરી અથવા તારા ગુરુઓ, જેમણે તને કંઇક જ્ઞાન આપ્યું અને તેં જેમને ભાવથી પંચાંગ પ્રણામ કર્યા તે પણ ભસ્મ થઈ ગયા. તેઓમાંના કોઇ કોઈની ચિતા તો તેં તારે હાથે સળગાવી (ચેતાવી).

વળી તારા અનેક મિત્રો, દોસ્તો અને સંબંધીઓ જેની સાથે તેં ચર્ચા-વાર્ત્તાઓ કરી, વાતોનાં ગપ્પાં માર્યાં, અલકમલકની કથાઓ કરી, જેમની સાથે તકરાર અને વાદ વિવાદ કર્યા, જેમની સાથે ભાષણો કર્યાં, જેમનાં ભાષણો સાંભળ્યાં, જેમની સાથે ડીબેટીંગ સોસાયટીના મેંબર (સભ્ય) થઇ પ્રીતિપૂર્વક પક્ષવાદ કર્યા-તેમાંના પણ ઘણા ખરાને તેં તારે હાથે સ્મશાને પહોંચાડ્યા અને એની બળતી ચિતાના ભડભડાટ અવાજ તેં સાંભળ્યા અને તેને બાળતી અગ્નિની જ્વાળાઓને રાતા-પીળા રંગના ભડકાઓ સાથે તેં આકાશમાં ચઢતી અને તને વ્યાકુળ કરતી અનુભવી.

તારે જેના વગર ન ચાલે એવા તારા અનેક સંબંધીઓ ગયા. કંઈકની અતિ સુંદર આદર્શ પત્ની ગઈ હશે, કંઈક પત્નીઓ વિધવા બની ઝૂરતી હશે, એકનો એક છોકરો ચાલ્યો ગયો હશે, હૃદય ખાલી કરવાનાં સ્થળ જેવા વિશ્વાસુ મિત્રો ગયા હશે, રળીને રોટલા ખવરાવનાર દીકરા ચાલ્યા ગયા હશે, ઇંદ્રાણીને યાદ કરાવે તેવી પુત્રીઓ ગઈ હશે-કંઈક કંઈક ગયા હશે અને તેમને લાકડાની ચહે ઉપર જાતે મૂકી આવ્યા હશું.

પ્રત્યેક પ્રાણીને અનેક વહાલાનો વિયોગ થયો હશે અને કંઈકના સંબંધમાં તો 'દિવસ ગણતાં માસ ગયા, ને વરસે આંતરીઆ; સૂરત ભૂલી સાહિબા, ને નામે વિસરીઆ' જેવું પણ બન્યું હશે. અત્યારે ગયેલાના ચહેરા પણ સંભારતાં યાદ આવતા નહિ હોય અને કૈંકના નામ પણ ભુલાઈ ગયાં હશે.

આવા અત્યંત વહાલા, દિલોજાન, પ્રિય, પૂજ્ય કે પ્રતાપી ગયા, તેમને સ્મશાનમાં મૂકી આવ્યા, તેમની કાયા અગ્નિમાં જળી અને તેની રાખોડી થતાં જોઈ અને છતાં તું હજુ છાતી કાઢીને, મૂછનો મોગરો લગાવીને, આંખ પર ચશ્મા ચઢાવીને, કાનમાં અત્તરનાં પૂંભડાં ઘાલીને, ચમચમ અવાજ કરતાં બૂટ પહેરીને, ટોપીને વાંકી મૂકીને, હાથમાં સીગારેટ લઇને ચાલે છે અને જાણે કદી મરવું જ નથી, જાણે બીજા સર્વ ગયા પણ તું તો અમરપટ્ટો લખાવી લાવ્યો છે એમ ધારે છે! તને શું કહીએ? તારી કયા શબ્દોમાં વાત કરીએ? તારે માટે શો તોલ બાંધીએ?

તું તો જાણે થોડા-ઘણા વૈભવને તારો માની બેઠો છે અને નાનકડી તારી દુનિયાને રમાડવાનો ઈજારો સદાકાળ માટે લઇને બેઠો છે અને તારાં આ સો-પચાસ વરસ માટે ધર્મશાળા જેવા ઘરને 'ઘરનાં ઘર' માની બેઠો છે અને મનમાં માને છે કે બીજા ભલે ગયા, પણ આપણો તો ગોટો ચાલ્યો જશે. વીશ વર્ષનો થાય ત્યારે ચાળીશ સુધી જીવીશ એમ માને છે, પણ સાઠનો થાય ત્યારે સિત્તેર ઉપર ધ્યાન રહે છે અને મુખેથી જિંદગીની અસ્થિરતાની વાત કરતો જાય છે, પણ ઊંડાણમાં ખાતરી હોય છે કે પોતે હજુ દશ-વીશ વર્ષ તો જરૂર કાઢી નાખશે. સિત્તેર-એંશી વર્ષના પણ એવી જ આશામાં રહે છે. કોઇ પણ વ્યક્તિનો કાર્યક્રમ જોશો તો તેમાં પણ પાંચ-દશ વર્ષની હયાતીનો હિસાબ જરૂર હોય છે. તાવ આવે ને ઉપડી જતાં અન્યને જુએ, પ્લેગ-કોલેરાના કાળા કેર જુએ, ક્ષયના ઘસારા જુએ; લકવાના પક્ષ-આઘાત દેખે, હાર્ટફેલ થતાં દેખે, પણ એ સર્વ **બીજા** માટે! એને અંદરથી ખાતરી છે કે આપણને એ વાત સાથે લેવાદેવા નથી. આપણું તો જરૂર આમ ને આમ ચાલ્યું જશે. એ ભાવ વય વધવા સાથે વધતો જાય છે અને ઘડપણમાં તો આખું શરીર ઘરડું થાય છે, પણ **जीवनाशा धनाशा च जीर्यतेऽपि न जीर्यति** (જીવનની અને ધનની આશા તો ઘરડાને પણ ઘરડી થતી નથી.)

હવે આવી તારી વિચિત્ર માન્યતાને શું કહીએ? આંખો ઉઘાડી રાખી હાથે કરી

ખાડામાં પડે એવા પઠિતમૂર્ખને શું ઉપદેશ આપીએ ? તેઓ માટે (ગ્રંથકર્તા કહે છે કે) એક જ શબ્દ છે–તેઓના આવા પ્રમાદને ધિક્કાર છે !

સમજુ માણસ આથી વિશેષ શું કહે ? તિરસ્કારનો ટૂંકો શબ્દ મૂકી દઇ લેખકે કમાલ કરી છે. તેજી માણસને ટુંકારો હોય, પછી વધારે આકરા શબ્દો તો નકામાછે, બિનજરૂરી છે. કહેવત છે કે 'તેજી (ઘોડા)ને ટુંકારો અને ગધેડાને ડફણાં.'

ચારે બાજુ અનિત્યપણું જોઇ રહ્યો છે તે ઉપર પૂર્ણ વિચાર કર. આ વાત ખૂબ વિચારવા જેવી છે અને વિચારતાં જચી જાય તેવી છે.

૬. આ તો મિત્રો, વડીલો અને સ્નેહીઓની વાત કરી, પણ સર્વ ભાવો એવા જ પ્રકારના છે તે પણ તું જરા જોઈ લે.

એક પ્રાણી આજે રાજા થાય, હાઈ કોર્ટનો જજ થાય, વ્યાસપીઠને ધ્રુજાવનાર વક્તા થાય, બજારોને ખળભળાવનાર મોટો વેપારી થાય કે ગમે તે થાય, પણ પછી છેવટે શું ?

કોઇ પાંચ ઇંદ્રિયવાળો થાય, કોઈ ચારવાળો થાય અને એ પ્રમાણે વધતી–ઓછી ઇંદ્રિયવાળા થાય. કોઈ રૂપવાન થાય, કોઈ કીર્તિશાળી થાય, કોઈ પ્રભાવશાળી થાય, કોઈ સિનેમાના 'સ્ટાર' થાય, કોઈ નાટકમાં સાત વાર 'વન્સમોર' કરાવનાર થાય–આ સર્વ ચેતનભાવો છે. હાલતા-ચાલતા ત્રસ જીવો અને સ્થિર રહેતા એકેંદ્રિયો સારા અથવા ખરાબ વિચિત્ર ભાવો પ્રદર્શિત કરે છે. એ પણ સર્વ **ચેતનભાવો** છે.

સુંદર રાજમહેલ, ભવ્ય હવેલી, મૂલ્યવાન ફરનીચર, સોનારૂપાનાં પાત્રો, આકર્ષક ક્રોકરી (રકાબી, પ્યાલા, પ્લેટ વગેરે), હીરામોતીનાં ઘરેણાં, સોનાના અલંકારો, ઝરૂખા, મહેલ કે મઢી, છત્રીપલંગ કે હાંડી-ઝુંમર, છબીઓ કે ચિત્રો, પૂતળાંઓ કે રમકડાંઓ –આ સર્વ **અચેતન** ભાવો છે.

એ સર્વ ચેતન અને અચેતન ભાવો દરિયામાં મોજાં આવે તેમ એક વખત ઉછળે છે અને પાછા પડી જાય છે, એમ અનેક વાર ઉછાળા મારે છે અને પાછા મહા-સમુદ્રમાં લય પામી જાય છે. જ્યારે ચઢે છે ત્યારે એ સપાટી ઉપર દેખાય છે અને વાંસ વાંસની ફલાંગો ભરે છે, પણ અંતે થોડા વખતમાં શમી જાય છે અને શમે ત્યારે એનું નામનિશાન પણ રહેતું નથી, એ મોજું ઊછળ્યું હતું એમ કોઇને યાદ પણ આવતું નથી. અનેક મોજાંઓ તો એવાં હોય છે કે ઊછળ્યાં અને શમ્યાં એની વાત કોઈ જોતું કે જાણતું પણ નથી. આ દુનિયામાં ધમાલ કરતા અને દેખાવ કરતા ચેતન અને અચે-તન સર્વ ભાવોની આ સ્થિતિ છે.

પરમાણુઓના સ્કંધો અનેક રૂપ ધારણ કરે છે. પ્રાણી અનેક જન્મો લે છે એ એનાં જુદાં જુદાં રૂપો છે. એક રૂપ મૂકી બીજું લે છે, બીજું મૂકી ત્રીજું લે છે, એમ અનેક વાર ઉપર આવે છે અને પાછાં લય પામી જાય છે.

સ્ત્રીઓ ટોળે મળીને ફૂટે ત્યારે ચાર બાઈઓ ટોળાં વચ્ચે આવી થોડી વાર ઘૂમે છે અને પાછી ટોળામાં ભળી જાય છે, તેમ આ પ્રાણી પણ તારાની પેઠે જરા વખત ચમકારો બતાવી, ચોકમાં થોડો પાઠ ભજવી પાછો અસ્ત થઇ જાય છે. ઘણા તો ફૂટતાં ન આવડતું હોય તો વચ્ચે આવ્યા વગર પણ વિસરાળ થઈ જાય છે, એ વચ્ચે આવે કે ન આવે પણ એ વિસરાળ થઇ ગયા પછી દુનિયાને બીજી એટલી ખટપટ હોય છે કે એનું શું થયું અને કયાં ગયો? તેની વાત પણ કોઇ યાદ કરતું નથી.

એવી રીતે ભાંગેલા ટેબલને કે સડીને પડી જતાં ઝાડને કોઇ સંભારતું નથી અને ભાંગેલ ફરનીચર 'ભંગાર'ને ભાવે વેચાય છે. કોઇ પણ જીવતાં પ્રાણી કે અચેતન પદાર્થની આ સ્થિતિ છે. હવે એના ઉપર તે મોહ શો કરવો? અને એની ખાતર બધું હારી કાં જવું?

આપણા સગાસ્નેહી અને ધનનો સંબંધ છે તે તો નાટક જેવો છે. કોઈ ચમત્કારથી રાજઋદ્ધિ કે નગર-ઉદ્યાન બતાવે તેને ઇંદ્રિજાળ કહે છે. આપણા નાટકો કે સિનેમા પણ એજ મિસાલના છે. સગાંઓ સાથેનો સંબંધ પંખીના મેળા જેવો છે. જુદી જુદી દિશામાંથી આવી રાત્રે એક ઝાડ પર બેઠાં, સવાર પડી કે સૌ સૌને રસ્તે પડી જાય છે. ધર્મ-શાળામાં વટેમાર્ગુઓ એકઠાં મળે અને વખત થાય એટલે ચાલવા માંડે-એવો આ સર્વ ખેલ છે, એ ખેલ ચાલે તેટલો વખત તો ખોટો છે એ વાત બાજુએ રાખીએ છીએ, પણ કાયમ રહેવાનો નથી એ વાત તમારા ધ્યાન પર અત્ર ખાસ ઠસાવવાની જરૂર છે.

આવા ચેતન, અચેતન પદાર્થો પર કે સ્વજન-ધનના સંમિલન પર જે રાચીમાચી જાય, જે એની ખાતર શું શું કરી નાખે, એને રડતાં જોઇ મૂંઝાઈ જાય, એને જતાં જોઇ પોક મૂકી રડવા બેસે, એનો નાશ થતો જોઇ નિસાસા નાખે એ તો ખરેખર 'મૂઢ' ગણાય-મૂર્ખ ગણાય. એવા તદ્દન અસ્થિર-થોડા વખત રહેનારાંના તે વળી ભરોંસા હોય? અને તેના ઉપર મુસ્તકીમ રહીને તે કોઈ ગણતરી કરાય? ગીતની શરૂઆતમાં 'મૂઢ' શબ્દ આ પ્રાણી માટે વાપર્યો છે-તેનો અત્ર ખુલાસો થાય છે. આ પ્રાણી બીજા મનુષ્ય માટે અથવા પદાર્થો માટે પાતળો થઇ જાય છે કે લાલચોળ થઇ જાય છે એ એનું અજ્ઞાન છે. ઓળખવા યોગ્ય વસ્તુને જે ન ઓળખે તેને મૂઢ કહેવામાં આવે છે. આ પ્રાણી સમજવા ધારે તો સમજી શકે એવી તેની સ્થિતિ છે છતાં પણ તે સમજવા માગતો જ નથી, અને તેથી એ પોતાનો મૂઢ સ્વભાવ વ્યક્ત કરે છે. સમજુ પ્રાણી આવા અયોગ્ય ભાવો અને સંગમો પર મદાર બાંધતો નથી.

૭. જીવનની અસ્થિરતા ત્રણ પ્રકારે બતાવી: (૧) શરૂઆતમાં આયુષ્યને પવનના તરંગ જેવું ચપળ કહ્યું, (૨) કુશના છેડા પર રહેલા પાણીના બિંદુ સાથે જીવનને સર-ખાવ્યું અને (૩) છઠ્ઠા ગેયપદ્યમાં મિત્રો અને સંબંધીને રાખ થતાં જોઈ તેમાંથી અક્કલ લેવા કહ્યું. હવે એ વાત સીધા શબ્દોમાં છેવટની કહી દે છે:—

મરણને જ્યારે પુરુષાકાર રૂપ આપવામાં આવે છે ત્યારે તેને 'જમ' અથવા 'યમ' કહેવામાં આવે છે. સંસ્કૃતમાં એને 'કૃતાંત' પણ કહે છે. એટલે જે અંતને કરે તે કૃતાંત કહેવાય. એવો કોઈ દેવ કે દાનવ નથી કે જે આ પ્રાણીને મરતી વખતે આવીને, ખેંચીને, દોરીને કાંઇ લઈ જતો હોય, પણ અલંકારની ભાષામાં જાણે કાંઇ તેવું જ બનતું હોય એવો ખ્યાલ આપવામાં આવે છે. મરણના પુરુષાકારવર્ણનનું અહીં ચિત્ર આપવામાં આવે છે તે વિચારો.

એ જમદેવ આખો વખત પ્રાણીઓનો કોળીઓ કર્યે જ જાય છે. અજંગમ પ્રાણીમાં સ્થાવરોનો સમાવેશ થાય છે. પૃથ્વી, અપ્, તેજસ, વાયુ અને વનસ્પતિ એ સર્વ અજંગમ ગણાય છે; જો કે અગ્નિ અને વાયુ ગતિએ કરીને જંગમ છે. જંગમમાં શંખ, જળો વગેરે બેઇંદ્રિયો, માંકડ, જૂ વગેરે તેઇંદ્રિયો, વીંછી, ભમરી, તીડ વગેરે ચઉરિંદ્રિયો તથા છેવટે પંચેંદ્રિયોનો સમાવેશ થાય છે. પંચેંદ્રિય પ્રાણીમાં ચાર મોટા વિભાગ છે. તેમાં પ્રથમ વિભાગ તિર્યંચોનો આવે છે. એમાં માછલાં, મગરમચ્છ વગેરે જળચર છે, હાથી, ઘોડા, ગાય વગેરે સ્થલચર છે અને પોપટ, કોયલ, કબૂતર વગેરે ખેચરો છે. એ ઉપરાંત તેમાં પેટથી ચાલનાર સર્પો (ઉરઃપરિસર્પ) અને હાથથી ચાલનાર નોળીઆ (ભુજ પરિસર્પો)નો સમાવેશ થાય છે. આ પંચેંદ્રિય તિર્યંચો થયા. બીજો વિભાગ મનુષ્યનો આવે છે તે મૃત્યુલોકના માનવી આપણા જેવા છે. મનુષ્યભવમાં કે અન્યત્ર શુભ સામગ્રી એકઠી કરી સુખનો અનુભવ કરે તે ત્રીજા દેવોના વિભાગમાં આવે છે અને અશુભ કર્મબંધ કરી દુઃખનો અનુભવ કરે તે નારકો કહેવાય છે. આ બેથી પાંચ ઇંદ્રિયવાળા સર્વ જંગમ અથવા ત્રસજીવો કહેવાય છે.

જમરાજા આખો વખત આરામ લીધા વગર એ સર્વ જંગમ અને અજંગમ પ્રાણીઓનો કોળીઓ કર્યા જ કરે છે. એક સમયની પણ રાહ જોયા વગર સારો યે વખત પ્રાણીઓને હોઇઆ કરતો જ જાય છે. અનાદિ કાળથી એને એવી લત લાગી છે કે એ પ્રાણીઓને ખાધા જ કરે છે, પણ કદી એ ધરાતો જ નથી, એને કદી સંતોષ થતો નથી અને કદી એ પેટ પર હાથ ફેરવી હાશ કરતો નથી; એનો સ્વભાવ જ એ છે.

હવે એ જમરાજા પોતાના મ્હોંમાં આવે એ સર્વને ગળપ કર્યા કરે છે એ વાત તો આપણે દરરોજ જોઈએ છીએ. મુંબઈ જેવા શહેરમાં તો એણે કેટલા માણસને ખાધા તેના આંકડા પણ દરરોજ છપાઇને બહાર પડે છે.

હવે એ તો એના મ્હોંમાં આવ્યા તેને જરૂર ખાય છે, પણ તું કચાં છે તેનો વિચાર કર્યો ? એના મુખમાં આવે એ તો વાત કરતા, બોલતા-ચાલતા બંધ થઇ જાય છે, પણ તારો વારો કચારે આવશે તેની તને ખબર છે ? તું વિચાર કરીશ તો તને જણાશે કે તું પણ એની હથેલીમાં જ છે. કાખ-બગલને અને મ્હોંને આંતરો કેટલો છે તે તો તને કહેવાની જરૂર નથી. આ ચાર-છ ઇંચના આંતરે તું ઊભો છે. કચારે એના મ્હોંમાં પડીશ તેની તને ખબર નથી અને મ્હોંમાં પડચા કે ભુક્કા નીકળી જવાના છે એ વાતની જરા શંકા પણ નથી,

તારો અંત એ કૃતાંત (અંત લાવનાર) નહિ લાવે એની કાંઈ તને ગેરંટી (ખાતરી) મળી છે? તારે ને એને કાંઇ દોસ્તી સંબંધ છે? તારે એની સાથે કાંઈ સગપણ છે? તારા ઉપર એનો કાંઈ પ્રેમ છે? આ પ્રમાણે વસ્તુસ્થિતિ છે, જગતમાં જાણીતી છે, તારી પાસે પ્રકટ ખડી થઈને ઊભી છે અને તને આમંત્રણ કરીને વિચાર માટે બોલાવે છે. જો તને કોઇ ઉપાય સૂઝયો હોય અથવા તને યમરાજે ખાતરી આપી હોય તો અમારી સર્વ વાર્તા ફોકટ છે, પણ નહિ તો એક દિવસ આ સર્વ છોડી ચોક્કસ જવાનું છે અને અત્યારે માત્ર સવાલ એની હથેળીમાંથી મુખમાં પડવા પૂરતો જ બાકી રહે છે.

આવો અંત ન આવે તેવો ઉપાય ચોજ અને યમરાજના પાસમાંથી છૂટવાનાં દ્વાર શોધી રાખ. પણ તે તો આખો જુદો રસ્તો છે. એના માર્ગો છે, પણ તે તારે શોધીને તૈયાર કરવાના છે. પરંતુ અત્યારે જમરાજા આવે તો તું જવા તૈયાર છે? આમ જમરાજાનું નામ આવે ત્યાં મ્હોં શું કામ બગાડી નાખે છે? જે સ્થિતિ ચોક્કસ થવાની છે તેના નામથી પણ અમાંગળિક થતું હોય એવાં ઘેલાં શું કાઢે છે? જ્યારે જરૂર જવું જ છે અને એ વાત જીવવા જેટલી જ ચોક્કસ છે ત્યારે પછી આ ફફડાટ શા માટે કરી રહ્યો છે?

એક વાત સમજીને સ્વીકારી લે અને તે એ છે કે યમરાજ કોઇને મૂકતો નથી, કોઇને એણે છોડચા નથી અને તું કદાચ એમ માની લેતો હો કે તારા સંબંધમાં એ અપવાદ કરશે તો તું ભારે ગફલતીમાં રહે છે. મોટા માંધાતાને પણ એણે છોડચા નથી અને આખી પૃથ્વીને ધણધણાવનાર પણ એની આગળ નમી એનો કોળીઓ થઈ ગયા છે. કોઇ અમરપટ્ટો લખાવીને આવ્યું નથી અને તું ખાલી ગર્વ કર નહિ, તારો પણ અંતે એ જ માર્ગ છે એમ સમજી, ગણી, વિચારી તારા જીવનની અનિત્યતા સમજી લે અને તે વાત ધ્યાનમાં રાખી તારી બાજી ગોઠવ.

૮. પોતાના વૈભવ અને પરિવારની ચિંતા નકામી છે, જીવતર ક્ષણભંગુર છે, વિષયસુખ ચાલી જનાર છે. જુવાનીના રંગ થોડા વખતના છે, ઘડપણના ચાળા હસવા જેવા છે, દેવોનાં સુખ પણ અંતે પૂરાં થવાનાં છે, સાથે રમનારા અને વિનોદ કરનારા પણ ચાલ્યા ગયા છે, સર્વ ભાવો દરિયાનાં મોજાં જેવા છે અને સ્વજન-ધનનો સંબંધ ઇંદ્રજાળ જેવો છે અને જમરાજા તો ગળક કરતો જ જાય છે. ગભરાઇ ગયા, મૂંઝાયા, ફસાઈ ગયા! હવે શું કરવું? કયાં જવું? કોનો આશ્રય શોધવો? લેખક મહાશય કહે છે:—

ભાઈ! તારું પોતાનું આત્મસ્વરૂપ જો, તું ઊંડો ઊતર. એ સચ્ચિદાનંદમય છે. આ શબ્દમાં ત્રણ હકીકત છે. 'સત્', 'ચિત્' અને 'આનંદ'. જગત્ સર્વ મિથ્યા છે, સંબંધ સર્વ ખોટા છે પણ આ પરમાત્મસ્વરૂપ આત્મા સત્ છે. એ ત્રણ કાળ રહેવાનો છે-હતો, છે અને રહેશે. ઉપર જે અનિત્ય ભાવો, સંબંધો અને સંયોગો જોયા તેની બરાબર સામે મુકાય એવો નિત્ય-સત્ આત્મા એના મૂળ સ્વરૂપમાં છે. માયા, ઇંદ્રજાળ કે સ્વપ્નવત્ જગત સામે આ ખરો 'સત્' છે.

એ ત્રિકાળ સત્ નિત્ય છે એટલું જ નહિ પણ 'ચિત્' છે, જ્ઞાનમય છે, જ્ઞાનથી ભરેલો છે, પ્રકાશસ્વરૂપ છે, અને ભૂત, ભવત્ તથા ભાવી સર્વ ભાવને જાણનાર છે. એની જ્ઞાનશક્તિ અત્યારે ઓછી થઈ ગઈ છે-અવરાઇ ગઈ છે પણ અંદર ભરેલી છે અને તે ત્યાં બરાબર છે. આ પ્રકાશમય રૂપ અંદર છે તેને બહાર લાવવાનું છે પણ તે ત્યાં છે અને તેના અસલ સ્વરૂપમાં અજ્ઞાનને-મૂઢતાને સ્થાન નથી એ બીજી વાત કરી.

અને ત્યાં નિરંતર 'આનંદ' વર્તે છે. પ્રથમ સાંસારિક સર્વ ભાવોને દરિયાના ઉછાળા સાથે સરખાવ્યા એવી વાત અહીં નથી. ત્યાં દોડાદોડ નથી, ધમાધમ નથી. દુઃખ નથી, સંપૂર્ણ સાચો નિરવધિ આનંદ છે, મોજ છે, સુખના ઘરડકા છે. આ ત્રીજી વાત કરી. પરમાત્મસ્વરૂપે આત્મા ૧. 'સત્' ૨. 'ચિત્' અને ૩. 'આનંદ'મય છે. એ એનું સાચું સ્વરૂપ છે. આ સચ્ચિદાનંદ સ્વરૂપ તારું પોતાનું જ છે, તારા ઘરનું છે; એને પ્રાપ્ત કરવામાં-પ્રકટ કરવામાં તારે કોઇની પાસે યાચના કરવી પડે તેમ નથી, કોઇની પાસે વર માગવો પડે તેમ નથી, કોઈની પાસે હાથ જોડવા પડે તેમ નથી.

આ સચ્ચિદાનંદ સ્વરૂપનો બરાબર ખ્યાલ કરી તું હંમેશને માટે એક અવ્યાબાધ-અપ્રતિહત-નિત્ય સુખ પ્રાપ્ત કર. આ નાનકડા માની લીધેલા સુખમાં મૂંઝાઈ જઈ એક ખાડામાંથી બીજામાં પડે છે અને વારંવાર મૂંઝાય છે એ તારા જેવા સચ્ચિદાનંદસ્વરૂપ-વાળાને ઘટે નહિ-શોભે નહિ-દીપે નહિ. અનિત્ય વસ્તુઓ, સંબંધો અને શરીરો છોડી તારું પોતાનું શાશ્વત સુખ છે અને તારા ઘરમાં જ છે, તારી પાસે જ છે તેનો અનુભવ કર, એ સુખમાં પેસી જા, એનો આનંદ ભોગવ અને હંમેશને માટે સર્વ ઉપાધિનો ત્યાગ કરી ઘૂંટડા ભરી ભરીને એ સાચા સુખને ભોગવી લે. એને તું ચાલુ ભોગવ્યા કરશેએ વાતની તને એ માર્ગે ચઢતાં જ ખાતરી થશે. 'સચ્ચિદાનંદ' શબ્દ જ એવો સુંદર છે કે એને સમજતાં એનામાં પ્રાણી આકર્ષણ પામી જાય છે. તું સચ્ચિદાનંદમય છે, પ્રકટ થઈ જા. સંત પુરુષોને ત્યાં ઉત્સવ હો, અહીં આ સંસારમાં જ હો-એમ ગ્રંથકર્તા મહાત્મા આશીર્વાદ આપે છે. સંત કોણ કહેવાય ? જે સાચે માર્ગે વર્તન કરી રહ્યા હોય તે સંત-સજ્જન કહેવાય. ખાલી વાતો કરનારા નહિ, પણ વાતોને ઝીલનારા, વાતો કરે તે પ્રમાણે વર્તનારા. આમાં દંભને કે ઢોંગને સ્થાન ન હોય.

ઉત્સવમાં પાન વગર ચાલે નહિ, પીણું તો જોઈએ. અહીં પ્રશમરસ-શાંતસુધારસનું તાજું પીણું (Drink) આ ઉત્સવમાં મળવાનું છે. એ અમૃતરસનું પાન કરવા રૂપ ઉત્સવ સજ્જન પુરુષોને હો. વિનય એટલે આકર્ષણ (ચિંતવન).

આ છેલ્લા ઉદ્ગારમાં ગ્રંથકર્તાએ પોતાનું નામ પણ જણાવી દીધું અને 'સુધારસ' ગ્રંથનો ઉત્સવ કેવો છે તેનું દર્શન પણ કરાવી દીધું છે. પ્રશમરમ-શાંતરસ કેવો છે તેનું વર્ણન પ્રવેશકમાં થઈ ગયું છે.

× × ×

સંસારની અસારતા જણાવવા સારુ લેખકશ્રીએ ઘણી અગત્યની હકીકતો કહી દીધી છે. તેમણે નાના-મોટા વૈભવ ખાતર ફસાવાની ના કહી, પરિવાર ખાતર મૂંઝાઇ જવા સામે ચેતવણી આપી, જીવનને અસ્થિર બતાવ્યું, વિષયસુખ સાથેની દોસ્તી નિરર્થક બતાવી, સંસાર-નાટક ક્ષણભંગુર બતાવ્યું, જુવાનીનો રંગ અલ્પકાલીન બતાવ્યો, ઘડપણના ચાળા વર્ણવીને બતાવ્યા, સુખની સીમા બતાવી, સાથે રમનારા ગયા એમ બતાવ્યું, સાંસારિક ભાવો ઇંદ્રજાળ જેવા અસ્થિર બતાવ્યા અને યમદેવને સદાનો ભૂખ્યો બતાવ્યો. છેવટે નિત્ય સુખ અનુભવવા ભલામણ કરી.

આ પ્રત્યેક વાત નવીન છે, નવાન નજરે જોવા જેવી છે અને ખૂબ વિચારમાં નાખી દે તેવી છે. નીચેના ત્રણ દાખલાઓ વિચારીએઃ—

જુદી જુદી જગ્યાએ ચરી રાત્રી રહેવા માટે એક ઝાડ પર પંખીઓ સાંજે એકઠાં થાય છે તેવી રીતે કુળરૂપ વૃક્ષમાં આ જન્મમાં પ્રાણી એકઠા થાય છે. સર્વ પક્ષીઓ સવાર થતાં રસ્તે પડી જાય છે તેમ પ્રાણી આયુષ્ય પૂરું થતાં રસ્તે પડી જાય છે. આવો અત્રેનો મેળાપ છે. સવાર કયારે પડશે એટલો જ સવાલ છે. આ દૃષ્ટિએ સંસારના મેળાને કદી વિચાર્યો છે ?

સવારે જે ઘરમાં મંગળગીત ગવાતાં હોય અને નાસ્તા-ચા-પાણી ઊડતાં હોય ત્યાં બપોરે પ્રાણપોક મુકાય છે અને સુખ ને આનંદને બદલે છાજીઆ ગવાય છે. એવા અનેક દાખલા અનુભવ્યા છે પણ તેની અંદરના રહસ્યને વિચાર્યું છે ?

જેનો સવારે રાજ્યાભિષેક થાય તે જ દિવસે સાંજ પડતાં ચિતામાં પડતા અને એ જ ચિતામાંથી એના ધુમાડા નીકળતાં સાંભળ્યા છે અને છતાં આ જીવનનો મોહ છૂટતો નથી અને સંસાર સાથે વળગવાનું મન થાય છે. એમાં કયો મનોભાવ વર્તે છે તેનો કદી વિચાર કર્યો છે ?

વિચાર કરો, સમજો, ખ્યાલ કરો-આપણે શેના ઉપર પડી મરીએ છીએ ? કઈ જાતની સ્થિરતા સમજીને આખી રમત માંડી બેઠા છીએ ? એ માંડેલી રમત કયારે બંધ કરવી પડશે ? બંધ થશે ત્યારે આપણને ભાન હશે કે પોઢી ગયા હશું ? અને આ સર્વ શું થાય છે ? કેમ થાય છે ? સમજુનાં લક્ષણ આ હોય નહિ, ચોક્કસ સમજ્યા વગર એ કામ કરે નહિ, દીર્ઘકાલીન લાભ જાણ્યા વગર એ પ્રવૃત્તિ કરે નહિ. અને તારી તો આખી રમત ખોટી છે. જેને તેં **ઘરનું ઘર** ધાર્યું છે તે તારું નથી, જેને તેં **તારાં** સંબંધી માન્યાં છે, તે તારાં નથી, જેને તેં તારાં સગાં માન્યાં છે તે સ્થાયી રહેવાનાં નથી અને જેની ખાતર તું પાપ સેવે છે, પ્રાણ પાથરે છે, શું નું શું કરી નાખું એમ ધારે છે તે તારાં નથી. તારું શરીર પણ તારું નથી. તું એને ગમે તેટલું પોષે તો પણ તે તારું રહેવાનું નથી અને તારી સાથે આવવાનું પણ નથી.

આખી બાજી તેં વસ્તુસ્થિતિ સમજ્યા વગર માંડી છે. તું પૈસા અને સ્વજન ખાતર અનેક અગવડો અને પાપો સેવે છે, પણ તે તારી પાસે રહેવાનાં છે? તારાં રહેવાનાં છે? એમ ખાતરી મળી છે? મહાવિગ્રહ પછી ઘણાના એક ભવમાં ત્રણ ભવ થતા તેં જોયા, કંઈકનાં મગજ ખસી ગયાં અને કંઈકનાં શરીર ઘસાઈ ગયાં–એ તેં નજરે જોયું અને છતાં હજુ તું આંખો બંધ રાખીને ઝુકે જ જાય છે તે કોના ઉપર? અને શાને માટે? તને વિષયોમાં મજા આવે છે? તું તેનું સ્વરૂપ વિચારી જો. એમાં મજા જેવું કાંઈ નથી. એ તો વસ્તુઓના ઢગલા અને માયાનાં પૂતળાં છે. એમાં તારા જેવો અનંત સુખનો ઈચ્છક મજા માણે તે તારા ગૌરવને શોભતી વાત નથી. તું એ પ્રશ્નને સાધારણ દુનિયાદારી નજરથી ન જો. જરા ઊંડો ઊતર. તારા જેવા ગૌરવશાળી આત્માને આ શોભતી વાત નથી. કયાં હાથ નાખે છે? કયાં કાન માંડે છે? કયાં નજર દોડાવે છે? એમાં શું સુખ છે? કેટલું છે? કયાં સુધી ચાલશે?

જો તને એ સુખ હંમેશ માટે નહિ તો પણ ઘણો વખત ચાલે તેવું લાગતું હોય તો તો તેમાં મજા કરી લે, પણ વિષયનાં સુખ તો એક મિનિટ પણ ચાલે તેવાં નથી. ખાધું એટલે ખલાસ થયું! ગળા નીચે ઊતર્યું એટલે પછી તે દૂધપાક હોય કે ઘેંસ હોય–સર્વ સરખું જ છે. અને તારા જેવો સમર્થ આત્મા આવા કીચડમાં પગ નાખે છે એ તને શોભતી વાત થાય છે?

જો આવી અવ્યવસ્થિત સ્થિતિમાં ચાલ્યો જઈશ–આગળ વધીશ તો શરીર છૂટશે ત્યાં સુધી આશા તો છૂટવાની જ નથી અને આયુષ્ય પૂરું થશે ત્યાં સુધી પાપબુદ્ધિ જવાની નથી. ત્યારે શું તું આમ ને આમ ચલાવ્યે જ જઈશ? અને અંતે ઘસડાઈ જવાની જ તારી ઈચ્છા છે? ક્ષણિક સુખ ખાતર તું કેટલો ભોગ આપે છે તેનો વિચાર કર. આ મનુષ્યભવ, તને મહામુશ્કેલીએ મળ્યો છે તેને અસ્થિર પૌદ્ગલિક પદાર્થો અને મનના માનેલા સંબંધો ખાતર ગુમાવી દેવો યોગ્ય ન ગણાય. કોઈ સ્થાયી ચીજ મળે તે ખાતર–તે માટે પ્રયત્ન કરવો ઘટે. પણ અત્યારે તું શું કરી રહ્યો છે? જ્યાં તારા જીવનનું જ ઠેકાણું નથી ત્યાં તું શેના ઉપર અને કોને માટે આ સર્વ રચના કરી રહ્યો છે? અંતે આ સર્વને મૂકીને જવાનું છે એ વાત ચોક્કસ છે. ગમે કે ન ગમે પણ મરવું તો પડશે જ, ત્યારે પછી આટલા ટૂંકા સમયમાં કાંઇ એવું કરી લે કે જેથી આ સર્વ રખડપટ્ટીનો છેડો આવી જાય.

આખા જીવનની ચાવી સમજવાની જરૂર છે, સમજીને છૂટી જવાની જરૂર છે, નહિ તો આ ચક્રવ્યૂહ એવો મંડાણો છે કે એમાંથી નીકળવાના પ્રયત્ન કરતાં એમાં તું વધારે વધારે અટવાઇશ. ખૂબ વિચાર કરી સાચો માર્ગ પકડી લઇશ તો જ તને આ ચક્કર-માંથી બહાર નીકળી જવાનો માર્ગ સાંપડશે.

તેનો માર્ગ એ જ છે કે એ ચક્કરને બરાબર ઓળખી જવું, એમાં ઉપર ઉપરના

સ્નેહ, પ્રેમાલિંગનો, મોટે મોટેથી રુદન એ સર્વને ઓળખી જવું, વસ્તુઓ સાથેનો સંબંધ બરાબર વિચારવો અને શરીર પણ કયાં સુધી કામ આપશે તેની કિંમત કરી લેવી. શરીરનો બને તેટલો લાભ લેવો, પણ એની ખાતર મુદ્દાનો ભોગ આપવો નહિ.

આ સર્વ સંબંધો, વસ્તુઓ અને શરીર અનિત્ય છે, ક્ષણસ્થાયી છે એ ભાવ જો મનમાં જામી જાય તો આખી ગૂંચવણનો નિકાલ થઈ જાય તેમ છે. એને સમજવામાં મુશ્કેલી છે તેના કરતાં પણ એની સાથે કામ લેતાં એ વાત સતત લક્ષ્યમાં રહેવી વધારે મુશ્કેલ છે. પણ એ રીતે જીવવામાં આત્માનંદ છે અને સાથે અમર્યાદિત લહેર છે, એ ભાવને અંતરથી વિચારી જોતાં અનેક મુમુક્ષુઓને માર્ગ પ્રાપ્ત થઈ ગયો છે. ચિદાનંદમય આત્મસ્વરૂપની ઝાંખી કરાવનાર અને આત્માના શાશ્વત સુખને એના સાચા આકારમાં બતાવનાર આ અનિત્ય ભાવના વારંવાર વિચારવા-ભાવવા જેવી છે. પુદ્ગળ સાથેનો સંબંધ એવો તો જકડાઈ ગયો છે કે એનાથી છૂટવાનો પ્રયત્ન કરવાનું એને સૂઝતું નથી અને સૂઝે તો અમલમાં આવતું નથી. પણ અંતે આ સર્વ સંબંધ છૂટવાના છે, છોડવાના છે, ખસી જવાના છે. પરાધીનપણે થઈ ગયેલા ત્યાગની કિંમત નથી, સમજી વિવેક વાપરીને કરેલા ત્યાગની કિંમત છે. એ ત્યાગ પ્રાપ્ત કરવા, એ જીવન જીવવા આંતરવૃત્તિથી નિર્દંભપણે આત્મસાક્ષીએ પ્રયાસ કરે એને આ વિચારણા અમૃતરસના પાન (પીણાં) સમાન છે. એ પીણાના નશામાં ચકચૂર થવા આત્માર્થી મુમુક્ષુ યત્ન કરે એવો ઉપાધ્યાય શ્રીમદ્વિનયવિજયજીનો ઉપદેશ છે.

અનિત્યભાવનાનો વિષય 'જ્ઞાનાર્ણવ'માં સુંદર રીતે ચર્ચો છે. તેની બે ત્રણ પ્રસાદી જરૂર વિચારવા યોગ્ય છે. શુભચંદ્રાચાર્ય સંસાર-સમુદ્રના સર્વ સંબંધોને વિપત્તિનાં ઘર બતાવી પછી કહે છે કે :—

वस्तुजातमिदं मूढ ! प्रतिक्षणविनश्वरम् ।
जानन्नपि न जानासि ग्रहः कोऽयमनौषधः ॥

તેઓ તો સામાન્ય રીતે જબરો ચાબખો લગાવે છે કે-હે મૂઢ પ્રાણી ! ઉત્પન્ન થયેલી સર્વ વસ્તુ પ્રતિક્ષણ નાશ પામ્યા જ કરે છે, આ વાત તું જાણે છે છતાં જાણે જાણતો જ નથી. તને તે ઉપચાર ન થઈ શકે એવો (ઔષધ વિનાનો) કયો ગ્રહ (વ્યાધિ) લાગુ પડ્યા છે ?

આ વાત તદ્દન સાચી છે. આપણે જાણતા છતાં પણ જાણતા નથી. આપણું જાણ્યું કામનું શું ? વિનશ્વર જાણવા છતાં સંબંધ, ધન અને વસ્તુને ચાટતા જઈએ એ જ્ઞાન શા કામનું ? ખરેખર આપણો વ્યાધિ આકરો છે, વળગાડ ચીકણો છે અને એનું ઓસડ નજરે પડતું નથી.

એનો દાખલો આપતાં તેઓ કહે છે કે :—

वह्निं विशति शीतार्थं, जीवितार्थं पिबेद्विषम् ।
विषयेष्वपि यः सौख्यमन्वेषयति मुग्धधीः ॥

'જે મૂઢ બુદ્ધિવાળા પ્રાણી વિષયમાંથી સુખ મેળવવા ઇચ્છે છે તે ઠંડક મેળવવા માટે અગ્નિમાં પેસે છે અને જીવવા માટે ઝેર પીએ છે.' અગ્નિમાંથી ઠંડક મળે ખરી? અને ઝેર પીને જીવાય ખરું? છતાં આપણે મોહઘેલા બરાબર તે પ્રમાણે જ આચરીએ છીએ.

તેઓશ્રી આખા અનિત્યભાવનાના વિષયનો ઉપસંહાર કરતાં માલિનીવૃત્તમાં સુંદર ભાવ પ્રકાશિત કરે છે:

गगननगरकल्पं सङ्गमं वल्लभानाम्,
जलदपटलतुल्यं यौवनं वा धनं वा।
सुजनसुतशरीरादीनि विद्युच्चलानि,
क्षणिकमिति समस्तं विद्धि संसारवृत्तम् ॥

"સ્ત્રીઓનો સંબંધ આકાશનગર (કલ્પિત) જેવો છે, યૌવન અને ધન વાદળના રંગ જેવાં છે, સગાં, છોકરાં અને શરીર વીજળી જેવાં ચંચળ છે અને ટૂંકામાં કહીએ તો આ આખી દુનિયાની સર્વ ચીજો અને ભાવો ક્ષણિક છે." આવો તત્ત્વગવેષકનો મત છે. આપણે ખરી નજરે જોઈએ તો આપણને એ જ આકારમાં સર્વ સંબંધો અને વસ્તુઓ દેખાય છે. વાત એ છે કે આ પ્રાણીને આંખ આડા કાન કરવા છે અને કાંઈ જણાઈ જાય તો જાણે પોતાનો વારો આવશે ત્યારે ગોટો ચાલ્યો જશે એમ એ મનડાને મનાવી લે છે અને જ્યારે હાથ નીચા પડે છે અને શરીર અશક્ત બને છે ત્યારે એનો ઉપાય રહેતો નથી. પછી એ 'વિલ્લ' કરીને આવતા ભવ માટે નાણાંનાં રોકાણ કરવા મંડી જાય છે; એમાં પણ એનો ધન પરનો પ્રબળ મોહ છે. એનું ચાલે અને આવતા ભવમાં રૂપીઆના ચાર આના રોકડા મળે તેમ હોય તો છોકરાંને રખડાવીને એવી ચિઠ્ઠી પોતાની સાથે લેતો જાય, પણ તેવો ઉપાય ન હોવાથી નાણાંનું 'રોકાણ' આશાએ કરે છે અને આ આશા એ જ એનો નાશ કરનારી ચીજ છે.

છેવટે આ સર્વ છોડવાનું જ છે, ગમે કે ન ગમે પણ અંતે સર્વ પારકું છે અને તેટલા માટે વિલથી આપેલા ધનની ખબર છાપામાં આવે છે ત્યાં મથાળે લખેલું હોય છે કે other people's money 'પારકાના પૈસા'. આ વાત ન ગમે તેવી છે, પણ ખરી છે. દલપતરામ ગાઈ ગયા છે કે—

'માખીઓએ મધ કીધું, ન ખાધું ન દાન દીધું;
લૂંટનારે લૂંટી લીધું રે! આ જીવ જોને.'

આ વાત ખૂબ વિચારવા જેવી છે. એટલા માટે આ પ્રાણીને કહે છે કે જેની ખાતર તું મૂંઝાય છે–ફિકર–ચિંતા કરે છે તે સર્વ ફોકટ છે. વસ્તુ કે સંબંધ અલ્પ કાળના છે અને તારી મૂંઝવણ અસ્થાને છે. આ રીતે સંસારના સર્વ સંબંધો અને પદાર્થોની અનિત્યતા વારંવાર વિચારવી, એમાં ઊંડા ઊતરવું, અને વસ્તુના અને આત્માના પર્યાયધર્મો બરાબર ઓળખી તેની સાથે તેને યોગ્ય કામ લેવું જેથી અત્યારે 'મૂઢ'માં ગણતરી થયેલી છે તે ફરી

જઈ સમજુમાં ગણાવાની તક મળે અને સાચી સમજણ-વિવેકને યોગ્ય સ્થાન મળે. અત્યારની દોડાદોડ, તાલાવેલી, ધમાલ અને લમણાઝીંક સર્વ ખોટી છે, થોડા વખત માટેની છે અને પરિણામે મોટી આપત્તિ વધારે તેવી છે; માટે ખોટો મૂંઝા નહિ, ખોટો ફસા નહિ અને ખોટાની ખાતર રખડ નહિ.

સર્વને અનિત્ય કહેવામાં એક વાત ખ્યાલમાં રાખવાની છે. આત્મા પોતે નિત્ય છે તે તેના ગુણની દૃષ્ટિએ, પણ એના પર્યાયો સર્વ પલટાયા જ કરે છે. આપણે જે શરીરો જોઇએ છીએ તે તેના પર્યાય છે. તેવી જ રીતે સર્વ ચીજોના પરમાણુઓ નિત્ય છે પણ એના આકાર, એના સ્કંધનાં રૂપો પલટાયા કરે છે અને તે નજરે સર્વ વસ્તુઓ અનિત્ય છે. આપણે શરીર અને વસ્તુઓ, ભાવો અને આવિષ્કારો સાથે સંબંધ છે, તેની વિચારણા કરીએ છીએ તેમાં જ મૂંઝાઇ જઇએ છીએ, એ વાત ધ્યાનમાં રાખવાની છે.

પણ આ વાત કરતાં ગભરાઇ જવાનું નથી, અનિત્યતા જાણી રડી પડવાનું નથી, અસ્થિરતા વિચારી ગાંડાઘેલા થઈ જવાનું નથી. ક્ષણભંગુરતા સમજી આપઘાત કરવાનો નથી; પણ એનો વિચાર કરી એમાંથી નિત્ય-સ્થાયીભાવ સાંપડે એવો માર્ગ શોધવાનો છે. એ માર્ગ શોધકને મળે છે. ભાવનાનું કાર્ય તો વસ્તુસ્વરૂપ પ્રગટ કરવાનું છે, એ થયું એટલે એનો પ્રદેશ પૂરો થાય છે. પ્રગતિ માટે વસ્તુનું બરાબર ઓળખાણ કરવું એ જરૂરી છે. ગ્રંથકર્તાએ ઉપોદ્‌ઘાતમાં જણાવ્યું છે તેમ ભાવના વગર શાંતસુધારસ જામતો નથી અને એ રસ વગર જરા પણ સુખ નથી. આ સર્વ હકીકત ધ્યાનમાં રાખી ખૂબ વિચાર કરો, સારી રીતે ઊંડા ઊતરો અને પ્રયાસ કરી સાચા સુખનો સાદો માર્ગ પકડી લો.

ચિદાનંદજી મહારાજે જંગલો-કાફી રાગમાં આ વાત બહુ અસરકારક રીતે બતાવી છે. તેઓ કહે છે કે :—

જૂઠી જૂઠી જગતકી માય, જિને જાણી ભેદ તીને પાયા જૂઠી૦
તન ધન જોવન સુખ જેતા, સહુ જાણ અસ્થિર સુખ તેતા;
નર જિમ બાદલકી છાયા, જૂઠી જૂઠી જગતકી માયા. ૧
જીને અનિત્ય ભાવ ચિત્ત આયા, લખ ગલિત વૃષભકી કાયા;
બૂઝે કરકંડુ રાયા, જૂઠી જૂઠી જગતકી માયા. ૨
ઈમ ચિદાનંદ મનમાંહી, કછુ કરીએ મમતા નાંહી;
સદ્‌ગુરુએ ભેદ લખાયા, જૂઠી જૂઠી જગતકી માયા. ૩

અર્થ સ્પષ્ટ છે. એમાં કરકંડુ રાજાની વાત કરી છે તે મજાની છે. એ પ્રત્યેકબુદ્ધ થયા. જેઓ કોઈ વસ્તુ જોઇને બોધ પામી જાય છે તેને 'પ્રત્યેકબુદ્ધ' કહે છે. એક વૃષભ-બળદ જુવાન હતો ત્યારે આખા શહેરમાં ફરતો. મ્હાલતો અને કંઈકને પાડી દેતો. આખા શહેરમાં એનો ત્રાસ હતો. થોડા વર્ષ પછી એ ઘરડો થયો, દુર્બળ થયો, એના શરીર પર માખીઓ

બણબણવા લાગી, એ ચાલતાં લથડવા લાગ્યો અને એનો મદ દૂર નાસી ગયો. એવા પ્રબળ ગોધાની આ દશા જોઈ કરકંડુ રાજાને શરીરની અસ્થિરતા, યુવાનીની છોળો અને મદની ભ્રામકતાનું ભાન થયું અને અનિત્ય પદાર્થ પરનો રાગ ચાલ્યો જતાં રાજપાટ છોડી એણે અંતરાત્માને શોધવા માર્ગ લીધો, આ જુવાનીનો જેવો ચટકો છે એવી જ અસ્થિરતા સાંસારિક સર્વ પદાર્થો, સંબંધો અને ભાવોની છે.

સનત્ કુમાર ચક્રવર્તીને શરીરસૌંદર્ય પર ખૂબ મોહ હતો, પણ જોતજોતામાં એ શરીર વિષમય થઈ ગયું. મોટા ચક્રવર્તીઓ પણ ગયા અને કાકિણીરત્નથી ઋષભકૂટપર લખેલાં નામો પણ અંતે ભૂંસાઇ ગયાં, તો પછી આપણાં તે શાં ગજાં ! અને આવી તદ્દન ઉપેક્ષણીય વસ્તુ ખાતર જીવતર બગાડવું અને પોતાનો આખો વિકાસક્રમ ઉથલાવી નાખવો એ મહા-મુશ્કેલીએ મળેલા મનુષ્યભવને ફેંકી દેવા જેવું છે.

સ્થૂળવાદમાં મસ્ત થયેલા આ યુગમાં અનિત્યતાની વાતો ઘણાને ગમશે નહિ એ ખરું છે, પણ વાત એ છે કે જેને જાણવું જ નથી તેને તો સર્વ સરખું જ છે. બાકી સમજ્યા વગર અત્યારે જે મહારાણા અને મોટી ઉથલપાથલો થઈ રહી છે તેમાં સાધારણ વ્યવ-હારકુશળ બુદ્ધિને પણ સ્થાન નથી. જાણવા છતાં ઘણા જાણતા નથી અને જાણનારા અનુસરતા નથી–તેથી સાચી વાત બદલાય નહિ. એક તાજા સિવિલિયનને પૂછ્યું કે–હવે શું કરશો ? નોકરી. પછી ? અમલદારી. પછી ? ડેપ્યુટી કલેકટરી. પછી ? આસિસ્ટંટ કલેકટરી. પછી ? કલેકટરી. પછી ? બૈરી, છોકરાં વગેરે. પછી ? કમિશનર. પછી ? એકઝીકયુટિવ કાઉંસિલના મેમ્બર. પછી ? હવે જવાબ આપતાં તેનું તદ્દન આવી રહ્યું હતું.

જવાબમાં બોલ્યા : 'પછી પછી શું કરો છો ? પછી પેન્શન લેશું.'

પછી ? (હવે તે તદ્દન નરવસ થઈ ગયા.) પછી શું ? પછી મરશું !

આમ બોલતાં બોલાઇ તો ગયું, પણ પછી માટી મૂંઝાયો. એને મનમાં થયું કે ત્યારે શું આ સર્વની આખરે અંતે મરવાનું તો ખરું જ ! !

આ વાત તમને નરમ પાડવા માટે કરવાની નથી, મૂંઝવવા માટે શોધી કાઢેલી નથી; નવા યુગને ન ગમે તેવું કહેવા શોધી કાઢી નથી. વસ્તુસ્થિતિ આ જ છે અને પૂર્ણદિવ્ય જ્ઞાન, અનુભવ અને વ્યવહારમાં કુશળ માણસોએ જોઇ તેવી અને તેવા આકારમાં કહી છે. મૂકી જવાની અને ત્યાગ કરવાની વાત ન ગમે તે બનવાજોગ છે પણ તે ખાતર વસ્તુસત્ય ગોપવવું અશકય છે. આ સંસાર સાથે, ધન સાથે, પુત્રાદિ સાથે કામ લેવામાં ઊંડી વિચારણા ન કરી હોય તો આવો વિચાર સ્વાભાવિક છે. પણ તે ઉપરટપકેનો હોઈ કાર્યસાધક નથી.

આપણે કોઈ પૂર્વકાળનાં સારાં કે ખરાબ પ્રાણીને કે જૂનાં મકાનોને ઊભેલાં જોતા નથી તે જ તેનો પુરાવો છે. આપણો જીવનકલહ મૂર્ખતાભરેલો છે, આપણી સંબંધની ગણતરી

તદ્દન ખોટી છે અને આપણી આખી રમત ખોટા પાયા ઉપર રચાયેલી છે. કેફ કર્યા પછી જે વિચારો આવે તેમાં જેટલી વ્યવસ્થિતતા હોય તેથી વધારે સ્પષ્ટતા આપણી જાગ્રદ્ધ સ્થિતિની અવસ્થામાં નથી. દારૂ પીનારાના મત કેવા ? અને તેની કિંમત કેટલી ? બેદારૂડીઆ તાળી દઈ ગપ્પાં મારે અને એકબીજાની ટાપસી પૂરે તેવી આપણી વાતો છે. સર્વ અનિત્ય છે એ દેખાય તેવી વાત છે. જોવું હોય તે જોઈ શકે છે અને ન જોવું હોય તે ઘેનમાં પડી રહી શકે છે.

ભાવનામાં પુનરાવર્તન થાય તો ગભરાવાનું નથી. અનિત્યતાની વાતો સંસારભાવનામાં પણ આવે, એકત્વ બતાવતાં સંસાર જોવો જ પડે. ઉપદેશના ગ્રંથમાં પુનરાવર્તન દોષ તથી. અતિશય ઉપયોગી છે અને અનિવાર્ય પ્રગતિવાળી પદ્ધતિ છે. વાત કહેવાની એક જ છે કે લેખન યા લેખકના ગુણદોષ જોવાને બદલે વસ્તુસ્વરૂપ વિચારવું. નિત્ય વસ્તુ જે જણાય તેને જ નિત્ય માનવી અને અનિત્યની ખાતર ઉપાધિમાં પડી પરિણામ વગરના રાગ-દ્વેષો કરી પોતાનો વિકાસમાર્ગ બગાડી ન નાખવો. લક્ષ્મી ચંચળ, યૌવન ચંચળ, આદર્શો તદ્દન સ્થૂળ, દાનત ગડપ કરવાની અને પછી છૂટવાની વાતો કરવી એ ચાલે તેમ નથી. હેતુ અને પરિણામ સમજીને જીવન જીવનારને ન ઘટે તેવી રીતે આખી ચકરાવામાં નાખે તેવી રમત માંડીને બેઠો છે અને પછી એમાંથી છૂટવાની આશા રાખે છે તે કેમ બનશે ? જરા વિચાર.

પ્રશમરસને ઓળખ, પ્રશમરસના પાનને પિછાન, એ પાનની નવીનતા સમજ અને અનિત્યનો ત્યાગ કરી તારામાં આવ. તારાને ઓળખ અને સચ્ચિદાનંદમય-તારા અસલ્લ મૂળ સ્વરૂપે તારામાં વિલય પામી જા. જગતને ચકરાવે ચઢ્યો તો પછી 'મૂઢ' જેવાં વિશેષણો સાંભળવાં પડશે. તારું તારી પાસે જ છે. બાકીનું ક્ષણવિનાશી છે-અંતે મૂકી જવાનું છે અને **स्वयं त्यक्ता ह्येते शमसुखमनन्तं विदधते** । એનો પોતાથી સ્વતઃ ત્યાગ કરવામાં આવશે તો તે અનંત સુખ આપે તેમ છે, છોડવા પડશે (પરાણે) ત્યારે ભારે કચવાટ-અકળાટ-ખેદ થશે, પરસેવાની ઝરીઓ વળી જશે, મગજ પર લોહી ચઢી જશે અને છતાં એક થપ્પડ લાગતાં મુઠ્ઠી છૂટી જશે.

નિત્યાનિત્યભાવ ખૂબ વિચારી પ્રશમરસના પાનમાં લયલીન થા અને અત્યારની અર્થ-હીન, આદર્શવિહીન, પરિણામશૂન્ય સ્થૂળ ભાવનાઓ (Ideals)ને બાજુએ કરી તારા સ્વત્વને સમજ, સમજીને પિછાન અને પિછાનીને તન્મય બની જા.

इति अनित्यभावना



૭. સકળચંદજીકૃત અનિત્યભાવના

(રાગ : સામગ્રી)

મૂંઝ મા મૂંઝ મા મોહમાં મૂંઝ મા, શબ્દ વર રૂપ રસ ગંધ દેખી;
અથિર તે, અથિર તું, અથિર તનુજીવિતં, સમજ મન ગગન હરિચાપ[૧] પેખી.

મૂંઝ મા ૦ ૧

લચ્છી સરિયગતિપર[૨] એક ઘર નવિ રહે, દેખતાં જાય પ્રભુ જીવ લેતી;
અથિર સવિ વસ્તુને કાજ મૂઢો કરે, જીવડો પાપની કોડી કેતી.

મૂંઝ મા ૦ ૨

ઉપતી વસ્તુ સવિ કારિમી નવિ રહે, જ્ઞાનશું ધ્યાનમાં જો વિચારી;
ભાવ ઉત્તમ રહ્યા અધમ સબ ઉદ્ધર્યા, સંહરે કાળ દિન રાતિ ચારી.

મૂંઝ મા ૦ ૩

દેખ કલિ કૂતરો સર્વ જગને ભખે, સંહરી ભૂપ નર કોડિ કોટિ;
અથિર સંસારને થિરપણે જે ગણે, જાણ તસ મૂઢની બુદ્ધિ ખોટી.

મૂંઝ મા ૦ ૪

રાચ મમ રાજની ઋદ્ધિશું પરિવર્યો, અંતે સબ ઋદ્ધિ વિસરાળ હોશે;
ઋદ્ધિ સાથે સવિ વસ્તુ મૂકી જતે, દિવસ દો તીન પરિવાર રોશે.

મૂંઝ મા ૦ ૫

કુસુમપરે યૌવનં જળબિંદુજીવિતં, ચંચલં નરસુખં દેવભોગો;
અવધિ મન કેવલી સુકવિ વિદ્યાધરા, કલિયુગે તેહનો પણ વિયોગો.

મૂંઝ મા ૦ ૬

ધન્ય અનિકાસુતો ભાવના ભાવતો, કેવળ સુરનદીમાંહી[૩] લીધો;
ભાવના સુરલતા જેણે મન રોપવી, તેણે શિવનારીપરિવાર રુંધ્યો.

મૂંઝ મા ૦ ૭

---

૧. આકાશમાં રહેલ ઇંદ્રધનુષ્ય. ૨. સરિતા—નદીની ગતિની જેમ. ૩. ગંગા નદી જલરતાં.

પ્રકરણ બીજું

પરિચય :: અશરણભાવના

शार्दूलविक्रीडितम्

ये षट्खण्डमहीनतरसा निर्जित्य बभ्राजिरे,
ये च स्वर्गभुजो भुजोर्जितमदा मेदुर्मुदा मेदुराः ।
तेऽपि क्रूरकृतान्तवक्त्रदशनैर्निर्दल्यमाना हठा-
दत्राणाः शरणाय हा दश दिशः प्रैक्षन्त दीनाननाः ॥ क १ ॥

स्वागतावृत्तम्

तावदेव मदविभ्रममाली, तावदेव गुणगौरवशाली ।
यावदक्षमकृतान्तकटाक्षै-र्नेक्षितो विशरणो नरकीटः ॥ ख २ ॥

शिखरिणी

प्रतापैर्व्यापन्नं गलितमथ तेजोभिरुदितै-
र्गतं धैर्योद्योगैः श्लथितमथ पुष्टेन वपुषा ।
प्रवृत्तं तद्द्रव्यग्रहणविषये बान्धवजने-
ऽनेकीनाशेन प्रसभमुपनीते निजवशम् ॥ ग ३ ॥

क. १. षट्खंड–છ ખંડ પૃથ્વી. **अहीन**–હલકું નહિ, ખૂબ. **तरस**–બળ અથવા શરીરશક્તિ. **स्वर्गभुजः**–દેવતાઓ, ઇન્દ્રો. **भुजोर्जितमदा**–હાથના બળસંબંધી મદવાળા. **मेदुरा**–પ્રેમી. **मेदुः**–લહેર કરતા હતા. **रदनैः**–દાંતો વડે. **हठात्**–જોરથી. **प्रैक्षन्त**–જુએ છે.

ख. २. मदः–આઠ છેઃ જાતિ, કુળ, બળ, રૂપ, ઐશ્વર્ય, વિદ્યા, તપ અને લાભ–એનું અભિમાન. **माली**–સંયુક્ત, વાળો. **गौरव**–ભક્તિ, સત્કાર. **शाली**–વાળો. **नरकीट**–મનુષ્યરૂપ કીડો. **विशरणो**–શરણ વગરનો, ધણી વગરનો.

ग. ३. व्यापन्नं–વિનષ્ટ, ખલાસ થઈ ગયેલું. **उदित**–વધતા જતા. **धैर्य**–ચિત્તની સ્થિરતા. **श्लथित**–જેનો બંધ નરમ પડેલો હોય એવું. **कीनाश**–યમરાજ–મરણ. **प्रसभम्**–જોરથી, ખૂબ. છેલ્લી પંક્તિમાં સતિસપ્તમીનો પ્રયોગ છે.

(ક ૧) પોતાના અસાધારણ બળથી જેઓ છ ખંડ પૃથ્વીને જિતીને મ્હાલતા હતા-શોભતા હતા, જેઓ સ્વર્ગ(ના આનંદ)નો ઉપભોગ કરનારા હતા, જેઓ પોતાના હાથના જોરથી થયેલા મદને સારી રીતે અવકાશ આપતા હતા, જેઓ આનંદ-લહરીના વિલાસની મજામાં-પ્રેમની છોળોમાં રમતા હતા, તેવાઓને પણ જ્યારે મહાક્રૂર જમરાજ પોતાના દાંતથી દળી નાખે છે-સખ્ત રીતે એનો કૂટો કરી મૂકે છે ત્યારે તેઓ કોઈના આશરા વગરના અને રાંકડા મુખવાળા થઈને શરણને માટે દશે દિશાઓ ચકળવકળ જોયા કરે છે.

(ખ ૨) માથે ધણી-ધોરી વગરનો આ મનુષ્યરૂપ કીડો, કોઇને ન સહન કરનાર જમરાજની વાંકી આંખોની નજર તળે જ્યાં સુધી આવતો નથી ત્યાં સુધી જ તે અભિમાનના ભ્રમમાં ચાલે છે અને ત્યાં સુધી જ તે ગુણના ગૌરવમાં મ્હાલતો દેખાય છે.

(ગ ૩) મરણ (જમદેવ) જેવો આ પ્રાણીને પોતાના પાકા સપાટામાં લે છે કે તે જ વખતે એ પ્રાણીનો પ્રભાવ ચારે તરફથી નાશ પામી જતો જાય છે, તે સર્વ ખલાસ થઇ જાય છે, એનું વધતું જતું તેજ સર્વથા ગળી જાય છે, એના ચિત્તની સ્થિરતા અને ઉદ્યોગો પસાર થઈ જાય છે, એનું સારી રીતે પોષેલું શરીર શીર્ણ-વિશીર્ણ થઈ જાય છે અને તેના સગાંવહાલાંઓ એનું ધન પોતાનાં ઘરભેગું કરવાની બાબતમાં પ્રવૃત્ત થઈ જાય છે.



सेयाष्टक

(अशरणभावना)

स्वजनजनो बहुधा हितकामं, प्रीतिरसैरभिरामम् ।
मरणदशावशमुपगतवन्तं, रक्षति कोऽपि न सन्तम् ॥

विनय ! विधीयतां रे, श्रीजिनधर्मः शरणम् ।
अनुसन्धीयतां रे, शुचितरचरणस्मरणम् ॥ १ ॥

तुरगरथेभनराकृतिकलितं, दधतं बलमस्खलितम् ।
हरति यमो नरपतिमपि दीनं, मैनिक इव लघुमीनम् ॥ वि० ॥ २ ॥

प्रविशति वज्रमये यदि सदने, तृणमथ घटयति वदने ।
तदपि न मुञ्चति हतसमवर्ती, निर्दयपौरुषनर्ती ॥ वि० ॥ ३ ॥

विद्यामन्त्रमहौषधिसेवां, सृजतु वशीकृतदेवाम् ।
रसतु रसायनमुपचयकरणं, तदपि न मुञ्चति मरणम् ॥ वि० ॥ ४ ॥

वपुषि चिरं निरुणद्धि समीरं पतति जलधिपरतीरम् ।
शिरसि गिरेरधिरोहति तरसा, तदपि स जीर्यति जरसा ॥ वि० ॥ ५ ॥

सृजतीमसितशिरोरुहललितं, मनुजशिरः सितपलितम् ।
को विदधानां भूघनमरसं, प्रभवति रोद्धुं जरसम् ॥ वि० ॥ ६ ॥

उद्यत उग्ररुजा जनकायः, कः स्यात्तत्र सहायः ।
एकोऽनुभवति विधुरुपरागं, विभजति कोऽपि न भागम् ॥ वि० ॥ ७ ॥

शरणमेकमनुसर चतुरङ्गं, परिहर ममतासङ्गम् ।
विनय ! रचय शिवसौख्यनिधानं, शान्तसुधारसपानम् ॥ वि० ॥ ८ ॥

અષ્ટકનો અર્થ :—અશરણભાવના

૧. પોતાનાં સગાંસંબંધી જનો અનેક પ્રકારે હિતની વાંછા કરે અને પ્રેમના રસમાં (તેને) તરબોળ કરી નાખે અને સુખના આપનાર પણ થાય, જ્યારે મરણદશાને વશ પ્રાણી પડી જાય છે ત્યારે કોઈ પણ તેનું રક્ષણ કરતું નથી, કરી શકતું નથી. એટલા માટે હે મુમુક્ષુ ? વિનય ! તું જિનધર્મનું શરણ કરી લે અને મહાપવિત્ર ચરણયુગલના સ્મરણ સાથે તારું અનુસંધાન કર.

૨. મોટા મહારાજાધિરાજ જે ચારે બાજુએ ઘોડા, રથ, હાથી અને મનુષ્યોથી વીંટાયેલ હોય અને જેની પાસે ન રોકી શકાય તેવું લશ્કર હોય અથવા જેનું પોતાનું બળ સામે પડી ન શકાય તેવું (દુર્ધર્ષ) હોય તેવાને પણ જાણે તે તદ્દન રાંકડો (નમી પડેલો કેદી) હોય તેમ–જેવી રીતે કલકલ નામનું પક્ષી અથવા મૈનિક–મોટું માછલું નાના માછલાને પકડી લે છે તેવી રીતે જમરાજા ઉપાડી જાય છે !

૩. (પ્રાણી) વજ્રના બનાવેલા ઘરમાં પેસી જાય અથવા તો (પોતાના) મહેાંમાં તરણું ધારણ કરે, પણ દયા વગરનો પુરુષાતનમાં નાચી રહેલો અને તિરસ્કાર કરવા યોગ્ય સર્વને સરીખડા (એકસરખા) ગણનાર (એ યમદેવ કોઇને) છોડતો નથી.

૪. વિદ્યા, મંત્ર કે મહા-ઔષધિઓથી દેવતાઓને વશ કરવાની વાત બનાવે કે બળવૃદ્ધિ કરે તેવા ગમે તેવા ભારે રસાયણનું સેવન કરે–તો પણ મરણ છોડતું નથી.

૫. લાંબા વખત સુધી શરીરમાં પવનને થંભાવી રાખે કે દરિયાપાર કોઈ કાંઠા પર જઈને પડાવ નાખે કે દોડાદોડ કરીને પર્વતના શિખર ઉપર ચઢી જાય–તો પણ એ ઘડપણ (જરા)થી જીર્ણ થઈ જાય છે.

૬. જે જરા (ઘડપણ) કાળા વાળથી સુંદર લાગતા મનુષ્યના માથાને સફેદ બાલ (પળીઆં) વાળું બનાવી દે છે તે જરા શરીરને તદ્દન રસકસ વગરનું બનાવી દે છે, તેના તે કાર્યમાં (તેને તેમ કરતી) અટકાવવાને કોણ શક્તિવાન થાય ?

૭. મનુષ્યનું શરીર જ્યારે જોસથી આગળ વધતા આકરા વ્યાધિઓવાળું થાય છે ત્યારે તેને સહાય કરનાર કોણ થાય છે ? જુઓ ! એકલો ચંદ્રમા ગ્રહણની પીડાને અનુભવે છે તે વખતે કોઈ તેના દુઃખમાં ભાગ પડાવતું નથી.

૮. ચાર અંગવાળા ધર્મનું શરણ તું સ્વીકારી લે, મમતાની સોબત છોડી દે અને શિવ(મોક્ષ)સુખના ભંડારતુલ્ય આ શાંતસુધારસના પાનને હે વિનય ! તું કર. (તેનું પાન કર–તે તું પી.)

એટલા માટે હે મુમુક્ષુ ! વિનય ! તું જિનધર્મનું શરણ કરી લે અને મહાપવિત્ર-ચરણના સ્મરણ સાથે તારું આત્માનુસંધાન કર.

આ ગેય અષ્ટક અનેક સુંદર રીતે ગવાય છે. 'મોહન મુજરો લેજો રાજ, તુમ સેવામાં રહેશું' એ લય આ પદ્યને અનુરૂપ જોઠવાય તેવો છે. દરેક ગાથાની આખરે **વિનય૦** વાળી બંને પંક્તિ ફરી ફરી વાર બોલવાની છે. એ ટેક છે.

નોટ—

૧, **स्वजनમાં** માતાપિતા, પુત્ર-પુત્રી, સ્ત્રી, ભાઈ-બ્હેન વગેરે સગાંઓનો સમાવેશ થાય છે. **सन्तं**–સુખ આપનાર, સુખદ. **चरण**–પગ અથવા ચારિત્ર.

૨. **आवृति**–વીંટળાઈને રહેવું તે. **कलित**–સહિત. **बल**–બળ અથવા લશ્કર. **अस्खलित**–Irresistible. **मैनिक** Gull, દરિયાકાંઠે ઊડતાં ધોળાં પક્ષી. જમીન નજીક આવે ત્યારે એ ધોળાં પક્ષીઓ દરિયા પર દેખાય છે. એનો ખોરાક માછલાં છે. **हरति**–ઉપાડીને લઈ જાય છે, છોડાવીને ખેંચી જાય છે.

૩. **सदन**–ઘર. એનો અર્થ પેટી–પટારો પણ થાય. **घटयति**–લે, ગ્રહણ કરે. **हतसमवर्ती**–(સારા-નરસા સર્વને) સરખા ગણનાર, પણ એના ખરાબ અર્થમાં એટલે નાના–મોટાનો ભેદ ન રાખનાર; ગમે તેને ખાઈ જવા એ જ વૃત્તિવાળો. એ દુષ્ટ સમાનતા છે. **निर्दयपौरुषनर्ती**–આ યમનું વિશેષણ છે. દયા વગરના પુરુષાર્થમાં નાચ–ગેલ–રમત કરનારો.

૪. **विद्या**–વિદ્યાદેવીઓ સોળ છે; મોટી શાંતિમાં તેમનાં નામો આવે છે. **मंत्र** મંત્રો, જેના ઉચ્ચારથી દેવતા પ્રાચીન કાળમાં હાજર થતા હતા. **महौषधि** મોટી મોટી ખાસ દવાઓ; **हिरण्यगर्भ** વગેરે. **सृजतु** કરે. **वशीकृतदेवां** એ **सेवा**નું વિશેષણ છે : દેવતાઓને વશ કરે તેવી (સેવા). **रसायन** પારો, પ્રવાલ, અભ્રક વગેરે રસઔષધિઓ. ગજવેલ, સોનું, મોતી મારેલાં એ સર્વ રસાયણ કહેવાય છે. આયુર્વેદ જાણનાર એને બનાવવાની અને ખાવાની વિધિ જાણે છે.

उपचयकरण (બળનો) વધારો, સંગ્રહ કરવો તે.

૫. **निरुणद्धि** થંભાવે, રોકે, રોધ કરે. **पतति** જાય. **पर** દૂરના.
तरसा શીઘ્રપણે, In haste.

૬. **सृजतीं** બનાવતી; **जरसम्**નું વિશેષણ છે. **असित**–ધોળા નહિ–કાળા. **शिरोरुह** વાળ, મવાળા. **खित** સફેદ. **पलित** પળિયાવાળું. **भूघन** શરીર. **अरसं** રસકસ–પુષ્ટિ વગરનું.

૭. **उद्यत** વધતા જતાં, વ્યાપતાં. **उग्ररुजा** ભયંકર વ્યાધિવાળી. **विधुः** ચંદ્ર. **उपराग** પીડા (ગ્રસનની).

૮. **चतुरंगं** ચાર અંગવાળું, ચાર પ્રકારનું. એ ચાર અંગો પર વિવેચન પરિચયમાં થશે તે જોવું. **सौख्यनिधानं** સુખનો ભંડાર, સુખની ખાણ. **रचय** બનાવ, કર.



પરિચય

અશરણભાવના

(ક ૧.) આ પ્રાણીને કોઈના ઉપર આધાર રાખવો ઉચિત નથી, એને વસ્તુતઃ કોઈનો આધાર છે પણ નહીં. એને આ વિશાળ ભવસમુદ્રમાં પોતાના બળ ઉપર જ ઝૂઝવાનું છે. આ પ્રાણી નાની-મોટી બાબતમાં પારકા સામે જુએ છે અને એમ કરતાં એને મનમાં આશા રહે છે કે કયાંકથી ટેકો મળશે. આ પારકી આશા હંમેશાં નિરાશ કરનારી છે. એનું છે તે એની સાથે જ છે-એની પાસે જ છે એ અત્ર બતાવવાનું છે. પારકાની આશા તદ્દન ખોટી છે, મૃગતૃષ્ણા છે, હવાના બાચકા છે. એ કેવી રીતે છે?-તે આપણે પ્રથમ ગ્રંથકર્તાની સાથે જોઇએ.

આ દુનિયામાં અનેક પ્રકારનાં પ્રાણીઓ છે. કોઈ સુખી છે, કોઈ દુઃખી છે, કોઇ સારા સંયોગોમાં વધતાં જ જાય છે, કોઈ ગમે તેવા કુશળ હોય પણ સંયોગને તાબે થઈ દરેક બાબતમાં પાછાં પડે છે. આવાં અનેક દ્વંદ્વો ગણી શકાય. એ સર્વને એક દિવસ મરવું તો જરૂર છે. બીજી સર્વ વાતો અચોક્કસ છે. ધન મળે યા ન મળે, છોકરા થાય કે ન પણ થાય, માન-આબરૂ-પ્રતિષ્ઠા જામે કે ન પણ જામે; પણ મરવું એ તો ચોક્કસ વાત છે. કોઈ મરવાથી બચ્યો હોય એવું જાણવામાં નથી; નામ તેનો નાશ જરૂર થાય છે. એમાં કંઈ ડરવાનું નથી. પણ એ વસ્તુસ્થિતિ છે એના પર ધ્યાન આપીએ. બુદ્ધ ભગવાન પાસે ઘરડી ડોશી એકના એક છોકરાના શબને લઇ આવી તેને જીવતો કરવા માગણી કરવા લાગી, ત્યારે બુદ્ધદેવે એને એવા મનુષ્યના ઘરમાંથી પાણીનો લોટો ભરી લાવવા કહ્યું કે જેના ઘરમાં કોઈ મરણ થયું ન હોય. સગર ચક્રવર્તીના સાઠ હજાર પુત્રના મરણની વાત ઇંદ્રે કહી ત્યારે જેના ઘરમાં કોઈ મરણ ન થયું હોય તેના ચૂલાની રાખ મંગાવી હતી, પણ એવું એક પણ ઘર ન નીકળ્યું-એ શું બતાવે છે?

ત્યારે મરવું જરૂર છે એમ જાણ્યા પછી એને અંગે પ્રાણી કેવી રીતે વર્તે છે અને એ આવીને ઊભું રહે છે ત્યારે એની શી દશા થાય છે એનો જરા અભ્યાસ કરીએ. જે પ્રાણીઓ અહીં કોઇ જાતનો આનંદ ન ભોગવી શકતા હોય તેમને પણ મરવું ગમતું નથી. વ્યાધિગ્રસ્ત, દીન, દુઃખી, અનાથ કે ભિખારી પણ ગમે તેમ કરીને જીવવા માગે છે. એમને કયા સુખ ખાતર જીવવું ગમતું હશે તે એક આકરો કોયડો છે. પણ તેને મરવું ગમતું નથી એ ચોક્કસ વાત છે. આખા શરીરમાં માત્ર હાડકાં રહ્યાં હોય, કોઈ પાણી આપે તો પીએ તેટલી અશક્તિ હોય, ખાટલામાંથી નીચે પગ પણ મુકાતો ન હોય અને શરીરમાંથી દુર્ગંધ છૂટતી

હોય પણ મરવું ગમતું નથી, મરવાનું નામ પણ ગમતું નથી અને મરવાની ઇચ્છા પણ થતી નથી. આવા છેલ્લી પાયરીના દાખલાઓને પણ હાલમાં એક બાજુએ રાખીએ.

પણ મોટા ચક્રવર્તી હોય, છ ખંડ પૃથ્વીના ધણી હોય, જેની ચાલે ધરા ધ્રજતી હોય, જેને ડોળે પર્વત ડોલતો હોય, જેના હોકારાએ ગાત્ર ગળી જતાં હોય, જેના બળ આગળ મોટા બડેજાવના માન ગળી જતાં હોય અને જેની જય હાલતા-ચાલતા પોકારાતી હોય તેવાઓની નજીક જ્યારે મરણ આવે છે ત્યારે શી દશા થાય છે તેનો કદી ખ્યાલ કે અનુભવ કર્યો છે? એ વાત નજરે જોયા વગર બરાબર ગ્રાહ્યમાં આવે તેવી નથી.

છ ખંડ પૃથ્વી સાધનાર મોટા ચક્રવર્તીઓ પણ જ્યારે મરવા પડે છે ત્યારે ટાંટિઆ (પગ) ઘસે છે, ઓયવોય કરી મૂકે છે, દવાદારૂ માટે મોટા રાજવૈદ્યોને બોલાવે છે અને ગમે તેમ કરીને જીવવા માટે પ્રયત્ન કરે છે. મોટા ચક્રવર્તી મરવા પડે ત્યારે કેવી દોડાદોડ થતી હશે તે કલ્પવું મુશ્કેલ નથી. સાધારણ શેઠીઓ માંદો પડે તો મોટી ફીવાળા ડોકટરો બોલાવવામાં આવે, છેલ્લી ઘડી સુધી ઓક્સિજનની બેરલો (સીલબંધ કરેલી લોઢાની પેટીઓ) તેના મુખમાં નળી વાટે ઠલવાય, અનેક પ્રકારના નાડી-પ્રવાહો (Injections) અપાય, હિરણ્યગર્ભ જેવી કે મૃત્યુંજય જેવી દવાઓ અપાય, તો મોટા ચક્રવર્તી માટે શું શું ન થાય!! પણ એ વખતે એને જરા પણ શુદ્ધિ (Consciousness) હોય તો તેના મનમાં શું ચાલતું હશે એનો ખ્યાલ આવે. અરે! એ તો માથાં પછાડે, ઊંચા-નીચા થઈ જાય, પલંગ પર પડ્યો પડ્યા ચીસો પાડે પણ તે વખતે એનું બળ, તેજ કે સત્તા સર્વ વ્યર્થ છે, કિંમત વગરનાં છે, નિરર્થક છે એમ સિદ્ધ કરી બતાવે છે.

પોતાના બળથી છ ખંડ પૃથ્વી સાધનાર અને મોટા મહારાજાઓને પણ નમાવનાર મોટા શહેનશાહો-સમ્રાટોની આ દશા થાય છે અને થઈ છે એમ ઇતિહાસે નોંધ્યું છે ત્યારે શું વિચારવું? એમાંથી ઘડો શો લેવો? એનું અહીન-અધિકતર વિશિષ્ટ બળ કયાં ગયું? એના વિલાસો કયાં ચાલ્યા ગયા? એના જય પોકારો કયાં સુકાઈ ગયા? એનું મોટું લશ્કર કયાં ગયું? એનાં મોટા ધન્વંતરીઓ કયાં સૂઈ ગયા? અને એ સર્વ હોય, એના હજુરીઆઓ, સચિવો, દાસો, રમણીઓ અને નોકરો હાજર હોય તો પણ એ દીનવદને-નિરાશ ચહેરે ચારે બાજુએ આંખો ફાડીને જોઈ રહે છે અને અંતે એની આંખો ફાટેલી જ રહે છે. એ ઋદ્ધિ, રત્નો કે લશ્કર કાંઈ એની નજરમાં આવતું નથી, કોઈ એને એક ક્ષણ પણ વધારે જીવાડી શકતું નથી અને તે વખતે એના મુખ પર નજર કરી હોય તો ત્યાં નિરાશા, દીનતા અને વલોપાત સિવાય અન્ય કાંઈ દેખાતું નથી. એ વખતે એને કોઈ સહાય કરતું નથી, કરી શકતું નથી અને એની પીડામાંથી જરા પણ અલ્પતા કરતું નથી, પૃથ્વી પણ અહીં જ રહે છે અને સાહ્યબી પણ નકામી થઇ પડે છે.

એવી જ રીતે સ્વર્ગનો વૈભવ ભોગવનારા મોટા દેવો કે દેવોના ઇંદ્ર પણ જ્યારે મરણ નજીક આવે છે ત્યારે તદ્દન હતાશ થઈ રાંકડા-ગરીબ-બિચારા-બાપડા બની જાય છે અને

એવા તો દીન બની જાય છે કે એના મોઢા સામે જોવું પણ આકરું અને કષ્ટકર થઈ પડે છે. એ વખતે એની અપ્સરાઓ કે વિમાનો, ઇંદ્રાણીઓ કે પરિવાર કોઈ એને ટેકો આપી શકતું નથી.

આ દુનિયામાં પોતાના હાથના બળ પર મુસ્તાક રહેનારા અને સ્વાયત્ત ધનથી મદદ કરનારા તો અનેક જોયા છે. થોડાઘણા પૈસા આવડત કે કુનેહથી મેળવ્યા એટલે જાણે પોતાના જેવો દુનિયામાં કોઈ નથી એમ ધારી મદમાં મસ્ત રહે છે. એ બધી દુનિયાને નિર્માલ્ય ગણે છે. પણ એવા મદાંધ માણસો મરવા પડે છે ત્યારે એની ભારે ખરાબ દશા થાય છે. એ ગમે તેવાં ચેડાં કાઢે છે અને દુનિયામાં જીવવાનો પોતાનો હક્ક એક દિવસ બંધ થશે એમ ધારતા ન હોવાથી એ વખતે તે ઘેલા થઈ જાય છે. મરણ વખતે એ જીવવા માટે ફાંફાં મારે છે. પણ સર્વ નકામું નીવડે છે. એનાં ધન-વૈભવ અહીં રહી જાય છે, એ પણ એને મદદ કરતાં નથી. અને જે ભુજાઓના બળથી એણે સંચય કર્યો હોય છે એ સંચય પણ અહીં જ રહી જાય છે, એ ભુજાઓ પણ એને કાંઇ મદદ કરતી નથી.

આખી જિંદગી લહેર કરનારા, રંગભંગના લોટા ભરનારા, ભ્રમરની જેમ ભટકનારા, અકરાંતીઆ થઈને ખાનારા, ખાવામાં જ જીવન-સમજનારા અને કોઇપણ પ્રકારની ગાવાની, સાંભળવાની, સૂંઘવાની કે ખાવાની વાતમાં મસ્ત બનનારાઓ પણ જ્યારે કાળભૈરવ તેની નજીક આવે છે ત્યારે પોતાના ચેનચાળા ચૂકી જાય છે અને તદ્દન અનાથ જેવા થઈ રાંકડા બની જાય છે.

આ ખરેખરી વસ્તુસ્થિતિ છે. વસ્તુ કે સંબંધનું ખરું સ્વરૂપ ન જાણનારને જરૂર શોક થાય તેવી આ સ્થિતિ છે અને જરા પણ અતિશયોક્તિ વગર ઉચ્ચ-નીચ સ્થાનમાં આવી પડેલા લગભગ પ્રત્યેક પ્રાણીની થાય તેવી આ સ્થિતિ છે. મરણ વખતે પ્રાણીના મનની જે દશા થાય છે તેનો આપણને અનુભવ ન હોય, પણ કલ્પના અશક્ય નથી. એ વખતે એ હારેલા જુગારી જેવો બની જાય છે. એનું સર્વસ્વ સરી જતું એ નજરે જુએ છે. એ સર્વના ભોગે પણ એ જીવવા ઇચ્છે છે. પણ એના ઉપર યમરાજનો દુર્દાંત હાથ ઘણા જોરથી પડતો હોય તેમ તે જોઈ શકે છે એટલે એ તદ્દન નખાઈ જાય છે, હઠી જાય છે, પાછો પડી જાય છે, એને બોલવા-ચાલવામાં વિવેક રહેતો નથી અને એને મૂંઝવણમાં કાંઈ રસ્તો સૂઝતો નથી. આ 'રસ્તો' સૂઝતો નથી એ **અશરણતા** છે. અત્યાર સુધી જે જાતની લહેર કે જે જાતના હુકમમાં જિંદગી ગાળી હોય તેનો અત્યારે ઓહકાર આવે છે અને એ પથારીમાં પડ્યો પડ્યો તરેહવાર પછાડા મારે છે. એનું મુખ અને એનું મન-એ બન્ને અત્યારે બરાબર અભ્યાસ કરવા લાયક બને છે.

'ક્રૂર યમરાજના દાંત' માત્ર કલ્પવાના જ છે. મૃત્યુના સપાટામાં આવે તેનું એ રૂપક છે. આવા મોટા શેઠ-શાહુકારો, લહેરીલાલાઓ અને ખુદ શહેનશાહો કે ઈન્દ્રોની મરણ-

સન્મુખતા વખતે આવી દશા થાય છે એને શરણ કોનું ? એને આધાર કોનો ? એને ટેકો કોનો ? આ પ્રમાણે વસ્તુસ્થિતિ છે.

(ખ ૨) અમે ઊંચા ! અમને કોઇ અડે તો અમે અભડાઈએ ! અમે બ્રહ્માના મુખમાંથી નીકળેલા ! (**જાતિમદ**)

અમે કુળવાન ! અમે પૂરતીઆ ! અમે ચોસલાવાળા ! અમે અગ્રેસર ! (**કુળમદ**)

અમે જાતે રળ્યા ! ધન મેળવ્યું ! વેળુમાં વહાણ ખેડ્યાં ! લક્ષ્મીને પગે બાંધી ! (**લાભમદ**)

અમારા મહેલ ! અમારું ફરનીચર ! અમારી ઋદ્ધિ ! અમારી ફોર ! અમારી આબરૂ ! (**ઐશ્વર્યમદ**)

અમારું બળ ! અમારું લશ્કર ! અમારાં હથિયારો ! અમારો કાફલો ! અમારાં એરોપ્લેનો (**બળમદ**)

અમારું તેજ ! અમારા નાકનો મોરો ! અમારી આંખ ! અમારા બાલ ! અમારો પહેરવેશ ! (**રૂપમદ**)

અમારો અભ્યાસ ! અમારો તર્ક ! અમારી દલીલ ! અમારું ગ્રેજ્યુએટત્વ ! અમારાં પદકો ! (**શ્રુતમદ**)

અમારાં માસખમણ ! અમારા ચૌવિહારા ઉપવાસ ! અમારા છઠ ઉપર છઠનાં પારણાં ! (**તપમદ**)

આ પ્રકારનાં અભિમાનો–મદો બહુ સામાન્ય છે. વાંચતાં હસવું આવે તેવાં છે પણ પ્રત્યેક મનુષ્યમાં ભરેલાં છે. તે બહુ બારીકાઇથી અભ્યાસ કરવા જેવાં છે. ભિખારીમાં પણ એની માગવાની કુશળતા માટે મદ જોયેલ છે. મોટા માણસો તે સિફતથી કરે છે, પણ પોતાની નાની–મોટી વાતને એ મોટું કે નાનું રૂપ આપે અને તેની વાતને બીજા જાણી વખાણે એને માટે એને તાલાવેલી લાગેલી જ હોય છે અને બીજાની પાસેથી એ પ્રશંસા સાંભળે ત્યારે જરૂર રાજી થાય છે અને પોતાનો પ્રયાસ ઊગી નીકળ્યો–એમ ઊંડાણમાં માને છે.

એક સાધારણ એકાસણું કર્યું હશે તો તે પણ કહી દેખાડે ત્યારે એને મજા આવશે અને ઘણી વાર તો 'આપણે તે કોણ ? સાધારણ છીએ !' એમ દેખાડવાની ભીતરમાં એને પ્રશંસા સાંભળવાની રુચિ હોય છે. 'અરે ભાઇ ! અંગ્રેજી ભણેલા તો ઘણા જોયા, પણ તમે ખરા ! તમે ભણ્યા પણ ધર્મસન્મુખ રહ્યા છો'–આવી વાત સાંભળવાની એની તૃષ્ણા અને સાંભળતાં થતો સંતોષ વિચારતાં એને હજુ અંદરથી માનની દશા ઓછી થઇ છે એમ એ માનતો હોય તો તે ખાલી મનમનામણાં છે, મદનો વિભ્રમ છે, પણ એ કયાં સુધી ?

---

૧. અમુક શહેરમાં વ્યાખ્યાનશાળામાં અમુક શેઠ માટે રીઝર્વ જગા રહે તેને 'ચોસલું' કહે છે. ત્યાં અન્યથી બેસાય નહિ અને બેઠેલ હોય તો શેઠ આવે ત્યારે ઊઠવું પડે.

એનામાં કાંઈ ગુણ હોય અને તેનું કોઈ ગૌરવ કરે એટલે કે તેનો આદર કરે અગર તેની પ્રશંસા કરે ત્યારે આ પ્રાણી લેવાઈ જાય છે. એણે કાંઈ સારું દાન આપ્યું, પછી તેને માટે કોઈ માનપત્ર આપે ત્યારે આ ભાઈ પોતાને ઘડીભર કર્ણ જેવો માને છે. એ કોઈ મોટા જલસાને પાર ઉતારે અને પછી એને માનપત્ર મળે એટલે ભાઇસાહેબ ઉપર ઊછળીને ચાલે છે. પોતે કોઈ સંસ્થા સ્થાપે અને એને અંગે પોતાની જાહેર પત્રોમાં પ્રશંસા વાંચે એટલે જાણે પોતે ભવસમુદ્ર તરી ગયા એમ માની લે છે. પોતે જેલમાં દેશસેવાનિમિત્તે ગયા પછી એનો વરઘોડો નીકળે ત્યારે એ મૃત્યુલોકમાંથી દેવ થઈ ગયા માને છે. આવા અનેક પ્રસંગો છે. નાના ભાષણનાં મોટાં રૂપકો છાપામાં આવે એટલે ભાઇશ્રી હરખાઇ જાય છે. લોકો તો કોઈ પણ કળા કે ચાતુર્ય દેખે ત્યાં ભક્તિ કે આદર જરૂર બતાવે છે, પણ આ ભાઈ તેનું હાર્દ સમજતો નથી અને પોતાની જ મોટાઇ થઇ હોય, પોતાનું ગૌરવ વધ્યું હોય એમ માની ઊંચો-નીચો થઇ જાય છે અને જાણે કે બારણામાં ન સમાય તેટલો પહોળો થઈ ફરે છે. પણ આ ગૌરવ કયાં સુધી ? કેટલું ? કેટલા વખત માટેનું ? અને એ ગૌરવશીલતા કેવી ?

આખરે એ ગમે તેવો મોટો હોય, પોતાની જાતને એ ગમે તેટલી મોટી માનતો હોય-પણ એ છેવટે 'નરકીટ' છે-મનુષ્યરૂપે નાનો સરખો કીડો છે, આખી દુનિયાની નજરે તદ્દન નાનું પ્રાણી છે. એની પોતાની દુનિયા એટલી નાની છે કે એ નાની વાતમાં પોતે જાણે કેવો મોટો હોય એમ માની લે છે. દરેક પ્રાણી કેન્દ્ર થવા મથે છે અને બહુ નાના વિભાગમાં કદાચ સંયોગોને લઈને તેનો સહજસાજ ભાવ પુછાતો પણ હોય, પરંતુ આખરે તે ઘણો નાનો પ્રાણી છે, બિલકુલ હિસાબ વગરનો તુચ્છ પ્રાણી છે અને જેની અનંત કાળની અપેક્ષાએ કાંઇ ગણના પણ ન થાય એવો એ તદ્દન ધ્યાન ન ખેંચાય તેવો લઘુ છે. આવા મદના વિભ્રમમાં પડેલા અને સાધારણ ગુણના ગૌરવે પોતાને મોટા માનનારા નરકીટની એ દશા કયાં સુધી ચાલશે ? કેટલો વખત ચાલશે ?

યમરાજા એવો તો આકરો છે, એવો ભયંકર છે અને એવો તો અક્ષમ છે કે એ કોઈ ને છોડતો નથી, જતા કરતો નથી, ગણતરી બહાર રહેવા દેતો નથી. જેવી એ દેવની એના તરફ વાંકી આંખ થઈ, જેવું એ દેવે એના ઉપર કટાક્ષ નાખ્યું કે એ ભાઇ ખલાસ ! એના મદો સર્વ પાણીમાં ! એનાં માનપત્રો સર્વ દામડામાં ! અને એનાં છાપાનાં નામો તો કચારનાં ખલાસ થઈ ગયાં હોય ! એ પાકી ગણતરીવાળા જમરાજ કોઈને છોડે છે ? અને ન છોડે તો તે વખતે જાતિ, લાભ વગેરેના મદો આડા આવશે ? કે માનપત્રો રક્ષણ આપશે ? જવું છે એ ચોક્કસ વાત છે અને તે વખતે આખી જિંદગીના ચિત્રપટો સિનેમાની ફિલ્મની પેઠે દર્શન દેવાના છે તે ચોક્કસ છે. ત્યારે જ્યારે જમ બાપો એક વાંકી નજર ફેંકશે ત્યારે તમારું કુળવાનપણું કયાં જશે ? અને તમારાં અભિમાનો કયાં પોષાશે ? અને તમારાં માનપત્રો

શું આડો હાથ દેશે ? જ્યાં સુધી યમરાજ આવ્યો નથી અથવા તો એણે એક વાંકી નજર ફેંકી નથી ત્યાં સુધી જ આ અભિમાનો અને ગૌરવો છે. આંખો બંધ થઇ એટલે 'આપ મુએ સારી ડૂબી ગઇ દુનિયા.' સમજો, વિચારો, ચિંતવો. એ વખતે આધાર કોનો ? એ વખતે શરણ કોનું ? એ વખતે ટેકો કોનો ? અને ધ્યાનમાં રાખવું કે આપણું ગમે તેવું સ્થાન આપણે માનતા હોઈએ, પણ યમરાજની નજરમાં તો આપણે એક નાના કીડા છીએ અને એ વાંકી નજરે જુએ તે ઘડીએ એ આપણને ચોળી ચગડી ફેંકી દે એવી સ્થિતિમાં છે અને તે વખતે આપણો આધાર શો એ વિચારવાનું આપણું કામ છે.

(ગ ૩) ઉપર બન્ને શ્લોકોમાં જમદેવ આવવાનાં વાજાં વાંગે છે ત્યારે પ્રાણીની શી દશા થાય છે અને એ વખતે તેને કોઈ શરણ આપતું નથી, તે હાંફળોફાંફળો બની જાય છે અને મનના ઘોડા દોડાવે છે એ વાત કરી. જ્યારે મરણ એને પોતાના સપાટામાં લે છે ત્યારે એની સર્વ રાજધાનીમાં શું થાય છે અને તેની વસાવેલી દુનિયા કેવી શીર્ણવિશીર્ણ થઇ જાય છે અને તેનો કેવો ભોરકુટો નીકળી જાય છે તે આ શ્લોકમાં બતાવી તેમાંથી સાર એ બતાવે છે કે એની દુનિયાની કોઈ પણ સારી-માઠી ચીજનું શરણ રહેતું નથી, તેને તે વખતે એ કાંઈ કામમાં આવતી નથી અને એના તરફથી કોઇ પ્રકારનો ટેકો મળતો નથી.

એ ગમે તેવો મોટો પ્રતાપી હોય, એનો પ્રભાવ ગમે તેટલો પડતો હોય એના પડકારામાં અનેકનાં ગાત્ર ગળી જતાં હોય, પણ મરણને એ વશ પડ્યો એટલે એનું મરણ થયું કે એ સર્વ ખલાસ થઈ જાય છે. મોટા અલેકઝાંડર (સિકંદર), પોંપી, સીઝર કે શાહજહાન જેવા શહેનશાહો મરણ પામે છે એટલે એનો સર્વ પ્રતાપ નાશ પામી જાય છે, એના નામે ચાસકો પડતો હોય છે તે ખલાસ થઇ જાય છે અને એના પ્રભાવથી પૃથ્વી ધણુધણુતી હોય છે તે સર્વ બંધ પડી જાય છે. આખી બજારને નચાવનારના હાથ નીચા પડે છે એટલે એના નામનો ચમત્કાર પૂરો થઈ જાય છે. બે કલાક ઊંઘી જાય તો બજારમાં ટકાઓના ફેરફાર થઈ જાય છે તે જ બજારો તેના મરણને દિવસે એક દિવસ બંધ રહે છે, પણ પછી ઘોર અંધારી રાત !

પ્રાણીની સંપત્તિ, એનાં ધન, દોલત, બજાના, એનું યૌવન અને એનો પડછો એ સર્વનું તેજ ગળી જાય છે. એણે લાખો મેળવ્યા હોય તે નકામા થઈ જાય છે અને એના જુવાનીના ઝબકારા ઠંડા થઈ જાય છે. મરણ પછી તેજોહાનિ એટલી મોટી થાય છે કે થોડાં વર્ષ પછી એનું નામ યાદ કરતાં પણ પ્રયાસ કરવો પડે છે અને બીજો યુગ આવે ત્યાં તો એ લગભગ સર્વથા ભુલાઇ જ જાય છે. મોટા શહેરના યુવકો કે ગામડાના છેલબટાઉ, તાલીમબાજ કે સેન્ડો જમીન ભેગા થયા કે એની સાથે તેજ કે ચમત્કારમાંથી કાંઈ રહેતું નથી અને એ સર્વ ગળી જાય છે.

જે પ્રાણીમાં કોઈ જાતનું ધૈર્ય હોય, જેણે ચિત્તની સ્થિરતા પ્રાપ્ત કરી હોય કે એવા ગુણો પ્રાપ્ત કર્યા હોય તે પણ મરણને વશ પડતાં બધું ખલાસ થઈ જાય છે. મરણ વખતે પ્રાણી

ધીરજ ગુમાવી બેસે છે અને મર્યા પછી તો ધીરજ હતી કે નહિ એ સવાલ પણ નકામો થઈ પડે છે. એણે સારા કે ખરાબ ઉદ્યોગો આદર્યા હોય તો તેના પૂરતા તો તે સર્વ ખલાસ થઈ જાય છે. મોટાં કારખાનાં શરૂ કરનાર, અનેક મિલો ચલાવનાર કે કોઇ વિશિષ્ટ કાર્ય આદરનાર સર્વ અહીં મૂકીને જાય છે. એની નજરે જોતાં ઉદ્યોગો સર્વ ખલાસ થઈ જાય છે, દૂરે નાસી જાય છે અને પછી ચાલ્યા કરે તો પણ એને તો એ સર્વ ખલાસ જ છે. એને ઘેર એ આવે કે એના કારખાનામાં આવે તો એને 'ભૂત' ગણીને મારી ધકેલી કાઢી મૂકે છે, એને મરચાના ધૂમાડા આપે છે અને કોરડાથી ફટકાવે છે.

અરે ! બીજી વસ્તુની વાત શી કરવી ? પણ એનું પોતાનું શરીર, જેને એણે પંપાળ્યું -પોષ્યું હોય છે, જેની ખાતર એણે ઠંડી, તાપ, અગવડો, ઉપાધિઓ સહ્યાં હોય છે, જેને માટે અનેક દવા-ઉપચાર કર્યા હોય છે, જેને હવા ખવરાવવા અનેક સ્થાનકોએ લઇ ગયેલ હોય છે અને જેને ચાંપી-ચંપાવીને, તેલના માલેસ કરાવીને, સાબુ લગાવીને, ન્હાઈ ધોઈને સાફ કરેલ-પોષેલ હોય છે તે શરીર પણ તદ્દન સામર્થ્ય વગરનું થઈ જાય છે. એનામાં, ભીમ, સેન્ડો કે હરકયુલિસ જેટલું બળ હોય તો પણ એ મરણને શરણ થાય છે ત્યારે એની સર્વ નાડીઓ તૂટી જાય છે અને એ શરીર કોઈ પણ પ્રકારનો જવાબ આપતું નથી. એના શરીરમાંથી વાયુ એક પછી એક નીકળી જાય છે અને અંતે હૃદય બંધ થાય છે એટલે પ્રાણપોક મુકાય છે. એની નાડીઓ તૂટે અને એને ડચકાં આવે ત્યારે એના મજબૂત શરીરની અંદર શું શું થતું હશે તે જોનાર જોઈ શકે છે, પણ એનું પંપાળેલું-પુષ્ટ કરેલું શરીર પણ એવી ખરી કટોકટીના સમયમાં તેની બાજુએ ઊભું રહેતું નથી, એને કોઈ પ્રકારનો ટેકો આપતું નથી અને એના સંબંધમાં એણે કરેલી ગણતરીમાંની એક પણ એ સાચી પાડતું નથી. આવી રીતે એના પોતાના શરીરનો પણ એને ટેકો મળતો નથી.

એક ઘણી વિચિત્ર વાત છે તે એ કે છે આ પ્રાણીની આખી પ્રવૃત્તિ પૈસા મેળવવા, વધારવા અને રક્ષણ કરવામાં ઘણું ખરું રોકાયેલી હોય છે. એને પૈસાની વાતોમાં ઘણી મજા આવે છે. એ પૈસા પણ એને કોઇ જાતનું રક્ષણ આપતા નથી, કાળના પાશમાંથી એને બચાવતા નથી અને એને કોઇ રીતે જીવાડતા નથી. ઊલટું, એના મરણ પછી એના પૈસા મેળવવાની એના બાંધવો ખટપટ કરે છે, દોડાદોડ કરે છે અને મરનારને યાદ કરવાને બદલે એણે કરેલા વિલની ટીકા કરવા માંડે છે. એમાં જો એક છોકરાને વધારે અને બીજાને સહેજ ઓછું આપ્યું હોય તો જોઇ લો મજા ! કોર્ટમાં કેટલા એસ્ટેટો આવે છે, ત્યાં મરનારને વિલ કરવાની શુદ્ધિ નહોતી, વિલ કરવાની શક્તિ નહોતી, એના ઉપર અન્ય સંબંધીએ દબાણ કર્યું હતું, એની મિલકત વડીલોપાર્જિત હોઇ એને વિલ કરવાની સત્તા નહોતી વગેરે ઝગડાઓ ચાલે છે અને જે દ્રવ્યની પાઇએ પાઇ અનેક કષ્ટ કરી, સાચાં-ખોટાં કરીને મેળવી હોય છે તે વેડફાઇ જાય છે. મૃતક ઉપર ગીધો પડે તેમ અનેક માણસો એના ઉપર ટાંપી બેઠા હોય છે અને તેને

બેદાનમેદાન કરવામાં મજા માને છે, જે દ્રવ્ય મેળવવા કે જાળવવા ભગીરથ પ્રયાસ કર્યા હોય કે લિયાની જેમ ચોકી કરી હોય એ પૈસા એને કોઈ પણ પ્રકારનો ટેકો આપતા નથી, યમદેવને એક ઘડી રોકી શકતા નથી અને બગડતા પરભવને સુધારી શકતા નથી.

અસલના વખતમાં નિર્વંશ જાય ત્યારે સગાઓ માલિક થવા આવતા અથવા રાજા સર્વ ધન લૂંટી લેતા અથવા જપ્ત કરતા. તે વખતે કોઈ મરનારના શુભનો વિચાર ભાગ્યે જ કરતું અને અત્યારે કોર્ટ કે દરબારમાં પૈસાનો જે ફેજ થાય છે તેની કર્મકથા જાણીતી છે. એવા પૈસા માટે અર્થ કે પરિણામ વગરનો વીર્ય-વ્યય કોઇ સમજુ કરે નહિ, પણ એ તદ્દન જુદી બાબત છે. અહીં પ્રસ્તુત વાત એ છે કે એ પૈસા લેવા ભાઈ ઓ, સગાઓ કે સ્વજનો દોડાદોડ કરે છે, પણ એ પૈસા આ ભાઇશ્રીને કોઈ જાતનું શરણ-આધાર કે ટેકો આપતા નથી. આ પરિચયમાં ઘણી જરૂરી વાત થઇ ગઈ છે તેથી ગીતની વિચારણામાં બહુ લંબાણ ન કરતાં સંક્ષેપમાં પતાવશું.



૧. માતા પુત્રના દરરોજ ખબર પૂછે છે. એનું માથું દુઃખે તો એ ઓસડ કરવા મંડી જાય છે. માંદો પડે ત્યારે હાંફળીફાંફળી થઈ જાય છે, રાત્રે નિરાંતે ઊંઘતી નથી. પુત્ર ઉપર એકાંત પ્રેમ-વાત્સલ્ય બતાવનાર માતા પુત્રના હિતનો જ વિચાર કરે છે. પિતા બાળકો ખાતર રળે છે. ભાઈઓ ભાઈને મળે ત્યારે હિતની સલાહ આપે છે. સ્ત્રીનું હિત તો પતિ સાથે જ જોડાયેલું હોય છે. પુત્રો પિતા ધન કેમ વધારે વધારે મેળવે તેનો ખ્યાલ કરી તેનું લાંબુ આયુષ્ય ઈચ્છે છે. સગાઓને પણ કુળમાં કોઈ સારો હોય તો કામનો છે એ નજરે પણ એના હિતની આકાંક્ષા રહે છે. આવી રીતે સર્વ સ્વજનો હિતની કામના કરે છે અને હિતનાં આંદોલનો આપે છે. દુનિયાનો સારામાં સારો અર્થ કરીને આ વિચાર ગ્રંથકર્તાએ બતાવ્યો છે. સર્વથા એમ જ હોય છે એવું નથી એમ આપણે જાણીએ-જોઈએ છીએ પણ એવું હોય ત્યાં પણ અંદરની વાસ્તવિક શી સ્થિતિ છે તે બતાવવા સારો અર્થ લીધો જણાય છે, અને એ સર્વ સ્વજનો આ ભાઈસાહેબ પર એકાંત પ્રીતિ રાખનારા હોય છે. માનો પ્રેમ તો અચૂક હોય છે. છોકરો ખરાબ હોય તો પણ એ તો પ્રેમનો ઝરો કહેવાય છે અને 'છોરું કછોરું થાય પણ માવતર કમાવતર કદી થતાં નથી' એ સર્વથા તો નહિ પણ બહુધા સાચી વાત છે. પિતા પુત્ર ઉપર પ્રીતિ રાખે જ, એણે તો હાથે પોષેલ એના મનનું રત્ન છે. સ્ત્રીની પ્રીતિ હોય તેમાં નવાઈ નથી. આર્યકુળવધૂના સર્વ સુખનો આધાર તેના પતિની પ્રીતિ ઉપર જ છે અને એના સૌભાગ્યનો રક્ષક પણ એ જ છે. બ્હેન તો ઠેશ વાગે તો યે 'બમા મારા ભાઈને !' કહે છે. એની પ્રીતિ જરૂર હોય. બાકી પુત્રો, પુત્રીઓ તો એના સામું જ જોનારા એટલે એમની પ્રીતિનો સવાલ શો હોય ? અને સગાંઓ જરૂર સારામાં જ રાજી થાય, એનો ઉત્કર્ષ દેખી પ્રીતિરસમાં એકલા ન્હાય એમાં નવાઈ નથી. આ સર્વ તો જીવનની ઊજળી બાજુ વર્ણવી છે.

આવી રીતે આખી સારી સૃષ્ટિ જામી હોય, ચારે તરફથી હિતના આશીર્વાદો મળતા હોય, પ્રેમનાં ઓવારણાં લેવાતાં હોય, પરદેશ જાય તો પત્રો પાઠવાતા હોય, જેલમાં હોય તો ઇન્ટરવ્યૂ લેવાતા હોય, પાંચ દહાડા સમાચાર ન આવે તો તારથી સુખસમાચાર મંગાવવાની ઉતાવળ થતી હોય-એવા પ્રાણીને પણ જ્યારે મરણ આવે છે ત્યારે એનું કોઈ રક્ષણ કરી શકતું નથી, એને કોઈનો ટેકો મળતો નથી અને કોઈ એને બદલે પથારીમાં સૂતા નથી.

એક વાત છે. એક સાચા ઉપદેશક-સંત સાધુને એક પ્રાણી મળ્યો. ઘરનો સુખી હતો. ગુરુની વાત સાંભળી સહજ વૈરાગ્ય થયો પણ મોહ ન છૂટે. સંતે ખરો સ્નેહ કેવો હોય છે તે બતાવવા તાકડો રચ્યો. મુમુક્ષુ (પ્રાણી) ઘરમાં ઓઢીને સૂઈ ગયો. અસહ્ય પેટની વેદનાના ઢોંગ કર્યા. ગામના ભાવા, ભૂવા, વૈદ્યો બોલાવ્યા. ઉપચાર ચાલ્યા. પણ ઢોંગીની પીડા વધતી જ ચાલી. વ્યાધિ હોય તો મટે ને ? અંતે સંત આવ્યા. ભગવો વેશ અને ટીલાંટપકાંનો પાર

હોતો. એણે તબીયત તપાસવાનો દેખાવ કરી કષ્ટસાધ્ય કેસ છે એમ જાહેર કર્યું. આખું મંડળ કાંઈક નિશ્ચિંત થયું. સંતે પાણીનો પ્યાલો લીધો. ત્રણ વાર તેના શરીર પર ફેરવ્યો અને કહ્યું કે આ પાણીમાં સર્વ વ્યાધિ ઊતરી ગયો છે. જે આ પાણી પીશે તે મરી જશે અને ભાઇશ્રી ઊઠશે. અત્યાર સુધી માતા, ભાઈ, પિતા, પુત્ર સર્વ પ્રાણ આપવા તૈયાર થવાની વાતો રડતાં રડતાં બોલતાં હતાં તે સર્વ ચૂપ થઈ ગયાં. સ્ત્રીએ પણ વિચાર્યું કે હું જઇશ તો નવી આવશે ! સંત કહે–ઊઠ, ભાઇ ! જોયું ?

આ તો તદ્દન સાદી વાત છે. કોઇ શરણ આપી શકે તેમ નથી અને આપવાના પણ નથી. ગમે તે સ્વજન આવે તે બાલી પ્રાણપોક મૂકનારા છે, બાકી મરણ કોઈને વશ થતું નથી અને એ આવે ત્યારે તેને કોઈ અટકાવી શકતું નથી. એ પ્રાણી ગમે તેવો સંત–સુખ આપનારો હોય કે ગમે તેવો ભલો કે ભૂંડો, વહાલો કે દવલો, રળાઉ કે ઉડાઉ ભણેલો કે અભણ હોય પણ કોઈપણ સ્વજન તેને રક્ષણ આપી શકતું નથી અને મરણને થોડી વાર થોભાવી પણ શકતું નથી. આમાં નિરર્થક ટીકા કરનારાં સગાંઓ, બાપના મરવાની રાહ જોતાં બેસી રહેલા ઉડાઉ પુત્રો, ધણીનો પ્રેમ હારી ગયેલી, શોકચના શલ્ય વાળી ભાર્યા કે એવા કેસોનો સવાલ નથી; ત્યાં તો કોઈ આડો હાથ દેવાનો ખ્યાલ પણ ન કરે; પણ દુનિયાની નજરમાં સારામાં સારા પ્રેમને પાત્ર થવા સર્જાયેલ થોડા આદર્શ સુખીઓને પણ જ્યારે તેઓ મરણદશાની નજીક જાય છે ત્યારે તેમના આવા જ હાલ થાય છે એ આપણા દરરોજના અનુભવનો વિષય છે. એક પણ સ્વજન મરણથી આ પ્રાણીનું રક્ષણ કરી શકતો નથી એ સિદ્ધ વાત છે.

સર્વ રીતે સુખી ગણાતાની આ સ્થિતિ છે, બાકીના માટે શું હોય તે સમજી લેવું.

(ધ્રુવપદ) ત્યારે આવી સ્થિતિમાં કરવું શું ? આ તો ભારે ફસાણા. આ તો ભરોંસાની ભેંસે પાડો જણ્યા જેવી વાત થઈ! આપણા પોતાના સ્વજનો–ઘરના માણસો ઉપર આધાર ન રાખી શકીએ ત્યારે જવું કયાં ? કરવું શું ? આના ઉપર એક ધ્રુવપદ કહે છે. એ પ્રત્યેક ગાથા સાથે બોલવાનું છે. તેનો ભાવ નીચે પ્રમાણે છેઃ—

આખા ગીતમાં બતાવાશે અને ઉપર શ્લોકોમાં બતાવાઈ ગયું તેમ કોઇ વસ્તુનો, સંબંધીનો કે સગાનો ટેકો આ જીવને અણીને વખતે નથી, એ વાત તો સમજાણી; પણ એમાંથી કોઈ રસ્તો ખરો કે બાલી મૂંઝાઈ મરવાનું જ છે ? આ પ્રશ્ન સ્વાભાવિક છે. આવે વખતે બીજું તે કોણ મદદ કરે ? જ્યાં સગાવહાલાં તો શું પણ શરીર પણ ઠંડું પડી જાય, નાડીઓ પણ તૂટી જાય ત્યાં બીજો કોણ પાસે આવે ?

ત્યારે **ધર્મ** એના ખરા આકારમાં ટેકો આપે છે. જીવનમાં જેટલી અહિંસા વણી દીધી હોય, ન્યાયમાર્ગે પ્રવર્ત્યા હોઇએ, સાચી સલાહો આપી હોય, ગમે તેટલા જોખમે સત્ય માર્ગ આદર્યો હોય, ભયંકર પ્રસંગોમાં મન પર કાબૂ રાખ્યો હોય, પરસ્ત્રી તરફ નજર પણ ન કરી હોય, વગર હક્કનું લીધું ન હોય, દીન જનોને દાન દીધાં હોય, બ્રહ્મચર્ય પાળ્યું હોય,

દંભને દૂર રાખ્યો હોય, માનના પ્રસંગે આડા હાથ દીધા હોય, કપટજાળના ભોગ કોઈને ન કર્યા હોય, ખોટાં આળ ન દીધાં હોય, ચાડીચુગલી ન કરી હોય અને પ્રામાણિક જીવન જીવી જે કોઇ નૈતિક કે આંતરિક પ્રગતિ કરી હોય એ સર્વનો ખરો આધાર તેવે વખતે થાય છે. એ વખતે એ સાચો ટેકો આપે છે અને એ એના ખરા સ્વરૂપમાં તેવે આપત્તિને વખતે બરાબર યાદ પણ આવે છે. એનું શરણ બરાબર થાય છે. કહેવત છે કે 'સુખે સોની ને દુઃખે રામ.' રામ એટલે અહીં પોતાના ઇષ્ટદેવ સમજવા.

ધર્મમાં બે વિભાગ હોય છેઃ તત્ત્વજ્ઞાન અને નૈતિક વિભાગ. નૈતિક વિભાગમાં આંતર અને બાહ્ય વિભાગ આવે છે. આંતરમનોરાજ્યમાં સર્વ મનોવિકારોનો સમાવેશ થાય છે. એના પર વિજય મેળવવાની ચાવી આ Ethics નો વિભાગ આવે છે. બાહ્યમાં એને પ્રાપ્ત કરવાની ચાવીઓ–માર્ગો એટલે ક્રિયાઓ હોય છે. એ સાધનધર્મોની ઉપયોગિતા પુષ્કળ છે, પણ ધર્મનો ખરો ઉપયોગી વિભાગ આંતરદશા પર કેટલી અસર થઇ તેમાં આવે છે.

એ ધર્મને અંગે પરીક્ષા કરીને સ્વીકાર કરવાની જરૂર છે. આંતરરાજ્યમાં બહુધા મતભેદ પડતો નથી. શુદ્ધ જીવન જીવવાનો, સત્ય વચનોચ્ચાર કરવાનો, અન્ય જીવની હિંસા ન કરવાનો ઉપદેશ લગભગ સર્વ ધર્મો જુદા જુદા આકારમાં આપે છે. મોહમમત્વ તજી આત્મારામને એના સ્વરૂપમાં ઓળખવા પ્રરૂપણા થતી આવી છે. એ ધર્મ આ પ્રાણીએ કોઇ કોઇ વાર જરુર સ્વીકાર્યો પણ હોય છે; તે તેને શરણ આપે છે, તેને તે ટેકારૂપ થાય છે અને તેના ઉપર આધાર રાખવામાં તે છેતરાતો નથી.

એ ધર્મોનો દર્શનવિભાગ વિચારી જે ધર્મમાં પરસ્પર વિરોધ ન આવતો હોય, આગળ–પાછળ સત્ય એકસરખું ચાલ્યું આવતું હોય તેનો સ્વીકાર કરવો અને તેનું શરણ લેવું.

પૂ. વિનયવિજય ઉપાધ્યાય કહે છે કે અમે જૈન ધર્મને સારી રીતે તાવી જોયો છે. સોનાની પરીક્ષા જેમ કષ, છેદ અને તાપથી થાય છે તેમ અમે તેની પરીક્ષા કરી છે. તેના વિધિ અને નિષેધના માર્ગો ચકાસી જોયા છે, અમે એના તત્ત્વમાર્ગમાં પણ ખૂબ ઊંડા ઊતર્યા છીએ અને અમે બારીકીમાં ઊતરી એનાં નય અને પ્રમાણ સત્યો સમજ્યા છીએ, અમને એમાં અપેક્ષાઓ સમજાણી છે અને આખા માર્ગમાં અમે પૂર્વાપરવિરોધ જોયો નથી. એના વિધિમાર્ગોમાં ગમે તેટલા મતભેદો હશે, પણ એના દાર્શનિક વિભાગમાં એક જ મત છે. એનો કર્મનો સિદ્ધાંત અવિચળ છે, એની નિગોદની વ્યવસ્થા વિચારણીય છે અને એનું સ્યાદ્વાદ–સ્વરૂપ અમને ખાસ આકર્ષક લાગ્યું છે.

તમે એ જૈન ધર્મનો આશ્રય કરશો તો તે તમને જરૂર 'શરણ' આપશે એમ અમે ખૂબ વિચારથી કહીએ છીએ. તમે કોઈ પણ ધર્મનું શરણ કરો તે તમારી મરજીની વાત છે, પણ તમે જૈન ધર્મનું શરણ કરશો તો તેમાં છેતરાશો નહિ એ અમે અમારા અભ્યાસ અને અનુભવથી કહીએ છીએ.

ટૂંકામાં, ધર્મનું શરણ લેવાનો તેમનો આદેશ છે. તેઓ કહે છે કે તું ધર્મનું શરણ કર, તેમાં પણ પરીક્ષા કરીને જૈન ધર્મનું શરણ કર.

ઉપરાંત એક વાત ખાસ કરવાની છે. વિશિષ્ટ પવિત્ર ચરણ-ચારિત્ર તેનું તું સ્મરણ કર. તેના ઉપર આધાર રાખ અને તેને તારા જીવન સાથે વણી દે. ચારિત્રરાજના મંદિરમાં જે ક્ષમા, આર્જવ, માર્દવ, મુક્તિ (લોભત્યાગ), તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચનત્વ અને બ્રહ્મચર્યરૂપ ધર્મો છે તે અથવા શ્રાવકનાં બાર વ્રતો છે તે તને શરણ આપશે. એનું સ્મરણ પણ તને ટેકો આપશે. એનો નામોચ્ચાર પણ તને અકળામણથી દૂર રાખશે અને એની સાથે આત્માનુસંધાન તને અદ્વિતીય ટેકો આપશે. ચારિત્રનો મહિમા વર્ણવવાનું આ સ્થાન નથી. બાહ્ય સર્વ ક્રિયાઓની અસર વર્તન (ચારિત્ર) પર કેટલી થઇ છે તે જ અંતે જોવાનું છે. અંદર ભીનાશ-કુણાશ ન આવી હોય તો બાહ્ય ક્રિયા નકામી તો નથી પણ તત્ફલાપેક્ષયા અંતે આ આત્માને વધારે દૂર લઇ જતી નથી. મેરુપર્વત જેવડો ઢગલો થાય તેટલા ઓઘા-મુહપત્તિ આ જીવે કર્યાની વાત સુપ્રસિદ્ધ છે તે આ દૃષ્ટિએ છે. માત્ર તું ચારિત્રનું સ્મરણ કર. માત્ર ક્રિયાની અપેક્ષાએ નહિ, પણ જીવવાની તીવ્ર ઇચ્છાથી એનું સ્મરણ કર. એનું સ્મરણમાત્ર તને ટેકો આપશે, તારો આધાર બનશે અને વિશાળ દરિયામાં તારી પડખે ઊભું રહેશે. એ ચરણ-ચારિત્ર સાથે અનુસંધાન કરી લે, એની સાથે તું એકમેક થઈ જા અને તેનો તારી સાથે એકતાર કરી દે. એ તને ટેકો છે, ખરો આધાર છે.

'ચરણ'નો અર્થ પગ. મહાપવિત્ર પુરુષોના ચરણયુગનું સ્મરણ કર-એ અર્થ પણ શક્ય છે, પણ વિષયની ઘટના સાથે ચારિત્ર અર્થ વિશેષ અનુરૂપ જણાય છે. પગનું સ્મરણ થતું નથી, પણ તેની પૂજા થાય છે. આ ધ્રુવપદ દરેક ગાથાને અંતે ખાસ બોલવા અને વિચારવા જેવું છે. નિરાશ થતા આત્માને એ મોટો ટેકો આપે તેમ છે અને એ ટેકાની એને એ વખતે ખાસ જરૂર છે.

૨. નાના પ્રાણી કે મનુષ્યની તો શી વાત કરીએ પણ મોટો રાજા હોય, મોટા રાજાઓનો પણ રાજા હોય, એની ચારે બાજુએ ઘોડા, રથ, હાથી અને લશ્કરીઓ હોય, એનું રક્ષણ કરવા એના ખાસ રક્ષકો (બોડીગાર્ડો) તૈયાર હોય, એનું લશ્કર દુનિયામાં અજેય ગણાતું હોય, એની સેનાએ કદી હાર ખાધી ન હોય, એની વ્યૂહરચના ઘણી ગૂંચવણવાળી હોય, એનું પોતાનું બળ પણ અતિશય પ્રસિદ્ધિ પામેલું હોય અને એવી રીતે એ મોટા કિલ્લાઓથી, શસ્ત્ર-અસ્ત્રોથી એને લડાઈની તથા બચવાની સર્વ સામગ્રીઓથી સુરક્ષિત હોય, એનું એકલાનું જોર સેંકડો સેનાનીઓને પૂરા પાડે તેવું બતાવાયું હોય-એવો મોટો છત્રપતિ હોય એને પણ એ યમરાજ એક ક્ષણવારમાં ઊંચકી લે છે, એક ઘડીના છઠ્ઠા ભાગમાં જમીન પર રગદોળી નાખે છે અને એમ કરવામાં એને જરા પણ શંકા કે વિચાર થતો નથી.

દરિયાના કાંઠા નજીક એક ગલ અથવા એક કલકલ પક્ષી થાય છે. એ તદ્દન સફેદ છે. એનો ખોરાક માછલાં હોય છે. એ જેમ માછલાંને પોતાની ચાંચમાં ઉપાડી લે, તેમ મોટા રાજા

મહારાજા કે ચક્રવર્તીને યમરાજ ઊંચકી લે છે. એ વખતે રાજાનું મોટું લશ્કર કે એના હાથી, ઘોડા, રથ, પાયદળ, પલટન, એરોપ્લેનો કે મશીનગનો કાંઇ કામમાં આવતાં નથી, કોઈ એની આડો હાથ દઈ શકતા નથી અને લશ્કરની વચ્ચેથી, વજ્ર કિલ્લાની અંદરથી અને સામગ્રીઓની ભીતરમાંથી ખેંચી અને ઉપાડીને યમરાજ એક ક્ષણમાં ચાલ્યો જાય છે. (મૈનિક શબ્દ મોટા મત્સ્યનો વાચક પણ છે, મોટા મત્સ્યો નાના મત્સ્યોને નિરંતર બાધા કરે છે.)

આ વખતે એ મોટા મહારાજાને શરણ કોનું ? ટેકો કોનો ? આધાર શેનો ? રાણીઓ રડે, વૈદ્યો હાથ ખંખેરે, દાસીઓ છાજીઆ લે, અમાત્યવર્ગ હાય બળતરા કાઢે, પણ એ સર્વ નકામું નીવડે છે અને એ બધાની વચ્ચેથી ઉપડી જાય છે. વાત એ છે કે—

જાવું છે જી, જાવું છે જરૂર; કાયા તારી કામ ન આવે, ઝાંખાં થાશે નૂર.
ચક્રી સરખા વહી ગયા, આકડાનાં તૂર, જાવું છે જી.

વગેરે. મોટા માંધાતા જેવા રાજાઓ ગયા, વિક્રમાદિત્યો ગયા, સિદ્ધરાજ જેવા ગયા અને આખી મુગલાઈ પણ ઉપડી ગઈ. નેપોલિઅન સેંટ હેલીનામાં ગયો, શાહજહાન કેદમાં મુઓ, ઔરંગઝેબ દક્ષિણમાં ખલાસ થઈ ગયો અને ઋષભકૂટપર કાકિણી રત્નથી નામ લખનાર બ્રહ્મદત્ત, સુભૂમ જેવા ચક્રવર્તીઓ પણ ગયા ! એલેકઝાન્ડરને પૃથ્વી જીતવાની બાકીમાં રહેલી ન જડી ત્યારે સમુદ્રને સાધવા ગયો, સુભૂમ બીજો ભરતખંડ સાધવા ગયો, પણ અંતે સર્વ ગયા ! એ દરેકે મરતી વખત પછાડા માર્યા છે અને માથાં પછાડ્યાં છે. ત્યારે તું તે કોણ માત્ર ! વિચાર કે એવો અવસર આવશે ત્યારે તું કોનો આધાર લઈશ ? તારી છાતી ઉપર હાથ મૂકી નિરાંતનો શ્વાસ લઈ શકીશ ? હજુ પણ સાંભળ. એ મુદ્દા ઉપર ઘણું કહેવાનું છે.

૩. એવા રાજાઓ તો ઉઘાડી રીતે ગયા અથવા તેને યમરાજે ઉપાડી લીધા, પણ પ્રાણી કદાચ સખ્ત લોઢાના ઘરમાં પેસે, તિજોરીમાં ઢંકાઈ જાય, કપાટ બંધ કરીને બેસી જાય કે પટારામાં પેસી જાય અથવા તો દીન-શરણાગતની પેઠે પોતાના મુખમાં તણખલું લઇ યમરાજને વિનંતી કરે કે-'હે દેવ ! મને તો છોડો ! મને બચાવો ! હું તમારે શરણે છું !' (પ્રાચીન સમયમાં રાજાઓ લડતા પણ દુશ્મન મ્હોંમાં તણખલું લે એટલે છોડી દેતા. અત્યારે પણ સફેદ વાવટો બતાવો એટલે લડાઈ બંધ પડે છે અને સુલેહ થાય છે.) પણ આ યમદેવને તો દયાનો છાંટો આવતો નથી. એ તો દરેકના કોળીઆ કરવામાં મજા માને છે. એને વજ્રમય ઘરમાંથી પકડતાં વાર લાગતી નથી કે એની પાસે મુખમાં તણખલું લઇ કરેલી પ્રાર્થના બર આવતી નથી. જેમ પરમાધામી દેવોને નારકીના જીવોને ત્રાસ ઉપજાવવામાં મજા આવે છે અને તેઓને રડતા-કકળતા જુએ ત્યારે એ નીરોની જેમ રાજી થાય છે તેમ નિર્દયતાના પુરુષાર્થમાં નાચ કરી રહેલ યમદેવ કોઇ પણ પ્રાણીને છોડતો નથી.

વળી એનામાં એક વિશિષ્ટતા અથવા નીચતા એ છે કે બીજા પ્રાણીઓ સારા અર્થમાં સર્વને સરખા ગણે છે અને સર્વને સરખો લાભ આપે છે ત્યારે આ યમરાજ જીવ લેવાની બાબતમાં સર્વને સરખા ગણે છે. એને મન કોઈ મોટો નથી, કોઈ નાનો નથી, એ તો નીચતાની પરાકાષ્ઠાએ જઈ મોટા કે નાનાને–સર્વને શરીરથી છૂટા પાડી, એનાં સગાંસંબંધીને રડાવી ખેંચી જાય છે. એના આવા સર્વને સરખા ગણવાના તુચ્છ ભાવ પર લ્યાનત હો ! ધિક્કાર પડો ! પણ એમ કહેવાથી કાંઈ વળે તેમ નથી–તેને જરા પણ દયા આવે તેમ નથી.

જ્યારે રાજાનો પરિવાર કે તેનું લશ્કર નકામું થાય છે, છુપાઈ જવાના પ્રયોગો નિષ્ફળ જાય છે અને બતાવેલી લાચારીને કરેલી પ્રાર્થના ઉપયોગ વગરની બને છે ત્યારે એની પાસે શરણ કોનું ? આમાંથી બચવાના કોઈ ઉપાય કારગત લાગતા નથી.

હજુ કાંઇ બીજા ઉપાય હોય તો તપાસીએ. આ તો સર્વ પ્રકારે નિરાશા મળે છે. ચાલો, આગળ વધો, કાંઇ કરતાં કાંઈ ઉપાય શોધ્યો મળે છે ?

૪. વિદ્યાઓ સિદ્ધ કરવાથી આકાશમાં ઊડી શકાતું, સમુદ્ર તરી શકાતો અને એવાં આશ્ચર્યો થતાં. મંત્ર (રસ) સિદ્ધ કરવાથી સોનું થઈ શકતું, સ્ત્રી–પુરુષને વશ કરી શકાતાં વગેરે. મહા ઔષધિઓના ઉપયોગથી આકરા વ્યાધિઓ સુધરી શકતા. આવા અનેક દાખલાઓ કથાનકોમાં નોંધાયેલા છે. વિદ્યા અને મંત્રના પ્રભાવથી દેવતાઓ વશ થતા અને દેવતાઓ અનેક કામ કરી આપતા.

આ વાતની સત્યાસત્યતા તપાસવાનું આ સ્થાન નથી. શત્રુંજયયાત્રા બંધ થઈ ત્યારે આવા મંત્ર કે વિદ્યાઓનો ઉપયોગ કેમ નહિ થયો હોય ?–એવો ઘણા પ્રશ્ન કરતા હતા. આપણે એ વિષયની ચર્ચામાં ઊતરીએ તો મુદ્દા વીસરી જઇએ. વાત એ છે કે મંત્રથી, વિદ્યાથી કે મહા–ઔષધનું આસેવન કરવામાં આવે અને દેવતાઓને વશ કરી દે તેવું તે આસેવન હોય તો તેથી પણ મરણ છોડતું નથી. ગમે તેવી સિદ્ધ ઔષધિઓ મોટા ધન્વંતરિ પોતે લાવી આપે અથવા મંત્રોના ઉપરાઉપરી ઉચ્ચાર થયા કરે, વિદ્યાદેવીઓનો કદાચ સાક્ષાત્કાર થાય તો પણ મોત છોડતું નથી, છોડે તેમ નથી.

જ્યારે ડોક્ટર કે વૈદ્યના મુખ પર નિરાશા દેખાય છે અથવા નજીકના સંબંધીઓને વ્યાધિ ગંભીર અથવા 'હોપલેસ' જણાવવામાં આવે છે ત્યારે પછી ભૂવાના પ્રયોગો ઘણીવાર થાય છે, ડાકલાં વાગે છે, શરીર પર ત્રાંબાના પૈસા બંધાય છે, નજરબંધી થાય છે, ખાટલા ફરતા ખીલા ઠોકાય છે, લીંબુ માથા પરથી ઉતારાય છે, બાધાઓ રખાય છે, આખડીઓ લેવાય છે અને કેંક કેંક તોફાનો થાય છે; પણ અંતે પ્રાણપોક મૂકવામાં એ સર્વનો અંત આવે છે.

દેવતાને પોતાને મરણ છોડતું નથી તો તેઓ આપણાં શાં દળદર ફીટાવવાના હતા ? એ તો માત્ર ડૂબતી વખતે બાચકા ભરવાની વાત છે. મરણ કોઈ દેવને વશ નથી, કોઈ મંત્રને વશ નથી, કોઈ વિદ્યાને તાબે નથી.

શરીરમાં વૃદ્ધિ કરવા માટે ગમે તેવાં રસાયણો ખાવામાં આવે, તામ્રભસ્મ, ગજવેલ, મારેલ પારો, સોનું, રૂપું, વસંતમાલતી, પંચામૃત પરપટી, અબરખ કે બીજી અનેક રસાયણી ચીજોનો ઉપયોગ કરવામાં આવે; પણ મરણ છોડતું નથી. મોટા દેવો, વૈદ્યો, ડોક્ટરો કે સરજનો મરણને ફીટાડી શકતા નથી અને એલિકઝીર (Elixir) (મરણજયની દવા) શોધવા પાછળ હજારો વર્ષ નીકળી ગયાં છે, પણ હજુ સુધી તેવી દવા મળી નથી અને અત્યાર સુધીના વિજ્ઞાનનો વિકાસ વિચારતાં તેવી દવા શોધાવાની શકયતા પણ જણાતી નથી.

શ્રી વિનયવિજયજીના વખતમાં વિદ્યા, મંત્ર, મહૌષધિનો મહિમા મોટો મનાતો હશે. અત્યારે સરજનનાં ચપ્પુ અને ડોકટરનાં ઇન્જેકશનોનો મહિમા મનાય છે, પણ ગમે તે રીતે જોઈએ, પરંતુ મરણ છોડતું નથી. હૃદય ચલાવવા હાઇપોડરમિક ઈન્જેકશન આપીએ કે હિરણ્યગર્ભનો ઘસારો આપીએ, પણ અંતે રડવાનું છે અને ખરખરો કરનાર બોલવાના છે કે—'ભાઈ! ત્રુટી એની ખુટ્ટી નથી.' આ સાદી કહેવતમાં સેંકડો વર્ષોનો અનુભવ સમાઈ જાય છે. જ્યાં આયુષદોરી તૂટી ત્યાં દવા, ઉપચાર કે મંત્ર કાંઇ ઉપયોગી નથી. આપણી વાત એ છે કે આ સર્વ કોળાહળ, ધમાલ અને ધુમાડા પછી પણ ખરખરો તો ઊભો જ રહે છે. એ તો જાણે પછવાડે રહેનારની વાત, પણ જનારને શું? એને ટેકો કોનો? દવામાં ગમે તેટલા મોટા ખરચા કર્યા એ સર્વ પાણીમાં અને છતાં મરણ પામનારને કેવો ટેકો મળ્યો હશે તેવી સંશયગ્રસ્ત સ્થિતિ! અહા! શી દશા!

મરણ વખતે તો કોઈનો ટેકો–કોઈનું શરણ મળે તેમ નથી, મળ્યું જાણ્યું નથી અને નિત્યમિત્ર શરીર તો તદ્દન નકામું જ જણાયું છે. માત્ર પ્રણામ–મિત્રરૂપ ધર્મ જ ટેકો આપે તેમ છે તે પ્રત્યેક ગાથાને અંતે યાદ કરીએ છીએ. હવે જિંદગીના બીજા ખ્યાલો તરફ વળીએ.

૫. મરણભય પછી માણસને સહેજ ઊતરતો (બીજે નંબરે) ઘડપણનો–જરાનો ભય લાગે છે. એને કોઈ ઘરડો (old) કહે તો પણ એને અપમાન લાગે છે. એ જુવાની જાળવવા અને પછી જુવાન છે એમ દેખાવા અનેક દવા ખાય છે, કલપ લગાડી ધોળા વાળને કાળા કરે છે, આંખમાં સુરમા, અંજન આંજે છે અને કેંક ચેનચાળા કરે છે.

વિલાયતની તો વાત ન પૂછો! ત્યાં મોઢા ઉપરના પફ પાઉડરના થપેડા જોયા હોય તો ચીતરી ચઢી જાય! બસમાં બેઠા બેઠા પણ વેનીટી બેગ કાઢી હોઠ ઉપર લાલ રંગ લગાડે, મુખ ઉપર રોઝ પાઉડર નાખવા લાગે અને નાના અરિસામાં મુખ જોઈ લે. આ સર્વ જુવાન દેખાવાનાં ફાંફાં છે!

કેંક ત્રાંબુ કે મારેલ પારો ખાય છે, કેંક ગજવેલ ખાય છે. કેંક અખાડામાં કસરતો કુસ્તીઓ કરે છે અને કેંક મગદળ ફેરવે છે, અનેક પ્રયોગો કરી જુવાની ટકાવવા અને આધેડ

૧. સ્ત્રીઓ હાથમાં રાખે છે તેવી નાની ચામડાની કોથળી.

વચે જુવાન છે એમ બતાવવા અનેક ચાળા કરે છે. એનું મોટું વર્ણન આપવાની જરૂર નથી. દરરોજ નજરે પડે એવો એ મામલો છે.

ગ્રંથકાર કહે છે કે એ સર્વ ફાંફાં છે, એમાં કાંઇ વળે તેમ નથી. તમે ગમે તેટલા પ્રયત્ન કરો અને ગમે તે ખાઓ પણ આવતી જરાને તમે અટકાવી શકો તેમ નથી. તેની સામે તમને ટેકો મળે તેમ નથી અને તમારા સર્વ પ્રયત્ન નકામા છે–નિષ્ફળ છે–બે બદામના છે.

કેટલાક માણસો એમ માને છે કે શરીરમાં પવન રોકચો હોય–સ્તંભન કર્યું હોય એક પ્રકારનો પ્રાણાયામ કર્યો હોય તો તેથી આવતું ઘડપણ અટકે છે. ઉપાધ્યાયશ્રી કહે છે કે તમારે જોઇએ તેટલો પવનનો અટકાવ કરો પણ એમાં કાંઇ વળવાનું નથી. પ્રાણાયામનો ઉપયોગ કાળજ્ઞાન અને શરીર–તંદુરસ્તી માટે ગમે તેટલો હોય, પણ એ આવતી જરાને અટકાવે તેમ નથી.

અરે! તમારે જોઇએ તો તમે દરિયાપાર બીજે તીરે જઈને બેસો કે કોઇ મોટા પર્વતના શિખર ઉપર ચઢી જાઓ, પણ દરિયાની ભરતીના જુવાળની જેમ આવતા ઘડપણને તમે રોકી શકશો નહિ. તમે ગમે ત્યાં નાસી જાઓ, તમારાં ઘરબાર છોડી પાતાળમાં પેસો કે કોઈ મહાન પર્વતના શિખરને છેડે જઈને વાસ કરો; પણ અંતે ઘડપણની અસર લાગ્યા વગર રહે તેમ નથી અને એ આવશે ત્યારે તમે ધીમે ધીમે ઘસાતા જ જશો. દાંતો દુઃખવા માંડે, પીડા થાય, પડી જાય અને ચાવવાની અગવડ પડે, કાનમાં બહેરાપણું આવતું જાય, આંખમાં લોંગ સાઈટ (આંખ–બેતાળા) આવે, બાલ ધીમે ધીમે ફીકા પડતા જાય અને અંતે સફેદ થઈ જાય, શરીર શિથિલ પડતું જાય, હાથ-પગ હુકમ માને નહિ એવાં અનેક આક્રમણો ધીમે ધીમે પણ ચોક્કસ થતાં જાય છે. પછી તો–

"ઉંબર તો ડુંગર થયા, પાદર થયા પરદેશ;
ગોળી તો ગંગા થઈ, અંગે ઊજળા કેશ."

–એ સર્વ બને છે અને છેવટે હાથમાં લાકડી લેવી પડે છે. વસ્તુતઃ ત્રણ પગે ચાલવું પડે છે. એ વાતને અટકાવનાર કોણ? એ વાતને આડે આવનાર કોણ? એ હકીકત બને ત્યારે આધાર કોનો?

૬. એ વાત વધારે સ્પષ્ટપણે કહેતાં કવિ વર્ણવે છે કે–નાના બાળકના બાલ જોયા હોય તો તે એકદમ કાળા લાગે છે, જરા આખા માથાને પળિયાંવાળું બનાવી મૂકે છે અને શરીરને તદ્દન રસ વગરનું – દમ વગરનું બનાવી દે છે તેમજ ધીમે ધીમે એને તદ્દન નિર્બળ, દુર્બળ અને અબળ બનાવી દે છે. આ જરાને–ઘડપણને અટકાવવાને કોણ શક્તિવાન થાય છે? એને આવતી અટકાવવાનો કોઇ રસ્તો જડચો છે?

એક ઘણા પ્રસિદ્ધ વૈદ્યરાજ કહેતા હતા કે પ્રમાદ એ જ મરણ છે **प्रमादो हि मृत्युः**। જો પ્રમાદ ન કરવામાં આવે તો માણસ કદી મરે નહિ અને ઘરડો થાય નહિ. તેઓ પોતે

ખૂબ સંભાળ લઈને રહેતા હતા, પણ લગભગ પંચાવન વર્ષની વયે લાકડી લઈને ચાલતા હતા અને છપ્પન વર્ષની ઉમ્મરે લાકડી મૂકીને આ દુનિયામાંથી ચાલ્યા પણ ગયા. આ વાત એટલી સાદી, જાણીતી અને સ્પષ્ટ છે કે એના ઉપર વિવેચનની પણ જરૂર ન હોય. મુદ્દો એ છે કે આ પ્રમાણે ઘડપણ વગર નોતર્યું-માગ્યું-બોલાવ્યું આવે ત્યારે આધાર કોનો ? શું પ્રાણીના નસીબમાં રાખ પીવાની જ સરજી હશે અને ગાંડીઆના ભૂકા કરીને ખાવાના ગોટા વાળવાનું એનું પ્રારબ્ધ જ હશે ! 'મમ યષ્ટિકા' કહી ઠણક ઠણક કરતા, ટેકો આપીને ચાલતા, આંખનાં તેજ વગર બીજાથી દોરાતા આ એક વખતના ઇશ્કી યુવકોને જોતાં કેમ વિરાગ ન આવે ? અને એમનો કોફ-ધમાલ-દમ અને વાતો વિચારતાં તેમની દયા કેમ ન આવે ? તેઓ 'દયા' શબ્દ સામે જરૂર વાંધો લેશે, પણ તેઓ પ્રત્યેક પળે દયા માગી રહ્યા છે અને પોતાના ઘડપણને શાપ આપી જુવાનીને યાદ કરતા રહ્યા છે, એ તેમના અંતરને પૂછવામાં આવે તો જવાબ આપે. તાત્પર્ય એ છે કે આવે વખતે આધાર કોનો ? એ વખતે કયાં ટેકો મળે ? કઈ બાબતમાં જીવને શાંતિ વળે ?

કોઈ વૃદ્ધને પૂછશો તો જણાશે કે એ સર્વ વ્યવહાર કરતો હશે પણ એને કોઈ સ્થાને નિરાંત વળશે નહિ. એ આગેવાન હશે તો તેનો દમ નીકળી જતો હશે, એ ઘરનો વડીલ હશે તો એક રાત એને નિરાંતે ઊંઘવાની મળતી નહિ હોય. ઓછું ખાવું અને ઘણી ચિંતા કરવી એ ઘડપણની નિશાની છે, પણ જો એ ધર્મનું શરણ લે તો એને મજા આવે. આવડત અને પ્રાથમિક તૈયારી પ્રમાણે એ ધર્મસ્થાનકમાં જઈ વાચન, મનન, ચિંતવન, ઉપાસના કે ધ્યાન કરશે તો તેને ઘડપણમાં કાંઇક ટેકો મળશે. રાસ વાંચવા, ધર્મચર્ચા કરવી, સામાયિક, પૌષધ કરવા વગેરે સાદી વાતો છે, પણ એમાં એને 'શરણ' જમાવેલી સ્થિરતા પ્રમાણે મળે છે અને ટેકો એ વખતે ધર્મનો જ મળે છે, એ બરાબર અવલોકન કરવાથી માલૂમ પડે તેમ છે.

૭. આપણે આ બાબત બીજી રીતે વિચારીએ. મરણ અને ઘડપણને અનેક આકારમાં આપણે તપાસી ગયા. જ્યારે પ્રાણીને ઉગ્ર-આકરો વ્યાધિ આવી પડે છે અને વધતો જાય છે ત્યારે એને શરણ કોનું ? આપણે ન્યુમોનીઆના કેસ જોયા છે. શ્વાસ વધ્યે જાય અને બન્ને ફેફસાં જવાબ ન આપતાં હોય, સનેપાતનો શોરબકોર ચાલતો હોય અને ઓશીકાં અને ઓછાડ ખેંચાતાં હોય ત્યારે ટેકો કોનો ? ભગંદરની અસાધારણ પીડા થઈ હોય કે હડકવા ઊછળ્યો હોય, કે પેટમાં અસહ્ય દુખાવો ઊપડ્યો હોય કે છાતીનાં પાટિયાં ભીંસાઈ જતાં હોય અગર શરીર બળી જવાની પીડા સહેતું હોય તે વખતે ટેકો કોનો ?

જે વખતે ૧૦૫ ડીગ્રી તાવ આવ્યો હોય, જે વખતે આખું શરીર ગડગુમડથી તવાઈ ગયું હોય, જે વખતે મુખમાંથી લાળો પડતી હોય, જે વખતે માથાનો દુખાવો ઊપડ્યો હોય, જે વખતે કેન્સર જેવા વ્યાધિથી ગળું અટકી પડ્યું હોય તે વખતે આધાર માટે ચકળવકળ થતી આંખોને ટેકો કોનો ?

એ દુઃખમાં કોઇ ભાગ પડાવતું નથી, કોઈ એનો અંશ પણ લઇ શકતું નથી, કોઈ એમાંથી દુઃખ ઓછું કરાવી શકતું નથી—આ સિદ્ધ વાત છે. આકાશમાં ચંદ્રગ્રહણ થાય છે ત્યારે પ્રાચીન માન્યતા પ્રમાણે રાહુ ચંદ્રને ગળવા લાગે છે. એ વખતે કોઈ તારા ગ્રહ કે નક્ષત્ર ચંદ્રની મદદે આવતા નથી, માત્ર ચંદ્ર જ પોતાની પીડા સહન કરે છે.તમે શું એમ કહો કે એવા વ્યાધિ વખતે ડોકટર કે વૈદ્યનું શરણ ? આ વાતમાં ભૂલ થાય છે. ડોક્ટરો કહે છે કે તેઓ કુદરતને સહાય કરે છે, પણ કુદરત ઊલટી ચાલે ત્યાં તેઓના હાથ પણ હેઠા પડે છે. એ પીડામાં કોઇ ભાગ પડાવતું નથી અને કોઇ એવા આકરા કેસની જવાબદારી પણ લેતું નથી. ડોકટર મોટા ડોકટરને બોલાવવા સલાહ આપશે અને વૈદ્યો એકઠા થશે તો વિષમજ્વરના શ્લોકો બોલી પાંડિત્ય બતાવશે; પણ એ વખતે શરણ કોનું ? એવા વ્યાધિગ્રસ્તના મનની સ્થિતિ જાણી હોય, તો તે વખતે તે પોતાની અશરણ સ્થિતિ બરાબર અનુભવે છે અને નહિ તો સર્વ લોકો 'એક અરિહંતમાં ધ્યાન રાખજો' એમ કહે ત્યારે એ પોતાની અશરણ–નધણિયાતી સ્થિતિનો ખ્યાલ કરે છે. એ વખતે શરણ કોનું ? ધર્મ સિવાય કોઇ એની બાજુએ ઊભું રહેતું નથી. બીજાં સર્વ હવાતીઆં છે. નિમિત્તવાસી પ્રાણી છે તેથી એ પ્રયાસ કરે છે, દવાદારુ કરે છે અથવા અન્ય કરે તેનો લાભ લે છે; પણ તે વખતે તે સર્વ નિરર્થક છે એમ તે બરોબર સમજે છે. અંતે વાત ચોક્કસ છે કે કરેલ કર્મ ભોગવવાંજ પડે છે, ગમે તેટલા યુગ પસાર થઈ જાય પણ ભોગવવાં જ પડે છે અને તે પણ કરનારે જ ભોગવવાં પડે છે. એમાં કોઇ ભાગ પડાવવા આવતું નથી. માત્ર એ વખતે શાંતિ આપનાર હોય તો તે ધર્મ જ છે અને તેનું શરણ લીધા સિવાય બીજો કોઇ માર્ગ નથી.

૮. આવી જરાવસ્થામાં કાંઇ ટેકો નથી, મરણ વખતે કોઈનો આધાર નથી અને ભયંકર વ્યાધિઓ પોતે જ સહેવા પડે છે ત્યારે શું કરવું ? આને માટે કવિએ ત્રણ ઉપાય આ અષ્ટકને અંતે છેલ્લા પદ્યમાં બતાવ્યા છે :

(૧) પ્રથમ તો ચાર પ્રકારના અંગવાળા ધર્મનું શરણ લેવા ઉપદેશ આપ્યો છે. જે ધર્મનું શરણ લેવાની વાત કરી છે તે ચાર પ્રકારનો છે : દાન, શીલ, તપ અને ભાવ. એ ચાર અંગવાળા ધર્મનું શરણ કર.

અથવા ચાર પ્રકારનાં શરણો છે તેને અનુસર. તે ચાર આ પ્રમાણે છેઃ—

अरिहंतसरणं, सिद्धसरणं, साहुसरणं, केवलिपन्नत्तो धम्मो सरणम् ।

એટલે તીર્થંકર મહારાજ, સિદ્ધ, સાધુ અને કેવળીકથિત ધર્મનું શરણ કરવા ભલામણ કરી.

પ્રાણી ગમે તે ધર્મને માનતો હોય, તેને શરણ અનુકૂળ ગોઠવી શકાય છે. ધર્મનું શરણ અનિવાર્ય, તે જ એક રસ્તો છે, એ માર્ગમાં જ પ્રકાશ દેખાય છે, બાકી સર્વત્ર અંધકાર, ગૂંચવણ અને અથડાઅથડી છે.

(૨) મમતા–મારાતારાપણાની વાત જ છોડી દે. જગતને અંધ કરનાર મોહરાજાએ ઉત્પન્ન કરેલી મમતાબુદ્ધિ પ્રાણીને ખૂબ રખડાવે છે અને શરણ લેવા પણ મમતાને લઇને જ દોડવું પડે છે, બાકી એને મરણ, જરા કે વ્યાધિ કોઈ ચીજ નથી. મમતા રાગમાંથી ઉત્પન્ન થાય છે અને પાછી એ રાગ બંધાવે છે. એ મમતા ઊડી ગઇ એટલે પછી શરણનો સવાલ નહિ રહે. પ્રાણી મમતારહિત થાય પછી તેનામાં કોઈ જુદી જ હિંમત આવે છે અને શરણના પ્રસંગોની સાથે એ રમે છે. એ નિર્બળતાની સામે બાથ ભીડે છે અને પૂર્ણ જુસ્સાથી આગળ વધતો જાય છે. એને મારું ધન, મારાં છોકરાં, મારા અસીલ, મારાં ઘરાક એ દશા જ રહેતી નથી એટલે પછી એ તો નિષ્કંટક રાજ્યનો માલિક થઇ જાય છે અને એનો રસ્તો સીધો, સરળ અને સપાટ થઈ જાય છે.

(૩) તું આ શાંતસુધારસનું પાન કર. એ રસ એવો તો અભિનવ છે કે એની જોડી તને મળે તેમ નથી. બીજા રસો તો ચટકા જેવા છે, અનુભવ્યા અને ઊડી ગયા; પણ આ રસ તો અખંડ નિરાબાધ શિવસુખનો મોટો ભંડાર છે. એની શાંતિ ભોગવો તેમ એ વધતી જાય, એનું પાન કરો તેમ મન પ્રફુલ્લ બનતું જાય, એનો સંબંધ કરો તેમ આનંદ–ઊર્મિ ઊછળે, શૃંગાર, વીર કે હાસ્ય જેવા એના ચટકા નથી. એ તો એકવાર એનું પાન કર્યું એટલે પછી ગાયા જ કરો કે 'અબ હમ **અમર** ભયે ન મરેંગે.' એમાં વીજળીના ઝબકારા અને પાછળ ઘોર અંધારી રાત નથી, ત્યાં તો મણિ–રત્નની ઝળહળાતી જ્યોત છે. સદૈવ ચેતતી રહે તેવી એ જ્યોત છે અને એની પછવાડે આનંદ, આનંદ અને આનંદ છે. એનું પાન કરતાં ધરાતા નથી, એને પીતાં પીતાં કંટાળો આવે તેમ નથી. એ અલૌકિક શાંતરસનું પાન તમે રચો અને કરો. તે મેળવવાના પ્રયાસમાં, પાન કરવામાં અને કર્યા પછીની સ્થિતિમાં સર્વત્ર નિરવધિ આનંદ છે.

શ્રી વિનયવિજય ઉપાધ્યાયે આ અશરણભાવના ગાતાં ખૂબ લહેર કરી છે. તેમણે મરણને એવું ચીતર્યું છે કે પ્રાણી એનો વિચાર કરતાં ઊંડા વિચારમાં પડી જાય. એમણે મોટા ચક્રવર્તીને મરણ વખતે શું થતું હશે તેનાથી શરૂઆત કરી, મરણ પછી શું થાય છે તે બતાવી, છેવટે ગમે તે કરો પણ મરણ છોડતું નથી અને મરણ વખતે કોઇ ટેકો આપી શકતું નથી એ બતાવી, આત્મધર્મને ઓળખી, તેને અનુસરવા વિચારણા બતાવી. ત્યારપછી તેમણે ઘડપણ–જરાને આગળ કરી, પ્રાણીને તેની પાસે તદ્દન પરાધીન બતાવ્યો અને છેવટે આકરા વ્યાધિઓને આગળ કરી તે વખતે પ્રાણીની મનોદશાનો–અનાથતાનો સ્પષ્ટ ખ્યાલ આપ્યો. એના વિવેચનમાં પ્રાસંગિક વાત ઘણી કરી નાખી છે. આપણે પ્રથમ અશરણભાવનો વૈજ્ઞાનિક પદ્ધતિએ વિચાર કરીએ.

આધાર અને આધેય તત્ત્વનો એવો નિયમ છે કે જેને આધારની જરૂર પડે તે ટેકો

આપે તેવી વસ્તુનો ટેકો તરત લઇ લે છે. બાળકોમાં આ તત્ત્વ સહજપણે પ્રતીત થાય છે. એને કપડાં પહેરવામાં, ફરવા જવામાં કે કોઈ પણ કામ કરવામાં આધાર વગર ચાલતું નથી. આવી રીતે સ્ત્રી-પુરુષનો ઘણીવાર આધાર-આધેય સંબંધ બને છે.

પણ માણસ જ્યારે મૂંઝાય છે ત્યારે તો એને ટેકાની બહુ જરૂર પડે છે. એ વખતે એને ટેકો મળે, કોઇ સાચો દિલાસો આપે, કોઈ એના દુઃખમાં ભાગ પડાવે તો તે તેનો સાચો મિત્ર કે સખા સમજવો. કહેવત છે કે Prosperity brings friends and Adversity tries them—'સંપત્તિ મિત્રોને લાવી આપે છે, આપત્તિ તેની કસોટી કરે છે.' આ દૃષ્ટિએ આપણે આપણા સંબંધો વિચારીએ તો ખરી અણીને વખતે તેઓ તદ્દન કસોટીમાંથી નિષ્ફળ નીવડે તેમ છે. આપણે એક બે દાખલા લઈએ. કહેવાય છે કે-નવ નંદરાજાએ સોનાની નવ ડુંગરીઓ બનાવી હતી પણ એ જ્યારે મરવા પડ્યા ત્યારે એ ડુંગરીઓ અહીં જ રહી ગઇ અને કોઇ પ્રકારના ઉપયોગમાં આવી નહિ. મોટા રાજાઓની સ્મશાનયાત્રા નીકળે છે ત્યારે એની આખી રિસાયત પ્રથમ ચાલે છે. એના હાથી, ઘોડેસ્વાર, ચોકીદાર, બંદુકવાળાઓ, આરબો, કોતલના ઘોડા, મ્યાના, પાલખી, ડંકા-નિશાન સર્વ દેખાય છે અને છેવટે એક પાલખીમાં એનું શબ દેખાય છે એના ઉપર કીનખાબનાં કપડાં પહેરાવેલાં હોય છે અને હાથ ઉઘાડા હોય છે. આ શું બતાવે છે ? આ સર્વ રિસાયત હાજર હતી છતાં પણ રાજા-મહારાજાને કોઇ ટેકો આપતું નથી. એ સર્વ છતાં એ ગયા અને ક્યાં ગયા અને કોણ લઈ ગયું ?-તેની પણ ખબર નથી. એના ઉઘાડા હાથ બતાવે છે કે એ જન્મતી વખત બંધ હાથે આવ્યા હતા અને મરતી વખત ખાલી હાથે-ઉઘાડે હાથે ગયા, ચાલ્યા ગયા અથવા કોઈ તેમને ઘસડી ગયું.

કોઈ શેઠીઆના મરણ વખતે જોયું હોય તો બે લાંબા વાંસડા, વીશેક ખપાટીઆ અને ચાર અથવા એક નાળીએર અને ઉપર ઢાંકેલ એકાદ રેશમી વસ્ત્ર, પણ એની સર્વ ઋદ્ધિ સંપત્તિ અહીં રહી જાય છે અને એને ચિતામાં સુવાડે છે ત્યારે તો ઉપરનું ઢાંકણનું વસ્ત્ર પણ કાઢી લે છે. એનું શેરબજાર, એનું સટ્ટાબજાર, એના લાખોના સરવાળા, એનાં લાંબાં સરવૈયાં, એના નોકર-ચાકરો અને એની મોટરો, ટેલિફોનો અને સેક્રેટરીઓ સર્વ અહીં રહી જાય છે. એની બૈરી પણ અહીં જ રહે છે અને છોકરા-છોકરી હિસાબો કરવા અને વિલની શોધમાં પડી જાય છે. આ સર્વ શું ? કેવા તોફાન અને કેવા હાલહવાલ ? કાંઈ ટેકો ? કાંઇ આશરો ?

કોઈ સાધારણ માણસની વાત લઇએ તો ત્યાં પણ એ જ વાત દેખાશે. એને માટે કોઈ આડો હાથ દેતું નથી અને એને કોઇની પર ગણતરી બાંધવાનો હક્ક નથી. એટલે આવ્યો તેમ ચાલ્યો જાય છે; પણ મોટા કે નાનાને સર્વને જવાનું તો ખરું જ ! એ વાતમાં મીન-મેષ નથી, એમાં શંકા નથી, એમાં અપવાદ નથી.

એના સંબંધમાં એક બહુ સુંદર વિચાર સ્રગ્ધરાવૃત્તમાં જ્ઞાનાર્ણવકારે બતાવ્યો છે, તે ખાસ વિચારવા યોગ્ય છે :

पाताले ब्रह्मलोके सुरपतिभवने सागरान्ते वनान्ते,
दिक्चक्रे शैलशृङ्गे दहनवनहिमध्वान्तवज्रासिदुर्गे ।
भूगर्भे सन्निविष्टं समदकरिघटासंकटे वा बलीयान्,
कालोऽयं क्रूरकर्मा कवलयति बलाज्जीवितं देहभाजाम् ॥

"પ્રાણી પાતાળમાં પેસે, બ્રહ્મલોકમાં જાય, ઈન્દ્રના ભવનમાં આશરો લે, દરિયાને પાર જઈ ને બેસે, જંગલને છેડે વાસ કરે, દિશાઓના છેડા પર જઈ અટકે, મોટા પર્વતના શિખર પર ચાલ્યો જાય, અગ્નિમાં પેસે, વનમાં છુપાઈ જાય, હિમમાં ઢંકાઈ જાય, અંધકારમાં લપાઈ જાય, વજ્રના ઘરમાં પેસે, તલવારના પહેરામાં રહે, કિલ્લામાં ભરાઈ જાય, પૃથ્વીના ગર્ભમાં (ખાડો ખોદીને) ઊતરી જાય, બળવાન હાથીઓની ઘટાની વચ્ચે ઘેરાઈને બેસે પણ ક્રૂર કર્મ કરવાવાળો કાળ પ્રાણીનો કોળીઓ એક ઝપાટામાં અને પૂરા જોરથી કરી જાય છે."

આ ગણતરીમાં બાળ તેમ જ વૃદ્ધ, ધનવાન તેમ જ ગરીબ, બળવાન તેમ જ બીકણ, સમર્થ તેમ જ રાંક, વક્તા તેમજ શ્રોતા, પાટ પર બેસનાર કે સામે બેસનાર, દાન આપનાર કે દાન લેનાર, કૃપણ કે ઉડાઉ–સર્વનો એક સરખી રીતે સમાવેશ થાય છે. કાળ તો સર્વને સરખા ગણે છે.

આ વસ્તુસ્થિતિ છે. અનેક આકારમાં બતાવાય તેમ છે, અનેક સંયોગોમાં જુદાં જુદાં નામો લઈ તેના પર વિવેચન થાય તેમ છે; પણ વાતનો સાર એ છે કે–'એક દિવસ એવો આવશે' જ્યારે આપણે જવાનું છે, મરવાનું છે, પ્રયાણ કરવાનું છે.

પણ તમે મરવાની વાત સાંભળી ચોંકચા કેમ ? તમને એ શબ્દ અપશુકનભરેલો લાગ્યો એટલે ? અરે ! પણ કાંઈ મરવાનું નામ લેવાથી મરી જવાતું નથી ! જરા હિંમત પકડી આ ચોક્કસ આવનાર મરણનો વિચાર કરો. એમાં કાંઈ ગભરાઈ જવાનું નથી અને વિચાર કરવાની ના પાડવાથી પણ એ તમને છોડવાનું નથી.

મરવું એ કર્માધીન વાત છે. પ્રાણી આ સંસારમાં આવે છે ત્યારે તેનું આયુષ્ય નિર્માણ થયેલું હોય છે. આયુ પૂરું થાય તે વખતે તેનું કામ પૂરું થયું હોય કે ન થયું હોય પણ તેણે જવાનું જ છે. અને કર્મનો સિદ્ધાંત છે કે શુભ-અશુભ કર્મો ભોગવ્યે જ છૂટકો છે, એટલે મરણની વાતથી ડરવામાં ડહાપણ નથી. મરવાને માટે ત્રણ વાત કરવા જેવી છે : મરણ ઇચ્છવું નહિ, મરણથી ડરવું નહિ અને મરણ માટે હંમેશાં તૈયાર રહેવું. આ આખો અલગ વિષય છે. આપણે મરવા તૈયાર છીએ ? છાતી પર હાથ મૂકી જવાબ આપવો. એ વાત બહુ જરૂરી હોવા છતાં અત્રે ખાસ મૂળ મુદ્દાની નથી. પણ વિચારવા જેવી તો જરૂર છે જ.

મુદ્દો એ છે કે આપણે મરવા તૈયાર હોઈએ કે ન હોઈએ, મરણથી ડરતા હોઈએ કે ન હોઈએ, પણ જ્યારે તે આવશે ત્યારે આપણે આધાર કોનો લેવો ? ડોકટરો તો હાથ ખંખેરે, છોકરાઓ કે સ્ત્રી રડવા બેસે, નોકર-ચાકરો દુઃખી થાય અને મિત્રો-સ્નેહીઓ સહાનુભૂતિ બતાવે; પણ કોઈમાં મરણ વખતે શરણ આપવાની તાકાત છે ? મોટા રાજા, મહારાજા કે ચક્રવર્તી ગયા તો પછી આપણો તો શો હિસાબ છે ? **'જાય છે જગત ચાલ્યું રે ઓ જીવ ! જોને !'** એમાં જ્યાં **'છત્રે જેની છાયા થતી, રૂડી જેની હતી રતિ; કયાં ગયા કરોડપતિ રે, ઓ જીવ જોને !'** વાત કહે છે ત્યાં હદ કરી નાખે છે; પણ એ સર્વ વાતની વચ્ચે એ વખતે આધાર કોનો ? ટેકો કોનો ? આપણે રાવ ખાવા. ફરિયાદ નોંધાવવા, આશ્રય મેળવવા કોની પાસે જવું ? ઘરનાં રડતાં હોય અને શરીરની નાડીઓ તૂટતી હોય ત્યાં ધન્વંતરિનાં માથાં પણ અક્કલશૂન્ય થઇ જાય છે અને મોટી ફીવાળા ડોકટરો દિલગીરી દર્શાવી, ટોપી માથે મૂકી, ફી ખીસામાં મૂકી રસ્તે પડે છે. ત્યારે તે વખતે આશરો કોનો ?

એકલા મરણની વાત શા માટે કરવી પડે છે ? આ જીવનમાં અનેક પ્રસંગો આશ્રય મેળવવાના આવે છે. જેમણે ગરીબાઈમાં જીવન ગાળ્યું હોય તે ઓશિયાળાપણામાં રહેલ તુચ્છતાથી અને ધનવાનોના તિરસ્કારથી અજાણ્યા ન જ હોય. અંતે આશા કરીને આવેલ યાચક માથા પર કે કપાળે હાથ મૂકીને જાય છે. તે વગર સમજાવ્યો સમજે છે કે અંતે પોતાના કિસ્મત પર આધાર રાખે છે. અહીં શરણ કોનું હોઇ શકે તેનો સહજ ખ્યાલ આવે છે. બીજા સર્વ નકામા પ્રયાસ છે એ વાતની કાંઈક ઝાંખી થાય છે.

જ્યાં ઘરનાં ઘર (માનેલાં) છોડીને સદાને માટે જવાનું હોય, જ્યાં ખુદ પાળેલ-પોષેલ શરીર પણ મૂકી જવાનું હોય ત્યાં આધાર કોનો ? એ વખતે મોટરો કામ આવતી નથી, બલૂનો ઉપયોગમાં આવતાં નથી, ધમાલ સાથ આપતી નથી, બડાઈ ઓ રસ્તો દાખવતી નથી, ગોટાળા આડા આવતા નથી, ખટપટો હાથ દેતી નથી, પ્રેમ માર્ગ આપતા નથી; એ વખતે શરણ માત્ર સાચો ધર્મ જ આપે છે. આત્મવૃત્તિએ કરેલ ધર્મ એના ગમે તે આકારમાં હોય પણ તેનો આધાર મળે છે. બાકી આ દુનિયાની કોઈ પણ ચીજ, કોઈ પણ પ્રાણી કે કોઈ પણ સંબંધી એ વખતે ઉપયોગમાં આવતા નથી, યમને અટકાવતા નથી, દિલાસારૂપ થતા નથી. બાકી મંત્રવિદ્યા કે જાપની વાત શી કરવી ? ખુદ મહાવીર પરમાત્માને ઈન્દ્રે આયુષ્ય બાંધું વધારવા વિજ્ઞપ્તિ કરી અને તેમાં તેનો આશય શાસનના હિતનો હતો, પણ ભગવાને તેને એક જ ઉત્તર આપ્યો કે 'એ કાર્ય કરવાને દેવેંદ્ર, ચક્રવર્તી કે તીર્થંકર સમર્થ નથી.' છતાં કાંઈ ભગવાન મરણથી ડર્યા નહિ. એમને તો અનંત સુખમાં જવાનું હતું એટલે એમણે 'શરણ'નો સવાલ જ નહોતો. પણ એમાં અશરણપણાનો જે મુદ્દો છે તે ખાસ વિચારવા યોગ્ય છે.

ન્યાયાધીશ કોઈને ફાંસીની સજા ફરમાવે ત્યારે ગુન્હેગારના મનની શી દશા થતી હશે ? એ કંઈક ફાંફાં મારશે, વિલાયત અપીલ કરવા દોડશે, પણ એમાં કાંઈ વળે છે ? પ્રાણી પણ આવા યાચકા તો અનેક ભરે છે, પણ એમાં સાર શો ?

એકઠા થયેલા સગાસંબંધીઓ નવકાર આપે, શરણાં આપે, દિલાસા આપે; પણ આ જીવની દશા શી વર્તતી હોય? દિલાસો આપવો સહેલો છે તેટલો લેવો સહેલો નથી, પણ એમાં શરણ જેવું તો કાંઇ છે જ નહિ. તે વખતે જીવન શાંત, પ્રામાણિક નિર્દંભ, સ્વચ્છ ગાળ્યું હોય, સત્યને અહિંસાથી અપનાવ્યું હોય, મનોવિકારો પર કાબૂ મેળવ્યો હોય, વાસ્તવિક અસ્થિરતા સમજાણી હોય, આંતરવૃત્તિથી ધર્મમાર્ગની આરાધના કરી હોય અને ટૂંકામાં ઉચ્ચ જીવનની અવસ્થા અનુભવી હોય તો એ વાત ટેકો આપે છે. કરેલો અને કરવા ધારેલો સાચો ધર્મ તે વખતે ટેકો આપે છે, બાકી બીજી કોઈ વાતમાં સાર નથી.

એવી જ રીતે ચાલી આવતી જરાને કોણ અટકાવી શકે? કલપ લગાડવાથી કાંઇ ઘડપણ અટકે? અને અંતે કપાળે કરચલી અને ગાલમાં ખાડા તો પડ્યા વગર ન જ રહે. એવી રીતે ભયંકર વ્યાધિની વાત જાણીતી છે. એ અને એવા અનેક જીવનપ્રસંગોમાં કોઇ ટેકો આપી શકે તેમ છે જ નહિ. કરેલો ધર્મ આડો આવે, બજાવેલી ફરજો માર્ગ સુઝાડે અને કર્તવ્યભાવના રસ્તા ઉપર રાખે. કદી કદી કરેલો ધર્મ એ જ આવી આપત્તિ વખતે શરણ આપે છે.

ધર્મ શબ્દ સંકુચિત અર્થમાં અથવા માત્ર ક્રિયાકાંડના અર્થમાં સમજવાનો નથી. સાચો ધર્મ ઓળખવો જોઇએ, શોધવો જોઇએ અને બહાર આણવો જોઈએ. આત્મધર્મ થવાને સર્વ ધર્મો સરજાયેલા નથી હોતા, પણ જ્યાં આત્મા એના સાચા આકારમાં સાંપડે અને એની પ્રગતિ જરૂર દેખાય ત્યાં તેટલે અંશે ધર્મ છે અને એવો આત્મધર્મ અણીને વખતે શરણ આપે છે. બાકી તો પંખીનો મેળો છે, સવાર થતાં સૌ પોતપોતાને માર્ગે જવાના છે અને સાથે હોય ત્યાં સુધી અમુક દૃષ્ટિએ પોતાના દૃષ્ટિબિંદુથી કામ કરનારા છે. એ ખરે વખતે ઊભા રહેનારા હોય, તારા ખાટલામાં સૂઇ તારી આપત્તિમાં ભાગ પડાવનારા હોય તો તો તું તેમની ખાતર તારો આત્મા હારી જજે, પણ નહિ તો તને જ્યાં શરણ મળે તેમ હોય તેવા તારા પોતાના આત્મધર્મમાં સ્થિર થઈ જજે.

ધન અરુ ધામ સહુ પડયો હિ રહેગો નર,
ધાર કે ધરામેં તું તો ખાલી હાથ જાવેગો,
દાન અરુ પુન્ય નિજ કરથી ન કર્યો કછુ,
હોય કે જમાઇ કોઈ દુસરો હિ ખાવેગો.
કુડ અરુ કપટ કરી પાપબંધ કીનો તાતે,
ઘોર નરકાદ્રિ દુઃખ તેરો પ્રાણી પાવેગો;
પુન્ય વિના દુસરો ન હોયેગો સખાઇ તબ,
હાથ મલ મલ માખી જિમ પસતાવેગો.

ચિદાનંદજીએ એક બે સવૈયા ખૂબ સુંદર આ મુદ્દા પર ગાયા છે, તે વિચાર. અહીં 'જમાઈ' વિશાળ અર્થમાં સમજવો. માખીઓ મધમાખી સમજવી.

માખીઓએ મધ કીધું, ન ખાધું ન દાન દીધું;
લૂંટનારે લૂંટી લીધું રે! ઓ! જીવ જોને.

ત્યાં જે ભાવ છે તે ભાવ અહીં સમજવાનો છે. આ તો મરણ વખતની વાત કરી. પણ અશરણભાવ બતાવતાં તો હદ કરી છે. વિચારોઃ—

આયકે અચાનક કૃતાંત જ્યું ગહેગો તોહે,
તિહાં તો સખાઇ કોઇ દુસરો ન હોવેગો;
ધરમ વિના તો ઓર સકળ કુટુંબ મિલી.
જાનકે પરેતાં કોઈ સુપને ન જોવેગો.
લટકસલામકે સખાઈ વિના અંત સમે,
નેણમાંહી નીર ભરભર અતિ રોવેગો;
જાનકે જગત એસો જ્ઞાની ન મગન હોત;
અંબ ખાવા ચાહે તે તો બાઉલ ન બોવેગો.

અહી 'પરેતાં' એટણે 'મરણ પામેલો' જાણીને એમ સમજવું. લટકસલામમિત્ર **ધર્મ** છે કારણ કે એને તો કોઈ કોઈ વાર જીવનમાં આ જીવ મળ્યો હશે. નિત્યમિત્ર તો દેહ–શરીરને અને પર્વમિત્રમાં સગાવહાલાંઓને તેં ગણ્યા છે. જો જુહારમિત્ર નહિ હોય તો આંખમાંથી બોર બોર જેવડાં આંસુ તે વખતે પડશે. જ્ઞાની આવા જગતમાં મગ્ન ન થાય. આંબો (કેરી) ખાવાની ઇચ્છાવાળો કદી બાવળ વાવે નહિ.

આમાં આખા મુદ્દાનો સમાવેશ થઈ જાય છે.

આ આખી ભાવના રડતાં રડતાં ભાવવાની નથી. 'મારું શું થશે? મારો કોણ? એમ મૂંઝાવાનું કારણ નથી. જેને મારાં માન્યા છે તેને ઓળખ, તારાં સાચાંને શોધી કાઢ અને જેનાથી તને આધાર મળે તેને પકડી લે. બાકી તું જેને તારાં માની બેઠો છે તેમાં તારો દહાડો વળે કે તે તને અડીબડીને વખતે ટેકો આપે એવા ખોટા ખ્યાલમાં તું રહીશ નહિ. વાસ્તવિક રીતે વિચારીએ તો આત્માને કોઇના શરણની જરૂર નથી. એ એનો પોતાનો સ્વાધીન સ્વામી છે, પણ વ્યવહારથી આ પ્રાણીને એવી ટેવ પડી ગઈ છે કે ટેકા માટે આધાર રાખ્યા જ કરે. એને નોકરી કરવી હોય, વ્યાપાર કરવો હોય કે કાંઇ કામ કરવું હોય તો તે ટેકા કેટલાના અને કોના મળશે એની ગણતરી કરશે. આત્માને ઓળખાય, એની શક્તિનું ભાન થાય, એ શક્તિ દબાયેલી હોવા છતાં પોતાની જ છે એ વાત એને ગોચર થાય એટલે એનો પરાશ્રયભાવ જતો રહે છે અને જેવો તે પોતાની જાત પર ટેકો રાખતાં શીખી ગયો અથવા તે માર્ગે ચઢી ગયો એટલે એની સર્વ ગૂંચવણ નીકળી જાય છે. એ એકલો છતાં સિંહ છે, એ એકલો છતાં મરદ છે, એ એકલો છતાં ધણીધોરી છે એ વાત આપણે ચોથી ભાવનામાં ખૂબ વિસ્તારથી જોશું. પણ એણે પરાવલંબનવૃત્તિ ગ્રહણ કરી છે તે તદ્દન ખોટી છે. પરિણામ વગરની છે; સમજ્યા વગરની છે. એને કોઈ વસ્તુ કે પ્રાણી શરણ આપી શકે તેવી સ્થિતિમાં છે જ નહિ, એ વાત સ્પષ્ટ કરવાનો અને તે દ્વારા તેની આત્મપ્રભુતાનો સાક્ષાત્કાર કરાવવાનો અને એ વાત વારંવાર યાદ કરી ભાવનારૂપે વારંવાર વિચારમાં લાવવાનો અત્ર ઉદ્દેશ છે. પોતે કોણ છે એ સમજવું અને જરા પણ મૂંઝાવું નહિ, કોઈ બનાવથી કે કોઈ

ભવિષ્યમાં બનવાના બનાવની કલ્પનાથી દોરવાઈ જવું નહિ. તારું તારી પાસે છે, પરની આશા સદા નિરાશા છે, એને કાઢી નાખવાનો અભ્યાસ કરવાની જરૂર છે અને તેમ કરી 'આપ સ્વભાવમાં, 'સદા મગ્ન'માં રહેવાનો ઉપદેશ છે. ખરું તો પોતાની જાતને, પોતાના તેજને, પોતાના સામર્થ્યને અને પોતાના હક્કને સમજવા–ઓળખવા જેવું છે. એ થશે એટલે આ આશાના પાસો તૂટી જશે અને પોતાના નિરુપદ્રવ સ્થાને પહોંચી જવાશે. પણ અહીં રહેવાનું થાય ત્યાં સુધી પણ પરાશ્રય તજવો, સ્વાશ્રય કરવો અને સ્વને બરાબર ઓળખવો. મરણથી, જરાથી કે બીજા કોઈ બનાવથી ડરવાનું નથી. એનું નિવારણ કરવું તે તો હાથની બાજી છે. પ્રાણી અજર-અમર થઇ શકે છે અને થવાના રસ્તા આવડે તો સહેલાઈ છે અને માર્ગ સરળ છે. તેને શોધો અને સ્વની શક્તિ પિછાનો, એને પ્રકટ કરો અને એના ઉપર આધાર રાખો.

આ વિષય પૂરો કરતાં પુનરાવર્તનના ભોગે પણ છેવટે યાદ આપવાનું છે કે આ ભાવના ભાવતાં ગભરાઈ જવાનું નથી, બિચારા–બાપડા થઇ જવાનું નથી, કોઈનો આધાર નથી એવી ચિંતાથી દુભાવાનું નથી. જેનું શરણ છે તે તારી પાસે જ છે. તું પોતે જ છે અને તેને પ્રકટ કરી બતાવનાર અને ત્રણ લોકને તથા ત્રણ કાળને પ્રત્યક્ષ કરનાર મહા દિવ્ય પ્રકાશ તારામાં જ છે. તારું વર્તન અને જીવન સચ્ચારિત્રશીલ થાય એટલે આ તારી અશરણ દશાનો છેડો આવી જશે. અમર થવાની ભાવનાવાળાને જે રમકડાં જોઇએ તે શોધી તેની સાથે રમજે, અપૂર્વ શાંતરસના વરસાદની ઝડીમાં નહાજે અને અવર્ણ્ય સ્વાદવાળા શાંતસુધારસનું પાન કરજે. તને શરણ જડી આવશે અને પામરતા દૂર ચાલી જશે. અનંત ઋદ્ધિના ધણીને પામરતા હોય? અને તું! તું કોણ? તારે તે એવા યમરાજ જેવાથી, જરાથી, વ્યાધિથી કે બીજા કોઇ નાના મોટા વિકારોથી ડરવાનું હોય? પણ જો તું સંસાર–વ્યવહારમાં પડી રહેવા માગતો હો તો સમજજે કે એમાંનું કોઈ પણ તને ટેકો આપનાર નથી અને અવસર આવશે એટલે તને તાણી ખેંચીને ફેંકી દેશે અથવા ઉપાડી જશે. યમ જેવો કોઈ દેવ નથી, માત્ર આયુષકર્મનું એ રૂપક છે એ વાત ધ્યાનમાં રાખવી અન આત્મભાવ અસલ સ્વરૂપે વિચારવો. એ માર્ગે ખૂબ આનંદ છે. અનંત સુખસન્મુખતા છે અને સીધે રસ્તે પ્રયાણ છે.

इति अशरणभावना २

卐

૩. સકળચંદ્રજીકૃત બીજી અશરણભાવના

(સાંભળજો મુનિ સંયમરાગી—એ દેશી : રાગ કાલહરો)

કો નાવ શરણું કો નવિ શરણું, મરતાં કુણને પ્રાણી રે;
ચક્રદત્ત મરતો નવિ રાખ્યો, જસ હય ગય બહુ રાણી રે. કો નવિ૰ ૧

માતપિતાદિક ટગમગ જોતાં, યમ લે જનને તાણી રે;
મરણથકી સુરપતિ નવિ છૂટે, નવિ છૂટે ઇંદ્રાણી રે. કો નવિ૰ ૨

હય ગય પય રથ કોડે વીંટ્યા, રહે નિત રાણા રાય રે;
બહુ ઉપાય તે જીવન કાજે, કરતાં અશરણ જાય રે. કો નવિ૰ ૩

મરણભીતિથી કદાપિ જીવો, જો પેસે પાતાલે[૧] રે;
ગિરિદરી[૨] વન અંબુધિમાં[૩] જાવે, તો ભી હરીએ કાળે રે. કો નવિ૰ ૪

અષ્ટાપદ જોણે બળે ઉપાડ્યો, સો દશમુખ[૪] સંહરિયો રે;
કો જગ ધર્મ વિના નવિ તરિયો, પાપી કો નવિ તરિયો રે. કો નવિ૰ ૫

અશરણ અનાથ જીવહ[૫] જીવન, શાંતિનાથ જગ જાણો રે;
પારેવો જોણે શરણે રાખ્યો, મુનિ તસ ચરિત વખાણો રે. કો નવિ૰ ૬

મેઘકુમાર જીવ ગજરાજે, સસલો શરણે રાખ્યો રે;
વીર પાસે જોણે ભવ-ભય કચરો, તપસંયમ શું નાખ્યો રે. કો નવિ૰ ૭

મત્સ્ય પરે રોજે તડતડતા, કોણે નવિ સુખ કરિયો રે;
અશરણ અનાથ ભાવના ભરિયો, અનાથી મુનિ નિસરિયો રે. કો નવિ૰ ૮

---

૧ પાતાળમાં. ૨ પર્વતની ગુફામાં. ૩ સમુદ્રમાં. ૪ રાવણ. ૫ જીવનું.

પ્રકરણ ત્રીજું

પરિચય :: સંસારભાવના

शिखरिणीवृत्त

इतो लोभः क्षोभं जनयति दुरन्तो दव इवो–
ल्लसल्लाभाम्भोभिः कथमपि न शक्यः शमयितुम् ।
इतस्तृष्णाक्षाणां तुदति मृगतृष्णेव विफला,
कथं स्वस्थैः स्थेयं विविधभयभीमे भववने ॥ क १ ॥

गलत्येका चिन्ता भवति पुनरन्या तदधिका,
मनोवाक्कायेहाविकृतिरतिरोषाप्तरजसः ।
विपद्वर्तावर्त्ते झटिति पतयालोः प्रतिपदं,
न जन्तोः संसारे भवति कथमप्यर्त्तिविरतिः ॥ ख २ ॥

सहित्वा सन्तापानशुचिजननीकुक्षिकुहरे,
ततो जन्म प्राप्य प्रचुरतरकष्टक्रमहतः ।
सुखाभासैर्यावत्स्पृशति कथमप्यर्तिविरतिं,
जरा तावत्कायं कवलयति मृत्योः सहचरी ॥ ग ३ ॥

क ૧. इतः એક બાજુએ, આ બાજુએ. **दुरन्त** જેનો અંત–છેડો ન પ્રાપ્ત થાય, દુઃખે પ્રાપ્ત થાય તેવો. **उल्लसत्** વધતો જતો. **विफला** નિષ્ફળ. **स्वस्थैः स्थेयं** (આ ખાસ યોગપ્રયોગ છે.) નિરાંત રાખીને કઈ રીતે રહી શકાય, સ્વસ્થપણે કેમ રહેવાય ?

ख ૨. गलति ગળી જાય છે, છેડો આવે છે. **ईहा** ઇચ્છા, અભિલાષા, મનોરથ. **विकृति** વિકારો–ફેરફાર. **रति** (પાંચ ઇંદ્રિયોના) વિષયોમાં આનંદ. **रोष** દ્વેષ. **आप्त** પ્રાપ્ત કરેલ, Earned. **रजस्** ધૂળ, કર્મરૂપ કચરો. **आवर्त** ચક્ર–દરિયામાં થાય છે તેવા, Whirlpool. **पतयालोः** પડવાની ટેવ પડી છે જેને તેવાનો (છઠ્ઠી વિભક્તિ છે. **पत्** ધાતુ ઉપરથી થયેલ છે.) **प्रतिपदं** દરેક પગલે, ડગલે ને પગલે. **अर्त्तिविरति** 'અર્તિ' એટલે સંતાપ–તેનો છેડો, વિરતિ એટલે અટકાયત, વિરામ.

ग ૩. अशुचि અપવિત્ર, મળ, માંસ, મૂત્ર. **कुक्षि** પેટ, પડખાં. **कुहर** ગુફા, નાનું જેલખાનું. **प्रचुरतर** ખૂબ. **क्रम** હાર, Series. **हतः** તેનાથી હણાયેલો, Smitten. **सुखाभास** સુખનો દેખાવ; મનમાં માની લીધેલાં સુખ–દુન્યવી સુખો આભાસમાત્ર જ છે. **विवेचन** વિચારો. **अर्तिविरति** ઉપરનો શ્લોક બીજો, પાદ ચોથું જુઓ. **सहचरी** દોસ્ત, મિત્ર. (બહેનપણી શબ્દ ન ઘટે, કારણ કે મૃત્યુ નર છે). સ્ત્રીમિત્ર.

उपजाति

विभ्रान्तचित्तो बत बम्भ्रमीति,
पक्षीव रुद्धस्तनुपञ्जरेऽङ्गी ।
नुन्नो नियत्याऽतनुकर्मतन्तु-
सन्दानितः सन्निहितान्तकौतुः ॥ घ ४ ॥

अनुष्टुप

अनन्तान्पुद्गलावर्ताननन्तानन्तरूपभृत् ।
अनन्तशो भ्रमत्येव जीवोऽनादिभवार्णवे ॥ ङ ५ ॥

घ ४. **विभ्रान्त** મૂંઝાઈ ગયેલો, ગૂંચવાઈ ગયેલો. **बंभ्रमीति** ૨ખડે છે. **अङ्गी** શરીરધારી, પ્રાણી. **नुन्नः** પ્રેરિત. **अतनु** નાનાં નહિ, ભારે મોટાં-આકરાં. **सन्दानित** બંધાએલો. **सन्निहित** બાજુમાં પડચા છે. **अन्तक** યમદેવ, મરણ. **ओतु** બિલાડી, માર્જાર.

ङ ५. **अनन्त** બહુ મોટી સંખ્યા; વિગત માટે જુઓ કર્મગ્રંથ ૪ થો. **पुद्गलावर्त** અનંત વર્ષે એ થાય છે. વિસ્તારથી સ્વરૂપ 'ઉપમિતિ ભ. પ્ર.' પ્રથમ પ્રસ્તાવના પરિશિષ્ટ નં. ૪. પા. ૨૪૭માં છે. ટૂંકામાં વિવેચન જુઓ. **अनन्तानन्त** અનંતને અનંતે ગુણતાં અનંતાનંત થાય છે. **एव** એના ઉપર ખાસ ભાર છે. આ વાત ચોક્કસ છે, એમાં અપવાદ નથી.

૧. મોટો ભયંકર દાવાનળ સળગ્યો હોય તેવો, હદ વગરનો લોભ એક બાજુએ સંતાપ કરી રહ્યો છે અને એના ઉપર વધતા જતા લાભ (નફા) રૂપ ગમે તેટલું પાણી પડે પણ તેનાથી તે કોઈ પણ રીતે ઠારી શકાય-બૂઝવી શકાય તેમ નથી. બીજી બાજુએ ઈંદ્રિયોની તૃષ્ણા નિષ્ફળ ઝાંઝવાના પાણીની પેઠે હેરાન-હેરાન કર્યા જ કરે છે. આવા અનેક પ્રકારના ત્રાસથી ભયંકર બનેલા સંસારરૂપ વનમાં આકુળવ્યાકુળ થયા વગર કઈ રીતે રહેવું ? (એમાં ઠરીને ઠામ કઇ રીતે પડી શકાય ?)

૨. આ પ્રાણીને મન, વચન અને શરીરના નવા નવા અભિલાષો થાય છે. એને વિકારો થાય છે, એને વિષયનો પ્રેમ થાય છે અને એને દ્વેષ થાય છે, તેનાથી એ કર્મ-રજને ખૂબ એકઠી કરે છે અને એ પ્રાણી આપત્તિના ઊંડા ખાડામાં પ્રત્યેક ક્ષણે ખૂબ જોરથી પડવાના સ્વભાવવાળો થયો છે. આવા પ્રાણીને એક ચિંતા જરા ઓછી થાય છે ત્યાં એ પૂરી થયેલી ચિંતા કરતાં વળી વધારે મોટી ચિંતા ઉત્પન્ન થઇ જાય છે. એ પ્રાણીની આપત્તિનો છેડો આ સંસારમાં કોઈ પણ પ્રકારે આવતો નથી.

૩. અશુચિ-અપવિત્ર પદાર્થોથી ભરેલા માતાના પેટરૂપ ગુફામાં અનેક પ્રકારના સંતાપો (પ્રાણી) સહન કરે છે, ત્યારપછી જન્મ પામે છે, ત્યારપછી મોટાં મોટાં અનેક ભારે કષ્ટોથી અનુક્રમે હેરાન-હેરાન થઈ જાય છે અને જ્યાં ઉપર ઉપરના દેખાતા સુખમાં એ આપત્તિનો છેડો જેમ તેમ કરીને તે મેળવે છે ત્યાં તો મરણ (યમદેવ)ની સહચરી (દોસ્ત, મિત્ર) જરા (ઘડપણ) તેના શરીરનો કોળિયો કરવા માંડે છે.

૪. આ પ્રાણીને નિયતિ (ભવિતવ્યતા) ખેંચ્યા કરે છે, મહાભારે-આકરાં કર્મના તાંતણાથી એ જકડાઈ ગયેલો છે અને એની બાજુમાં યમરાજરૂપ બિલાડો ગમે ત્યારે હાજરાહજૂર થઇ શકે તેમ છે. આવો પ્રાણી પાંજરામાં પડેલા પક્ષીની પેઠે શરીર-પિંજરમાં જકડાઈ જઈ, હાંફળો-ફાંફળો થઈને રવડ્યા કરે છે,

૫. આ જીવ અનંત રૂપો ધારણ કરીને અનંત પુદ્ગલાવર્ત (કાળ) સુધી આ મહા-મોટા અનાદિ ભવસમુદ્રમાં અનંત વખત ભ્રમણ કર્યા જ કરે છે.



गेयाष्टक

संसारभावना

कलय संसारमतिदारूणं, जन्ममरणादिभयभीत रे ।
मोहरिपुणेह सगलग्रहं, प्रतिपदं विपदमुपनीत रे ॥ कलय० ॥ १ ॥

स्वजनतनयादिपरिचयगुणैरिह मुधा बध्यसे मूढ रे ।
प्रतिपदं नबनवैरनुभवैः, परिभवैरसकृदुपगूढ रे ॥ कलय० ॥ २ ॥

घटयसि क्वचन मदमुन्नतेः, क्वचिदहो हीनतादीन रे ।
प्रतिभवं रूपमपरापरं, वहसि बत कर्मणाधीन रे ॥ कलय० ॥ ३ ॥

जातु शैशवदशापरवशो, जातु तारुण्यमदमत्त रे ।
जातु दुर्जयजराजर्जरो, जातु पितृपतिकरायत्त रे ॥ कलय० ॥ ४ ॥

व्रजति तनयोऽपि ननु जनकतां, तनयतां व्रजति पुनरेष रे ।
भावयन्विकृतिमिति भवगतेस्त्यजतमां नृभवशुभशेष रे ॥ कलय० ॥ ५ ॥

यत्र दुःखार्तिगददवलवैरनुदिनं दह्यसे जीव रे ।
हन्त तत्रैव रज्यसि चिरं, मोहमदिरामदक्षीव रे ॥ कलय० ॥ ६ ॥

दर्शयन् किमपि सुखवैभवं, संहरंस्तदथ सहसैव रे ।
विप्रलम्भयति शिशुमिव जनं, कालबटुकोऽयमत्रैव रे ॥ कलय० ॥ ७ ॥

सकलसंसारभयभेदकं, जिनवचो मनसि निबधान रे ।
विनय परिणमय निःश्रेयसं, विहितशमरससुधापान रे ॥ कलय० ॥ ८ ॥

---

* આ અષ્ટક ગાવામાં આનંદઘનજીના સોળમા સ્તવનનો લય 'शांतिजिन એક મુજ વિનતિ' चालशे. એ લયમાં અંતરાત્મા નિરવધિ આનંદ અનુભવશે. અન્ય લય મુમુક્ષુ-જિજ્ઞાસુએ શોધી લેવા.

૧. જન્મ-મરણ વગેરે ભયોથી ખ્હી ગયેલા પ્રાણી ! તું સંસારને મહાભયંકર સમજ. મોહરૂપ તારા ભયંકર શત્રુએ તને બરાબર ગળેથી પકડી લઈ ને ડગલે અને પગલે આપત્તિમાં ધકેલી દીધો છે.

૨. હે મૂઢ ! સગાં-સંબંધી અને છોકરા-છોકરીના સંબંધોરૂપ દોરાઓ વડે તું તદ્દન નકામો અહીં બંધાયા કરે છે. તું ડગલે ને પગલે નવા નવા અનુભવોથી અને અનેક અપમાનોથી ઘેરાયેલો જ રહે છે. (એવા હે ચેતન ! તું જરા જો, વિચાર કર.)

૩. તું કોઇ વખત ઉન્નતિ (ચડતી)ના અભિમાનની ઘટના કરી બેસે છે, કોઈ વખત અધમતા (ની પ્રાપ્તિના પરિણામ)થી તદ્દન રાંક બની જાય છે અને કર્મને આધીન થઈ ને દરેક ભવમાં નવાં નવાં (જુદાં જુદાં) રૂપ ધારણ કરે છે.

૪. (આ ભવમાં પણ) બાળકની દશામાં હો ત્યારે તદ્દન પરવશ બનેલો હોય છે. જ્યારે જુવાનીના જોરમાં હો ત્યારે અભિમાનથી ઉન્મત્ત-મદોન્મત્ત બની જાય છે, જ્યારે ઘડપણ આવે છે ત્યારે દુઃખે કરીને જિતી શકાય તેવી જરાથી જર્જરિત થઇ જાય છે અને આખરે યમદેવના હાથમાં પડી તેને અધીન થઈ જાય છે.

૫. ભાઈ ! જો ! દીકરો છે તે પિતાપણું પામે છે અને વળી પાછો એ જ પુત્રપણું પણ પામે છે. સંસારની આવી (વિચિત્ર) પરિસ્થિતિ વિચારીને એને જરૂર છોડી દે. હજુ (તારો) મનુષ્યભવનો શુભ વિભાગ બાકી છે ! (એનો લાભ લઇ લે).

૬. તેં ખરેખર મોહરૂપ મદિરા પીધી છે અને તેના કેફમાં તારી બુદ્ધિ નાશ પામી ગઈ છે. તું જો. જે જગ્યાએ તું દુઃખ, ઉચાટ અને વ્યાધિના ભડકાની જ્વાળા-માંથી દરરોજ બળ્યા કરે છે ત્યાં જ પાછો તું લાંબા વખત સુધી રંજન પામી જાય છે. (આ દારૂડીઆનું જ લક્ષણ છે.)

૭. કાળરૂપ બટુક (ચોર-ધાડપાડુ) અહીંઆ જ થોડા ઘણા સુખનો વૈભવ બતાવીને પાછું એકાએક સર્વ પાછું લઇ લે છે અને એવી રીતે એ પ્રાણીને બચ્ચાની માફક લલચાવે છે-છેતરે છે.

૮. સંસારના સર્વ ભયોને કાપી નાખનાર તીર્થંકર મહારાજનું વચન તું ધારણ કર, વિચાર અને હે વિનય ! શાંતરસનું અમૃતપાન કરીને મોક્ષમય થઈ જા-એની સાથે એકતા કરી દે.

નોટ—

૧. **कलय** જો, અવલોક. **रे** ઘણું ખરું અધમને સંબોધવા આ અક્ષરનો પ્રયોગ થાય છે. **भयभीत** સંબોધન છે. **उपनीत** પણ સંબોધન છે. **सगलग्रहं** ગળાને પકડીને, ડોકીએથી પકડીને (adv.)

૨. **परिचयगुणैः** સંબંધરૂપ દોરડાંઓ વડે. **मुधा** વ્યર્થ, નકામો. **परिभवैः** અપમાનો વડે.
આ ગાથામાં **मूढ** અને **गूढ** બંને સંબોધન છે. અર્થ કરવામાં વાકયરચના મેળવવા થોડી છૂટ લીધી છે.

૩. **घटयसि** તું જે યોજે છે, ઘડે છે. **दीन** ગરીબ, બિચારો, બાપડો.

૪. **जातु** કોઈ વખત. **शैशव** સ્તનપાન કરે તે વખતનો બાલ્યકાળ. **करायत्त** હાથમાં પડેલો, હસ્તને પામેલો (तुं).

૫. **एव** તે જ (પિતા થયેલ પોતે). **भावयन्** ભાવતાં-વિચારતાં. **विकृति** વિકારો, ગોટાળાઓ. **त्यजतमां** જરૂર છોડી દે. **नृभवशुभशेष**—જેને મનુષ્યભવનું શુભ બાકી છે તેવો (तुं). (સંબોધન છે.)

૬. **अर्त्ति** સંતાપ, પીડા, ઉચાટ. **दवलव** દાવાનળના તણખા. **क्षीव** નષ્ટબુદ્ધિ—એ સંબોધન છે, પણ પ્રથમાના અર્થમાં વપરાયેલ છે.

૭. **सुखवैभव** સુખનો વૈભવ અથવા સુખ અને વૈભવ. **संहरन्** પાછું ખેંચી લેતો. **बटुक** જાહેર રસ્તા પર લૂંટનારા Highway robber અથવા ભિખારી.

૮. **भेदक** ભેદી નાખનાર—કાપી નાખનાર. **निबधान** તું ધારણ કર, વિચાર. **परिणमय** જમાવી દે, તદ્રૂપ થા. **निःश्रेयस** કલ્યાણ, મોક્ષ, શિવ.



પરિચય

સંસારભાવના

(ક ૧) આ સંસાર તો એક મોટું નાટક છે, એમાં પાત્રોનો પાર નથી, એમાં અંકોનો પાર નથી, એમાં પ્રવેશોનો પાર નથી. એમાં અભિનયો, નેપથ્યો, પડદા, સિનેરી, ગાન, સંભાષણ વગેરે સર્વ છે, પ્રચુર છે, જોતાં કે સાંભળતાં પાર ન આવે તેવડું મોટું તે નાટક છે. એમાં રાજા, રાણી, નોકર, દાસ, દાસી, પુત્ર-પુત્રી વગેરે સર્વ પ્રકારનાં પાત્રો છે, એમાં વિદૂષકો છે, એમાં રાંસડા-ગરબા લેવાય છે અને એમાં આનંદવૈભવના દેખાવો જોવાય છે, એમાં ભયંકર યાતનાના દેખાવો પણ દેખાય છે, એમાં રાગ,રાગણી, પડદા, પાઠ આદિ આવે છે, એ ખાસ જોવા-સમજવા જેવું છે, પ્રથમ આપણે ઉપાધ્યાય-શ્રીના શબ્દો ઉપર લક્ષ રાખી તે વિચારીએ. એને લાક્ષણિક રીતે સર્વાંગસુંદર જોઈ સાંભળી લેવું હોય તો તો એને પૂરો ન્યાય આપનાર શ્રી સિદ્ધર્ષિના ઉપમિતિભવપ્રપંચ ગ્રંથમાં જવું પડશે. આપણે અત્ર તેનો સહજ ખ્યાલ કરી સંસારભાવનાને હૃદયમાં ઉતારીએ.

આ ગ્રંથના પ્રવેશકના પ્રથમ શ્લોકમાં આ સંસારકાનનને ચાર વિશેષણ આપ્યાં છે : તેનો છેડો મળતો નથી, તેના ઉપર આશ્રવરૂપ વાદળાં ચઢેલાં જ રહે છે, એ કર્મોથી ગહન બનેલું છે અને એમાં મોહનો કરેલો ભયંકર અંધકાર છે. આવા ભયંકર ભવ-કાનનમાં આ પ્રાણીને નિરાંતે બેસવાનું કેમ થાય ? એ કેમ થતું નથી તે પ્રથમ તપાસીએ.

આ સંસારમાં અંતરંગમાં રહેલા મનોવિકારો પ્રાણીને ખૂબ રખડાવે છે, તફડાવે છે અને ગોટે ચઢાવે છે. એની અંદર રહેલ કામ, ક્રોધ, મદ, મત્સર વગેરે ભાવો એને ઠેકાણે પડવા દેતા નથી. પ્રત્યેક આંતર-વિકાર ભારે નુકસાન કરે છે અને ચેતનને અસ્તવ્યસ્ત કરી નાખી એનું પોતાનું ભાન ભુલાવી દે છે. એની એટલી હદ સુધીની બેડોળ સ્થિતિ કરી મૂકે છે કે એ પોતાને પણ ઓળખી શકતો નથી, પોતાનાંને પણ ઓળખી શકતો નથી અને પોતાનું ઘરનું સ્થાન કયું છે અને કયાં છે તેને પણ એના દૃષ્ટિપથ કે સ્મરણપથમાં આવવા દઈ શકતો નથી. એ આખું ભાન ભૂલી પરવશ બની જાય છે અને પછી દારૂના ઘેનમાં નાચે છે.

એ અનેક મનોવિકારો પૈકી આપણે એકને તપાસીએ. લોભ એ એવો તો ભયંકર આંતર મનોવિકાર છે કે એ સર્વ ગુણોનો નાશ કરે છે. એના પાશમાં પ્રાણી આવી પડે છે ત્યારે પ્રાણીને વિવેક રહેતો નથી, મારા-તારાનું ભાન રહેતું નથી, સભ્યતાના નિયમોનો ખ્યાલ રહેતો નથી અને ગૃહસ્થાઇની કલ્પના પણ રહેતી નથી.

એક મોટું વન-જંગલ કલ્પીએ. એવા વનમાં, મોટો દાવાનળ ફાટી નીકળ્યો હોય અને મોટાં મોટાં ઝાડો ભસ્મીભૂત થઈને તડોતડ જમીન પર પડતાં હોય તે વખતે પક્ષીઓ અને પશુઓ તે વનમાં હોય તેને કેવો ક્ષોભ થતો હશે તેની કલ્પના કરો. કોઈ ચીસ પાડે,

કોઈ રડે, કોઈ હાંફળાંફાંફળાં આમતેમ રક્ષણ માટે દોડે, કોઈ બચ્ચાંઓ માતાની પાંખોમાં સંતાય, કોઇ માતા બચ્ચાંને નોધારાં મૂકી સ્વરક્ષણાર્થે નાસી જાય. પશુ, પક્ષી અને મનુષ્ય વનમાં હોય તે સર્વમાં મોટી ગડમથલ થઇ જાય છે અને આખું વાતાવરણ મોટા દરિયામાં તોફાન થાય તે વખતે જે સ્થિતિ થાય તેવું ક્ષુભિત થઈ જાય છે.

લોભ જ્યારે પ્રાણી ઉપર સામ્રાજ્ય મેળવે છે ત્યારે તે તેનું આખું વાતાવરણ આવું ક્ષુભિત કરી મૂકે છે. અહીંથી લઉં, આ રસ્તે કમાઉં, આ માર્ગે એકડું કરું–એવા વિચારો એને આવ્યા જ કરે છે અને એ ચારે તરફ હાથ નાખ્યા કરે છે, મનસૂબા ઘડ્યા કરે છે અને યોજનાઓ રચ્યા કરે છે. એમાં સર્વથી મોટી દુઃખની વાત તો એ છે કે એને આજે જેટલું મેળવવાની ઈચ્છા હોય તેટલું કોઈ પ્રયાસે મળી જાય તો જાણે તેના ઉપર તો પોતાનો હક્ક હતો એમ માની ત્યાંથી આગળ વધવા એ ઇચ્છે છે. આપણી પોતાની જિંદગીની શરૂઆત તપાસો. ત્યાં જેટલેથી સંતોષ ધાર્યો હતો એટલા મળ્યે આપણે બેસી ગયા ? કદી નહિ. આજનું સાધ્ય તે આવતી કાલનું આરંભબિંદુ થાય છે. ગરીબ માણસ દશ હજાર મળે તો કૃતકૃત્યતા માને તેમ હોય, તેને દશની આસપાસ થવા આવે છે ત્યાં એનું લક્ષ્ય લાખ પર જાય છે અને એ રીતે લાખવાળાને દશલાખ અને એમ રાજ્ય કે ચક્રવર્તીપણામાં પણ સંતોષ થતો નથી. અંદર એની વૃત્તિ વધારે ને વધારે ઉત્તેજિત રહે છે અને એ કદી નિરાંતે બેસી શકતો નથી.

એટલા માટે લોભની સરખામણી 'આકાશ' સાથે કરી છે. આકાશનો છેડો જ આવતો નથી તેમ લોભને માર્ગ મળ્યો તો પછી એનો પણ છેડો આવતો નથી. કવિરાજ તેટલા માટે એને 'દુરંત' કહે છે. મતલબ કે એ હદ–મર્યાદા વગરનો છે, માઝા–છેડા વગરનો છે અને અપરિમિત હોઈ દરરોજ વધતો જ જાય છે.

એવા લોભના સપાટામાં એક વખત પ્રાણી આવ્યો એટલે પછી એ ગોટા ગણવા માંડે છે અને એના મનોરથો ચકાવે ચઢે છે, એ તો પછી રાતના બાર વાગ્યા ગણતો નથી ભૂખ–તરસ ગણતો નથી, દેશ–પરદેશ ગણતો નથી, રાત–દિવસ જોતો નથી, સગાસંબંધીનો સ્નેહ વિચારતો નથી, પૈસાની ગતિ વિચારતો નથી અને સર્વપ્રકારનો વિવેક મૂકી દઇ ચક્રમાં પડી જાય છે, મોટા મોટા આરંભો કરે છે, ન બોલવાનું બોલે છે, માયા–કપટ કરે છે, ઇચ્છિત વસ્તુ કે ધન મેળવવા અનેક ખટપટો કરે છે.

આવો લોભ લાગ્યો હોય, આવો દુરંત લોભ પ્રાણીના અંતરમાં ક્ષોભ નિપજાવી રહ્યો હોય, તેને ગમે તેટલો લાભ મળે તો પણ તે ધરાતો નથી. જંગલમાં દાવાનળ લાગે ત્યાં પાંચ–પચાસ પાણીના ઘડા ઠલવે તેથી કાંઈ દાવાનળ ઓલવાય ? એવો લોભ એક વાર જાગ્યો એટલે લાભના વધારા સાથે એ વધતો જ જાય છે અને લોભ એના અનેક આકારમાં આ સંસારમાં ઘર કરીને બેઠો છે. એ તો અડ્ડો જમાવીને આ સંસારમાં પલાંઠી મારીને બેઠો છે.

આવા મનોવિકાર અંદર જાગ્યા હોય તેવા સંસારમાં આ પ્રાણીને શાંતિ ક્યાંથી વળે? એ મનમાં ધારે કે થોડું મેળવી પછી અટકશું, પણ ત્યાં તો પરણે, પછી છોકરાં થાય, પછી તેનાં સગપણ-લગ્ન કરવાં પડે અને એમ સંસારનું ચક્ર વધતું જાય અને ધારણા ધૂળ મળે, લાભ થાય તેમ લોભ વધે છે. "जहा लाहो तहा लोहो लाहा लाहो पवड्ढइ" એ જાણીતી વાત છે. લાભ થાય તેમ લોભ વધે. બે વાલ સોનું લેવા આવનાર બ્રાહ્મણને વિચાર કરવા સમય મળ્યો તો આખા રાજ્યથી પણ સંતોષ ન મળ્યો. આવો લોભ જે સંસાર-વનમાં જાગ્યો હોય ત્યાં સુખે કેમ રહેવાય? નિરાંતે કેમ જીવી શકાય? અને સુખનાં સ્વપ્નાં પણ એમાં કેમ આવે? દવ લાગે ત્યારે તેનો તાપ ચારે તરફ લાગે છે તેમ લોભ ચારે બાજુએ સંતાપ કર્યા જ કરે છે અને વધતો લાભ થાય, ધારેલો લાભ થાય તો પણ આ પ્રાણીને સંતોષ થતો જ નથી.

ઇંદ્રિયભોગોની 'તૃષ્ણા' તો વળી એથી પણ આઘા છોડે છે. જંગલમાં પાણીની તરસ લાગે ત્યારે જેમ બે માઈલ છેટે પાણી-ઝાંઝવાનાં જળ દેખાય છે, પણ ત્યાં પહોંચે ત્યાં જળ તો એટલું જ દૂર દેખાય છે. વસ્તુતઃ જળ છે નહિ ત્યાં તે જળ ધારે છે અને પીવા દોડે છે, પણ એની તૃષા કદી છીપતી નથી અને એ તો હરણની માફક ફાંફાં મારી દોડાદોડ કર્યા કરે છે. એને મનમાં સ્ત્રીભોગની ઇચ્છા થઈ, પછી તે રખડે છે, પ્રાર્થના કરે છે, કાવાદાવા કરે છે, પણ એની વિષયસેવનની ઇચ્છા પૂરી થતી જ નથી અને કદાચ કોઇ વાર વિષય સેવ્યો તો પણ તેમાં તેને તૃપ્તિ થતી નથી. એ તૃષ્ણા તો એવી વિચિત્ર છે કે દોડાવ્યા જ કરે, સહજ તૃપ્ત થાય તો વધે છે અને તૃપ્ત ન થાય તો ફાંફાં મરાવે છે.

આ સંસારમાં અપ્રાપ્ત વસ્તુ પ્રાપ્ત કરવા માટે લોભ એક બાજુથી તરફડાવ્યા કરે છે અને બીજી બાજુ તૃષ્ણા જ્યાં ત્યાં ડોકીઓ કરાવી આશામાં ને આશામાં રખડપટ્ટો કરાવ્યા જ કરે છે. આમાં નિરાંત ક્યાંથી થાય? લોભનો છેડો આવતો નથી, લાભ થાય તો તે વધે છે. લાભ ન થાય તો કવરાવે છે અને તૃષ્ણા તો કદી ધરાતી જ નથી, એ બન્નેનો છેડો નજરે દેખાતો નથી. એણે સુભૂમ ચક્રીને છ ખંડ મળ્યા તો બીજા છ સાધવા પ્રેરણા કરી, એણે ધવળશેઠને બાકીનાં (શ્રીપાળને આપેલાં) બરબાં વહાણ ઘરભેગાં કરવા શ્રીપાળનું ખૂન કરવા લલચાવ્યો, એણે મમ્મણશેઠ પાસે કાળી રાત્રે નદીમાંથી લાકડાં ખેંચાવ્યાં, એણે ધન્નાના બીજા ભાઇઓને અનેક વાર લક્ષ્મીની વહેંચણી કરવા પ્રેરણા કરી, એણે રાવણને સીતાને ઉપાડી લઇ જવાની બુદ્ધિ આપી, એણે માધવને મુસલમાનોને મદદ કરવા પ્રેર્યો, એણે અનેક રજપૂત રાજાઓ પાસે પોતાની દીકરી મુસલમાન શહેનશાહોને અપાવી, એણે સિદ્ધરાજ જયસિંહને પોતાના સગા ભત્રીજાને રાજ્ય ન આપવાની બુદ્ધિથી દેશાંતરમાં રખડાવવા અને પરાશ્રયમાં જોડવા દુર્બુદ્ધિ આપી, એણે અનેક રાજાઓને પ્રેરણા કરી આર્ય ભૂમિને પારકે હાથ જતી કરાવી, એણે અનેક પ્રધાનો-અમાત્યો-દીવાનો અને કારભારીઓ પાસે મહા રાજખટપટો કરાવી, એણે ભાઈ-ભાઈમાં દ્વેષ કરાવ્યો, એણે પિતા-પુત્રનો સંબંધ

છોડાવ્યો, એણે કાંઈ કરવામાં બાકી રાખી નથી. આ સર્વ લોભના ચાળા છે તે ઇતિહાસ-પ્રસિદ્ધ છે અને આપણે પ્રત્યેક આપણા દરરોજના અનુભવમાં જોઈએ છીએ.

તૃષ્ણાએ તો હદ કરી છે. એ તો વિવેક-વિનય-સભ્યતા અને ભાનને ભુલાવી ગૃહસ્થાઈ પણ છોડાવી દે છે અને લાખોની ઉથલપાથલ કરનારને રાત્રે રખડતા જોયા હોય તો ચીતરી ચઢે તેવાં કરતૂકો તેની પાસે કરાવે છે. આ તો એક મનોવિકારની વાત થઈ. આવા અનેક મનોવિકારો છે અને તે આ સંસારમાં ભરેલા છે. હવે એવા સંસારમાં તે હાશ કરીને બેસવાનો વારો કયાંથી આવે? કઇ રીતે આવે?

આ સંસારવનમાં લોભ-તૃષ્ણા ઉપરાંત બીજા અનેક ભયો ભરેલા છે. જ્યાં વિચારીએ ત્યાં અભિમાન, દેખાવ, માયા, દંભ, મત્સર, ક્રોધ, શોક વગેરે અનેક આંતર વિકારો આપોઆપ જણાઈ આવે છે. આમાં કેવી રીતે સુખ મેળવવું? અને કયાં ઠરીને બેસવું? મોટો દાવાનળ સળગ્યો છે અને જ્યાં જઈએ ત્યાં સર્વ પોતપોતાની ગાયા કરે છે અને નાની વાતને મોટી માનવામાં મગરૂબી લે છે. આમાં નિરાકુળતા કઇ રીતે આવે અને કયાંથી આવે? આ વિચારણા આખા સંસારનો મહાન્ પ્રશ્ન ઊભો કરે છે. એ સંસારનાં થોડાં ચિત્રો તપાસીએ.

(ખ૨) સંસારની રચના એવા પ્રકારની છે કે એક ચિંતા પૂરી થાય ત્યાં તેથી પણ વધારે આકરી ચિંતા બાજુએ ખડી થઈ જાય છે. ઘરમાં બેરી માંદી પડી હોય, અણઉતાર તાવ આવતો હોય, આખું ઘર સારવારમાં પડી ગયું હોય અને ડોકટરો વીઝિટ આપતા હોય; એને જરા સારું થવા લાગે ત્યાં વ્યાપારમાં મોટી ઉથલપાથલ થાય છે. એની અગવડ જેમ તેમ કરી પૂરી કરે ત્યાં તાર આવે છે કે દેશમાં ભાઇને સખ્ત છાતીનો દુઃખાવો થયો છે, કેસ ગંભીર છે. હાય નાખતો ત્યાં જાય ત્યાં અહીં વેપારની કરેલી ગોઠવણો ભાંગી પડે છે. વગેરે વગેરે દરરોજના અનુભવની વાતો છે.

વાત એ છે કે સંસારમાં વસનારા અને આ ભવને સર્વસ્વ માનનારા પ્રાણીનાં મન, વચન, કાયા-વિચાર, વચન અને પ્રવૃત્તિ, તેની નવી નવી અભિલાષાઓ, તેના વિકારો, તેના આનંદો અને તેના રોષો એવા તો વિચિત્ર હોય છે કે એ પ્રાણીમાં ભારે તુમુલ યુદ્ધ ઊભું કરે છે. એના મન, વચન, કાયાના યોગોને પરસ્પર મિલન જ મળે નહિ;મન મોટા મોટા મનોરથ કરે તો શરીર મોજમજા માગે; એની અભિલાષાઓ એને સંસાર તરફ ખેંચે ત્યારે એના વિકારો એને કોઇ પ્રકારની સરખાઈમાં રહેવા ન દે, એને આનંદ વિષયોમાં આવે અને એનો રોષ વગર ધોરણે આડા આવનાર સામે થાય. આવી રીતે ત્રણે યોગોના વિસંવાદ, મનોરથની અયોક્કસતા, વિકારની પરાધીનતા, રતિની કામેચ્છા અને રોષની નિરંકુશતા એની પાસે ન કરવાનાં કામ કરાવી એને કર્મરજથી ભારે બનાવી દે છે.

આવી રીતે અને આવાં કારણોએ પ્રાણી પોતાને હાથે વિપત્તિનો ખાડો ખોદે છે અને તેને વધારે વધારે ઊંડો બનાવતો જ જાય છે. એ પોતાના સર્વ વ્યવહારની રચના જ એવી

વિચિત્ર રીતે કરે છે કે જાણે એને વિપત્તિના ખાડામાં પડવાનું ચેટક લાગ્યું છે એમ જ એને માટે ધારી શકાય.

ડગલે ને પગલે આપત્તિમાં પડવા તૈયાર થયેલા આ પ્રાણીનો ચિત્તનો ઉદ્વેગ કઈ રીતે મટે? એની પીડાનો છેડો આ જન્મમાં આવે તેવું એક પણ કારણ નથી. એની વિચારણા, એની ઉચ્ચારણા અને એની કાર્યશૈલી એવી જ રીતે ગોઠવાઈ છે કે એમાંએ વધારે ને વધારે આપત્તિઓને નોતરીને બોલાવે છે અને એ ઊંડા ખાડામાં વધારે ને વધારે પડવાની તૈયારી જ કરતો હોય એમ એનો પ્રત્યેક યોગ સાક્ષી પૂરીને બતાવી આપે છે. એની ચિંતા કદી ઘટતી નથી, એની આધિ કે ઉપાધિ ઓછી થતી નથી અને એના સંતાપોનો છેડો દેખાતો નથી.

પ્રાણીના શરીરનો વિચાર કરીએ. એનાં સ્ત્રી, પુત્ર, પુત્રીનો વિચાર કરીએ, એના વ્યાપાર-ધંધાનો વિચાર કરીએ, એના સગાંસંબંધીનો વિચાર કરીએ, એના મિત્રોનો વિચાર કરીએ, એના તિજોરી ભરવાના મનોરથોનો વિચાર કરીએ, એના સુખના ખ્યાલો વિચારીએ, એનાં માનેલાં સુખનાં સાધનો વિચારીએ, એનો આગામી ચિંતાઓ વિચારીએ અને ટૂંકામાં એનું આખું વાતાવરણ તપાસીએ તો એક પણ રસ્તે એની આપત્તિનો છેડો આવે તેમ નથી. ત્યારે પછી શાંતિ શી રીતે મળે?

પ્રથમ પ્રશ્ન તો એ છે કે સંસારસંબંધી વિચાર કે યોજના કરવાની બાબતને તે અતિ-પીડા માનતો જ નથી. એ તો જ્યારે પાછો પડે ત્યારે વળી જરા અચકાય છે. બોરનો ઠળીઓ ગળે અટકે ત્યારે જરા ચોંકે છે પણ અંતે પાછો જ્યાંનો ત્યાં, સ્ત્રીને જ્યારે કસુવાવડ થાય ત્યારે જરા પીડાનો ખ્યાલ આવે છે અને તેલ ને ચોળા ખાય છે, પણ પાછા ઘર દી ને ઘર દહાડા! આમાં ચિંતામાંથી મુક્તિ કેમ થાય અને આપત્તિનો છેડો ક્યાંથી આવે? આ પ્રાણીનો સુખનો ખ્યાલ જ એટલો અવ્યવસ્થિત અને અસ્થાને છે કે એની એ પ્રકારની સ્થિતિમાં એની આપત્તિનો છેડો આવે તેમ નથી અને એને માટે એને સાચી ખેવના (ચીવટ) હોય એમ પણ લાગે તેવું નથી. એ તો એક વાર પાસો નાખ્યો એટલે એ સંસારમાં ઘસડાવાનો અને એક ખાડામાંથી બીજામાં અને એ રીતે નાના-મોટા ખાડાઓમાં પડ્યા જ કરવાનો. એની આ સ્થિતિ અનિવાર્ય છે.

ચિંતા કેવી અને કેટલી થાય છે તેનો સાચો ખ્યાલ કરવો હોય તો કોઇ મોટા વ્યાપારવાળા અથવા મોટા કુટુંબવાળા અને બહારથી સુખી દેખાતા ગૃહસ્થને પૂછવું. ત્યાંથી બરાબર જવાબ મળશે. અત્યાર સુધી એવા સુખી ગણાતા મનુષ્યોમાં કોઈ પણ સાચો સુખી મળ્યો નથી. કોઈ વાર બાર આનાની દાડી કરી સાંજે ઘેર પાછા વળતા, ગીતો ગાતા મજુર કે કામદાર વર્ગમાં ઉપરટપકેનું સુખ અથવા સંતોષ દેખાશે, પણ જેને ત્યાં તમે પૂરા સુખી

માની છઠિયું લેવા જાએ છે તેને તમે ખરા સુખી માનતા હો તો એ વાત ફરી તપાસી જવા યોગ્ય છે. વાત પાછી ત્યાં જ આવે છે. આ પ્રાણીના ઉદ્વેગનો છેડો આ સંસારમાં કોઈ પણ રીતે આવતો નથી, આવી શકે તેવા સંયોગો દેખાતા નથી અને એ બાબતમાં બીજો કોઈ પણ નિર્ણય કરવાનું બની શકે તેમ નથી

આ આખા વિવેચનમાં સુખ અને અર્તિ એના સાચા તેમજ ઊંડા અર્થમાં સમજવાના છે.

(ગદ્ય) આંતર વિકારોમાં લોભ, તૃષ્ણા અને મનનું વલણ બતાવનાર ચિંતાની વાત કરી. આ સર્વ આંતરરાજ્યની વાત થઈ. અંદરની પ્રવૃત્તિ જોતાં કોઈ રીતે ઠેકાણું પડતું નથી. હવે જરા સ્થૂળ દૃષ્ટિએ બાહ્ય સુખની વાતો કરીએ. ત્યાં કાંઇ સુખ દેખાય છે? જરા અવલોકન કરીને જોઈ એ.

એક પ્રાણીનું આ ભવનું જીવન તપાસીએ. માતાના પેટમાં નવ માસ લગભગ દરેકને રહેવું પડે છે. તે સ્થળનો ખ્યાલ કદી કર્યો છે? ત્યાં તદ્દન અંધારું છે. ચારે તરફ લોહી, મળ, હાડકાં, ચરબી, મૂત્ર, આંતરડાં. પરુ વગેરે અપવિત્ર પદાર્થોની વચ્ચે નવ માસ દબાઈ-ચંપાઈ આંટા મારવા પડે છે. પછી જન્મ થાય એટલે તો અનેક પ્રકારની ઉપાધિ શરૂ થાય છે. પ્રથમ આંખ પણ ન માંડે, દાંત ન હોય, પરાધીનતાનો પાર નહિ. પછી બાળપણ, તો ત્યાં પણ પરાધીનતા અને વડીલોની સત્તાની ત્રાડો. પછી નિશાળમાં માસ્તરોનો ત્રાસ. પરણવાની ચિંતા, આર્થિક સરખાઇ હોય તો માનસિક ચિંતા અને તે સરખાઇ ન હોય તોય તો ઉપાધિનો પાર નહિ. પછી વ્યાપાર-ધંધો કે નોકરી-કમાવાની ચિંતા, પરદેશના રખડપાટા.

આવી આવી તો પાર વગરની વાત છે. આમાં કદાચ સોએ એકાદ ટકાને સરખાઇ મળી જાય પૈસા, સ્ત્રી, પુત્ર, હવેલી, વ્યાપાર સર્વ અનુકૂળ થઈ જાય અને જો કે એમાંની કોઇ વસ્તુમાં નામમાત્ર પણ સાચું કે સ્થાયી સુખ નથી અને ઉપાધિનો પાર નથી, પણ સહજ સુખ-વ્યવહાર-દૃષ્ટિએ, પ્રચલિત લોકમાન્યતા પ્રમાણે એવી સરખાઇવાળાને સુખી ગણીએ. એવા માનેલા સુખમાં એનાં બે-ચાર વર્ષ જાય ત્યાં તો કાન દુખવા લાગે છે, આંખે ચશ્મા આવે છે અને દાંતની પીડાની તો વાત કરવી નહિ. ચાળીશ વર્ષની આસપાસ નજીકો ઊતરે છે એટલે દાંતની જે પીડા થાય છે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. અને પછી તો જે સ્થિતિ થાય છે તે આપણે અશરણભાવનાના બે શ્લોકો(ગેયાષ્ટક શ્લોક ૫-૬)માં જોઈ ગયા છીએ. એ સુખાભાસને-ઉપર ઉપરના સુખના ખ્યાલને-ભુલાવી દે છે અને પ્રાણીના શરીરને સીધું સપાટ કરી મૂકે છે. સુકલકડી જેવા શરીરે એને જવાબદાર જિંદગી મહા-ઉપાધિમાં પૂરી કરવી પડે છે. માથે ફરજો મોટી અને ખાવામાં કાંઇ દમ નહિ. મહોંમાંથી લાળ પડે, શરીર પરનો અંકુશ જાય અને ઘરના સર્વ અવગણના કરે. આ જરાવસ્થા એ મોતની બહેનપણી છે-સખી છે, મિત્ર છે. ઘણીવાર ઘરડા માણસને જિંદગી એટલી બોજારૂપ

લાગે છે કે એ મરણને વધારે પસંદ કરે છે. તે વખતે પરાધીનતા એટલી વધી જાય છે કે એક વખતના હુકમ કરનારા અને જોરથી ચાલનાર ને એ ભારે આકરી થઇ પડે છે.

આ પ્રમાણે માતાના પેટમાં આવવાથી માંડીને ઘડપણે છેડો (મરણ) આવે ત્યાંસુધી સુખ જેવું કાંઈ થતું નથી, ભોગવવાનું નથી અને ભોગવવા જેવું કોઈવાર લાગી જાય છે તો તે લાંબો વખત ટકતું નથી. ત્યારે આ નાટક કયા પ્રકારનું ? અને આમાં સુખના ધરડકા શા ? આ સર્વ પ્રપંચ શેનો ? કઇ જાતના સુખની પછવાડે આપણે દોડ્યા જઇએ છીએ ? અને તે કેટલો વખત ચાલશે ? આ સુખનું-માનેલા સુખનું-આખું નાટક પણ જોવા જેવું છે, વિચારવા જેવું છે, બરાબર ખ્યાલમાં રાખવા જેવું છે. આખા સંસાર-નાટકમાં વાસ્તવિક સુખ જેવું કાંઈ લાગે તેમ નથી. કદાચ લાગી જાય તો તે આભાસ-માત્ર સુખ છે અને તેની પછવાડે બે મહાન રાક્ષસી ઊભી છે : જરા અને પછી મૃત્યુ. આ આખા નાટકને ઓળખવું, એને સમજવું અને સમજીને તેને તે તરીકે વારંવાર વિચારવું એ જ એ નાટકની પરીક્ષાના પાઠો છે અને તે ભણાઇ જાય, તો પછી આગળ રસ્તો જરૂર સૂઝી જાય તેમ છે.

'કોળીઓ કરી જાય છે' એમ જરા (ઘડપણ) માટે બરાબર કહેવામાં આવ્યું છે. એ શરીરની જે સ્થિતિ કરી મૂકે છે તેને માટે એ તદ્દન યોગ્ય શબ્દ છે. એક એક કોળીએ એ શરીરને ડોઇઆં કરતી જાય છે. ધીમે ધીમે આવતી નબળાઈ ઓળખી આખું નાટક વિચારવું. નાટક સમજો એટલે રસ્તો જડશે.

આમાં કોઇ વાર આપત્તિનો છેડો આવે ત્યાં ભયંકર જરા સામે ડોળા કાઢીને ઊભી રહે છે. મહામહેનતે પરદેશ ખેડી, પૈસા મેળવી માણસ ઘરબાર વસાવે છે કે પરણે છે ત્યાં 'આદર્યાં અધવચ રહે'—એમ થાય છે. આ તો આખું નાટક છે. માત્ર આગળ કયો પાઠ ભજવવાનો છે એનું અજ્ઞાન છે એટલે આશામાં રમતો ચાલ્યા કરે છે, બાકી વાતમાં કંઇ માલ નથી. પોતાની આખી પાછળની જિંદગી અને તેના મનોરથો યાદ કરીએ તો મોટું નાટક દેખાય તેમ છે, પણ તે જોવાની અને તેનું રહસ્ય ઉકેલવાની મરજી હોય તેને માટે એ છે.

(ઘ૪) પાંજરામાં પોપટ પડ્યા છે. એનું પાંજરું સોનાનું હોય કે હીરાથી મઢેલું હોય પણ વિશાળ આકાશમાં છૂટથી ફરવાના સ્વભાવવાળા પોપટને તો દુઃખનો પાર નથી. એને તો એક ઝાડેથી બીજે ઝાડે ઊડવાનું અને એના મૂળ વિલાસોમાં રમણ કરવાનું હોય કે પાંજરે પુરાઇ રહેવાનું હોય ?

ભવિતવ્યતા તેને એક ભવ ચાલે તેવી એક ગોળી આપે છે અને એ ગોળી લઈ એ પાંજરામાં પડે છે. એ પાંજરાની પાસે જમરાજરૂપ બિલાડી બેસી રહે છે. એ એની પાસે -પડખે તૈયાર છે અને પાંજરે પડેલ પંખી જાણતો નથી કે એ કયારે ત્રાપ મારશે ? એને એ બિલાડીની ઝડપની બીક સદાકાળ રહે છે. નિયતિ-ભવિતવ્યતા આ પ્રાણીને કેવી રીતે

એક ભવસંવેદ્ય ગોળી આપે છે અને પોતાના પતિ પાસે કેવા નાચો કરાવે છે એનો ચિતાર શ્રી સિદ્ધર્ષિગણીએ બહુ સારી રીતે 'ઉપમિતિભવપ્રપંચ' ગ્રંથમાં આપ્યો છે. (જુઓ વિભાગ ૧લો, પૃ. ૨૫૬.)

પાંજરે પડેલો આ જીવ સારી રીતે સંસારમાં રખડે છે અને એના ચિત્તની વૃત્તિ એટલી ભમી જાય છે કે એ પોતે પાંજરે પડ્યો છે એ વાત પણ જાણતો નથી, અને જાણે એ પાંજરામાં પડવાની સ્થિતિ એની સ્વાભાવિક હોય અને પાંજરું ઘરનું ઘર હોય એમ તે માની લે છે તેમ જ કોઇ કોઈ વાર તો પડખામાં જમરાજ જાગતા બેઠા છે એ વાત પણ વીસરી જાય છે. જ્યારે મન ભ્રમિત થઈ જાય ત્યારે પછી બીજું શું થાય? ઊંધી આંખે જોવામાં આવે ત્યારે સાચી વાત દેખાય જ કયાંથી?

ભવિતવ્યતા (નિયતિ) એને કેવી રીતે બાંધી રાખે છે તેનો ખ્યાલ કરવા માટે હાથીને એક નાનકડો તંતુ (જળતંતુ) પાણીમાં પકડે છે ત્યારે એની કેવી દશા થાય છે તે દાખલો યોગ્ય જણાયો છે. આવડો મોટો હાથી એક તાંતણા જેવા તંતુથી પાણીમાં ખેંચાઈ જાય છે અને હાથીનું સ્વાભાવિક બળ (વીર્ય) તદ્દન ખલાસ થઈ જાય છે.

આ સંસારનાટકમાં પડેલા અને ભાન-ભૂલેલા પ્રાણીની આ દશા થાય છે તે ખાસ ખ્યાલમાં રાખી, તેની પંજરગત સ્થિતિ અને તેના નિયતિને અધીનત્વ પર ખૂબ વિચાર કરવા યોગ્ય છે. આ વિચારણા એ 'સંસારભાવના' છે, એ પર વિચાર થશે એટલે આખા સંસારનો ખ્યાલ આવશે અને ખ્યાલ આવશે એટલે એના ખરા સ્વરૂપની વિચારણા થશે. એ વિચારણામાં શરીરને 'પાંજરું' ગણવાની બાબત ખૂબ વિચારવા યોગ્ય છે, વારંવાર ધ્યાન કરવા યોગ્ય છે, નિરંતર લક્ષમાં રાખવા યોગ્ય છે.

(રૂપ) હજુ એક બીજી પણ અગત્યની વાત વિચારવા યોગ્ય છે. આ શરીર પાંજરું છે એટલું જ નહિ પણ આ પ્રાણીએ આવાં અનંત રૂપો કર્યાં છે. એ પૃથ્વીમાં ગયો છે, પાણી થયો છે, અગ્નિકાયમાં ખૂબ રખડ્યા છે, વાયુ તરીકે ઊડ્યા છે, વનસ્પતિમાં ટકાનો ત્રણ શેર વેચાયો છે અને ઉપર મફત પણ અપાયો છે, એ બે-ત્રણ-ચાર ઇંદ્રિયવાળો થયો છે, જળચર, સ્થળચર, ખેચરમાં ખૂબ ભટકી આવ્યો છે, દેવ, નારક થઈ આવ્યો છે અને મનુષ્ય પણ થયો છે.

એ ધનવાન ને નિર્ધન થયો છે, રૂપવાન ને કદરૂપો થયો છે, આબરૂદાર અને આબરૂ વગરનો થયો છે, સારા ને ખરાબ બાંધાવાળો થયો છે, સદ્ભાગી ને દુર્ભાગી થયો છે, રાજા અને ભિખારી થયો છે, દાતા અને યાચક થયો છે-એણે અનેક પ્રકારનાં રૂપો અનંતવાર લીધાં છે. એ ચારે તરફ રખડ્યો છે, અનંતવાર રખડ્યો છે, સાતમે પાતાળ જઈ આવ્યો છે અને ઉપર-નીચે, આડે-અવળે સર્વ સ્થળે આંટા મારી આવ્યો છે. ત્યાં નવાં નવાં રૂપો લીધાં છે અને એ રીતે આ અનાદિ સંસારમાં એણે અનંત પ્રકારના વેશો ધારણ કર્યા છે.

પુદ્ગલપરાવર્ત્ત એ પારિભાષિક શબ્દ છે. એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સૂક્ષ્મ અને બાદર એમ આઠ પ્રકારનું થાય છે. એની વિગત 'ઉપમિતિ ભ. પ્ર.' ભાષાંતરના પ્રથમ પ્રસ્તાવની પછી પરિશિષ્ટ નં. ખ માં આપી છે (જુઓઃ પૃ. ૨૪૭). મતલબ એ છે કે અનંત પુદ્ગલપરાવર્તનો એણે કર્યાં; અનેક વેશો ધારણ કર્યા, અનેક ગતિમાં રખડયો અને અનેક અભિધાનો એણે સ્વીકાર્યાં, આ મહાન્ ચક્ર-ભ્રમણની સ્થિતિનો બરાબર ખ્યાલ કરી આખા સંસારને સમુચ્ચય નજરે વિચારવો અને તેમાં પોતાના ભ્રમણની કલ્પના કરવી એ સંસારભાવના ભાવવાનો એક પ્રકાર છે.

સંસારનું અનાદિત્વ સમજાય, પોતાનો રખડપટ્ટો સમજાય, પોતે ધારણ કરેલાં રૂપોનો ખ્યાલ આવે અને એવાં રૂપો અનંતવાર કર્યાં છે એ સમજાય ત્યારે પ્રાણી પોતાનું આ અનાદિ સંસારસમુદ્રમાં કેવું સ્થાન છે અને પોતે કયાં ઘસડાય છે તે બરાબર સમજે. આવા ચક્ર-ભ્રમણનો છેડો લાવવો એવી જો એને જિજ્ઞાસા પણ થાય તો તેને આ આખા સંસારને એના અનેક આકારમાં જોઈ જવાનો પ્રબળ પ્રસંગ ખાસ પ્રાપ્ત થાય છે અને તે વિચારણા આંખ ઉઘાડી આગળ-પાછળ, ઊંચે અને નીચે જોવાથી બરાબર થઈ શકે તેમ છે.

હજુ આ સંસાર કેવો છે ? કેવો વિચિત્ર છે ? ત્યાં આ પ્રાણીએ કેવા કેવા નાચ કર્યા છે ? કેવા કેવા વેશો લીધા છે ? અને એ કેવો ઘસડાતો જાય છે ?–એ આગળ જોવાનું છે. એ જોઈને વિચારમાં જરૂર પડવા જેવું છે, પણ મૂંઝાઈને દબાઈ જવા જેવું કે આપઘાત કરવા જેવું નથી. એવા દારુણ ભવાર્ણવમાંથી અને આ મહા રખડપટ્ટીમાંથી હંમેશને માટે છૂટી જવાના માર્ગો છે. તે અવશ્ય પ્રાપ્ત થઈ શકે તેમ પણ છે, પરંતુ પ્રથમ તો આખો સંસાર કેવો છે અને કેવી ઈમારત પર રચાયેલો છે તેનો ખૂબ વિચાર કરવો. આખી વિચારણા ખૂબ મજા આપે તેવી, જોવા-સાંભળવા જેવી, વિચારતાં પોતાને ખૂબ શરમાવે તેવી અને આંખો ઉઘાડી નાખે તેવી છે. આપણે હવે ગ્રંથકર્તાનું ગેયાષ્ટક વિચારીએ. એનો રાગ જ શાંત કરી દે તેવો છે. એમાં એમણે મહાન યોગી આનંદઘનજીના અતિ વિશાળ શાંતિનાથના સ્તવનના લયનું અનુકરણ કર્યું છે, ગાતાં અંદર ઊતરી જવાય તેવો તેનો લય છે અને ભૂમિકા સુંદર છે. એ ગાનનો ભાવ વિચારીએ.



સંસારભાવના :: ગેયાષ્ટકપરિચય

૧. સંસારનું નાટક બરાબર જોઇ લે. પછી તને ખાતરી થશે કે આ સંસાર અતિ દારુણ (ભયંકર) છે. તું જન્મ-મરણાદિ ભયથી ડરી ગયો એમ જરા લાગે છે, પણ સંસાર આખો ભયંકર છે એમ તું સમજ્યો નથી. વાત એમ છે કે આ પ્રાણીએ સંસારને એના ખરા આકારમાં ઓળખ્યો જ નથી અને એ હજુ ચોક્કસ સ્થિતિમાં ફર્યા જ કરે છે. એનું કારણ શું છે તે તપાસીએ. મોહરાજા એનો ખરો શત્રુ છે, એ એને ઊંધા પાટા બંધાવી આખી ખોટી ગણતરી એની પાસે કરાવે છે. પ્રાણી સમજે છે કે મારી અગવડ વખતે મારા સંબંધીઓ હશે તે કામમાં આવશે અને તેટલા ખાતર એ અનેક અગવડો ખમે છે, એની ખાતર એ પોતાના માન્ય સિદ્ધાન્તોનો અને કરેલ નિર્ણયોનો પણ ભોગ આપે છે અને ગાંડા જેવો બની જ્યાં સુખ નથી ત્યાંથી સુખ શોધે છે.

મૂળ હકીકત એ છે કે આ મારા-તારાનો વ્યવહાર એ મોહરાજાએ જ કરાવ્યો છે. એ મોહરાજાને તું તારો હિતસ્વી સમજે છે અને તે તને સાચો રસ્તો બતાવનાર છે એમ તું જાણે છે; પણ ખરી રીતે તે મોહરાય જ તારો ખરો શત્રુ છે અને તને ફસાવવા તે તદ્દન ખોટા પાટા બંધાવે છે. કદાચ તું એ મોહરાજાને ઓળખતો નહીં હોય તેથી તને ટૂંકામાં એટલું જ કહેવાનું કે 'હું અને મારું'નો મંત્ર ભણાવનાર એ મોહરાજા છે અને વધારેમાં વાત એ છે કે એ તારો શત્રુ છે. આ વાતની જો તને ખબર ન હોય તો સમજી લે.

એને અંગે બે વાત મુદ્દાની કરવાની છે. એક તો એ કે એ તારા શત્રુ મોહે તને બરાબર ગળેથી પકડ્યો છે, એણે તારી બોચી પકડી છે અને તને બરાબર પોતાના સપાટામાં લીધો છે. તેં મલ્લકુસ્તી જોઈ હોય તો તને માલૂમ હશે કે એક મલ્લ જ્યારે સામા મલ્લનું ગળું પકડે છે ત્યારે તેને છૂટવું ભારે મુશ્કેલ પડે છે, તેનાથી છૂટવામાં ભારે બળની (પુરુષાર્થની) અપેક્ષા રહે છે. અને બીજી વાત એ છે કે અત્યારે તું એક આપત્તિ-માંથી બીજીમાં અને બીજીમાંથી ત્રીજીમાં પડે છે અને એમ ચારે તરફ વિપત્તિથી ઘેરાઈ જાય છે. એ સર્વનો કરનાર એ મોહ છે. તને વારંવાર એ આપત્તિમાં ઘસડી જાય છે અને અત્યારે તને જે આપત્તિઓ દેખાય છે એ સર્વ એ મોહરાજાની બનાવેલી છે અને તે તરફ લઈ જનાર પણ એ જ મહારાજા છે.

આખા સંસારની રચના સામાન્ય રીતે જોવામાં આવે તો મહા અંધકાર ચારે તરફ વ્યાપેલો દેખાશે અને જાણે આપણે માટે એક પછી એક જાળો-ફસામણીઓ (Traps) ગોઠવાયેલી હોય એમ લાગે છે. એક ગૂંચવણમાંથી ઉપર આવીએ ત્યાં બીજી ઊભી થાય છે અને એમ ને એમ ચાલ્યા જ કરે છે. અંતે જીવનનો અંત આવે છે, પણ ગૂંચવણોનો અંત આવતો નથી. સંસારના ચકાવામાં પડેલો કોઇ પણ પ્રાણી સર્વ ગૂંચવણોનો નિકાલ કરીને જતો જ નથી.

સંસારમાં પડ્યા પડ્યા તો મોહરાજાનું શત્રુપણું અને ડગલે પગલે વિપત્તિ તરફ ઘસડાવાનું વૈચિત્र્ય સમજાય તેમ નથી અથવા સમજવું મુશ્કેલ છે, કારણ કે એ તો અંદર રહીને ગૂઢપણે કામ કરે છે અને પ્રાણીને મોટા વમળમાં નાખી તેની બુદ્ધિને પણ ફેરવી નાખે છે. આખા સંસારનો બરાબર ખ્યાલ કરવામાં આવે અને જરા તેના ઉપર જઈ નિષ્પક્ષ દૃષ્ટિએ તેને જોવામાં આવે તો જ મોહરાજા બરાબર ઓળખાય તેમ છે. બાકી તો એના ચાળા અનેરા છે, એના માર્ગો અનેરા છે અને એનાં સાધનો અગમ્ય છે. એને સમજવાં પણ મુશ્કેલ છે, સ્વીકારવાં વધારે મુશ્કેલ છે અને તેને બરાબર સમજીને પોતાનો સ્વતંત્ર માર્ગ કાઢવો સર્વથી વધારે મુશ્કેલ છે. સંસારમાં તો ઘણું જોવાનું છે, એનો વિચાર કરતાં તો મહિનાઓ અને વર્ષો થાય તેમ છે, પણ એને ઓળખવામાં સર્વથી વધારે અગત્યનો ભાગ મોહરાજાનો હોઇ તેને ઓળખવો, તેની જીવ સાથેની ખાસ શત્રુતા સમજવી અને તેનાં કાર્યો અને પરિણામો ઓળખવાં એ સંસારભાવનાને અંગે મુખ્ય જરૂરી બાબત છે. મોહને યથાસ્વરૂપે ઓળખ્યો એટલે આખા સંસારને ઓળખ્યો એમ કહેવામાં અતિશયોક્તિ લાગતી નથી.

એ મોહરાજાનું જ્યાં શાસન વર્તતું હોય, એ મોહરાજા તારો પાકો દુશ્મન હોય એ દુશ્મનના રાજ્યમાં તારે જીવવાનું અને મરવાનું હોય-તેવા આ સંસારને તું શું જોઇને વળગતો જાય છે? એ સંસાર કેવો છે તે તું જો, વિચાર, સમજ. એમાં મોહરાજા કેવો છે તે સમજ, એ મોહરાજાનું ત્યાં સામ્રાજ્ય છે એ ધ્યાનમાં લે, એ રાજા તારો દુશ્મન છે તે વાત સ્વીકાર, એ રાજાએ તને ગળેથી પકડ્યો છે એ વાત ધ્યાનમાં લે અને તારી સર્વ મુશ્કેલીઓ એણે ઉત્પન્ન કરી છે તે વાત સમજી લે. એણે શું શું કર્યું છે તે તું જોતો જજે. સંસારભાવના એટલે મોહરાજાના વિલાસોની ઓળખાણ જ છે તે આ ભાવનાને અંતે તારા સમજવામાં આવશે. તું આગળ ચાલ.

૨. પ્રથમ તો તું આ સંસારમાં કેવી રીતે બંધાઇ જાય છે તેનો વિચાર કર એટલે તું એ મોહરાજાની ગોઠવણોનો કાંઈક ખ્યાલ કરી શકીશ. તારે પોતાને ખાવા માટે જોઈએ તેટલી વસ્તુ અથવા રહેવા માટે જોઈએ તેટલી જગ્યા સારુ તું આ બધા પ્રયાસ કરે છે? તને એમ લાગે છે કે તું ભૂખ્યો રહી જઈશ કે તારે કોઇ ઝાડ નીચે સૂઈ રહેવું પડશે? પણ તને તારી ચિંતા નથી. તારી આવડતથી તું એક દિવસમાં એક વર્ષ ચાલે તેટલું ખાવાનું મેળવી શકે છે અને તારે સૂવા-બેસવા જોઈએ તેટલી-વરસાદ તડકો અને ઠંડીથી રક્ષણ આપે તેટલી-જગ્યા મળે તો તેથી તને સંતોષ છે?

તારે તો તિજોરીઓ ભરવી છે, સાત પેઢી ચાલે તેટલું દ્રવ્ય એકઠું કરવું છે, ઘરના એક ઘરથી તને સંતોષ થવાનો નથી, તારે તો ગામ-ગરાસ એકઠા કરવા છે, તારે આખા ગામનું પાણી તારા ઘર તરફ વાળવું છે અને લાખો થાય તો કરોડો કરવા છે અને કરોડો

થાય તો છપ્પન ઉપર ભેરી વગડાવવી છે !! અને એ સર્વ કોને માટે તે તું કદી વિચારતો નથી. વિચાર કર તો તો બધું દીવા જેવું લાગે તેમ છે. પણ જ્યાં સહજ સાચી વાતની ઝાંખી થશે એટલે તરત તું ત્યાંથી છટકી જઈશ; કારણ કે તને ઊંધા પાટા બંધાવનાર અખંડ દિગ્વિજયી રાજા તારા હૃદયમાં બેઠો છે તે તને કદી સાચો માર્ગ કે સાચો વિચાર આવવા દે તેમ નથી અને આવી જાય તો ટકવા દે તેમ નથી.

ત્યારે તું તારાં છોકરાંઓ માટે આ સંસારમાં બંધાય છે ? તને તેનો પરિચય છે અને તારા મનમાં એમ છે કે મારી સંપત્તિ સર્વ એમને આપીશ; પણ તને ખાતરી છે કે તેઓમાં કમાવાની શક્તિ નથી જ. જો આવડત નહિ હોય તો તારી આપેલી સંપત્તિઓ તેઓ પાસે ટકશે ? લડીને ગુમાવશે નહિ ? કે કોઈ તેને છેતરીને લઈ જશે નહી ? જો શક્તિ અને આવડતવાળા તે હશે તો તેમને સંપત્તિ આપવી બિનજરૂરી છે. આ રીતે છોકરાઓ માટે સંસારમાં બંધાય છે તે તદ્દન નકામું છે, બિનજરૂરી છે, સમજ્યા વગરની વાત છે.

એની જ રીતે તારા બીજા સંબંધીઓ માટે સમજી લે. તું બીજા ખાતર બંધાઈને હેરાન થતો હો તો તેમાં તારી મોટામાં મોટી ભૂલ છે. તેમના પરિચયથી અથવા પરિચયનાં પરિણામોથી સંબંધને અંગે તારી ફરજોનો તારો ખ્યાલ જ ખોટો છે. કર્મનું સ્વરૂપ તું જરા સમજ્યો હોત તો તને દીવા જેવું લાગે તેમ છે કે એ સર્વ ફાંફાં છે. એને ગ્રંથકારે દોરડાં (ગુણ) કહ્યાં છે તે બરાબર છે. એ મોહરાજાએ સ્વજન છોકરાના પરિચયરૂપ દોરડાં ફેલાવ્યાં છે, પાથરી દીધાં છે અને તેનાથી જ તને બાંધી લીધો છે. તું બંધાઇ ગયો છે એમ તું ધારે છે એ વાત સાચી છે, તને એ જાળમાંથી છૂટવું સૂઝતું નથી–ગમતું નથી એ સર્વ સાચું છે; પણ એ આખું બંધન અને તેને અંગે તારી માન્યતા તદ્દન ખોટી છે. એનો પાયો જ ખોટો છે અને તું નકામો પડી મરે છે.

એ જ મિસાલે, સ્ત્રી, ભાઈ, પિતા આદિ સર્વ બંધનોનું સમજવું. ખરી વાત એ છે કે તારે કાંઈ છોડવું નથી, તારે તો નંદરાજાની પેઠે સોનાની ડુંગરીઓ કરવી છે, કંપનીઓમાં નાણાં રોકવાં છે, મોરગેજ પર ધન આપવાં છે અને જમે બાજુનો સરવાળો જોઈ રાજી થવું છે. એવી વાતમાં કોઈ સાધ્ય નથી, હેતુ નથી, ઉદ્દેશ નથી, સાર નથી.

તને ડગલે અને પગલે કેટલાય અનુભવો થયા છે. તું જેની ખાતર મરી પડે છે તે તારા તરફ કેવી રીતે વર્તે છે તેનો વિચાર કર. તને પરભવમાં તો અનેક અનુભવ થયા છે પણ તે ઉપરાંત આ ભવમાં તેં કેટલું વાંચ્યું, કેટલું જોયું, કેટલું જાણ્યું અને કેટલું જાતે અનુભવ્યું એ તારા અનુભવો પછી પણ એ નો એ જ રહીશ ? રહી શકીશ ?

વળી તેં અત્યાર સુધીમાં ન ઈચ્છવાજોગ તિરસ્કારો–પરિભવો કેટલા સહ્યા છે તે તો વિચાર. ગત કાળમાં તું કેવી કેવી ગતિઓમાં જઈ આવ્યો છે તે વિચાર. ત્યાં તારા શા હાલ થયા હતા તેનો ખ્યાલ કર. તે ન કલ્પી શકતો હો તો આ ભવમાં તારે માથે કેટલી અપમાન–તિરસ્કાર કરાવનારી પરિસ્થિતિઓ આવી ગઇ તે તું સંભારી જા.

(પ્રત્યેક પ્રાણી અહીં પોતાના જીવનને યાદ કરી જાય તો તેને શરમાવે તેવા અનેક પ્રસંગો–દરેક નાના–મોટા અનેક–બન્યા હશે !) આવા પ્રસંગો તરફ ધ્યાન ખેંચવાનું ખાસ કારણ છે. દરેક પ્રાણી સંસારમાં ઘણો મસ્ત રહે છે. તે માને છે કે એના જેવો માનયોગ્ય માણસ બીજો કોઈ નથી અથવા બહુ થોડા છે. આ જોશ પર તે દુનિયામાં ચાલે છે અને પ્રાણી પોતાના પરાભવના પ્રસંગો વારંવાર ભૂલી જાય છે. આ સર્વ મોહરાજાના ચાળા છે. આપણો આ ભવનો અનુભવ જ જો બરાબર જોઈ જવાય તો આપણી ઘણી ગરમી ઠંડી પડી જાય તેમ છે, માત્ર વિચારધારા પ્રામાણિક અને દીર્ઘકાલીન જોઈએ. આવા અનુભવોનાં દૃષ્ટાન્તો અહીં નહિ આપીએ. પ્રત્યેક પ્રાણીની પ્રામાણિક વિચારણા પર તે છોડીએ. આ સર્વ મોહરાજાનાં નાટક છે એ સમજી સંસારને એના ખરા આકારમાં સમજ.

૩. હવે જરા તારી વિચારધારા આગળ ચલાવ. આખરે તું કર્મને અધીન છે અને તે નચાવે તેમ તારે નાચવાનું છે. તું કોઈ કોઇ ભવમાં ઉન્નતિના શિખર પર પણ બેઠો હોઈશ, ભારે ગૌરવથી બડેજાવ બડેજાવ થયો હોઈશ, તારી આગળ બિરુદાવળી બોલાણી હશે અને તને ખમા ખમા થયું હશે. આ એક વાત. વળી કોઈ ભવમાં તું તદ્દન હીન થયો હોઈશ. કોઈ તને અડે તેમાં પણ પાપ મનાતું હશે. તું જાતિચંડાળ થયો હોઈશ. તું નારકીમાં પરમાધામીથી કુટાયો હોઈશ. તેં શરણ માટે રાડો પાડી હશે. તું શાકને ભાવે વેચાયો હોઈશ, તું જંગલમાં પુષ્પપણે જન્મી કોઈ ન જાણે, ન સૂંઘે તેમ મરી ગયો હોઇશ અને તને કોઇએ પગે રગદોળ્યો હશે, કોઇએ ચાંપ્યો હશે અને કોઇએ સૂંઘીને ફેંકી દીધો હશે. અનેક ભવોમાં પરિભવનાં સ્થાનો તો અપરંપાર ગણાવી શકાય તેમ છે. આ આખો ખેલ જોવા જેવો છે, જોઇને વિચારવા જેવો છે; વિચારીને ચિંતવવા જેવો છે.

ભાઈસાહેબ ઈસ્ત્રીટાઇટ થઈ ને ચાલતા હોય, કપડાં પર ડાઘ પડવા દેતા ન હોય, મ્હોં પર માખી બેસવા દેતા ન હોય અને સ્ટીફ કૉલર, નેકટાઇ અને બૂટ–મોજામાં, ખીસામાં રૂમાલ, રૂમાલમાં સેંટ અને સેંટની સુગંધમાં મ્હાલતા હોય ત્યારે એ કઈ કઈ સ્થિતિમાંથી પસાર થઈ અહીં આવેલ છે તેનો ભાગ્યે જ ખ્યાલ કરે છે. એનાં મનુષ્ય તરીકેનાં રૂપો વિચારી જઇએ તો પણ એનાં અભિમાન ઉતારી નાખે એવી વાતો છે; અને આ ભવમાં પણ ચાર ચાર મોટર ફેરવનાર અને દરવાજા પર સિપાઇ ખડા રાખનારને ઘેર ઘેર ફરી ભીખ માગતાં તિરસ્કાર પામતાં, હડધૂત થતાં નજરે જોયા છે. પછી આ નાટક શાં ? અને આ ઠણકો શેનો ? અને એ કોના ઉપર ?

અનેક વિકૃત, તિરસ્કૃત, ભયંકર રૂપ લેનાર, તિર્યંચોમાં પાડુ અને પરોણી ખાનાર, પારકા મલીદા ઉઘરાવનાર, વિષ્ટા ઉપર બેસનાર, ટુકડો રોટલો ખાનાર, જારના દાણા ચણનાર, ચાબખાના માર સહનાર, ડફણાંના ઘા સહનાર–તું તે કઈ બાબતનું ગૌરવ કરે છે ?

શેનું અભિમાન કરે છે? અને કાચમાં મુખડું નીરખી શેના ઉપર મલકાય છે? તું તો કર્મને આધીન છે, કર્મપરિણામ-રાજાના રચેલા મોટા રાસનો એક નાટકીઓ છે અને કાળ પરિણતિ દેવી સાથે બેસી એ રાજા નાટક જુએ છે. તારે તો ઉત્તરોત્તર વેશ ભજવવાના જ છે. ભવિતવ્યતા દેવી ગોળી આપે તે લઈ તારે એક પાઠ તેના હુકમ પ્રમાણે ભજવવાનો છે. તેં તો કૈંક પાઠો ભજવ્યા છે, દરવખત નવાં નવાં રૂપ લીધાં છે. આમાં તું કોઇ વખત કદાચ તારા મનથી મારું ઉન્નતિનું સ્થાન પામ્યો તો તેમાં પણ તારી હુંશિયારી કાંઇ નથી. તને તે પાઠ ભજવાવનારા તો અન્ય છે, તેને તેં ઓળખ્યા નથી. પણ તારે ઓળખવાની જરૂર છે અને એને ઓળખીશ એટલે તારું આખું નાટક તારા ધ્યાનમાં આવી જશે.

નવાં નવાં રૂપની ગોઠવણ કેવી રીતે થાય છે તેની આખી ઘટનાનું દર્શન ઉપમિતિકારે આબાદ ચીતર્યું છે. તે ત્યાંથી સમજવા યોગ્ય છે, પણ એમાં મલકાવા જેવું કાંઈ નથી. નાટક વિચારતાં આખા સંસારનું દર્શન થાય છે અને તે વિચારણા અત્ર કર્તવ્ય છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા અધ્યયનમાં (ગાથા ૩-૪) કહ્યું છે કેઃ—

पगया देवलोएसु नरयेसु वि पगया,
पगया आसुरं कायं अहाकम्मेहिं गच्छई ।
पगया खत्तियो होइ, तओ चंडालबुक्कसो,
तओ कीडपयंगो य, तओ कुंथुपिपीलिया ॥

"આ જીવ કોઇવાર દેવલોકમાં ઊપજે છે, કોઇવાર નારકીમાં ઊપજે છે, કોઈ વખત ભવનપતિ આદિમાં અસુર થાય છે. એનાં કર્મ પ્રમાણે એ જાય છે. કોઇવાર એ ક્ષત્રિય થાય છે, કોઇવાર ચંડાળ અને વર્ણસંકર (જુદી જુદી જાતિનાં મા-બાપવાળો) થાય છે, કોઇવાર કીડો થાય છે, કોઇવાર પતંગ થાય છે, કોઇવાર કુંથુઓ થાય છે, કોઇવાર કીડી થાય છે."

હવે કયાં દેવ અને કયાં કુંથુઓ? કયાં ભવનપતિ અને કયાં પતંગિયો? આ તે મોહ શો અને ચાળા શા? તેવી જ રીતે જ્ઞાનાર્ણવકાર કહે છે કે—

स्वर्गी पतति साक्रन्दं, श्वा स्वर्गमधिरोहति ।
श्रोत्रियः सारमेयः स्यात्कृमिर्वा श्वपचोऽपि वा ॥

સ્વર્ગનો દેવ રવડતો રવડતો નીચે પડે છે અને કૂતરો મરીને ઊંચે સ્વર્ગમાં જાય છે. મોટો શ્રોત્રિય બ્રાહ્મણ (સ્પર્શાસ્પર્શમાં ખૂબ માનનાર અને કૂતરાને કે અસ્પૃશ્ય જાતિને અડી જવાય તો ન્હાનાર) કૂતરો થાય છે, કરમિયો થાય છે અથવા ચંડાળ થાય છે.' આ સર્વ અનવાજોગ છે, એમાં નવાઈ જેવું કાંઈ નથી. સંસારનું નાટક ચાલે છે અને તેનાં પાત્રો કર્મરાજા નચાવે તેમ નાચે છે અને તે ફેરવે તેવા વેશ લે છે. નવાં નવાં રૂપ લેવાં તે પણ કર્મને અધીન છે, તેની સત્તાનો વિષય છે અને તેમાં તારે કાંઈ ઊંચા-નીચા થઈ જવાનું નથી, બરાબર નાટક જો અને વિચાર.

૪. આવી રીતે પરભવમાં તેં અનેક રૂપો લીધાં છે તે વાત બાજુએ રાખીએ, તો આ ભવમાં પણ તારી કેટલી દશાઓ થઇ છે તે તું જોઈ લે. બાળક હો ત્યારે સર્વ બાબતમાં 'પરવશ'–બ્બરાવે કોઇ, ધવરાવે કોઇ, ન્હવરાવે કોઈ, કપડાં પહેરાવે કોઈ અને પછી જરા ચાલતો થયો ત્યારે તું ધૂળમાં રગદોળાયો, તેં ન અડવા યોગ્ય વિષ્ટાઓ ચૂંથી, તારા ગાલ પર મૈસના થપેડા વળગ્યા, નાકમાં ગૂંગા, આંખોમાં ચીપડા, નસકોરામાં શેડા અને મ્હોંમાંથી લાળ ચાલતી તેં અનુભવી અને માતાનું દૂધ ધાવી–ધાવીને તું ઊછર્યો. પછી તું જવાનીઓ થયો એટલે અભિમાનથી 'મત્ત' થયો. જાણે ધરણી ઉપર પગ મૂક્યા વગર અદ્ધર ને અદ્ધર ચાલતો હોય તેવો, રંગરાગમાં ઈસ્ત્રીબંધ કપડાં પહેરીને અલે ત્યારે જાણે પૃથ્વીનું રાજ્ય તારું હોય એવો તેં સ્વાંગ ધારણ કર્યો. પછી આવ્યું ઘડપણ, એટલે લાકડી લીધી હાથમાં. ઉધરસ ખાતો, શ્વાસ લેતો, દમથી શેકાતો, ડગમગતી ડોકીએ પરાધીન દશામાં જીવતે મુવા જેવો, આંખમાંથી લાળ પડતી હોય ત્યારે પાછો પરાધીન થઈ ઘરના એક ખૂણામાં બેસે છે. છેવટે તદ્દન પરાધીન થઈ જઇ યમદેવને તાબે થાય છે. સર્વને છોડી ચાલ્યો જાય છે. આ તો આ ભવમાં તારી દશા છે. તું બાલ્યવયમાં પરવશતાનો પાઠ ભજવે છે, પછી મદમસ્તનો પાઠ ભજવે છે. પછી ખરખર બોરડીનો પાઠ ભજવે છે અને છેવટે પાછો પરાધીનતાનો પાઠ ભજવે છે. આ હકીકત પણ તને વિચારમાં નાખી દે તેવી–શરમાવે તેવી–મૂંઝવે તેવી લાગતી નથી? શેના ઉપર તારો રોફ છે? આ સર્વ મસ્તી તું શા કારણે કરે છે? તારો આ ભવનો તો વિચાર કર.

આવી રીતે ગયા ભવોનો ઇતિહાસ વિચારવામાં આવશે કે આ ભવમાં થતી અનેક દશાઓ વિચારવામાં આવશે તો તારા મનમાં કોઇ વાર છતી વસ્તુનું અભિમાન આવશે અથવા તું ઉન્નતિનો દંભ કરતો હોઇશ તે વખત તને જરૂર વિચાર થશે.

આપણે તો આ નાટક જોવાનું છે. પ્રાણીઓ કેવા કેવા વેશ લે છે અને એક ભવમાં પણ કેવી કેવી સ્થિતિએ કેવા કેવા પાઠ ભજવે છે તે વિચારી સંસારને સાચા સ્વરૂપમાં સમજવા જેવો છે અને સમજીને તે પરથી ધડો લેવાનો છે.

૫. આ સંસારની એક બીજી પણ વિચિત્રતા જોવા જેવી છે. આ સંસારમાં જે પિતા થયેલ હોય છે તે પુત્ર થાય છે અને પુત્ર પિતા થાય છે. આવી રીતે સ્ત્રી બ્હેન થાય છે, માતા થાય છે અને માતા સ્ત્રી થાય છે. જુદા જુદા ભવોમાં આ પ્રમાણે બને છે.

અનંત ભવોની વિચિત્રતા દિવ્ય જ્ઞાનથી જોઈને વિશિષ્ટ જ્ઞાની કહી ગયા છે કે આ જગતના સર્વ જીવો અરસપરસ માતાપણે, પિતાપણે, ભાઇપણે, બ્હેનપણે; સ્ત્રીપણે, પુત્રપણે, પુત્રીપણે અને પુત્રની સ્ત્રી તરીકે થયા છે અને તે પણ અનેક વખત થયા છે. એ જ રીતે એકબીજાના વહાલા અને દુશ્મન પણ થયા છે. આખા સંસારની રચના જોવામાં આવે તો આમાં કાંઈ નવાઇ જેવું લાગતું નથી. કુબેરસેનાએ વેશ્યાકૃત્ય કરી યુગલને જન્મ આપ્યો.

માતાના આગ્રહથી બન્નેને પેટીમાં મૂકી નદીમાં છોડી દીધાં, વેશ્યાએ બન્નેના હાથમાં વીંટી પહેરાવી. એક પર નામ લખ્યું કુબેરદત્ત, બીજી પર કુબેરદત્તા. નદીમાં ઘસડાતી પેટી દૂર ગઈ, બીજે ગામે બે વાણીઆના હાથમાં આવી. એકે દીકરો લીધો, બીજાએ દીકરી લીધી. બન્ને મોટાં થયાં. બન્નેનાં માબાપે તે બંનેને જ પરણાવ્યાં. પતિ-પત્ની રમતાં હતાં, ત્યાં એકની આંગૂઠી નીકળી પડી. બન્નેએ સરખાવી જોઈ. એક કારીગરની બનાવેલી જાણી વિચારમા પડયાં. બાપાને પૂછયું. ભાઈ-બહેન છીએ એમ સમજાયું. ખેદ થયો. કુબેરદત્ત ઘર છોડી ચાલી નીકળ્યો. દુર્ભાગ્યે કુબેરસેના-માતાને ગામે જ આવ્યો, માતા તો હજુ વેશ્યા જ હતી. પૈસા કમાઈ કુબેરદત્ત વેશ્યા તરીકે તેની પાસે ગયો. ફસાયો. તેનાથી એક છોકરો થયો. પરસ્પર એકબીજાને ઓળખતાં નથી.

કુબેરદત્તાએ વૈરાગ્ય પામી દીક્ષા લીધી. તે જ ગામે આવી. કુબેરસેનાને ઘેર ઊતરી, નાનો છોકરો રડવા લાગ્યો. તેને તેણે છાનો રાખતાં નીચેનાં સગપણ બતાવ્યાં:-(પુત્રની સાથે સગપણ)

૧. તારી માતા ને મારી માતા એક છે એટલે તું મારો 'ભાઇ.'
૨. મારા પતિ કુબેરદત્તનો તું પુત્ર છે તેથી તું મારો 'પુત્ર.'
૩. મારા પતિ કુબેરદત્તનો નાનો ભાઈ એટલે મારો 'દિયર.'
૪. મારા ભાઈ કુબેરદત્તનો પુત્ર એટલે મારો 'ભત્રીજો.'
૫. કુબેરદત્ત મારી માનો પતિ-તેનો તું ભાઈ એટલે મારો 'કાકો'
૬. કુબેરસેના મારી શોકચ. કુબેરસેનાનો દીકરો કુબેરદત્ત, તેનો તું પુત્ર એટલે મારો અને કુબેરસેનાનો તું 'પોતરો' (પૌત્ર).

(કુબેરદત્તની સાથેના સંબંધ) તેને ઉદ્દેશીને બોલીઃ—

૭. આપણી બન્નેની માતા એક જ છે એટલે તું મારો 'ભાઈ.'
૮. મારી માતાનો તું પતિ એટલે મારો 'પિતા.'
૯. આ બાળક મારો કાકો (નં. ૫) તેનો તું બાપ, તેથી તું મારો 'દાદો'.
૧૦. આપણે પરણ્યાં હતાં તેથી તેટલા વખત માટે તું મારો 'પતિ.'
૧૧. કુબેરસેના મારી શોકચ, તેનો તું પુત્ર, માટે મારો પણ 'પુત્ર.'
૧૨. આ છોકરો મારો દિયર (નં. ૩). તેનો તું બાપ, માટે મારો 'સસરો.'

(કુબેરસેના સાથેનો સંબંધ) તેને ઉદ્દેશીને બોલીઃ—

૧૩. મને જન્મ આપનાર તું, તેથી તું મારી 'માતા.'
૧૪. કુબેરદત્ત મારો પિતા (નં. ૮), તેની તું માતા માટે મારી 'દાદી.'
૧૫. કુબેરદત્ત મારો ભાઈ, તેની તું પત્ની, એટલે મારી 'ભાભી.'
૧૬. મારી શોકચના પુત્ર કુબેરદત્તની તું પત્ની તેથી મારી 'પુત્રવધૂ.'
૧૭. મારા પતિ કુબેરદત્તની તું માતા તેથી તું મારી 'સાસુ.'
૧૮. મારા પતિ કુબેરદત્તની બીજી સ્ત્રી તેથી તું મારી 'શોકચ.'

ત્રણ દૃષ્ટિએ આ અઢાર સંબંધો[1] ખૂબ વિચારવા યોગ્ય છે; અને આ જીવે આવા સંબંધો ભવપ્રપંચમાં તો અનેક વખત કર્યા છે.

સંસારની આ વિચિત્રતા વિચારીને હજુ તારો મનુષ્યભવ બાકી છે ત્યાં સુધીમાં એ સર્વને તું તજી દે. તને આવી વિચિત્રતા જોઈ આ સંસાર પર ચીતરી ચઢતી નથી? તું કયાં મોહ કરી રહ્યો છે? કોના ઉપર મોહ પામ્યો છે? એ કોણ છે? એના પૂર્વ સંબંધો તારી સાથે શા છે? એ સર્વ જરા વિચાર અને હવે બાકી રહેલા આયુષ્યના ભાગમાં એ સર્વ વિચિત્રતાઓ છોડી દે અથવા એવી વિચિત્રતાઓ વધે નહિ એવો માર્ગ શોધ.

સંસારની અનેક વિચિત્રતા તેં અત્ર (આ ભાવનામાં) જોઈ, પણ તેમાં આ વિચિત્રતા તો શિખરે ચઢે એવી છે, એનો વિચાર કરતાં ત્રાસ આપે તેવી છે અને મગજને મૂંઝવી નાખે તેવી છે; પણ સાચી હોઇ મગજને ઠેકાણે લાવે તેવી અને તે દ્વારા તને માર્ગ પર લઇ આવે તેવી પણ છે. પુનરાવર્તનને ભોગે તને કહેવાની જરૂર છે કે સંસારની આ મહા વિચિત્રતા ખૂબ વિચારજે અને વિચારીને નરભવના બાકીના ભાગને સારા ઉપયોગમાં લેજે.

અહીં જે વાતો લખી તે જરા નવાઈ જેવી લાગે તેવી છે, પણ વિચિત્ર સંસારચક્રમાં બનવાજોગ છે; અને અનંત સંસારમાં સર્વ વિચિત્ર સંબંધો થાય છે તેની દિવ્યજ્ઞાનવાળા સાક્ષી આપે છે. ખૂબ વિચારવા જેવી આ વાત છે. એની વિચારણામાં સંસાર પર જય છે અને ઉપેક્ષામાં સંસારનો તારા પર જય છે એ વાત તું ખૂબ ધ્યાનમાં રાખજે. ન ગમે તેવું સત્ય હોય પણ જ્યારે વિચારણા કરવા બેઠા ત્યારે એને એના નગ્ન આકારમાં રજૂ કરવું જ રહ્યું; અને આ તો ન ગમે તેવી પણ બહુ મુદ્દાની વાત હોઈ ખાસ વિચારવા યોગ્ય છે.

૬. મોહરાજાએ આ પ્રાણીની કેવી દશા કરી છે તે જોવા જેવું છે. એક માણસ દારૂ પીએ અને પછી બેવડા કેફમાં લડથડીઆં ખાય, ગટરમાં પડે, પોતાનાંને પણ ન ઓળખે અને તદ્દન ગાંડો થઈ ગમે તેમ વર્તે તેના જેવી આ પ્રાણીની દશા મોહરાજાએ કરી દીધી છે; એને તદ્દન મૂંઝવી નાખ્યો છે અને એની વિચારણાશક્તિ, પૃથક્કરણશક્તિ અને સદસદ્વિવેક શક્તિ પર હડતાળ લગાવી છે. આ પ્રાણીનું વર્તન જોઇએ એટલે એના પર મોહની કરેલી કેફની અસર કેટલી થઇ છે અને તેથી એ 'ક્ષીબ'–તદ્દન પરાધીન, બુદ્ધિહીન, વિચારણાશૂન્ય કેવો થઇ ગયો છે તેનો ખ્યાલ આવશે.

આ જીવનમાં જોવામાં આવશે તો ઉપાધિનો પાર નથી, દુઃખનો અંત નથી અને અગવડોનો પાર નથી. જીવનકલહ એટલો આકરો છે કે એની ખાતર પ્રાણી કંઈક પાપો સેવે છે અને આઘાતો ખમે છે, પારાવાર મુશ્કેલીઓમાંથી પસાર થાય છે. એ ભૂખ સહે

---

૧. આ પ્રમાણે બીજા ત્રણને પણ ૧૮–૧૮ સંબંધ થયા છે, તેથી કુલ ૭૨ સંબંધો શ્રી પ્રશ્ન-ચિંતામણિમાં સવિસ્તર બતાવ્યા છે.

છે, પરદેશ વેઠે છે, તકરારો કરે છે, સાચાં-ખોટાં કરે છે અને આખો વખત જાણે પેટ ભરવા જ જન્મ્યો હોય એમ વર્તે છે. એને સગાંનાં મરણોનાં દુઃખ, એને મિત્રો ખોઈ બેસવાનાં દુઃખ એના શેઠીઆઓના હોકારા, એના અમલદારોના ત્રાસ, બિલ ઉઘરાવનારાઓનાં દુર્વચનોનું શ્રવણ વગેરે દુઃખો તો જાણે દરરોજનાં થઈ પડ્યાં છે. શરીરના ત્રાસો ઓછા નથી, એને ઠંડા કે ગરમ થતાં વાર લાગતી નથી અને એ અનેક પ્રકારે બોજારૂપ થયા કરે છે. આવાં તો પાર વગરનાં 'દુઃખો' આ સંસારમાં સામાન્ય રીતે ભરેલાં છે અને તે ઉપરાંત અંગત દુઃખોનો તો હિસાબ નથી.

એની માનસિક 'અર્તિ'-ઉચાટોનો સરવાળો કરીએ તો તો પાર ન આવે તેવું છે. મનના સંતાપો અને ઉચાટોથી આ સંસાર ભરેલો છે, એક દિવસ ઉચાટ વગર જતો નથી. કેટલાક સાચા, કેટલાક કલ્પિત અને કેટલાક ઊભા કરેલા ઉચાટો આ જીવને હેરાન કર્યા જ કરે છે અને તે દરરોજ જાણે આ પ્રસંગોમાંથી નાસી છૂટી, જંગલમાં ભાગી જવા ઈચ્છે છે.

વ્યાધિઓની ઉપાધિઓ કહી-કથી જાય તેમ નથી. મહારોગો જોયા કે અનુભવ્યા હોય તો એનો સાચો ખ્યાલ થાય. પણ મોટા વ્યાધિની શી વાત કરવી? શરીરમાં એક નાનું સરખું ગૂમડું થયું હોય તો આખું મનનું ધ્યાન તેના તરફ જ રહે છે અને જાણે આખું શરીર એ એક જ જગ્યાએ આવી પડ્યું હોય તેમ સણકા મારે છે. દાઢની પીડા, બગલમાં બાંબલાઈ કે નાકમાં એક નાની સરખી ગૂમડી (માલણ) થઈ હોય તો ચેન પડવા દેતી નથી અને ક્ષય, અતિસાર, ભગંદર, કોઢ કે એવા મહાવ્યાધિ થયા હોય ત્યારે તો ઉપાધિનો પાર રહેતો નથી.

આખો સંસાર તપાસીએ તો તેમાં ઉપરનાં અને બીજાં અનેક (૧) દુઃખો, (૨) ઉચાટો અને (૩) વ્યાધિઓ ભરેલાં છે. કોઈ માંદો પડે ત્યારે આપણે જોવા-ખબર પૂછવા જઈએ છીએ અને આપણો વારો આવે ત્યારે તે ખબર પૂછી વિદાય થાય છે. આવી ઉપાધિઓથી ભરેલા સંસાર સાથે આપણે ક્રમ લેવાનું છે. દરરોજ આપણે દુઃખ, અર્તિ અને વ્યાધિમાં સબડીએ છીએ, એનાથી બળી-જળી રહીએ છીએ અને એનાથી કંટાળી હેરાન-હેરાન થઈ જઈએ છીએ.

છતાં આશ્ચર્યની વાત એ છે કે એ સંસારને આપણે ચાટતા જઈએ છીએ. આપણને ગમે તેટલો કડવો અનુભવ થાય, આપણે ઠેકાણે ઠેકાણે પાછા પડીએ, આપણો કાંઈ પત્તો ન લાગે, આપણી કાંઈ ગણતરી ન થાય, આપણને અનેક વ્યાધિઓ વળગેલા હોય અને નિરાંતે કદી ઊંઘતા ન હોઈએ, ઊંઘમાંથી સફાળા ઊઠી જતા હોઈએ, છતાં પણ એ સંસારને મેળવવાનાં ફાંફાં મારીએ છીએ અને ઉપરથી એકાદ મધનું ટીપું પડી જશે એવી આશામાં પડું પડું થઈ રહેલી ડાળને વળગતા જઈએ છીએ. આ દશા દાઢડિયાની હોય કે કોઈ

સમજુ પ્રાણીની હોય ? જ્યાં અપમાન, ઉચાટ અને સંતાપ મળતાં હોય ત્યાં સમજુ પ્રાણી તો જાય નહિ. દારૂના કેફમાં વિવેક ભૂલી એ સંસારમાંથી આનંદ મેળવવાના ખોટા પ્રયાસો છે, એમાં જરા પણ માલ નથી અને જ્યાં સાચું ચિરસ્થાયી સુખ નથી ત્યાંથી તે મેળવવાનાં વલખાં છે. દારૂડીઆ વગર એ ધંધો કોઈ સમજુ તો કરે જ નહિ.

જીવને એ મદિરા પાનાર મોહરાજા છે. એનું આ સંસાર પર સામ્રાજ્ય છે, એનો માર્ગ વિષમ છે, અતિ ઊંડાણમાં છે અને ચિત્તવૃત્તિ–અટવીમાં આવેલો છે. એના એજન્ટો એટલા બધા છે કે એક યા બીજી રીતે પ્રાણીને કેફમાં જ રાખે છે અને એની વિવેક-બુદ્ધિને તદ્દન નિર્જીવ બનાવી દે છે. આવો આ સંસાર છે ! અને તેમાં તારે રંજન થવું છે, તારે તેમાંથી કસ કાઢવો છે, તારે તેમાંથી ઉપભોગ મેળવવા છે ! ધન્ય છે તારી વિવેકબુદ્ધિને ! વિચારણાને ! ! પરીક્ષક–શક્તિને ! ! !

સંસારના આ ચિત્રમાં જરા પણ વધારે પડતી વાત નથી. પોતાનો અનુભવ જ એ માટે પૂરતો છે. માત્ર લાંબી નજરે પોતાનો જીવનક્રમ વિચારી જવામાં આવે તો એમાં સાર જેવું કાંઈ નીકળે તેમ નથી. વિચાર, જો, સમજ, અવલોકન કર, ઊંડો ઊતર.

૭. આ ભવનું એક ચિત્ર જરા વિચારી લે. કર્મ પરિણામ–રાજા કાળપરિણતિ–રાણી સાથે બેસી ભવનાટક જુએ છે. એ કાળપરિણતિ–રાણીને અત્ર બટુકનું રૂપક આપ્યું છે. બટુક એટલે લૂંટારો અથવા ભિખારી. આપણે "કાળ"નું સ્વરૂપ વિચારીએ. એ યથાયોગ્ય કાળે વસ્તુનો કે પ્રાણીઓનો આપણને સંયોગ કરાવે છે. વખત પૂરો થાય ત્યારે તે વસ્તુનો વિયોગ કરાવે છે. વસ્તુ પોતે ભગડે, પડે, સડે અને ગંધાઈ જાય કે નકામી થઈ જાય તે પણ કાળ જ કરે છે, એનાથી અમુક વૃક્ષને અમુક કાળે ફળ આવે છે, વગેરે. કાળને તેટલા માટે છ દ્રવ્યમાં એક દ્રવ્ય ગણવામાં આવેલ છે.

એ કાળરૂપ ચોર, ધાડપાડુ આ પ્રાણી સાથે કેવી રમત રમે છે તે જુઓ. તે કોઇ વખત જરા સુખ દેખાડે, છોકરાં ન હોય તેને છોકરાં આપે, ઘર ન હોય તેને ઘર વસાવી આપે, નોકરી ન મળતી હોય તેને ઠેકાણે પાડે અને પ્રાણી સમજે કે હું સુખી થયો. એવી જ રીતે ઘણા થોડાને એ વૈભવ મેળવી આપે, પોતે મોટો શેઠિયો કે માલિક બની જાય; પણ પાછો થોડો વખત થાય ત્યાં એ નીચેની ઈંટ ખેંચી લે છે. એકનો એક છોકરો ચાલ્યો જાય છે, પછવાડે વિધવાને મૂકતો જાય છે, ધન પગ કરીને ચાલ્યું જાય છે અને બુધવારિયામાં નામ નોંધાવવાના દહાડા આવે છે, સબવડો સર્વ ખેંચાઈ જાય છે અને ઉપરાઉપરી આફતો આવતી જાય છે. સાંસારિક સર્વ સુખો–કલ્પનાથી માની લીધેલાં સુખો અને વગર જરૂરીઆતે એકઠા થયેલ વૈભવોની આ સ્થિતિ થાય છે; અને છેલ્લા મહાવિગ્રહ પછી તો આપણે આ સર્વ વાત નજરે જોઇ છે.

કાળ-ચોરટો એવી સિફતથી કામ લે છે કે જરા જરા ઉપર ઉપરનાં સુખો આપી આ પ્રાણીને લલચાવે છે અને પછી ધકેલી મૂકે છે. નાના બાળકને સેવ ને મમરા, ગોળનો લાડવો આપી તેની કડલી કાઢી લેવામાં આવે તેવું કાળબટુકનું આ પ્રાણી સાથે વર્તન છે. આ ભવમાં પણ આ પ્રાણીની-આપણી પોતાની સાથે કાળબટુક આવી ચેષ્ટા કરે છે અને અનેક પ્રકારનાં ચેડાં કાઢે છે. તે જાણે તદ્દન અણુસમજુ નાનો બાળક હોય તેમ તેની સાથે વર્તે છે, પછી અહીંના કર્મથી ભરેલાં પોટલાંઓ ઉપડાવીને જીવને એ બીજે લઈ જશે. ત્યાં તો તેના કેવા સંસ્કાર કરશે એ તો આખો જુદો જ વિષય છે.

વાત વિચારવાની એ છે કે કદાચ જરા માન્યતાનાં સુખ કે વૈભવ મળી જાય તો પણ તે કયારે સંહરાઈ જશે અને તેની સાથેનો સંબંધ કયારે પૂરો થશે તે આપણે કદી પ્રથમથી જાણતા નથી; પણ કંઈકનાં સુખ-વૈભવો થોડા વખતમાં લેવાઈ જતાં આપણે નજરે જોયાં છે તેથી કદાચ તને વ્યવહારથી થોડાં સુખ-સમૃદ્ધિ કે વૈભવ મળ્યાં હોય તો પણ તેના ઉપર કેટલો વિશ્વાસ રાખવો તે તું વિચારજે, આખા સંસારનો ખ્યાલ કરીશ તો તને એમાં કાળબટુકની રમત જ દેખાશે. આ રમત સમજવી એ સંસારભાવના છે.

૮. આવો સંસાર છે! એના ગોટાળાનો પાર નથી, એમાં મોહરાજા અથવા કર્મ-રાજા તથા કાળબટુકના વિચિત્ર પ્રયોગો થાય છે, એમાં પ્રાણીને નિરાંતે બેસવાની તક પણ મળતી નથી, અને એમાં આધિ, વ્યાધિ અને ઉપાધિ ભરેલાં છે. ટૂંકામાં સંસારને ઓળખવા ઘણી વાતો કરી દીધી. એ પરથી તારે શું કર્તવ્ય પ્રાપ્ત થાય છે તે પણ તું જોઈ લે એટલે આ વિચારણા નકામી તણાઇ ન જાય.

આને અંગે બે બાબત ખાસ ભલામણ કરવા યોગ્ય છે. એક તો ઉપર જણાવ્યા તેવા પાર વગરના ભયોને કાપી નાખે, એનો સર્વથા નાશ કરે, એવા કોઈ આશ્રયનું સ્થાન હોય તો તેનો આશ્રય કરવો. આ પ્રાણીને મોહરાજાએ ગાંડો બનાવી દીધો છે, કેફી બનાવી દીધો છે, અક્કલશૂન્ય બનાવી દીધો છે. એને સંતાપ, ઉપાધિ, રખડપટ્ટા, અપમાન, નવાં નવાં રૂપો અને વિવિધ નાટકો ભજવીને જ્યાં ત્યાં કુટાવાનું છે; પણ એને ઠરીને ઠામ બેસવાનો વારો આવતો જ નથી. જરા ઠેકાણે પડે કે બાજુમાં બગડે, નવ સાંધે ત્યાં તેર તૂટે એવી એની દશા છે, અને હંમેશાં, એનું કોણ લઈ જશે અને એને પોતે કયારે ખોઇ બેસશે એની એને સદૈવ ચિંતા રહે છે; કીર્તિનાશ, ભય, રાજ્ય ઉપદ્રવ, અકસ્માત વગેરે અનેક ભયોથી ઘેરાયેલો પડ્યો છે અને એની છાતી બેસી જાય એવી એની, વિચાર કરે તો, દશા છે.

આ સર્વ ભયોને ભય તરીકે ઓળખાવનાર કોઇ હોય અને તેમાંથી પ્રાણીને ઉપર આવવાનો માર્ગ બતાવનાર જો કોઈ આશ્રયસ્થાન હોય તો તેનો માર્ગ બતાવવાની ગ્રંથ-કર્તાની ફરજ છે. માત્ર ભયનાં નામો ગણાવવાથી કોઈ દહાડો વળે તેમ નથી.

ગ્રંથકર્તા કહે છે કે–તીર્થંકર મહારાજે એ મોહને જિત્યો છે, એના ઉપર એમણે સામ્રાજ્ય મેળવ્યું છે અને એમણે એ રાજાને બરાબર પારખી લઈ ઉઘાડો પાડ્યો છે અને તેના તાબામાંથી નીકળી જવાના, તેના અધિકારમાંથી દૂર ખસી જવાના રસ્તા બતાવ્યા છે. એમના ધ્યાનમાં એવું સ્થાન આવ્યું છે કે જ્યાં મોહ, કર્મ કે કાળ કોઇનું આધિપત્ય ચાલતું નથી. વળી ત્યાં જવાના માર્ગો પણ તેમણે જોઈ, જાણી, અનુભવી,બતાવી રાખ્યા છે અને એ માર્ગ લેવાથી ઉપર જણાવેલા સર્વ ભયોનો ભેદ થઈ જાય એવી આશા છે. એ આશા તે મોહરાજાની જાળ જેવી દંભી કે ગોટાવાળી નથી, પણ બરાબર અનુભવથી સિદ્ધ થયેલી એ વાત છે. એ માર્ગ એમની વાણી અને એમની રચનામાં છે. એમણે મોહરાજાનો બરાબર પત્તો મેળવ્યો છે અને એનો પીછો લીધો છે. એમના વચનને તું બરાબર તારા મનમાં ધારણ કર.

મોહરાજાનું સ્થાન ક્યાં આવ્યું છે? તેની સંસાર પર શી અસર છે? તેના પંજામાંથી નીકળવાના કયા રસ્તા છે? એ સર્વ બાબતની આખી શોધ એ જિનપ્રવચને કરી છે. રાગ–દ્વેષને જિતનાર 'જિન' કહેવાય છે. મોહના બે પુત્ર : રાગ, દ્વેષ–તેમને જિતનાર હોવાથી 'વીતરાગ' કહેવાય છે, સંસારમાં રહી પુરુષાર્થ કરી મોક્ષ સાધનાર હોવાથી 'અર્હંત્' કહેવાય છે, અને એ મોહરૂપ મોટા દુશ્મનને અને ખાસ કરીને કર્મોરૂપ દુશ્મનોને સામાન્ય રીતે હણનાર હોવાથી 'અરિહંત' કહેવાય છે. એનાં વચનોને તું મનમાં ધારણ કર, ગોઠવ અને તે પર સારી રીતે વિચાર કર. સંસારનું આખું સ્વરૂપ તે તને બતાવી માર્ગે ચઢાવી આપશે.

બીજી કોઈ જગ્યાએ તને સંસારની બરાબર ઓળખાણ થતી હોય તો તે વચન સ્વીકારવાનો અત્ર નિષેધ નથી. લેખકશ્રી કહે છે કે એમણે અનેક પ્રકારની પરીક્ષામાંથી જિનવચનને તાવી–તપાસી–ચકાસી જોયું છે અને તે સ્પષ્ટ અને સંસારને ઓળખાવનાર હોઈ તારી આ પ્રકરણમાં કહેલી સર્વ ગૂંચવણોનો નિકાલ કરે તેવું છે. ગમે તે રીતે તેને તું ઓળખ એ મુદ્દા છે. પણ ઉપરઉપરની વાતોથી વળવાનું નથી. એને મનમાં ધારણ કરી તે પર ખૂબ વિચાર કરવાનો છે.

બીજી વાત એ છે કે શમામૃતનું પાન કરીને તું મોક્ષ સાથે તન્મયભાવ કરી દે. તને સંસાર અનેક ઉપાધિથી ભરપૂર, ચિંતાનું સ્થાન લાગ્યો છે તો તારે મોક્ષ મેળવવો જ રહ્યો. સંસારથી છૂટવું એનું નામ જ મોક્ષ છે. તને આખી વિચારણા–ભાવના વિચાર્યા પછી એમાંથી નાસી છૂટવું જરૂરી લાગતું હોય તો શાંતરસનું પાન કરવા મંડી જા, લોટા ભરી ભરીને એને પી અને તે રીતે મુક્તિ સાથે તારી એકતા તું સ્થાપ. વિનય! તું ખરો વિનીત હો, તારે સાચે માર્ગે ચઢવું જ હોય અને આ સંસારથી તું ખરો કંટાળી ગયો હો તો તારે આ બન્ને વાત કરવી ખાસ અગત્યની છે અને આ સંસાર-ભાવના ભાવવાનું એ સાચું ફળ છે.

વિનયને ઉદ્દેશીને કહેલી આ આખી વાત., આ ચિત્રપટ વિનયવિજય ઉપાધ્યાયે પોતાની જાતને ઉદ્દેશી લખ્યું છે, પોતાને જ કહ્યું છે અને તે દ્વારા પોતાનું નામ પણ જણાવી દીધું છે.

સંસાર આખાનું સ્વરૂપ, એની પ્રત્યેક પરિસ્થિતિનું સ્વરૂપ, એની અંદરના આવિર્ભાવો મનોવિકાર અને ભાવો સંક્ષેપમાં ચીતરવા બહુ મુશ્કેલ કાર્ય છે. સંસારનું ચિત્ર ચીતરવામાં તો ગ્રંથ ભરાય તો પણ વાતો પૂરી થાય તેમ નથી. ગ્રંથકર્તાએ તેટલા માટે ઘણી મુદ્દાની વાત કરી, બીજી સમજીને વિચારી લેવા શ્રોતાની બુદ્ધિ ઉપર રાખ્યું હોય એમ જણાય છે. સંક્ષેપમાં તેમણે નીચેના મુદ્દાઓ નિર્દેશ્યા છેઃ—

(૧) મનોવિકારો બહુ ક્ષોભ કરે છે. લાક્ષણિક દૃષ્ટાંત તરીકે લોભ અને તૃષ્ણા.
(૨) ચિંતા વધતી જ જાય છે અને સંસારમાં પાત થાય છે ત્યારે પીડાનો છેડો આવતો નથી.
(૩) પ્રાણી માતાની કૂખમાં આવે ત્યારથી તે વૃદ્ધ થાય ત્યાં સુધી કષ્ટ, કષ્ટ અને કષ્ટ જ પામે છે.
(૪) આ પ્રાણી પાંજરામાં પડ્યો છે અને ભ્રમિતની પેઠે ભમ્યા કરે છે, એની સામે મરણ ખડું છે.
(૫) એણે અનેક રૂપો લીધાં, અનંત આકારો લીધા અને અતિ લાંબા કાળથી એ ભમ્યા જ કરે છે.
(૬) મોહરાજાએ એને બરાબર ગળેથી પકડ્યો છે અને વિપત્તિ તરફ એને ઘસડી જાય છે.
(૭) જે સ્વજન-સંતતિ ખાતર એ સંતાપ કરે છે, તે સમજ્યા વગરની વાત છે, ખોટી ફસામણ છે.
(૮) કોઈ વાર ઉન્નતિને શિખરે ચઢે છે તો કોઈ વાર અધમાધમ થાય છે. કર્મથી નવાં નવાં રૂપો લે છે.
(૯) નાનપણથી માંડીને મૃત્યુ પામવા સુધી એ દરેક બાબતમાં પરવશ છે. એના હાથમાં કોઈ રમત નથી.
(૧૦) સગપણની વિચિત્રતા મૂંઝવે તેવી છે. મા સ્ત્રી થાય છે વગેરે વિચારી જવા જેવી વાત છે.
(૧૧) સંસાર દુઃખ, સંતાપ અને રોગથી ભરેલો છે અને ત્યાંથી સુખ મેળવવું છે!
(૧૨) કાળ જરા સુખ બતાવી પાછો સંહરી લે છે. એના ઉપર વિશ્વાસ શો?

આ મુખ્ય મુદ્દાઓ છે. બાકી સંસાર-રચનાનો વિશાળ ખ્યાલ કરવો હોય તો શ્રી ઉપમિતિભવપ્રપંચાકથામાં શ્રીસિદ્ધર્ષિગણિએ **સંસારી** જીવનું જે ચરિત્ર આપ્યું છે તે આખું વિચારવા યોગ્ય છે, એમાં પણ ચોથા પ્રસ્તાવમાં વિમર્શ અને પ્રકર્ષ-મામાભાણેજ રસનાના મૂળની શોધ કરવા નીકળ્યા છે. પછી ભવચક્રપુરમાં જાય છે અને ત્યાં જે જે દેખાવો જુએ છે તે સર્વ ખાસ વિચારવા યોગ્ય છે. ચિત્તવૃત્તિ-અટવીને છેડે મોહરાજાનો આખો મંડપ ચીતરી અને વિપર્યાસ-સિંહાસન ઉપર તેને બેસાડી જે કમાલ કરી છે તે આખા સાહિત્યમાં

અલંકારરૂપ હોવા સાથે લાક્ષણિક, મર્મસ્પર્શી અને વિચારણીય છે. મોહરાજાનો આખો પરિવાર વિચારવા યોગ્ય છે, એની શક્તિ, કાર્યપદ્ધતિ અને કામ લેવાની આવડત વિચારવા યોગ્ય છે. એના રાગ-દ્વેષ-છોકરાં અને સોળ નાનાં બાળકો ખૂબ સુંદર રીતે ચીતર્યાં છે. એ જ પ્રસ્તાવમાં વિવેકપર્વત પર ચારિત્રરાજનો આખો પરિવાર ચીતર્યો છે તે પણ એટલો જ આકર્ષક છે.

આ આખો સંસાર–જેની આસપાસ આપણે તાપણી તાપી બેસી રહ્યા છીએ અને જેમાં અનેક વખત પાછા પડીએ છીએ, અપમાન ખમીએ છીએ, મૂંઝાઈ એ છીએ, છટકી જવાના સંકલ્પો કરીએ છીએ અને અંતે જે મળ્યું હોય તેટલાથી ચલાવી વધારે મેળવવાની આશામાં ગૂંચવાઇએ છીએ–તેનો વિસ્તારથી ખ્યાલ કરવાની જરૂર છે. જરા વિચારીએ. પ્રથમ આ શરીરમાં આપણે ગૂંચવાયા છીએ. એ શરીર કેટલાં વર્ષ ચાલશે ? એ આપણું નથી, સદા સાથે રહેવાનું નથી, તે તો આપણે અનેક પ્રસંગે જોઈ ગયા. પછી આપણે સ્ત્રી કે પતિમાં ગૂંચવાઈ એ છીએ. જેઓ સંસારમાં એટલા પૂરતા ન પડ્યા હોય તેમને આ વાત લાગુ ન પડે, પણ બીજા સર્વને પ્રથમ પંક્તિએ પોતા પછી સ્ત્રી બહુધા આવે છે. એની ખાતર સંસારમાં પડી રહેવું ઉચિત છે ? એમાં નૈસર્ગિક પ્રેમ છે કે વિષયાન્ધતા છે એનો કદી વિચાર કર્યો છે ? એમાં પરસ્પર સાચો રાગ છે કે કીડાનાં સ્થાનો માત્ર છે એ વિચાર્યું છે ? બહુ ઊંડા ઊતર્યા વગર આ વાતનો ખ્યાલ-નહિ આવે. પછી પુત્ર-પુત્રીઓ આવે. તેઓ શક્તિ કે આવડત વગરનાં છે એમ ધારી તેમને અન્યાય સમજુ માણસ તો ન જ કરે અને એની ખાતર અનંત ભ્રમણનો સ્વીકાર તો સાદી બુદ્ધિવાળો પણ ન જ કરે. આ ઉપરાંત સગાંસંબંધી કે માતા-પિતાના માની લીધેલા સ્નેહને પણ સમજુ માણસ વિવેકદૃષ્ટિએ વિચારે. એની ખાતર સંસારમાં કોઈ પણ પડતું નથી અને પડવાની ભ્રમણા લાગે છે તે કલ્પિત હોઈ તદ્દન ખોટી છે. માત્ર માન્યતામાં છે તે બરાબર પૃથક્કરણ કરતાં જરૂર સમજાય તેમ છે. જો ઘરબાર કે પૈસાનો ચોથો ભાગ પણ પરભવમાં સાથે લઈ જવાતો હોય તો કોઈ છોકરાંઓને વારસો પણ ન આપે.

આ પ્રાણીને ધન ઉપરનો સ્નેહ છે એ તો ભારે આકરો છે. એને ધનના વિચારમાં મજા આવે છે, ધનની વાતોમાં ખૂબ રસ પડે છે, ધન કમાવા માંડે ત્યારે તે એકરસ થઈ જાય છે તેમ જ ધન અને ધનની ગંધનામાં એ વિવેક પણ ભૂલી જાય છે. પોતાની જરૂરીઆત કેટલી તેનો એ કદી સરવાળો કરતો નથી અને એના કૂટ ખ્યાલ પ્રમાણે એને સંતતિ માટે કેટલું જુદું રાખવું ઘટે એ કદી વિચારતો નથી. એ તો જમેના સરવાળા કરવામાં અને સરવૈયા જોવામાં એવો ઊંડો ઊતરી જાય છે અને પછીતેને અંગે એનો એવો પાત થાય છે કે એની વાત કરવી નહિ. ન્યાય કે અન્યાય, નીતિ કે ધર્મ, સર્વને બાજુએ મૂકી એ તો ધન પાછળ દોડે છે અને હેતુ કે અર્થ વગર સંસારને વધારી મૂકે છે.

આવો આ સંસાર છે. એમાં બાહ્ય ઉપાધિઓનો પાર નથી. સર્વનાં મન જાળવવાં અને કર્મીમાં ખપવું એ એટલી મુશ્કેલ વાત છે કે એમાં ધસડાઓરાનો પાર નથી અને

છતાં વાસ્તવિક રીતે કોઈ આભાર માનતું પણ નથી. એકનો એક દીકરો બાપ પહેલો ચાલ્યો જાય, સ્ત્રી હૃદયનો પ્રેમ રાખે નહિ અને મિત્રો દ્રોહ કરે, સગાંઓ મેણાં દીધા કરે, પરોક્ષમાં નિંદા કરે–આ સર્વ દરરોજ દેખાય છે. એનાં સુખ માત્ર માન્યતામાં છે અને તે પણ સોએ નેવું ટકા તો સંસારની ચક્કી પર દળવાનું જ છે. પ્રાણી મહાઆપત્તિમાં જીવન ઘસડે છે અને મરવાની ઇચ્છા કરતાં સંસારને વળગતો જાય છે. આમાં જીવન જેવું કશું નથી, હેતુ જેવું કાંઈ નથી, સાધ્ય કે સાધનનો છાંટો પણ નથી.

આવી બાહ્ય ઉપાધિઓની વાત તો આપણે ઘણી કરી, પણ અંદરની ઉપાધિનો હિસાબ કરીએ તો મગજ ઠેકાણે રહે તેમ નથી. વિચાર કરતાં કાંઠો હાથ લાગે તેમ નથી અને જાણે આપણે ભરદરિયે રખડી પડચા હોઈએ એવી ગંભીર સ્થિતિમાં આવી પડીએ છીએ. આપણને અંદરના મનોવિકારો કેવી રીતે ત્રાસ આપે છે તેનો જરા વિચાર કરીએ તો એક એક વિકારના નાના આવિર્ભાવો આપણને મૂંઝવવા માટે પૂરતા થાય તેમ છે. એના લાક્ષણિક દૃષ્ટાંત તરીકે આપણે લોભને લઈએ. લોભનો છેડો નથી, એ વધતો જ જાય છે. જેમ જેમ લાભ મળે તેમ તેમ વધારેની આશા થાય છે અને મનોરથો કદી સંપૂર્ણ થતા જ નથી. ઉત્તરાધ્યયનસૂત્રમાં એને 'આકાશ' સાથે સરખાવેલ છે. એનો પાર જ–છેડો જ આવતો નથી. લોભ- અનેક પાપનું મૂળ છે. શાસ્ત્રકાર કહે છે કે લોભથી સર્વ ગુણોનો નાશ થાય છે. એ જ રીતે માયા–દંભ પણ અંદર રહીને ગોટા વાળે છે. મનમાં કંઈ રમત હોય, બોલવું બીજું અને વર્તન વળી તદ્દન ત્રીજા પ્રકારનું, ક્રોધ અને માન તો વ્યવહારથી પણ મહા-અહિત કરનાર અને દેખીતા દુર્ગુણો છે,

એ ઉપરાંત બીજા આંતર વિકારોનો પાર નથી. મત્સર કરી પારકાનું અહિત ચિંતવવું, હાસ્યમાં બીજાની મશ્કરી કરવી, ઇંદ્રિયના વિષયોમાં આનંદ માનવો, મોજશોખમાં સુખ માણવું, જરા ઓછું પડે ત્યાં અરતિ કરવી, નાની નાની બાબતમાં કે કોઈના વિયોગ કે મરણે શોકથી તપી જવું, અનેક જાતના સાચા તેમ જ કલ્પિત ભયોથી ગભરાવું, આંખને ન ગમે તેવી ચીજ કે માણસને જોઈ દુગંચ્છા કરવી, ધૈર્ય ન રાખવું. પ્રામાણિકતા પર પાણી ફેરવવું, કૂટ વ્યવહાર કરવો, મનની વિશાળતાનો ત્યાગ કરવો, પરસ્ત્રી તરફ પ્રેમ કરવો કુછંદે ચઢી જવું, જુગટાં ખેલવાં, ખોટાં આળ આપવાં, અદેખાઈ-ઈર્ષ્યા કરવી, કલહ કરવો, નિંદા કરવી વગેરે અનેક મનોવિકારો છે અને તેનાથી આ સંસાર ભરેલો છે. એમાંથી જાણે કયારે છટકી જવાય એવું થયા કરે છે છતાં છટકી જવાતું નથી એ સાચી વાત છે,કારણ કે સંસારને એના ખરા આકારમાં આ પ્રાણીએ કદી ઓળખ્યો નથી અને ઓળખવાનો વખત આવે ત્યારે આ પ્રાણી આંખો બંધ કરી દે છે. એ વસ્તુતઃ સંસારને બરાબર ઓળખતો જ નથી અને નકામો તણાઈને હેરાન થયા કરે છે.

આખા સંસારનો ખ્યાલ કરવો તો મુશ્કેલ છે. આ ભાવનામાં એની રૂપરેખા સારી ચીતરી છે. આપણે આખા સંસારનો વિચાર કરીએ ત્યારે તેનો છેડો દેખાતો નથી અને

આપણી આસપાસ શું બને છે તેનો કાંઈ ખુલાસો મળતો નથી. જ્યાં નવ સાંધીએ ત્યાં તેર તૂટે છે અને જાણે આપણે તો આખો ભવ સાંધવાનો જ ધંધો માંડ્યા હોય એમ અહીં તહીં મેળ મેળવવા દોડીએ છીએ, અને છતાં કોઈ જગ્યાએ સરખાઈ આવતી નથી. પૈસા હોય તો છોકરાં ન હોય, છોકરાં હોય તો સ્ત્રી ચાલી જાય, શરીરનો ભરોંસો નહિ, નીરોગીપણાનું ઠેકાણું નહીં. વ્યાપાર કરનારા સર્વ લાભ લેવા ધારે પણ છોકરા–સ્ત્રીની સરખાઈ હોય તો વેપારનો પત્તો નહિ, દુશ્મનોની ઉપાધિ, સગાંઓની ઈર્ષ્યા, પૈસા હોય તો ચાલી જવાનો ભય, વ્યાપારની અસ્થિરતા અને આવાં આવાં પાર વગરનાં ઉપાધિસ્થાનો સંસારમાં ભરેલાં જ છે અને કોઈ રીતે ઉપરઉપરની શાંતિ પણ રહેવા દેતાં નથી. અને તે સર્વની ઉપર મરણનો ભય તો માથે ઊભેલો જ રહે છે. સૃષ્ટિ વસાવીએ ત્યાં તો બાજી સંકેલાઈ જાય છે અને વસાવેલું સર્વ અત્ર પડ્યું રહે છે.

આમ ચારે તરફથી જાણે ઘેરાઈ ગયા હોઈએ અને મૂંઝાઈ ગયા હોઈએ એમ આપણે રખડીએ છીએ અને આપણી એક પણ રીતે થાપ લાગતી નથી. અને એ સર્વમાં નવાઈની વાત એ છે કે આપણે એ સર્વ હકીકત અનુભવીએ છીએ છતાં સંસારને વળગતા જઈએ છીએ અને જાણે કોઈએ આપણને પકડી રાખ્યા હોય તેમ માનીએ છીએ. જ્યારે કાળનો સપાટો આવે ત્યારે સર્વ છોડીને ચાલ્યા જવાનું છે એમ જાણવા છતાં આપણે તો અમરપટ્ટા લખાવી આવ્યા હોઈએ એવી રીતે નિરંકુશ વર્તન કરીએ છીએ અને એ સંસારની ઉપર જવાનો ખરો વિચાર કદી કરતા નથી. આપણે સારામાં સારા દાખલો લઈએ તો તેવા સુખી દેખાતા માણસને પણ ઉપાધિનો પાર હોતો નથી એ ઉઘાડી વાત છે. ખરો સુખી તો લાખમાં એક ભાગ્યે જ દેખાય છે. ત્યારે બાકીના પ્રાણીઓ શેની ખાતર સંસારમાં તરવરતા હશે એ એક મોટો પ્રશ્ન છે, જેનો નિકાલ થઈ શકે તેમ નથી.

સર્વ પ્રકારે સુખી મનુષ્યનો દાખલો મળવો મુશ્કેલ છે, છતાં ધન, ઘરબાર; મોટર, પુત્ર, પુત્રી, પરિવાર, દાસ, દાસી, સ્ત્રી વગેરેની પ્રાપ્તિને સુખ માનવામાં આવે છે. પ્રથમ તો તેવી સર્વ સામગ્રીવાળા માણસો કેટલા ? તેમને મળીને પૂછ્યું હોય તો તેવા માણસો પોતાને ઉપાધિથી ભરપૂર બતાવશે અને છતાં એવા એકાદ ટકાવાળાને બાદ કરીએ તો બાકીના ૯૯ ટકાને આ સંસારમાં સબડાવાનું તો કાંઈ કારણ નથી અને છતાં દરેક હાયવોય તો કચોજ કરે છે એ આપણે જોઈએ છીએ. ભર્તૃહરિ કહે છે કે આગળ ગીત ગવાતાં હોય, પડખે ચામર વીંઝાતાં હોય, માથે છત્ર ધરાતાં હોય તો તો કદાચ સંસારમાં પડ્યો રહે, નહિ તો હિમગિરિનાં શાંત ઝરણાંઓ વચ્ચે બેસી કોઈ નિર્વિકલ્પ સમાધિ સાધ. આ પ્રાણીને તો 'ન મળ્યા રામ કે ન મળી માયા' જેવું થાય છે.

ઉપર જે એક ટકાના સુખી લાગતા માણસો જણાવ્યા તેમની ઉપાધિનો પણ પાર નથી. માત્ર તેઓનાં હૃદય વાંચી શકાતાં હોય તો જ તેમનાં દુઃખનો ખ્યાલ આવે. અને છતાં આ આખી રમત કેટલાં વર્ષ માટે ? સો યે સો વર્ષ પૂરાં થાય તો પણ અંતે તો

ચાલ્યા જવાનું જ; અને અનંતકાળથી ચાલી આવતી આ સૃષ્ટિમાં સો વર્ષ શા હિસાબમાં છે ? અંતે તો ઘોર અંધારી રાત્રી જ છે. આપણા મનથી તો 'આપ મુએ સારી ડૂબ ગઈ દુનિયા' એ સાચી વાત છે, પણ આને તો અંધારામાં પણ ગોથાં ખાવાનું જ છે.

આખા સંસારનો ખ્યાલ કરો. ઘોડાની જિંદગી જુઓ. એની પરાધીનતા વિચારો. આપણે થોડા માસ માટે જેલમાં આવ્યા ત્યાં વિચારમાં પડી જઈએ છીએ. ઘોડાની શી દશા ? એની પરાધીનતા કેટલી ? એને અનેક તરંગો થતા હશે, પણ એકે કામ સ્વાધીનતાથી નહિ કરી શકે. મન ન હોય ત્યારે પણ જોડાવું પડશે અને ફરવાનો શોખ થાય ત્યારે ખીલે બંધાવું પડશે. એવી સર્વ તિર્યંચોની દશા છે. અને ઈયળ, ડાંસ, માખી, માંકડ એવા એવા પાર વગરના જીવોનાં જીવનો કેવાં છે ? એ સર્વમાં તું જઈને અહીં કોઈ મહાપુણ્યયોગે આવ્યો છે. તેં નારકીમાં પરમાધામીની વેદના સહી છે, ત્યાં ક્ષેત્રનાં દુઃખો, ગરમી, ઠંડી અને અગ્નિની ભયંકર યાતનાઓ ખમી છે. અત્યારે તું એ સર્વ વીસરી ગયો છે, કારણ કે આ સંસારનો તેં કદી ખ્યાલ કર્યો નથી, વિચાર કર્યો નથી અને ખાલી માથાકૂટમાં પડી તને પ્રાપ્ત થયેલી અનેક સગવડોનો તું સદુપયોગ કરવાને બદલે એને વેડફી રહ્યો છે.

ખૂબ વિચાર કરવાનો આ સમય છે, આખા સંસારને સ્પષ્ટ સમજી લેવાની આ તક છે. એમાં જે સ્વાધીનતા તને મળી છે તેટલી પણ અન્યત્ર અપ્રાપ્ય છે તે વિચારી તેને બરાબર ઓળખ અને ઓળખીને તેના ઉપર ચાલ્યા જવાના માર્ગ શોધ. આ ભવમાં મોક્ષ નહિ જઈ શકીશ તો પણ તારા વિકાસ(Evolution)ને સરસ ઝોક તો જરૂર આપી શકીશ.

સંસારનો વિચાર કરતાં તારે આ વિકાસમાર્ગ ખૂબ ધ્યાનમાં રાખવાનો છે. કાંઈ નહિ તો તેને સારો ઝોક આપવાથી પણ આ ફેરો સફળ થશે. પ્રત્યેક પ્રાણી કર્માધીન છે, પણ ઝોક આપવા પૂરતો પુરુષાર્થ પ્રત્યેક જરૂર કરી શકે તેમ છે. અને તે ખાસ કર્ત્તવ્ય છે.

સમરાદિત્યના ભવો તેં વિચાર્યા હશે. ભુવનભાનુનું આખું ચરિત્ર મનનપૂર્વક વિચારી જજે. અનાથી મુનિએ પોતાને માથે કોઈ નાથ નથી એનું જે આબેહૂબ ચિત્ર શ્રેણિક-રાજાને બતાવી આપ્યું છે તે વિચારી જજે અને છતાં તને સંસાર પર રાગ થતો હોય તો ભલે કરજે, પણ વિચારજે કે આ ચોરાશી લક્ષ યોનિમાં અનેક વાર ફરી, અનેક રૂપો લઈ અનેક નાટકો કરી અત્યારે તું અહીં આવ્યો છે અને હજુ પણ એવાં જ ચક્રભ્રમણનો તને શોખ હોય તો તું કરી લેજે, કિન્તુ એટલું ધ્યાનમાં રાખજે કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવનાં કારણે આ આખો સંસાર દુઃખથી ભરેલો છે અને જો કે એનો આખો પ્રપંચ સમજવો મુશ્કેલ છે, પણ અશક્ય નથી અને આવી તક અનંત કાળે કોઈકવાર જ હાથમાં આવે છે. એ તક ગુમાવી બેસવી હોય તો કોઈ આડે આવનાર નથી અને આડે આવે તો તેનું તું માનનાર પણ નથી. પરંતુ અવસર ગયા પછીનો પસ્તાવો નકામો થશે અને તને કચવાટ ઘણો થશે. આવો અવસર ફરીને હાથ નહિ આવે એ ધ્યાન પર લેજે.

આ સંસારમાં પરિભ્રમણ કરતાં તારે માથે થવામાં બાકી રહી નથી. વેદના, ઉપાધિ સંતાપ, રખડપટ્ટી અને મૃગતૃષ્ણા વગેરે અનેક સ્થિતિઓમાં તું જઇ આવ્યો છે અને હજુ તે જ ગમતું હોય તો તારી મુનસફીની વાત છે; પણ તારે એક વાત યાદ રાખવાની છે કે તારે બદલે કોઇ સૂવાનું નથી અને તને ફરવાનો ઉમંગ હોય તો સ્થાનોનો પાર નથી. એને માટે જીવયોનિ ચોરાશી લાખ છે. એ સર્વ બજારમાં-નાટકના તખ્તા પર નવા નવા વેશ લેતો ફરજે અને ત્યાં માન, મદ, પ્રતિષ્ઠા મૂકી દઈ ફેરા માર્યા કરજે કે જેથી એ સર્વ સ્થાનકે તું જઈ આવ્યો છે તેનો અનુભવ તાજો થશે.

અહીંથી નીકળી જવા ધારીશ તો પણ મોહરાજા એકદમ તને છોડે તેમ નથી. તેના અનેક કામદારો અને પરિવારના માણસો છે તે એક અથવા બીજા આકારે તને સંસારમાંથી ખસવા દેશે નહિ. ખસ્યો હોઇશ તો ખેંચીને તને સંસારમાં લઈ આવશે અને ઉપર-ઉપરનું સુખ બતાવી તને ઊંડા પાતાળમાં ફેંકી દેશે. ચેત, સાવધ થા, હોશિયાર થા અને સંસારને બરાબર ઓળખ.

આ સંસારનું ચિત્રપટ તારી પાસે સકારણ રજૂ કર્યું છે. **ભાવના**નું કાર્ય શું છે તે અત્ર એક વાર ફરી વખત કહેવાની છૂટ લેવાની આવશ્યકતા છે. **भाव्यते भववैराग्यादिसमुत्पादनाय पुनः पुनर्मनसि स्मरणेनात्मा मोक्षाभिमुखीक्रियते यया सा भावना।** ભાવનાનું આ કાર્ય છે. સંસાર (ભવ) ઉપર વિરાગ ઉત્પન્ન કરવા માટે વારંવાર મનમાં જેનું સ્મરણ કરવામાં આવે અને તે દ્વારા જેનાથી આત્માને મોક્ષ-સન્મુખ કરવામાં આવે તે **ભાવના**. આ ભાવનાનું વર્ણન ખૂબ વિચારવા જેવું છે. મોક્ષ-સન્મુખ થવું હોય તો સંસારને બરાબર ઓળખવા જેવો છે અને ઓળખીને એ વિચારણાને સન્મુખ રાખી વારંવાર એનું સ્મરણ કરવા જેવું છે. એમાં પુનરાવર્તનના દોષની ચિંતા રાખવા જેવું નથી. એ સંસાર 'सृ' ધાતુ પરથી આવે છે. सृ (To spread) 'પાથરવું, વહેવું' એ એનો આશય છે. એ સંસારને તમે મોકળો મૂકો તો તેલનું ટીપું પાણીમાં પડતાં જેમ ફેલાઇ જઈ અનેક લીલાં-પીળાં કુંડાળાં કરી નાખે એવો સંસાર છે. એને માર્ગ આપ્યો કે એ તો ચારે તરફ પથરાઈ જઈ લાંબો ને લાંબો થવા માગશે, આપણે સંસારને તપાસીએ તો આપણો એ જ અનુભવ થશે એમાં શંકા જેવું નથી. આ ભાવનામાં આખા સંસારનો, તેના જન્મમરણનો, તેની અંદરની ઉપાધિઓ-આપત્તિઓ અને દુઃખોનો વિશાળ નજરે વિચાર કરવાનો છે, સંબંધની ઘેલછા અને સ્વાર્થના સંબંધો સમજવા યોગ્ય છે અને ખાસ કરીને આ પ્રાણીની અત્યાર સુધીની રખડપટ્ટીનો ખૂબ ખ્યાલ કરવા યોગ્ય છે, અને એની આખી ચાવી તરીકે મોહરાજાને એના પરિવાર સાથે ખૂબ ઓળખી લેવાનો છે. બીજા કર્મો ગૌણ છે, સર્વ પોતાનો ભાવ ભજવે છે, પણ મોહરાજા બરોબર સર્વનો રાજા છે. એને ઓળખી વારંવાર એના સંબંધી ચિંતવન કરતાં વૈરાગ્ય-વિરાગ થયા વગર રહે તેમ નથી, આત્માને મોક્ષાભિમુખ કરવા માટે એ મહારાજાને ઓળખવાની બહુ જરૂર છે. એને એના ખાસ આકારમાં ઓળખી લીધો એટલે સર્વ અગવડો-રખડપટ્ટીઓ અને દુઃખ-પીડા તથા વ્યાધિઓનો નાશ સ્વતઃસિદ્ધ છે.

इति संसारभावना ३

ઉ. સકળચંદજીકૃત ત્રીજી સંસારભાવના

(રાગ-કેદારો તથા વિરતિએ સુમતિ ધરી આદરો)

સર્વ સંસારના ભાવ તું, સમ ધરી જીવ સંભાર રે;
તે સર્વે તેં પણ અનુભવ્યા, હૃદયમાં તેહ ઉતાર રે. સર્વ૰ ૧

સર્વ તનુમાં વસી નીસર્યો, તેં લિયા સર્વ અધિકાર રે;
જાતિ ને યોનિ સહ અનુભવ્યા, અનુભવ્યા સર્વ આહાર રે. સર્વ૰ ૨

સર્વ સંયોગ તેં અનુભવ્યા, અનુભવ્યા રોગ ને શોગ રે;
અનુભવ્યો સુખ દુઃખ કાજ તેં, પણ લિયો નવિ જિનયોગરે. સર્વ૰ ૩

સર્વ જન નાતરાં અનુભવ્યાં, પહેરિયા સર્વ શણગાર રે;
પુદ્ગળા તેં પરાવર્તિયા, નવિ નમ્યા જિન અણગાર રે. સર્વ૰ ૪

પાપનાં શ્રુત પણ તેં ભણ્યાં, તેં કર્યાં મોહનાં ધ્યાન રે;
પાપનાં દાન પણ તેં દિયાં, નવિ દિયા પાત્રમેં દાન રે. સર્વ૰ ૫

વેદ પણ તીન તેં અનુભવ્યા, તેં ભણ્યા પરતણા વેદ રે;
સર્વ પાખંડ તેં અનુભવ્યા, તિહાં ન સંવેગ નિર્વેદ રે. સર્વ૰ ૬

રડવડ્યો જીવ મિથ્યામતિ, પશુ હણ્યા ધર્મને કાજ રે;
કાજ કીધાં નવિ ધર્મનાં, હરખિયો પાપને કાજ રે. સર્વ૰ ૭

કુગુરુની વાસના ડાકિણી, તેણે દમ્યા જીવ અનંત રે;
તિહાં નવિ મુક્તિ-પંથ ઓળખ્યો, તેણે હવો નવિ ભવ અંતરે. સર્વ૰ ૮

પ્રકરણ ૪ થું

એકત્વભાવના

स्वागता

एक एव भगवानयमात्मा ज्ञानदर्शनतरङ्गसरङ्गः ।
सर्वमन्यदुपकल्पितमेतद्व्याकुलीकरणमेव ममत्वम् ॥ क १ ॥

प्रबोधता

अबुधैः परभावलालसालसदज्ञानदशावशात्मभिः ।
परवस्तुषु हा स्वकीयता विषयावेशवशाद्धि कल्प्यते ॥ ख २ ॥

कृतिनां दयितेति चिन्तनं, परदारेषु यथा विपत्तये ।
विविधार्तिभयावहं तथा, परभावेषु ममत्वभावनम् ॥ ग ३ ॥

अधुना परभावसंवृतिं हर चेतः परितोऽवगुण्ठितम् ।
क्षणमात्मविचारचन्दनद्रुमवातोर्मिरसाः स्पृशन्तु माम् ॥ घ ४ ॥

अनुष्टुप्

एकतां समतोपेतामेनामात्मन् विभावय ।
लभस्व परमानन्दसम्पदं नमिराजवत् ॥ ङ ५ ॥

क ૧. सरङ्गः વિલાસી. **उपकल्पित** ઉપજાવી કાઢેલું, ઊભું કરેલું.

ख ૨. आलसत् લસી પડતાં. **कल्प्यते** કર્મણિ પ્રયોગ છે. અબુધો વડે કલ્પાય છે એટલે અબુધો–અલ્પજ્ઞો–અપંડિતો કલ્પે છે.

ग ૩. कृतिन् સમજુ, ડાહ્યો, આબરૂદાર, **दयिता** સ્ત્રી, પત્ની. **आर्तिं** કદર્થના, પીડા. **आवहं** પ્રાપક, લઈ આવનાર, નોતરનાર.

घ ૪. संवृति ગૂંચળું. **परितः** ચારે તરફ. **क्षणं** ક્ષણવાર. **वातोर्मि** પવનના તરંગ.

ङ ૫. समता સમપણું, ઓછાવધતાથી રહિતપણું. **उपेत** સાથે, સહિત. **एनाम्** એ, જેનું વર્ણન કાંઈક થયું છે અને અષ્ટકમાં થવાનું છે તે 'એકતા.' **नमिराज** દૃષ્ટાંત છે; રાજાનું નામ છે.

ક ૧. આ આત્મા એક જ છે, પ્રભુ છે, જ્ઞાન-દર્શનના તરંગોમાં વિલાસ કરનારો છે, એ સિવાય બીજું છે તે સર્વ મમત્વમાત્ર છે, કલ્પનાથી ઊભું કરેલું છે અથવા આગંતુક છે અને એને નકામું મૂંઝવનારું જ છે.

ખ ૨. અહાહા ! પરાભવોની લાલસામાં લસી પડવાને લીધે થયેલા અજ્ઞાન-મૂર્ખતાની દશાને વશ પડેલા અપંડિત પ્રાણીઓ ઇંદ્રિયના વિષયોએ કરેલા આવેશને તાબે થઈને પરવસ્તુમાં પોતાપણાની કલ્પના કરી લે છે.

ગ ૩. સમજુ માણસને માટે પારકી સ્ત્રીના સંબંધમાં જાણે તે પોતાની પત્ની છે એવો વિચાર કરવો તે પણ જેમ (અનેક પ્રકારની) આપત્તિઓ (વહોરવા) માટે થાય છે તેવી જ રીતે પરભાવોમાં મારાપણાની બુદ્ધિ અનેક પ્રકારની પીડાઓ અને ભયને નોતરનાર છે.

ઘ ૪. ચારે તરફથી વીંટળાઈ રહેલા હે મન ! પરભાવરૂપ આવરણને (પડદાને) દૂર છોડી દે; તું છૂટું થા ! જેથી આત્મવિચારરૂપ ચંદનવૃક્ષના પવનની ઊર્મિમાળાઓનો રસ ક્ષણવાર મને સ્પર્શ કરે.

ઙ ૫. આત્મન્ ! સમાનપણાની બુદ્ધિ સાથે એ એકતાને તું ભાવ. નક્કી કર અને નમિરાજાની પેઠે પરમાનંદપણાની સંપત્તિને પ્રાપ્ત કર.

गेयाष्टक*

एकत्वभावना

विनय चिन्तय वस्तुतत्त्वं जगति निजमिह कस्य किम् ।
भवति मतिरिति यस्य हृदये, दुरितमुदयति तस्य किम् ॥ विनय० १ ॥

एक उत्पद्यते तनुमानेक एव विपद्यते ।
एक एव हि कर्म चिनुते, स एकः फलमश्नुते ॥ विनय० २ ॥

यस्य यावान् परपरिग्रहो, विविधममतावीवधः ।
जलधिविनिहितपोतयुक्त्या, पतति तावदसावधः ॥ विनय० ३ ॥

स्वस्वभावं मद्यमुदितो, भुवि विलुप्य विचेष्टते ।
दृश्यतां परभावघटनात्, पतति विलुठति जृम्भते ॥ विनय० ४ ॥

पश्य काञ्चनमितरपुद्गलमिलितमश्नति कां दशाम् ।
केवलस्य तु तस्य रूपं विदितमेव भवादृशाम् ॥ विनय० ५ ॥

एवमात्मनि कर्मवशतो, भवति रूपमनेकधा ।
कर्ममलरहिते तु भगवति भासते काञ्चनविधा ॥ विनय० ६ ॥

ज्ञानदर्शनचरणपर्यवपरिवृतः परमेश्वरः ।
एक एवानुभवसदने, स रमतामविनश्वरः ॥ विनय ७ ॥

रुचिरसमतामृतरसं क्षणमुदितमास्वादय मुदा ।
विनय ! विषयातीतसुखरसरतिरुदश्नुतु ते सदा ॥ विनय० ८ ॥

---

* આ પદ્યનો રાગ બહુ પ્રચલિત છે. 'હો સુણુ આતમા ! મત પડ મોહપિંજર માંહી માયાજાળ રે' એમ જરા ફેર કરવાથી બરાબર લય આવે છે. 'રામ રાજા રામ પરજા, રામ શેઠ શાહુકાર હે.'— એ ચાલુ લય એને બરાબર બંધ બેસે છે.

અષ્ટકનો અર્થ – એકત્વભાવના

૧. વિનય! તું વસ્તુઓનાં વાસ્તવિક સ્વરૂપ બરાબર ચિંતવ. જો આ દુનિયામાં કોઈ (પણ પ્રાણી)ની પોતાની કોઇ ચીજ છે? એનું પોતાનું કાંઈ છે? અને આવી બુદ્ધિ જેના હૃદયમાં થઈ આવે તેને કોઈ જાતનાં દુઃખો કે પાપો પ્રકટ થાય ખરાં?

૨. આ સંસારી–શરીરધારી પ્રાણી એકલો (જ) ઉત્પન્ન થાય છે, એ એકલો જ મરણ પામે છે, એ એકલો જ કર્મને બાંધે છે–એકઠાં કરે છે (અને તેવી જ રીતે) તે એકલો જ (એનાં–કર્મોનાં) ફળોને પામે છે.

૩. જુદા જુદા પ્રકારની મમતાઓથી ભારે થયેલા પ્રાણીને જેટલો જેટલો પર (વસ્તુ ઓનો) પરિગ્રહ હોય છે તેટલો દરિયામાં મૂકેલા વહાણની ઘટના પ્રમાણે તે નીચો જાય છે–નીચો પડે છે.

૪. દારૂના ઘેનની લહેરમાં પડેલો માણસ પોતાનો કુદરતી સ્વભાવ છોડી દઈને–વીસરી જઈને જમીન પર આળોટીને વિચિત્ર ચેષ્ટા–ચાળાઓ કરે છે તે જુઓ. એ પર-ભાવની ઘટનાથી પડે છે, લોટે છે અને બગાસાં ખાય છે. (પ્રાણી પણ પરભાવ-ઘટનાને લઈને પાતને પામે છે, રખડપાટે ચઢે છે અને તદ્દન શૂન્ય મનનો-વિચાર વગરનો થઈ જાય છે.)

૫. જો! બીજા પદાર્થો સાથે મેળવણી કરવામાં આવેલ સોનાની કેવી દશા થાય છે? અને તે જ્યારે તદ્દન ચોખ્ખું હોય ત્યારે તેનું રૂપ કેવું હોય છે એ તો તમારા જોવાના જાણવામાં છે જ.

૬. એ જ પ્રમાણે આત્મા જ્યારે કર્મને વશ પડે છે ત્યારે તેનાં અનેક પ્રકારનાં રૂપો થાય છે, પણ જ્યારે એ મહાપ્રભુ કર્મ–મળ–રહિત હોય છે ત્યારે એ શુદ્ધ કાંચન –સોના જેવો પ્રકાશ કરે છે.

૭. તે પરમેશ્વર (પરમાત્મા) સદા શાશ્વત અને જ્ઞાન, દર્શન, ચારિત્રના પર્યાયથી પરિ-વૃત (ઘેરાયેલા) છે અને તે એક જ છે. એવા પરમાત્મા (મારા) અનુભવ-મંદિરમાં રમો.

૮. મનોહર સમતા–સુધાનો રસ જે તારામાં અચાનક જાગી ઊઠ્યો છે તેને જરા ક્ષણેકવાર (થોડો વખત–થોડી મિનિટ) અત્યંત આનંદપૂર્વક ચાખી જો, (જેથી) હે વિનય! વિષયથી અતિ આગળ વધી ગયેલ (વિષયાતીત) સુખના રસમાં તને સદાને માટે આનંદ–પ્રેમ જાગો અને વધો.

નોંધ—

૧. **निजम्** પોતાની; એ **कस्य** ને લાગે છે. **दुरित** પાપ, દુઃખ, **उदयति** ઊઠે, થાય, પ્રકટે.

૨. **तनुमान्** શરીરધારી. અપેક્ષિત વચન છે. (વિવેચન જુઓ). **एककः** એકલો જ. **अश्नुते** ખાય છે, ભોગવે છે.

૩. **यावान्** જેટલો. **वीवधः** ભારવાળો. **युक्ति** ઘટના; પ્રમાણે. **तावद्** તેટલો. **असौ अधः** તે નીચે.

૪. **मद्यमुदित** દારૂની લહેરમાં રાજી થયેલો. **विलुप्य** છુપાવીને, ગુમાવીને. **पतति** श्लेषः (૧) દારૂડીઓ પડે છે; (૨) પ્રાણીનો અધઃપાત થાય છે. **विलुठति** श्लेषः (૧) દારૂડીઓ લોટે છે; (૨) પ્રાણી ભવોભવમાં લોટયો જાય છે.

जृंभति श्लेषः (૧) દારૂડીઓ બગાસાં ખાય છે; (૨) પ્રાણી શૂન્ય મનનો થઈ જાય છે.

૫. **मिलित** ભેળસેળ કરેલું. પ્રથમ માટી સાથે મળેલું, પછી ત્રાંબુ આદિ ધાતુ નાખેલું. **दशां** (અહીં) વિરૂપપણું. **केवल** એના ચોખ્ખા રૂપમાં.

૬. **कर्ममलरहिते** આ સતિસપ્તમીનો પ્રયોગ છે.

૭. **पर्यव** પર્યાય, પ્રકાર. **अविनश्वरः** શાશ્વત.

૮. **रुचिर** મનોહર, મધુર. **अमृत** (રોગને હરી લે તેવું) અમૃતસુધા. **उदित** આવિર્ભાવને પામેલ, જાગૃત થયેલ. **क्षणम्** જરા વખત. એનો સંબંધ '**आस्वादय**' સાથે છે. **आस्वादय** આ એટલે જરા ચાખ, જરા ચાટી જો.

मुदा (નવીન પ્રાપ્તિનો) ઉત્સાહ–આનંદપૂર્વક. **विषयातीतः** વિષયથી આગળ વધેલું, વિષય-સુખોથી વધારે એને ભૂલાવી દે તેવું. **रति** પ્રીતિ. **उदञ्चतु** વૃદ્ધિ પામે, જાગે.

પરિચય

એકત્વભાવના

(૧.ક) ભાવનાની વિચારણાને અંગે એક હકીકત શરૂઆતમાં ચોખ્ખી કરવી ઉચિત જણાય છે. એમાં પુનરાવર્તન જરૂર આવવાનું જ છે. એનું કારણ એ છે કે એ પ્રત્યેક ભાવનાનો વિષય પરસ્પર ભિન્નાભિન્ન છે. અનિત્યભાવનાના વિચારો સંસારભાવનામાં જરૂર આવે, કારણ કે અનિત્યભાવનામાં સાંસારિક સંબંધો અને વસ્તુની જ અનિત્યતા બતાવવાની હોય છે. એ જ પ્રમાણે એકત્વ અને અન્યત્વભાવના આત્માને અંગે એક જ જાતનો પણ સહજ તફાવતવાળો પ્રસંગ વ્યક્ત કરનાર છે. આ ભાવનામાં આત્માની એકતા ભાવવાની છે, કારણ કે તેના સિવાય સર્વ સંબંધો અને વસ્તુઓ અન્ય છે. તે જ આત્માને પદાર્થોનું અનિત્યપણું ચિંતવવાનું છે. આ રીતે વિચાર અને વિષયોનું પુનરાવર્તન અનિવાર્ય છે. બનતાં સુધી તે દૂર કરવા પ્રયત્ન થયો છે; છતાં વૈરાગ્ય, ઉપદેશ અને આયુર્વેદ (દવા-ઉપચાર)માં પુનરાવર્તન દોષ ગણાતો નથી એ ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે. એકત્વભાવનામાં કેંદ્રસ્થ વિચાર એ છે કે આ પ્રાણી આત્માની નજરે એકલો જ છે, સ્વતંત્ર છે, એકલો આવ્યો છે અને એકલો જવાનો છે અને પોતાનાં કૃત્યોનો સ્વતંત્ર કર્તા, હર્તા અને ભોક્તા છે, એ ભાવનાને અંગે પ્રાપ્ત થતી વિચારણામાં હવે ઊતરી જઈએ.

સોનું જ્યારે ખાણમાં હોય છે ત્યારે તે માટી સાથે મળેલું હોય છે, છતાં તે વખતે પણ એનામાં શુદ્ધ કંચનત્વ તો જરૂર રહેલું છે અને છતાં એ સ્થિતિમાં કોઈ એને જુએ તો એ સોનું છે એમ માનવાની પણ ના પાડે.

આત્માની પણ એ જ દશા છે. એની શુદ્ધ કરેલી-થયેલી દશામાં એ કચરા-મેલ વગરનો છે, જાતે તદ્દન શુદ્ધ છે અનેક વિશિષ્ટ ગુણોથી ભરેલો છે. જેમ સોનાનું કંચનત્વ ખાણમાં હોય ત્યારે માટીથી ઘેરાઈ ગયેલું હોય છે તેમ છતાં તે તેનામાં છે, તેવી જ રીતે આત્મા ગમે તેટલો ખરડાયેલો હોય છતાં તે વખતે પણ તેના અંતરમાં-તેનામાં શુદ્ધ આત્મભાવ જરૂર રહેલો છે તે ખાસ લક્ષ્યમાં રાખવાની જરૂર છે.

આત્મા શરીરથી ભિન્ન છે તે તો સાબિત કરવાની જરૂર રહેતી નથી. મૃત દેહમાં પાંચે ઈંદ્રયો હોય છતાં તે તદ્દન હાલ્યા-ચાલ્યા વગર પડી રહે છે; એને જે અંદરથી ચલાવનાર હતો તે નીકળી ગયો છે. 'આ મારૂં શરીર છે' એમ કહેવાથી શરીર જ્ઞેય થાય છે અને જ્ઞેય કરતાં જ્ઞાતા જુદો હોવો જ જોઈએ. જ્ઞાતા અને જ્ઞેય કદી એક હોઇ શકતાં નથી. આવો આત્મા સંસારમાં રહી સારાં-ખરાબ કર્મો કરે છે, તેના સંસ્કારો પોતાની આસપાસ એકઠા કરતો જાય છે, તેને કર્મ કહેવામાં આવે છે. એ કર્મથી આવૃત્ત હોય ત્યારે સોના અને માટીના સંબંધ જેવો તેનો સંબંધ થઈ જાય છે. અહીં યાદ રાખવાની બે હકીકત

છે : સોનું અને માટી જુદાં હોવા છતાં બન્ને સાથે હોય ત્યારે વિરૂપ આકાર સોનાને જરૂર મળે છે, એ એક વાત થઈ અને બીજી વાત એ છે કે તે વખતે પણ સત્તાગતે સોનામાં સોનાપણું જરૂર છે, એ સોનાપણું પ્રકટ કરવાના સર્વ પ્રયાસ છે. આત્મા માટે પણ તેમ જ છે. એ આત્મસ્વરૂપ પ્રાપ્ત થાય એટલે આત્માની મિથ્યા વાસનાઓ જાય છે, રખડપટ્ટી જાય છે, ઉપાધિઓ જાય છે અને એ સચ્ચિદાનંદ સ્વરૂપે શુદ્ધ કાંચન જેવો પ્રકટ થાય છે. આ એકત્વભાવનામાં આપણે આત્માને આ બન્ને પ્રકારની પરિસ્થિતિમાં જોશું અને તેનો સાચો આકાર કયો છે ? તેનું સાચું સ્થાન કયાં છે ? અને અત્યારે તેની કેવી વિકૃત દશા થઈ ગઇ છે ?–એ વાત બતાવીને એની સાચી સ્થિતિ પ્રાપ્ત કરવા તરફ પણ આડકતરી રીતે ધ્યાન આપશું.

આત્મા કર્મથી ઘેરાઇ જાય છે ત્યારે એ બહુ વિચિત્ર પ્રકારના આકારો ધારણ કરે છે. સોનું ખાણમાંથી નીકળે ત્યારે જોયું હોય તો એ તદ્દન માટી જ લાગે, એને લોકભાષામાં 'તેજમતુરી'[૧] કહે છે. તે વખતે તો કોઈ ખરો પરીક્ષક હોય તે જ તેને સોનું જાણે, બાકી અન્ય તો એને માટી જ કહે. આત્માની પણ એ જ દશા વર્તે છે. એ સંસારમાં ભટકતો હોય અને નવા નવા વેશ ધારણ કરતો હોય ત્યારે એ અનંત ગુણોનો ધણી હશે એમ તો માત્ર પરીક્ષક હોય તે જ કહી શકે છે. બાકી સામાન્ય રીતે તો તેની એવી દશા થઈ ગઈ હોય છે કે કેટલાક તો એના ગુણોની વાત તો શું, પણ એનું 'આત્મત્વ' પણ સ્વીકારવા ના પાડે છે. હલકી વસ્તુનો સંબંધ જ આવો હોય છે. એ એના સંસર્ગમાં આવનારને એવો તો ફેરવી નાખે છે કે એના મૂળ સ્વરૂપને પણ ભુલાવી દે છે અને એનું વ્યક્તિત્વ લગભગ ખલાસ કરી નાખે છે. પૃથ્વી વગેરેમાં જોઈ લ્યો.

પણ એ સર્વની વચ્ચે આત્મા અત્યારે આવી પડેલો છે. એના અસલ સ્વરૂપે એનામાં જે ગુણો હોય છે તે એનો મૂળ સ્વભાવ છે. (સોનું સો ટચનું હોય ત્યારે એનામાં સુવર્ણત્વ, પીળો રંગ, મૃદુતા, સ્વચ્છતા, પ્રકાશમયતા, ચિક્કટતા વગેરે હોય છે.) એ જ્યારે પરવસ્તુ સાથે મળેલો હોય ત્યારે એના વિકારી પ્રાદુર્ભાવો થાય છે, તેને 'વિભાવો' કહેવામાં આવે છે. આત્માના સહભાવી ધર્મો એની સાથે હંમેશાં રહેનારા હોય છે તેને 'ગુણ' કહેવામાં આવે છે અને પરવસ્તુના સંબંધથી એના વિકારવાળા આવિર્ભાવો થાય છે તેને 'પર્યાય' કહેવામાં આવે છે. ગુણ ફરતા નથી, પણ દબાઈ–આવરાઈ–કચરાઈ જાય છે. પરંતુ એનામાં પ્રકટ થવાની ભારે સત્તા છે. પર્યાયો નિરંતર ફર્યા જ કરે છે અને પ્રાદુર્ભાવને માટે પરવસ્તુઓ–બહારની વસ્તુઓ ઉપર આધાર રાખે છે.

ગુણ અને પર્યાયની આ હકીકત ધ્યાનમાં રહેશે તો આખા સંસારનો ગૂંચવાઈ જતો કોયડો એકદમ ખુલ્લો થઈ જશે. અનંત શક્તિવાળા સિંહથી વધારે સામર્થ્યવાળો આત્મા અત્યારે પાંજરામાં પડી ગયો છે અને તેથી તેની શક્તિ સર્વ કુંઠિત થઇ ગઈ છે, પણ અંદર શક્તિ ભરેલી છે. એને એની શક્તિનું ભાન થવું જોઇએ અને એ શક્તિ પ્રકટ કરવાના રસ્તા

૧. તેજમતુરી એ એક જાતની માટી છે, તેનું અમુક પ્રયોગ વડે સુવર્ણ બની શકે છે.

છે, એ એને જણાવવું જોઈએ. વિકૃત દશામાં તો તે તદ્દન પરાધીન થઇ ગયો છે અને જન્મથી પાંજરે પડેલો હોવાને કારણે એણે આકાશની સ્વતંત્ર હવા પાંજરે પડેલા પંખીની પેઠે ખાધી નથી. આ સર્વ બતાવવા માટે એકત્વભાવના છે. એ ભાવના વિચારતાં એ પોતાનું મૂળ સ્વરૂપ ઓળખી જાય તો પછી એને પ્રાપ્ત કરવાના માર્ગો એ પોતે શોધી શકે તેમ છે. આપણે આ એકત્વભાવ વિચારીએ. વિચારનાર એ પોતે છે, પણ એની દશા ઘણે અંશે પરાધીન થયેલી છે. એણે દારૂ પીધો છે અથવા એને કોઈએ દારૂ પાયો છે. આવી ગૂંચવણવાળી સ્થિતિમાં એ મૂળ સ્વરૂપે કોણ છે અને આજુબાજુ નિંદણ (નકામા છોડવા) કેટલું વ્યાપી ગયું છે અને એના પર કચરો કેટલો ચઢી ગયો છે તે સર્વનું કાંઈક પૃથક્કરણ અને બનતું પર્યાલોચન કરીએ.

મૂળ સ્વરૂપે જોઈએ તો પ્રત્યેક આત્મા એકસરખા છે. એ તદ્દન સ્વતંત્ર સ્વાધીન વ્યક્તિ છે. અનુભવ કરવાથી, વિચાર કરવાથી, ચર્ચા કરવાથી અને એને બરાબર સમજવાથી એ તદ્દન સ્વતંત્ર વ્યક્તિ છે એમ જણાઈ આવે તેમ છે.

પ્રત્યેક આત્માનું વ્યક્તિત્વ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. એની મૂળ કે વિકારવાળી દશામાં તેનું વ્યક્તિત્વ કદી જતું રહેતું નથી અને મોક્ષમાં સર્વ કર્મથી વિમુક્ત થઇ જાય ત્યાં પણ એનું વ્યક્તિત્વ રહે છે, તેથી આત્મા એક જ છે એમ ભાર મૂકીને અત્ર કહેવામાં આવ્યું છે અને તે પ્રત્યેક આત્માને લાગુ પડે છે. આખા વિશ્વનો એક આત્મા છે એ વાત ન્યાયની કોઇ પણ કોટિથી બંધબેસતી નથી, પરંતુ એ બાબતમાં ચર્ચા કરવા જતાં વિષયાંતર થઈ જાય તેથી વસ્તુસ્વરૂપ બતાવી આગળ વધીએ.

એ આત્મા પોતે જ ભગવાન્ છે–પ્રભુ છે–માલિક છે–સર્વસત્તાધિકારી છે અને તદ્દન સ્વાધીન છે. એની વિકૃત દશામાં એ પોતાનાં કર્મોનો કરનાર અને તેનો ભોક્તા હોઇને તે કુલ માલિક છે અને એની મૂળ દશામાં અનંત ગુણોનો અધિકારી હોઈ આદર્શની નજરે પ્રભુ છે. ભગ શબ્દના અનેક અર્થ છે પણ ટૂંકામાં કહીએ તો એ સર્વશક્તિમાન છે.

એ આત્મા જ્ઞાનદર્શનના તરંગોમાં વિલાસ કરનાર છે. જ્ઞાન એટલે વસ્તુનો વિશેષ બોધ. દર્શન એટલે સામાન્ય બોધ. આ માણસ છે એમ બોધ થાય–જણાય તે દર્શન[1] કહેવાય. તે દેવદત્ત છે, અમુક નગરનો રહેનાર છે વગેરે વિશેષ બોધ થાય તે જ્ઞાન કહેવાય છે. આ જ્ઞાન અને દર્શન આત્માના મૂળ ગુણો છે, એના સહભાવી ધર્મો છે. માત્ર એના પર આવરણ આવી ગયેલ હોઇ એનો બોધ ઓછો થયેલ છે. દીવા ફરતું કપડું રાખીએ તો પ્રકાશ ઓછો થાય, પણ અંદર પ્રકાશ તો છે જ. એ રીતે જ્ઞાન-દર્શન અંદર મૂળ સ્વભાવે એનામાં ભરેલા છે અને એના તરંગોમાં વિલાસ કરવો એટલે કે દેખવું અને જાણવું એ એનો ખાસ ગુણ છે, એ એનું લક્ષણ છે અને સર્વકાળે સર્વદા એ એની સાથે રહેનાર ધર્મ હોઇ એ એના તરંગમાં સર્વદા ઓછો–વધતો મહાલતો જ હોય છે.

---

૧. દર્શનમાં આ કરતાં પણ અવ્યક્ત બોધ થાય છે.

આવો આત્મા છે. એ એકલો જ છે. (વ્યક્તિત્વવાળો છે.) એ પોતાની જાતનો માલિક છે અને એ જ્ઞાન-દર્શનના તરંગોમાં વિહાર કરનારો છે. એની અસલ સ્થિતિમાં એ સર્વ વસ્તુ, સર્વ ભાવો અને સર્વ હકીકતને દેખનાર અને જાણનાર છે. આત્મા એના અસલ સ્વરૂપમાં આવો છે. ભગવાન એ પોતે છે, એ વાત ખાસ વિચારવા જેવી છે. એને પોતાની સાચી સ્થિતિ હજુ પ્રાપ્ત કરવાની છે, પણ એ એની પોતાની સ્થિતિ હોઈ જે જેનું હોય અથવા પ્રયાસસિદ્ધ હોય તે તેનું જ કહેવાય એ અપેક્ષાએ એને પોતાને જ ભગવાન કહેવામાં આવ્યો છે. એ એનું ભગવાનપણું એના ધ્યાનમાં રહે તે ખાતર તે કોઈ ભગવાનને આદર્શ તરીકે નમતો હોય તો તેને આ એના પ્રયાસપ્રાપ્તવ્ય મૂળ ગુણ સાથે વિરોધ આવતો નથી. વાત એ છે કે એ પોતે જ ભગવાન છે અને મહેનત કરે તો પૂજ્ય (ભગવાન) થઇ શકે તેમ છે.

ત્યારે અત્યારે તો એ રગદોળાય છે, રખડે છે, ચક્કરમાં પડી ગયેલ છે અને કચાંનો કચાં ઊંડો ઊતરી ગયો છે એ સર્વ શું ? અને એનો ખુલાસો શો ? એનો જવાબ આપતાં સુજ્ઞ વિચારકો કહે છે કે જ્ઞાન-દર્શનના તરંગમાં વિલાસ કરનાર આત્માને તો જ્ઞાન-દર્શનની જ વાતો હોય, તેને બદલે અત્યારે શું થઇ ગયું છે ?

આપણે સંસારભાવનામાં અનેક પ્રસંગો જોયા તે પ્રમાણે આ પ્રાણી અનેક નાટકો કર્યા જ કરે છે. જે જેલમાં પરિચયના આ અક્ષરો લખાયા છે ત્યાં આખા ઈલાકાના ભયંકર ગુન્હેગારોને રાખવામાં આવે છે. ૨૫ વર્ષ તેમ જ ૧૮ વર્ષની કેદવાળા, પાંચ સાત વખત જેલમાં આવેલા અનેક છે અને જો કે અમને તેમનાથી અલગ રાખવામાં આવેલ છે છતાં, તેમની જે વાતો સીધી કે આડકતરી રીતે પ્રસંગોપાત્ત જાણી તે પરથી મનુષ્યો કેટલા પાપમાં ઊતરી જાય છે તેનો ખ્યાલ આવ્યો. ખૂન, છેતરપિંડી, બળાત્કાર, વિશ્વાસઘાત, ચોરી અને તેવા બીજા અનેક ગુન્હાઓ કરાય છે અને તે કરનારને પણ આત્મા છે!

તેનો આત્મા-તે પ્રત્યેકને આત્મા શુદ્ધ સ્વરૂપે ઉપર વર્ણવ્યો તેવો છે. ત્યારે આ સર્વ રમતો દેખાય છે તે શી ? આવી કચાંથી ? એનો જવાબ એક જ છે અને તે ચોથી તથા પાંચમી ભાવનામાંથી શોધી લેવાનો છે. આત્મા પોતે તો એકલો જ છે, એક જ છે, જ્ઞાન-દર્શનના તરંગમાં રમનાર છે અને જાતે પોતે પ્રભુ છે, મહાન્ છે, સચ્ચિદાનંદસ્વરૂપ છે.

તદુપરાંત જે સર્વ દેખાય છે, જે આખી રમત મંડાયેલી છે અને જેના બંધનથી બંધાઈ આખી રમત માંડેલી દેખાય છે તે ખાલી મમત્વ છે, ખોટી મમતા છે, વિના કારણ છાતી ઉપર વળગાડેલ પથ્થર જેવી એ વાત છે.

સચેતન-અચેતન કુલ પદાર્થો અને ભાવો આત્મા સિવાયના હોઈ તે મમતામાંથી જાગે છે. એ સર્વની પાછળ મમતા બેઠેલી છે અને એ સર્વને પ્રેરનારી એ જ રાક્ષસી છે. એ સર્વ મમત્વ ખાલી કલ્પનાથી ઉત્પન્ન થાય છે, પ્રાણીને પોતાને વશ કરી લે છે અને વશ કરીને

ન અટકતાં આત્માને આકુળ-વ્યાકુળ કરી મૂકે છે, બ્હાવરો બનાવી દે છે, લગભગ ગાંડા જેવો બનાવી દે છે.

કલ્પના કેટલું કામ કરે છે તે જાણવા જેવું છે. આપણા સ્નેહીઓનો પત્ર ન આવે ત્યાં કેટલી કલ્પના ઊભી કરી દઈએ છીએ? કલ્પનાનાં ચિત્રોનો અનુભવ જેલમાં ખૂબ થાય છે, કારણ કે B કલાસમાં એક મહિને એક પત્ર અહીં મળે છે. વાત એ છે કે આપણે કલ્પના કરી આખો સંસાર ઊભો કરીએ છીએ અને પછી તેમાં ગૂંચવાઈ-અટવાઈ જઈએ છીએ અને એ જ મમતા આત્માને તદ્દન બ્હાવરો બનાવી મૂકે છે. એ (આત્મા) પછી શું કરે છે અને શાને સારુ કરે છે એ સર્વ વીસરી જાય છે અને નકામા આંટા મારે છે, અર્થ વગરની ખટપટો કરે છે, પરિણામ વગરની દૂરંદેશીઓ કરે છે અને ઠેકાણા વગરની યોજનાઓ ઘડે છે; દુનિયામાં વહેવાર કે ડહાપણવાળો ગણાવા માટે ખોટું ડોળાણ કરે છે.

એને મોહરાજા સાથે એવો તો સંબંધ બંધાઈ ગયો છે કે તે પોતાનું ન હોય તેને પોતાનું માની, અનિત્યમાં નિત્યપણાની બુદ્ધિ કરી પાસા ખેલ્યો જાય છે. જીતે તો વધતો જાય છે અને હારે તો બેવડું ખેલે છે અને એમ ને એમ તણાતો જ જાય છે. જેને વેદાંતીઓ 'માયાવાદ' કહે છે તે માન્યતાથી ઊભી કરેલ સૃષ્ટિ છે. એ માયા એ જ મમતા છે એમ એક રીતે કહી શકાય. મમતા એ કર્મજન્ય, વિકૃત, અધઃપાત કરનારી આત્માની વિકારદશામાં પરભાવ સાથેના સંબંધને લઈને થયેલી દશા છે અને એને બરાબર ઓળખતાં આત્માની વિભાવદશા અને ત્યાંનાં તેનાં દૃશ્યો બરાબર દેખાય તેમ છે. એ આવી મમતાને લઈને કલ્પનાઓ કરે છે અને નકામો આકુળ-વ્યાકુળ થઈ ભટકચા કરે છે, કદી ઠરીને ઠામ બેસતો નથી. એ એની મૂળ દશા નથી, પણ ખાલી મમતા છે અને કર્મ-સંબંધથી થયેલી વિકારદશા છે. પરાધીન થયેલ, વ્યાકુળ થઈ ગયેલા આત્માને આ કલ્પનાથી ઊભી કરેલી પરિસ્થિતિ બંધનમાં પાડે છે, પણ એ એનો મૂળ સ્વભાવ નથી. એ કર્મના સંબંધથી પોતાને ભૂલી ગયો છે અને ખોટા નામે ઓળખાય છે. તે કેમ થાય છે તે જુઓ.

(ख २.) આત્મા ખરેખર અત્યારે કલ્પનાની જાળમાં ગૂંચવાઈ ગયો છે, એને મોહ રાજાએ એવો તો નશો કરાવ્યો છે કે એ રાગને વશ પડી પાંચે ઇંદ્રિયોના વિષયો તરફ ઢળી જાય છે, એ પોતાનું પ્રભુત્વ વીસરી જાય છે અને પરભાવમાં પડી જઈ પોતાની જાતને ખોઈ બેસે છે અથવા ગૂંચવી નાખે છે.

આત્માથી વ્યતિરિક્ત સર્વ પરભાવ છે, છતાં આ પ્રાણી શરીરને, ઘરને, પુત્ર-સ્ત્રી વગેરે સંબંધીને, કામધંધાને પોતાનાં માને છે, ઇંદ્રિયના ભોગો ભોગવવા એ પોતાનો વિલાસ માને છે, પરિગ્રહ એકઠો કરવો એ પોતાની હકીકત માને છે, અભિમાન કરવામાં સ્વમાન સમજે છે, ક્રોધ કરવામાં ગૃહસ્થાઈ ગણે છે, કપટ-દંભ કરવામાં ચાતુર્ય માને છે, ઠઠ્ઠા-મશ્કરી કરવામાં આનંદ માને છે અને એવી રીતે એ અનેક પ્રકારના પરભાવમાં લલચાઈ જાય છે.

આ પરભાવની લાલસા-સ્પૃહા એટલી આકરી હોય છે કે એમાં પ્રાણી લપસી પડે છે અને તેને લઈને પોતાની વસ્તુ કઈ છે તેનું જ્ઞાન વિસારી મહા અજ્ઞાનદશાને પામી ન કરવાનું કરી બેસે છે, ન બોલવાનું બોલે છે અને ન વિચારવાનું વિચારે છે.

આવી સ્થિતિમાં અજ્ઞાનદશામાં પડેલો તે જાણકાર છતાં અબુધ-મૂર્ખ બનેલો પરભાવદશામાં આથડતો આત્મા વિષયના આવેશમાં પારકી વસ્તુમાં પોતાપણાનો-તે વસ્તુ આદિ પોતાની હોવાનો-આરોપ કરે છે અને પછી તેની સાથે એવો ઓતપ્રોત થઈ જાય છે કે જેથી તે પરવસ્તુમય જ હોય તેવો દેખાય છે. એનો શરીર સાથેનો સંબંધ અને એનાં સુખદુઃખ વખતે તેના મનમાં થતી સ્થિતિ, એ પરભાવમાં કેટલો રમણ કરે છે તે બતાવી આપે છે. આ સર્વ બાબત પરવસ્તુમાં પોતાપણાની કલ્પનાથી ઉત્પન્ન થાય છે અને એ મમત્વબુદ્ધિથી ઉત્પન્ન કરેલી કલ્પના સિવાય બીજું કાંઈ નથી. આની આખી માન્યતા તદ્દન ખોટા પાયા પર-પરવશતાથી થયેલી છે અને તેવી કલ્પના તેને હોવાથી તે ખરેખર અબુધ જ છે. એને આત્મભાન નથી તેથી તે ગમે તેટલું જાણતો હોય તો પણ અજ્ઞ જ છે.

(ગ ૩.) દુનિયાદારી સમજનાર સમજુ માણસ પારકી સ્ત્રીને અંગે તે પોતાની છે એવો વિચાર કરે તે પણ વિપત્તિ માટે થાય છે. પરસ્ત્રી સાથેનો સંબંધ તો અનેક ઉપાધિ લાવે છે, એના પતિ કે અન્ય સગાંઓ સાથે વૈર થાય છે અને રાજ્યદંડ-સજા થાય છે. પણ આવા પ્રકારનો વિચાર કરવો એ પણ અનેક પ્રકારની આપત્તિઓનું કારણ બને છે. પરસ્ત્રીના વિચારમાં પડ્યો એટલે એને મનની શાંતિ રહેતી નથી, એને અનેક કાવાદાવા કરવા પડે છે અને પછી માનસિક પાપની હદ રહેતી નથી. પરદારાલંપટ માણસનું મન સ્થિર રહેતું નથી. એની એક પણ યોજના સાંગોપાંગ હોતી નથી અને પાર ઊતરવાના માર્ગોથી એ ભ્રષ્ટ થઈ જાય છે. એક આપત્તિ અનેક ઉપાધિઓનો પ્રાદુર્ભાવ કરે છે અને પ્રાણીને એની ભૂમિકા પરથી નીચે ઉતારી મૂકી એને ભ્રષ્ટ કરે છે. ગંગા સ્વર્ગથી ભ્રષ્ટ થઈ પછી કેટલી નીચે ઊતરી એનું દૃષ્ટાંત જાણીતું છે. (એ સંબંધમાં ભર્તૃહરિનો શ્લોક જાણીતો છે.)

આવી રીતે પરભાવમાં મમત્વ કરવું-પરવસ્તુને પોતાની માનવી, પરભાવમાં સ્વાત્મબુદ્ધિ કરવી એ અનેક પ્રકારની પીડા અને ભયને પ્રાપ્ત કરી આપે છે. જ્યાં પોતાનું કાંઈ નથી, રહેવાનું નથી, સાથે આવવાનું નથી, તેને પોતાનાં માની તેની ખાતર મમત્વબુદ્ધિએ અધઃપાત થાય ત્યારે પછી તેનાં પરિણામો જરૂર ચાખવાં પડે તેમાં કાંઈ નવાઈ જેવું નથી. આ આખો સંસાર મમત્વ ઉપર મંડાયો છે અને એ મમત્વ પરવસ્તુઓમાં છે એટલે એ સંબંધ અનેક પ્રકારની પીડાનું કારણ થાય તે તેનું અનિવાર્ય પરિણામ છે અને ભયોને માટે તો પછી સવાલ જ શો રહે ? એક વસ્તુ પ્રાપ્ત કરવા પ્રાણી દરિયાપાર જાય છે, મૂર્ખની ખુશામત કરે છે, સાચું-ખોટું કરે છે અને પછી પરિણામે કેવાં કેવાં દુઃખો સહે છે તે હવે નવું જણાવવાનું રહેતું નથી. અને ભય તો પરભાવમાં ભરેલો જ છે. એક વસ્તુ લેવા

જતાં અને પછી એને માટે યોજનાઓ ઘડતાં અને તેનો અમલ કરતાં પ્રાણી કેટલો પરવશ બની જાય છે અને કેવાં જોખમો ખેડે છે તે દરરોજના અનુભવનો વિષય છે.

આવી રીતે મમત્વભાવ વિવિધ પ્રકારની પીડા અને દુઃખ કરનાર અને તેને વહોરનાર–લાવી આપનાર હોઈ પરભાવને બરાબર ઓળખવાની જરૂર છે. આત્માને એના મૂળ સ્વરૂપે એની સાથે કાંઇ લેવા દેવા નથી. એ તો પારકાને વશ પડી પોતાની જાતને ભૂલી જઈ નકામો ફસાય છે અને હાથે કરીને ઉપાધિ અને ભયને નોતરાં આપે છે. પરભાવરમણતાની આ સ્થિતિ છે! અને આ પ્રાણી અત્યારે તો તેને આંગણે ઊભો છે અને તેમાં એવો લુબ્ધ થઇ ગયો છે કે એ પોતાની જાતને ઓળખે છે કે નહિ એ પણ વિવાદગ્રસ્ત સવાલ થઈ પડેલ છે.

સમજુ હોવા છતાં આવી રીતે પરભાવમાં રમણ કરવાની ટેવ પડી ગયેલા અને એ રીતે માર્ગભ્રષ્ટ થયેલા આત્માને હવે જરા પ્રેમપૂર્વક સમજાવે છે, તેની પાસે ખોળો પાથરી તેને માર્ગ પર આવવા વિજ્ઞપ્તિ કરે છે. આ વિજ્ઞપ્તિ કરનાર કોણ? અને કોની પાસે કરે છે?–એ શોધી કાઢવામાં આવે તો આત્માનો એકત્વભાવ સમજાય. એ કાર્ય આપણે વિચારકની બુદ્ધિ–શક્તિ પર છોડશું.

(ઘ ૪.) અત્યારે હે ચેતન! તને ઘણી સગવડો મળી છે. મનુષ્યભવ અત્યંત મુશ્કેલીએ મળે છે તે તો જાણીતી વાત છે, પણ આત્મસન્મુખ બુદ્ધિ; સદ્વિચારસામગ્રી, શુદ્ધ–સાચા તત્ત્વની ઓળખાણ વગેરે સગવડો મળવી તે તો તેથી પણ વધારે મુશ્કેલ છે. નીરોગી શરીર, રીતસરની ધનસંપત્તિ, વડીલવર્ગની શિરછત્રતા, પુત્રોની વિપુલતા, અભ્યાસની સગવડ, પૃથક્કરણ કરવાની સમુચિત આવડત વગેરે વગેરે અનેક સગવડો તને મળી છે. ખાસ કરીને વસ્તુસ્વરૂપને બતાવે તેવા તત્ત્વજ્ઞાનમાં ચંચુપ્રવેશ કરવાને સગવડ પણ તને મળી છે. તેં ગુરુચરણ સેવ્યાં છે. તને વડીલો આત્મસાધન કરી લેવા સતત ઉપદેશ આપી રહ્યા છે. આ સર્વ સગવડો મળી છે તો તેનો બરાબર લાભ લે. આમ હતાશ થઈને ખોટાં ડોળાણો શા માટે કરી રહ્યો છે? તારી વિચારણા અન્ય માટે છે કે તારે માટે છે? ઉપર ઉપરની વાતો છે કે હૃદયને સ્પર્શેલી કર્તવ્યપરાયણ માન્યતા છે? આનો વિચાર કર અને કાંઇક વ્યવહારુ પરિણામ બતાવ.

જો! તારી આસપાસ પરભાવરમણતાનો કાળો પડદો ફરી વળ્યો છે, એ પડદાએ તને ઘેરી લીધો છે અને તું ખરેખર તેને વશ પડી ગયો છે, આ પડદાને ચીરી નાખ, આ પરભાવ–રમણતાને ફેંકી દે, આ પરભાવરૂપ ઝાંઝવાને દૂર કર. અત્યારે તું જેમાં રાચી રહ્યો છે, જેમાં મોજ માણે છે, જેની ખાતર મૂંઝાય છે તે સર્વ પરભાવ છે. તે સર્વને અત્યારે જરા છોડી દે. કૃપા કરીને એ બાહ્યભાવ, બહિરાત્મભાવ દૂર કર અને એ તારાં નથી, એને તારી સાથે ચિરકાળ સંબંધ નથી, એનાથી તને કોઈ જાતનો લાભ નથી એમ બરાબર માન અને માન્યતા પ્રમાણે કામ કર. અત્યારે કર્મપરિણામ–રાજા તારા ઉપર પ્રસન્ન થયો છે અને તને ખૂબ અનુકૂળ સંયોગોમાં મૂકયો છે તે તકનો પૂરતો લાભ લે અને આ પરભાવના વિલાસને છોડી દે.

છેવટે થોડા વખત માટે તો પરભાવરમણુતાને દૂર કર, જેથી આ મનુષ્યભવમાં ચંદનના વૃક્ષમાંથી નીકળતા શીતળ પવનની લહરીનો રસ તને જરા સ્પર્શે. એ ચંદનવૃક્ષ તે **આત્મવિચાર** છે, આત્મવિચારમાં પ્રાણી પડે ત્યારે એને એવી શાંતિ થઇ જાય છે કે જેવી શાંતિ સુખડનાં વૃક્ષોનો સ્પર્શ કરીને વહેતા પવનની શીતળ લહરીના સ્પર્શ વખતે થાય છે. મમત્વ કે પરભાવની રમણુતા ગરમી લાવે છે. તમે ક્રોધ કે લોભ કરી જુઓ, આંખ લાલ થઇ જશે, છાતી થડક થડક થશે, જ્યારે આત્મવિચારણા થશે ત્યારે અંદર અને બહાર સાચી શાંતિ જામશે, ઉપર જણાવી તેવી શાંતિ થશે.

હિમાલય પર્વત પર ચંદનના ઝાડ પરથી જે શીતળ લહેર આવે છે એનું વર્ણન કરવું અશકય છે. માથું દુઃખે તો ચંદનના જરા લેપથી શાંતિ થાય છે તો પછી જ્યાં ચંદનના મોટાં ઝાડોને સ્પર્શી પવનના તરંગો આવે તેનો સ્પર્શ કેવો સુંદર હોય? તેની સાધારણ કલ્પના કરવી હોય તો પારસીની અગિયારી નજીક સુખડની દુકાન પાસેથી જરા પસાર થઈ જવું. આ ભવ્ય શાંતિ તને જરા સ્પર્શી જાય–એક ક્ષણવાર પણ તને મળી જાય એટલું એક વાર હાલ થવા દે.

એક ક્ષણવારની આ માગણી હેતુસરની છે. એક વાર આ આત્મવિચારના રસનો શોખ આને લાગ્યો તો પછી એને કાંઇ કહેવાની જરૂર પડે તેમ નથી. જેમ ઢારનો શોખીન પીઠું શોધી કાઢે છે અને કીડી મીઠાઇ શોધી કાઢે છે તેમ એ ચંદનની સુગંધીમાં રસ પડયા પછી જ્યાંથી તે મળશે ત્યાંથી શોધી કાઢશે, શોધવાના માર્ગો મેળવશે અને મેળવીને ગમે તે અગવડે ત્યાં પહોંચશે.

આત્મવિચારણામાં આત્માનું અસંગીપણું, જ્ઞાન–દર્શન–ચારિત્રમયપણું, એકત્વ, અવિનાશિત્વ વગેરે આત્મિક સર્વ બાબતોનો સમાવેશ થાય છે અને આનુષંગિક બાબત તરીકે અનાત્મવસ્તુ–પરભાવોની વિચારણા થાય છે–પ્રથમની ઉપાદેયરૂપે અને બીજીની હેયરૂપે થાય છે. પણ એક વાર ચેતનને ભાવી જુઓ, એનામાં ઊતરી જાઓ, એનામાં તન્મય થઈ જાઓ, અંદર ઊતરી જાઓ, એનું જ ચિંતવન કરો. જાણે આપણે સર્વથી અસંગ–અલિપ્ત હોઈ દૂર અથવા ઉપર ખડા છીએ અને આખો તમાસો જોઇએ છીએ એવો અનુભવ કરો; ખૂબ મજા આવશે, પૂર્વે કદી નહિ અનુભવેલ શાંતિ થશે અને ચંદનવાતની ઊર્મિઓ અંદર ઉછળશે. એ રસ ક્ષણવાર અનુભવાશે, જરા સ્પર્શીને ચાલ્યો જશે તો પણ જીવન ધન્ય થઇ જશે અને પછી શું કરવું તે અત્ર જણાવવાની જરૂર નથી. તમારો ચેતનરામ તેને શોધી લેશે અને તેનો પ્રયાસ હશે તો તે તેને મળી આવશે. એક વાત ધ્યાનમાં રાખશો કે આવો અવસર ફરી ફરીને વારંવાર નહિ મળે. અત્યારે મળેલી અનુકૂળતાઓ બહુ ભારે છે અને મોંઘેરા મૂલ્યની છે, એનું એવું મૂલ્ય આપવાની તમારી પાસે તાકાત સર્વદા હોતી નથી, રહેતી નથી, એ ખાસ ધ્યાનમાં રાખશો.

(રૂપ ૫.) એટલા માટે હે ચેતન! તું સર્વ આળપંપાળ મૂકી દે, તારા નિજસ્વભાવમાં મગ્ન થઈ જા અને તારી એકતા, જેનું વર્ણન નીચેના અષ્ટકમાં કરવામાં આવશે તેની ભાવના કર, તેનો વારંવાર વિચાર કર અને તે વિચારણામાં તન્મય થઈ જા. એ એકતાનો વિચાર સમતા સાથે કર. સમતા વગરની એકતા તો તને મૂંઝવી નાખશે, તને ગભરાવી મૂકશે, તને બાપડો-બિચારો બનાવી દેશે. સમતા એટલે સમભાવ, અખંડ શાંતિ, આત્મસ્વરૂપ સાથે એકરૂપતુલ્યતા. વિનયવિજય ઉપાધ્યાયે આરાધનાના સ્તવનમાં કહ્યું છે કે—

સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુણ્યનાં કામ;
છાર ઉપર તે લીંપણું. ઝાંખર ચિત્રામ.
ધન ધન તે દિન માહરો.

જમીન કચરાવાળી હોય તેને સાફ કર્યા વગર, ભૂમિકાની શુદ્ધિ કર્યા વગર ગાર કરવામાં આવે અથવા બાવાં વળગેલ કાબરચીતરી ભીંતને સાફ કર્યા વગર તે પર ચિત્રામણ કરવામાં આવે તો તે સર્વ નકામું થાય છે, તેમ સમતા વગર કરેલ સર્વ કરણી કે વિચારણા નિરર્થક થાય છે. મનની શાંતિ, વાતાવરણમાં શાંતિ, અંતરની વિશુદ્ધિ એ એકત્વભાવનાની વિચારણાને અંગે ખાસ જરૂરી છે.

એવી રીતે સમતાપૂર્વક એકત્વભાવના ભાવ એટલે તને પરમાનંદપદની સંપત્તિ જરૂર મળશે. તું થોડા વખતની સંપત્તિના કોડ હવે છોડી દે અને આ પરમાનંદપદના આનંદને મેળવ. એ તો ઉત્કૃષ્ટ આનંદ છે, નિરવધિ આનંદ છે, અનિર્વાચ્ય આનંદ છે, અક્ષય આનંદ છે, અમિશ્ર આનંદ છે. નીચેની વાર્તા વિચાર.

અઢળક લક્ષ્મીનો સ્વામી, સેંકડો ગામનો રાજા નમિ આજે હેરાન થઈ ગયો છે. એના શરીરમાં દાહજ્વર ઉપડ્યો છે. આખા શરીરમાંથી અંગારા ઊઠે છે. જાણે મહાભયંકર અગ્નિની વચ્ચે બેઠો હોય તેમ આખું શરીર બળું બળું થઈ રહ્યું છે. એને પથારીમાં ચેન પડતું નથી. જમણેથી ડાબે પડખે અને ડાબેથી જમણે પડખે પછાડા મારે છે અને હાય-બળતરા કરે છે.

તે રાજાને પાંચસેં સ્ત્રીઓ છે. રાજાના ઉગ્ર દાહજ્વરને શાંત કરવા તત્પર છે. સર્વ સ્ત્રીઓ સુખડના કટકાઓ લઈ તેને ઘસવા લાગી ગઈ છે. પાંચસેં સ્ત્રીઓના સૌભાગ્યનો આધાર આ એક જીવ પર હતો. ખૂબ પ્રયત્ન કરી જોરથી સર્વ કામ કરવા લાગી ગઈ અને જેમ બને તેમ જલ્દી બાવનાચંદનનાં કચોળાં ભરી પતિના શરીર પર લગાડવાની ગોઠવણ કરવા આતુર બની. પણ રાજાની પીડા આકરી હતી; બાવનાચંદનના વિલેપનથી તે શમી નહિ. તેનો દાહ વધતો જ ચાલ્યો અને ગરમી વધતી જ ગઈ.

માંદા માણસને જરા અવાજ થાય તો પણ કંટાળો આવે છે. પાંચસેં સ્ત્રીઓ એક સાથે બાવનાચંદન ઘસે ત્યારે તેના હાથનાં કંકણો (બલોયાં, ચૂડીઓ કે બંગડીઓ) કેટલો અવાજ કરે? અને તેમાં વળી મારવાડનો પ્રદેશ એટલે ચૂડા મોટા હોય; એનો અવાજ રાજાને

અસહ્ય થઈ પડયો. દાહની બળતરામાં અવાજના ધમધમાટે વધારો કર્યો. દાહની બફમમાં નમિરાજાએ બૂમ મારીઃ "આ અવાજ બંધ કરો. મારું માથું ફરી જાય છે. આ સર્વ ઘોંઘાટ શો ?"

સ્ત્રીઓ ચતુર હતી. તેમણે વધારાના ચૂડા ઉતારી માત્ર એક સૌભાગ્ય-કંકણ રાખ્યું, પાછી ફરી ચંદન ઘસવા લાગી ગઇ. નમિરાજા બે મિનિટમાં પાછા બોલ્યાઃ "અવાજ કેમ બંધ થયો ?" વૃદ્ધ વૈદ્યરાજે જવાબ આપ્યોઃ "આપની પાંચસેં સ્ત્રીઓ આપને લેપ કરવા માટે ભાવનાચંદન ઘસતી હતી તેનો એ અવાજ હતો."

નેમિરાજા-"ત્યારે શું ઘસતી બંધ પડી ગઈ ?"

વૈદ્યરાજ-"ના મહારાજ ! તે ઘસે છે, પણ તેમણે કંકણો સર્વ કાઢી દૂર મૂકયાં છે. માત્ર **એક** સૌભાગ્યસૂચક કંકણ જ દરેકે રાખ્યું છે તેથી અવાજ થતો નથી."

નમિરાજા-"અહો ! ત્યારે અનેકનો જ અવાજ છે, **એક**માં જ ખરી શાંતિ છે. મારા માથા ઉપરથી અત્યારે મોટો બોજો ઊતરતો જણાય છે, તે **એક** કંકણને જ આભારી છે. ત્યારે મજા તો ખરી **'એક'**માં જ છે. વધારે થાય ત્યાં તો ખડખડાટ જણાય છે, ત્યારે આ **એક**માં તો આનંદ છે.

આમ બોલતાં બોલતાં એને **એકતા**નું ભાન થયું. થતાંની સાથે એ ઊભો થયો. પોતે એકલો છે, એકલો આવ્યો છે અને એકલો જવાનો છે. જે ખડખડાટમાં પોતે પડયો છે તે અનેકને લઈને જ છે.

આ વિચારમાં એનો દાહ ચાલ્યો ગયો. એ વિચારની અંદર ઊતરી ગયો. સમજ્યા તેવા જ રાજેશ્રી ઊઠયા અને ઊઠીને મુનિપણું ધારણ કરી એકતાનો અનુભવ કરવા લાગ્યા. રાજ્ય છોડયું, વૈભવો છોડયા, અલંકારો છોડયા, સ્ત્રીઓ છોડી અને સર્વ છોડી એકતામાં લીન થઈ અંતે પરમાનંદ-સંપદાને પામ્યા. એ પ્રત્યેકબુદ્ધ થયા અને 'રાજર્ષિ' કહેવાયા. અનિત્યભાવનામાં કરકંડુનું દૃષ્ટાંત આવ્યું હતું તેવા આ બીજા પ્રત્યેકબુદ્ધ થયા. વિચારકની આ દશા હોય, એ રાજ્ય ભોગવે, પાંચસેં સ્ત્રીઓ સાથે વિલાસ કરે; પણ સાચી વાત સમજે એટલે ચાલી નીકળે. પછી ધન્નાની જેમ ખેળભરેલું શરીર હોય તો પણ શું ? અને ચિલાતીપુત્રની પેઠે હાથમાં મનુષ્યના માથાની ખોપરી હોય તો યે શું ? એ તો તજવી ત્યારે એક એક શું તજવી ? શાલિભદ્રને ધન્નો કહે કે 'ચાલ ! આમ વાતો કર્યે કાંઈ દહાડો વળે ?' આ દશા વિચારકની હોય. હાથમાં માથાની ખોપરી હોય પણ 'ઉપશમ, વિવેક, સંવર' એટલા શબ્દો સાંભળે ત્યાં સ્થિતિ બદલાઈ જાય છે અને ખૂની માણસ એ જ ભવમાં મોક્ષ સાધે છે. એ દશા વિચારકની હોય. તેટલા માટે જો એક વાર સમતાપૂર્વક ખરો એકત્વભાવ સમજાય તો પછી દશા ફરતાં અને પરમાનંદપદ પ્રાપ્ત કરતાં વખત લાગતો નથી. ત્યારે એ એકત્વભાવના કેમ ભાવવી તેનું સ્વરૂપ હવે ઘણા સંક્ષેપમાં વિચારી જઈએ. ઉપોદ્ઘાતમાં ઘણી વાત થઈ ગઈ છે તેથી અષ્ટકમાં સંક્ષેપ કરી બાકીની વિચારણા વાચકની વિચારશક્તિ પર છોડવી ઠીક લાગે છે.

એકત્વભાવના : ગેયાષ્ટકપરિચય

૧. ખૂબ શાંતિથી પૂર્ણ શાંત વાતાવરણમાં ગાવા યોગ્ય આ અષ્ટક છે. એની ઢળક બહુ સુંદર છે. વિનય ! ચેતન ! તું વસ્તુસ્વરૂપનો બરાબર વિચાર કર. ઉપર ઉપરના ખ્યાલ પડતા મૂકી વસ્તુની આંતરરચનાના મૂળ સુધી પહોંચી જા. તને માલૂમ પડશે કે એ વિચારણામાં તેં કદી નહિ કલ્પેલ ભવ્ય સત્યો પડેલાં છે, જેનો સ્પર્શ પણ તને શાંત કરી દેશે અને તારી આસપાસ શાંતિનું સામ્રાજ્ય જમાવી દેશે.

આ દુનિયામાં તારું પોતાનું શું છે ? આ સીધો સવાલ છે. તેનો તું વિચાર કર. જો તું તારા શરીરને તારું માનતો હો તો તે તારું નથી તે આપણે જોઇ ગયા. નથી તારું ઘર, નથી તારા વાડીવજીફા, નથી તારી સ્ત્રી, નથી તારાં છોકરાં, નથી તારો ધંધો, નથી તારા મિત્રો, નથી તારા સગાં. કોઈ તારું છે ? હોય તો કહે. અનેક જીવો છે તેમાં તારા કોણ ? અનેક ચીજો છે તેમાં તારી કઇ ? અને કોણ કોનું ? આ સવાલનો જવાબ આપીશ એટલે જણાશે કે આ તો ફોકટના ફસાઈ મર્યા !

આટલો વિચાર આવે એટલે પછી એને કોઈ જાતનું દુઃખ થાય ખરું ? અથવા એનાથી કોઈ પાપાચરણ બને ખરું ? દુઃખ કોને લાગે ? જ્યાં કિં નિજં–પોતાનું શું ? –એ સવાલ થયો એટલે દુઃખ શેનું, કોનું અને કોને લાગે ?

આવો સવાલ જેના મનમાં હૃદયસ્પર્શી થાય તેને પાપ કરવાની બુદ્ધિ કદી પણ થાય ખરી ? એવા પ્રાણીને રાજમહેલ કે જંગલ સરખું જ લાગે. એને મન જેલ કે મહેલ સરખા જ દેખાય. એને ધનિક કે નિર્ધન અવસ્થા સરખી લાગે. એને માન–અપમાન સર્વ પાર્થિવ લાગે. એને અભિમાન બચ્ચાના ખેલ લાગે. એને આવી ભાવચેષ્ટા બાળકના કરેલા ધૂળના ઘર જેવી લાગે. ટૂંકમાં, એને દુઃખ કે ખેદ લાગે નહિ અને કદાચ દુઃખ બાહ્ય નજરે દેખાય તો તેને તે મોજમાં ભોગવી લે. તેને પણ એ માણે, તેમાં પણ આનંદ પામે. એને પાર્થિવ કોઈ ચીજ અસર ન કરે. એ તો ' નિજં કિં 'નો જ વિચાર કરે અને એ વિચારણા દુરિતના ઉદયને દૂર કરવા માટે પૂરતી છે. એવો સવાલ જેના મનમાં ઊઠે તેની વિચારણા કેવી હોય તે જુઓઃ—

૨. આ પ્રાણી એકલો ઉત્પન્ન થાય છે. તે જ્યારે જન્મે છે ત્યારે તદ્દન એકલો જ હોય છે. તેને જેના પર મોહ હોય તેવાં તેનાં સ્ત્રી–પુત્રાદિ તેની સાથે જન્મતાં નથી.

અને જ્યારે યમરાજ એને ઉપાડી જાય છે ત્યારે એ એકલો જ જાય છે. કોઈ એની સાથે મરતું નથી અને એની ચિતામાં એને બદલે અન્ય કોઈ સૂતું નથી. નાનપણમાં કરેલી એક સજ્ઝાયમાંથી નીચેનું પદ યાદ રહ્યું છે. તેમાં લખ્યું હતું કેઃ—

"ઉહલી લગે સગી અંગના, શેરીએ લગી સગી માય;
સીમ લગે સાજન ભલો, પછે હંસ એકીલો જાય.
જીવ ! વારું હું મોરા વાલમા."

તે વખતે હંસ એકલો કેમ જતો હશે તેની જે કલ્પના કરેલી તે અત્યારે યાદ આવે છે. શેરી સુધી મા વળાવવા આવે, સ્મશાન સુધી સગાંઓ આવે–પણ પછી? અરે! હવે તો સમજ્યા કે એમાં પછીનો સવાલ જ નથી. હંસ તો કયારનો ઊડી ગયો છે! શું ભવ્ય કલ્પના છે! પણ વાત એ છે કે હંસ અંતે એકલો ઊડી જાય છે અને જવાના વાર, તારીખ કે મુહૂર્તને જોતો નથી. એક બીજી સજ્ઝાય **'એક રે દિવસ એવો આવશે'** એમાં કરેલું કલ્પનારૂપશીર્ વર્ણન પણ બાળનજરે ખડું થાય છે. એમાંની **'બોખરી હાંડલી એના કર્મની'** એ વાકય હજુ પણ કરુણારસ ઉત્પન્ન કરે છે. કાંઈક વિષયાંતર થાય છે. વાત એ છે કે આ પ્રાણી એકલો જાય છે. આપણે એકલાંને સ્મશાનમાં પોઢતાં જોઈ આવ્યા છીએ. 'એકલા' જવાનું છે એ વાતમાં જરા પણ શક પડતો નથી, છતાં અંદર ખાતરી તો છે ને? કદાચ આપણા માટે દુનિયાનો ક્રમ-સિદ્ધ નિયમ ફરી જશે એમ તો નથી લાગતું ને?

આ પ્રાણી એકલો કર્મ કરે છે અને એનાં ફળ પોતે જ ભોગવે છે. તે પોતાની ખાતર કર્મ કરતો હોય કે ગમે તેની ખાતર કરતો હોય, પણ સારાં કે માઠાં આચરણનાં ફળો તેણે એકલાએ જ ભોગવવાનાં છે. ધનમાં ભાગ પડાવવા ઘણા આવશે, ઉજાણી જમવા સેંકડો આવશે, વરઘોડામાં સાજનમાજનની શોભામાં વધારો કરવા ઘણા આવશે; પણ વરરાજા તો તું એકલો જ છે અને ઘરસંસાર તો તારે જ ચલાવવાનો છે. તું માનતો હો કે તારી રમતમાં ભાગ પડાવનારા તારા પાપના કે પુણ્યના ભાગીદાર થવાનું કબૂલ કરશે તો તું ભૂલ ખાય છે. એ તો જેના પગ પર કોશ પડે તેને જ તેની પીડા ભોગવવાની છે. તેમાં બીજા કોઈ ભાગ પડાવવાના નથી, એને અંગે તારે ખૂબ વિચાર કરવાની જરૂર છે. એક વિશિષ્ટ લેખક કહે છે કે 'જેમ વનને દાવાનળ લાગે ત્યારે પક્ષીઓ ઊડી જાય છે તેમ ધનની વહેંચણી વખતે તારા આશ્રયમાં રહેનાર, તારા છત્રની પ્રશંસા કરનાર પણ, જ્યારે તારે જવાબ આપવા પડશે ત્યારે પક્ષીઓની જેમ નાસી જશે અને પછી તું કોઈની આશા રાખતો નહિ.' યાદ રાખજે કે નાનાં-મોટાં, સારાં-બરાબ તારાં સર્વ કૃત્યોનો જવાબ તારે જ આપવો પડશે, માથું નીચું કરીને આપવો પડશે અને ગમે કે ન ગમે પણ બરાબર આપવો પડશે, તેમ જ તે તારે એકલાએ જ આપવો પડશે. વળી બીજું પણ યાદ રાખજે કે કર્મપરિણામ-રાજાને મંદિરે સો મણ તેલના દીવા બળે છે. ત્યાં જરા પણ પોલ ચાલી જાય કે ગોટા વળાય તેવું નથી. ત્યાં તારે એકલાએ હાજર થઈ સર્વ કર્મોનો બદલો લેવાનો છે, ભોગવવાનો છે અને સરવૈયાં ત્યાં નીકળવાનાં છે. તારા ખાતાની અત્યારે ખતવણી ચાલે છે, ગભરાઇશ નહિ, પણ વાત બરાબર ધ્યાનમાં રાખજે. ત્યાં તારું ખાતું અલગ છે.અને જમે તથા ઉધાર સર્વનાં ફળ તારે એકલાને જ ભોગવવાનાં છે. એમાં એક બાજુમાંથી બીજી બાજુ બાદબાકી થતી નથી. (ખાતાનો આ આખો હિસાબ કર્મસામ્રાજ્યની પદ્ધતિને અલંકારિક ભાષામાં બતાવે છે કે ખૂબ વિચારવા યોગ્ય છે) એ સર્વ ફળો તારે એકલા એ ભોગવવાનાં છે એ વાત અત્ર ખાસ પ્રસ્તુત છે. આ વિચારણા વિચારવાની છે.

૩. આ પ્રાણી અનેક પ્રકારની મમતાઓને તાબે થઈને જેટલો પરિગ્રહ વધારે છે, જેટલો માલદાર બનતો જાય છે તેટલો તે ભારે થતો જાય છે અને વહાણ કે સ્ટીમરમાં જેટલો ભાર ભરે તેટલી તે પાણીમાં ઊંડી ઊતરતી જાય છે તે પ્રમાણે પરિગ્રહના ભારથી તે જેટલો લદાય છે તેટલો તે ઊંડો ઊતરતો જાય છે. આમાં યાદ રાખવાનું એ છે કે એની પોતાની સ્ટીમર જ તેટલી ઊંડી ઉતરે છે, બીજાનાં વહાણને એની અસર નથી. જેમાં ભાર ભરવામાં આવે તે સ્ટીમર જ ભારના પ્રમાણમાં તેટલી પાણીમાં ઉતરે એ તદ્દન સ્વાભાવિકછે.

મમતાની વિવિધતા હવે વિચારવાની બાકી રહે છે. તે તો આપણે પ્રથમથી જોતા જ આવ્યા છીએ. આ પ્રાણીને સંસારનો એવો મોહ લાગ્યો છે કે એ ચેટકનો કાંઈ છેડો દેખાતો નથી. ધનની, પુત્રની, સ્ત્રીની, માબાપની મમતા તો જાણીતી છે, પણ એ ઉપરાંત એના બીજા ઉછાળા પણ જોવા જેવા છે. એને દુનિયામાં નામ કાઢવાની ચીવટ ઓછી નથી, નામમાં કાંઈ માલ નથી એમ એ સમજે તો પણ એને એનો મોહ ઓછો થતો નથી. એને મારું મારું કરીને આખી દુનિયાનું પાણી પોતાનાં ઘરબાર તરફ વાળવું છે. એને કપડાંની મમતા છે, ખાવાની મમતા છે, મોટરમાં ફરવાની મમતા છે, છત્રી-પલંગમાં સૂવાના કોડ છે, સંસ્થાઓમાં જોડાઈને નામ કાઢવું છે, ગમે તેમ કરીને પોતાનું વ્યક્તિત્વ પ્રકટ કરવું છે અને પછી એના આંચકા આવે ત્યારે પોક મૂકીને રડવું છે. જ્યાં પરભાવમાં રમણુતા થઈ અને તેને અંગે આત્મવિચારણા દૂર થઈ ગઇ તો પછી મમત્વ બંધાય છે અને એના ચક્કરમાં ચડ્યો એટલે એ ભારે થતો જ જાય છે અને ખાસ કરીને લોકપ્રશંસામાં આત્મ-ભાવ વીસર્યો તો એની સ્ટીમર જરૂર ભારે થઈ જવાની એ નક્કી વાત છે. વિચારપરવશતા, અસ્પષ્ટ વિચાર, ધ્યેયની અસ્પષ્ટતા અને કર્તવ્યનિષ્ઠાનો અભાવ એ જાહેર સેવાને અંગે પણ પરભાવમાં રમણુતા કરાવે છે અને સાપેક્ષ દૃષ્ટિ ધ્યાનમાં ન હોય તો સ્ટીમરને જરૂર ભારે બનાવે છે. જાહેર સેવા કરનારે આ વાત ખૂબ ધ્યાનમાં રાખવાની છે. પ્રામાણિક કર્તવ્ય બુદ્ધિ હોય અને લોકપ્રશંસા તરફ ઉપેક્ષા હોય અથવા તેની સ્પૃહા ન હોય તો આ નાના જીવ-નમાં ઘણું કાર્ય થઇ શકે છે, પણ આવડત અને આત્મલક્ષ ન હોય તો સ્ટીમરને ખૂબ ભારે કરી દેવાનો અને અધઃપાત મોટો થઈ જવાનો ત્યાં પણ ભય છે એ વાત ધ્યાનમાં રાખવી. ખાસ લક્ષ્યમાં રાખવાનું કે 'જિસ ઘર બહોત વધામણાં, ઉસ ઘર મોટી પોક.'

વહાણનું દૃષ્ટાંત ખૂબ વિચારવાનું છે અને તેમાં ખાસ મુદ્દા એ ધ્યાનમાં રાખવાનો છે કે જેના વહાણમાં માલ ભરાય તે જ વહાણ ભારે થાય છે અને ભારના પ્રમાણમાં તે જ માત્ર નીચું બેસે છે, મમતાની વિવિધતા વિચારી લેવી અને આપણું વહાણ આ ભવમાં વધારે ડુબાડીએ છીએ કે તેને કાંઈ ઉપર લઇ આવીએ છીએ તેના માપણી, માપકયંત્ર (થરમોમીટર) દ્વારા જાતે ખૂબ વિચાર કરીને કરી લેવી.

૪, દાઢીઓને તો જરૂર જોયા હશે. રાત્રે દસ-બાર વાગે એમાંનો કોઇ બહાર ફરવા નીકળશે તો ગમે તેમ લવારો કરતો જશે. એ પોતાનો અસલ સ્વભાવ તદ્દન મૂકી દઇને એવી

એવી ચેષ્ટાઓ કરશે કે તે જોઇ-જાણી હોય તો હસવું આવે. એ પોતાની જાત ઉપરનો કાબૂ ખોઇ બેસશે અને પછી ગમે તેમ વર્તશે, એની જાત પર એને કાબૂ નહિ રહે. એ ગટરમાં પડશે, ગોથાં ખાશે, બગાસાં ખાશે અને એવું વર્તન કરશે કે જાણે એ માણસ જ ફરી ગયો. તમે એને દારૂના ઘેનમાં તદ્દન જુદો જ જોશો. એનું કારણ દારૂનું ઘેન છે અને દારૂ એને પીવા યોગ્ય ચીજ ન હોઈ પેય પદાર્થને અંગે એને માટે એ પરવસ્તુ છે.

જ્ઞાન-દર્શન-ચારિત્રનો ધણી પણ જ્યારે પરભાવમાં પડી જાય છે ત્યારે એ પોતાનું મૂળ રૂપ તજી દઈ અત્યંત વિચિત્ર ચેષ્ટાઓ કરે છે. દારૂ પીનારો જેમ ગાવા, નાચવા, હસવા મંડી જાય છે તેમ આ પ્રાણી સંસારનાં નાટકો ભજવવામાં પડી જાય છે. એ મારું મારું કરી નાટકો કરે છે અને દારૂડીઆની પેઠે પોતાની પર કાબૂ ખોઇ બેસી અનેક પ્રકારની ચેષ્ટાઓ કરે છે. પછી એ પરભાવને વશ થઈ અનેક કષ્ટોમાં પડે છે, એક ખાડામાંથી બીજામાં અને એક ભવમાંથી બીજામાં ગબડે છે અને સંસાર પર પ્રેમ કરી ઇષ્ટવિયોગાદિ પ્રસંગે તદ્દન શૂન્ય ચિત્તવાળો થઇ બગાસાં ખાય છે.

પરભાવરમણતાને લઈને એ પોતાનો સ્વભાવ વીસરી જાય છે અને મોહમમત્વમાં પડી જઈ અનેક ન કરવા યોગ્ય કાર્યો કરી બેસે છે અને ભારે ગોટાળામાં પડી જાય છે. એ દારૂની અસર તળે એને જોયો હોય તો કોઈ માને પણ નહિ કે એ જ્ઞાન-દર્શનાદિ અનંત ગુણોનો ધણી હશે અને એના મૂળ સ્વભાવમાં એ તદ્દન નિર્લેપ, એકલો ફરનારો અને અનંત સુખનો ભોક્તા હશે. દારૂની અસર આવી છે! પરભાવરમણતાના લ્હાવા આવા છે!

દારૂડીઆના પતન સાથે સંસારમાં અધઃપાત સરખાવો.

દારૂડીઆના લોટવા સાથે ભવોભવની રખડપટ્ટી સરખાવવી.

દારૂડીઆનાં બગાસાં સાથે દુઃખપ્રસંગે થતી હૃદયશૂન્યતા સરખાવવી.

ચેતન **એકલો** છે, છતાં **પારકાની અસર** તળે એના કેવા હાલ થાય છે તે વિચારો.

૫. સોનામાં અન્ય ધાતુ મેળવી હોય ત્યારે તે કેવું લાગે અને જ્યારે એ તદ્દન ચોખ્ખું સો ટચનું સોનું હોય ત્યારે તે કેવું લાગે તે તો તમારા જેવા દુનિયાદારીના માણસો-(Worldly man)ને જણાવવાની જરૂર ન જ હોય. સોનું ચોખ્ખું હોય ત્યારે એનો પ્રકાશ, એનો રંગ, એનું સ્નિગ્ધત્વ, એનો દેખાવ, એનો ભાર (ગુરુત્વ) ખરેખર ચિત્તાકર્ષક તમને લાગ્યો જ હશે. તેમાં જ્યારે અન્ય ધાતુની ભેળસેળ કરવામાં આવે ત્યારે તેનો રંગ જાય, રૂપ જાય, અને તેમાં જો વધારે પડતો ભેગ થઈ જાય તો કોઇ તેને સોનું માનવાની પણ ના પાડે. સોનામાં જેટલો ભેગ થાય તેટલું તેનું સુવર્ણત્વ ઓછું થાય છે.

૬. આત્મા-ચેતનની જ્યારે કર્મ સાથે મેળવણી થાય છે ત્યારે એનાં પણ અનેક રૂપ થાય છે, એનો મૂળ સ્વભાવ દબાઈ જાય છે અને પછી તો એ અનેક નાટકો કરે છે. એ ચારે ગતિમાં ભટકતો ફરે છે અને નવાં નવાં રૂપો ધારણ કરી કોઈ વાર ઉત્તમ અને કોઈ

વાર જોવો પણ ન ગમે તેવો અધમ પાઠ ભજવે છે. એ ભિખારી થઈ ભીખ માગે છે, એ રાજા થાય છે, એ હાથીના હોદ્દા પર બેસે છે, એ ગધેડા પર બેસે છે, એ હુકમ કરનાર થાય છે, એ હુકમ ઉઠાવનાર થાય છે. એ વક્તા થાય છે, શ્રોતા થાય છે, લૂલો લંગડો થાય છે, આંધળો-બહેરો થાય છે. રોગી થાય છે, દીન થાય છે, પ્રતાપી થાય છે, લશ્કરનો સરદાર થાય છે, વેપારી થાય છે, દલાલ થાય છે અને ટકાનો ત્રણ શેર વેચાય તેવો પણ થાય છે. સંસારભાવનામાં જોઈ ગયા તેવાં અનેક રૂપો તે લે છે, પણ એ સર્વ એના ભેળનાં રૂપો છે, એના શુદ્ધ કાંચનત્વમાં એબ લગાડનારાં રૂપો છે. જેટલો ભેળ એનામાં કર્મનો ભળે છે તેટલો તે અસલ સ્વરૂપમાંથી દૂર ને દૂર ખસતો જાય છે. એ મૂર્ખ દેખાય તો તેમાં પણ ભેગ છે અને દુઃખી દેખાય તો તેમાં પણ ભેગ છે. એને સંસારમાં ગમે તે સ્થિતિમાં જોવામાં આવે તે સર્વમાં ઓછો-વધતો ભેગ જરૂર છે.

પણ જ્યારે એનું શુદ્ધ કાંચનમય સ્વરૂપ હોય, જ્યારે એ પ્રાપ્ત કરે, પ્રકટાવે અને કર્મનો ભેગ દૂર કરે ત્યારે એ **ભગવાન** થાય છે, સચ્ચિદાનંદસ્વરૂપ થાય છે, પરબ્રહ્મ થાય છે, સિદ્ધ થાય છે, અજરામર થાય છે, શાશ્વત સુખનો ભોક્તા થાય છે, અનંત જ્ઞાન-દર્શન-મય થાય છે, અનંત ગુણોમાં વિહરનાર થાય છે. વિશિષ્ટ ગુણાપન્ન સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઈ આત્મધર્મમાં અનંત કાળ સુધી વિલાસ કરનારો થાય છે અને પરમાત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે.

એકલો આવનાર અને એકલો જનાર આત્મા કર્મના સંધાનના ભેગથી કેવો થઈ જાય છે, એ ન હોય ત્યારે એની કેવી સુંદર દશા હોય છે અને એ કેવો સ્વભાવગુણમાં લીન હોય છે તેનો ખ્યાલ કરી એનું એકત્વ ખૂબ વિચારવાની જરૂર છે. એ એકત્વભાવવાળો આત્મા પરભાવરૂપ દારૂના કેફમાં કેવો કથોરે ચઢી ગયો છે તેનો બરાબર ખ્યાલ કરવાનો છે.

૭. આ શુદ્ધ કાંચનસ્વરૂપ ભગવાન કેવો છે તે જરા જોઈ લે. અનંત જ્ઞાન-દર્શન ચરણના પર્યાયોથી વ્યાપ્ત છે.

આ દુનિયા, એની અંદરના સર્વ પદાર્થો, સર્વ ભાવોને એના ભૂત, ભવત્ અને ભાવી આકારમાં જે બતાવી આપે, તેનો બોધ કરાવી આપે તે '**જ્ઞાન**'.

સર્વ પદાર્થોનો સામાન્ય બોધ આપે તે '**દર્શન.**' જ્ઞાનમાં વિશેષ બોધ થાય છે, દર્શનમાં સામાન્ય બોધ થાય છે. અથવા થયેલા બોધમાં દૃઢ શ્રદ્ધા થવી તે દર્શન અથવા સમ્યક્ત્વ.

આત્મપ્રદેશની સ્થિરવૃત્તિ અને ગુણમાં રમણતા એ '**ચારિત્ર**'. ઉપાધ્યાય શ્રીમદ્યશો-વિજયજી કહે છે કે **चारित्रं स्थिरतारूपमतः सिद्धेष्वपीष्यते** એટલે સિદ્ધમાં-મુક્ત જીવોમાં પણ સ્થિરતારૂપ ચારિત્ર હોય છે. નિજ ગુણમાં સ્થિર રહેવું, અચળ આત્મપ્રદેશ રહેવા એ સર્વ અનંત ચારિત્રના વિભાગમાં આવે છે.

આત્મા આવા અનંત ગુણોથી એના મૂળ સ્વભાવમાં વ્યાપ્ત છે. એનામાં આ સર્વ ગુણો ઠાંસી ઠાંસીને ભરેલા છે અને એ એના સહજભાવી ધર્મો છે.

સહજાનંદવિલાસી આત્મા મહોદયને પ્રાપ્ત કરી એના શુદ્ધ સ્વરૂપે પરમાત્મા થાય છે અને ત્યાં પણ એનું વ્યક્તિત્વ રહે છે. ગુણની નજરે સિદ્ધના સર્વ જીવો એકસરખા હોવાથી તેમાં 'અભેદ'પણું શકય છે. પણ પ્રત્યેક આત્માનું વ્યક્તિત્વ જતું નથી, કોઇમાં તે ભળી જતું નથી, કોઈ-મય તે થઇ જતું નથી. આ રીતે ભેદાભેદને સમજવો બહુ જરૂરી છે.

આવો આત્મા ખરેખર પરમેશ્વર છે, પૂજય છે, ધ્યેય છે, વિશિષ્ટ છે અને વંદન, નમન, સેવનને યોગ્ય છે. આત્મા મૂળ સ્વરૂપે આવો છે, ભગવાન છે, પરમેશ્વર છે, જ્યોતિ સ્વરૂપી છે, અનંત જ્ઞાનનો ધણી છે. અને નિરંતર નિશ્ચળ રહી, સર્વ રખડપટ્ટીઓથી રહિત થઇ એક સ્થાને વસનાર છે. બહિરાત્મભાવ મૂકી, અંતરાત્મભાવ પ્રકટ કરી, એનું એકત્વ સમજી આ વિચારણા કરવામાં આવે તો પરમાત્મભાવ પ્રકટ છે, સિદ્ધ છે, પ્રાપ્તવ્ય છે અને પોતાની પાસે જ છે.

ચેતનજી ! તમારા અનુભવમંદિરમાં આ એક આત્માને બેસાડો. ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે આવો એક પરમાત્મા જે જાતે અવિનશ્વર-શાશ્વત છે તે તમારા અનુભવમંદિરમાં વસો.

આપણે જરા આગળ જઇને એમ કહીએ કે તમારો પોતાનો જ આત્મા, તમે પોતે જ આ અનંત જ્ઞાન-દર્શન-ચારિત્રમય પરમેશ્વર છો. તમારા મંદિરમાં બીજા બહારના આત્માને લઇ આવવો પડે કે બેસાડવો પડે તેમ પણ નથી, માત્ર આદર્શ તરીકે તમારી પાસે પરમેશ્વર અને ભગવાનની વાત કરી છે; બાકી તમે પોતે જ તે છો અને તે તમને બેસાડતાં આવડે અને અંદરથી દશા પલટાય તો તમને તે મહાસિંહાસન પર બેઠેલ દેખાશે. હાલ તુરત તમારા અનુભવમંદિરમાં એ પરમેશ્વરને સ્થાપન કરો અને એના જેવા બનવા ભાવના કરો.

અનુભવ-મંદિર એ કાંઈ જેવી તેવી વસ્તુ નથી. એ જ્ઞાનસ્વભાવ-ભુવન છે, અનેક ભવના વિકાસને પરિણામે પ્રાપ્ત થયેલ આત્માની શુદ્ધ દશા છે અને એ મહામંદિરમાં જેને તેને સ્થાન ન જ હોય. ખૂબ વિચારણાને પરિણામે અનુભવ થાય છે અને એ અનુભવ આખા ભવના કરેલ આંતર-નિદિધ્યાસનનું અમૃતતત્ત્વ છે. એ અનુભવ પ્રાપ્ત કરવા યોગીઓ મથ્યા છે અને એની ખાતર એમણે જંગલો સેવ્યાં છે. એ અનુભવમંદિરમાં મહારાજ્યસ્થાન પર આ અચળમૂર્તિ અવિનશ્વર પરમેશ્વરને સ્થાપો. પછી જે આનંદ થશે તે વચનથી અકથ્ય છે. જેમ [1]સાકરનો સ્વાદ કેવો લાગે તેનું વર્ણન ન કરી શકાય, પણ ખાવાથી સમજાય, તેવો આ અનુભવ છે. એના મંદિરમાં એક વખત પરમાત્માસ્વરૂપને બરાબર સ્થાન મળ્યું અને એમાં કોઇ જાતનો ભેળસેળ ન રહ્યો તો પછી રસ્તો સીધો અને સરળ છે.

આવા અનંત જ્ઞાનાદિ-ગુણ-યુક્ત પરમેશ્વરને તમારા અનુભવમંદિરમાં બરાબર સ્થાન આપો, પછી એની સાથે વાત કરો અને તેની સાથે તમારી એકતા ભાવો. યાદ રાખો કે એ પરમેશ્વર એક જ છે, એક સ્વરૂપે જ છે અને તમે પોતે એક રીતે તેનાથી જુદા નથી, તે-મય

---

૧. સાકર કરતાં ઘૃતનો સ્વાદ ન કહી શકાય એ વધારે ઠીક લાગે છે.

થઈ શકો છો, માત્ર એક જ શરતે કે અંદર જે કચરો પેસી ગયો છે તેને દૂર કરી નાખો. ઘણા પ્રયત્ન કરવાની કે જ્યાં ત્યાં દોડાદોડ કરવાની જરૂર નથી. અનુભવ જ્યારે નાથને જગાડશે ત્યારે સર્વ આવી મળશે, માટે અનુભવમંદિર વાળી-ઝાડીને સાફ કરો અને ત્યાં મોટા સિંહાસન પર પરમેશ્વરને બેઠવી દો. ત્યાંથી તમને સર્વ મળશે, તમારાં ઇચ્છિત સિદ્ધ થશે અને આખા રખડપટ્ટાનો છેડો આવી જશે.

આ તો ગ્રંથકર્તા કહે છે કે તમે પરમેશ્વરને હૃદયમંદિરમાં સ્થાન આપો. બાકી તેને સ્થાન આપવાનું તમારા હાથમાં છે. સો ટચના સોનાનો શોખ હોય તો તો આ એક જ રસ્તો છે અને ભેળસેળ ગમતી હોય, ગોટા વાળવા હોય તો તમારી મરજીની વાત છે. તમે પોતે એ જ સ્થાને બેસી શકશો તે સમજવા જેવી વાત છે.

૮. છેવટે એક વાત કરવાની છે. ભાઈ વિનય! ચેતન! અત્યારે અમૃતરસ તારામાં જાગ્યું છે. સંયોગવશ ચેતન છે. તેં અત્યારે જે વાંચ્યું કે વિચાર્યું તેથી અથવા અત્યારે તું જે સંયોગોમાં શાંતિસ્થાનમાં આવી અમુક અંશે ઉપાધિમુક્ત થયો છે તેથી તારામાં સમતાનો અમૃતરસ કાંઈક જાગી ગયો છે.

એ ઉપરાંત અનેક પ્રાણીઓ આ મનુષ્યભવની પ્રસિદ્ધ સગવડો મેળવી સમતાને જરૂર ઓળખી શકે છે. એ સર્વ શમરસનાં ચટકાં છે. એને સંધરીને ઉગાડવામાં આવે તો એમાં ખૂબ વધારો થઈ શકે એવો આ નરભવ છે.

વળી એ શમરસ બહુ મનોહર છે, પ્રીતિને જમાવનાર છે અને જે એની અસર તળે આવે તેના પર આશીર્વાદ વરસાવનાર છે.

ભાઈ ચેતન! જરા ચેત! અને સમતારસનો સ્વાદ અત્યંત પ્રેમપૂર્વક એક ક્ષણવાર જરૂર કરી લે. ઉપર આ જ ભાવનાના ઉપોદ્‌ઘાતના ચોથા શ્લોકમાં કહ્યું છે તેમ એ રસ એક ક્ષણવાર પણ ચાખી જો, એની લહેજત જરા તપાસી લે, એનો ઘૂંટડો પી જા. અરે ઘૂંટડો પૂરો ભરીને પીવાનું ન મળે તો એનાં થોડાં ટીપાંનો પણ સ્વાદ લઈ લે. તને આગ્રહ કરીને કહેવામાં આવે છે કે એ રસને જરા આસ્વાદી લે.

તું એનો ખૂબ પ્રેમથી સ્વાદ લેજે, અંતરંગના હર્ષથી એને જરા ચાખી લેજે અને પછી એની તારા પર કેવી અસર થાય છે તે તું જોજે.

શાંત વાતાવરણ, શુભ સંયોગો, જ્યોત્સ્નાવાળી રાત્રિ, ઢળક સાથે ગાન કરેલ લય અને સદ્‌ગુરુનું સાન્નિધ્ય એ સર્વ હવાને ચોખ્ખી કરી નાખશે અને આખું વિશ્વ નવા આકારમાં નૂતન સ્વાંગમાં દેખાશે. પછી તને અંદર પેસવાનું, આંતરવિચારણા કરવાનું મન થશે. માત્ર સહાનુભૂતિથી પ્રેમભાવે, આદરભાવે, શિષ્યભાવે, ખપી જીવને શોભે તેવી રીતે આ શમામૃત એક વાર ચાખવામાં આવે તો પછી તને એની લગની લાગશે અને તારું જીવતર સફળ થશે.

તું એક વાર એને ચાખ, પછી ગ્રંથકર્તા તને આશીર્વાદ આપે છે કે 'તારામાં સુખરસનો આનંદ વૃદ્ધિ પામો.' તારામાં સુખરસનો આનંદ તો છે, પણ અત્યારે તને ઇંદ્રિયોના સુખમાં લયલીનતા છે, તેમાં રતિ-પ્રીતિ છે. તને હવે માલૂમ પડ્યું છે કે એ રસ તો અલ્પસ્થાયી અને પરિણામે દુઃખ કરનાર છે. હવે તને જે સુખમાં રત થવાનો કર્તા આશીર્વાદ આપે છે તે સુખ વિષયાતીત છે, વિષયથી દૂર છે, અકલ્પનીય છે, અનનુભૂત છે અને મહા-અદ્‌ભુત હોઈ અપૂર્વ છે. તું એ રસનો સ્વાદ કર અને એ વિષયાતીત સુખરસમાં તારી પ્રીતિ દિવસાનુદિવસ ક્રમે ક્રમે વધતી જાઓ.

શમામૃત તે ભાવના છે. એ શરૂઆતથી આપણે જોતા આવ્યા છીએ. ભાવના ભાવવી, ઊંડા ઊતરીને તન્મય થવું અને તન્મય થઈ તેને જીરવવાનો નિશ્ચય કરવો એ શમામૃતનો આસ્વાદ છે. એ ચાખતાં આંતરચક્ષુઓ ઊઘડી જશે અને એક વખત અંતરાત્મભાવનો સ્પર્શ પણ થયો તો ગાડું જરૂર રસ્તે ચઢી જશે.

ચેતનની તારી પોતાની, પ્રત્યેક આત્માની-એકતા તેટલા માટે વિચાર અને વિચારીને તેને જીરવવા પ્રયત્ન કર, તેના છાંટા મળે તો વધારે મેળવ અને તે રસમાં તરબોળ થઈ જઈ આ સત્ય-વિચારણાને વ્યવહારુ રીતે સફળ કર.

એવી રીતે એકત્વભાવની વિચારણા શ્રીમદ્વિનયવિજયજી ઉપાધ્યાયે પ્રખર શબ્દોમાં ગાઈ, સંથારાપોરિસીમાં દરરોજ રાત્રે સૂતાં પહેલાં આપણે વિચારીએ છીએ કેઃ—

एगोऽहं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्स इ ।
एवं अदीणमणसो, अप्पाणमणुसासइ ॥

અને

एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ ।
सेसा मे बाहिरा भावा, सव्वे संजोगलक्खणा ॥ વગેરે.

એનો અક્ષરાર્થ કરીએ તો-"હું એકલો છું. મારું કોઈ નથી. હું કોઈ બીજાનો નથી-આવી રીતે દીનતારહિત મનવાળો થઈને આત્માને અનુશાસન કરે. (પછી વિચારે કે—) મારો આત્મા એક છે, શાશ્વત છે, જ્ઞાન-દર્શનથી સંયુક્ત છે. બાકીના સર્વ બાહ્ય ભાવો છે અને તે સંયોગોથી ઊભા થયેલા છે."

પછી એ વિચારે કે-'સંયોગમાં જેનું મૂળ શોધી શકાય છે એવી અનેક દુઃખોની હારોની હારો આ પ્રાણીએ પ્રાપ્ત કરી છે, તેથી એ સર્વ સંયોગોને હું વોસિરાવી દઉં છું-તેનો સર્વથા પરિહાર કરું છું.'

આ દરરોજ વિચારવાની વાત છે, રાત્રે સૂતી વખત ચિંતવવાનો અભેદ્ય ઉત્કટ શાંતવાહિતાનો અમૃતરસ છે. એમાં આત્મા પોતે પોતાને અનુશાસન કરે છે, પોતાની જાતને ઉપદેશ આપે છે, પોતાની સાથે વાત કરે છે. પણ એ વાત કરતાં દમાઈ જતો નથી,

ગભરાઈ જતો નથી, ગરીબ, બાપડો, બિચારો બની જતો નથી. એ સ્પષ્ટ શબ્દોમાં ત્રણ વાત કરે છેઃ (૧) હું એકલો છું; (૨) મારું કોઈ નથી; (૩) હું બીજા કોઈનો નથી —આ ત્રણ વાત થઈ. ઘણી ટૂંકી વાત છે; પણ એ વાત કરતાં એને મનમાં ઓછું આવી જતું નથી, એ લેવાઈ જતો નથી, એ રડવા બેસતો નથી. મોટા જંગલમાં સિંહ એકલો હોય, પણ એની ફાળ જબરી અને એની ત્રાડ પણ જબરી જ હોય છે. એને કદી એમ થતું નથી કે અરેરે ! આવડા મોટા ભયંકર જંગલમાં મારું કોણ ? આ સવાલ જ સિંહને ન હોય. એમ આત્મા પોતાને અનુશાસન કરે ત્યારે એનામાં-એના મનમાં જરા પણ દીનતા આવતી નથી. એ એના મનોરાજ્યમાં મ્હાલ્યા જ કરે છે. આવું અનુશાસન કરીને પછી વિચાર કરે છે કેઃ—

મારો આત્મા એક જ છે, એનું વ્યક્તિત્વ સ્વતંત્ર છે. એ જ્ઞાન-દર્શનથી યુક્ત છે. બાકીના સર્વ ભાવો સંયોગથી થયેલા છે અને આ સંયોગો જ પ્રાણીને સંસારમાં રખડાવે છે, પણ તે તેના મૂળ ગુણના નથી, પરંતુ આવી પડેલા છે, પરભાવમાં રમણતા કરીને એણે મેળવેલા છે અને એનો સર્વથા ત્યાગ કરવો એ એનું કર્તવ્ય છે.

સંથારાપોરિસીમાં સ્પષ્ટ કરેલી આ વાત એકત્વભાવનાની છે અને તેને જો અદીનપણે, પૂર્ણ ઉત્સાહથી, સાધ્યને લક્ષીને વિચારવામાં આવે તો શમામૃતનું પાન જરૂર થાય અને પરભાવરમણતાનો ગ્રાસ છૂટી જાય. આમાં કોઈ જાતની દીનતા ન હોવી જોઇએ એ વાત ફરી ફરીને લક્ષમાં લાવવા જેવી છે.

સંયોગને વશ પડી પોતાનો ચેતનભાવ વીસરી જઈ પ્રાણી કેટલો પરભાવમાં રમણ કરી રહ્યો છે તે ઉપર વિશેષ વિવેચન કરવું બિનજરૂરી છે. એ પર એક ઘણું સુંદર પદ્ય શ્રીમચ્ચિદાનંદજીએ લખ્યું છે તે અત્ર નોંધી લઈ એ વિષય પર સહજ આલોચના કરીએ. તેઓશ્રી ગાય છે—

(રાગ—જંગલો કાફી)

જગમેં ન તેરા કોઈ, નર દેખહુ નિહચે જોઈ. ટેક૦
સુત ભાત તાતા અરુ નારી, સહુ સ્વારથકે હિતકારી;
બિનસ્વારથ શત્રુ સોઈ, જગમેં ન તેરા કોઈ. ૧
તું ફિરતા મહા મદ-માતા, વિષયન સંગ મૂરખ રાતા;
નિજ અંગકી સુધ બુધ ખોઈ, જગમેં ન તેરા કોઇ. ૨
ઘટ જ્ઞાનકલા નવ જાકું, પર નિજ માનત સુન તાકું,
આખર પછતાવા હોઈ, જગમેં ન તેરા કોઈ. ૩
નવિ અનુપમ નરભવ હારો, નિજ શુદ્ધ સ્વરૂપ નિહારો,
અંતર મમતા મલ ધોઈ, જગમેં ન તેરા કોઈ. ૪
પ્રભુ ચિદાનંદકી વાણી, ધાર તું નિહચે જગપ્રાણી;
જિમ સફલ હોત ભવ દોઈ, જગમેં ન તેરા કોઇ. ૫

અર્થ સ્પષ્ટ છે. એમાં કેંદ્રસ્થભાવ 'જગમેં ન તેરા કોઇ' એ છે. અને આવો અનુપમ નરભવ મળ્યો છે તેને તું એવી રીતે આકાર આપ કે અંતે તારે પસ્તાવું ન પડે અને તેટલા સારુ સગપણ-સંબંધનું આંતર રહસ્ય વિચાર અને પારકાંને પોતાનાં માનવાની તારી ટેવ છોડી દે. આ સમજવાનો ભાવ છે. જેના અંતરમાં જ્ઞાનકળા જાગી છે તે એવા ઊંધા રસ્તાઓ કરતા જ નથી અને એ સાચો માર્ગ નથી. એમ ધારવામાં વિલંબ કરીશ તો ઘણો મોડો મોડો પસ્તાવો થશે, પણ પછી આ તક આલી જશે. આવી રીતે પરભાવરમણતા દૂર કરી, આવો સુંદર અવસર મળ્યો છે તેનો લાભ લઈ લેવાની આવશ્યકતા અત્ર બતાવી છે.

એ કેમ મળે? એનો એક રાજમાર્ગ છે, આપણે તેને સાધવા પ્રયત્ન કરીએ તો તે મળે તેમ છે, એની ચાવી ઉપર બતાવવામાં આવી છે ત્યાંથી શોધવાની છે. આ પ્રાણીને જે કાંઈ ઉપાધિઓ લાગી છે તે સર્વ આગંતુક છે. જો એ સર્વ સંજોગો ઉપર જય મેળવે અને આજુબાજુના વાતવરણને ભૂલી જાય, તેને અધીન-તેમાં આસક્ત ન થાય તો એનો રસ્તો થાય તેમ છે. અનંત ગુણવાળો આત્મા કેવો થઇ ગયો છે તે ચિદાનંદજીએ બતાવ્યું છે. તું મદમાતો થઈને ફરે છે, ચાલતી વખત ધરણી પર પગ મૂકતો નથી અને વિષયનો કીડો થઈ ને 'મૂરખ'નું સંબોધન મેળવે છે છતાં હજુ તારે એ જ વિષયો ચાટવા છે? એમાં જ રસ લેવો છે? અને આજુબાજુના જે સંયોગો તેં એકઠા કર્યો છે તેના ઉપર વિજય મેળવવાની તારી તાકાત છે? તું એને ભૂલી શકીશ? તું એનાથી ઉપરવટ થઈ શકીશ? પ્રથમ બેના જવાબ નકારમાં અને છેલ્લા ત્રણના હકારમાં હોય તો રસ્તો પ્રાપ્ય, સીધો-સુતરો અને ભુલાવો ન ખવરાવે તેવો છે.

આ આખી ભાવનાનું રહસ્ય 'અંદર' જોવામાં છે. એકત્વભાવના અંદર જોવા માટે છે. એકત્વભાવના એટલે Introspection- આત્મનિરીક્ષણ, તાત્ત્વિક દૃષ્ટિએ આંતર-વિચારણા. અન્યત્વભાવના હવે પછી આવશે; તે બહારની વિચારણા છે. તે Circumspection કહેવાય. એકત્વભાવના આંતર ચક્ષુને માટે છે, અન્યત્વભાવના બાહ્ય ચક્ષુ માટે છે. પ્રથમની Subjective છે. બીજી Objective છે.

આત્મનિરીક્ષણ કેમ થાય? તે સમજવાની બહુ જરૂર છે. શાંત સ્થાનમાં, નીરવ વાતાવરણમાં, શાંત સમયે જરા સારો વખત લઈ ચેતનની સાથે વાતો કર. તું કોણ? ક્યાંથી આવ્યો? કોની સાથે આવ્યો? તારું કોણ? ક્યાં જઈશ? આ સર્વ ધમાલ શેની માંડી બેઠો છે? કોના સારુ આ સર્વ પ્રપંચજાળમાં ફસાયો છે? આ સર્વ ક્યાં સુધી ચાલશે? અને એ સર્વને તું ક્યાં સુધી ચલાવ્યા કરીશ? તારે તારા વાતાવરણમાં જ ભમવું: છે કે કોઈ નવું વાતાવરણ ઊભું કરી ચિરંતન શાંતિ મેળવવી છે? તને જરા થાક પણ લાગતો નથી? તું કેટલો ઘસડાઈ ગયો તેનો તો વિચાર કર. અને આ સંયોગો તેં જ

ઊભા કર્યા છે તેનો વિચાર કર. આવી આવી વિચારણા કરી, સંયોગોને બરાબર ઓળખી લઈ તેના પર વિજય મેળવવા પ્રયત્ન કરવાની આ ચાવી છે. આત્મ-નિરીક્ષણ કરો અને ચેતનને એના મૂળ સ્વરૂપમાં શોધી કાઢી એને બહેલાવો–અને આદર્શ તરીકે તમારા હૃદય-મંદિરમાં એવા વિશુદ્ધ આત્માને મૂળ સિંહાસને સ્થાપો અને પછી વિચારો કે તમે પણ એ જ છો, એવા જ છો, એવા થવાની તમારામાં શક્તિ છે, માત્ર તમારે પર-ભાવના વિલાસ છોડી દેવાના છે.

જો! વિચાર કર. તેં જુગારીને રમતા જોયા છે, ખેલતા જોયા છે. તે જ્યારે દાવ માંડે છે ત્યારે તો ખૂબ ઉત્સાહમાં હોય છે. એને એમ જ હોય છે કે સર્વ રમત પોતે જિતશે. પછી એ ખૂબ જુસ્સાથી દાણા નાખે છે અને પૈસા પહોંચે ત્યાં સુધી ખેલે જાય છે. પછી એ હારી જાય તે વખતે એનું મ્હોઢું જોયું હોય તો અરેખર બેદ થાય. એના હોશકોશ ઊડી જશે, એના બારે બૂડી જશે, એ અર્ધમરેલ જેવો જણાશે. ઘોડાની શરતને દિવસે મહાલક્ષ્મીના સ્ટેશનેથી સાંજના કોઈ તમારા ડબામાં બેસે અને તે રેસમાં ગુમાવીને આવ્યો હોય (અરે ઘણાખરા હારીને જ આવે છે) તે વખતે તેનું મુખ જોયું હોય તો ખ્યાલ આવે. આવી રીતે આવે મ્હોઢે છેડો છોડીને હારેલ જુગારીની જેમ તારે જવું છે કે હસતે ચહેરે? "अब हम चलते है, ओर सबकी पास क्षमा मंगते है." એવા આનંદધ્વનિ સાથે ખમતખામણાં કરતાં આનંદથી જવું છે? ખૂબ મજાની વાત છે. મોટાં મોટાં રાજ્ય છોડીને જનાર હારેલ જુગારીની જેમ જ ગયા છે અને મોટા બળવાની ઉથલપાથલ કરનાર અંતે ખાલી હાથે જ ગયા છે. આંતર દૃષ્ટિએ ઊંડા ઊતરીને ખૂબ વિચાર કરીને બોલજે. ન બોલે તો કાંઈ નહિ, પણ વિચાર તો જરૂર કરજે. અંતે છાતી પર હાથ મૂકી, બે હાથ જોડી, હૃદયમાં અષ્ટદળ કમળની સ્થાપના કરી બ્રહ્મરંધ્રમાંથી અનંત આકાશમાં ઉડ્ડયન થાય એવી તારી વિચારણા, વાચા અને ક્રિયા છે? જો હોય તો તને આનંદ છે અને નહિ તો આ ભવ માત્ર ફેરો થયો એમ ગણજે. અને હજુ પણ જે કાંઈ સમય બાકી રહ્યો છે તેમાં સુધારવાનો અવકાશ છે. આ રસ તો એવો છે કે એક વાર એક ક્ષણ પણ ચખાઈ જાય તો જમાવટ કરી દે અને કાંઈ નહિ તો વિકાસક્રમ (ઉત્ક્રાન્તિ) તો જરૂર સુધારી દે.

બાકી તારી એકતાના સંબંધમાં તો વારંવારે શું કહેવું? શુભચંદ્રાચાર્ય 'જ્ઞાનાર્ણવ'માં એકત્વભાવનાનો ઉપસંહાર કરતાં કહે છે કે:—

एकः स्वर्गी भवति विबुधः स्त्रीमुखाम्भोजभृङ्गः,
एकः श्वभ्रे पिबति सलिलं छिद्यमानः कृपाणैः ।
एकः क्रोधाद्यनलकलितः कर्म बध्नाति विद्वान्,
एकः सर्वावरणविगमे ज्ञानराज्यं भुनक्ति ॥

"આ આત્મા **એકલો જ** સ્વર્ગમાં જાય છે અને ત્યાં જઈ દેવાંગનાના મુખકમળ ઉપર ભ્રમરરૂપ થઈ ભોગ ભોગવે છે. એ **એકલો જ** અધોલોક-નરકમાં જાય છે અને લોહી પીએ છે અને તરવારોથી કપાય છે. એ અંદરથી ક્રોધથી સળગી ઊઠીને **એકલો જ** કર્મ બાંધે છે. એ જ્ઞાની-પંડિત થઈ જ્યારે સર્વ આવરણનો નાશ કરે ત્યારે **એકલો જ** જ્ઞાન સામ્રાજ્યનો ઉપભોગ કરે છે." મતલબ કહેવાની એ છે કે સારાં ફળ પણ તેને એકલાને જ ભોગવવાનાં છે અને મહાયાતના પણ તેને એકલાએ જ સહેવાની છે. મુદ્દાની વાત એ છે કે એ સર્વ બાબતમાં **એકલો** છે અને મોક્ષે પણ એ **એકલો જ** જાય છે. ત્યારે હવે તેં શું ધાર્યું છે ? તેં નમિરાજર્ષિ જેવા પ્રત્યેકબુદ્ધની વાત સાંભળી, વાંચી, તેં જોયું કે મોટા અલેકઝાંડર જેવા શહેનશાહો પણ હાથ ઘસતાં ચાલ્યા ગયા. તેં જોયું કે મોટા શાહસોદાગરો રૂબજાર, ચાંદી-બજાર, શેર-બજાર મૂકી ચાલ્યા ગયા. અને તેં જોયું કે અનેક ખટપટ કરનાર પણ અંતે તદ્દન નાગા પોઢચા ! ત્યારે તારો વિચાર શો છે ? કાંઈ વિચાર કર. જો તારા વિચાર માટે ચિદાનંદજી લખી ગયા છે કે :—

ભૂલ્યો ફિરે ફૂલ્યો મોહ મદિરાકી છાક માંહિ
ધાર્યો નહિ આતમ અધ્યાતમ વિચારકું,
પંડિત કહાયો ગ્રંથ પઢી આયો નાંહિ
સાચો ભેદ પાયો અરુ ધાયો દેહકે વિકારકું!
પ્રભુતાઈ ધારે નવિ પ્રભુકું સંભારે મુખ
જ્ઞાન તો ઉચ્ચારે નવિ મારે મન જારકું,
ખોટો ઉપદેશ દેવે અતિ અતિચાર સેવે
તે તો નવિ પાવે ભવ ઉદધિકે પારકું.

તું પંડિત કહેવાયો, તું ગ્રંથો પઢચો, પણ તું સાચો ભેદ પામ્યો નથી અને ભણી-ગણીને અંતે વિકારો તરફ દોડચા જાય છે. આ તે કાંઈ રીત છે ? ભણવા-ગણવાનું પ્રયોજન શું ? અંતરમાં ઊતર, આત્માનો વિચાર કર અને તારી જાતને ઓળખ. મન માર્યા વગર અને અંદરની હકીકત સમજ્યા વગર કાંઈ છેડો આવે તેમ નથી. ખૂબ આત્મ-વિચારણા કર, બને તેટલો વિચાર કર અને જે પ્રશ્નોનો નિકાલ ન થઈ શકતો હોય તે પર ખૂબ ચિંતવન કર, વારંવાર વિચાર કર. તું ખાસ ધ્યાનમાં રાખજે કે તારે અંતે એક દિવસ આ સર્વ છોડીને ચાલ્યા જવાનું છે. તેની તને પ્રથમથી નોટિસ મલવાની નથી, તે વખતે તું શુદ્ધિમાં હોઈશ કે નહિ તે પણ કહી શકાય નહિ; તો પછી આ સર્વ ઘડભાંજ કરીને અંતે શું કરીશ ? અને કદાચ શુદ્ધિ હશે તો પણ તારે માથાં પછાડવાં પડશે. 'આખર પછતાવા હોઈ' એ વાતને તું સિદ્ધ કરીશ.

એટલા માટે મળેલ સામગ્રીનો લાભ લઈ આત્માને ઓળખી લે. એનું એકત્વ સમજી લે અને એને ખૂબ બહલાવ. એ એટલે તું. અને પોતાની જાતને તે કાંઈ વારંવાર

ભલામણ કરવાની હોય? ગમે તેમ કરીને આ ભવોદધિનો તો પાર પામવો જ ઘટે. આવે ભરદરિયે ઝોલાં ખાતાં રહેવામાં મજા શી આવે? એક વાર પ્રયત્ન કરીને ચેતનરામને સાધી લે અને આગળ ધપે જા. આ મનુષ્યદેહમાં પ્રયત્ન કરીશ તો તને દીવાદાંડી સાંપડશે, નહિ સાંપડે તો તેનો માર્ગ તો મળશે અને અત્યારે જેવું મોજું આવે તેવું ઘસડાવાનું અને તફડાવાનું તો બંધ થઈ જશે. એક વાર દીવાદાંડી દૂરથી દેખાય તો કાંઠો હાથ જરૂર લાગશે. તારી જાતને, તારા ગુણોને ઓળખી તું જ્યાં ત્યાં કચરામાં હાથ નાખવાનું હવે મૂકી દે અને સાચા સોનાને પકાવ. તું ટંકશાળમાં જઈ સોનાને શોધાવે છે તેવું કાંચનમય આત્મ-તત્ત્વ આ મનુષ્યભવમાં જ તને લભ્ય છે અને આવો વખત ફરી ફરીને નહિ મળે. તું વારંવાર યાદ રાખજે કે 'एगोहं' 'હું એકલો છું' અને તેની સાથે એ પણ યાદ કરી લેજે કે 'नत्थि मे कोइ' 'મારું કોઈ નથી.' આટલું સમજ્યો તો તારો બેડો પાર છે; પણ સમજ્યો કયારે કહેવાઇશ તે સાથે સમજી લેજે. પુસ્તકમાં કે વ્યાખ્યાનપીઠ પર કે મીઠી વાતોમાં એ વાત કરી પરવારવાનું નથી. એ તો જીવન જીવવાનું છે, એ મિસાલે જીવનક્રમ ઘડવાનો છે અને ઉપર્યુક્ત દીવાદાંડીના દીવા દેખવા છે. એ દેખ્યા વગર તારો આરો નથી અને આરો ન મળે તો દરિયાને ધક્કેલે ચઢવાનું છે, સમજુ પ્રાણી પોતાની જાતને બરાબર ઓળખે અને ઓળખીને ચેતનરામને સારી રીતે વિકસાવે. વિકાસશીલ આત્મા એક વાર સાચે રસ્તે ચઢ્યો એટલે એને દિશા સૂઝી જાય છે અને પછી ધીમે ધીમે એને કાંઠો પણ દેખાતો જાય છે. તું છેવટે યાદ રાખજે કે આ સર્વ રમતનો વરરાજા તું છે અને તે તું એકલો છે, તારે તારા પોતાના વિકાસની સર્વ યોજના કરવાની છે અને અંતે તે સર્વનાં પરિણામ તારે એકલાએ જ ભોગવવાનાં છે, આ પ્રમાણે તારા ચેતનરામને અનુશાસન કર.

इति एकत्वभावना

પ્રકરણ ૫ મું

અન્યત્વભાવના

उपजातिः

परः प्रविष्टः कुरुते विनाशं, लोकोक्तिरेषा न मृषेति मन्ये ।
निर्विश्य कर्माणुभिरस्य किं किं, ज्ञानात्मनो नो समपादि कष्टम् ॥ क १ ॥

स्वागता

खिद्यसे ननु किमन्यकथार्तः, सर्वदैव ममतापरतन्त्रः ।
चिन्तयस्यनुपमान्कथमात्मन्नात्मनो गुणमणीन्न कदापि ॥ ख २ ॥

शार्दूलविक्रीडितम्

यस्मै त्वं यतसे बिभेषि च यतो यत्रानिशं मोदसे,
यद्यच्छोचसि यद्यदिच्छसि हृदा यत्प्राप्य पेप्रीयसे ।

स्निग्धो येषु निजस्वभावममलं निर्लोठ्य लालप्यसे,
तत्सर्वं परकीयमेव भगवन्नात्मन्न किञ्चित्तव ॥ ग ३ ॥

दुष्टाः कष्टकदर्थनाः कति न ताः सौढास्त्वया संसृतौ,
तिर्यङ्नारकयोनिषु प्रतिहतच्छिन्नो विभिन्नो मुहुः ।

सर्वं तत्परकीयदुर्विलसितं विस्मृत्य तेष्वेव हा,
रज्यन्मुह्यसि मूढ ! तानुपचरन्नात्मन्न किं लज्जसे ॥ घ ४ ॥

अनुष्टुप्

ज्ञानदर्शनचारित्रकेतनां चेतनां विना ।
सर्वमन्यद्विनिश्चित्य यतस्व स्वहितास्पये ॥ ङ ५ ॥

ક ૧. **परः** પારકો, બહારનો. **लोकोक्तिः** જનવાયકા, અનુભવનાં સૂક્ષ્મ સૂત્રો. **समपादि** પ્રાપ્ત કર્યું.

ખ ૨. **कथाः** વાર્તા, સંબંધી ચર્ચા. **परतन्त्र** પરવશ. **आत्मनः** તારાં પોતાનાં. **गुणमणीन्** ગુણરૂપી મણિઓ–રત્નો.

ગ ૩. **यत्** નો ઉપયોગ સુંદર છે. **यद् यद् शोचसि** જેને જેને (માટે) શોક કરે છે. **पेप्रीयसे** પ્રેમવાળો થઈ જાય છે, રંજન પામે છે. **स्निग्धः** પાતળો, પ્રેમાધીન. **निर्लोठ्य** કચરી નાખીને. **लालप्यसे** ગમે તેવું એલફેલ બોલે છે.

ઘ ૪. **दुष्टाः** ભયંકર દુઃખરૂપ અને દુઃખફળ આપનારી. **कष्टकदर्थनाः** મહાપીડા, ભયંકર યાતના. **संसृतौ** સંસારમાં. **प्रतिहतः** માર ખાધો. **विभिन्नो** ભેદાયો. **तेषु** તેમાં–પરકીય વિલાસોમાં. **रज्यन्** આસક્તિ કરતાં. **उपचरन्** આચરતાં.

ઙ ૫. **केतन** ચિહ્ન, ત્રિરંગી વાવટો. **स्वहितातये** પોતાના હિતની પ્રાપ્તિને માટે.

卐 卐 卐

ક ૧. પારકાને ઘરમાં દાખલ કર્યો હોય તો તે વિનાશને કરે છે–એવી જે લોકવાયકા છે તે મને લાગે છે કે ખોટી નથી. આ જ્ઞાનથી ભરેલા આત્મામાં કર્મના પરમાણુઓએ દાખલ થઈને એને કયાં કયાં કષ્ટો નથી આપ્યાં ?

ખ ૨. હે ચેતન ! મમતાને આધીન પડી જઈને બીજાઓની વાતો–બાબતોની ઉપાધિ કરી તું શા માટે નકામો ખેદ પામે છે ? અને તારાં પોતાનાં અનુપમ ગુણરત્નોનો કદી વિચાર પણ તું કેમ કરતો નથી ?

ગ ૩. હે ચેતન ? જેને માટે તું હાલા હલાવી રહ્યો છે (પ્રયત્નો કરી રહ્યો છે), જેનાથી તું ભય પામ્યા કરે છે અથવા જેની ખાતર તને ભય લાગે છે, જ્યાં તું નિરંતર આનંદ પામે છે, જેની પછવાડે અથવા જેને માટે તું શોક કરે છે, જે જે તું હૃદયપૂર્વક ઇચ્છી રહ્યો છે, જેને પ્રાપ્ત કરીને તું ખૂબ લહેરમાં આવી જાય છે અને તારા મહાનિર્મળ આત્મસ્વભાવને કચરી નાખી જે વસ્તુ ઉપર પ્રેમરાગથી રંગાઈ જઇ તું ગાંડાઘેલા ચેડાં કાઢે છે, એ સર્વ પારકાં છે–અનેરાં છે અને હે ભાગ્યવાન આત્મા ! એમાંનું એક પણ તારું નથી–કાંઇ પણ તારું નથી–જરા પણ તારું નથી.

ઘ ૪. ચેતનજી ! આ સંસારમાં મહાદુઃખ ઉપજાવે તેવી કઈ પીડાઓ–વિડંબનાઓ તેં સહન નથી કરી ? તું તિર્યંચ ગતિમાં અને નારકીની ગતિમાં ગયો. ત્યારે તેં માર ખાધો છે, તું છેદાયો છે, તું ભેદાયો છે અને તે પણ (એક વાર નહિ પણ) વાર-વાર. એ સર્વ પારકી વસ્તુઓનો જ દુર્વિલાસ છે. એ સર્વ ભૂલી જઈને પાછો તે જ પરવસ્તુઓ ઉપર આસક્તિ રાખે છે અને તે જ કર્યા કરે છે ! અહાહા ! મૂર્ખ ! (આવી મૂર્ખાઈ કરતાં) તને કોઈ જાતની શરમ પણ નથી આવતી ?

ઙ ૫. જ્ઞાન–દર્શન–ચારિત્રના ત્રિરંગી ચિહ્નવાળી ચેતના વગરની સર્વ વસ્તુઓ પર છે–પારકી છે–અન્ય છે, એમ મનમાં નિરધાર કરીને પોતાના હિતની પ્રાપ્તિ માટે પ્રયાસ કર.

गेयाष्टक*

विनय ! निभालय निजभवनं (२)
तनुधनसुतसदनस्वजनादिषु, किं निजमिह कुगतेरवनम् ? ॥ विनय० ॥ १ ॥

येन सहाश्रयसेऽतिविमोहादिदमहमित्यविभेदम् ।
तदपि शरीरं नियतमधीरं त्यजति भवन्तं धृतखेदम् ॥ विनय० ॥ २ ॥

जन्मनि जन्मनि विविधपरिग्रहमुपचिनुषे च कुटुम्बम् ।
तेषु भवन्तं परभवगमने, नानुसरति कृशमपि सुम्बम् ॥ विनय० ॥ ३ ॥

त्यज ममताचरितापनिदानं, परपरिचयपरिणामम् ।
भज निःसङ्गतया विशदीकृतमनुभवसुखरसमभिरामम् ॥ बिनय० ॥ ४ ॥

पथि पथि विविधपथैः पथिकैः सह कुरुते कः प्रतिबन्धम् ?
निजनिजकर्मवशैः स्वजनैः सह, किं कुरुषे ममताबन्धम् ? ॥ विनय० ॥ ५ ॥

प्रणयविहीने दधदभिष्वङ्गं, सहते बहुसन्तापम् ।
त्वयि निःप्रणये पुद्गलनिचये, वहसि मुधा ममतातापम् ॥ विनय० ॥ ६ ॥

त्यज संयोगं नियतवियोगं, कुरु निर्मलमवधानम् ।
न हि विदधानः कथमपि तृप्यसि, मृगतृष्णाधनरसपानम् ॥ विनय० ॥ ७ ॥

भज जिनपतिमसहायसहायं, शिवगतिसुगमोपायम् ।
पिब गदशमनं परिहृतवमनं, शान्तसुधारसमनपायम् ॥ विनय० ॥ ८ ॥

---

* રાગ : મારવાડી લોકો શત્રુંજય પર બોલે છે તે 'ભલી સોરઠીઆ રે સારી સોરઠીઆ'ના લયમાં મૃદંગ સાથે ગાવામાં આવે તો મસ્ત રાગ ચાલે છે. 'વિનય નિભાલય નિજ ભવનં' એ પદ દરેક ગાથાને અંતે બે વખત બોલવાનું છે. બાકી સુંદર લય જોઠવી લેવો. પ્રતમાં શ્રીરાગ જણાવે છે. દેશી માટે 'તુજ ગુણ પાર નહિ સુઅણો' એમ જણાવ્યું છે.

અષ્ટકનો અર્થ — અન્યત્વભાવના

૧. વિનય ! તારા પોતાના ઘરની સારી રીતે ભાળ કાઢ–શોધ કર. (અને વિચાર કે–) આ ભવમાં તારું શરીર, તારું ધન, તારાં છોકરાં, તારાં ઘર અને તારાં સંબંધીઓ પૈકી દુર્ગતિમાં જતાં તારું કોઈ એ રક્ષણ કર્યું ? કોણ તને રક્ષણ આપે તેવું છે તે શોધી કાઢ.

૨. આ (શરીર) તો હું પોતે જ છું એટલો બધો જેની સાથે અભેદ–એકતા માનીને તું જેનો આશ્રય કરે છે તે શરીર તો ચોક્કસ ચંચળ છે અને તને ખેદ ઉપજાવીને છોડી દે છે અથવા જ્યારે તારામાં શિથિલતા આવે છે ત્યારે તને તજી દે છે.

૩. તું દરેક ભવમાં અનેક પ્રકારની ચીજો ધન આદિનો સંગ્રહ (પરિગ્રહ) કરે છે, વધારે છે અને કુટુંબ જમાવે છે; પણ જ્યારે તું પરભવમાં ગમન કરે છે ત્યારે તેઓમાંનો એક તલનો તેરમો ભાગ પણ તારી પછવાડે આવતો નથી.

૪. મમતા અને દ્વેષમાં જેનું મૂળ છે એવા પારકી વસ્તુ સાથેના પરિચયના પરિણામને તું તજી દે અને જાતે અસંગ થઈને અત્યંત નિર્મળ થયેલ મનોહર અનુભવસુખના રસને ભજ–સેવ.

૫. જુદા જુદા અનેક પંથોમાં વચ્ચે વચ્ચે જે જે વટેમાર્ગુઓ મળે તે દરેકની સાથે પ્રતિબંધ (દોસ્તી–સંબંધ) કોણ કરે ? દરેક સગાસંબંધી પોતપોતાના કર્મને વશ છે તે દરેકની સાથે તું મમતાનું બંધન શા માટે કરે છે ?

૬. જેનો આપણી તરફ પ્રેમ ન હોય તેને વળગતા જવામાં આવે તો તેવો પ્રેમ કરનાર અનેક સંતાપો સહન કરે છે. આ પુદ્ગળનો સમૂહ (જેના ઉપર તું પ્રેમ કરી રહ્યો છે તે) તારા તરફ બિલકુલ પ્રેમ–આકર્ષણ વગરનો છે અને તું તદ્દન નકામો મમતાની ગરમી ધારણ કરી રહ્યો છે.

૭. જેનો અંતે વિયોગ જરૂર થવાનો છે એવા સંયોગ–સંબંધને (પ્રથમથી જ) તજી દે અને તું મેલ વગરની એકાગ્રતા કર. મૃગતૃષ્ણાના જળનું–ઝાંઝવાના નીરનું તું ગમે તેટલું પાન કરીશ પણ તેનાથી તને કોઈ પણ પ્રકારે તૃપ્તિ થવાની નથી, તું તેથી કદી ધરાવાનો નથી.

૮. જેને કોઈનો આધાર કે ટેકો ન હોય તેને સહાય કરનાર જિનપતિ–તીર્થંકરદેવને તું ભજ. મોક્ષગતિ પ્રાપ્ત કરવાનો એ સહેલો ઇલાજ છે અને તું **શાંતસુધારસ** (અમૃતપાન)ને પી; કારણ કે એ રસ વ્યાધિઓને શમાવનાર છે, વમન (વૉમિટ)ને દૂર કરનાર છે અને વિનાશ વગરનો છે.

નોટ :—

૧. **विनय** ચેતન. **निभालय** સારી રીતે શોધ, ભાળી લે. **अवनं** રક્ષણ.

૨. **आश्रयसे** માને છે, આશ્રય કરે છે. **अविभेदम्** અનેકભાવે, એકતારૂપે. **नियतम्** ચોક્કસ (અવ્યય). **अधीरं** ચંચળ, અલ્પકાળ રહેનાર. **धृतखेद** શોક કરાવીને; એ **भवन्तं** નું વિશેષણ છે.

૩. **जन्मनि जन्मनि** પ્રત્યેક જન્મમાં-ભવમાં. **उपचिनुषे** તું એકઠું કરે છે, વસાવે છે. **कृशम्** નાનામાં નાનો ભાગ. **सुम्बम्** રૂનું પૂમડું.

૪. **निदानम्** મૂળ હેતુ. **परिणामम्** એનું છેવટ. **निसङ्गतया** અસંગપણાપૂર્વક. **अभिरामम्** મનોહારી, હૃદયને વશ કરે તેવું.

૫. **पथि पथि** રસ્તે રસ્તે, માર્ગમાં. **प्रतिबन्धम्** અટકાયત, પ્રેમસંબંધ, સહકારિત્વ. **ममताबन्धम्** મારા તરીકેનો સંબંધ.

૬. **प्रणयप्रीति** Love-making. **अभिष्वङ्ग** ભેટવું તે, વળગવું તે, Embracing. **निःप्रणये** પ્રેમ વગરનામાં.

૭. **नियत** ચોક્કસ, જરૂર. **अवधानम्** એકાગ્રતા, Concentration. **कथमपि** કોઈપણ પ્રકારે. **घन** ખૂબ, પ્રચુર. **विदधानः** કરતો.

પરિચય

અન્યત્વભાવના

(ક ૧.) આગલી ચોથી ભાવનામાં અંદર જોવાનું હતું, આત્મનિરીક્ષણ કરવાનું હતું; આ ભાવનામાં બહાર જોવાનું છે, અવલોકન કરવાનું છે. એ સર્વનો આધાર અને એનું લક્ષ્ય તો અંદર જ જવામાં છે, પણ જુદાં જુદાં દૃષ્ટિબિંદુ છે. બંનેનું પરમ ધ્યેય આત્માની પ્રગતિ, તેનો વિકાસ છે અને તે પ્રાપ્ત કરવા માટે એનો બહારનો સંબંધ તપાસવા યોગ્ય છે.

અહીં જરા પીઠિકા કરવાની આવશ્યકતા જણાય છે. જ્યાં સુધી આત્મસ્વરૂપ જાણવામાં ન આવે ત્યાં સુધી પરમાત્મતત્ત્વનો સાચો ખ્યાલ કદી થતો નથી, કારણ કે આત્માનું સ્વરૂપ ન જાણનાર આત્મામાં અવસ્થિતિ કરી શકતો નથી. જ્યાં સુધી દેહ, દેહી–આત્મા અને પરને સમજવામાં ન આવે ત્યાં સુધી એને મૂંઝવણનો પાર રહેતો નથી અને અવ્યવસ્થિત સ્થિતિમાં એનો વિકાસ અટકી પડે છે. આટલા માટે આત્મા કોણ અને પર શું ? તેનો નિરધાર કરવા માટે આત્માના ત્રણ પ્રકાર પાડવામાં આવ્યા છે. તે ત્રણ પ્રકાર તે **બહિરાત્મા, અંતરાત્મા** અને **પરમાત્મા.** આ ત્રણની સ્પષ્ટ વ્યાખ્યા 'જ્ઞાનાર્ણવ'માં શુભચંદ્રાચાર્યે કરી છે (પ્રકરણ ૩૨) તે તપાસી જઈએ.

શરીર વગેરેમાં ભ્રમ થવાને પરિણામે આત્મબુદ્ધિ થાય અને મોહરાજાએ ઉત્પન્ન કરેલી પ્રમાદરૂપ નિદ્રાથી અંદર ચેતના ઊંઘી જાય તે બહિરાત્મભાવ. આ દશામાં શરીરને પોતાનું માનવામાં આવે છે અને 'વગેરે' શબ્દમાં સ્ત્રી, ઘર, છોકરા, માલ, મિલકત, સગાં વગેરે જેને પોતાનાં માનવામાં આવે છે તેનો સમાવેશ થાય છે. બહિરાત્માની આ દશા હોય છે.

ઉપર જે બાહ્યભાવ બતાવ્યો તેને કુદાવી જઈ માત્ર આત્મામાં જ આત્મત્વનો નિશ્ચય કરવો તેને જ્ઞાની પુરુષો **અંતરાત્મભાવ** કહે છે. અહીં આત્મા સિવાય સર્વને અન્ય સમજવાની વાર્તા છે અને એમાં બાહ્યભાવનો સર્વથા નિષેધ થાય છે.

જે કર્મના લેપ વગરનો હોય, જેને શરીરનો સંબંધ ન હોય, જે જાતે તદ્દન શુદ્ધ હોય, જે ગુણનિષ્પન્ન હોય, જે સર્વથા નિવૃત્ત હોય અને જે વિકલ્પરહિત હોય એવા શુદ્ધ આત્માને પરમાત્મા કહેવામાં આવે છે. એ દશા **પરમાત્મભાવ** છે.

આ અન્યત્વભાવનામાં બહિરાત્મભાવ કેવો વર્તે છે ?–તે બતાવવામાં આવશે અને તેનું અંતિમ ધ્યેય અંતરાત્મભાવમાં ઊતરી પરમાત્મભાવ પ્રકટ કરવાનું રહેશે. આ આત્માના ત્રણ પ્રકાર ખૂબ ધ્યાન રાખીને સમજવા યોગ્ય છે. એ સમજતાં જે મોટી ધમાલ આ પ્રાણી

માંડી બેઠો છે તેનો તે ગ્રાહ જરૂર છૂટી જાય તેમ છે. આ ભાવનાની વિચારણામાં પ્રથમ આપણે ગ્રંથકર્તા સાથે આગળ વધીએ.

બાહ્યભાવ–બહિરાત્મભાવ શું છે તેનું સ્વરૂપ આ ભાવનામાં વિચારવાનું છે. આ પ્રાણી બહિરાત્મભાવમાં એટલો બધો એકરસ જામી ગયો છે કે એમાં તેને કાંઈ નવાઈ જેવું લાગતું નથી અને એ બેલો બેલે જ જાય છે. એને તો કૈંક શોધો કરવી છે, આકાશના તારાઓના હિસાબ કરવા છે, ચંદ્ર અને મંગળના ગૃહે પહોંચવું છે અને નાના જીવનમાં કૈંક કૈંક કરી નાખવું છે. એને એક ઘડી શાંતિથી વિચાર કરવો નથી, આરામ લેવો નથી અને મળે તો માણવો નથી. સ્ત્રી, ધન અને બીજી અનેક દુન્યવી ખટપટોમાંથી એને નિરાંતે બહિરાત્મા કોણ અને અંતરાત્મા કોણ?–એનો વિચાર કરવાનો સમય પણ મળતો નથી. એને નથી ખાવાનું ભાન, નથી બોલવાનું ભાન, નથી વિચાર કરવાની તાલીમ અને મોડી રાત્રે પણ એની ખટપટ એટલી ચાલતી હોય છે કે એ ઊંઘે ત્યારે પણ અડધી કલાક તો એનાં ચાલતાં યંત્રોને ઠંડાં પાડવામાં જાય. આ જાતની ધમાલ માંડી બેઠો હોય તેને બહિર્ અને અંતર્ આત્માની વાતો કેમ સૂઝે? કયારે સૂઝે?

પણ આ બધી રમત મંડાણી કેમ? આત્મા એના અસલ સ્વરૂપે તો જ્ઞાનમય છે, જાતે જ ચૈતન્ય છે અને અનંત ગુણથી ભરેલો છે. એ અત્યારે ધન માટે રખડે, સ્ત્રીની પાસે કાલાવાલા કરે, ખાવા માટે ભીખ માગે, વ્યાધિઓ માટે ઉપચાર કરે, અનેક વખત નિઃસાસા મૂકે, વારંવાર પાછો પડે, એનું વ્યક્તિત્વ દબાઈ-કચરાઈ જાય અને એ જાણે ગાંડાની હોસ્પિટલમાં પડી અસ્ત-વ્યસ્ત લવારો કરતો જણાય અને જ્યાં ત્યાં માથાં માર્યા કરે–એવી એની બૂરી દશા શા કારણે થઈ?

દુનિયાદારીમાં કહેવત છે કે 'અજાણ્યા માણસને રોટલો આપીએ, પણ ઓટલો ન આપીએ, આ વાત યોગ્ય છે કે નહિ? તેના ગુણ-દોષની વિચારણા અત્ર કરવાની નથી; પણ એવી એક કિંવદન્તિ છે તે સુપ્રસિદ્ધ છે.

માણસો નોકર રાખે છે તો ત્યાં તે પણ જાણે છે કે ઘરનાં તે ઘરનાં અને પર તે પર. પારકી માનો દીકરો રળી ન આપે. અંતે એનો જમણો હાથ એના મ્હોં તરફ જ વળે. ટૂંકામાં વાત એ છે કે પારકા — અજાણ્યાને ઘરમાં દાખલ કર્યો તો તે જરૂર નુકસાન કરે છે–વિનાશ કરે છે–સત્યાનાશ કાઢે છે.

આટલા માટે માણસો નોકરને રાખવામાં, રસોયા — ચાકરને રાખવામાં ખૂબ સંભાળ રાખે છે. અને હરામી માણસો કેટલું નુકસાન કરે છે તે વાત નવી જાણવાની નથી. આત્મામાં એવી રીતે 'પર' (બહારના) કર્માણુઓ ઘૂસી ગયા છે. સારામાં સારું દૂધ હોય પણ તેમાં ખટાશ કે કટકડી પડે તો તુરત ફાટી જાય છે તેમ આત્મા જેવી મહાસુંદર ચૈતન્યઘનમૂર્તિ

અનંત જ્ઞાનપ્રકાશવાન્ હોવા છતાં એનામાં કર્મપરમાણુઓ ઘૂસી ગયા છે અને એ પરમાણુ પર છે, બહારના છે; એને આત્મા બરાબર પરપણે ઓળખતો નથી.

એ કર્મપરમાણુઓએ આત્મમાં પ્રવેશ કરી એની બરાબી કરી છે, એની પાસે અનેક નાચો કરાવ્યા છે, એની પાસે નવાં નવાં નાટકો કરાવ્યાં છે, એનો જ્ઞાનગુણ ઢાંકી દીધો છે, એને મોહમદિરા પાઈને ઘેનમાં નાખી દીધો છે, એને સદ્ગુણના ધામને બદલે કષાયનું પૂતળું બનાવી દીધેલ છે, એને વ્યાધિનો પિંડ બનાવી દીધો છે અને એને એ ચારે ગતિમાં રખડાવે છે, એને લૂલો, લંગડો, આંધળો, ખોડ — ખાંપણવાળો બનાવે છે, એની પાસે ભીષણ આકૃતિ ધરાવે છે, એને શ્રુતિકટુ સ્વરવાળો કરે છે, એને કાળો કે લાલ બનાવે છે, એને વામનજી -કૂબડો બનાવે છે. એને નાગો રખડાવે છે, એને ભૂખ્યો રખાવે છે, એને તરસ્યો રાખી મૂંઝવી દે છે, એને પેટ ખાતર વેઠ કરાવે છે, એને ચોર, લબાડ, ઉઠાઉગીર, વિશ્વાસઘાતી, ખૂની બનાવે છે, એને રાજા બનાવે છે, અમાત્ય બનાવે છે, પ્રમુખ બનાવે છે, એનાં ભાષણો પર તાળીઓ પડાવે છે અને એને હાસ્યસ્થાન પણ ઠરાવે છે, એને શોકથી પોક મૂકતો કરે છે, એને સ્ત્રીના શૃંગારમાં ભાનભૂલો બનાવે છે અને એને વિષયનો કીડો બનાવે છે.

દુનિયામાં જે કાંઈ વિરૂપ, સારું કે સાધારણ દેખાય છે તે સર્વ આ પારકા-અંદર ઘૂસી ગયેલા અથવા ઘૂસવા દીધેલા કર્મપરિણામ-મહારાજાનો પ્રતાપ છે. જ્ઞાનવાન આત્માની આ બહારના ઘૂસી ગયેલા મહારાજાએ શી દશા કરી છે? કેદી જેવી કફોડી દશામાં એને મૂકી દીધો છે, અજાણ્યાનો પરિચય કરવાનું અને તેને અવકાશ આપવાનું આ પરિણામ છે.

આઠ કર્મો, તેની ઉત્તરપ્રકૃતિ ૧૫૮, તેનો સ્વભાવ અને તેમાંની પુણ્ય તથા પાપ પ્રકૃતિઓનું સ્વરૂપ અહીં વિચારવું. એ કર્મોનો ચમત્કાર સમજવો. તેનો આત્મા સાથે અત્યારે તો એવો તાદાત્મ્યસંબંધ થઈ ગયો છે કે એ જ જાણે તેનો સ્વભાવ હોય એવું લાગે છે. આવા પ્રકારનું આવરણ કરનાર પણ એ જ કર્મમહારાજા છે. એનું સ્વરૂપ સમજી એને બરાબર ઓળખવા જેવા એ રાજા છે. એને સમજી બરાબર ઓળખવાથી સંસારની સર્વ વિડંબનાઓનું મૂળ કારણ હાથમાં આવી જશે. જ્ઞાનવાન આત્માની આ દશા હોય? પણ કર્મનું જોર અત્યારે તો તેના પોતાના જોર કરતાં વધી ગયું છે. ચારે બાજુએ જુઓ, બહાર જુઓ, ચરિત્રો વાંચો, નોવેલો (કથાઓ) વાંચો, નાટકો જુઓ, સિનેમા જુઓ - જ્યાં જશે ત્યાં કર્મ-મહારાજાની જમાવટ માથે જડેલી જણાશે અને એણે આત્માને એટલો બધો દબાવી દીધેલો જણાશે કે એ છે કે નહિ? અને હોય તો એની કાંઈ શક્તિ હશે કે નહિ? તે બાબતમાં પણ શંકા પડી જાય એવું ઉપલક નજરે પ્રથમતઃ જરૂર લાગશે. આ અનંત જ્ઞાનના ધણી આત્માની એક કથા થઈ.

(ख २.) ચેતન! કર્મરાજાના મુખ્ય સેનાપતિ મોહરાજાએ મૂકેલી મમતાને પરાધીન થઈને તું પારકી પંચાત કેટલી કરે છે તેનો વિચાર કર. તું એમ સમજે છે કે આખા

ગામના કજીઆ તારે પતાવવાના છે અને તું ત્યાં દાખલ થઈ જાય છે. કોઈની વાતો, કોઈની ચિંતા, કોઈની નિંદા, કોઈ પર ગુસ્સો એ સર્વ અન્યને માટે જ જાણે તેં જાળવી રાખ્યાં છે. તને યુરોપમાં શું થયું તે વિચાર કરવા અને તેની વાતો કરવા સમય મળે છે, તારે રાજા કર્ણની વાતો કરવી છે, સગાંઓનાં મ્હોં જાળવવાં છે, કોઈ દૂરનું મરી જાય તો એક કલાક પછી લૌકિકે જઈ ખોટી રીતે ઓ ઓ કરવું છે, તને લાગેવળગે નહિ તેવાની વાતોમાં કલાકો કાઢવા છે, તારાં ઘરનાંની ચિંતામાં અરધા થઈ જવું છે, તારે અન્ય કોઈની નોકરી ગઈ તેની વાતો કરવી છે, તારે અમલદારોના ગુણ-દોષ પર વગર આધારે ગપ્પાં મારવાં છે, તારે વિના કારણે આજે 'ફ્રીચર' કેટલા આવ્યા તેની વાતો કરવી છે, તારે ફોજદારી કોર્ટમાં અતિ તુચ્છ મનુષ્યોના કે ખાસ કરીને નટી જેવી સ્ત્રીઓના કેસો ચાલતા હોય તે સાંભળવા કે વાંચવા છે અને આવી આવી તદ્દન નકામી અથવા તારી નજરે કોઈવાર કામની લાગતી વાતો કરવી છે અને ' काजी दूबले क्युं, के सारे शहेरकी फिकर ' જેવો વેશ કરવો છે.

મમતાની પરતંત્રતા, સાપેક્ષ દૃષ્ટિનો અભાવ, આદર્શની ગેરહાજરી, વ્યવસ્થિત સંકળનાની ખામી અને અતિ કેફ (મોહની મસ્તી)ની અસર તળે તારા આવા હાલહવાલ થયા છે, તું વિના કારણ પરની ચિંતા કરે છે, પરની વાતો કરે છે, પર સંબંધી ઘાટો ઘડે છે અને ઘાટ જામે નહિ ત્યારે વિમાસણ કરે છે. નિંદા, કુથળી, આત્મશ્લાઘા અને ભોજનાદિની કથામાં તું કેટલો વખત કાઢે છે અને સ્ત્રી સંબંધી વાત નીકળી તો તો જોઈ લેજે ચમત્કાર. અનંત જ્ઞાનના ધણીની આ દશા હોય? અને તારા જેવા અનંત ગુણના સાગરને આવી નિર્માલ્ય બાબતોમાં હાથ ઘાલવો ઘટે? તું આખો દિવસ કેવી કેવી વાતો, ચિંતાઓ અને ઉપાધિઓ કરે છે તેનો વિચાર કર, તેની તુલના કર, તેનો સરવાળો કર. અને તું કોણ? અનુપમ ગુણોનો ધણી, જ્ઞાન-દર્શન-ચારિત્રમય, સચ્ચિદાનંદ સ્વરૂપ, શાશ્વત સુખનો અધિકારી-તે આવી દશાએ ઊતરી ગયો! તારામાં અનુપમ ગુણરત્નો છે તેની ચિંતા કર, તેને ઓળખ અને તેને પ્રકટ કરવાનો વિચાર કર, તે-મય થઈ જા. તારે આવી કુથળી અને પારકાની કથા કરવાની તે હોય? તારે તારું પોતાનું કયાં ઓછું છે કે પારકી ચિંતાથી હેરાન થાય છે-દૂબળો થાય છે? અસલ ચિંતામણિ રત્ન કે જેથી ઇચ્છે તેવા પદાર્થો મેળવી શકાતા, કામઘટ-ઘડો ઇચ્છિત વસ્તુ આપતો અને કલ્પવૃક્ષોની નીચે ઊભા રહેતાં ઉપરથી માગેલી વસ્તુઓ પડતી; એ સર્વને ટપી જાય તેવાં ગુણરત્નો તારામાં ભરેલાં છે, તું તે-મય છે અને તે પ્રયત્નસાધ્ય છે.

ત્યારે આવાં ગુણરત્નોનો વિચાર કરતો નથી અને પારકી વાતો શા માટે કરે છે? જે મનુષ્યો તારા નથી, જે સંબંધીઓ તારી સાથે આવવાના નથી તેની ચિંતા કરવી છોડી દઈ, તારો પોતાનો જ વિચાર કર અને તારા ગુણોને ઓળખ. પારકી વાતોમાં તારું કાંઈ વળવાનું નથી અને કોઈ અહીં બેસી રહેવાના નથી. થોડો વખત તાળીઓ પડી તો પણ શું અને ન પડી તો પણ શું? અને તાળી પાડનારા પણ જવાના છે

અને તું પણ જવાનો છે ત્યારે એવી નકામી લપ્પનછપ્પન મૂકી દે અને તારાં ગુણરત્નોની ચિંતા કર. તારે જે જોઈએ છે તે તારી પાસે છે, તારામાં છે, તેને શોધી કાઢી પ્રકટ કરવું એટલું જ બાકી છે. બેદની વાત છે કે ઘરની વસ્તુની કિંમત ન કરતાં તું પર વાતોમાં દોડ્યો જ જાય છે અને અંદર જોતો નથી, પોતાના ગુણોને પિછાનતો નથી અને પિછાનાઈ જાય તો તેનું બરાબર મૂલ્ય કરતો નથી. નકામો બેદ મમતાવશ થઈને જે કરે છે તે છોડી દે અને અનુપમ આત્મગુણોની ચિંતા કર.

અન્યની ચિંતા ન કર તેનો વાંધો નથી, પણ માત્ર દિશા ફેરવવાનો ઉપદેશ છે. અત્યારે તું પરની–બહારની–બહારનાંની ચિંતા પોતાનું માનીને કરે છે તેને બદલે સ્વની–અંદરની–અંદરના ગુણોની ચિંતા કર. પ્રશ્ન એ છે કે એની ચિંતા તું કદાપિ કેમ કરતો નથી? તું અત્યારે શું કરી રહ્યો છે તે હવે જો. આ તો એક ચિંતવનની વાત થઈ, પણ તારા સર્વ પ્રયત્નો–કાર્યો કઈ દિશાએ વહે છે, તું શેમાં જોડાઈ ગયો છે અને કેવો ફસાઈ પડ્યો છે તે બરાબર સમજ. જો! જરા આગળ વધ.

(ગ ૩.) તેં અત્યારે જે મોટી ધમાલ આદરી છે તે કોના માટે છે? તારે પોતાને તો સાડાત્રણ હાથ જમીન સૂવા જોઈએ અને ખાવા માટે થોડો ખોરાક જોઈએ. પાણીની તો કુદરતે વિપુલતા પુરી પાડેલ છે. ત્યારે આ સર્વ પંચાત શેની?

તેં મોટાં કારખાનાં, કારસ્થાનો કે વેપારો માંડ્યાં છે તે કોને માટે? એનાથી ભંડારો કે તિજોરીઓ ભરીશ તે કોનાં?

તું ચોરથી, પશુથી, દુશ્મનથી ડર્યા કરે છે તે શેની ખાતર? જીવવા માટે કે તારા પોતાની ચિંતા માટે? અગર છોકરા–છોકરી માટે?

તારો આનંદ શેમાં છે? ઘરનાં મળે ત્યારે આનંદ, ખાવાપીવામાં આનંદ, પૈસા રળે ત્યારે આનંદ? પણ એ કઈ વસ્તુઓમાં? સર્વ પારકું, પારકામાં અને પરથી.

તું શોક કરે છે–રડવા બેસે છે તે કોને? કોઈ સગાં કે મિત્રને? તે પણ પારકાં જ છે. તારી ઇચ્છા શું મેળવવાની રહે છે? જે હશે તે સર્વ તારાથી પર, પરને માટે, અપર દ્વારા પ્રાપ્ય, વળી કોઈ વસ્તુ તને મળી જાય ત્યારે તું રાજી રાજી થઈ જાય છે તે શું છે? તને નોકરી મળે, ધન મળે, પ્રમાણપત્ર મળે, પ્રશંસા મળે એટલે તું ફૂદવા મંડે છે; પણ એ સર્વ પર છે, તારાથી અલગ છે, અનોખાં છે, બાહ્ય છે.

તારો પોતાનો નિર્મળ સ્વભાવ છે તેના ઉપર પગ મૂકીને તું અનેક વસ્તુઓ ઉપર રાગ ધારણ કરે છે. સારું ફરનિચર, સારો ડ્રોઇંગરૂમ, સારાં વસ્ત્ર, સારા અલંકાર. સારું ઘડિયાળ આ સર્વ પર છે, તારાથી અપર છે–અવર છે.

ભાઈ! આ સર્વમાં તારું કાંઈ નથી, તું જેટલાં હવાતીઆં મારે છે, તોફાન કરે છે, દરિયા ડોળે છે અને તારી નાની દુનિયાને માથે લે છે તે સર્વ પારકું છે, પારકા માટે છે, પડી રહેવાનું છે, થોડા વખત માટેનું છે અને મેળવતાં, જાળવતાં તેમજ સંયોગનો વિયોગ થતાં અનેક ઉપાધિ કરાવે એ ઉપરાંત તારી સાથે અતિ અલ્પ-સંબંધવાળું છે અને કર્મપરમાણુજન્ય તેમજ જાતે પૌદ્ગલિક હોઈ તારા કામનું નથી. જે આત્મિક છે તે પૌદ્ગલિક ન હોય અને જે પૌદ્ગલિક હોય તે પર છે, તારાથી અવર છે અને તારી સાથે કદી મેળ ન ખાય તેવું છે. તારા જેવો પરવસ્તુ-પરભાવ-પારકાની ચીજોમાં-પરવસ્તુમાં રખડે એ તે સારી વાત કહેવાય? અને જે પરમાણુની એ ચીજો બનેલી છે તે તારાં નથી, જેની ખાતર તું ધમપછાડા કરે છે તે તારાં નથી અને જ્યાં તારું પૌદ્ગલિક મન અત્યારે મોહ પામે છે તે પણ તારું નથી; આવી રીતે તું પરવસ્તુ-પરકીય ભાવમાં ફસાઈ ગયો છે. અને તેં ઉપર જોયું છે કે જ્યાં પારકો પેઠો ત્યાં સત્યાનાશની પાટી બેઠી, મહા-આપત્તિના ગણેશ મંડાયા, ઊતરતા દિવસની ઘાત શરૂ થઈ.

(ગ ૪.) વળી આ સંસારમાં તેં કઈ પીડાઓ સહન નથી કરી? તું કપાયો છે, દળાયો છે, વેરાયો છે, ચિરાયો છે-તારે માથે થવામાં બાકી રહી નથી. નારકીના જીવોનાં દુઃખનું વર્ણન વાંચતાં તો કાળજાં તૂટી જાય તેવું છે. ત્યાંની ઠંડી અને ગરમી એવી હોય છે કે અહીંના સહરાના રણનો તાપ કે હિમાલયની ઠંડી કાંઈ ગણતરીમાં નહિ. મનુષ્યપણામાં વ્યાધિઓ પાર વગરના છે અને તિર્યંચોને ખમવો પડતો મૂંગો માર તો અકથ્ય છે.

આવી રીતે તું અનેક વાર છેદાયો, ભેદાયો અને હણાયો તેનું કારણ એક જ: પારકામાં વિલાસ, પરમાં આનંદ.

બહુ નવાઈની વાત તો એ છે કે આટલું તત્ત્વજ્ઞાન તારા જાણવામાં આવ્યા છતાં હજુ પણ તને એમાં જ આનંદ આવે છે. સુંદર વિચારમાં મગ્ન હોય ત્યારે દાદરે કોઈના પડવાનો અવાજ સાંભળી ચમકી જાય છે પણ એ તો છોકરું નહીં, કોઈ ભિખારી માગવા આવ્યો હતો તેનો પગ લપસ્યો જાણી હાશ કરી બેસે છે! મારાં-તારાંનો કેવો ભાવ! તને આનંદ ખાવા-પીવામાં આવે, તને મજા નાટક-સિનેમા જોવામાં આવે, તને લહેર નાચપાર્ટીના જલસામાં આવે, તને વૈભવ સ્ત્રીઓની આંખોમાં દેખાય, તને મજા વેપારની વાતોમાં આવે, તને એકાગ્રતા કૌભાંડ રચવામાં, કારસ્થાનો કરવામાં, અન્યને છેતરવામાં થાય ત્યારે તને તે શું કહેવું? જે કારણે તું કદર્થના સહેતો આવ્યો છે તે જાણ્યા છતાં પાછો તેમાં જ રસ પામે છે ત્યારે તેં ધાર્યું છે શું? તને જરા લાજ પણ આવતી નથી? તું પીડા થાય ત્યારે પોક મૂકીને રડવા બેસે છે અને વળી પાછો તેના તરફ જ દોડતો જાય છે ત્યારે આને તારી અક્કલ કહેવાય કે તારી હુંશિયારી ગણાય કે મૂર્ખાઈ ગણાય?

તને જો ભયંકર યાતનાઓ સહન કરવી ગમતી હોય તો ખુશીથી પરભાવમાં રમણ કર; પણ લેખક-મહાશય તારું મન જાણે છે, તેઓને ખબર છે કે તને કષ્ટ કે કદર્થના જરા પણ ગમતાં નથી. ત્યારે જે કારણે એ પીડા થાય છે તે જાણ્યા છતાં તે જ કારણો ફરી ફરીને સેવી રહ્યો છે ત્યારે તારી ઇચ્છા અને તારા કાર્યને કેટલો વિરોધ છે તેનો તું વિચાર કર, આ પરભાવની બાળરમત કયાં સુધી રમ્યા કરીશ? અને છતાં તેનાં પરિણામ દૂર કરવાની તીવ્ર ઇચ્છા છોડી શકતો નથી. તું યાદ રાખજે કે તારે દરેક નાનાં-મોટાં કાર્યના હિસાબ આપવાના છે. હજુ પણ વિચાર અને તારી પરભાવ-રમણતાથી શરમા. તારા જેવા મુમુક્ષુને આ પરભાવ-રમણતા ન શોભે. જો, હજુ આટલું નાચે છે ત્યાં તારું મન કયાં દોડી જાય છે તે તપાસી જોજે અને જરા ઊંડો ઊતરજે. આવું શરમભરેલું-પોતાની જાતને હલકા પાડે તેવું વર્તન કેટલો વખત ચલાવી લઈશ? અજ્ઞાન અને મોહદશાને પરિણામે તારી શરમ ઊડી ગઈ છે, પણ એ સર્વ પરભાવમાં વિલાસ છે અને તારા જેવા મહત્ત્વાકાંક્ષીને શરમાવનાર છે.

(ઙ ૫.) પારકાને ઘરમાં પેસાડ્યો તે વિનાશ કરે છે, આ પ્રાણી પારકી ચિંતા કરે છે, એના સર્વ પ્રયાસ ઇચ્છા અને આદશો પરકીય છે અને એને જે અનેક પીડા-ઉપાધિ થાય છે તેનું મૂળ પરકીય વિલાસ છે. આ ચાર મુદ્દા સ્પષ્ટ થયા.

હવે બહુ મુદ્દાની વાત છેવટે કહી દે છે. પરભાવમાં રમણ, પરમાં વિલાસ, પરનો ઉપભોગ અને પરમાં વૃદ્ધિ એ તો ખૂબ થઈ, પણ તું કોણ? તારું શું? એ વાત સમજી લે એટલે એ જ્યાં ન હોય તે સર્વ પારકું છે એટલું પૃથક્કરણ થઈ જાય. આખા શાસ્ત્રનો સાર કાઢીને બધી વાતનું રહસ્ય બહુ ટૂંકામાં કહી દે છે કે:—

"જ્ઞાન ૧, દર્શન ૨ અને ચારિત્ર ૩ એ ત્રિરંગી ચિહ્નવાળી ચેતના વગરની સર્વ વસ્તુઓ પર છે-અન્ય છે."

જ્યાં આ ત્રિરંગી વાવટો ન હોય ત્યાં ચેતનજી! તું નથી. એ ત્રણ સિવાયની સર્વ ચીજો અન્ય છે. આ વાત તું સમજી લે. **જ્ઞાનમાં** પણ જેને હરિભદ્રસૂરિ વિષયપ્રતિભાસ-જ્ઞાન અથવા આત્મપરિણતિમત્ જ્ઞાન કહે છે તે નહિ પણ જેને તેઓશ્રી **તત્ત્વસંવેદન-જ્ઞાન** કહે છે એ એનું પ્રથમ ચિહ્ન છે,[૧] જેને શ્રી સિદ્ધર્ષિગણિએ **વિમળાલોક અંજન** કલ્પ્યું છે.

---

૧. હારિભદ્રી અષ્ટકમાં આઠમું અષ્ટક જ્ઞાનાષ્ટક છે તેમાં એ ત્રણે પ્રકારના જ્ઞાનની સમજણ આપી છે. આત્મપરિણતિમત્ જ્ઞાન સમકિતદૃષ્ટિને હોય છે, પણ તેમાં હેયોપાદેય પ્રત્યે પ્રવૃત્તિ-નિવૃત્તિ ન હોવાથી તેને પણ સ્વીકારયોગ્ય ગણ્યું નથી. તત્ત્વસંવેદન-જ્ઞાનમાં હેયોપાદેયની સમજણ સાથે પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ ચારિત્ર હોય છે તેથી તે જ્ઞાન જ અનંતર કે પરંપરયા મોક્ષને આપનાર છે. તત્ત્વપરિણતિમત જ્ઞાન પરંપરાથી મોક્ષદાતા થાય તેમ છે.

દર્શનમાં શુદ્ધ માર્ગનો સાચો ખ્યાલ અને તે ધોરણે જે માર્ગ ન પહોંચે તેને છોડી દેવાનો દૃઢ સંકલ્પ.

ચારિત્રમાં વિશિષ્ટ વર્તન, સદ્ગુણોનું ગમે તે ભોગે આસેવન અને ભવચેષ્ટાનો ત્યાગ.

દર્શનને શ્રી સિદ્ધર્ષિએ **'તત્ત્વપ્રીતિકર જળ'** નામ આપ્યું છે અને ચારિત્રને **'મહાકલ્યાણ (ક્ષીર) ભોજન'**નું નામ આપ્યું છે.

આ ત્રણ ચીજ જ્યાં હોય ત્યાં ચેતન! તું છે, એ ત્રણ-મય તું જ છે. એ સિવાય સર્વ અન્ય છે, પર છે, તારાથી જુદું છે, પારકું છે, દૂરનું છે. પારકાએ તારા ઘરમાં પેસીને તારા કેવા હાલહવાલ કર્યા છે તે તેં જોયું.

પારકાને સમજુ માણસ ઘરવાસ કરાવે નહિ. તેમાં પણ જે ચોર હોય, ભરાડી હોય, ઘર ફોડનાર હોય, દગાબાજ હોય, ઘરધણીને ઊંઘતો વેચનાર હોય તેનો તો કદી વિશ્વાસ થાય જ નહિ. અને તું જાણે છે કે 'પારકી આશ સદા નિરાશ.' ઘરનાં મૂલ્યવાન રત્નો છોડી પારકા રોટલાને બચકા ભરવા જવું એ તો શ્વાનવૃત્તિ કહેવાય. મહામૂલ્યવાન રત્નોના માલિકને એ શોભે નહિ, છાજે નહિ, ઘટે નહિ.

ત્યારે તારું શું છે અને પારકું શું છે તે તારા સમજવામાં આવ્યું. તું ખાલી ભરમાઈ જઈ કેફ કરી મૂંઝાઈ ગયો છે, છતાં મહાતિમિરમાં પણ તારી આંખે સાચી વાત દેખાણી છે, સાચી વાત સમજાણી છે, તારાં પોતાનાંની તને પિછાન થઈ છે અને પર તે પર છે તે સમજાણું છે.

હવે તારું હિત થાય તેને માટે પ્રયત્ન કર, જે રસ્તે તને પ્રગતિ લાગે તે માર્ગ પકડી લે અને તારાં પોતાનાં હોય તેને તારાં કરી લે અને તારી આસપાસ અત્યારે જે કચરો જામ્યો છે તેને બરાબર દૂર કરી નાખ અને તારી પોતાની ઇષ્ટસિદ્ધિ જ્યાં તને જણાય ત્યાં તું પ્રયત્ન કર. પસંદગીનો તને અવકાશ છે અને તે માટેનું સાહિત્ય તને સાંપડ્યું છે. ઊઠ, જાગ્રત થા અને સાચે માર્ગે લાગી જા.

★

૧. ઉપોદ્‌ઘાત કરી દીધો. વિગતવાર મુદ્દાઓ રજૂ કર્યા. હવે ચેતનજી ! તું તારું ઘર તપાસ. તારી પાસે માલપૂંજી કેટલી છે તેનાં સરવૈયાં કાઢ. તું બરાબર સાચા સરવાળા કરજે અને બાદબાકી મૂકવામાં પણ જરા યે પાછો પડીશ નહિ કે સંકોચ કરીશ નહિ. ઘણા પારકી પંચાત કરનારા માટે કહેવાય છે કે 'પંચાતીઆનાં છોકરાં ભૂખે મરે.' તું એવો ડાહ્યો, દોઢ ડાહ્યો થઈશ નહિ. સમજુ માણસ પોતાનું ઘર સંભાળી બેસે છે અને એ આખી દુનિયા દીવાની થાય તો સર્વની સાથે સામાનની ફેંકાફેંક કરે છે પણ એની ફેંકાફેંકમાં દક્ષતા હોય છે: બીજા ઘરમાંથી માલ બહાર ફેંકે ત્યારે એ બહારનો સામાન ઘરમાં ફેંકે છે. તારામાં આવું ડહાપણ આવશે ત્યારે તું તારું ઘર સાજું કરી શકીશ; તેથી તારું ઘર શોધ, એની સંભાળ લે. એના ખૂણા-ખાંચરાઓમાંથી પણ કચરો કાઢી નાખ અને તારા પોતાના સામાનની યાદી કર. ઘરનો વીમો ઉતરાવવો હોય ત્યારે જેટલી વિગત તૈયાર કરે છે તેટલી બારીકીથી તારું ઘર જોઈ જજે.

જો ! પ્રથમ તો તપાસ કર કે તારું શરીર, તારા પૈસા, તારાં છોકરાં, તારાં ઘર, તારાં સગાં, તારી સ્ત્રી, તારા મિત્રો અને તારા સંબંધીઓ કે જેની ખાતર તું અનેક ઉન્માદ કરી રહ્યો છે તેમાંથી કોણ તારું છે ? એની કસોટી એક બતાવીએ. જ્યારે તું અહીંથી ઉચાળા ભરીને મોટા ગામતરે જઈશ, જ્યારે તું મહાપંથે પડી જઈશ, જ્યારે તું મહા-નિદ્રામાં પડીશ, જ્યારે તું મહાયાત્રાએ નીકળીશ ત્યારે તને કુગતિમાં પડતાં એમાંનાં કોણ રક્ષણ આપશે ? તે વખતે તારા જમે બાજુએ કરેલા સરવાળાની રકમો કે તારી તિજોરીમાં પડેલાં ઘરેણાંઓ કે તારાં સ્ત્રી, પુત્ર, પરિવારમાંથી કોઈ આડો હાથ આપશે ?

અરે ! પરભવની વાત જરા થોડો વખત બાજુએ મૂકીએ તો અહીં પણ એ સ્નેહ સ્વાર્થ સુધીનો જ છે એ વાતમાં શંકા રહે તેમ નથી. ઘરડાં માબાપ તરફ-પુત્રો કે પુત્ર-વધૂઓ કઈ નજરે જુએ છે તે ઉપર ઉલ્લેખ કરવાની જરૂર ન હોય. સાત-સાત દીકરે ડોસાઓને અકળાઈ જવું પડે છે અને એને જમવાના 'વારા' કરવા પડે છે એ અજાણી વાત નથી. આ કદાચ આકરી વાત હોય તો નોંધાયેલા દાખલાઓનો પણ પાર નથી; પરંતુ એક વાત તો સિદ્ધ છે કે એમાંનાં કોઈ પણ પરભવમાં સાથે આવનાર નથી અને દુર્ગતિમાં પડતાં રક્ષણ કરનાર નથી.

જો ! તેઓ ખાતર તેં ઉજાગરા કર્યા, ચિંતાઓ કરી, આત્મત્યાગ કર્યો, ભોગો આપ્યા અને તેની ખાતર રળ્યો; એનો ભાગ વહેંચવા સર્વ આવશે, પણ અંતે તારી મહાયાત્રા નીકળશે ત્યારે તારી સાથે કોઈ આવનાર છે ? તારી કરણી કેવી છે તે તો તું જાણે છે અને તેને પરિણામે તારી ગતિ કેવી થવી જોઈએ તે તો તું કલ્પી શકે તેવી બાબત છે. તો ત્યાં તને કોઈ બચાવી શકશે ? કોઈ તને રક્ષણ આપશે ? આ રીતે તારું ઘર તપાસ અને તારી

ચીજોનો હિસાબ મુદ્દામ આંકડાસર મૂક. સ્ત્રી, પુત્ર, ભાઈ, દીકરા વગેરેનો સ્નેહ કેવો છે તે સંબંધે નોંધાયેલા દાખલાઓ અંતિમ અવલોકનમાં નોંધવામાં આવશે ત્યારે તને વિચાર થઈ પડશે કે પરભવમાં તો કોઈ રક્ષણ આપે તેમ નથી; પરંતુ આ ભવમાં પણ તેં માની લીધેલા સ્નેહીમાં માત્ર સ્વાર્થ સિવાય બીજું કાંઈ નથી તે વાત હવે પછી થશે. અત્યારે લાંબી નજરે જોતાં તારાં કર્મ તારે જ ભોગવવાનાં છે અને કોઈ તારી વતી આડું સૂનાર નથી તે તું યાદ રાખજે.

૨. તું કોણ ? તું **દેવચંદ** ! તારા હાથ, પગ, મહોં એમાંનું કોઈ દેવચંદ છે ? ત્યારે તું કોણ ? જે શરીર અત્યારે હાલે-ચાલે છે, ખાય-પીએ છે તે થોડા વખત માટે છે અને તે તું નથી. જો અમુક પરમાણુઓના સંચયને 'દેવચંદ' નામ અપાયું હોય તો જે દિવસે એ ઠંડું પડી જશે તે દિવસે એને જેમ બને તેમ જલ્દી ઠેકાણે પાડવાની-એને બાળી મૂકવાની કે ભૂદાહ કરવાની ત્વરા થશે. એ તું છે ? અત્યારે તું એને પંપાળે છે, ચોળે છે, ચાંપે છે, મર્દન કરે છે, સાબુથી ન્હવરાવે છે, મૂલ્યવાન મસાલા અને વસાણાં ખવરાવી પુષ્ટ કરે છે તે તારું નથી, તારી સાથે આવવાનું નથી, તારા નિરંતર વિશ્વાસમાં રહેવાનું પણ નથી. ત્યારે તું એ શરીરને તારું પોતાનું માનીને આ સર્વ શું કરી રહ્યો છે ? એને જરા તાવ આવે તો ડૉકટરોને ટેલિફોન ઉપર ટેલિફોન કરી મૂકે છે અને જરા શરદી થાય તો ગળે રૂમાલ લપેટે છે અને જરા હાથ-પગ દુઃખે ત્યાં-પછાડા મારવા મંડી જાય છે ! આ સર્વ હકીકત ઉચિત થાય છે કે કેમ ? તે તું વિચાર.

સર્વથી વધારે નજીક તારું શરીર છે. એને તો તું જરૂર તારું પોતાનું માને છે. પણ એને પોતાનું માનવાની ભૂલ કરીને તું નકામો હેરાન થાય છે. જો ! જ્યારે તારામાં માંદગી આવશે, તારા સાંધાઓ તૂટવા માંડશે ત્યારે એ તને છોડી જશે. આવા શરીરનો વિશ્વાસ કેટલો કરવાનો હોય ? એને પોતાનું માનવાની ભૂલ તો ભારે જબરી સ્ખલના ગણાય. તારી આખી માન્યતા કેટલી ખોટી છે તે તને આ ઉપરથી જણાશે. તારું શરીર જ તારું નથી, પછી આગળ તે કેટલી વાત કરવાની હોય ? પહેલે કોળીએ જ માખી આવે છે ત્યાં વાત કયાં સુધી જશે તે તું સમજી જા.

આનું નામ પરભાવરમણતા, પરને પોતાના માનવાની ભૂલ એને અને પરિણામે ઊભું કરેલું કલ્પનાજાળનું તોફાન. અન્યત્વભાવના કયાંથી શરૂ થાય છે તે અત્ર બરાબર વિચારવું.

૩. હવે જરા આગળ ચાલો. ઘર વસાવ્યાં. સુંદર ફરનિચર લીધું, ઠામ-વાસણ વસાવ્યાં, બસો-પાંચસો માણસને જમાડવા જેટલાં તપેલાંઓ લીધાં, ફ્રેંચપોલિસ કરાવ્યા, પલંગો મંડાવ્યા, મચ્છરદાનીઓ ચઢાવી, ઇલેકટ્રીક ફીટીંગ્ઝ કરાવ્યાં, બાથરૂમોમાં ટાઇલ્સ જડાવ્યાં, કંકિ કંકિ સગવડો કરી. કપડાં કરાવ્યાં, કપાટો ભર્યાં, નાની નાની સગવડો ગોઠવી, થોડો વખત ઝૂકવા માટે ઝરૂખા કર્યા, નાની-મોટી લાઇબ્રેરી કરી, બેસવા માટે સગવડો કરી, ખાવા-પીવા માટે સામાન વસાવ્યો, સ્ટોરરૂમ અલગ કર્યો, ભરવાનાં ઠામો વસાવ્યાં,

ઉપરાંત વ્યાપાર, પૈસા, વ્યાપારની ચીજો, નાણાની કોથળીઓ, તિજોરી વગેરે અનેક ચીજો વસાવી; પણ એ સર્વ મૂકીને અંતે ચાલ્યા જવું પડશે. **'જે જહાંની તે તહાં રહી રે, કોઈ ન આવી સાથ તો.'** જે જ્યાં હતું તે ત્યાં રહી ગયું. આ સર્વ પરભાવની રમણતા, પરને પોતાનાં માનવાની ભૂલોનાં પ્રાયશ્ચિત્ત, અવિશ્વાસ્ય ઉપર વિશ્વાસ કરવાનાં દારૂણ પરિણામ.

કોઈના દીકરા થયા, કોઈના ભાઈ થયા, કોઈના પિતા કહેવાયા, કોઈના ભત્રીજા થયા, કોઈના ભાયાત થયા, કોઈના જ્ઞાતિજન થયા અને અંતે એ આખા કુટુંબને છોડી **'છોડો છોડી રે ચાલ્યા એકલા, હાર્યો જેમ જુગારી રે'** એવી વાત થશે. જે પોતાનાં નથી, જેમાં સ્વ જેવું કાંઈ નથી, તેને પોતાનાં માન્યાં, તેને ઘરનાં ગણ્યાં એનાં એ સર્વ વિપાક છે.

એનો સાર એ છે કે એવી રીતે એકઠો કરેલો પરિગ્રહ કે કુટુંબ કોઈ પછવાડે આવતાં નથી. એ તો જ્યાં હોય ત્યાં પડ્યા જ રહે છે. કોઈ પણ પ્રકારનું અનુસરણ એનું થતું નથી એ આપણે અહીં પણ જોઈએ છીએ. જેઓ મોટી મિલકત મૂકી જાય છે તેને પણ ચાર કે એક જ નાળીએર બંધાવે છે અને એનું આખું કુટુંબ અહીં જ રહી જાય છે. તું એવી જ રીતે પછવાડે અનેક કુટુંબને રડાવીને અહીં આવ્યો છે. આ સર્વ જાળ છે, રમત છે, વિલાસ છે. આવી અતિ ઘૃણાસ્પદ રમતનો તું એક પ્યાદો થઈ પડ્યો છે. ઘર માંડે છે, છોડે છે અને વચ્ચે ઊઠી જાય ત્યારે બાજીમાંથી નીકળી જાય છે. આ તે તારી દશા હોય? તું કોના જેવી રમત રમી રહ્યો છે? અને કેવો પરભાવમાં રમી રહ્યો છે તેનો વિચાર કર.

આવી રીતે શરીર પણ પર છે, ધનમાલ-બજના પણ પર છે અને કુટુંબના સર્વ માણસો પર છે એટલી હદ સુધી આપણે આવ્યા. એમાં જે રમણતા તે પરભાવરમણતા કહેવાય. એ એક વાત સાચી સમજ્યા એટલે બેડો પાર છે!

૪. આ ઉપર કહેલી વાત બરાબર સમજી જઈને તું પારકાના પરિચયરૂપ પરિણામને છોડી દે. પરિણામ એટલે પરિણતિ અથવા છેવટ. અત્યારે તારું સર્વ લક્ષ્યબિન્દુ પર ઉપર છે. તું વિચાર કરે છે ધનના, તું વાત કરે છે નોકરી કે વ્યાપારની, તું ચર્ચા કરે છે રાજ્યની, તું ઘાટ ઘડે છે દુનિયામાં યશ મેળવવાના, તું વાંચે છે, વિચારે છે, બોલે છે સર્વ પરને માટે. પરમાં તારા શરીરનો પણ સમાવેશ થઈ જાય છે તે વાત આ ભાવનામાં ખૂબ યાદ રાખજે. તને મોહ-મદારીએ દારૂ પાઈને એવો મસ્ત બનાવી દીધો છે તારું આખું બકધ્યાન પરમાં છે, પર માટે છે, પર પરત્વે છે.

આવી રીતે પર-પરિચયની પરિણતિમાં અથવા પર-પરિચયના પરિણામોમાં તું આખો વખત રમ્યા કરે છે. અને એ પર-પરિચયનો મૂળ હેતુ મમતામાં તેમજ પરિતાપમાં છે, તને પર ઉપર એવી તો મમતા લાગી છે કે તું તારા કુટુંબ, તારા વ્યાપાર અને તારા ઘરબારને તારા માનીને, એટલી નાની તારી દુનિયાને આખી દુનિયા ગણી બંધાયા કરે છે અને એ જાળને ઉકેલવા જતાં નવ જગ્યાએથી જરા છૂટે છે ત્યાં તેર

જગ્યાએ બંધાય છે. આ આખો **પરનો પરિચય** મમતામાંથી ઊભો થાય છે અને એ અંદરનો સંતાપ છે. જેમ તાવ આવે ત્યારે માણસને શુદ્ધિ ઓછી થાય છે તેમ મમતા –માયાથી તને અંદર તાવ આવ્યો છે અને એ સંતાપમાં પર–પરિચયનું નિદાન છે. મમતા અને અંતર–તાપ એ નિદાન છે.

વૈદ્ય દવા કરે ત્યારે પ્રથમ વ્યાધિનું નિદાન કરે છે. નિદાન એટલે વ્યાધિના મૂળની શોધ. પછી દવા કરે તેને ચિકિત્સા કહે છે. મમતા અને પરિતાપ એ આત્માને વળગેલા વ્યાધિ છે અને એનું નિદાન થાય ત્યારે સમજાય છે કે એનું પરિણામ પરિચયમાં જ આવે છે. વ્યાધિનાં ચિહ્નો(Symptoms)માં પરિચય છે. એનું નિદાન કરતાં એનો મૂળ હેતુ જડ્યો. એ નિદાન મમતા અને પરિતાપ છે.

આ પર-પરિચયને તું છોડી દે. તારી સર્વ ઉપાધિઓ આ પર-પરિચયથી થઈ છે અને તેનું મૂળ મમતા અને પરિતાપ છે. એને તું છોડી દે. તારે તારાપણું પ્રકટ કરવું હોય તો આ કચરાનો ત્યાગ કર. વ્યાધિની દવા કરવી હોય તો કરી (Diet) તો જરૂર પાળવી પડશે અને એ કરીમાં પર-પરિચયનો ત્યાગ પ્રથમ સ્થાને આવે છે અને એક બીજી વાત પણ એ કરીમાં આવે છે તે સમજી લે.

એ કરવાનું કહે છે. તજવાનું શું તે ઉપર કહ્યું. પરંતુ વૈદ્ય અમુક ચીજો ન ખાવાનું કહે તેની સાથે અમુક ખાવું એમ પણ કહે છે. તે પ્રમાણે અનુભવરસના સુખને ભજ. અનુભવ એટલે આત્મસ્વરૂપરમણતા. જરા શાંતિ મેળવીને અનુભવરસનો આસ્વાદ કરી લે. એ નિઃસંગતાથી નિર્મળ થાય છે. નિઃસંગતા એટલે પરવસ્તુના સંસર્ગથી રહિત દશા. જ્યારે પરભાવ-દશાથી રહિત દશા એ અનુભવને નિર્મળ કરે છે ત્યારે તે બહુ મનોહર થાય છે, ખૂબ હૃદયંગમ થાય છે. આવા અનુભવસુખના રસને સેવવો, વ્યાધિ દૂર કરવા માટે પરપરિચયની પરિણતિ છોડવી અને ઉક્ત સ્વરૂપવાળો અનુભવરસ પીવો, આ ચિકિત્સા બતાવી.

અનુભવ એ મહાવસ્તુ છે. અનુભવ એટલે આત્મસ્વરૂપનું પ્રત્યક્ષીકરણ. આત્મસ્વરૂપમાં રમણતા થાય, આત્માનો–વિચાર કરાય, આત્મજ્યોતિ જગાવાય, આત્માનું અસંખ્યપ્રદેશત્વ સમજાય, એનું અમરત્વ જણાય, એનું નિરંજન–નિરાકારત્વ ગ્રાહ્યમાં આવે એ સર્વનું સંક્ષિપ્ત નામ **અનુભવ** છે. આ અનુભવને આનંદઘનજીએ ખૂબ ગાયો છે, ચિદાનંદજીએ એને ખૂબ બહલાવ્યો છે. યોગીઓ એની સાથે રમ્યા છે અને એને પ્રકટ કરવા માટે અનેકે જંગલ સેવ્યાં છે, અનેકે આતાપનાઓ લીધી છે, અનેકે અનશન કર્યાં છે અને અનેકે એવાં દિવ્ય પાન પીધાં છે. એ વસ્તુ સમજાવી શકાય તેવી નથી. આનંદઘનજી કહે છે કે **'આતમ અનુભવરસિક કો, અજબ સુન્યો વિરતંત'** આવો અનુભવ છે. એક વખત આ અનુભવ કરવા વિચાર થાય તો તદ્દન જુદા જ પ્રકારની સ્થિતિ થઈ જાય છે. **'યું જાણે જગ બહાવરો, તું જાણે જગ અંધ.'** દુનિયા એવા માણસને બાવરો–ગાંડો કહે છે અને

એ દુનિયાને આંધળી જાણે છે. જ્યાં માગો જ ફરી જાય ત્યાં પછી એકવાકચતા કયાં થાય? મેળ કયાં મળે? દુનિયા ગાંડો કહે-ભંગડભૂત કહે તેના ઉપર યોગીનું લક્ષ્ય જ હોતું નથી. એને દુનિયાની પરવા હોતી નથી. એ દુનિયાને પરભાવમાં લેખે છે, છતાં એને કરુણા ખૂબ હોય છે, તે આપણે આગળ જોશું. અત્ર કરુણાની વાત અપ્રસ્તુત છે. આત્મરમણુતાના અનુભવની પરભાવત્યાગ એ બીજી બાજુ છે.

એ અનુભવરસ ખૂબ મજાનો છે. એમાં રસ પડે ત્યારપછી દુનિયાદારી ચાલી જાય છે, એના આનંદના વિષયો, સ્થાનો, પ્રવાહો સર્વ અલગ થઈ જાય છે અને એની જમાવટ તદ્દન જુદા જ પ્રકારની બની જાય છે. નિઃસંગપણાથી જ્યારે એ અનુભવજ્ઞાન નિર્મળ થાય ત્યારે એની ખરી મોજ આવે છે અને ત્યારે એ ખરો અભિરામ-મનોહર રસ થાય છે. એ રસનો જેને સાચે પ્રેમ લાગે તે પ્રાણી અંદર જ રમણ કરે છે. એના વિલાસમાં વિકાર હોતો નથી, એના આનંદમાં આત્મસાક્ષાત્કાર હોય છે અને એના મહોદયમાં પવિત્ર શુદ્ધ શાંત વાતાવરણ હોય છે. કોઈ ખરા નિઃસંગ મહાત્માનો પરિચય થાય છે ત્યારે એના વાતાવરણમાં રહેલ શાંતિનો સાક્ષાત્કાર થાય છે. આવા અનુભવરસને તું ભજ, એને પ્રત્યક્ષ કર, તારા આત્મામાં નિમજ્જન કર, તે-મય થઈ જા, તેને માટે વિચાર કર.

સાચા અનુભવજ્ઞાનમાં પરભાવત્યાગ સહજ છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. વ્યાધિનું નિદાન અને ચિકિત્સા અત્ર રજૂ કરી. હવે એક-બે પ્રાસ્તાવિક વાત કહી, છેવટે સત્યમાર્ગનું પ્રકાશન બતાવી, આ ભવ્ય ભાવનાનો વ્યવહારુ આકાર બતાવશે.

૫. રેલવેમાં બેઠા, બે-ચાર અજાણ્યા માણસો મળ્યા. વાતો કરી, સાથે ખાધું; પણ પછી એ ઓળખાણ લાંબો વખત ટકતી નથી. મુસાફરીના અનુભવવાળાને આ નવું નથી. ઘણા રસથી વાતો કરે, પણ પોતાનું સ્ટેશન આવે એટલે સૌ પોતાને રસ્તે પડે છે. રસ્તે મળનાર દરેકની સાથે કાંઈ સહચાર થતો નથી અને તેનામાં કાંઈ પ્રતિબંધ પણ થતો નથી. પંથે મળ્યા, વાતો થઈ અને માર્ગ જુદા પડ્યા એટલે સૌ પોતાને રસ્તે પડી જાય છે.

એવી રીતે મુસાફરખાના જેવા ઘરમાં આપણે સગાં-સંબંધી એકઠાં થયાં. જેને તેડું આવે તે રસ્તે પડી જાય છે અને એના કર્મ એને જ્યાં લઈ જાય ત્યાં એ જાય છે. એમાં મમતા શી કરવી? એમાં રડવું કોને? અને રડનારા પણ કયાં બેસી રહેનાર છે? અત્યારે જે બંધન માનીને મુસાફરો સાથે પ્રતિબંધ કરવામાં આવે છે અને તેના ઉપર રાગ કે આકર્ષણ થાય છે તે મોહજન્ય છે, મમતામય છે અને સ્વાર્થજન્ય છે. ઘરડા માણસ જાય ત્યારે તેનામાં સ્વાર્થ ઓછો હોવાથી કોઈ રડતું નથી. ત્યારે આમાં સ્વાર્થ સિવાય બીજું કાંઈ નથી.

મુસાફરખાના-ધર્મશાળામાંથી બે વટેમાર્ગુએ સાથે ઘણી ગમ્મત કરી હોય પણ જ્યારે એ પંથે પડે ત્યારે કોઈ રડવા બેસતું નથી, 'આવજો, આવજો' કરે છે. એ મિસાલે કુટુંબનો

પરિચય સમજવો. એ સર્વ પોતપોતાનાં કર્મને વશ છે અને એમાં બંધન કરવા યોગ્ય તત્ત્વ નથી. એ સર્વ પરભાવ છે, બાહ્ય ભાવ છે, સર્વથા ત્યાજ્ય છે.

૬. એક બીજો દાખલો વિચારવા યોગ્ય છે. પરસ્પરનો જ્યાં પૂરો પ્રેમ હોય ત્યાં પરસ્પરનો ઉન્માદ સમજી શકાય તેમ છે. એકને જરા પણ ઊર્મિ ન હોય અને બીજો પ્રેમ પાછળ પ્રાણ આપતો હોય ત્યારે શી દશા થાય છે તે વિચારો-કલ્પો. પ્રેમનો જ્યારે જવાબ મળતો નથી ત્યારે એકતરફી પ્રેમ કરનારને માત્ર સંતાપ જ થાય છે. પતંગીઆ પેઠે પ્રણયની જ્વાળામાં ભસ્મ થનારના દાખલા પણ થોડા નથી. આ વાત પર વિવેચનની કે ચિત્રની જરૂર ભાગ્યે જ હોય.

હવે તને ઘર, ઘરેણાં, માલ, વ્યાપારની ચીજો, ચોપડા વગેરે પર પ્રેમ થાય છે પણ તે એકતરફી છે, તારા પૂરતો જ છે અને સામેના જવાબ વગરનો છે. એ લક્ષ્મી કે એ પરમાણુના થપ્પા તે કોઈનાં કોઈ દિવસ થયાં છે કે તે તારાં થાય? લક્ષ્મી તો વેશ્યા જેવી છે. આજ તારે ત્યાં બેઠી હોય, કાલે બીજાનું ઘર માંડે. આ સર્વ બાબતો દુનિયામાં દરરોજ જોઈએ છીએ. અને ઘરનાં ઘર એ શું? કોનું ઘર? અને કોના ઘરનું ઘર? આ સર્વ ફાંફાં છે અને એ જ રીતે શરીર પણ પુદ્ગળનો સમૂહ છે અને તેના ઉપરનો પ્રેમ પણ એકતરફી છે. એની સાથે મમતા કરવી એ નિષ્પ્રણયી ઉપર પ્રેમ કરવા બરાબર છે, તદ્દન એકતરફી છે અને ખાલી સંતાપ કરનાર છે. આ બાબતમાં જરા પણ શંકા હોય તો આ સર્વ બહારની વસ્તુઓ અને ખુદ શરીર વારંવાર કેટલી તસ્દી આપે છે અને એ તમામ અનેક વાર કેવાં વાંકાં થઈ બેસે છે તેનો ખ્યાલ કરી લે.

જે પ્રણય વગરના હોય, જેનો સામો જવાબ મળતો ન હોય ત્યાં વળગતા જવું એ ડહાપણવાળા પ્રાણીનું કાર્ય ન જ ગણાય. એથી મનનો ઉકળાટ, નકામી ચિંતા અને અંદરનો ક્લેશ જ થાય છે અને પરિણામે હાથમાં કાંઈ આવતું નથી. સર્વ પૌદ્ગલિક વસ્તુ જેમાં તારા શરીરનો પણ સમાવેશ થાય છે તેના ઉપરનો તારો સ્નેહ આ પ્રકારનો છે. હવે તને યોગ્ય લાગે તો તે કર અને નકામો સંતાપ વહોરી લે.

દુનિયાદારીમાં કહેવાય છે કે **'જર જમીન ને જોરુ, એ કજિયાનાં છોરું.'** કજિયો એટલે સંતાપ અને એ જર (લક્ષ્મી), એ જમીન (ખેતર, ઘરબાર) અને એ જોરુ એટલે સ્ત્રી અને સર્વ કુટુંબ એ સર્વ પર છે, તારાથી અવર છે અને મહાસંતાપ કરાવનાર છે અને પ્રેમનો પ્રતિધ્વનિ કરનાર નથી એ તું સમજી લેજે.

આ બંને શ્લોકના વ્યવહારુ દાખલાઓ ખાસ વિચારણીય છે અને પરભાવને બરાબર સમજાવે તેવા અને તને ખાસ લાગુ પડનારા છે.

૭. તેટલા માટે કર્તા સર્વ વાતને ટૂંકામાં કહી દે છે કે ભાઈ! અત્યારે ઊભા કરેલા સંયોગોને તું તજી દે. તેં અગાઉ જોયું છે કે સંજોગરૂપ મૂળથી જ આ પ્રાણીએ દુઃખની

પરંપરા પ્રાપ્ત કરી છે. જે સંબંધોની ખાતર તું સર્વ હારી બેસે છે અને જેની ખાતર તું તારો પોતાનો વિચાર પણ કરતો નથી એ સર્વ સંયોગોને તજી દે. એ સંબંધો પર છે, પરની સાથેના છે અને વળી તેનો વિયોગ નિશ્ચિત છે. જે વસ્તુ સાથેનો વિયોગ જરૂર થવાનો હોય તેની ખાતર પડી મરવું ઘટે નહિ, શોભે નહિ, વાસ્તવિક ગણાય નહિ. સંથારાપોરસિમાં કહ્યું છે કે **संजोगमूला जीवेण, पत्ता दुःखपरम्परा । तम्हा संजोगसंबंधं, सव्वं तिविहेण वोसिरे ॥** એની આગળની બે ગાથા આપણે એકત્વભાવનામાં વિચારી હતી (જુઓ પૃ. ૧૫૧). 'આ પ્રાણીએ સંયોગને કારણે અનેક દુઃખની પરંપરા પ્રાપ્ત કરી છે. તેટલા માટે સર્વ સંયોગ-સંબંધને મન-વચન-કાયાથી વોસિરાવું છું-તેની સાથેનો સંબંધ અત્ર પૂરો કરું છું.' આ ખરી આંતર-આત્મદશા છે.

સંયોગ શબ્દ જ વિયોગને સૂચવે છે. એ અકુદરતી છે, ઊભો કરેલ છે અને જે સ્વાભાવિક ન હોઈ ઊભું કરેલું હોય તેનો વિયોગ કોઈ કાળે તો જરૂર થાય જ. અને થાય ત્યારે મૂંઝવે; માટે તારે હાથે સ્વેચ્છાથી જ તેનો ત્યાગ કરી દે. **त्यक्ता ह्येते शम-सुखमनन्तं विदधते ।** એનો સ્વયં-જાતે ત્યાગ કર્યો હોય તો ખૂબ આનંદ-શાંતિ આપે છે. અંતે છોડવાનાં જ છે, ન ગમે તો પણ આખરે છૂટી જવાના છે ત્યારે શા માટે એના ત્યાગનો આનંદ માણતો નથી? શમરસની મજા માણી લે. સંયોગ-સંબંધને સ્વયં ત્યજવાની આ પ્રથમ વાત કરી.

એક બીજી વાત ચેતન! તું એકાગ્રતા કર. અત્યારે અનેક કાર્ય કરવાને કારણે તારી શક્તિઓ વેડફાય છે અને તું એક બાબત ઉપર શાંતિથી વિચાર પણ એકધારો કરી શકતો નથી. ચપળ ચિત્ત જ્યાં ત્યાં રખડે છે અને વાત એવી વિચિત્ર બને છે કે તારામાં કોઈ પ્રકારની શાંતિ આવતી નથી. પછી અહીંથી રળું કે અહીંથી લઈ લઉં કે આને ત્યાં જઉં કે પણે ભાષણ કરું-એવા વિચારો થાય છે, પણ એકે બાબતમાં ચિત્ત લાગતું નથી. એકે વિષયના ગુણ-દોષ પર કદી પૂરતો વિચાર થતો નથી અને એના લાભા-લાભ કદી તપાસાતા નથી. એકાગ્રતાને અભાવે પ્રાણી જ્યાં ત્યાં અવ્યવસ્થિતપણે ભટકયા કરે છે; પણ જ્યારે એકાગ્રતા થાય છે ત્યારે મનમાં શાંતિ અને સ્થિરતા થાય છે. એમાં પણ એ એકાગ્રતા જ્યારે નિર્મળ હોય ત્યારે ઓર આનંદ આવે છે.

જ્યારે લોકેષણા જાય, જ્યારે કીર્તિની ચાહના ન હોય, જ્યારે ફરજનો સ્પષ્ટ ખ્યાલ હોય અને જ્યારે આત્મપ્રગતિ કરવાનું સ્પષ્ટ ધ્યેય હોય ત્યારે જે એકાગ્રતા થાય છે તે નિર્મળ-દોષ વગરની કહેવાય છે. આ એકાગ્રતા ધ્યાનનો વિષય છે અને તે ભાવનાને પરિ-ણામે પ્રાપ્ત થાય છે. પણ અહીં તેને પ્રાપ્ત કરવાની ભલામણ કરવાનો હેતુ એ છે કે જ્યાં સુધી પ્રાણી ચિત્તની સ્થિરતા કરી વસ્તુસ્વરૂપ અને તેનો સંબંધ વિચારતો નથી ત્યાં સુધી એ અન્યત્વભાવ બરાબર જમાવી શકતો નથી અથવા જાણેલ વાત તુરત ખસી જાય છે. એટલા

માટે નિર્મળ અવધાન કરી, વસ્તુને ઓળખવાની અને તેનો આત્મા સાથેનો સંબંધ વિચારવાની ખૂબ જરૂર છે અને તેને પરિણામે પ્રગતિ ચોક્કસ છે.

આ બન્ને હકીકત ન બને તો યાદ રાખજે કે સખ્ત ગ્રીષ્મકાળમાં તું ફાળ મારીને ગમે તેટલું મૃગતૃષ્ણાનું પાણી પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીશ તો પણ તને કદી તૃપ્તિ થવાની નથી. ઝાંઝવામાં પાણી છે જ નહિ, છતાં દોડાદોડી કરી તું કોઈ જગ્યાએથી જરા જળ મળ્યું છે એમ માનીશ તો પણ તારી તરસ છીપશે નહિ અને તારી દોડાદોડી તો જરૂર ઊભી જ રહેશે. તું આમ ને આમ કચાં સુધી દોડ્યા કરીશ? તને હજુ દોડાદોડીનો થાક લાગ્યો નથી? એ મૃગતૃષ્ણા કેવી છે તેનું વર્ણન કરવું પડે તેમ નથી. હરણીઆ એની શોધમાં હેરાન હેરાન થઈ દોટ મૂકચા જ કરે છે. તારી ધનાદિ માટેની દોડાદોડી એવા જ પ્રકારની છે. ધન ગમે તેટલું મળશે તો પણ સંતોષ થશે નહિ અને નહિ મળે તો વિષાદનો પાર રહેશે નહિ; માટે એને પ્રેરનાર સંયોગ-સંબંધને તજી દે અને નિર્મળ એકાગ્રતા કર. આ ભાવનાનું આ અતિ વિશિષ્ટ પરિણામ છે. ખૂબ વિચાર કરીને એને વ્યવહારુ આકાર આપજે અને પરભાવ-રમણતા છોડી દેવા યત્ન કરજે.

૮. છેવટે ભલામણ કરે છે કે જેને કોઈ જાતનો આશરો ન હોય તેને ટેકો આપનાર, નિરાશ્રિતના આશ્રિત, અનાથના બેલી શ્રી તીર્થંકરદેવને આશરે જા. તેં શરૂઆતમાં જ જોયું છે કે શરીર, ધન, પુત્રો, ઘર કે સ્વજનમાંથી કોઈ તને દુર્ગતિમાં પડતાં રક્ષણ આપી શકે તેમ નથી. આવી રીતે ચારે તરફ ઘોર ઘનઘટા છવાઈ હોય છે ત્યારે પણ તને તીર્થંકર મહારાજ સહાય કરનાર છે એટલો એક જ તારે આશરો છે; કારણ કે એ તીર્થંકરદેવ સાચા ધર્મની પ્રાપ્તિ કરી આપીને તને સદ્ગતિએ જવા યોગ્ય સર્વ રસ્તા બતાવે છે, અને તું વધારે પ્રયત્ન કર તો તને સર્વ ઉપાધિથી સર્વથા મુક્તિ મેળવી આપી તારો આ ચક્ર-ભ્રમણનો છેડો લાવી આપે તેમ છે. એવો એ સુંદર આશ્રય છે, કાળા વાદળામાં રૂપેરી દોરી છે અને તને અખંડ શાંતિનું સ્થાન છે. મતલબ: તું એ તીર્થંકર મહારાજે બતાવેલા ધર્મનો આશ્રય કર અને તે દ્વારા તારી પ્રગતિ સાધ. એનો હેતુ એ છે કે મોક્ષગતિએ જવાનો એ સહેલો ઉપાય છે, એ અનાયાસે સિદ્ધ છે અને પરિણામ ચોક્કસ નિપજાવનાર છે.

તું શાંતસુધારસનું ખૂબ પાન કર. એનાથી તારું આખું શરીર ભરી દે અને એ-મય થઈ જા. એ અમૃતપાનમાં ત્રણ ગુણો છે:—

(૧) એ વ્યાધિને શમાવનાર છે. અમૃત હોય છે ત્યાં વ્યાધિનો સદ્ભાવ ન જ હોય. એ સર્વ વ્યાધિને હરનાર એક દવા છે. भवरोगार्तजंतूनामगदंकारदर्शनः ભવરોગથી પીડાયેલા પ્રાણીઓને અંગે એ વૈદ્યનું કામ કરે છે. શાંતરસ ભવ-વ્યાધિને શમાવી દે છે. અગદંકાર એટલે વૈદ્ય — સંસારરૂપ વ્યાધિના વૈદ્ય — તીર્થંકર પરમાત્મા છે.

(૨) વમન-વાંતિ (ઊલટી)ને દૂર કરનાર છે. આ પ્રાણીને આંતર-વિકારો થયા જ કરે છે પણ શાંતસુધાનું પાન કરે તો એવા વિકારો દૂર થઈ જાય છે, એ સ્વ-પરને ઓળખે છે અને એના વિકારો શમી જાય છે.

(૩) વળી એ રસ વિનાશરહિત છે. અપાય એટલે પીડા કે વિનાશ, એ જ્યાં ન હોય ત્યાં ભારે મજા આવે છે. માથે વિનાશનો ભય લટકતો હોય ત્યાં સુખી કામ કરવામાં મજા આવતી નથી. શાંતરસ અને વિનાશને ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવ જેવો સંબંધ છે.

આવો શાંત અમૃતરસ જે સર્વ વ્યાધિને શમાવનાર છે, વાંતિને દૂર કરનાર છે અને વિનાશરહિત છે તેને પી.

આ ગાથામાં શિવગતિનો સરળ ઉપાય બતાવ્યો અને શાંતવાહિતામાં સ્નાન કરવાની ભલામણ કરી. આ રીતે પાંચમી અન્યત્વભાવના લેખકશ્રીએ પૂરી કરી. વિનય નામનું રટણ આપણે પણ પ્રત્યેક ગાથાને અંતે અષ્ટકમાં કર્યું.

* * *

એ રીતે અન્યત્વભાવનાની હકીકત રજૂ કરી. અન્યત્વભાવનામાં બહાર જોવાનું છે અને બહારનો-પરનો સંબંધ આત્મા સાથે કેવો છે તેનો બરાબર ખ્યાલ કરવાનો છે. જંગ (Jung) નામના તત્ત્વજ્ઞાનીએ મનુષ્યજાતિના બે વિભાગ પાડ્યા છે : એકને તે Introvert કહે છે, બીજાને તે Extrovert કહે છે. એકસટ્રોવર્ટ (બાહ્યદૃષ્ટિ)નું માનસિક બંધારણ બાહ્ય વસ્તુ તરફ હોય છે અને તે તેનું સર્વ ધ્યાન અને લાગણી રોકે છે. ઈન્ટ્રોવર્ટ (આંતરદૃષ્ટિ) પોતાની અંદર જુએ છે, દુનિયામાંથી એ લગભગ દૂર જાય છે અને તે દુનિયાને પોતાની વિરોધી ગણે છે.

'આંતરદર્શી' વસ્તુઓ કરતાં પોતાના વિચાર, કલ્પના અને લાગણીને વધારે પ્રાધાન્ય આપે છે જ્યારે બાહ્યદર્શી વસ્તુઓ ઉપર ધ્યાન આપે છે. જ્યાં જ્યાં ધર્મનું પ્રાધાન્ય હોય છે ત્યાં બહુધા આંતરદર્શી તત્ત્વજ્ઞાનીઓની વિપુલતા હોય છે. જ્યાં સ્થૂળવાદ-ભૌતિકવાદ (Materialism) પર વધારે ભાર હોય છે ત્યાં બાહ્યદર્શી તત્ત્વજ્ઞાનીનું સામ્રાજ્ય હોય છે.

હિંદના લગભગ સર્વ તત્ત્વજ્ઞાનીઓ આંતરદર્શીની કોટિમાં આવે, છતાં ચોથી અને પાંચમી ભાવનાને અંગે જોવામાં આવ્યું હશે કે આંતરદર્શી તત્ત્વજ્ઞાનીઓએ આત્મનિરીક્ષણ ચોથી ભાવનામાં કર્યું છે તો પાંચમીમાં પદાર્થનો અંતર-આત્મભાવ સાથેનો સંબંધ કદી વીસરી ગયા નથી.

મારા મતે સ્યાદ્વાદપ્રરૂપક જૈન તત્ત્વજ્ઞાનીઓ આંતરદર્શી અને બાહ્યસ્પર્શી બરાબર રહી શકે છે. સાથે એ પણ કહેવું જોઈએ કે ઢાલની બંને બાજુ તેઓ રજૂ કરવામાં સફળ થયા

છે છતાં તેઓમાં વિપુલતા તો આંતરદર્શિત્વની જ છે અને આત્માની હયાતી સ્વીકારનાર આ સિવાય બીજો તત્ત્વવિચારણાનો માર્ગ લઈ શકે એ અશકય છે. મારું મંતવ્ય એ છે કે જૈન તત્ત્વજ્ઞાનીઓ એકાંત માયાવાદ (Illusion) માં માનનાર ન હોવાથી તેઓ વસ્તુ સાથેનો આત્માનો સંબંધ બરાબર ઝળકાવી શકયા છે. તેઓની ગણના તો બહુધા ઇન્ટ્રાવર્ટ (આંતરદર્શી)ની કક્ષામાં જ આવે.

(આને અંગે એ. હકસલીની 'પ્રોપર સ્ટડીઝ' (Proper Studies by Aldous Huxley) માંથી Varieties of Intelligence નો નિબંધ જરૂર જોવા અને સરખાવવા યોગ્ય છે.)

આજથી ૨૪૯૨ વર્ષ પહેલાં આસો વદિ અમાવાસ્યાની સવારે મહાવીર ભગવાને પોતાના મુખ્ય શિષ્ય ઇંદ્રિભૂતિ **ગૌતમને** બાજુના ગામમાં દેવશર્મા નામનો બ્રાહ્મણ રહે છે તેને ઉપદેશ આપવા માટે જવા કહ્યું. આજ્ઞાંકિત શિષ્ય તુરત ત્યાં ગયા. ઉપદેશ આપ્યો. રાતના બાર વાગવાનો સમય થયો હશે ત્યાં આકાશમાં દેવતાઓને અમુક દિશા તરફ જતા જોયા. શું છે ? એમ પ્રશ્ન થયો. તપાસ કરતાં જણાયું કે મહાવીરસ્વામી મોક્ષે ગયા અને ભાવઉદ્યોતનો નાશ થતાં દેવો દ્રવ્યઉદ્યોત કરી રહ્યા છે અને ભગવાનનો દેહ અપાપાપુરીમાં પડયો છે ત્યાં નમન કરવા જાય છે.

ગૌતમસ્વામી વિહ્વળ થઈ ગયા. એમને વિચાર થયો કે દુનિયાનો ક્રમ છે કે એવા વખતે માણસો છોકરાઓને પાસે બોલાવે, બહારગામ હોય તો તેડાવી મંગાવે અને ભગવાને તો મને ઊલટો દૂર કર્યો ! મારા ઉપર શું તેમનો સ્નેહ જ નહિ હોય ? આવું તે હોય ? આ પ્રમાણે ખૂબ ખેદ કર્યો. પછી વિચાર્યું કે ખરેખર એ વીતરાગ હતા ! હું કોનો ? અને તેમને ને મારે શો સંબંધ ? ભગવાન તો નિઃસ્પૃહ જ હોય. એને પોતાનાં તેમજ પારકાં ન હોય. હું ભૂલ્યો. એમ અન્યત્વભાવનો વિચાર કરતાં ખૂબ આત્મનિમજ્જન કરી કૈવલ્ય ઉપજાવ્યું, સંપૂર્ણ જ્ઞાન થયું અને લોકાલોકના ભૂત-ભવિષ્ય-સાંપ્રત ભાવો જ્ઞાનનજરે જોયા. આ અન્યત્વભાવના.

રડી રડીને માતા મરુદેવાએ આંખો ખોઈ. મારો 'ઋષભ' શું કરતો હશે ? એ કયાં પોઢતો હશે ? એને અડચણ પડે તો કોણ એનું નિવારણ કરતું હશે ? આખી રાત જંપ નહિ. ભરત-બાહુબળ પગ ચાંપવા બેસે ત્યારે પણ એ જ ઝંખના-"મારો ઋષભ શું કરતો હશે ? તમે એની સંભાળ જ લેતા નથી.' એ પ્રમાણે બોલતાં આંખમાંનાં આંસુ વર્ષો ગયાં પણ સુકાયાં નહિ. માતાનો પ્રેમ તદ્દન નિર્મળ અને આ માતામાં તો જુગળીઆની ભદ્રિકતા હતી, ત્રીજા આરાની સરળતા હતી, અસાધારણ વાત્સલ્યની પરાકાષ્ઠા હતી. એ તો દરરોજ રડે, રાત્રે રડે અને હાલતાં-ચાલતાં પણ નિઃસાસા મૂકે, જેથી આંખ ઉપર પડળ વળી ગયાં પણ એનું રડવું અટકયું નહિ.

ભરત મહારાજ માતાને ગમે તેટલું આશ્વાસન આપે, બાહુબળી એના પગ ચાંપે પણ માતાનો સ્નેહ તો એના ઋષભને જ ઝંખે. એવી રીતે ૧૦૦૦ વર્ષ વ્યતીત થયાં. એક દિવસ પ્રભાતે સમાચાર આવ્યા કે ' શ્રી ઋષભદેવને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું છે અને નગર બહાર

દેવોએ સમવસરણ રચેલ છે.' તુરત જ બીજા સમાચાર આવ્યા કે 'આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું છે.' બંને સમાચાર લગભગ એક સાથે આવ્યા. ક્ષણવાર ભરત મહારાજ વિચારમાં પડ્યા–**'तात चक्र धूर पूजय, चिंता એહ હુઈરી.'** પિતાની પ્રથમ ઉપાસના કરું કે ચક્રરત્નની ? બીજી જ ક્ષણે નિરધાર કર્યો કે તાતની જ પૂજા પ્રથમ ઘટે. ચક્ર તો આ ભવનું સાધન છે, અંતે પર છે. તાત જગત્પૂજ્ય છે, સંસારથી મુકાવનાર દેવાધિદેવ છે.

મરુદેવા માતાને હાથી પર બેસાડ્યાં, પોતે મહાવતને સ્થાને બેઠા. દૂરથી દેવદુંદુભિનો અવાજ સાંભળ્યો. 'માતા ! તમારા પુત્રની ઋદ્ધિ જુઓ ! આ દેવતાઓ પુષ્પવૃષ્ટિ કરે છે. ત્રણ ગઢવાળું સુંદર સમવસરણ છે, અશોકવૃક્ષ ડોલી રહ્યું છે, ચામર વીંજાય છે, ભામંડળ ઝળકે છે,' વગેરે.

માતા તો સાંભળીને ડઘાઈ ગયાં. 'અરેરે ! હું તો વર્ષોથી 'ઋષભ, ઋષભ' કરતી હતી અને આ તો મજામાં છે. આ તે કોના છોકરા ને કોની માતા ?' હર્ષનાં આંસુ આવ્યાં. પડળ દૂર થઈ ગયાં. સમવસરણાદિ જોયું તેથી મનમાં અન્યત્વભાવના જાગી. તે રગે-રગે પ્રસરી ગઈ. અત્યંત હળુકર્મી ભદ્રિક જીવ હતો. હાથીના હોદ્દા પર કૈવલ્યજ્ઞાન થયું. આ અન્યત્વભાવના.

એકત્વભાવનાને અને અન્યત્વભાવનાને ખૂબ નજીકનો સંબંધ છે. એકમાં અંદર જોવાનું છે અને બીજામાં અંદરની અપેક્ષાએ બાહ્યને તોળવાનું છે. આ તુલના કરવાનો આ ખરેખરો પ્રસંગ છે. અને એનો બનતો ઉપયોગ થાય તો આ ભાવના ભાવવાનું સાર્થક્ય છે.

પ્રથમ સર્વથી અગત્યની બાબત આ **શરીર** છે. એની ખાતર અનેક અગવડો સહેવામાં આવે છે, એને પોષણ આપવામાં આવે છે અને એનું જતન કરવામાં પૂરતું ધ્યાન આપવામાં આવે છે, છતાં એ કોઈ પણ વખત સરખો જવાબ આપતું નથી. એને શરદી-ગરમી લાગતાં વાર લાગતી નથી અને જ્યારે એની ખૂબ સંભાળ લેવામાં આવે છે ત્યારે ઊલટું વધારે ત્રાસ આપતું જાય છે. એને ખવરાવવાની ચિંતા, એને ખવરાવેલું બહાર કાઢવાની ચિંતા, એને સાફ રાખવાની ચિંતા અને એને સરખાઈમાં રાખવાની ઉપાધિનો પાર નહિ.' એ સર્વની નિત્ય નોંધ રાખી હોય તો એનું લિસ્ટ ભારે જબરું થાય અને છતાં એ તો પરાયાની જેમ જ વર્તે છે. એનામાં શું ભર્યું છે એ વાત હવે પછી વિચારવાની છે (છઠ્ઠી ભાવનામાં), પણ જેવું છે તેવું એ પર જ છે અને પરાયાની જેમ જ તે પ્રાણી સાથે વર્તે છે. પરત્વ-અન્યત્વ એનાથી શરૂ થાય છે.

આ પ્રમાણે છતાં શરીરને પરાયું માનવાની વાત સમજવી બહુ મુશ્કેલ છે અને મુશ્કેલ છે માટે ખૂબ વિચારવા યોગ્ય છે. એના સંબંધમાં ઘણું લખાઈ ગયું છે. અત્યારે કોઈ છાપું હાથમાં લેશો તેમાં ૭૫ ટકા જાહેરખબર દવાની હશે. સ્વર્ગમાંથી કોઈ તે વાંચે તો મનુષ્ય-લોકમાં કોઈ વ્યાધિનો ઉપાય શોધવો હવે રહ્યો નહિ હોય તેવી તેમાં જાહેરાતો હોય છે,

અને છતાં આપણે શારીરિક બાબતમાં સુધર્યા છીએ એમ તો લાગતું જ નથી. આ સર્વ શરીરનો મોહ છે, અસ્થાને મૂકેલા વિશ્વાસનું પરિણામ છે અને પરભાવ-રમણતાનો પ્રતિધ્વનિ છે. શરીરને અંતે મૂકી જવું પડે છે એ તો સંદેહ વગરની વાત છે.

સગાંઓનો સ્નેહ એ પણ પરભાવમાં રમણતા છે એમાં કશો સંદેહ નથી. એ સગાંઓ પરભવમાં સાથે આવતાં નથી કે ત્યાં કોઈ પ્રકારની સહાય કરી શકતાં નથી એ વાત તો આપણે વિગતથી જોઈ ગયા. સ્વાર્થ પૂરતો જ સ્નેહ છે. એનાં અનેક દૃષ્ટાન્તો નોંધાયેલાં છે. તેનું સંક્ષિપ્ત અવલોકન કરી જોઈએ.

સુરિકાન્તા, એ સ્ત્રીના પ્રેમનું દૃષ્ટાંત પૂરું પાડે છે. એ પરદેશી રાજાની મહારાણી થાય. રાજા સાથે એણે ખૂબ વિલાસ કર્યો. રાણી વિષયાસક્ત હતી અને તે પૂરતો તેનો રાજા પર સ્નેહ હતો. એક વખત રાજાને કેશીગણધરનો મેળાપ થયો. તેમના ઉપદેશથી એની નાસ્તિકતા દૂર થઈ. એ ધર્મ સમજ્યો. દુનિયાની અસ્થિરતા તેના ધ્યાનમાં આવી. એ રાણી તરફ શિથિલ પ્રેમવાળો થયો. રાણીને એ ન ગમ્યું. એની ઇચ્છા તૃપ્ત ન થતાં એ પિંગળાની જેમ પરપુરુષ સાથે સહચાર કરવા લાગી. રાજાનો ભય લાગ્યો અને અંતે પ્રેમીના લેબાશમાં રાજાને વિષ દઈ, ગળે નખ મારી રાણીએ એના પ્રાણ લીધા. આ સ્ત્રીનો પ્રેમ !

બ્રહ્મદત્ત ચક્રવર્તીની માતા, વિધવાવસ્થામાં પરપુરુષ(દીર્ઘરાજા) લંપટ થઈ. પ્રથમાવસ્થામાં જે પુત્ર ગર્ભે આવ્યો ત્યારે પોતે ચૌદ સ્વપ્ન જોયાં હતાં તેવા ચક્રવર્તી થનાર પુત્રને મારી નાખવા તે જ માતાએ લાખનું ઘર બનાવ્યું અને ત્યાં પુત્રને સૂવા મોકલ્યો. માતાએ પોતે જ એ ઘરને આગ લગાડી. એ ચક્રવર્તી થનાર પુત્ર એના મિત્ર પ્રધાનપુત્રની કુશળતાથી બચ્યો, પણ સ્વાર્થસંઘટ્ટન વખતે માતા પણ કેટલી હદ સુધી જાય છે તે ખાસ વિચારવા જેવું છે.

કનકકેતુ રાજાને રાજ્યનો એટલો બધો લોભ હતો કે એ પોતાના પુત્રોને કાણા, લૂલા, પાંગળા, આંધળા અને બીજી ખોડખાંપણવાળા કરી રાજ્યને અયોગ્ય કરતો હતો. નિયમ પ્રમાણે એવા પુત્રને રાજ્ય મળતું નથી. પિતા કેટલી હદ સુધી સ્વાર્થ વખતે પુત્ર સાથે પણ ક્રૂર થાય છે તે આ દાખલામાં વિચારવા જેવું છે.

પુત્રના સ્નેહમાં **કોણિકનું** દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે. એ શ્રેણિક રાજાનો પુત્ર થાય. એનું નામ કૂણિક પણ કહેવાય છે. એણે રાજ્યલોભે પિતાને કેદમાં પૂર્યા, પાંજરામાં નાખ્યા અને રાજ્ય પોતાને તાબે કર્યું. એણે પાંજરામાં પણ પિતાને ચાબખા મરાવ્યા. તે પુત્ર બાલક હતો ત્યારે તેનો અંગૂઠો પાકયો હતો. પિતા પરુથી ખરડાયલા એ અંગૂઠાને સ્નેહવશ થઈને પોતાના મુખમાં રાખતા હતા. તે પુત્રે પિતાના સ્નેહનો બદલો આપ્યો ! ઇતિહાસમાં ઔરંગઝેબે એના પિતા શાહજહાનને અને ભાઈ દારાને કેદમાં નાખ્યાના દાખલા સારી રીતે

જાણીતા છે. સ્વાર્થ એ એવી જ ચીજ છે. સગા ભાઈઓને લડવાના કેસો કોરટમાં ઘણા જાણીતા છે.

સ્નેહની સ્વાર્થપરતા કેટલી છે તે માટે બહુ દાખલાઓ આપવાની જરૂર પડે તેમ નથી. આપણા દરરોજના અનુભવનો તે વિષય છે. ભાઈ ઓ લડે ત્યારે એક-બીજાના ગોળાનાં પાણી હરામ થાય છે. આ સંસારમાં તો સર્વ પ્રકારનાં દૃષ્ટાન્તો મળી આવે છે, પણ એ સર્વમાંથી એક વાત બરાબર સિદ્ધ થાય છે કે આ દુનિયામાં ખરા સ્નેહ જેવી એક પણ ચીજ નથી. જો ખરો સ્નેહ હોય તો સ્નેહીના વગર જીવી શકાય નહિ, છતાં જેના વગર એક દિવસ ન જાય તેના વગર વર્ષો વહી જાય છે તે આપણે વારંવાર અનુભવીએ છીએ અને છતાં સ્નેહ પાછળ ઘસડાઈ એ છીએ. આ સ્થિતિ વિચારશીલ દીર્ઘદૃષ્ટિની તો ન હોય.

પ્રેમ-સ્નેહ એ એવી ચીકટ વસ્તુ છે કે એક વાર એને અવકાશ આપ્યા પછી એમાં વિવેક, સભ્યતા કે મર્યાદાને સ્થાન રહેતું નથી. પછી આખા ગામમાં રૂપાળામાં રૂપાળો છોકરો શોધવા મોકલવામાં આવે તો ગામના કનૈયા કુંવરો પર નજર ઠરતી નથી, પણ પોતાના હબસી જેવા છોકરા તરફ જ આંખો ઠરે છે. આ સભ્યતાનો નમૂનો છે. સ્નેહ કેટલો પક્ષપાત કરાવે છે તે વિચારવાનું આ સ્થાન છે.

સ્ત્રી, પુત્ર કે અન્ય સગાં પર સ્નેહ કેટલો વખત ટકે છે તેનો ખ્યાલ ઘરડા માણસને થાય છે. એનામાં સ્વાર્થ ન રહેતાં એનું જીવન ઘણીવાર બહુ આકરું-અકારું થઈ પડે છે. એના દાખલા પણ નજરે જોયા છે. પરભવમાં એ સ્નેહીમાંનો કોઈ જરા પણ કામમાં આવતો નથી એ વાત તો બરાબર સ્પષ્ટ થઈ ગઈ છે.

પરવસ્તુઓના સ્નેહમાં ધન ઉપરની ગાંઠ સર્વથી આકરી છે. એના પાશમાં જુદી જુદી કક્ષાએ સર્વ આવી પડેલા છે. એની ચીકાશ એટલી આકરી છે કે એ મરતાં સુધી છૂટતી નથી. મરતી વખતે પણ એમાં વાસના રહી જાય છે. એમાં કાંઈ ધ્યેય પણ હોતું નથી. એમાં મર્યાદા રહેતી નથી. એમાં સગપણ-સ્નેહ-સંબંધ કાંઈ જોવામાં આવતું નથી. સિત્તેર વર્ષની વયના માણસોને પુત્ર-પુત્રી ન હોય તો પણ ધનની પાછળ ગાંડા થતા આપણે નજરે જોયા છે. એ શેની ખાતર અજંપો અને ઉજાગરા કરતા હશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે, પણ છતાં તેઓ તો પોતાની ધન પાછળની ચોંકી, સાચા-જૂઠા કરવાની પદ્ધતિ અને અનેક ગોટાળા વૃદ્ધ વયે પણ કર્યા જ કરે છે. ધનનો મોહ અજબ છે અને પૃથક્કરણને માટે અશક્ય છે, ન સમજાય તેવો છે અને ઠેઠ સુધી હેરાન કરનાર છે, સમજ્યા છતાં પણ એ છૂટતો જ નથી.

ધન તો પર વસ્તુ છે એ સિદ્ધ કરવાની કાંઈ જરૂર નથી. એ શરીર જેટલું નજીક પણ નથી અને સગાં જેટલું સમીપ પણ નથી, પરંતુ એને કેટલાક વ્યવહારના અનુભવીઓ 'અગિયારમો પ્રાણ' કહે છે. પ્રાણીને પાંચ ઇંદ્રિય, મન, વચન, કાયાના

યોગો, શ્વાસોચ્છ્વાસ ને આયુ એ દશ પ્રાણ હોય છે, પણ ધન એ અગિયારમો પ્રાણ બની જાય છે અને ઘણીવાર તો એનો ગ્રાહ એવો આકરો બને છે કે એ દશ પ્રાણને મુકાવે છે. મહાવિગ્રહ પછી વ્યાપારની અસ્ત-વ્યસ્ત સ્થિતિ થતાં, કેટલાએ વ્યાપારીને નુકસાન થતાં, શરીરે તારાજ થતાં જોયા છે. કેંકને ગાંડા થઈ જતા જોયા છે અને કેટલાઓને અંતે ઘસાઇને મરણ પામતા જોયા છે. ધનનો અપરંપાર મહિમા છે. એના પરની આસક્તિ પ્રાણીને કેટલી હદ સુધી લઈ જાય છે તે પર વધારે વિવેચનની ભાગ્યે જ જરૂર હોય. પરભાવમાં રમણ કરવાની ટેવનું એ અનિવાર્ય પરિણામ છે,

ધન સિવાય અન્ય વસ્તુઓ પરનો પ્રેમ પણ ઓછો-વધતો બદલો જરૂર આપે છે. આપણાં ફરનિચર પર આપણને કેટલો રાગ હોય છે! નાતમાં જમવા ગયા હોઈએ અને એક કળશો જો બદલાઈ જાય ત્યાં કેટલા ચિડાઈ જઈએ છીએ! અને એક સારું આલ્બમ બનાવ્યું હોય તો કેટલાને બતાવીએ છીએ! કોઈને પિક્ચરનો શોખ, કોઈને ઘડિયાળો પર મોહ, કોઈને કપડાં પર આદર, કોઈને જોડાં પર આસક્તિ, આવાં અનેક નામો લઈ શકાય; પણ તે બિનજરૂરી છે. પાર્થિવ કોઈ પણ ચીજ પર આસક્તિ નિરર્થક છે, કચવાટ કરાવનાર છે અને અંતે સર્વને છોડવાની છે એમાં શક નથી. જેલમાં એક થાળી, બે વાટકા અને બે ધોતર, બે બંડી અને એક ઓછાડ (ચાદર) તથા બે ખલે કેટથી ચલાવી શકાય છે અને ઘેર કપાટ ભરીને કપડાં હોય અને પેટી ભરીને ઠામવાસણો હોય તો પણ ઓછાં પડે છે. આપણી જરૂરીઆત આપણે વધારીએ છીએ અને પછી નકામા મૂંઝવણમાં પડી અંધારામાં ગોથાં ખાઈએ છીએ.

વિચારવાનું એ છે કે આ ચીજોમાંથી કોઈ સ્થાયી નથી, કોઈ આપણી નથી, આપણી સાથે આવવાની નથી, એને છોડતાં અંદરથી જીવાત્મા અમળાઈ જવાનો છે અને એને જ રાજીખુશીથી છોડતાં શાંતિની ધારા ચાલે તેમ છે. અખંડ વિનોદ થાય તેમ છે અને ફરજ બજાવવાના ખ્યાલમાં મસ્તતા આવે તેમ છે.

આવી રીતે આપણે આત્મિક વિચાર કર્યો. પ્રથમ ભાવનામાં સંસારની અનિત્યતા, પદાર્થોની અનિત્યતા આત્માની નજરે વિચારી. બીજી ભાવનામાં આ પ્રાણીને-આત્માને કોઈનું શરણ નથી એ જોયું, ત્રીજી ભાવનામાં સંસારનું આખું ચિત્ર રજૂ કર્યું, ચોથી ભાવનામાં આત્મા એકલો જ છે, એકલો આવ્યો છે અને એકલો જનારો છે એ વિચાર્યું અને આ છેલ્લી પાંચમી ભાવનામાં આત્મા સિવાય સર્વ પદાર્થો અન્ય છે અને અન્ય હોઈ તેની ખાતર પડી મરવું એ અજ્ઞાન છે એ બતાવતાં ખાસ કરીને પોતાનું શરીર પણ અન્ય છે એ બાબત પર ભાર મૂક્યો. પ્રથમની પાંચ ભાવનાઓ આત્માને અંગે છે. હવે પછી આવનારી છઠ્ઠી ભાવના શરીરને અંગે છે. સાત, આઠ, નવ: એ ત્રણ ભાવના કર્મનો સંબંધ જુદા જુદા દૃષ્ટિબિન્દુથી ચર્ચનાર છે; દશમી ભાવના ધર્મની આવશ્યકતા સમજાવે છે, અગ્યારમી ભૌગોલિક છે અને બારમી સમ્યક્ત્વની દુર્લભતા બતાવનાર છે. એના વિભાગો નીચે પ્રમાણે પાડી શકાય :

૧ થી ૫ ભાવના : આત્મિક, આત્માનો સંબંધ બતાવનાર.

૬ઠ્ઠી ભાવના : શારીરિક, શરીરની અંદર શું છે તે બતાવનાર.

૭ થી ૯ ભાવના : કાર્મિક, કર્મનો સંબંધ બતાવનાર.

૧૦ થી ૧૨ ભાવના : પ્રકીર્ણવિષયક, જુદા જુદા ધર્માદિ વિષય પ્રકટ કરનાર.

એટલે હવે અહીંથી આપણી લાઈન બદલાય છે. અંતે તો સર્વ ભાવનાનો આત્મા સાથે સંબંધ છે એ વાત સાચી છે, પણ આ પ્રથમની પાંચ ભાવનામાં આત્મા કેંદ્રસ્થાને છે. એક આત્માને બરાબર ઓળખ્યો તો સર્વ ઓળખી લીધું એ વાત ધ્યાનમાં રાખવાની છે. આત્માને માટે આ સર્વ રમત છે, એને પ્રકટ કરવો અને એના મૂળ સ્વરૂપમાં લઈ આવવો એને માટે આ સર્વ ઉપદેશ છે અને એ સંબંધમાં કદાચ કોઈ વિચાર બેવડાયા હોય, કોઈ વાતનું પુનરાવર્તન થયું હોય તો તેને ક્ષંતવ્ય ગણી આત્માને ઓળખવો એ આપણું પ્રધાન કર્તવ્ય છે.

અનંતશક્તિનો ધણી, અનંતગુણનો નાયક, ભૂતભાવીદ્દષ્ટા અને અનંત સુખમાં રમણ કરનાર એ આત્મા અત્યારે કઈ સ્થિતિએ ઊતરી ગયો છે એ વિચાર કરતાં ખેદ થાય તેમ છે. એની ઉપાધિઓ પાર વગરની છે અને એની ગૂંચવણો પણ મૂંઝવે તેવી છે; છતાં એ સર્વની ઉપર આવવાનું તેનામાં વીર્ય છે અને તે પ્રકટ કરવા આ ભવમાં જે સામગ્રીઓ મળી છે તે વિપુલ છે. એનો લાભ ન લેવામાં આવે તો પાછું એનું એ જ ચક્રભ્રમણ ચાલુ રહેવાનું છે. એમાં જીવનની અસ્થિરતા આદિ વિચારી નાસીપાસ થઈ લમણે હાથ મૂકીને રડવાનું નથી, પણ કમર કસીને લડવાનું છે અને લડતાં માર્ગ મળી જાય તેવું છે. વિકાસક્રમમાં મરુદેવા જેવા સુસાધ્ય જીવો તો થોડા જ આવે, પણ કષ્ટસાધ્ય જીવોએ પણ ગભરાવાનું કાંઈ કારણ નથી. આપણો મોક્ષ આપણા હાથમાં છે અને તે માટે સીધો માર્ગ પકડી લેવાનો આ અવસર છે. પોતાનું હોય તે ઉપર ખૂબ ભાર મૂકવો, માનસિક ઉચ્ચ ઉહ્યન કરવાં અને પરનો ત્યાગ કરવો. એટલું થાય તો રસ્તો હાથ લાગી જશે અને વધારે પ્રગતિ થાય તો બહુ સારી વાત છે, પણ તેમ ન બને તો સાચે રસ્તે અવાય તો પણ વિકાસક્રમના રસ્તા પર તો જરૂર આવી જવાશે.

આ ભાવનાઓ વિચારી સત્યસ્વરૂપ સમજવાનું છે, આદરવાનું છે, ગતિમાં મૂકવાનું છે. એ વિચારી જરા પણ ગભરાઈ જવાનું કારણ નથી, એ વાત વારંવાર લક્ષ્ય પર લેવાની છે. આપણો મોક્ષ આપણે કરી શકીએ તેમ છીએ અને તે માટે જ આ વિચારણા છે. પરમાત્મા આ **શાંતસુધા**નું પાન એના સાચા આકારમાં કરવાની સર્વને સદ્બુદ્ધિ આપો.

ઇતિ અન્યત્વભાવના. ૫.

૭. સકળચંદ્રજીકૃત અન્યત્વભાવના

(રાગ–કેદારો–ગોડી)

ચેતના જાગી સહચારિણી, આળસ ગોદડું નાંખી નાંખી રે;
હૃદય ઘરે જ્ઞાન દીવો કરો, સુમતિ ઉઘાડી આંખી રે. ચે૦

એક શતા અધિક અઠાવના, મોહ રણિયા ઘરમાંહિ રે;
હું સદા તેણે વીંટયો રહું, તુજ ન ચિંતા કેસી નારી રે. ચે૦

જઇ[1] મુઝ તે અળગા કરે, તો રમું હું તુઝ સાથે રે;
તેહથી હું અળગો રહું, જો રહે તું મુઝ સાથે રે. ચે૦

મન વચન તનુ સર્વે ઇંદ્રિયો, જીવથી જૂજુઆ હોય રે;
અપર પરિવાર સબ જીવથી, તું સદા ચેતના જોય રે. ચે૦

તનુ વચન સવે ઇંદ્રિયા, જીવથી જૂજુઆ જોય રે;
જો રમે તું ઇણ ભાવના, તો તુઝ કેવળ હોય રે. ચે૦

સર્વ જગ જીવ ગણ જૂજુઆ, કોઇ કુણનો નવિ હોય રે;
કર્મવશે નિજ નિજતણે, કર્મથી નવિ તર્યો કોય રે. ચે૦

દેવ ગુરુ જીવ પણ જૂજુઆ, જૂજુઆ જગતના જીવ રે;
કર્મવશ સર્વ નિજ નિજતણે, ઉદ્યમ કરે નહીં ક્લીવ[2] રે. ચે૦

સર્વ શુભ વસ્તુ મહિમા હરે, કલિયુગો દુષ્ટ ભૂપાળ રે;
તિમ દુકાલોપિ જનને હરે, અવરની આશ મન વાળ રે. ચે૦

ચિત કરે આપ તું આપણી, મમ કર પારકી આશ રે;
આપણું આચર્યું અનુભવ્યું, વિચારી પરવસ્તુ ઉદાસ રે. ચે૦

કો કિણે જગ નવિ ઉદ્ધર્યો, ઉદ્ધરે આપણો જીવ રે;
ધન્ય જે ધર્મ આદર કરે, તે વસે ઇંદ્ર સમીવ રે. ચે૦

જૂજુવે જૂજુવા આતમા, દેહ ધન જનથકી ધ્યાન રે;
તે ગઇ[3] દુઃખ નવિ ઉપજે, જેહને મને જિન જ્ઞાન રે. ચે૦

---

૧ યદિ. ૨ નપુંસક. ૩ તે જાય તો.

પ્રકરણ છઠ્ઠું

અશુચિભાવના

शार्दूलविक्रीडितम्

सच्छिद्रो मदिराघटः परिगलत्तल्लेशसंगाशुचिः,
शुच्यामृद्य मृदा बहिः स बहुशो धौतोऽपि गङ्गोदकैः ।
नाधत्ते शुचितां यथा तनुभृतां कायो निकायो महा-
बीभत्साऽस्थिपुरीषमूत्ररजसां नायं तथा शुद्ध्यति ॥ क १ ॥

मन्दाक्रान्ता

स्नायं स्नायं पुनरपि पुनः स्नान्ति शुद्धाभिरद्भि-
र्वारंवारं बत मलतनुं चन्दनैरर्चयन्ते ।
मूढात्मानो वयमपमलाः प्रीतिमित्याश्रयन्ते,
नो शुध्यन्ते कथमवकरः शक्यते शोद्धुमेवम् ॥ ख २ ॥

शार्दूलविक्रीडितम्

कर्पूरादिभिरर्चितोऽपि लशुनो नो गाहते सौरभं,
नाजन्मोपकृतोऽपि हन्त पिशुनः सौजन्यमालम्बते ।
देहोऽप्येष तथा जहाति न नृणां स्वाभाविकीं विस्रतां,
नाभ्यक्तोऽपि विभूषितोऽपि बहुधा पुष्टोऽपि विश्वस्यते ॥ ग ३ ॥

क १. सच्छिद्रो નાના કાણાંવાળો. **परिगलत्** ગળતાં, ઢળતાં. **तल्लेश** તેના અવયવો, ટીપાં. **संगाशुचिः** સંબંધથી અપવિત્ર. **शुच्या** પવિત્ર, સારી. **मृदा आमृद्य** માટી વડે મર્દન કરીને. **तनुभृतां** માણસોનાં. **निकायः** ઢગલો. **पुरीष** વિષ્ટા. **रजस्** રુધિર, લોહી.

ख २. स्नायं स्नायं ન્હાઈ ન્હાઈને. **मलतनुं** મળથી ભરેલું શરીર. **अपमला** મેલ વગરનાં, પવિત્ર. **अवकरः** ઉકરડો (જ્યાં આખા મહોલ્લાનો કચરો એકઠો થાય છે તે જગ્યા.) **एवम्** એ પ્રમાણે.

ग ३. कर्पूरादि કપૂર વગેરે; 'વગેરે'માં બરાસ, કસ્તૂરી, અંબર આદિ સુગંધી ચીજો. **लशुन** લસણ, **धसुं** દુર્ગંધી હોય છે. એ કંદમૂળ છે. **गाहते** વ્યાપ્ત થાય છે. **न आजन्मा उपकृतो** આખો જન્મ-આખો

उपेन्द्रवज्रा

यदीयसंसर्गमवाप्य सद्यो, भवेच्छुचीनामशुचित्वमुच्चैः ।
अमेध्ययोनेर्वपुषोऽस्य शौचसंकल्पमोहोऽयमहो महीयान् ॥ घ ४ ॥

स्वागता

इत्यवेत्य शुचिवादमतथ्यं पथ्यमेव जगदेकपवित्रम् ।
शोधनं सकलदोषमलानां धर्ममेव हृदये निदधीथाः ॥ ङ ५ ॥

ભવ ઉપકાર કર્યો હોય તો પણ નહિ. **पिशुनः** ખળ, લુચ્ચો માણસ. **विस्रता** દુર્ગંધીપણું, **अभ्यक्तो** Besmeared, વિલેપન કરેલો (સુગંધી અત્તર તેલ વગેરેથી). **विभूषित** શણગારાયેલો. **पुष्ट** પોષેલો, ખાઈ ખાઈને જાડો બનાવેલો. **विश्वस्यते** વિશ્વાસ કરાય.

घ ४. सद्यः એકદમ. **उच्चैः** ખૂબ. **अमेध्ययोनेः** યોનિ એટલે ઉત્પન્ન થવાનું સ્થાન, અપવિત્ર વસ્તુઓનું ઉત્પત્તિસ્થાન. **महीयान्** મોટો.

ङ ५. अवेत्य સમજીને. **अतथ्य** અસત્ય, ખોટો. **शुचिवाद** નોટ જુઓ. ન્હાવા વગેરેથી પવિત્ર થવાય છે એવો ઉપદેશ. **पथ्य** હિતકારક. **निदधीथाः** તું ધારણ કર.

ક. ૧. કાણું પડેલો દારૂનો ઘડો ગળતો હોય અને ચારે તરફ ઢળતાં મદિરાનાં ટીપાંઓથી અપવિત્ર થયો હોય તેને બહારના ભાગમાં સારી મજાની માટીથી મર્દન કરવામાં આવે અને ગંગાના પાણીથી અનેક વાર ધોવામાં આવે પણ તે (ઘડો) જેમ પવિત્રપણું ધારણ કરતો નથી તે જ પ્રમાણે અતિ અળખામણાં હાડ, મળ, મૂત્ર અને લોહીના ઢગલા જેવું આ મનુષ્યનું શરીર પવિત્ર થતું નથી.

ખ ૨. મૂઢ પ્રાણીઓ વારંવાર ન્હાઈ ન્હાઈને આ મળથી ભરેલા શરીરને ચોખ્ખા પાણીથી પણ સાફ કરે છે અને પછી એના ઉપર ચંદન-સુખડનાં વિલેપન કરે છે અને પછી પોતે જાણે મૈલ વગરના થઈ ગયા છે એમ મનમાં માની રાજી થાય છે; પણ તેઓ કદી શુદ્ધ થતા નથી. ઉકરડાને તે કેવી રીતે શોધ્યો જાય ? એને કેમ શુદ્ધ કરી શકાય ?

ગ ૩. લસણને કર્પૂર, બરાસ આદિ સુગંધી પદાર્થોની વાસ આપી હોય તો પણ તે સુગંધી થતું નથી. નાદાન હલકા માણસ ઉપર આખા જન્મ સુધી ઉપકારો કર્યા હોય તો પણ તેનામાં સજ્જનતા આવતી નથી. તે જ પ્રમાણે મનુષ્યોનો દેહ પણ એની સ્વાભાવિક દુર્ગંધીને છોડતો નથી. એ (દેહ)ને ગમે તેટલાં તેલો ચોળવામાં આવે, એના પર ગમે તેટલાં ઘરેણાં ઘાલવામાં આવે અને એને ગમે તે પ્રકારે પુષ્ટ કરવામાં આવે તો પણ એનો ભરોંસો કરાય નહિ.

ઘ ૪. જે શરીરનો સંબંધ થવાથી પવિત્ર વસ્તુઓ પણ તુરત જ મહા-અપવિત્ર થઈ જાય છે અને જે શરીર અમેધ્યોનિ (અપવિત્ર વસ્તુનું ઉત્પત્તિસ્થાન) છે તેના સંબંધમાં શૌચ (પવિત્રતા)ની કલ્પના કરવી એ પણ મોટો મોહ છે-મહાઅજ્ઞાન છે !

ઙ ૫. આ પ્રમાણે સમજીને 'શુચિવાદ' અયથાર્થ છે અને સકળ દોષોને શોધનાર અને આખા જગતમાં માત્ર પવિત્ર 'ધર્મ' પ્રાણીને હિત કરનાર છે એમ સમજી એ ધર્મને તારા હૃદયમાં ધારણ કર.

गेयाष्टक*

भावय रे वपुरिदमतिमलिनं, विनय विबोधय मानसनलिनम् ।
पावनमनुचिन्तय विभुमेकं, परममहोमयमुदितविवेकम् ॥ भावय० ॥ १ ॥

दम्पतिरेतोरुधिरविवर्तं, किं शुभमिह मलकश्मलगर्तं ।
भृशमपि पिहितं स्रवति विरूपं, को बहु मनुतेऽवस्करकूपम् ॥ भावय० ॥ २ ॥

भजति सचन्द्रं शुचिताम्बूलं, कर्तुं मुखमारुतमनुकूलम् ।
तिष्ठति सुरभि कियन्तं कालं, मुखमसुगन्धि जुगुप्सितलालम् ॥ भावय० ॥ ३ ॥

असुरभिगन्धवहोऽन्तरचारी, आवरितुं शक्यो न विकारी ।
वपुरुपजिघ्रसि वारंवारं, हसति बुधस्तव शौचाचारम् ॥ भावय० ॥ ४ ॥

द्वादश नव रन्ध्राणि निकामं, गलदशुचीनि न यान्ति विरामम् ।
यत्र वपुषि तत्कलयसि पूतं, मन्ये तव नूतनमाकूतम् ॥ भावय० ॥ ५ ॥

अशितमुपस्करसंस्कृतमन्नं, जगति जुगुप्सां जनयति हन्नम् ।
पुंसवनं धैनवमपि लीढं, भवति विगर्हितमति जनमीढम् ॥ भावय० ॥ ६ ॥

केवलमलमयपुद्गलनिचये, अशुचीकृतशुचिभोजनसिचये ।
वपुषि विचिन्तय परमिह सारं, शिवसाधनसामर्थ्यमुदारम् ॥ भावय० ॥ ७ ॥

येन विराजितमिदमतिपुण्यं, तच्चिन्तय चेतन नैपुण्यम् ।
विशदागममधिगम्य निपानं, विरचय शान्तसुधारपानम् ॥ भावय० ॥ ८ ॥

---

* આ અષ્ટકનો રાગ બહુ સુંદર છે. સ્ત્રીઓ ગહુંલી ગાય છે ત્યારે 'પાટે બેઠા રે સૂરીશ્વરે ગચ્છરાયા.' એ રાગને જરા ઢબક આપવાથી આખું અષ્ટક સારી રીતે ગવાશે. ચારે પદો એક સરખાં બોલવાનાં છે અને તેની આખરે 'ભાવય રે વપુરિદમતિમલિનં' ને ઝોક આપવાનો છે. 'રે' ઉપર જરા વધારે ભાર મૂકવાથી રાગ આવી જશે. પ્રતમાં 'આસવારી' રાગ જણાવે છે ત્યાં દેશી 'કાગા રે તન ચુનિ ચુનિ ખાવે' જણાવેલ છે.

ગેયાષ્ટકનો અર્થ

૧. આ શરીર અતિ મૈલવાળું-મલિન છે એમ હે ચેતન! ભાવ-વિચાર. તારા મનોમય કમળને ઉઘાડ અને સમજ. ત્યાં જે સર્વવ્યાપી એક પ્રકાશવાન, વિવેકવાન, મહાપવિત્ર (અંતર્યામી-આત્મતત્ત્વ) છે તેનો વિચાર કર, તેનું ધ્યાન કર.

૨. સ્ત્રી-પુરુષના વીર્ય અને શુક્રના ચક્રમાં પડેલા એ મળ અને કચરાના ખાડામાં તે સારાં વાનાં શું હોય? એને વારંવાર ખૂબ ઢાંકી દેવામાં આવે તો પણ તેમાંથી અત્યંત ખરાબ બીભત્સ પદાર્થો ઝર્યા જ કરે છે! કયો ડાહ્યો માણસ કચરાથી ભરેલા કૂવાને સારો ગણે?

૩. મ્હોંમાંથી (સામાને) અનુકૂળ પવન બહાર નીકળે તેટલા માટે એ સુંદર પાનમાં સુગંધી બરાસ વગેરે નાખીને ખાય છે; પણ મુખડું પોતે સુગંધી-રહિત છે અને કંટાળો આપે તેવી લાળથી ભરેલું છે. તેનામાં પેલી કૃત્રિમ સુગંધી કેટલો કાળ રહે?

૪. તારા શરીરની અંદર વ્યાપી રહેલો વિકારવાળો દુર્ગંધી પવન (ઉચ્છ્વાસ) ઢાંકી શકાય તેવો નથી (અન્ય પદાર્થથી મઢી શકાય તેવો નથી) અને તું તો તારા શરીરને વારંવાર સૂંઘ્યા કરે છે-ચાટ્યા કરે છે. તારા શરીરને પવિત્ર બનાવવાની આ તારી રીતિ જોઈને ડાહ્યા માણસ હસે છે, તારી એ રીતિ તરફ મશ્કરી કરે છે.

૫. જે શરીરમાંથી બાર (સ્ત્રીનાં) અને નવ (પુરુષનાં) દ્વારો આખો વખત અપવિત્ર વસ્તુઓને બહાર કાઢ્યા જ કરે છે અને જરા વખત પણ વિરામ લેતાં નથી તે શરીરને તું પવિત્ર માને છે! ખરેખર! આ તો તારો તદ્દન નવો જ ખુટ્ટો છે-અભિનવ તર્ક છે એમ મને લાગે છે.

૬. અનેક સુંદર ચીજો વડે સંસ્કાર પામીને તૈયાર કરેલું અન્ન ખાવાથી હન્ન (વિષ્ટા) થઈને આ દુનિયામાં નકામી ગ્લાનિ કરે છે, દુર્ગંછા ઉપજાવે છે અને ગાયનું સુંદર દૂધ મૂત્રરૂપ થઈને અતિ નિંદાને પાત્ર બને છે.

૭. આ શરીર માત્ર મળથી ભરેલા અણુઓનો ઢગલો છે અને સુંદર રસદાર ભોજન અને સારાં કપડાંને અપવિત્ર બનાવનાર છે, પણ એ શરીરમાં અતિ વિશિષ્ટ સર્વદુઃખ-ક્ષયરૂપ 'શિવ'-મોક્ષ પ્રાપ્ત કરવાનું સામર્થ્ય છે અને તે તેનો પ્રધાનભાવ છે તેનો તું વિચાર કર, તેની પર્યાલોચના કર.

૮. આવા (શરીર)ને મહાપુણ્યવાન તરીકે બિરાજમાન કરી શકાય તેવી નિપુણતા-કુશળતાનો તું વિચાર કર-તેનું તું ચિંતવન કર. મહાપવિત્ર આગમરૂપ જળાશયને પ્રાપ્ત કરીને **તું શાંતસુધારસનું** પાન કર, એ ઓવારેથી પાણી પી તારી તરસને તું છિપાવ.

નોટ—

૧. **भावय**–વિચાર, ચિંતવ (આજ્ઞાર્થ). **विबोधय**–ઉઘાડ, સમજ. **मानसनलिनं**–મનમય કમળ, હૃદયકમળ. **पावनं**–પવિત્ર. **विभु**–સર્વવ્યાપી. **एकं**–એક, Individuality જેને છે તેવો એક. **महोमयं**–પ્રકાશવાન, તેજસ્વી. **उदितविवेकं**–જેનામાં સાચા–ખોટાનું ભાન જાગૃત થયું છે તેવો.

૨. **दम्पति**–સ્ત્રી–પુરુષ. **रेतस्**–વીર્ય. **विवर्त**–ઉદ્ભવ. **किं शुभं** એમાં સારું શું હોય? **कश्मल**–કચરો. **गर्त**–ખાડો. **विरूपं**–ખરાબ, બીભત્સ. **बहुमनुते**–મોટું, સારું માને. **अवस्कर**–કચરો. **कूपम्**–પાણી વગરનો કચરો નાખવાનો કૂવો.

૩. **सचन्द्रं**–કર્પૂર જેવાં સુગંધી દ્રવ્યો સાથે. **शुचितांबुलं**–પવિત્ર પાનપટ્ટી. **मुखमारुत**–મ્હોંના શ્વાસ. **जुगुप्सितलालम्**–જેની લાળ તદ્દન જુગુપ્સા ઉપજાવે તેવી છે તેવું (મુખ). **तिष्ठति**–ટકે, રહે.

૪. **गन्धवहो**–પવન (–એ હંમેશાં ગંધને લઈ જનાર છે તેથી.) **अन्तर**–અંદર. **विकारी**–સારાને વિરૂપ–ખરાબ કરનાર, બગાડનાર. **उपजिघ्रसि**–ચાટે છે, સૂંઘે છે. **शौचाचारम्**–શૌચનો આચાર, પવિત્ર કરવાની રીતિ. કેટલાક એ આચારને ધર્મ માને છે. તેનો પારિભાષિક શબ્દ છે.

૫. **रन्ध्राणि**–કાણાં, દ્વારો (નોટ જુઓ). **निकामं**–વારંવાર, અટકયા વગર. **गलत्**–ઝરતાં. **नूतन**–નવો, અભિનવ. **आकूतं**–અભિપ્રાય, બુટ્ટો.

૬. **अशित**–ખાધેલું. **उपस्कर**–સામગ્રી. (ઘી મસાલા આદિ). **संस्कृत**–સંસ્કાર કરેલું, પકાવેલું. **हन्नम्**–વિષ્ટા. **सवनं**–દૂધ. **धैनवं**–ગાયનું. **लीढं**–ચાટેલું, ખાધેલું. **मीढं**–મૂત્ર.

૭. **मल**–વિષ્ટા. **अशुचीकृत**–જે પવિત્રને અપવિત્ર કરે તેવું. **सिचय**–સુંદર કપડાં. **उदारम्**–શ્રેષ્ઠ.

૮. **विराजितम्**–ગોઠવ્યું, ચઢાવ્યું. **अतिपुण्यं**–મહાપુણ્યશાળી, ઈપ્સિત. **नैपुण्य**–હુંશિયારી. **निपान**–જળાશય, ઓવારો.

અશુચિભાવના : પરિચય

(ક ૧) શરીર અને આત્મા જુદાં છે એ વાતનો વિચાર ખૂબ થઈ ગયો. એ બન્નેનો ભિન્નભાવ હવે દર્શાવવાની જરૂર રહે તેમ નથી. છતાં કર્મ-જંજીરમાં પડી આ જીવ-આત્મા શરીરમાં એટલો ગૂંથાઈ ગયો છે કે આત્મા અને શરીર જાણે એક જ હોય એમ માની એ (આત્મા) શરીરને ખૂબ પંપાળે છે, એની આળપંપાળ હદ બહાર કરે છે અને એ જરા દૂબળું પડે તો પોતે પણ દૂબળો પડી જાય છે. જેલમાં દર પખવાડિયે તોલ લેવાય છે ત્યાં પણ એ બે-પાંચ રતલ ઓછો થાય તો અનેક પ્રકારની ફરિયાદ કરે છે અને વધારે દૂધ વગેરે મેળવવા યત્ન કરે છે. એ શરીર ખાતર અનેક દવા ખાય છે અને ઘણીવાર તો જે વસ્તુને અડતાં પણ પાપ લાગે અને જેનાં નામો બોલતાં ઊલટી આવે એવી તુચ્છ હિંસાપ્રાપ્ય દવાઓ ખાય છે. કેટલાંક ભસ્મો-રસાયણો ખાય છે અને શરીરની ખાતર કેં કેં કરી મૂકે છે. એને હવા બદલાવવા બહારગામ લઈ જાય છે અને એની ભક્તિ કરવામાં કાંઈ મણા રાખતો નથી. એ ડૉકટર પાસે જાય તો અનેક વાર છાતી તપાસાવે છે અને ઘણીવાર ઘેલા-ઘેલા પ્રશ્નો પૂછી ડૉકટરને પણ કંટાળો આપે છે.

શરીર માટે એને ભય પણ અંદરખાનેથી બહુ હોય છે. એ ઉપર ઉપરથી બેદરકારી બતાવે છે, પણ સાથે જાણે છે કે એ કાચની કાયા છે, એને ભાંગી જતાં વાર લાગતી નથી. માત્ર એ એક જ વાત ભૂલી જાય છે કે '**કાચની કાયા રે છેવટ છારની.**' શરીર માટે આમાંની કેટલીક વાતો અનિત્ય. એકત્વ અને અન્યત્વ ભાવનામાં આવી ગઈ છે એટલે હાલ વધારે વિચારણા છેવટના ઉપસંહાર પર રાખી એ શરીર પોતે કેવું છે તે પર વિચાર કરીએ. એ શરીરમાં શું ભરેલું છે? એ સારા પદાર્થોને પણ કેવું ખરાબ રૂપાંતર કરી આપે છે અને એની ગમે તેટલી શુશ્રૂષા કરવામાં આવે તો પણ એની નૈસર્ગિક અપવિત્રતા જઈ શકતી નથી એ મુદ્દા પર ખાસ ધ્યાન ખેંચવાનું છે. આ વિચારણા કરતાં શરીરમાં કઈ કઈ વસ્તુઓ છે તે વિચારી જવું. એમાં ખાસ કરીને માંસ, લોહી, હાડકાં, મેદ, વીર્ય, ચામડી આદિ ભરેલાં છે. એને નખ, બાલ ઊગે છે એ વાત ધ્યાનમાં રાખવી, અને એમાં એવી વસ્તુઓ ભરેલી છે કે જો ઉપર મઢેલી ચામડી કાઢી નાખી હોય અથવા અંદરની કોથળીમાં ભરેલી ચીજોનું બહાર પ્રદર્શન કર્યું હોય તો આ પ્રાણી તેની સામે જુએ નહિ; એટલું જ નહિ પણ એ પ્રત્યેક ચીજ જોઈ એને સૂગ ચઢે, ઊલટી આવે અને એ મુખમાંથી થૂંકે. આવી ઘૃણા ઉપજાવે તેવી ચીજો શરીરમાં ભરેલી છે.

આ ભાવના શરીરને એના ખરા આકારમાં બતાવનાર-રજૂ કરનાર છે. તેમાં ન ગમે તેવી વાતો પણ આવશે, પણ વસ્તુસ્થિતિ બતાવવાની હોય ત્યાં સંકોચ કર્યો પાલવે નહિ. શરીરને જ્યાં સુધી સાચા આકારમાં સમજવામાં ન આવે ત્યાં સુધી એને પંપાળવામાં પ્રાણી પાછો પડે તેમ નથી. તેથી એને ખરા સ્વરૂપે ચીતરવાની ખાસ આવશ્યકતા છે.

આ ભાવના બીજી સર્વ ભાવનાથી જુદી પડી જાય છે. એ દેહાશ્રિત છે અને દેહને ચીતરનાર છે એ વાત ધ્યાનમાં રાખવી. આત્માને અનિત્યતા બતાવતાં કે એકત્વ અગર અન્યત્વભાવ બતાવતાં જે વિચાર થાય તેમાં અધિકારી આત્મા છે અને આ ભાવનામાં અધિકારી દેહ છે એ વાત ખાસ લક્ષ્યમાં રાખવી. હવે આપણે ગ્રંથકર્તા સાથે ચાલીએ.

એક માટીનો ઘડો હોય, તેમાં દારૂ ભર્યો હોય, તે ઘડામાં નાનાં-મોટાં કાણાં હોય અને એમાંથી દારૂ આગળ-પાછળ ઝમ્યા કરતો હોય. આવા ઘડાની કલ્પના કરો. હવે એ ઘડાને શુદ્ધ કરવો હોય-સાફ કરવો હોય તો કેમ થાય ? એને બહાર માટી લગાડવામાં આવે પણ માટીના ઘડામાં તો નાનાં-મોટાં છિદ્રો પાર વગરનાં હોય છે. આખો ઘડો જ છિદ્રવાળો (Porous) હોય છે. એને બહાર માટી લગાડવામાં આવે અને અંદરનો ભાગ શુદ્ધ ગંગાજળથી સાફ કરવામાં આવે તો પણ દારૂનો ઘડો સાફ થાય ખરો ?

એવીજ રીતે આ શરીરમાં અતિ બીભત્સ હાડ, વિષ્ટા, મૂત્ર અને લોહી ભરેલાં છે. તેને ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે તો પણ તે શુદ્ધ થઈ શકે નહિ. એને સાફ કરવા માટે બહારથી ગમે તેટલા પદાર્થો લગાડવામાં આવે અથવા અંદરથી સાફ કરવા રેચ લેવામાં આવે તો પણ એ એવા-એવા પદાર્થથી ભરેલ છે કે દારૂના ઘડાની પેઠે એને સાફ કરવાના, એને પવિત્ર બનાવવાના સર્વ પ્રયત્ન તદ્દન નકામા નીવડે છે. શરીરની અંદર કેટલાક પદાર્થો તો એવા ભરેલા છે કે જે બહાર નીકળી શકે તેમ પણ નથી. દારૂના ઘડામાંનો દારૂ તો કદાચ ફેંકી દઈ શકાય, પણ હાડકાં કે લોહી, ચરબી કે નસો કાંઈ દૂર કરી શકાય તેમ પણ નથી. આથી એ શરીરને પવિત્ર કરવાનું કાર્ય વધારે મુશ્કેલ બને છે. દારૂનો ઘડો સાફ થઈ શકતો નથી, પવિત્ર બનાવી શકાતો નથી; તો પછી આ શરીરની અંદર તો સૂંઘવી કે જોવી ન ગમે તેવી વસ્તુઓ ભરેલી છે તેને કઈ રીતે શુચિ (પવિત્ર) બનાવી શકાય ?

શરીરમાં કઈ કઈ ધાતુઓ ભરેલી છે તેનો પૂરો વિચાર કરવાથી એને પવિત્ર બનાવવાના કાર્યની અશકયતા ધ્યાન પર આવશે. મુંબઈની ગટરો સાફ કઈ રીતે થઈ શકે ? અને સાફ કરવા માંડે ત્યાં તો બીજે કચરો પડતો જતો હોય ત્યાં સાફ થવાનો સવાલ કયાંથી આવે ? અને કચરામાંનો અમુક ભાગ જ્યારે કાઢી શકાય તેવું ન જ હોય ત્યારે તો પછી સાફ કરવાનો પ્રશ્ન ભારે અગવડમાં આવે છે. તાત્પર્ય એ છે કે-શારીરિક દૃષ્ટિએ આ શરીર શુદ્ધ થઈ શકે તેવું નથી.

(ख २.) ઉપર પ્રમાણે હકીકત હોવા છતાં આ પ્રાણી પોતાનાં શરીર સાથે કેવાં ચેડાં કાઢે છે તે ખરેખર જોવા જેવું છે. આ પ્રાણી વારંવાર ન્હાય છે, ચોખ્ખા પાણીથી વળી ફરી વાર ન્હાય છે. દિવસમાં એક વાર અથવા એકથી વધારે વખત સ્નાન કરે છે અને સ્નાન કરવા પવિત્ર પાણી-મીઠું જળ વાપરે છે. ખારું પાણી કે ગંદું પાણી એ શરીરને સાફ કરવામાં વાપરતો નથી. એને શરીરને સાફ કરવા માટે ખૂબ તજવીજ રાખવી પડે છે,

સ્નાન કરે ત્યારે નવયુગનો હોય તો સાબુ વાપરે છે, પુરાણકાળમાં ખારો-ભુતડો વાપરતા હતા. કોઈ વખત એ માથાના બાલ સાફ કરવા કંકોડી વાપરે છે, શરીરે પીઠી ચોળી ન્હાય છે, કોઈ વખત કેસૂડાના જળથી ન્હાય છે. આવી રીતે ન્હાવાના અનેક પ્રકારના પ્રયોગ કરીને શરીરને સાફ કરવા પ્રયત્ન કરે છે, છતાં એ આખો વખત તેના મનમાં ખાતરી હોય છે કે આ શરીર મળથી ભરેલું છે. મળ શબ્દમાં ખાસ કરીને વિષ્ટા અને ઉપચારથી મૂત્ર વગેરે અનેક અપવિત્ર પદાર્થોનો સમાવેશ થાય છે. શરીરમાં પસીનો (પ્રસ્વેદ) એટલો થાય છે કે ઉનાળાના દિવસોમાં ન્હાયા પછી બે ઘડી પછી, ન્હાયા ન ન્હાયા જેવું જ થઈ રહે છે.

વળી શરીરે સ્નાન કરીને પછી તેના ઉપર ચંદન લગાડવામાં આવે છે. અગાઉ શરીર ઉપર ચંદન લગાડવાનો રિવાજ હશે એમ જણાય છે. હાલ તો ન્હાયા પછી બાલ સાફ કરવા માથામાં તેલ નાખવાનો રિવાજ જાણીતો છે. વળી તે પહેલાં ટુવાલથી શરીરને ખૂબ ઘસવામાં આવે છે. એટલે ઉપરનો કચરો નીકળી જાય અને લાગેલ પાણી સાફ થઈ જાય એ એમાં અપેક્ષા હોય છે.

આવી રીતે ન્હાઈ, ધોઈ, સાફ થઇ, શરીર પર દેશાચાર પ્રમાણે અથવા વ્યક્તિગત પદ્ધતિ પ્રમાણે ઉપચારદ્રવ્યો લગાડવામાં આવે છે અને પછી આ ભલો-ભોળો પ્રાણી એમ માને છે કે આપણો મૈલ દૂર થઈ ગયો અને પછી એને શરીર તરફ પ્રેમ થાય છે. પછી એ પોતાનું મુખડું કાચમાં જુએ છે અને કાચમાં જોતી વખતે જો અન્ય કોઈ એને જોતું નથી એમ એની ખાતરી હોય તો તે મુખડા સાથે એવાં ચેડાં કાઢે છે કે જરૂર હસવું આવે. ગમે તેવો ડાહ્યો માણસ કાચમાં જુએ અને કાંઈ ચાળા ન કરે એ બનવું મુશ્કેલ છે. એ જીભ બહાર કાઢશે, ભવાં ચઢાવશે અને કૈંક નખરાં કરશે. આ સર્વ ખાલી ભ્રમ છે. ખોટો ઉન્માદ છે, મૂઢતાનું ખાલી પ્રદર્શન છે, મશ્કરી કરવા યોગ્ય બાળચેષ્ટા છે.

જ્યાં આખા મહોલ્લાનો કચરો નખાય તે જગ્યાને 'ઉકરડો' કહે છે. એ ઉકરડો અભ્યાસ કરવા જેવી ચીજ છે. એમાં ટોપલા ભરીને કચરો પડ્યે જ જાય છે અને કચરો વિધવિધ વસ્તુઓનો બનેલો હોય છે. કોઈ એ ઉકરડાને સાફ કરવા માગે તો તેને ધોવાથી તે સાફ થતો નથી. એને તો હજાર સાબુએ ધુવે તો પણ તે ઉકરડો તે ઉકરડો જ રહેવાનો છે. એને સાફ કરતા જાઓ તો વધારે કચરો જ નીકળે. ઉકરડો ધોવાથી કે એના ઉપર સુગંધી દ્રવ્ય નાખવાથી એ કદી સાફ થઈ શકતો નથી. ઉકરડાને પવિત્ર કરવાનો રસ્તો પાણીથી સાફ કરવાનો નથી કે એના ઉપર સુગંધી દ્રવ્ય નાખવાનો નથી. એ જ રીતે શરીરને ગમે તેટલી વાર સાફ કરવામાં આવે કે એના ઉપર ગમે તેટલા સુગંધી દ્રવ્યો લગાડવામાં આવે, એને ચંદનથી લેપવામાં આવે કે એને બરાસ લગાડવામાં આવે, પણ કોલસાને લગાડેલ સાબુની જેમ એ સર્વ નિષ્ફળ પ્રયાસ છે. એ પ્રયાસમાં કાર્યસિદ્ધિ અશક્ય છે. એનામાં અંદર અને બહાર એટલો મળ ભરેલો છે કે એને સાફ કરવાની તજવીજ અજ્ઞાનતામૂલક છે અને એના તરફ પ્રીતિ કરનારને 'મૂઢ'ની સંજ્ઞા મળે છે.

(ગ ૩.) 'લસણ' નામનું એક કંદ આવે છે. તેનામાં એટલી દુર્ગંધી હોય છે કે એ ખાધા પછી કલાકો સુધી એની વાસ શ્વાસદ્વારા પણ બહાર પડે છે. એ ખાનાર જાહેરમાં-સભ્યસમાજમાં કલાકો સુધી ભળી શકતો નથી. આવા લસણને કપૂર સાથે રાખવામાં આવે કે એને બરાસમાં રાખવામાં આવે કે તેના પર કસ્તૂરી લગાડવામાં આવે પણ એની વાસ જતી નથી અને એ કસ્તૂરી, કપૂર, બરાસ કે એવા બીજા કોઇ પણ સુગંધી પદાર્થની વાસ લેતું નથી. સાધારણ વસ્તુ આવા તીવ્ર સુગંધી પદાર્થોની વાસ ગ્રહણ કરે છે, પણ લસણ તો કદી સુગંધીથી વ્યાપ્ત થતું જ નથી. એ બીજા અનેક પદાર્થને બગાડે ખરું પણ પોતાની તીવ્ર દુર્ગંધ કદી છોડતું નથી અને બીજા તીવ્ર સુગંધી દ્રવ્યની વાસ લેતું નથી. આ એક વાત થઈ.

ખળ-લુચ્ચા માણસ ઉપર ગમે તેટલો ઉપકાર કરવામાં આવે પણ તે સુજનતાને ધારણ કરતો નથી. ઘણા પ્રાણીઓ એટલા ઊતરી ગયેલા હોય છે કે એને ગમે તેટલો લાભ કરો, એની મુશ્કેલીમાં એને મદદ કરો, એને ખાવા-પીવાની સગવડ કરી આપો કે એને ધંધે વળગાડી આપો, પણ એ પોતાનું પોત પ્રકાશ્યા વગર રહેતા નથી. જીવતરનું દાન કર્યું હોય, આબરૂ જતી બચાવી હોય અને પૈસાની મદદ કરી હોય છતાં એ સર્વ ભૂલી જઈ અણીને વખતે ઉપકાર કરનાર ઉપર જ એ નૈસર્ગિક ખળ પુરુષ આઘાત (અપકાર) જ કરે છે. ધવળશેઠને રાજદંડથી ઉગારનાર, દાણચોરીના ગુન્હામાંથી બચાવનાર અને એનાં અટકેલાં વહાણ તરાવી આપનાર શ્રીપાળનો અંતે એણે જીવ લેવા પણ પ્રયત્ન કર્યો. અન્યની લાગવગથી અમલના સ્થાન પ્રાપ્ત કરનાર ઉપરી-અધિકારી ઉપકાર કરનારને કેવા બદલા આપે છે તેના દાખલા અજાણ્યા નથી. જે પ્રાણી સ્વભાવથી હલકો હોય છે તેના પર આખો જન્મ ઉપકાર કરવામાં આવે તો પણ તે સૌજન્ય બતાવતો નથી. પોતાને મદદ કરી ભણાવનાર સંસ્થાને વીસરી જનાર અને તેની અણઘટતી ટીકા કરનારના અનેક દાખલા મોજૂદ છે. મતલબ એ છે કે જેમ સજ્જન પોતાનો સ્વભાવ છોડતો નથી તેમ દુર્જન પણ પોતાનો સ્વભાવ છોડતો નથી.

એવી જ રીતે આ શરીર ઉપર ગમે તેટલા ઉપકાર કરવામાં આવે તો પણ તે પોતાની સ્વાભાવિક દુર્ગંધતા છોડે તેમ નથી. એને ગમે તેટલાં સુગંધી દ્રવ્યોથી સુગંધિત કરવામાં આવે, એને ઘરેણાં અને ઝવેરાતથી શોભાવવામાં આવે કે એને ન ખાવા યોગ્ય પદાર્થો ખાઈને અથવા ઘૃતાદિ પદાર્થોનો ઉપયોગ કરીને પુષ્ટ કરવામાં આવે તો પણ એનામાં સ્વાભાવિક દુર્ગંધી એટલી બધી ભરી છે કે એ સર્વ વિલેપનો, અલંકારો અને પૌષ્ટિક પદાર્થોની દરકાર ન કરતાં એ તો દુર્ગંધી જ રહે છે, પોતાની દુર્ગંધ કદી તજતું નથી.

શરીરની પુષ્ટિ માટે માણસો કેવા કેવા પદાર્થો ખાય છે અને કેટલી જાતના પ્રયત્નો કરે છે! વસંતમાલતી, અભ્રક, લોહ આદિની વાત તો અન્ય સ્થાને કરી છે; પણ ન ખાવા યોગ્ય દવાઓ પણ શરીરપુષ્ટિ માટે અનેક મનુષ્યો લે છે. તે વખતે શરીરની આખર સ્થિતિ

જરા પણ ધ્યાનમાં રહેતી નથી. એ ઉપરાંત એને શરીરપુષ્ટિ માટે નિરંતર ચિંતા રહ્યા કરે છે અને છતાં શરીરની વક્રતા તો એ દરરોજ અનુભવે છે.

આવી જાતનું શરીર છે! એમાં વાયુઓ પણ એવા પ્રકારના ભરેલા છે કે એને ઓડકાર આવશે તો તેમાં પણ ખરાબ ગંધ આવશે અને અપાન વાયુ નીકળશે તો તેમાં પણ દુર્ગંધ આવશે અને પરસેવો પણ ગંધવાળો થશે. એની આંખમાંથી ચીપડા (પીઆ) નીકળશે તો તે પણ દુર્ગંધી જ હશે. નાકનો શ્લેષ્મ પણ દુર્ગંધી અને એનાં મળ-મૂત્ર સર્વ દુર્ગંધી નીકળશે. આવી રીતે સ્વાભાવિક દુર્ગંધ એનામાં એટલી બધી ભરેલી છે કે એના પર ગમે તેટલા સંસ્કાર કરવામાં આવે પણ તે પોતાની દુર્ગંધ છોડે તેમ નથી, કારણ કે એ દુર્ગંધ સ્વાભાવિક છે અને જેમ લસણ સુગંધી થતું નથી કે દુર્જન કદી સજ્જન થતો નથી તેવી એની સ્થિતિ છે.

(ઘ ૪.) જે વસ્તુ છ આને શેર મળતી હોય અને મીઠાઈ વેચનારની દુકાન શોભાવતી હોય તેને ઘેર લાવી ખાધા પછી તેની કિંમત શી થાય? એના શેરના કોઈ છ આના તો ન જ આપે, પણ એને દૂર ફેંકાવાના પણ દામ આપવા પડે. દરેક મ્યુનિસિપાલિટી હલાલખોર કર લે છે તે સારા પદાર્થોને ખરાબ કર્યાનો બદલો જ છે અને તે તેની કિંમત છે.

આ શરીર એવું છે કે એના સંબંધમાં ગમે તેવી પવિત્ર વસ્તુ આવે તે થોડા કલાકમાં અપવિત્ર બની જાય છે. બત્રીશ શાક અને તેત્રીશ ભોજન મળે પણ તે પેટમાં ગયા પછી શું બને છે? દૂધપાક કે ઢોકળાં કે જેને જે ગમે તેવી ચીજ ખાય તેની ચાર-છ કલાક પછી શી દશા થાય છે! એ સર્વ વસ્તુઓ અદર્શનીય, અસ્પર્શનીય અને અનિચ્છનીય બને છે.

એનું કારણ એ છે કે આ શરીર અમેધ્યયોનિ છે, યોનિ એટલે ઉત્પત્તિસ્થાન. અમેધ્ય એટલે અપવિત્ર. એ શરીર અપવિત્ર વસ્તુઓનું ઉત્પત્તિસ્થાન છે અને એનું આખું યંત્ર એવી જ રીતે ગોઠવાયેલું છે કે એ ગમે તેવી પવિત્ર તેમ જ સુંદર વસ્તુ હોય તેને પણ અપવિત્ર બનાવી દે. જેમ કાપડ બનાવવાના સાંચાકામમાંથી કાપડ બને તેમ અપવિત્ર વસ્તુ ઉત્પન્ન કરનાર સાંચાકામમાંથી અપવિત્ર વસ્તુઓ જ બનીને નીકળે. એમાં તમે દૂધ ભરો, ઘી ભરો, સાકરથી એને ગળ્યું કરો, પણ એ અમેધ્યયોનિ છે એટલે એ સરસ વસ્તુઓ પણ અતિ અપવિત્ર થઈ એમાંથી એવી જાતની થઈને બહાર પડશે કે એના સામું જોવું પણ નહિ ગમે. એના સ્પર્શમાત્રથી સરસ વસ્તુ કેવી વિરૂપ થઈ જાય છે તેનું દૃષ્ટાંત દૂધ પૂરું પાડે છે. દૂધને પીધા પછી તુરત જ વમન થાય તો તે વખતે જે દૂધ બહાર નીકળશે તે ફોદા ફોદાવાળું અને સ્પર્શને નાલાયક બની જશે. દૂધ જેવા સુંદર પદાર્થને એક ક્ષણવાર શરીરનો સંબંધ થાય ત્યાં એ કેવું બની જાય છે તે ખાસ વિચારવા જેવું છે.

આવા શરીરને માટે 'શૌચ'નો સંકલ્પ કરવો એ મૂઢતા છે. એને ન્હવરાવવાથી કે એના પર સુગંધી દ્રવ્યો લગાડવાથી એ પવિત્ર થઈ જાય છે એમ માનવું એ તો સરિયામ અજ્ઞાન છે. એને ગમે તેટલું ન્હવરાવો અને ગમે તેટલી વાર એને પખાળો પણ એ તો

ગટર સાફ થાય તો તે સાફ થઈ શકે. જ્યાં આખું વાતાવરણ જ અપવિત્ર હોય ત્યાં પવિત્રતાનો દાવો કરવો એ તો મહામોહ સિવાય બીજાનું કાર્ય ન હોય !

શૌચવાદ કોઈ મતવાળાને માન્ય પણ હોય છે. એ અન્ય સાધ્યની અપેક્ષા વગર બને તેટલી વખત ન્હાવામાં–સ્નાન કરવામાં જ પુણ્ય માને છે. આ અજ્ઞાન છે. કોઈ વિશિષ્ટ હેતુને અવલંબીને સ્નાન કરવાની બાબત જુદી છે, પણ માત્ર ન્હાવાથી શૌચધર્મ પળાય છે એ અજ્ઞતા છે. આંતરશૌચનો આખો પ્રશ્ન તદ્દન જુદા જ પ્રકારનો છે. એનો સમાવેશ દશ યતિધર્મમાં છે. તેને અત્ર સ્થાન નથી. અત્ર તો બાહ્ય સ્થૂળ શૌચના પ્રશ્નનો આપણે વિચાર કરીએ છીએ એ વાત ધ્યાનમાં રાખવી. કેટલીક વાર ઇન્દ્રિયોની તૃપ્તિ માટે અને વિકારોની શાંતિ માટે આવા ખ્યાલો થાય છે તે મોહ–અજ્ઞાનજન્ય હોઈ નિરર્થક છે અને અંતે આત્માનો અધઃપાત કરાવનાર છે.

(ઙ ૫.) ઉપર જણાવેલી વાત સમજીને એટલું મનમાં બરાબર વિચારી લેવું કે શૌચવાદ–સ્થૂળ શારીરિક પાવિત્ર્યનો ઉપદેશ યથાર્થ નથી. જે શરીર સ્થૂળ નજરે કદી પવિત્ર થઈ શકતું નથી તેને પવિત્ર કરવાના ઉપદેશદ્વારા એને વગર સાધ્યે ધાર્મિક સ્વરૂપ આપવાની માન્યતા કરાવવી એ અજ્ઞાન છે અને મોહજન્ય અવિવેક છે.

આ જગતમાં જો કોઈ ચીજ પવિત્ર હોય તો તે ધર્મ છે, એ આત્મધર્મ છે. આત્મ-સન્મુખતા એ કર્તવ્ય છે, કારણ કે એ સર્વ મળને શોધનાર છે. આ શરીરમાં અંતર્ગત રાગ–દ્વેષ જેવા મહામોહો પેસી ગયા છે. એ આત્માને અનેક પ્રકારે દૂષિત કરનારા છે અને ધર્મ એને શોધી શોધી–વીણી વીણી છૂટા પાડે છે અને એને એના ખરા આકારમાં સ્પષ્ટ રીતે બતાવી આપે છે. અનેક પ્રકારના દોષોને શોધનાર–અંતરથી શૌચ કરી આપનાર તો ધર્મ જ છે. સ્નાન કરવાથી કાંઈ શુચિ (પવિત્ર) થવાય તેમ નથી.

તેટલા માટે જો તારે અંદરથી પવિત્ર થવું હોય તો મળનું શોધન કરનાર ધર્મને તારા મનમાં ધારણ કર, તારા હૃદયમાં એને સ્થાન આપ. તારામાં જે મળો અંદર ઘૂસી જઈ તને હેરાન કરે છે તેને શોધી તે તને સાફ કરી આપશે. ગમે તેટલી વાર સ્નાન કરીશ એથી તો બાહ્ય મળ પણ જનાર નથી, પણ જો તારે તારા અંતરનો મળ કાઢવો હોય તો ધર્મને હૃદયમાં કોરી દે, એને અંદર ચોંટાડી દે અને એના ઉપર આધાર રાખ. તે તારું કર્મમાલિન્ય કાપી નાખશે અને તને મળ વગરનો કરશે. એ જગતમાં મહાપવિત્ર છે અને અંદરના દોષોને શોધનાર છે. બાકી શૌચવાદ જેવા ભુલાવો ખવરાવનારા ઉન્માદમાં પડી નકામો હેરાન થવાનું છોડી દે. અંતે એ ધર્મ તને ટેકો આપશે. એનું સ્વરૂપ દશમી ભાવનામાં વિચારવાનું છે તેથી અત્ર ધર્મપરત્વે નામ-નિર્દેશથી જ સંતોષ ધરીએ. એ અજબ વિભૂતિ છે.

卐

અશુચિભાવના : અષ્ટકપરિચય

૧. બહુ સંક્ષેપમાં ગેયની ભાવના કરી જઈએ. એ અષ્ટક બહુ સુંદર ભાવથી ભરેલું છે. આ **શરીર**ને અતિ મલિન તરીકે ચિંતવ. એને મલિન ગણવાનાં કારણો છે તેમાંનાં કેટલાંક નીચે પ્રમાણે છે :

(૧) એ મળમાંથી ઉત્પન્ન થાય છે.
(૨) એ ચારે તરફ રહેલા મળમાં ઊછરે છે.
(૩) એનામાં મળમૂત્ર ભરેલાં છે.
(૪) એના સર્વ ભાગો અતિ દુર્ગંછા ઉત્પન્ન કરાવનાર છે.
(૫) એ પવિત્ર પદાર્થોને અપવિત્ર કરનાર છે.
(૬) એના સંસર્ગમાત્રથી સુંદર પદાર્થો ફેંકવા ચોગ્ય થાય છે.
(૭) એની કોઈ પણ પ્રકારે શુદ્ધિ થવી શકય નથી.
(૮) એમાંથી અનેક સ્થાનકેથી અપવિત્ર પદાર્થો વહ્યા કરે છે.
(૯) એના ઉપરની ચામડી ઉતારી હોય તો અંદરનો ભાગ બીભત્સ દેખાય છે.

—વગેરે કારણો, જેનું વિવેચન આ ભાવનામાં થયું છે અને થશે તે ખ્યાલમાં રાખી, એને મલિન-અતિ મલિન તરીકે વિચાર.

અને છતાં તેનો કાંઈ લાભ લેવો હોય તો તારું મનરૂપ કમળ ઉઘાડ અને તેની અંદર ઊંડો ઊતરી જો. તું ઉપર ઉપરનો વિચાર છોડી દઈને અંદર ઊતર. તને ઘણું જાણવા-સમજવા જેવું ત્યાં મળશે.

આ તારા શરીરને પ્રેરનાર, મનકમળને વિકસાવનાર અંદર એક મહાપવિત્ર વિભૂતિ બેઠી છે. એ કેવી છે તેનો ખ્યાલ કર. એ પવિત્ર છે, એ વિભુ છે, એ એક છે, એ મહા-તેજોમય છે અને એ જાગૃતવિવેક છે. એ તું પોતે જ છે, પણ તું એવી ગડબડમાં પડી ગયેલ છે કે તારા પોતાના સ્વરૂપને તું ભૂલી ગયેલ છે. જો તે આ પ્રકારે છે :—

તારું અંતરાત્મસ્વરૂપ પ્રકાશે ત્યારે તું **મહાપવિત્ર** છે. તારામાં પરમાત્મદશા પ્રાપ્ત કરવાની સત્તા છે. માત્ર તારી પોતાની શક્તિનો ઉપયોગ કરવાથી તે પ્રાપ્ય છે. તું ખરેખર શુદ્ધ-નિર્મળ છે, મહાપવિત્ર છે અને તારામાં અનંત જ્ઞાન ભરેલું છે. અનંત જ્ઞાનથી તું સર્વ પદાર્થને જોઈ શકે તેટલી તારામાં શક્તિ છે. એ દૃષ્ટિએ તું સર્વવ્યાપી છે અને તેથી કરીને તું વિભુ છે. વિભુ એટલે સર્વવ્યાપી. જ્ઞાનદૃષ્ટિએ તું ખરેખર વિભુ છે. જ્ઞાન સર્વ જ્ઞેય વસ્તુને જાણી શકે છે અને તેથી જ્ઞાનની નજરે તું સર્વત્ર છે. તું પોતે એક છે. તારું વ્યક્તિત્વ બરાબર સ્પષ્ટ છે. તારા અસંખ્ય પ્રદેશો છે તેને એક તરીકે બતાવનાર છે. જ્ઞાયક તરીકે તારા સર્વ અસંખ્ય પ્રદેશમાં તું ફરી વળેલ (પરિણત) છે. તારું વ્યક્તિત્વ સર્વદા સિદ્ધ છે.

વળી સર્વ વસ્તુનું તને અંતરદર્શન થાય છે–તારે માટે તે શક્ય છે તેથી તું મહા-તેજોમય છે. એ કેવળદર્શન મહાપ્રકાશમય છે, તેજસ્વી છે, ઉજ્જવળ છે અને તને ભેદજ્ઞાન શક્ય છે. તારામાં અત્યારે પણ તારું શું છે અને પર શું છે તે વિચારવાની શક્તિ છે. એ વિવેક જ્યાં જાગે ત્યાં ખરો રસ્તો પ્રાયઃ હાથ લાગી જાય છે. વર્તન પહેલાં વિવેક થાય ત્યારે વર્તનમાં આનંદ આવે છે. આથી તું **જાગૃતવિવેક** છે.

આવાં આવાં અનેક રત્નો તારામાં ભરેલાં છે અને તું તેથી તન્મય છે. તું તારા શરીરનો વિચાર કરે છે, પણ તે તો મળથી ભરેલું છે અને મહાપ્રયત્ને પણ શુદ્ધ થઈ શકે તેવું નથી. તું તેટલા માટે તારો પોતાનો જ વિચાર કર અને તું કેવો છે તેની ચિંતવના કર. જે અંતે પોતાનું નથી, મહાદગાબાજ છે અને હોય ત્યાં સુધી જે અનેક નકામી ઉપાધિઓ ઊભી કરે છે તેનો વિચાર તું છોડી દે અને તારો વિચાર કર, તારો **પોતાનો** વિચાર કર.

તું શરીરનો મોહ છોડી શકતો ન હોય તો તું નીચેની હકીકત વિચાર અને તેટલું છતાં પણ તને શરીર પર મોહ થાય તો તું જાણ; પણ જો તું જરા પણ વિવેકપૂર્વક વિચાર કરીશ તો બીજું પરિણામ નહિ આવે. જો તારા શરીર સંબંધમાં નીચે પ્રમાણે વિચારો છે તે તપાસી જો. બરાબર ઊંડો ઊતરજે અને પછી નિર્ણય કરજે.

૨. પ્રથમ તું તપાસ કરીને જોઈશ તો સમજાશે કે શરીરની ઉત્પત્તિ જ એવી રીતે થાય છે કે એમાંથી તું કાંઈ સારી આશા રાખ એ સર્વથા ફોકટ જ છે. પુરુષનું વીર્ય અને સ્ત્રીનું રુધિર એ બન્ને ભેગા થાય ત્યાં એ શરીરની ઉત્પત્તિ થાય છે. પછી એ સ્થાનમાં–માતાના પેટમાં શું ભરેલું હોય છે તે તું જો. એના ઉત્પત્તિસ્થાનની બાજુમાં મૂત્રાશય, આંતરડાં, માંસ, મેદ, વિષ્ટા, હાડકાં વગેરે ભરેલાં હોય છે. આવું એનું ઉત્પત્તિસ્થાન છે અને ત્યાં એ લગભગ નવ માસ પર્યંત રહે છે. એની આસપાસ મળ હોય છે અને એ મળથી વીંટાયેલ હોય છે. વળી એ શરીર પોતે મળ અને કચરાનો જ પિંડ છે. શરીરમાં મળનો તો પાર નથી. એમાં મૂત્ર, વિષ્ટા, શ્લેષ્મ, કફ, પિત્ત, પસીનો આદિ ભરેલાં છે એટલે એ મળનો તો ખાડો છે તેમજ કચરાનો પણ ખાડો છે; કારણ કે એ ખરાબ પુદ્ગળોનો સમૂહ છે, એમાં એ સિવાય બીજું કાંઈ પણ નથી.

એવા ઉત્પત્તિસ્થાનવાળા અને એવા મળ–કચરાથી ભરેલા શરીરમાં તે સારી વાત શી હોય? તેમાંથી તું કઈ વસ્તુની અપેક્ષા રાખે છે? જેનાં જેવાં મૂળ તેવી તેમાંથી ઉત્પત્તિ થાય છે. આકડો વાવીને આંબાની ઉત્પત્તિની આશા રાખવી એ કેવળ મૂઢતા છે. વીર્ય અને રુધિરમાં વિવર્ત થાય, તેમાંથી જે શરીર ઊપજે એમાં પ્રેમ ઉત્પન્ન કરે એવી શી ચીજ હોય? અને કેમ હોઈ શકે?

એને ગમે તેટલું ઢાંકવામાં આવે, એના ઉપર ગમે તેવાં લૂગડાં કે ઘરેણાં પહેરાવવામાં આવે પણ એમાંથી અતિ બીભત્સ વસ્તુ વારંવાર ઝર્યા કરે છે. કપાળ ઉપર ઢામણી બાંધી

હોય કે હાથ બંગડીઓથી, વીંટીઓથી, ઝવેરાતથી ભરી દીધા હોય અને ગળામાં નવસર મોતીની કે લીલમની માળા પહેરી હોય અને ઉપર મૂલ્યવાન વસ્ત્રો પહેર્યાં હોય તો પણ સૂંઘવી કે જોવી ન ગમે તેવી વસ્તુઓ તે શરીરમાંથી ઝર્યા જ કરે છે. હવે આવાને માટે તો દાખલો પણ શો આપવો ?

તું જો ! કોઈ કૂવા કચરાના હોય છે. દેશમાં એને ખાળકૂવા કહે છે. એમાં મળ અને મૂત્ર એકઠાં થાય છે. એ કૂવાને સારો કોણ માને ? જેની વાત કરતાં ભવાં ચઢી આવે અને નજીક જતાં નાક આડો રૂમાલ રાખવો પડે તેને સારો કોણ ગણે ? એની વાત પણ કોણ વિચારે ? અને એના સંબંધમાં માનપૂર્વક વિચાર તો કોણ જ કરે ?

આવો દેહ છે ! જેને માટે પ્રાણી કૈંક કૈંક કરી નાખે છે તે દેહ આવો છે, તેનાં મૂળ આવાં છે અને તેનાં પરિણામ આવાં છે. માત્ર એ બાબત તરફ આંખમીંચામણાં કરીને એ વાતને રાળીટાળી નાખવામાં આવે તો તો કાંઈ કહેવા જેવું નથી, બાકી એમાં એક પણ ભલી વાત હોય એમ જણાતું નથી.

૩. પોતાની પાસે આવનારા પદાર્થોને શરીર કેવા બનાવી દે છે તેનો એક દાખલો જુઓ. પોતાનું મુખ સુંદર લાગે અને અંદરનો પવન સુગંધી જણાય તેટલા માટે પ્રાણી પાન (તાંબુલ) ખાય છે. પાનના બીડામાં તે એલચી, લવિંગ, બરાસ વગેરે અનેક સુગંધી પદાર્થો નાખે છે અને પછી તે પાનને કાથા-ચૂના સાથે ખાય છે. આવા માણસની પાસેથી નીકળે તો તેના મુખમાંથી સુગંધી નીકળતી જણાશે, પણ સવાલ એ છે કે એ સુગંધી કેટલો વખત ટકશે ? પાન ચવાઈ રહ્યું અને એક-બે પિચકારી મારી કે પાછું એ ભગવાન એના એ. આ સ્થિતિ શું બતાવે છે ? વાત એ છે કે મુખ પોતે અસુગંધી છે. અંદર જ્યારે પવન જાય છે ત્યારે તો તે શુદ્ધ હોય છે, પણ અંદરથી દુર્ગંધ (Carbon) નીકળે છે. બહાર નીકળતો પવન એ દુર્ગંધ લઈને નીકળે છે. અરે ! એની લાળ પણ કેવી હોય છે ! કોઈ એને (લાળને) અડી જાય કે એ કોઈ વસ્તુને અડી જાય તો તે વસ્તુ અભડાય છે. મનુષ્ય બનતાં સુધી કોઈનું બોટેલું પાણી પીતો નથી, કોઈએ ચાખેલ અન્ન ખાતો નથી, કારણ કે લાળમાં અનેક જાતિના પુદ્ગલો ભરેલ હોય છે અને તે ચેપથી રોગોને પણ મોકલી આપે છે. એ લાળનો આકાર અને રંગ પણ સૂગ લાવે તેવા હોય છે. કોઈએ ગ્રહોં અણાવ્યું હોય તો તેની પાસે ઊભા રહેવું પણ ગમે નહિ એવી લાળ દિવસો સુધી નીકળે છે.

શરીરની આ સ્થિતિ છે ! એક મુખની વાત કરી ત્યાં આટલી ઘૃણા આવે છે તો એના પ્રત્યેક વિભાગની વાત કરવામાં આવે તો તો શું શું થાય ? વાત એ છે કે તાંબુલવાળા મુખની સુગંધી પૂરી પાંચ-પંદર મિનિટ પણ ટકતી નથી અને અંતે અસલ સ્થિતિ આવા જાય છે. બહારના ઉપચારથી કરેલ સારો દેખાવ તે કેટલો ટકે ?

૪. ખરી વાત એ છે કે શરીરમાં જે પવન જાય છે તે ત્યાં એવા પદાર્થોના સંબંધમાં આવે છે કે એ અસુગંધી થઈ જાય છે, વિકારવાળો થઇ જાય છે અને સુગંધી પદાર્થોને મુખમાં રાખીને એ દુર્ગંધને છુપાવવાનો પ્રયત્ન કરવામાં આવે તે નિરર્થક થાય છે.

આવા તો અનેક નિષ્ફળ પ્રયત્ન પ્રાણી વારંવાર કરે છે. એ શરીરની અંદરની દુર્ગંધી છુપાવવા માટે કેંક કેંક પ્રયત્ન કરે છે. એના ખોરાકમાં, એના સ્નાનમાં, એના પીણામાં, એના કપડામાં, એના ઘરેણામાં એ પ્રયત્ન વારંવાર દેખાય છે, પણ છતાં એ એક પણ પ્રયત્નમાં લાંબો વખત સફળ થતો નથી અને સફળ ન થવા છતાં એ નવા નવા પ્રયોગો કર્યા જ કરે છે.

અત્યારે તમે કોઈ પણ ચિત્રવાળાં છાપાં વાંચશો તો તેમાં સૌંદર્યશાળી કેમ દેખાવું તેના અનેક પ્રયોગો જોશો. ત્યાં તમે જાહેરખબરના થોકડા વાંચશો. એક બાલ કેમ સાફ રાખવા એને માટે સેંકડો વાતો જોશો. મુખ પર લગાડવાના પફ પાઉડર, ક્રીમ, ઓઈન્ટમેન્ટ, સ્નો અને તેના ડાઘા દૂર કરવાની જાહેરાતોની હારની હાર જોશો. અંદરનો કચરો દૂર કરવાની પદ્ધતિ અને પ્રયોગો પર ઉલ્લેખ કરવામાં આવે તો પૃષ્ઠો ભરાય તેમ છે. આ સર્વ નિષ્ફળ પ્રયત્ન છે, અયોગ્યને વધારે પડતી અપાતી અગત્ય છે અને સમજણ વગરની બાળચેષ્ટા છે. આ નવયુગની વાત પ્રસંગોપાત્ત થઈ ગઈ, પણ જે વખતે આ મૂળ પુસ્તક લખાયું ત્યારે પણ શરીરનો મળ દૂર કરવાના નિષ્ફળ પ્રયત્નો અનેક પ્રકારના થતા હતા. યુગે યુગે પદ્ધતિ ફરે છે, પણ મુદ્દો તો એકનો એક જ રહે છે.

આવા શરીરને તું વારંવાર ચાટચા કરે છે અને એને સૂંઘ્યા કરે છે! તારી આવી ચેષ્ટાઓ જોઈ ને સમજુ-વિચારક માણસો મનમાં હસે છે. તેઓને એમ થાય છે કે આ માણસ આખો વખત શરીરને ઘસ્યા કરે છે અને પવિત્ર કે સુંદર બનાવવા મથે છે એ તે કાંઈ ડહાપણની વાત ગણાય કે?

અનેક વાર ન્હાવાથી શૌચધર્મ પળાય છે એ માન્યતામાં વિચાર ઘટે છે. જે શરીર અપવિત્ર વસ્તુથી જ ભરેલું છે તેને બાહ્યશૌચ કરવાનો પ્રયત્ન નિષ્ફળ છે. વિશિષ્ટ હેતુપૂર્વક સ્નાનાદિની વાતને અત્ર સ્થાન નથી, પણ માત્ર બાહ્ય શુદ્ધિ(શૌચ)માં જ પર્યવસાન સમજનાર શરીરનો ધર્મ સમજે, એની અંદરની વસ્તુઓને વિચારે, એ વસ્તુઓની અપવિત્રતા ખ્યાલમાં લે અને એ વસ્તુ દૂર કરવા જતાં શરીર જેવું કાંઈ બાકી રહી શકે તેમ નથી એ વાત જો એક વાર લક્ષ્યમાં લે તો આ નકામા પ્રયત્નને બાજુએ મૂકી પોતાના પ્રયત્નો બીજે માર્ગે લગાડે. આ મહામૂલ્યે મળેલ જીવન મોંઘેરું છે, સાધ્ય સધાવી શકનાર છે, એને બહારથી પવિત્ર રાખવાના પ્રયાસમાં વેડફી નાખવા જેવું એ નથી. આ બાબત સ્પષ્ટ સમજવા આ સર્વ હકીકત વિચારવા જેવી છે.

૫. વળી એક બાબત ખાસ વિચારવા યોગ્ય છે. પુરુષનાં નવ અંગોમાંથી આખો વખત શું નીકળે છે વિચારી જુઓ :—

—બે કાનમાંથી કચરો, કેટલાકને પરુ નીકળ્યા કરે છે.

–બે આંખોમાંથી જેટલી વાર પટપટાવીએ તેટલી વાર પાણી, કોઈવાર ચીપડા અને અનેક મળ નીકળ્યા કરે છે.

–બે નાકના દ્વારમાંથી શ્લેષ્મ (શેડા), ગૂંગા વગેરે નીકળ્યા કરે છે. નાક છીંકે ત્યારે ખાસ સંભાળ લેવી પડે છે.

–મુખમાંથી લાળ નીકળે છે. ઉપર તેનું વર્ણન થઈ ગયું છે. દુર્ગંધી પવન અને ઊલટી થાય ત્યારે કાચું અન્ન અને પિત્ત નીકળે છે.

–પુરુષચિહ્નમાંથી પેશાબ. એનું વર્ણન કરવાની જરૂર ન હોય.

–ગુદામાંથી વિષ્ટા, વર્ણન અશક્ય અને બિનજરૂરી છે.

આવી રીતે પુરુષનાં સદરહુ નવ દ્વારોમાંથી અપવિત્ર પદાર્થો બહાર નીકળ્યા જ કરે છે અને તે કદી વિરામ પામતા નથી. એમાં અલ્પવિરામ કે અર્ધવિરામ આવે, પણ પૂર્ણવિરામ કદી આવતું નથી. એ સર્વમાંથી જે પદાર્થો નીકળે છે તે સર્વ દુર્ગંધી, ખરાબ વર્ણ, રસ અને સ્પર્શવાળા જ હોય છે, ભારે કંટાળો આવે તેવા હોય છે અને દૂર નાસી જવું પડે એવા હોય છે.

સ્ત્રી-શરીરમાં ઉપર્યુક્ત નવ દ્વારોમાંથી એટલા જ ખરાબ પદાર્થો નીકળે છે. એ ઉપરાંત સ્ત્રીઓને બે સ્તનો અને યોનિ[1] એ ત્રણ અંગોમાંથી પણ અપવિત્ર પદાર્થો નીકળે છે.

આવાં નવ અને બાર દ્વારો અનુક્રમે પુરુષ અને સ્ત્રીનાં વહેતાં હોય એ શરીરને તું જો પવિત્ર માનતો હોય, ધારતો હોય, કલ્પતો હોય તો અમારે તો એ તારી માન્યતા, ધારણા કે કલ્પના માટે માત્ર એટલી જ ટીકા કરવી પડશે કે એ તારો વિચાર ખરેખર 'નવો' છે, અભિનવ છે અને વિચિત્ર છે. કોઈપણ નવો વિચાર બતાવે તેમાં અમારે વાંધો નથી, પણ સમજુ માણસો એની કસોટી કરે તો જ ગ્રાહ્ય થાય તેમ છે. તું કોઈ સમજુ માણસને પૂછ કે જે શરીરમાંથી આખો વખત નવ અથવા બાર દ્વારે મલિન પદાર્થો નીકળતા હોય તેને તેઓ કદી 'પવિત્ર' ગણી શકશે ?

અમને લાગે છે કે આ તારો નવો વિચાર ભૂલભરેલો છે, મોહજન્ય છે અને તને ફસાવનાર છે. જે શહેરની ગટરમાં કચરો ચાલ્યા કરતો હોય અને જેમાં નવો કચરો પડ્યા કરતો હોય તેને પવિત્ર કહેવા જેવી તારી આ વિચિત્રતા છે. કફ, મળ, મૂત્રના ભંડારરૂપ આ શરીરમાંથી એક પણ સારી ચીજ નીકળતી નથી. તેવા શરીરને તું પવિત્ર કહે તો પછી તારા એ નૂતન વિચારને વિવેકી પ્રાણી 'દેવાનાં પ્રિય' (મૂર્ખ-મૂઢ)ના અભિપ્રાય તરીકે લેખે છે, માટે તારો જે વિચાર જણાવે તે સમજી-વિચારીને જણાવ. આવા ખોટા ખુટ્ટા ઉઠાવીને તારી કિંમત કરાવ નહિ.

૬. વળી તું વિચારીશ તો જણાશે કે તું ભોજન કરવા માટે તૈયારી કરે છે. એક શાક બનાવવું હોય તો તેમાં ધાણા, જીરું, મીઠું, મરચાં, તેલ આદિ અનેક પદાર્થો નાખે

---

૧. ત્યાં બે દ્વાર જુદા જુદા હોય છે તેથી ફરીને ગણેલ છે.

છે. મીઠાઈ બનાવવી હોય તો મોટી ખટપટ કરી મૂકે છે. સાકરની ચાસણી, પદાર્થોની વિપુલતા અને તૈયાર કરવાના તથા ઉપર ચઢાવવાના અનેક સામાન લાવે છે. ઉપર વળી ઘી તથા બદામ, પિસ્તા, ચારોળી વગેરે નાખે છે.

અનેક સામગ્રીઓથી તૈયાર કરેલું અન્ન ખાધા પછી પેટમાં જાય છે. ત્યાં ચાર કલાક બાદ એ સર્વનું શું થાય છે ? એની વિષ્ટા થાય છે, તેને જોઈ તું થૂંકે છે, તેને કાઢવા પ્રયત્ન કરે છે અને તેના તરફ સૂગ લાવે છે. એક સુંદર થાળમાં અનેક સુંદર રસોઈની ચીજો, મીઠાઈઓ, શાકાદિ હોય તે પેટમાં ગયા પછી આ દશા પામે છે.

તેં ગાયનું દૂધ વાપર્યું હોય અને તેના ઉપર સાકરાદિના પ્રયોગ કર્યા હોય તેનું અંતે મૂત્ર થાય છે અને તેનો ક્ષેપ કરતાં પણ તારે વિવેક રાખવો પડે છે અને નહિ તો તારો દંડ થાય છે. ગાયના મૂત્રનો તો ઉપયોગ પણ થાય છે, પણ એના દૂધનો તેં ઉપયોગ કર્યો તો પછી તેનું જે મૂત્ર તારા શરીરમાં થાય છે તે તો અતિ નિંદનીય બને છે. તારા મૂત્રની કિંમત ગાયના મૂત્ર જેટલી પણ નથી એ ધ્યાનમાં રાખજે.

આ સર્વ દાખલા ઉપરથી તારા સમજવામાં આવ્યું હશે કે તારું શરીર તો સારામાં સારા પદાર્થોને ખરાબ કરનાર છે અને તારા શરીરમાંથી કચરો જ બહાર નીકળે છે. આવી શરીરની બાહ્ય સ્થિતિ છે એ સારાને બગાડે છે, સુંદરને વિરૂપ કરે છે, સ્પૃશ્યને અસ્પૃશ્ય કરે છે, સંબંધમાં આવનારને વિકારી બનાવે છે અને એ જે શરીર કહેવાય છે તેને તું પવિત્ર માને છે. તારે તારા વિચારને ફરી વાર તપાસી જવાની જરૂર છે અને એમ કરીને તારી વિચારણામાં વિવેકને સ્થાન આપવાની ખાસ જરૂર છે. હવે તું વગર લગામે કયાં સુધી ચાલ્યા કરીશ તેનો ખ્યાલ કર.

૭. આ શરીરને માટે નીચેની બાબતો વિચારી જો :

(ક) એ પુદ્ગળનો સમૂહ છે.

(ખ) એ મળથી ભરેલું છે.

(ગ) એમાં માત્ર કચરો છે અને કોઈ સારી વસ્તુ નથી.

(ઘ) એ સારા પદાર્થોને ખરાબ કરનાર છે.

(ઙ) એ સુંદર કપડાંને દુર્ગંધી બનાવનાર છે.

આમાંની કોઈ પણ બાબતને માટે ખુલાસાની ખાસ જરૂર હવે રહેતી નથી. શરીર પુદ્ગળનો ઢગલો છે એમાં કાંઈ સંદેહ જેવું નથી. એની અંદરની સર્વ વસ્તુઓ સ્થૂળ છે એમાં કોઈ જાતની શંકાને સ્થાન નથી અને એ સારી વસ્તુને બગાડી મૂકે છે તે તો આપણે ઉપર જોઈ ગયા છીએ.

ત્યારે શું એ શરીરને ફેંકી દેવું ? એનો ઉપયોગ કાંઈ કરવો કે એને ફંગોળી દેવું ? એ વિચારવા જેવી વાત છે. કેટલાક એને મોજશોખનું સાધન માને છે, કેટલાક એનાથી

આવાનો શોખ પૂરો કરે છે, કેટલાક એને સુગંધી લેવાનું સ્થાન માને છે, કેટલાક એનાથી સારાં રૂપો, સ્ત્રીઓ, ચિત્રો જોવામાં સાર્થકત્વ માને છે, કેટલાક એનાથી સારાં ગાન સાંભળવામાં લાભ માને છે, કોઈ એને ચુંબન કરવાનું અથવા તો આલિંગન દેવાનું સાધન માને છે, કોઈ એને પુષ્ટ કરવામાં જીવન ધન્ય માને છે–આ સર્વ નકામું છે. જે પુદ્ગળનો ઢગલો હોય, જે મળથી ભરેલ હોય અને સારાં ખોરાક કે કપડાંને તુચ્છ બનાવનાર હોય, જે અંતે છોડી દેવાનું હોય તેને માટે આવાં લાડપાડ શોભે નહિ.

પણ તેનાથી એક કામ થાય તેમ છે. આ સર્વ ઉપાધિ છોડી હંમેશને માટે કલ્યાણ કરવું હોય તો તેની તૈયારી કરવાનું સામર્થ્ય ત્યાં છે અને તે મહા-ઉદાર કાર્ય છે, પરમ શ્રેષ્ઠ કાર્ય છે અને તે જો થાય તો તારા આ ચોરાશી લાખના ફેરા અને તારી રખડપટ્ટી દૂર થઈ શકે તેવું છે.

ત્યારે આ તો બહુ મજાની વાત થઈ. એને થોડું થોડું ભાતું–પોતું આપી તેના દ્વારા જો શિવસાધન થઈ શકતું હોય તો તે કામ પાર પાડવા પ્રયત્ન કરવા જેવો છે. હંમેશની આ લમણાઝીંક મટી જાય, નિરંતરનું સુખ થઈ જાય. એવો રસ્તો જો એનાથી થાય તો તે કરવાજોગ છે. ત્યારે આવા શરીરમાં અનેક અવગુણ છે પણ શિવસાધનાનું સામર્થ્ય પણ તેનામાં છે એ વાત વિચારી, તેની ચિંતવના કર અને તારા સાચા ઉદ્ધારના માર્ગે લાગી જા.

૮. શરીર કેવું છે? શેનું બનેલું છે? તેમાં શું ભર્યું છે? અને તેનો ક્યાં સુધી વિશ્વાસ કરી શકાય તે તો તેં જાણ્યું. પણ હવે કાંઈ એવી હુંશિયારી કરી બતાવ કે જેથી આવા શરીરનો પણ તું પૂરતો લાભ લઈ શકે અને એ ઇચ્છનીય પુણ્યશાળી અને અભીષ્ટ બને. અત્યારે જે શરીરનું વર્ણન કર્યું તેવું શરીર તો કોઈ મેળવવા ઇચ્છે નહિ. આ તો ઉઘાડી વાત છે.

પણ તારે તો શરીર સાથે પાનાં પડ્યાં છે, ત્યારે હવે કાંઈ એવું કર કે અત્યારે તને જે ખરાબ લાગે તેવું પ્રાપ્ત થયું છે, તેમાંથી પણ તું લાભ મેળવી તેવા શરીરને પણ તું દુગંછનીયને બદલે શ્રેષ્ઠ બનાવી શકે. તારા હાથમાં રસ્તો છે. તારામાં ખરી હુંશિયારી હોય તો તું તેવો રસ્તો લઈ શકે તેમ છે. એ શરીરની અંદરની અપવિતા તો તું દૂર કરી શકે તેમ નથી, પણ તારી પાસે એક બીજો કીમિયો છે તે અજમાવ. આ તારા શરીરને શિવસાધનામાં જોડી દે, કારણ કે એના દ્વારા એ લાભ તું લઈ શકે તેટલું સામર્થ્ય તારા દ્વારા તેનામાં છે તે ઉપર જોયું. તું ગણતરીબાજ સમજુ પ્રાણી છે. તું વ્યાપારી છે તો તારે છેવટે ભાંગ્યાના વટાવ તો જરૂર કરવા ઘટે અને આ તો અણધાર્યો લાભ છે. તારો વિકાસ તું એટલો બધો વધારી શકે તેમ છે કે તું એ શરીરથી પૂરતો લાભ મેળવી શકશે અને તું એવું કાર્ય કરી શકીશ કે ત્રિદ્વિવેશ્વર જેવા પણ તારા શરીરની–મનુષ્યભવની ઇચ્છા કરશે. આ દાખલો ખરેખર તારે બેસાડવા જેવો છે. નહિ તો પછી

આવ્યો તેવો ચાલ્યો જઈશ અને અંતે એ શરીરને પૈસા ખરચીને બાળવું પડશે કે જમીનમાં દાટવું પડશે.

'ચેતન ચાર ગતિમેં નિશ્ચે, મોક્ષદ્વાર એ કાયા રે;
કરત કામના સુરપતિ યાકી, જિસકું અનગ્લિ માયા રે.'

આવી તારી કાયા છે, માટે ગભરાવાનું કારણ નથી; પણ તું મલકાઈ ન જતો. એ કાયાની કિંમત એટલા માટે જ છે કે એ મોક્ષદ્વાર છે, પણ જો તેને તું વેડફી નાંખે તો નરકદ્વાર પણ એ જ છે. તારો વિકાસક્રમ સુધારવાનો આ અવસર છે, માટે નિપુણતા દાખવીને, સ્વ-સ્વરૂપ નિષ્પાદન કરીને એને તું અતિ પવિત્ર બનાવી દે.

પવિત્રતા પ્રાપ્ત કરવા માટે તને સુંદર જળાશય મળ્યું છે, તળાવે જઈને તરસ્યો આવે તે તો નિપુણ ન જ ગણાય. તને પવિત્ર આગમરૂપ જળાશય મળ્યું છે. તેના કાંઠા ઉપર બેસીને તું કોણ છેં, તારું સ્થાન શું હોઈ શકે, તું કયાં આવી ચઢ્યો છે અને શા માટે આ હેરાફેરા કરી રહ્યો છે તે સર્વ વિચાર. એ જળાશયમાં તારી સર્વ જિજ્ઞાસાને તૃપ્તિ મળે એટલું પાણી ભરેલું છે. તું વિના સંકોચે એ પાણીનું પાન કર, તારી જાતને ઓળખ અને તારું પોતાનું સ્થાન સમજી લઈને તે પ્રાપ્ત કરવાના માર્ગો શોધી લે અને તારી ઘણા વખતની તૃષા છે તેને તું છિપાવી લે.

ખાસ કરીને એ જળાશયમાં **શાંતસુધારસ** ભરેલું છે તે અમૃતનું પેટ ભરી ભરીને પાન કરી લે. આવો અવસર ફરી ફરીને મળશે નહિ. માટે '**અવસર પાય ન ચૂક ચિદાનંદ**' એ વાત ધ્યાનમાં રાખ. શાંતરસ – અમૂલ્ય અમૃતનો દરિયો – તને મળી ગયો છે તેનો તું બને તેટલો લાભ લે અને પેટ ભરી ભરીને એ રસને પી લે. આ તકનો લાભ લે. આવાં જળાશય જ્યાં ત્યાં મળતાં નથી અને મળે ત્યારે ઓળખાતાં નથી. તેં અત્યારે જળાશય જોયું છે અને તારા પર દયા કરીને પાણી પાનાર પણ મળી ગયા છે તો હવે તેનો બને તેટલો લાભ લે.

આ ભાવનામાં શરીરની સ્થૂળ રચનાની ક્લિષ્ટ બાજુ બતાવવા સાથે આ કાયાને મોક્ષદ્વાર પણ બનાવી શકાય છે, એ વાત કરીને શરીરના બન્ને ઉપયોગ બતાવવામાં કર્તાએ બહુ કુશળતા બતાવી છે. તદ્દન સામાન્ય વસ્તુનો ઉપયોગ કરતાં આવડે તો નુકસાનમાંથી પણ લાભ પ્રાપ્ત કરી શકાય છે અને સાચી આવડત હોય તો દીર્ઘ લાભ પ્રાપ્ત કરી શકાય છે. આ 'શાંતવાહિતા'માં એ અમૃતનું પાન કરવાનું છે. પ્રથમ કડવો ઘૂંટડો પાઈને વિવેકી મહાશયે કેવી યુક્તિથી શાંતસુધાનું પાન છેવટની દોઢ ગાથામાં કરાવ્યું છે તે ખાસ વિચારણીય છે. સુજ્ઞ એ અમૃતપાન જરૂર કરે.

* * *

મલ્લિકુંવરીનું રૂપ અદ્ભુત હતું. એનાં રૂપ-લાવણ્યની વાતથી આકર્ષાઈ સાકેતપુર (કોશલદેશ)ના પ્રતિબુદ્ધ રાજાએ, ચંપાનગરી (અંગ)ના ચંદ્રચ્છાય રાજાએ, સાવત્થી નગરી

(કુણાલદેશ)ના રૂપી રાજાએ, વાણારસીનગરી (કાશીદેશ)ના શંખ રાજાએ, હસ્તિનાપુર (કુરુદેશ)ના અદીનશત્રુ રાજાએ અને કંપિલપુર (પાંચાલદેશ)ના જિતશત્રુ રાજાએ એ કુંવરી સાથે લગ્ન કરવા માગણી મોકલી. વિદેહાધિપતિ કુંભરાજાએ પોતાની રાજધાની મિથિલામાં એ માગણીનો અસ્વીકાર કર્યો. છએ રાજાઓ લડવા આવ્યા. લડાઈ ચાલવાની હતી ત્યારે અમોઘવીર્યશાળી મલ્લિકુંવરીએ આધ્યાત્મિક માર્ગે લડાઈ જીતવા નક્કી કર્યું. એણે અશોકવાડીમાં પોતાના શરીરપ્રમાણ સુવર્ણની પૂતળી બનાવી. તેના મધ્ય ભાગમાં પોલાણ રાખ્યું. જમ્યા પછી એક કોળીઓ અનાજ તેમાં દરરોજ નાખવા લાગી. એ વાડીમાં પ્રવેશ કરવાના છ રસ્તા કરાવ્યા. છએ રાજાને બોલાવ્યા. જુદા જુદા બેસાડ્યા. દરેકને મલ્લિકુંવરીને મેળવવાની આશા હતી. વચ્ચે પ્રતિકૃતિ જેવી પૂતળી જોઈને રાજાઓ છક થઈ ગયા. છ યે રાજા છ સ્થાને બેઠા હતા. મલ્લિકુંવરીએ જાતે આવી પૂતળીનું દ્વાર (ઉપરનું ઢાંકણ) ઉઘાડ્યું. ગંધથી મહેલ ભરાઈ ગયો. રાજાઓ તો નાક પર રૂમાલ ધરવા મંડી ગયા. પછી યોગિની દેવીએ સમજાવ્યું કે–'હું જે ખાતી હતી તેનો માત્ર એક કોળીઓ દરરોજ આમાં નાખતી હતી. તેની આવી ગંધ છે અને આ શરીરમાં એ વસ્તુઓ જ ભરેલી છે. એના ઉપર તે મોહ ઘટે? આ તો એક કવળનું પરિણામ છે અને હું તો ઘણા કવળો ખાઉં છું–' વગેરે. પછી પૂર્વભવની મિત્રતા યાદ કરી રાજાઓ ચેત્યા. લડાઈ બંધ થઈ. અધ્યાત્મજ્ઞાન પ્રસર્યું. વિચારણા થઈ. રાજાઓ રાજ્ય છોડી મલ્લિકુંવરી પાસે દીક્ષિત થયા. સંસાર છોડી કૃતકૃત્ય થયા અને શરીરનો પૂરતો લાભ લીધો.

આ શરીર કેવા અપવિત્ર પદાર્થોથી ભરપૂર છે તે સંબંધી લેખકશ્રીએ ખૂબ લખ્યું છે. એના પર વિશેષ વિવેચનની અપેક્ષા નથી. એનાં સ્રવતાં દ્વારો અને એનાં વર્ણનો વાંચીને પણ જો પ્રાણીની આંખો ન ઊઘડે તો તો પછી નસીબની વાત છે.

એક-બે બાબત પર ખાસ ધ્યાન આપીએ. આ શરીર અપવિત્ર પદાર્થોથી ભરેલ છે એ વાત તો થઈ. એની ઉત્પત્તિ વિચારતાં જ ખેદ થાય તેવું છે. ગર્ભાશયમાં નવ માસ સુધી ચારે તરફ રહેલા મળની વચ્ચે ઊંધે માથે લટકવું પડે છે એવું નિકૃષ્ટ જેનું ઉત્પત્તિસ્થાન હોય ત્યાં સુગંધીની આશા રાખવી એ તો વેળુમાંથી તેલની અપેક્ષા રાખવા બરાબર છે. આવા શરીરની પુષ્ટિ કરવી એ સુજ્ઞને શોભે તેવી વાત નથી. પણ એ ઉપરાંત એક ઘણી ધ્યાન આપવા જેવી વાત છે. એ શરીરમાં લાખો વ્યાધિઓ ભરેલા છે. ચામડીના વ્યાધિઓ, પેટના વ્યાધિઓ, ગર્ભાશયના વ્યાધિઓ, આંતરડાના વ્યાધિઓ, છાતીના વ્યાધિઓ, હૃદયના વ્યાધિઓ, નાકના, ગળાના, મોંના, આંખના, કાનના, માથાના વગેરે વ્યાધિઓનો પાર નથી. એ પાતળું પડે તો ક્ષયરોગની ચિંતા થાય છે, એ જાડું થઈ જાય તો પક્ષાઘાત કે હૃદયના વ્યાધિની ચિંતા થાય છે, એને હાલતાં-ચાલતાં શરદી લાગી જાય છે, એને અનેક જાતના શસ્ત્રપ્રયોગો (Operations) કરાવવા પડે છે, એની અંદરની યંત્રવ્યવસ્થા એટલી ગૂંચવણવાળી છે કે સેંકડો વ્યાધિઓનું એ ઘર છે અને એને અટકી જતાં, તરડાઈ જતાં અને

ખલાસ થઈ જતાં વાર લાગતી નથી. કોઇ દમવાળાની પીડા જોઈ હોય તો ધમણ ચાલતી લાગે અને ઉધરસ ખાતાં કે બળખા પાડતા જોયા હોય તો ચીતરી ચઢે. આ વાત લંબાવીએ તો ક્યાં અટકવું તે સૂઝે તેમ નથી. આવી રીતે અનેક વ્યાધિનું ઘર એ શરીર છે અને તેને માટે અનેક ગ્રંથો લખાયા છે–જે વૈદકીય ગ્રંથો કહેવાય છે, કોઈ એને આયુર્વેદ પણ કહે છે. શરીરના વ્યાધિઓ પર ગ્રંથો, એનો અભ્યાસ, એનો ધંધો અને એ સંબંધી આટલી વિચારણાઓ !

ઉપરની ચામડી ન હોય તો આ શરીરની અંદર એક પણ વસ્તુ એવી નથી કે જેના ઉપર મોહ થાય. એના કયા વિભાગને ઉઘાડ્યો હોય તો પ્રાણી થૂથૂ ન કરે ? – એ જ એકલો પ્રશ્ન રહે છે અને છતાં મોહગ્રસ્તો આને એવો તો દાઝ પાયો છે કે એ એને ચુંબનો ભરવા મંડી જાય છે ! એ એના સ્પર્શમાં સુખ માને છે. એના અભિષ્વંગમાં લીલા કરે છે. એ જ ઘડીએ જો ઉપરની ચામડી ખરી પડે તો આ ભાઈશ્રી ત્યાં એક મિનિટ પણ ઊભો રહે ખરો ? અને એનું નામ જ કેફ, એ જ મોહની મદિરા, એ જ વિવેકબુદ્ધિનો નાશ ! કોઈ વખત માંદા માણસ પાસે જવાનું થાય અને તેને ઉધરસ આવતી હોય, પાસે બળખા નાખવાનું વાસણ પડ્યું હોય, આ વખતે મનમાં શો વિચાર આવે છે ? દુર્ભાગ્યે એવા વખતના વિચારો કાયમ રહેતા નથી એટલે આ પ્રાણી પાછો ધંધે વળગી જાય છે અને પોતાને જાણે એવા શરીર સાથે સંબંધ જ નથી એવી બેદરકારીમાં દોડ્યો જાય છે.

આખા શરીરની રચના જુઓ ! એની અંદર નાડીઓ, લોહીનું વહન, શિરાઓ વગેરેનો વિચાર કરો. આંતરડાના મળનો ખ્યાલ કરો અને સારામાં સારાં અન્ન, દૂધ અને પાણીની થતી અવદશા વિચારપૂર્વક ધ્યાન પર લો તો ઘણો મોહ ઓસરી જાય તેમ છે. શરીરના પ્રત્યેક ભાગનો આ દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો બહુ જાણવા જેવું મળે તેમ છે એમાં કશો સંદેહ નથી.

એક બીજી વાત, આપણા કપડાં દરરોજ શા માટે ધોવાં પડે છે ? શું એને બહારની રજ લાગે છે એટલા માટે જ ? ના. શરીરમાં સાડાત્રણ કરોડ દ્વાર (રોમરાજી) છે, તે પ્રત્યેકમાંથી દુર્ગંધ અને અપવિત્ર રજ–પરસેવો વગેરે નીકળે છે. એ સારામાં સારાં કપડાંને પણ અપવિત્ર બનાવે છે. એવા શરીરની આસના-વાસના કરવી કેમ પાલવે ? અને એને ચાટવું તે વાત શોભાસ્પદ ગણાય ખરી ? જે ખાધેલ ખોરાકને તુચ્છ બનાવે, વસ્ત્રોને મેલવાળાં બનાવે, લગાડેલ પદાર્થને દુર્ગંધવાળા બનાવે અને જરા પડે તો ખડી જાય, હાડકાં ભાંગે તો દિવસો સુધી પથારી કરાવે અને દરરોજ અનેક પ્રકારની ચાકરી માગે તેવા શરીરની સાથે કેમ કામ લેવું તે સમજણથી વિચાર કરવા જેવું છે.

આવી રીતે અનેક કારણે શરીર અપવિત્ર પદાર્થોથી ઊપજ્યું છે, અપવિત્ર પદાર્થો વચ્ચે વધ્યું છે, અપવિત્ર પદાર્થોથી ભરેલું છે અને સારામાં સારા પદાર્થોને ખરાબ કરનારું છે એ વાત વિચારી શરીરની અપવિત્રતા ધ્યાવવી.

પણ આપણો પનારો એની સાથે પડ્યા છે, તો એનાથી કાંઇ લાભ લેવાય તો લઈ લેવો એ આપણું કર્તવ્ય છે. માટે હવે લેખક મહાશય કહે છે તેમ માનસનલિન-હૃદય-કમળને ઉઘાડો અને ત્યાં અભેદ્ય મૂર્તિને સ્થાપી એને અપનાવો. **એ એટલે તમે પોતે.** શરીર તમારું નથી; તમે શરીર નથી. શરીર તમારી સાથે આવનાર નથી પણ **ત્રણ કાળે તમે પોતે તો તમે જ રહેવાના છો.** એનું એટલે તમારું પોતાનું કાંઇ સુધરે, કાંઈ માર્ગે ચઢવાનું થાય એવો રસ્તો કરો અને તે માટે અંતરથી સાચો વિચાર કરો. અત્યાર સુધી ઉપર ઉપરથી તો ઘણી વાતો કરી છે અને કેાઈવાર ચેતન ચેતન કરી સ્વને અને પરને ઠગ્યા છે, એમાં કાંઈ વળે નહિ. આ માર્ગે કાંઈ જયવારો થાય નહિ. હવે તો હૃદયકમળને ઉઘાડી ત્યાં જે અત્યારે મોહરાજા પેસી ગયો છે તેનો આખો મંડપ તોડી પાડો અને ત્યાં વિભુ પવિત્ર મહોમય ચેતનરાજને બેસાડો. એ રીતે એ શરીરનો પૂરેપૂરો લાભ લો. જે પદ્ધતિએ મલ્લિકુંવરીએ અધ્યાત્મવાદની સ્થાપના કરી લડાઇ અટકાવી અને પરણવા આવનાર છ રાજાઓને પ્રતિબોધ્યા. અનેકનો સંહાર અટકાવ્યો તે રીતે આ અપવિત્ર વસ્તુના પોટલાને એના સાચા આકારમાં ઓળખી ખૂબ આનંદ માણો અને જે કાયા અપવિત્ર-દુર્ગંછનીય પદાર્થોથી ભરેલી છે અને જે તમને વારંવાર ચિંતા કરાવી વૈદ્ય ડોકટરનાં બિલ ભરાવે છે તેને જ મોક્ષદ્વાર બનાવો. આ મનુષ્યદેહ મોક્ષદ્વાર છે જ, પણ એને એ તરીકે અપનાવીએ તો, નહિ તો અનેક ભવ કર્યા છે તેમાં એકનો વધારો કરી તણાઈ જવાશે. અને કયાં જવાનું થશે તે તો પ્રત્યેકે વિચારી લેવાનું છે. ત્યાં આ શરીર આવવાનું નથી એ પણ ચોક્કસ છે અને અહીં કરેલાં સારાં-ખરાબ કૃત્યો, વિચારો કે ભાષાપ્રયોગો કાંઈ અહીં ને અહીં અટકી જાય એવી આશા રાખવી એ તો ફોકટ છે.

માટે કોઈ રીતે વિકાસ વધે, પ્રગતિ થાય, રસ્તો પ્રાપ્ત થાય તેવા માર્ગો આદરી, આ શરીરનો લાભ લ્યો. વિકાસક્રમનો એવો મહિમા છે કે એક વખત જો ગાડું રસ્તે ચડી જાય તો પ્રત્યેક પગલે આગળ ધપાય છે અને તે રસ્તો પ્રાપ્ત કરવા જેટલું સામર્થ્ય, આવડત, અનુકૂળતાઓ, સગવડો એ સર્વ અત્ર લભ્ય છે. મલ્લિકુંવરીના મિત્રો વિચારશીલ હતા, રાજા હતા; વળી ગયા ભવમાં આત્મવિકાસ કરીને આવ્યા હતા. તેમણે શરીરનો ધર્મ સમજતાં સાચો રસ્તો જોયો અને જોવાની સાથે જ ચેતી ગયા. આનું નામ વિકાસક્રમની પ્રાપ્તિનો લાભ કહેવાય.

સનત્કુમાર મહાન ચક્રવર્તી રાજા હતા. એને શરીર પર ખૂબ મોહ હતો. એનો ગર્વ પણ ખરો ! પણ જ્યારે એણે દેવતા પાસેથી શરીરમાં વિકારો થયેલા જાણ્યા ત્યારે એ રડવા ન બેઠા. એણે છ ખંડ પૃથ્વી છોડી દીધી. સંયમ લઇ આરાધના કરી. ઔષધ કરવા આવનાર દેવવૈદ્યો પાસે અંતરના વ્યાધિની વાત કહી પણ બહારના વ્યાધિની દરકાર ન કરી. અંતે એક માસની સંલેખના કરી ત્રીજે દેવલોકે ગયા. આનું નામ તે વિકાસદશા કહેવાય ! કાંઇ શરીરનું અપવિત્રપણું વિચારી ગભરાઇ જવાનું નથી. સનત્કુમાર જેવું સામર્થ્ય વાપરી રસ્તે

ચડી જવા માટે આ ભાવના છે. એના જેટલું બળ ન હોય તો જેટલો બને તેટલો વિકાસ તો સાધવો એ ખાસ જરૂરી ગણાય.

આવી રીતે શરીરની અશુચિ સંબંધી વિચાર કરવા સાથે એનાથી શિવસાધન પ્રાપ્ત થાય છે એ પણ ધ્યાનમાં રાખવું. એના મોહમાં ન પડી જવું, એની ખાતર પડી ન મરવું અને એનો બનતો લાભ લેવો.

વિકાસક્રમ (Evolutions)નો એક મુખ્ય નિયમ એ છે કે એને માર્ગે પડી જવાય તો કામ સુલભ થઈ જાય. અત્યારે તો અમદાવાદ જવું છે અને જી. આઈ. પી.ને માર્ગે ચાલ્યા જઈએ છીએ. એમાં માત્ર ગતિ થાય, પણ પ્રગતિ ન થાય. ધ્યાનમાં રાખવું કે સર્વ ગતિ એ કાંઈ પ્રગતિ નથી. વિચારપૂર્વક વિકાસનો માર્ગ હાથ કરવામાં આવે તો જરૂર પ્રગતિ થાય. તેથી વાત એ છે કે આ ભવમાં શિવ સુધી પહોંચી ન શકાય, તો પણ એને રસ્તે તો ચડી શકાય. અને વિકાસક્રમ સુતરો કરવો એ તો શરીરપ્રાપ્તિનો ખરો ઉપયોગ છે. એ માર્ગપ્રાપ્તિમાં તરતમતા તો ઘણી છે; પણ જેટલું આગળ વધાય તેટલું લાભકારક છે. છેવટે પાછા ન હઠાય તો પણ લાભમાં ગણવું.

માટે શરીરની ખોટી લાલના-પાલના ન કરવી, એની અશુચિતા અને ક્ષણભંગુરતા, એમાં અવિશ્વાસ્યત્વ તથા વ્યાધિગ્રસ્તત્વ વગેરે વિચારવાં અને એની સાથે જ એનો લાભ લેવાના પ્રસંગને જરા પણ જતા ન કરવા. અશુચિ-વિચારણા હકીકતરૂપે તદ્દન સત્ય અને તથ્ય છે. એનો ઉદ્દેશ બાહ્યભાવમાં ગૃદ્ધિ ઓછી કરાવી અંતરાત્મ-દશામાં દાખલ થવાના સૂચનરૂપે છે. આ ભાવનાના આ બન્ને પ્રકાર વારંવાર ભાવવા. જળાશય મળ્યું છે, પાન કરતાં આવડે તો પી લેવું. આવો અવસર ફરી-ફરીને મળશે નહિ, મળવો ઘણો મુશ્કેલ છે; માટે તેનો લાભ લેવો.

ઇતિ અશુચિભાવના. ૬.

શ્રીસકળચંદ્રજી ઉપાધ્યાય વિરચિત છઠ્ઠી અશુચિભાવના

(રાગ–કેદારો–ગોડી)

મંસ મળ મૂત્ર રુધિરે ભર્યા, અશુચિ નરનારી દેહ રે;
વારુણીકુંભપરે ભાવિયે, અંત દિયે જીવને છેહ રે. મં૦ ૧
અશુભ બહુ રોગ કફ નિતુ વહે, એ ભખે ભક્ષ્ય અભક્ષ્ય રે;
દેહને જાણ જોખમ ઘણા, દેહ બહુ જીવનો ભક્ષ્ય રે. મં૦ ૨

ભાવાર્થ—હે આત્મા ! સર્વ સ્ત્રી–પુરુષોનાં શરીરો માંસ, મળ, મૂત્ર અને રુધિર કે લોહી તદ્રૂપ અશુચિથી–અપવિત્ર પદાર્થોથી ભરેલ છે. તે દેહને મદિરાના ઘડા જેવો અપવિત્ર માન–સમજ, વળી એવો અપવિત્ર હોવા ઉપરાંત અંતે તે જીવને છેહ આપે છે અર્થાત્ તેનાથી જુદો પડી જાય છે. તેનું ગમે તેટલું લાલન-પાલન કર્યા છતાં તે તો આયુસ્થિતિ પૂર્ણ થયે જીવને કહે છે કે–'તું મને છોડીને ચાલ્યો જા.' એવો એ કૃતઘ્ન છે.

વળી તે દેહ અશુભ છે, બહુ પ્રકારના રોગોથી ભરેલો છે અને તેમાંથી કફ વગેરે અશુચિ પદાર્થો નિરંતર વહ્યા જ કરે છે. એમ છતાં આ જીવ તે દેહને પ્રસન્ન કરવા ભક્ષ્ય, અભક્ષ્ય–ખાવા યોગ્ય કે ન ખાવા યોગ્ય અનેક પદાર્થોનું ભક્ષણ કરે છે, તેમાં વિવેક જાળવતો નથી. પરંતુ તું સમજજે કે આ દેહને માથે અનેક પ્રકારનાં જોખમો રહેલાં છે અને તે દેહ અનેક જીવોનું ભક્ષ્ય બનવાનો છે. ૧–૨



આશ્રવભાવના

પૂર્વપરિચય

અહીં જરા ક્રમ ફેરવીને પ્રાથમિક વિવેચન કરવું આવશ્યક જણાય છે. પ્રથમની છ ભાવનામાં આપણે જીવ અને અજીવનો પોતાનો અને પરસ્પરનો સંબંધ વિચાર્યો. તેને અંગે અનિત્યતા અને અશુચિભાવનામાં લગભગ અજીવનો જીવના સંબંધી તરીકે વિચાર કર્યો. સંસારમાં જીવ-અજીવના વિવર્તો જોયા, જ્યારે અશરણ, એકત્વ અને અન્યત્વમાં ચેતનાના આવિર્ભાવો વિચાર્યા અને એનાં પૃથક્ પૃથક્ ચિત્રો જુદાં જુદાં દૃષ્ટિબિંદુથી તપાસ્યાં.

હવે પછીની ત્રણ ભાવનામાં આપણે કર્મના પ્રદેશમાં જઈ એ છીએ. એ ભાવના ભાવતાં પહેલાં આપણે પ્રત્યેકનું સ્વરૂપ યથાસ્થાને વિચારીએ. હેતુઓને પ્રાપ્ત કરીને જીવથી જે કરાય તે 'કર્મ'–**किरइ जीएण हेउहिं जेणं तो भण्णए कम्मं** ॥ કર્મબંધના **હેતુઓને** પ્રાપ્ત કરીને જીવ **કર્મ** બાંધે છે. એ પરિણામ છે. એનાં કારણ 'હેતુ' છે. એ હેતુ જ્યાં હોય ત્યાં આત્મા તેટલાં પૂરતાં કર્મો એકઠાં કરે છે. એ કર્મ પરમાણુઓના સ્કંધરૂપ છે, તે આત્મા સાથે ચોંટી જાય છે. એ ચોંટે તે વખતે એની ચાર બાબતો મુકરર થાય છે; પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ. 'પ્રકૃતિ' એટલે એનો સ્વભાવ, એનું કાર્ય શું વગેરે. 'સ્થિતિ' એટલે એ કેટલા વખત માટે છે તે. 'રસ' એટલે એનામાં ગાઢતા કેટલી છે તે, અને 'પ્રદેશ' એટલે એ કર્મ કેટલી કર્મવર્ગણાનું-કર્મના પ્રદેશોનું બનેલ છે તે.

આવી રીતે જે કર્મબંધ થાય છે તે બંધહેતુઓથી થાય છે. એ બંધહેતુઓ એટલે કર્મબંધનાં કારણો. એના મુખ્ય ચાર પ્રકાર છે : મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ.

મિથ્યાત્વ—એટલે વસ્તુઓનું વિપરીત દર્શન. શુદ્ધ દેવ-ગુરુ-ધર્મ ઉપર શ્રદ્ધાનનો અભાવ અને અન્ય તરફ આદર. સંશય, અભિનિવેશ અને વિપર્યય એ સર્વનો સમાવેશ મિથ્યાત્વમાં થાય છે. એ અજ્ઞાન છે અને વિવેક વગરના જ્ઞાનીને પણ શક્ય છે.

અવિરતિ—ત્યાગભાવનો કે દોષોથી પાછા હઠવાના નિશ્ચયનો અભાવ. પચ્ચક્ખાણ-રહિત દશા.

કષાય—ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, દુર્ગંછા, સ્ત્રીવેદ, પુંવેદ, નપુંસકવેદ.

યોગ—મન-વચન-કાયાનું પ્રવર્તન.

આના અનેક ભેદ-ઉપભેદ છે. એ કર્મબંધનના હેતુઓ છે.

હવે આપણે આશ્રવની વાત કરીએ. જે માર્ગોએ કર્મો આવે, કર્મનું આશ્રવણ થાય તે રસ્તાઓને 'આશ્રવ' કહે છે. એક મોટા સરોવર-તળાવમાં પાણી આવવાનાં ગરનાળાંને આશ્રવ કહેવાય. એક મોટા મહેલમાં હવા આવવાનાં બારીબારણાં હોય તે આશ્રવ કહેવાય. એક પાણીના અવાડો હોય અને તેમાં જે નળદ્વારા જળ આવે છે તે નળને

આશ્રવ કહેવાય. એક કોઠારમાં અનાજ ભરાતું હોય અને બીજી બાજુ નીકળતું હોય તો એ ભરાવાના માર્ગોને આશ્રવ કહેવાય. કર્મ આવવાના માર્ગોના નીચે પ્રમાણે વિભાગ પાડી શકાય છે, સંક્ષેપ વર્ણન જ અત્ર કરાય છે :

૧. **ઇંદ્રિય**—એના પાંચ પ્રકાર છે : સ્પર્શન, જિહ્વા, નાસિકા, ચક્ષુ અને કર્ણ. આ ઇંદ્રિયની રાગદ્વેષયુક્ત પ્રવૃત્તિ એ આશ્રવ છે. ઇંદ્રિયોની પ્રવૃત્તિ રાગદ્વેષપૂર્વક હોય તો જ આશ્રવ થાય છે એ ખાસ ધ્યાનમાં રહે. એની પ્રવૃત્તિ રાગ-દ્વેષ વગરની હોય તો એ ગરનાળું બંધ થાય છે.

૨. **કષાય**—સંસારનો લાભ (વૃદ્ધિ) જેનાથી થાય તેવા ક્રોધ, માન, માયા અને લોભ; આ ચાર એના મુખ્ય ભેદ છે.

એની ગાઢતા પ્રમાણે એના વિભેદો પણ થાય છે અને તેમના પેટામાં હાસ્યાદિ નોકષાયોનો સમાવેશ થાય છે. કર્મનો રસ અને સ્થિતિ મુકરર કરવામાં આ કષાયો ખૂબ અગત્યનો ભાગ ભજવે છે.

૩. **અવ્રત**—અવિરતિપણું. એના પાંચ વિભાગ છે :

(ક) પ્રમાદથી થતો પ્રાણવધ તે **પ્રાણાતિપાત.**

(ખ) અસત્ય ભાષણ તે **મૃષાવાદ.**

(ગ) વગર દીધેલ વસ્તુ લેવી તે **અદત્તાદાન.**

(ઘ) જાતીય સંબંધ; કામરાગથી સ્ત્રી-પુરુષનો શરીરસંબંધ તે **મૈથુન.**

(ઙ) સ્વામિત્વસ્થાપન; પદાર્થો ઉપર મૂર્છાવૃત્તિ એ **પરિગ્રહ.**

આ પાંચને અંગે ઘણો વિસ્તાર છે અને તે સમજવાની જરૂર છે. અવિરતિને કારણે પ્રાણી અનેક પાપો સમજણ વગર વહોરી લે છે.

૪. **યોગ**—મન, વચન, કાયા; એની પ્રવૃત્તિ શુભ અથવા અશુભ. એ પ્રવૃત્તિથી કર્મોનું આગમન થાય છે. જેવી પ્રવૃત્તિ તેવાં કર્મ. રસબંધ અને સ્થિતિબંધમાં કષાય સાથે આ યોગો પણ એટલા જ ઉપયોગી ભાવ ભજવે છે.

આવી રીતે ૫ ઇંદ્રિયો, ૪ કષાયો, ૫ અવિરતિઓ અને ૩ યોગ એમ ૧૭ ભેદ થયા. અને નીચે ૨૫ ક્રિયાઓ બતાવીએ છીએ તે મળીને કર્મ આવવાનાં ૪૨ માર્ગો-રસ્તાઓ-ગરનાળાંઓ છે. એના ઉપવિભાગો તો પાર વગરના થાય અને વળી દરેકમાં તરતમતા પણ ઘણી હોય. હવે આપણે ૨૫ ક્રિયાઓને સમજી લઈએ.

૨૫ ક્રિયાઓ—(બહુ સૂક્ષ્મ દૃષ્ટિએ સમજવા યોગ્ય છે.)

૧. દુષ્ટભાવયુક્ત થઈ કામવાસના વગેરે માટે પ્રયત્ન કરવો-શરીરને અયતનાપૂર્વક પ્રવર્તાવવું તે '**કાયિકી ક્રિયા.**'

૨. હિંસાનાં સાધનોને ગ્રહણ કરવાં-તલવાર, બંદૂક, બૉંબ, ટોરપિડો વગેરે તૈયાર કરવાં, વાપરવાં અને એની યોજના કરવી તે '**આધિકરણિકી ક્રિયા.**'

૩. જે ક્રિયામાં દ્વેષ-ક્રોધને વિશેષ સ્થાન મળતું હોય તે '**પ્રાદ્વેષિકી ક્રિયા.**'

૪. અન્યને હેરાન કરવાની-ત્રાસ આપવાની ક્રિયા તે '**પારિતાપનિકી ક્રિયા.**'

૫. જીવને મારી નાખવાની-તેના પ્રાણો જુદા કરવાની ક્રિયા તે '**પ્રાણાતિપાતિકી ક્રિયા.**' મરણ એટલે પાંચ ઇંદ્રિય, મન, વચન, કાયબળ, આયુ અને શ્વાસોચ્છ્વાસ-તેનો આત્માને વિયોગ કરાવવો તે. આત્મા મરતો નથી પણ પ્રાણથી જુદો પડે છે તે ધ્યાનમાં રાખવું.

૬. નાના-મોટા આરંભ કરવા, ભાંગફોડ કરવી, છકાય જીવનો વધ થાય તેવી ઉત્પત્તિ કરવી-કરાવવી એ '**આરંભિકી ક્રિયા.**'

૭. ધન-ધાન્યાદિ પરિગ્રહ મેળવવો, રક્ષણ કરવું, તેના ઉપરની મૂર્છાને અંગે જે જે ક્રિયાઓ-આચરણો કરવામાં આવે તે '**પારિગ્રહિકી ક્રિયા.**'

૮. અન્યને ઠગવા માટે જે ક્રિયા કરવામાં આવે, જેમાં કપટ-માયાને મુખ્ય સ્થાન હોય તે '**માયાપ્રત્યયિકી ક્રિયા.**'

૯. મિથ્યાદર્શનમાં સવિશેષ સ્થિર થવાની ક્રિયા; કુદેવ, કુગુરુ, કુધર્મમાં દૃઢ થાય તેવી ક્રિયા; સર્વ ધર્મ સરખા છે એવા અભિનિવેશ આદિથી જે ક્રિયા કરવામાં આવે તે '**મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા.**'

૧૦. અવિરતિને કારણે ત્યાગ-પચ્ચક્ખાણ કર્યા વગર ચલાવ્યા કરવાથી જે ક્રિયા લાગે; વિના કારણે દોષના ભાગી થવાય, સંયમવિઘાતક કર્મના ઉદયથી પાપવ્યાપારથી નિવૃત્ત ન થતાં જે ક્રિયા લાગે તે '**અપ્રત્યાખ્યાનિકી ક્રિયા.**'

૧૧. રાગપૂર્વક અશ્વ, સ્ત્રી કે અજીવ પદાર્થોને જોવા તે '**દૃષ્ટિકી ક્રિયા.**'

૧૨. રાગપૂર્વક અન્ય વસ્તુનો સ્પર્શ કરવો, સ્ત્રીનો સ્પર્શ કરવો, બાળકના ગાલનો સ્પર્શ કરવો, ઘોડાને પંપાળવો વગેરે '**સ્પૃષ્ટિકી ક્રિયા.**'

૧૩. જીવ-અજીવ પર રાગ-દ્વેષ થાય અથવા અન્યનું ઐશ્વર્ય જોઈ અસૂયા થાય અથવા સ્વીકૃત અધિકરણને લઈને ક્રિયા થાય તે '**પ્રાતિત્યકી ક્રિયા.**'

૧૪. '**સામંતોપનિપાતિકી**' ક્રિયાના બે અર્થ સંભવે છે.

સર્વ દિશાઓમાંથી આવનાર-જનારને ઉપતાપન થાય તેવી ક્રિયા. દાખલા તરીકે : જાહેર રસ્તા પર મળ-મૂત્રાદિ કરવા. અથવા ઘી-તેલનાં ભાજન ઉઘાડાં મૂકી દેવાં, તેમાં જીવો પડે તેથી દોષ લાગે. Public nuisanceનો અહીં સમાવેશ થાય છે.

૧૫. પાપી પ્રવૃત્તિ માટે અનુમોદના આપવી, રાજાના હુકમથી શસ્ત્ર ઘડાવવાં, તળાવો ખોદાવવાં એ **નૈસૃષ્ટિકી**-અથવા **નૈસર્ગિકી ક્રિયા.**'

૧૬. બીજાને કરવાનું કામ હોય તે ક્રોધ કે અભિમાનથી પોતાને હાથે કરવું, નોકરનું કામ કરવા લાગવું એ '**સ્વાહસ્તિકી ક્રિયા.**'

૧૭. જીવ-અજીવને હુકમ કરી કાંઈ મંગાવવું અથવા તીર્થંકરની આજ્ઞાની વિરુદ્ધ પ્રરૂપણા કરવી તે '**આજ્ઞાપનિકી**' અથવા **આનયનિકી ક્રિયા.**'

૧૮. જીવને વિદારવા અથવા અન્યનાં પાપને જાહેરાત આપવી, અન્યની પૂજાનો નાશ કરવો તે '**વિદારણિકી** ક્રિયા.'

૧૯. ઉપયોગરહિતપણું તે અનાભોગ. શૂન્યચિત્તે વસ્તુ લેવી-મૂકવી, જોયા સાફ કર્યા વગરની જગ્યાએ શરીરને રાખવું તે '**અનાભોગિકી** ક્રિયા.'

૨૦. શાસ્ત્રમાં કહેલી વિધિનો અનાદર કરવો અથવા ધૂર્તતાનો આશ્રય લઈ આલોક-પરલોક વિરુદ્ધ આચરણ કરવું તે '**અનવકાંક્ષાપ્રત્યયિકી** ક્રિયા.'

૨૧. મન-વચન કાયાના યોગોની સકષાય પ્રવૃત્તિ કરવી-દ્રોહ, ઇર્ષા, અભિમાન આદિ મનોવ્યાપાર, હિંસાપ્રેરક જૂઠો વાગ્વ્યાપાર, ચાલવું-દોડવું તે કાયવ્યાપાર-તેથી થતી ક્રિયા તે **પ્રાયોગિકી** ક્રિયા.'

૨૨. ઇંદ્રિયોની પ્રવૃત્તિ એવા જોસપૂર્વક કરે કે જેથી આઠે કર્મો એક સાથે તીવ્રપણે બંધાય તે '**સામુદાનિકી** ક્રિયા.'

૨૩. માયા અને લોભથી પ્રેરાઈ રાગવચન બોલે, રાગની વૃદ્ધિ કરે તે '**પ્રેમિકી** ક્રિયા.'

૨૪. ક્રોધ અને માનથી ગર્વવચન બોલી દ્વેષ ઉપજાવે તે '**દ્વૈષિકી** ક્રિયા.'

૨૫. માત્ર કાયાના હલનચલન વગેરે પ્રવૃત્તિથી જે ક્રિયા લાગે તે '**ઇર્યાપથિકી** ક્રિયા.' આ ક્રિયા અપ્રમત્ત સાધુ-તથા કેવળીને પણ લાગે.

આ પ્રમાણે આશ્રવની હકીકતનો ખ્યાલ સ્પષ્ટ કરવા કહ્યું. એ કર્મને લાવવાના ઘેરી માર્ગો છે, મોટાં ગરનાળાં છે અને તે દ્વારા શુભ તથા અશુભ બંને પ્રકારનાં કર્મો આવી, તેલ ચોળેલા શરીર પર જેમ રજ લાગે છે તેમ આત્મા સાથે ચોંટી જાય છે, શુભ કર્મો પણ ભોગવ્યા વગર ચાલતું નથી. એના ઉદય-વિપાકને પુણ્ય કહેવામાં આવે છે. એ સોનાની બેડી જેવાં છે પણ એનું સુવર્ણત્વ વિચારમાં રાખવાનું નથી, એનું બેડીત્વ-શૃંખલાત્વ લક્ષ્યમાં રાખવા જેવું છે. પચીશે ક્રિયાઓનો સૂક્ષ્મ નજરે વિચાર કરવામાં આવશે તો તે દરેકમાં મન-વચન-કાયાના યોગો અને કષાયો ખૂબ કામ કરતા દેખાશે; અને એક રીતે વિચારીએ તો એ નાનાં ગરનાળાંઓ અંતે યોગ અને કષાયના મોટા ગરનાળામાં થઈને સરોવરમાં કર્મપ્રવાહની ભરતી કરે છે. આ આશ્રવોને ખૂબ સમજવાની જરૂર છે. એનો બાહ્ય અને આંતર વ્યાપાર બરાબર ખ્યાલમાં લીધા વગર આ ભાવના ભાવી શકાય તેમ નથી. આ પ્રાણી આ આશ્રવમાં રાચ્યો-માચ્યો રહે છે અને એની પ્રત્યેક ક્રિયા પ્રાયઃ આશ્રવરૂપ થઈ જાય છે. તેનાથી કેવી રીતે ચેતવું તે એની ભાવના છે. અહીં તો આશ્રવ સમજવા પૂરતી હકીકત ઉપોદ્ઘાતરૂપે લખી છે. એની ભાવના માટે લેખકશ્રી સાથે ચાલીએ અને સહજ વક્તવ્ય આ પ્રકરણની આખરે કરવા ઇચ્છા રાખી, હવે ગ્રંથકર્તા સાથે પૂર્વ પદ્ધતિએ આગળ વધીએ.

પ્રકરણ સાતમું

આશ્રવભાવના

भुजंगप्रयातम्

यथा सर्वतो निर्झरैरापतद्भिः, प्रपूर्येत सद्यः पयोभिस्तटाकः ।
तथैवाश्रवैः कर्मभिः सम्भृतोऽङ्गी, भवेद् व्याकुलश्चञ्चलः पङ्किलश्च ॥ क १ ॥

शार्दूलविक्रीडितम्

यावत्किञ्चिदिवानुभूय तरसा कर्मेह निर्जीर्यते,
तावच्चाश्रवशत्रवोऽनुसमयं सिञ्चन्ति भूयोऽपि तत् ।
हा कष्टं कथमाश्रवप्रतिभटाः शक्या निरोद्धुं मया,
संसारादतिभीषणान्मम हहा मुक्तिः कथं भाविनी ॥ ख २ ॥

प्रहर्षणी

मिथ्यात्वाविरतिकषाययोगसंज्ञाश्चत्वारः सुकृतिभिराश्रवाः प्रदिष्टाः ।
कर्माणि प्रतिसमयं स्फुटैरमीभिर्बध्नन्तो भ्रमवशतो भ्रमन्ति जीवाः ॥ ग ३ ॥

रथोद्धता

इन्द्रियाव्रतकषाययोगजाः पञ्च पञ्च चतुरन्वितास्त्रयः ।
पञ्चविंशतिरसत्क्रिया इति नेत्रवेदपरिसंख्ययाप्यमी ॥ घ ४ ॥

इन्द्रवज्रा

इत्याश्रवाणामधिगम्य तत्त्वं निश्चित्य सत्त्वं श्रुतिसन्निधानात् ।
एषां निरोधे विगलद्विरोधे सर्वात्मना द्राग्यतितव्यमात्मन् ॥ ङ ५ ॥*

---

* આ શ્લોકોના કઠણ શબ્દની નોટ ગેયાષ્ટક પછી આપેલી છે.

ક ૧. જેવી રીતે ચારે તરફથી આવતાં નિઝરણાંઓ દ્વારા એક સરોવર પાણીથી તુરત ભરાઈ જાય છે તેમ જ આ પ્રાણી આશ્રવો દ્વારા કર્મોથી ભરાઈ જાય છે અને પછી તે આકુળ-વ્યાકુળ થાય છે, અસ્થિર થાય છે અને મેલવાળો થાય છે.

ખ ૨. જ્યાં જેમ તેમ ઉતાવળ કરીને જરા જરા થોડાં કર્મોને ભોગવીને અહીં એને છૂટાં કરીએ છીએ ત્યાં તો આશ્રવરૂપ શત્રુઓ પ્રત્યેક સમયે બીજાં કર્મોથી ફરીવાર સિંચીને (મને) ભરી મૂકે છે. આ તો ભારે આપત્તિ થઈ! મારે તે આશ્રવ-શત્રુઓનો વિરોધ કેવી રીતે કરવો? અને આ ભયંકર સંસારમાંથી મારો છૂટકો-મારી મુક્તિ કઈ રીતે થવાની?

ગ ૩. પ્રવર પુણ્યશાળી મહાપુરુષોએ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ નામના ચાર આશ્રવો કહ્યા છે, બતાવ્યા છે. એ સુપ્રસિદ્ધ આશ્રવોદ્વારા દરેક સમયે કર્મોને બાંધીને પ્રાણીઓ ખોટા ભુલાવાને વશ થઈ (સંસારમાં) રખડે છે.

ઘ ૪. (એ આશ્રવો) ઇંદ્રિય, અવ્રત, કષાય અને યોગમાંથી ઉત્પન્ન થાય છે. એ પ્રત્યેકની સંખ્યા અનુક્રમે પાંચ, પાંચ, ચાર અને ત્રણ છે અને પચીશ અસક્રિયા સાથે મેળવતાં એની કુલ સંખ્યા બેંતાળીશની થાય છે.

ઙ ૫. એ પ્રમાણે આશ્રવોનું તત્ત્વ જાણીને અને શાસ્ત્રાભ્યાસથી તત્ત્વની (શક્તિનો) નિરધાર કરીને હે આત્મન્! એમના (આશ્રવોના) વિરોધ વગરના નિરોધ માટે સર્વ પ્રકારનો ઉદ્યમ કરીને જલદી સખ્ત પ્રયાસ કરવો.



गेयाष्टक*

परिहरणीया रे, सुकृतिभिराश्रवा, हृदि समतामवधाय ।
प्रभवन्त्येते रे, भृशमुत्छृङ्खला, विभुगुणविभववधाय ॥ परि० ॥ १ ॥
कुगुरुनियुक्ता रे, कुमतिपरिप्लुताः शिवपुरपथमपहाय ।
प्रयतन्तेऽमी रे क्रियया दुष्टया, प्रत्युत शिवविरहाय ॥ परि० ॥ २ ॥
अविरतचित्ता रे, विषयवशीकृता, विषहन्ते विततानि ।
इहपरलोके रे, कर्मविपाकजान्यविरलदुःखशतानि ॥ परि० ॥ ३ ॥
करिझखमधुपा रे, शलभमृगादयो, विषयविनोदरसेन ।
हन्त लभन्ते रे, विविधा वेदना, बत परिणतिविरसेन ॥ परि० ॥ ४ ॥
उदितकषाया रे, विषयवशीकृता, यान्ति महानरकेषु ।
परिवर्तन्ते रे, नियतमनन्तशो, जन्मजरामरणेषु ॥ परि० ॥ ५ ॥
मनसा वाचा रे, वपुषा चञ्चला, दुर्जयदुरितभरेण ।
उपलिप्यन्ते रे, तत आश्रवजये, यततां कृतमपरेण ॥ परि० ॥ ६ ॥
शुद्धा योगा रे, यदपि यतात्मनां, स्रवन्ते शुभकर्माणि ।
काञ्चननिगडांस्तान्यपि जानीयात्, हतनिर्वृतिशर्माणि ॥ परि० ॥ ७ ॥
मोदस्वैवं रे, साश्रवपाप्मनां, रोधे धियमाधाय ।
शान्तसुधारसपानमनारतं, विनय विधाय विधाय ॥ परि० ॥ ८ ॥

---

* એનો ભારૂ રાગ છે. 'ત્રીજી ભાવના એણી પરે ભાવીએ રે'—એ રાગમાં બરાબર ફેરવવો પડશે. 'ત્રીજી ભાવના રે' એમ બોલીએ તો અષ્ટકનો રાગ આવી જશે.

૧. પોતાનું શ્રેય ઇચ્છનાર સમજુ પ્રાણીઓએ કર્મબંધનના હેતુભૂત આશ્રવોને હૃદયમાં સમતા ધારણ કરીને છોડી દેવા જોઈએ-તજી દેવા જોઈએ. એને જે મોકળા મૂકી દીધા હોય તો તે સર્વવ્યાપી ગુણરૂપ મહાન્ વૈભવનો સારી રીતે-તદ્દન નાશ કરનારા થાય છે.

૨. (**મિથ્યાત્વ:**) કુગુરુઓએ પ્રવર્તાવેલા-ચોજેલા પ્રાણીઓ અથવા પોતાની કુમતિથી ચંચળ થયેલા પ્રાણીઓ મોક્ષનો સાચો માર્ગ છોડી દઈને અશુદ્ધ ક્રિયામાં પ્રવૃત્તિ કરે છે અને ઊલટા મોક્ષનો વિરહ વધારનારા બને છે.

૩. (**અવિરતિ:**) ત્યાગ તરફ જેનું ચિત્ત લાગેલું નથી તેવા (અવિરતિ) પ્રાણીઓ (ઇંદ્રિયના) વિષયોને વશ પડીને આ લોકમાં અને પરલોકમાં કર્મના વિપાકથી ઉત્પન્ન થયેલા મહાન્ સેંકડો દુઃખો નિરંતર સહન કરે છે.

૪. (**ઇંદ્રિય:**) હાથી, માછલું, ભમરો, પતંગિયું અને હરણ વગેરે વિષયવિલાસના પ્રેમને લીધે અહાહા ! અનેક પ્રકારની વેદનાઓ સહન કરે છે અને એ વિનોદરસ પરિણામે ભારે આકરો થઈ પડે છે.

૫. (**કષાય:**) જેનામાં કષાયોની જાગૃતિ થઈ જાય છે તેવા પ્રાણીઓ કોઈપણ વિષયને વશ પડી જઈને મહાનરકમાં જાય છે અને કોઈપણ જાતના અપવાદ વગર અનંત જન્મ-જરા-મરણમાં રખડપાટીએ ચઢે છે.

૬. (**યોગ:**) મનથી, વાણીથી અને શરીરથી ચપળ પ્રાણીઓ મહા-આકરા પાપના ભારથી ભારે થઈને કર્મરૂપ કાદવથી ચારે તરફ ખરડાઈ જાય છે. તેટલા માટે આશ્રવ ઉપર જય મેળવવાનો પ્રયત્ન કર. બીજા કામથી સર્યું.

૭. સંયમવાન્ વિશુદ્ધ આત્માઓના શુદ્ધ યોગો (મન-વચન-કાયા) સારાં (શુભ) કર્મોને સ્રવાવે છે-મોકલી આપે છે તેને પણ સોનાની બેડીઓ જાણવી. એ શુભ કર્મો પણ મોક્ષના સુખનો પ્રતિબંધ કરે છે.

૮. હે વિનય ! આશ્રવરૂપ પાપાત્માનો રોધ કરવામાં બુદ્ધિને રોકીને અને વારંવાર અનેક વખત **શાંતસુધારસનું** પાન કરી કરીને (એ પ્રકારે) આનંદ પામ-લહેર કર.

પ્રારંભના પાંચ શ્લોકના કઠણ શબ્દના અર્થ

ક ૧. **સર્વતઃ** સર્વ બાજુઓથી, દિશાવિદિશા આદિથી. **નિર્ઝર** નિઝરણાં; પર્વતમાંથી વહેતાં પાણી, ઘોધો, નીકો વગેરે સર્વ. **સમ્ભૃત** ભરાયેલો, બંધાયેલો. **વ્યાકુલ** (૧) પીડાથી મૂંઝાયેલો પ્રાણી (૨) પાણીથી સંક્ષુબ્ધ સરોવર. **ચઞ્ચલ** (૧) અસ્થિર પ્રાણી (૨) સરોવર પક્ષે : હાલતું ચાલતું. **પંકિલ** (૧) કર્મમળથી લેપાયેલો પ્રાણી (૨) કચરા–કાદવવાળું સરોવર. આ ત્રણે શબ્દોમાં શ્લેષ છે; પ્રાણી અને સરોવર બન્નેને લાગુ પડે છે.

ખ ૨. **કિઞ્ચિદિવ** કાંઈ કાંઈ જેવું; સહજ. **તરસા** ઉતાવળથી. **નિર્જીર્યતે** ભોગવીને દૂર કરાય છે. **સમય** કાળનો સૂક્ષ્મ વિભાગ. **નિરોદ્ધું** સામા થવાને. **મુક્તિ** છુટકારો–મોક્ષ. **ભાવિની થવાની.**

ગ ૩. **સુકૃતિ** નસીબદાર, પુણ્યશાળી, ભાગ્યવાન. **પ્રદિષ્ટાઃ** કહ્યા, બતાવ્યા. **સ્ફુટ** પ્રસિદ્ધ. **ભ્રમ** ભ્રાંતિ.

ઘ ૪. **અવ્રત** અવિરતિ. **અસત્ક્રિયા** ૨૫ ક્રિયા (ઉપર જુઓ.) **નેત્ર** આંખ; એની સંખ્યા. **વેદ** ચાર વેદ; ચારની સંખ્યા. સંખ્યા ઊલટી લેવી; એટલે ૪૨ થશે.

ઙ ૫. **તત્ત્વં** પરમાર્થ. **સત્ત્વં** સામર્થ્ય–શક્તિ. **શ્રુતિ** શાસ્ત્રાભ્યાસ. **વિગલત્વિરોધે** જે કાર્યમાં વિરોધ resistance ન રહે; ગમે જાય તે રીતે. **સર્વાત્મના** સર્વ ઉદ્યમે; સર્વ રીતે.



ગેયાષ્ટકની નોટ —

૧. **પરિહરણીયા**–તજી દેવા યોગ્ય, હેય વર્ગના **સુકૃતિ**–નસીબદાર, પંડિત, સમજુ. **મૃશ**–ખૂબ; સારી રીતે. **ઉચ્છૃંખલા**–બેડી વગરના, છોડી દીધેલા, છૂટા કરેલા. **વિભુ**–સર્વવ્યાપી (જ્ઞાન–દર્શનાદિ). **વધ**–નાશ; વિનાશ.

૨. **નિયુક્તા**–યોજાયેલા–પ્રવર્તેલા. **પરિપ્લુતા**–ચંચળ થયેલા. **દુષ્ટયા**–દોષવાળી–અશુદ્ધ. **પ્રત્યુત**–ઊલટા.

૩. **અવિરત**–વિરતિ–પચ્ચક્ખાણ–ત્યાગમાં મન વગરના, પચ્ચક્ખાણ વગરના. **વિષહન્તે**–સહે છે, ખમે છે. **વિતતાનિ**–વિસ્તીર્ણ. **વિપાક**–પરિપાક. પરિણામ, પાકી જવું તે. **અવિરલ**–આંતરા વગર, નિરંતર. **શતાનિ**–સેંકડો, અનેક.

૪. **ઝખ**–માછલું, Fish. **વેદનાઃ**–દ્વિતીયાનું બહુવચન છે. **પરિણતિવિરસેન**–એ **વિનોદરસનું** વિશેષણ છે. પરિણામે ભારે, આકરા પડી જાય તેવા.

૫. **ઉદિત**–જાગૃત, માર્ગ આપેલ. **વિષય**–ક્રોધ, ઇંદ્રિયોના વિષય. Subject-matter. **નિયત**–ચોક્કસ.

૬. **ચઞ્ચલ**–ચપળ. **દુરિતભર**–પાપનો બોજો. **ઉપલિપ્યતે**–ચારે તરફ ખરડી નાખે છે. **કૃતમપરેણ**–બીજી વાતથી સર્યું, બીજું કામ રહેવા દે.

૭. **યતાત્મના**–જે પોતાના આત્માને યોજી રહેલ હોય તેને–સંયત પુરુષને. **સ્રવન્તે**–Percolates, મોકલે. **નિગડ**–પગે બાંધેલી બેડી. **નિવૃત્તિ**–મોક્ષ. **હત**–આનું વિશેષ્ય **શુભકર્માણિ** છે.

૮. **મોદસ્વ**–પ્રમોદ કર, આનંદ ભોગવ, મજા કર. **આશ્રવપાપ્મન્**–આશ્રવરૂપ પાપાત્માઓ, **આશ્રવો. ધિયં**–બુદ્ધિને **વિધાય વિધાય**–કરી કરીને, વારંવાર કરીને. **અનારતં**–આંતરા વગર (નૈરંતર્ય–યોગના અર્થમાં).

આશ્રવભાવના : પરિચય

(ક્ર ૧.) આશ્રવનું પૂર્વપરિચયમાં આપણે સ્વરૂપ વિચાર્યું. એ કર્મને આવવાની પ્રણાલિકા છે. મોટા નળો છે, વિસ્તીર્ણ ગરનાળાં છે. એક મોટા સરોવરની કલ્પના કરીએ: તાનસા જેવું અથવા બોળતળાવ જેવું સરોવર હોય, એની ચારે બાજુએ પર્વતો હોય, મોટો વરસાદ પડતો હોય અને ઢોળાવ એવી જાતનો હોય કે સર્વ જળ સરોવરમાં આવતું હોય. મારમાર વરસાદ પડતો હોય ત્યારે એ સરોવર થોડા વખતમાં ભરાઈ જાય એમાં કાંઈ નવાઈ નથી. કોઈ વાર છલકાઈ પણ જાય.

એવી જ રીતે આશ્રવો–ઇંદ્રિય, કષાય, અવિરતિ, યોગો અને અસત્ક્રિયાઓને કોઈ જાતના પ્રતિબંધ વગર મોકળા મૂક્યા હોય તો તે કર્મોથી પ્રાણીને ભરી દે છે. પ્રત્યેક આશ્રવ એવા ભયંકર છે કે એનું ગરનાળું ઉઘાડું મૂક્યું હોય તો ધડાધડ પાણીથી ભરચક્ક કરી મૂકે છે. એ ગરનાળાંને બારણાં હોય છે અને તે બંધ કરી શકાય છે. તેની હકીકત આગળ આઠમી ભાવનામાં વિચારવાની છે. અત્ર તો એ ગરનાળાંને ખુલ્લાં મૂક્યાં હોય ત્યારે પ્રાણીની કેવી દશા કરે છે તે પ્રસ્તુત હકીકત છે. એને માટે ત્રણ વિશેષણો લેખકશ્રીએ બતાવ્યાં છે. તે ત્રણે ખૂબ વિચારવા જેવાં છે. એનાથી પ્રાણી વ્યાકુળ, ચંચળ અને પંકિલ થાય છે. આપણે વિચારીએ. એ શબ્દો શ્લેષવાળા (દ્વિઅર્થી) હોઇ સરોવરને પણ લાગુ પડે છે તે ધ્યાનમાં રાખવું.

'વ્યાકુલ': કર્મો જ્યારે ખૂબ મોટી સંખ્યામાં આવી પડે છે ત્યારે પ્રાણી અત્યંત વિહ્વળ થઈ જાય છે, એ હાવરોબાવરો બની જાય છે, કર્મના ભારથી ભારે થાય છે અને આગામી પીડાની નજરે અત્યંત વિહ્વળ થાય છે એ એની આકુળતા છે. સરોવરમાં પાણી ભરાય ત્યારે તે પણ ખૂબ હાલતુંચાલતું કલ્લોલવાળું થઈ જાય છે. આશ્રવો પ્રાણી અને સરોવરને વ્યાકુળ બનાવે છે.

આશ્રવના જોરથી પ્રાણી 'ચંચળ' થાય છે. સ્થિરતાનો અભાવ એ ચંચળપણું છે અને આશ્રવો એને એક ઠેકાણે સ્થિર રહેવા દેતા નથી. ભવોભવમાં ભ્રમણ કરાવનાર એ કર્મો અસ્થિરતાને ખાસ પોષે છે. નવા જળના આગમનથી સરોવર કેટલું ચંચળ થાય છે, તે તો આપણી દૃષ્ટિનો વિષય છે. પાણી હાલકલોલ થઈ જાય છે.

વળી આશ્રવોના જોરથી પાણી 'પંકિલ'–મળવાળું થાય છે. કર્મ મેલ જ છે. એ શુદ્ધ સ્ફટિક આત્માને મેલો બનાવે છે અને એનું શુદ્ધ સ્વરૂપ બગાડી નાખે છે. સરોવરમાં નવું પાણી આવે ત્યારે રગડો થાય છે, ધૂળ–માટી સાથે મળેલ પાણી સરોવરને કાદવ–કચરાવાળું કરે છે. નવું પાણી રગડાવાળું જ આવે છે, એ અષાઢ માસમાં નળના પાણીના જોનારને સમજાવવું પડે તેવું નથી.

આવી રીતે આશ્રવોને મોકળા મૂકી દીધા હોય ત્યારે તે આ ચેતનને ચારે બાજુએથી ભરી મૂકી એની મૂળ સ્થિતિમાં મહાવિપર્યાસ કરી મૂકે છે. ખ્યાલમાં રાખવું કે કર્મ શુભ કે

અશુભ ગમે તેવાં હોય તો પણ તે પૌદ્ગલિક છે અને આત્મા અરૂપી, નિરંજન, નિરાકાર એના મૂળ સ્વરૂપે છે. આશ્રવો આ પ્રકારે ચેતનજી ઉપર અસર કરે છે. સારાં કે ખરાબ સર્વ કર્મો ભોગવવાં જ પડે છે.

(ख २.) આપણાં પ્રત્યેક કાર્યમાં કોઈ ને કોઈ અસત્ક્રિયા લાગે છે, યોગો પ્રવૃત્તિ કર્યા જ કરે છે, કષાય-નોકષાયની ધમાલ ચાલ્યા જ કરે છે અને અનેક બાબતમાં અવિરતિપણું હોય જ છે.

આંખ મીંચીને ઉઘાડીએ તેમાં અસંખ્ય સમય થાય છે. પ્રકાશ (Light) એક સેકન્ડમાં ૧૮૦૦૦૦ માઇલ ચાલે છે. વીજળી એક સેકન્ડમાં ૨૮૨૦૦૦ માઇલ ચાલે છે. પ્રત્યેક પ્રદેશ પર તે પસાર થઈ જાય છે. એટલે સમય કેટલો નાનો હોઈ શકે તે આ વિજ્ઞાનના યુગમાં સમજવું મુશ્કેલ નથી. એવા પ્રત્યેક સમયે પ્રાણી જે ક્રિયા કરે છે તે અનુસાર તે શુભ અથવા અશુભ કર્મ બાંધે છે.

પ્રાણીનો આખો વખત વિચારીએ. તેનું મન વિચાર કર્યા કરે છે, મુખ બોલ્યા કરે છે, શરીર કામ કર્યા કરે છે, કષાયો-મનોવિકારો અંદરથી ઊછળ્યા જ કરે છે. આવી રીતે એ અનેક કારણે કર્મોને એકઠાં કર્યા જ કરે છે અને તેને આત્મા સાથે જોડ્યા જ કરે છે.

મોટી વિચારવા જેવી વાત છે. ગ્રંથકર્તા પોતે જ આ મુશ્કેલી બતાવે છે. તેઓ કહે છે કે મહામુશીબતે કર્મનાં ફળનો અનુભવ કરીને થોડાં કર્મો ખેરવી નાખું છું ત્યાં તો આશ્રવશત્રુઓ પ્રત્યેક સમયે આ પ્રાણીને કર્મથી સિંચી દે છે, એને ભરી મૂકે છે. એક દાખલો લઈએ. કર્મના જોરથી પ્રાણીને તાવ આવે, એ તાવ ભોગવે અને તેમ કરીને તાવ આવવાનાં કર્મોને જીર્ણ કરીને (ભોગવીને) દૂર કરે; પણ એ દરમ્યાન તો અસંખ્ય સમયો થઈ જાય અને પ્રત્યેક સમયે શુભાશુભ કર્મો બંધાયા જ કરે. ત્યારે આ તો જરા હળવા થવાનું બની આવે ત્યાં તો પાછું એક બીજી બાજુનું ગરનાળું ઊઘડી જાય છે, તળાવમાં આવક તો ચાલુ જ રહે છે, ઘણીખરી વખત જાવક કરતાં આવક વધારે થાય છે. આ તો ભારે આપત્તિની વાત થઈ. સારાં-ખરાબ કર્મો તો વધ્યા જ કરે છે અને આત્મા ભારે થતો જાય છે.

એમાં મોટી ગૂંચવણની વાત એ છે કે આ આશ્રવો-ગરનાળાંઓને કેવી રીતે બંધ કરવાં ? એ આશ્રવ-શત્રુઓ સામે કઈ રીતે થવું ? અને આ પ્રમાણે ચાલે તો મુક્તિ કેવી રીતે થાય ? એક બાજુએથી ઘટાડો અલ્પ થાય અને નવી આવક ચાલુ રહે તો તેમાંથી છુટકારો કયારે થાય ? અને આ આવક શી રીતે અટકે ?

આવી મોટી ગૂંચવણવાળો પ્રશ્ન છે અને એ એટલો આકરો છે કે એનો જવાબ આપતાં કોઈ પણ સંસારી જીવ મૂંઝાઈ જાય તેમ છે. એશઆરામમાં જીવન ગાળનાર, ઉપરચોટીઆ ધર્માનુષ્ઠાન કરનાર, સંસારને વિલાસનું સ્થાન માનનાર, વ્યાપાર અને ધનને જિંદગીનો છેડો

માનનાર, નાની દુનિયાની પ્રશંસામાં રાચી જનાર, આખો વખત ઉશ્કેરાયેલી સ્થિતિમાં જીવન ગાળનાર, આત્માની સાથે બે-ચાર ઘડી વાત પણ ન કરનાર, બહિરાત્મભાવમાં રમણ કરનાર આપણામાંના ઘણાખરાને આ પ્રશ્નનો ઉત્તર આપવો મુશ્કેલ છે, મૂંઝવી નાખે તેવો છે. આશ્રવોનાં દ્વારો ખુલ્લાં મૂકયાં હોય તો તો કોઈ રીતે આરો આવે અને આ કર્મની ઝડપમાંથી મુક્તિ મળી શકે તેવું જણાતું નથી. આશ્રવો આ પ્રાણીની સાથે એવી રીતે લાગી ગયા છે કે એનું થાળું ભરાયા જ કરે છે.

આ ગૂંચવણવાળા પ્રશ્નનો ઉત્તર શકય છે, આવતી બે ભાવનામાં એનો જવાબ આપશું, પણ આશ્રવનો વિચાર કરતાં તો આ પ્રાણી મૂંઝાઈ જાય તેમ છે. જ્યારે શુભ-અશુભ સર્વ કર્મોનો નાશ થાય ત્યારે મુક્તિ-મોક્ષ થાય, પણ અહીં તો થોડાં દૂર કરીએ તેટલા વખતમાં તો પાછા ભરતા જઈએ છીએ. ટાંકી ખાલી કરવા માંડી તેની સાથે આવકનો નળ પણ ઉઘાડો હોય ત્યાં પત્તો કયાં ખાય ?

વસ્તુસ્વરૂપે આશ્રવોનો વિસ્તારથી વિચાર કરતાં પ્રાણીને મૂંઝવી નાખે એવી સ્થિતિ દેખાય છે. ચેતન ! તું આમ ને આમ કયાં સુધી ચલાવ્યા કરીશ ? વેપારી નજરે તારે ત્યાં (કર્મની) આવક વધારે છે, નિકાસ ઓછો છે તો તારી પેઢી કર્મધનમાં તો માલદાર રહેવાની, પણ તું એમાંથી ઊંચો કયારે આવીશ ? તે માટે ખૂબ વિચાર.

(ગ ૩.) તું વિચાર કરી જો. મહાપુણ્યશાળી પુરુષોએ કહ્યું છે કે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગો આ ચાર આશ્રવો છે. તેમણે પોતાના સર્વગ્રાહી જ્ઞાનનો ઉપયોગ મૂકીને સમજાવ્યું છે કે એ ચારે મોટા આવકના ચીલાઓ છે, પરદેશી માલ ઉતારવાના મોટા ડક્કાઓ છે, માલ ભરવાનાં મોટાં ગોડાઉનો છે, કર્મોને ખેંચી લાવવાનાં મહાન આકર્ષકો છે. નાણાં જમે કરવાની મોટી બેંકો છે.

દરેક સમયે એ આશ્રવદ્વારા કર્મો બાંધતાં પ્રાણીઓ ખોટા ભ્રમમાં પડીને સંસારમાં રખડયા કરે છે. એ વિચિત્ર વિચારણાને વશ થઈ મનને રખડાવ્યા કરે છે, ગમે તેવું બોલે છે, શરીરનો ઉપયોગ કામ કરવામાં કર્યા કરે છે અને તે જ પ્રકારે મિથ્યાત્વને વશ પડી સાચા દેવ-ગુરુ-ધર્મને ઓળખતા નથી, ત્યાગ કરતા નથી અને ક્રોધ, માન, માયા, લોભમાં રમ્યા કરે છે.

કર્મબંધનના આ ચાર હેતુઓ છે, એના વિભાગો પડે છે, એ અત્ર જરા ધ્યાનમાં લઈ લઈએ :

પાંચ મિથ્યાત્વ :

(૧) અભિગ્રહિક-ખોટી વાતનો દુરાગ્રહ.

(૨) અનભિગ્રહિક-અસત્યને સત્યની કોટિમાં મૂકવું તે (બધા ધર્મને સરખા ગણવા.)

(૩) અભિનિવેશ-સાચા અર્થને ગોપવી કુયુક્તિની સ્થાપના.

(૪) સાંશયિક–લાજભયથી જાણકાર (Expert)ને ન પૂછતાં શંકાશીલ રહેવું.

(૫) અણાભોગ–કેફી માણસની પેઠે સારાસારનું અજ્ઞાન.

બાર અવિરતિ :

૫. ઇંદ્રિયોના વિષયથી પાછા ન હઠવું.

૧. મનને બાહ્ય ભાવમાં રખડાવવું.

૬. છકાય–પૃથ્વ્યાદિ પાંચ તથા ત્રસકાય–જીવોને રક્ષણ ન આપવું.

પચ્ચીસ કષાય :

ક્રોધ, માન, માયા, લોભ. તે દરેકના ચાર ચાર ભેદ છે.

પ્રત્યેક અનંતાનુબંધી યાવજ્જીવ રહે, અપ્રત્યાખ્યાની એક વર્ષ રહે, પ્રત્યાખ્યાની ચાર માસ રહે, સંજ્વલન પંદર દિવસ રહે–એટલે ૧૬ કષાય.

હાસ્ય–હસવું તે. **રતિ**–સુખમાં આસક્તિ. **અરતિ**–દુઃખમાં કંટાળો. **શોક**–દિલગીરી. **ભય**–બીક. **દુગંછા**–અન્યની જુગુપ્સા. **સ્ત્રીવેદ–પુરુષવેદ–નપુંસકવેદ** એ ૯ નોકષાય.

પંદર યોગ : મન–વચન–કાયાના યોગોના જુદા જુદા ભેદો.

આ સત્તાવન બંધહેતુઓને લઈને પ્રાણી કર્મબંધ કરે છે અને સાચા માર્ગની પ્રાપ્તિને અભાવે ભ્રમમાં પડી જઈ સંસારમાં રખડ્યા કરે છે. અનાદિ કાળથી એને રખડવાની ટેવ પડી ગઈ છે અને હંમેશાં સંસારમાં રખડ્યા કરે છે છતાં થાકતો નથી.

આ સત્તાવન બંધહેતુઓ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. કર્મબંધન થાય તે વખતે એનાં પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ પણ મુકરર થઈ જાય છે. એમાં રસ અને સ્થિતિને અંગે કષાય, અને પ્રકૃતિ તથા પ્રદેશને અંગે યોગો મુખ્ય ભાગ ભજવે છે.

(ઘ ૪.) આશ્રવો પૈકી ઇન્દ્રિયો પાંચ છે-સ્પર્શનેન્દ્રિય વગેરે. **અવ્રતો** પાંચ છે-પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ. **કષાય** ચાર છે–ક્રોધ, માન, માયા, લોભ, **યોગ** ત્રણ છે–મન, વચન, કાયા; અને **ક્રિયાઓ** પચીસ છે. એનું વર્ણન ઉપર સંક્ષેપથી થઈ ગયું છે. એટલે આશ્રવના ૪૨ ભેદ થયા.

નેત્ર એટલે બે (૨) અને વેદ એટલે ચાર (૪)ની સંખ્યા. સંજ્ઞાથી સંખ્યા બતાવવી હોય ત્યારે ઊલટો ક્રમ લેવો; એટલે નેત્ર વેદ એમ સૂચવ્યું હોય ત્યારે બે અને ચાર એમ નહિ, પણ ચાર અને બે એટલે ૪૨ (બેંતાળીશ) ભેદ આશ્રવના થયા.

બંધહેતુઓ અને આશ્રવો એક રીતે એક જ છે. બંધહેતુને લઈને પ્રાણી કર્મો બાંધે છે અને આશ્રવો કર્મ આવવાના માર્ગો છે; છતાં બંધહેતુઓનો સંબંધ કર્મબંધ સાથે છે અને આશ્રવો ગરનાળાં છે એ વાત ધ્યાનમાં રાખવી. બન્ને તત્ત્વો જુદાં છે; પણ પરિણામે હેતુ એ જ માર્ગ થઈ જાય છે. બંધ વખતે એની કારણ તરીકે ગણના થાય છે અને આશ્રવ વખતે એની માર્ગમાં—ગરનાળાં—પ્રણાલિકામાં ગણના થાય છે. દૃષ્ટિભેદ નયાપેક્ષિત છે, પણ વ્યવહારુ રીતે તેનું પરિણામ આત્માને ભારે કરવામાં આવે છે એ ધ્યાનમાં રાખવું.

(ઙ પ.) આ આશ્રવોનું તત્ત્વ બરાબર સમજીને એનો ભાવ હૃદયમાં ઉતારવો. એને બરાબર ઓળખવા. એ હેય–ત્યાગ કરવા યોગ્યની કક્ષામાં આવે છે અને તેટલા માટે તે ખૂબ સમજવા જેવા છે. અને સમજીને ગભરાઈ જવા જેવું નથી. એના ઉપર વિજય મેળવવાનું સામર્થ્ય ચેતનમાં છે તે જ્ઞાનીનાં પાસાં સેવીને સમજી લેવું. મનમાં નિશ્ચય કરવો કે એના ઉપર વિજય મેળવવાની શક્તિ તારામાં છે.

આવી રીતે આશ્રવતત્ત્વને સમજીને સર્વ પ્રકારે એનો નિરોધ કરવાને પૂરતા જોસથી પ્રયાસ કરવો. તારામાં તો અનંત શક્તિ છે. એ આશ્રવોને જગાડનાર તું છે, પણ તેને દાબી દેવાની શક્તિ પણ તારામાં જ છે. માટે જરા પણ વિરોધની ગૂંચવણ રાખ્યા વગર એના પર વિજય મેળવવા માટે પ્રયત્ન કર. અનંત શક્તિનો ધણી તું એની પાછળ પડીશ અને તેનો નિરોધ કરવાનો સાચો રસ્તો તને જડી આવશે તો તું રસ્તે આવી જઈશ. અને ઉપર તને મોક્ષ કેમ મળે–એવો પ્રશ્ન થયો હતો તેનો જવાબ પણ મળી જશે.

માટે ઊઠ, જાગૃત થા અને તારું ભવિષ્ય સુધાર. એ સુધારવું તારા હાથમાં છે, અને તારામાં એ મોટા આકરા દુશ્મનોને જીતવા જેટલું અપરંપાર બળ છે. તૈયાર થઈ જા. ખૂબ વિચાર, સમજ અને અત્યારની તકનો સારો ઉપયોગ કર. અત્યારે પ્રાપ્ત કર્તવ્ય આશ્રવોને ઓળખવાનું છે. તે તું બરાબર વિચાર. કોઈ પણ શત્રુ પર વિજય મેળવવાની ચાવી એ છે કે એને સર્વાંગ ઓળખવા જોઈએ. એના ભેદ, ઉપભેદ, એના સહાયકો અને એનું બળ બરાબર સમજાય ત્યારે એની સામે થવાનું બળ પ્રાપ્ત કરવાની સંકલના કરી શકાય. આપણે તેને કાંઇક ઓળખ્યા. હવે એનો વધારે પરિચય કરીએ.



ગેયાષ્ટક :: પરિચય

૧. જે પ્રાણી સમજુ હોય, દીર્ઘ વિચારવાન હોય, દક્ષ હોય, કુશળ હોય તેણે આશ્રવોને તજવા જોઈએ. સાત તત્ત્વોમાં કેટલાંક જ્ઞેય (જાણવા લાયક) છે, કેટલાંક હેય (તજવા યોગ્ય) છે અને કેટલાંક ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) છે. પ્રથમ કક્ષામાં જીવ અને અજીવ આવે છે, હેય કક્ષામાં આશ્રવ અને બંધ તત્ત્વો આવે છે, ઉપાદેયમાં સંવર, નિર્જરા અને મોક્ષ આવે છે. આપણે જેનો હાલ વિચાર કરીએ છીએ તે હેય છે. એ પ્રાણીને હેરાન-હેરાન કરી અને ભારે બનાવે છે માટે એને તજવાની જરૂર છે. સારા (શુભ કર્મના) આશ્રવો પણ તજવા યોગ્ય છે તે આગળ બતાવવામાં આવશે.

તેને તજવાનું કામ મનમાં સમતા ધારણ કરીને કરવાનું છે. ખાલી 'તજો તજો' એમ બૂમો પાડવાથી કાંઈ વળે તેમ નથી. મનની સ્થિતિસ્થાપકતા રાખી, ' એનો બરાબર અભ્યાસ કરી એને ઓળખવા ઘટે. મન અસ્થિર હોય તો એ કાંઈ સરખો વિચાર કરતું નથી અને ઉશ્કેરાયેલી સ્થિતિમાં કરેલા વિચારો ટકતા નથી, માટે સર્વ સંયોગોમાં મનને સ્થિર રાખવું, એની ચંચળતા દૂર કરવી અને એકાગ્ર કરવું. એનો મુખ્ય ઉપાય મૈત્રી આદિ ભાવના છે તે ગ્રંથને અંતે વિચારવામાં આવશે.

જો એનો ત્યાગ – પરિહાર – કરવામાં ન આવે, જો એને રોકવામાં ન આવે, તો એ તારા પોતાના અપાર ગુણવૈભવનો નાશ કરનાર થાય છે. આત્મામાં જ્ઞાન-દર્શનની નજરે સર્વવ્યાપી શક્તિ છે. એ સર્વ જ્ઞેય વસ્તુભાવો અને અવસ્થાઓને જાણી-દેખી શકે છે અને જે એનો સર્વવ્યાપી ગુણ છે તે એનો સાચો વૈભવ છે, અમૂલ્ય અને અપરિમિત છે અને એ એનો સાચો ખજાનો છે, એની સ્વમાલિકીની મિલકત છે.

આવા અમૂલ્ય વૈભવનો આશ્રવો નાશ કરે છે. આશ્રવોથી પ્રાણી કર્મથી ખરડાઈ જાય છે એટલે એનામાં જે અનંત જ્ઞાનની શક્તિ છે તેના ઉપર આવરણ આવી જાય છે. આશ્રવોને જો મોકળા મૂકયા હોય, એના પરનો અંકુશ છોડી દીધો હોય તો એ મોટા ખજાનાનો નાશ કરે છે, એને વેડફી નાખે છે. પ્રાણીને દીન, અજ્ઞ, અવાકૂ અને મૂઢ બનાવી દે છે; માટે આશ્રવોને તજી દેવા ઘટે. એ આશ્રવો બહુળતાએ કેવા છે તે જરા જોઈ લઈએ. વિગતથી વિભાગવાર તું તેને તપાસજે.

૨. પ્રથમ મિથ્યાત્વની વાત વિચારીએ. પ્રાણીને સાચો માર્ગ મળવો મુશ્કેલ છે. ઘણાખરા તો અનાદિ વાસનાથી સંસારના રંગરાગમાં મોહી જાય છે. એવા પ્રાણીઓમાં વિચાર નથી, શ્રદ્ધાન નથી, વિવેક નથી.એ અનભિગ્રહિક છે. વળી કેટલાકને સાચો ઉપદેશ ન મળે તેથી અથવા અશ્રદ્ધાથી જેમને ખોટો માર્ગ મળે છે તેઓ અભિગ્રહિક છે. પ્રથમમાં

વિચાર નથી; બીજામાં શુદ્ધ શ્રદ્ધાન નથી. કોઈક વળી સાચું સમજે છતાં અભિનિવેશ કરી પોતાની માન્યતામાં ચુસ્ત રહે છે અને કસોટીમાંથી પસાર થવા સાફ ના પાડે છે.

શુદ્ધ દેવને ઓળખવા, અને ઓળખાવે એવા સુગુરુનો યોગ મેળવવો. એવા ગુરુ સાચો ધર્મ બતાવે ત્યારે જ આ અજ્ઞાનદશા–મિથ્યાત્વ દૂર થાય છે. ત્યાં સુધી પ્રાણીઓ કુગુરુના ઉપદેશથી અથવા પોતાની બુદ્ધિશક્તિ ઉપર ખોટો આધાર રાખી, આખી દુનિયાના ડહાપણના દાવ નીચે મોક્ષનો માર્ગ છોડી, પોતાના આત્માને કર્મભારથી ભારે કરનારી મિથ્યાક્રિયામાં પડી જાય છે અને ઊલટા આત્મકલ્યાણને દૂર કરે છે. ઘણા તો સાચું સમજતા જ નથી અને જ્યાં ત્યાં માથાં માર્યા કરે છે. ઘણા એ તરફ બેદરકાર રહે છે અને ઘણા પોતાની રસવૃત્તિમાં એટલા આસક્ત બની જાય છે કે એને 'ધર્મ' હંબગ લાગે છે. કેટલાક તો સાંસારિક ક્રિયામાં નિમગ્ન થઈ ભારે થાય છે અને કેટલાક હિંસામાં ધર્મ માની નિરર્થક ક્રિયા કરે છે.

જ્યાં સુધી વસ્તુસ્વરૂપનો યથાસ્થિત બોધ ન થાય ત્યાં સુધી મોક્ષનો રસ્તો છોડીને પ્રાણી સંસારને માર્ગે આગળ વધે છે. યોગ્ય ક્રિયા ન કરનાર પણ સાધ્યને રસ્તેથી પાછો પડે છે અને અયોગ્ય ક્રિયા કરનાર પણ એ માર્ગેથી દૂર ભાગે છે. આ સ્થિતિમાં વસ્તુધર્મનું અજ્ઞાન રહે છે અને એવાં મલિન કર્મો દૃઢપણે બંધાય છે કે એનો વિચાર કરતાં પણ ત્રાસ થાય. કર્મસંબંધ અજ્ઞાન–મિથ્યાત્વ દશામાં સર્વથી વધારે થાય છે. કર્મબંધના હેતુમાં 'મિથ્યાત્વ'ને તેટલા જ માટે અગ્ર સ્થાન આપવામાં આવ્યું છે. મિથ્યાત્વ કાં તો બુદ્ધિને ચાલવા જ દેતું નથી અથવા તેનો વિપર્યાસ કરી નાખે છે. જ્યાં પડળ જ ઊલટાં થઈ જાય ત્યાં પછી સાચું દર્શન જ ન થાય અને મોક્ષયોગ્ય સાચા વર્તનને ત્યાં સ્થાન જ રહેતું નથી. કર્મબંધનો આ મહાન હેતુ મિથ્યાત્વ એના સર્વ પ્રકારોમાં ખાસ સમજવા યોગ્ય છે.

ક્રિયામાં અજ્ઞાન હોય છે ત્યારે તો તદ્દન નકામી અને પાછા પાડનારી ક્રિયાઓ થાય છે. એવી ક્રિયાઓને વિષક્રિયા અને ગરલક્રિયા કહે છે. વિષ તુરત મારે છે, ગરલ ધીમું ઝેર છે. એ ઉપરાંત કુગુરુ ખોટે રસ્તે ચઢાવી દે તો પણ દુષ્ટ ક્રિયા થાય છે. જ્યારે નિષ્કામ વૃત્તિએ આંતર–ભાવથી આત્મસાક્ષાત્કાર કરવા સારુ પ્રેમભાવપૂર્વક 'અમૃતક્રિયા' કરવામાં આવે ત્યારે જ આશ્રવો આવતા અટકે છે. મયણાસુંદરી સાસુને સાંજે વાત કરે છે ત્યારે પણ એને પૂજામાં થયેલો આનંદ ઉભરાય છે. એવી આંતરભાવની ક્રિયા કરવા તરફ આદર રાખવો યોગ્ય છે. અહીં તો અજ્ઞાન–મિથ્યાત્વયોગે કુમતિની પ્રેરણાથી ગમે તેવી ક્રિયા કરવાથી શિવપુરનો રસ્તો છોડી ઊંધે રસ્તે જવાય છે અને ગરનાળાં ઉઘાડાં રહે છે, તેટલી વાત પર ધ્યાન ખેંચી ભાવના રજૂ કરી છે.

૩. સમજણ–જ્ઞાનનું ફળ ત્યાગ છે. **नाणस्स फलं विरइ** । અને તે ત્યાગ પણ નિશ્ચયપૂર્વકનો હોવો જોઈએ. કરેલ નિર્ણયનો ગમે તે ભોગે નિર્વાહ કરવો એ ત્યાગ છે.

એનાથી ઊલટી દશા એ **અવિરતિ**, ત્યાગનો અભાવ. જ્યારે આ પ્રાણી પોતાની જાતને મોકળી મૂકી દે છે, ત્યાર પછી એને કોઈ જાતનો વિવેક રહેતો નથી. ગમે ત્યારે ગમે તે ખાવું, ગમે તે પીવું, ગમે ત્યાં રખડવું, ગમે તેવું બોલવું અને અવ્યવસ્થિત ચર્યા કરવી એ સાધ્ય વગરનું જીવન છે. એવા જીવનને જેમ પવન લાગે તેમ તે દોરવાય છે.

વિષયને વશ પડેલો આ પ્રાણી કેવા ચાળા કરે છે તેનાં ચિત્રો ઘણાં અપાઈ ગયાં. વાત એ છે કે એ જ્યારે એ માર્ગે એક વાર ચાલવા માંડે છે ત્યાર પછી એને કાંઈ અંકુશ રહેતો નથી. એ સર્વનાં પરિણામો અંતે ભોગવવાં પડશે એ પણ એ ભૂલી જાય છે. એ તો ગાંડા હાથીની પેઠે ઝૂલ્યા જ કરે છે અને ભૂખ્યા જનાવરની પેઠે જ્યાં ત્યાં ત્રાપ મારે છે. આવાં પ્રાણીને કર્મબંધ પાર વગરનો થાય છે અને પછી એ કર્મો જ્યારે પરિપાક-દશાને પામે છે ત્યારે એણે સેંકડો દુઃખો ખમવા તૈયાર રહેવું પડે છે.

આ ભવમાં જીવોને દુઃખો કેટલાં પ્રાપ્ત થાય છે તે આપણે જોઈ એ છીએ. જુવાનીના અત્યાચારો ઘડપણને કેટલું વિરસ બનાવી દે છે અને દુરાચારીઓ જેનાં નામો પણ આ પુસ્તકમાં લખવા ન ઘટે તેવા ભયંકર વ્યાધિઓ ખમે છે તે પર ઉલ્લેખની જરૂર ન હોય અને પરભવમાં આવાં પ્રાણીઓ કયાંનાં કયાં તણાઈ જાય છે અને ત્યાં જે અપરંપાર દુઃખો પામે છે તે કલ્પનાતીત છે.

અહીં પ્રસંગોપાત્ત પચ્ચકખાણની-ત્યાગની એક વાત જરૂર સૂચવવા યોગ્ય છે. સાચા ઉપદેશની અસર તળે અથવા શાંત એકાગ્રતામાં સારા નિશ્ચયો થાય તે વખતે સુંદર જીવન-ધોરણ મુકરર કરી નાખવું અને તેને ગમે તેટલી અગવડે કે ભોગે વળગી રહેવું એનું નામ 'પચ્ચક્ખાણ' કહેવાય છે.

સુંદર ક્ષણો જીવનમાં બહુ વાર સાંપડતી નથી. ખૂબ વિચાર કરી એવા પ્રસંગે જે ધોરણ નિર્ણીત થાય તેને વળગી રહેવાથી જીવન એકધારું અને લાભપ્રદ થાય છે.

ત્યાગ ન કરવાને કારણે આ જીવ નકામો પાપસંચય પણ બહુ કરે છે. એને ઓસ્ટ્રેલિયાનાં ફળ કે અમેરિકાનાં શાકો અહીં મળવાનાં નથી, પણ સમજણપૂર્વક એનો ત્યાગ ન કરે ત્યાં સુધી એ તો ખુલ્લો રહે છે, વિના કારણે અપ્રાપ્યનો ત્યાગ કરતો નથી અને તેના પુણ્યથી વંચિત રહે છે. એ ઉપરાંત કેટલાક ત્યાગો તો એને ઐહિક લાભ કરનારા પણ હોય છે. એ પરવશપણે માંદો થાય ત્યારે ઘણું છોડી દે છે, પણ એવા જ ત્યાગ જો સમજણપૂર્વક થાય તો જ્ઞાન શોભે છે, નહિ તો એનો કાંઈ લાભ મળતો નથી.

માટે સમજુ પ્રાણીએ અવિરતિ-અત્યાગદશામાં ન રહેતાં જેમ બને તેમ ત્યાગ કરવા નિશ્ચય કરવો ઘટે; પણ જો પાપકર્મનાં ગરનાળાં ખુલ્લાં મૂકવાં હોય તો વિપાકદશા પ્રાપ્ત થાય ત્યારે પછી હાય-વોય કરવી ન ઘટે. પસંદગી કરવાનો અત્ર અવકાશ છે. સાથે એ પણ

ધ્યાનમાં રહે કે ત્યાગમાં ઘસારો કદી પડવાનો નથી. આ શરીરને તો મોકળું મૂકવામાં આવે તો એ અનેક ઘસારાને તાબે થાય છે. ત્યાગની મજા શી છે એનો ખ્યાલ જેલ-જીવનમાં કાંઈક થાય છે. સ્વવશ હોય ત્યારે આવી જ રીતે રહેવાતું હોય તો આ ચેતનની કેટલી પ્રગતિ થાય તે અન્ય પ્રસંગે વિચારવાની તક લેવાશે. વાત એ છે કે પરવશતાથી ત્યાગ થાય તે વિરતિની કક્ષામાં ન આવે. આપણે તો સમજણપૂર્વક ઘસારો ખાઈ ત્યાગની ખાતર ત્યાગ કરવો ઘટે અને પ્રાણાંત કષ્ટે એ નિયમ-નિશ્ચયથી પાછા હઠવું ન ઘટે.

અવિરતિનું દ્વાર ખુલ્લું મૂકયું હોય તો પાર વગરની આપત્તિ કરાવે તેવાં કર્મો આ પ્રાણી એકઠાં કરે છે અને તેમાં વધારો કરતો જાય છે.

૪. આશ્રવો-કર્મગ્રહણના માર્ગોનો એક મોટો વિભાગ ઇંદ્રિયો દ્વારા પ્રાપ્ત થાય છે. એ પણ ભારે વિષમ છે. આપણે ઇન્દ્રિયોને તો એટલી મોકળી મૂકી દઇએ છીએ કે 'એશ-આરામ' એ જ આ યુગનું સાધ્ય બનતું જોવામાં આવે છે. આપણું ફરનિચર પણ એવું જ થતું જાય છે. આપણા ખાવાના કોડ એવા જ, આપણી આંખોનો ઉપયોગ કટાક્ષ કરવામાં, રૂપ જોવામાં, નાટક-સિનેમા જોવામાં; આપણા કાન ગાન સાંભળવામાં; અને સ્પર્શની તો વાત જ શી કરવી ?

અનંત જ્ઞાનનો ધણી કયાં રમી રહ્યો છે ! કેવા કીચડમાં એ ભરાઈ બેઠો છે ! એને શેમાંથી માની લીધેલું સુખ મળે છે !

હાથીને કેવી રીતે પકડે છે ? એક મોટો ખાડો બનાવવામાં આવે છે, તેને ઘાસથી ઢાંકવામાં આવે છે અને ઢાંકણ ઉપર હાથીને લોભાવવા માટે કાગળની હાથણી મૂકવામાં આવે છે. મસ્ત હાથી ગાંડો થઈ હાથણીનો સ્પર્શ કરવા જતાં ખાડામાં પડે છે. સ્પર્શસુખની લાલસામાં એને ભાન રહેતું નથી તેથી બાકીની આખી જિંદગી પરાધીનતા વેઠે છે. સ્પર્શેન્દ્રિયને વશ પડવાનું આ પરિણામ !

કમળની ગંધથી આકર્ષાઈ ભ્રમર તેના પર બેસે છે. સાંજ થાય ત્યાં કમળ બંધ થઈ જાય છે. અંદર રહેલો ભ્રમર ગૂંગળાઈ મરે છે. નાસિકા-ઘ્રાણને વશ પડી એ પ્રાણ આપે છે !

દીવાની જ્યોતથી આકર્ષાઈ પતંગિયું દીવામાં પડે છે. દીવાની શગમાં બળી મરે છે. અથવા તેલમાં ડૂબી મરે છે અને પ્રાણ ખુએ છે. ચક્ષુને વશ પડી પ્રાણની આહુતિ આપે છે.

સુંદર અવાજ સાંભળવા લલચાઈ આવેલું હરણ પારધિની જાળમાં ફસાઈ, પકડાઈ જાય છે અને કર્ણેન્દ્રિયને વશ પડી પ્રાણ ગુમાવે છે.

આવી રીતે એક ઇન્દ્રિયને વશ પડીને જનાવરો તેમ જ જીવડાંઓ પ્રાણ આપે છે. વિષય-વિનોદનો રસ પરિણામે કેવો આકરો પડી જાય છે તેના આ જવલંત દાખલાઓ છે.

એની વેદનાઓનો ખ્યાલ તો આખી જિંદગી કેદમાં રહેવું પડે (હાથી પેઠે) કે ગળમાં હૂક ભિડાય (માછલા પેઠે) અગર હરણની જેમ ચિરાઈ જવાય ત્યારે આવે. પણ મનુષ્યોને ઇંદ્રિય પરનો રાગ અને એની તૃપ્તિનાં તુચ્છ સાધનોનો વિચાર કરીએ તો કંપ થઈ જાય તેમ છે. આ ઇંદ્રિયો દ્વારા એટલાં બધાં કર્મો આવી પડે છે કે એનો સરવાળો ભારે મોટો થઈ જાય છે. આ મોટું ગરનાળું છે અને એને એના સાદા સ્વરૂપમાં, સાચા આકારમાં સમજવાની ખૂબ જરૂર છે. આપણને સગવડ ન પડે ત્યારે આંખ આડા કાન કરી નાખીએ છીએ એ વાત આ વિશુદ્ધ વિચારણામાં ન ઘટે. અહીં તો ચોખ્ખો હિસાબ છે. જોઈએ તો ગરનાળાં ખુલ્લાં મૂકો અને હાથી વગેરેની પેઠે પરવશતા કે મરણ જેવાં દુઃખો સહન કરવા તૈયાર થાઓ અથવા એના પર નિયંત્રણ મૂકો. બન્ને વાત એક સાથે અશક્ય છે.

આ નોટ અહીં પૂરી કરી નવા શ્લોક પર લખવા જતો હતો ત્યાં ચિદાનંદજીનું ૪૧ મું પદ વાંચ્યું. ખૂબ રસથી એને મારી કોટડીમાં બેઠા બેઠા ગાયું. બહુ આનંદ થયો. પદ સુપ્રસિદ્ધ છે :

વિષયવાસના ત્યાગો ચેતન, સાચે મારગ લાગે રે. એ ટેક.
તપ જપ સંજમ દાનાદિક સહુ, ગિણતી એક ન આવે રે;
ઇંદ્રિય સુખમેં [1]જ્યોં લોં એ મન, [2]વક્ર તુરંગ જિમ ધાવે રે. વિ૦ ૧
એક એકકે કારણ ચેતન, બહુત બહુત દુઃખ પાવે રે;
દેખો પ્રકટપણે જગદીશ્વર, ઘણુવિધ [3]ભાવ લખાવે રે. વિ૦ ૨
[4]મન્મથ વશ [5]માતંગ જગતમેં, પરવશતા દુઃખ પાવે રે;
રસના વશ હોય [6]ઝખ મૂરખ, જાળ પડ્યો પિછતાવે રે. વિ૦ ૩
[7]ઘ્રાણ શુવાસ કાજ સુન ભમરા, [8]સંપુટમાંહે બંધાવે રે;
તે સરોજસંપુટ સંયુત કુન, [9]કરટીકે મુખ જાવે રે. વિ૦ ૪
રૂપ મનોહર દેખ પતંગા, પડતા દીપમાં જાઈ રે;
દેખો [10]યાકું દુઃખકારનમેં નયન ભયે હૈ [11]સહાઈ રે. વિ૦ ૫
શ્રોત્રેંદ્રિય આસક્ત [12]મિરગલાં, [13]છિનમેં શીશ કટાવે રે;
એક [14]એક આસક્ત જીવ એમ, નાનાવિધ દુઃખ પાવે રે. વિ૦ ૬
પંચ પ્રબળ વર્તે નિત્ય જાકું, તાકું કહા જયું કહીએ રે;
ચિદાનંદ એ વચન સુણીને, નિજ સ્વભાવમેં રહીએ રે. વિ૦ ૭

લગભગ એ પદનો ભાવ ઉપર આવી ગયો છે, પણ પદ ઘણું માર્મિક હોવાથી ખાસ ઉતારી લેવું યોગ્ય ધાર્યું છે. એ ઇંદ્રિયોને સાચા આકારમાં દેખાડે છે.

---

૧. જ્યાં સુધી. ૨. અવળી ચાલનો ઘોડો. ૩. સમજાવે. ૪. સ્પર્શેન્દ્રિય. ૫. હાથી. ૬. માછલું. ૭. નાક. ૮. ભિડાયલું કમળ. ૯. હાથીના. ૧૦. એને. ૧૧. મદદગાર. ૧૨. હરણ. ૧૩. ક્ષણમાં. ૧૪. ઇન્દ્રિય—અધ્યાહાર.

૫. આટલેથી આશ્રવો પૂરા થતા નથી. હજુ પણ બળવાન આશ્રવોનો વિચાર કરવાનું બાકી છે. **કષાયો** તો કર્મની ઉપર ભાત પાડે છે. ક્રોધના આવેશમાં. માનના ચઢાણ પર, માયાની ગંદી વૃત્તિમાં, લોભના તાબામાં આ પ્રાણી ભારે કર્મો બાંધે છે અને તેના ઉપર વજ્રલેપ કરે છે. કષાયના ઉદયથી દુનિયા પર મોટા સંહાર થયા છે. લોહીની નદીઓ ચાલી છે, માયાને અંગે અનેક પાપો છૂપી રીતે કરે છે અને લોભથી રાતદિવસ દેશ-પરદેશ રખડે છે. તે પ્રત્યેકનાં લક્ષણો વિચારીએ.

ક્રોધ આત્મજ્ઞાનને અટકાવે છે, સંયમનો ઘાત કરનાર છે, નરકનું દ્વાર છે, પાપનો પક્ષપાત કરનાર છે. અહીં ચંડકોશિયા સર્પનું દૃષ્ટાંત વિચારવું.

માનને પર્વત સાથે સરખાવવા યોગ્ય છે. એ નિર્મળ જ્ઞાનને રોકે છે. વિનય, શ્રુત, તપ, શીલ અને ત્રિવર્ગને હણનાર છે, વિવેકનો નાશ કરનાર છે. અહીં સ્થૂલભદ્રનું દૃષ્ટાંત વિચારવું.

માયા અતિ નીચ છે. ખોટો દેખાવ કરવાની વૃત્તિ દૂર કરવી વધારે મુશ્કેલ છે. નિષ્કપટી થવાનો ઉપદેશ એકાંતે ભગવંતે કહ્યો છે. અહીં કુસુમપુરે રહેલા બે સાધુનું દૃષ્ટાંત વિચારવું.

લોભ ભયંકર દોષ છે, સર્વ ગુણોનો નાશ કરનાર છે, વૃદ્ધિ પામતો ભયંકર દુર્ગુણ છે, છેડો ન આવે તેવો પાતકી દોષ છે. અહીં બ્રહ્મદત્ત, સુભૂમ ચક્રવર્તી આદિ પાર વગરના દાખલા છે.

કષાયનો ઉદય થાય છે ત્યારે કોઈ પણ હેતુ મનમાં રાખીને પ્રાણી ખૂબ ખરડાય છે અને પછી નારકીમાં જઈ પડે છે અને જન્મમરણના એવા મોટા ચક્કરમાં પડી જાય છે કે એ જલ્દી ઊંચે આવી શકતો નથી. આવો પ્રાણી જરૂર અનંત ભવપરિપાટીમાં પડી જઈ ત્રાસ પામે છે, હેરાન થાય છે અને પોતાની પ્રગતિ ગુમાવી બેસે છે.

એવી જ રીતે હાસ્યાદિ નોકષાયો પણ સંસારમાં પ્રાણીને ખૂબ રખડાવે છે. કર્મ-બંધન વખતે જે રસ પડે છે તેમાં મુખ્ય ભાગ કષાયો ભજવે છે. સમાન ક્રિયા કરનારની કર્મ-સંપત્તિમાં જે મોટો ભેદ પડે છે તેની ગાઢતા કષાયો પર આધાર રાખે છે. જેમ કષાયોનું જોર વધારે તેમ કર્મો વધારે ચીકણાં બંધાય છે. આ કષાયો આંતરરાજ્યમાં પ્રવર્તે છે અને એ પ્રત્યેક ખૂબ સમજવા જેવા છે. કષાય ઉપર સંસારનો એટલો બધો આધાર છે કે એનો અર્થ 'કષ' એટલે સંસારનો 'આય' એટલે લાભ એમ કરવામાં આવે છે. એ જેટલા વધારે તેટલો સંસાર લાંબો થાય છે. એને સમજવા માટે આંતરસૃષ્ટિમાં ઊતરવું પડે તેમ છે એ ધ્યાનમાં રહે.

૬. મન-વચન-કાયાના **યોગો** પણ આશ્રવો છે. મનના વ્યાપારથી, વાણીના પ્રયોગથી અને કાયાની પ્રવૃત્તિથી પ્રાણી કર્મો બાંધે છે અને તેથી તેઓ પણ ગરનાળાં છે. મન-વચન-કાયા જો ચંચળ હોય તો ભયંકર પાપના ભારથી ચેતન ખરડાઈ જાય છે. શરીરની પ્રવૃત્તિ કેવી કેવી ક્રિયાઓ કરાવે છે તેનું વર્ણન આગળ થઈ ગયું છે. વિચાર વગર, કારણ વગર બોલવાનું કામ કરનાર મહા ઉપાધિઓ વહોરી લે છે અને મન તો ખરેખર મર્કટ જ છે.

એ તો જ્યાં ત્યાં દોડ્યા કરે છે. સામાયિકમાં બેઠા હોઈએ ત્યાં એ અમેરિકા દોડી જાય છે અને જેલમાં હોઈએ ત્યાં વિનાકારણ હાઈકોર્ટમાં આંટા મારે છે. એને ઠેકાણે લઈ આવવું વધારે મુશ્કેલ છે. આનંદઘનજી જેવા યોગીઓ ફરિયાદ કરે છે કે '**મનડું કિમ હી ન બાઝે હો કુંથુજિન!**' અને પછી કહે છે કે '**જેમ જેમ જતન કરીને રાખું, તેમ તેમ અળગું ભાજે.**' આવું મન છે અને એની સાથે–એની મારફતે કામ લેવાનું છે.

આ પ્રમાણે હકીકત હોવાથી આશ્રવો પર વિજય મેળવવા પ્રયત્ન કર. કોઈ પણ પ્રકારે મિથ્યાત્વ હોય તો દૂર થાય તેમ કર, વિરતિ–ભાવ આદર, ઇંદ્રિયોનો સંયમ કર, કષાયો પર વિજય મેળવ, યોગોને કબજામાં લાવ, ગરનાળાં બંધ કર, નહિ તો વાત મારી જશે અને તું ખરેખર રખડી પડીશ. નકામી આળપંપાળ છોડી દે અને અનુભવજ્ઞાન પ્રાપ્ત કર, એનો લાભ લે અને આશ્રવોને બરાબર ઓળખી લે.

૭. એક બાબત ગેરસમજુતી થાય તેવી છે તે પણ કહી દેવાની જરૂર છે. યોગોનો શુદ્ધ ઉપયોગ થાય તો તેથી શુભ કર્મોનો બંધ થાય છે. સારી ક્રિયા કરવાથી શુભ કર્મબંધ થાય છે અને તેથી સાતાવેદનીય, દેવગતિ, દીર્ઘ આયુષ્ય, સુંદર શરીરાદિ મળે છે; પણ વિશેષ ઊંડી નજરે જોતાં એ પણ બંધન છે. સોનાની બેડી પણ આખરે બેડી છે અને મોટા મહેલમાં કેદ રાખે તો પણ તે આખરે જેલ જ છે. એમાં કાંઈ રાચવા જેવું નથી.

વ્યવહારુ નજરે પુણ્ય ઠીક છે, પણ તે માત્ર પાપની અપેક્ષાએ જ તેમ ગણી શકાય. વસ્તુતઃ શુભકર્મો પણ ભોગવ્યા વગર છુટકારો થતો નથી અને કેટલીક વાર તેની ખાતર સંસારમાં અટકવું પડે છે. મોક્ષના અવ્યાબાધ સુખની નજરે એ પણ બંધન જ છે અને સમજુઓ તો તેને પણ એ જ નજરે જુએ છે. એ નિર્વૃતિ (મોક્ષ)ના સુખની આડે આવનાર છે અને ઉચ્ચ ભૂમિકાએથી જોતાં એવાં સુખો પણ સત્ત્વ વગરનાં છે.

વાત એક જ છે કે ગમે તેમ કરીને અત્ર વર્ણવ્યાં છે તે સર્વ ગરનાળાં બંધ કરવાની જરૂર છે અને તેમાં વગર સંકોચે આગળ વધવાની આવશ્યકતા છે. આશ્રવો સારાં અને ખરાબ બંને પ્રકારનાં કર્મો લઈ આવે છે. આત્મપ્રગતિ ઇચ્છનારે કોઈ પણ પ્રકારનાં કર્મોની ઇચ્છા કરવા જેવું નથી.

૮. એટલા માટે આશ્રવરૂપ પાપોનો રોધ કરવા નિશ્ચય કર અને **શાંતસુધારસનું** વારંવાર પાન કરીને પ્રમોદ કર, મજા માણ. આશ્રવો તારે ન જોઈએ અને એ સર્વ ગરનાળાં પ્રયત્ન કરીને બંધ કરવાં જ જોઈએ અને તેમ કરીને વધારે થતો ભાર અટકાવવો જોઈએ. જો ગરનાળાં બંધ થશે તો આવક અટકી જશે. પછી તળાવમાં જેટલો કચરો છે તેટલાનો જ સવાલ રહેશે. તેના માર્ગો છે તે તું અન્યત્ર તુરતમાં જ જોઈશ. અત્યારે તો તું આશ્રવોને ઓળખી લે અને ઓળખીને એની આત્મા ઉપર જે ભયંકર અસર થાય છે તેને તું સમજી લે. અને તેટલો વખત એ આશ્રવોને સમજવામાં કાઢ અને એને બરાબર ઓળખી

લે. શ્રી વિનયવિજય ઉપાધ્યાય પોતાના આત્માને વારંવાર સુધાપાન કરવા અને તેમાં આનંદ માનવા કહે છે તેવું જ તું તારા ચેતનને સમજાવી-સમજાવીને કહે અને વારંવાર કહ્યા કરીશ તો એ ચેતનજી સમજતા થઈ જશે. ઉપર ઉપરની ભાવના ભાવવામાં કાંઈ વળશે નહિ. સેંથીએ સેંથીએ તેલ ઘાલે તેમ એને વારંવાર કહ્યા કરજે અને એમાં ખરો રસ લેજે, જીવનનો માવો માણજે અને ભવિષ્યના ઉત્કર્ષના પાયા રોપી દેજે.

કેવી રીતે આશ્રવભાવના ભાવવી ? ચેતનજીની સાથે નીચેની મતલબની વાતો કરવાથી એ ભાવના ભાવી શકાશે :

હે ચેતન ! તારે ખોટા અભિનિવેશ કયાં સુધી કરવા છે ? તું સાચા દેવ-ગુરુ-ધર્મને બરાબર ઓળખ. તારે કોઈ જાતની શંકાઓ હોય તો વગરસંકોચે સદ્‌ગુરુને પૂછ. સંશય ચલાવી લઈશ નહિ અને સંશયમાં ઘસડાઈ જઈશ નહિ. સોનાની પરીક્ષા કરજે, પણ પરીક્ષા કરીને સાચાને આદરજે. પરીક્ષામાંથી પાર ન ઊતરે તેવું સોનું તારે કામનું નથી. તાપથી, કષથી, છેદથી તું તપાસી જો અને પછી આદર. તું જરા વિચાર કર. તને અત્યારે સમજવાની શક્તિ મળી છે, સારા ક્ષેત્રમાં તારો જન્મ થયો છે, તને શરીરની સગવડ મળી છે, પૃથક્કરણશક્તિ, ગ્રહણશક્તિ, સ્મરણશક્તિ પ્રાપ્ત થઈ છે તેનો તું ઉપયોગ કર. સત્યને શોધ અને શોધીને વગર સંકોચે તેમાં તન્મય થઈ જા. હામાડોળપણામાં તેં બહુ ખોયું છે. તું ખાસ કરીને વિચાર. તને આ સંસારમાં કોણ રખડાવે છે ? તારી જેવો આ મહા-બળવાન આત્મા આવી રીતે ઢંગધડા વગર રખડે અને પવન આવે તેમ ઘસડાઈ જાય અથવા ટેનિસના બોલની જેમ સામસામી બાજુએ ધકેલાય એ સ્થિતિ તને ગમે છે ? એ સ્થિતિ કરનાર કોણ ? તને ભારે કરનાર આશ્રવો છે તેને તું બરાબર ઓળખી લે. કર્મોને ગ્રહણ કરીને એ તારામાં નકામો કચરો વધારે છે અને તને જ્યાં ત્યાં તરફડાવે છે. એને બરાબર ઓળખી લે.

એક મિનિટમાં કરેલાં વર્તનો કર્મફળ લઈ આવે છે ત્યારે તે વરસો સુધી ભોગવવાં પડે છે. પાંચ મિનિટ અત્યાચાર (Rape) કરનારને પાંચ વર્ષની સખ્ત મજુરી સાથે જેલયાત્રા થાય છે. દશ આનાની ચોરી કરનારને ત્રણ વર્ષની જેલ મળે છે. ગરનાળાં ઉઘાડાં મૂકવાનું આવું પરિણામ આવે છે. મન-વચન-કાયાના યોગો અને કષાયોની જેવી તરતમતા હોય છે તેવી રસાળતા કર્મની થાય છે. સારાં અને ખરાબ કર્મો કેટલીક વાર હજારોગણો, લાખોગણો ફલાસ્વાદ આપે છે.

આ રીતે વિચાર કરતાં હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ ખૂબ કર્મોને લઈ આવે છે અને ચેતનને ભારે કરે છે. પ્રાણી હાલતાં-ચાલતાં જુઠું બોલે છે કે મૈથુનની ઇચ્છા કરે છે અને પરિગ્રહ એકઠો કરવામાં તો એને કદી સંતોષ થતો જ નથી. કષાયો, યોગો, અવિરતિભાવ

અને ઇંદ્રિયોના વિષયોથી આ પ્રાણી ખૂબ રખડે છે. એને મનોવિકારોમાં ખૂબ મજા આવે છે. એ કષાયાધીન થાય છે ત્યારે એને કોઈ જાતનો અંકુશ રહી શકતો નથી અને હાસ્યાદિમાં પડી જાય છે ત્યારે પણ એ પોતાનું મહાન સ્થાન વીસરી જાય છે.

વસ્તુતઃ સર્વજ્ઞ-સર્વદર્શી થવાની તાકાત ધરાવનાર આ ચેતન કેવી બાબતોમાં રસ લે છે તે તો વિચારો. એના જેવા વિષયોમાં મજા લે એ તો શોભતી વાત પણ ન ગણાય. એ રીતે તો એના સર્વ આદર્શો ખલાસ થઈ જાય. એ કષાયમાં પડી જાય છે ત્યારે કેવો લાગે છે એ તો તપાસો. એ ક્રોધમાં આવી જાય કે અભિમાનમાં આવી જાય કે શોક કે ભયમાં પડી જાય ત્યારે એનો ફોટોગ્રાફ પાડ્યો હોય તો કેવો લાગે ? આ દશા પ્રગતિ-ઇચ્છુકની કદી ન હોય. સર્વ ભાવના અને આદર્શોને બાજુએ મૂકનાર આ આશ્રવોને બરાબર સમજવા જેવા છે; પરંતુ સમજીને અટકવાનું નથી. સમજીને શું કરવાનું છે ? તે આવતી ભાવનામાં વિચારશું, પણ તે વિચારતાં પહેલાં આપણે કેવા વિભાવો સાથે કામ લેવાનું છે તે બરાબર ખ્યાલ કરી લેવો.

પ્રત્યેક આશ્રવ મહાભયંકર છે. એને અવકાશ આપતાં એ સરોવરને ભરી નાખે છે. પચીશ ક્રિયાઓ પણ એટલી જ આકરી છે. એને એના ખરા આકારમાં બરાબર ઓળખવાની ખાસ જરૂર છે, જેથી જેની સામે થવાનું હોય તેને યોગ્ય તૈયારી કરી શકાય. દુઃખ અને દુર્ગતિ આપનાર, સંસારમાં રખડાવનાર, સમતા અને શાંતિનો નાશ કરનાર, મહાસત્ત્વવંત ચેતનને લગભગ નિર્વીર્ય કરનાર આ આશ્રવો છે અને એને વશ પડનાર જ્ઞાની હોય તો જ્ઞાન ભૂલી જાય છે અને અજ્ઞાની હોય તો તદ્દન છેલ્લે પગડે બેસી જાય છે. સમજુ હોય તો ગાંડો થઈ જાય છે અને હલકો હોય તો ભારે સલ્લ થઈ જાય છે. ચેતનજીને ચેતવણી આપો કે આ આશ્રવોને ઓળખો અને વિગતવાર સમજો. એનાં અંગ, પ્રત્યંગ, વિભાગ, પેટાવિભાગ દરેકને વિચારો; એને બરાબર ઓળખશો એટલે રસ્તો સૂઝશે.

ઇતિ આશ્રવભાવના ૭.

શ્રી સકળચંદજી ઉપાધ્યાય વિરચિત સાતમી આશ્રવભાવના

(રાગ–મધુમાદ)

જગે શુભાશુભ જેણે કર્મતતિ મેળીએ,
શુભ – અશુભાશ્રવ તે વખાણો;
જળધરો જેમ નદીવર સરોવર ભરે,
તિમ ભરે જીવ બહુ કર્મ જાણો. જગ૦ ૧

મમ કર જીવ તું અશુભ કર્માશ્રવા,
વાસવા પણ સકર્મા ન છૂટે;
જેણે જગ દાનવર પુન્ય નવિ આદર્યા,
તે કૃપણ નિર્ધના પેટ કૂટે. જગ૦ ૨

મન વચન કાય વિષયા કષાયા તથા,
અવિરતિ અશુભ ધ્યાન પ્રમાદો;
મૂકી મિથ્યામતિ વર ઉપાસક યતિ,
જગ શુભાશ્રવ થકી નો વિષાદો. જગ૦ ૩

રાચ મ જીવ તું કુટુંબ આડંબરે,
જળ વિના મેઘ જિમ ફોક ગાજે;
ધર્મના કાજ વિણ મ કર આરંભ તું,
તેણે તુજ કર્મની ભીડ ભાંજે. જગ૦ ૪

તે અશુભ આશ્રવા રૂંધતાં જીવને,
સંવરો સંવરે કર્મજાલં;
નાવનાં છિદ્ર રૂંધ્યા યથા નીરને,
તેણે કરી જિત સંવર વિશાલં. જગ૦ ૫

પ્રકરણ આઠમું

પૂર્વપરિચય : સંવરભાવના

આશ્રવભાવનામાં કર્મને આવવાના માર્ગો આપણે વિચાર્યા. કુદરતી રીતે આપણે ચારે તરફમાં ગરનાળાં જોઈ ગભરાઈ જઈએ એમ લાગ્યું. હવે ગરનાળાંનાં દ્વારો બંધ કેમ કરી શકાય તેને માટે 'સંવર'ભાવના કહે છે. આશ્રવો જે બારણાં ઉઘાડાં મૂકે છે તેને બંધ કરવાં તે 'સંવર' કહેવાય છે–**आश्रवनिरोधः संवरः** (तत्त्वार्थ). આશ્રવનો વિચાર કરતાં એને હેય– તજવા યોગ્ય તત્ત્વ ગણ્યું હતું. સંવરો સર્વ ઉપાદેય વિભાગમાં આવે છે. એ પ્રત્યેકનો વિચાર કરતાં મનમાં શાંતિ થતી જશે. જાણે આપણે મહાન સાધ્ય સાધવાના સાચા ખ્યાલમાં આપણી જવાબદારી સમજીને સ્વોત્કર્ષ સાધવા ત્યાગ કરી રહ્યા છીએ, અને બાહ્ય ભાવ તજી અંદર ઉતરી ગયા છીએ એવો ખ્યાલ આ આખી ભાવનામાં જરૂર આવશે. એમાં કોઇ સ્થાનકે ઘસારો બાહ્ય નજરે લાગશે તો તેમાં પણ દિવ્યતા; ભવ્યતા, સાધનસાપેક્ષત્વ જણાશે. એની વિચારણા કરતાં જાણે આપણે કોઇ ખરા મહાન કાર્ય સાધવા માટે અંતરનાદથી લાગી ગયા છીએ એવો ભવ્ય ખ્યાલ થશે. આ આખી ભાવના બહુ સુંદર હકીકત પૂરી પાડે છે તે આપણે જોશું. અહીં પૂર્વપરિચયમાં સંવરોને ઓળખી લઈએ. પછી એક ચિત્રપટ રજૂ કરી પ્રત્યેક આશ્રવનું દ્વાર કયા સંવરથી બંધ થઈ શકે તેમ છે તેનો સમુચ્ચય ખ્યાલ કરીશું.

નવા કર્મના રોકાણને 'દ્રવ્યસંવર' કહેવાય છે અને સમિતિ વગેરેથી શુદ્ધ ઉપયોગ થાય, તે દ્વારા ભાવકર્મોનું રોકાણ થાય અને આત્મપરિણામ જાગૃત થાય એ 'ભાવસંવર' કહેવાય છે.

આશ્રવનાં ગરનાળાં બંધ કરનાર સંવરો છ પ્રકારના છેઃ—

૧. સમિતિ ૨. ગુપ્તિ ૩. યતિધર્મો ૪. ભાવના (અનુપ્રેક્ષા) ૫. પરિષહજય ૬. ચારિત્ર

આ પ્રત્યેકને વિસ્તારથી સમજવાની ખાસ જરૂર છે.

૧. સમિતિ : વિવેકયુક્ત પ્રવૃત્તિને સમિતિ કહેવામાં આવે છે. એમાં સત્ક્રિયાનું પ્રવર્તન હોય છે. સમ્યક્ પ્રકારની ચેષ્ટા એટલે સમિતિ. આમાં એક તો ક્રિયા પોતે નિર્દોષ હોવી જોઈએ અને બીજું તેમાં પ્રવર્તન વિવેકપૂર્વકનું હોવું જોઈએ. તેના પાંચ વિભાગ છે :

(૧) સાડાત્રણ હાથ આગળ જમીન જોઈ કોઈ જીવને કલેશ ન થાય તેમ સંભાળપૂર્વક ચાલવું તે '**ઇર્યાસમિતિ**'.

(૨) સત્ય, પ્રિય, હિત, જરૂરી (મિત) અને તથ્ય વચન બોલવું અથવા નિરવદ્ય વચન બોલવું તે '**ભાષાસમિતિ**'. સાચું બોલો, પૂરેપુરું સાચું બોલો અને સાચા સિવાય કાંઈ ન બોલો. એમાંના પ્રથમના બેને સમિતિમાં સ્થાન છે અને ત્રીજાને ગુપ્તિમાં સ્થાન છે.

(૩) જીવનને જરૂરી સાધનો-વસ્ત્રો, રહેવાનું સ્થાન, પાત્રો વગેરે દોષ વગરનાં શોધી લેવાં તે **'એષણાસમિતિ'**.

(૪) કોઈ પણ ચીજ લેતી વખતે અન્ય નાના જીવને પણ ક્લેશ ન થાય તેવી રીતે પુંજી પ્રમાર્જીને લેવી અને મૂકવી તે **'આદાનનિક્ષેપણાસમિતિ'**.

(૫) મળ-મૂત્ર અને બિનજરૂરી ચીજોને નાંખી દેતાં પહેલાં ભૂમિકા શુદ્ધ જોવી અને મળ-મૂત્રાદિ ઉપયોગપૂર્વક પરઠવવા તે **'પારિષ્ઠાપનિકાસમિતિ'**.

સમિતિમાં ક્રિયા કેમ કરવી તે વાતની મુખ્યતા છે એ ધ્યાનમાં રાખવું.

૨. ગુપ્તિ : મન-વચન-કાયાની પ્રવૃત્તિઓ આપણે જાણીએ છીએ. તેમાં અપ્રશસ્તનો નિરોધ કરવો અને પ્રશસ્તને આચરવી એ 'ગુપ્તિ' કહેવાય છે. સમિતિમાં સમ્યક્ક્રિયાને મુખ્ય સ્થાન છે, ગુપ્તિમાં અપ્રશસ્તના નિરોધને મુખ્ય સ્થાન છે. એના ત્રણ પ્રકાર છે—

(૧) અપધ્યાનનો ત્યાગ કરવો, ધર્મધ્યાનમાં પ્રવૃત્તિ કરવી, અશુભ વિચારો પર વિજય મેળવવો અને શુભ સંકલ્પો કરવા એ **'મનોગુપ્તિ'**.

(૨) વિના કારણ બોલવું નહિ, મૌન ધારણ કરવું અને બોલવાની ખાસ જરૂર પડે ત્યારે ઉપયોગપૂર્વક જયણાથી બોલવું તે **'વચનગુપ્તિ'**.

(૩) શારીરિક કાર્ય કરવામાં વિવેક રાખવો, અને બને તેટલો શરીરનો સંકોચ કરવો અને કાયાને સ્થિર રાખવી એ **'કાયગુપ્તિ'**.

ગુપ્તિ પ્રવૃત્તિ-નિવૃત્તિ બન્ને પ્રકારમાં છે. સમિતિ પ્રશસ્ત પ્રવૃત્તિને અંગે છે. મૌન રાખે તે ભાષાગુપ્તિ. લાભને કારણે વિચારીને બોલે, જરૂર હોય તેટલું જ બોલે, તેમાં ભાષા-સમિતિ ને વચનગુપ્તિ બન્નેનો સમાવેશ થાય છે. સંયમી સાધુને આ સમિતિ-ગુપ્તિ સર્વદા પાળવી જ જોઈએ. એનો ઉપયોગ કરે છે ત્યારે આશ્રવના દરવાજા બંધ કરે છે.

૩. ધર્મો : યતિના-સાધુના દશ ધર્મો છે. તે નીચે પ્રમાણે છે—

(૧) **'ક્ષમા'**-ક્રોધ પર વિજય. ક્રોધનું કારણ મળે તો પણ શાંતિ રાખવી.

(૨) **'માર્દવ'**-માનનો ત્યાગ, આઠ પ્રકારના મદ ન કરવા. જાતિ, કુળ, રૂપ, ઐશ્વર્ય, તપ, જ્ઞાન, લાભ અને બળ-એ આઠ પ્રકારના મદ છે. મિથ્યાભિમાનના ત્યાગનો સમાવેશ આમાં તથા આર્જવ એ બન્નેમાં થાય છે.

(૩) **'આર્જવ'**-નિષ્કપટ વર્તન, ઢંભી દેખાવનો અભાવ. લુચ્ચાઈ, કાવાદાવા, મુત્સદ્દીગીરી, ખોટો બચાવ એ સર્વનો અભાવ. માયાનો ત્યાગ.

(૪) **'મુક્તિ'**-લોભ પર વિજય. એમાં પૌદ્ગલિક વસ્તુઓ પર થતી આસક્તિ પર વિજય મેળવવાનો છે.

(૫) **'તપ'**-વૃત્તિઓને કેળવવા માટે ઇચ્છાનો નિરોધ કરવો તે.

(૬) **'સંયમ'**-પોતાના વિચાર, ઉચ્ચાર અને વર્તન પર અંકુશ. ત્રણેની એકતા. ૫ ઇંદ્રિય-દમન, ૪ કષાયવિજય, ૩ યોગરૂંધન અને ૫ પ્રાણાતિપાતાદિથી વિરતિ. એ રીતે એના સત્તર પ્રકાર છે.

(૭) **'સત્ય'**–સત્ય વચન બોલવું. બોલવાના નિયમોનું પાલન કરવું.

(૮) **શૌચ**–દોષરહિત આહાર લેવો તે દ્રવ્યશૌચ અને શુભ અધ્યવસાયની અભિવૃદ્ધિ તે ભાવશૌચ. એમાં અદત્તત્યાગભાવ છે.

(૯) **'અકિંચનત્વ'**–કોઈ વસ્તુ પર મૂર્છા કરી તેને પોતાની કરવી, પરિગ્રહ વધારવો, સંઘરવો, રક્ષવો, એનો ત્યાગ.

(૧૦) **'બ્રહ્મચર્ય'**–સ્ત્રી–પુરુષ સંબંધનો ત્યાગ. નવવાડસંયુક્ત બ્રહ્મચર્યનું પાલન. એ દશે ધર્મો સર્વેએ પાળવાના છે; સાધુએ વિશેષે પાળવાના છે.

૪. અનુપ્રેક્ષા–ભાવના (ચિંતવન)—

ભાવના બાર છે. આ ગ્રંથનો વિષય પણ તે જ છે. ઉપોદ્ઘાતમાં તે સંબંધી વિસ્તારથી લખાઈ ગયેલ છે, તેથી અહીં નામ માત્ર લખી આગળ વધીએ :

(૧) અનિત્ય (૨) અશરણ (૩) સંસાર (૪) એકત્વ (૫)અન્યત્વ (૬) અશુચિ (૭) આશ્રવ (૮) સંવર (૯) નિર્જરા (૧૦) ધર્મ (૧૧) લોકસ્વભાવ (૧૨) બોધિદુર્લભતા

૫. પરિષહ– સહન કરવાના પ્રસંગો. એ અનેક છે. એના મુખ્ય ભેદ ૨૨ છે તે ખૂબ સમજવા યોગ્ય છે.

(૧) **'ક્ષુધા**–ભૂખ. શાસ્ત્રમાં પિંડવિશુદ્ધિ બતાવી છે તેને ધ્યાનમાં રાખી વિશુદ્ધ આહાર મળે, ૪૨ દોષરહિત મળે તો જ લે, નહિ તો ભૂખ સહન કરે.

(૨) **'પિપાસા'**–તૃષા. સાધુપુરુષ જીવરહિત–પ્રાસુક અને એષણીય જળ લે. એના અભાવે ગમે તેટલી તૃષા લાગી હોય તે સહન કરે.

(૩) **'શીત'**–ઠંડી. શિયાળામાં ગમે તેટલી ઠંડી લાગે તો પણ શાસ્ત્રમર્યાદાથી વધારે વસ્ત્ર ન રાખે, ઠંડીના પ્રહાર સહન કરે, અગ્નિ વડે તાપે નહિ.

(૪) **'ઉષ્ણ'**–ગરમી. ઉનાળામાં ગરમી લાગે તો પવન નાખે નહિ; વીંજણો ચલાવે નહિ, વીજળીના પંખાનો ઉપયોગ કરે નહિ. ગરમી સહે. સ્નાન, વિલેપન કે છત્રીનો આશ્રય ન લે.

(૫) **'દંશ'**–ડાંસ, મચ્છર,જૂ, માંકડના પરિષહ થાય તો સમભાવે સહન કરે, મનમાં જરા પણ ખેદ ન કરે તેમ જ તે જીવો પર દ્વેષ ન કરે.

(૬) **'અચેલક'**–જીર્ણપ્રાય વસ્ત્રો શાસ્ત્રના ફરમાન મુજબ મૂર્છાભાવરહિત રાખે, તેના ઉપર આસક્તિ ન રાખે, વધારે વસ્ત્રો મેળવવાની કે સંગ્રહવાની ઇચ્છા ન કરે.

(૭) **'અરતિ'**–કંટાળો. સંયમપાલન કરતાં અનેક પ્રસંગે કંટાળો ઊપજે તેવા બનાવો બને તેને વશ ન થાય. એ પ્રસંગે એ ધૈર્ય ધરે, યતિધર્મોને ધ્યાવે અને 'દશવૈકાલિક'માં બતાવેલ અઢાર વસ્તુનું ચિંતવન કરે. જરા પણ કંટાળો લાવે નહિ.

(૮) **'સ્ત્રી'**–સ્ત્રીનાં અંગો પ્રેમથી જુએ નહિ, તેની પ્રાર્થના તરફ ધ્યાન આપે નહિ, કામબુદ્ધિ કરે નહિ. સાધ્વીએ આ હકીકત પુરુષ માટે સમજવી.

(૯) **'ચર્યા'**–વિહાર. અપ્રતિબદ્ધ વિહાર કરે, એક સ્થાને વધારે વખત રહે નહિ. રાગાદિ કારણે તુરત અન્યત્ર ચાલ્યા જાય વિહારથી થાકે નહિ.

(૧૦) **'નૈષેધિકી'**–(નિષદ્યા) સ્થિર આસન કરી ધ્યાન, કાયોત્સર્ગાદિ કરતા હોય ત્યારે ગમે તેવા ઉપદ્રવ થાય તો પણ આસનનો ત્યાગ ન કરે, ભયથી ડરે નહિ, ગભરાઈ જાય નહિ અને અડોલપણું તજે નહિ.

(૧૧) **'શય્યા'**–સૂવાની જગ્યા ઊંચી–નીચી હોય, હવા વગરની હોય, સુકોમળ ન હોય તો તેથી ઉદ્વેગ ન પામે, સૂવાની સર્વ અગવડો ખમે.

(૧૨) **'આક્રોશ'**–કોઈ અપમાન કરે, ઉશ્કેરે, કડવાં વચન કહે એ સર્વ પ્રસંગે મનમાં ક્રોધ આણે નહિ. શાંતિ ધારણ કરે.

(૧૩) **'વધ'**–કોઈ લાકડી વગેરે મારે, ચાબખા મારે અને યાવત્ વધ કરવા સુધી જાય પણ એના પેટમાંથી પાણી હલે નહિ. શરીરના દુઃખને એ ગણે નહિ.

(૧૪) **'યાચના'** (ભિક્ષા)–સંયમનિર્વાહ માટે વસ્ત્ર કે વસતિ માગતાં મનમાં ખેદ પામે નહિ, પોતે કેમ ભીખ માગે એવો ખ્યાલ પણ ન કરે. એનામાં દીનતા કે અભિમાન બન્ને ન હોય.

(૧૫) **'અલાભ'**–જરૂરી વસ્તુ ન મળે, હોય છતાં આપે નહિ તો તેથી મૂંઝાય નહિ, ઉદ્વેગ કે વિષાદ ન કરે. અલાભને એ સાચો તપ ગણે.

(૧૬) **'રોગ'**–વ્યાધિ થઈ આવે તો જરા પણ વ્યાકુળ ન થાય, કર્મનો દોષ વિચારી તેની પીડા શાંતિથી ખમે, હાયવોય કદી કરે નહિ.

(૧૭) **'તૃણસ્પર્શ'**–શય્યા પર તરખલાં–તરણાં હોય કે તૃણ પર શય્યા કરી હોય તો તરણાંની અણીઓ વાગે તે સહે. મનમાં પણ કલેશ ન કરે.

(૧૮) **'મળ'**–શરીર પર મેલ થાય તો પણ સ્નાન-સંસ્કાર ઇચ્છે નહિ, કરે નહિ, મેલને સહન કરે.

(૧૯) **'સત્કાર'**–કોઈ મોટા સામૈયા કરે કે પ્રધાન પુરુષો પાસે આવે તેથી ફુલાય નહિ. ન સત્કાર થાય તો તેથી વિષાદ પામે નહિ.

(૨૦) **'પ્રજ્ઞા'**–અસાધારણ બુદ્ધિબળ હોય તો તેનો મદ ન કરે. મૂર્ખ, અલ્પજ્ઞ હોય તો તેનો ખેદ ન કરે, જ્ઞાનને પચાવે, અજ્ઞાનને સહે, આવડતનો ઉદ્રેક ન કરે, બિનઆવડતનો ખેદ ન ધરે.

(૨૧) **'અજ્ઞાન'**–જ્ઞાનના અભાવે આત્મઅવમાન ન કરે. પ્રજ્ઞાપરિષહ અન્ય પ્રશ્ન કરે ત્યારે થાય છે. અજ્ઞાનપરિષહ પોતાના અલ્પજ્ઞાનથી થાય છે.

(૨૨) **'સમ્યક્ત્વ'**–સૂક્ષ્મ વિચાર વાંચી–જાણી તેની અસદ્દહણા ન કરે, અન્ય ધર્મની પ્રસિદ્ધિ જોઈ મૂઢદૃષ્ટિ ન થાય અને વિશિષ્ટ કર્મોને નજરે જોતાં જ્ઞાનને અભાવે ત્યાગને નિરર્થક ન ગણે.

દર્શનમોહનીયના ઉદયથી ૨૨ મો સમ્યક્ત્વપરિષહ થાય છે.

જ્ઞાનાવરણીયથી ૨૦ મો પ્રજ્ઞા અને ૨૧ મો અજ્ઞાન પરિષહ થાય છે. અંતરાયકર્મના ઉદયથી ૧૫ મો અલાભપરિષહ થાય છે.

ચારિત્રમોહનીય પૈકી ક્રોધમોહનીયથી ૧૨ મો આક્રોશ, અરતિમોહનીયથી ૭ મો અરતિ, પુરુષવેદના ઉદયથી ૮ મો સ્ત્રી, ભયમોહનીયના ઉદયથી ૧૦ મો નૈષેધિકી, જુગુપ્સામોહનીયના ઉદયથી ૬ ઠ્ઠો અચેલક, માનમોહનીયના ઉદયથી ૧૪ મો યાચના, લોભમોહનીયના ઉદયથી ૧૬ મો સત્કાર – કુલ સાત.

વેદનીય કર્મના ઉદયથી બાકીના ૧૧ પરિષહ થાય છે—ક્ષુધા (૧), પિપાસા (૨), શીત (૩), ઉષ્ણ (૪), દંશ (૫), ચર્યા (૯), શય્યા (૧૧), વધ (૧૩), રોગ (૧૬), તૃણસ્પર્શ (૧૭) અને મળ (૧૮).

એ સિવાયનાં બાકીનાં કર્મો સાથે પરિષહના સંબંધ નથી.

નવ ગુણસ્થાનક સુધી ૨૨ પરિષહો સંભવે છે. દશમે ગુણસ્થાનકે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયના આઠ પરિષહો જાય, બાકીના ૧૪ રહે અને તેરમા–ચૌદમા ગુણસ્થાનકે ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશ, ચર્યા, વધ, મલ, શય્યા, રોગ અને તૃણસ્પર્શ એ ૧૧ રહે. એ બાવીશ પૈકી શીત અને ઉષ્ણ સાથે સંભવે નહિ, ચર્યા અને નિષદ્યા સાથે સંભવે નહિ. ઉત્કૃષ્ટ ૨૦ નો ઉદય સમકાળે સંભવે.

એમાં સ્ત્રી, પ્રજ્ઞા અને સત્કાર અનુકૂળ પરિષહો છે, બાકીના ૧૯ પરિષહો પ્રતિકૂળ છે.

૬. **ચારિત્ર** : આત્મદશામાં સ્થિર રહેવાનો પ્રયત્ન. એના પાંચ વિભાગ પરિણામની વિશુદ્ધિની વિશેષતા–અલ્પતા બતાવે છે.

(૧) **'સામાયિક ચારિત્ર'** સમપણાનો લાભ, સાવદ્ય યોગનો ત્યાગ, નિરવદ્ય યોગનું આસેવન. અમુક સમય માટે (ઈત્વરિક) અને જીવનપર્યંત (જાવજ્જીવ) એ બે અને દેશવિરતિ–સર્વવિરતિરૂપ બે વિભાગો છે.

(૨) અમુક શ્રુતનો અભ્યાસ કર્યા પછી પાકી (વડી) દીક્ષા આપવામાં આવે તે **'છેદોપસ્થાપન'** ચારિત્ર. તેના પણ બે પ્રકાર છે. (સાતિચાર અને નિરતિચાર)

(૩) **'પરિહારવિશુદ્ધિ'** નવ સાધુ ગચ્છમાંથી બહાર નીકળી આકરો તપ યથાવિધિ કરે તે છઠ્ઠે–સાતમે ગુણઠાણે હોય.

(૪) **'સૂક્ષ્મસંપરાય'** ક્રોધ, માન, માયા, સર્વથા જાય, લોભનો અલ્પ અંશ રહે તે ચારિત્ર દશમે ગુણઠાણે હોય.

(૫) **'યથાખ્યાત'** કષાયો સર્વથા નાશ પામે ત્યારે એ વીતરાગચારિત્ર પ્રાપ્ત થાય છે. અગ્યારમે–બારમે–તેરમે અને ચૌદમે ગુણસ્થાનકે હોય.

આ રીતે સમિતિના ૫, ગુપ્તિના ૩, યતિધર્મોના ૧૦, ભાવનાના ૧૨, પરિષહોના ૨૨ અને ચારિત્રના ૫ મળીને સંવરના ૫૭ પ્રકાર છે.

આ પ્રત્યેક પ્રકાર પર ખૂબ વિવેચન કરી શકાય તેમ છે. એનું વિસ્પષ્ટ વિવેચન શ્રી સિદ્ધર્ષિ ગણિએ કર્યું છે. ત્યાં વિવેકપર્વત ઉપર ચારિત્રરાજનો જે આખો પરિવાર વર્ણવી બતાવ્યો છે તે સંવર છે.

એની સમિતિ, ગુપ્તિ કેવી સુંદર છે ? એને 'પ્રવચનમાતા' કહેવામાં આવે છે. એની ભાવના પૈકી પ્રત્યેક શાંતિનું વાતાવરણ ફેલાવે છે. એના યતિધર્મો અદ્‌ભુત છે, એના પરિષહો દુર્ગમ છે અને સર્વના શિખર ઉપર ચારિત્રરાજ બિરાજે છે. એક વખત બે ઘડીનું સામાયિક કરતાં આનંદ થઈ જાય છે અને આખો દિવસ એની લહેજત મનમાંથી જતી નથી તો પછી આખી જિંદગીના ચારિત્રનું શું કહેવું ? એ પ્રત્યેક સંવરમાં ખૂબી એ છે કે એ આશ્રવનાં ગરનાળાં બંધ કરે છે. પરિણામે સરોવરમાં નવું પાણી આવતું અટકે છે. આપણે સ્થિર માનસે સામાયિકમાં બેઠા હોઈએ અથવા એકાદ ભાવનામાં ચિત્તને પરોવ્યું હોય કે આવી પડતા પરિષહો સામે વિજય મેળવવા આંતરવીર્ય સ્ફુરાવતા હોઈએ ત્યારે નવાં કર્મો કયે માર્ગે આવે ?

આ આખો ઉપાદેય વિભાગ ખૂબ મનન કરવા યોગ્ય છે. જેટલો વખત એની વિચારણા ચાલશે તેટલો વખત મનમાં અદ્‌ભુત શાંતિનો સાક્ષાત્કાર થશે અને અપૂર્વ અનુભવ જાગશે. આખો વખત ન બને તો જ્યારે બને ત્યારે અથવા કોઈ વાર પણ આ ચેતનજીએ ધ્યાવવા જેવો છે. એ વખતે જે નિરવધિ આનંદ થશે તેનો મહિમા વર્ણવી શકાય તેમ નથી. પ્રત્યેક આશ્રવ સામે કયા સંવરને મૂકી તેનું દ્વાર બંધ કરી શકાય તેમ છે તે આપણે ભાવનાને અંતે વિચારશું. આશ્રવોથી ગભરાવું નહિ પણ ઓળખીને શું કરવું તેનો જવાબ આ ભાવનામાં મળશે. એને શોધો.

સંવરભાવના

स्वागता

येन येन य इहाश्रवरोधः सम्भवेन्नियतमौपयिकेन ।
आद्रियस्व विनयोद्यतचेतास्तत्तदान्तरदृशा परिभाव्य ॥ क १ ॥

स्वागता

संयमेन विषयाविरतत्वे दर्शनेन वितथाभिनिवेशम् ।
ध्यानमार्तमथ रौद्रमजस्रं चेतसः स्थिरतया च निरुन्ध्याः ॥ ख २ ॥

शालिनी

क्रोधः क्षान्त्या मार्दवेनाभिमानं हन्या मायामार्जवेनोज्ज्वलेन ।
लोभं वारांराशिरौद्रं निरुंध्याः सन्तोषेण प्रांशुना सेतुनेत्र ॥ ग ३ ॥

स्वागता

गुप्तिभिस्तिसृभिरेवमजय्यान् त्रीन् विजित्य तरसाधमयोगान् ।
साधुसंवरपथे प्रयतेथा लप्स्यसे हितमनाहतमिद्धम् ॥ घ ४ ॥

मंदाक्रान्ता

एवं रुद्धेष्वमलहृदयैराश्रवेष्वास्रवाक्य–
श्रद्धाचञ्चत्सितपटपटुः सुप्रतिष्ठानशाली ।
शुद्धैर्योगैर्जवनपवनैः प्रेरितो जीवपोतः
स्रोतस्तीर्त्वा भवजलनिधेर्याति निर्वाणपुर्याम् ॥ ङ ५ ॥

क१. આનો અર્થ કરવામાં **त्वं** અધ્યાહાર લેવું પડે તેમ છે. **रोधः** અટકાયત, અભાવ. **नियतं** જરૂર. **औपयिक** ઉપાયભૂત, ઉપાયપણાને પ્રાપ્ત. **विनय** નિવૃત્તિ, મોક્ષ અથવા હે વિનય–વિનેય–શિષ્ય. **परिभाव्य** શોધીને, સમાલોચના કરીને.

ક ૧. નિવૃત્ત મેળવવાને જેના મનમાં ઉદ્યમ જાગ્યો હોય અથવા જેની ચેતના તત્પર થઈ હોય તેવાં પ્રાણી જે જે ઉપાયોનો ઉપયોગ કરીને અહીં આશ્રવોનો અટકાવ કરી શકે તેવું ચોક્કસ હોય તે સર્વની આંતરદૃષ્ટિએ બરાબર સમાલોચના કરીને (તે તે ઉપાયોનો બરાબર પ્રયોગ કરે તે વાસ્તવિક છે,) તું (તેવા ઉપાયોને) આદર, તેનો પ્રયોગ કર.

અથવા : હે વિનય ! જે જે ઉપાયો વડે આ સંસારમાં આશ્રવનો જરૂર રોધ કરી શકાય અથવા તેવું સંભવતું હોય તેનો આંતરદૃષ્ટથી વિચાર કરીને, ઉદ્યમી ચિત્તવાળો થઈને તે ઉપાયોને તું આદર.

ખ ૨. ઇંદ્રિયના વિષયોને અને અવિરતિપણા (ત્યાગભાવરહિતપણા)ને 'સંયમ'થી દબાવી દે, ખોટા આગ્રહ (મિથ્યા અભિનિવેશ)ને સમ્યક્ત્વે કરીને રોધી દે, અને આર્ત અને રૌદ્ર ધ્યાનને વારંવાર ચિત્તની સ્થિરતાથી રૂંધી દે-દાબી દે.

ગ ૩. ક્રોધને ક્ષમા-શાંતિથી રોધી દેવો, અભિમાનને નમ્રતા-મૃદુતાથી રોધી દેવું, માયાને અતિ નિર્મળ સરળ સ્વભાવ (આર્જવ) વડે રોધી દેવી અને પાણીના ભંડાર-સાગર જેવા ભયંકર લોભને ઘણી ઊંચી પાળવાળો જાણે બંધ જ ન હોય તેવા સંતોષ વડે દાબી દેવો.

ઘ ૪. એવી જ રીતે દુઃખે કરીને મુશ્કેલીથી જીતી શકાય તેવા તારા મન-વચન-કાયાના અશુભ યોગોને ત્રણ ગુપ્તિઓ વડે જલદી જીતી લઈને તું સુંદર સંવરના માર્ગમાં પ્રવૃત્ત થઈ જા, જેથી કરીને તને અત્યંત શુદ્ધ સનાતન સ્વાભાવિક મોક્ષસુખ પ્રાપ્ત થઈ જાય.

ઙ ૫. આવી રીતે તદ્દન નિર્મળ હૃદય વડે આશ્રવોનાં દ્વારો રોકી દઈને પછી સારી રીતે સુંદર સ્થાન પામેલ આ જીવરૂપ વહાણ આપ્તપુરુષોનાં વાક્યોમાં શ્રદ્ધારૂપ અતિ ચળકાટ મારતી સફેદ સઢથી સનનદ્ધબદ્ધ થઈને શુદ્ધ યોગોરૂપી વેગવર્ધક પવનથી પ્રેરણા પામે છે અને આ સંસારસમુદ્રના પાણીને તરી જઈને નિર્વાણપુરીએ પહોંચી જાય છે.

ખ૨. **વિષય** ઇંદ્રિયવિષયો. **અવિરતત્વ** અવિરતપણું, પચ્ચક્ખાણરહિતપણું. **વિતથ** અસત્ય. **અજસ્રં** સતત. **નિરુન્ધ્યાઃ** રોક, રૂંધી દે. સર્વત્ર યોજવાનું છે.

ગ૩. **માર્દવ** નમ્રતા. **આર્જવ** સરળતા. **ઉજ્જ્વલ** નિર્મળ, નિર્દોષ. **વારાંરાશિ** દરિયો. **પ્રાંશુના** ઘણી ઊંચી, સમુન્નત. **સેતુ** બંધ.

ઘ૪. **ગુપ્તિ** મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ. **અજય્ય** બહુ મુશ્કેલીથી જીતી શકાય તેવા. **તરસા** શીઘ્ર. **અધમ** અપ્રશસ્ત. **સાધુ** સારા, સુંદર. **હિતં** મોક્ષસુખ. **અનાહત** સનાતન. **ઇદ્ધ** સ્વાભાવિક.

ઙ૫. **અમલ** નિર્મળ. **આપ્ત** સર્વજ્ઞ. **ચઞ્ચત્** શુદ્ધ પ્રકાશ, સુંદર, ચળકતો. **સિતપટ** સફેદ વસ્ત્ર, સઢ (વહાણનો). **સુપ્રતિષ્ઠાનશાલી** વહાણનો અર્ધો ભાગ સારી રીતે ગોઠવાઈ ગયેલો. સુવ્યવસ્થિત. **જવન** વેગવાન. **જીવપોતઃ** પ્રાણીરૂપ વહાણ. **નિર્વાણપુરી** મોક્ષનગરી.

गेयपद्याष्टकं

शृणु शिवसुखसाधनसदुपायम्, शृणु शिवसुखसाधनसदुपायम् ।
ज्ञानादिकपावनरत्नत्रयपरमाराधनमनपायम् ॥ शृणु० ॥ १ ॥

विषयविपाकमपाकुरु दूरं, क्रोधं मानं सहमायम् ।
लोभं रिपुं च विजित्य सहेलं, भज संयमगुणमकषायम् ॥ शृणु० ॥ २ ॥

उपशमरसमनुशीलय मनसा, रोषदहनजलदप्रायम् ।
कलय विरागं धृतपरभागं, हृदि विनयं नायं नायम् ॥ शृणु० ॥ ३ ॥

आर्तं रौद्रं ध्यानं मार्जय, दह विकल्परचनानायम् ।
यदियमरुद्धा मानसवीथी, तत्त्वविदः पन्था नायम् ॥ शृणु० ॥ ४ ॥

संयमयोगैरवहितमानसशुद्धया चरितार्थय कायम् ।
नानामतरुचिगहने भुवने, निश्चिनु शुद्धपथं नायम् ॥ शृणु० ॥ ५ ॥

ब्रह्मव्रतमङ्गीकुरु विमलं, बिभ्राणं गुणसमवायम् ।
उदितं गुरुवदनादुपदेशं, संगृहाण शुचिमिव रायम् ॥ शृणु० ॥ ६ ॥

संयमवाङ्मयकुसुमरसैरतिसुरभय निजमध्यवसायम् ।
चेतनमुपलक्षय कृतलक्षणज्ञानचरणगुणपर्यायम् ॥ शृणु० ॥ ७ ॥

वदनमलंकुरु पावनरसनं, जिनचरितं गायं गायम् ।
सविनय शान्तसुधारसमेनं, चिरं नन्द पायं पायम् ॥ शृणु० ॥ ८ ॥

૧. શિવસુખ પ્રાપ્ત કરવાના સાધનનો સુંદર ઉપાય છે તેને તું સાંભળ. ચેતન ! મોક્ષ-સુખ પ્રાપ્ત કરવાના સાધનનો સફળ ઉપાય છે તેને તું બરાબર શ્રવણ કર. એ જ્ઞાન વગેરે ત્રણ રત્નો (જ્ઞાન-દર્શન-ચારિત્ર)ની ઉત્કૃષ્ટ આરાધનારૂપ છે અને જરા પણ શંકા વગર ચોક્કસ ફળ આપનાર છે; માટે એ સદુપાયને સાંભળ, સાંભળ.

૨. વિષયોના વિકારોને દૂર કર, ક્રોધને દૂર કર, માનને મૂકી દે, માયાને છોડી દે અને લોભરૂપ શત્રુ ઉપર રમતમાત્રમાં વિજય મેળવીને, કષાયરહિત થઈ ને સત્વર સંયમગુણને સેવ અને શિવસુખના સાધનને બરાબર શ્રવણગોચર કર.

૩. તારા મનથી ઉપશમરસનું અનુશીલન કર, એને જમાવ. એ ક્રોધરૂપ અગ્નિને બુઝાવવા માટે લગભગ મેઘાડંબર જેવો છે અને તારા મનમાં વિનય (મોક્ષનયનભાવ) આણી આણીને પરમ ઉત્કર્ષ દશાને ધારણ કરનાર વિરાગ (વૈરાગ્ય)ને બરાબર ઓળખી લે અને હે ચેતન ! આ શિવસુખના સાધન સાચા ઉપાયને બરાબર સમજીને સાંભળી લે.

૪. આર્ત અને રૌદ્ર ધ્યાનને વાળી-ઝૂડીને સાફ કર. કલ્પનાની રચનાનું મોટું જાળું છે તેને બાળી નાખ, કારણ કે માનસિક દ્વારો ખુલ્લાં રાખવાનો માર્ગ તત્ત્વવેત્તાઓનો ન હોય. આ શિવસુખના સાચા ઉપાયને તું બરાબર સમજી સાંભળી લે.

૫. સાવધાન માનસિક શુદ્ધિપૂર્વક સંયમયોગ વડે તારી કાયા(શરીર)ને સફળ કર. આ જગત અનેક પ્રકારના મત-મતાંતરોની શ્રદ્ધારુચિથી ગીચ ભરેલું છે તેમાં તું નીતિ-યુક્ત શુદ્ધ માર્ગ હોય તેનો (તપાસ કરીને) નિશ્ચય કર.

૬. અનેક ગુણોના સ્થાનરૂપ, પવિત્ર, નિર્મળ બ્રહ્મચર્યને તું ધારણ કર અને અત્યંત પવિત્ર રત્નના નિધાનરૂપ ગુરુમહારાજના શ્રીમુખેથી બહાર પડેલ-નીકળેલ સુંદર ઉપદેશને તું ગ્રહણ કર અને આ શિવસુખ પ્રાપ્ત કરવાના સાચા ઉપાયને બરાબર સાંભળ.

૭. (સત્તર પ્રકારના) સંયમ અને વાઙ્મય (શાસ્ત્રો રૂપ) ફૂલોથી તારા પોતાના અધ્યવસા-યોને (આંતરપરિણતિને) ખૂબ સુગંધિત કર. સુપ્રસિદ્ધ લક્ષણવાળા જ્ઞાન-ચારિત્રરૂપ ગુણો અને પર્યાયોવાળા ચેતન (જીવનસ્વરૂપ)ને બરાબર ઓળખી લે અને આ મોક્ષસુખ-પ્રાપ્તિના સદુપાયને બરાબર સાંભળ.

૮. તીર્થંકર મહારાજના ચરિત્રનું વારંવાર ગાન કરી કરીને તારી જીભનો રસ લે અને મુખને પવિત્ર કર. અને હે ભાઈ ! વિનયપૂર્વક તું આ શાંત-અમૃત-રસનું વારંવાર પાન કરીને દીર્ઘકાળ આનંદ કર-લહેર કર. આ પ્રમાણે શિવસુખ પ્રાપ્ત કરવાનાં સાધનોનો સુંદર ઉપાય છે તેને તું સાંભળ.

નોટ—

રાગ : આ શાંતસુધારસની પાંચમી અન્યત્વભાવના અષ્ટકનો જે લય છે તે જ લયમાં આ અષ્ટક પણ ગાઈ શકાશે. 'ભલા સોરઠીઆ'ને લગતો મારવાડપ્રસિદ્ધ રાગ છે.

૧. **सदुपायं** સુંદર ઉપાય, અસરકારક ઉપાય. **पावन** પવિત્ર. **रत्नत्रय** જ્ઞાન-દર્શન-ચારિત્ર. **अनपायम्** અગવડ વગરનું. અપાયરહિત.

૨. **अकषाय** કષાયરહિત થઈને, **अपाकुरु** દૂર કર. **भज** સેવ. **सहेलं** રમતમાત્રમાં.

૩. **उपशम** શાંતિ, ક્ષમા. **अनुशीलय** પાળ, અંગીકાર કર. **जलद** વરસાદ. **कलय** સમજ. **विराग** વૈરાગ્ય, રાગરહિતપણું. **धृत** ધારણ કર્યું છે. **परभाग** પરમ ઉત્કૃષ્ટ. **विनयं** નિવૃત્તિનયન. **नायं नायं** લાવી લાવીને.

૪. **मार्जय** સાફ કર (કચરા પેઠે); અથવા **मा अर्जय** મેળવ નહિ, ઉપાર્જન કર નહિ. **नायम्** જાળ. **अरुद्ध** બંધ કર્યા વગરની, ઉઘાડી (પોળના દરવાજા ઉઘાડા). **तत्त्वविद्** તત્ત્વજ્ઞ.

૫. **संयमयोग** ચરણકરણમાં પ્રવૃત્તિ (નોટ જુઓ). **अवहित** સાવધાન. Concentrated. **चरितार्थय** ચરિતાર્થ કર, સફળ કર. **नाना** જુદા જુદા. **गहन** ગીચોગીચ. **भवने** દુનિયામાં **निश्चिनु** તું નિશ્ચય કર. **नायम्** નીતિયુક્ત, લાભકારક.

૬. **ब्रह्मव्रत** બ્રહ્મચર્ય, સ્ત્રી-પુરુષ-સંયોગત્યાગ (માનસિકાદિ સર્વ). **समवाय** સમૂહ. **उदित** કથિત, વિનિર્ગત. **रायम्** રત્નનિધાન, ભંડાર.

૭. **संयम** ૧૭ પ્રકારે (નોટ જુઓ). **वाङ्मय** શાસ્ત્રગ્રંથ. **अध्यवसाय** આત્મપરિણતિ. **उपलक्षय** ઓળખ. **कृत** પ્રસિદ્ધ. **गुण** સહભાવી ધર્મો. **पर्याय** ક્રમભાવી ધર્મો.

૮. **अलंकुरु** શોભાવ. **पावनरसनं** જે કાર્યમાં રસના પાવન થાય છે તે. **सविनय** વિનયયુક્ત (એવો તું). **पायं पायं** પી પીને.

સંવરભાવના : પરિચય

(ક ૧.) આશ્રવોની હકીકતથી ગભરાઈ જવાય તેવું છે. એ સર્વ દરવાજા ખુલ્લા રહે તો આ જીવનો આરો કયારે આવે તે વાત કાંઈ બંધબેસતી નથી. ત્યારે હવે કરવું શું ? આશ્રવોનું બેતર એટલું વિશાળ છે કે એનો કાંઈ પાર દેખાતો નથી, અને આ તો મૂંઝવી મારે એવી વાત છે. એટલે હવે રસ્તો કેવી રીતે કાઢવો ?

તેથી ગ્રંથકર્તા કહે છે કે જે જે રસ્તે એ આશ્રવોનો અટકાવ થાય તે તે ઉપાયોને શોધી કાઢીને તેને અમલમાં મૂકી દેવા જોઈએ. આપણે જરા માંદા પડચા હોઇએ તો ડૉકટરો કહે તેવા પ્રયોગો કરીએ છીએ, ડૉકટર કહે કે શસ્ત્રપ્રયોગ (ઑપરેશન) કરાવવા મુંબઈ કે મીરજ જાઓ તો ત્યાં જઈએ છીએ અને એવી શારીરિક કે બીજી કોઈ પણ અગવડ હોય તો તેને દૂર કરવાનો ઉપાય આપણે શોધીએ છીએ.

આપણે અગવડ દૂર કરવાના ઉપાયો શોધીએ છીએ એટલું જ નહિ પણ એને અંગે અંતરમાં ખૂબ વિચાર કરીએ છીએ, એ ઉપાયોને અજમાવવા ઉદ્યમ કરીએ છીએ અને છેવટે કાંઈ નહિ તો અગવડ મટવાની માત્ર સંભાવના જ હોય તો પણ તે અજમાવવાનું ચૂકતા નથી. આપણે શરીર કે ધનને અંગે છેવટ તક (ચાન્સ) પણ લઈ એ છીએ. એ જ મિસાલે આ આત્મતત્ત્વને ચારે બાજુએ ઘેરી બેઠેલા અને એનામાં વધારો કરનારા, અને ભારે કરનારા, એને રખડાવનારા આશ્રવોને આપણે જો બરાબર ઓળખ્યા હોય અને એ હેરાન કરનારા છે એની આપણને ખરેખર ખાતરી થઈ ગઈ હોય તો આપણે એના સંબંધમાં નિશ્ચિંત રહી ન જ શકીએ.

એ આશ્રવોને અટકાવવાના જે જે માર્ગો હોય તેને આપણે શોધીએ, જ્યાં એને રૂંધવાનો સંભવ હોય તેવા ઉપાયોને પણ શોધીએ, એ શોધનના કાર્યમાં ખૂબ આંતરદૃષ્ટિએ વિચારણા કરીએ અને એ ઉપાયોનો ઉપયોગ કરવામાં અંતરંગ જુસ્સાથી ઉદ્યોગ આદરી દઈએ. ચેતનજીને એ ઉપાયોનો આદર કરવાનો અત્ર આગ્રહપૂર્વક ઉપદેશ છે. 'આશ્રવનો નિરોધ' એ જ સંવર છે. જે ગરનાળાં ઉઘાડાં પડચાં છે તેની સામે બારણાં બંધ કરે તે 'સંવર'. જે રસ્તે કર્મોનો પ્રવાહ ધોધબંધ ચાલ્યો આવે છે તેની સામે બારણાં બંધ કરી દે તેવા માર્ગો તે 'સંવર'. પાણીનાં ગરનાળાં બંધ કરવા માટે જે બારણાં હોય છે તે લોઢાનાં અથવા મજબૂત લાકડાનાં હોય છે. કયા પ્રાણીને કયા માર્ગોથી એ દ્વાર પ્રાપ્ત થશે તે ચોક્કસ કહી શકાય નહિ, તેથી અનેક જાતિનાં દ્વારો આ પ્રકરણમાં બતાવશે; તેમાંથી જે અને જેટલાં દ્વારો અનુકૂળ જણાય તે સર્વનો ઉપયોગ કરવો. એકાદ દ્વારથી સંતોષાઈ જવાનું કારણ નથી. આકરા કેસમાં આપણે ઓકસિજનના સિલિન્ડરો લઈ આવીએ, ઇન્જેકશનો મૂકીએ, માથે બરફ મૂકીએ, છાતી પર પોટીસો મૂકીએ અને બીજા અનેક પ્રયોગો એક સાથે કરીએ, તેમ જેટલાં બને તેટલાં સંવરનાં દ્વારો સમજી, તેની ઉપયુક્તતા સમજી તેને

આદરી લેવાની અને તેનો ઉતાવળે અમલ કરવાની જરૂર છે. આશ્રવો આકરા છે તેથી પ્રયોગ પણ આકરા કરવા પડશે, પણ રીતસર કામ લેવાશે તો કષ્ટસાધ્ય કેસ હશે તો અંતે યશ મળશે. આ દ્વારો આપણે તપાસીએ.

(ख .२) હવે સંવરને કઈ કઈ બાબતમાં લાગુ પાડવા તેના થોડા દાખલાઓ આપે છે.

આશ્રવભાવનાનો વિચાર કરતાં આપણે અવિરતિ–ત્યાગભાવના અભાવથી થતા આશ્રવો જોયા હતા. પ્રત્યાખ્યાન–પચ્ચક્ખાણની આવશ્યકતા કેટલી છે તે પર અગાઉ વિવેચન થઈ ગયું છે. અવિરતિનો ઉપાય સંયમ છે. ઘસારા વગર ચળકાટ કદી આવતો નથી અને સંયમ કર્યા વગર અવિરતિભાવનો ત્યાગ થતો નથી. સમજણપૂર્વક ત્યાગ કરવામાં આવે અને એ ત્યાગને ગમે તેટલી અગવડે પણ વળગી રહેવામાં આવે ત્યારે અવિરતિનું દ્વાર બંધ થાય છે. આ સંયમને આપણે ઓળખીએ.

સંયમ એટલે નિયમન–અંકુશ. એના ૧૭ પ્રકાર છે—

૫ : સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર–એ પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ.

૫ : પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ–એ પાંચ અવ્રતનો ત્યાગ.

૪ : ક્રોધ, માન, માયા, લોભ–એ ચાર કષાયોનો વિજય.

૩ : મન, વચન, કાયાના યોગોનું નિયમન.

એ સત્તર પ્રકાર.

અથવા—

પૃથ્વી, અપ્ તેજસ્, વાયુ, વનસ્પતિ—એ પાંચકાય સ્થાવર અને બે, ત્રણ, ચાર, પાંચ ઇંદ્રિયોવાળા જીવના સંબંધમાં સંયમ : બે મળીને નવ પ્રકાર અને પ્રેક્ષ્યસંયમ (દૃશ્ય પદાર્થો વિષે સંયમ), ઉપેક્ષ્યસંયમ (ઉપેક્ષા કરવા યોગ્ય બાબતોમાં સંયમ), અપહૃત્યસંયમ (લેવા-મૂકવામાં સંયમ), પ્રમૃજ્યસંયમ (વસ્તુને પ્રમાર્જવાની બાબતમાં સંયમ), કાયસંયમ, વાક્સંયમ, મનઃસંયમ અને ઉપકરણસંયમ (વસ્તુપરિગ્રહના સંબંધમાં નિયમન) એ આઠ મળીને સત્તર પ્રકાર. સંયમમાં વિચાર, વાણી અને ક્રિયામાં નિયમન–અંકુશની બાબત મુખ્ય હોય છે. અવિરતિમાં જે દરવાજા ખુલ્લા હોય છે તે સંયમમાં બંધ થાય છે. વિષયોને અંગે અવિરતિભાવ હોય છે ત્યારે એના અભિલાષોને અંગે રાગ–દ્વેષ એટલા થાય છે કે એ અનેક કર્મોને લઈ આવે છે.

આ 'સંયમ'થી ઇંદ્રિયના આશ્રવો પર સંવર થાય છે અને અવિરતિભાવ ઉપર પણ સંવર થાય છે. આ એક વાત થઈ.

ખોટા અભિનિવેશ : જ્યાં દેવત્વ ન હોય ત્યાં દેવત્વ માનવું, ગુરુત્વ ન હોય ત્યાં ગુરુત્વ અને ધર્મત્વ ન હોય ત્યાં ધર્મારોપ એ અભિનિવેશ છે. એનો વિશુદ્ધ શ્રદ્ધાન–સમ્યક્ત્વથી સંવર કરવો. શુદ્ધ દેવ–ગુરુ–ધર્મની પરીક્ષા કરી, ઓળખી તેને આદરવા તે સમ્યક્ત્વ. એ મિથ્યાત્વભાવથી થતી મહા આકરી કર્મબંધની સ્થિતિ સામે સંવર મૂકે

છે. કર્મોની સ્થિતિ કેટલી મોટી હોય છે અને મિથ્યાત્વનો નાશ થતાં તે કેટલી ટૂંકી થઈ જાય છે અને તેના અપૂર્વકરણાદિ થાય ત્યારે કેવી અલ્પ સ્થિતિ થાય છે તે ખૂબ વિસ્તારથી સમજવા જેવું છે. અહીં પ્રસ્તુત વાત એ છે કે કર્મનો મોટો પ્રવાહ સમ્યક્ત્વ અટકાવે છે તેથી એ સંવરને આદર. આ બીજી વાત થઈ.

આર્ત અને રૌદ્ર ધ્યાનની હકીકત આ ગ્રંથના ઉપોદ્ઘાતમાં ગ્રંથકર્તાએ પાંચમી ગાથામાં આપી છે.

આ આર્ત અને રૌદ્રધ્યાનો મનોયોગના દુરુપયોગથી થાય છે. મનરૂપ ઘોડા પર અંકુશ ન હોય ત્યારે મન જ્યાં ત્યાં રખડે છે, ખટપટ કરે છે, દોડા-દોડ કરે છે અને આગળ-પાછળની, વ્યાધિ વગેરેની ચિંતાનાં જાળાં ઊભાં કરે છે.

મનની સ્થિરતાથી એ આર્ત-રૌદ્રધ્યાનો પર વિજય મેળવવો. એ સ્થિરતા એટલે શું ? મનને નિશ્ચળ રાખવું-એકાગ્ર રાખવું. એ વાત ઘણો મુશ્કેલ છે; એ વિષય રાજયોગનો છે. ઘર બળી જતું હોય તો તે રડવા-કૂટવા મંડી ન જાય, પૈસા ગયા હોય તો દીન ન થઈ જાય, માંદો પડ્યો હોય તો એ હાયવોય ન કરે-સર્વ સંયોગોમાં મનને નિશ્ચળ રાખે, મનની દોડા-દોડી અટકાવી દે. ધ્યાનનાં પુસ્તકોમાં એના ઉપાયો બતાવ્યા છે તેવા પ્રયોગો કરવા. જે રસ્તે બને તે માર્ગે મનની સ્થિરતા રાખવી એ મહાન કાર્ય છે; મુશ્કેલ છે પણ બહુ જરૂરી છે. અને અંતે આપણી કરેલી ચિંતા શા કામની છે ? આપણે ચિંતા કરીએ કે ન કરીએ, પણ જે નિર્માણ હોય તે જરૂર થાય છે અથવા થઈ ગયું હોય છે, પરંતુ એવો તાત્ત્વિક ભાવ રાખવો અને મનને સ્થિર રાખવું એ ખરેખરો સંવર ઉપાય છે, સિદ્ધ માર્ગ છે અને જરૂર આદરણીય છે. આ રીતે આર્ત-રૌદ્રધ્યાન દ્વારા જે મહાન કર્મભાર વધતો જાય છે તે અટકાવવાના ઉપાયનો પ્રયોગ આંતરદશાથી વિચારીને આદરવો.

(ગ ૩.) 'ક્રોધ' નામનો આશ્રવ આપણે જાણ્યો છે. ક્રોધ કરવાનો પ્રસંગ આવે ત્યારે 'ક્ષમા' રાખવી. નોકર-ચાકર ઉપર કદી ગુસ્સે થવું નહિ, અન્યાય કરનાર ઉપર ગુસ્સો કરવો નહિ, સહનશીલતાને કેળવવી, અને સર્વ વાત ગળી જતાં શીખવું. ક્રોધ એ ભુજંગ (સર્પ) છે, એને ઉતારનાર જાંગુલી મંત્ર ખંતિ (ક્ષમા) છે એમ શ્રીમદ્યશોવિજયજી ક્રોધના સ્વાધ્યાયમાં કહે છે.

'અભિમાન' નામનો બીજો કષાય-આશ્રવ છે. આપણે તેને ઓળખ્યો છે. તેને માર્દવ-નમ્રતા સ્વભાવે જીતવો. આપણે ગમે તેવા હોઈએ તો પણ આખરે આપણે કોણ ? આપણું સ્થાન શું ? 'વીરા મારા ગજથકી ઊતરો' એમ સુપ્રસિદ્ધ કથનનું રહસ્ય ખાસ ધ્યાનમાં લેવા લાયક છે. નમ્રતા તો મહાન સદ્ગુણ છે અને વિચારશીલને સહજ સુગ્રાહ્ય છે.

'માયા' નામનો આશ્રવ આપણે જોઈ ગયા છીએ. કપટ, દંભ, ગોટાળા એ આપણને ન શોભે. મનમાં કાંઈ હોય અને ઉપરથી કાંઈ બોલવું એ કેટલા ભવ માટે ? સરળતાથી એના પર વિજય મેળવવો. મન-વચન-કાયાની એકતા વગર ઘણી સક્રિયા નિરર્થક થાય છે. અહીં ઘણું બેસી રહેવાનું નથી એટલું સ્પષ્ટ જણાય તો સરળતા આવી શકે તેમ છે.

'લોભ' આશ્રવ વધારે આકરો છે. એ ઘણા આકારમાં વ્યક્ત થાય છે અને સર્વ ગુણોનો નાશ કરે છે. સંતોષથી એના પર વિજય મળે છે, નહિતર તો આખી દુનિયાનું રાજ્ય મળે તો પણ ઓછું પડે છે. એ ભયંકર દુર્ગુણ અતિ મીઠો હોઈ પ્રાણીને ખૂબ કર્મોથી ભારે બનાવે છે. ધન કમાવા બેસે ત્યારે એને હેતુ કે સાધ્યનું ભાન રહેતું નથી અને આજનું સાધ્ય તે કાલનું શરૂ કરવાનું સ્થાન બને છે. સંતોષ થઈ જાય તો બધી તરખટ મટી જાય છે.

આવી રીતે ચારે કષાયો, જેઓ મહાભયંકર છે અને જે પ્રાણી તરફ અનેક કર્મો આણી એને ભારે બનાવી મૂકે છે, તેના પર વિજય મેળવવાની બહુ જરૂર છે. એના ચારે ઉપાયો તે ચાર યતિધર્મમાં ઉપર આવી ગયા છે. કર્મોના બંધ વખતે એ કષાય-સ્થિતિબંધ અને રસબંધમાં ખાસ કાર્ય ભજવે છે તેથી એનાથી વધારે ચેતવાની ખાસ આવશ્યકતા છે. એના સંવર ધર્મો ખરા ઉપાયભૂત છે, અમલમાં મૂકવા યોગ્ય છે અને આત્મવિકાસમાં બહુ સુંદર કાર્ય કરનાર છે.

(ઘ ૪.) મન-વચન-કાયાના યોગો આપણી પ્રવૃત્તિનો મુખ્ય ભાગ ભજવે છે. મનથી વિચારીને વાણીથી અથવા શરીરથી અથવા બન્નેથી સર્વ પ્રવૃત્તિ થાય છે. આ યોગો પ્રશસ્ત અને અપ્રશસ્ત બે પ્રકારના છે. સંવરમાં મનોગુપ્તિ, વચોગુપ્તિ, કાયગુપ્તિ બતાવી છે. એનો અર્થ અપ્રશસ્ત યોગવૃત્તિ પર અંકુશ થાય છે. શુભ યોગોમાં અમુક હદ સુધી પ્રવૃત્તિ કરવાની આવશ્યકતા છે. ગુપ્તિ એટલે મનાદિને દાબી દેવાનાં નથી પણ એની અશુભ પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવાનો છે. એ અપ્રશસ્ત મન-વચન-કાયાના યોગોને સદ્દરહુ ત્રણ ગુપ્તિઓથી જીતવા એ સંવર છે.

મન-વચન-કાયાના અપ્રશસ્ત યોગોને 'અજય્ય' કહ્યા છે. એના પર વિજય મેળવવો ઘણો મુશ્કેલ છે. પણ વિજય મેળવ્યા વગર આશ્રવનાં મોટાં ગરનાળાં બંધ થાય તેમ નથી. મન જ્યાં ત્યાં દોડ્યા કરે તો તો પછી પાર કેમ આવે ? અને એવી જ રીતે વાણી પર સંયમ ન હોય તો આ પ્રાણી તો ગમે તેવું બોલ્યા જ કરે. એને પોતાની વિદ્વત્તા બતાવવાની, ઠઠ્ઠા-મશ્કરી કરવાની, અસત્ય-અસભ્ય બોલવાની અને પ્રભુયનાં ગાનો ગાવાની એટલી ટેવો હોય છે કે એના પર અંકુશ ન હોય તો પોતાનું ભાષણ ચલાવ્યા જ કરે. અને શરીરની વાત શી કરવી ? પચીશે અસક્રિયામાં એનો ભાગ મોટો છે. કર્મોનો મોટો જથ્થો એ ખેંચી લાવે છે. ખાસ કરીને મનોગુપ્તિ સર્વથી વધારે આકરી છે, પણ તેટલી જ તે જરૂરી છે. આવી રીતે યોગો પર વિજય મેળવવો. આ મહાન યોગ છે. એનાં પ્રસંગો,

સાધનો અને રસ્તાઓ શોધવાં. યોગગ્રંથોમાં યમ, નિયમ, આસનાદિ, માર્ગો બતાવ્યા છે તે ખૂબ સમજવા યોગ્ય છે. 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' એ સાચી અને ખાસ જરૂરી વાત છે અને તેથી જ યોગોને અજય્ય કહ્યા છે, એટલે કે એના પર જય મેળવવો મુશ્કેલ છે પણ સાથે જ ધ્યાનમાં રાખવું કે એ જય અશકય નથી.

આ સંવરમાર્ગે પ્રવર્તન કરવાથી ઇષ્ટ મોક્ષસુખ જરૂર મળે તેમ છે, માટે યોગો પર વિજય મેળવવો. આ સંવરમાર્ગ મહા રાજયોગ હોઈ ખૂબ વિચારવા જેવો અને ભાવવા જેવો છે, ખરેખર જીવવા જેવો છે. એના વિકાસમાં જીવનયાત્રાની સફળતા સમાયેલી છે અને આશ્રવો સામે દ્વારો બંધ કરવાનું એ પ્રબળ સાધન છે, માટે એમાં પ્રયત્ન જરૂર કરવો.

(ક્ર ૫.) ટૂંકામાં વાત કરતાં, ઉપર જણાવેલી રીત પ્રમાણે જ્યારે તદ્દન નિર્મળ હૃદયપૂર્વક આશ્રવોને રોકવામાં આવે ત્યારે એક ઘણું સુંદર અતિ વિશિષ્ટ પરિણામ નિપજાવી શકાય છે અને તે ઇષ્ટ તથા પ્રાપ્તવ્ય છે. અહીં આ જીવને–આત્માને વહાણનું રૂપક આપી વાત ચલાવે છે.

પ્રથમ તો આશ્રવોના રોધનો અમલ હૃદયથી કરવાનો છે. એથી કર્મોનો બંધ અને મળની ઉત્પત્તિ અટકી જાય છે. મળનો વધારો ન થાય એ જ કાર્ય સંવરનું છે અને તે આશ્રવનો રોધ થયે પ્રાપ્તવ્ય છે.

વહાણને ઇષ્ટ સ્થાને પહોંચવા માટે ત્રણ વસ્તુની જરૂર છે : વહાણ પોતે દરિયાને યોગ્ય હોવું જોઈએ, એના સઢ બરાબર હોવા જોઈએ અને એને પવન બરાબર લાગવો જોઈએ. એમ થાય તો એ દરિયાના ભયોને ઓળંગી ધારેલ બંદરે પહોંચે છે.

આ આત્મ-નૌકાને નિર્વાણપુરીએ–મોક્ષનગરીએ પહોંચાડવી છે. એને ઉપરની ત્રણે બાબતો બરાબર લાગુ પડે છે.

પ્રથમ તો એ સુપ્રતિષ્ઠાનશાળી હોવો જોઈએ. વહાણનો મધ્ય ભાગ બરાબર દરિયાને લાયક હોવો ઘટે. એ પ્રમાણે એણે સુંદર વ્રત ધૈર્યાદિ ગુણ કેળવી પોતાના વહાણને દરિયાની–સંચારસમુદ્રની મુસાફરીને યોગ્ય બનાવવું જોઈએ. આ પ્રથમ શરત થઈ.

બીજી વાત એ કે આપ્ત પુરુષોનાં વાકય પર શ્રદ્ધા રાખવી જોઈએ. દરેક બાબતમાં કાંઈ પોતે પ્રયોગ કે ચર્ચા કરી શકતો નથી. આપ્તની આપ્તતા કસોટીથી નક્કી કરી તેના વાકયમાં શ્રદ્ધા રાખવી એ જ એને માટે માર્ગ છે. જેમનામાં રાગ-દ્વેષ ન હોય તે આપ્ત. તેમનાં વચનો શોધી તેમાં શ્રદ્ધા રાખવી. આ ખરેખરો સઢ છે. આપ્તવાકયાંતર્ગત અનેક બાબતો અત્ર પ્રસ્તુત થાય તે વિચારી લેવી. અત્ર તે લખવા માંડીએ તો ઘણો વધારો થઈ જાય. આવા સઢનો આશ્રય કર્યા વગર કદી ભવસમુદ્રનો પાર પમાય તેમ નથી. એ આશા વ્યર્થ છે.

અને ત્રીજી વાત તે અનુકૂળ પવન છે. શુદ્ધ યોગો એ પવન છે. એમાંથી જ્યારે આ જીવને પોતાને પ્રેરણા મળે, એના મન-વચન-કાયાના યોગોમાં એકતા આવી જાય, એની અશુભ યોગપ્રવૃત્તિ અટકી જાય એટલે એનું વહાણ સડસડાટ આગળ વધવા લાગે છે.

આવી રીતે જીવવહાણ-આત્મજહાજ મજબૂત હોય, સઢ સુંદર દૃઢ હોય અને પવન અનુકૂળ વાય તો એ સપાટાબંધ ભવસમુદ્રના જળને તરી જઈને નિર્વાણપુરીએ પહોંચી જાય છે. જો તારે ભવસમુદ્રનો પાર પામવો હોય તો આશ્રવને રોકવાનો અમલ હૃદયથી કરી તેનો રોધ કર, તારા વહાણને સન્નદ્ધબદ્ધ કર, પાકા મજબૂત સઢ ચઢાવ અને સુંદર યોગના વાયુને બહલાવી વહાણને છોડી મૂક. નવો ભાર એ વહાણમાં લદાતો બંધ થઈ જશે અને વહાણનું સુકાન હાથમાં આવી જશે એટલે તારા ઇષ્ટ બંદરે જરૂર પહોંચી જઈશ. સર્વ આશ્રવનો રોધ કરનાર અને શુદ્ધ શ્રદ્ધા તથા શુભ યોગરૂપ સંવરવાળો આત્મા જરૂર મોક્ષગામી થાય છે.

ગેયાષ્ટકપરિચય : સંવરભાવના

૧. સંવરભાવના આપણે ભાવીએ. હે ચેતન ! આખો જૈન માર્ગ એ આત્મવિકાસનો માર્ગ છે. ચેતનને એ સર્વ દુઃખથી મુક્તિ અપાવી, નિરંતરને માટે એનામાં સ્થાયી વીતરાગભાવ પ્રગટ કરી, એનાં જન્મ-જરા મરણનાં દુઃખોને દૂર કરે છે. એ અનંત સુખ પ્રાપ્ત કરવાનો સાચો ઉપાય તારે શોધવો છે ? શોધવો હોય તો એ ઉપાયોના સમૂહને તું બરાબર સાંભળી-સમજી લે. તને વારંવાર આગ્રહ કરીને કહેવામાં આવે છે કે એ સાચા ઉપાયોને તું સાંભળ, સાંભળ. જો પ્રથમ વાત તો એ છે કે સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષનું સાધન છે. આ ત્રણે સાધનો મહાપવિત્ર છે, પણ એ ત્રણે એક સાથે હોવાં જોઈએ. જ્ઞાનથી વસ્તુસ્વરૂપ સમજાય છે, દર્શનથી હેય-ઉપાદેયનો વિવેક થાય છે અને ચારિત્રથી આત્મસ્વરૂપમાં રમણતા થાય છે. એ સર્વ સાથે 'સમ્યક્' શબ્દ લાગેલ છે તે ધ્યાનમાં રાખવાનું છે. એ સાધનો અને સાધ્યની અંતે એકતા થઈ જાય છે. ક્રમિક વિકાસથી એ પ્રાપ્ય છે અને પછી મોક્ષમાં તો સ્વરૂપ રમણતા અને સ્થિરતા છે, ત્યાર પછી સંસારની રખડપટ્ટી મટી જાય છે.

આ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રય છે. તેનું ઉત્કૃષ્ટ આરાધન કરવું એ શિવસુખસાધનનો પરમ ઉપાય છે અને તે ઉપાય ચોક્કસ છે, શંકા વગરનો છે અને ફળવિયોગથી રહિત છે.

તેથી સત્ય જ્ઞાન પ્રાપ્ત કરવા માટે અપેક્ષાએ સમજી તેને આદર, હેય-ઉપાદેયનો સાચો વિભાગ કરી તજવા યોગ્યને તજ અને આદરવા યોગ્યને આદર, તેમ જ રાગદ્વેષ તજી યોગો પર વિજય મેળવી તારા ગુણમાં રમણ કર. આવું દોષરહિત આરાધન કરવાથી તને હંમેશને માટે શિવસુખ પ્રાપ્ત થશે અને અત્યારની તારી સર્વ જંજાળોનો છેડો આવી જશે.

આ આખી ભાવનામાં શિવસુખ પ્રાપ્ત કરવાનું સાધ્ય લક્ષમાં રાખી પ્રથમ નવાં આવતાં કર્મોને રોકવાના માર્ગો બતાવ્યા છે. એટલું થાય એટલે નવી આવક બંધ થાય છે. પછી જૂની પડતર બાબતોનો (કર્મોનો) અને લાગેલા કચરાનો રસ્તો શો કરવો તે નિર્જરાભાવનામાં બતાવવામાં આવશે. પ્રથમ આવકને તો બંધ કર, પછી જૂના હિસાબો ઉખેળી તેની પતાવટ કઈ રીતે કરવી તેના માર્ગો બતાવવાની તક લેવાશે.

અહીં જે ઉપાયો બતાવ્યા છે તે સિદ્ધ માર્ગો છે, શુભ પરિણામની બાબતમાં જરાપણ શંકા વગરના છે અને તને ફાવી જાય તેવા છે તેથી તેને તું બરાબર વિચારી લેજે. તારે પ્રત્યેક બાબત સાંભળીને સમજી રાખવાની છે અને સાંભળ્યા સમજ્યા પછી બેસી રહેવાનું નથી. માત્ર સાંભળવાથી વળે તેમ નથી, પણ સાચા ઉપાય બતાવ્યા હોય તેને આદરવાનું તારું કામ છે.

૨. પાંચે ઇંદ્રિયના વિષયોને તું દૂર કર. તને અનેક વખત જણાવ્યું છે કે વિષયો બહુ આકરા છે અને મોહરાજાના મોટા પુત્ર રાગના મંત્રી વિષયાભિલાષના એ પાંચ પુત્રો છે. એ જ્યાં સુધી હોય છે ત્યાં સુધી એક પણ વાતની એકાગ્રતા તારામાં થવા દેશે નહિ. એ તો જેમ બને તેમ જલ્દીથી તદ્દન દૂર કરવા યોગ્ય છે. એ વિભાવદશા છે, તારા પોતાના સ્વભાવથી તદ્દન વિરુદ્ધ છે અને તને સંસારમાં રખડાવનાર છે. એને તજવા માટે તૈયાર થઈ જા.

પછી ક્રોધ, માન, માયા, લોભરૂપ ચાર તારા મોટા દુશ્મનો છે તેની પર વિજય મેળવ. તારે જો સંયમ રાખતાં શીખવું હોય તો આ કષાયો પર વિજય મેળવવાની પ્રથમ જરૂર છે. વાતવાતમાં તું લાલપીળો થઈ જાય કે તારી નાની વાતોને મોટાં રૂપકો આપી દે કે માયાકપટ કર કે મૂર્છા કર એમાં તને તારી જાત પર જરા પણ સંયમ લાગે છે ? તારા અંતરંગના એ આકરા દુશ્મનો છે, રાગદ્વેષના મૂળ છે અને તને સંસારમાં રખડાવનાર છે.

એ કષાયો બહુ ગુપ્તપણે કામ કરે છે. ઘણીવાર સૂક્ષ્મ રૂપમાં હોય છે ત્યારે શોધ્યા પણ જડતા નથી અને તેના સંબંધમાં ઘણીવાર આપણે આપણી જાતને છેતરીએ છીએ. એ કષાયો પર વિજય મેળવવાની મુશ્કેલી તો છે, પણ મુશ્કેલી વગર શાશ્વત સુખ કાંઈ બજારમાં પડ્યું નથી. સંભાળી-સંભાળીને એ શત્રુઓને શોધવા પડશે અને વીણી-વીણીને તે પર વિજય મેળવવો પડશે. અકષાયી થઈ સંયમગુણને બરાબર કેળવ, સેવ અને પછી મજા જોજે. ખૂબ હલકો-હળવો થઈ જઈશ એટલે મજા આવશે.

અહીં 'રમતમાત્રમાં' (સહેલાઈથી) વિજય મેળવવાની વાત કરી છે તે કાંઈ તમારી નજર ચુકાવવા નથી કરી. જ્યારે આ ચેતન એના ખરા સ્વરૂપે ઊઠી જોર કરે છે ત્યારે એને કષાયો

પર વિજય કરવો એ રમતમાત્ર છે. એ તો જ્યાં સુધી અટકી બેઠો છે ત્યાં સુધી જ બાપડો-બિચારો-પરવશ લાગે છે, બાકી એના અનંતવીર્ય પાસે કષાયો કાંઈ ગણતરીમાં નથી.

ચેતન ! આ સર્વ સાચા ઉપાયોને સાંભળ અને અકષાયી થઈ તારા સંયમગુણને કેળવ. એ છઠ્ઠો સંયમ નામનો યતિધર્મ છે, બીજી રીતે એ આખા સંવરના ક્ષેત્રને રોકી શકે છે અને ચેતનનો વિકાસ ખૂબ કરી શકે છે. આ શિવસાધન સાંભળ-સમજ.

૩. એ કષાયો પૈકી એકની વાત તને કરીએ અને તેના ઉપાયને બતાવીએ. બીજાઓનું સ્વરૂપ તું પછી વિચારી લેજે.

ક્રોધરૂપ અગ્નિને બુઝાવવા માટે વરસાદ લાવવો પડે તેમ છે. વનમાં મોટો દાહ લાગ્યો હોય તો તે વરસાદથી જ અટકે, તેથી ક્રોધરૂપ અગ્નિને બુઝાવવા માટે તું ઉપશમ રસનો વરસાદ વરસાવ. આખા શાસ્ત્રનો સાર આ એક શબ્દમાં આવી જાય છે. ઉપાધ્યાયજી ક્રોધના સ્વાધ્યાયમાં કહે છે કે 'ઉપશમ સાર છે પ્રવચને, સુજસ વચન એ પ્રમાણો રે.' ઉપશમ એટલે શાંતિ-ક્ષમા. એ વીરનું ભૂષણ છે. મનમાંથી ક્રોધ દૂર કરવો અને ગમે તેવા આકરા પ્રસંગમાં પણ સ્થિરતા રાખવી એ તો ભારે વાત છે. સમતા વગરની ક્રિયા સર્વ નિરર્થક છે એ વાત અનેક વાર આપણે જોઈ છે.

આ ઉપશમભાવ લાવવાનો છે તે દેખાવમાત્ર નહિ પણ 'મનસા'-હૃદયપૂર્વક લાવવાનો છે. આ આંતરરાજ્યની સૃષ્ટિમાં ઉપર ઉપરના દેખાવને સ્થાન જ નથી એ ધ્યાનમાં રાખજે. અંતઃકરણપૂર્વક ઉપશમભાવને ધારણ કર. ઉપશમમાં ક્રોધની બાસ અને એકંદરે સર્વ કષાયોની શાંતિ થાય છે.

વળી હૃદયમાં વિનય લાવી લાવીને વિરાગને ધારણ કર. સાંસારિક સંબંધ પરથી રાગ જાય એટલે ઘણી ગૂંચવણનો અંત આવી જાય છે. એ વિરાગને પરિણામે વિષયોમાંથી આસક્તિ ઓછી થઈ જાય છે અને છેવટે તદ્દન જાય છે. વિરાગ એટલે વૈરાગ્ય છે. એ થતાં સંસારમાં ખેંચી રાખનાર મહા-આકર્ષક વિભાવનું જોર નષ્ટપ્રાય થઈ જાય છે.

આ ગાથામાં જે ઉપશમ અને વિરાગ બતાવ્યા છે તે સમ્યક્ત્વનાં લિંગો પૈકી બે છે. (શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ પાંચ લિંગ છે) અને સમ્યગ્-દર્શનની પિછાન કરાવનાર છે. વિરાગને માટે 'નિર્વેદ' શબ્દ એ સમ્યક્ત્વના લિંગનાં નામોમાં યોજવામાં આવ્યો છે. આ વિરાગ અથવા નિર્વેદ ખરેખર પરમ ઉત્કર્ષભાવને ધારણ કરનાર છે, કારણ કે એ આત્મવિકાસને સારી રીતે વધારી દે છે. કર્મોને આવવાનાં દ્વારો એ બન્ને સારી રીતે બંધ કરી દે છે.

૪. તું આખો વખત કેટલી કલ્પનાઓ કર્યા કરે છે. તારે આવાની ચિંતા, પહેરવાની ચિંતા, ભરણપોષણની ચિંતા, નોકરીની ચિંતા, પૈસા થઈ ગયા હોય તો જાળવવાની ચિંતા, ન મળ્યા હોય તો ગરીબ રહી ગયાની ચિંતા, રોગોની ચિંતા-એમ અનેક ચિંતાઓ,

કલ્પનાજાળો તારા માટે ઊભાં છે. તારી જાતને તપાસી જા. તને એક સ્થાનકે નિરાંતે બેસવાનું મળશે નહિ. ચારે તરફ ધમાલ, તોફાન, ગડબડ અને ગૂંચવણ જણાશે. એક ચિંતા પૂરી થશે ત્યાં અનેક નવી ઊભી થશે. તેમ જ હિંસા, અનૃત, ચોરી, પરસ્ત્રી અને ધનસંરક્ષણ નિમિત્ત દુર્ધ્યાનો તને થયા જ કરે છે. આ ધ્યાનોને તું ન કર. એને અટકાવવાનો ઉપાય ઉપર પરિચયગાથા ૪માં બતાવ્યો છે.

તારી માનસિક શેરી છે, પોળ છે, તેના દરવાજા ઉઘાડા પડચા છે તેનો તું ખ્યાલ કર. સમજુ તત્ત્વજ્ઞાની પોતાની માનસપોળ ઉઘાડી મૂકે નહિ, એ તો એના દરવાજા બંધ કરે અને પાછો તપાસી પણ આવે કે દરવાજા બરાબર બંધ થયા છે કે નહિ. ઉઘાડા દરવાજામાં તો ચોર તરત પેસી જાય, માટે સમજુનું કામ એ જ છે કે એણે માનસ-વીથીના દરવાજા બંધ કરવા. આશ્રવો ચોર છે, ઉઘાડા દરવાજા જોઈ જરૂર અંદર ઘૂસી જાય તેવા છે અને તને ભારે બનાવે તેવા છે; માટે આ દરવાજાઓ બંધ કરી તારા અંદરના ઘરબાર અને વૈભવને બરાબર જાળવી રાખ. તું સમજુ હોઈશ તો આશ્રવના માર્ગો જરૂર બંધ કરીશ.

આ આખો મનોગુપ્તિનો વિષય છે. એમાં નકામા સંકલ્પોનો ત્યાગ ખાસ સૂચવ્યો છે, તે બહુ જ વિચારવા યોગ્ય છે.

૫. હવે તારી કાયાનો અત્યારે તું શું ઉપયોગ કરે છે તે વિચાર. આ શરીર મજૂરી કરવા કે નામાં લખવા કે વેપાર-નોકરી કરવા માટે ન જ હોય એ તો સમજી શકાય તેવી વાત છે. સમજેલી વાતનો તું અમલ કરતો હો કે ન હો તે વાત બાજુ પર રાખ, પણ તારે જો એ શરીરને સફળ કરવું હોય તો એને છૂટું મૂકવાની વાત છોડી દે. એ શરીર કેવું છે તે તો તેં અનિત્યભાવનામાં જોયું છે અને એના સ્વરૂપનો ખ્યાલ અશુચિભાવનામાં તને આવ્યો છે, પણ હવે એનો બરાબર લાભ લે.

તારા મનને બરાબર એકાગ્ર કરી એની અત્યંત શુદ્ધિપૂર્વક તું સંયમયોગમાં પ્રવૃત્તિ કર. એક સ્થળે કહ્યું છે કે **संयमयोगैरात्मा निरंतरं व्यापृतः कार्य** :—આત્માને સંયમયોગોમાં આખો વખત ઉદ્યમી રાખવો. વૈરાગ્યની વાતો કરે છે તે આળસુના મનોરથો નથી કે વૈરાગ પામી બેસી રહેવાનું નથી. આખો વખત આંતરા વગર સંયમયોગમાં આત્માને પરોવાયેલો રાખવાનો છે અને તેને માટે શરીરને ખૂબ ઉદ્યમી રાખવું પડે તેમ છે.

અહીં પ્રસંગોપાત્ત એક વાત કરવા જેવી છે. સાધુધર્મમાં આખો વખત એટલી ક્રિયા કરવાની હોય છે કે સવારના ચાર વાગ્યેથી શરૂ કરીને એને આવશ્યક, પડિલેહણ, ચૈત્યવંદન, દેવવંદનાદિ કરવાનાં હોય છે; એ ઉપરાંત ગોચરી વગેરેમાં ખૂબ ઉપયોગ રાખવો પડે છે. એ સર્વમાં સાધ્ય સંયમનું છે પણ એને જરા પણ આળસમાં પડવા દેવાની વાત નથી. આ પ્રાણીને મોટો સવાલ જ સવારની સાંજ પાડવાનો છે. એ નવરો પડે તો અનેક તોફાનો કરે. કલેશો પણ નવરા માણસો જ કરે છે. ઉદ્યોગી શહેરમાં કુટુંબ-કલહ આ જ કારણે ઓછા

દેખાય છે. મતલબ એ છે કે આ શરીરનો ખરો લાભ લેવો હોય તો તેના દ્વારા સંયમયોગની સિદ્ધિ કરવાની જરૂર છે. આવી રીતે શરીરનો જો ખરેખરો લાભ લેવાય તો આવતાં અનેક કર્મો અટકી જાય છે. આ સંવરને કાયગુપ્તિ કહેવામાં આવે છે. યાદ રાખવાનું છે કે એમાં સંયમયોગની પ્રવૃત્તિનો નિષેધ નથી, પણ સાંસારિક પ્રવૃત્તિઓ–સંસાર વધારનારી પ્રવૃત્તિઓ ઉપર જ અંકુશ મૂકવાનો છે.

અહીં જે 'સંયમયોગ'ની વાત કહી છે તેમાં ચરણસિત્તરી અને કરણસિત્તરીના સિત્તેર સિત્તેર ભેદનો સમાવેશ થાય છે. તેના વિવેચન માટે જુઓ 'અધ્યાત્મકલ્પદ્રુમ' પૃષ્ઠ ૩૯૬ થી પૃષ્ઠ ૩૯૯ સુધી. એ સર્વ ભેદો વિચારતાં આખો વખત શરીરને ઉપયોગમાં લેવાની અને ઉદ્યમી રાખવાની વાત આવી જશે અને એ જ શરીરની ચરિતાર્થતા છે એમ સમજવાની જરૂર છે.

એક બીજી ઘણી ઉપયોગી વાત તારે જરૂર નક્કી કરવાની છે. આ દુનિયામાં પાર વગરના મત-મતાંતરો છે. તારે અમુક જ મત આદરવો એમ કોઈ કહે તો તારે માની લેવાનું નથી, પણ એ સર્વમાં જે શુદ્ધ માર્ગ હોય, જેમાં આત્મવિકાસનું તત્ત્વ બરાબર બતાવ્યું હોય, જેમાં પરસ્પરવિરોધ ન હોય અને જેથી તારો આત્મ-સ્વભાવ બરાબર પ્રકટ થાય તેમ હોય એવો વિશુદ્ધ માર્ગ તું શોધી લે. પરીક્ષા કરવામાં તું જરાપણ નરમ પડીશ નહિ. અનેક રીતે એને ચકાસજે અને પછી સત્યનો સ્વીકાર કરજે. અનેક મત અને માર્ગોની ભુલભુલામણીમાં ભૂલો પડી ન જતો. સાચો ન્યાયમાર્ગ તને વિચારવાથી મળી શકે તેમ છે. પરીક્ષા કરવાથી પ્રાપ્ય છે અને તેમ કરવાની જરૂર એટલા માટે છે કે એક વખત સાચો માર્ગ તને મળી જશે તો પછી તારો સાધ્યને માર્ગે પ્રવાસ બરાબર થશે. બધા ધર્મો સારા છે એમ કહેવું એ પરીક્ષકોને ઘટમાન નથી, અને પરીક્ષા કરવામાં જરા પણ વાંધો નથી. તું તપાસ કરી ન્યાયમાર્ગ ગ્રહણ કર. તારી પરીક્ષા ઉપર તારી પ્રગતિનો આધાર છે તેથી જો તારે આશ્રવોને બરાબર અટકાવવા હોય તો તારે શુદ્ધ પંથ શોધવો જ પડશે.

૬. અનેક ગુણોનો જ્યાં સમન્વય થાય છે તેવા બ્રહ્મચર્યવ્રતનું તું ધારણ કર. ગુણો અનેક છે, વ્રત-નિયમો અનેક છે; તેમાંથી આ બ્રહ્મચર્યને ખાસ તારવી તે પર વિવેચન કરવાનું ખાસ કારણ છે તે પણ અહીંયાં વિચારવું ઘટે.

બ્રહ્મચર્ય–સ્ત્રીસંસર્ગનો ત્યાગ. એનો મહિમા અદ્ભુત છે. શરીર આરોગ્ય માટે એની જરૂર છે. આત્મવિકાસમાં યોગ પર અંકુશની જરૂર છે. બ્રહ્મચર્ય વગર યોગ પર અંકુશ લગભગ અશક્ય છે. આત્મસાધક માટે બદ્ધકચ્છ હોવાની પરમ આવશ્યકતા છે. એનાથી શુદ્ધ જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાનથી વિવેક પ્રાપ્ય છે અને વિવેકથી સદસત્‌ની વિવેચના થઈ શકે છે. બહુ સંભાળ રાખીને બ્રહ્મચર્યને સમજવાની–આદરવાની ખાસ આવશ્યકતા છે. એના વગર યોગમાં કે આત્મપ્રગતિમાં વધારો થવાની આશા નિરર્થક છે. એનો ખ્યાલ સ્ત્રીસંભોગ અથવા તેની અભિલાષા મનને કેટલું બધું લુબ્ધ–અસ્થિર બનાવી મૂકે છે તેના અનુભવ ઉપરથી આવે

તેમ છે. મોટા મોટા ઋષિમુનિઓ પણ એ સંબંધમાં બેદરકાર થઈ જાય તો મહાપાત પામે છે. એ બ્રહ્મવ્રતની નવે વાડો પણ ખૂબ ધ્યાનમાં રાખવા જેવી છે. એ શિયળક્ષેત્રની રક્ષા કરનાર છે. સંસારમાં રખડવાનું પ્રબળ સાધન એના સંબંધમાં નિરપેક્ષ રહેવાથી પ્રાપ્ત થાય છે. આત્મપ્રગતિ ઇચ્છનાર માટે બ્રહ્મચર્ય અનિવાર્ય છે.

જો અનેક કર્મોને આવવાનો માર્ગ બંધ કરવો હોય તો બ્રહ્મચર્ય આત્મવિકાસની બારાક્ષરી છે એમ સમજવું. ઘર એ ઘર નથી; સ્ત્રી એ ઘર છે. પુરુષની દૃષ્ટિએ સ્ત્રી એ સંસાર છે. સ્ત્રીની દૃષ્ટિએ પુરુષ એ સંસાર છે. સર્વથા સંયમ ગ્રહણ કરવો તે અત્યુત્તમ વાત છે, પરંતુ તે ન બને તો સંસારમાં રહીને પણ બ્રહ્મચર્ય પાળવાથી ઘણો સંવર થઈ શકે છે.

બ્રહ્મચર્યમાં કામ-ઇચ્છા, કામ-કલ્પના, કામવિષયક મનોરથો, હસ્તક્રિયા, સૃષ્ટિ-વિરુદ્ધ કૃત્યાદિ સર્વનો સમાવેશ થઈ જાય છે તે ધ્યાનમાં રાખવું. માનસિક ભોગ પણ બ્રહ્મચારીને ન ઘટે, મન દ્વારા આ બાબતને અંગે બહુ કર્મ બંધાય છે તેથી ખાસ ધ્યાન ખેંચવાની જરૂરિયાત ધારવામાં આવી છે.

આ સંવરના વિષયમાં ગુરુમહારાજ જે ઉપદેશ આપે તે પવિત્ર નિધાનની જેમ સંઘરી લે. સંવરના અનેક વિભાગોમાં તારી પોતાની બુદ્ધિ કામ ન કરી શકે. ગુરુમહારાજ પાસે સંપ્રદાયજ્ઞાનનો અને અનુભવનો ભંડાર હોય છે. તેઓ તને સુંદર રસ્તાઓ બતાવશે અને તે દ્વારા તારાં અનેક આશ્રવદ્વારો બંધ થઈ જશે. સંવરને અંગે આ અતિ મહત્ત્વની બાબતમાં ધ્યાન ખેંચીને શ્રીવિનયવિજયજી ઉપાધ્યાયે બહુ જરૂરી સૂચના કરી છે.

૭. અંતે સર્વ વાતનો આધાર તારી પરિણતિ ઉપર છે. એ પરિણતિ જેટલી નિર્મળ થશે તેટલો આત્મવિકાસ થશે. એને ખૂબ સુંદર કરવા માટે તારે સંયમયોગોમાં યત્ન કરવાનો છે અને આગમ—શાસ્ત્રગ્રંથોનો વારંવાર અભ્યાસ કરવાનો છે. સંયમના સત્તર પ્રકાર આપણે ઉપર જોઈ ગયા છીએ. ચરણસિત્તરી તેમજ કરણસિત્તરીના પ્રકારો પણ એટલા જ ધ્યાન આપવા યોગ્ય છે. એમાં પ્રવૃત્તિ કરવાથી અધ્યવસાય ખૂબ નિર્મળ થશે. એને ઓળખાવનાર શાસ્ત્રગ્રંથો છે. સંયમનું ઉત્પાદન, વર્ધન, પાલન અને ફલપ્રાપણ એ સર્વ તદ્વિષયક ગ્રંથોમાં છે. જ્ઞાન વગર સંયમને ઓળખવો મુશ્કેલ છે અને માત્ર જ્ઞાનથી કાંઈ વિકાસ શક્ય નથી. જ્ઞાન-ક્રિયા બન્નેની એક સાથે આવશ્યકતા છે. પરિણતિની નિર્મળતા ઉપર આશ્રવના નિરોધનો ખાસ આધાર છે અને એ જ સંવર છે. અધ્યવસાયોને જેમ બને તેમ નિર્મળ કરવાની અત્યંત આવશ્યકતા એટલા માટે છે કે છેવટે કર્મબંધનો કુલ આધાર અધ્યવસાય ઉપર નિર્ભર રહે છે.

હવે છેવટે તારા પોતાના સ્વરૂપને ઓળખ. તારા જે સહભાવી ધર્મો છે તે 'ગુણ' કહેવાય છે. તારામાં અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર-ઉપયોગ અને વીર્ય આદિ અનેક ગુણો છે. એ નિરંતર સાથે રહેનાર છે અને વારંવાર ફરનારાં રૂપો તે પર્યાયો છે. જીવ પંચેંદ્રિય

થાય, મનુષ્ય થાય, ઔદારિક કે વૈક્રિય શરીરવાળો થાય, સુસ્વરયુક્ત થાય, સારા રૂપવાળો દેખાવડો થાય એ વગેરે પરિવર્તન પામનાર ધર્મો 'પર્યાયો' કહેવાય છે. ગુણ નિરંતર સાથે રહે છે, પર્યાયો ફરતા જાય છે. બોધસ્વભાવ જ્ઞાન છે, પરભાવનિવૃત્તિસ્વભાવ એ ચારિત્ર છે. આત્માને-ચેતનને બરાબર ઓળખવો, એના મૂળ ગુણો સમજવા, એના વિભાગો અને પર્યાયોને પારખી લેવા, એના ઉપયોગલક્ષણને સમજવું અને એની કર્મ પર સામ્રાજ્ય મેળવવાની સત્તાગત શક્તિને સમજવી એ જીવનની ધન્ય ભાવના છે, પરમ કર્તવ્ય છે, ઇષ્ટ ફળ આપનાર સિદ્ધયોગ છે. આ ચેતનને તું બરાબર ઓળખ.

ચેતનને તું ઓળખીશ એટલે તારો જાતને તું ઓળખીશ. તું કોણ છે અને ક્યાં આવી ભરાણો છે તે બરાબર સમજ. તારે આશ્રવદ્વારો બંધ કરી સંવર કરવો હોય તો તારી જાતને ઓળખ અને એના ખરા સ્વરૂપમાં એને બહાર લાવ.

૮. તીર્થંકર મહારાજે તારે માટે સદુપદેશ ભરી-ભરીને અનેક ગ્રંથો શિષ્ય-પ્રશિષ્યો દ્વારા પ્રકટ કરીને મહાન ઉપકાર કર્યો છે. તેનાથી તું તારી જાતને ઓળખતો થયો છે. તારો ઉદ્ધાર તારા હાથમાં છે એ તને સમજાયું છે અને આ સર્વ ફસામણી ત્યજવા યોગ્ય છે એ વાત તેમણે તારે ગળે ઉતારી છે. એમનાં ભવ્ય આદર્શ ચરિત્રોનું તું વારંવાર ગાન કર. એનાથી તારી જીભનો લ્હાવો લે.

આ શાંતરસને વારંવાર પી-પીને ખૂબ મજા માણ. અત્યારે તને ખરો અવસર મળ્યો છે તેનો સારી રીતે લાભ લે અને મહાન આભ્યંતર રાજ્યમાં પ્રવેશ કર. શિવસુખસાધનના આ પરમ ઉપાયોને તું વારંવાર સાંભળ અને તેનો સદુપયોગ પ્રેમથી, હૃદયથી, આનંદથી કર.

* * *

સંવરભાવના ભાવતાં ખૂબ લહેર થાય તેમ છે. ગ્રંથકર્તાએ સંવરને અંગે નીચેના વિષયો પર ધ્યાન ખેંચ્યું છે :—

અવ્રતપણા પર જય કરવો – સંયમ વડે.
મિથ્યા અભિનિવેશ પર જય કરવો – સમ્યગ્દર્શન વડે.
આર્ત્ત-રૌદ્ર ધ્યાન પર જય કરવો – ચિત્તની સ્થિરતા વડે.
ક્રોધ પર વિજય મેળવવો – ક્ષમા – ક્ષાંતિ વડે.
અભિમાન પર વિજય મેળવવો – માર્દવ – નમ્રતા વડે.
માયા પર વિજય મેળવવો – આર્જવ – સરળતા વડે.
લોભ પર વિજય મેળવવો – સંતોષ વડે.
મન-વચન-કાયાના અધમ યોગ પર વિજય મેળવવો – ત્રણ ગુપ્તિ વડે.

સંવરનો પંથ મોક્ષપ્રાપ્તિનો સદુપાય છે. ઉપાયો નીચે પ્રમાણે છે :—

જ્ઞાન-દર્શન-ચારિત્ર એ રત્નત્રયની પરમ આરાધના કરવી.
વિષયના વિકારોને દૂર કરવા.
અકષાયી ભાવ ધારણ કરવો.
ઉપશમરસનું અનુશીલન કરવું.
સંસાર પર વિરાગ-વૈરાગ્ય ધારણ કરવો.
કોઈપણ પ્રકારના સંકલ્પ-વિકલ્પો ન કરવા.
માનસિક ભ્રમણાનો નિરોધ કરવો.
સંયમયોગોમાં નિરંતર પ્રવૃત્તિ કરવી.
કાયાનો-શરીરનો બને તેટલો સારા કાર્યમાં લાભ લેવો.
વિવિધ પંથોમાંથી સત્ય માર્ગ શોધીને સ્વીકારવો.
બ્રહ્મચર્યવ્રતને સર્વાંશે આદરવું.
ગુરુમહારાજ પાસેથી સદુપદેશ ગ્રહણ કરવો.
અધ્યવસાયની નિર્મળતા સંયમથી અને આગમના જ્ઞાનથી કરવી.
ચેતનના ગુણ તથા પર્યાયને બરાબર ઓળખવા.
તીર્થંકરમહારાજના ચરિત્રનાં ગાન ગાવાં.

આ મુખ્ય મુદ્દાઓ તરફ લેખકશ્રીએ ધ્યાન ખેંચ્યું છે અને ભાવનાનો રસ જમાવ્યો છે. આપણે તેનો સમુચ્ચયે ખ્યાલ કરી જઈએ.

આશ્રવોનાં ગરનાળાં ઇંદ્રિય, કષાય, અવ્રત, યોગો અને પચીશ ક્રિયાઓરૂપ છે.

તેને અટકાવવાનાં દ્વારો સમિતિ, ગુપ્તિ, યતિધર્મો, ભાવના, ચારિત્ર અને પરિષહો છે.

ઇંદ્રિયો પર વિજય મેળવવા માટે યતિધર્મ પૈકી સંયમનો ખાસ ઉપયોગ છે અને ગુપ્તિનો તથા પરિષહોનો પણ ઉપયોગ કરી શકાય છે.

કષાય પર વિજય મેળવવા માટે મનોગુપ્તિનો ઉપયોગ અને ભાવનાઓનો ઉપયોગ છે તથા યતિધર્મોનો પણ એમાં તેટલો જ ઉપયોગી ભાગ છે.

અવિરતિના વિજય માટે યતિધર્મો અને ચારિત્ર આવશ્યક છે. તેના પેટામાં બાવીશ પરિષહોને ખાસ સ્થાન છે.

યોગો પર વિજય મેળવવા માટે સમિતિ-ગુપ્તિને મુખ્ય સ્થાન છે અને યતિધર્મો તથા ચારિત્રને આનુષંગિક તરીકે એટલું જ ઉપયોગી સ્થાન છે.

મિથ્યાત્વ કર્મબંધમાં જે ભાગ ભજવે છે તેનું નિવારણ ચારિત્ર, યતિધર્મો અને અંતર્ગત પરિષહોથી શક્ય છે.

આ આખા વિશાળ ક્ષેત્રમાં ફરવા માટે બાર ભાવનાને મુખ્ય સ્થાન એવી રીતે પ્રાપ્ત થાય છે કે એના પ્રકારની અનુપેક્ષા વગર બરી વસ્તુસ્થિતિ કદી પ્રાપ્ત થઈ શકતી નથી.

બાકી એકંદરે જોઈએ તો પ્રત્યેક આશ્રવને બંધ કરવા માટે સંવરમાંથી ઘણાખરાનો જુદી જુદી રીતે ઉપયોગ કરવો જરૂરી છે. એ વગર આપણી સ્થિતિ ખરેખરી સુધરી શકે તેમ નથી.

એક બાજુએ કર્મની આવક જોઈને ગભરાઈ જવાય તેવું છે, પણ બીજી બાજુએ એની સામે લશ્કર પણ એવું જ જબરું તૈયાર કરી શકાય તેમ છે. આશ્રવના ૪૨ ભેદ છે તો સંવરના ૫૭ છે. સાંસારિક જીવોને જેમ પૈસા, સ્ત્રી, પુત્ર અને વ્યાપારની લાલસા લાગે છે તેવી જ તીવ્રતાથી જો એને યતિધર્મો કે ચારિત્ર વગેરે સંવરો તરફ લગની લાગે તો મોહરાજાનું જોર તૂટી જાય તેમ છે અને પ્રાણી કર્મોના આવતા પ્રવાહ સામે પાળ બાંધી શકે છે. સાંસારિક કાર્યોમાં જે ઉદ્વેગ, મૂંઝવણ અને આંતરવિકાર છે તેનું અસ્તિત્વ સંવરના એક પણ વિભાગમાં દેખાશે નહિ. સામાયિક લઈને બેઠા હોઇએ ત્યારે જે શાંતિનો અનુભવ થાય છે, ચારિત્ર પાળનારને જે આંતરરાજ્ય મળે છે અથવા ભાવના ભાવતી વખતે મન જે આધિદૈવિક સુખ અનુભવે છે તે સંસારમાં મળવું અશક્ય છે. એ આખી દશા જ અનોખી છે, એની ભવ્ય કલ્પના પણ વચનાતીત છે.

સદ્ભાવનાશાળી શ્રાવક વિચાર કરે કે–'મારો કયારે ઉદય થશે અને હું આ સંસારની સર્વ ઉપાધિ છોડી સર્વસ્વનો ત્યાગ કરી આત્મારામમાં કયારે રમણ કરીશ ?' આવી ભાવના ભાવે, અંતરથી એના પર પ્રેમ રાખે અને એ આદર્શે પહોંચવા અંતરથી ઇચ્છા રાખે. એને નિર્જન સ્થાનમાં ધ્યાન કરવાના કોડ થાય, એ આત્માના અમરત્વને ચિંતવે, એ ચારિત્રની આરાધ્યતા વિચારે અને એની તીવ્ર ભાવના કર્મનો છેદ કરી મોક્ષ પ્રાપ્ત કરવાની હોય. એને સંસારના રગડા–ઝગડામાં કદી આનંદ આવે જ નહિ. એનામાં અપૂર્વ શાંતિ હોય, આવેશને પ્રસંગે એના પેટમાંથી પાણી પણ હાલે નહિ.

યતિધર્મની વાત તો શી કરવી ? એના નામથી પણ આનંદ થાય તેમ છે. માત્ર ક્ષમા, માદર્વ, આર્જવ અને સંતોષ એ નામોમાં જ એવો ચમત્કાર છે કે એનામાં અખંડ શાંતિ હોય એ પ્રત્યક્ષ દેખાય તેવી વાત છે. એની અંતર્ગત જે ચારિત્ર છે તે પરમ આનંદનું સ્થાન છે અને સમિતિ–ગુપ્તિની વાત તો આત્માને શાંત કરી દે તેવી છે. એક એક સંવરની ભાવના કરતાં મનમાં જે અનિર્વાચ્ય આનંદ થાય છે તે ખરેખર અનુભવવા યોગ્ય છે.

પરિષહોની વાત ખાસ સમજવા જેવી છે. એમાં અનુકૂળ અને પ્રતિકૂળ પરિષહો જ્યારે સ્વવશપણે આનંદથી અનુભવીએ છીએ ત્યારે કેવો આનંદ થાય છે ? કકડીને ભૂખ લાગી હોય છતાં નિરવદ્ય આહાર પ્રેમપૂર્વક મળે તો જ લેવાય અને નહિ તો અંદરની શાંતિથી ચલાવી લેવાય એવો ત્યાગભાવ આવે ત્યારે શી મણા રહે ? શ્રી વીરપરમાત્માને પાર વગરના ઉપસર્ગો થયા; એની વિગત વાંચતાં પણ રોમાંચ ખડા થાય છે. શૂળપાણિ અને સંગમદેવે ઉપસર્ગો કર્યા અને પ્રભુના કાનમાં ખીલા ઠોકાણા પણ એની શાંતિ તો જુઓ ! છ માસ

ઉપસર્ગો કરી સંગમદેવતા ગયો ત્યારે પ્રભુની આંખમાં પાણી આવી ગયાં, પણ તે ઉપસર્ગના દુઃખથી નહિ, કિન્તુ એ સંગમ પોતાના આત્માનું કેટલું અહિત કરી ગયો એ જાતની ઉત્તમ કરુણાબુદ્ધિથી !


આ તો ભૂતદયાનું અપ્રતિમ દૃષ્ટાંત છે. ચંડકૌશિયાનો ઉપદ્રવ પણ એવો જ ભયંકર હતો. ગમે તેવા ઉપસર્ગ થાય, લાલચો થાય કે પ્રાણાંત કષ્ટ આવે પણ લીધેલ નિયમથી ચલિત ન જ થવાય એવી દૃઢતા પ્રાપ્ત થાય તો મોક્ષ હાથમાં જ છે.

સંવરની આખી ભાવનામાં ત્યાગભાવને મુખ્ય સ્થાન છે. એમાં જે વસ્તુ કે સંબંધને ખોટી માન્યતાથી પોતાના માન્યા છે તેનો ત્યાગ કરવાના જુદા જુદા રસ્તા બતાવ્યા છે. મનનો આખો ઝોક ફેરવવો પડે તેમ છે, પણ વિચારણાને પરિણામે એને ફેરવ્યા પછી ખૂબ આનંદ આવે તેમ છે. એ આનંદનો સાચો ખ્યાલ સાંસારિક પ્રાણીને આવવો મુશ્કેલ છે. લાભ-અલાભમાં મનને એકસરખું રાખવું, શત્રુ-મિત્રને એક કક્ષામાં મૂકવા, નિંદા-સ્તુતિ કરનાર ઉપર જરાપણ રોષ કે તોષનો અંશ અંદરથી પણ થવા દેવો નહિ. એ સર્વસામાન્ય જનપ્રવાહથી એટલી ઉચ્ચ ભૂમિકા છે કે કદાચ થોડો વખત એ ભૂમિકાએ પહોંચવામાં મુશ્કેલી જણાશે; પણ વધારે વિચારણાએ એ ખાસ પ્રાપ્ય લાગશે. પ્રયત્ને એ સાધ્ય છે-શક્ય છે. ત્યાં પહોંચનાર આપણા જેવા જ આત્માઓ હતા એ વાત ખાસ લક્ષમાં રહેવી જોઈએ.

વિશેષ વિચારણા માટે સંવરના બે વિભાગ કરવામાં આવ્યા છે : 'દ્રવ્યસંવર' અને 'ભાવસંવર'. કર્મગ્રહણ કરવાનો જેથી વિચ્છેદ થાય તેને દ્રવ્યસંવર કહેવામાં આવે છે. સંસારનિમિત્ત ક્રિયાથી વિરતિ-અભાવ થાય તેને ભાવસંવર કહેવામાં આવે છે. ખૂબ વિચારવા જેવું છે. કર્મને આવતાં અટકાવવા માટે આપણે આટલો બધો વિચાર કર્યો તે સર્વ દ્રવ્યસંવર છે. મતલબ : સમિતિ, ગુપ્તિ, પરિષહો કે યતિધર્મો એ સર્વ દ્રવ્યસંવર છે. એથી કર્મ આવતાં અટકે છે. ભાવસંવર તો સંસાર વધારનાર ક્રિયાથી જ બરાબર અટકી જવાય તે છે. મતલબ, ભાવસંવર કરનાર તો સંસારસંબંધી ક્રિયાનો જ ત્યાગ કરી દે છે. જો ખરેખરો પ્રસાદ પ્રાપ્ત કરવો હોય અને સાધ્યે પહોંચવું હોય તો આ સંસારનિમિત્ત ક્રિયાઓથી વિરતિભાવ પ્રાપ્ત કર્યા વગર છૂટકો જ નથી.

પ્રાણીના-ચેતનના વિકાસમાં સંવરને અતિ મહત્ત્વનું સ્થાન છે. એમાં માનસિક ઘણાં દ્વારો બંધ કરવાનાં હોય છે અને તેની ચાવીઓ ત્યાંથી જ મળી શકે તેમ છે. ચાલ્યા આવતાં કર્મોને અટકાવવાના એ સિદ્ધ ઉપાયો છે. પોતાને કઈ જાતનાં કર્મો સાથે વધારે સંબંધ છે અને કયા ઉપાયો વધારે ઉપયોગી નીવડી શકશે એ પ્રત્યેક વ્યક્તિએ શોધી લેવાનું છે, પણ એ સર્વમાં ત્યાગભાવ, સંસાર પર વિરાગ, ઉપશમભાવનો આદર, અકષાયી વૃત્તિ, આશ્રવના માર્ગો પર વિજય અને શુદ્ધ દેવ-ગુરુ-ધર્મનું શ્રદ્ધાન અથવા સમ્યક્ત્વ એ

તો સાર્વત્રિક હોવા ઘટે. ચર્ચા નાની નાની વિગતોમાં શક્ય છે, પણ મૂળ મુદ્દાઓ તો સર્વેને બરાબર લાગુ પડે તેમ છે. સંસાર પર સાચો હૃદયનો નિર્વેદ આવે અને હૃદયપૂર્વક ત્યાગ પર પ્રીતિ થાય તો આશ્રવો ગમે તેવા જબરા હોય અને મોહરાજા ગમે તેવો બળવાન હોય તો પણ આખરે એને બાંધી શકાય તેમ છે. સંવરના પ્રત્યેક માર્ગ પર અનુપ્રેક્ષા કરવાથી આવતાં કર્મોને તો અટકાવી શકાય છે. હવે પ્રથમનાં લાગેલાં કર્મોનો ભાર પણ આકરો તો છે તેનો રસ્તો શો કરવો તે પણ તુરતમાં વિચારવામાં આવશે. હાલ તો વારંવાર વિચાર કરીને ઉઘાડા દરવાજાઓને બંધ કરી ચેતનજીને ભારે થતો અટકાવ અને અત્ર વર્ણવેલા આદર્શ ઉપાયોને ખૂબ ભાવી ભાવીને-વિચારીને અજમાવ. વ્યવહારની ઉક્તિ છે કે **'પરપા પાપ ન કીજીએ, તો પુણ્ય કીધું સો વાર.'** બીજું કાંઈ ન બને તો પણ નવાં કર્મ વધારીએ નહિ તો પણ રસ્તો સરળ થાય તેમ છે, ભાર ઓછો થાય તેમ છે અને સાધ્યનું સામીપ્ય થાય તેમ છે.



શ્રી જયસોમમુનિવિરચિત સંવરભાવના

[ઉ • સકળચંદજી મહારાજે સંવરભાવનાનો સાતમી ભાવનાને છેડે એક ગાથામાં સમાવેશ કરી દીધેલો હોવાથી સ્થાન શૂન્ય ન રહે તે માટે શ્રી જયસોમમુનિની કરેલી સંવરભાવના મૂકી છે.]

દુહા

શુભ માનસ કરી, ધ્યાન અમૃત રસ રેલી;
નવદલ શ્રી નવકાર પદ, કરી કમલાસન કેલી.
પાતકપંક પખાળીને, કરી સંવરની પાળ;
પરમહંસ પદવી ભજે, છોડી સકળ જંજાળ. ૨

(ઉલૂનો દેશી)

આઠમી સંવરભાવના જી, ધરી ચિત્તશું એક તાર;
સમિતિ ગુપ્તિ સુધી ધરો જી, આપોઆપ વિચાર.
સલૂણા ! શાંતિ સુધારસ ચાખ.—એ આંકણી
વિરસ વિષય ફળ ફૂલડે જી, અટતો મન અલિ રાખ. સ૦ ૧

લાભ અલાભે સુખ દુઃખે જી, જીવિત મરણ સમાન;
શત્રુ મિત્ર સમભાવતો જી, માન અને અપમાન. સ૦ ૨

કદી એ પરિગ્રહ છાંડશું જી, લેશું સંયમ ભાર;
શ્રાવક ચિંતે હું કદા જી, કરીશ સંથારો સાર. સ૦ ૩

સાધુ આશંસા ક્રમ કરે જી, સૂત્ર ભણીશ ગુરુ પાસ;
એકલમલ્લ પ્રતિમા રહી જી, કરીશ સંલેખણ ખાસ. સ૦ ૪

સર્વ જીવ હિત ચિંતવો જી, વયર મ કર જગ મિત્ત;
સત્યવચન મુખ ભાખીએ જી, પરિહર પરનું વિત્ત. સ૦ ૫

કામકટક ભેદણ ભણી જી, ધર તું શીલ સન્નાહ;
નવવિધ પરિગ્રહ મૂકતાં જી, લહીએ સુખ અથાહ. સ૦ ૬

દેવ મનુષ્ય ઉપસર્ગશું જી, નિશ્ચલ હોય સધીર;
બાવીશ પરિષહ જીતીએ જી, જિમ જીત્યા શ્રીવીર. સ૦ ૭

પ્રકરણ નવમું

નિર્જરાભાવના :: પૂર્વપરિચય

આત્માની સાથે જે કર્મોના થર લાગેલા હોય તેનું શું કરવું ? કર્મોના ત્રણ પ્રકાર વેદાંતમાં બતાવ્યા છે : ક્રિયમાણ, સંચિત અને પ્રારબ્ધ. જે કર્મોનો બંધ થાય તે બંધાતાં કર્મો તે ક્રિયમાણ. એના માર્ગો આપણે આશ્રવભાવનામાં જોઈ ગયા અને એની સામેનો અટકાવ આપણે આઠમી સંવરભાવનામાં જોઈ ગયા. જે કર્મો ઉદયમાં આવે, એટલે જે પરિપાકદશાને પામે તે પ્રારબ્ધ. ઉદયમાં આવે તેને ભોગવી લેવાં, પણ જેમ જમીનમાં બી વાવ્યું હોય તેને ઊગતાં વખત લાગે એવી રીતે કેટલાંયે કર્મો અંદર પડ્યાં રહે તેને સંચિત કર્મ કહેવામાં આવે છે. જૈનપરિભાષામાં એને 'સત્તાગત' કર્મો કહે છે. એનો સમય ન આવે ત્યાં સુધી એ અંદર પડ્યાં રહે છે. આ કર્મોનો નાશ નિર્જરા દ્વારા થાય છે.

નિર્જરા એટલે કર્મોનું સાડવું (ખંખેરવું). જેમ વસ્ત્રને ખંખેરવાથી તેમાં રહેલ પાણી તેમ જ કચરો ખરી પડે છે તેમ સત્તામાં પડેલાં કર્મોને ઉદીરણાદ્વારા ખેંચી લાવી, તેને નીરસ બનાવી દૂર કરવાં એનું નામ નિર્જરા કહેવાય છે. એમાં આત્મા સાથે લાગેલાં કર્મોનું સાટન થાય છે, નિર્જરા દ્વારા એ તદ્દન પાતળાં પડી જઈ ચીકાશ ગુમાવી આત્મા પરથી ખરી પડે છે.

નિર્જરા બે પ્રકારની છે : 'અકામા' અને 'સકામા'. ઇચ્છાશક્તિના ઉપયોગથી ઇરાદાપૂર્વક કર્મનો જેથી ક્ષય થાય તેને સકામા અથવા સકામ નિર્જરા કહેવામાં આવે છે. આગળ જે તપના ભેદો કહેવામાં આવશે તેથી જે કર્મો ખરી પડે તે સકામની કક્ષામાં આવે છે. આપણે ઇરાદાપૂર્વક ત્યાગ કરીએ, સમજીને વસ્તુના લાભ સુલભ હોય છતાં મન-વચન-કાયાના યોગ પર અંકુશ રાખીએ તેથી સકામ નિર્જરા થાય છે. દરરોજ નિયમ ધારીએ અથવા ત્યાગબુદ્ધિએ ખાનપાનની વસ્તુ તથા વસ્ત્રાદિનો ત્યાગ કરીએ ત્યારે સકામ નિર્જરા થાય છે. એથી ઊલટું, સમજ્યા વગર-ઇચ્છા વગર સહન કરીએ ત્યારે અકામ નિર્જરા થાય છે. ઘોડાને ખાવાનું ન મળે કે વનસ્પતિનું છેદન-ભેદન થાય ત્યારે તે જીવાત્માઓ કાંઈ ત્યાગવૃત્તિએ મન પર અંકુશ રાખતા નથી કે ભૂખ-તરસની પીડા કે છેદન-ભેદનનો ત્રાસ નાછીબૂઝીને સહન કરતા નથી. તેમને જે કર્મક્ષય થાય તે અકામનિર્જરા કહેવાય છે.

અહીં જે 'કામ' શબ્દ છે તે ક્રિયા પાછળ રહેલા આશય પરત્વે છે; સમજપૂર્વકના અર્થમાં એ શબ્દ વપરાયો છે એ ધ્યાનમાં રાખવું. આપણી પાસે વસ્તુનો સદ્ભાવ હોય છતાં તે વસ્તુને ત્યાગભાવે છોડવાની અહીં વાત છે. કોઈ કાર્ય ફળની અપેક્ષાએ કરવું કે નિર્મમત્વભાવે કરવું એની તેમાં વાત નથી, પણ 'કામ' શબ્દથી ક્રિયા કઈ રીતે થઈ છે – સમજપૂર્વક થઈ છે કે માત્ર સહેજે થઈ ગઈ છે, એ હકીકત પર ધ્યાન આપવાનું છે. આ કારણે

સકામનિર્જરા પ્રયત્નજન્ય છે, અકામનિર્જરા તો માત્ર આગંતુક હોઈ સહેજે બની આવે છે. સમ્યગ્જ્ઞાનસહિત વિવેકપૂર્વક કરેલ ક્રિયાને ઉચ્ચ સ્થાન પ્રાપ્તવ્ય હોય જ-એ વાત અત્ર સમજવાની છે.

નિર્જરા અનેક કારણોથી થાય છે. સંવરના પ્રત્યેક માર્ગમાં પણ તે જ કારણોનો સદ્ભાવ હોય છે, પણ જ્યારે તપના પ્રકારો વિચારવામાં આવશે ત્યારે જણાશે કે એ સંવરોનો તપમાં સમાવેશ થઈ જાય છે. કર્મ અટકાવનાર તરીકે જે સંવરોનું પાછળ વિવેચન કર્યું તે જ સંવરોનો સંચિત કર્મો દૂર કરવામાં ઉપયોગ થાય છે અને ત્યારે તેનો બાહ્ય-આભ્યન્તર તપમાં સમાવેશ થાય છે અને તે અપેક્ષાથી તે નિર્જરામાં સમાઈ જાય છે. આ વાત તપના પ્રકારોમાં ખૂબ વિચાર કરતાં જણાઈ આવશે. નિર્જરા તપથી સિદ્ધ થાય છે. જૈનશાસ્ત્રમાં અહિંસા, સંયમ અને તપનો મહિમા સર્વોત્કૃષ્ટ બતાવ્યો છે. ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે અને તે અહિંસા, સંયમ અને તપની ત્રિપુટીરૂપ છે. આ વાત આપણે હમણાં જ જોશું. નિર્જરા કરનાર તપને આપણે વિચારીએ.

તપના બે મુખ્ય વિભાગો છે : બાહ્ય અને આભ્યંતર. બાહ્ય તપ બાહ્ય પદાર્થોની અપેક્ષા રાખે છે. માનસિક તપને આભ્યંતર તપ કહેવામાં આવે છે. બાહ્ય તપ આભ્યંતર તપને ખૂબ અવકાશ અને પોષણ આપે છે તેથી તેનું મહત્ત્વ તો છે જ, પણ આભ્યંતર તપની વિશિષ્ટતા સ્પષ્ટ છે. એ તપના ભેદો વિચારતાં વિચારતાં અને તેનું સૂક્ષ્મ નજરે પૃથક્કરણ કરતાં એમાં સર્વ ધાર્મિક નિયમોનો સારી રીતે સંપૂર્ણ પ્રસાર થતો દેખાઈ આવશે.

પ્રથમ આપણે **બાહ્ય** તપોનો વિચાર કરીએ. એના છ વિભાગ છે તે નીચે પ્રમાણે છેઃ—

૧. અનશન—'અશન' એટલે ખાવું તે. 'અનશન' એટલે ન ખાવું તે. અમુક વખત માટે ખાવાનો ત્યાગ તે 'ઇત્વર' અને મરણ સુધી ન ખાવું તે 'યાવત્કથિક'. યાવત્કથિકમાં નિહારિમ વિભાગમાં ફરવા-હરવાનો પ્રતિબંધ નથી. અનિહારિમમાં જ્યાં અનશન કર્યું હોય ત્યાં જ રહેવાનું થાય છે.

૨. ઊણોદરિકા—ક્ષુધાના પ્રમાણ કરતાં ઓછો આહાર કરવો. આમાં અનશનની ન્યૂનતા થાય છે. આમાં ઉપકરણની ન્યૂનતાનો પણ સમાવેશ થઈ જાય છે.

૩. વૃત્તિસંક્ષેપ—વૃત્તિ એટલે આજીવિકા. એને અંગે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી મર્યાદા કરવી. નિયમ ને અભિગ્રહોનો આમાં સમાવેશ થાય છે.

૪. રસત્યાગ—દૂધ, દહીં, ઘી, ગોળ, તેલ ને મીઠાઈ વગેરે પૌષ્ટિક વસ્તુનો અંશથી કે સર્વથી ત્યાગ કરવો તે વિગઈત્યાગ. આયંબિલાદિ તપનો અહીં સમાવેશ થાય છે.

૫. કાયક્લેશ—આસન કરીને, સ્થિર રહીને, ઠંડીમાં કે તાપમાં બેસીને શરીરને કષ્ટ આપવું, કસવું, કાયોત્સર્ગ કરવો તે.

૬. **સંલીનતા**—અંગોપાંગને સંવરવાં, એકાંત સ્થાનમાં બેસવું, તે ચાર પ્રકારે થાય છે : ઇંદ્રિયસંલીનતા, કષાયસંલીનતા, યોગસંલીનતા, વિવિક્તચર્યાસંલીનતા (એકાંત વસતિમાં રહેવું તે.)

બાહ્યતપને લોકો જાણી શકે છે. એ બાહ્ય શરીરને તપાવે છે તેથી બાહ્યતપ કહેવાય છે. હવે આપણે **આભ્યંતર તપ** વિચારીએ. તેના છ પ્રકાર છેઃ—

૧. **પ્રાયશ્ચિત્ત**—પોતે જે વ્રત-પચ્ચક્ખાણ લીધું હોય તેમાં સ્ખલના થઈ જાય ત્યારે તે તે અપરાધની શુદ્ધિ કરવી-ગુરુ પાસે આલોચના કરવી તે. એના દશ પ્રકાર છેઃ—

(ક) કરેલ અપરાધનું ગુરુ સમક્ષ કથન તે '**આલોચન**'.

(ખ) કોઈ પણ દોષ વિષે મિથ્યાદુષ્કૃત દેવો તે '**પ્રતિક્રમણ**'.

(ગ) આલોચન અને પ્રતિક્રમણ બન્ને કરવાં તે '**મિશ્ર**'.

(ઘ) અશુદ્ધ અન્ન-પાણીનો ત્યાગ કરવો તે '**વિવેક**'.

(ઙ) શરીર અને વચનના વ્યાપારો તજી દેવા તે '**કાયોત્સર્ગ**'.

(ચ) દોષ લાગવાથી પ્રાયશ્ચિત્ત નિમિત્તે નીવી, ઉપવાસ આદિ કરવા તે '**તપ**'.

(છ) દોષ પ્રમાણે દીક્ષાપર્યાય ઘટાડે અને આકરા તપ કરવા પડે તે '**છેદ**'.

(જ) ભયંકર પાપ થયું હોય તો ફરી દીક્ષા લેવી પડે તે '**મૂળ**'.

(ઝ) જીવઘાતાદિ થઈ જાય તો તપ કરી ફરી દીક્ષા લેવી પડે તે '**અનવસ્થાપ્ય**'.

(ઞ) કોઈ મહાપાપ થઈ જાય તો આચાર્યને બાર વર્ષ જુદા રહી શાસનની પ્રભાવના કરી ફરી દીક્ષા લેવી પડે તે '**પારાંચિત**'.

૨. **વિનય**—ગુણવંતની ભક્તિ કરવી તે. ગુણની દૃષ્ટિએ એના સાત વિભાગો થાય છે. એમાં આશાતના દૂર કરવાની બાબત પણ સાથે જ આવે છે.

(ક) '**જ્ઞાન**' : જ્ઞાનના સાહિત્ય તેમજ જ્ઞાની પુરુષોના સંબંધમાં ભક્તિ, બહુમાન, ભાવના, ગ્રહણ અને અભ્યાસ.

(ખ) '**દર્શન**' : શુશ્રૂષા અને અનાશાતના. અધિકગુણીની સેવાભક્તિ કરવી, સન્માન આપવું, આસન આપવું, પ્રણામ કરવા. આ સર્વ શુશ્રૂષામાં આવે છે. અને અનાશાતનામાં વડીલ આદિનું બહુમાન કરવું અને તેમના વાસ્તવિક ગુણો વર્ણવીને એમની કીર્તિ વધારવી તે આવે છે.

(ગ) '**ચારિત્ર**' : સામાયિકાદિ ચારિત્ર સમજવું, એનો પ્રયોગ કરવો, આદરવું.

(ઘ-ઙ-ચ) '**ત્રણ યોગ** : મન-વચન-કાયાના યોગને આચાર્યાદિ વડીલની ભક્તિરૂપ શુભ પ્રવૃત્તિમાં જોડવા.

(છ) '**લોકોપચાર**' : ગુરુ આદિ શ્રેષ્ઠની પાસે વસવું, આરાધ્યની ઇચ્છાએ પ્રવર્ત્તવું, ઉપકારનો પ્રત્યુપકાર કરવો, માંદાની સેવા કરવી, અવસરોચિત કાર્ય કરવું, સદ્ગુણીને યોગ્ય માન આપવું.

૩. **વૈયાવચ્ચ**—જરૂરી સાધનો પૂરાં પાડી ગુરુ વગેરેની શુશ્રૂષા કરવી તે. વિનય માનસિક છે. વૈયાવચ્ચ શારીરિક છે. (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) તપસ્વી (૪) ગ્લાન-રોગી (૫) શૈક્ષ-તાજી દીક્ષા લેનાર (૬) સાધર્મી-સમાનધર્મી-સમાન કુળવાળા (૭) સમાન ગુણવાળા (૮) સમાન સંઘ સમુદાયવાળા (૯) સાધુ (૧૦) સમનોજ્ઞ-જ્ઞાનાદિ ગુણે સમાન એ દશની વૈયાવચ્ચ કરવી.

૪. **સ્વાધ્યાય**—અભ્યાસ એના પાંચ પ્રકાર છે :

(ક) **'વાચના'** : ભણવું કે ભણાવવું : મૂળ અને અર્થ.

(ખ) **'પૃચ્છના'** : સમજવા માટે, સ્પષ્ટ કરવા માટે, શંકા-સમાધાન માટે પૂછવું તે.

(ગ) **'અનુપ્રેક્ષા'** : મૂળ કે અર્થની વારંવાર વિચારણા કરવી તે.

(ઘ) **'પરાવર્તન'** : શીખેલ મૂળ કે અર્થનું શુદ્ધિપૂર્વક પુનરાવર્તન કરવું

(ઙ) **'ધર્મકથન'** : અભ્યાસ કરેલી બાબત અન્યને સમજાવવી.

૫. **ધ્યાન**—આ સમજવા માટે ચાર પ્રકારનાં ધ્યાન સમજવાં જોઈએ. પ્રથમનાં બે દુર્ધ્યાન છે, પછીનાં બે સદ્ધ્યાન છે. એકાગ્રતાથી એક વિષયમાં મનને સ્થાપન કરવું તે ધ્યાન કહેવાય છે.

(ક) **આર્તધ્યાન**—એ દુઃખ (અર્તિ)માંથી ઉદ્ભવે છે. એના ચાર પેટા વિભાગો છે. દુઃખ થવાનાં એ ચારે કારણો છે—

(૧) **અનિષ્ટસંયોગ**—ન ગમે તેવા સંબંધી કે તેવી વસ્તુઓનો સંબંધ થાય ત્યારે પીડા થવી અને તે કયારે જાય તે ચિંતા કરવી.

(૨) **ઇષ્ટવિયોગ**—વહાલી સ્ત્રી, પ્રેમાળપુત્ર આદિનો વિયોગ. તે વખતે થતો શોક, ગ્લાનિ, આક્રંદ વગેરે.

(૩) **રોગચિંતા**—વ્યાધિ થાય ત્યારે એની ચિંતા, વ્યાધિ દૂર કરવામાં સર્વ ધ્યાન દેવું અને હાયવોય કરવી. એમાં મનની વ્યથાનો પણ સમાવેશ છે.

(૪) **નિદાન**—ભવિષ્યના કાર્યક્રમો, ગોઠવણો, ધમાધમો.

(ખ) **રૌદ્રધ્યાન**—આ ધ્યાન દ્વેષથી જન્મે છે. એમાં રૌદ્ર ચિત્ત થાય છે. તેના પ્રકાર ચાર છે—

(૧) **હિંસાનુબંધી**—જીવોના વધ-બંધનની વિચારણા.

(૨) **અનૃતાનુબંધી**—અસત્ય વચન, છળ; તેને નિભાવવા માટે ગોટાળા કરવા.

(૩) **ચૌર્યાનુબંધી**—અન્યનું દ્રવ્ય, તેની ચીજો પડાવી લેવાની ઇચ્છા.

(૪) **સંરક્ષણાનુબંધી**—વસ્તુને જાળવી રાખવી, ચોકી કરવી વગેરે.

(ગ) **ધર્મધ્યાન**—તેના ચાર પ્રકાર છે—

(૧) **આજ્ઞાવિચય**—તીર્થંકરની આજ્ઞા શોધવી; તેને સ્વીકારવી અને તેને માટે ખૂબ ચિંતવન કરવું તે.

(૨) **અપાયવિચય**—આશ્રવોને દુઃખરૂપ જાણી તેનો વિચાર કરવો અને તેમાંથી છૂટવાના રસ્તા શોધવા.

(૩) **વિપાકવિચય**—કર્મો કેવાં ફળ આપે છે તેની વિચારણા અને સુખદુઃખ વચ્ચે સમાન ભાવ, કર્મની વિચારણા ને પરિણામ.

(૪) **સંસ્થાનવિચય**—લોકસ્વરૂપની વિચારણા.

(ઘ) **શુક્લધ્યાન**—એના ચાર પ્રકાર છે :—

(૧) **પૃથક્ત્વવિતર્કસવિચાર**—આમાં દરેક પદાર્થનું પૃથક્ત્વ (Analysis) કરે. વિતર્ક એટલે શ્રુતજ્ઞાન. એ દ્રવ્યગુણપર્યાયને વિચારે, ઉત્પાદ-વ્યય-ધ્રુવતાને વિચારે અને એ રીતે દ્રવ્યથી પર્યાયાદિ પર જાય. આ ભેદજ્ઞાન છે.

(૨) **એકત્વવિતર્કનિર્વિચાર**—આ અભેદપ્રધાન ધ્યાન છે. આ ધ્યાનમાં મન-વચન-કાયા પૈકીના એક જ યોગનું અવલંબન હોય છે.

(૩) **સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી**—અહીં સૂક્ષ્મ શરીરયોગનો આશ્રય હોય છે. અહીં શ્વાસોચ્છ્વાસની સૂક્ષ્મ ક્રિયા જ રહે છે.

(૪) **વ્યુચ્છિન્નક્રિયાઅપ્રતિપાતી**—શ્વાસોચ્છ્વાસ પણ અટકી જાય અને તુરત મોક્ષ થાય તે.

છેલ્લા બે પ્રકાર કેવળીને જ હોય છે. આમાં પ્રથમના બે—આર્ત અને રૌદ્ર ત્યાજ્ય છે તે ધ્યાનમાં રાખવું. ધર્મ તથા શુકલની ભાવના નિર્જરા કરે છે તે અત્ર વક્તવ્ય છે.

૬. **ઉત્સર્ગ**—કાઉસ્સગ્ગ. ઉત્સર્ગ એટલે ત્યાગ. બાહ્ય અને આભ્યંતર સર્વ વસ્તુઓનો ત્યાગ. બાહ્યમાં ગણનો ત્યાગ, શરીરનો ત્યાગ, ઉપધિત્યાગ અને અશુદ્ધ ભાતપાણીનો ત્યાગ અને આભ્યંતરમાં કષાય, મિથ્યાત્વ, સંસારનો ત્યાગ.

આ બાહ્ય-આભ્યંતર તપથી આત્મા સાથે લાગેલાં કર્મો દૂર થઈ જાય છે. સામાન્ય રીતે તપમાં માત્ર ઉપવાસ, આયંબિલાદિને સમજવામાં આવે છે, એનો મહિમા પણ ઘણો મોટો છે; પણ તપ શબ્દ ઘણા વિશાળ અર્થમાં વપરાયેલ છે એ વાત ખૂબ સમજવા યોગ્ય છે. જો આભ્યંતર તપને પૃથક્કરણ કરીને વિસ્તારથી સમજવામાં આવે તો તેમાં સંવરના સર્વ પ્રકારોનો સમાવેશ થાય છે. ત્યાગની શરૂઆત અને તેનું પર્યવસાન તપમાં જ આવે છે અને દશવૈકાલિક સૂત્રની પ્રથમ ગાથામાં ધમ્મો 'मंगलमुक्किट्ठं' એટલે કે ધર્મ ઉત્કૃષ્ટ મંગળ કહ્યું છે તેની સાથે જ ધર્મના ત્રણ પ્રકાર બતાવ્યા છે : અહિંસા સંયમ અને તપ. આ મુદ્દા પર વિવેચન આગળ કરવાનું રાખી અત્ર તો એક જ વાત કરવાની છે કે તપ એ આત્મધર્મ છે, આત્માના વિકાસ માટે અતિ ઉપયોગી તત્ત્વ છે અને એની વિચારણામાં બાહ્ય અને આભ્યંતર બન્ને પ્રકારને ખૂબ ધ્યાનમાં રાખવાના છે. તેમાં પણ બાહ્ય કરતાં આભ્યંતર તપની જરૂર વિશેષતા છે, છતાં બાહ્ય તપો આભ્યંતર માટે પ્રબળ નિમિત્તકારણો છે. આટલો પરિચય નિર્જરાનો કરી આપણે ભાવનામાં પ્રવેશ કરીએ. ખૂબ આનંદથી આ ભાવના આત્મવિકાસ માટે ભાવવા યોગ્ય છે.

निर्जराभावना

इन्द्रवज्रा

यन्निर्जरा द्वादशधा निरुक्ता, तद् द्वादशानां तपसां विभेदात् ।
हेतुप्रभेदादिह कार्यभेदः, स्वातन्त्र्यतस्त्वेकविधैव सा स्यात् ॥ क १ ॥

अनुष्टुप्

काष्ठोपलादिरूपाणां, निदानानां विभेदतः ।
वह्निर्यथैकरूपोऽपि, पृथग्रूपो विवक्ष्यते ॥ ख २ ॥

निर्जरापि द्वादशधा, तपोभेदैस्तथोदिता ।
कर्मनिर्जरणात्मा तु, सैकरूपैव वस्तुतः ॥ ग ३ ॥

उपेन्द्रवज्रा

निकाचितानामपि कर्मणां यद्, गरीयसां भूधरदुर्धराणाम् ।
विभेदने वज्रमिवातितीव्रं, नमोऽस्तु तस्मै तपसेऽद्भुताय ॥ घ ४ ॥

उपजाति

किमुच्यते सत्तपसः प्रभावः, कठोरकर्मार्जितकिल्बिषोऽपि ।
दृढप्रहारीव निहत्य पापं, यतोऽपवर्गं लभतेऽचिरेण ॥ ङ ५ ॥

यथा सुवर्णस्य शुचिस्वरूपं, दीप्तः कृशानुः प्रकटीकरोति ।
तथात्मनः कर्मरजो निहत्य, ज्योतिस्तपस्तद्विशदीकरोति ॥ च ६ ॥

स्रग्धरा

बाह्येनाभ्यन्तरेण प्रथितबहुभिदा जीयते येन शत्रु-
श्रेणी बाह्यान्तरङ्गा भरतनृपतिवद्भावलब्धद्रढिम्ना ।
यस्मात्प्रादुर्भवेयुः प्रकटितविभवा लब्धयः सिद्धयश्च,
वन्दे स्वर्गापवर्गार्पणपटु सततं तत्तपो विश्ववन्द्यम् ॥ छ ७ ॥

क १. **निरुक्ता** કહી, બતાવી **द्वादश** બાર. (પૂર્વપરિચય જુઓ.) **हेतु** કારણ, કારણત્વ, વિશેષ. **प्रभेदात्** પૃથક્ હોવાને કારણે. **कार्यभेद** ભિન્નતા. **स्वातंत्र्यतः** પોતે, જાતે, વિશેષરહિતપણે.

ख २. **उपल** પથ્થર, ચકમક; એને લોઢા સાથે ઘસવાથી અગ્નિ થાય છે. **निदान** ઉત્પાદક કારણ. **विवक्ष्यते** વર્ણવામાં આવે છે.

ग ३. **उदिता** કહેવામાં આવી છે. **निर्जरण** દેહથી કર્મનું ક્ષપણ. **आत्मा** રૂપ. **वस्तुतः** વસ્તુસ્વરૂપે, પરમાર્થદૃષ્ટિએ.

ક ૧. નિર્જરાને બાર પ્રકારની કહેવામાં આવી છે તે બાર પ્રકારના તપના ભેદોને લઈને છે. કારણમાં વિશિષ્ટતા હોવાથી અહીં ભિન્નતા દેખાય છે, પણ સ્વતંત્ર નજરે જોઈએ (કારણોની અપેક્ષા ધ્યાનમાં લીધા સિવાય) તો તે નિર્જરા એક જ પ્રકારની છે.

ખ ૨. જેવી રીતે અગ્નિ એક જ પ્રકારનો છે છતાં તેને ઉત્પન્ન કરનાર લાકડા, ચકમક (પથ્થર) વગેરેનો જુદો જુદો પ્રકાર હોવાને કારણે તે (અગ્નિ)ની જુદા જુદા પ્રકારે વિવક્ષા (વિવેચન) કરવામાં આવે છે.

ગ ૩. તેવી જ રીતે તપના બાર પ્રકાર હોવાથી નિર્જરાને પણ બાર પ્રકારની કહેવામાં આવી છે, બાકી કર્મનો અંશથી નાશ કરવાની દૃષ્ટિથી તેને જોઈએ તો વસ્તુરૂપે તે માત્ર એક પ્રકારની છે.

ઘ ૪. ભારે મોટા, ઉત્તુંગ શિખરવાળા વિકટ પર્વતોને તોડવાને જેમ ઇંદ્રનું વજ્ર અતિ તીવ્ર પણે કામ આપે છે તેમ અત્યંત ચીકણાં (નિકાચિત) કર્મોને કાપી નાખવાને માટે જે તપ અતિ તીક્ષ્ણ બારીકાઈથી કામ આપે છે તે અદ્‌ભુત તપગુણને નમસ્કાર હો !

ઙ ૫. સમીચીન તપના પ્રભાવ(માહાત્મ્ય)ની તે વાત શી કરવી ? દૃઢપ્રહારીની પેઠે કોઈ પ્રાણીએ અત્યંત ભયંકર મહાપાપી કામો કરીને અત્યંત પાપ એકઠું કર્યું હોય તેવો જીવ પણ એ પાપનો નાશ કરીને થોડા વખતમાં મોક્ષને પ્રાપ્ત થાય છે.

ચ ૬. જેવી રીતે પ્રગટાવેલો અગ્નિ સોનાનું નિર્મળ સ્વરૂપ પ્રકટ કરે છે, તેવી રીતે 'તપ' આત્માની કર્મરૂપી રજ(કચરા)ને દૂર કરીને તેના (આત્માના) શુદ્ધ સ્વરૂપ ચૈતન્યને દીપ્તિવંત બનાવે છે.

છ ૭. જે તપના બાહ્ય અને આભ્યંતર અનેક પ્રકારો બતાવવામાં આવ્યા છે, જે તપ બાહ્ય અને અંતરંગ શત્રુઓની શ્રેણીઓને ભરત ચક્રવર્ત્તીની પેઠે ભાવનાપૂર્વક પ્રાપ્ત કરેલી દૃઢતાથી જીતી લે છે અને જેનાથી લોકો જોઈ શકે તેવા વૈભવો, લબ્ધિઓ અને સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે તેવો સ્વર્ગ અને મોક્ષને અપાવવાને-મેળવી આપવાને સમર્થ 'તપ આખી દુનિયાને પૂજ્ય છે. હું તેને વંદન કરું છું.

ઘ ૪. **નિકાચિત** ગાઢ, આકરાં, ચિક્કટપણે વળગી રહેલાં. **ગરીયસાં** બહુ મોટા, મોટાં શિખરવાળા, ઊંચા. **ભૂધર** પર્વત. **દુર્ધર** વિકટ, Irresistible. **વિભેદન** (૧) ચૂરો કરવો (પર્વત-પક્ષે), (૨) કાપી નાખવું, ખેરવી નાખવું (કર્મપક્ષે).

ઙ ૫. **કિમુચ્યતે** શું કહેવું ? **સત્તપ** સમીચીન તપ, સમ્યક્ તપ. **પ્રભાવ** મહિમા, સામર્થ્ય. **કઠોર** મહાનીચ, અતિભયંકર. **કિલ્બિષ** પાપ. **દૃઢપ્રહારી** નામ છે; હકીકત માટે નોટ જુઓ. **અચિરેણ** થોડા વખતમાં. **અપવર્ગ** અપ–નષ્ટ છે રાગાદિ વર્ગ, જ્યાં તે; મોક્ષ.

ચ ૬ **શુચિ** પવિત્ર, મૂળભૂત, જાતવાન. **દીપ્તઃ** સળગાવેલો, પ્રકટાવેલો. **કૃશાનુ** અગ્નિ. **નિહત્ય** દૂર કરીને, નાશ કરીને. **વિશદઃ** શુદ્ધ.

છ ૭. **પ્રથિત** બતાવેલા, પ્રાપ્ત થતા. **બહુભિદા** જેના અનેક ભેદ છે. **બાહ્ય** બહારના દુશ્મનો, વૈરીઓ. **અન્તરંગા** અંદરના શત્રુઓ, રાગ–દ્વેષાદિ. **દૃઢિમ્ના** દૃઢતાથી. **અર્પણ** પ્રાપણ. **પટુ** સામર્થ્યયુક્ત.

गेयाष्टक*

(ध्रुवपदं)

विभावय विनय तपोमहिमानं, बहुभवसञ्चितदुष्कृतममुना,
लभते लघु लघिमानम्, विभावय विनय तपोमहिमानं ॥ वि० ॥ १ ॥

याति घनापि घनाघनपटली, खरपवनेन विरामम् ।
भजति तथा तपसा दुरितालो, क्षणभङ्गुरपरिणामम् ॥ वि० ॥ २ ॥

वाञ्छितमाकर्षति दूरादपि, रिपुमपि व्रजति वयस्यम् ।
तप इदमाश्रय निर्मलभावाद्रागमपरमरहस्यम् ॥ वि० ॥ ३ ॥

अनशनमूनोदरतां वृत्तिह्रासं रसपरिहारम् ।
भज सांलीन्यं कायक्लेशं, तप इति बाह्यमुदारम् ॥ वि० ॥ ४ ॥

प्रायश्चित्तं वैयावृत्यं, स्वाध्यायं विनयं च ।
कायोत्सर्गं शुभध्यानं, आभ्यन्तरमिदमं च ॥ वि० ॥ ५ ॥

शमयति तापं गमयति पापं, रमयति मानसहंसम् ।
हरति विमोहं दूरारोहं, तप इति विगताशंसम् ॥ वि० ॥ ६ ॥

संयमकमलाकार्मणमुज्ज्वलशिवसुखसत्यंकारम् ।
चिन्तितचिन्तामणिमाराधय, तप इह वारंवारम् ॥ वि० ॥ ७ ॥

कर्मगदौषधमिदमिदमस्य च, जिनपतिमतमनुपानम् ।
विनय समाचर सौख्यनिधानं, शान्तसुधारसपानम् ॥ वि० ॥ ८ ॥

---

* આ પાંચમી અન્યત્વભાવનાના ગેય અષ્ટકનો જ લય છે તેમાં જ આ અષ્ટક પણ ગાઈ શકાય છે. મસ્ત રાગ છે અને ઠેકા સાથે ગાવા યોગ્ય છે.

૧. હે વિનય ! તું તપના મહિમાને સારી રીતે ભાવ. એનાથી (તપથી) અનેક ભવોમાં એકઠું કરેલું પાપ એકદમ અત્યંત ઓછું થઈ જાય છે અને અલ્પભાવને ધારણ કરે છે.

૨. આકરો મેઘાડંબર ગમે તેટલો નિબિડ દેખાતો હોય તે પણ જેમ આકરા જોરદાર પવનથી વીંખાઈ જઈ નાશ પામી જાય છે, તેવી રીતે પાપોની શ્રેણી હોય તે પણ તપસ્યા વડે તદ્દન વિનાશની સ્થિતિએ પહોંચી જાય છે.

૩. તપ કોઈ વસ્તુ દૂર હોય તો ત્યાંથી પણ તેને ખેંચીને નજીક લાવે છે; તપ દુશ્મનને પણ મિત્ર બનાવે છે; તપ જૈન શ્રુત-સિદ્ધાંતનું પરમ રહસ્ય-સારરૂપ છે. એ તપને નિર્મળ ભાવથી આચર (સ્વીકાર) અને એ રીતે હે વિનય ! તપના મહિમાને ભાવ.

૪. (૧) અનશન, (૨) ઊણોદરિકા, (૩) વૃત્તિસંક્ષેપ, (૪) રસત્યાગ, (૫) સંલીનતા અને (૬) કાયકલેશ એ વિશાળ બાહ્યતપો છે.

૫. (૧) પ્રાયશ્ચિત્ત, (૨) વૈયાવચ્ચ, (૩) સ્વાધ્યાય, (૪) વિનય, (૫) કાયોત્સર્ગ અને (૬) શુભ ધ્યાન – આ આભ્યંતર તપ છે.

૬. કોઈ પણ પ્રકારના ફળની ઇચ્છા વગર કરેલું તપ હોય તો તે તાપને શમાવે છે, પાપનો વિનાશ કરે છે, મનહંસને ક્રીડા કરાવે છે અને દુઃખે કરીને જીતી શકાય તેવા આકરા મોહને પણ હરી લે છે. હે વિનય ! તપના મહિમાને સારી રીતે ભાવ.

૭. તપ સંયમ-લક્ષ્મીનું સાચું વશીકરણ છે, નિર્મળ મોક્ષ-સુખનો કોલ છે, ઇચ્છિત પૂરનાર ચિંતામણિરત્ન છે. એ તપને વારંવાર આરાધ-એનું સારી રીતે આચરણ કર.

૮. એ તપ કર્મોરૂપ વ્યાધિઓનું ઔષધ છે અને જિનપતિનો મત એ ઔષધને લગતું અનુપાન છે. હે વિનય ! સર્વ સુખોના ભંડારરૂપ આ **શાંતસુધારસનું** પાન તું કર.

નોટ :—

૧. **વિભાવય** સારી રીતે ભાવ, વિચાર-પથમાં આણ. **દુષ્કૃત** પાપનો ભાર. **લઘુ** જલદી, એકદમ. **લઘિમાનં** અલ્પભાવ, અસત્ત્વ.

૨. **ઘના** નિબિડ, આકરી. **ઘનાઘન** વાદળ. **પટલી** મંડળી. **ખર** કર્કશ, આકરો. **પરિણામ** સ્વભાવ

૩. **વાञ્છિત** ઇષ્ટ, ઇચ્છિત. **વ્રજતિ** પ્રાપ્ત કરે છે. **નિર્મલ** મેલ વગરના, આશાપાશ વગરના. **આગમ** જિનપ્રવચન.

૪. **ઊનોદરતાં** ઊનઉદરતા; ઉદર એટલે પેટ, ઊન-ઓછું, ઊણું. **સાંલીન્યં** સંવરણ. **ઉદાર** વિશાળ, સુપ્રસિદ્ધ.

૫. આ પ્રત્યેક શબ્દનો અર્થ અને તે પર વિવેચન પૂર્વપરિચયમાં થઈ ગયું છે તે જુઓ.

૬. **શમયતિ** ઠંડો પાડી દે છે, શમાવે છે. **ગમયતિ** નાશ પામે છે. **રમયતિ** ક્રીડા કરાવે છે. **માનસહંસમ્** મનરૂપ હંસને. **દુરારોહ** જેના પર વિજય મેળવવો મુશ્કેલ પડે તેવો; unsurmountable. **આશંસા** ઇચ્છા, ફળાકાંક્ષા.

૭. **સંયમ** ઇંદ્રિય-મનનો રોધ. **કમલા** લક્ષ્મી. **કાર્મણ** કામણ, વશીકરણ. **સત્યંકાર** વેપાર કરતી વખત-સોદો કરતાં હાથો ઠોકવો-કોલ આપવો તે.

૮. **ગદ** વ્યાધિ, રોગ. **અનુપાન** ઓસડની સાથે આરોગ્યવર્ધક વસ્તુ ભેળવવી તે. **સમાચર** આચર.

નિર્જરાભાવના :: પરિચય

(ક ૧.) આશ્રવ અને સંવર તત્ત્વોનો જો બરાબર ખ્યાલ આવ્યો હોય તો નિર્જરાતત્ત્વમાં બહુ વિવેચનની જરૂર નહિ રહે. એનો મુખ્ય આશય પૂર્વપરિચયમાં જણાવી દીધો છે. આત્માની સાથે લાગેલાં કર્મોને દૂર કરવામાં મહા આકરો પ્રયાસ કરવો પડે છે. નવાં આવતાં કર્મોને અટકાવવા જેમ અતિ ઉપયોગી બાબત છે તેટલી જ મહત્ત્વની બાબત અગાઉનાં કર્મોને ખપાવવાં તેને લગતી છે; અને એ કર્મોનો રાશિ પણ સાધારણ રીતે બહુ મોટો હોય છે. દરેક સમયે સાત કર્મ બંધાય છે અને ઉદયમાં આઠ કર્મ હોય છે; પરંતુ ઉદય કરતાં બંધ વધારે થતો હોવાથી જમે પાસું ઘણું મોટું થાય છે. તેનો જો બારોબાર રસ્તો ન થાય તો ભાર ઓછો કેમ થાય ? આ ગૂંચવણવાળા સવાલનો નિકાલ હવે વિચાર કરીને લાવવાનો છે અને તેની યોગ્ય વિચારણા એ આ નવમી ભાવના છે. કર્મનો બંધ આત્મા સાથે થાય છે તે વખતે તેની સ્થિતિ પણ મુકરર થાય છે. એ સ્થિતિ એટલે ઉદયકાળ. કર્મવિપાક-ફળ ઉદયમાં કયારે આવશે તેનો નિર્ણય સ્થિતિબંધ કરે છે. એ સમય પ્રાપ્ત થવા પહેલાં કર્મ પડ્યું રહે, કાંઈ પણ ફળ ન આપે તે વચગાળાના સમયને 'અબાધાકાળ' કહેવામાં આવે છે.

આવી રીતે અનેક કર્મો આત્માને લાગી રહેલાં હોય છે. એને ઉદયકાળ પહેલાં ઉદીરણા કરીને ખેંચી લાવી, ઉદય-સન્મુખ કરી પ્રદેશઉદય વડે એને ખેરવી નાખવાં એ નિર્જરા કહેવાય છે. કર્મને નિર્જરવાં એટલે એની શક્તિ મંદ પાડી દેવી અથવા એને ખેરવી નાખવાં. એને 'પરિશાટન' પણ કહેવામાં આવે છે. નિર્જરા બે પ્રકારનું કાર્ય કરે છે : એ કર્મની સ્થિતિ ઓછી કરે છે અને કર્મનો રસ મંદ કરી નાખે છે. મહાઆકરાં કર્મ હોય એને નિર્જરા તદ્દન નિર્મોલ્ય જેવાં કરી નાખે છે. આ રીતે સ્થિતિબંધ રસબંધ ઉપર નિર્જરાની મોટી અસર છે.

કેટલાંક કર્મોને વિપાકમાં ભોગવ્યા સિવાય પ્રદેશોદયથી ખેરવી નાખે છે. આ રીતે આત્માને હળવો કરવાનું કાર્ય નિર્જરા કરે છે. સંચિત કર્મોના ક્ષયને નિર્જરા કહેવામાં આવે છે અને સર્વ કર્મોનો સર્વથા નાશ થાય તેને મોક્ષ-અપવર્ગ કહેવામાં આવે છે.

આ નિર્જરા તપથી થાય છે. ઘસારા વગર ચળકાટ થતો નથી અને મોક્ષ મેળવવો એ બાળકનો ખેલ નથી. ત્યાગ વગર, સંયમ વગર, ઇંદ્રિયગમન વગર, નિઃસ્પૃહ વૃત્તિ વગર, નિરાકાંક્ષા વગર, સન્મુખભાવ વગર આત્મા અનાદિ કાળના પરિચયો છોડી દે એ આશા વ્યર્થ છે. એને સંસાર સ્વભાવ થઈ ગયો છે; ચિરપરિચયથી વિભાવ એ સ્વભાવ થઈ ગયો છે. એમાંથી છૂટવા માટે દેહ ઉપર અસાધારણ અંકુશ અને મન ઉપર સંયમ અનિવાર્ય છે.

બાહ્ય અને આભ્યંતર તપની ગોઠવણી એવી સુઘટ્ટ રીતે કરવામાં આવી છે કે એમાં દેહ, વાણી અને મન એ ત્રણે યોગ પર અસાધારણ કાબૂ આવી જાય. 'તપ' એટલો વિશાળ શબ્દ છે કે એમાં સંવરના સર્વપ્રકારો આવી જાય છે અને તે ઉપરાંત દેહ, વાણી અને મન પર સંયમ કરવાનાં અનેક વિધાનોનો પણ એમાં સમાવેશ થાય છે. આ નિર્જરાને બાર પ્રકારની કહેવામાં આવી છે તે તપના બાર ભેદને લઈને છે. છ બાહ્ય અને છ આભ્યંતર મળીને બાર પ્રકાર થાય છે, જેનું વિવેચન પૂર્વપરિચયમાં થઈ ગયું છે. આ જે પ્રકારો પાડવામાં આવ્યા છે તે કારણને લઈને છે. કોઈ પ્રાણીને અનશનથી લાભ થાય તો તેની નિર્જરા અનશનદ્વારા થઈ કહેવાય. એમાં સકામ અને અકામ બન્નેનો સમાવેશ થાય છે. બાહ્ય તપમાં એ બન્નેને અવકાશ છે. આભ્યંતર તપથી તો સકામ નિર્જરાનો જ સંભવ છે.

વસ્તુતઃ જોઈએ તો નિર્જરા એક જ પ્રકારની છે, દેશથી કર્મનો ક્ષય તે નિર્જરા કહેવાય છે. હેતુભેદથી એના બાર ભેદ થાય છે. નિર્જરાને કયા દૃષ્ટિબિન્દુથી જોવામાં આવે છે તે ઉપર આધાર રહે છે.

(ख ૨.) જેવી રીતે અગ્નિ તો એક જ છે પણ તેને પ્રકટાવનાર વસ્તુના ભેદથી અગ્નિના ભેદ પાડવામાં આવે છે. જેમકે, લાકડાથી અગ્નિ ઉત્પન્ન કર્યો હોય તો તેને આપણે કાષ્ઠાગ્નિ કહીએ, ચકમકના પથ્થરને લોઢા સાથે ઘસી અગ્નિ પાડ્યો હોય તો તેને આપણે પાષાણઅગ્નિ અથવા ઉપલાગ્નિ કહીએ, તેવી જ રીતે ઘાસને સળગાવ્યું હોય તો તેને તૃણાગ્નિ કહીએ, છાણાં સળગાવ્યાં હોય તો તેને ગોમય-અગ્નિ કહીએ; કોલસાનો અગ્નિ, ગેસનો અગ્નિ વગેરે વગેરે અનેક નામો આપીએ; પણ એ પ્રત્યેક અગ્નિનો સ્વભાવ તો ગરમ કરવાનો, બાળવાનો, પ્રકાશ કરવાનો છે તે જ રહેવાનો છે. નિદાન, કારણ (ઉત્પાદન-કારણ)ના ભેદને લઈને આપણે અગ્નિનાં જુદાં જુદાં નામો આપીએ છીએ.

(ग ૩.) તેવી રીતે તપના જુદા જુદા પ્રકાર હોવાથી નિર્જરાના બાર પ્રકાર કહેવામાં આવ્યા છે. જેટલા તપના ભેદ તેટલા નિર્જરાના ભેદ ગણ્યા છે. વસ્તુતઃ માત્ર કર્મનું પરિશાટન એટલે દેશથી કર્મોના ક્ષયની નજરે જોઈએ તો નિર્જરાનો એક જ પ્રકાર છે.

આ કારણમાં કાર્યનો આરોપ કરીને પાડેલ ભેદ છે; વસ્તુતઃ પરિણામ એક જ છે.

(૪.) આ પ્રાણી જ્યારે કર્મ બાંધવા માંડે છે ત્યારે તે એમ જ સમજે છે કે એને કદી મરવું નથી કે એ કદી વૃદ્ધ થનાર નથી અને બાંધેલાં કર્મ ભોગવવાં પડવાનાં નથી. એના ધંધાના ગોટાળા જોયા હોય તો એના મનડાનાં આમલાંઓનો પાર પમાશે નહિ. એને સ્ત્રીસંબંધી ઝગડામાં જોયો હોય તો ખટપટ અને કાવાદાવામાં એટલો ઊતરી જશે કે એ ખૂન કરવા સુધી ઊતરી જતો માલૂમ પડશે. રાજદ્વારી ખટપટો તો મનને એટલી હદ સુધી ઉતારી નાખે છે કે રાતદિવસ એની ઊંઘ પણ ઊડી જાય છે. કર્મબંધમાં અંતરંગ સ્થિતિ ઉપર ઘણો આધાર છે. મનમાં ક્રોધ, માન, માયા, લોભ વગેરે જેટલે અંશે વર્તતા હોય છે તેટલે અંશે તેની ગાઢતા વધતી જાય છે. એટલી જ અસર, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય

અને દુર્ગંછા કરે છે; અને વેદોદય તો કેવું કાર્ય કરે છે તે જોવા માટે કોઈ પણ ઇતિહાસ કે નવલકથા બસ છે. જર, જમીન અને જોરૂને લઈને અનેક ઝગડા થાય છે તે તો જાણીતી વાત છે, પણ અત્ર પ્રસ્તુત વાત એ છે કે એ પ્રસંગે મોહનીયકર્મના કોઈ પણ પ્રકારની–કષાય, નોકષાય કે વેદની જેટલી તીવ્રતા હોય છે તેના પ્રમાણમાં કર્મબંધ થાય છે.

કેટલીક વાર પ્રાણી એવાં આકરાં વેર બાંધે છે કે એનો કેટલા ય કાળ સુધી નિકાલ જ ન આવે. એને બાપે માર્યાનાં વેર–ઝેર કહેવાય છે. મરતાં સુધી પણ એ વેર શમતાં નથી. પ્રાણી એમાં વધારે ને વધારે મલિનતા વધારતો જ જાય છે અને તેવા તુચ્છ મનોવિકારોમાં કોઈવાર માનની કલ્પનાથી, કોઈવાર પોતાના જાતિના અભિમાનથી, કોઈવાર દેશદાઝને નામે, કોઈવાર પોતાના સ્વમાનને નામે ઝૂરે છે, ઝગડે છે અને મા૨ મારે છે કે ખાય છે; પણ એ આખો વખત એનું મન એટલું સંકલિત રહે છે કે એને બીજું કામ સૂઝતું નથી. આ સંકલિત વૃત્તિથી જે કર્મો બંધાય છે તે 'નિકાચિત' કર્મ કહેવાય છે. તીવ્ર કષાયને વશ થઈને બાંધેલાં કર્મોને આ પ્રકારમાં મૂકવામાં આવે છે. આકરા ક્રોધ, માન, માયા, લોભ વગેરે મનમાં વર્તતા હોય ત્યારે આવાં નિકાચિત કર્મો બંધાય છે.

ઘણી વખત પ્રાણી કર્મ બાંધે છે ત્યારે એવો આકરો બંધ કરે છે કે હીરની દોરીની ગાંઠ ઉપર તેલનું ટીપું મૂકીએ તો પછી તે ગાંઠ કોઈ રીતે ન છૂટે એવી તેની સ્થિતિ કરી મૂકે છે. આવા નિકાચિત કર્મોનો વિપાક જ્યારે ઉદયમાં આવે છે ત્યારે જ દુઃખાનુભવ થાય છે તે અકથ્ય છે. શરીરનો વ્યાધિ, ધનનો નાશ, ગરીબાઈનાં સંકટો, નજીકનાં સ્ત્રી–પુત્રાદિનાં મરણ કે વિયોગ, ઘરમાં સર્વત્ર અસંતોષ, કીર્તિને બદલે અપમાન વગેરે અનેક ઉપાધિઓ પ્રાપ્ત થાય છે અને જીવન શાંત, આનંદી, સ્થિર હોવાને બદલે બોજારૂપ, ત્રાસરૂપ, ખેદમય થઈ જાય છે. હીરની ગાંઠ છૂટવી જ મુશ્કેલ છે, પણ તે ઉપર તેલનું ટીપું મૂકયું એટલે તો છૂટવાનો સવાલ જ રહેતો નથી. નિકાચિત કર્મોની ગાંઠ એવી હોય છે.

એવા પ્રકારનાં નિકાચિત કર્મોનો જ્યારે વિપાક થાય ત્યારે મહા-ત્રાસ થાય છે. તેવાં કર્મો, જેને મોટા શિખરવાળા પર્વત સાથે સરખાવી શકાય, તેને કાપી નાખવાનો, દૂર કરવાનો માર્ગ એક જ છે. પર્વતને ઇંદ્રનું વજ્ર કાપી નાખે છે એવી પુરાણોમાં વાત છે તેની સાથે આ સરખાવવા યોગ્ય છે. અન્ય શાસ્ત્રમાં વાત એમ છે કે પર્વતોને અસલ પાંખો હતી. તેઓ ઊડી શકતા હતા. એથી મનુષ્ય, પશુ, પક્ષીને ખૂબ ત્રાસ થતો હતો. તેની ઇંદ્ર પાસે ફરિયાદ ગઈ. એણે વજ્ર મૂકયું. વજ્ર એક હાથ લાંબું હોય છે પણ તેની શક્તિ ઘણી જબરી હોય છે. એણે પર્વતોની પાંખો કાપી નાખી. મોટા દુર્ધર પર્વતો, જેનાં શિખરો ગગનચુંબી હોય છે તેની પાંખોને આવું નાનકડું વજ્ર કાપી નાખે એ જેવી આશ્ચર્યની વાત છે તેવી જ નવાઈની વાત તપની છે. એ આટલું નાનું હોવા છતાં મહા તીવ્ર વિપાક આપનાર નિકાચિત કર્મોને કાપી નાખે છે. સાધારણ રીતે કર્મમાં ઉપક્રમ, ઉપશમન, ઉદ્વર્તન, અપવર્તન, સંક્રમણ થાય છે; એ ઘણો અગત્યનો વિષય છે, પણ બહુ વિશાળ છે. 'કમ્મપયડી' વગેરે ગ્રંથોથી તે

જાણી લેવો. એ નિકાચિત કર્મો તો ઉપક્રમ વગેરે માટે પણ અયોગ્ય હોય છે અને તીવ્ર વિપાક આપવાને તૈયાર હોય છે.

એવાં કર્મોને કાપી નાખવા માટે વજ્ર જેવું કાર્ય કરનાર તપગુણને નમસ્કાર થાઓ. તપના ભેદોને ખૂબ વિચારીએ, એના ગૌરવનો સાક્ષાત્કાર કરીએ, એના ધ્યાન, વૈયાવચ્ચ વગેરે ભેદોનો અનુભવ કરીએ, એમાં રહેલ સેવાભાવ, આકાંક્ષારહિતત્વ અને આત્મ-વિકાસને જીવનમાં પ્રગટાવીએ ત્યારે તેની અદ્ભુતતા જચે અને જચે એટલે મન એને નમે. જો આત્મવિકાસના ડંકા જોરથી વગાડવા હોય તો આ અદ્ભુત તપને નમો. નમો એટલે શું એ જણાવવાની ભાગ્યે જ જરૂર હોય. નમીને માત્ર **नमो तपसे** કે **ॐ ह्रीं नमो तपसे** એવો ઉચ્ચાર કે જાપ કરવાથી ખરો આત્મવિકાસ થઈ જાય એવી ભ્રમણામાં પડવાનું નથી. ડંકા વગાડવા એટલે તદ્રૂપ જીવન કરી દેવું. એ તપને નમસ્કાર.

(ઙ પ.) તપનો મહિમા વર્ણવી શકાય તેમ નથી. તેને માટે જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે. અતિ ભયંકર કર્મો કરીને પાપ એકઠું કર્યું હોય તેને પણ એ તપથી દૂર કરીને મોક્ષ આપવો છે. મતલબ : દેશથી કર્મક્ષય (નિર્જરા) થતાં આખરે એ તપ સર્વ કર્મક્ષય કરી મોક્ષ આપે છે.

બાળહત્યા, સ્ત્રીહત્યા ગૌહત્યા અને વ્રતી(મુનિ)હત્યા એ ચાર મહાહત્યા કહેવાય છે. એમાંની એક પણ હત્યા પ્રાણીને જરૂર નરકે લઈ જવા યોગ્ય કર્મો એકઠાં કરી આપે છે. આવી હત્યા કરતી વખતે કેટલા કિલષ્ટ પરિણામ મનમાં થતા હશે તે કલ્પવું મુશ્કેલ નથી. નાનું બાળક, સ્ત્રી કે ગાય (જનાવર સર્વ) અને અશસ્ત્રધારી મુનિ બચાવનાં સાધન વગરનાં હોય છે. ચારે ઘણું ખરું બચવાની શક્તિ ધરાવનાર પણ હોતાં નથી. એમનો ઘાત કરવો એ તીવ્ર દુષ્ટ અધ્યવસાય વગર બને નહિ. એ પ્રસંગે સ્થિતિ અને રસનો આકરો કર્મબંધ જરૂર થાય છે.

તપ એ એક જ વસ્તુ છે કે જે આવી રીતે બાંધેલ ભયંકર વિપાક આપનાર કર્મોને દૂર કરે છે. એવાં ભયંકર કાર્યોનું પ્રાયશ્ચિત્ત તપ કરી આપે છે અને તે માટે તે અસાધારણ કામ કરે છે. આયંબિલ, ઉપવાસાદિ બાહ્ય તપો અને ધ્યાન, પ્રાયશ્ચિત્તાદિ આભ્યંતર તપો એવાં કર્મોને કાપી શકે છે.

'દૃઢપ્રહારી' મહાભયંકર ઘાત કરનાર હતો. એના નામ પ્રમાણે એ કારમો ઘા કરનાર હતો. એણે ઉક્ત ચાર પ્રકારની હત્યાઓ કરી હતી; પણ પછી એને શ્રી વીરપરમાત્માનો યોગ થઈ ગયો, અને બોધ થયો અને ઉપદેશની અસર બરાબર લાગી. જે નગરમાં એણે હિંસાઓ કરી ત્રાસ વર્તાવ્યો હતો તેને દરવાજે જ ઊભા રહીને એણે ધ્યાન આદર્યું, કાઉ-સગ્ગ કરી, આત્મારામને જગાડ્યો, ખાવા-પીવાનો ત્યાગ કર્યો. નગરના લોકો તો વૈરથી ઉશ્કેરાયેલા હતા. તેઓ એના પૂર્વના દુરાચારો ભૂલ્યા નહોતા. કેટલાક એને ન સહન થાય તેવાં વચનના પ્રહારો કરવા લાગ્યા. કેટલાક એને લાકડીથી, હાથથી, પથ્થરથી મારવા લાગ્યા

ગયા; પણ એનું ચિત્ત ડગ્યું નહિ. છ માસ સુધી એણે સર્વ ઉપદ્રવો, વચનો અને માર સહન કર્યાં. એણે એ જ સ્થાને રહી સર્વ પાપોનું પ્રાયશ્ચિત્ત કર્યું, આત્મારામને જગાડ્યો અને કોઈના ઉપર સંકલ્પથી પણ દ્વેષ કે ક્રોધ ન કર્યો. અંતે ચેતનરામને ધ્યાવતાં કર્મોને બાળી એ જ સ્થાનકે એણે કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કર્યું આ નિર્જરા કહેવાય. આ તપનો પ્રભાવ છે. એમાં બાહ્ય અને આભ્યંતર તપનો સુંદર સહયોગ છે તે લક્ષમાં રાખવું.

સમ્યક્ પ્રકારે તપ કરવામાં આવે, ક્રોધરૂપ અજીર્ણ વગર તપ કરવામાં આવે, કોઈ જાતના આશીર્ભાવ વગર તપ કરવામાં આવે ત્યારે અતિ નીચ આચરણોને લીધે એકઠાં કરેલ કર્મોનો પણ આવી રીતે પ્રથમ અલ્પભાવ થાય છે અને તેના ઉપર દૃઢતા રાખી ચીવટથી વળગી રહેવામાં આવે તો અંતે તે સર્વ કર્મોનો આત્યંતિક અભાવ પ્રાપ્ત કરાવી અપવર્ગ-મોક્ષ અપાવી શકે છે. યાદ રાખવાનું છે કે દૃઢપ્રહારીનું તપ માત્ર છ માસનું હતું. એટલા થોડા વખતમાં પણ તપ આવું કાર્ય કરે છે, તેથી અચિરેણ-થોડા વખતમાં એ કર્મોનો નાશ કરી અપવર્ગ અપાવે છે એમ વાત કરી છે.

(ચ ૬.) એ કેવી રીતે થાય એવો પ્રશ્ન સ્વાભાવિક છે. સોનું ખાણમાંથી નીકળે ત્યારે તદ્દન માટી જેવું હોય છે. એના ઉપર અનેક જાતનો કચરો વળી ગયેલો હોય છે, પણ તેને ભઠ્ઠીમાં અગ્નિ ચેતાવી તેમાં મૂકવામાં આવે ત્યારે તેનો સર્વ કચરો બળી જાય છે અને સોનું સો ટચનું થઈને બહાર પડે છે.

તપ અગ્નિ જેવો છે. આત્માને ગમે તેટલાં કર્મો લાગેલાં હોય, પણ જો તેના પર તપનો પ્રયોગ કરવામાં આવે તો એ કર્મમળને દૂર કરવાની ક્રિયા કરે છે અને આત્માની જ્યોતિ પ્રકટાવે છે.

કર્મનું સ્વરૂપ આપણે જો સમજ્યા હોઈએ તો આ ક્રિયા કેમ થતી હશે એનો ખ્યાલ આવવો મુશ્કેલ નથી. જ્યારે પ્રાણી તપ કરે, જ્યારે એના મન-વચન-કાયાના યોગો અંકુશમાં આવી જાય અથવા આવતા જાય, જ્યારે એ વિનય-વૈયાવચ્ચમાં ફરજના ખ્યાલથી સેવાભાવે જોડાઈ જાય, જ્યારે એ ધ્યાનધારાએ ચઢી જાય, જ્યારે એ કાયોત્સર્ગમાં સ્થિર થઈ જાય ત્યારે કર્મોને શોધી બાળી મૂકતો જાય છે અને એના ઉપર જે મળ લાગેલો હોય છે તે ધીમે ધીમે ઓછો થતો જાય છે. અગ્નિ-સુવર્ણનો સંયોગ બરાબર વિચારવામાં આવશે તો તપ અને ચેતનનો કર્મમળને અંગે સંબંધ અને પ્રક્રિયા બરાબર ખ્યાલમાં આવી જશે.

(છ ૭.) તપને અંગે ભાવ-શુદ્ધ માનસિક પરિણામ – ને ખૂબ અગત્યનું સ્થાન છે. તપને સારામાં સારા આકારમાં આવવાનું કારણ ભાવ – આંતર પરિણામ – ઉપર રહે છે. અને ભાવની સાથે દૃઢતાને બહુ ગાઢ સંબંધ છે. ખૂબ ભૂખ લાગી હોય, ઉપવાસ કર્યો હોય, સામે આવાની વસ્તુઓ પડી હોય તે વખતે દૃઢતા રાખવી એ મુશ્કેલ છે. એથી પણ વધારે મુશ્કેલી ધ્યાન કે કાઉસ્સગ્ગમાં ઉપસર્ગાદિ પ્રસંગે સ્થિરતા રાખવામાં આવે છે. એવે પ્રસંગે અંતરથી દૃઢતા રહે ત્યારે ખરો તપ થાય છે અને એ તપ અત્ર કહેવામાં આવનાર પરિણામ નિપજાવી શકે છે.

ભરત ચક્રવર્તી જેવા છ ખંડના સ્વામી ! એણે રાજ્યપ્રાપ્તિ માટે લોહીની નદીઓ ચલાવી. છ ખંડ તાબે કર્યા. પણ તે પુત્ર ઋષભદેવના હતા. અને કદી પણ છ ખંડના રાજ્ય સાથે તાદાત્મ્યભાવ થયેલો જ નહિ. એનું આખું જીવન સાક્ષીભાવનું અનુપમ દૃષ્ટાન્ત પૂરું પાડે છે. ચક્રરત્ન ઉત્પન્ન થયું તેની વધામણી અને પિતાને કેવળજ્ઞાનની પ્રાપ્તિની વધામણી બન્ને સમાચાર સાથે આવ્યા ત્યારે એણે પિતા પાસે જવાનો વિચાર કર્યો. એ નિર્ણય જે મહાનુભાવ કરે તે સાક્ષીભાવ સમજી શકે. આપણને પાંચ-પચીસ રૂપિયાની પ્રાપ્તિ થતી હોય તો ધર્મને વીસરી જઈએ છીએ. આ વિશિષ્ટતા જે વ્યક્તિમાં હતી તે છ ખંડ સાધ્યા પછી એક વખત આરિસાભુવનમાં બેઠા હતા ત્યાં આંગળીમાંથી એક વીંટી નીકળી ગઈ. આંગળી અડવી લાગી. આટલા નાના બનાવથી એ ધ્યાનધારાએ ચઢ્યા અને ધ્યાન એ કેવું કાર્ય કરે છે તેનો દાખલો પૂરો પાડ્યો. પાંચમી અન્યત્વભાવના ભાવતાં ગૃહસ્થપણામાં એણે તીવ્ર નિકાચિત કર્મોને કાપી નાખ્યાં અને આરિસાભુવનમાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ભાવનાનું આ અનુપમ દૃષ્ટાન્ત છે, ભાવ – આંતરમાનસિક પરિણામ – કઈ હદ સુધી વિકાસ વધારે છે તેનું એ આદર્શ ચિત્ર છે, ધ્યાનતપોગ્નિનો મહિમા બતાવનાર એ અતિ વિશિષ્ટ દાખલો છે.

તપના પ્રભાવથી અનેક લબ્ધિ તથા સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. આ બન્ને અચિંત્ય શક્તિઓ છે. રૂપમાં નાના-મોટા થવાની, અદૃશ્ય થવાની વગેરે અનેક પ્રકારની શક્તિઓને 'લબ્ધિ' કહેવામાં આવે છે. રોગ ને ઉપદ્રવના વિનાશ વગેરેને કરનાર 'સિદ્ધિઓ' છે. સામાન્ય જ્ઞાનથી એનો ખુલાસો ન થાય. તપના અચિંત્ય પ્રભાવથી અંદર અનેક શક્તિઓ પ્રાપ્ત થાય છે, આત્મામાં અનંત શક્તિઓ છે. આત્મિક શક્તિનો વિકાસ અનેક રીતે જોઈ કે કલ્પી શકાય છે. આ શક્તિ પ્રકટ કરનાર તપ છે.

(લબ્ધિ-સિદ્ધિનો ઉપયોગ યોગી કે તપસ્વી અસાધારણ કારણ વગર કરે નહિ. એનો ઉપયોગ 'પ્રમાદજન્ય' છે. અને યોગદૃષ્ટિએ 'प्रमादो हि मृत्युः', એટલે તેટલા પૂરતું યોગની નજરે મરણ-પાત છે. આપણો અગત્યનો વિષય અત્ર અપ્રસ્તુત છે અહીં વાત એ છે કે અચિંત્ય આત્મશક્તિઓ તપથી પ્રાપ્ત થાય છે.)

આવું બાહ્ય અને આભ્યંતર તપ જો ભાવનાપૂર્વક દૃઢતાથી આદરવામાં આવે તો તે બાહ્ય અને આભ્યંતર શત્રુ પર વિજય મેળવે છે. બાહ્ય શત્રુ તો દુનિયાદારીના હોય છે અને તે પર વિજય મેળવવો તે તો સામાન્ય વાત છે, પણ અંદરના શત્રુ મોહરાજાના લશ્કરીઓ પર વિજય મળે ભારે વાત થાય. તપ એ સર્વ કરે છે, લબ્ધિ-સિદ્ધિ પણ પ્રાપ્ત કરી આપે છે અને સ્વર્ગ કે મોક્ષ પણ અપાવે છે. આવું તપ ખરેખર વિશ્વવંદ્ય છે.

ધર્મની શરૂઆત દાનધર્મથી થાય છે અને સર્વત્યાગમાં તે પર્યવસાન પામે છે. સર્વત્યાગમાં છેવટે એને શરીર ઉપર પણ મમત્વ રહેતું નથી અને આગળ દાખલા કહેવામાં આવશે એવી નિઃસ્પૃહ વૃત્તિ એ જમાવે છે. આવા વિશ્વવંદ્ય તપને નમસ્કાર કરું છું.

૧. વિનય ! તારે જો સાધ્યે પહોંચવાની ચોક્કસ મરજી હોય તો તું તપના મહિમાનું ખૂબ ચિંતવન કર. તપનો મહિમા તારે શા માટે ગાવો તેનાં કારણો આ અષ્ટકમાં અનેક બતાવ્યાં છે તે વિચારવા પહેલાં તને એક વાત કહેવાની છે તે પુનરાવર્તનને લોગે ફરી વાર કહેવાની જરૂર છે. તપમાં આપણે જે ઉપવાસ, અનશન, વૃત્તિસંક્ષેપ કરીએ છીએ એની કારણરૂપે જરૂર આવશ્યકતા છે, પણ જ્યાં જ્યાં તપની વિશિષ્ટતા બતાવી હોય ત્યાં ત્યાં આભ્યંતર તપને પ્રાધાન્ય આપવું અને ઉક્ત બાહ્ય તપોને નિમિત્તકારણ તરીકે સાથે રાખવાં. શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાય 'જ્ઞાનસાર-તપોષ્ટક' (૩૧મા) કહે છે કે-

ज्ञानमेव बुधाः प्राहुः, कर्मणां तापनात्तपः ।
तदाभ्यन्तरमेवेष्टं, बाह्यं तदुपबृंहकम् ॥

તત્ત્વજ્ઞાનીઓ કર્મને બાળનાર હોવાથી જ્ઞાનને જ તપ કહે છે અને તે આભ્યંતર તપ છે. બાહ્ય તપ તેને વધારનાર છે. આ વાત ખૂબ સમજવા જેવી છે. આભ્યંતર તપ જ્ઞાનમય છે અને એની મુખ્યતા સદૈવ આંતરચક્ષુ સન્મુખ રાખવાની છે. વસ્તુતઃ ઉપાધ્યાયજીના કહેવાનો આશય એ જ છે કે **જ્ઞાન એ જ તપ છે.** બાહ્ય તપ આભ્યંતર તપને જરૂર પોષણ આપે છે, પણ જ્ઞાનાત્મક તપની વિશિષ્ટતા છે. તત્ત્વગ્રંથોને અભ્યાસ કરવો, એની ચર્ચા કરવી, એનું પુનરાવર્તન કરવું, સદસદ્વિવેકબુદ્ધિને ખૂબ ખીલવવી, સમજણપૂર્વક વડીલોનો વિનય કરવો, વૃદ્ધ-ગ્લાન-તપસ્વી-દીન-દુઃખીની સેવા કરવી, સદ્ધ્યાન કરવું એ આભ્યંતર તપ છે. આભ્યંતર તપના જે પ્રકારો બતાવ્યા છે તેમાં ખૂબ વધારો શક્ય છે. મતલબ વિવેકપૂર્વક આ આભ્યંતર તપને ખીલવ્યો હોય અને તેને જ્ઞાન સાથે જોડી દીધો હોય તો કર્મનિર્જરાનું કામ કરે છે. આ હકીકતથી બાહ્ય તપની કિંમત જરાપણ ઘટાડવાની નથી, પણ આભ્યંતર તપને અને ખાસ કરીને જ્ઞાનને એવું યોગ્ય સ્થાન આપવાની અગત્ય સમજવાની છે. તપનો મહિમા ભાવીને, તેને મુદ્દાસર સમજીને તે આદરવાનાં કારણો હવે વિચારીએ.

પ્રથમ કારણ એ છે કે અનેક ભવોમાં એકઠાં કરેલાં અનિષ્ટ કર્મોના સમૂહને મોળા પાડી દે છે અથવા હળવા કરી દે છે. મહાઆરંભ, મહાપરિગ્રહ વગેરેથી અથવા મોહનીય કર્મના જોરથી, કષાયોની પરિણતિથી આ પ્રાણીએ અનેક દુષ્કૃતો-પાપો એકઠાં કરેલાં હોય છે અને એનો સરવાળો પ્રાયઃ ઘણો મોટો હોય છે. એ કર્મોને એ નિઃસત્વ કરી નાખે છે અને એ લાભ કાંઈ જેવો તેવો નથી. આ દૃષ્ટિથી થતી કર્મની પરિશાટના તપનો મહાન્ લાભ છે.

તપથી કર્મો અલ્પ થઈ જાય છે, એની ચીકાશ ઊડી જાય છે અને એ તદ્દન પાતળાં પડી જાય છે એટલે કે એ તદ્દન રસકસ વગરનાં થઈ જાય છે એ પ્રથમ મુદ્દો છે. એનો દાખલો લઈએ. આપણી પાસે એક આંકણી (રુલર) પડેલ છે. એના ઉપર કાળો રંગ છે. આપણે તે રંગને દૂર કરવો છે. તેના ઉપર કાગળ ઘસીએ તો કદાચ તેનો રંગ

તદ્દન ન જાય તો ઓછો થતાં થતાં નહિવત્ થઈ જાય. એવી કર્મની સ્થિતિ તપ કરી મૂકે છે. એ ખરી ન પડે તો પડું પડું થઈ જાય અને એની અંદર જે તીવ્ર રસઘટ્ટતા હોય છે તે અતિ અલ્પ થઈ જાય છે.

૨. હવે બીજી વાત તપનો મહિમા ભાવવાને અંગે કહે છે. આકાશમાં સખ્ત વાદળાં ચઢી આવ્યાં છે, આકાશ ચારે તરફ એકરસ થઈ ગયું છે વાદળાંથી ભરચક થઈ ગયું છે અને જાણે વરસાદથી પૃથ્વીને જળમય કરી દેશે એવો દેખાવ થઈ ગયો હોય છે. ત્યાં જબ્બર પવનનો સપાટો આવે છે અને તેના જોરથી વાદળાં વીખરાઈ જાય છે અને વરસાદ આવતો અટકી જાય છે. 'ખર' પવન એટલે ખૂબ ગતિમાન પવન સમજવો, સુરીઆ (પશ્ચિમ-ઉત્તરના) પવનથી વરસાદ આવે છે અને ખર અથવા ભૂખર પવનથી વાદળાં વીખેરાઈ જાય છે એવી લોકમાન્યતા છે. ચોમાસામાં આ દેખાવ અનેક વાર અનુભવાય છે. એવી જ રીતે પાપની શ્રેણી આત્મા સાથે લાગેલી હોય અને ઉદયકાળની રાહ જોઈને બેઠી હોય તેની સામે જો તપ આવે તો તે વાદળની સામે પવન જેવું કામ કરે છે અને આખી દુરિત-પાપની શ્રેણીને ક્ષણભંગુર કરી નાખે છે. ક્ષણભંગુર થાય છે એટલે વિનશનશીલ બને છે, પરિણામે એ તદ્દન ખલાસ થઈ જાય છે. તપ જો યથાવિધિ કરવામાં આવ્યો હોય, એટલે કે સદ્જ્ઞાનપૂર્વક સમજીને, અંતરના ભાવથી પૂર્ણ વીર્યોલ્લાસપૂર્વક તપની આચરણા કરવામાં આવી હોય તો એ કર્મોને ક્ષણભંગુર બનાવી દે છે. અનેક કર્મોને એ વિપાક ઉદયમાં લાવ્યા વગર પ્રદેશોદયથી જ બારોબાર ખલાસ કરી દે છે. તપનો આ બીજો મોટો લાભ સમજવો. કર્મને નિર્મૂલ્ય કરે એ પ્રથમ લાભ અને કર્મને ક્ષણભંગુર કરી નાખે તે બીજો લાભ. આ બન્ને મોટા લાભો આત્મિક દૃષ્ટિએ બરાબર ચિન્તવવા યોગ્ય છે.

૩. તપના બીજા પણ અનેક લાભો છે. જે મનોવાંછિત દૂર હોય તેને તે ખેંચીને નજીક લાવે છે. આ હકીકતનો વ્યવહારુ અર્થ એવો પણ થાય છે કે જે વસ્તુ-ધન, સ્ત્રી, પુત્ર, પ્રતિષ્ઠા આદિ ઇષ્ટ હોય તેને તપ દૂરથી નજીક લાવે છે. અને તે વાત શકય જણાય છે. પણ તેવા સાંસારિક ઉપયોગ માટે તપનો ઉપયોગ અઘટિત છે. એ તો જે કદી ન થવું જોઈએ તે થવાની વાત થઈ. ત્યાગને બદલે સંસાર તરફ ઘસડાવાનો એ માર્ગ છે. આપણે જે મહાન્ ત્યાગની ભાવના કરીએ છીએ તેમાં આવા વ્યવહારુ ઇષ્ટ ફળની વિચારણાને અવકાશ નથી. એ તો આપત્તિમાં આવી પડેલ તેના નિવારણ માટે અઠ્ઠમ કરે છે એવું સાંભળીએ છીએ તેના જેવી વાત થઈ. એ વાતની સાથે નિર્જરાને માર્ગે ચઢનારને લેવાદેવા ન હોય. તેવા પરિણામની શકચતા સંબંધી ઊહાપોહને અત્ર સ્થાન નથી. એવા અજ્ઞાનતપને - સાંસારિક ફળાપેક્ષયા કરેલા તપને - નિર્જરાભાવનાને અંગે બાદ કરી આપણે વિશુદ્ધ વિચારણાને અંગે જોઈએ તો સ્વર્ગ, મોક્ષ આદિ વાંછિત ફળને તપ નજીક ખેંચી લાવે છે એ વાત કરવાની છે. નિરાશીભાવે તપ કરનાર કાંઈ માગતો નથી, પણ આત્મસાધક કર્મવિદારણ એની નજીક આકર્ષાઈને આવે છે એમ અત્ર કહેવાનો આશય છે. તપની કાર્યશક્તિ દર્શાવનાર આ ત્રીજું કારણ છે.

તપના આગંતુક લાભ તરીકે શત્રુ હોય તે પણ મિત્ર બની જાય છે. ચંડકૌશિક જેવો ભયંકર સર્પ પણ ભગવાન શ્રી મહાવીરસ્વામીને વશ થઈ ગયો એ એનું જ્વલંત દૃષ્ટાંત છે. માર-માર કરતો દુશ્મન ઉઘાડી તલવારે સામેથી ધસી આવતો હોય તો ખરા તપસ્વી પાસે તલવાર મૂકી એના પગમાં પડી પગ ચાંપવા બેસી જાય છે. તપનો પ્રભાવ એવો છે કે એની સામે શત્રુતા કદી ટકી શકતી નથી, નભી શકતી નથી, રહી શકતી નથી અને અંતે જીરવાઈ શકાતી નથી. પાતંજલ યોગ-સૂત્રમાં કહ્યું છે કે-**तत्र खलु-अहिंसाप्रतिष्ठायां तत्संनिधौ वैरत्यागः**, એટલે એક પ્રાણીમાં અહિંસા બરાબર સિદ્ધ થઈ ગઈ હોય-જામી ગઈ હોય તો તેની આજુબાજુમાં જાતિવૈરનો ત્યાગ થઈ જાય છે. એવા અહિંસક મહાપુરુષોને તો કોઈ વૈરી હોતું નથી, પણ કોઈ પ્રાણી એની ઉગ્રતા સહન કરી વૈર ધારણ કરતો હોય તે પણ એની નજીક આવે ત્યારે પોતાનું વૈર ભૂલી જાય છે અને જે મારવા આવ્યા હોય તે પ્રાર્થના કરવા બેસી જાય છે. આ તપનો વિશિષ્ટ મહિમા છે. પ્રાણીઓ પરસ્પરનાં જાતિવૈર પણ તેની સામે તજી દે છે.

આવાં ચાર કારણોને લઈને તપનો આશ્રય કર. તપના હજુ બીજા અનેક લાભો આગળ જણાવવાના છે તે વિચારી, એવા પ્રકારના તપનો તું આશ્રય કર, એટલે તપને તું કર. એ તપ આગમનું પરમ રહસ્ય છે. તીર્થંકર મહારાજે પોતે જાતે એનો ઉપયોગ કરી પોતાના દૃષ્ટાંતથી બતાવી આપ્યું છે કે તપ એ શાસ્ત્રનું રહસ્ય છે. અહિંસા સંયમ અને તપ એ ત્રણ ધર્મનો સાર છે, ઉત્કૃષ્ટ મંગળ છે અને પ્રાણીને મોક્ષે પહોંચાડનાર છે. શ્રી વીરપરમાત્માએ બાહ્ય અને આભ્યંતર તપને ખૂબ અપનાવ્યા છે અને ત્યાગધર્મની શરૂઆત તપથી થાય છે એ પોતાના ચારિત્રથી સ્પષ્ટ કર્યું છે.

આગમગ્રંથોના રહસ્યભૂત આ તપને નિર્મળ ભાવથી કરવાનો છે, એટલે કે એને કરવામાં કોઈ જાતની ઇચ્છા-આશા રાખવાની નથી. આ ભવમાં ધન, સ્ત્રી, પુત્ર કે કીર્તિની પ્રાપ્તિ કે પરલોકમાં દેવ, દેવેંદ્ર, ચક્રવર્તી કે અન્ય પદ-પ્રાપ્તિની ઇચ્છાથી તપ કર્યો હોય તો તેને નિર્મળ ભાવનો તપ કહેવાતો નથી.

તપના લાભો હજુ વધારે ગણાવવામાં આવશે, દરમ્યાન તપના ભેદો રજૂ કરી તેનું પ્રતિપાદન કરવાની આ તક ગ્રંથકર્તા હાથ ધરે છે.

૪. તપના મુખ્ય બે ભેદ : બાહ્ય અને આભ્યંતર. બાહ્ય તપને બાહ્ય એટલા માટે કહેવામાં આવે છે કે એ આપણા ચક્ષુથી જોઈ શકાય છે. એના છ પ્રકાર પૂર્વપરિચયમાં બતાવ્યા છે તે છે. તેનું સંક્ષેપ સ્વરૂપ નીચે બતાવ્યું છે.

(૧) **અનશન**-માં અશન, પાન ખાદિમ, સ્વાદિમ ભોજનનો ત્યાગ. એમાં એક ઉપવાસથી માંડીને છ માસ સુધીના ઉપવાસનો સમાવેશ થાય છે.

(૨) **ઊનોદર**-બત્રીશ કોળીઆ પૂરા ભરેલાને પેટ ભરીને ખાવાનું ગણવામાં આવે છે. કોળીઓ એટલે કૂકડીના ઇંડા પ્રમાણ આહાર. એકથી એકત્રીશ કવળ આહાર કરવો એ ઊનોદરતા. (સ્ત્રીને ૨૮ કવળનો આહાર ગણાય છે.)

(૩) **વૃત્તિહ્રાસ**–વૃત્તિ એટલે આજીવિકા-ભોગોપભોગની વસ્તુનો સંક્ષેપ-ઓછીકરવી-ઘટાડવીતે.
(૪) **રસપરિહાર**–વિગઇનો ત્યાગ. એકથી માંડીને છએ વિગઇનો ત્યાગ કરવો તે.
(૫) **સંલીનતા**–શરીરનાં અંગોને કારણ વગર હલાવવાં નહિ. તેનું સંવરણ કરવું તે.
(૬) **કાયક્લેશ**–વાળનો લોચ, આસનાદિનો યોગ, શરીરસ્થૈર્ય.

આ સર્વ બાહ્ય તપ કહેવાય છે. એ પૈકી 'ઉદાર' બાહ્ય તપ હોય એટલે જેમાં કોઈ જાતની આશંસા ન હોય તે સમ્યક્તપ કહેવાય છે.

૫. **આભ્યંતર** તપ છ પ્રકારનો છે: પ્રાયશ્ચિત્ત, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, વિનય, કાયોત્સર્ગ, શુભ ધ્યાન. આ છનું વિસ્તારથી વર્ણન પ્રત્યેકના ભેદોપભેદ સાથે પૂર્વ-વિવેચનમાં થઈ ગયું છે. આ આભ્યંતર તપ જ્ઞાનમય હોય છે. એને વધારનાર બાહ્ય તપ છે. કર્મની નિર્જરા કરવામાં આભ્યંતર તપને પ્રધાન સ્થાન છે. આ તપ કરતાં એને કંટાળો આવતો નથી, એના શરીરને અગવડ પડશે કે પડી છે એમ લાગતું જ નથી. એ સેવાધર્મ સદ્જ્ઞાનપૂર્વકનો હોઈ એથી કદી એને તોષ થતો નથી, એની વધારે સેવા કરવાની અને કષ્ટ સહન કરવાની ભાવના વૃદ્ધિ પામતી જ રહે છે. એને ઉપેયની મધુરતા છે, એટલે કે ઉપાયો કરીને જે ચીજ એને પ્રાપ્ત કરવી છે તેમાં એનો અંતરનો રસ છે. શ્રીમદ્યશોવિજયજી કહે છે કે દિન-પ્રતિદિન એના આનંદમાં વૃદ્ધિ જ થયા કરે છે અને એ ખૂબ લહેરમાં હોય છે. વીર્યોલ્લાસ વધતો જાય, કર્મ ક્ષય પામતાં જાય અને આત્મવિકાસ થતો જાય એ જ્ઞાનની બલિહારી છે, સેવાભાવની પરિસીમા છે અને ત્યાગનો નિર્ઝર આનંદ છે.

૬. કોઈપણ પ્રકારની આકાંક્ષા, અપેક્ષા કે ફળની ઇચ્છા વગર કરેલ તપ ઉપર ગણાવેલા ચાર લાભો ઉપરાંત નીચેના વિશેષ લાભો કરે છે: એ પ્રાણીના તાપને શમાવી દે છે. આપણો સંસારનો ઉકળાટ જોયો હોય તો એ પ્રાણીને ઊભા જ રાખે છે. એની ગરમી એટલી તીવ્ર હોય છે કે જેમ વીજળીનો પ્રવાહ (સ્વિચ) બંધ કર્યા પછી પણ કેટલોયે વખત પંખો ચાલ્યા કરે છે, એમ મનની ઘંટી ચાલ્યા કરે છે. એને અનુભવે–ધ્યાન આપે–તો જ આ તપને પ્રાણી ઓળખી શકે. આવા તાપને તપ શમાવી દે છે. અહીં ધ્યાનમાં રાખવાની વાત એ છે કે તપસ્વી તે જ કહેવાય કે જેનો તાપ શમતો હોય. તપ સાથે ક્રોધને વશ પડી જતા હોય તે તપસ્વી ન કહેવાય. તપનું અજીર્ણ ક્રોધ છે. તપનો એને જરાપણ ખરો લાભ થયો નથી એમ સમજવાનું છે. તપનું મુખ્ય ફળ શાંતિનું સામ્રાજ્ય છે અને બાહ્યતપથી શરીર પર અને આભ્યંતર તપથી શરીર, વાચા અને મન પર એટલો સંયમ આવી જવો જોઈએ કે એની પાસે ઉકળાટ, ઉશ્કેરણી, મિજાસ, કડવાશ, તુચ્છ ભાષાપ્રયોગ કે માનસિક તુચ્છ વિચારણા સંભવે જ નહિ. જ્ઞાની તપસ્વીની આ મહાન્ સામ્રાજ્યલક્ષ્મી છે. તપનો

આ મહિમા ખૂબ વિચારણા-ધ્યાવવા-ભાવવા યોગ્ય છે. ગજસુકુમાળને તેના સાસરા સોમિલે માથા ઉપર ખેરના અંગારની ભઠ્ઠી કરી ત્યારે ઊકળી જવાનો-તાપ કરવાનો-પ્રસંગ હતો છતાં ત્યાં શમનું રાજ્ય હતું અને શાંતિની ફોરો ઊડતી હતી. એનું ચિત્ત જરા ઊંચું-નીચું પણ ન થયું. જ્ઞાની તપસ્વીની એ દશા હોય.

તપ પાપનો નાશ કરે છે. અગાઉ જે પાપો બાંધેલાં હોય તેનો વિનાશ કરે છે. આનો અર્થ નિર્જરા એમ જ સમજવાનો છે. આ પણ તપનો લાભ છે.

વળી માનસ-હંસને શુદ્ધ આત્મસ્વરૂપ કમળવનમાં રમાડે છે, ક્રીડા કરાવે છે. મન જ્યાં ત્યાં રખડતું હોય છે એ પ્રાણીનો દરરોજનો અનુભવ છે. તપસ્વીની જરૂરીઆતો એટલી મર્યાદિત થઈ જાય છે કે એનું મન અસ્તવ્યસ્તપણે ન રખડતાં આત્મસ્વરૂપમાં લીન થઈ જાય છે. આ શુદ્ધ ધ્યાનની ભાવના છે. દુર્ધ્યાનનાં કારણ તપ કરનારને માટે દૂર થઈ જાય છે અથવા અલ્પ થઈ જાય છે. એનું મન આત્મારામમાં રમણ કરે છે. એની ભાવના-વિચારણામાં ઓજસ દેખાય છે અને એને આત્મભાન વધારે વધારે થતું જાય છે. ત્યાગમૂર્તિમાં આત્મ-રમણુતા હોય એ સહજ બાબત છે. માનસરોવરના હંસો ઉકરડામાં કદી ચારો ચરતા નથી એ ધ્યાનમાં રહે. એના મનની ઉદાત્તતા જ એટલી ભવ્ય હોય છે કે એનાં રમણ જ જુદાં-અનોખાં હોય. સામાન્ય રીતે મોહરાજા દુર્ધર્ષ છે. એના પર વિજય મેળવવો વધારે આકરો છે. આવા આકરા મોહ ઉપર તપ સામ્રાજ્ય મેળવે છે. મહા આકરા મોહનીય કર્મને એ દૂર ફેંકી દે છે. સર્વ કર્મમાં સાર્વભૌમ સ્થાન ભોગવનાર મોહનીય કર્મને જીતવાનો સ્પષ્ટ માર્ગ તપ છે. જ્યાં દેહ અને મન પર કાબૂ આવતો ગયો ત્યાં મોહરાય ટકી શકતો નથી. આ તપનો મહાન્ લાભ છે.

અહીં તપના બીજા ચાર વધારે લાભો બતાવ્યા : એ તાપને શમાવે છે, પાપનો વિનાશ કરે છે, મનને આત્મારામમાં રમણ કરાવે છે અને મોહરાજાને બાળી મૂકે છે, આ ચારે લાભો મેળવવાની શરત એ છે કે તપ કરતી વખતે કોઈ પણ પ્રકારની અભિલાષા ન હોવી જોઈએ. રાજ્ય, ઋદ્ધિ, પુત્ર, સંતતિ, કીર્તિ, ધન આદિ કારણે અથવા પરભવમાં લાભ મેળવવા માટે તપ કર્યો હોય તો તે આ કોટિમાં આવતો નથી. ચેતન ! આવા તપના મહિમાને ભાવ.

૭. તપનો મહિમા ગાવા-એની ભાવનાને સ્પષ્ટ કરવા માટે ત્રણ બાબતો આલંકારિક ભાષામાં કહે છે. ખૂબ વિચારવા જેવી એ બાબતો છે. એનો બરાબર ખ્યાલ કરો.

'તપસંયમ લક્ષ્મીવશીકરણ છે.' ઇંદ્રિય અને મન પર કાબૂ આવે તેને સંયમ કહેવાય છે. એ સાચી લક્ષ્મી છે. એ જેના ઘરમાં હોય તેને માંગલિકમાળા વિસ્તરે છે. કોઈ સ્ત્રી વશ થતી ન હોય તો તેને વશ કરવાના ઉપાયને વશીકરણ કહે છે. પૂર્વકાળમાં સ્ત્રીને વશ કરવા દોરા-ધાગા કરવામાં આવતા, માદળિયાં મંત્રાવતા,

લીંબુના પ્રયોગ થતા–વગેરે સર્વ વશીકરણ કહેવાય. સંયમલક્ષ્મીને વશ કરવા તપ વશીકરણ મંત્રનું કામ કરે છે. મતલબ : તપથી સાચો સંયમ સિદ્ધ થાય છે.

'તપ ઉજ્જવળ મોક્ષસુખનું બ્હાનું છે.' જ્યારે કોઈ સોદો કરવો હોય ત્યારે તે પાકો કરવા નાની રકમ આપવાની હોય છે તેને સત્યંકાર (બ્હાનું) કહેવામાં આવે છે. મોચીને જોડાનું માપ આપી ચાર, આઠ આના બ્હાનાના આપવામાં આવે છે અથવા સ્થાવર મિલકત ખરીદવાનો સોદો કરતી વખત ખરીદનાર સોદાની રકમનો દશમો ભાગ Earnest money (બ્હાના) તરીકે આપે છે તે સોદો પૂરો કરવાની તેની વૃત્તિ બતાવે છે. મોક્ષનો સોદો કરવાનો હાથો ઠોકનાર આ તપ છે. થયેલા સોદાનો નિર્વાહ કરવાની તેમાં શક્યતા પ્રાપ્ત થાય છે. અને આ તો મોક્ષસુખના સોદા છે એ ધ્યાનમાં રહે. 'તપ ઇચ્છિત પૂરનાર ચિંતામણિ–રત્ન છે. ચિંતામણિ–રત્ન ચિંતવેલ–ઇચ્છેલ વસ્તુને પૂરી પાડે છે. એ દેવાધિષ્ઠિત હોય છે. લબ્ધિ–સિદ્ધિ તો એને સાધારણ વાત છે, પણ અનેક ઇષ્ટનો યોગ અને પરમ ધ્યેયનો યોગ મેળવી આપનાર એ ચિંતામણિ–રત્ન છે.

આવા તપની વારંવાર આરાધના કર. આરાધના એટલે પાલના. પાલના એટલે ક્રિયમાણ અવસ્થામાં પ્રાકટ્ય. મતલબ, તપ કર. બાહ્યાભ્યંતર તપ કર. તેનો આશ્રય સ્વીકાર અને તેમાં પરમ કર્તવ્યતા વ્યવહારરૂપે સ્વીકાર.

૮. કર્મરૂપ વ્યાધિનું ઔષધ તપ છે. વ્યાધિ દૂર કરવા જેમ ઔષધ લેવામાં આવે છે તેમ કર્મરૂપ વ્યાધિનો ઉપાય તપ છે. તપથી વ્યાધિનો નાશ થાય છે, એની અસર નરમ પડે છે અને એનાથી શરીરને નીરોગીપણું પ્રાપ્ત થાય છે. કર્મવ્યાધિનું ઔષધ તપ છે. ઔષધ કઈ ચીજ સાથે લેવું તેને 'અનુપાન' કહેવામાં આવે છે. અહીં જે અનુપાન બતાવવામાં આવ્યું છે તે મહા-ઉપકારી જિનપતિને સંમત છે અને તે અનુપાન પણ તપ જ છે. વ્યાધિનું ઔષધ પણ તપ અને અનુપાન પણ તપ. તપના પ્રકાર અનેક હોવાથી અનેક અનુપાન તરીકે સ્વીકારી લેવા. દાખલા તરીકે ઔષધમાં અંતરંગ (આભ્યંતર) તપમાંથી ધ્યાન કે કાયોત્સર્ગ લીધો હોય તો અનુપાન તરીકે ઉપવાસાદિ બાહ્ય તપને લેવો.

આ હકીકતની વિશિષ્ટ મહત્તા બતાવવા માટે કહે છે કે એ તપને અંગે જે અનુપાન છે તે જિનપતિને સંમત છે. મનુષ્યને પરમાત્મા થવાનો માર્ગ બતાવનાર અને તે માર્ગ પોતે સ્વીકારનાર શ્રી જિનપતિ જેવી મહાન્ વિભૂતિ જે વીતરાગ હોઈ સાર્વત્રિક પૂજ્ય છે–તેના આધારથી અને તેમની સંમતિથી જે હકીકત આવે તે સર્વમાન્ય બને. તેથી તપની પુષ્ટિમાં આ મહાન્ આધાર બતાવ્યો છે.

સર્વ સુખના ભંડારતુલ્ય શાંતસુધારસનું પાન તું કર. હે વિનય ! શાંતસુધારસનું પાન કરવા દ્વારા સુખની મોટી તિજોરી તને મળે છે. આ તપને તું આદર. તપનો આવો મહિમા તું ભાવ, વારંવાર ભાવ, નિરંતર ભાવ, ભાવવાનો ચાલુ અભ્યાસ કર અને બાહ્ય તપનું નિમિત્ત લઈને આભ્યંતર તપમાં નિમગ્ન થઈ જા.

× × ×

નિર્જરભાવનાનાં દૃષ્ટાંતોનો પાર નથી. સર્વથી મહા આકર્ષક દૃષ્ટાંત **શ્રી વીર-પરમાત્માનું** છે. તેઓશ્રીનું આત્મસાધન અને મનોબળ તથા ઉપસર્ગ સહન કરવાની શક્તિ વિચારતાં અમાપ ભક્તિભાવ ઉત્પન્ન થયા વિના રહેતો નથી. સાડાબાર વર્ષમાં પ્રમાદકાળ નામનો (અહોરાત્ર જેટલો); બાકી આખો વખત અપ્રમત્ત અવસ્થામાં ગયો. જેનો આત્મા સદૈવ જાગતો હોય તેને અભેદ્ય કર્મો પણ અંતે શું કરી શકે ?

ગજસુકુમાળને માથા પર તેનો સસરો સોમિલ ખેરના અંગારા ભરે ત્યારે તેનું 'રૂંવાડું' પણ ફરકે નહીં અને ચેતન ધ્યાનધારાથી ખસે નહીં કે સસરા પર ક્રોધ લાવે નહીં એ નિર્જરાનો અદ્ભુત દાખલો પૂરો પાડે છે. અનેક કર્મોનો ચૂરો આવા ધીર-વીર પુરુષો જ કરી શકે.

મેતાર્યમુનિ સોનીને ત્યાં વહોરવા જાય છે. તેના સોનાના જવ ક્રૌંચપક્ષી ચરી જાય છે. મુનિ જાણે, પણ બોલે નહિ. પક્ષીને બચાવવા મહા આકરી પીડા ખમે છે. લીલી વાધર તેના માથે વીંટાળવામાં આવી અને મુનિને તડકામાં ઊભા રાખવામાં આવ્યા. વાધર સુકાતાં મુનિની નસો તૂટવા લાગી, પણ મુનિ ચળ્યા નહિ. કર્મોનો એક સાથે ચૂરો કરી અંતકૃત્ કેવળી થઈ અજરામર સ્થાને પહોંચ્યા.

ખંધકમુનિની ચામડી ઉતારવાનો રાજા હુકમ કરે છે ત્યારે એને પોતાની પીડાનો વિચાર આવતો નથી, પણ ચામડી ઉતારનારને અગવડ ન પડે તેમ ઊભા રહેવા સવાલ કરે છે. શમ-શાંતિની આ પરાકાષ્ઠા કહેવાય ! અને આવા ધીરોદાત્ત મહાન્ વીરો કર્મોને તડતડ કાપી નાખે એમાં નવાઈ નથી.

ધન્ના જેવો મોટો સુખી શેઠીઓ અને **શાલિભદ્ર** જેવા સુખી વૈભારગિરિ પર જઈને શિલા પર અનશન કરે અને ધ્યાનની ધારાએ ચઢે ત્યારે ગમે તેવાં કર્મો હોય તો તે શરમાઈને નાસી જાય એમાં આશ્ચર્ય શું ? આ વાત આ ભાવનાને મજબૂત કરે છે. આવાં તો અનેક દૃષ્ટાંત છે, એને વિચારતાં રસ્તો સૂઝી જાય તેમ છે.

પરવશપણે આ પ્રાણી ભૂખ, તરસ, વિયોગ સહન કરે છે, અપમાનો ખમે છે, નોકરી કરે છે, હુકમો ઉઠાવે છે, ઉજાગરા કરે છે, ટાઢ-તડકા ખમે છે, હજારો માઈલની મુસાફરીઓ કરે છે અને અનેક પ્રકારની યાતનાઓ ખમે છે, પણ એમાં આશય ઐહિક-દુન્યવી અને સાધ્ય સંસારવૃદ્ધિનું હોઈ એનું કાંઈ વળતું નથી; વળતું નથી એટલે કે એની આત્મપ્રગતિ જરા પણ થતી નથી. દુનિયાદારીનો સહજ લાભ મળે તેની કાંઈ ગણતરી નથી, કારણ કે એ અલ્પકાળનો છે.

આ આખી નિર્જરાભાવનામાં કર્મને બરાબર ઓળખવાનાં છે. એની ચીકાશ અને એની ફળાવાસ્થિનો સમય થાય ત્યારે થતી એની પરાધીન દશા વિચારવામાં આવે તો કોઈ રીતે એનો નિકાલ લાવવાનું મન જરૂર થાય તેમ છે. ઘણાખરા પ્રાણીઓ ચાલે તેમ ચલાવ્યા કરે છે અને કર્મો ઉદયમાં આવે ત્યારે મૂંઝાય છે, રડવા બેસે છે અથવા દુર્ધ્યાન

કરે છે; પણ એમ કરવાથી કાંઈ કર્મ ઓછાં થતાં નથી, ઊલટાં એ રીતે તો કર્મ વધે છે. સમતાથી કર્મ ભોગવાય નહિ તો સરવાળે ભાર વધતો જ જાય છે, કેમ કે નવાં વધારે બંધાય છે. ત્યારે એમાં સરવાળે કાંઇ રહેતું નથી.

એકંદરે વિચાર કરતાં 'ત્યાગ' વગર બીજો માર્ગ રહેતો નથી, સૂઝે તેમ નથી અને તે સિવાય પત્તો ખાય તેમ નથી.

ત્યાગની શરૂઆત 'દાન'–ધર્મથી થાય છે. 'ત્યાગ' અને 'દાન' પર્યાયવાચી શબ્દો છે. સાંસારિક પ્રાણીએ ત્યાગ કેળવવા માટે દાનથી શરૂઆત કરવી. એ રીતે એને ધન-સંપત્તિ પર વિરાગ થાય અને પછી વિરતિભાવ આદરે. સર્વત્યાગ બને તો જરૂર કરે, ન બને તો તેની ભાવના રાખે અને દરમ્યાન ઉત્તમ વ્યવહાર, સત્યપાલન, અણહક્કનું ધન નહિ લેવાનો નિશ્ચય, ઉદાર આશય, નિર્દંભ વૃત્તિ, સરળતા, શાંતિ, નમ્રતા, દયાળુતા, ધીરજ, ક્ષમા, ઔદાર્ય, કામવાસના ઉપર સંયમ, સ્વદારાસંતોષ, વ્યાપારમાં પ્રામાણિકતા, માનત્યાગ, ધન–સંગ્રહની મર્યાદા, નિરર્થક કથાઓનો ત્યાગ, સમભાવની ભાવના, બ્રહ્મચર્ય, સત્યવચન આદિ સદાચારોની સેવના કરે, ગુણ ઉપર રાગ ધરે, ગુણીને પૂજે, માનનો કદી આશ્રય ન કરે, ઠઠ્ઠા–મશ્કરીનો ત્યાગ કરે, અભય, અદ્વેષ અને અખેદને કેળવે અને ગુણનો દેખાવ ન કરતાં ગુણી થવાની તીવ્ર ઇચ્છા રાખે અને તે માટે બનતો અમલ કરે. આવી રીતે રસ્તે ચઢી ગયા પછી તપના અનેક પ્રકારો તે વિચારે. તપ કરવામાં એ શરીરને હાનિ ન ધારે. તપ એ ધર્મનો પાયો છે એમ સમજે. એને માટે એ દરરોજ નિયમ ધારે, વૃત્તિનો સંક્ષેપ કરે, જમવા બેસે તો અનેકમાંથી થોડી વસ્તુઓ જ લે અને અભક્ષ્ય અનંતકાયને અડે પણ નહિ. એ પેટ ભરીને ખાય નહિ, ઇરાદાપૂર્વક ઊણો રહે, રસનો ત્યાગ કરે, શરીર–નિર્વાહ માટે જ ખાય, ખાવા માટે જીવે નહિ, જીવવા માટે જરૂર હોય તેટલું–શરીર ધારણ કરવા પૂરતું અન્ન ગ્રહણ કરે અને શરીરની આળપંપાળ ન કરે. એને નાટક–ચેટક ગમે નહિ, એ પાપોપદેશ આપે નહિ, ગપ્પાં-સપ્પાં મારે નહિ અને બને તેટલાં બાહ્ય તપ કરે. એને એકાસણાં ઉપવાસાદિ કરતાં આનંદ આવે. એને ખાવાનું ઉપાધિરૂપ લાગે.

આ રીતે શરીરને કેળવવાની સાથે મનમાં એને જ્ઞાન પર અગાધ રુચિ હોય. એ ક્ષયોપશમ પ્રમાણે જાણે, વસ્તુના હાર્દમાં ઊતરે. વૈયાવચ્ચ વિનયમાં તત્પર રહે, સેવાભાવે માંદાની માવજત કરે, વૃદ્ધની સેવા કરે, થયેલ પાપની આલોચના કરે અને જેટલો સમય મળે તેમાં સ્વાધ્યાય કરે. બાકીના વખતમાં સદ્ધ્યાનની ભાવના કરે, કાયોત્સર્ગ કરે. આ રીતે મન–વચન–કાયાના યોગો ઉપર અંકુશ મેળવે અને આત્મપ્રગતિ કરતો એ આગળ વધ્યે જાય. એમાં એને કોઈ વખત કર્મના ઉદયથી અશાતા થાય તો એ મૂંઝાય નહિ, એ પરિષહમાં રાજી રહે, પ્રતિકૂળ પરિષહો ખમે અને અનુકૂળ પરિષહોમાં સપડાય નહિ. એને સમિતિ-ગુપ્તિમાં રસ પડે અને ભાવનાઓ નિરંતર ભાવ્યા કરે, ચેતનરામને અજવાળે

અને યતિધર્મોની સતત ઉપાસનામાં ઉદ્યુક્ત રહે. એની સમતા જોઈને એની પાસેથી ખસવું ન ગમે અને એ કોઈને પોતાનાં કે પારકાં ગણે નહિ. ઉપાધ્યાયજીએ એક વાત કહી છે તે નરમ પાડવા માટે નથી પણ લાક્ષણિક પદ્ધતિએ ધ્યાન ખેંચવા કહી છે. તેઓશ્રી કહે છે કે—

तदेव हि तपः कार्यं, दुर्ध्यानं यत्र नो भवेत् ।
येन योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणि च ॥

એટલે તે જ તપ કરવો કે જેમાં દુર્ધ્યાન ન થાય, યોગો નરમ ન જ પડે અને ઇંદ્રિયો ક્ષય ન પામે. આ સૂચના જ્ઞાનીને લક્ષ્ય રાખવા માટે કરી છે. આટલી વાત ધ્યાનમાં રાખી આભ્યંતર તપ તરફ ધ્યાન સવિશેષ રાખવું અને તેના કારણ (ઉપબૃંહક–વધારનાર) તરીકે બાહ્ય તપનો આદર કરી કર્મોનો નાશ કરવા દૃઢ નિશ્ચય કરવો. એના પરિણામે મંગળમાળા વિસ્તરે છે. "देवा वि तं नमंसंति" – એવા તપ કરનારને દેવો પણ નમે છે. તપ કરનાર દેવોને નમાવવા તપ ન કરે, પણ તપનું એ સહજ પરિણામ છે. આત્માને ઉજ્જવળ કરનાર, તાપને દૂર કરનાર, પાપને શમાવનાર આ ભાવનાને ખૂબ ભાવવી અને ભાવીને તેનો અમલ કરવો.

ઇતિ નવમી નિર્જરાભાવના.

ઉ. સકળચંદ્રજીની કરેલી સજ્ઝાય અપૂર્ણ જણાવાથી
શ્રી જયસોમમુનિની કરેલી સજ્ઝાય આપી છે.

નવમી નિર્જરાભાવનાની સજ્ઝાય

દુહા

દૃઢપ્રહારી દૃઢ ધ્યાન ધરી, ગુણનિધિ ગજસુકુમાળ;
મેતારજ મહનભ્રમો, સુકોશલ સુકુમાલ. ૧
ધર્મ અનેક મુનિવર તર્યા, ઉપશમ સંવર ભાવ;
કઠિન કર્મ સવિ નિર્જર્યા, તેણે નિર્જર પ્રસ્તાવ.

ઢાળ નવમી.

(રાગ : ગોડી–મન ભમરા રે–એ દેશી)

નવમી નિર્જર ભાવના, ચિત્ત ચેતો રે,
આદરો વ્રત પચ્ચખ્ખાણ, ચતુર ચિત્ત ચેતો રે;
પાપ આલોચો ગુરુ કન્હે, ચિ૦ ધરિયે વિનય સુજાણ. ચ૦ ૧
વૈયાવચ્ચ બહુવિધ કરો, ચિ૦ દુર્બળ બાળ ગિલાન; ચ૦
આચારજ વાચક તણો, ચિ૦ શિષ્ય સાધર્મિક જાણ. ચ૦ ૨
તપસી કુલ ગણ સંઘના, ચિ૦ થિવિર પ્રવર્તક વૃદ્ધ; ચ૦
ચૈત્યભક્તિ બહુ નિર્જરા, ચિ૦ દશમે અંગ પ્રસિદ્ધ. ચ૦ ૩
ઉભય ટંક આવશ્યક કરો, ચિ૦ સુંદર કરી સજ્ઝાય; ચ૦
પોસહ સામાયિક કરો, ચિ૦ નિત્ય પ્રત્યે નિયમ નભાય. ચ૦ ૪
કર્મસૂદન કનકાવળી, ચિ૦ સિંહનિક્રીડિત દોય; ચ૦
શ્રી ગુણરયણ સંવત્સરુ, ચિ૦ સાધુ-પડિમ દશદોય. ચ૦ ૫
શત આરાધના સાચવો, ચિ૦ યોગવહન ઉપધાન; ચ૦
શુકલ ધ્યાન સુધું ધરો, ચિ૦ શ્રી આંબિલવર્ધમાન. ચ૦ ૬
ચૌદ સહસ અણગારમાં, ચિ૦ ધન ધન્નો અણગાર; ચ૦
સ્વયંમુખ વીર પ્રશંસીઓ, ચિ૦ ખંધક મેઘકુમાર. ચ૦ ૭

પ્રકરણ દશમું

ધર્મભાવના

उपजाति

दानं च शीलं च तपश्च भावो, धर्मश्चतुर्धा जिनबान्धवेन ।
निरूपितो यो जगतां हिताय, स मानसे मे रमतामजस्रम् ॥ क ॥ १ ॥

इन्द्रवज्रा

सत्यक्षमामार्दवशौचसङ्गत्यागार्जवब्रह्मविमुक्तियुक्तः ।
यः संयमः किं च तपोऽवगूढश्चारित्रधर्मो दशधायमुक्तः ॥ ख ॥ २ ॥
यस्य प्रभावादिह पुष्पदन्तौ, विश्वोपकाराय सदोदयेते ।
ग्रीष्मोष्मभीष्मामुदितस्तडित्वान्, काले समाश्वासयति क्षितिं च ॥ ग ॥ ३ ॥
उल्लोलकल्लोलकलाविलासैर्नाप्लावयत्यम्बुनिधिः क्षितिं यत् ।
न घ्नन्ति यद्वद्याघ्रमरुद्वाद्याः, धर्मस्य सर्वोऽप्यनुभाव एषः ॥ घ ॥ ४ ॥

शार्दूलविक्रीडितम्

यस्मिन्नैव पिता हिताय यतते भ्राता च माता सुतः,
सैन्यं दैन्यमुपैति चापचपलं यत्राफलं दोर्बलम् ।
तस्मिन् कष्टदशाविपाकसमये धर्मस्तु संवर्मितः,
सज्जः सज्जन एष सर्वजगतस्त्राणाय बद्धोद्यमः ॥ ङ ॥ ५ ॥
त्रैलोक्यं सचराचरं विजयते यस्य प्रसादादिदं,
योऽत्रामुत्र हिताग्रहस्तनुभृतां सर्वार्थसिद्धिप्रदः ।
येनानर्थकदर्थना निजमहः सामर्थ्यतो व्यर्थिता,
तस्मै कारुणिकाय धर्मविभवे भक्तिप्रणामोऽस्तु मे ॥ च ॥ ६ ॥

मंदाक्रान्ता

प्राज्यं राज्यं सुभगदयिता नन्दना नन्दनानां,
रम्यं रूपं सरसकविताचातुरी सुस्वरत्वम् ।
नीरोगत्वं गुणपरिचयः सज्जनत्वं सुबुद्धिं,
किं नु ब्रूमः फलपरिणतिं धर्मकल्पद्रुमस्य ? ॥ छ ॥ ७ ॥

ક૧. શીલં બ્રહ્મચર્ય, **જિનબાન્ધવ** જિન એટલે તીર્થંકર, બાન્ધવ એટલે બંધુ; તીર્થંકરરૂપ બંધુઓએ (સમુચ્ચયે એકવચન). **નિરૂપિત** બતાવ્યો. **અજસ્રં** હંમેશ, અહર્નિશ.

ખ૨. આ સર્વ શબ્દો માટે જુઓ 'સંવરભાવના': પૂર્વપરિચય, **ધર્મો** શીર્ષક નીચે, પૃ. ૨૩૬. **અવગૂઢ** સંયુક્ત.

ગ૩. પુષ્પ ચંદ્ર. **દન્ત** સૂર્ય. **ઉદયેતે** ઉદય પામે છે, ઉપર આવે છે. **ગ્રીષ્મ** ઉન્હાળો, ગરમીની ઋતુ. **ઉષ્મા** ગરમી, સંતાપ, ધામ. **ભીષ્મ** ત્રાસ પામી ગયેલ. **તડિત્વાન્** વીજળી સાથે ગર્જારવ કરતો મેઘ. **સમાશ્વાસયતિ** આશ્વાસન આપે છે, ઠંડી કરે છે. **ક્ષિતિ** પૃથ્વી.

ઘ૪. ઉલ્લોલ ઉછાળા મારતાં, જોરથી અફળાતાં. **કલ્લોલ** મોજાં. **કલા** સામર્થ્ય. **વિલાસ** છોળ. **અમ્બુનિધિ** સમુદ્ર, દરિયો. **પ્લાવયતિ** પાણીમય કરે છે, ઝબોળે છે. **વ્યાઘ્ર** સિંહ (હિંસક પ્રાણીઓ) **મરુત્** પવનનું તોફાન, વાવાઝોડું. **દવ** દાવાનળ, જંગલની આગ. **અનુભાવ** સામર્થ્ય, મહિમા.

ઙ૫. યસ્મિન્ જે સમયે. **દૈન્ય** દીનભાવ, નરમ થઈ જવું તે. **ચાપચપલં** ધનુષ્ય જેવું ચપળ. **દોર્બલં** ભુજાનું બળ. **કષ્ટદશા** આપત્તિની દશા. **સંવર્મિત** સારી રીતે કવચ-બખ્તર ધારણ કરેલો. **સજ્જ** તૈયાર.

ચ૬. ત્રૈલોક્યં ત્રણ લોક. **સચરાચરં** સ્થાવર અને જંગમ. **અનર્થ** વૈરવિરોધ. **મહઃ** પ્રતાપ, પ્રભાવ. **વ્યર્થિતા** વ્યર્થ બનાવ્યા. **કારુણિકાય** કરુણામય સ્વભાવવાળા. **ભક્તિપ્રણામ** ભક્તિ અને પ્રણામ.

છ૭. પ્રાજ્ઞ્ય પ્રૌઢ, એકછત્ર, મહાન. **સુભગ** સુંદર, નસીબવાળી, સૌભાગ્યવાન. **ચાતુરી** ચતુરાઈ. **સુસ્વરત્વં** સારો સ્વર હોવાપણું, સુંદર વકતૃત્વશક્તિ. **સજ્જનત્વં** સૌજન્ય. **કિં** શું શું? **બ્રૂમઃ** કહીએ. **ફલપરિણતિ** ફળપરિપાક, ફળપ્રાપ્તિ. **કલ્પદ્રુમ**-ઇચ્છિત ફળ આપનાર કલ્પવૃક્ષ.

ક ૧. તીર્થંકર બંધુઓએ દાન, શીલ (બ્રહ્મચર્ય), તપ અને ભાવરૂપ ચાર પ્રકારનો ધર્મ જગતના હિતને માટે કહ્યો છે તે મારા મનમાં નિરંતર રમણ કરો–સ્થાન પામો.

ખ ૨. (૧) સત્ય, (૨) ક્ષમા (ક્રોધત્યાગ). (૩) માર્દવ (માનત્યાગ), (૪) શૌચ (પવિત્રતા–અદત્તત્યાગ), (૫) સંગત્યાગ (પરિગ્રહત્યાગ), (૬) આર્જવ (માયાત્યાગ–સરલતા), (૭) બ્રહ્મ (શીલવ્રત–બ્રહ્મચર્ય), (૮) મુક્તિ (લોભત્યાગ–સંતોષ), (૯) સંયમ (ઇંદ્રિયો ને મન ઉપર અંકુશ) અને (૧૦) તપની સાથે મળીને ચારિત્રધર્મ દશ પ્રકારનો કહેવામાં આવ્યો છે.

ગ ૩. એ (ધર્મ)ના પ્રભાવથી આ દુનિયામાં સૂર્ય અને ચંદ્ર વિશ્વ ઉપર ઉપકાર કરવા માટે દરરોજ ઉદય પામે છે અને અતિ આકરા ઉન્હાળાના સંતાપથી ત્રાસ પામી ગયેલ પૃથ્વીને એનો સમય પ્રાપ્ત થતાં વીજળીથી ચમકારા કરતો મેઘ આવીને આશ્વાસન આપે છે—ઠંડી પાડે છે—શાંત કરે છે.

ઘ ૪. ઉછાળા મારતાં મોજાંઓની સામર્થ્યભરેલી છોળોથી સમુદ્ર આખી પૃથ્વીને પાણીથી ડુબાવી દેતો નથી અને વાઘ, સિંહ, વાવાઝોડાં અને દાવાનળ (મનુષ્યોનો) સંહાર કરતા નથી એ ધર્મનો મહિમા છે.

ઙ ૫. જ્યારે મહાભયંકર દશા પોતાનું ફળ આપવા તૈયાર થાય–તેવો વખત આવી પડે, જ્યારે પિતા, ભાઈ, માતા કે પુત્ર પણ નુકસાન કરવા તૈયાર થઈ જાય–સામા થઈ બેસે, જ્યારે આખું લશ્કર પણ ગરીબ–રાંકડું બની જાય, જ્યારે ધનુષ્ય ધારણ કરવાવાળું ભુજાનું બળ પણ દગો દે–નિષ્ફળ થઈ જાય, તેવા આકરા કસોટીના વખતે એ સારી રીતે બખ્તર ધારણ કરેલ સજ્જન ધર્મ આખી દુનિયાનું રક્ષણ કરવા સન્નદ્ધબદ્ધ થઈ જાય છે–બનતો ઉદ્યમ કરવા તૈયાર રહે છે.

ચ ૬. જે (ધર્મ)ના પ્રસાદથી સ્થાવર અને જંગમ વસ્તુઓથી યુક્ત ત્રણે લોક (સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ) વિજયવંત વર્તે છે, જે પ્રાણીઓને આ ભવ, પરભવમાં હિત કરનાર હોઈ સર્વ કાર્યોની સિદ્ધિને આપનાર થાય છે અને જે ધર્મે પોતાના પ્રભાવની શક્તિથી અનેક અનર્થોની પીડાઓને નિષ્ફળ બનાવેલ છે, તે મહાકરુણામય ધર્મવૈભવને મારો ભક્તિપૂર્વક નમસ્કાર હો.

છ ૭. ધર્મકલ્પવૃક્ષની ફળશ્રેણિ–વિશિષ્ટ પરિપાક (સાંભળો). એકછત્ર મહાન રાજ્ય, અતિ સૌભાગ્યશીલ પ્રેમાળ પત્ની, દીકરાના દીકરા (પૌત્રો), જનપ્રિય રૂપ, સુંદર કાવ્ય કરવાનું ચાતુર્ય, અસાધારણ સુંદર સ્વર (વકતૃત્વ), નીરોગીપણું, શુભની પિછાન, સજ્જનત્વ, સુંદર મતિ.....આવાં આવાં કેટલાં કેટલાં કહીએ, કોને કોને ગણાવીએ ?

३ गेयाष्टक*

(ध्रुवपदं)

पालय पालय रे पालय मां जिनधर्म !
मंगलकमलाकेलिनिकेतन, करुणाकेतन धीर ।
शिवसुखसाधन भवभयबाधन जगदाधार गंभीर ॥
पालय पालय रे०

सिञ्चति पयसा जलधरपटली, भूतलममृतमयेन ।
सूर्याचन्द्रमसावुदयेते, तव महिमातिशयेन ॥ पालय० १
निरालम्बमियमसदाधारा, तिष्ठति वसुधा येन ।
तं विश्वस्थितिमूलस्तम्भं, तं सेवे विनयेन ॥ पालय० २
दानशीलशुभभावतपोमुख–चरितार्थीकृतलोकः ।
शरणस्मरणकृतामिह भविनां, दूरीकृतभयशोकः ॥ पालय० ३
क्षमासत्यसन्तोषदयादिक–सुभगसकलपरिवारः ।
देवासुरनरपूजितशासन–कृतबहुभवपरिहारः ॥ पालय ४
बन्धुरबन्धुजनस्य दिवानिश–मसहायस्य सहायः ।
भ्राम्यति भीमे भवगहनेऽङ्गी, त्वां बान्धवमपहाय ॥ पालय० ५
व्रजति गहनं जलति कृशानुः स्थलति जलधिरचिरेण ॥
तव कृपयाखिलकामितसिद्धि–र्बहुना किं तु परेण ? ॥ पालय० ६
इह यच्छसि सुखमुदितदशाङ्गं, प्रेत्येन्द्रादिपदानि ।
क्रमतो ज्ञानादीनि च वितरसि, निःश्रेयससुखदानि ॥ पालय० ७
सर्वतन्त्रनवनीत सनातन, सिद्धिसदनसोपान ।
जय जय विनयवतां प्रतिलम्भित–शान्तसुधारसपान ॥ पालय० ८

* રાગ : આ ભાવનાનો લય બહુ સુંદર છે. 'મોહન મુજરો લેજો રાજ, તુમ સેવામાં રહીશું', એ સ્તવનનો રાગ બરાબર ચાલશે. માત્ર 'पालय पालय रे' એ પદ બોલતાં જરા ઝોક ફેરવવો પડશે. બહુ મજા આવે એવો લય છે.

(ધ્રુવપદઃ) અહો તીર્થંકર મહારાજે બતાવેલ ધર્મ ! તું અનેક મંગલલક્ષ્મીનું ક્રીડા-સ્થાન છે. તે કરુણાલક્ષણ(સ્વરૂપ) છે. તું મહાધીરજવાન-સ્થિરસ્વરૂપી છે, તું મોક્ષસુખનું સાધન કરી આપનાર છે, તું સંસારના અનેક ભયોનું નિવારણ કરનાર છે, તું જગતનો આધાર છે, તું મહાગંભીર-અગાધ સાગર છે. એવા હે જૈનધર્મ ! મારો ઉદ્ધાર કર ! મારો ઉદ્ધાર કર ! મને બચાવ ! મને બચાવ !

૧. હે ધર્મ ! તારા મહિમાના પ્રભાવથી આકાશમાં ચડેલાં વાદળાં પૃથ્વીતળને અમૃત-મય જળથી સિંચી દે છે અને સૂર્ય-ચંદ્ર ઊગે છે.

૨. (તારા મહિમાથી) કોઈપણ પ્રકારના આધાર વગરની આ પૃથ્વી ટેકા વગર ટકી રહી છે-આવો વિશ્વની સ્થિતિનો મૂળસ્થંભ જે ધર્મ તેને વિનય(નમસ્કાર)પૂર્વક હું સેવું છું.

૩. જે ભવ્ય પ્રાણીઓ એનું શરણ કરે અથવા સ્મરણ કરે તે ભવ્ય પ્રાણીઓને દાન, શીલ, શુભભાવ અને તપ એ ચાર મુખ વડે જેણે કૃતાર્થ કર્યા છે અને જેણે ભય અને શોકને દૂર કરી નાખ્યા છે (એવો તે ધર્મ છે).

૪. એ ધર્મનો ક્ષમા, સત્ય, સંતોષ, દયા વગેરે આખો પરિવાર નસીબદાર છે. હે ધર્મ ! તારું **શાસન** દેવતાઓ, અસુરો અને મનુષ્યોથી પૂજિત છે. એ ધર્મ અનેક ભવપરંપરાનો નાશ કરે છે. એવા હે ધર્મ ! મારો ઉદ્ધાર કર.

૫. (હે ધર્મ !) તું સગાસબંધી-પરિવાર વગરનાનો ખરો બાંધવ છે અને સહાય વગરના-આશરા વગરનાનો રાતદિવસ આશરો છે (નોંધારાનો આધાર છે). તારી સરખા બંધુને તજી દઈને પ્રાણી ભયંકર સંસારવનમાં ભૂલાં પડી ભટકે છે.

૬. હે ધર્મ ! તારી કૃપાથી મહાભયંકર જંગલો હોય છે તે નગર થઈ જાય છે, અગ્નિ હોય છે તે પાણી થઈ જાય છે, મોટો દરિયો હોય ત્યાં એક સપાટામાં જમીન થઈ જાય છે અને (તારી કૃપાથી) સર્વ મનઃકામનાની સિદ્ધિ થાય છે, તેથી બીજા ઘણાઓનું મારે શું કામ છે ? હે ધર્મ ! તું એક જ મારું રક્ષણ કર-રક્ષણ કર.

૭. આ ભવમાં તું દશે પ્રકારનું વૃદ્ધિ પામતું સુખ આપે છે, પરભવમાં ઇન્દ્ર વગેરે મહાન્ પદો આપે છે અને અનુક્રમે મોક્ષના સુખને આપનારા જ્ઞાનાદિકને પણ આપે છે.

૮. (હે ધર્મ !) સર્વ તંત્રોનું નવનીત-માખણ ! શુદ્ધ સનાતન ! મુક્તિમંદિરે ચઢવાના દાદર ! વિનયવાન પુરુષોને પ્રાપ્ત થતા શાંત અમૃતના પાન ! હે ધર્મ ! તારો જય હો, જય હો ! હે ધર્મ મારો ઉદ્ધાર કર-મને પાળ, પાળ !

ધ્રુવપદ : બંને પંક્તિમાં કુલ સાત સંબોધનો છે. **મંગલ** મહોત્સવ, માંગલિક. **કમલા** લક્ષ્મી. **કેલિ** સુખ, વિલાસ. **નિકેતન** ઘર, સ્થાન. **કેતન** લક્ષણ, સ્વરૂપ. **ધીર** સ્થિરભાવી. **બાધન** નિવારણ.

૧. **જલધર** વાદળાં. **પટલી** મંડળી. **ભૂતલ** પૃથ્વીમંડળ. **અતિશય** પ્રભાવ.

૨. **અસદાધારા** આધાર વગરની. **નિરાલંબ** ટેકા વગર (**ક્રિ. વિ.**) **વિનય** નમન, પ્રણતિ.

૩. **ચરિતાર્થીકૃત** કૃતાર્થીકૃત. **શરણ** રક્ષણ. **સ્મરણ** યાદ, સંભારવું તે.

૪. **સુભગ** સારો, નસીબદાર, ભાગ્યશાળી. **શાસન** આ સંબોધન છે. **ભવ** ચક્રભ્રમણ, ફેરો. **પરિહાર** અભાવ, નાશ.

૫. **બન્ધુ** ભાઈ, સગો, સ્નેહી. **ભ્રામ્યતિ** રખડે છે, ભટકે છે. **અક્ષી** પ્રાણી.

૬. **ધ્રઙ્ગતિ-નગરાયતે** નગર થઈ જાય છે. **જલતિ** પાણી થઈ જાય છે. **કૃશાનુઃ** અગ્નિ. **સ્થલતિ** સ્થળ થઈ જાય છે, જમીન થઈ જાય છે. **કામિત** ઇચ્છિત, ઇચ્છેલ વસ્તુઓની, **બહુના** બીજા ઘણા. (જરા આક્ષેપથી કહેવાનું છે તેથી) **પરેણ** પારકાઓ વડે. (સમુચ્ચયાર્થે એકવચન).

૭. **ઉદિત** વધતાં જતાં, વધારે વધારે મળતાં. **દશાંગ** સુખનાં દશ અંગો છે ; ધન, આરોગ્ય, ઇંદ્રિયોની અવિકળતા વગેરે. **પ્રેત્ય** પરભવે, જન્માંતરે. **ક્રમતઃ** આગળ જતાં; in due course. તું આપે છે. **સુખદ** સુખ આપનાર.

૮. **તંત્ર** વ્યવહારશાસ્ત્ર, ગોઠવણ. **નવનીત** માખણ, સાર. **સનાતન** ત્રણ કાળ સ્થાયી, અવિનાશી. **સદન** મંદિર. **સોપાન** પગથિયું, દાદરો. **પ્રતિલંભિત** પ્રાપ્ત થતો, પ્રાપ્ત કરેલો.

★

ધર્મભાવના : પરિચય

ક્ર ૧. આ ભાવનામાં આપણે બહુ સુંદર પ્રદેશમાં પ્રવેશ કરીએ છીએ. આ પ્રાણીનાં સર્વ કૃત્યોને નિયમિત રાખનાર, મર્યાદામાં રાખનાર અને સંયમિત રાખનાર ધર્મ છે. એ વિષય એટલો વિશાળ છે કે એના ઉપર ગમે તેટલું લખવામાં આવે તે ઓછું જ પડે. 'ધર્મ' શબ્દના અનેક અર્થ થાય છે. તે પર વિશેષ વિવેચન આગળ થશે.

આ જીવનમાં ચાર પુરુષાર્થ પ્રાણીએ સાધવાના છે અને તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. 'ધર્મ'માં સામાન્ય વ્યવહારદૃષ્ટિએ ક્રિયા-કલાપનો સમાવેશ થાય છે અને પરદૃષ્ટિએ આત્મ-સન્મુખતાનો સમાવેશ થાય છે. 'અર્થ' એટલે ધન, પૈસાની પ્રાપ્તિ. 'કામ' એટલે ઇંદ્રિયના ભોગોપભોગની સેવના અને 'મોક્ષ' એટલે અજરામર સ્થાનની પ્રાપ્તિ. એમાં મોક્ષ તો સાધ્યભાવના આદર્શમાં રાખવાનું છે અને અર્થ તથા કામ એવી રીતે સાધવા ઘટે કે તેનો ધર્મ સાથે વિરોધ ન થાય. આ જરા મુશ્કેલ છે પણ જરૂરી કર્તવ્યસૂચન છે, એની ચાવીઓ આ ભાવનામાં પ્રાપ્તવ્ય છે. આનો વિચાર ભાવનાને અંતે કરવાનું રાખીએ, અને લેખકશ્રીનો ભાવનાનો વિચાર કરતાં એ સાપેક્ષ નજર ધ્યાનમાં રાખીએ.

સર્વ જીવો તરફ બંધુભાવ રાખનાર શ્રી તીર્થંકરદેવે ધર્મ ચાર પ્રકારનો બતાવ્યો છે. સર્વ જીવને સંસારપર્યટનની ઉપાધિમાંથી મુકાવવાની તીવ્ર ભાવના થાય ત્યારે જ પ્રાણી તીર્થંકર થવા યોગ્ય કર્મ ઉપાર્જન કરે છે. એટલે એની જગત્બંધુભાવવૃત્તિ સમજી શકાય તેવી અને સુવિખ્યાત છે. એમણે જે ચાર પ્રકારનો ધર્મ બતાવ્યો છે તે નીચે પ્રમાણે છેઃ-

(૧) દાન : પોતાની વસ્તુઓ, પોતાનું ધન બીજાને આપવું, આપવામાં પૂર્ણ પ્રેમભાવ રાખવો, પોતાની શક્તિ જોઈને આપવું અને જે વ્યક્તિને કે સંસ્થાને આપવાનું હોય તેની યોગ્યતા જોઇને આપવું. ચિત્ત, વિત્ત અને પાત્ર આ ત્રણે બાબતો દાનને અંગે વિચારવાની હોય છે. દાનમાં મૂર્ચ્છાનો ત્યાગ રહેલો છે અને ત્યાગધર્મની શરૂઆત દાનથી થાય છે. દેશત્યાગ અને સર્વત્યાગની પ્રથમ ભૂમિકા દાનથી શરૂ થાય છે. દાન આપનારનો પ્રેમ કેવો છે, એના હૃદયમાં કઈ ભાવના વર્તે છે અને તેનો ધનાદિ પર મૂર્ચ્છાભાવ કેટલો ઓછો થયો છે તેના પ્રમાણમાં તેને ફળ બેસે છે. દાનની રકમ સ્વસંપત્તિ ઉપર આધાર રાખે છે. કરોડાધિપતિ લાખો આપી શકે અને સામાન્ય સ્થિતિનો માણસ બે આના આપે. આપતી વખતે તેના માનસિક પરિણામ કેવા વર્તે છે તે પર દાનની વિશિષ્ટતા અંકાય છે. દાન શબ્દની સાથે ધનસંપત્તિ પ્રથમ યાદ આવે છે. છતાં એના દાન કરતાં પણ અભયદાનની કિંમત વધારે છે. કોઇ જીવને બચાવવો, છોડાવવો, મૃત્યુમાંથી ઉગારવો એ વધારે મહત્ત્વનું દાન છે. પ્રાણી ધન કરતાં પણ જીવને સ્વાભાવિક રીતે જ વધારે અગત્ય આપે છે. કેટલાક કીર્તિ ખાતર પૈસા આપે છે તેને કીર્તિદાન કહેવામાં આવે છે. એના બદલામાં કીર્તિ મળે છે, પણ

ત્યાં પૂર્ણવિરામ થઈ જાય છે. નિઃસ્વાર્થભાવે, પ્રેમપૂર્વક, પોતાની ફરજ સમજી, વિવેકને આગળ કરી જે દાન અપાય તેનો મહિમા વિશેષ છે.

દાનના અનેક પ્રકારનો વિચાર અનેક ગ્રંથોમાં બતાવ્યો છે તે સર્વ આદરણીય છે. એમાં જેટલે અંશે પોતાની જાતને ભુલાય, ફરજના ખ્યાલથી ગુપ્ત દાન દેવાય અથવા પ્રસિદ્ધિનો મોહ ઓછો થાય તેટલે અંશે લાભ વધારે છે. દાન આપવાની ભાવના તો સર્વ પ્રકારે ઇષ્ટ છે.

(૨) **શીલ (બ્રહ્મચર્ય)** : દેશથી અથવા સર્વથી. દેશથી એટલે સ્વદારાસંતોષ. સામાન્ય કર્તવ્યપરાયણ માણસ પણ પરસ્ત્રી તરફ રાગથી જુએ નહિ. પરસ્ત્રી એટલે પારકાની સ્ત્રી એટલું જ નહિ પણ તેમાં કુમારિકા, વિધવા, વેશ્યા, ગુણિકા આદિ સર્વનો સમાવેશ થાય છે. એમાં તિર્યંચ સાથેના વિષયનો પણ સમાવેશ થાય છે. પરણેલો માણસ અન્ય સ્ત્રીનો વિચાર કરે તો તે પોતાની સ્ત્રીને અન્યાય જ આપે છે. આખા વ્યવહારને અનુરૂપ સ્વદારાસંતોષ વૃત્તિ જરૂર કેળવવા યોગ્ય છે. અપરિણીત કે વિધુરને સર્વથા બ્રહ્મચર્ય રાખવાનું છે.

બ્રહ્મચર્ય પાળવા માટે કેટલીક ઉપયોગી સૂચનાઓ અનુભવીઓએ કરી છે, તેને શિયળની નવ વાડો કહેવામાં આવે છે : ૧. સ્ત્રી, પશુ ને નપુંસકવાળી વસ્તીમાં વાસ ન કરવો. ૨. સ્ત્રીસંબંધી કથા ન કરવી. ૩. સ્ત્રી જે આસન પર બેઠી હોય ત્યાં બે ઘડી સુધી બેસવું નહિ. ૪. સ્ત્રીઓનાં અંગોપાંગ નીરખી નીરખીને જોવાં નહિ. ૫. જ્યાં બાજુના ઓરડામાં વિલાસ થતો હોય ત્યાં સૂવું-રહેવું નહિ. ૬. પૂર્વે ભોગવેલ ભોગો કે કરેલ ક્રીડાઓ સંભારવાં નહિ. ૭. અતિવીર્યવર્ધક (પૌષ્ટિક) ખોરાક લેવો નહિ. ૮. પેટ ભરીને-ચાંપીને જમવું નહિ. ૯. શરીરની શોભા-વિભૂષા કરવી નહિ. આ સૂચનાઓ બ્રહ્મચર્ય-રક્ષા માટે છે. પોતાની સ્ત્રી સાથે વિષયસેવનમાં પણ બનતો સંયમ રાખવો. બ્રહ્મચર્યવ્રત ઉપર યોગની પ્રગતિનો આધાર છે અને આત્મવિકાસમાં એ ઘણો અગત્યનો ભાગ ભજવે છે એ લક્ષ્યમાં રાખવું. સ્ત્રી એટલે સંસાર એ ખ્યાલમાં રાખવું. આત્મિક પ્રગતિ ઇચ્છનારે બ્રહ્મચર્યને-શિયળને અતિ મહત્ત્વનું અંગ ગણવાનું છે.

સ્ત્રીઓએ આ સર્વ હકીકત પુરુષોને અંગે ઘટતા ફેરફાર સાથે સમજી લેવાની છે. સ્ત્રીનું ધૈર્ય વિશેષ બળવાન ગણાય છે. એ ધારે તો પોતાની જાત ઉપર પુરુષ કરતાં વધારે કાબૂ રાખી શકે. સતી સ્ત્રીઓનાં નામો પ્રભાતમાં લેવાય છે તે તેમના સતીત્વને અંગે, એકનિષ્ઠાયુક્ત પતિસેવાને અંગે અને શિયળવ્રત તથા સદાચારને અંગે છે, એ ધ્યાનમાં રાખવું. કલાવતી, મયણાસુંદરી, સીતા, અંજનાસુંદરી આદિ સતીનાં સુવિખ્યાત ચારિત્રોમાં શિયળનો જ મહિમા ભર્યો છે. આ ધર્મનો બીજો પાયો છે.

(૩) **તપ** : ધર્મનો ત્રીજો પ્રકાર તપ છે. નવમી નિર્જરાભાવનામાં આપણે એના બાહ્ય તેમ જ આભ્યંતર ભેદો વિચારી ગયા છીએ. પ્રત્યેકના છ છ ભેદો સમજ્યા અને તેના પર વિસ્તારથી વિચારણા કરી (જુઓ પ્રથમ ભાગનો પૂર્વપરિચય). અત્ર ફરી તે

પર ચર્ચા કરવાની આવશ્યકતા રહેતી નથી. દાનથી ધર્મની શરૂઆત થાય, ધન વસ્તુ પરની મૂર્ચ્છા છૂટતી જાય, પછી શિયળથી શરીર પર અંકુશ આવતો જાય, ધીમે ધીમે ખૂબ પ્રગતિ થતી જાય, તપથી ઇષ્ટ સર્વ પ્રાપ્ત થાય છે અને જેમ જેમ આત્મસ્વરૂપનું સાચું ભાન થતું જાય તેમ તેમ પરવસ્તુ પર રાગ ઘટતો જાય છે. એની શરૂઆત સામાન્ય બાહ્ય ત્યાગથી થાય છે, મર્યાદાથી શરૂ થાય છે અને એવી રીતે નિયમિતપણું આવતાં ધીમે ધીમે શરીર પર અને મન પર કાબૂ વધતો જાય છે. છેવટે સર્વત્યાગ કરતાં શરીર પરની માયા પણ છૂટી જાય છે. તપ કર્મને તપાવનાર હોઈ ધર્મમાર્ગમાં બહુ અગત્યનો ભાગ ભજવે છે.

અનેક મહાપુરુષો રાજ્ય છોડી જંગલ સેવે છે અને શરીરને દમે છે તે કાંઈ મનસ્વી કે તરંગીપણાનું પરિણામ નથી; પણ સ્પષ્ટ-દૃષ્ટિથી કરેલા અવલોકનને પરિણામે પ્રાપ્ત થયેલ વિશાળ દૃષ્ટિ છે. તપનો આશ્રય કરવાથી એ ગુણનો ખ્યાલ આવે તેમ છે. તપનો મહિમા સવિસ્તર અગાઉ વર્ણવ્યો છે ત્યાંથી સમજી લેવો.

(૪) ભાવ : ધર્મનો ચોથો પ્રકાર ભાવ છે. આમાં આંતરવૃત્તિઓનો–શુભ અધ્યવસાયનો સમાવેશ થાય છે. દાનની શોભા, શિયળની મહત્તા, તપની આકર્ષકતા ભાવ પર ખૂબ આધાર રાખે છે. ભોજનમાં જે સ્થાન મીઠાનું-લવણ (નીમક)નું છે તે સ્થાન ધર્મ-સામ્રાજ્યમાં ભાવનું છે. મીઠા વગર ગમે તેટલી મોંઘી કે પ્રચુર દ્રવ્યવાળી ચીજો મીઠાશ આપતી નથી તેમ ભાવ વગર સર્વ ધર્મવ્યવહાર ઉપર ઉપરનો ક્ષણિક અને બાહ્ય રહે છે. નાના બાળકને અંતરના ઉમળકાથી બોલાવાય તો જ તેને આકર્ષણ થાય છે. ભાવ, હૃદયનો પ્રેમ, અંતરની ઊર્મિ એ બહુ ઉપયોગી બાબત છે. ભાવની નિર્મળતા ઉપર કર્મબંધન ને કર્મક્ષયનો તેમ જ પ્રગતિ આદિનો આધાર રહે છે.

આ દાન, શીલ, તપ, ભાવ પર વિસ્તારથી ઉલ્લેખ કરતાં પુસ્તકો ભરાય તેમ છે. પ્રત્યેકનાં દૃષ્ટાંતો પણ અનેક છે. અહીં મને એ સર્વનો સંચય કરનાર એક સજ્ઝાય યાદ આવે છે તે લખી આ અતિ ઉપયોગી આકર્ષક વિષય છોડી દઈએ, તે સ્વાધ્યાય નીચે પ્રમાણે છે :

રે જીવ ! જિન ધર્મ કીજિયે, ધર્મના ચાર પ્રકાર;
દાન શિયળ તપ ભાવના, જગમાં એહલું સાર. રે જીવ ! ૧.
વરસ દિવસને પારણે, આદીશ્વર સુખકાર;
શેલડી રસ વહોરાવીઓ. શ્રી શ્રેયાંસકુમાર. રે જીવ ! ૨.
ચંપા-દ્વાર ઉઘાડવા, ચારણીએ કાઢયાં નીર;
સતી સુભદ્રાએ જસ લહ્યો, શિયળે સુરનર ધીર. રે જીવ ! ૩.
તપ કરી કાયા શોષવી, સરસ વિરસ આહાર;
વીર જિણંદ વખાણીઓ, ધન ધન્નો અણગાર. રે જીવ ! ૪
અનિત્યભાવના ભાવતાં, ધરતાં ધરમનું ધ્યાન;
ભરત આરિસાભુવનમાં, પામ્યા કેવળજ્ઞાન. રે જીવ ! ૫.
ધર્મવૃક્ષ સુરતરુ સમો, જેહની શીતળ છાંય;
સમયસુંદર કહે સેવતાં, મનવાંછિત ફળ થાય. રે જીવ ! ૬.

(મારા સ્મરણમાં છે તે પ્રમાણે આ લખેલ છે.) એમાંનું પ્રત્યેક ઉદાહરણ વિચારી દાન, શિયળ, તપ અને ભાવને ઓળખવાની આવશ્યકતા છે. એ સર્વનું વિવેચન અત્રે કરવું સ્થળની નજરે શકય નથી. સર્વ કોઈએ આ ચારે પ્રકારને ખૂબ સમજવા-વિચારવા યોગ્ય છે અને માત્ર વિચારીને ન અટકતાં તેનો સત્વર અમલ કર્તવ્ય છે.

આવી રીતે ચાર પ્રકારનો ધર્મ શ્રી વીતરાગ દેવે જગતના જીવોના હિતને માટે બતાવ્યો છે. એ ચાર પ્રકારમાં વિશિષ્ટતા એ છે કે એ ધનવાન કે ગરીબ, બાળ કે વૃદ્ધ, સશક્ત કે અશક્ત, ભણેલ કે અભણ સર્વ કોઈ આચરી શકે છે અને પોતાની શક્તિ, સ્ફુર્તિ અને વિવેકશક્તિ અનુસાર ફળ પ્રાપ્ત કરી શકે છે. એ ચારે પ્રકારોમાં બાહ્ય અને આંતરભાવ છે તે સમજવા યોગ્ય છે.

આવા પ્રકારનો ધર્મ મારા મનમાં નિરંતર રમો. આ ધર્મભાવના છે. 'નિરંતર' કહેવાનો હેતુ એ છે કે ધર્મભાવનાનો અભ્યાસ સતત કરવાની આવશ્યકતા છે. એમાં આંતરો કદી પણ પડવો ન જોઈએ, અભ્યાસ એ રીતે જ થાય છે. પાતંજલ યોગસૂત્ર (૧-૧૪)માં કહ્યું છે કે દીર્ઘકાળ સુધી આંતરા વગર અને સત્કારપૂર્વક એને સેવ્યો હોય તો **અભ્યાસ** પાકો જામી જાય છે, ભૂમિ દૃઢ થાય છે, એમાં સત્કારને અંગે તપ, બ્રહ્મચર્ય, વિદ્યા અને શ્રદ્ધા એ ચારેની ઉપયુક્તતા બતાવી છે. આવી રીતે નિરંતર અભ્યાસ પાડવાથી એની જમાવટ પાકી થાય છે. હવે આવી રીતે ભૂમિકાને દૃઢ કરીને તેમાં શ્રદ્ધા અને પ્રેમપૂર્વક દાન, શિયળ, તપ અને ભાવને સ્થાપન કરીને ભાવનામાં આગળ વધીએ.

અહીં જે ધર્મના ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે તે અતિ સુંદર છે. હવે પછી જે વિશિષ્ટ ધર્મો જોઈશું તેનું મૂળ આમાં હોવાથી અતિ આવશ્યક છે. એની ખૂબી એ છે કે એ સર્વ ભૂમિકામાં રહેલ પ્રાણીને ઉપકારી થઈ શકે છે. આપણે ધર્મનો અનેક દૃષ્ટિએ વિચાર કરવાનો છે તે પૈકી આ એક દિશા થઈ.

આની સાથે આપણે માર્ગાનુસારીના ગુણો વિચારી શકીએ, દેશવિરતિ શ્રાવકના ગુણો વિચારી શકીએ, એને માટે આપણે યોગશાસ્ત્ર (શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય પ્રણીત)નો હવાલો આપીએ. એ પણ અતિ ઉપયોગી ધર્મગ્રંથ છે. તેમાં પ્રથમના ચાર પ્રકાશો તો પ્રત્યેક મુમુક્ષુએ ખાસ વિચારવા-આદરવા યોગ્ય છે.

શ્રાવકના ગુણને સમજવા માટે 'ધર્મરત્ન' ગ્રંથ પણ એટલો જ સુંદર છે અને એની કથાઓ પણ હૃદયંગમ છે. તે મુદ્રિત હોઈ સુલભ છે. આ અતિ આવશ્યક વિભાગ પરથી આગળ ચાલીએ.

ખ ૨. લોકોત્તર ધર્મના બે પ્રકાર છે : શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. દશવૈકાલિક સૂત્રની ટીકામાં આ૦ શ્રી હરિભદ્રસૂરિજી ધર્મના આવા બે પ્રકાર પાડીને કહે છે કે દ્વાદશાંગી-મૂળ આગમ એ શ્રુતધર્મ છે. સ્વાધ્યાય, વાચના વગેરે તત્ત્વચિંતવના કરવી એ ધર્મનું કારણ હોવાથી એ

પ્રથમ લોકોત્તર ધર્મ છે અને બીજો પ્રકાર ચારિત્રધર્મ છે. કર્મક્ષય માટે જે આચરણ કરવું તે ચારિત્રધર્મ. એ શ્રમણધર્મ છે. શ્રમણ ન હોય તેને પણ સમજવા યોગ્ય તેમ જ આચરવા યોગ્ય છે. એના પર વિવેચન સંવરભાવના (આઠમું પ્રકરણ)ના પૂર્વપરિશિષ્ટમાં કર્યું છે. અત્ર તેનાં નામો બતાવ્યાં છે તે ફરી વાર વિચારી જઈ એ. ખૂબ મનન કરવા યોગ્ય એ ધર્મો છે, અને એની વિશિષ્ટતા એ છે કે ખ્રિસ્તી ધર્મની દશ આજ્ઞા એ ધર્મમાં જે પ્રમાણે અગત્યનું સ્થાન ધરાવે છે તે પ્રમાણે લોકોત્તર ધર્મમાં દશ ધર્મોનું અતિ અગત્યનું સ્થાન છે. સંક્ષેપમાં તે નીચે પ્રમાણે છે :—

(૧) **સત્ય**—સાચું બોલવું. એ સાતમો સત્યધર્મ છે.

(૨) **ક્ષમા**—ક્રોધત્યાગ. તે પ્રથમ ક્ષાંતિ-ક્ષમાધર્મ છે.

(૩) **માર્દવ**—અભિમાન-ત્યાગ. એ બીજો માર્દવધર્મ છે.

(૪) **શૌચ**—બાહ્ય, આભ્યંતર પવિત્રતા; જીવ-અદત્ત, સ્વામી-અદત્ત, ગુરુ-અદત્ત, તીર્થંકર-અદત્તનો ત્યાગ. એ આઠમો શૌચધર્મ છે.

(૫) **સંગત્યાગ**—સર્વ ધનાદિક સંચય સંયોગત્યાગ. એ નવમો અકિંચનત્વધર્મ છે.

(૬) **આર્જવ**—માયાત્યાગ, દંભત્યાગ. એ ત્રીજો આર્જવધર્મ છે.

(૭) **બ્રહ્મ**—શીલવ્રત. બ્રહ્મચર્ય એ દશમો બ્રહ્મધર્મ છે.

(૮) **વિમુક્તિ**—લોભત્યાગ, સંતોષધારણ. એ ચોથો મુક્તિધર્મ છે.

(૯) **સંયમ**—ષડ્જીવનિકાયસંરક્ષણવ્યાપાર. એ છઠ્ઠો સંયમ ધર્મ છે.

(૧૦) **તપ**—બાહ્ય, આભ્યંતર તપ. એ પાંચમો તપ-ધર્મ છે.

એનો અનુક્રમ સંવરભાવનામાં બતાવ્યો છે તે જ છે. અહીં કવિતાનો અનુપ્રાસ મેળવવા એના સંખ્યાસ્થાનમાં ફેરફાર કર્યો જણાય છે. એને યાદ રાખવા નવતત્ત્વની ૨૬મી ગાથા ઉપયોગી છે: **खंती मद्दव अज्जव, मुत्ती तव संजमे अ बोधव्वे । सच्चं सोअं अकिंचणं च, बंभं च जइधम्मो ॥** એને દશ આજ્ઞામાં નીચે પ્રમાણે રૂપક અપાય :

૧. ગમે તેટલા ઉશ્કેરવાના પ્રસંગમાં પણ તારે ક્ષમા રાખવી.

૨. માન કોઈનાં રહેવાનાં નથી, તારે પણ નમ્રતા રાખવી.

૩. માયા-કપટ-દંભ છોડી તારે નિરંતર સરળતા રાખવી.

૪. વસ્તુ, ધન કે સંબંધ પર મૂર્છા ન રાખતાં સંતોષ રાખવો.

૫. શરીર અને મનને કસી તેની પાસે કસરત કરાવવી અને તેના પર અંકુશ કેળવવો.

૬. સર્વ જીવોને અભય આપવાનો વ્યાપાર કરવો અને કાયા પર અંકુશ રાખવો.

૭. સત્ય, પ્રિય, હિત, મિત અને તથ્ય બોલવું અથવા મૌન રહેવું.

૮. બહારથી ને અંદરથી પવિત્ર રહી પારકી ચીજને પારકી જાણવી.

૯. મારાપણાની–સ્વામિત્વની બુદ્ધિનો ત્યાગ કરવો.

૧૦. વિષયવાસનામાં ન પડતાં યોગશક્તિ ખીલવવી.

આ દશે ધર્મોને ખૂબ વિગતથી અનેક પ્રકારે સમજવા, વિચારવા યોગ્ય છે. એના સામાન્ય-વિશેષ રૂપમાં ખૂબી એ છે કે એમાં પાંચે વ્રતોનો તથા કષાયનો અને યોગના સંવરનો સમાવેશ થઈ જાય છે. એનો સર્વથા સ્વીકાર થાય તો અતિ ઇષ્ટ છે, દેશથી–અંશથી પણ અમલરૂપે સ્વીકાર ઇષ્ટ છે. એ શ્રમણ એટલે સાધુના ધર્મો છે એમ ધારીને સાધુ ન થયા હોય તેમણે તેને છોડી દેવાના નથી. વેશ કરતાં પણ વધારે અગત્ય વર્તનરૂપ ચારિત્રને આપવાની હોઈને એનો યથાશક્તિ સ્વીકાર સર્વ અવસ્થામાં ખાસ કર્તવ્ય છે અને એમાં પ્રગતિ સાધ્યને માર્ગે લઈ જઈ અંતે સાધ્યે પહોંચાડનાર છે એ વાત લક્ષ્યમાં રાખવી.

ગ ૩. ધર્મનો એક પ્રકાર દાન, શીલ, તપ, ભાવરૂપ પ્રથમ ગાથામાં જોયો, બીજી ગાથામાં એનો 'ચારિત્ર' વિભાગ જોયો. હવે ધર્મ એટલે વસ્તુસ્વભાવ : वत्थुसहावो धम्मो। કોઈ પણ વસ્તુનો સ્વભાવ તે તેનો ધર્મ કહેવાય છે. બરફ ઠંડી આપે તે તેનો ધર્મ છે, પાણી તૃષાને છિપાવે તે પાણીનો ધર્મ છે, વસ્તુને ગતિ આપવાનું કામ ધર્માસ્તિકાય કરે છે તે તેનો ધર્મ છે. આવી રીતે પ્રત્યેક વસ્તુ પોતાના મૂળ સ્વભાવમાં વર્તે તે તેનો ધર્મ છે. આ દૃષ્ટિએ વિચાર કરીએ તો આત્મા પોતાના સ્વભાવમાં વર્તે તે તેનો ધર્મ અને સ્વભાવમાં ન વર્તતાં વિભાવમાં પડી જાય તો તેટલે અંશે તેની ધર્મચ્યુતિ થાય છે. ચેતનનો સ્વભાવ શો છે અને વિભાવો કયા છે તે પર અત્ર વિવેચન કરવું અસ્થાને છે. અત્ર ધર્મ કેમ થાય તેની વિચારણામાં એના સ્વભાવને સ્થાન છે તે ધ્યાનમાં રાખીએ.

મુદ્દાની વાત એ છે કે દરેક ચેતન કે અચેતન પદાર્થ પોતાના સ્વભાવમાં રહે તે તેનો ધર્મ છે. સ્વભાવ એ જ ધર્મ છે, અને સ્વભાવ-વિરુદ્ધ વર્તન થાય તો ધર્મનો નાશ તેટલા પ્રમાણમાં થાય છે. આ હકીકત આપણે કુદરતમાં જોઈએ તો ત્યાંથી પણ તેને અંગે અનેક દૃષ્ટાંતો મળી આવશે.

દાખલા તરીકે સૂર્યનો સ્વભાવ લોકોને પ્રકાશ આપવાનો છે. ચંદ્રનો સ્વભાવ પ્રકાશ સાથે શાંતિ આપવાનો છે. સૂર્ય એના નિયમ મુજબ દક્ષિણાયન, ઉત્તરાયણના ક્રમે નિરંતર ઊગે છે અને પ્રકાશ આપવાનું કાર્ય કરે છે. તેવી જ રીતે ચાંદ્રમાસની ગણતરી પ્રમાણે ચંદ્ર ઊગે છે અને પોતાની જ્યોત્સ્નાથી જગતને શાંતિ આપે છે. એનો સ્વભાવ વિશ્વ ઉપર ઉપકાર કરવાનો છે અને એ ઉપકારકાર્ય સૂર્ય અને ચંદ્ર પોતપોતાના સ્વભાવ અનુસાર કરે છે.

વરસાદના અનેક સ્વભાવમાંનો એક સ્વભાવ જગતને શાંતિ આપવાનો છે. સખ્ત ઉન્હાળાના તડકાથી લોકો અને આખી પૃથ્વી બળું બળું થઈ રહી હોય છે. જ્યારે ૧૧૦, ૧૧૨ કે તેથી વધારે ડીગ્રી ગરમી પડતી હોય અને શરીર પર પાતળું ખાદીનું પહેરણ પણ આકરું લાગતું હોય, ત્યારે કાળક્રમે પૃથ્વી ગગનમંડળવ્યાપી વરસાદ વરસીને શાંતિ

આપે છે, ગરમી દૂર કરે છે અને પૃથ્વીને ઠંડી બનાવે છે. આ પ્રમાણે કરવું તે વરસાદનો ધર્મ છે. ગરમ થયેલ પદાર્થોને અથવા લોકોને સમાશ્વાસન આપવું તે તેનો સ્વભાવ છે અને તે તેના સ્વભાવ પ્રમાણે વર્તીને તેવી રીતે પોતાની ફરજ બજાવે છે.[૧]

ઘ ૪. ધર્મનો પ્રભાવ વધારે વિચારવા જેવો છે. દરિયાના ઉછાળા, એના તરંગો, એનાં મોજાંઓ જ્યારે જુન-જુલાઈ માસમાં આવે છે ત્યારે જોયાં હોય તો મોટી સ્ટીમરોને એ વીશ-પચીશ ફીટ ઊંચે ચઢાવી પછાડે છે. કાંઠા ઉપર એની ગર્જના સાંભળી હોય કે ઉછાળા જોયા હોય તો પ્રાણી વિચારમાં પડી જાય છે; છતાં એવો મહાન સમુદ્ર પોતાની મર્યાદા મૂકતો નથી અને આખી પૃથ્વી ઉપર પાણી ફેરવી સ્થળને બદલે જળ કરી મૂકતો નથી એ એનો સ્વભાવ છે. સમુદ્ર પોતાની મર્યાદામાં રહી કલ્લોલના વિલાસ કરે છે, પણ એનો સ્વભાવ મૂકીને એ જરા પણ આગળ વધતો નથી એ એનો સ્વભાવ છે, એ એનો ધર્મ છે. એ પોતાનો સ્વભાવ છોડી વિભાવમાં આવતો નથી.

સિંહ, પ્રાણીને મારતો નથી, પવનનું વાવાઝોડું પ્રાણીને ઉડાડી મૂકતું નથી, દવ પ્રાણીને બાળી મૂકતો નથી તેમ જ બીજા અનેક ઉપદ્રવો – ધરતીકંપ, પાણીનાં (નદીનાં) પૂર વગેરે પ્રાણીને ખલાસ કરી મૂકતાં નથી. એ સર્વ ધર્મનો મહિમા છે. આ છેલ્લી હકીકતમાં પ્રાણીના આયુષ્યબળને પ્રાધાન્ય આપવામાં આવ્યું હોય તો ધર્મનો પ્રભાવ બરાબર સમજાય છે. જ્યાં સુધી આયુષ્ય બળવાન હોય છે ત્યાં સુધી કુદરતના કોપો કાંઈ કરી શકતા નથી. આ વ્યક્તિગત ધર્મનો પ્રભાવ ગણાય. એમાં અને સૂર્ય-ચંદ્રની હકીકતમાં ઘણો તફાવત છે. એમાં સમુચ્ચયકર્મનો સવાલ ઊભો થાય છે તે સિંહ વગેરેમાં ઊઠતો નથી અને વ્યાઘ્રનો સ્વભાવ મારવાનો છે તેથી તેમાં 'વસ્તુસ્વભાવ' ધર્મનો અર્થ લાગુ પડે તેમ નથી.

---

૧ બીજી રીતે જોઈએ તો સૂર્ય-ચંદ્ર આ પૃથ્વી પર જ ઊગે છે અને વરસાદનો ક્રમ ઋતુ અનુસાર થાય છે તે પણ વસ્તુસ્વભાવે બને છે. એ ઉપરાંત સૂર્ય ઊગે કે વરસાદ વરસે તેમાં એના સ્વભાવ ઉપરાંત કોઈ પુણ્યપ્રકૃતિનો ઉદય કલ્પવો અશકય છે. એવું સમુદાય કર્મ કોઈ નથી કે જેના પ્રભાવથી સૂર્ય-ચંદ્ર ઊગતા હોય. આ ખુલાસો વિચારવા યોગ્ય છે. સમુદાયકર્મ જેવી કોઈ ચીજ હોય તો પણ કર્મપ્રકૃતિની કોઈ કક્ષામાં હું તેને મૂકી શકતો નથી. વસ્તુસ્વભાવ તરીકે ધર્મની વ્યાખ્યા કરતાં આ કુદરતી બનાવોનો ખુલાસો મને શકય લાગ્યો છે. જે નિયમ સૂર્ય-ચંદ્રને લાગુ પડે છે તે જ વરસાદને લાગુ પડે છે.

વ્યવહારમાં આપણે કહીએ છીએ કે 'ધર્મના પ્રભાવથી સર્વ સારાં વાનાં થશે, વરસાદ-પાણી સારાં થશે,' એવું પ્રચલિત વાકય બોલાતું હોય તો તેને તે તરીકે સમજવું. વસ્તુસ્વભાવ મને વધારે બંધબેસતો લાગે છે. આ મુદ્દા ઉપર બે શ્લોકો 'પરિચય'માં છે અને બે 'અષ્ટક'માં છે તે વિચારવા યોગ્ય છે. ધર્મનો અર્થ વસ્તુસ્વભાવ કરીએ તો ખુલાસો શકય છે, પણ આગળના શ્લોકમાં સિંહ ને દવની વાત આવશે ત્યાં તે અર્થ બંધ બેસતો થતો નથી. આ ચર્ચવા યોગ્ય વિષય છે તેથી વ્યવહારુ વચન તરીકે ચલાવી લેવા યોગ્ય ગણાય.

સર્વ વાતની મતલબ એ જણાય છે કે ધર્મના પ્રભાવથી પ્રત્યેક વ્યક્તિને આનંદ-લહેર વર્તે છે. જેણે પૂર્વભવમાં ધર્મારાધન કર્યું હોય તેને એ સર્વ પ્રકારની અનુકૂળ-તાઓ રહે છે અને કુદરત પણ તેને અનેક પ્રકારની અનુકૂળતાઓ કરી આપે છે. એ રીતે સર્વ ધર્મનો મહિમા છે.

૬ ૫. હવે ધર્મનો બીજા દૃષ્ટિબિન્દુથી વિચાર કરીએ. ધર્મનો એક અર્થ પુણ્ય-સુકૃત્યનો પરિપાક. સારાં કાર્ય કરવાથી સારાં કર્મ બંધાય છે અને તેનું ફળ મળે છે. એ અર્થમાં 'ધર્મ' શબ્દ વપરાય છે. અને બીજી રીતે જોઈએ તો ધર્મ કરવાની ભાવના અથવા સચ્ચારિત્રશીલ વર્તન કરવું તે પણ 'ધર્મ' તરીકે ઓળખાય છે.

જીવનમાં એવા પ્રસંગો પણ આવે છે કે જ્યારે ચારે તરફ દિશા સૂઝતી નથી, આપ-ત્તિનાં વાદળ વરસે છે, પૈસા હોય તે ચાલ્યા જાય છે, સગાં-સંબંધીઓમાંથી મુદ્દાસરના માણસો ઊડી જાય છે, ચારે તરફથી આફતના સમાચાર આવે છે અને પ્રાણી હતાશ થઈ ઊંચે આભ, નીચે ધરતી તરફ જોઈ રહે છે. એવે વખતે એની અપકીર્તિ થાય છે, ખાવા-પીવાના સાંસા પડે છે, અક્કલ બહેર મારી જાય છે. આ સર્વ માઠા દિવસનાં લક્ષણો છે.

આવા દુઃખના દહાડામાં માતા-પિતા, ભાઈ કે દીકરા સહાય કરવાને બદલે સામા થઈ બેસે છે. નજીવા બનાવો યાદ કરી મ્હેણાં મારે છે. કેટલી વાર બને તેટલું નુકસાન કરવા પ્રયત્ન કરે છે. પોતે રાળ હોય તો આખું લશ્કર દીન બની જાય છે, ઉત્સાહ-હીન થઈ જાય છે અને પોતે ગમે તેવો બળવાન હોય અને ભુજના બળ પર ઝૂમતો હોય તે સર્વ નિષ્ફળ બની જાય છે.

આવે વખતે મિત્ર રહેતા નથી, સગાં યાદ કરતાં નથી, પુત્રો પરાઙ્મુખ થઈ બેસે છે, જેના ઉપર ગણતરી મૂકી હોય ત્યાંથી ખાલી હાથે પાછા આવવાનું બને છે અને આખી દુનિયા જાણે ઘોર અંધકારમય થઈ ગઈ હોય એવું લાગે છે.

વિપત્તિ-સમયનું ચિત્ર ઘણું કરુણામય દોરી શકાય, પણ તે જરૂરી નથી. વાત એ છે કે એવા કષ્ટસમયમાં સગાંસંબંધી, સ્નેહી અને ખુદ છોકરાં કે ભાઇઓ તજી જાય છે તેવે વખતે ખરી મદદ ધર્મ કરે છે. જો પૂર્વભવમાં શુભ કર્મ કરેલ હોય તો તે આડાં આવીને મદદ કરે છે. આ ધર્મનો એક પ્રકાર જાણવો.

અથવા બીજી રીતે જોઈએ તો એવા અતિ-આપત્તિના વખતમાં ક્ષમા, સરળતા, નિર્ભયતા, સંતોષ, સત્ય, બ્રહ્મચર્ય આદિ ધર્મો ખરો ટેકો આપે છે. એનો જે આશ્રય લે તેને આપઘાત કરવો પડતો નથી. અને એ આપત્તિ સામે લડવાનું અંતર્બળ પ્રાપ્ત થાય છે અને વગર ગભરાયે એ ધર્મ-કવચથી સન્નદ્ધબદ્ધ થઇને શાંતિથી આપત્તિ સહન કરે છે અને એના પૂરબહારમાં પ્રકાશી ધૈર્ય ધારણ કરી શકે છે.

અન્ય દેશમાં આપઘાતના બનાવો ઘણા બને છે તેવા બનાવો આર્યદેશમાં બહુ ઓછા બને છે એ એની ધર્મભાવનાને આભારી છે. આપત્તિના વખતમાં ખરો દિલાસો આપનાર મિત્ર હોય તો તે ધર્મ જ છે. પ્રાણી એવે પ્રસંગે હતાશ ન થઈ જતાં આપત્તિઓને તરી જાય છે અને આંતરિક બળમાં વધારે મજબૂત થાય છે.

સર્વ ઊંઘતા હોય ત્યારે ધર્મ (પૂર્વ પુણ્ય) જાગૃત રહે છે અને પ્રાણીનું રક્ષણ કરે છે. આપત્તિમાં એ ધૈર્ય આપી પ્રાણીને વધારે મજબૂત બનાવે છે.

આ શ્લોકમાં બન્ને પ્રકારનો ધર્મ કામ આપે છે. તે બતાવ્યું છે. પૂર્વકાળમાં કરેલ શુભ કર્મો કષ્ટ સમયે પડખે આવીને ઊભાં રહે છે અને કષ્ટમાંથી પાર ઉતારે છે, એ એક ભાવ અને બીજો ભાવ એવા આપત્તિના સમયમાં દિલાસો ધર્મથી જ મળે છે, આધાર-ટેકો ધર્મનો જ થાય છે અને તે વખતે જે સચ્ચારિત્ર-વર્તન થાય તે પ્રાણીને ખરા ભાઈની ગરજ સારે છે. આવે વખતે મદદ કરે તે ખરો સજ્જન, તે સાચો મિત્ર. દરરોજ વાતો કરનાર, સાથે અમનચમન કરનાર અને ખિસ્સામાં કે બલા પર હાથ રાખી સાથે ફરનાર સ્નેહીઓ જ્યારે છોડી જાય છે ત્યારે ધર્મ પડખે ઊભો રહે છે. આ બીજો અર્થ પણ એટલો જ વિચારવા યોગ્ય છે.

જ્યારે પૈસાની, તબિયતની, કુટુંબની, વ્યાપારની અનુકૂળતા હોય ત્યારે તો સર્વ સગાં અને સ્નેહી થવા આવે છે. આપત્તિ, કષ્ટસમય સર્વની કસોટી કરે છે. એ વખતે બીજા સહાય કરે કે ન કરે, પણ ધર્મ તો જાગૃત થઈ ચોકી કર્યા જ કરે છે. એક શ્લોકમાં વાંચેલું યાદ આવે છે કે-વનમાં, રણમાં, શત્રુના સંઘટમાં, પાણીમાં, અગ્નિમાં, મોટા સમુદ્રમાં, પર્વત ઉપર આપણે સૂઈ ગયા હોઈએ, આળસમાં હોઈએ કે મૂંઝાયા હોઈએ ત્યારે-એ સર્વ સમયે પૂર્વપુણ્ય આપણું રક્ષણ કરે છે. આ પૂર્વપુણ્ય તે 'ધર્મ' છે. જ્યાં જઈએ ત્યાં એના પ્રતાપથી લીલાલહેર થઈ જાય છે; અને આપણે ગાડીમાં બેસીએ તો એ એંજીનમાં બેસે છે, આવો ધર્મનો પ્રભાવ છે. અહીં 'સંવર્મિત'-સારા બખ્તરવાળા ધર્મની વાત કરી છે. ધર્મને બખ્તર શેનું હોય ? એ કંઈ લોઢાનું બખ્તર-કવચ પહેરે નહીં. એના બખ્તરમાં ધૈર્ય, ધૃતિ, અભય, અહિંસા વગેરે સદ્ગુણો હોય છે. એ મરતાં શીખેલ હોય, એને મારવાની વાત હોય જ નહીં; એ મૂંઝાય નહીં, શાંતિ-ધીરજ રાખે; એ અભિમાન ન રાખે; નમ્ર થઈ જાય વગેરે. ભૂખે મરવાનું પસંદ કરે, પણ અન્યાયથી કે અપ્રમાણિકપણાથી પૈસો ન જ લે. એ પ્રાણીનો અંતે વિજય કેમ ન થાય ? કદાચ ધીરજ રાખવી પડે, પણ અંતે ધર્મના જ ડંકા જરૂર વાગે.

એ ધર્મ આખા જગતનું રક્ષણ કરવા તૈયાર રહે છે. એને જ્ઞાતિ, જાતિ, ગોત્ર, કુળ કે ચામડીના રંગ સાથે સંબંધ નથી. એના વિશાળ ક્ષેત્રમાં આખા જગતનો સમાવેશ થાય છે. આ મુદ્દા પર આ પુસ્તકમાં મૈત્રીભાવના(૧૩મી)માં વિશેષ વિચારણા થશે.

માતા-પિતા, પુત્ર ભાઈ વગેરે અહિત માટે પણ કોઈ વખતે પ્રયત્ન કરે છે, એમ આ શ્લોકમાં કહ્યું છે. ત્યાં 'સ્વહિતાય' અર્થ પણ શકય છે. એમાં પણ જ્યારે સ્વાર્થ-વૃત્તિ આવી જાય છે ત્યારે પ્રાણી સંબંધ ભૂલી જાય છે. સ્વાર્થ અંધ છે અને કોઇ વાર અહિત માટે-નુકસાન કરવા માટે પણ આપત્તિના વખતમાં કામ કરે છે, એ પણ અનુભવની વાત છે. ભાઇઓ લડે ત્યારે ગોળાનાં પાણી હરામ થાય છે. ન્યાયમંદિરમાં એવા અનેક ઝગડા આવે છે. કહેવાની મતલબ અહીં એ છે કે ચારે તરફ આફતનાં વાદળાં અનેક પ્રકારે ચઢી આવ્યાં હોય તેવે વખતે ધર્મ જ સહાય કરે છે.

ચ ૬. ધર્મના પ્રભાવથી શું શું મળે છે તે પર લંબાણપત્રક આવતા શ્લોકમાં આવવાનું છે. ત્યાં ધર્મનો અર્થ પૂર્વપુણ્ય – પાછળના વખતમાં કરેલી સારી કમાણી સમજાય છે. અને ધર્મનો એ વ્યવહારુ દૃષ્ટિએ ખ્યાલ છે.

જ્યારે આપણે ઘેર લીલાલહેર હોય છે, ખાવા-પીવાની વિપુળતા હોય છે, પૈસાની કમાણી સારી હોય છે ત્યારે આપણને આખી દુનિયા સુંદર લાગે છે. જ્યારે માંદા પડવા લાગે છે ત્યારે વાતાવરણ ઊઠ ઊઠ લાગે છે. એ સર્વ વ્યક્તિગત દૃષ્ટિ છે.

જ્યારે પુણ્યપ્રકૃતિનો ઉદય હોય છે અને પાસા સવળા પડતા હોય છે ત્યારે આખી દુનિયા આપણી સાથે હસે છે. આપણને પક્ષીનાં ગાન, વનરાજીની શોભા, પર્વતની લીલાશ, નીઝરણાંનાં વહન, સમુદ્રના તરંગ, ચંદ્રની જ્યોત્સ્ના વગેરે સર્વમાં આનંદ આવે છે. ચરાચર જગત આપણી સાથે હસતું હોય અને આપણને સર્વ પ્રકારે આનંદ આપવા તૈયાર થઇ રહ્યું હોય એમ આપણને લાગે છે. ત્રણ લોકમાં જાણે આપણો વિજય પ્રસરતો હોય અને પ્રાણી-પદાર્થો સર્વ આપણને આવકાર આપવા, આનંદ અર્પવા ઉદ્યુક્ત થઈ રહ્યા હોય અને આપણે એના સર્વ વિલાસ-નૃત્યના કેંદ્ર હોઇએ એવો આપણને ખ્યાલ થાય છે. આ સર્વ પુણ્યકર્મનો-ધર્મનો પ્રભાવ છે.

(વ્યક્તિગત પ્રાણીનાં પુણ્ય તેને આનંદ આપે છે પણ એમાં અચર-સ્થાવર પૌદ્ગલિક જગતને સ્થાન નથી તેથી ઉપરનો જ અર્થ શકય લાગે છે.)

ધર્મ પ્રાણીનું હિત કરનાર છે અને એના સર્વ ઇષ્ટ પદાર્થોની સિદ્ધિ કરી આપનાર છે. આ પ્રાણીને જે માગે તે મળે અને એની ઉત્તરોત્તર સગવડ વધારે ને વધારે જળવાતી જાય તેનું કારણ એની પુણ્યપ્રકૃતિ છે. એણે કરેલી ધર્મની આસેવના એને અત્યારે ફળ આપતી રહે છે. એનું આ ભવમાં જે કાંઈ હિત થાય તેનું મૂળ કારણ ધર્મ છે. સામાન્ય સમજણવાળા સુખી હોય છે અને વર્ષો સુધી અભ્યાસ કરનાર અને લાંબી નજર પહોંચાડનાર જમે-ઉધારનાં પાસાં સરખાં પણ કરી શકતા નથી એવું ઘણીવાર જોવામાં આવે છે તે અગાઉ ઉત્પન્ન કરી રાખેલ શુભ-સંચયના ખુલાસાને જ માગી રહેલ છે.

ધર્મ સર્વ પ્રકારના હિત માટે પ્રયત્ન કરનાર છે તેટલું જ નહિ પણ એ સર્વ અર્થ-ઇચ્છિત વસ્તુ અને સિદ્ધિને આપનાર છે. અહીં જે વસ્તુની ઇચ્છા થાય તે મળી

આવે તે કાંઇ આકસ્મિક નથી. ઘણા પ્રાણીને મોદક ખાવાનું મન થાય પણ લોટ હોય તો ઘી હોતું નથી અને બન્ને હોય તો ગોળ કે સાકરનો જોગ બાતો નથી. ઇષ્ટ ઋદ્ધિ-સિદ્ધિ એ ધર્મના પ્રતાપે જ પ્રાપ્ય છે. પોતાની શક્તિ ઉપર જ ગણતરી કરનાર અનેક વખતે ખોટા પડતા આપણે દરરોજ જોઈ એ છીએ.

એવી જ રીતે આ ભવમાં અને પરભવમાં ઇષ્ટ સ્વર્ગને આપનાર પણ ધર્મ જ છે. વૈભવ, વિલાસ આનંદ ઇચ્છનાર સ્વર્ગ ઇચ્છે છે, ત્યાગી મોક્ષ ઇચ્છે છે. પરંપરાએ મોક્ષ અપાવનાર ધર્મ જ છે. ત્યાં પુણ્યપ્રકૃતિનો નાશ કરવો પડે છે, પરંતુ તે રસ્તાની પ્રાપ્તિ માટે અનુકૂળતા કરી આપનાર તરીકે આપણે ધર્મને ગણી શકીએ.

ન ઇચ્છવાજોગ આપત્તિનો-ઉપાધિથી ભરેલા વિકટ અને અનિષ્ટ પ્રસંગોનો આ સંસારમાં પાર નથી. પૈસા ખોઇ બેસવા, પુત્ર-સ્ત્રીનાં મરણ, શરીરને વ્યાધિ, કોઈ સાથે અણબનાવ, અપકીર્તિ વગેરે અનર્થના અનેક પ્રસંગો વારંવાર બની રહેતા જોવામાં આવે છે. ધર્મ આવા અનર્થના પ્રસંગોને દૂર રાખે છે, એવી પીડા આવવા દેતો નથી અને અંધારી રાત્રે બચાવ કરે છે. પુત્રી કે પુત્રવધૂનું વૈધવ્ય, માનસિક મૂંઝવણો વગેરે અનર્થોને એ અટકાવી દે છે. કદાચ કોઇ પાપકર્મના યોગથી એવી કદર્થના આવી પડે તો તેને સહન કરવાનું ધર્મ સામર્થ્ય આપે છે.

આવી રીતે સચરાચર જગતને ધર્મ ઉજ્જવળ બનાવે છે, આ ભવ, પરભવમાં હિત કરીને અર્થસિદ્ધિ કરી આપે છે અને અનર્થની કદર્થનાને તદ્દન નકામી બનાવી દે છે. તેવા મહાદયાવાળા-કારુણિક ધર્મને આપણા અનેકવાર પ્રણામ હો !

ધર્મ વૈભવ અને મહામાંગલિકમાળા વિસ્તારી આનંદ પૂરે છે. ધર્મ આચરનારની આવડત, વિવેક અને વીર્યોલ્લાસ પ્રમાણે તેની પ્રગતિ કરી આપે છે. એ પુણ્ય-પ્રાગ્ભારને દર્શાવનાર ધર્મરાજને નમસ્કાર છે ! એને નમસ્કાર છે એટલે એનું મૂલ્ય સમજી એને એ સ્વરૂપે ઓળખવાનું છે અને એની જમે પૂંજી ખવાઈ ન જાય એ ધ્યાનમાં રાખી, એમાં પ્રતિદિન વધારો કરવાનો નિર્ણય કરવા યોગ્ય છે. ખાલી મસ્તક નમાવવાથી વાસ્તવિક પ્રણામ ન થાય, માટે આદર-સ્વીકાર આચરણયુક્ત પ્રણામ કરવો. તેથી જ સાદો પ્રણામ ન લખતાં ઉપાધ્યાયશ્રીએ 'ભક્તિપ્રણામ' શબ્દનો ઉપયોગ કર્યો છે. 'ભક્તિ'માં આંતર પ્રેમ, શ્રદ્ધા અને ઉમળકાનો સમાવેશ થઈ જાય છે.

છ ૭. ધર્મ એટલે સારું ચારિત્ર – ઉત્તમ વર્તન. એનાથી બાંધેલ શુભ કર્મ આ દુનિયામાં અનેક પ્રકારના લાભો આપે છે અને વ્યવહારુ પ્રાણીને આનંદ આપે છે. એ ધર્મ કલ્પવૃક્ષ છે. ધર્મકલ્પવૃક્ષથી કેવી કેવી વસ્તુઓ મળે છે તેની થોડી વાનગીઓ બતાવીએ. ધર્મના પ્રભાવથી નીચેની વસ્તુઓ મળે છે, તેથી તેમાંની કોઇ પણ વસ્તુ મળે ત્યારે એને પૂર્વ શુભ કર્મનો ઉદય – પૂર્વે આચરેલ ધર્મનું ફળ સમજવું. સમાન અભ્યાસ તેમ જ આવડતવાળાની

સુખસગવડોમાં આ પુણ્યપ્રાગ્‌ભારના ફેરફારથી તફાવત પડે છે. બાકી, કરેલ ક્રિયાનો નાશ થતો નથી અને ન કરેલ કાંઈ આવી પડતું નથી.

ધર્મથી એકછત્ર રાજ્ય મળે છે, ચક્રવર્તીની પદવી પ્રાપ્ત થાય છે, સાર્વભૌમત્વ ધર્મ(પુણ્ય)ની પ્રબળતાથી મળે છે.

ધર્મથી રૂપવતી, સુશીલ, પ્રેમાળ પત્નીનો યોગ થાય છે. એ આજીવન પતિસેવા કરે છે અને પતિ-પરાયણા રહે છે. પતિની સગવડ જાળવવામાં એને જીવન-સાર્થકય જણાય છે અને પોતાના ક્ષેત્રમાં એ ગૃહ-સામ્રાજ્ઞી બની રહે છે. સુકુલીન નારી પ્રાપ્ત થવી એ પુણ્યરાશિની વિપુલતા સૂચવે છે.

ધર્મથી દીકરાને ઘેર દીકરા થાય છે અને દીકરાઓ પણ પિતાના નામને સાર્થક કરનાર, પિતાની આબરૂમાં વધારો કરનાર અને સર્વ પ્રકારે યોગ્ય તેમ જ વિનયી થાય છે. વ્યવહારુ નજરે દીકરાને ત્યાં દીકરા થવા એ ભાગ્યની નિશાની ગણાય છે.

ધર્મથી અન્યને રુચે-ગમે તેવું રૂપ પ્રાપ્ત થાય છે. સારું રૂપ એ ખાસ લાભ છે. માણસો અંતરના ગુણ તો પરિચયે જાણે, પણ આકર્ષક આકૃતિ દુનિયામાં ઘણીવાર બહુ કાર્યસાધક નીવડે છે.

સુંદર કાવ્ય કરવાનું ચાતુર્ય ધર્મથી પ્રાપ્ત થાય છે. કવિ બનાવી શકાતા નથી, એ જન્મે જ છે; સુંદર કવિની સર્જકશક્તિ નૈસર્ગિક જ હોય છે. એ 'નૈસર્ગિક' શબ્દ જ પૂર્વનું સુકૃત્ય સૂચવે છે. મહામહેનતે નિપજાવેલ કાવ્ય ઉપર કોઈ નજરસરખી પણ નાખતું નથી; જ્યારે ચાલતાં ચાલતાં બનાવેલ કાવ્યો લોકપ્રિય થાય છે અને વર્ષો સુધી લોકરુચિને પોષે છે. એ શક્તિ ક્ષયોપશમ વગર આવતી નથી અને એ ક્ષયોપશમ તે જ પુણ્ય; તે જ ધર્મ.

સુસ્વર પ્રાપ્ત થવો એ પણ ધર્મનો પ્રભાવ છે. કંઠમાધુર્ય, સભાને રીઝવવાની વ્યાખ્યાન શક્તિ, મોટી પરિષદમાં-મેળાવડામાં આકર્ષક ભાષણ કરવાની શૈલી અને લોક-રુચિ જગાડે તેવો સ્વર પ્રાપ્ત થવો એ સુસ્વર નામકર્મના ઉદયથી બને છે. તાલ, સુરસહિત મધુર ગાયનશક્તિ પણ આ જ વિભાગમાં આવે છે. એ ૪૨ પુણ્યપ્રકૃતિ પૈકીની એક પ્રકૃતિ છે, એ ધર્મકલ્પવૃક્ષની ફળપરિણતિ છે.

શરીરે નીરોગી થવું એ ધર્મનું ફળ છે. સાતાવેદનીય કર્મનો ઉદય હોય તો જ એની પ્રાપ્તિ થાય છે. 'પહેલું સુખ તે જાતે નર્યા.' આ દુનિયામાં શરીરવૈભવ, નીરોગી શરીર, સરખાં અંગોપાંગો અને ઘાટવાળું શરીર મળવું એમાં નિર્માણ નામકર્મનો મહિમા પણ છે. તજ્જનક પુણ્યકર્મબંધન પૂર્વે કર્યું હતું, એનો એ વિપાક છે.

ગુણનો પરિચય : સદ્‌ગુણની ઓળખાણ એટલે કે ઉદારતા, ગંભીરતા, નમ્રતા, વત્સલતા આદિ જોઈ તેને સમજવા અને તેનાથી રાજી થવું. આ વિષય પર ચૌદમી પ્રમોદ ભાવના આવવાની છે તેથી અત્ર વધારે વિવેચન ન કરીએ; પણ એ સ્થિતિ ધર્મના પ્રતાપે જ પ્રાપ્ત થાય છે તે સમજીએ,

સૌજન્ય : સજ્જનતા જેને 'જેન્ટલમેન' કહે છે તેના ગુણોનો નૈસર્ગિક પ્રવાહ

અથવા સારા માણસ સાથે પરિચય. આ મૈત્રીભાવનાનો વિષય છે. એ પર તેરમી ભાવનામાં વિવેચન થશે. એ પુણ્ય-ફળ-પરિણતિ છે. સજ્જન થવું, સજ્જન-સંગતિ થવી એ સર્વ ધર્મકલ્પદ્રુમનાં ફળો છે.

સુબુદ્ધિ : સન્મતિ, સત્યાસત્ય, હિતાહિત પારખવાની શક્તિ, વિવેક. આ સદ્બુદ્ધિ એ મતિજ્ઞાનનો વિષય છે અને ખૂબ આહ્લાદ ઉપજાવે તેવાં પરિણામો નિપજાવી સાચો રસ્તો બતાવનાર છે. संदेहे सताम् अन्तःकरणस्य प्रवृत्तयः प्रमाणम्। સંદેહવાળી વસ્તુઓમાં સંત-પુરુષોના અંતઃકરણની પ્રવૃત્તિઓ પ્રમાણભૂત મનાય છે; પણ એવું પ્રમાણત્વ લાવવા માટે અંતઃ-કરણ શુદ્ધ જોઈએ અને વિચારક સંત હોવા જોઈએ. એ કચારે થાય ? તે અન્યત્ર વિચારવામાં આવ્યું છે. (જુઓ મારો સૌજન્ય પરનો લેખ.) અત્ર એની સદ્બુદ્ધિની પ્રાપ્તિ એ ધર્મ-કલ્પવૃક્ષનું ફળ છે એ નિર્દિષ્ટ કરવાનું છે. આ શ્લોકમાં દશ વસ્તુઓ ગણાવી છે તે ગણી લેવી.

આવી રીતે ધર્મના પ્રભાવથી અનેક સગવડો, સુખો, વૈભવો, આનંદો, વિલાસો મળે છે. સારા કુળમાં જન્મ થવો, સર્વ ઇંદ્રિય અનુકૂળ હોવી, શરીરવૈભવ સારો હોવો, બુદ્ધિશક્તિ, ગ્રહણશક્તિ, તુલનાશક્તિ સારી હોવી, મગજ ચોખ્ખું હોવું, કૌટુંબિક જનોની અનુકૂળતા હોવી, ખાવાપીવાના પદાર્થોની વિપુળતા હોવી, સારા શહેરમાં વાસ હોવો, સત્સંગતિ હોવી, ચર્ચા-વાર્તા ઉન્નત જ થતી હોય તેવા પ્રસંગમાં રહેવાનું થવું, આદેયવચન થવું, કીર્તિ થવી, યશ થવો વગેરે અનેક અનુકૂળતાઓ ધર્મના પ્રભાવથી મળે છે. આ પત્રકમાં બીજી સેંકડો બાબતો ઉમેરી શકાય તેમ છે તે સર્વ સમુચ્ચયે અને વ્યક્તિગત સમજી લેવી.

અત્યારે આપણને અનેક અનુકૂળતાઓ મળી છે, પરંતુ જરૂરી વસ્તુઓ કે અનુકૂળતાઓ મળી હોય ત્યારે તેની વાસ્તવિક કિંમત બહુ ઓછાને થાય છે. એ વાતને બાજુ પર રાખીએ તો પણ જે ધર્મના પ્રભાવથી મળ્યું છે તેનાથી ઘણું કરી શકાય તેમ છે. ધર્મનો મહિમા બતાવતાં આવું આવું અનેક ધર્મથી મળે છે તે બતાવવાનો અત્ર આશય છે. એ વસ્તુઓમાં રાચી જવું અને તેથી વધારે થતો આત્મવિકાસ અટકાવવો એ ઉચિત છે કે નહિ તે અત્ર પ્રસ્તુત નથી. જો પુણ્યાનુબંધી પુણ્ય હોય તો તેનો ઉદય ભોગવતાં વિશેષ પુણ્યબંધ કરાવે છે અને પાપાનુબંધી પુણ્ય હોય તો તે ભોગવતાં પાપ બંધાવીને ઘોર પરિણામ નિપજાવે છે. પુણ્ય લઈને આવેલા ચક્રવર્તીઓ સાતમી નરકે પણ ગયા છે તે ધ્યાનમાં રાખવું. એ સર્વ આ ભાવનાનો વિષય નથી. આ ભાવના તો એક જ વાત બતાવે છે, કે જુઓ ! ધર્મથી વ્યવહારુ માણસો પસંદ કરે તેવી પણ અનેક સગવડો મળે છે. મતલબ : એ સગવડમાં રાચી જવું એ કહેવાનો અત્ર આશય નથી, પણ ધર્મની આદેયતા બતાવવાનો જ ઉદ્દેશ છે.

એક વાત યાદ રાખવી જરૂરની છે અને તે એ છે કે ધર્મ સ્વર્ગ પણ આપે છે અને ધર્મ પરંપરાએ મોક્ષ પણ આપે છે. સ્વર્ગનાં સુખ અનુપમ છે અને દીર્ઘકાળનાં છે, પણ અંતે પુણ્યરાશિ પૂરો થતાં ત્યાંથી પતન થાય છે. મોક્ષનાં સુખ અનંત છે અને નિરવધિ છે. ધર્મકલ્પદ્રુમનાં આવાં આવાં ઉત્તમ ફળો છે તેમાંનાં કેટલાં બતાવી શકાય ? આ દશ પ્રકાર ઉપરાંત ધર્મ શું શું આપે છે તે અષ્ટકના સાતમા શ્લોકથી વિચારી લેવું. ત્યાં અંતિમ સાધ્ય બતાવ્યું છે તે ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

ધર્મભાવના : : ગેયાષ્ટકપરિચય

ધ્રુવપદ : ધર્મની વ્યાખ્યા કરતાં શ્રી દશવૈકાલિક સૂત્રની ટીકામાં આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે **दुर्गतिपतनात् धारयतीति धर्मः** એટલે દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારી રાખે તે ધર્મ. તેઓ ધર્મની જે વ્યાખ્યા કરે છે તે શુભ અનુષ્ઠાન અને સંયમમાં આવી જાય છે. અહિંસા, સંયમ અને તપ એ ત્રણ શબ્દમાં ધર્મની કુલ બાબતો આવી જાય છે. એ ઉત્કૃષ્ટ મંગળ છે, જાતે મંગળમય છે અને પ્રાણીને મંગળ-મય બનાવે છે. પ્રાંતે મનુષ્યને દેવ બનાવી પરમાત્મપદ પ્રાપ્ત કરાવનાર પણ ધર્મ છે. આવા ધર્મ ઉપર જેનું મન નિરંતર રહે છે તેને દેવતાઓ પણ નમે છે. દેવતાઓ નમે એમાં કાંઈ નવાઈ નથી. કારણ કે અહિંસા, સંયમ અને તપ એમાં જ ધર્મનું સર્વ તત્ત્વ સમાયેલું હોવાથી તે સર્વ ઇષ્ટ-સિદ્ધિ-પ્રદ છે.

આવા ધર્મને શ્રી વીતરાગદેવે પ્રકાશ્યો છે, ઉદ્ઘોષ્યો છે અને ગણધરોએ સૂત્રોમાં ગૂંથ્યો છે. એમાં પરસ્પર વિરોધ નથી, એમાં આત્માનું સ્થાન અપૂર્વ છે. એમાં અપેક્ષાવાદ સર્વ મતમતાંતરોને અંશસત્યનું મહાસ્થાન અપાવે છે. એમાંનો પ્રમાણવાદ સત્યોને કેંદ્રસ્થ કરે છે, એનો સ્યાદ્વાદ અનેક દૃષ્ટિબિંદુઓને સ્થાન આપે છે, એનો કર્મવાદ, ગુણસ્થાનક્રમા-રોહ, નિગોદનો સિદ્ધાન્ત અને વિકાસવાદનાં સૂત્રો અપ્રતિહત છે. ધર્મની પરીક્ષા સુવર્ણની પેઠે ચાર પ્રકારે કરવાની છે : સોનાને કસોટી પર ઘસવામાં આવે એ પ્રથમ પરીક્ષા (નિઘર્ષણ), એના પર કાપ મૂકવામાં આવે તે બીજી પરીક્ષા (છેદ), એને અગ્નિમાં ગરમ કરવામાં આવે તે ત્રીજી પરીક્ષા (તાપ); એને હથોડીથી ટીપવામાં આવે તે ચોથી પરીક્ષા (તાડન). સોનાની પરીક્ષા આ ચાર રીતે થાય છે. તેમ ધર્મની પરીક્ષામાં પણ ચાર બાબતો જોવાની હોય છે : (૧) એનો ઉપદેશક વર્ગ કેવો છે ? એનું વર્તન-ચારિત્ર કેવું છે ? એ પ્રથમ. (૨) એનું જ્ઞાન કેવું છે ? એમાં પરસ્પર વિરોધ છે કે નહિ ? તે દ્વિતીય. (૩) એ ધર્મમાં આચાર કેવો બતાવ્યો છે ? તે તૃતીય. (૪) અને તેનો યોગ સમાધિમાર્ગ કેવો છે ? તે ચતુર્થ. ચાર પ્રકારની પરીક્ષા પર આચાર્ય શ્રી હરિભદ્રસૂરિના અષ્ટકની પ્રથમ શ્લોકની ટીકામાં ખૂબ વિસ્તારથી વર્ણન છે તે વિચારવા યોગ્ય છે. આ સંબંધી પ્રચલિત કાવ્ય યાદ કરવા જેવું છે :

यथा चतुर्भिः कनकं परीक्ष्यते, निघर्षणच्छेदनतापताडनैः ।
तथा च धर्मो विशदोपदेशकैः श्रुतेन शीलेन समाधिभावतः ॥

આનો આશય ઉપર સ્પષ્ટ કહેવાઈ ગયો છે. એના ઉપદેશકો ભવભીરુ છે, એના પ્રણેતાઓ ત્યાગી છે, એનો ઇતિહાસ ઝળકતો છે અને એમાં મોટા વિભાગના ભેદો તદ્દન સામાન્ય અને બુદ્ધિગમ્ય હોવા છતાં કાળબળે ઉગ્ર રૂપ ધરી રહ્યા છે; પણ એના મૂળ મુદ્દામાં તફાવત જરા પણ નથી. સાધનધર્મોના તફાવતોને વચગાળાના વખતમાં અઘટિત મહત્ત્વ

અપાયું છે એ દુર્ભાગ્યનો વિષય છે, પણ એના મૂળ મુદ્દાઓ તો આખા ઐતિહાસિક કાળમાં અવિચ્છિન્ન પ્રવાહરૂપે વગર તકરારે એક રૂપે જ ચાલુ રહ્યા છે. આવા ધર્મને–આત્મસ્વરૂપ પ્રકાશનાર ધર્મને–સર્વ ધર્મોને સમજનાર ધર્મને ઉદ્દેશીને ઉપાધ્યાય શ્રી કહે છે કે 'હે ધર્મ ! મારું રક્ષણ કર, રક્ષણ કર. મારો ઉદ્ધાર કર, ઉદ્ધાર કર. મને આ સંસારના ચક્રાવામાંથી ખસેડી મોક્ષમંદિરમાં લઈ જા અને હંમેશને માટે મને આનંદ થાય તેમ કર.' એ ધર્મ કેવો છે ? તેને માટે આ ધ્રુવપદમાં સાત વિશેષણો વાપર્યાં છે. તે પ્રત્યેક બહુ સુંદર છે. આગળ પણ બીજાં સંબોધનો આવવાનાં છે. કુલ બાર વિશેષણો ને સંબોધનો છે. આપણે આ મહાન ધર્મને ઉદ્દેશીને કહેલાં સંબોધનરૂપ વિશેષણો વિચારી જઈ એ :—

(ક) **'मंगलकमलाकेलिनिकेतन'** દરેક સંબોધન ધર્મને ઉદ્દેશીને છે. હે મંગળકમળાકેલિનિકેતન ! એ પ્રથમ સંબોધન છે. મંગળ એટલે આનંદમહોત્સવ, ઇષ્ટપ્રાપ્તિના હેતુઓ. આ મંગળ શબ્દની વ્યાખ્યા પર શ્રી દશવૈકાલિકસૂત્રની ટીકામાં તથા શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં અને આચાર્ય શ્રી હરિભદ્રસૂરિએ કરેલી વૃત્તિમાં એના નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એ પ્રમાણે ચાર વિભાગ પાડી ખૂબ વિવેચન કર્યું છે. આપણે સ્થળસંકોચને કારણે એ વિવેચનમાં ન ઊતરી શકીએ. ધર્મ સદા માંગલિક છે, ઇચ્છિત વસ્તુને આપવાનો હેતુ છે અને તારણહાર છે.

ધર્મ મંગળરૂપ એ કમળા–લક્ષ્મીને ક્રીડા કરવાનું મંદિર છે. મતલબ : ધર્મ મંગળલક્ષ્મીનું ક્રીડાસ્થાન છે. ધર્મ સદા માંગલિક હોઈ એ જ્યાં હોય ત્યાં મંગળલક્ષ્મી ક્રીડા કરે છે ત્યાં લીલાલહેર થાય છે અને સદા આનંદ વર્તે છે. એવા એ મંગળકમલાના ક્રીડામંદિર ધર્મ, તું મારો ઉદ્ધાર કર. આ યોજના સર્વ સંબોધનોમાં કરવી.

(ખ) **'करुणाकेतन'** ધર્મનો વાવટો. કરુણાનો છે. સર્વ જીવો પર દયાભાવ, અભયભાવના એ ધર્મ છે. ધર્મના મંદિર ઉપર કરુણાનો સફેદ ઝંડો નિરંતર ઊડે છે. એના મંદિરમાં જે આવે તે નિર્ભય થઈ જાય છે. તીર્થંકરનાં ચાર મોટાં ઉપનામોમાં એક 'મહામાહણ' ઉપનામ છે. એના ધર્મચક્રમાં કરુણાનો ઉલ્લેખ વ્યક્ત થાય છે. હે કરુણાકેતન ધર્મ ! મને પાળ, મને પાળ.

(ગ) 'ધીર' અવિચલિત, મજબૂત. સમુદ્રને 'ધીર'નું ઉપનામ અપાય છે. વિશિષ્ટ નાયક ધીર અને વીર હોય છે. પરોપકારપરાયણ એકચિત્તવાળાને 'ધીર' કહેવામાં આવે છે. ધર્મમાં વિશિષ્ટ વિવેક અને વિચક્ષણતા હોય છે. એ સર્વ 'ધીર' શબ્દથી અનુદર્શિત છે. હે વીર ધર્મ ! મારું રક્ષણ કર, રક્ષણ કર.

(ઘ) **'शिवसुखसाधन'** મોક્ષરૂપ મહાઆનંદ આપવામાં પ્રવીણ ધર્મ બરાબર સાધ્યો હોય તો તે પરંપરાએ મોક્ષ આપવાનું સાધન બને છે. આ દૃષ્ટિએ ધર્મ પર અગાઉ વિવેચન થઈ ગયું છે.

(ङ) 'भवभयबाधन' સંસારમાં અહીંથી તહીં ફુટાવું, એક ખાડામાંથી બીજામાં પડવું એમ ઉત્તરોત્તર ચલાવવું. જન્મમરણની જંજાળોમાં પડવું, ઘર માંડવાં અને ઉપાડવાં, સંયોગ-વિયોગનાં દુઃખ ખમવાં, ઘડપણની આપત્તિઓ સહવી — આ સર્વ ભયોને અટકાવનાર ધર્મ છે. એ ચક્રભ્રમણનો છેડો આણનાર છે અને ભયથી મુકાવનાર છે. આવા ભયને અટકાવનાર ધર્મની વિનય (ગ્રંથકર્તા) પ્રાર્થના કરે છે.

(च) 'जगदाधार' હે જગતના આધાર ! ત્રણ ભુવનના જે પ્રાણીઓ તારો આશરો લે તેને ટેકો આપનાર ! આશ્રયે આવનારને ધર્મ કદી લાત મારતો નથી કે નિરાશ કરતો નથી. એ શરણાગતનો વત્સલ છે, માત-પિતાની પેઠે પ્રેમથી આશ્રય આપનાર છે અને જ્યારે સર્વ દિશાઓ શૂન્ય દેખાય ત્યારે ધર્મ કાળી રાતનો હોંકારો છે. હે જગતના આધાર ધર્મ ! મને આશરો આપ, મને તારી હૂંફમાં લે અને મને બચાવ !

(छ) 'गंभीर' સમુદ્ર જેવો વિશાળ. સર્વનો રક્ષક, પાલક, પોષક અને સર્વગ્રાહી ધર્મ છે. એવા હે ધર્મ ! તું મને તાર.

આ સાતે વિશેષણોમાં વિલક્ષણ ચમત્કાર છે. પ્રત્યેકમાં એક એક વિશિષ્ટતા તો ખાસ વિચારવા યોગ્ય છે. क ધર્મનું મંગળ સ્વરૂપ રજૂ કરે છે ख એનું કરુણાસ્વરૂપ ચર્ચે છે, ग અવિચળ સ્વરૂપ બતાવે છે, घ એનું સાધ્ય (લક્ષ્ય) બતાવે છે, ङ એનું નકારાત્મક સ્વરૂપ બતાવે છે. च એનો આધારરૂપ પ્રકાર દર્શાવે છે અને छ એની વિશાળતા સૂચવે છે.

આવો મહાન વિશાળ ધર્મ છે. એ પ્રાણીને સર્વથા જાગૃત રહી સહાય કરે છે અને એનાથી સદા માંગળિકમાળા વિસ્તરે છે. જે ધર્મ આવો હોય, જે ધર્મના પ્રણેતા રાગદ્વેષથી મુક્ત હોય, જેને ઇહલોકની પ્રશંસા ઇષ્ટ ન હોય, જે ધર્મના સ્વરૂપલેખનમાં પરસ્પર વિરોધ ન હોય એ ધર્મનો આશ્રય કરવો, એ ધર્મને તારણહાર સમજવો અને એને જીવન અર્પવું. એમાં અમુક વેશનો આગ્રહ ન હોય, અમુક ક્રિયાનો આગ્રહ ન હોય, અમુક પદ્ધતિનો પરાણે સ્વીકાર ન હોય; પણ કેવળ જ્ઞાનચક્ષુ ઉઘાડાં રાખવાનો આગ્રહ હોય, વિવેક-ચાતુર્ય દર્શાવવા વિજ્ઞપ્તિ હોય, પરીક્ષા કરવાની આમંત્રણા હોય, ઉપરના સાતે ગુણો જે ધર્મ ધરાવતો હોય તેની પાસે શિર ઝુકાવવું, એને શરણે જવું અને એની દ્વારા સાધ્યે પહોંચવું. હે ધર્મ ! તું મારો ઉદ્ધાર કર અને આ ભવ-જંજાળમાંથી મને છોડાવ ! આ આખું ધ્રુવ-પદ પ્રત્યેક ગાથાની પછવાડે જરૂર બોલવું. રાગ જાણીતો અને મસ્ત છે. વિવેચન વિશેષ કરવાની આવશ્યકતા હવે નહિ રહે. ઉદ્દેશ અત્યાર સુધીમાં બનતી રીતે સ્પષ્ટ થઈ ગયો છે.

૧. વરસાદનું મંડળ પૃથ્વી ઉપર અમૃત જેવું જળસિંચન કરી પૃથ્વીને નવપલ્લવિત કરે છે. સૂર્ય, ચંદ્ર ઉદય પામી પોતાનો ધર્મ બજાવે છે. આ ધર્મનો પ્રભાવ છે. વસ્તુ-સ્વભાવ એ ધર્મ છે. વરસાદનો ધર્મ વરસવાનો છે. સૂર્ય-ચંદ્રનો ધર્મ ઊગવાનો અને ગરમી આપવાનો તથા શાંતિ આપવાનો છે. આ બાબત પર વિવેચન ૧ શ્લોકમાં થઈ

ગયું છે. આ ગ્રંથના ટીકાકાર સ્વર્ગસ્થ પં૦ ગંભીરવિજયજી કહે છે કે ૧૧ શ્લોકમાં ઉપદેશ છે અને અહીં સ્તુતિ છે તેથી પુનરુક્તિદોષ થતો નથી. વૈરાગ્યમાં પુનરુક્તિદોષ લાગતો નથી એવો શ્રી ઉમાસ્વાતિ વાચકનો પ્રશમરતિમાં અભિપ્રાય છે (જુઓ : સદરહુ ગ્રંથનો શ્લોક ૧૩-૧૪મો), જેથી પુનરુક્તિ જેવું લાગે તો મારી માન્યતાનુસાર તેમાં વાંધો હોઈ શકે નહિ. અર્થ સ્પષ્ટ છે, વિવેચન આવશ્યક છે.

૨. આ પૃથ્વી કોઈના પણ ટેકા વગર અદ્ધર રહેલી છે, એવી જે વિશ્વસ્થિતિ છે તે તેનો સ્વભાવ છે. આ વસ્તુસ્વભાવમાં અનેક કારણો છે તેની અત્ર ચર્ચા અસ્થાને છે. જે સ્થિતિ છે તે સમજવી અને તેનો તે સ્વભાવ સ્વીકારવો એમાં આનંદ છે. આવા ધર્મને વિનયપૂર્વક-આદરપૂર્વક સેવવો એટલે સમજવો. વસ્તુસ્વરૂપ સમજવાની આવશ્યકતા અત્ર ખાસ બતાવી છે. એનાં સાધનો ઉપસ્થિત કરી અભ્યાસ કરવો અને વસ્તુસ્વભાવને ઓળખવો એ અતિ આહ્લાદનો વિષય છે. આ રીતે વસ્તુસ્વરૂપ સમજવાની ભલામણ કરી એક પ્રકારનો અર્થનો ઉપયોગ બતાવ્યો. હવે ધર્મને બીજા આકારમાં બતાવે છે.

૩. દુર્ગતિમાં પડતા પ્રાણીને ધારણ કરી રાખે-ટેકો આપે તે ધર્મ. આ 'ધર્મ' શબ્દનો વ્યુત્પત્તિથી થતો અર્થ છે. આવા ધર્મનું જે પ્રાણીઓ શરણ કરે એટલે તેને આશ્રયે જાય અને જે એનું સ્મરણ કરે એટલે એનું અનુશીલન કરે તેને આ ભવમાં શું થાય તે આગળ કહે છે. શરણ હંમેશાં રાજાનું અથવા મોટા સ્થાનવાળાનું થાય છે. સ્મરણ સદા પ્રિય વસ્તુનું થાય છે. અહીં ભાવ એ જણાય છે કે જે પ્રાણી ધર્મનું સામ્રાજ્ય પોતા પર સ્વીકારે છે અને વારંવાર એને પ્રિય વસ્તુ તરીકે યાદ કરે છે, તેને જે પ્રાપ્ત થાય તે હવે કહેશે.

એ ધર્મનાં ચાર મુખ છે : દાન, શીલ, તપ અને ભાવ. એ ચારે વિભાગ પર પ્રથમ શ્લોક (પરિચય, ક)માં વિવેચન થઈ ગયું છે. આ ચારે મુખથી અથવા ચાર પૈકીના એક અથવા વધારે મુખથી જે ધર્મ પ્રાણીને કૃતાર્થ કરે છે તે શું કરે છે તે હવે કહેવાનું છે. પ્રાણી દાનપરાયણ અથવા તો ત્યાગશીલ હોય, શિયળ-બ્રહ્મચર્ય પાળનાર તપ કરનાર હોય અને ભાવનાશીલ હોય, અથવા એ પૈકી બને તેટલા ધર્મના પ્રકારનું શરણ અથવા સ્મરણ કરતો હોય—મતલબ કે, દાની, બ્રહ્મચારી, તપસ્વી અને ભાવિતાત્મા હોય તેને અનેક લાભો પરભવમાં મળે છે અને એને થતા લાભોની પરંપરાનો પાર નથી.

એ ઉપરાંત આ ભવમાં પ્રાણીના ભય અને શોક ધર્મને દૂર કરી નાખે છે. ભયવાન્ પ્રાણીને હાલતાં-ચાલતાં ભય ચિંતા રહે છે, એથી એને આત્મવિશ્વાસ કદી આવતો નથી અને ભયવાળા માણસો અસ્થિર મને સંતાતા ફરે છે. આજીવિકાભય, ચોરભય, કીર્તિનાશ ભય વગેરે પાર વગરના ભયો પ્રાણીને નિર્માલ્ય-હીનસત્ત્વ બનાવે છે અને એ અકિંચિત્કર થઈ અંતે કાંઈ કર્યા વગર ચાલ્યો જાય છે. પ્રગતિ કરનારે નિર્ભય વૃત્તિ ખાસ કેળવવી પડે છે અને ધર્મ એ વૃત્તિને જરૂર ઉત્પન્ન કરે છે. શોક તો પ્રાણીને કાંઈ સૂઝવા જ

દેતો નથી. આખો વખત મન પર વિષાદ, ચિંતા અને પરિતાપ થાય, પરિણામે નિઃસાસા મુકાય અને રડવું આવે. આ અતિ વિચિત્ર જીવનક્રમ કદી પસંદ ન આવે તેમાં નવાઈ નથી.

ધર્મમાં એવી શક્તિ છે કે એનું શરણ, સ્મરણ કરે તેને આ ભવમાં શોક અને ભયથી મુક્ત કરે છે. પ્રેમ અને શ્રદ્ધાથી ધર્મ કરનારને તમે જોશો તો એનો આત્મવિશ્વાસ ઘણો ભારે હશે અને એ કદી ગભરાશે કે ડરી જશે નહિ અને શોકથી વિહ્વળ પણ થશે નહિ.

ભવિ એટલે ભવ્ય પ્રાણી, યોગ્ય સામગ્રી મળી જાય તો મોક્ષમાં જવાની યોગ્યતાવાળો જીવ. જે ભવ્ય પ્રાણીઓ ઉપર પ્રમાણે વર્તન કરે છે તેના શોક, ભય આ ભવમાં ચાલ્યા જાય છે અને તે દૂર કરનાર ધર્મ છે. સર્વ ભવ્ય પ્રાણીઓ મોક્ષે જવાના જ છે એવું નથી; સામગ્રી મળે તો યોગ્યતા તેનામાં છે એટલી જ વાત છે. એટલે ભવ્યત્વનો નિર્ણય હોય તો પણ કોઈ પણ પ્રકારનો ધર્મ આદરી પ્રગતિ સાધવાની તો જરૂર રહે જ છે. ધર્મનું શરણ, સ્મરણ કરવાથી કૃતાર્થતા થાય છે એ વાત અત્ર કરી. આવો ધર્મ છે એમ જણાવી તેને સંબોધી કહે છે કે હે ધર્મ ! મારો ઉદ્ધાર કર, મારો રસ્તો સાફ કર.

૪. ધર્મના દશ પ્રકાર આપણે બીજી (ख) ગાથામાં સવિસ્તર જોઈ ગયા. એમાંના ચારનાં નામ અહીં આપે છે; ક્ષમા, સત્ય, સંતોષ, દયા વગેરે. એ ધર્મનો અતિ અગત્યનો પરિવાર છે. એ ચાર નામો પૈકી દયા એ સંયમના પેટામાં આવે છે. આ દશે યતિધર્મોનો ઘણો વિશાળ પરિવાર છે. એનું અતિ સુંદર વિવેચન શ્રી સિદ્ધર્ષિગણિએ 'ઉપમિતિભવપ્રપંચાકથા'ના ચોથા પ્રસ્તાવમાં વિસ્તારથી કર્યું છે. વિવેક-પર્વત ઉપર ચારિત્ર-ધર્મરાજ અપ્રમત્તશિખર પર વિવેકસિંહાસન પર બેસે છે ત્યારે એનો પરિવાર જોઈ હર્ષાશ્રુ આવે છે. આવો શાંત, દાંત, સ્થિર અને શંસિતવૃત્ત (પ્રશંસા કરવા યોગ્ય આચરણવાળો) પરિવાર જોઈને મનમાં એમ જરૂર થઈ આવે છે કે આવો પરિવાર આપણને પ્રાપ્ત થઈ જાય તો કામ થઈ જાય.

એમાં વધારે મજાની વાત એ છે કે એ દશ પ્રકારના યતિધર્મોનાં સગાંવહાલાં બહુ છે અને સર્વ હળીમળીને રહેનાર છે. ચિત્તવૃત્તિના નાકા પર આવેલ પ્રમત્તતા-નદીના પુલિનમાં (કિનારા પર) મોહરાજાનો મોટો મંડપ બાંધેલો છે, તેને આ આખા પરિવાર સાથે ચાલુ શત્રુતા છે. આ બન્ને પરિવારો સમજવા યોગ્ય છે, પણ એમાં ધર્મરાજ-ચારિત્રરાજનો પરિવાર જોતાં ચિત્ત ઠરી જાય તેમ છે. આવા સુંદર પરિવારવાળો ધર્મ અનેક ભવોનો નાશ કરે છે, પરિહાર કરે છે, અભાવ કરે છે. આવા ધર્મનું પાલન-રક્ષણ કરવા અત્ર વિજ્ઞપ્તિ છે.

ધ્રુવપદમાં સાત સંબોધન ધર્મનાં કહ્યાં તેમાં અત્ર એકનો વધારો કરવામાં આવ્યો છે તે નીચે પ્રમાણે :

(ज) **देवासुरनरपूजितशासन** આ ધર્મનો હુકમ દેવો – બાર દેવલોકના દેવો તથા બીજા ગ્રૈવેયક, લોકાંતિક, અનુત્તરના દેવો માને છે, ભવનપતિ, વ્યંતર, વાણવ્યંતર વગેરે અસુરો

એના શાસનને સ્વીકારે છે, મનુષ્યો એને પૂજે છે. આ સંબોધન પૂજ્યભાવ બતાવે છે. આવા ધર્મને સંબોધી કહે છે કે હે ધર્મ! મારો ઉદ્ધાર કર.

૫. 'ધર્મ બંધુહીનનો બંધુ છે.' એટલે જેને સગા-સંબંધી પરિવાર ન હોય તેને બંધુ-ભાઈ તરીકે પડખે ઊભો રહી આપત્તિના વખતમાં ટેકો આપે છે. ઉત્સવમાં, વ્યસન-(દુઃખ)માં, દુકાળમાં, યુદ્ધમાં, રાજ્યદ્વારમાં અને સ્મશાનમાં જે પડખે ઊભો રહે તે બંધુ કહેવાય :

उत्सवे व्यसने चैव, दुर्भिक्षे शत्रुविग्रहे ।
राज्यद्वारे श्मशाने च, यस्तिष्ठति स बांधवः ॥

આ જાણીતો નીતિનો શ્લોક પણ એ જ વાત જણાવે છે.

જેને કોઈનો આશરો ન હોય તેને એ આશરો, ટેકો, સહાય આપે છે. ધર્મના પ્રતાપથી અણુધારી જગ્યાએથી અને ખરે અણીને વખતે સહાય મળી આવે છે. જ્યારે સર્વ દિશાઓ શૂન્ય જણાય ત્યારે ભયંકર વાદળની અંદરના ભાગમાં એક રૂપેરી પાતળી આશાના કિરણવાળી રોશની દેખાય છે તે ધર્મ છે. એના આશ્વાસનથી પ્રાણી ટકે છે, જીવે છે; અને જીવતો નર અનેક ભદ્રો (કલ્યાણો) પ્રાપ્ત કરે છે. આવી રીતે એ અસહાયની સહાય કરનાર છે.

જે એનો ત્યાગ કરે છે તે આ અતિ જટિલ ભવાટવીમાં રખડી પડે છે અને માર્ગ ન મળવાથી ભૂલો પડી ચારે તરફ ગાંડાની માફક આંટા માર્યા કરે છે. પછી એ તિર્યંચોમાં જાય, જનાવર બને, એકેંદ્રિયમાં ચાલ્યો જાય અને એમ ઉપર-નીચે આંટા માર્યા જ કરે છે.

અત્યારના જીવનમાં ધર્મને તજનારનું અવ્યવસ્થિત, સાધ્યવિહીન જીવન વિચારવામાં આવે તો એનો પત્તો કયાં લાગશે એ જાણતાં કમકમાટી આવે તેમ છે. જ્યાં ધર્મનું હાસ્ય કરવામાં રસ પડતો હોય, ધર્માનુષ્ઠાનો નબળા મગજના આવિષ્કારો મનાતાં હોય, આત્મવિચારણાને આળસ માનવામાં આવતી હોય અને ત્યાગને નિર્બળતા ગણવામાં આવતી હોય ત્યાં દૃષ્ટિબિન્દુ જ ફરી જાય છે. આ કોટિની વ્યક્તિઓને ઉદ્દેશીને આ વિચારણા છે. જો સંસારમાં રઝળી પડવામાં જરા પણ સંકોચ કે ભવિષ્યચિંતા હોય તો ધર્મનું શરણ અતિ આવશ્યક છે.

૬. વ્યક્તિગત સુકૃત્યનાં પરિણામો જુઓ. એને ભયંકર જંગલ નગર બની જાય છે. જ્યાં સૂર્યપ્રકાશ પડતો ન હોય ત્યાં એનો ઝળહળાટ થઈ જાય છે; અને અગ્નિ જળ બની જાય છે. જળ હોય ત્યાં સ્થળ થઈ જાય છે. ઘણી વાતો શી કરવી? સર્વ ઇચ્છિત સિદ્ધિઓ ધર્મના પ્રતાપથી મળે છે. આવા ધર્મને વિજ્ઞપ્તિ કરે છે કે હે ધર્મ! મારો ઉદ્ધાર કર.

આ શ્લોકમાં કહેલી બાબતમાં કોઈને અતિશયોક્તિ લાગશે, એમાં વધારે વિચારણાને અવકાશ જરૂર છે. આલંકારિક ભાષાને એના હેતુપૂર્વક સમજાવવી ઘટે, પરંતુ પુણ્યવાન

પ્રાણીનો બરાબર અભ્યાસ કર્યા વગર આ વાત સમજાશે નહિ. ધર્મી નાના ગામડામાં જાય તો ત્યાં પણ અનેક સ્થળેથી એને ઇષ્ટ પદાર્થ મળી આવે છે અને કલ્પેલી અગવડો પણ વગર પ્રયાસે દૂર થઈ જાય છે. આ મુદ્દાને વધારે આગળ વધારવામાં આવે તો આખી કુદરત ધર્મી માણસને અનુકૂળ થતી દેખાશે. 'જ્યાં રામ ત્યાં અયોધ્યા' એ કિંવદન્તીમાં રામ જ્યાં જાય ત્યાં અયોધ્યા તેની પછવાડે જતી નથી, પણ અયોધ્યાના ભાવો એ જ્યાં જાય ત્યાં હાજરા-હજૂર થઈ જાય છે. આ હકીકતમાં સત્યાંશ લાગે તો સર્વ હકીકત મનમાં તુરત બેસે તેમ છે. ધર્મના પ્રતાપે એને દંડકારણ્યમાં અયોધ્યા થઈ હતી અને આ લેખ પણ એ જ ભૂમિ(નાશિક જેલ)માં લખતાં ધર્મનો પ્રભાવ અનેક રીતે અનુભવાય છે.

એક મજાનું વચન પ્રચલિત છે કે, **'पदे पदे निधानानि, योजने रसकुंपिका । भाग्यहीना न पश्यन्ति, बहुरत्ना वसुंधरा ॥'** 'પગલે પગલે નિધાનો ભરેલાં છે અને યોજને યોજને રસકુંપિકાઓ છે; ભાગ્યહીન જનો એને ન જોઈ શકે, બાકી વસુંધરા (પૃથ્વી) તો બહુ રત્નોને ધરનારી છે.' ભાગ્યશાળી ધૂળમાંથી પણ લાખો મેળવે છે અને હાથ પણ હલાવ્યા વિના ભંડાર ભરી દે છે. આપણા અનુભવમાં આવા અનેક દાખલાઓ આવ્યા છે. ધર્મના પ્રભાવથી આનંદ થઈ રહે છે, દુઃખ દૂર જાય છે અને ઉપાધિઓ ટળે છે. ધર્મને ઓળખવો જરૂરી છે, સમજીને કરવો આવશ્યક છે અને એની સેવા ઇષ્ટફળદાયી છે. ધર્મમાં વિવેક, સમજણ, દેશ-કાળજ્ઞતા અને અંતરના ભાવો છે. એમાં બાહ્ય ઉપાધિને સ્થાન નથી, ધાંધલ-ધમાલને સ્થાન નથી, મનનાં મનામણાંને સ્થાન નથી, ગોટાળાને સ્થાન નથી; ત્યાં નગદ ધર્મને જ સ્થાન છે. આવો ધર્મ આત્મધર્મ છે. એવો ધર્મ જંગલમાં મંગલ વર્તાવે તેમાં શી નવાઈ?

આજે મને એક ભાઈ પૂછે છે કે 'ધર્મ તો ધર્મ આપી શકે, એનાથી પૈસા, વૈભવ, સુખ જેવા સ્થૂળ લાભ મળે એ વાત બંધ બેસતી નથી.' પરંતુ ધર્મનો શો અર્થ કરવામાં આવે છે તે પર તેનો આધાર છે. માત્ર ત્યાગ એ જ ધર્મ નથી. ધર્મ તો અનેક પ્રકારે થાય છે, અનેક આકારે થાય છે અને અનેક દૃષ્ટિએ થાય છે. બાહ્ય સુખમાં પર્યવસાન માનનારને તેવાં ફળ મળે અને આત્મ-પ્રગતિના ઇચ્છુકને તે મળે. દૃષ્ટિની વિશાળતા, સાધ્યની ચોખવટ અને પુરુષાર્થની જાગૃતિ પર એના ફળ-ભેદનો આધાર રહે છે. વ્યક્તિગત નજરે આ શ્લોકમાં કહેલ સર્વ હકીકત બનવી શકય છે. દુનિયામાં બનતા બનાવો ઉઘાડી આંખે નિહાળે તે બરાબર જોઈ શકે. મોટા ભયંકર વનમાં રામને અયોધ્યા દેખાતી હતી, સીતાને અગ્નિ જળ સમાન થયો હતો. શ્રીપાળને સમુદ્ર ધરતી જેવો બન્યો હતો અને જે બનાવથી એની સર્વ ઋદ્ધિ અને પત્નીઓ નાશ પામવી જોઈએ તેને બદલે ધર્મના પ્રભાવથી એને મહાન ઋદ્ધિ અને વધારે પત્નીઓ સાંપડી હતી. ધર્મના પ્રતાપથી ઇષ્ટસિદ્ધિ મળે છે તેના દાખલા

તો પાર વગરના છે. ધન્નો, શાળિભદ્ર, સુદર્શન અને કોઈ પણ તીર્થંકરનું ચરિત્ર આ બાબતમાં પૂરતો અનુભવ આપે છે. ધર્મના પ્રભાવની આથી તે વધારે શી વાત કરવી ?

૭. હે ધર્મ ! તું આ ભવમાં ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં દશ પ્રકારનાં સુખો આપે છે. ધન મળવું તેનો આધાર પૂર્વે કરેલ ધર્મ પર છે, શરીરનું આરોગ્ય જળવાવું તેનો આધાર ધર્મ પર છે, સર્વ ઇંદ્રિયો સરખી મળવી તે પણ ધર્મ પર આધાર રાખે છે. ઘરે સંતતિ થવી તે પણ ધર્મ પર આધાર રાખે છે. એવી રીતે ઉપર છ શ્લોકમાં બતાવેલા દશે પ્રકારના વૈભવો[1] ધર્મના પ્રતાપથી મળે છે. કોઈ એમાં પોતાની બહાદુરી સમજતા હોય તો તે માત્ર એટલી જ ગણાય, કે એણે પોતે કરેલ સુકૃત્યના પ્રતાપથી આ સર્વ અનુકૂળતાઓ તેને મળી છે. અહીં ધર્મ એટલે દાન, શીલ, તપ ને ભાવરૂપ સુકૃત્યો સમજવાં.

સાથે યાદ રહેવું જોઈએ કે એ દશવિધ સુખમાં લોલુપતા થઈ જાય તો પ્રગતિ અટકી પડે છે. સગવડોનો લાભ સવિશેષ ધર્મ કરવામાં લેવો ઘટે.

ધર્મ પરભવમાં ઇંદ્રાદિ પદવી આપે છે. ધર્મના પ્રભાવથી પ્રાણી દેવ, દેવેંદ્ર, વિદ્યાધર, ચક્રવર્તી વગેરે પદ પામે છે. પ્રાણી મોટો શ્રેષ્ઠી કે સત્તાધીશ થાય એ પણ પૂર્વભવના ધર્મનો–સુકૃત્યનો પ્રભાવ છે. એમાં જો પાપાનુબંધી પુણ્ય હોય તો એનો લાભ ભોગવાઈ જાય એટલે પછી ભયંકર પતન થાય છે. આ સર્વ સ્થૂળ સુખોની વાત થઈ.

વળી ધર્મ અનુક્રમે જ્ઞાન વગેરે આત્મિક લાભો પ્રાપ્ત કરી આપી અવ્યાબાધ મોક્ષસુખ પણ આપે છે. ધર્મના પ્રભાવથી જ્ઞાનાવરણીય કર્મનો નાશ થાય છે અને એ રીતે ઉત્તરોત્તર ઘાતીકર્મોનો ક્ષય કરતાં આખરે કેવલ્યજ્ઞાન પામી, અઘાતી કર્મોને પણ ખપાવી પ્રાણી અનંતકાળને માટે મોક્ષસુખ પામે છે. હે ધર્મ ! તું આ પ્રકારે સ્થૂળ અને આત્મિક સુખ આપનાર છે. હે ધર્મ ! તું મારો ઉદ્ધાર કર, મને માર્ગ–સન્મુખ રાખ અને મારો આ ભવ-ભ્રમણનો ફેરો હંમેશને માટે મટી જાય એમ કર.

૮. ઉપસંહાર : ધર્મનાં સાત વિશેષણો–સંબોધનો ધ્રુવપદમાં આપ્યાં. એક ચોથી ગાથામાં આપ્યું. હવે એ આખા વિષયનો ઉપસંહાર કરતાં ચાર વધારે સંબોધનો આપે છે :

(અહીં સંબોધનની સંખ્યા મૂકી છે તે ધ્રુવપદ અને ચોથા શ્લોક સાથે ચાલુ છે.)

(૪) **'सर्वतंत्रनवनीत'** તંત્ર એટલે ઉપાય અથવા ધર્મશાસ્ત્ર. એ સર્વનો સરવાળો કરી એમાંથી સાર કાઢતાં જે નીકળે તે નવનીત (માખણ) કહેવાય છે. ધર્મમાં તો અનેક પ્રકારના ક્રિયાકાંડો બતાવ્યા હોય છે, તે સર્વનો સાર કાઢી મુદ્દાની હકીકતો આત્મિક દૃષ્ટિએ

---

૧. આ દશ પ્રકાર શેમાં છે ? તેની શોધ કરતાં તે ઉત્તરાધ્યયનના ત્રીજા અધ્યયનમાં મળ્યા છે. આ આખા અધ્યયનનું ભાષાંતર બારમી ભાવનાના પરિચય, ક શ્લોકમાં આગળ આપ્યું છે ત્યાંથી જોઈ લેવું.

જેમાં કહી હોય તેવો ધર્મ તે સર્વતંત્રનું નવનીત છે. આ સંબોધન જૈન ધર્મના નવનીતપણાનું – પ્રાધાન્યનું સૂચક છે.

(ઞ) **'સનાતન'** ત્રિકાલાબાધિત ધર્મને સનાતન કહેવામાં આવે છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળમાં એ સદા જયવંતો વર્તે છે. 'સનાતન' શબ્દ ઉપર ઘણી ચર્ચા શક્ય છે. ધર્મના સ્વરૂપને બરાબર સમજ્યા હોઈએ તો આ શબ્દ એનું યથાયોગ્ય સ્વરૂપ રજૂ કરે છે. 'સનાતન' શબ્દ કોઈ એક મતનો વ્યાપક નથી. જે ધર્મ ત્રિકાલાબાધિત હોય તેને તે યોગ્ય રીતે લાગુ થાય છે. આ સંબોધન ધર્મનું ત્રિકાલવર્ત્તિત્વ બતાવે છે.

(ટ) **'સિદ્ધિસદનસોપાન'** મુક્તિ–મંદિરે પહોંચવાનો દાદરો. દાદરાને ચઢવાને જેમ પગથિયાં હોય છે તેમ આ ધર્મ–મંદિરમાં ગુણસ્થાનક્રમારોહ છે. પ્રાણીની પ્રગતિ થવા માંડે ત્યારે એ પાછલી ચાર દૃષ્ટિમાં આવી, તેની આખરે વેદ્ય–સંવેદ્ય પદનો અનુભવ કરે છે. ત્યાં એનો ગ્રંથિભેદ થાય છે. એ અપૂર્વકરણ કરી, સમ્યક્ત્વ પ્રાપ્ત કરી, દેશવિરતિ તેમ જ સર્વવિરતિરૂપ ગુણ મેળવતો ક્રમસર આગળ વધતો જાય છે. ત્યાં કોઈ વાર ઉપશમશ્રેણી માંડે તો પડી જાય છે. આખરે ક્ષપકશ્રેણી માંડી, કષાયો પાતળા પાડી, છેવટે તેનો વિજય કરી શુક્લધ્યાન ધ્યાવતો સયોગી અને અયોગી પદ પ્રાપ્ત કરે છે. આ મોક્ષમંદિરે પહોંચવાનો આખો ક્રમ સમજવા યોગ્ય છે. ખ્યાલમાં રહે કે આ મંદિરનું પ્રત્યેક પગથિયું ખૂબ સમજવાની જરૂર છે. અત્ર તો તેનો નિર્દેશમાત્ર જ કર્યો છે.

ઉપર જે ચોથું વિશેષણ **શિવસુખસાધન** (ઘ) આપ્યું છે તેનાથી આ તદ્દન જુદું જ વિશેષણ છે. એમાં સાધન ધર્મની મુખ્યતા છે, અહીં એના ક્રમારોહત્વનું પ્રાધાન્ય છે. બન્નેનું સાધ્ય એક જ છે, પણ આશય–નિર્દેશ તદ્દન પૃથક્ છે.

(ઠ) **'પ્રતિલંભિતશાંતસુધારસપાન'** વિનયનમ્ર પુરુષને પ્રાપ્ત થતું શાંતસુધારસનું પાન કરાવનાર ! ધર્મ ખરેખર એના ખપી જીવને શાંત અમૃતરસના ઘૂંટડા પાનાર છે. શાંતરસના ઘૂંટડાની પ્રશંસા શી કરવી ? આખા ગ્રંથમાં શાંતરસ ભરેલો છે અને તેને પ્રાપ્ત કરાવનાર સદ્ધર્મરુચિ છે. એના ઘૂંટડા ભરી ભરીને પીઓ એ જ ઉપસંહાર આ ભાવનાનો હોય. આવા સુંદર બાર વિશેષણોથી યુક્ત, પરમ પ્રશ્નથી સંબોધિત ધર્મ અનેક પ્રકારની શીતળ છાયા બતાવનાર, પ્રાપ્ત કરાવનાર અને પોષણ કરનાર છે. એવો ધર્મ છે તેને અનેક રીતે સંબોધી, ચેતનરામ કહે છે હે મંગલકમલાકેલિનિકેતન વગેરે ! મને પાળ, મારો ઉદ્ધાર કર, મને રસ્તે ચઢાવી આપ.

* * *

ધર્મભાવના ભાવતાં ઊર્મિ ઊછળી પડે તેમ છે. ધર્મભાવના ભાવવાનો ક્રમ નીચે પ્રમાણે રાખવો ઠીક લાગે છે : પ્રથમ ધર્મનું સામાન્ય સ્વરૂપ લેવું. વ્યવહારમાં ધર્મ મનાય છે તેને સમજવો. એમાં બાહ્ય ક્રિયાઓને પ્રાધાન્ય મળે છે તેનો પણ ઉપયોગ છે. બાહ્ય ક્રિયાઓ

વિશિષ્ટ આત્મધર્મનું પ્રબળ નિમિત્તકારણ હોઈ તે વીસરવા કે ઉપેક્ષવા યોગ્ય નથી. માત્ર એના જ્ઞાનનો સહયોગ કરવો અને માત્ર ક્રિયામાં પરિપૂર્ણતા માની ન લેવી. જ્યાં સુધી સાધન-ધર્મો સાધનની મર્યાદામાં રહે છે ત્યાં સુધી એની ઉપયુક્તતા છે અને જરૂર છે. જ્યારે એ સાધન મટીને સાધ્ય બની જાય છે ત્યારે ઘણી વખત એ મમત્વ અથવા આગ્રહનું રૂપ લે છે. આટલી બાબત ધ્યાનમાં રહે તો નાનામાં નાની ક્રિયાની પણ ઉપેક્ષા કરવા યોગ્ય નથી એમ જણાશે; પણ એને માટે ઝગડા ન હોય. સાધનધર્મોના ઝગડા થાય ત્યારે સાધ્યધર્મનું વસ્તુતઃ સ્વરૂપ સમજવામાં આવ્યું નથી એમ લાગે. મોક્ષના અનેક માર્ગો છે, યોગના અસંખ્ય પ્રકારો છે. જે પ્રાણીને જે રસ્તે પોતાનો યોગ સાધવાનું હિતકર જણાય તે રસ્તે સાધે. એના રાજમાર્ગો હોય, પણ તેથી બીજા આડાઅવળા રસ્તા ન હોય એમ ધારી લેવું–એ વસ્તુસ્વરૂપનો ભ્રમ છે. ધર્મને નામે ઝગડા થાય એ તો વદતોવ્યાઘાત છે. જ્ઞાન અને ક્રિયાનો સહયોગ થાય એટલે એવા ઝગડા ટકે નહીં. વિવેકની જાગૃતિ થતાં અને સાધનનું યોગ્ય મૂલ્ય આંકવાની શક્તિ આવતાં સાધનધર્મોનો કચવાટ મટી જશે એમ ધર્મરહસ્ય સમજનારનું મંતવ્ય છે અને તે આ સ્થાને જરૂર વિચારણીય છે.

ત્યારે સવાલ એ થાય છે કે **ધર્મ** એટલે શું ?

ધર્મ શબ્દ ઘણા જુદા જુદા અર્થમાં વપરાય છે. **वत्थुसहावो धम्मो** વસ્તુનો સ્વભાવ એ એનો ધર્મ છે. અગ્નિનો સ્વભાવ બાળવાનો કે ગરમ કરવાનો છે, એ એનો ધર્મ કહેવાય. પ્રત્યેક ચીજના એક અથવા તેથી વધારે ધર્મો (Properties) હોય છે અને તે તેનો ધર્મ કહેવાય. આ દૃષ્ટિએ દરેક વસ્તુનો ધર્મ વિચારવામાં આવે એટલે અંતે આત્માનો ધર્મ વિચારવાનો રહ્યો. એના જે અસલ ગુણો એની સાથે નિરંતર રહેવાના હોય તેમાં જ્યારે એ વર્તે ત્યારે એ સ્વભાવમાં વર્ત્યો કહેવાય. જ્યારે પોતાના ધર્મથી દૂર જાય ત્યારે એ વિભાવમાં–પરધર્મમાં ગયો કહેવાય અને પરધર્મ નિરંતર ભયાવહ છે. આત્મધર્મ શું છે એની શોધ કરવી એ મુખ્ય બાબત આ લક્ષણમાં પ્રાપ્ત થાય છે. એના ઉપર જુગજૂના થર ચઢી ગયા છે તે દૂર કરી એનું શુદ્ધ કાંચનત્વ પ્રકટ કરવું એ પ્રત્યેક આત્માનો પ્રયાસ હોવો ઘટે; અને તે માટે એ જ્યારે જ્યારે પ્રયાસ કરે ત્યારે ત્યારે સ્વધર્મમાં વર્તે છે અને તેથી ઊલટું જ્યારે જ્યારે પૌદ્ગલિક ભાવમાં રમણ કરે, જ્યારે એને ઇંદ્રિયના વિષયોમાં રસ પડે, જ્યારે એ કષાયમાં આનંદ માને, જ્યારે એને સ્થૂળ સુખમાં ચેન જણાય, જ્યારે એને ધનના ઢગલા જોઈ શાંતિ લાગે ત્યારે એ વિભાવમાં પડ્યો છે એમ સમજવું. આત્મધર્મ એટલે સ્વધર્મ અને સ્વધર્મ એટલે ધર્મ. આ વ્યાખ્યા સર્વ સંયોગોમાં બરાબર બંધ બેસતી છે અને પૂર્ણરીત્યા સર્વ અંશે વિચારવા તેમજ આદરવા યોગ્ય છે.

આત્મધર્મનો વિચાર કરતાં પ્રાણીનો અધિકાર અને પ્રગતિમાં એનું સ્થાન જરૂર ખ્યાલમાં રાખવું ઘટે. સામાન્ય પ્રગતિવાળો એકદમ શુક્લધ્યાન ધ્યાવા મંડી જાય તો તેની ધૃષ્ટતા

ગણાય. ક્રમિક વિકાસમાં એનાં સર્વ પગથિયાં એણે ઓળંગવાં પડે અને એકેક પગથિયે સ્થિર થઈને આગળ ચાલવું ઘટે. ધર્મની આ મૂળ વ્યાખ્યા ધ્યાનમાં રહેવાથી એની વિશિષ્ટ ભાવના-વિચારણા થઈ શકવા સંભવ રહે છે.

આત્મધર્મનો વિચાર કરતાં સાધનધર્મોનો વિચાર કરવો જ પડે, કારણ કે પ્રાણી ક્રમસર વધે ત્યારે તેણે ક્રમસર વિકાસ કરવો પડે અને તે માટે બાહ્ય વસ્તુઓની સહાય લેવી પડે. આને પરિણામે એને શુભ કર્મ પણ બંધાય છે. શરૂઆતમાં માર્ગપ્રાપ્તિ આ રીતે બહુધા શકય છે એ બાહ્ય દશામાં જે સુકૃત્યો -શુભ અનુષ્ઠાનો થાય અને તેના પરિણામે જે શુભ કર્મબંધ થાય તેને પણ માર્ગપ્રાપ્તિની દૃષ્ટિએ-વ્યવહારુ નજરે ધર્મ ગણી શકાય. આ માર્ગપ્રાપ્તિ અને ક્રમિક વિકાસમાં આપણે દાન, શીલ, તપ અને ભાવને મૂકીએ. એમાં ભાવ તો બહુ આગળ વધેલાને પણ ખાસ ઇષ્ટ છે અને દાન એ તદ્દન પ્રાથમિક હોવા છતાં ત્યાગની શરૂઆત કરનાર હોઈ એ પણ ખાસ સ્થાનને યોગ્ય છે. શીલથી વિષયો પર કાબૂ આવે છે અને તપથી આખા શરીર પર અને મન પર કાબૂ આવે છે. આ પ્રત્યેકમાં પ્રાણી પ્રવર્તતો હોય ત્યારે એને શુભ કર્મોનો બંધ થાય છે અને તે તેની પ્રગતિ કરાવી શકે છે. અહીં જો બાહ્ય પ્રશંસા કે બીજી લૌકિક એષણા ન હોય તો પ્રાણી જરૂર આગળ વધતો જાય છે.

ત્યાર પછી એનામાં માર્ગાનુસારીના ગુણો આવે છે. વ્યવહારમાં આપણે જેને 'ગૃહસ્થ' કહીએ તેનામાં જે સદ્ગુણો હોય તેની તે આસેવના કરે છે. એની સત્યપ્રિયતા, ન્યાયશીલતા આદર્શરૂપ થાય છે અને એનો વ્યવહાર આદર્શમય થતો જાય છે. આ રીતે અત્યાર સુધી તેનો રસ્તો ઊલટો હતો તે હવે મોક્ષ-સન્મુખ થતો જાય છે. પછી એ સમજણપૂર્વક ઇચ્છા પર નિયંત્રણ (brake) મૂકતો જાય છે, ત્યાગ કરતો જાય છે અને જ્ઞાનના ફળ વિરતિને ઓળખી એને યથાશક્તિ આદરે છે. કેટલાક જીવો ખૂબ પ્રગતિ કરી સર્વસન્યાસ ગ્રહણ કરે છે અને તેમ ન બને તો ઓછો-વધતો ત્યાગભાવ ધારણ કરે છે.

શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મ પર રુચિ થતાં આ પ્રાણીને સમ્યગ્ જ્ઞાન થાય છે અને ત્યાર પછી જે વિરતિ ત્યાગ થાય છે તે તેને પ્રગતિમાં ખૂબ મદદ કરે છે. ત્યાર પછી એનો ક્રમસર વિકાસ થતો જાય છે. ધર્મનો આ મહિમા છે, આ એનું ક્ષેત્ર છે અને આ એનો વિષય છે. આત્મધર્મને ઓળખી તેના ઉપર લય લગાવવી અને પરભાવને છોડાવી મોક્ષને સાધ્ય તરીકે રાખી તેને અનુકૂળ યોજનાઓ કરવી, એનું ટૂંકું નામ ધર્મ છે.

આવી સાદી વાત હોવા છતાં મહાન યોગી **આનંદઘનજી** ધર્મનાથ પ્રભુના સ્તવનમાં કહે છે કે 'ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ'—આ શી વાત ? આખી દુનિયા 'ધરમ ધરમ' કરે છે અને ધર્મનો મર્મ જાણતી નથી એ કેવી વાત કહેવાય ? વાત એમ બની છે કે ધર્મના ક્ષેત્રમાં ઘણા નકામા વેલાઓ ઊગી ગયા છે અને સ્વાર્થી લોકોએ ધર્મને નામે લોકોના ભોળપણનો ખૂબ લાભ લીધો છે. ધર્મયુદ્ધને નામે યૂરોપમાં

લડાઈઓ ચાલી છે અને લોહીની નદીઓ વહી છે. હિંદમાં પણ ધર્મના ઓઠા નીચે અનેક તોફાનો થયાં છે. આજીવિકા ચલાવવા, ધનસંચય કરવા, માન-મરતબો વધારવા અને ભોળપણનો લાભ લેવા એવું એવું કેટલું ય ચાલ્યું છે કે તે પર તો મોટા ઇતિહાસો લખાય. આ સર્વ ધર્મ નથી, જુદા જુદા આકારમાં દુકાનદારીઓ છે. આપણે એ બાજુએ નહિ ઊતરીએ. ધર્મની શુદ્ધ વિચારણામાં એને સ્થાન ન હોય. શ્રી આનંદઘનજી કહે છે કે ધર્મની શોધમાં એ 'દોડત દોડત દોડીઓ.' એ દોડયો જ જાય છે; પણ ધર્મ એ તો પ્રેમ છે, આત્મધર્મ છે, ધર્મ એ અંદરથી જગાડવાનો છે, પ્રગટ કરવાનો છે. એને સમજવો અને એનો મર્મ પામવો કાંઈક મુશ્કેલ છે; પણ યોગ્ય સદ્ગુરુનો યોગ થાય તો સમજતાં વાર લાગતી નથી.

આ સર્વ વિચારણામાં આત્મધર્મની જ વાત આવે છે. એમાં સાધનધર્મોની જરૂરીઆત એક જ શરતે સ્વીકાર્ય છે અને તે એ કે એને સાધનની કક્ષામાં રાખવા, અન્ય ઉપર ઠસાવવા કદી પ્રયત્ન ન કરવો અને પ્રામાણિક મતભેદ શાંતિથી સમજતા અને તેના રહસ્યનો પાર પામતા થવું. એવી જાતની વિશાળતા આવવી મુશ્કેલ છે અને તેથી ધર્મનો 'મર્મ' જાણવો આકરો છે એમ યોગિરાજ કહે છે તે યોગ્ય છે. આ આત્મધર્મને સમજી પોતાને જે માર્ગે એ પ્રાપ્ત થાય તે રસ્તે પ્રયાણ કરવું.

કોઈ પ્રાણીને તપમાં મજા આવે તો તે કરે, કોઈને સામાયિક કરવામાં મજા આવે તો તે કરે, કોઈને વિષય પર કાબૂ મેળવવામાં મજા આવે તો તે કરે. જે રીતે પોતાની પ્રગતિ થાય તે કરે અને જ્યાં જ્યાં ગુણ દેખે ત્યાં ત્યાં એ રાજી રાજી થઈ જાય. એને ક્રિયામાં જ્ઞાનપૂર્વક–સમજણપૂર્વક આનંદ આવે, પણ સાધનની અધિકારને અંગે મર્યાદા બરાબર સમજે અને સમજીને તેનો સ્વીકાર કરે. જ્યાં સુધી માત્ર બાહ્યવૃત્તિ હોય ત્યાં સુધી ધર્મનાં રહસ્ય પામવાં દુર્લભ છે.

સાધનધર્મોનો ઉપયોગ કરતાં શુભ કર્મબંધ થાય છે, તેથી આ ભવમાં ને પરભવમાં ઐહિક લાભો મળે છે, ધન, સ્ત્રી, મિત્ર, પરિવાર આદિ મળે તેને ધર્મનું ફળ આ સાદા વ્યાવહારિક અર્થમાં સમજવાનું છે. ધર્મનો આદર આવા લાભ માટે ન જ હોય; પણ પ્રાથમિક દશામાં પ્રાણી પાસે મોટી વાતો અને મહાન્ ત્યાગના આદર્શો રજૂ કરવામાં આવે તો પ્રાણી કદાચ મૂંઝાઈ જાય. શ્રી 'ઉપમિતિ'ના પ્રથમ પ્રસ્તાવમાં પોતાનું ચરિત્ર લખતાં નિષ્પુણ્યકની એવી દશા શ્રી સિદ્ધર્ષિગણિએ બતાવી છે. ધર્મના પ્રભાવથી સર્વ ભોગો મળે છે; આ ભવમાં રાજ્ય, સ્ત્રી, ધન, પુત્ર આદિ મળે છે. આવી અનેક વાતો ઉપાધ્યાયજીએ બતાવી છે અને પરભવમાં ઇંદ્રાદિ પદવીની પ્રાપ્તિ ધર્મના પ્રતાપે બતાવી છે તે તો શુભ કરણીનું શુભ ફળ છે. એ મળે એમાં નવાઈ નથી. ધર્મથી સિદ્ધિઓ મળે તે પણ બનવાજોગ છે, પણ એ આદર્શ નથી, એ આત્મધર્મ નથી. એ માત્ર માર્ગે આવવાને ઉપયોગી ગણી શકાય એવો વ્યવહારધર્મ છે.

આ વ્યવહારની વાત કરતાં એક વાત સંક્ષેપમાં કહી નાખીએ. માર્ગે ચઢાવનાર એવો વ્યવહારધર્મ ઉપયોગી છે તે આપણે ઉપર જોયું છે, પણ એને અંગે એક ખાસ ચેતવણી શાસ્ત્રકારે આપી છે તે જોઈ લઈએ. તે આ છે :—**धर्मादधिगतैश्वर्यो धर्ममेव निहन्ति यः । कथं शुभायतिर्भावी स स्वामिद्रोहपातकी ॥**' પ્રાણીને ઐશ્વર્ય, મોટાઈ ઋદ્ધિ, સંપત્તિ, વૈભવ ધર્મથી પ્રાપ્ત થાય છે. હવે એ જ ઐશ્વર્યથી જો એ ધર્મને હણે તો એ સ્વામિદ્રોહનો પાતકી બને છે અને એવા સ્વામિદ્રોહીનું સારું કેમ થાય ? આ વાત જરા સ્પષ્ટ કરીએ. ધર્મથી કોઈને બે-પાંચ લાખ રૂપીઆ મળે. એ ધનનો ઉપભોગ કરતાં એ વેશ્યાઓમાં રખડે, અભક્ષ્ય ખાવાના પાશમાં પડી જાય, અન્ય પાપકાર્યો કરે તો તેથી ધર્મનો નાશ થાય. એટલે જે ધર્મથી એને ઐશ્વર્ય મળ્યું એ જ ઐશ્વર્યથી ધર્મનો ઘાત થયો. ઐશ્વર્યનો સ્વામી ધર્મ એ ધર્મનો નાશ કરનાર-સ્વામિદ્રોહ કરનાર થયો. એવું કરે એનું કેમ સારું થાય ? એની પ્રગતિ કેમ થઈ શકે ? મતલબ કે, ધર્મના પ્રતાપે જે પ્રાપ્તિ થાય તેનો ઉપયોગ પ્રગતિવર્ધક માર્ગે થવો ઇષ્ટ છે. આ તો આડકતરી વાત થઈ.

મુખ્ય નજરે ધર્મથી જે કાંઈ મળે તે ધર્મસંવર્ધક તરીકે ઉપયોગમાં લેવું ચોગ્ય ગણાય. ઘણી વાર નિર્બળતાને કારણે પ્રાણી ધર્મ આદરે છે, તે પણ પૂર્ણ લાભ ન આપે. પૂરતા ઉત્સાહથી, પ્રેમથી, આત્મવીર્યના ઉલ્લાસથી ધર્મની આસેવના કરવી અને આત્મ-ધર્મ ઉપર સતત નજર રાખવી. એ કેમ વધે, એમાં કેમ પ્રગતિમાન થવાય એની સતત ચિંતા રાખવી અને તત્પ્રાયોગ્ય સાધનોનો પૂરતો લાભ લેવો. પૂર્વસંચિતથી પોતાને ધનસંપત્તિ કે જ્ઞાનલાભ મળ્યાં હોય તેનો ઉપયોગ ધર્મપ્રગતિમાં જ કરવો. નિરંતર યાદ રાખવું કે અત્યારે જે લાભ મળ્યો છે તેનો ઉપયોગ પ્રગતિ-વિકાસ કરવામાં કરવાનો છે; અને આવો અવસર વારંવાર મળતો નથી.

આ જીવનમાં ચાર પુરુષાર્થો સાધવાના છે : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. તેમાં પણ અર્થ અને કામ ધર્મને વિરોધ ન આવે તે રીતે સાધવાનો છે. એ વાત મુશ્કેલ છે, પણ અશકય નથી. પૈસા પેદા કરવામાં જ્યાં અન્યાય થાય ત્યાં ધર્મભાવિત આત્મા બસી જાય. કામપુરુષાર્થ સાધવા એ પરસ્ત્રી તરફ નજર ન કરે, સ્વદારામાં પણ નિયમિત થઈ જાય અને કાળે-અકાળે કામવિવશ ન થાય. 'કામ' શબ્દમાં સર્વ ઇંદ્રિયના ભોગોનો સમાવેશ થાય છે. અર્થ તેમજ કામને ગૌણ રાખી ધર્મપુરુષાર્થ સાધનાર પરંપરાએ મોક્ષપુરુષાર્થ સાધે છે, એ તાત્પર્ય ધ્યાનમાં રાખવાની બહુ જ જરૂર છે. મનુષ્યભવનું સાફલ્ય પુરુષાર્થસિદ્ધિમાં છે, આ વાત વારંવાર લક્ષ્ય પર રાખવાની આવશ્યકતા છે.

ધર્મવિચારણામાં દાન, શીલ, તપ અને ભાવની વિચારણા પૂર્વપરિચયમાં કરી છે તે ત્યાંથી જાણી લેવી. માર્ગાનુસારીના ૩૫ ગુણો 'યોગશાસ્ત્ર'માંથી જોઇ લેવા; દ્રવ્ય, ભાવ, શ્રાવકના ગુણો 'ધર્મરત્નપ્રકરણ'થી જાણવા અને ખાસ કરીને ક્ષમાદિ દશ ધર્મોને મહા-

આજ્ઞા તરીકે આદરવા. એ આજ્ઞાઓને બહુ પ્રકારે સમજવાની જરૂર છે. સ્થળસંકોચથી અત્ર તે પર વધારે લખવું અશકય છે. મુદ્દો પૂર્વપરિચયમાં બતાવી દીધો છે. (જુઓ ગાથા ૪.) એ ધર્મો સર્વ પ્રાણીઓ માટે છે. અનુકૂળતા પ્રમાણે તેનો આદર કરવો.

એનાં ટૂંકાં વાકયો નીચે પ્રમાણે થાય—

૧. તું ક્ષમા રાખ.
૨. તું નિરભિમાની થા.
૩. તું સરળ થા.
૪. તું લોભને છોડ.
૫. તું તપ કર.
૬. તું સંયમ રાખ.
૭. તું સાચું બોલ.
૮. તું પવિત્ર રહે.
૯. તું મૂર્છા છાંડ.
૧૦. તું બ્રહ્મચર્ય પાળ.

આમાં અનેક આકારોને અવકાશ છે. જૈનોના એ મુદ્રાલેખો છે. હૃદયમાં નોંધી રાખવા યોગ્ય છે.

આ ભાવનામાં ધર્મના પ્રભાવથી પ્રાપ્ત થતી વસ્તુનું પત્રક આપ્યું છે તે ધર્મની આદેયતા બતાવવા માટે છે. એ આદર્શથી ધર્મ આદરવાની સૂચના નથી, પણ એવાં ફળ તો આગંતુક છે અને તે જરૂર મળે જ છે એ બતાવવા પૂરતો એનો ઉપયોગ છે. અષ્ટકમાં બાર સંબોધનો ધર્મનાં કહ્યાં છે તે ખાસ ધ્યાન આપવા યોગ્ય છે અને ચિત્તવૃત્તિસન્મુખ રાખવા યોગ્ય છે. ઉપાધ્યાય શ્રીમદ્વિનયવિજયજીએ અષ્ટકની સાતમી ગાથામાં ક્રમતઃ ('અનુક્રમે') શબ્દ વાપરી આખા લેખને અસાધારણ ઝોક આપ્યો છે. અનુક્રમે જ્ઞાનાદિ આપી – પ્રાપ્ત કરાવી છેવટે નિઃશ્રેયસ–મોક્ષ અપાવે છે એ આખી ભાવનાનો ખાસ મુદ્દો છે.

આ ભાવના પર દૃષ્ટાન્તો બાર વગરનાં છે, પણ ખાસ આકર્ષક દૃષ્ટાન્ત શ્રી ગૌતમસ્વામીના ૧૫૦૩ શિષ્યોનું મને લાગ્યું છે. એ તપ કરનાર ઋષિઓ હતા અને પ્રગતિમાં ત્રણ કક્ષાએ વહેંચાઈ ગયેલા હતા. કોઈ પ્રથમ, કોઇ દ્વિતીય અને કોઈ તૃતીય ભૂમિકા પર હતા. દરેક ભૂમિકામાં ૫૦૧ હતા. ત્યાગરુચિવાળા હતા, પણ માર્ગ બતાવનારા કોઈ મળ્યા નહોતા. એમનું સાધ્ય આઠ ભૂમિકા પર ચડવાનું હતું, પણ એના માર્ગથી અજાણ્યા હતા. શ્રી વીરપરમાત્માના તત્ત્વરહસ્યને સમજનાર શ્રી ગૌતમસ્વામીને એની ચાવીઓ જણાયેલી હતી અને એમણે જેવું માર્ગજ્ઞાન કરાવ્યું કે એ સર્વ શિષ્યો ભૂમિકા ચડવા લાગ્યા. ત્યાગ હતો પણ માર્ગજ્ઞાન નહોતું; એ સત્–સંગતિથી પ્રાપ્ત થઈ ગયું અને પછી તો રસ્તો સીધો હતો. એમને માર્ગ સાંપડયા અને પ્રભુચરણસેવીએ એવા રસ્તા બતાવી દીધા કે પ્રભુ સુધી પહોંચતાં માર્ગમાં જ સર્વ કેવળી થઈ ગયા. ભૂમિકા પ્રાપ્તિનું આ લાક્ષણિક દૃષ્ટાન્ત ખૂબ વિચારવા યોગ્ય છે. અષ્ટાપદ શું ? એની ભૂમિકા કેટલી ? કેવી રીતે ભૂમિકા ઉચ્ચ, ઉચ્ચતર પ્રાપ્ત થાય ? કિરણના અવલંબન એટલે શું ? તાપસને પારણું શેનું ? પારણામાં પાયસ શું ? એ પાયસ સાથે અક્ષીણમહાનસલબ્ધિ શું ? અને શ્રી ગૌતમસ્વામી અને

તાપસો વચ્ચે થયેલી વાર્તાનું આંતરરહસ્ય શું ?–એ સર્વ આધ્યાત્મિક નજરે વિચારવામાં આવે તો ધર્મનું આખું રહસ્ય પ્રાપ્ત થઈ શકે તેમ છે.

આવો ધર્મ* પ્રાણીનો ક્રમસર વિકાસ કરાવી આખરે એને અક્ષયસ્થિતિ સુધી પહોંચાડે છે. એવો ધર્મ ખરેખર 'મંગળકમલાકેલિનિકેતન' છે અને ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે એમ જે શ્રી દશવૈકાલિકસૂત્રની પ્રથમ ગાથામાં કહ્યું છે, તેનો સાક્ષાત્કાર થાય છે. એ ધર્મના રહસ્યને સમજવા યત્ન કરવો. એમાં દંભ કે દેખાવને સ્થાન નથી, એમાં અંતરથી લગની લાગવી જોઇએ અને અંદરના ચેતનરામને જાગૃત થવા પ્રબળ અંકુરો ઊઠવા જોઈએ. દૃઢ ભાવના અને પ્રબળ પુરુષાર્થ હોય તો સર્વ સાધન આવી મળે છે. ધર્મથી વિજય જરૂર છે; શાશ્વત છે, અપ્રતિહત છે. આવા હે ધર્મ ! તું મને પાળ !

इति धर्मभावना–१०

---

* ધર્મના વિષય પર ઘણું લખવા જેવું છે. એનો તત્ત્વવિભાગ અને નીતિવિભાગ, એનો દર્શનવિભાગ અને ચરિત્રવિભાગ, ધર્મ અને મત વચ્ચે તફાવત, ધર્મ અને દર્શનની વિશિષ્ટતા, બાહ્ય ક્રિયામાં પૂર્ણતા માનવાની રૂઢિ, જૈન ધર્મમાં બાહ્ય કરતાં આંતરની જ પોષણા વધારે છે તેના લાક્ષણિક દાખલાઓ, એનું મૂળ સ્વરૂપ કચારથી અને શા માટે વીસરાઈ ગયું છે? વર્તમાન દશાએ ધર્મ ટકી શકે ખરો? ઉપાધ્યાયજીએ શ્રી સીમંધરસ્વામીને અપીલ કરી છે કે 'ધામધૂમે ધમાધમ ચલી, જ્ઞાનમારગ રહ્યો દૂર રે.' એનું રહસ્ય શું? એવા સ્પષ્ટ વકતૃત્વ માટે એમને કેટલું ખમવું પડયું હતું? તત્ત્વજ્ઞાન અને મતમાં તફાવત કેટલો છે? વગેરે અનેક પ્રશ્નો ઘણા આકર્ષક છે, પણ આ ગ્રંથના મેં નિર્ણીત કરેલા વિસ્તારમાં આવી શકતા નથી. અત્યાર સુધીમાં ઘણું વધારે લખાયું છે. અન્ય પ્રસંગે આ દરેક મુદ્દા વિચારવાની તક લેવા ધારણા છે. ઉપસંહારમાં બાર સંબોધનો તથા બીજી અનેક શ્લોકાંતર્ગત બાબતો પર વિવેચન આ જ કારણે શકય નથી. બનતાં સુધી પ્રત્યેક શ્લોકના પરિચયમાં બનતી સ્પષ્ટતા કરી છે. ધર્મનો વિષય ઘણો વિશાળ છે અને અનેક દૃષ્ટિબિંદુઓથી ચર્ચવા યોગ્ય છે.

ઉપાધ્યાયજી શ્રી સકળચંદ્રવિરચિત

ધર્મદુર્લભભાવના

દુહા

પરિહર [1]હરિહર દેવ સવિ, સેવ સદા અરિહંત;
દોષ રહિત ગુરુ ગણુધરા, સુવિહિત સાધુ મહંત. ૧
કુમતિ કદાગ્રહ મૂક તું, શ્રુત ચારિત્ર વિચાર;
ભવજળ તારણ પોત[2] સમ, ધર્મ હિયામાં ધાર. ૨

(ડુંગરિયાની દેશી)

ધન્ય ધન્ય ધર્મ જગહિતકરું, ભાખીઓ ભલો જિનદેવ રે;
ઇહ પરભવ સુખદાયકો, જીવડા જનમ લગે સેવ રે. ૧
ભાવના સરલ સુરવેલડી, રોપ તું હૃદય [3]આરામ રે,
સુકૃતતરુ લહિય બહુ પસરતી, સફળ ફરશે અભિરામ રે. ભા૦ ૨
ખેત્રશુદ્ધિ કરિય કરુણા રસે, કાઢી મિથ્યાદિક [4]સાલ રે;
ગુપ્તિ ત્રિહું [5]ગુપ્તિ રૂડી કરે, નીક તું સુમતિની વાળ રે. ભા૦ ૩
સીંચજે સુગુરુ વચનામૃતે, કુમતિ કંથેર તજી સંગ રે;
ક્રોધ માનાદિક [6]સુકરા, વાનરા વાર અનંગ રે. ભા૦ ૪
સેવતાં એહને કેવળી, પન્નર સય તીન અણગાર રે;
ગૌતમશિષ્ય શિવપુર ગયા, ભાવતાં દેવ ગુરુ સાર રે. ભા૦ ૫
શુક પારવ્રાજક [7]સીધલો, અર્જુનમાળી શિવવાસ રે;
રાય પરદેશી અપનાવીઓ, કાપીઓ તાસ દુઃખ પાસ રે. ભા૦ ૬
દુસમ સમય દુષ્પસહ લગે, અવિચળ શાસન એહ રે;
ભાવશું ભવિયણ જે ભજે, તેહ શુભમતિ ગુણગેહ રે. ભા૦ ૭

---

૧. કૃષ્ણ ને શંકર ૨. વહાણ સમાન ૩. હૃદયરૂપ બગીચામાં ૪. શલ્ય ૫. વાડ ૬. ભુંડ ૭. સિદ્ધિપદ પામ્યા.

પ્રકરણ અગિયારમું

લોકસ્વરૂપભાવના

शालिनी

सप्ताधोऽधो विस्तृता याः पृथिव्यश्छत्राकाराः सन्ति रत्नप्रभाद्याः ।
ताभिः पूर्णो योऽस्त्यधोलोक एतौ, पादौ यस्य व्यायतौ सप्तरज्जू ॥ क ॥ १ ॥
तिर्यग्लोको विस्तृतो रज्जुमेकां, पूर्णो द्वीपैरर्णवान्तैरसङ्ख्यैः ।
यस्य ज्योतिश्चक्रकाञ्चीकलापं, मध्ये काञ्यं श्रीविचित्रं कटित्रम् ॥ ख ॥ २ ॥
लोकोऽथोर्ध्वे ब्रह्मलोके द्युलोके, यस्य व्याप्तौ कूर्परौ पञ्चरज्जू ।
लोकस्यान्तौ विस्तृतो रज्जुमेकां, सिद्धज्योतिश्चित्रको यस्य मौलिः ॥ ग ॥ ३ ॥
यो वैशाखस्थानकस्थायिपादः, श्रोणीदेशे न्यस्तहस्तद्वयश्च ।
कालेऽनादौ शश्वदूर्ध्वंदमत्वाद्बिभ्राणोपि श्रान्तमुद्रामखिन्नः ॥ घ ॥ ४ ॥
सोऽयं ज्ञेयः पूरुषो लोकनामा, षड्द्रव्यात्माकृत्रिमोऽनाद्यनन्तः ।
धर्माधर्माकाशकालात्मसंज्ञैर्द्रव्यैः पूर्णः सर्वतः पुद्गलैश्च ॥ ङ ॥ ५ ॥
रङ्गस्थानं पुद्गलानां नटानां, नानारूपैर्नृत्यतामात्मनां च ।
कालोद्योगस्वस्वभावादिभावैः, कर्मातोद्यैर्नर्तितानां नियत्या ॥ च ॥ ६ ॥
एवं लोको भाव्यमानो विविक्तया, विज्ञानां स्यान्मानसस्थैर्यहेतुः ।
स्थैर्ये प्राप्ते मानसे चात्मनीना, सुप्राप्यैवाध्यात्मसौख्यप्रसूतिः ॥ छ ॥ ७ ॥

क १. अधोऽधः એક એકથી નીચે. **पृथिवी** ભૂમિ. **छत्राकाराः** છત્રનો આકાર ધારણ કરનાર. એક છત્રમાં બીજું છત્ર મૂકયું હોય તેવો આકાર; મોટું છત્ર સર્વની નીચે મૂકવાનું છે. **रत्नप्रभा** પહેલી નરકનું નામ છે. (નોટ જુઓ.) **व्यायतौ** પહોળા કરેલા. **रज्जु** માપ છે. (નોટ જુઓ.)

ख २. तिर्यग्लोके મધ્યલોક–મર્ત્યલોક. **पूर्ण** વ્યાપ્ત. **अर्णवान्त** સમુદ્રના છેડા. **असंख्य** સંખ્યાતીત. **ज्योतिश्चक्र** સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર. ગ્રહ અને તારામંડળ. **काञ्चीकलाप** કંદોરાથી સુશોભિત. **काञ्यं** પાતળાપણું. **श्रीविचित्रं** શોભાથી સુશોભિત. **कटित्रम्** કેડ ઉપર ધારણ કરેલ.

ग ३. ब्रह्मलोक બાર દેવલોક પૈકી પાંચમો દેવલોક. **द्युलोक** દેવલોક, ઊર્ધ્વલોક. **कूर्पर** કોણી, હાથના જ્યાં બે વિભાગ વચ્ચે થાય છે તેનો નીચેનો ભાગ. **लोकस्यान्तौ** લોકને અંતે સિદ્ધોનું સ્થાન. **चित्रक** શોભિત. **मौलिः** મુગટ.

घ ४. वैशाख પગ પહોળા કરીને ઊભા રહેવાના સ્થાનનું સૂચક છે. **श्रोणी** કેડ. **शश्वत्** હંમેશાં, અનારત. **ऊर्ध्वं** ટટાર. **दमत्व** (self command) એનો સંબંધ **अखिन्न** સાથે છે.

ङ ५. षड्-द्रव्य નીચે લખેલ છ દ્રવ્યો. **अकृत्रिम** સ્વાભાવિક, કોઈનો બનાવેલ નહિ. **अनाद्यनन्तः** આદિ–અંત વગરનો. **सर्वतः** આખો, સર્વત્ર. **पूर्ण** ભરેલો.

ક ૧. એક બીજાથી નીચે નીચે આવેલી અત્યંત વિસ્તારવાળી, છત્રનો આકાર ધારણ કરનારી જે રત્નપ્રભા વગેરે ભૂમિ (પૃથ્વી)ઓ છે તેનાથી ભરેલો અધોલોક છે. એ (લોક-પુરુષ)ના બે પગ પહોળા કરેલા છે તે સાત રજ્જુપ્રમાણ જગ્યા રોકે છે. (પ્રથમના પાંચ શ્લોક સાથે વાંચવાના છે.)

ખ ૨. તિર્યગ્ (મધ્યલોક-મર્ત્યલોક) વિસ્તારમાં એક રજ્જુના માપવાળો છે અને અસંખ્ય દ્વીપ-સમુદ્રથી વ્યાપ્ત છે; એમાં જ્યોતિષિઓનું ચક્ર (સમૂહ) સુંદર કંદોરાનું સ્થાન લે છે અને તે (લોકપુરુષના) કટિપ્રદેશને અત્યંત પાતળો અને શોભાથી વિભૂષિત કરે છે.

ગ ૩. એની ઉપરનો ભાગ (ઊર્ધ્વલોક) દેવલોકો પૈકી બ્રહ્મદેવલોક આવે છે ત્યાં (લોક-પુરુષની) બન્ને કોણીઓ પાસે પહોળાઈમાં પાંચ રજ્જુપ્રમાણ થાય છે. (એની ઉપર) વિસ્તારમાં એ રજ્જુપ્રમાણ લોકાન્તે થાય છે, જેના મુકુટસ્થાને સિદ્ધ પરમાત્માની જ્યોતિ (બિરાજે) છે.

ઘ ૪. જેણે (લોકપુરુષે) પોતાના બે પગ પહોળા કરીને સ્થાન ઉપર દૃઢ રાખ્યા છે, જેણે પોતાની કેડ ઉપર બન્ને હાથો સ્થાપિત કર્યા છે અને જે અનાદિકાળથી એક-સરખી રીતે તદ્દન સીધો ઊભો રહેલ હોઈને શ્રાન્ત મુદ્રાને ધારણ કરવા છતાં પોતાની જાત પર કાબૂ હોવાથી જરાપણ ખિન્નતા દર્શાવતો નથી.

ઙ ૫. આને 'લોક' નામનો પુરુષ જાણવો. એ 'લોકપુરુષ' કહેવાય. એ છ-દ્રવ્ય-સ્વરૂપ છે, અકૃત્રિમ છે, આદિ અને અંત વગરનો છે. એ આખો (ચારે તરફથી) ધર્મ, અધર્મ, આકાશ, કાળ, આત્મા (જીવો) નામનાં દ્રવ્યોથી અને પુદ્ગલ દ્રવ્યથી પૂરેપૂરો ભરેલો છે.

ચ ૬. પોતાનાં જુદાં જુદાં રૂપો લઈને કાળ, ઉદ્યોગ, સ્વભાવ, નિયતિ અને કર્મરૂપ વાજિંત્રો વડે નાચ કરનાર પુદ્ગળો અને નાટક કરનારા જીવોનું એ રંગસ્થાન છે-એ નાટ્યમંડપ (થીએટર) છે.

છ ૭. આવી રીતે વિવેચનપૂર્વક લોક(પુરુષ)નો વિચાર કરવામાં આવે-એને ભાવવાનો વિષય બનાવવામાં આવે તો એ જ્ઞાનવાન્ પ્રાણીને મનની સ્થિરતા પ્રાપ્ત કરાવવાનો હેતુ થાય છે અને મનની સ્થિરતા જો (એકવાર) પ્રાપ્ત થાય તો પછી આત્માને હિત કરનારી અધ્યાત્મ સુખ-સ્વભાવની ઉત્પત્તિ સુખે કરીને-સહેલાઈથી પ્રાપ્ત કરી શકાય છે.

ચ ૬. **रंगस्थान** રંગમંડપ, નાટ્યભૂમિ, થીએટર. **नृत्यतां** નાચતા. **काल-उद्योग-स्वस्वभाव-नियति-कर्म** એ પાંચ સમવાયી કારણો છે. (નોટ જુઓ.) **आतोद्य** વાજિંત્ર.

છ ૭. **विविक्ति** વિવેચન. **विज्ञ** વિશિષ્ટ જ્ઞાનવાળો. **आत्मनीना** આત્મહિતજનની-કરનાર. **प्रसूति** ઉત્પત્તિ.

गेयाष्टक*

विनय ! विभावय शाश्वतं, हृदि लोकाकाशम् ।
सकलचराचरधारणे, परिणमदवकाशम् ॥ विनय ! ॥ १ ॥
लसदलोकपरिवेष्टितं गणनातिगमानम् ।
पञ्चभिरपि धर्मादिभिः, सुघटितसीमानम् ॥ विनय ! ॥ २ ॥
समवघातसमये जिनैः, परिपूरितदेहम् ।
असुमदणुकविविधक्रिया–गुणगौरवगेहम् ॥ ॥ विनय ! ॥ ३ ॥
एकरूपमपि पुद्गलैः, कृतविविधविवर्तम् ।
काञ्चनशैलशिखरोन्नतं, क्वचिदवनतगर्तम् ॥ विनय ! ॥ ४ ॥
क्वचन तविषमणिमन्दिरै–रुदितोदितरूपम् ।
घोरतिमिरनरकादिभिः, क्वचनातिविरूपम् ॥ विनय ! ॥ ५ ॥
क्वचिदुत्सवमयमुज्ज्वलं, जयमङ्गलनादम् ।
क्वचिदमन्दहाहारवं, पृथुशोकविषादम् ॥ विनय ! ॥ ६ ॥
वहुपरिचितमनन्तशो, निखिलैरपि सत्त्वैः ।
जन्ममरणपरिवर्तिभिः, कृतमुक्तममत्वैः ॥ विनय ! ॥ ७ ॥
इह पर्यटनपराङ्मुखाः, प्रणमत भगवन्तम् ।
शान्तसुधारसपानतो, धृतविनयमवन्तम् ॥ विनय ! ॥ ८ ॥

---

* રાગ :—આ અષ્ટક 'કડવાં ફળ છે ક્રોધનાં' એ સજ્ઝાયના લયમાં બરાબર ચાલશે. એનો રાગ કાફી છે. એને મથાળે જણાવે છે કે 'આજ સખી મનમોહના' એ એની દેશી છે. રાગ સરળ પણ મસ્ત છે.

નોટ :—

૧. **શાશ્વત** સનાતન, ત્રણ–કાળ–અવિનાશી. **ચર** જંગમ, સ્થાનાંતર પ્રાપ્ત કરનાર. **અચર** સ્થિર **ચર** ચાલતા. **પરિણમદ્** તે તે દ્રવ્યના આકારને પામનાર અથવા આશ્રય આપનાર. **અવકાશ** space, જગ્યા.

૨. **લસત્** દીપતો. **અલોક** પારિભાષિક શબ્દ. (નોટ જુઓ.) **અતિગ** ઓળંગી જાય છે. **માન** પરિણામ; measurement. **ધર્માદિ** ધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાળ અને જીવો. **સીમાનમ્** મર્યાદા, હદ.

૩. **સમવઘાત** સમુદ્‌ઘાત–પારિભાષિક શબ્દ (નોટ જુઓ.) **જિન** કેવળજ્ઞાની, એમાં તીર્થંકરોનો સમાવેશ થઈ જાય છે. **પરિપૂરિત** પૂરેપૂરો ભરેલો. **અસુમત્** પ્રાણ ધારણ કરનાર, પ્રાણી–જીવ. **અણુક** પરમાણુ. **ગુણ** ધર્મો (પારિભાષિક). **ગૌરવ** હાનિવૃદ્ધિ, પ્રચુરતા.

૪. **પકરૂપં** એક આકાર ધારણ કરનાર, એકસરખો. **વિવર્ત** આકાર, ભેદ. **ઉન્નત** ઊંચો. (સુંદરપણાનો ભાવ છે.) **અવનત** નીચો. (તુચ્છતાનો ભાવ છે.) **ગર્ત** ખાડો.

૫. **ક્વચન** કોઈ સ્થાને, કોઈ જગાએ. **તવિષ** દેવલોક. **ઉદિતોદિત** વૃદ્ધિ પામતું સુંદર રૂપ.

૬. **ઉજ્જ્વલ** લહેરમાં આવેલું, રોનકદાર. **પૃથુ** વિસ્તૃત. **વિષાદ** ખેદ.

૭. **કૃતમુક્ત** કરીને છોડી દીધેલો.

૮. **પર્યટન** રખડપાટો, પરિભ્રમણ. **પરાઙ્મુખ** ઊંચા મનવાળા, કંટાળાવાળા. **અવન્ત** (ભવભ્રમણથી) રક્ષણ કરનાર (એવા ભગવંતને) **ધૃતવિનયં** નમ્રભાવને ધારણ કરનાર પ્રાણી.

卐

૧. હે વિનીત ! તારા હૃદયમાં અવિનશ્વર (શાશ્વત) લોકાકાશને તું ચિંતવ-ભાવ. એ (લોકાકાશ) સર્વ સ્થાવર-જંગમ દ્રવ્યોને ધારણ કરવામાં આશ્રય આપનાર હોઈ તે તે દ્રવ્ય તરીકે પરિણામ પામી આશ્રય આપે છે.

૨. એ (લોકાકાશ) દીપતો છે, ચારે તરફ અલોકથી વીંટાયેલો છે અને એટલો વિસ્તૃત છે કે એની ગણતરી થઈ શકે તેમ નથી; તેમ જ ધર્માસ્તિકાય વગેરે પાંચ દ્રવ્યો વડે એની હદ સારી રીતે મુકરર થયેલી છે.

૩. જ્યારે જિનો (તીર્થંકર અથવા સામાન્ય કેવળી) સમુદ્‌ઘાત કરે છે ત્યારે એ (લોકાકાશ)ના આખા શરીરને પરિપૂર્ણ રીતે ભરી દે છે અને પ્રાણ ધારણ કરનાર જીવો તથા પરમાણુઓ-ની અનેક પ્રકારની ક્રિયાઓ અને એના ગુણોની પ્રચુરતાનું એ મંદિર છે.

૪. એ (લોકાકાશ) જાતે એકરૂપ છે છતાં પુદ્‌ગળો એના અનેક આકારભેદો કરે છે. એ કોઈ જગ્યાએ મેરુપર્વતનાં શિખરોથી ઉન્નત થયેલ છે તો કોઈ જગ્યાએ અનેક ખાડાઓથી નીચો ગયેલો હોય છે.

૫. એ કોઈ સ્થાનકોએ દેવતાઓનાં મણિમંદિરોથી અત્યંત સૌંદર્ય ધારણ કરનાર સ્વરૂપવંત છે અને કોઈ સ્થાનકોએ અત્યંત ભયંકર અંધકારવાળાં નરક વગેરેથી અતિ બીભત્સ-ભયાનક છે.

૬. કોઈ પ્રદેશોમાં એ અનેક ઉત્સવમય હોઈને ખૂબ રંગમાં હોય છે, કોઈ પ્રદેશમાં જયમંગળના નાદથી ગાજતો હોય છે; એના કોઈ પ્રદેશો અત્યંત મોટા અવાજથી હાય હાયના અવાજો અને નિઃસાસાઓથી ભરેલ હોય છે અને ભારે મોટા શોક તથા ખેદમાં ગૂંચવાઈ ગયેલ હોય છે.

૭. જન્મ-મરણના ચક્કરમાં પડેલાં સર્વ પ્રાણીઓ, જેઓએ અનેક પ્રકારનાં મમત્વો કર્યાં હોય છે અને કરી કરીને છોડી દેવાં પડેલાં હોય છે તેઓએ તેનો અનંત વખત ખૂબ સારી રીતે લાંબા કાળ સુધી પરિચય-સંબંધ કરેલો હોય છે.

૮. તમે જો આ પરિભ્રમણથી થાકી ગયા હો તો જે ભગવાને શાંતસુધારસના પાન દ્વારા વિનયને ધારણ કરનારનું રક્ષણ કર્યું છે તે મહાપુરુષને નમો-પ્રણામ કરો.

લોકસ્વરૂપભાવના : પરિચય

ક્ર ૧. આ ભાવનામાં આપણે વિશ્વરચનાના સ્વરૂપમાં દાખલ થઈએ છીએ. એ વિશ્વરચના અનાદિ કાળથી ચાલી આવેલી છે. એને કોઈએ બનાવેલ નથી, બનાવવાનું શક્ય કે સંભવિત નથી; અને બનાવનાર શેમાંથી બનાવે ? શા માટે બનાવે ? અને બનાવે તો આવી સૃષ્ટિ બનાવે એ વાત કોઈ પણ રીતે ગળે ઊતરે તેમ નથી. જે ભૂતદયા સ્રષ્ટામાં હોવી જોઈએ તે પૃથ્વી કે વિશ્વ બનાવે તો આવું દુઃખમય, ત્રાસ આપનાર વિશ્વ શા માટે બનાવે એ કલ્પનામાં ઊતરે તેમ નથી. આ સૃષ્ટિકર્તૃત્વનો પ્રશ્ન ઘણો વિશાળ છે. ન્યાયની કોટિ પાસે તે કોઈ રીતે ટકી શકે તેમ નથી. એટલી પ્રાસંગિક ટીકા સાથે એ અતિ મહત્ત્વના આદિ પ્રશ્નને આપણે સંકેલી લેવો જ પડે. આ ભાવનામાં એને સ્થાન નથી.

ભૂગોળ-વિશ્વ સંબંધી જૈન શાસ્ત્રકારોનો કેવો ખ્યાલ છે તે આપણે આ સ્થળે વિચારી જઈએ. એના સંબંધમાં ઘણા શાસ્ત્રગ્રંથો છે. ક્ષેત્રસમાસ, સંગ્રહણી, સૂર્ય પ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ વગેરે એ વિષયના ખાસ ગ્રંથો ઉપરાંત મૂળસૂત્રોમાં, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ વગેરેમાં લોકનું વર્ણન ઠૂંઠાંછવાયું અનેક સ્થાનકે કરવામાં આવ્યું છે. તે અનુસાર કેટલીક વિચારણા અત્ર કરી એનું સ્વરૂપ સમજવા પ્રયત્ન કરીએ. એની સમજણ થયા પછી, એને અંગે ભાવના કેવી રીતે ભાવવી તેનો પણ વિચાર કરશું. અહીં તો વિશ્વનો સાદો ખ્યાલ આપી શકાય તેમ છે, કારણ કે આ ગ્રંથનો ઉદ્દેશ ભાવનાનો છે. વસ્તુસ્વરૂપ સંક્ષેપમાં બતાવ્યા પછી ભાવનાના વિશાળ માર્ગ પર ઊતરી, આપણે આ શાંતસુધારસનો આસ્વાદ લેવા યત્ન કરશું.

આ વિશ્વના પ્રથમ ત્રણ વિભાગ કરવામાં આવ્યા છે : અધોલોક, તિર્યક્ અથવા મર્ત્યલોક અને ઊર્ધ્વલોક. એના આકારનો ખ્યાલ આપવા માટે એક લોકપુરુષની કલ્પના કરી છે. જાણે એક પુરુષ બન્ને પગ ખૂબ પહોળા કરી, બન્ને હાથો કેડ પર લગાવી ઊભો છે. આ લોકપુરુષની કેડ બહુ પાતળી છે. એ કેડ-કમરની નીચેના ભાગમાં અધોલોક આવ્યો છે, જેનો આકાર છત્ર ઉપર છત્ર મૂકયું હોય તેવો છે. કેડ પાસે તિર્યગ્ લોક આવે છે, કેડની ઉપરના ભાગમાં ઊર્ધ્વ લોક આવે છે.

એ લોકનું માપ રજ્જુથી કરવામાં આવે છે. એક રજ્જુનું માપ નીચેની રીતે કરવાનું છે. જંબૂદ્વીપ મધ્યદ્વીપ છે. તે એક લાખ યોજન પ્રમાણ છે, એટલે તેની મધ્યરેખા તેટલી છે. તેની ફરતો ચારે તરફ લવણસમુદ્ર છે. તેની લંબાઈ-પહોળાઈ બે લાખ જોજનની છે. તેની ફરતો ધાતકીખંડ છે તે ચાર લાખ જોજન લાંબો-પહોળો છે. તેની ફરતો કાલોદધિ સમુદ્ર છે તે આઠ લાખ જોજન લાંબો-પહોળો છે. ત્યારપછી પુષ્કરવર દ્વીપ છે તે સોળ લાખ જોજન લાંબો-પહોળો છે. ત્યારપછી એક સમુદ્ર અને એક દ્વીપ એમ અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે. આ અસંખ્ય દ્વીપ-સમુદ્રનું જે એકંદર માપ થાય તેને એક રજ્જુનું માપ ગણ્યું છે.

એ હિસાબે અધોલોક જે સમભૂતલા પૃથ્વીથી નીચે ૯૦૦ જોજન પછી શરૂ થાય છે તેનું ઊંચાઈનું માપ સાત રજ્જુ-પ્રમાણ છે. તિર્યગ્‌લોક પહોળાઈમાં એક રજ્જુપ્રમાણ છે. ઊંચાઈ ૧૮૦૦ યોજનની છે. એ એક રજ્જુનો અતિ અલ્પ ભાગ ઊંચાઈમાં રોકે છે. ઊર્ધ્વલોક સાત રજ્જુમાં કંઈક ઓછો છે. કુલ ત્રણે લોક મળીને ચૌદ રજ્જુપ્રમાણ ઊંચાઈ છે.

અધોલોકનો વિચાર પ્રથમ ગાથામાં કર્યો છે. ઉપર જણાવ્યું તેમ સમભૂતલા પૃથ્વીથી નીચે નવસો જોજન મૂકયા પછી એ શરૂ થાય છે. એના સાત વિભાગ છે. એને નરકભૂમિ કહે છે. એમાં રહેનાર જીવો 'નારકો' કહેવાય છે.

પ્રથમ નરકભૂમિ રત્નપ્રભા નામની છે. તેનો પૃથ્વીપિંડ એક લાખ એંશી હજાર જોજન છે. એના ત્રણ કાંડ (વિભાગ) છે. પ્રથમ વિભાગ રત્ન-ભરપૂર છે તેથી તેનું નામ રત્નપ્રભા પડેલ છે. જો કે તેની જાડાઈ ૧૬ હજાર યોજનની છે. બીજા કાંડમાં કાદવ છે, તેની જાડાઈ ૮૪૦૦૦ યોજન છે. ત્રીજો ભાગ પાણીથી ભરેલો છે. તેની જાડાઈ ૮૦ હજાર યોજન છે. એની નીચે ઘનોદધિ, તેની નીચે ઘનવાત, તેની નીચે તનુવાત અને પછી આકાશ છે. ત્યાર પછી બીજી નરકભૂમિ આવે છે.

આ પ્રથમ નરકભૂમિનું નામ 'ઘર્મા' કહેવાય છે. એની ઊંચાઈ એક રાજની છે. બીજી નરકભૂમિનું નામ શર્કરાપ્રભા છે. એમાં કાંકરા વિશેષ છે. એની ઊંચાઈ પણ એક રાજની છે. ત્રીજી નરકભૂમિ વાલુકાપ્રભા છે. એમાં વેળુ એટલે રેતી વિશેષ છે. એની ઊંચાઈ પણ એક રજ્જુપ્રમાણ છે. આ ત્રણે નરકમાં ક્ષેત્રવેદના ભયંકર, શીત-ઉષ્ણ વગેરે દશ પ્રકારની અસહ્ય હોય છે. સ્થાનકો રહેવાનાં બરછી જેવાં અને શરીર પારા જેવાં હોય છે. બીજી અન્યોન્યકૃત વેદના છે. નારકો પરસ્પર લડે છે, કાપે છે, ત્રાસ આપે છે અને મારામારી કર્યા જ કરે છે. એક ક્ષણ પણ સુખ નથી. ત્રીજી પરમાધામીકૃત વેદના છે. એ અધમ દેવો નારકોને ત્રાસ આપવામાં આનંદ લેનારા તેમજ ક્રૂર સ્વભાવવાળા છે. આવી ત્રણે પ્રકારની વેદના અતિ આકરી હોય છે.

ચોથી નારકીનું નામ પંકપ્રભા, એમાં કાદવ વિશેષ છે.

પાંચમી નારકીનું નામ ધૂમપ્રભા, એમાં ધુમાડો વિશેષ છે.

છઠ્ઠી નારકી તમઃપ્રભા, એમાં અંધકાર છે.

સાતમી નારકી તમસ્તમઃપ્રભા, એમાં ઘોર અંધકાર છે.

પછવાડેની ચાર નારકીઓમાં અન્યોન્યકૃત અને ક્ષેત્રવેદનાઓ હોય છે. પરમાધામી-કૃત વેદના હોતી નથી.

સાતે નારકોનાં નામ અનુક્રમે ૧. ઘર્મા, ૨. વંશા, ૩. શૈલા, ૪. અંજના ૫. રિષ્ટા, ૬. મઘા અને ૭. માઘવતી છે.

આયુષ્યપ્રમાણ : જઘન્ય દશ હજાર વર્ષ. ઉત્કૃષ્ટ : પ્રથમ નરકના નારકોનું એક સાગરોપમ, બીજીનું ત્રણ સાગરોપમ, ત્રીજીનું સાત સાગરોપમ, ચોથીનું દશ સાગરોપમ, પાંચમીનું સત્તર સાગરોપમ, છઠ્ઠીનું બાવીશ સાગરોપમ અને સાતમીનું તેત્રીશ સાગરોપમ છે. પ્રથમનું ઉત્કૃષ્ટ તે દ્વિતીયનું જઘન્ય એમ ઉત્તરોત્તર સમજી લેવું.

સાતમી નારકીની પહોળાઈ સાત રજ્જુપ્રમાણ છે. પ્રથમ નરકથી તે સાતમી નરક સુધી ઉત્તરોત્તર લંબાઈ-પહોળાઈ વધતી આવે છે અને છેવટ લોકપુરુષના પગ આગળ ખૂબ લાંબી-પહોળી થાય છે. સાતમી નારકીની નીચે પણ ઘનોદધિ, ઘનવાત અને તનુવાત આવે છે અને છેવટે આકાશ આવે છે. ત્યાં લોકનો છેડો આવે છે.

એ નારકી છત્રાકારે છે. એક ઊંધા છત્ર ઉપર બીજું નાનું છત્ર મૂકયું હોય એ રીતે છે. એમાં મોટામાં મોટું છત્ર નીચે છે. ઉપર નાનું નાનું થતું આવે છે. અથવા રામપાત્ર-શરાવલાને ઊંધું મૂકયું હોય તેવો આ અધોલોકનો આકાર છે.

સાતે નરકમાં નરકાવાસ છે તેની કુલ સંખ્યા ૮૪ લાખની છે.

નારકોનાં દુઃખોનું વર્ણન કરવું અશકય છે, વાંચતાં ત્રાસ ઉત્પન્ન થાય તેવું છે. એનાં રહેવાનાં સ્થાનો અને કલહો એવા હોય છે, એની ભૂમિકા એવી શીત ને ઉષ્ણ હોય છે અને એનાં વર્ણન એવાં આકરાં છે કે વાંચતાં અરેરાટી ઉદ્ભવે. આવો અધોલોક છે.

આ અધોલોકમાં પ્રથમ નારકીનો પૃથ્વીપિંડ ૧૮૦૦૦૦ જોજન છે. તેમાં ઉપર-નીચે એક-એક હજાર જોજન મૂકતાં બાકીના ૧૭૮૦૦૦ યોજનમાં તેર પ્રતર છે અને ૧૨ આંતરા છે. એમાંથી વચ્ચેના દશ આંતરામાં ભવનપતિ દેવોનાં સ્થાનો છે. એના દશ પ્રકાર છે. એના વીશ ઇંદ્રો છે. આ એક જાતિના દેવો છે પણ એમનાં સ્થાન અધોલોકમાં છે.

ઉપર જે એક હજાર જોજન મૂકયા તેમાંથી ઉપર-નીચે સો-સો જોજન મૂકતાં વચ્ચેના ૮૦૦ જોજનમાં વ્યંતર દેવોનાં નિવાસસ્થાન છે અને ઉપરના સો જોજન મૂકયા તેમાં ઉપર-નીચે દશ-દશ જોજન મૂકી દેતાં બાકીના ૮૦ જોજનમાં વાણવ્યંતર દેવોનાં નિવાસસ્થાન છે. વ્યંતરો તિચ્છલોકમાં પણ અનેક સ્થાને રહે છે.

ख ૨. અધોલોકની ઉપર **તિર્યગ્લોક** આવે છે. એનો વિસ્તાર એક રજ્જુપ્રમાણ છે. એમાં અસંખ્ય દ્વીપ-સમુદ્ર છે. એના ઉપરના ભાગમાં જ્યોતિશ્ચક્ર છે. લોકપુરુષની પાતળી કમરને જાણે કંદોરો પહેરાવ્યો હોય તેવું સૌન્દર્ય તિચ્છલોક આપે છે.

અધોલોક ખૂબ પહોળો અને ઊંચો છે, ત્યારે આ તિર્યગ્લોક ઊંચાઈમાં ૧૮૦૦ યોજન છે. જંબૂદ્વીપની વચ્ચે મેરુપર્વત છે. તે જમીનમાં એક હજાર જોજન છે. બહાર ૯૯૦૦૦ જોજન છે. એની સમભૂતલા પૃથ્વી પરની શરૂઆતમાં ચારે દિશાએ મળી ચાર અને એની ઉપર બીજા ચાર એમ આઠ રુચકપ્રદેશ છે. ત્યાંથી ૯૦૦ જોજન ઉપર અને નવશેં જોજન નીચે તિર્યગ્લોક છે,

જંબૂદ્વીપ થાળીને આકારે છે. ત્યારપછી એક સમુદ્ર અને એક દ્વીપ એમ ઉત્તરોત્તર આવે છે. તે વલય-ચૂડીને આકારે ફરતા રહે છે અને પ્રત્યેક ઉત્તરોત્તર બમણા બમણા પ્રમાણવાળા છે. છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર આવે છે. આ અસંખ્ય દ્વીપ-સમુદ્રનું માપ બરાબર એક 'રજ્જુ' પ્રમાણ છે.

જંબૂદ્વીપમાં ભરત, ઐરવત, મહાવિદેહ નામનાં ત્રણ કર્મભૂમિ-ક્ષેત્રો છે. મહાવિદેહમાં સર્વ કાળ તીર્થંકર અને કેવળી હોય છે. ભરત, ઐરવતમાં ઉત્સર્પિણીના ત્રીજા-ચોથા આરામાં[1] અને અવસર્પિણીના પણ ત્રીજા-ચોથા આરામાં[2] તીર્થંકરો હોય છે. ધાતકીખંડમાં બે મેરુ છે અને પુષ્કરવર દ્વીપમાં બે મેરુ છે. આ અઢી દ્વીપ મનુષ્યોથી વસેલો છે. મનુષ્યની ઉત્પત્તિ આ અઢીદ્વીપમાં જ છે. વિદ્યાબળે આઠમા નંદીશ્વર દ્વીપ સુધી મનુષ્યો જઈ શકે છે. મનુષ્યનું આયુષ્ય ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમનું હોય છે. સર્વ દ્વીપ-સમુદ્રોમાં તિર્યંચોની ઉત્પત્તિ છે.

આ તિર્યગ્લોકમાં પૃથ્વી ઉપર ૭૮૦ જોજન મૂક્યા પછી ૧૨૦ જોજનમાં જ્યોતિષ્ચક્ર આવે છે. જેમાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા હોય છે. અઢી દ્વીપમાં એ ચર હોય છે; અન્યત્ર સ્થિર હોય છે,

આ ઉપરથી જોવામાં આવશે કે મેરુપર્વતનો સો યોજન જેટલો ભાગ અધોલોકમાં છે, તિર્યગ્લોકના ૧૮૦૦ યોજનનો સર્વત્ર વ્યાપે છે અને ઊર્ધ્વલોકમાં તેનો મોટો ભાગ એટલે કે ૯૮૧૦૦ યોજન છે. પુષ્કરવર દ્વીપના પ્રથમના અર્ધા ભાગને છેડે માનુષોત્તર પર્વત છે. ત્યાં મનુષ્ય-ઉત્પત્તિ પૂરી થાય છે. મનુષ્ય-ઉત્પત્તિસ્થાન અઢી દ્વીપ છે અને લવણસમુદ્રમાં ૫૬ અંતર્દ્વીપો છે તેમાં યુગલિક મનુષ્યો છે. આ તિર્યગ્લોકમાં કર્મભૂમિ પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ મળી કુલ ૧૫ છે. યુગલિક ક્ષેત્રો ૩૦ છે તેને 'અકર્મભૂમિ' કહેવામાં આવે છે. લવણસમુદ્રમાં ૫૬ અંતર્દ્વીપ છે. તે પણ અકર્મભૂમિ છે. મનુષ્યલોકમાં અનેક નગરો, ઉપવનો, પર્વતો, નદીઓ, દ્રહો વગેરે છે. એમાં એટલી વિચિત્રતાઓ અને વૈભવ ભરેલાં છે કે એને ઉપાધ્યાયશ્રીએ 'શ્રીવિચિત્ર'નું યોગ્ય જ ઉપનામ આપ્યું છે.

ધ્યાનમાં રાખવું કે લોકપુરુષની પહોળાઈ અસંખ્ય દ્વીપ-સમુદ્રો આ તિર્યગ્ લોકમાં હોવા છતાં ઓછામાં ઓછી છે અને ઊંચાઈ તો તદ્દન થોડી છે. હવે આપણે ઊર્ધ્વલોકને સમજીએ.

ગ ૩. ઊર્ધ્વલોકની યોજના આ પ્રમાણે છે :—તિર્યગ્લોક પૂરો થયા પછી અસંખ્ય યોજન ઉપર જતાં એક સાથે પ્રથમ અને દ્વિતીય દેવલોક આવે છે. તેના ઉપર અસંખ્ય યોજન ગયા પછી એક સાથે ત્રીજો અને ચોથો દેવલોક આવે છે. તેની ઉપર અસંખ્ય યોજને પાંચમો, તે જ પ્રમાણે તેની ઉપર છઠ્ઠો, પછી સાતમો અને તેની ઉપર આઠમો. ત્યારપછી અસંખ્ય યોજન ઉપર ગયા પછી નવમો, દશમો એક સાથે છે. તેની ઉપર અસંખ્ય યોજન મૂક્યા પછી અગિયારમો, બારમો દેવલોક એક સાથે છે.

---

૧. ત્રીજામાં ૨૩ ને ચોથામાં ૧.

૨. ત્રીજામાં ૧ ને ચોથામાં ૨૩ તીર્થંકર.

પાંચમા દેવલોકે કલ્પિત લોકપુરુષની બે કોણીઓનો ભાગ આવે છે. ત્યાં પહોળાઈ પાંચ રજ્જુની છે. બાર દેવલોક થઈ રહ્યા પછી ગ્રીવા(ડોક)સ્થાને નવ ગ્રૈવેયક આવે આવે છે. ત્યાંના દેવો કલ્પાતીત છે. મુખસ્થાને અનુત્તર દેવો આવે છે. ત્યાં ચાર દિશાએ ચાર વિમાનો છે અને વચ્ચે સર્વાર્થસિદ્ધ વિમાન છે. આ વૈમાનિકો અલ્પ-ભવી અને કલ્પાતીત છે. કપાળના સ્થાને બાર જોજનનું અંતર મૂકીને સ્ફટિકમય સિદ્ધશિલા આવે છે. એની ઉપર એક યોજને લોકની મર્યાદા (હદ) પૂરી થાય છે. દેવતાઓને સુખનો જ અનુભવ થાય છે. ત્રીજા દેવલોક પછી સર્વાંગ સ્પર્શસુખથી વિષય વાસના પૂરી કરતા નથી. ઉત્તરોત્તર વાસના માત્ર શરીરસ્પર્શથી, પછી દેવીના શબ્દશ્રવણથી, પછી રૂપના નિરીક્ષણથી અને પછી ચિંતનમાત્રથી જ તૃપ્ત થાય છે. આ વિકાસ ખાસ સમજવા જેવો છે. કામવાસનાની તૃપ્તિ કરતાં તેના ઉપર વિજય મેળવવામાં વધારે આહ્લાદ ઉદ્ભવે છે. ગ્રૈવેયક ને અનુત્તર વિમાનના દેવોને તો પાંચે ઇંદ્રિયના ભોગની ઇચ્છા પણ થતી નથી.

ઘ ૪. ઉપરના ત્રણ શ્લોકોમાં ત્રણ લોકનું દિગ્દર્શન કર્યું. એનો આપણા માનસ-ચક્ષુ સમક્ષ ખ્યાલ કરવા માટે કલ્પના કરવાની છે. જાણે કે એક પુરુષ ઊભો છે, તેના બન્ને પગો પહોળા કરેલા છે અને તેણે પોતાના ડાબા, જમણા બન્ને હાથ કેડે લગાવ્યા છે. એ લોકપુરુષનું વર્ણન આ ઘ અને ઙ શ્લોકોમાં કર્યું છે.

વૈશાખસંસ્થાન-સ્થાયી બન્ને પગો તે પુરુષના બતાવ્યા છે તેનો ભાવ બન્ને પગ પહોળા કરીને ઊભા રહેવાનો છે. એને વૈશાખ માસ કે વિશાખા નક્ષત્ર સાથે સંબંધ નથી. પગ પહોળા કરીને વલોણું કરનાર સ્ત્રીનું એ સંસ્થાન છે એમ કોષમાં કહેલ છે.

આવી રીતે પહોળા પગને સ્થાનકે નારકો છે. સાતમી નારકીનું થાળું અતિ વિસ્તીર્ણ છે. તે સાત રજ્જુ જગ્યા રોકે છે. એક રજ્જુપ્રમાણ લંબાઈ-પહોળાઈના ટુકડા કલ્પીએ તો અધોલોકના ૧૯૬ ટુકડા થાય. એ સરાવળાને ઊંધું મૂકયું હોય તે આકારે છે.

કેડના ભાગમાં પહોળાઈ ઓછી છે, માત્ર એક રજ્જુ છે. ત્યાં તિર્યંગ્લોક આવે છે. ઊર્ધ્વલોકનું વર્ણન ગ શ્લોકમાં કર્યું છે. તેમાં કોણી આગળ પાંચમો દેવલોક છે. ગળા આગળ ગ્રૈવેયક દેવો છે અને મુખ ઉપર પાંચ અનુત્તર વિમાનો છે. સર્વની ઉપર સિદ્ધજીવો છે. આ ઊર્ધ્વલોકના ટુકડા રજ્જુના માપે કરીએ તો ૧૪૭ થાય.

તિર્યંગ્લોકનો સમાવેશ એમાં થઈ જાય છે. કુલ રજ્જુ ૩૪૩ થાય. એ ૭ નું ઘન છે, એટલે સાતને સાતે ગુણતાં ૪૯ થાય, તેને સાતે ગુણતાં ૩૪૩ રજ્જુ થાય. એટલે આખા લોકપ્રદેશને સંમિલિત કર્યો હોય તો ૭ ઘનરજ્જુ થાય.

આવો લોક અથવા કલ્પિત લોકપુરુષ અનાદિકાળથી ઊભો છે. એ અનાદિ અનંત છે. એનો કોઈ કર્તા નથી. એ શ્રાન્ત-થાકેલ મુદ્રાવાળો છે છતાં જરા પણ ખેદ પામેલો નથી. મતલબ એ કે, એ ત્રણે કાળ ઊભો છે. એ કદી બેસી જવાનો કે થાકી જવાનો નથી. હજુ સુધી થાકયો નથી અને ભવિષ્યમાં કદી થાકવાનો નથી.

વિશ્વના અનાદિત્વ સંબંધી મોટી ચર્ચા છે. એનો આદિ કોઈએ જોયો નથી, એનો કાંઈ ઇતિહાસ નથી અને એની શકચતા પણ નથી. મરઘી પહેલી કે ઈંડું પહેલું ? એ સવાલનો નિર્ણય કરતાં છેવટે અનવસ્થા જ પ્રાપ્ત થાય છે. બીજ વગર વૃક્ષ ન થાય અને બીજ વૃક્ષના ફળમાં જ હોય છે, એમ ચર્ચા કરીએ તો પણ અંતે અનાદિમાં જ પર્યવસાન પામે છે.

ૐ ૫. આવો **લોકપુરુષ** છે. એમાં છ દ્રવ્યો ભરેલાં છે. લોકમાં જીવો, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, કાળ અને પુદ્ગળો છે.

આ છ દ્રવ્યો નિત્ય છે અને પોતપોતાના ધર્મોમાં સ્થિર રહે છે. અસ્તિકાય એટલે સમૂહરૂપ સમજવું. એમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવ અરૂપી છે; જ્યારે પુદ્ગલ દ્રવ્ય રૂપી છે. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય નિષ્ક્રિય છે, જીવ અને પુદ્ગળ સક્રિય છે. આકાશ આધાર છે અને ધર્મ, અધર્મ, પુદ્ગળ અને જીવ આધેય છે. આકાશનો સ્વભાવ અવકાશ આપવાનો છે. ધર્માસ્તિકાય ગતિનિમિત્ત છે અને અધર્માસ્તિકાય સ્થિતિનિમિત્ત છે. શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, તડકો, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ પુદ્ગલનું લક્ષણ છે. કાળ વસ્તુને નવીન તેમ જ પુરાણુ બનાવે છે અને એના સમય, આવલિકા વગેરે વિભાગો છે. સેકન્ડ, મિનિટ, કલાક એ પણ કાળદ્રવ્યના જ વિભાગો છે.

આત્મા કર્તા, ભોક્તા, જ્ઞાતા છે, ચેતનરૂપ છે, યોગ્ય પુરુષાર્થથી તે સિદ્ધ થઈ શકે છે અને એના મૂળ અસલ સ્વરૂપે પહોંચી શકે છે. એના ગુણપર્યાય પર અગાઉ વિસ્તારથી વિવેચન થઈ ગયું છે.

લોકમાં આ છ દ્રવ્યો છે. એ પૂરો થાય ત્યારે અલોક આવે છે. એ અનંત છે. એમાં માત્ર આકાશ છે. ત્યાં બાકીનાં દ્રવ્યોને સ્થાન નથી. લોક અને અલોકનો તફાવત એ જ છે કે લોકમાં ષડ્દ્રવ્ય છે, અલોકમાં માત્ર આકાશ જ છે. સમય અને આકાશ (Time and Space)ના પ્રશ્નો જૈન દર્શનમાં ખૂબ વિસ્તારથી ચર્ચાયા છે.

ચ ૬. આ લોકપુરુષમાં જીવો છે. એ જીવો અને પુદ્ગળો અનેક પ્રકારનાં નાટકો કરી રહ્યા છે. પુદ્ગળો સ્પર્શ, રૂપ, રસ, ગંધને લઈને નાના પ્રકારના વેષો કાઢે છે. જીવોની વિવિધતાનો પાર નથી. એ પોતપોતાના પાઠો રંગભૂમિ ઉપર ભજવે છે અને પર્યાય પલટ કરી નવાં-નવાં રૂપો ધારણ કરે છે. એને નાટક કરવામાં પાંચ કારણો સહાય કરે છે, એને સમવાયી કારણ કહેવામાં આવે છે. તે કાળ, સ્વભાવ, ઉદ્યમ, કર્મ અને નિયતિ છે. કાળ એટલે એ પ્રમાણે વસ્તુ બનવાનો સમય પાકવો જોઈએ, જેમ કે આંબા ગરમીમાં જ ફળે છે, પ્રસૂતિ લગભગ નવમાસે જ થાય છે વગેરે. કાળ પાકચા છતાં ઉદ્યમ–પ્રયત્ન કરવો જ પડે. બેસી રહેવાથી કાંઈ વળે નહિ; અને ત્રીજી વાત એ છે કે વસ્તુસ્વભાવ તેવો હોવો જોઈએ. ઘઉં વાવી બાજરાની આશા વ્યર્થ છે. વળી કર્મ એટલે

પૂર્વે બાંધેલો કર્માનુસાર જ ફળપ્રાપ્તિ થાય છે અને નિયતિ એ અનાદિ લોકસ્થિતિ છે; અર્થાત્ સર્વજ્ઞોએ જે પ્રમાણે જ્ઞાનમાં દીઠું હોય તેમ જ બને છે–તેમાં ફેરફાર થતો નથી. આ પાંચે સમવાયી કારણો એકઠાં થાય ત્યારે કાર્ય બને છે. લોકમાં પ્રત્યેક કાર્ય આ પાંચ કારણોને આધીન રહે છે. એમાં પ્રાધાન્ય કોઈ પણ વખતે એક કારણનું હોય છે, બીજાં કારણ ગૌણ હોય છે; પરંતુ પાંચે એકી વખતે હોવાં જ જોઈએ.

આ સંસારમાં કર્માવૃત પ્રાણી જે નાટકો ભજવે છે તેનું વર્ણન શું કરીએ ? એના વિવિધ નાચો એટલે આખી દુનિયાનો ઇતિહાસ. દુનિયામાં બનતો કોઈ પણ બનાવ લઈ એ કે ઐતિહાસિક કોઈ ચરિત્ર વાંચીએ તો તેમાં નાટક સિવાય કાંઈ દેખાશે નહિ. આ આખી દુનિયા રંગભૂમિ છે અને પ્રાણીઓ તેનાં પાત્રો છે. એમાં વિચિત્ર શરીરો, આકૃતિઓ, સ્વરો, રૂપો, આકારો, ભાષણો, સુખ, દુઃખ, અભિમાન, આભિનિવેશ, કપટ, ચાતુર્ય, ખેદ, મોહ, પ્રેમ, આક્રમણ, આતાપના, કીર્તિ, અપયશ વગેરે સર્વ બાહ્ય અને આંતરિક ભાવો, દેખાવો અને આવિષ્કરણો થાય છે તે સર્વ નાટકો છે. ભવપ્રપંચ એટલે સંસારનું નાટક એને ભજવનારા જીવો અને પુદ્ગળો. પુદ્ગળ પરમાણુમાં ચેતનાશક્તિ ન હોવા છતાં અચિંત્ય શક્તિ હોય છે અને તેમાં તરતમતા પણ હોય છે. આપણી આસપાસ જે રમતો ચાલી રહી છે તે નાટક જ છે. આપણે પોતે પણ નાટકનાં પાત્રો જ છીએ અને આ આખું વિશ્વ એ રંગમંડપ–નાટચભૂમિ છે. એમાં પડદા પડે છે, ઊપડે છે અને નાટક પ્રત્યેક જીવ આશ્રયીને અને સમુચ્ચયે નિરંતર ચાલ્યા જ કરે છે. આ નાટકનો તાદૃશ ખ્યાલ શ્રી સિદ્ધર્ષિગણિએ પોતાના અદ્‌ભુત ચાતુર્યથી શ્રી ઉપમિતિભવપ્રપંચાકથા ગ્રંથમાં આપ્યો છે.

છ ૭. આવી રીતે લોકસ્વરૂપ વિચારતાં એમાં આત્મ, અનાત્મ વસ્તુનો ખ્યાલ થાય છે. જીવ, અજીવનો વિવેક થાય છે, સ્વર્ગ, મર્ત્ય, પાતાળનો ખ્યાલ થાય છે અને આ અનંત વિશ્વમાં આપણું સ્થાન શું છે, અને આ જીવ કયાં કયાં જઈ આવ્યો છે અને કોના કોના કેવા કેવા સંબંધમાં આવ્યો છે તેનો ઊંડો વિચાર થાય છે. અસંખ્યાત યોજનો, નિગોદથી ભરપૂર લોક, તેમાં પાર વગરની વનસ્પતિઓ, મર્ત્ય-લોકનું નાનકડું સ્થાન, તેમાં પણ મનુષ્યની ઉત્પત્તિ તો અઢીદ્વીપમાં જ. નારકોનાં દુઃખોનો ત્રાસ, સ્વર્ગનાં સુખોનો આખરે થતો અંત અને અનંત કાળથી ચાલી રહેલી ઘટના–એ સર્વ વિચારતાં એના અનાદિત્વનો અને પોતાના ચારે ગતિમાં ફેરા અને ગમનાગમનનો ખૂબ ખ્યાલ આવશે, અનેક તરંગો ઊઠશે. વિશ્વની વિશાળતા કેવી ? કેટલી ? અને આપણે કોણ ? કયાં ? કયા ખૂણામાં ભરાઈ પડચા છીએ ?—તે સમજાશે.

આવી ભાવના ભાવતાં મનની સ્થિરતા થઈ જશે. જો ભાવનાર જ્ઞાની હશે–વિદ્વાન્ હશે તો એને આ આખી ઘટના તરફ નિર્વેદ થઈ આવશે અને પોતાના મનના ઘોડાની લગામ એ ખેંચશે. વિશાળ વિશ્વમાં એ તારાઓ જોશે, નિરભ્ર આકાશમાં એ ચંદ્ર જોશે અને એની

સાથે એનામાં જે કાંઈ મદ હશે તે ગળી જશે. એ અંદર ઊતરી પોતાની લઘુતા અને કર્મનું જોર વિચારશે અને છતાં પુરુષાર્થનું પ્રાબલ્ય પણ સમજશે. એને ઇચ્છા થશે તો આવા વિશાળ વિશ્વમાંથી પણ તેને અગ્ર ભાગે જવાનો પોતાનો માર્ગ એ શોધી શકશે.

આટલું માનસિક સ્થૈર્ય એને પ્રાપ્ત થાય એટલે એને અધ્યાત્મસુખની પ્રસૂતિ સાહજિક છે. મનની અસ્થિરતા દૂર થઈ એટલે આત્મા સ્થાને આવી જાય છે, બાહ્ય ભાવ તજી એ અંતરમાં ઊતરે, અને ત્યાં એની સ્થિરતા થઈ એટલે એને તત્ત્વાનુસંધાન થતાં વખત લાગતો નથી. લોકસ્વરૂપમાં શું વિચારવાનું છે તે હજુ ગેયાષ્ટકમાં કહેવાનું છે. એ રીતે વિચારતાં વિકાસ સત્વર અને સ્પષ્ટ છે. અંદર ઊતરી જવા અત્ર આમંત્રણ છે. વિજ્ઞ-સમજુ પ્રાણી આ નોતરું જરૂર સ્વીકારે.

અહીં 'વિવિક્તિ' શબ્દ વાપર્યો છે તે ખૂબ સમજવા યોગ્ય છે. પૃથક્કરણ-વિવેચન વિવેકપૂર્વક કરવું એ એનો આશય છે. લોકસ્વરૂપ સંબંધી અનેક મતભેદ છે. પૃથ્વીના આકાર સંબંધી તકરારો છે. આ ગૂંચવણમાં ઊતરવાની અહીં જરૂર નથી. એ માટે સાધનો અને અભ્યાસ સુલભ પણ નથી; પણ પૃથ્વી અને આકાશ ઘણાં વિશાળ છે અને આપણું સ્થાન એમાં તદ્દન નાનું છે એ આપણે વિચારવાનું છે. આ વાતમાં બે મત પડે તેમ નથી. સદાચારી જીવન, ઉચ્ચ ભાવના, માનસ-સ્થૈર્ય, અધ્યાત્મભૂમિમાં પ્રવેશ અને પ્રવાસ એ સર્વ સુવિદિત વાત છે અને સર્વ કાળમાં આદરણીય છે. આપણે ગમે તેવા મોટા હોઈએ તો પણ અનંત વિશ્વમાં કેવળ અણુમાત્ર છીએ અને આપણો મોક્ષ આપણે આપણા પ્રયત્ન વડે જ સાધી શકીએ છીએ. આ સર્વ બિનતકરારી મુદ્દા પકડી લઈ, આપણો વિકાસ જે માર્ગે થાય તે આદરી લેવો સર્વ દૃષ્ટિએ યોગ્ય છે. આપણે આ દૃષ્ટિએ એ મુદ્દા પકડી લઈએ. એમાં કોઈ કોઈ મુદ્દા ખૂબ ભવ્ય છે અને ખાસ અંદર ઊતરી જાય તેવા છે.

લોકસ્વરૂપભાવના : : જ્ઞેયાષ્ટકપરિચય

૧. ઉપરના પરિચયમાં જે લોકનું વર્ણન સંક્ષેપમાં કર્યું છે તે લોક શાશ્વત છે; ભૂત, વર્તમાન ને ભવિષ્યમાં એકસ્વરૂપે વર્તનાર છે. એ શાશ્વત ન હોય તો એનો આદિ હોવો ઘટે; તેનું કોઈ પ્રમાણ લક્ષ્ય નથી અને એને બનાવવા પરમાણુ જોઈએ તે ચેતન પદાર્થમાંથી નીકળે તેમ નથી. જો પરમાણુને અનાદિ માનીએ તો વાત અંતે અનાદિ ઉપર જ આવે છે.

જે લોકનું ઉપર વર્ણન કરવામાં આવ્યું છે તે ચર અને અચર, જંગમ અને સ્થાવર સર્વને ધારણ કરવા સમર્થ છે અને આકારાંતર તથા અવસ્થાંતર ધારણ કરે છે. પ્રત્યેક દ્રવ્ય પોતાના ધર્મો બજાવે છે અને અન્યથી જુદું રહી એક સાથે કામ કરે છે. આકાશ સર્વને અવકાશ આપે છે. આ લોકસ્વરૂપને તું ખૂબ વિચાર. ચર અને અચર સર્વને ઓળખવા અને પ્રત્યેકના ગુણો અને પર્યાયોને વિચારવા એ અત્ર મુદ્દો છે. આ સર્વ તત્ત્વોમાં આકાશને બરાબર સમજ્યા પછી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને ખાસ સમજવા જરૂરી છે, કારણ કે એનું દ્રવ્ય તરીકે કોઈ દર્શનમાં નિરૂપણ નથી. વિચારવાનું એ છે કે આકાશ તો અવકાશ આપે, જીવ અને પુદ્ગળો ચાલે, પણ એની ગતિ અને સ્થિરતાને નિયંત્રિત કરનાર કોઈ ન હોય તો સર્વત્ર અવ્યવસ્થા ઊભી થાય. એને ચોક્કસ સ્થાને રાખનાર અને ગતિ તથા સ્થિતિ વખતે એને સહાય કરનાર ઉપરનાં બન્ને દ્રવ્યો (ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય) ન હોય તો દેખાતા વિશ્વની વ્યવસ્થા કે સ્વરૂપ ન રહે. આ રીતે દલીલથી પણ એ દ્રવ્યો સમજી શકાય તેવાં છે. જૈનનો પરિણામિ-નિત્યત્વવાદ ન્યાયના ગ્રંથોથી ખાસ સમજવા લાયક છે.

૨. ઉપર જે લોકની હકીકત રજૂ કરી તે લોક ચારે તરફ અલોકથી વીંટાયેલો છે. ચૌદ રજ્જુ ઊંચો અને સાત ઘન રજ્જુ પ્રમાણ પિંડવાળો લોક પૂરો થાય ત્યારે તેની પછી ફરતો અલોક આવે છે. અલોક એટલે જ્યાં જીવ, ધર્મ, અધર્મ, પુદ્ગળ કે કાળનો પ્રવેશ નથી પણ જ્યાં માત્ર આકાશ છે તેવો પ્રદેશ. અલોકમાં કોઈ જીવ જઈ શકતો નથી, કારણ કે ગતિસહાયક ધર્માસ્તિકાય ત્યાં છે જ નહીં માત્ર આકાશ (Space) ત્યાં છે તે અનંત છે. ત્યાં પુદ્ગળ-પરમાણુ પણ નથી.

એ 'લોક' દીપતો છે, કારણ કે એમાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો છે અને ખાસ કરીને એમાં ચેતનાશક્તિવાળા જીવો છે વળી એ એટલો વિસ્તારવાળો છે કે એની ગણતરી કરતાં અક્કલ છક્કડ ખાઈ જાય. અસંખ્ય યોજનોની વાત એને ગણનાતીત બનાવે છે. નાનકડા મનુષ્યલોકમાં પણ અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે, ત્યાં આખા લોકના માપની ગણતરી કેવી રીતે થાય ? આવો વિસ્તારવાળો આ લોક છે.

લોકની હદ-મર્યાદા પાંચ દ્રવ્યથી થાય છે. લોકમાં પાંચે દ્રવ્યો જરૂર હોય છે. અલોકમાં માત્ર આકાશ છે તે ઉપર જણાવ્યું છે. પાંચમાં એક પણ દ્રવ્ય ઓછું હોતું નથી.

આ ગાથામાં પાંચ દ્રવ્યની હકીકત કહી અને ઉપર ક્ર ૧ શ્લોકમાં છ દ્રવ્ય બતાવ્યાં છે તેમાં અપેક્ષા સમજવાની છે. કેટલાક આચાર્યો કાળને દ્રવ્ય તરીકે માનતા નથી. કાળના પર્યાયો સર્વ કબૂલ કરે છે. દ્રવ્યને ગુણ અને પર્યાય બન્ને હોવા ઘટે. અતીત, અનાગત અનંત સમયો એના પર્યાય છે. આ મોટો ચર્ચાનો વિષય છે. કાળનું સ્વરૂપ ને વર્તના સર્વ સ્વીકારે છે. એને જુદા દ્રવ્ય તરીકે માનવામાં આવે કે નહિ તે પ્રશ્નમાં આપણે નહિ ઊતરીએ. લોકમાં કાળ વર્તે છે, અલોકમાં કાળ વર્તતો નથી. આ સંબંધમાં બે મત નથી. સમજવાની વાત એ છે કે લોકનું માન ગણતરીથી અતિક્રાન્ત હોવા છતાં એની સીમા-મર્યાદા સુઘટિત છે. આવા અપાર, અદ્ભુત લોકરૂપ વિશ્વનો વિચાર કરવો. અનંત આકાશ સામે જોઈ તારા, ગ્રહ, ચંદ્ર વગેરેનો વિચાર કરી વિશ્વની વિશાળતા વિચારવી અને એના વિસ્તારનો ખ્યાલ કરવો.

૩. ચૌદ રજ્જુ લાંબો લોક આકાશમાં રહેલો છે. એ આકાશના અસંખ્ય પ્રદેશ છે. જેનાથી નાનો ભાગ ન થઈ શકે તેવા વિભાગને પ્રદેશ કહે છે. આકાશપ્રદેશની સંખ્યા 'અસંખ્ય' છે. અસંખ્યનો ખ્યાલ ચોથા કર્મગ્રંથમાં વિસ્તારથી શ્રીદેવેંદ્રસૂરિએ ચાર પાલાની કલ્પના કરીને આપ્યો છે.

તીર્થંકર કે સામાન્ય કેવળી (જિનેશ્વર અથવા જિન) કેટલીક વાર મોક્ષે જવા પહેલાં કેવળી-સમુદ્ઘાત કરે છે. એમાં આઠ સમય લાગે છે. એથી ઘણાં કર્મો ખરી જાય છે. પ્રત્યેક આત્માના પ્રદેશ અસંખ્ય છે અને તેની કુલ સંખ્યા લોકાકાશના પ્રદેશ જેટલી છે. કેવળી ઉપર જણાવ્યો તેવો સમુદ્ઘાત કરે ત્યારે લોકાકાશના પ્રત્યેક પ્રદેશ પર પોતાનો એક એક આત્મપ્રદેશ સ્થાપન કરે છે. પહેલે સમયે એ દંડ કરે છે, બીજે સમયે કપાટ કરે છે, ત્રીજે સમયે મંથાન કરે છે અને ચોથે સમયે આંતરા પૂરે છે. ચોથા સમયે તે સર્વ લોકપ્રદેશને સ્પર્શે છે અને તે વખતે આત્મા મહાસમુદ્ઘાત કરી અનેક કર્મને ખેરવી નાખે છે. આ અતિ અગત્યના સમયે પ્રત્યેક આકાશપ્રદેશને જિનનો આત્મા સ્પર્શે છે. પછી તુરત એ ક્રિયા સંહારી લે છે. સમુદ્ઘાત-પ્રકરણ શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર (૩૬ મા પદ) માંથી વાંચવા યોગ્ય છે. એ આત્માની અદ્ભુત વીર્યશક્તિ બતાવે છે.

પ્રાણીઓ-જીવોની અનેક ક્રિયાનું એ લોકમંદિર છે. બે અણુ ભેગા થાય ત્યારે દ્વયણુક, ત્રણ અણુ ભેગા મળે ત્યારે ત્રયણુક, એમ અનંત અણુ મળે ત્યારે અનંતાણુક સ્કંધ થાય છે. પ્રત્યેક અણુ છૂટો હોય ત્યારે અણુ કહેવાય, સ્કંધને લાગેલો હોય ત્યારે પ્રદેશ કહેવાય. પ્રત્યેક અણુમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે. અણુની શક્તિ પણ અનંત છે. એ અધોલોકને છેડેથી ઉપર સિદ્ધસ્થાન સુધી એક સમયમાં જઈ શકે છે. એને પર્યાયો-પલટ ભાવ હોય છે. એ સર્વ ફેરફારો અને ચમત્કારો લોકમાં થાય છે અને તેથી એ સર્વ વિવિધ ક્રિયાનું મંદિર લોક કહેવાય છે.

જીવના પર્યાયોની વાત તો શી કરવી ? જેટલાં રૂપો દેખાય છે, જેટલા આકારો દેખાય છે તે સર્વ પર્યાયો છે અને પુદ્ગળના પર્યાયો પણ પાર વગરના છે. જીવ-પુદ્ગળ-સંયોગજન્ય પર્યાયોનો પાર નથી. આખી વિશ્વરચના, તેના ફેરફારો, તેમાં પ્રત્યેક પ્રાણી અને પરમાણુમાં થતી હાનિવૃદ્ધિ – એને લઈને મહાન નાચ ચાલી રહ્યો છે; તેનું મહામાયામંદિર આ લોક છે.

૪. 'લોક' એ રીતે પાંચ અસ્તિકાય (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, આકાશાસ્તિકાય અને જીવાસ્તિકાય) રૂપ છે. એટલે એના આખા નિરવશેષ ભાગમાં સર્વત્ર પાંચ અસ્તિકાય છે અને એ સામાન્ય નજરે જોઈએ તો એકરૂપ છે, એકસરખો છે; છતાં પુદ્ગળોએ એમાં અનેક વિવર્તો કર્યા છે. પુદ્ગળ અને જીવો બન્નેએ મળીને એના અનેક ફેરફારો-વિભાગો બનાવ્યા છે. પુદ્ગળ-પરમાણુના સ્કંધો એને અનેક રૂપો આપે છે.

વિવર્તવાદ દર્શનશાસ્ત્રનો અગત્યનો વિભાગ છે. વેદાંતીઓનું કહેવું એમ છે કે જગત્ બ્રહ્મમય છે અને એનાં જે જુદાં જુદાં રૂપો દેખાય છે તે અવિદ્યાના પરિણામે દેખાય છે. એ માયા છે અને અજ્ઞાનજનિત ભ્રમ છે. વસ્તુતઃ બ્રહ્મ સિવાય કોઈ સત્ નથી. વિદ્યાથી એ અજ્ઞાન (અવિદ્યા)નો નાશ થાય ત્યારે એક બ્રહ્મનું જ્ઞાન થાય છે.

જૈન તત્ત્વજ્ઞાન જીવ અને જડનો ભેદ સ્વીકારે છે. વૈરાગ્ય માટે એ પૌદ્ગલિક પદાર્થોની અસ્થિરતા જરૂર કહે, એના વિવર્તો પર એ નિર્વેદની પરિપાટીઓ રચે, છતાં મૂળ દ્રવ્ય તરીકે આત્મા અને પુદ્ગળને પૃથક્ સમજે છે. આ શાસ્ત્રીય વિષય ખૂબ ચર્ચીને સમજવા યોગ્ય છે. પુરુષ અને પ્રકૃતિનો ભેદ સમજવા પ્રયત્ન કરવો. આપણે આ દાર્શનિક ચર્ચામાં નહિ ઊતરીએ. પુદ્ગળસંયોગે કેવા કેવા વિવર્તો-ફેરફારો દેખાય છે. તે સમજી, તેનો લાભ સંસાર પરની વાસના ઓછી કરવામાં લઈએ.

આખા વિશ્વની નજરે જોતાં એ લોક કોઈ જગ્યાએ સોનાનાં શિખરોથી ઉન્નત થયેલો દેખાય છે અને કોઈ જગ્યાએ ઊંડા ભયંકર ખાડાવાળો દેખાય છે. મોટા પર્વતને દૂરથી જોવામાં આવે તો પ્રભાતે જાણે તેનાં શિખરો સોનાનાં હોય તેવું દેખાય છે. પીળી માટીને લઈને કેટલાક પર્વત સુવર્ણરંગના દેખાય છે. દંતકથામાં અનેક પર્વતો સોનાના કહેવાય છે. કોઈ સ્થાનકે લોક ઊંડા ખાડાવાળો હોય છે. મર્ત્યલોકમાં ખાડાવાળા અનેક પ્રદેશો છે. અધોલોકમાં તો પાર વગરના ખાડાઓ છે.

મતલબ : લોકનાં સ્થાનકો કોઈ જગ્યાએ આકર્ષક હોય છે અને કોઈ જગ્યાએ અતિ બીભત્સ અને કોઈ જગ્યાએ ભયાનક હોય છે.

૫. એ લોક કોઈ જગ્યાએ દેવતાઓનાં મણિમંદિરોથી વિભૂષિત હોય છે. ભવનપતિનાં ભવનો, વ્યંતરનાં નગરો અને વૈમાનિક દેવોનાં વિમાનોનાં વર્ણનો વાંચતાં આનંદ થાય તેવું છે. એમાં રત્નની ભીંતો અને નીલરત્નમય ભૂમિઓ, ભૂમિનો સ્વયં પ્રકાશ અને ક્રીડાસ્થાનો એટલા સુંદર શબ્દોમાં વર્ણવેલાં છે કે વાંચતાં એક જાતનું સુખ

ઉત્પન્ન થાય છે. મર્ત્યલોકમાં પણ મોટાં રાજભવનો વૈભવ અને સંપદાથી ભરપૂર હોય છે. મોટા રાજ્યમહેલો, બકિંગહામ પેલેસ કે કૈસરનાં વિલાસસ્થાનો અનેક પ્રકારના સાજ સાથે ગોઠવાયેલાં હોય છે. આગ્રા અને દિલ્હીનાં ઐતિહાસિક સ્થાનો કે વર્તમાન રાજધાનીનાં શહેરોનાં બંગલા, વાડી, ઉપવનો એને ઉદિત ઉદિત રૂપવાન બનાવે છે.

કોઈ સ્થાનકે એ ભયંકર નરકસ્થાનરૂપ હોય છે, એના વજ્રમય કાંટા, એની લોહીની નદીઓ, એની ભયંકર ભૂમિઓ, એની શીત જગ્યાઓ, એની ઉષ્ણ જગ્યાઓ–વર્ણન વાંચતાં કમકમાટી છૂટે એવાં અનેક સ્થાનો અધોલોકમાં ઠેકાણે ઠેકાણે છે. આ પૃથ્વી પર પણ ભયંકર સ્થાનો અનેક હોય છે. એ જોતાં મનમાં ગ્લાનિ અને કેટલીકવાર ભય જરૂર થાય છે. કહેવાની મતલબ એ છે કે, આ લોકનાં સ્થાનો અનેક પ્રકારનાં છે અને અનેક પ્રકારની શુભ–અશુભ લાગણી ઊભી કરનારાં છે. આનંદ, પ્રશંસા, શોક, વિષાદ, ભય સ્થાનપરત્વે થાય છે એ સહજ સમજાય તેવી હકીકત છે.

૬. એ લોકમાં કોઈ જગ્યાએ ઉત્સવ ચાલી રહેલા હોય છે, કોઈ જગ્યાએ વાજાં વાગતાં હોય છે, કોઈ જગ્યાએ નાચરંગ ઊડતા હોય છે, કોઈ જગ્યાએ નાટક–સિનેમા જામ્યાં હોય છે, કોઈ સ્થાનકે સુંદર પકવાન્ન પીરસાતાં હોય છે, કોઈ જગ્યાએ 'હુરે હુરે'ના પોકાર ચાલતા હોય છે, કોઈ જગ્યાએ ઉજાણી–જ્યાફતો મચી રહી હોય છે, કોઈ જગ્યાએ 'સમય વરતે સમચો' બોલતા હોય છે, કોઈ જગ્યાએ તાળીઓના ગડગડાટ ઊઠતા હોય છે. એવી રીતે અનેક આનંદ જયમંગળ ઉચ્ચારનાં ચિત્રો રજૂ કરી શકાય એવા પ્રસંગોથી લોક ગાજી રહ્યો હોય છે.

કોઈ જગ્યાએ છાતી પર અસહ્ય છાજિયાં લેવાતાં હોય છે, કોઈ જગ્યાએ રડાપીટ ચાલતી હોય છે, કોઈ જગ્યાએ નિઃસાસા નખાતા હોય છે, કોઈ જગ્યાએ ફાંસીઓ દેવાતી હોય છે, કોઈ જગ્યાએ મારામારીમાં લોહીના રેલા કે નદીઓ ચાલતી હોય છે, કોઈ જગ્યાએ ખાટકીઓ જીવોનાં ગળાં પર છરી ચલાવતા હોય છે, કોઈ રોગની પીડાથી કકળાટ કરતા હોય છે, કોઈ વિયોગની જ્વાલામાં અંતરશોકથી બળી–ઝળી જતા હોય છે, કોઈ જગ્યાએ જીવો પર કરવત ચાલતી હોય છે, કોઈ સ્થાને હાડકાં ભાંગી જતાં હોય છે, કોઈ સ્થાને ચાબખા–પરોણી પડતાં હોય છે અને આવાં અપરંપાર દુઃખ, ગ્લાનિ, શોક, સંતાપ તેમ જ વિષાદથી ભરપૂર સ્થાનકો હોય છે.

મુંબઈ જેવા શહેરમાં મરણની ઠાઠડીની પડખે મોટા વરઘોડા જોવામાં આવે છે. અને એક જ માળામાં મરણનાં છાજીઆં ગવાતાં હોય ત્યાં થોડી ઓરડી પછી લગ્નનાં ગીત ગવાતાં સંભળાય છે. ભર્તૃહરિ કહે છે કે 'કોઈ જગ્યાએ વીણાના અવાજ અને કોઈ જગ્યાએ હાહાકાર રુદન, કોઈ જગ્યાએ વિદ્વાનોની ચર્ચા અને કોઈ જગ્યાએ દારૂના પીઠાનો મસ્ત કલહ; તો કોઈ જગ્યાએ રમ્ય સ્ત્રી અને કોઈ સ્થાનકે અતિ કદરૂપી સ્ત્રી–

આવું આવું જોતાં સમજ પડતી નથી કે આ સંસાર તે વિષમય છે કે અમૃતમય છે !' આ સર્વ ભાવો લોકમાં દેખાય છે. એમાં નારકોના ત્રાસ ઉમેરીએ એટલે વર્ણન વધારે ગંભીર બને છે. આવો અનેક પરસ્પર વિરુદ્ધ દેખાવોથી ભરપૂર આ લોક છે.

૭. ઉપરની હકીકતમાં કાંઈ નવીન નથી. સર્વ પ્રાણીઓને આવા અનેક ભાવોનો અને અનેક સ્થાનોનો અનેકવાર પરિચય થયેલો છે. અનાદિકાળથી આ જીવ – પ્રત્યેક સંસારી જીવ રખડ્યા કરે છે. એ એક સ્થાનકે ઉત્પન્ન થઈ ત્યાં ઘરબાર વસાવે છે, શરીરને પોતાનું માને છે, મનુષ્ય હોય તો છોકરા-છૈયા, કુટુંબ-કબીલાવાળો થાય છે અને પાછો મમત્વ છોડીને (ખુશીથી અને ઘણુંખરું પરાણે) વળી બીજે ઘરબાર જમાવે છે. શરીરને તો એ પોતાનું જ ગણે છે. શાસ્ત્રવિદો કહે છે કે "એવી કોઈ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું કોઈ સ્થાન નથી કે એવું કોઈ કુળ નથી જ્યાં આ જીવ અનેકવાર જન્મ્યો ન હોય કે અનંતવાર મરણ પામ્યો ન હોય." આવી રીતે જન્મ-મરણના ચક્કરે ચઢેલા સંસારમાં ફરતા સર્વ પ્રાણીઓને આ લોકનો, તેનાં સ્થાનોનો, તેના ભાવોનો અને તેના હર્ષ-વિષાદોનો ચિરકાળથી અનેક વખત પરિચય થયેલો છે. એણે સર્વ સ્થાનોમાં આંટા માર્યા છે, એણે સર્વ નદીનાં પાણી પીધાં છે, એ પર્વતે પર્વત અને જંગલે જંગલ રખડ્યો છે, એણે પાર વગરના ભોગો ભોગવ્યા છે, એણે ઠંડી-ગરમીનાં અપાર દુઃખો સહન કર્યાં છે, એણે પરાધીનતાએ ભૂખ-તરસ સહી છે, એણે માણવામાં બાકી રાખી નથી અને રડવામાં પણ બાકી રાખી નથી.

૮. હવે જો આ આંટાઓ મારવાથી થાકવા હો, હવે તમને એ આંટા મારવામાં દુઃખ જણાતું હોય, જો તમને એ ચક્ર-પરિભ્રમણનો કંટાળો આવ્યો હોય તો તમારા રસ્તા બદલો, તમે તમારા આદર્શો ફેરવી નાખો અને તમારી ચર્ચાની આખી દિશા બદલી નાખો. તમે અત્યાર સુધી ભૂલ્યા, પરને પોતાનું માન્યું, થોડા વખતના વાસને ઘરનાં ઘર માન્યાં અને પંખીના મેળાને કુટુંબ માન્યું. તમારે જવું છે કલકત્તે અને તમે રસ્તો લીધો છે મદ્રાસનો. આ વાત નભે નહિ. આમાં કાંઈ તમારા આંટા બંધ થાય નહિ અને આમા કાંઈ સાચો માર્ગ સાંપડે નહિ.

જો તમારે એ પરિભ્રમણનો છેડો લાવવો હોય તો તમારા આદર્શ તરીકે જિનેશ્વર દેવનું સ્થાપન કરો. એમને નમો એટલે એને તમારા હૃદયચક્ષુ સન્મુખ રાખો. એમણે માર્ગ પર ચડી પોતાનો રસ્તો શોધ્યો છે અને તે આદર્શે તમે ચાલશો તો તમારા રસ્તા સુધરી જશે. પ્રણામ કરવામાં બે વાત છે. એક : આદર્શ તરીકે તેમનો સ્વીકાર અને બીજું : તેમના બતાવેલા માર્ગે વહન.

એ ભગવંતે શાંતસુધારસના પાનનું દાન કરીને અનેક પ્રાણીઓને રક્ષણ આપ્યું છે. જે પ્રાણીઓ શાંતસુધારસના પાનનું દાન ઝીલે છે, જે ભગવાનના એ અતિ શાંત ઝરણાને ઝીલવાનો વિનય કરે છે તે પ્રાણી આ રખડપટ્ટીથી બચી ગયા છે. એવા અનેક

પ્રાણીના દાખલાઓ નોંધાઈ ગયેલા છે. તમને પણ એ ઇચ્છા થઈ હોય અને તમે ઉપર-નીચે અને આડા-અવળા આંટા મારવાથી થાકચા હો તો આદર્શ બદલી નાખો અને શાંતરસના પાનનો વિનય કરી આનંદ કરો. આખા લોકનો વિચાર કરશો તો જરૂરી વિનય પ્રાપ્ત થઈ અને એક વાર એ માર્ગે ચડી ગયા તો પછી કાર્યસિદ્ધિ થઈ જશે.

'લોકસ્વરૂપ'ભાવના એટલી વિશાળ છે કે એના અંતરમાં બાકીની સર્વ ભાવનાનો સમાવેશ થઈ જાય. આ જીવનમાં જે અનિત્યતાદિ ભાવો વિચારવા યોગ્ય છે તે સર્વ લોકમાં જ બને છે. એ રીતે આ ભાવના સર્વતો વિશાળ છે.

લોક અને અલોકનું સ્વરૂપ વિચારીને પછી લોકની અંદર ઊતરી જવાથી આ ભાવનાનું રહસ્ય પ્રાપ્ત થાય એ રીતે લોકનું સ્વરૂપ 'પરિચય'માં વર્ણવવા પ્રયત્ન થયો છે. સામાન્ય રીતે આ ગણિતાનુયોગનો વિષય છે. એને માટે ખાસ લોકનાલિદ્વાત્રિંશિકાપ્રકરણ છે. તદુપરાંત બૃહત્સંગ્રહણિ, ક્ષેત્રસમાસ આદિ પ્રકરણો અને સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિ સૂત્રગ્રંથો છે. એ ઉપરાંત અનેક ગ્રંથોમાં લોકાલોકનું સ્વરૂપ બતાવ્યું છે. એ સ્વરૂપ એ ગ્રંથોથી સમજી લેવું. આ યુગમાં ભૌગોલિક બાબતોનો મેળ ખાતો નથી. તેમાં આપણો અલ્પ અભ્યાસ, સાધનોની અલ્પતા અને એ વિષયની શોધખોળની અલ્પેચ્છા મુખ્ય કારણ છે. એ વિષયની ચર્ચામાં આપણે નહિ ઊતરીએ. એ ઘણો વિશાળ વિષય છે. એક ખગ્રાસ-સૂર્યગ્રહણ જોવા જે દેશો લાખો રૂપિયા ખરચી શકે અને જેને ત્યાં અનેક સાધનસંપન્ન મહાન વેધશાળાઓ હોય તે એવા વિષય પર વિચાર કરવા યોગ્ય ગણાય. આપણે તો હજુ એ વિષયની બારાક્ષરી શીખવામાં છીએ. આપણે તો અહીં જે સ્વરૂપ બતાવ્યું છે તે સમજવા પૂરતો પ્રયાસ કરવાની જરૂર છે. એનો મેળ મેળવવા અભ્યાસીઓ જરૂર પ્રયાસ કરશે એવી આશા રાખી, આપણે તો એની ભાવના કેવી રીતે ભાવવી અને તે દ્વારા આપણો વિકાસ કેવી રીતે સાધવો તે પ્રાસંગિક વિષય વિચારીએ. આ ગ્રંથનો ઉદ્દેશ શાંતરસની રેલછેલ કરવાનો છે તે આપણે કદી ન વીસરીએ. અન્ય ચર્ચાને આ ગ્રંથમાં સ્થાન નથી.

લોકની વિશાળતા, એમાં રહેલા અનંત જીવો, તેમાં તિર્યગ્લોકનું તદ્દન નાનું સ્થાન, એવા નાના તિર્યગ્(મર્ત્ય)લોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્ર, એમાં સર્વથી નાનો જંબૂદ્વીપ, એના ૧૯૦ મે ભાગે ભરતક્ષેત્ર, તેમાં છ ખંડ, તેનો પણ નાનો ભાગ અને તેના એક વિભાગમાં આપણી પાસે સો, બસો કે ચાર હજાર વાર જમીન હોય એની ખાતર આપણે શું શું કરીએ છીએ ? એના ઝગડા, એના હક્કોના સવાલ, એની હદની તકરારો અને એની માલિકીની પંચાતો—આ સર્વ શોભતી વાત છે ? એ ઘટે છે ? અને એ કોને માટે ? કેટલા વર્ષને માટે ? અને છતાં ચારે તરફ જોઈએ તો નાનામાં નાની માલિકીની ભાંજગડો અને ગૂંચવણોનો પાર નથી અને મારું-તારું કરવામાં આપણી નાની જિંદગી પૂરી થઈ જાય છે અને છેવટે ઉઘાડે-બાલી હાથે ચાલ્યા જવું પડે છે, ત્યારે એ સર્વ

માલિકી, હક્કો, કબજાઓ અને વેરઝેર અહીં રહી જાય છે. એ રીતે અનેકને મૂકી જતાં જોયા અને આપણે પણ જરૂર જવું છે, છતાં અધ્યાસ છૂટતો નથી અને પ્રસંગ આવે ત્યારે આપણે પણ બાંય ચઢાવી ટટ્ટાર થઈ જઈએ છીએ, એ વાતની ના પડાય તેમ નથી. આ સર્વ રમત કઈ જાતની છે તે ખાસ વિચારવા યોગ્ય છે.

ઉપાધ્યાયશ્રીએ આખી ભાવનાનું રહસ્ય બહુ યુક્તિસર બતાવ્યું છે. એનાં બે સ્થાન મુખ્ય છે. પરિચયમાં છ (૭) શ્લોક અને અષ્ટકની છેલ્લી પાંચ ગાથાઓ. પ્રથમ મુદ્દા એ છે કે સમજુ માણસ – વિશિષ્ટ જ્ઞાનવાળો પ્રાણી આ લોકભાવના ભાવે તો એને માનસસ્થૈર્ય પ્રાપ્ત થાય છે. આ કેમ બને ? લોકપુરુષ એ કાંઈ ચિત્ર નથી, એ તો ખ્યાલ આપવા માટે તૈયાર કરેલ ચિત્ર છે, પુરુષાકાર છે. પણ એ લોક નાનો નથી, એની લંબાઈ-પહોળાઈનો ખ્યાલ બરાબર કરવામાં આવે અને એની ઊંચાઈ વિચારવામાં આવે તો અક્કલ છક્કડ ખાઈ જાય તેમ છે, એ લોક, એનાં સ્થાનો, એમાંના જીવો, એનાં જંગલો, એના શીત પ્રદેશો, એના ઉષ્ણ પ્રદેશો, એના વૈભવો, એનાં દુઃખો, એના કારાવાસો, એનાં રાજભુવનો, એના બાગો એની નદીઓ, એનાં સરોવરો, એના પર્વતો, એનાં જલચરો, એનાં સ્થળચરો, એનાં ખેચરો, એના સર્પો, એની વનસ્પતિ ઇત્યાદિ સર્વનો વિચાર કરતાં અક્કલ હાથમાં રહે તેમ નથી. એની વિચારણા કરવામાં ખાસ નિગોદનું સ્વરૂપ અને તેમાં રહેતા જીવની અનંતતાનો ખ્યાલ આવે ત્યારે આકાશની અનંતતા અને જીવસંખ્યાની અનંતતાનો કચાસ કરી શકાય છે. અસંખ્ય આકાશપ્રદેશને અવગાહી એક ગોળો રહે અને એવા અસંખ્ય ગોળા પૈકી એકેક ગોળામાં અસંખ્ય નિગોદ રહે અને એકેક નિગોદમાં અનંત જીવો રહે. એનો ખ્યાલ કરતાં એવે કોઈ સ્થાનકે આપણે ભરાઈ પડ્યા હોઈએ તો આપણી શી દશા થાય તે વિચારવા જેવું છે. આ અનેક સ્થાનોનો વિચાર કરતાં મનમાં જે અસ્થિરતા હોય છે અને થોડા વખતમાં આ મેળવું કે આ ખાઉં, પણે જઉં કે આમ દોડું— એવા એવા અવ્યવસ્થિત વિચારો આવતા હોય તે દૂર થઈ જાય છે અને મનમાં એક પ્રકારની સ્થિરતા આવતી જાય છે. અતિ વિશાળ ચૌદ રાજલોકમાં પોતાના સ્થાનની અલ્પતા મોટા માંધાતાને પણ મૂંઝવી નાખે તેમ છે, તો તું તે કોણ ? તારી ગણતરી શી ? તારું સ્થાન કેટલું નાનું ? અને વિશ્વના કયા ખૂણામાં આવ્યું છે ? આવી વિચારસ્થિરતા થતાં અધ્યાત્મસુખની પ્રસૂતિ થાય છે અને એ સુખનો આનંદ અજબ છે. એ મનોરાજ્ય અનોખાં છે, એની વૈભવસંપત્તિ અલૌકિક છે. ઉપાધ્યાયજીનો આ ભાવનારસ પ્રથમ દૃષ્ટિએ જ અતિ આકર્ષક છે, તન્મય કરી દે તેવો છે અને અતિ પ્રૌઢ ભાષામાં ચિતરાયો છે.

એમનો બીજો પ્રવાહ જીવ અને પુદ્ગળના સંબંધથી થતા વિવર્તોનો છે. એ પ્રસંગ અતિ પ્રાસાદિક છે. આ લોકના વિવિધ આકારો બતાવી, તેની રમણીયતા અને તેની બીભત્સતા બન્ને બરાબર બતાવેલ છે. ત્યારપછી એનાં અનેક સ્થાનકોએ દેખાતી વિચિત્રતા હૃદયને દ્રવિત કરી દે તેવી છે. આપણે સંસારમાં ફરનારા છીએ અને અહીં મનુષ્યલોકમાં જે

વૈવિધ્ય જોઈએ છીએ તે આપણને નમાવી દે અને વિચારમાં નાખી દે તેવું છે. માત્ર યુવાનીની મસ્તીમાં તણાઈ ન જઈએ અને વસ્તુસ્વરૂપ જોવાનો અભ્યાસ પાડીએ તો અહીં પાર વગરના પ્રસંગો નજરે પડે તેમ છે. જો એવા પ્રસંગોનાં પત્રક ભરીએ તો આવા અનેક ગ્રંથો ભરાઈ જાય. પણ એ બિનજરૂરી છે, કારણ કે આપણા દરરોજના અનુભવનો એ વિષય છે.

જીવને કદાચ દેવસુખ લલચાવનારાં લાગે, પણ અંતે એનો છેડો આવે ત્યારે માથાં પછાડવાં પડે છે, એ સમજ્યા બાદ જો સુજ્ઞ હોય તો તેને પણ વાંછે નહિ. મનુષ્યનાં સુખો કેવાં છે, તે તો આપણે જોઈએ છીએ. વાસ્તવિક સુખી માણસ શોધ્યો જડે તેમ નથી અને બહારથી સુખી દેખાતાને સુખી માનવો એના જેવી બીજી કોઈ ભૂલ નથી. કદાચ સહજ વૈભવ મળી ગયો હોય તો તે પણ એટલાં થોડાં વર્ષ માટે છે કે અનંતકાળની ગણનામાં તેને તો તદ્દન બાજુએ મૂકી દેવાય. નારકીનાં દુઃખોનું વર્ણન કરતાં ત્રાસ ઊપજે છે. એ પર વિવેચનની પણ હવે જરૂર નથી. તિર્યંચ પંચેંદ્રિયની પરાધીનતા અને બાકીની ચારે ઇંદ્રિયવાળા જીવોનું અજ્ઞાન વિચારતાં એક પણ સ્થાન જડે તેવું નથી કે જ્યાં પ્રાણી ઇચ્છા ધરી, હોંશ રાખી રહેવા મન કરે. આવો આ લોક છે !

એની ભાવના ભાવવા માટે પ્રથમ એનું સંસ્થાન વિચારવું. આકાશને આધારે તનુવાત રહે છે, તેને આધારે ઘનવાત રહે છે, ઘનવાતને આધારે ઘનોદધિ છે અને તેને આધારે પૃથ્વી રહે છે. પૃથ્વીને આધારે ત્રસ-સ્થાવર જીવો અને જીવને આધારે શરીર. શરીર પૈકી એક કાર્મણ શરીર, કાર્મણ શરીર એટલે કર્મોનો સમૂહ. લોકની આ પ્રમાણે સ્થિતિ છે. એની પહોળાઈની દૃષ્ટિએ એ નીચેથી ઉપર ચડતાં એક એક આકાશપ્રદેશ ઓછો થતો આવે છે. એના પૃથ્વી પરનાં યુગલિક ક્ષેત્રો ને અંતરદ્વીપો સુંદર હોય છે. એની કર્મભૂમિ તથા અકર્મભૂમિઓ વિવક્ષિત છે. એના અસંખ્ય દ્વીપ સમુદ્ર પૈકી આઠમા નંદીશ્વર દ્વીપના મહોત્સવો જોવા મન થઈ જાય તેવું છે અને એનો છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર અર્ધો રાજને રોકીને રહેલો છે.

ઉપર જ્યોતિષચક્ર આવે છે. બાર દેવલોકના વૈભવો, સામાનિક દેવોની ઋદ્ધિ, દેવભૂમિની વિશાળતા, ગ્રૈવેયકના સુખી દેવો, લોકાંતિકના દેવો અહીં આવી તીર્થાધિરાજને તીર્થ પ્રવર્તાવવા વિજ્ઞપ્તિ કરે છે તે અને વૈમાનિક દેવોનો માનસિક આનંદ, સર્વાર્થસિદ્ધના દેવોની સુખશય્યા, કેવળી ભગવાને તેઓનાથી થતી મન વડે પૃચ્છા – એ સર્વનો વિચાર કરવાનો છે.

એ સર્વના મૌલિસ્થાને રહેલા સિદ્ધના અનંત, અવ્યાબાધ સુખનું તથા સિદ્ધશિલાનું વિભાવન કરતાં ચિત્ત સ્થિર થઈ જાય તેમ છે, આત્મા અનુપમ દશા અનુભવે તેમ છે અને પરમ અધ્યાત્મશાંતિનો અહીં સાક્ષાત્કાર થાય છે. આ રીતે સ્થાનનું વિભાવન કરવું.

તે તે સ્થાનોમાં વર્તતા ભાવોનો વિચાર કરતાં લોકની વિશાળતા બરાબર મનોમંદિરમાં જામી જાય છે. એમાં હાસ્ય ને શૃંગાર રસ વધારે છે કે એમાં કરુણ, બીભત્સ અને રૌદ્ર રસ વધારે છે તેનો અત્ર વિભાગ પાડવો. એ વિવેચન કરતાં જો સંસાર ઉપર કાંઈ પણ

આસક્તિ ઓછી થાય તો પછી વિચાર આવશે કે આ રખડપાટો કયાં સુધી ચલાવ્યા કરવો છે ? આ રખડપાટાનું સ્વરૂપ જ્યાં સુધી સમજવામાં ન આવ્યું ત્યાં સુધી તો ગમે તેમ ચલાવ્યું, પણ હજુ યે એમ ને એમ ચલાવવું છે કે રસ્તો ફેરવવો છે–એ આ ભાવનાનો કેંદ્રસ્થ વિચાર છે. જો ચક્રભ્રમણનો કંટાળો આવ્યો હોય, જો નિગોદની સ્થિતિથી ત્રાસ થયો હોય, અનંત ભવોમાં બહારના કોઈ એ જાણ્યા કે ભોગવ્યા કે સૂંઘ્યા નથી એવા અનંતા અપ્રસિદ્ધ ભવો કર્યા છે એ વાત હૃદયમાં બેઠી હોય તો હવે કાંઈક ચેતો, અને ચેતીને કાંઈક એવું કરો કે જેથી તમારો માર્ગ સીધો અને સાધ્યસન્મુખ થઈ જાય. હજુ આંટા માર્યા જ કરવા હોય તો તો સવાલ રહેતો જ નથી, બાકી દશા ફરી હોય અથવા ફેરફાર યોગ્ય છે એમ લાગ્યું હોય તો અત્યારની હાયવરાળનો હવે છેડો લાવો. કર્મથી ઘેરાયેલા આત્માને પણ પુરુષાર્થ શકય છે, એ અનંત શક્તિનો ધણી છે અને જ્યારે તે જાગે ત્યારે તે કર્મના ભુક્કા કરી નાખે એવી અમોઘ શક્તિ નૈસર્ગિક રીતે એનામાં ભરેલી છે એ વાત અંદર બરાબર જામવી જોઈએ અને જામ્યા પછી નિર્બળ થઈ બેસી રહેવું ન જોઈએ. એ તો તજવી ત્યારે એક એક શું તજવી ?—આ ભાવ મનમાં હોય અને ચેતનજી ઊઠે ત્યારે એ બેળથી ભરેલો દેહ જોતો નથી કે સ્નાન પૂરું કરવાની રાહ જોતો નથી. એ ભડવીર છે, લોકાગ્રે પહોંચવાની શક્તિથી સંપન્ન છે અને અનંત તેજનો ધણી છે. એ જાગ્યો એટલે પુણ્યપ્રભાવ જાગ્યો, એ ઊઠ્યો એટલે રસ્તો સાંપડ્યો, એ ચાલ્યો એટલે વિકાસ, વિકાસ ને વિકાસ જ થાય. માત્ર એની દોરવણી સમ્યગ્ પ્રકારની હોવી જોઈએ અને એનો પ્રયોગ રાગદ્વેષ પર વિજય મેળવવાની ભાવનાથી થયેલો હોવો જોઈએ. આંતરવૃત્તિએ જ્યારે એનો સાચો અંતરત્યાગ સૂઝશે ત્યારે આ આંટા મારવા એને ગમશે નહિ, એને પુદ્ગળભાવ પર પ્રેમ થશે નહિ, એને કષાય કરવામાં હીણપત લાગશે, એને સદ્ગુણોનું વ્યસન થશે અને એ વિશ્વઐકય સમજી જેટલા બને તેટલાને સાથે લઈ સાધ્ય તરફ પ્રયાણ કરી જશે.

આ રીતે લોકભાવના અતિ વિશાળ છે. એના અંતરમાં સર્વ ભાવનાનો સમાવેશ કરી શકાય છે. એના અંતરમાં સૃષ્ટિકર્તૃત્વની ચર્ચા શાંતભાવે થાય છે. એનાં પાંચ સમવાયી કારણો સમજાય, જૈન ધર્મ–દર્શન કર્મપ્રધાન છે કે પુરુષાર્થપ્રધાન છે એની વિવેચના થાય, ષટ્–દ્રવ્યનું સ્વરૂપ અનેક દૃષ્ટિએ વિચારાય અને વિશ્વવિશાળતા વિચારી માનસસ્થૈર્યના પ્રસંગો એનાથી મેળવાય તો અધ્યાત્મશાંતિમાં એનું પર્યવસાન થાય. આ વિચારણા–ભાવના એ શાંતસુધારસપાન છે. એ અમૃત વિરલ છે, પણ મળે ત્યારે અપ્રતિમ આત્મોત્કર્ષ દેનાર છે. એમાં અંતરઆત્મા પ્રસન્ન થઈ પ્રવેશે એ આપણી પ્રેરણા, ઇચ્છા અને ભાવના હોય. લોકભાવના અનેક પ્રકારે ભાવવી શકય છે. જે માર્ગે પોતાનો વિકાસ થાય તે રસ્તે તેનો ઉપયોગ કરવો. સુધાપાન કરવાની આ તક બરાબર લેવી અને લઈને સાધ્ય તરફ પ્રયાણ કરવું એવો શ્રી વિનયવિજય ઉપાધ્યાયનો ઉપદેશ પોતાના આત્મા તરફ છે તે આપણે આપણા ચેતનજી સમક્ષ ધરવો અને આદર્શ સ્પષ્ટ કરી પ્રગતિને માર્ગે ચડી જવું.

इति लोकस्वरुपभावना

ઉપાધ્યાયશ્રી સકલચંદ્રજીવિરચિત

લોકસ્વરૂપભાવના

(રાગ–પરજિયો)

જ્ઞાન નયનમાંહે ત્રિભુવનરૂપે જેણે જિન દીઠો લોગો;
નિધણિયાતો ષટ્દ્રવ્યરૂપો, પ્રણમો તસ જિન યોગો. ૧

મુનિવર ! ધ્યાવો અઢિય દ્વીપ નર લોગો. એ આંકણી.
જિહાં જિન મુનિવર સિદ્ધ અનંતા, જિહાં નહીં જ્ઞાન વિયોગો. મુનિ૦ ૨

આપે સિદ્ધા કેણે ન કીધો, જસ નહિ આદિ અંતો;
લીધો કેણ ન જાયે ભુજબળે, ભરિયો જંતુ અનંતો. મુનિ૦ ૩

અનેક દ્રવ્ય પર્યાય પરિવર્તન, અનંત પરમાણુ સ્કંધે,
જેમ દિસે તેમ અકળ અરૂપી, પંચદ્રવ્ય અનુસંધે. મુનિ૦ ૪

અચળપણે ચલન પ્રતિ કારણ, ધર્માસ્તિકાય પ્રદેશો;
સ્થિરહેતુ અધર્માસ્તિકાયથી, લોકાકાશ અતિ દેશો. મુનિ૦ ૫

મધ્યે એક રજ્જુ ત્રસનાડી ચઉદસ રજ્જુ પ્રમાણો,
અનંત અલોકી ગોટે વીંટ્યો, મસ્તકે સિદ્ધ અહિઠાણો. મુનિ૦ ૬

અધોલોક છત્રાસન સમવડ તિછો ઝલ્લરી જાણો;
ઊર્ધ્વલોક મૃદંગ સમાણો, ધ્યાન સકળ મુનિ આણો. મુનિ૦ ૭

કટિ પર સ્થાપિત હસ્ત, પ્રસારિતપાદ પુરુષના જેવો જેહ;
ષડ્ દ્રવ્યાત્મક લોક અનાદિ અનન્ત સ્થિતિ ધરનારો તેહ;
ઉત્પત્તિવ્યયધ્રૌવ્યયુક્ત તે ઊર્ધ્વ અધો ને મધ્ય ગણાય,
લોકસ્વરૂપ વિચાર કરંતાં ઉત્તમજનને કેવળ થાય.

પં. અમૃતવિજયજી

પ્રકરણ બારમું

બોધિદુર્લભભાવના

मन्दाक्रान्ता

यस्माद्विस्मापयितसुमनःस्वर्गसम्पद्विलास–
प्राप्तोल्लासाः पुनरपि जनिः सत्कुले भूरिभोगे ।
ब्रह्माद्वैतप्रगुणपदवीप्रापकं निःसपत्नं,
तद्दुष्प्रापं भृशमुरुधियः सेव्यतां बोधिरत्नम् ॥ क ॥ १ ॥

भुजंगप्रयातम्

अनादौ निगोदान्धकूपे स्थितानामजस्रं जनुर्मृत्युदुःखार्दितानाम् ।
परिणामशुद्धिः कुतस्तादृशी स्याद्यया हन्त तस्माद्विनिर्यान्ति जीवाः ॥ ख ॥ २ ॥

ततो निर्गतानामपि स्थावरत्वं, त्रसत्वं पुनर्दुर्लभं देहभाजाम् ।
त्रसत्वेऽपि पञ्चाक्षपर्याप्तसंज्ञिस्थिरायुष्यवद् दुर्लभं मानुषत्वम् ॥ ग ॥ ३ ॥

तदेतन्मनुष्यत्वमाप्यापि मूढो, महामोहमिथ्यात्वमायोपगूढः ।
भ्रमन् दूरमग्नो भवागाधगर्ते, पुनः क्व प्रपद्येत तद्बोधिरत्नम् ? ॥ घ ॥ ४ ॥

शिखरिणी

विभिन्नाः पन्थानः प्रतिपदमनल्पाश्च मतिनः,
कुयुक्तिव्यासङ्गैर्निजनिजमतोल्लासरसिकाः ।

क १. यस्मात् બોધિરત્નથી. **विस्मापयित** આશ્ચર્યમાં ગરકાવ કરે તેવું. **सुमनः** દેવ. **उल्लास** આવિર્ભાવ. **जनिः** જન્મ. **भूरिभोगे** ભોગ ઘણા લભ્ય હોય તેવું; ધનધાન્યસમૃદ્ધ. **ब्रह्माद्वैत** શુદ્ધ નિરંજન ચૈતન્યસ્વરૂપ. **प्रगुण** ઉત્કૃષ્ટ ગુણવાળી. **निःसपत्न** જેના જેવું અન્ય ન હોય તેવું. **भृशं** ખૂબ (ક્રિ. વિ.). **उरुधियः** વિશાળ બુદ્ધિવાળા.

ख २. जनुः જન્મ. **अर्दित** પીડિત. **परिणामशुद्धिः** પરિણામધારા. **तस्मात्** નિગોદમાંથી. **हन्त** ખેદ બતાવનાર અવ્યય છે.

ग ३. स्थावरत्वं એકેંદ્રિયત્વ (નોટ) **त्रसत्वं** બે, ત્રણ, ચાર, પાંચ ઇંદ્રિય હોવાપણું. **पर्याप्त** પૂરી પર્યાપ્તિવાળા (નોટ) **संज्ञि** સંજ્ઞીપણું (નોટ) **स्थिर** દીર્ઘ, નિબિડ, નિશ્ચળ. **मानुषतत्व** મનુષ્યપણું.

घ ४. मिथ्यात्व અજ્ઞાન (નોટ). **माया** પરવંચન, દંભ, કપટ. **उपगूढः** વીંટળાઈ વળેલો. **मग्नो** ઊંડો; ગરકાવ થઈ ગયેલો. **अगाध** જેનો પાર ન આવે તેવો ઊંડો.

न देवाः सान्निध्यं विदधति न वा कोऽप्यतिशय-
स्तदेवं कालेऽस्मिन् य इह दृढधर्मा स सुकृती ॥ ङ ॥ ५ ॥

शार्दूलविक्रीडित

यावद्देहमिदं गदैर्न मृदितं नो वा जराजर्जरं,
यावत्त्वक्षकदम्बकं स्वविषयज्ञानावगाहक्षमम् ।
यावच्चायुरभङ्गुरं निजहिते तावद्बुधैर्यत्यतां,
कासारे स्फुटिते जले प्रचलिते पालिः कथं बध्यते ॥ च ॥ ६ ॥

अनुष्टुप्

विविधोपद्रवं देहमायुश्च क्षणभङ्गुरम्।
कामालम्ब्य धृतिं मूढैः स्वश्रेयसि विलम्ब्यते ॥ छ ॥ ७ ॥



ङ ૫. **विमिन्ना** તદ્દન છૂટાછૂટા. **पन्थानः** માર્ગો. **मतिनः** (પોતાની નજરે) બુદ્ધિશાળીઓ. **व्यासङ्ग** સંબંધ. **उल्लास** પુષ્ટિ, વૃદ્ધિ. **सान्निध्यं** સહાય, મદદ. **अतिशय** વિશિષ્ટતા; સામાન્ય રીતે ખુલાસો ન મળે તેવી આશ્ચર્યકારક ઘટના. **सुकृती** નસીબદાર, પુણ્યશાળી.

च ૬. **गद** વ્યાધિ. **मृदित** ચૂર્ણીકૃત; ખલાસ થઈ ગયેલું. **जर्जर** જીર્ણ. **अक्षकदम्बक** ઇંદ્રિયોનો સમૂહ; કુલ ઇંદ્રિયો. **स्व** પ્રત્યેકના; પોતપોતાના. **अवगाह** ઊંડા ઊતરવું તે. **स्फुटिते** ફૂટી ગયેલા.

छ ૭. **विविधोपद्रवं** અનેક પ્રકારના (વ્યાધિના) ઉપદ્રવોએ આધીન. **धृति** ધૈર્ય, ધીરજ, ટેક. **श्रेयस्** કલ્યાણ.

ક ૧. જે(બોધિરત્ન)થી આશ્ચર્યમાં ગરકાવ કરી દે તેવા દેવતાઓના સ્વર્ગની સંપત્તિના ભોગવિલાસ અને તેથી અનેક પ્રકારના આનંદ-ઉલ્લાસો પ્રાપ્ત થાય છે અને ત્યારપછી પણ અનેક ભોગવિલાસોથી ભરપૂર સારા કુળમાં જન્મ થાય છે, જે અદ્વૈત બ્રહ્મની પ્રકૃષ્ટ પદવીને પ્રાપ્ત કરાવનાર છે, જે અદ્વિતીય છે અને જે પ્રાપ્ત થવું મહા-મુશ્કેલ છે તે બોધિરત્નને હે વિશાળ બુદ્ધિવંતો ! ખૂબ સેવો.

ખ ૨. નિગોદના અંધકૂપમાં ભરાઈ પડેલા અને વારંવાર થતા જન્મ અને મરણનાં દુઃખોની પીડાથી હેરાન થઈ ગયેલા જીવોને પરિણતિની એવી વિશુદ્ધિ કયાંથી થાય કે જેના વડે તેઓ એ નિગોદમાંથી બહાર નીકળી આવે ?

ગ ૩. તે (સૂક્ષ્મનિગોદ)માંથી કદાચ બહાર નીકળે તો પ્રાણીને બાદર સ્થાવરપણું પ્રાપ્ત થાય છે, પણ ત્રસપણું મળવું મુશ્કેલ છે, ત્રસપણું મળી જાય તો તેમાં પણ પંચેંદ્રિયપણું મળવું દુર્લભ છે, પંચેંદ્રિયપણું મળી જાય તો પર્યાપ્ત થવું મુશ્કેલ છે, પર્યાપ્ત મળે તો પણ સંજ્ઞીપણું મળવું મુશ્કેલ છે. તે મળે તો સ્થિર આયુષ્ય મળવું મુશ્કેલ છે અને તે મળી જાય તો પણ મનુષ્યત્વ દુર્લભ છે.

ઘ ૪. એ મનુષ્યત્વ પ્રાપ્ત કરીને પણ આ મૂર્ખ પ્રાણી મહામોહ અથવા મિથ્યાત્વ કે માયા-કપટથી ઘેરાઈ જાય છે અને પરિણામે રખડપાટી કરતો સંસારના મોટા અગાધ કૂપમાં વધારે ઊંડો ઊતરતો જાય છે. આવો પ્રાણી ધર્મસાધનસામગ્રીરૂપ બોધિરત્નને કયાં મેળવે ? એવાના પત્તા કયાં બાય ?

ઙ ૫. મતમતાંતરો અને મતભેદો અનેક પ્રકારના થઈ ગયા છે, ડગલે ને પગલે બુદ્ધિશાળી-મતિવાળા લોકોનો પાર નથી, અને તેઓ અનેક પ્રકારની કુયુક્તિઓનો આશ્રય કરીને પોતપોતાનાં મંતવ્યોની પુષ્ટિ-વૃદ્ધિમાં રસ લે છે. દેવતાઓ અત્યારે કોઈ પણ પ્રકારની સહાય કરતા નથી અને અત્યારે કોઈ વિશિષ્ટ જ્ઞાન કે તેવો અતિશય છે નહિ. આવા વખતમાં તો જે ધર્મ ઉપર દૃઢ રહે તેને ખરો નસીબદાર સમજવો.

ચ ૬. જ્યાં સુધી આ શરીર વ્યાધિઓથી તદ્દન ખલાસ ન થઈ જાય, જ્યાં સુધી વૃદ્ધાવસ્થાથી જર્જરિત ન થઈ જાય, જ્યાં સુધી સર્વ ઇંદ્રિયો પોતપોતાના વિષયોમાં ઊતરવાની સ્થિતિમાં રહેલી હોય અને જ્યાં સુધી આયુષ્ય પૂર્ણ થયું ન હોય ત્યાં સુધીમાં સમજુ માણસોએ પોતાના હિતને માટે પ્રયત્ન કરવો જોઈએ; કારણ કે સરો-વર તૂટી જાય અને પાણી ધોધબંધ ચાલવા માંડે, પછી પાળ કઈ રીતે બાંધી શકાશે ?

છ ૭. અનેક પ્રકારના ઉપદ્રવોને આધીન શરીર છે અને આયુષ્ય ક્ષણભંગુર છે, છતાં પણ કઈ જાતની ધીરજનો ટેકો લઈને મૂઢ પ્રાણીઓ પોતાના ખરા હિતની બાબતમાં વ્યર્થ કાળ નિર્ગમન કરે છે ? (એની કાંઈ ખબર પડતી નથી.)

गेयाष्टक*

बुध्यतां बुध्यतां बोधिरतिदुर्लभा, जलधिजलपतितसुररत्नयुक्त्या ।
सम्यगाराध्यतां स्वहितमिह साध्यतां, बाध्यतामधरगतिरात्मशक्त्या ॥ बुध्यतां० ॥ १ ॥

चक्रिभोज्यादिरिव नरभवो दुर्लभो, भ्राम्यतां घोरसंसारकक्षे ।
बहुनिगोदादिकायस्थितिव्यायते, मोहमिथ्यात्वमुखचोरलक्षे ॥ बुध्यतां० ॥ २ ॥

लब्ध इह नरभवोऽनार्यदेशेषु यः, स भवति प्रत्युतानर्थकारी ।
जीवहिंसादिपापाश्रवव्यसनिनां, माधवत्यादिमार्गानुसारी ॥ बुध्यतां० ॥ ३ ॥

आर्यदेशस्पृशामपि सुकुलजन्मनां, दुर्लभा विविदिषा धर्मतत्त्वे ।
रतपरिग्रहभयाहारसंज्ञार्तिभिर्हन्त मग्नं जगद्दुःस्थितस्वे ॥ बुध्यतां० ॥ ४ ॥

विविदिषायामपि श्रवणमतिदुर्लभं, धर्मशास्त्रस्य गुरुसन्निधाने ।
वितथविकथादितत्तद्रसावेशतो, विविधविक्षेपमलिनेऽवधाने ॥ बुध्यतां० ॥ ५ ॥

धर्ममाकर्ण्य सम्बुध्य तत्रोद्यमं, कुर्वतो वैरिवर्गान्तरङ्गः ।
रागद्वेषश्रमालस्यनिद्रादिको, बाधते निहतसुकृतप्रसङ्गः ॥ बुध्यतां० ॥ ६ ॥

चतुरशीतावहो योनिलक्षेष्वियं, क्व त्वयाकर्णिता धर्मवार्ता ।
प्रायशो जगति जनता मिथो विवदते, ऋद्धिरससशातगुरुगौरवार्ता ॥ बुध्यतां० ॥ ७ ॥

एवमतिदुर्लभात् प्राप्य दुर्लभतमं, बोधिरत्नं सकलगुणनिधानम् ।
कुरु गुरुप्राज्यविनयप्रसादोदितं, शान्तरससरसपीयूषपानम् ॥ बुध्यतां० ॥ ८ ॥

---

* રાગ—'તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી' એ સુપ્રસિદ્ધ શ્રી વીરસ્તવનના લયમાં ચાલશે. પ્રતોમાં એનો **ધનાશ્રી** રાગ જણાવે છે. 'ધાર તરવારની સોહલી દોહલી' એ આનંદઘનજીના ચૌદમા જિનના સ્તવનના રાગમાં પણ ચાલશે.

૧. બોધિને અતિ દુર્લભ સમજ, મળવી ઘણી મુશ્કેલ સમજ–દરિયાના ઊંડા જળમાં પડી ગયેલા ચિંતામણિરત્નને ન્યાયે કરીને તેને દુર્લભ સમજ. (પ્રાપ્ત થયેલ સામગ્રીનું) સારી રીતે પરિપાલન કર. અહીં તારું પોતાનું હિત સાધ અને તારી પોતાની શક્તિથી હલકી ગતિ(દુર્ગતિ)ને અટકાવી દે.

૨. આ મહાભયંકર સંસારરૂપ અરણ્ય (જંગલ) અનેક નિગોદ વગેરેની કાય-સ્થિતિને લઈને અતિ વિશેષ વિસ્તારવાળું (લાંબુ) થયેલ છે તથા મોહ મિથ્યાત્વ વગેરે ચોરોનું પ્રધાન નિવાસસ્થાન છે. તેમાં ભમતાં–રખડતાં, ચક્રવર્તીના ભોજન વગેરેની પેઠે મનુષ્યનો ભવ મળવો મહા–મુશ્કેલ છે.

૩. આ સંસારમાં કદાચ મનુષ્યનો દેહ પ્રાપ્ત થાય પણ જો તે અનાર્ય દેશમાં થાય તો તો ઊલટો તે નુકશાન કરનાર બને છે, કારણ કે પ્રાણીવધ વગેરે પાપ–આશ્રવો–ની આસક્તિવાળા ત્યાંના મનુષ્યોને તે માઘવતી વગેરે નરકને રસ્તે લઈ જનાર થાય છે.

૪. આર્યદેશ પ્રાપ્ત થયેલા અને ઉચ્ચ કુળમાં જન્મેલા પ્રાણીઓને પણ ધર્મ-તત્ત્વને અંગે જાણવાની ઇચ્છા થવી ઘણી મુશ્કેલ છે. મૈથુન, પરિગ્રહ, ભય અને આહારસંજ્ઞાની પીડાઓને લઈને જગત્ અતિ વિચિત્ર પરિસ્થિતિમાં ગરકાવ થઈ જાય છે–ભારે ગડમથલમાં પડી જાય છે, પડી ગયેલ છે.

૫. કદાચ ધર્મતત્ત્વને જાણવાની ઇચ્છા થઈ આવે તો પણ ગુરુમહારાજની સમીપે જઈને ધર્મશાસ્ત્રનું શ્રવણ થવું મુશ્કેલ છે. કારણ કે વિપરીત પ્રરૂપણાના પ્રસંગો અને વિકથા (કુથળી) વગેરેમાં પડી જતાં તે તે વિષયોના રસના આવેશથી ચિત્તની એકાગ્રતા અનેક પ્રકારના વિક્ષેપોને લઈને મલિન થઈ જાય છે. (અને તેમ થતાં તેને પરિણામે શ્રવણ દુર્લભ બને છે.)

૬. ધર્મ સાંભળીને અને તે સમજીને–તેનાથી બોધ પામીને પ્રાણી ધર્મકાર્યમાં ઉદ્યમ કરવા જાય છે ત્યારે રાગ, દ્વેષ, શ્રમ, આળસ, ઊંઘ વગેરે અંતરંગના દુશ્મનનાં ટોળાંઓ જેઓ સારું કામ કરવાની તકનો હંમેશાં વિનાશ કરતા જ રહે છે તે તેમાં બાધા કરે છે–ફાચડ મારે છે–કરતાં અટકાવે છે.

૭. ચોરાશી લાખ જીવયોનિમાં તેં કઈ જગ્યાએ ધર્મની વાતો સાંભળી છે? ઘણે ભાગે જનતા તો ઋદ્ધિ, રસ, શાતના મોટા ગૌરવોની મોટી મોટી વાતોમાં આસક્ત થઈને અરસપરસ તે સંબંધી વાતચીત જ કર્યા કરે છે.

૮. એવી રીતે અત્યંત દુર્લભથી પણ દુર્લભ એવું સર્વ ગુણોના ભંડારરૂપ બોધિ-રત્ન (સમકિત) પ્રાપ્ત કરીને શાંતરસનું સરસ અમૃતપાન જે મોટા ઉચ્ચ પ્રકારના વિનયના પ્રસાદથી તને પ્રાપ્ત થયું છે તેનો ઉપયોગ કર–તે અમૃતરસને તું પી.

નોટ :—

૧. **બોધિ** પારિભાષિક, વિશિષ્ટ જ્ઞાન (નોટ જુઓ). **સુરરત્ન** ચિંતામણિરત્ન. **આરાધ્યતાં** સેવ, પાલન કર. (કર્મ 'બોધિ') **બાધ્યતાં** ખલાસ કર, અટકાવી દે. **અધર** તુચ્છ, હલકી.

૨. **ચક્રિભોજ્યાદિ** ચક્રવર્તીનું મહાકલ્યાણ ભોજન વગેરેઃ આ દશ દૃષ્ટાંતો છે. (નોટ જુઓ.) **ભ્રામ્યતાં** ભમનારાઓનો. **કક્ષ** અરણ્ય, જંગલ. **કાયસ્થિતિ** એક જાતિના શરીરમાં સ્થિતિ. **વ્યાયતે** લાંબું. **મુખ** પ્રધાન. **લક્ષ** રહેઠાણ, નિવાસસ્થાન.

૩. **અનાર્ય** નોટ જુઓ. **પ્રત્યુત** ઊલટો. **અનર્થકારી** નુકસાન કરનાર. **પાપાશ્રવ** અશુભ કર્મ આવવાના માર્ગો. **વ્યસન** આસક્તિ. **માઘવતી** એ નામની સાતમી નરક. **માર્ગાનુસારી** જીવને રસ્તે લઈ જનાર થાય છે તે.

૪. **સ્પૃશામ્** અડકેલા, અવતરેલા. **વિવિદિષા** જાણવાની ઇચ્છા. **રત** મૈથુન. **સંજ્ઞા** ચાર સંજ્ઞા છે, (નોટ જુઓ.) **આર્તિ** પીડા. **દુઃસ્થિતત્વ** ખરાબ રીતે સ્થિત થવાપણું; ગડમથલ; દુર્દશા.

૫. **વિતથ** ઊલટું, વિપરીત. **વિકથા** રાજકથા, દેશકથા, સ્ત્રીકથા, ભોજનકથા. **તત્તદ્રસાવેશ** તેના રસનો આવેશ, અનુપ્રવેશ. **વિક્ષેપ** ડોળાણ. **અવધાન** ધ્યાન, એકાગ્રતા.

૬. **સંબુધ્ય** બોધ પામીને; સમજીને; જાણવા યોગ્ય જાણીને. **વર્ગ** સમૂહ. **અન્તરઙ્ગઃ** અંદરનો- **શ્રમ** થાક. **બાધતે** અડચણ કરે છે; આડા આવે છે. **સુકૃત** શુભ કરણી. **પ્રસઙ્ગ** અવસર.

૭. **ચતુરશીતૌ** ચોરાશી. **યોનિલક્ષેષુ** લાખ યોનિ (૮૪ લાખ જીવયોનિ)માં. **જનતા** પ્રાણીસમુદાય. **મિથો** આસપાસ; અંદરઅંદર. **ગૌરવ** ગૌરવ; આસક્તિ (ગૌરવ ત્રણ છે: ઋદ્ધિ–ધન. રસ – ખાવાના પદાર્થો, શાતા – સુખ.) (નોટ જુઓ.) **ગુરુ** મોટું, મહાન.

૮. **અતિદુર્લભાત્ દુર્લભતમં** મુશ્કેલીથી મળી શકે તેનાથી પણ વધારે દુર્લભ. **પ્રાજ્યઃ** ખૂબ. **પ્રસાદ** અનુગ્રહ. **ઉદિત** પ્રાપ્ત.

બોધિદુર્લભભાવના : પરિચય

ક્ર ૧. આ ભાવનાનો પરિચય કરતાં 'બોધિ' શું છે તેનો સ્પષ્ટ ખ્યાલ કરવાની આવશ્યકતા છે. 'બોધિ' શબ્દ બુધ્ ધાતુમાંથી નીકળેલ છે. એનો અર્થ 'જ્ઞાન'–જાણવું એ થાય છે. આ એનો વિશુદ્ધ અર્થ છે. જ્ઞાન–સમજણ અંદરથી જ જાગૃત થાય છે. આત્માનો સહજ સ્વભાવ જ્ઞાન છે. કર્માવરણથી એનો એ સ્વભાવ આચ્છાદન પામી ગયો છે તેને પ્રકટ કરવો. ઉપરનાં આચ્છાદનોને દૂર કરવામાં આવે ત્યારે જે પ્રકાશ થાય છે તે 'બોધિ' છે. બોધિ એટલે સ્પષ્ટ જ્ઞાન. વિવેકપૂર્વકનું જ્ઞાન અને શુષ્કતા વગરનો પ્રકાશ. વર્તન–ચારિત્ર વગરનું જ્ઞાન નિષ્ફળ છે; એટલે બોધિના અર્થમાં જ્ઞાનની મુખ્યતા અને ચારિત્ર(વર્તન)ની સહાનુગામિતા સાથે જ સમજવાની છે.

'બોધિ' શબ્દનો અર્થ ધર્મસામગ્રીની પ્રાપ્તિ એવો અનેક સ્થાનકે કરવામાં આવ્યો છે. એ જ્ઞાનપ્રાપ્તિ–પ્રકાશસંપત્તિનું પરિણામ છે. બોધિનો અસલ ભાવ જ્ઞાનરૂપ છે. અંદરની જ્યોતિ જગાવનાર એ આત્મપ્રકાશ છે.

એ આંતરપ્રકાશ હોઈને એને રત્નની ઉપમા આપી છે. જેમ રત્નમાં પ્રકાશની મુખ્યતા હોય છે તેમ બોધિમાં પણ પ્રકાશની વિશિષ્ટતા રહેલી છે. અનેક સ્થાનકે બોધિનો અર્થ સમકિત કરેલો છે. જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ રત્નત્રયના સમૂહને પણ બોધિ ગણવામાં આવેલ છે. એ મૂળ અર્થનો જ વિસ્તાર છે, એમાં પણ જ્ઞાનની જ મુખ્યતા રહેલી છે એ ભૂલવાનું નથી.

કોઈ પ્રસંગે 'બોધિ'નો અર્થ સામગ્રીપ્રાપ્તિ થાય છે, પણ એનો મુખ્ય મુદ્દો જ્ઞાન–આંતર પ્રકાશને ખાસ કરીને અવલંબે છે એ ત્યાં પણ લક્ષ્યમાં રાખવાની જરૂર છે. રત્નત્વ તો જ્ઞાનને જ ઘટે છે અને સાધનધર્મોના સત્ય સ્વરૂપને ગ્રહણ કરાવવાની તાકાત પણ તેની છે. સાધનોને સાધ્ય માનવાને કારણે વચગાળાના વખતમાં જે મહા-અનર્થો થયા છે તે ઇતિહાસનું પુનરાવર્તન ન થઈ જાય તેની સંભાળ રાખવાની આવ-શ્યકતા પણ તે કારણે સહજ પ્રાપ્ત થાય છે અને તે કાર્ય પણ બોધિનું જ છે.

બોધિરત્નની પ્રાપ્તિ થવી ઘણી મુશ્કેલ છે. તે સંબંધી અનેક પ્રકારના ઉપદેશો શાસ્ત્રાકારે અનેક ગ્રંથોમાં આપ્યા છે. પદ્ધતિસર તે સમજવા યોગ્ય છે. આ ઉપદેશપદ્ધતિનું મૂળ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં છે. એના ત્રીજા અધ્યયનમાંથી જરૂરી વિભાગ અત્ર વિચારી લઈએ એટલે પ્રસ્તુત વિષયને વિશેષ સ્પષ્ટ કરવાની જરૂર નહિ રહે. તેને માટે ખાસ આ ગાથા છે–

चत्तारि परमंगाणि, दुल्लहाणीह जंतुणो ।
माणुसत्तं सुई सद्धा, संजमम्मि य वीरिअं ॥ १ ॥

"આ સંસારમાં પ્રાણીઓને ચાર મુખ્ય બાબતો મુશ્કેલીથી મળે છે : મનુષ્યપણું, ધર્મ-શ્રવણ, ધર્મશ્રદ્ધા અને સંયમ(વિરતિ–ત્યાગ)માં વીર્ય. ૧. સંસારમાં નાના પ્રકારનાં ગોત્રો અને જાતિઓમાં અનેક પ્રકારનાં કર્મો કરીને પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. ૨. કોઈ વખત તે

દેવલોકમાં જાય છે, કોઈ વાર નારક થાય છે, કોઈ વાર અસુર જાતિમાં ઉત્પન્ન થાય છે અને જેવાં કર્મ કરે તે પ્રમાણેની ગતિમાં તે જાય છે. કોઈ વખત તે ક્ષત્રિય રાજા થાય છે, વળી કોઈ વાર ચંડાળ થાય છે, કોઈ વાર વર્ણસંકર થાય છે, કોઈ વાર કીડો થાય છે, કોઈ વાર પતંગ થાય છે, કોઈ વાર કુંથુ થાય છે, કોઈ વાર કીડી થાય છે. ૩-૪. કર્મમલથી રગદોળાયેલા પ્રાણીઓ એ પ્રકારે ચોરાશી લાખ યોનિઓના ચક્રમાં પડેલા હોઈ જેમ ક્ષત્રિયો લડાઈથી કદી ધરાતા નથી તેમ તેઓ સંસાર વિષે કદી ઉદ્વેગ પામતા નથી. ૫. પ્રાણીઓ કર્મના સંબંધથી અત્યંત મૂઢ થઈને મનુષ્ય સિવાયની બીજી યોનિઓમાં દુઃખી થાય છે, બહુ વેદના ભોગવે છે અને વધારે હેરાન થતા જાય છે. ૬. અનુક્રમે ઘણાં કર્મોનો કોઈવાર નાશ થઈ જાય તો શુદ્ધિ પ્રાપ્ત કરીને કદાચિત્ મનુષ્યનો જન્મ પ્રાપ્ત કરે છે. ૭. મનુષ્યનું શરીર મળ્યા પછી પણ જે ધર્મના શ્રવણ કરવાથી તપ, ક્ષમા અને અહિંસાનો સ્વીકાર થાય એવા ધર્મનું શ્રવણ દુર્લભ છે. ૮. કદાચિત્ ધર્મનું શ્રવણ પ્રાપ્ત થઈ જાય તો તેમાં શ્રદ્ધા થવી પરમ દુર્લભ છે. સાચી હકીકત સાંભળ્યા છતાં પણ અનેક પ્રાણીઓ પતિત થઈ જાય છે. ૯. ઉપર્યુક્ત શ્રુતિ અને શ્રદ્ધા પ્રાપ્ત કરીને પણ વીર્ય(સંયમ-શક્તિ) વધારે દુર્લભ છે. અનેકને એ હકીકતની રુચિ થાય તો પણ એનો અંગીકાર થતો નથી. ૧૦. મનુષ્યત્વ પામીને, ધર્મ-શ્રવણ કરીને અને તેની સદ્દહણા કરીને તેમ જ તે પ્રમાણે વર્તન કરીને તપસ્વીએ પોતાની જાત ઉપર સંયમ કેળવવો જોઈએ અને કર્મરજ ઉડાવી દેવી જોઈએ. ૧૧. આવી રીતે પવિત્ર થયેલા પ્રાણીની શુદ્ધિ થાય છે અને અગ્નિમાં ઘી નાખે ત્યારે અગ્નિ જેમ પ્રદીપ્ત થાય છે તેમ શુદ્ધ થયેલા પ્રાણીનો ધર્મ પ્રદીપ્ત થાય છે. ૧૨. કર્મબંધના હેતુઓ છોડી દો. ક્ષમાદ્વારા યશને પુષ્ટ કરો. એમ કરનાર પ્રાણી આ પાર્થિવ શરીરને છોડીને ઊર્ધ્વ દિશાએ ગમન કરે છે. ૧૩. ઉન્નત શીયલયુક્ત મનુષ્યો વધારે ઊંચા સ્થાનકે જાય છે અને ત્યાં અતિ ઉજ્જવળ પ્રકાશથી દીપે છે. જાણે ત્યાંથી કદી નીચે ઊતરવાના નથી એમ માનતા ત્યાં આનંદમાં રહે છે. ૧૪. દેવલોકનાં સુખો ભોગવતાં મરજીમાં આવે તેવું રૂપ કરતાં તેઓ ઉપરના કલ્પોમાં અનેક વર્ષો સુધી રહે છે. ૧૫. પુણ્ય પ્રમાણે જેને જે સ્થાન મળ્યું હોય ત્યાં તેટલો વખત રહીને આયુષ્ય પૂરું થયે દશ અંગથી શોભતું મનુષ્યપણું પામે છે. ૧૬. બગીચા, ખેતર, સુવર્ણ, પશુ, દાસ, નોકર-ચાકર એવા ચારે પ્રકારના આનંદનાં સાધનો હોય તેવા કુટુંબમાં તે જન્મે છે. (એક અંગ) ૧૭. મિત્ર, જ્ઞાતિ (સગાં), ઉચ્ચ ગોત્ર, સુંદર વર્ણ, તંદુરસ્ત શરીર, મહાપાંડિત્ય, વિનય, યશ અને બળ એ નવ મળી દશ અંગની પ્રાપ્તિ થાય છે. ૧૮. મનુષ્યપણાના સુંદર ભોગો ભોગવીને અને વિશુદ્ધ સદ્ધર્મ આચરીને બોધિને પામે છે. ૧૯. ઉપરની ચારે બાબતો દુર્લભ છે એમ સમજીને, સંયમ લઈને, તપથી કર્મનો નાશ કરીને શાશ્વત સિદ્ધમાં તે જાય છે. આ પ્રમાણે હું કહું છું. ૨૦."

આ વીશ ગાથાપ્રમાણ આખા અધ્યયનમાં મુદ્દા એ છે કે મનુષ્યપણું, ધર્મશ્રવણ,

ધર્મરુચિ અને સંયમમાં પ્રવર્તન અનુક્રમે વધારે ને વધારે દુર્લભ છે. પ્રથમ મનુષ્ય-ભવનું દુર્લભત્વ બતાવતાં શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના ટીકાકાર શ્રી ભાવવિજયજીએ દશ દૃષ્ટાન્તો આપ્યાં છે તેનાં નામ આ પ્રમાણે છે:—

૧. ચૂલો, ૨. પાસા, ૩. ધાન્ય, ૪. દ્યૂત, ૫. રત્ન, ૬. સ્વપ્ન, ૭. ચક્ર, ૮. ચર્મ, ૯. યુગ, ૧૦. પરમાણુ. આ દશે દૃષ્ટાન્તો બહુ સુંદર છે. એમાં લગભગ અશક્ય પ્રસંગો બતાવ્યા છે. છતાં છેવટે જણાવ્યું છે કે કોઈ દેવકૃત્યથી કે અસાધારણ સંયોગવશાત્ એ અશક્ય જેવી વાત કદાચ બની આવે, પણ મહાપ્રયાસે અને અનંત વખત ફેરા માર્યા પછી મહામુસીબતે મળેલ મનુષ્યજન્મ ફરીવાર જલ્દીથી મળી શકતો નથી.

આ દશ દૃષ્ટાન્તોનું ભાષાંતર પરિશિષ્ટમાં આપવા ઇચ્છા છે, પણ પુસ્તકના કદ પર તેનો આધાર રહેશે. મુદ્દો ઉપર કહ્યો તે છે. મનુષ્યભવની દુર્લભતા બતાવવાનો એ દશે દૃષ્ટાન્તોનો આશય છે. જૈનકથારત્નકોષના પ્રથમ ભાગમાં સિંદૂર પ્રકરમાં તેનો ખ્યાલ બહુ સારો આપ્યો છે. જુઓ પૃષ્ઠ ૧૪ થી ૩૨.

એ જ પ્રકારે શ્રદ્ધાના સંબંધમાં સાત દૃષ્ટાન્તો જમાલિ આદિ નિહ્નવોનાં તે જ ટીકામાં આપ્યાં છે તે પણ તે સૂત્રથી જાણી લેવાં.

આ મુદ્દાને અનેક રીતે આ ભાવનામાં ચર્ચ્યો છે તેથી તેના મૂળની તપાસ કરી આ વાત શરૂઆતમાં લખી છે. હવે આપણે પ્રથમ શ્લોકનો પરિચય કરીએ. આ આખી ભાવના બહુ સુંદર છે અને તેના ઉપર ઘણું વક્તવ્ય કરી શકાય તેમ છે. આવશ્યકીય લેખનરૂપ સંયમ રાખી સંક્ષેપ કરવા પ્રયત્ન કર્યો છે.

બોધિરત્ન–જ્ઞાન. બોધનો પ્રકાશ. ધર્મસામગ્રીની પ્રાપ્તિ અને તેના આચરણથી કેવી કેવી વસ્તુ મળે છે તે.

જુઓ ! પ્રથમ તો આશ્ચર્ય ઉત્પન્ન કરે એવું દેવગતિનું સુખ મળે છે. એ સુખમાં બહુ દીર્ઘ કાળ સુધી આનંદ અને વિલાસ કરવાના હોય છે. દેવલોકના વૈભવોમાં શૃંગાર, ગીત, વાદ્ય, નૃત્ય. વિનોદ, અપ્સરાઓના હાવભાવ, વિમાનની ગમત આદિ અનેક પ્રસંગો હોય છે. દેવોમાં પણ મહર્દ્ધિક દેવના વૈભવ કલ્પનાતીત હોય છે. દેવેન્દ્રને એથી પણ વધારે મોટા વૈભવ હોય છે.

આવા દેવભોગો બોધિરત્નને પરિણામે સહજ પ્રાપ્તવ્ય છે. જો કે વિશિષ્ટ બોધિ-રત્નને ઓળખનાર એ સુખને વાંછતા નથી.

એવાં દેવલોકનાં સુખ ભોગવ્યા પછી નિરતિચાર બોધિરત્નના પ્રભાવની પ્રક્રિયા કરનાર શ્રેષ્ઠ કુળમાં ઉત્પન્ન થાય છે. ઉપર દશ ચીજો બતાવી છે તે સર્વ તેને સાંપડે છે, પણ એ ભોગમાં લપટાતો નથી. એ તો અધૂરા યોગ પૂરા કરે છે અને પરિણામે આત્મવિકાસ સાધે છે.

બોધિરત્નનો ખરો લાભ તો હવે આવે છે. એ 'બ્રહ્મ-અદ્વૈત-પ્રગુણ-પદવી-પ્રાપક' છે. બ્રહ્મ એટલે શુદ્ધ નિરંજન ચૈતન્યસ્વરૂપ અને અદ્વૈત અતિવિશિષ્ટ એવી ઉત્કૃષ્ટ ગુણોની પદવીને અપાવનાર આ બોધિરત્ન છે. મતલબ કે જો તમારે બ્રહ્માદ્વૈત સાધવું હોય તો બોધિરત્નને સેવો. બોધિરત્નને સેવવું એટલે મહામુસીબતે મળે તેવી એ ધર્મ-સામગ્રીઓ અને જ્ઞાનરત્નને પ્રાપ્ત કરી પ્રગતિ કરવી, આત્મવિકાસ સાધવો અને તે સંબંધમાં બાસ સાવધાન થઈ રાગદ્વેષના કોઈપણ પ્રપંચમાં પડી જવું નહિ. બોધિરત્નનો દીપક-પ્રકાશ સાથે હોય એટલે માર્ગ તો જરૂર સૂઝી આવશે. માત્ર તેનો લાભ લેવા પૂરતો દૃઢ નિશ્ચય અને વીર્ય-શક્તિસ્ફુરણની આવશ્યકતા રહેશે.

આ સંબંધમાં આગળ ઘણું વક્તવ્ય છે. પ્રથમ બોધિરત્નની પ્રાપ્તિ ઘણી મુશ્કેલ છે તે હવે બતાવે છે. તેને યથાર્થ પ્રકારે સમજીને તેની સેવા કરો, તેનો સ્વીકાર કરો, તેની સાથે વ્યવહારુ ચર્ચારૂપે ઐકચ સાધો, એ વાત પ્રથમથી જ કહી છે; હવે તે પ્રાપ્ત થવામાં મુસીબતોને રજૂ કરે છે.

ख ૨. ઉત્તરોત્તર દુર્લભપણું બતાવતાં પ્રથમ તો આ પ્રાણી અવ્યવહારરાશિમાંથી અનંતકાળ સુધી નીકળતો જ નથી એ વાત બતાવે છે. અવ્યવહારરાશિ એટલે સૂક્ષ્મનિગોદ. આકાશના અસંખ્ય પ્રદેશ પર એક અને ત્યાં જ બીજા અસંખ્ય ગોલકો છે. દરેક ગોળામાં અસંખ્યાતી નિગોદ છે. એને આશ્રયીને પ્રત્યેક નિગોદમાં અનંત જીવો રહેલા છે. એક સોયના અગ્રભાગ પર અસંખ્ય લોકાકાશના પ્રદેશ હોય છે. એવી એની સૂક્ષ્મતા છે.

એ નિગોદના જીવો આપણા એક શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાળમાં સાડાસત્તર ભવ કરે છે એટલે કે અઢાર વાર જન્મે છે અને સત્તર વાર મરે છે. એનું અંગુલના અસંખ્યા-તમા ભાગ જેટલું શરીર હોય છે અને તે શરીર ચર્મચક્ષુથી અદૃશ્ય હોય છે આવી અસંખ્યાતી નિગોદ અનાદિ કાળથી સર્વત્ર ચૌદ રાજલોકમાં રહેલી છે. એમાં જ્યાં સુધી જીવ રહે છે ત્યાં સુધી તે 'અવ્યવહારરાશિયો' કહેવાય છે.

એમાં કોઈ વખત અકામ નિર્જરા થઈ આવે તો પ્રાણી બાદર અનંતકાયમાં (સાધા-રણ વનસ્પતિમાં) આવે છે. એમાં પણ એક શરીરમાં અનંત જીવો હોય છે. સૂક્ષ્મ-નિગોદમાં અને એમાં, એટલો જ ફેર છે કે બાદરનું અનંત જીવસંકીર્ણ શરીર ચર્મ-ચક્ષુથી દેખાય છે. અહીં પણ એ જીવ અનંત જન્મમરણ કરે છે. એ હવે વ્યવહારરાશિમાં આવ્યો કહેવાય છે. એનો સહજ વિકાસ (Evolution) થયો ગણાય છે. ત્યારપછી એ પાછો સૂક્ષ્મ નિગોદમાં જાય તો પણ તે વ્યવહારરાશિયો ગણાય છે. આવાં અનેક જન્મ-મરણ તે નિગોદરૂપ ઘોર અંધકારમાં થયા કરે છે. આમાંથી નીકળવાનો એનો વારો કયારે આવે ? એની પરિણામશુદ્ધિ કયારે થાય ? અને એમાંથી એ કયારે બહાર નીકળે ?

આ તો હજુ મોટા ખાડાઓની વાત થઈ, નરભવ કે બોધિરત્નની વાત તો હજુ ઘણી દૂર છે એ ધ્યાનમાં રહે.

જીવોની અનંતતાનો ખ્યાલ કરવા માટે એક જ હકીકત બસ ગણાશે. મોક્ષમાર્ગ અનંત પૂર્વકાળથી (અનાદિ કાળથી) ચાલુ છે, અનંત જીવો મોક્ષે ગયા છે અને જાય છે; છતાં એક નિગોદનો અનંતમો ભાગ જ મોક્ષે ગયો છે અને અનંત કાળચક્રો પછી પણ એક નિગોદનો અનંતમો ભાગ જ મોક્ષે ગયો છે એમ ભવિષ્યમાં કહેવાશે. અનંતના અનંત ભેદ છે અને જીવસંખ્યા લોકાકાશના પ્રદેશો કરતાં અનંતગુણી છે. આવા મોટા ખાડામાંથી કેમ નીકળાય ? એ તો કોઈ ભવિતવ્યતાનો જોગ લાગી જાય અને ફૂટતી ધાણીનો દાણો ઊડીને પેણામાંથી બહાર પડી જાય એના જેવો ખેલ છે.

હવે જરા આગળ વધીએ. ભવિતવ્યતા જાગી અને પ્રાણી નિગોદમાંથી નીકળી બાદર અનંતકાયમાં આવ્યો.

ગ ૩. બાદર અનંતકાયમાં આવ્યો એટલે કાંઈ સૂક્ષ્મ નિગોદમાંથી બચી જતો નથી. બન્ને વચ્ચે વ્યવહારી થઈને પણ આંટા અનંતકાળ સુધી મારે છે. એમ કરતાં પ્રત્યેક વનસ્પતિ થયો. ત્યાં એક શરીરમાં એક જીવ હોય છે. ફળ, ફૂલ, પાંદડાં, અથવા ભીંડા, તુરીઆં, ઘઉં, વટાણા વગેરે. એના અનેક ભેદો છે. એમાં પણ અસંખ્ય કાળ પર્યટન કરે છે.

પૃથ્વી, પાણી અગ્નિ અને વાયુ–સૂક્ષ્મ અને બાદર આ સર્વ સ્થાવર કહેવાય છે. એ સર્વમાં અસંખ્યકાળ આંટા મારે અને વળી બન્ને જાતિની અનંતકાયમાં જઈ આવે. એમ કરતાં ઘર્ષણ, ભેદન–છેદન થતાં સ્થાવરપણાથી આગળ વધી ત્રસપણું પામે.

સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર એ પાંચ ઇંદ્રિયો છે. એમાં અનુક્રમે બે ઇંદ્રિયવાળા બેઇંદ્રિય, ત્રણ ઇંદ્રિયવાળા તેઇંદ્રિય, ચાર ઇંદ્રિયવાળા ચૌરિંદ્રિય અને પાંચ ઇંદ્રિયવાળા પંચેંદ્રિય. આ સર્વ ત્રસ જીવો કહેવાય છે. બે–ત્રણ–ચાર ઇંદ્રિયવાળામાં ઘણ કાળ ભમે, ઉપર–નીચે આંટા મારે, એકેંદ્રિયના ઉપર કહેલા વિભાગોમાં અને નિગોદમાં પણ જઈ આવે. એમ કરતાં કરતાં પંચેંદ્રિયપણું પ્રાપ્ત કરે.

પાંચે ઇંદ્રિય મળી જાય એટલો વિકાસ થાય તો પણ પર્યાપ્તપણું દુર્લભ છે. અહીં જરા ખુલાસો કરવાની જરૂર છે.

પર્યાપ્તિ છ છે : ૧. આહાર, ૨. શરીર, ૩. ઇંદ્રિય, ૪. શ્વાસોચ્છ્વાસ, ૫. ભાષા, ૬. મન.

જીવ કાર્મણ શરીર સાથે ઉત્પન્ન થાય એટલે પ્રથમ આહાર લે, પછી શરીર બંધાય, પછી ઇંદ્રિયો બંધાય, પછી એ શ્વાસોશ્વાસ લેવાની, ભાષા બોલવાની ને મન વડે ચિંતવવાની શક્તિ મેળવે.

આ છ પર્યાપ્તિ પૂરી કરે એ પર્યાપ્ત કહેવાય.

અનેક જીવો તો એ પર્યાપ્તિઓ પૂરી કર્યા વગર જ મરણ પામે છે. એટલે પર્યાપ્ત થવું એ પણ દુર્લભ છે. પાંચે ઇંદ્રિયવાળા શરીરમાં આવ્યા પછી પણ આ રીતે સર્વ મનની મનમાં રહી જાય તેમ છે. અને પર્યાપ્તત્વ મળે પણ સંજ્ઞિત્વ ન મળે તો પણ પંચેંદ્રિયપણું નકામું છે. અસંજ્ઞી પંચેંદ્રિય મનુષ્યો જે મળ-મૂત્રાદિમાં ઉત્પન્ન થાય છે તેને મન હોતું નથી. પર્યાપ્તિ પાંચ જ હોય છે. એવા મન વગરના પંચેંદ્રિયપણાનો સાધ્યદૃષ્ટિએ વિશેષ અર્થ નથી.

એમ કરતાં ત્રસપણું મળ્યું, પંચેંદ્રિયપણું ને પર્યાપ્તત્વ મળ્યું, સંજ્ઞિત્વ પણ મળ્યું; પરંતુ આયુષ્ય તદ્દન નાનું–અલ્પ હોય તો પાછું ચકડોળે ચડવાનું થાય છે. સ્થિર ને દીર્ઘ આયુષ્ય હોય તો કાંઈ પ્રકાશ સાંપડે, રસ્તો દેખાય અને આદર પણ થાય.

એ સર્વ મળે તો પણ જળચર, સ્થળચર, ખેચરમાં જાય અથવા નારક થાય કે દેવ થાય તો ત્રાસ ને પરાધીનતા જળચરાદિને, વેદના નારકોને અને અતિ સુખવિલાસ દેવોને માર્ગ પર આવવામાં વિઘ્નરૂપ છે. મનુષ્યત્વ – મનુષ્યનો ભવ મળવો ઘણો મુશ્કેલ છે. આવી રીતે નિગોદથી માંડીને અનેક ચક્રોમાંથી પસાર થઈને સંજ્ઞી પંચેંદ્રિય અને સ્થિર આયુષ્ય સાથેનું મનુષ્યત્વ મળવું મહામુશ્કેલ છે. અહીં દશ દૃષ્ટાંતોની સાર્થકતા સમજી લેવી. હજુ બોધિરત્નની આડે તો ઘણી હકીકતો છે, પણ જેમ તેમ કરીને મહામુસીબતે આપણે મનુષ્યત્વ સુધી આવ્યા છીએ.

ઘ ૪. મનુષ્યનો ભવ મળે ત્યાં પણ મહામોહનું સામ્રાજ્ય વર્તે છે. પ્રાણી પ્રેમમાં પડી જાય, રસિકતામાં લેપાઈ જાય, ગરીબાઇમાં દબાઈ જાય, અભિમાનમાં ચઢી જાય, ભોગવિલાસમાં આસક્ત થઈ જાય, નકામી–અર્થવગરની ખટપટોમાં અટવાઈ જાય, મોટાઈમાં તણાઈ જાય, શરમથી લેવાઈ જાય, હાસ્ય, શોક કે ભયમાં લીન થઈ જાય કે પૈસા એકઠા કરવાના કામમાં પડી જાય તો મારું–તારું કરવામાં આખો ભવ હારી જઇ અગાધ સંસારકૂપમાં પાછો અટવાઈ જાય છે અથવા અજ્ઞાન–મિથ્યાત્વમાં પડી જઈ પ્રકાશ પામતો નથી અને પ્રકાશની પાસે આવે તો તેને ઓળખતો નથી. અલ્પ જ્ઞાનથી એ કોઈ વાર અભિનિવેશ કરી બેસે છે અને જ્યાં ત્યાં ભરાઈ પડે છે. કેટલીક વાર શંકાઓ કરી માર્ગભ્રષ્ટ થાય છે અને ઘણીખરી વાર તો આંખ જ ઊંચી કરતો નથી. પોતાના નાના સર્કલના સંબંધને દુનિયા માની એમાં મસ્ત રહે છે અને જરા પણ પ્રગતિ કર્યા વગર આવ્યો હોય તેવો જ પાછો ચાલ્યો જાય છે.

મોહ અને મિથ્યાત્વ તો અજ્ઞાનમાંથી ઉદ્ભવે છે, પણ માયા તો ભારે આકરી છે. પરવંચન કરવાની વૃત્તિ અંતે પોતાને પણ છેતરે છે. ન હોય તેવા દેખાવાનો પ્રયાસ કરતાં ઘણી વાર પોતામાં કાંઈ તો જરૂર છે જ એમ પ્રાણી માનતો થઈ આત્મવંચન કરે છે. ગુણપ્રાપ્તિ કરવાને બદલે ગુણી હોવાનો દેખાવ કરવાની ઇચ્છા થાય છે અને

દંભ દાખલ થઈને પ્રાણીને ઊંડા ખાડામાં ફેંકી દે છે. મોહ, મિથ્યાત્વ અને માયા આ રીતે સત્યજ્ઞાનનો પ્રકાશ થવા દેતા જ નથી એટલે પંચેંદ્રિયપણું, પર્યાપ્તત્વ, સંજ્ઞીપણું અને દીર્ઘઆયુષ્ય એ સર્વ સાથે મનુષ્યપણું મળે તો પણ એને બોધિરત્ન મળતું નથી.

બોધિરત્ન વગરનું મનુષ્યત્વ તદ્દન નિરર્થક છે, કારણ કે આ મનુષ્યભવ ઉદ્દેશ વગરનો થઇ જાય છે. માત્ર ખાલી ફેરા મારવા જેવો થઈ જાય છે અને પ્રગતિ વગર ભવ પૂરો થઈ જાય છે. ચારે બાજુએ જોઈએ તો શું દેખાય છે ? જીવનની સરખાઈ, ભાવનાની વિશિષ્ટતા, આગળ વધવાની ધગશ, વિચારોની વિશિષ્ટતા દેખાય છે ? કે માત્ર સ્વાર્થ, એક નાનું વર્તુળ, અવ્યવસ્થિત નાદ અને અચાનક પડદો પડતાં ખેલ ખલાસ થઈ જતો દેખાય છે ? હવે ચારે બાજુની વાત મૂકી દઇ અંદર જોઈએ ત્યારે મોહરાજાના નાટકના એક નટ હોવા કરતાં કાંઈ વિશેષ સ્થિતિ પ્રાપ્ત કરી હોય એમ લાગે તો સાફલ્ય ગણવું અને નહિ તો એ માર્ગે હજુ પણ વિચાર કરવાનો અવકાશ છે એમ ધારી દિશા ફેરવવી. બાકી વિચારવું કે બોધિરત્ન એ દુર્લભ છે, એ અંતરમાંથી પ્રકટે છે અને પ્રકટે ત્યારે એની સુગંધ ચારે તરફ વિસ્તરે છે. આ આત્મજ્ઞાન અને અંતરનો નાદ કયાં છે ? કેમ મળતો નથી ?

મનુષ્યત્વ મળ્યા પછી પણ કેટલા દુર્લભત્વના પ્રસંગો આવે છે તેની વિશેષ હકીકતો ગેય અષ્ટક પર મુલતવી રાખી, અહીં અગત્યની થોડી બાબતો ઉપદેશરૂપે કહે છે. તે ખૂબ મનન કરીને સમજવા યોગ્ય છે. નીચેના ત્રણે શ્લોકો ઉપદેશાત્મક છે. બોધિની વાત ફરી વાર અષ્ટકમાં લેવામાં આવેલ છે.

ૐ ૫. હાલમાં વખત કેવો છે તે વિચાર. મતો અને પંથોનો પાર નથી. એક વેદને અનુસરનાર પન્થો કેટલા છે ? વૈશેષિક, નૈયાયિક, સાંખ્ય, જૈમિનિ, પૂર્વમીમાંસા; ઉત્તરમીમાંસા, એ ઉપરાંત દ્વૈત, અદ્વૈત, શુદ્ધાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, માધવ, રામાનુજ, વલ્લભાચાર્ય, શંકરાચાર્ય એવા નાના મતભેદોનો પાર નથી. બૌદ્ધના પણ ચાર મોટા વિભાગો, મુસલમાનોના શિયા, સુન્ની, ખ્રિસ્તીમાં કેથોલિક, પ્રોટેસ્ટન્ટ, નોન. કોન્ફોર્મિસ્ટ, પ્રેસ્બિટેરિયન, પ્યુરિટન અને દરેકના પાર વગરના પેટાભેદો. આવા અનેક મતો, પંથો અને દર્શનો છે. તેમાં પોતાને બુદ્ધિશાળી માનનારા લોકોનો પાર નથી. એક એક હેત્વાભાસો અને દલીલોની ગૂંચવણ એવી ઊભી કરી દે છે કે માણસનું મગજ ગૂંચવણમાં પડી જાય. માત્ર દુઃખ એટલું જ છે કે દરેક બુદ્ધિશાળી માણસ પોતપોતાના મંતવ્યની સ્થાપના કરવાના રસમાં એટલા પડી ગયેલા હોય છે કે એને પોતાની વાત સાચી છે એમ બતાવવાની પ્રબળ ઇચ્છા આડે પરસ્પર સમન્વય કરવાની કે સત્ય તારવવાની ભાવના, વૃત્તિ કે ઇચ્છા થતી જ નથી. અંશસત્યને સર્વસત્ય માનવા-મનાવવાની ઇચ્છા નીચે એકતા કરવાને બદલે અંતર વધતું જાય છે અને પરસ્પરના બળને કાપી નાખી સત્યનો નાશ કરવામાં આવે છે, જેથી અલ્પ બુદ્ધિ-શક્તિવાળાનો ગૂંચવાડો વધતો જાય છે.

આ બુદ્ધિશાળીઓના મતોનું વિવેચન અત્ર કરવાનો અવકાશ નથી. એક એક બાબતો પર વર્ષો પસાર થાય તેવી ચર્ચાઓ કરે છે અને યુક્તિઓ લગાવી ભાતભાતની દલીલો જનતા સમક્ષ રજૂ કરે છે. કાળવાદ, સ્વભાવવાદ, નિયતિવાદ, વિવર્તવાદ, ઈશ્વર-વાદ–એવા એવા વાદોનો પાર નથી. એમાં સત્યશોધન કરતાં અંશસત્ય પર ભારે જોર હોય છે અને જનતાને ભ્રમમાં નાખવાના કે પડી જવાના પાર વગરના પ્રસંગો હોય છે.

આવી રીતે ચારે તરફ મતો, દર્શનો, પંથો, વાદો, વિવાદો અને મઠોની જાણે બજાર માંડી હોય તેવું દેખાય છે. વિદ્યા-વ્યાસંગથી ભરપૂર આ કર્મભૂમિમાં બુદ્ધિશક્તિનો ક્યાં અને કેવો ઉપયોગ થાય છે એનું એક મોટું પ્રદર્શન ઊભું થાય તેવું છે અને માનસિક શક્તિના ગૌરવને માટે તે ગમે તેટલું જબરું કે નબળું હોય પણ સામાન્ય માણસને તો મૂંઝવી નાખે તેવું હોય છે.

આ કાળમાં દેવતાઓ કોઈ જાતની સહાય કરતા નથી. અહીં આવીને કોઈ જાતની ધર્મસંબંધી બાબતમાં મદદ કરતા નથી.

અત્યારે કોઈ પ્રત્યક્ષ જ્ઞાન–વિશિષ્ટ જ્ઞાનનું અતિશાયીપણું નથી કે જ્યાં અથવા જેની પાસે તે હોય તેની નજીક જઈને શંકા-સમધાન પણ કરી શકાય. મનઃપર્યવજ્ઞાન કે કેવળજ્ઞાન નથી, અવધિજ્ઞાન કે જાતિસ્મરણજ્ઞાન પણ પ્રાયે થતું નથી અને વિશિષ્ટ સિદ્ધિ નથી એટલે એ પણ મોટી ગૂંચવણ છે.

આવી રીતે મત-પંથોની વિવિધતા, બુદ્ધિવાનોની વિપુળતા, યુક્તિ લગાવી સ્વમત-સ્થાપન કરવાની ઉત્સુકતા, દેવના સાન્નિધ્યનો અભાવ અને અતિશય જ્ઞાનનો અભાવ એ સર્વ અત્યારે વર્તે છે. આવા વખતમાં અને આવા સંયોગોમાં તો જે ધર્મ ઉપર દૃઢ રહે તેને ખરો નસીબદાર સમજવો–એને સાચો ભાગ્યશાળી સમજવો.

આ સ્થિતિ કાંઈક અંશે શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયના વખતમાં હતી. એમના વખતમાં ધર્મ-ચર્ચાઓ જોસભેર થતી હતી, વાદ-વિવાદો થતા હતા અને મતભેદો પણ ઘણા હતા, છતાં સ્વ-રક્ષણની પ્રબળ ભાવના ધર્મપરત્વે તે વખતે હતી.

આપણા સમયના પ્રશ્નો તો ઘણા આકરા છે. ઉપાધ્યાયજીના વખતમાં તો એકલા તપ-ગચ્છમાં બાવન પંડિતો હતા, દેશ સમૃદ્ધ હતો, મુગલાઈના પાયા હચમચ્યા હતા; પણ હજુ એનો સૂર્ય મધ્યાહ્નને તપતો હતો. અત્યારે આપણે બસો વર્ષના તદ્દન ઠંડા કાળ પછી આવ્યા છીએ; જીવનકલહ પાર વગરનો છે, પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનાં મહાન સંઘર્ષણો ચાલી રહેલાં છે અને જડવાદ શરૂઆતમાં તો એવો આવ્યો કે ધર્મ એટલે ધતિંગ કહેવાઈ ગયું. જીવનકલહની સખ્તાઈ, જડવાદનું વાતાવરણ અને ધર્મચર્ચાને બદલે બીજા અનેક પ્રશ્નોની ગૂંચવણો એટલી વધી પડી છે કે ધર્મસંબંધી વિચાર કરવાની ફુરસદ પણ ઘણાખરાને મળે તેમ નથી અને મળી જાય તો તેની દરકાર કે જરૂરીઆત પણ દેખાતી નથી. સાધનો વધવા છતાં સાધનોનો લાભ લેનારાની સંખ્યા પૂરતા પ્રમાણમાં વધી છે કે નહિ તે પ્રશ્ન છે. વર્તમાન યુગને બરાબર સમજવા માટે માત્ર આજુબાજુ

જોવાની જ જરૂર છે. અત્યારે પણ જે ધર્મમાં દૃઢ શ્રદ્ધાવાન રહે તે ખરો ભાગ્યશાળી સમજવો. અહીં શ્રદ્ધા તે સમજણ-પૃથક્કરણથી થયેલ બોધિરત્નના પ્રતાપે પ્રકાશ દ્વારા થયેલ માન્યતાની જ વાત છે તે લક્ષ્યમાં રહે. જ્ઞાન વગરની શ્રદ્ધા સ્થિર ટકી શકતી નથી એ જાણીતી વાત છે. બોધ(જ્ઞાન)ને પરિણામે જે શ્રદ્ધા, પ્રેમ, અંતરનો વીર્યોલ્લાસ થાય તે ધર્મભાવના છે અને એવા ધર્મને સમજી, તેમાં દૃઢ રહે તે આ કાળમાં પણ જરૂર ભાગ્યવાન છે જે ભાગ્યશાળીપણું શ્રી ઉપાધ્યાયજીના સમયમાં ગણાતું હતું તે ફરેલા સંયોગોને અંગે આ કાળમાં અન્ય અનેક કારણોથી સવિશેષ સત્ય અને વાસ્તવિક બને છે.

ચ દૃ. ઉપર જણાવ્યું તેમ અનેક ખાડાઓ વટાવીને મનુષ્યત્વ મળ્યું છે ત્યારે તું નાની નાની ખટપટોમાં પડી ગયો છે; તને અત્યારે તારી જાત પ્રત્યેની ફરજનો ખ્યાલ થતો નથી અને ઉપર-ઉપરની બાબતોમાં તું અટવાઈ ગયો છે. જરા છોકરાઓ મોટા થઈ કામ ઉપાડી લેશે એટલે આત્મ-ચિંતવન કરીશ, અમુક સંખ્યામાં પૂંજી એકઠી થશે એટલે નિવૃત્ત થઈશ, પેન્શન લેવાનો હક્ક થશે એટલે વાનપ્રસ્થ થઈશ. આવા આવા ગોટાળા વાળી મનજીભાઈને સમજાવી લે છે. પણ આ સોનાનો અવસર ચાલ્યો જાય છે. જો વિચાર કર :—

વ્યાધિઓનો પાર નથી. રાજરોગો, ક્ષય, પક્ષઘાત, સંગ્રહણી વગેરે થઈ જાય એટલે તું પરાધીન. કોઈપણ વ્યાધિ ઘર ઘાલે એટલે પરાધીનતા થાય અને એના ઉપચાર ઉપર જ ધ્યાન રહે. મંદવાડમાં ભગવાન સાંભરે એ તો આર્ત-સંન્યાસ જેવું છે અને તે પણ બહુધા તો સાંભરતા જ નથી. તું આવા વ્યાધિઓનો ભોગ ન થાય ત્યાં સુધીમાં તારું કર્તવ્ય કરી લે.

વળી ન્યુમોનિઆ જેવા વ્યાધિઓ અમુક કલાકોમાં પ્રાણીને અસાધ્ય સ્થિતિમાં મૂકી દે છે. એમાનું કોઈ પણ કયારે આવશે તે કહી શકાય નહિ. જરા-ઘડપણ દોડતું નજીક આવતું જાય છે અને આવે એટલે શું થાય છે તે અગાઉ વર્ણવાઈ ગયું છે. તે ઘડપણ તને ઝડપી ન લે ત્યાં સુધીમાં તું ચેત.

તારી પાંચે ઇંદ્રિયો પોતાના વિષયમાં સબળ છે તેટલા વખતનો લાભ લે. આંખો જાય, કાન બહેરા થાય કે સ્પર્શનેન્દ્રિય કામ ન આપે ત્યારે તું શું કરીશ ? આંખ-કાનનો ઉપયોગ ન થાય તેની પરાધીનતા કેટલી હોય છે તે અનુભવ વગર તને સમજાતું ન હોય તો જરા અવલોકન કરી જો.

આયુષ્યનો ભરોસો શો ? કોઈપણ ઉમ્મરે પ્રાણી ચાલી જતો દેખાય છે. પ્રથમ ભાવનાના અષ્ટકના ચોથા શ્લોકમાં આ સર્વ તેં ગાયું છે-વિચાર્યું છે. રાત સુધી જેની સાથે વાતો કરી હોય અને તદ્દન તંદુરસ્ત સ્થિતિમાં જેનાથી છૂટા પડ્યા હોઈએ તેને બીજી સવારે ચિતા ઉપર પોઢાડ્યા છે. આ પ્રમાણે સ્થિતિ છે, તો વ્યાધિથી શરીર વ્યાપ્ત ન થયું હોય, ઘડપણ આવ્યું ન હોય, ઇંદ્રિયો જવાબ આપતી હોય અને આયુષ્ય હોય ત્યાં સુધીમાં તારું પોતાનું ખરું હિત થાય તેવો રસ્તો લઈ લે.

જ્યારે સરોવરની પાળ તૂટશે અને પાણી ચાલવા માંડશે ત્યારે તું શું કરી શકીશ ? પછી પાળ કેમ બંધાશે ? પછી તું માટી નાખવા લાગીશ તો તે પણ ધોવાઈ જશે. આગ

લાગે ત્યારે કૂવો ખોદવાનો કોઈ અર્થ નથી. તરસ લાગ્યે કૂવો ખોદવા જવું એ ડહાપણ રાંડ્યા પછીના ડહાપણ જેવું નકામું છે.

જો ભાઈ! અત્યારે સોનાનો અવસર છે, શુભ ચોઘડિયું છે, અમૂલ્ય તક સાંપડી છે. મુલતવી રાખવાનાં ફળ માઠાં થાય છે. ગયેલો અવસર ફરી ફરીને આવતો નથી. ઘણી તકો મળી પણ તેનો લાભ ન લેવાયો એવા તારા મનમાં 'અબળખા' ન રહી જાય તે વિચારજે અને ખાસ ધ્યાનમાં રાખજે કે પાણી ચાલવા માંડ્યા પછી પાળ બાંધવી અશક્ય છે અને તે વખતે તો જરૂર પસ્તાવો થવાનો છે, પણ એ પસ્તાવો નિરર્થક છે. તે વખતે પછી મોઢે ગંગાજળ મૂકવામાં આવશે, ગૌદાન કરાવવામાં આવશે કે ઘરમાદાની રકમ જાહેર કરવાનો વ્યવહાર સાચવવામાં આવશે એમાં કાંઈ પાળ બંધાવાની નથી, આત્મહિત થવાનું નથી. સાચી સમજણ હોય તો અત્યારથી જ પાળ બાંધ અને જીવનનું શ્રેય સાધી લે. આ ખાસ મુદ્દાની વાત છે.

છ ૭. તું વિચાર કર. તારું શરીર અનેક ઉપદ્રવોને આધીન છે. વ્યાધિઓની વાત ઉપર જણાવી છે. અકસ્માતોનો પાર નથી. અગ્નિ, વીજળી, સર્પ વગેરે જનાવરોના ભયનો પાર નથી. તું ચાલ્યો જતો હોય અને મોટરનો એક આંચકો આવે ત્યાં બેલ બલાસ થઈ જાય તેવું છે. રેલ્વેમાં ઊંઘતા હોઈએ અને સાંધાવાળાની નજીવી ભૂલથી ગાડી ગબડી પડે છે અને રમત પૂરી થઈ જાય છે. ઘણીવાર મરણ ન થાય તો પણ અશક્તિ ને બોડબાંપણ એવી આવી જાય છે કે આખી જિંદગી બોજારૂપ થઇ પડે. અકસ્માતના પ્રસંગો એકઠા કરીએ તો પૃષ્ઠો ભરાય. આવી રીતે અનેક ઉપદ્રવોને આધીન શરીર છે અને તેને લઈને જ આયુષ્ય ક્ષણભંગુર છે. કાલ સવારે શું થશે તે કોઈ કહી શકે તેમ નથી.

આવી રીતે શરીરના ઉપદ્રવો અને આયુષ્યની ક્ષણભંગુરતા દીવા જેવી ઉઘાડી છે ત્યારે તું કયા જોર ઉપર મદાર બાંધીને તારા ખરા હિતની સાધનાના અતિ મહત્ત્વના કાર્યમાં ઢીલ કરી રહ્યો છે? જો તને કોઇ પ્રકારની ખાતરી મળેલી હોય કે તું એ ઉપદ્રવથી મુક્ત છે કે મુક્ત રહેવાનો છે અથવા તો તું અમુક વર્ષો જીવવાનો છે તો તો તું વિલંબ કરે તે વાત ઠીક ગણાય, પણ એવો કોઈ આધાર મળે તેમ નથી. અતિ કસરતી શરીરવાળા પણ નાની વયમાં ચાલ્યા જાય છે તો પછી તું તે શેના ઉપર મુસ્તકીમ થઈને હિતકાર્ય ઢીલમાં નાખે છે? તારા હિત અને શ્રેયની વાત આ બન્ને શ્લોકમાં કરી છે તે ખરેખરા હિત અને શ્રેયની છે એમ સમજ. ટૂંકી નજરે કે ટૂંક સમય માટે સહજ હિત થાય તેને દીર્ઘદૃષ્ટિવાળાઓ ખરું હિત ગણતા નથી.

તું આળસ-પ્રમાદથી કે બેદરકારીથી, અલ્પ વિચારણાથી કે ઉપેક્ષાથી પડી રહ્યો હોય તો ચેતી જજે. પરપોટો ફૂટતાં વાર નહિ લાગે અને ફૂટશે ત્યારે તે ફૂટે છે એમ ઘણીવાર તો તને ખબર પણ નહિ પડે. તું તે વખતે સાવધ હોઈશ કે બેશુદ્ધ હોઈશ તે પણ કહેવાય નહિ અને પછી તારી સર્વ મનની મનમાં રહી જશે. માટે ઊઠ, જાગૃત થા અને સ્વહિત અને પરમ શ્રેયસ્નની પ્રાપ્તિ માટે પ્રયત્ન કર.

બોધિદુર્લભભાવના : : ગેયાષ્ટકપરિચય

૧. પ્રથમ સામાન્ય-સર્વને લાગુ પડતી-વાત કર્યા પછી તે જ વાતને ખીલવવાની છે. મુદ્દાની વાત કહેવાની એ છે કે, બોધ-સદસદ્વિચારજ્ઞાન બહુ મુશ્કેલીથી મળે છે. આ બોધિની દુર્લભતા તું સમજ. એ ચીજને જેમતેમ વેડફી નાખવા જેવી નથી. એ કાંઈ બજારુ ચીજ નથી, એ તો મહાપ્રયાસે મળે છે; તે માટે તું નીચેનો સુપ્રસિદ્ધ દાખલો વિચારી જો—

અતિ દરિદ્રી એવો એક વિપ્ર હતો. મહામુસીબતે આખો દિવસ રખડી, ભિક્ષા માંગી પૂરું કરતો હતો. એને વળી પરણવાની દુર્બુદ્ધિ થઈ. એવા ગરીબોને મદદ કરનારા અને તેમાં ધર્મ સમજનારા આર્યદેશમાં બહુ હોય છે. એ પરણ્યો, દારિદ્ર્ય વધ્યું. અને ગુલામ દશાના એ વિપ્રે અનેક ગુલામો વધાર્યા. એ કોઈ રીતે પૂરું કરી શકે નહિ. અન્નના ફાકા પડવા માંડ્યા. તે કંટાળી ઘર મૂકીને ભાગ્યો. દૂર દેશમાં ગયો. ત્યાં તપ કરવા લાગ્યો. કોઈ દેવની કૃપાથી એને ચિંતામણી રત્ન મળ્યું. એ રત્નનો પ્રભાવ એવો ગણાતો કે ઇષ્ટ યાચિત વસ્તુ તેના અધિષ્ઠાતા દેવો પૂરી પાડે. બ્રાહ્મણ રાજી થયો, સમૃદ્ધિવાન થયો, પણ જીરવવાની શક્તિ કેળવી નહિ. વહાણમાં બેસી દેશ આવવા નીકળ્યો. બૈરી-છોકરાં પણ સાંભર્યાં. વહાણમાં બેઠો બેઠો વિચાર કરે છે : 'હું આવું ઘર બંધાવીશ અને આવી ગાડી ખરીદીશ, આમ ચાલીશ અને આમ બોલીશ.' હાથમાં ચિંતામણી રત્ન લઈને હર્ષમાં નાચવા-કૂદવા લાગ્યો. તેવામાં એક મોટું મોજું આવ્યું, વહાણ ડોલ્યું અને સાથે ઊછળ્યું. દશ પંદર વામના મોજામાં વહાણ ફંગોળાયું, નાચતા બ્રાહ્મણના હાથમાંથી રત્ન છટકી ગયું અને મોટા દરિયામાં પડી ગયું. ગયું તે ગયું. એનો પત્તો કયાં લાગે ? બ્રાહ્મણભાઈ તો એ, ભગવાન એના એ !

એ રત્નની પ્રથમ પ્રાપ્તિ દુર્લભ અને પુનઃ પ્રાપ્તિ વધારે દુર્લભ, આ ન્યાયે તું ધ્યાનમાં રાખ કે બોધિરત્નની પ્રાપ્તિ અને પુનઃ પ્રાપ્તિ દુર્લભ છે અને જ્ઞાન-બોધનો મહિમા અવર્ણ્ય છે. જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં જેટલાં કર્મોનો નાશ કરી શકે છે તેટલાંનો અજ્ઞાની કરોડો વર્ષે પણ કરી શકતો નથી. સમજણની બલિહારી છે. ક્રિયાની કિંમત જરા પણ ઓછી ન કરતાં જ્ઞાનને પ્રથમ સ્થાન જૈનશાસ્ત્રો સ્પષ્ટ શબ્દોમાં આપે છે. બોધ-પ્રકાશ-થી આખી દુનિયા દીવા જેવી નજર સામે રમે છે અને પ્રાણીનો વિકાસ બહુ વધારે કરી દે છે. આત્મવિકાસના પાયા બોધ ઉપર જ ચણાય છે. સમ્યગ્ બોધ થયો એટલે ખૂબ પ્રગતિ સાધ્ય થાય છે. તેની સાથે આજુબાજુના સંયોગો અનુકૂળ થઈ જાય છે અને બોધનું ફળ ત્યાગ (વિરતિ) બેસે એટલે સોના સાથે સુગંધનો સહયોગ થઈ જાય છે.

આ બોધિને પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા જાગે અને તે પ્રાપ્ત થઈ જાય તો આગળનો માર્ગ ખૂબ સરળ થઈ જાય છે. બોધ એ ખરેખર અમૂલ્ય રત્ન છે. એની પ્રાપ્તિ જેટલી દુર્લભ છે તેટલી જ તે અભીષ્ટ, સ્પૃહણીય અને પ્રેરક છે.

એ બોધિ પ્રાપ્ત કર્યો પછી પ્રમાદ છોડી દઈ, રાગ-દ્વેષાદિનો બનતો ત્યાગ કરી દઈ, એની આરાધના કર. બોધિની આરાધના કરવી એટલે જ્ઞાનને પગે લાગવાની વાત ન હોય. જ્ઞાનની – આંતરપ્રકાશની આરાધના એટલે જ્ઞાનમય જીવન જીવવાની તાલાવેલી, એની આસેવના અને એમાં એકાગ્રતા. જ્ઞાનમય જીવનના આવિર્ભાવો આધિદૈવિક છે, અસાધારણ છે, અરેઅર સેવવા યોગ્ય છે. એમાં મનોરાજ્યો જ અનેરાં હોય છે. મોટાં આયુષ્ય હતાં ત્યારે જ્ઞાન-વિલાસમાં કરોડો વર્ષો નીકળતાં; અને અનુત્તર વિમાનના દેવો જ્ઞાન-રાજ્યમાં જ બધો કાળ પૂરો કરે છે. જ્ઞાનીનાં-'બોધિસત્ત્વોનાં' જીવનોનાં ઉહ્યનો ચીતરી શકાય તેમ નથી, પણ આકર્ષક છે એ તો સાચા જ્ઞાની સાથે પરિચયમાં આવતાં દેખાય. જીવનનું સુખ કે સાર્થકત્વ ધન કે વૈભવમાં કદી નથી જણાયું, પણ સાચા બોધવાળાના સત્સંગમાં જ તે સદા અવસ્થિત છે.

એ બોધિરત્નની આરાધના કરી તારા ખરા હિતને આ સંસારમાં–આ ભવમાં સાધ. એની આરાધના એ જ હિત છે એ સમજાય તેવી વાત છે અને તેમ કરીને તારી પોતાની આત્મશક્તિથી અધમ ગતિને અટકાવી દે. જ્ઞાનમય જીવનનું આ પરિણામ છે. વિકાસ વધે એટલે નીચે ઊતરવાની વાત સંભવે નહિ. મુદ્દાની વાત જ્ઞાનમય જીવન કરી દેવાની છે અને તે અત્યારે શક્ય છે અને તારે ખાસ કર્તવ્ય છે. શ્રદ્ધા ઉત્પન્ન કરવા માટે અને હોય તેને ટકાવી રાખવા માટે પણ જ્ઞાન-પ્રકાશની જરૂર છે. આ વાત તું બરાબર સમજી લેજે અને સમજીને બોધિરત્નની દુર્લભતા વારંવાર ગાજે. આ ભાવ પ્રત્યેક ગાથાને અંતે યાદ કરવાનો છે. આટલો સર્વસાધારણ ઉપોદ્ઘાત કરી હવે તેની સિદ્ધિનાં કારણો સમજાવે છે.

૨. નિગોદ–અવ્યવહારરાશિમાં જીવોનું શરીર, તેનું આયુષ્ય અને તેના જન્મ-મરણની વિગત વિસ્તારથી આ પ્રકરણના ૨ ખ શ્લોકના પરિચયમાં ચીતરેલ છે. એ નિગોદની અનંતકાળની કાયસ્થિતિ સમજવી.

ત્યારપછી વ્યવહારરાશિમાં બાદરનિગોદમાં પણ અનંતકાળ-કાયસ્થિતિ. ત્યારપછી પ્રત્યેક વનસ્પતિકાયસ્થિતિ, પછી વાયુકાયસ્થિતિ, તેજસ્કાયસ્થિતિ, અપ્કાયસ્થિતિ, પૃથ્વી-કાયસ્થિતિ. ત્યાર પછી દ્વીંદ્રિયકાયસ્થિતિ, ત્રીંદ્રિયકાયસ્થિતિ, ચૌરિંદ્રિયકાયસ્થિતિ અને પંચેંદ્રિયતિર્યંચકાયસ્થિતિ. આ સર્વનું સંક્ષેપતઃ વર્ણન થઈ ગયું છે. એ સર્વ કાય-સ્થિતિઓથી–પ્રત્યેકમાં ગમનાગમનથી સંસાર અનંતકાળાવધિ બને છે.

વળી એ સર્વ કાયસ્થિતિઓ મોહ અને મિથ્યાત્વ જેવા આકરા ચોરોનું નિવાસ-સ્થાન છે. એમણે મોટાં ઘરો ત્યાં બનાવી રાખ્યાં છે અને પ્રાણીને તેઓ ખૂબ ઝગડાવે છે, ખરડે છે, ખેંચે છે, પોતાના તાબામાં રાખે છે અને તેને મહાઅંધકાર ને અજ્ઞાનમાં એટલો તો કેફથી ચકચૂર રાખે છે કે એ જરા પણ આગળ વધી શકતો નથી અને એ કાયસ્થિતિઓને વશ બનીને અહીંતહીં સાધ્યના ઠેકાણા વગર આંટા માર્યા કરે છે. મોહ અને મિથ્યાત્વના એના તરફના વર્તનનું આ પ્રકરણના ઘ (૪) શ્લોકમાં દિગ્દર્શન કરાવાયું છે.

આવા મોટા સંસાર-અરણ્યમાં રખડતાં નરભવની પ્રાપ્તિ થવી ઘણી મુશ્કેલ છે. એ તો કોઈવાર અનંતકાળના પર્યટન પછી મળી જાય તો નસીબની વાત છે. આટલી હદ સુધીની વાત આપણે ખ, ગ અને ઘ શ્લોકોમાં કરી ગયા છીએ.

ત્યાં દશ દૃષ્ટાંતની વાત પણ થઈ ગઈ છે. એ દશ દૃષ્ટાન્તોમાં નરભવપ્રાપ્તિની દુર્લભતા બતાવવાનો મુદ્દો હતો. ચક્રવર્તીના ઘરના ભોજનનું દૃષ્ટાન્ત તેમાં પ્રથમ હતું. એક બ્રાહ્મણને ચક્રવર્તીના ઘરના ભોજનમાં જે સ્વાદ મળ્યો તે તેની આખી રાજધાનીમાં કે અન્ય સ્થાનમાં ન મળ્યો. એ ચક્રવર્તીને રાજમંદિરે ફરી જમવાનો વારો જેમ વિપ્રને માટે દુર્લભ હતો તેમ નરભવ આ ચક્રભ્રમણમાં ફરીવાર મળવો મુશ્કેલ છે. આટલે સુધીની વાત ત્યાં જણાવી હતી.

અનેક પ્રકારના જીવોની કાયસ્થિતિમાં ફરતાં અંતે પંચેંદ્રિયપણું, પર્યાપ્તપણું, સંજ્ઞીપણું અને મનુષ્યપણું મળ્યું છે. આ મહાભાગ્યયોગ છે. આટલી હકીકત ધ્યાનમાં રાખી હવે મનુષ્યપણાની પ્રાપ્તિને અંગે વિચાર કરીએ.

૩. મનુષ્ય તરીકે જન્મ થયો, પણ જો અનાર્ય દેશમાં જન્મ થાય તો ઊલટું નુકસાન થાય છે. આ ઘણો અગત્યનો પ્રશ્ન છે. જન્મસ્થાન-પ્રાપ્તિ એ અકસ્માત્-યોગ છતાં પ્રગતિને અંગે બહુ અગત્યનો ભાગ ભજવે છે. પુણ્યભૂમિ-કર્મભૂમિમાં જન્મ થવો એ પણ મહદ્ ભાગ્યનું પરિણામ છે.

આર્યદેશોનું વાતાવરણ અહિંસા-પ્રધાન હોય છે. જન્મ-સંસ્કાર બળવાન પડી જાય તો પ્રયાસ અલ્પ કરવો પડે છે. ધર્મોપદેશકો અને પુણ્યભૂમિઓ જે સ્થાનમાં હોય તે આર્યદેશ કહેવાય છે. અહિંસાનું સામ્રાજ્ય વર્તે અને સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, નિષ્પરિગ્રહતા આદિ મૂળ ધર્મોની જ્યાં પ્રતિષ્ઠા થાય તેને આર્યભૂમિ કહેવામાં આવે છે. આર્યદેશમાં ધર્મસંસ્કાર જન્મથી પ્રાપ્ત થવાના પ્રસંગો આવે છે. અને બાળપણમાં જે સદ્વિચાર અને સદ્વર્તન હૃદય પર છાપ પાડે છે તેનું મૂલ્ય વિશેષ છે.

જે દેશોમાં પારકા પ્રાણ લેવામાં અન્યાય ન મનાતો હોય, જ્યાં જીવ આપી ન શકે તેને જીવ લેવાનો અધિકાર નથી એ સિદ્ધાન્તનો સ્વીકાર ન હોય, જ્યાં માંસ, મત્સ્ય કે ઈંડાના આહાર તરફ ઘૃણા પણ ન હોય તે દેશને અનાર્ય ગણવામાં આવે છે. જ્યાં આખો જન્મારો પૈસાની જ વિચારણા હોય, જ્યાં પરભવની ચિંતા ન હોય, જ્યાં બની શકતા મોજશોખ અહીં જ ભોગવી લેવાનાં સૂત્રો પર આધાર રખાતો હોય ત્યાં પરભવના હિતની વાત તો મુશ્કેલ જ છે. આથી અનાર્ય દેશમાં જન્મ થાય તો તો ઘણીવાર મનુષ્યદેહ-પ્રાપ્તિનો બદલો કાંઈ મળતો નથી અને ઊલટા અનેક પ્રકારની ધમાલ કરી અંતે સંસાર-પરિભ્રમણને રસ્તે પડવાનું થાય છે.

અત્યારે પાશ્ચાત્ય દેશોમાં જડવાદ, સંસારરસિકતા, કાવાદાવા, જીવનકલહની ભયંકર તીવ્રતા અને જીવનમાં કેફ, ઉત્તેજકતા અને વૈષમ્ય સિવાય અન્યનો ભાસ થતો નથી ત્યાં

લાંબી નજરે મનુષ્યદેહ-પ્રાપ્તિની નિષ્ફળતા દેખાય તો તેમાં નવાઈ નથી. એમાં કોઈ શોધક, વિચારક અને તત્ત્વજ્ઞ નીકળી આવે છે પણ તેમની સંખ્યા એટલી નજીવી હોય છે કે તેમને માટે આ વાત નથી એટલું જ કહી, સામાન્ય રીતે અનાર્ય ભૂમિમાં જન્મ એટલે અનેક અનિષ્ટ પરિણામો, ટેવો અને વ્યસનોની ગુલામી અને પરિણામે નરભવની નિષ્ફળતા સહેજે કલ્પી શકાય તેમ છે.

જે કેટલાક અનાર્ય દેશો હજુ પણ કેવળ જંગલી દશામાંથી ઊંચે આવ્યા નથી તેને આ વાત વધારે લાગુ પડે છે. એકંદરે પુણ્યભૂમિ-આર્યભૂમિમાં જન્મ થવો એ કાંઈ સામાન્ય લાભનું કારણ નથી. આત્મવિકાસના પ્રસંગોને ત્યાં અનેકગણો વધારે અવકાશ છે.

૪. આર્યદેશમાં જન્મ થઈ જાય તો પણ ત્યાં નીચેના પતનના પ્રસંગો છે તે ધ્યાનમાં રહે :

(ક) સ્ત્રીની પ્રાપ્તિ માટે પ્રયત્ન, શોધ અને તરખટ.
(ખ) પરસ્ત્રી તરફ આકર્ષણ અને તે કારણે દુર્ધ્યાન અને વૈર.
(ગ) વેશ્યાના પ્રપંચો, તેને પોતાની કરવાની તીવ્રતા ને સંકટ.
(ઘ) પૈસા મેળવવા, જાળવવા અને ખરચવાની ગૂંચવણ.
(ઙ) પૈસાના મમત્વથી ઝગડા, લડાઈ, ટંટા, રાજદરબારે ગમન.
(ચ) જમીનની તકરારોનાં ગંભીર પરિણામો અને દુર્ધ્યાનો.
(છ) યુવાન દેખાવાનાં વલખાં, શક્તિ લાવવાના પ્રયોગો અને આસક્તિ.
(જ) કીર્તિભય, રાજભય, ચોરભય, અકસ્માતભય વગેરે.
(ઝ) અમુક ભોજન બનાવવું, ખાવું, પકવાન્નો વગેરે તૈયાર કરવા-કરાવવાની વાતો.
(ઞ) મોટા વરાઓ કરવાને પ્રસંગે ભોજનને અંગે થતા મહા-આરંભો.

આ મુદ્દાઓમાં ચાર સંજ્ઞાનો સમાવેશ થાય છે : મૈથુન, પરિગ્રહ, ભય અને આહાર. આ ચાર બાબતોમાં પડી જઈ પ્રાણી અનેક ઉપાધિઓ કરે છે અને તેની પીડામાં મગ્ન થઈ જઈ તેમાં રચ્યો-પચ્યો રહે છે. અને એ પીડાનું રટણ કેવું હોય છે ! ધનની ધમાલ, ખાવાપીવાની ખટપટ અથવા સ્ત્રીકથાસંબંધ કે મૈથુનમાં પ્રવૃત્ત થયો એટલે એને બીજી વાત સૂઝતી નથી. મોટા સુખી ધનવાનોનાં હૃદય તપાસ્યાં હોય તો ત્યાં શાંતિ જેવી ચીજ દેખાય નહિ. શાંતિ નથી, ત્યાં સુખ નથી. એવી જાતનું જગત એ દુઃસ્થિત કહેવાય છે. કફોડા સંયોગમાં આવી ભરાયેલું જગતવાતાવરણ દુઃસ્થિત છે. એની પીડાનો પાર નથી, ઉકળાટનો હિસાબ નથી, અચોક્કસપણું-ધૈર્યનાશની પરિસીમા નથી.

એવા જગતમાં ધર્મદારિદ્ર્ય હોય છે, ત્યાં ધર્મ શું, એનું સ્વરૂપ શું, એ શા માટે આચરવો ઘટે, એના આચરણનો વિધિ કયો, આચરણનું પરિણામ શું-એ સર્વ વિચાર પરિગ્રહ-મૈથુનાદિમાં પડેલાને સૂઝવો મુશ્કેલ છે. ત્યાં તો કલહારની વાત અને સ્ત્રી તથા

ભોજનની કથાઓ જ હોય, ત્યાં, સિને-માસ્ટરોની ચર્ચા હોય, ત્યાં કૉલેજની કન્યાની ચર્ચાઓ હોય, આમાં ધર્મને સ્થાન ન હોય, ધર્મનો પ્રવેશ ન હોય, ધર્મની ગંધ ન હોય. વાત કહેવાની એ છે કે મનુષ્યપણું મળી જાય અને આર્ય દેશમાં જન્મ પણ થાય અને ત્યાં સુસંસ્કારી માત-પિતાને ત્યાં ઉત્તમ કુળની પ્રાપ્તિ પણ થઈ જાય, પરંતુ જો અબ્રહ્મ, પરિગ્રહ, ભય કે આહારને લગતા ભોગોપભોગમાં પ્રાણી પડી ગયો તો ધર્મતત્ત્વ જાણવાની ઇચ્છા પણ થતી નથી. અને સાધ્ય કે હેતુ વગર આખા જીવન સુધી મોટા આરંભ કરી ધન એકઠું કરવામાં કે ખાવાપીવાની ધમાલમાં કે સ્ત્રીઓનાં ગાનતાન-વિલાસમાં ગુલતાન રહેવાનું પ્રાપ્ત થાય છે અને અંતે આવ્યા તેવા જવાનું થાય છે. એ રીતે દુર્લભ મનુષ્યદેહ હારી જવાય છે.

૫. કદાચ ઉપરની સર્વ વસ્તુની પ્રાપ્તિ થાય પણ સદ્‌ગુરુ પાસે ધર્મશ્રવણ કરવાની સગવડ ન બને તો ખાસ લાભ થતો નથી. શાસ્ત્રગ્રંથોમાં સર્વ વાત લખી શકાણી નથી. પરંપરાજ્ઞાન માટે ગુરુગમની ખાસ જરૂર છે. વિધિવાદમાં ગમે તેટલું લખ્યું હોય પણ માત્ર વાચનથી ગુરુગમ વગર વ્યવહારનું જ્ઞાન થવું અશકય છે. વિલાયતથી આવનારા અભ્યાસીઓ રજોહરણ સંબંધી ગમે તેટલું વાંચીને આવે પણ તેને બનાવવાની અને ઉપયોગ કરવાની રીત જોઈ આશ્ચર્યમાં પડી જાય છે. યોગનાં આસનો, મુદ્રાઓ વગેરે અનેક ગુરુમુખે સમજવાની જરૂર છે અને તત્ત્વજ્ઞાનમાં પણ ચાવી જેવાં સૂત્રોમાં પરંપરાજ્ઞાનની આવશ્યકતા ખૂબ રહે છે. ગુરુઓએ શિષ્યોને સામે બેસાડી ન ભણાવતાં બ્રાહ્મણો પાસે અભ્યાસ કરાવ્યો તેના પરિણામે ઘણું સાંપ્રદાયિક જ્ઞાન ચાલ્યું ગયું છે તેનું અત્યારે બરોબર ભાન થાય છે.

આ તો ગુરુ પાસે જ્ઞાન લેવાની કે શ્રવણ કરવાની આવશ્યકતાની વાત કરી, પણ ઘણાને જાણવાની ઇચ્છા હોય છે છતાં સાચી-ખોટી વાતો કરવામાં અને રાજકથા, દેશ-કથામાં એટલો સમય જાય છે કે એને ધર્મઅભ્યાસ કે ધર્મશ્રવણ કરવાની ફુરસદ જ મળતી નથી. નકામી ચર્ચાઓ, ઢંગધડા વગરના વાદવિવાદો અને ગપાટા-સપાટાનો રસ એવો હોય છે કે તેમાં કલાકો નીકળી જાય, પણ ધર્મશ્રવણ કે અભ્યાસ વખતે સમય મળે નહિ અને કદાચ લોકવ્યવહારે જવાનું બને તો મનમાં અન્ય વિક્ષેપો એટલા હોય છે કે અભ્યાસ કે શ્રવણમાં એકાગ્રતા થાય નહિ અને એકાગ્રતા થયા વગર કોઈ નાની કે મોટી વાત જામતી નથી. ઉપર ઉપરથી ચાલી જાય છે.

ધર્મઅભ્યાસ કે શ્રવણને અંગે બીજા અનેક વિચારણીય પ્રસંગો કલ્પી શકાય. કેટલાકને ગુરુ પાસે શ્રવણ કે અભ્યાસ માટે જવામાં શરમ આવે, કોઈને તેમ કરવામાં ગૌરવહાનિ લાગે, કોઈને અભ્યાસ કરવો બિનજરૂરી લાગે વગેરે ધર્મશ્રવણ કરવા જતાં અનેક કાઠિયા આડા આવે છે તેની હકીકત સુપ્રસિદ્ધ છે. વળી બોટી દલીલોમાં ઊતરી જવાનું બનતાં અનાસ્થા થઈ જાય, પરભવ, કર્મ કે મોક્ષ માનવામાં વિજ્ઞાન આડું આવે વગેરે અનેક ગૂંચવણો આ નવયુગમાં ઊભી થઈ છે અને ખરી ચિન્તા તો ધર્મની મહત્તા

જ ઊડી જતી દેખાય છે એ છે. આ સ્થિતિ છે. આવા વખતમાં ધર્મશ્રવણની દુર્લભતા જરૂર પ્રાપ્ત થાય છે. અત્યારે છાપાં વાંચવામાં જેટલો વખત જાય છે તેનો ચોથો ભાગ પણ ધર્મઅભ્યાસમાં જાય તો ઘણી પ્રગતિ થાય તેમ છે. તે મુદ્દે આ વાત વિચારવી. આવા વર્તમાન યુગની ટીકા કરવાનો આશય નથી, પણ ધર્મ-અભ્યાસની દુર્લભતા બતાવવાનું સાધ્ય છે. અર્વાચીન પદ્ધતિએ શાસ્ત્રશ્રવણ કરાવનાર વિજ્ઞાનના અભ્યાસી, માનસવિદ્યાના જાણકાર ગુરુ જ્યારે ધર્મશ્રવણ કરાવશે ત્યારે ઊભા રહેવાની જગ્યા પણ નહિ મળે. અત્યારે કહેવાનો મુદ્દો એ છે કે મળેલી સર્વ સામગ્રી છતાં ધર્મશ્રવણ દુર્લભ હોય જ અને આપણે વધારે એટલું કહી શકીએ કે આ કાળમાં તે ખાસ દુર્લભ થતું જાય છે.

૬. કદાચ ધર્મશ્રવણ કરવાનું બની આવે, ગુરુમહારાજનો યોગ પણ બની આવે, એ શ્રવણને પરિણામે બોધ પણ થઈ જાય, સંસારનું સ્વરૂપ અને વસ્તુ કે સંબંધનું અનિત્યત્વ ગ્રાહ્ય થાય અને બનતો ઉદ્યમ કરવાનો નિશ્ચય પણ થાય-એટલે સુધી આવે તો પણ એનો ઉદ્યમ બહિરંગ રહેવાનો છે, એની ક્રિયા દ્રવ્યક્રિયા રહે છે.

અંતરંગમાં મહાન વૈરી-સમૂહ હજુ બેઠો જ છે, એના મુખ્ય નાયકો રાગ-દ્વેષ છે. એના બચ્ચાં-કચ્ચાંનો પાર નથી. કષાયો અંદર રમ્યા કરે છે. હાસ્ય, રતિ, અરતિ નાચ્યા કરે છે અને તે ઉપરાંત એના અંતરંગના-અંદરના ગોટાનો પાર નથી. એને વાત-વાતમાં થાક લાગી જાય છે. એ ફરવા જશે તો પચીશ ચક્કર મારશે. પણ ઊભા ઊભા પ્રતિક્રમણ કરતાં એને થાક લાગી જશે.

આળસનો તો હિસાબ નથી. ધર્મઆચરણ કે યોગવિધાન વખતે એને બગાસાં આવવા માંડશે, ધર્મશ્રવણ કે ક્રિયા વખતે નિદ્રા જલ્દી આવે છે. કારણ કે એમાં એને અંતરનો રસ નથી. રસ જામે એટલી એની તૈયારી કે એનો અભ્યાસ નથી. આવાં તો અનેક અંતરંગ કારણો છે. એ સુકૃત્યનો પ્રસંગ આવવા જ દેતા નથી અને આવી જાય તો વાત મારી જાય એવું સ્વરૂપ ઊભું કરી દે છે. આ સર્વ વાતો આપણા અવલોકન અને અનુભવનો વિષય હોઈ શરમાવે તેવી છે એટલે વધારે વિવેચન માગતી નથી.

૭. આને માટે એક વાતનો વિચાર કરીએ. ચોરાશીલાખ જીવોત્પત્તિસ્થાનો છે. ઊપજવાનાં સ્થાનોની અનેરી વર્ણ, ગંધ, રસ, સ્પર્શની વિવિધતાને 'યોનિ' કહે છે. એની સંખ્યા ૮૪૦૦૦૦ છે, 'સાત લાખ પૃથ્વીકાય'ના પાઠમાં તું આ ઘણીવાર ભણી ગયો હોઈશ.

નિગોદથી મનુષ્યત્વ સુધીની અનેક કાયાઓનો તેં અભ્યાસ કર્યો. એમાં તેં કદી ધર્મની વાત સાંભળી છે ? ત્યારે સર્વ જગ્યાએ વાતો કેવી સાંભળી ? વિગતોમાં ન ઊતરીએ. વાતોના ત્રણ પ્રકાર છે :

(૧) **ઋદ્ધિ**—પૈસાસંબંધી વાતો. પૈસામાં માલિકીની ચીજો, ઘર, ફરનિચર, ઘરેણાં સર્વ સમજવાં. તિર્યંચોને પણ ઘર-માળા-બિલ હોય છે. રહેવાના સ્થાન પર મૂર્છા થાય એ સર્વ વાતો આ ગૌરવમાં આવે છે.

(૨) **રસ**—ખાવા-પીવાની વાતો. ગૌરવ એટલે આસક્તિ. શાક સમારવાં, ભોજન બનાવવાં, શું ખાશું તેની કલ્પના કરવી વગેરે.

(૩) **શાતા**— શરીરને વ્યાધિના પ્રસંગો, દવાદારુ વગેરે.

આ ત્રણે ગૌરવોમાં પ્રાણી પડ્યો રહે છે. એની વાતો કરે છે. નાના જીવો એની ચિંતવના નાના પાયા પર કરે છે; પણ પશુ-પક્ષી, મનુષ્યાદિ સર્વ એમાં આખો વખત ચકચૂર રહે છે.

સંસારમાં ફરતાં તેં અનેક વખત ઋદ્ધિ, રસ અને શાતાની વાતો સાંભળી, પણ કોઇ જગ્યાએ તેં ધર્મની વાતો સાંભળી છે ? ન સાંભળી હોય તો તેનું કારણ શું ? અને સાંભળી હોય તો તારી આ દશા હોય ખરી ? આ પ્રમાણે સ્થિતિ છે. હવે તારો શું વિચાર છે ? અંતે ધર્મ વગર આરો આવે તેમ નથી, માટે જે કરવું હોય તે સાધી લે. અવસર ગયા પછી તો માત્ર પસ્તાવો જ રહેશે અને આવો અવસર ફરીફરીને વારંવાર મળશે નહીં.

૮. તને મનુષ્યત્વ મળ્યું, શ્રવણની ઇચ્છા થઈ, ધર્મ તરફ વૃત્તિ થઈ અને તને સદ્‌ગુરુનો બોધ પ્રાપ્ત થયો, તને સદ્‌જ્ઞાનરત્ન પ્રાપ્ત થયું. તારે ખ્યાલમાં રાખવું કે એ સર્વ ગુણોની ખાણ છે, એ વસ્તુ અમૂલ્ય છે અને સાધારણ રીતે મળવી મુશ્કેલ છે. તારા મહાન સુકૃતના ઉદયથી તને જ્ઞાનરત્ન પ્રાપ્ત થયું છે. તું અનેક નદી-નાળાં અને ખાડીઓ ઉલ્લંઘી આ ભવ્ય પ્રકાશને પામ્યો છે તેનો તું પૂરતો લાભ લે. મનુષ્યત્વથી માંડી તું બોધિરત્નની પ્રાપ્તિ સુધી પહોંચ્યો. તને ઘણી અનુકૂળતા મળી. ત્યારે હવે તારે શું કરવું ?

ગુરુમહારાજના પ્રાજ્ય-પ્રચુર વિનયથી ઉત્પન્ન થયેલ જે આ શાંત અમૃતરસ તને પ્રાપ્ત થયો છે તેનું પાન કર. તને જે શુભ-સામગ્રીનો યોગ થયો છે અને તારામાં પ્રકાશ પડ્યો છે, તું જાગ્યો છે તેનો લાભ તું તેનું પાન કરવા દ્વારા લે. શાંતરસપાન એટલે શું ? એ તને ફરી ફરી કહેવાની જરૂર ન હોય. એ અંદરનો રસ છે, આત્મિક વિકાસ છે અને બાહ્ય ઉપાધિથી પર છે. એના રસમાં પડ્યો એટલે બીજી જંજાળ છૂટી જશે. બોધિરત્નનો લાભ એટલે શાંતરસમય જીવન. શ્રી વિનયવિજય ઉપાધ્યાયના નામોચ્ચાર સાથે શાંતરસપાનનો મહિમા અત્ર ગાયો.

* * *

આ ભાવનામાં બોધિરત્ન પ્રાપ્ત થવા પહેલાં ઉત્તરોત્તર નીચેની વસ્તુઓની પ્રાપ્તિની મુસીબતો બતાવી :

૧. સૂક્ષ્મનિગોદ અવ્યવહારરાશિમાંથી બહાર નીકળવું	'જ્ઞાનાર્ણવ'માં નીચેના વિષયો ચર્ચ્યા છે તે સરખાવવા યોગ્ય છે.
૨. સ્થાવર એકેંદ્રિયપણું	૧. નિગોદથી નિર્ગમ
૩. ત્રસપણાની પ્રાપ્તિ	૨. સ્થાવરત્વ
૪. પંચેંદ્રિયપણું	૩. ત્રસત્વ
૫. પર્યાપ્તત્વ	૪. પંચેંદ્રિયત્વ
૬. સંજ્ઞીપણું	૫. મનુષ્યત્વ
૭. દીર્ઘ આયુષ્ય	૬. દીર્ઘ આયુષ્ય
૮. મનુષ્યપણું	૭. ઇંદ્રિયસામગ્રી
૯. આર્યદેશમાં જન્મ	૮. બુદ્ધિ
૧૦. સંસ્કારી કુળમાં જન્મ	૯. મંદકષાય
૧૧. ધર્મજિજ્ઞાસા	૧૦. નિર્વિષય ચેતસ્
૧૨. ધર્મશ્રવણ	૧૧. તત્ત્વનિશ્ચય
૧૩. ધર્મબોધ	૧૨. કામાર્થલાલસા
૧૪. ધર્મમાં ઉદ્યમ	૧૩. મિથ્યાત્વ
૧૫. અંતરંગ વૈરીનું આક્રમણ	૧૪. બોધિરત્ન

બોધિરત્નમાં જ્ઞાન, દર્શન, ચારિત્રનો સમાવેશ ઘણી જગ્યાએ કરવામાં આવ્યો છે. બોધમાં પ્રાધાન્ય જ્ઞાનને છે તે ખાસ ધ્યાનમાં રાખવું.

વસ્તુપ્રાપ્તિની અનુક્રમે મુશ્કેલીઓ બતાવી મોટો દૈત્ય ખડો કરવાનો આશય નથી, પણ અનંત સંસારમાં જે પરિસ્થિતિ થાય છે તેને અંગે વિકાસમાર્ગમાં જે અતિ અગત્યનો પ્રસંગ બને છે તેનો સ્પષ્ટ ખ્યાલ આપવાનો આશય છે.

આવી તકો કદાચ તને ઘણીવાર મળી હશે, પણ ખરો અવસર આવે ત્યારે આ ભાઈશ્રી બીજા કામમાં પેસી જાય છે. મોટી જાન કાઢીને જાય અને લગ્નનો વખત ઊંઘમાં ચાલી જાય તેવો આ બનાવ છે. તકો વારંવાર આવતી નથી, પણ આવે ત્યારે એને સામેથી પકડી લેવી ઘટે. અવસર ગયા પછી પસ્તાવો નકામો છે.

શ્રી ચિદાનંદજી મહારાજ કહે છે કે 'વાર અનંતી ચૂકચો ચેતન, ઇણ અવસર મત ચૂક.' અનેકવાર તક મળી ત્યારે એનો તેં પૂરો કે જરાપણ લાભ લીધો નથી. લીધો હોય તો આ દશા અને આ રખડપાટો હોય ખરો ? આ સંબંધમાં એક દૃષ્ટાંત 'ધર્મરત્નપ્રકરણ'માં વાંચ્યું હતું; તેમાં 'દાક્ષિણ્ય' ગુણ પર ક્ષુલ્લકકુમારની કથા છે.[૧] તેનો અતિ અગત્યનો મુદ્દો મને જુદો ભાસ્યો છે. સંક્ષેપમાં હકીકત નીચે પ્રમાણે છે :—

૧. જુઓ ધર્મરત્નપ્રકરણ, ભાષાંતર : ભાગ પહેલો, પૃષ્ઠ ૨૦૬ થી ૨૧૮.

પતિના મૃત્યુથી વિધવા થયેલ કોઈ રાણીએ પૂર્ણ વૈરાગ્ય પામી ગુપ્ત રીતે ચારિત્ર લીધું. દીક્ષા લીધી પછી જણાયું કે તે સાધ્વીને ગર્ભાધાન હતું. વિચક્ષણ ગુરુણીએ પ્રસૂતિ-કાર્ય ગુપ્ત રીતે કરાવ્યું. પુત્ર સાંપડ્યો એનું ક્ષુલ્લકકુમાર નામ પાડ્યું. તે બહુ ચાલાક અને ઉદાર મનનો થયો. ભણ્યો ગણ્યો અને કુશળ થયો એટલે યોગ્ય વયે ગુરુએ તેને દીક્ષા આપી. બાર વર્ષની વય થતાં એને સંસારમાં જવા ઇચ્છા થઈ. માતાના આગ્રહે સંયમાવસ્થામાં બાર વર્ષ વધારે રહ્યા. માતાની ગુરુણીના આગ્રહે બીજાં બાર વર્ષ રહ્યા. અધ્યાપક ગુરુના આગ્રહે ત્રીજાં બાર વર્ષ રહ્યા. ગચ્છાધિપતિના આગ્રહે ચોથાં બાર વર્ષ રહ્યા. એના દાક્ષિણ્યનો પાર નહોતો. ૬૦ વર્ષની વયે સંસારમાં પડવા નીકળી પડ્યો. માતાએ ચાલતી વખતે રૂમાલ અને વીંટી નિશાની તરીકે જાળવી રાખ્યાં હતાં તે આપ્યાં. તે બતાવવાથી રાજ્યનો અર્ધભાગ મળે તેમ હતું. ક્ષુલ્લક ચાલ્યો. રાજનગરે રાત્રિને વખતે પહોંચ્યો.

રાજમહેલમાં નાટક ચાલતું હતું. ક્ષુલ્લક મુનિ પણ તે જોવા ઊભા રહ્યા. આખી રાત નાટક ચાલ્યું. રાત્રિની બે ઘડી બાકી રહી ત્યારે નાચનાર વારાંગનાના પગ ઢીલા પડવા માંડ્યા. રાજા-રાણી સિંહાસને બેઠાં હતાં. મિજલસ જામી હતી. નગરજનો હજારોની સંખ્યામાં જોવા આવેલા હતા.

યુવતી વારાંગના જરા ઢીલી પડવા લાગી. ગાઇ ગાઈને જરા થાકી. તેને બગાસું આવ્યું. તે જોઈ એની વૃદ્ધ માતા-અક્કા પછવાડે બેઠી હતી તેણે નીચે પ્રમાણે ગાથા કહી :

सुट्ठु गाइयं सुट्ठु वाइयं, सुट्ठु नच्चिय सामसुंदरी ! ।
अणुपातिय दीहराइओ, सुमिणंते मा पमायए ॥

"હે શામસુંદરી ! તે સારી રીતે ગાયું, સારો રીતે વગાડ્યું, સારી રીતે નૃત્ય કર્યું, દીર્ઘરાત્રિ એ પ્રમાણે પસાર કરીને હવે સ્વપ્નને (રાત્રિને) અંતે-દાન મળવાને અવસરે પ્રમાદ ન કર. (સાવધ થઇ જા.)"

આ ગાથા ત્યાં બેઠેલા અનેકને બંધબેસતી આવી ગઈ. ક્ષુલ્લકે વિચાર કર્યો કે સાઠ વર્ષ ગુરુકુળવાસ સેવ્યો અને હવે અવસર પાકચો છે ત્યારે મેં આ શો ધંધો આદર્યો ? આમ વિચારી પોતાનું રત્નકંબળ ઈનામમાં ફેંકી દઇ પાછો ફર્યો, ગુરુ પાસે ગયો અને જીવન સફળ કર્યું. બાર વર્ષથી પતિની રાહ જોઇ એક કુળવધૂ પતિત થવાની તૈયારીમાં હતી તે પણ સ્થિર થઈ ગઈ. એ પ્રમાણે રાજકુંવરાદિ અનેક મનુષ્યો ચેત્યા.

આવો અવસર મળે છતાં તેનો લાભ લેતાં પ્રાણી પાછો પડી જાય છે અથવા પ્રમાદ, વિકથા કે ખોટી ચર્ચામાં મળેલ તકને ગુમાવી દે છે. મહામુસીબતે મળેલ બોધિ-રત્નને પેલા વિપ્રની પેઠે ફેંકી દે છે. અને દરિદ્રીનો દરિદ્રી જ રહે છે. એને નરભવ વગેરે અનેક સગવડો, અનુકૂળતાઓ મળી તેનો એ જરા પણ લાભ લઈ શકતો નથી.

આપણે આખો ભવ કેવી રીતે પસાર કરી દઈએ છીએ તે ખૂબ વિચારવા યોગ્ય છે. પ્રાણીઓ કદી શાંતિથી પોતાની પ્રવૃત્તિનો હેતુ વિચારતા નથી અને કેફમાં ચકચૂર

બની સંસારના પાયા માંડે છે. એ પોતાની આખી પ્રવૃત્તિનું પૃથક્કરણ કરે તો તેમાં એને કોઈ જગ્યાએ હેતુ કે સાધ્ય દેખાશે નહિ. અનેક જાતનાં મમત્વો કરવાં. તંત બાંધવા, અભિમાનથી રાચવું અને જાણે પોતે કંઈક છે એમ માની તદ્દન નિર્જીવ બાબતોને મોટી માની તેમાં રચ્યાપચ્યા રહેવું, આમાં જીવન જેવું કંઈ નથી, મળેલ તકનો ઉપયોગ નથી અને આત્મ-વિકાસને અવકાશ નથી.

આ સંબંધમાં શ્રી સોમપ્રભાચાર્ય સિંદૂરપ્રકરમાં કહે છે કે :—

अपारे संसारे कथमपि समासाद्य नृभवं, न धर्मं यः कुर्याद्विषयसुखतृष्णातरलितः ।
ब्रुडन्पारावारे प्रवरमपहाय प्रवहणं, स मुख्यो मूर्खाणामुपलमुपलब्धुं प्रयतते ॥

આ અપાર સંસારમાં મહામુસીબતે મનુષ્યદેહ પામીને પણ જે ઇંદ્રિયના વિષયોના સુખની તૃષ્ણામાં વિહ્વળ બની ધર્મ આચરતો નથી, તે મૂર્ખમાં પણ મુખ્ય માણસ મોટા દરિયામાં ડૂબતો હોય તે વખતે એને મળેલું સુંદર વહાણ છોડી દઈને પથ્થર લેવાનો પ્રયાસ કરે છે.' અનેક જીવો ભરદરિયામાં પણ વહાણને છોડી દઈને પથ્થર લેનારા હોય છે; પછી તરવાને બદલે બૂડી મરે અને ઊંડા અગાધ જળમાં તણાઈ જાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. આ ખરી વસ્તુસ્થિતિ છે અને નજર સન્મુખ રાખવા યોગ્ય છે. અનેક પ્રાણીઓનું શું થાય છે તે જોઈ આપણું શું થશે તે અત્ર વિચારણીય છે.

દરિયામાં વહાણ છોડી પથ્થરને પકડવાની વાત હસવા જેવી લાગશે, પણ વાસ્તવિક રીતે વિચારતાં અનેક પ્રાણીઓનો વ્યવહાર એ કક્ષામાં આવે છે. એ કદાચ સાચો-સારો માર્ગ જાણશે તો પણ એ સાચો માર્ગ આચરશે નહિ. એનું નામ જ ભરદરિયામાં પથ્થરને પકડવાનું છે. મોહનો કેફ અને મમતાનો રાગ એવો મધુર હોય છે કે એમાં સાચો માર્ગ મળતો નથી, મળે તો સૂઝતો નથી અને સૂઝે તો એનો સંવ્યવહાર થતો નથી. આ સ્થિતિનો અંત લાવવાનો અત્ર આશય છે. બાકી તો અનેક વેશો ધર્યા છે, નવાં નવાં રૂપો લીધાં છે અને અરઘટ્ટઘટિકા(રેંટ)ની જેમ નીચે આંટા માર્યા છે. એમાં કાંઈ પાર આવવાનો નથી. ઉપર આવે ત્યારે જરા આનંદ-પ્રકાશ દેખાય, પણ જ્યાં અંદરથી પાણી ગયું કે રેંટની બીજી બાજુએ ખાલી થઈને ઊંધે માથે નીચે ઊતરવું પડે છે અને એમ ઉપર-નીચે ફર્યા કરવાનું છે. આ વાત સમજુની ન હોય.

સ્વપ્નના રાજ્યને સાચું માનવું અને પછી તેના ઉપર રાચી જવું અને સંસારમાં ફર્યા કરવું એમાં મજા શું છે ? હૃદયમંદિરમાં એકાદ વખત તો દીપક જગાવવો ઘટે-એનઃ અજવાળે મહાલવું ઘટે અને એના તેજની ભવ્યતા વિસ્તરવા દેવી ઘટે. એ અંતર દીપક થાય તો પોતાનું અને પારકું શું છે તે સમજાશે અને પછી આગળનો રસ્તો પ્રકટ થવાથી એના ઉપર વ્યાપેલો અંધકાર દૂર થઈ જશે. સર્વત્ર પ્રકાશમય મહિમા વધતો જશે. એક વખત પ્રકાશ થઈ જશે તો ગણતરીમાં આવી જવાશે. ગમે તેમ કરીને આ પ્રકાશ એક વાર કરવાની જરૂર છે.

એ પ્રકાશની તાલાવેલી લાગે તો બોધિરત્નની દુર્લભતા બરાબર સમજાય. ગમે તેમ કરીને ઘટમંદિરમાં દીપક એક વખત તો જરૂર પ્રગટાવ. મહાપુણ્યયોગે અનેક ભવાંતરો પછી અત્યારે અનેક સામગ્રીઓ, સગવડો અને અનુકૂળતાઓ મળી છે, તેને સમજ્યા વેડફી નાખે નહિ. કાંઈ ન સૂઝ પડે તો પણ સલામત બાજુએ રહેવાથી પરિણામે બોધિરત્ન જ ઉદ્યોતને પામે, એના પર પાસા પાડે અને એની કિંમત વધારી મૂકે. આ વિચારણા કરવાની આવશ્યકતા છે અને અત્યારે તેનો અવસર છે. આખી રાત નાચ્યા પછી ખરી અણીના વખતે બગાસું ન આવે, આળસ ન આવે, ઊંઘ ન આવે એની સાવચેતી રાખવાની છે અને એ સાવચેતી ગમે તે આશયથી પ્રાપ્ત થઈ જાય તો પણ અંતે બેડો પાર છે અને મનુષ્યદેહ મળ્યાનું સાર્થકત્વ છે.

આ રીતે બાર અનુપ્રેક્ષા (ભાવના) અત્ર પૂરી થાય છે. અનુપ્રેક્ષા એટલે જોવું તે-વિચારવું તે. અનુપ્રેક્ષા (ભાવના) અંદરથી-આત્મદૃષ્ટિએ જોવાની છે. એમાં આંતર ચક્ષુ ખુલી જાય છે અને એક વાર આંતરદર્શન કોઈપણ યોગે થવા માંડે તો પછી માર્ગ સાંપડે છે. બારે ભાવના અનુપ્રેક્ષા માટે છે. એક પણ ભાવના અંતઃકરણના ઊંડાણથી વિચારવામાં આવે તો પ્રાણીના જ્વરને ઉતારી નાખે તેમ છે. એક અથવા વધારે ભાવનાને અંતર-દૃષ્ટિએ ભાવવી. એનાં પુનરાવર્તન થયા કરે તેથી ગભરાવું નહિ. પુનરાવર્તન એ ભાવનાના પ્રાણ છે.

હવે બીજી ચાર ધર્મભાવના છે; ધર્મધ્યાન લાવનાર અને તેમાં સ્થિરતા કરનાર છે. **મૈત્રી**ભાવના પ્રાણીઓ તરફ પ્રેમ લાવનાર છે, **પ્રમોદ**ભાવના ગુણમાં રમણ કરાવનાર છે, **કરુણા**ભાવના હૃદયથી હિત કરનાર છે અને **માધ્યસ્થ્ય** ભાવના હૃદયની વિશાળતા બતાવનાર છે. આ ચારે ભાવનાના વિમળ પ્રવાહમાં આપણે હવે પ્રવેશ કરીએ છીએ.

इति बोधिदुर्लभभावना १२

પ્રથમ નિગોદ પછી સ્થાવરતા ત્રસતા પંચેંદ્રિયતા હોય,
મનુષ્યપણું પામીને ધર્મ-શ્રવણથી સમકિત પામે કોય;
સુરમણિ સુરઘટ સુરતરુ મહિમા એની પાસે અલ્પ ગણાય,
બોધિરત્નની દુર્લભતા તે એક જીભથી કેમ કહાય ? ૧.

પં. અમૃતવિજયજી

ઉપાધ્યાયજી શ્રીજયસોમમુનિવિરચિત

બોધિદુર્લભભાવના

દુહા

વાર અનંતી ફરસીઓ, [1]છાલીવાટક ન્યાય;
નાણ વિના નવિ સાંભરે, લોકભ્રમણ ભડવાય. ૧
રત્નત્રય ત્રિહું ભુવનમેં, દુલહા જાણી દયાળ;
બોધિરયણ કાજે ચતુર ! આગમઆણિ સંભાળ. ૨

(રાગ ખંભાતી)

દશ દૃષ્ટાંતે દોહિલો, લાધો મણુઅ જમારો રે;
દુલ્લહો [2]અંબરફૂલ જયું રે, આરજ ઘર અવતારો રે.
મોરા જીવન રે, બોધિભાવના ઇગ્યારમી રે;
ભાવો હૃદય મઝારો રે. મો૦ ૧
ઉત્તમ કુળ તિહાં દોહિલો, સદ્ગુરુ ધર્મ સંયોગો રે;
પાંચે ઇંદ્રિય પરવડાં, દુલ્લહો દેહ નિરોગો રે. મો૦ ૨
સાંભળવું સિદ્ધાંતનું રે, દોહિલું તસ ચિત્ત ધરવું રે;
સુધી સદ્દહણા ધરી, દુષ્કર અંગે કરવું રે. મો૦ ૩
સામગ્રી સઘળી લહી રે, મૂઢ મુધા મમ હારો રે;
ચિંતામણિ દેવી દીએો, હાર્યો જેમ ગમારો રે. મો૦ ૪
[3]લોહકીલકને કારણે, યાન જલધિમાં ફોડે રે;
[4]ગુણકારણ કોણ નવલખો, હાર હિયાનો ત્રોડે રે. મો૦ ૫
બોધિરયણ ઉવેખીને, કોણ વિષયારથ દોડે રે ?
કંકર મણિ સમોવડ કરે, ગજ વેચે ખર હોડે રે. મો૦ ૬
[5]ગીત સુણી નટની કહી રે, ક્ષુલ્લક ચિત્ત વિચાર્યું રે;
કુમારાદિક પણ સમજિયા રે, બોધિરયણ સંભાર્યું રે. મો૦ ૭

★

૧. બોકડાના વાડામાં જેમ બધે બોકડો ફરી વળેલો હોય તેમ. ૨. આકાશનું ફૂલ. ૩. લોઢાનો ખીલો. ૪. દોરા માટે. ૫. ગાથા.

પ્રકરણ તેરમું

મૈત્રીભાવના

अनुष्टुप्

सद्धर्मध्यानसन्धान–हेतवः श्रीजिनेश्वरैः ।
मैत्रीप्रभृतयः प्रोक्ता–श्चतस्रो भावनाः पराः ॥ क १ ॥
मैत्रीप्रमोदकारुण्य–माध्यस्थानि नियोजयेत् ।
धर्मध्यानमुपस्कर्तुं तद्धि तस्य रसायनम् ॥ ख २ ॥

उपजातिः

मैत्री परेषां हितचिन्तनं यद्भवेत्प्रमोदो गुणपक्षपातः ।
कारुण्यमार्ताङ्गिरुजां जिहीर्षेत्युपेक्षणं दुष्टधियामुपेक्षा ॥ ग ३ ॥
सर्वत्र मैत्रीमुपकल्यात्मन् ! चिन्त्यो जगत्यत्र न कोऽपि शत्रुः ।
कियद्दिनस्थायिनि जीवितेऽस्मिन्किं खिद्यते वैरिधिया परस्मिन् ॥ घ ४ ॥
सर्वेऽप्यमी बन्धुतयानुभूताः सहस्रशोऽस्मिन्भवता भवाब्धौ ।
जीवास्ततो बन्धव एव सर्वे, न कोऽपि ते शत्रुरिति प्रतीहि ॥ ङ ५ ॥
सर्वे पितृभ्रातृपितृव्यमातृपुत्राङ्गजास्त्रीभगिनीस्नुषात्वम् ।
जीवा प्रपन्ना बहुशस्तदेतत्, कुटुम्बमेवेति परो न कश्चित् ॥ च ६ ॥

उपेन्द्रवज्रा

एकेन्द्रियाद्या अपि हन्त जीवाः, पञ्चेन्द्रियत्वाद्यधिगम्य सम्यक् ।
बोधिं समाराध्य कदा लभन्ते, भूयो भवभ्रान्तिभियां विरामम् ॥ छ ७ ॥
या रागदोषादिरुजो जनानां, शाम्यन्तु वाक्कायमनोदुहस्ताः ।
सर्वेऽप्युदासीनरसं रसन्तु, सर्वत्र सर्वे सुखिनो भवन्तु ॥ ज ८ ॥

क ૧. धर्मध्यान ધ્યાનનો પ્રકાર. **सन्धान** જોડવું તે; અનુસંધાન. **हेतवः** કારણ; સાધનાર. **परा** શ્રેષ્ઠ; ઉત્કૃષ્ટ.

ख ૨. नियोजयेत् યોજે; ગોઠવે. **उपस्कर्तुं** તૈયાર કરવા; શોભાવવા. **रसायन** સિદ્ધ ઔષધ.

ग ૩. આર્ત પંડિત. **अङ्गि** પ્રાણી. **रुज्** રોગ. **जिहीर्षा** દૂર કરવાની ઇચ્છા; અપહરણની ઇચ્છા.

घ ૪. उपकल्पय રચ, બનાવ. **चिन्त्यो** વિચારનો વિષય કરવો; ગણવો; ધારવો તે. **कियत्** કેટલાક, મર્યાદિત **खिद्यते** સંતાપ કરાય છે.

ङ ૫. प्रतीहि તું જાણ; પ્રતીતિ કર; ખાતરી કર.

च ૬. पितृव्य કાકા. **स्नुषा** દીકરાની વહુ. **इति** એ કારણ માટે. **पर** પારકો; શત્રુ; દુશ્મન.

छ ૭. एकेन्द्रियाद्या એક ઇંદ્રિયવાળા વગેરે; બે, ત્રણ, ચાર ઇંદ્રિયવાળા. **पंचेन्द्रियत्वादि** પંચેંદ્રિયપણું વગેરે અનુકૂળતાઓ. એના વિવેચન માટે નોટ જુઓ. **विरामम्** અટકાયત.

ज ૮. रोष દ્વેષ **रुज्** વ્યાધિ. **दुहः** દ્રોહ કરનાર. **उदासीनं** સમતા. **रसन्तु** આરોગો; આસ્વાદો.

ક ૧. મૈત્રી વગેરે ચાર ઉત્કૃષ્ટ (શ્રેષ્ઠ) ભાવનાઓને શ્રી તીર્થંકર મહારાજે સદ્ધર્મ-ધ્યાન સાથે અનુસંધાન સાધનાર તરીકે ઉપદેશી છે-બતાવી છે.

ખ ૨. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવનાઓને ધર્મધ્યાનની તૈયારી કરવામાં યોજવી, કારણ કે તે (ભાવનાઓ) તેનું (ધર્મધ્યાનનું) પાકું રસાયણ છે-મહાઔષધ છે.

ગ ૩. **મૈત્રી** એટલે પરના હિતનું ચિંતવન. **પ્રમોદ** એટલે ગુણનો પક્ષપાત. **કારુણ્ય** એટલે પીડા ભોગવતાં પ્રાણીઓની પીડાઓ દૂર કરવાની ઇચ્છા. **ઉપેક્ષા** એટલે દુષ્ટબુદ્ધિવાળા તરફ મધ્યસ્થવૃત્તિ.

ઘ ૪. હે આત્મન્! તું સર્વત્ર મિત્રભાવ-સ્નેહભાવ રચી દે. આ દુનિયામાં તારો કોઈ શત્રુ છે એમ તારે કદી વિચારવું-ધારવું પણ નહિ. ગણતરીબંધ ટૂંકો વખત રહેનારા આ જીવતરમાં પારકા ઉપર વૈરબુદ્ધિ કરીને સંતાપ કરાય છે.

ઙ ૫. આ સંસારસમુદ્રમાં સર્વે પ્રાણીઓને હજારો વખત બંધુ તરીકે તેં પૂર્વ-કાળમાં અનુભવેલા છે. તેટલા માટે સર્વ જીવો તારા બંધુઓ છે અને કોઈ તારો શત્રુ નથી એમ તું જાણ-પ્રતીતિ કર.

ચ ૬. સર્વે જીવો અનેક વખત તારી સાથે પિતાપણું, ભાઈપણું, કાકાપણું, માતાપણું, પુત્રપણું, પુત્રીપણું, પત્નીપણું, બહેનપણું, પુત્રવધૂપણું પામેલાં છે-તેટલા માટે એ સર્વ તારું કુટુંબ જ છે અને તેટલા માટે કોઈ પણ તારે પર નથી-દુશ્મન નથી.

છ ૭. એક ઇંદ્રિયવાળા વગેરે જીવો પણ પંચેંદ્રિયપણું વગેરે પ્રાપ્ત કરીને, સારી રીતે આત્મજ્ઞાનની આસેવના કરીને આ સંસાર-પરિભ્રમણના ભયથી ક્યારે વિરામ પામશે?

જ ૮. વચન, કાયા અને મનનો દ્રોહ કરનારા રાગ અને દ્વેષ વગેરે પ્રાણીઓના વ્યાધિઓ શમી જાઓ! સર્વે પ્રાણીઓ ઉદાસીનભાવ-સમતાભાવના રસને આસ્વાદો! સર્વત્ર સર્વે પ્રાણીઓ સુખી થાઓ.

—* * *—

गेयपद्याष्टक

विनय ! विचिन्तय मित्रतां त्रिजगति जनतासु ।
कर्मविचित्रतया गतिं विविधां गमितासु ॥ विनय !० ॥ १ ॥
सर्वे ते प्रियबान्धवा न हि रिपुरिह कोऽपि ।
मा कुरु कलिकलुषं मनो निजसुकृतविलोपि ॥ विनय !० ॥ २ ॥
यदि कोपं कुरुते परो निजकर्मवशेन ।
अपि भवता किं भूयते हृदि रोषवशेन ? ॥ विनय !० ॥ ३ ॥
अनुचितमिह कलहं सतां त्यज समरसमीन ।
भज विवेककलहंसतां गुणपरिचयपीन ॥ विनय !० ॥ ४ ॥
शत्रुजनाः सुखिनः समे मत्सरमपहाय ।
सन्तु गन्तुमनसोऽप्यमी शिवसौख्यगृहाय ॥ विनय !० ॥ ५ ॥
सकृदपि यदि समतालवं हृदयेन लिहन्ति ।
विदितरसास्तव इह रतिं स्वत एव वहन्ति ॥ विनय !० ॥ ६ ॥
किमुत कुमतमदमूर्छिता दुरितेषु पतन्ति ।
जिनवचनानि कथं हहा न रसादुपयन्ति ॥ विनय !० ॥ ७ ॥
परमात्मनि विमलात्मनां परिणम्य वसन्तु ।
विनय ! समामृतपानतो जनता विलसन्तु ॥ विनय !० ॥ ८ ॥

---

* **રાગ :** 'વિમલાચલ નિતુ વંદીએ' એ ઉપાધ્યાયજીના સુપ્રસિદ્ધ સ્તવનના લયમાં ચાલે છે. એની પ્રતમાં રાગ માટે લખે છે કે "દેશાખ રાગેણ ગીયતે. 'રે જીવ ! જિન ધર્મ કીજીએ' એ દેશી."

૧. હે વિનય ! કર્મની વિચિત્રતાને કારણે જુદી જુદી જાતની ગતિ પામેલા ઊર્ધ્વ, અધો અને મર્ત્ય ત્રણે લોકના પ્રાણીઓ તરફ તું મૈત્રી-મિત્રતાની ચિંતના કર.

૨. તે સર્વ પ્રાણીઓ! તારા વહાલા બંધુઓ છે, આ દુનિયામાં તારો કોઈ દુશ્મન નથી. બાલી નકામો કંકાસને વશ થઈને તારા મનને બરડાયેલું કર નહિ-એવું મન તો પોતાનાં સુકૃત્યોનો નાશ કરનારું થાય છે.

૩. કોઈ પ્રાણી પોતાના કર્મને પરાધીન થઈને તારા ઉપર કોપ કરે તો શું તારા હૃદયમાં રોષને-કોપને આધીન થઈને તારે પણ તેવા જ થવું ?

૪. આ દુનિયામાં કલેશ કરવો તે સારા માણસને શોભતી વાત નથી. સમતારસ-(ના પાણી)માં વિહાર કરનારા હે મીન ! એને તજી દે અને ગુણોના પરિચયમાં પુષ્ટ થયેલ ચેતન ! તું માનસરોવરના હંસના વિવેક(બુદ્ધિમત્તા)ને સેવ.

૫. શત્રુજનો પણ (પોતાનો) વિરોધ છોડી દઈને શમભાવ પ્રાપ્ત કરો અને સુખી થાઓ. તેઓ પણ શિવ(મોક્ષ)સુખથી ભરેલા, ગૃહે જવાને ઉત્સુક મનવાળો થાઓ.

૬. (પ્રાણીઓ) જો એક વાર પણ જરા સમતારસનો સ્વાદ હૃદયપૂર્વક કરે તો એનો સ્વાદ એક વાર જાણ્યા પછી તેઓ પોતાની મેળે તેના વડે જ પ્રીતિ પામે.

૭. અહાહા ! ખોટા અભિપ્રાયરૂપ કેફના મોંમાં પડેલા પ્રાણીઓ પાપકર્મના બંધનમાં શા માટે પડતા હશે ? અને તીર્થંકર મહારાજનાં વચનોને શા માટે પ્રીતિપૂર્વક પ્રાપ્ત કરતા નહિ હોય ?

૮. નિર્મળ આત્માઓ પરમાત્મભાવમાં પરિણમીને વસો અને હે વિનય ! જનતા સમતારૂપ અમૃતરસનું પાન કરીને વિલાસ કરો.

નોટ :

૧. **ત્રિજગતિ** ત્રણ જગતમાં; ઊર્ધ્વ, અધો અને તિર્ચ્છાલોક-તેમાં. **ગમિતાસુ** પ્રાપ્ત થયેલા.

૨. **બાન્ધવાઃ** બંધુ; સગાવહાલા. **કલિ** કલેશ; કંકાસ; રાગદ્વેષની પરિણતિ. **કલુષં** બરડાયલું; ચીતરાયેલું. **વિલોપી** વિનાશ કરનાર.

૩ **પરો** કોઈ; પારકો; સામો. **ભવતા ભૂયતે** એ કર્મણિ પ્રયોગ છે.

૪. **અનુચિત** અયોગ્ય; અઘટિત. **મીન** માછલું. **કલહંસ** ઉત્તમ હંસ પક્ષી. **હંસતા** ક્ષીર-નીર-વિવેક બુદ્ધિ; હંસપણું. **પીન** પુષ્ટ.

૫. **સમે** સમતા પ્રાપ્ત થયેલ. **ગન્તુમનસઃ** જવાનું મન છે જેનું એવા.

૬. **લિહન્તિ** ચાટે; આસ્વાદે. **વહન્તિ** પામે.

૭. **કિમ્ ઉત** શા માટે ? **મત** અભિપ્રાય. **મદ** કેફ; અભિમાન. **દુરિત** પાપ; પાપબન્ધન; અશુભ કર્મ. **ઉપયન્તિ** પામે છે; પ્રાપ્ત કરે છે.

૮. **પરમાત્મનિ** પરમાત્મામાં; ઉત્કૃષ્ટ આત્મભાવમાં. **વિમલાત્મના** નિર્મળ આત્માવાળાઓનાં (**ચેતાંસિ**-મનો અધ્યાહાર્ય) **પરિણમ્ય** એકરૂપ થઈને. **જનતા** પ્રાણીગણ; સર્વ જીવો. **વિલસન્તુ** રમણ કરો; લહેર કરો.

મૈત્રી : : પરિચય

ક્ક ૧. જ્ઞાનાર્ણવના કર્તા શ્રી શુભચંદ્રગણિ 'જ્ઞાનાર્ણવ' ગ્રંથમાં વૈજ્ઞાનિક પદ્ધતિએ આખો ધ્યાનનો વિષય હાથ ધરે છે. તેઓ શરૂઆતમાં સંસાર-રચનાને કિન્નરપુર સાથે સરખાવી, અસદ્જ્ઞાનથી સંસાર-વૈચિત્ર્ય જણાતું નથી તે તરફ આશ્ચર્ય બતાવી જણાવે છે કે 'પ્રાણીઓ તરફ સમભાવ રાખ, નિર્મમત્વભાવનું ચિંતન કર, મનનું શલ્ય દૂર કરીને ભાવશુદ્ધિ કર.' ત્યાપછી આગળ જણાવે છે કે—**चिनु चित्ते मृशं भव्य, भावना भावशुद्धये । या सिद्धान्तमहातन्त्रे, देवदेवैः प्रतिष्ठिताः ।** 'એ ભાવશુદ્ધિ માટે શ્રી સિદ્ધાન્તના મહાતંત્રમાં તીર્થંકર મહારાજે સ્થાપન કરેલી (ઉપદેશેલી) ભાવના વારંવાર ભાવ. ત્યારપછી એ બાર ભાવના વર્ણવે છે (અનિત્યાદિ).

આમાં કહેવાનો ભાવ એ પ્રાપ્ત થાય છે કે ભાવના ભાવશુદ્ધિ માટે ભાવવાની છે. એ બારે ભાવનાની પ્રતિષ્ઠા શ્રી તીર્થંકરદેવે સિદ્ધાન્તમાં યોજી છે. આટલા ઉપરથી બાર ભાવનાનું મૂળ અને સાધ્ય લક્ષ્યમાં આવશે.

ત્યારપછી યમ-નિયમ-ઇંદ્રિયદમનનું વિગતવાર વર્ણન કરી, ધ્યાનના વિષય ઉપર તે લેખક જાય છે અને આર્ત તથા રૌદ્રધ્યાનનું સ્વરૂપ વિસ્તારથી ચર્ચી, ધર્મધ્યાનનું પ્રકરણ શરૂ કરતાં (૨૭મા પ્રકરણમાં) પ્રથમ ધ્યાન કરનાર કેવો હોય તે જણાવતાં કહે છે કે—'ધ્યાતા જ્ઞાન-વૈરાગ્યસંપન્ન હોય, ઇંદ્રિય-મન વશ કરનાર હોય, સ્થિર આશયવાળો હોય, મુમુક્ષુ હોય, ઉદ્યમી હોય, શાંત હોય, ધીર હોય.' આ સાત વિશેષણ કહી ધર્મ-ધ્યાનની સિદ્ધિ માટે કહે છે કે—**चतस्रो भावना धन्याः पुराणपुरुषाश्रिताः । मैत्र्यादयश्चिरं चित्ते, ध्येया धर्मस्य सिद्धये !** 'મૈત્રી વગેરે ચાર ધન્ય ભાવનાઓ, જેનો આશ્રય પુરાણ પુરુષોએ કર્યો છે તે ધર્મધ્યાનની સિદ્ધિ માટે ધ્યાવવી.

આટલી પ્રસ્તાવના કરી સંક્ષેપમાં આ ચાર ભાવના જણાવી છે. આ ચાર ભાવના ધર્મધ્યાનની સિદ્ધિ માટે પ્રાથમિક છે એ અત્ર ફલિત થાય છે. આટલા ઉપરથી મૈત્રી વગેરે ચાર ભાવનાનું સ્થાન કયાં આવે છે અને તેનો આશય શો છે તે ખ્યાલમાં આવી જશે.

બાર ભાવના સાથે દેવના દેવ (તીર્થંકર મહારાજ)ના નામનો નિર્દેશ છે, જ્યારે ચાર ભાવનાને અંગે પુરાણ-પુરુષોનો નિર્દેશ છે તે પણ અર્થસૂચક જણાય છે. ભાવનાનું સ્થાન આ રીતે સ્પષ્ટ થાય છે.

'અનુપ્રેક્ષા' એટલે વિચાર, આંતરપ્રેક્ષણ. Introspection એ બાર ભાવનાનો પ્રદેશ છે. મૈત્રી આદિ ચાર ભાવનાનો પ્રદેશ ધર્મધ્યાનના હેતુભૂત થવાનો છે.

'સદ્ધર્મધ્યાનસંધાન'—સમીચીન-શુદ્ધ ધર્મધ્યાન સાથે અનુસંધાન કરાવનાર અથવા કરવાના હેતુભૂત અનુસંધાન કઈ રીતે થાય ? બે વસ્તુ વચ્ચે અંતર પડી ગયું હોય તેને જોડી

આપનાર, વચ્ચે પુલનું કામ કરનાર હોય તે અનુસંધાન કરનાર કહેવાય. બે પત્રને જોડનાર ગુંદર – એવું જે કાર્ય, તે કરનાર. સંસાર અને ધર્મધ્યાન વચ્ચે આંતરો પડેલો છે તે પૂરી આપવાનું કાર્ય આ ચાર ભાવનાઓ કરે છે. આ અનુસંધાન બહુ અગત્યની બાબત હોઈ ચારે ભાવનાની વિચારણામાં વારંવાર લક્ષ્ય રાખવાનું છે. એ સાધ્ય ધ્યાનમાં રહે તો ભાવના એનું કાર્ય બરાબર આપશે. શ્રી જિનેશ્વર મહારાજે મૈત્રી વગેરે ચાર ભાવનાને સદ્ધર્મધ્યાન–સુંદર ધર્મધ્યાનનું અનુસંધાન કરાવનાર તરીકે બતાવી છે, ઉપદેશી છે. આ રીતે ચાર ભાવનાનો ઉપોદ્‌ઘાત કરી હવે વર્ણન શરૂ કરે છે અને તેને પ્રાસંગિક બનાવે છે.

ચારે ભાવનાઓને ઉપાધ્યાયજી 'પરા' ભાવના કહે છે. પરા એટલે ઉત્કૃષ્ટ અથવા પ્રકૃષ્ટ (શુભ) પરિણામ લાવનાર. આટલા ઉપરથી આ ચારે ભાવનાઓને પણ ધ્યાન-માર્ગમાં–યોગ પ્રગતિમાં કેટલું અગત્યનું સ્થાન પ્રાપ્ત થાય છે તેનો ખ્યાલ આવશે.

શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયે આ ચારે ભાવનાઓને પણ શ્રી જિનેશ્વરદેવે જ ઉપદેશેલી તરીકે જણાવી છે તેની નોંધ લેવા યોગ્ય છે. આ સંબંધી ચર્ચા ઉપોદ્‌ઘાતમાં જોવી.

અહીંથી આપણે પરા ભાવનાઓના બહુ સુંદર પ્રદેશમાં પ્રવેશીએ છીએ. આ ચાર ભાવનાઓ માટે 'યોગભાવનાઓ', 'પરા–ભાવનાઓ' અથવા 'અનુસંધાન–ભાવનાઓ' શબ્દ વાપરવામાં આવે તો તે યોગ્ય છે. આ વિવેચનમાં એ શબ્દોનો ઉપયોગ કર્યો છે.

પ્રથમના ત્રણે શ્લોક ઉપોદ્‌ઘાતરૂપે છે.

ख ૨. આ ચાર ભાવનાઓ તે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય છે. એનું વિસ્તારથી સ્વરૂપ હવે વિચારવાનું છે. સક્ષેપમાં કહીએ તો :—

જગતના સર્વ પ્રાણીઓ તરફ હિતબુદ્ધિ થવી તે **'મૈત્રી'**, ગુણવાનને જોઈ-સાંભળી –જાણી આનંદ થવો તે **'પ્રમોદ'**, દુઃખી પ્રાણી ઉપર ઉપકાર કરવાની બુદ્ધિ થવી તે **'કરુણા'**, અશક્ય પરિસ્થિતિ વિષે અથવા પાપીજનો વિષે તિરસ્કાર ન કરતાં ઉપેક્ષા કરવી તે **'માધ્યસ્થ્ય'**.

આ ચાર યોગ–ભાવનાઓને ધર્મધ્યાનની તૈયારી કરવા માટે યોજવી. જેને ધર્મધ્યાન કરવાની ઇચ્છા હોય તેણે આ ભાવનાઓને તે કાર્ય માટે પ્રથમ યોજવી. જેમ કોઈ પ્રાણીને મહાવ્યાધિ થયો હોય તેને દૂર કરવા તે રસાયણની આસેવના કરે છે તે પ્રમાણે, એટલે કે જેમ ક્ષય કે એવા આકરા વ્યાધિ માટે રસૌષધિઓ વપરાય છે તે પ્રમાણે ભાવનાનો ઉપયોગ કરવો. ક્ષયરોગવાળાને વસંતમાલતિ, પંચામૃતપર્પટી, સહસ્રપુટી, અભ્રખ વગેરે આપવામાં આવે છે. સુવર્ણ, લોહ કે પારાને મારીને તેની ભસ્મ વગેરે આપવામાં આવે છે. તેનો આશય તંદુરસ્તી અને શરીરને જોડવાનો હોય છે, તે પ્રમાણે જેનો આશય ધર્મધ્યાનમાં ચેતનને જોડવાનો હોય તેણે આ ચાર ભાવનાઓ જોડવી. રસાયણનું સ્થાન ભાવનાઓનું છે. તંદુરસ્તી સાધ્ય છે તેમ મોક્ષ એ પરમ સાધ્ય છે. રસાયન શરીરશુદ્ધિ કરી બળ આપી તંદુરસ્તી વધારે છે. તે સર્વ કાર્ય આ ચારે પરાભાવનાઓ ધર્મધ્યાનને

અંગે કરે છે. એ પરમ ઔષધ છે અને અમોઘ છે. વ્યવહારમાં જેને રામબાણ ઉપાય કહે છે તેવો ધર્મધ્યાનને અંગે એ યોગભાવનાનું સતત ચિન્તન સિદ્ધ ઉપાય છે.

ગ ૩. ઉપોદ્‌ઘાત સમાપ્ત કરતાં ચારે ભાવનાનું સંક્ષેપમાં સ્વરૂપ કહી બતાવે છે. અહીં મૂળ શ્લોકનું જ જરા વિવેચન કરીએ. એના પર વિસ્તાર એ પ્રત્યેક ભાવનાના યોગ્ય સ્થળે કરશું.

મૈત્રી એટલે 'પરના હિતનું ચિંતવન.' પર એટલે પોતા સિવાયના સર્વ જીવો. એમાં મનુષ્ય, પશુ, પક્ષી. જળચર અને છેક એકેંદ્રિય સુધીના સર્વ જીવોનો સમાવેશ થાય છે. તેઓ જાણે પોતાની જેવાં જ હોય તેમ સમજીને તેઓના હિતનું ચિંતવન કરવું, એટલે તેમની દુઃખથી નિવૃત્તિ કેવી રીતે થાય તેનું ધ્યાન, ચિંતવન કરવું તે **'મૈત્રી'**.

પ્રમોદ એટલે 'ગુણનો પક્ષપાત'. અન્ય પ્રાણીનાં જ્ઞાન, સંયમ, ત્યાગ, પરોપકાર, આત્મનિમજ્જન, સ્વાર્થપરિત્યાગ, દંભત્યાગ, સરળતા, સત્યતા, દયાળુતા, નમ્રતા, વિનીતતા આદિ ગુણો જોઈ-જાણી તેના તરફ પ્રેમ કરવો, તે ગુણોનું બહુમાન કરવું, તે ગુણોની બૂઝ કરવી, તે તરફ હર્ષ બતાવવો, તે તરફ સંતોષ બતાવવો, તે તરફ વારી જવું અને ગુણને અંગે ગુણવાન તરફ રાગ ધરાવવો એ **'પ્રમોદ'**.

કારુણ્ય એટલે 'શારીરિક પીડા ભોગવતા પ્રાણીઓની પીડા દૂર કરવાની ઇચ્છા'. પીડા ભોગવનારા પ્રાણીઓ-શરીરધારીઓને અનેક જાતની પીડાઓ હોય છે. કોઈ રોગથી સબડ્યા કરતા હોય છે, કોઈનાં સુખો ઊડી જતાં દેખાય છે, કોઈ ધન, ઘર કે પુત્રાદિના સુખથી વંચિત થતા દેખાય છે અને ધનવાનો-સુખાલયમાં મ્હાલનારા-ને પગે ચાલવું પડે છે, કંઈક ધર્મભ્રષ્ટ થતા દેખાય છે, કોઈ દુઃખમાં એટલા દબાઈ ગયા હોય છે કે મુખેથી દુઃખોનો ઉચ્ચાર પણ કરી શકતા નથી અને નિરંતર દુઃખમાં સબડ્યા કરે છે. શારીરિક, માનસિક અને આર્થિક દુઃખનો પાર નથી. એ દુઃખોની પીડાનું વર્ણન કરવું પણ મુશ્કેલ છે. આ દુઃખોને દૂર કરવાની ઇચ્છા તે કરુણાભાવના કહેવાય છે. ભાવના એટલે 'અંતરંગ પ્રદેશમાં વર્તતી ઇચ્છા' તે નિરંતર લક્ષ્યમાં રાખવાનું છે. ભાવનાનો પ્રદેશ જુદો છે, કાર્યનો ઉપદેશ જુદો છે. દુઃખ દૂર કરવાની ઇચ્છા તે **'કારુણ્ય'**.

ઉપેક્ષા એટલે 'દુષ્ટબુદ્ધિવાળા તરફ મધ્યસ્થવૃત્તિ'. જેઓ પરધનહરણ કરવામાં મજા માનતા હોય, જુગાર અને સટ્ટામાં આસક્ત હોય, પરસ્ત્રીમાં રમણ કરનારા હોય, જીવહિંસામાં રત હોય, દગા-કપટ કરવામાં જીવનસાફલ્ય માનતા હોય, દંભ, ચોરી, પૈશુન્ય, નિંદા, વિકથામાં એકતાન બની જતા હોય તે સર્વને દુષ્ટબુદ્ધિવાળા કહેવામાં આવે છે. તેવા પ્રાણીઓને સુધારવાનો ઉપાય બનતી શક્તિ, આવડત અને સમજાવટથી કરવા છતાં જો તેઓ પોતાના અગ્રાહ્ય જીવનક્રમથી પાછા ન ઓસરે તો તેઓના તરફ બેદરકારી કરવી, તેઓ અંતે પોતાના કર્મને વશ છે અને કરશે તેવું ભોગવશે એમ

માની એમના સંબંધી ખટપટ મૂકી દઈ તેમની ઉપેક્ષા કરવી અને તેમના માટે કાંઈ બોલવું કે વિચારવું નહિ તે 'ઉપેક્ષા'. આ ઉપેક્ષાનું અપરનામ 'માધ્યસ્થ્ય' પણ કહેવાય છે. એ બન્ને નામોમાં પણ સાધ્ય એક છતાં દૃષ્ટિબિન્દુ પૃથક્ છે તે એ ભાવવાનો પ્રસંગ આવશે ત્યારે સ્પષ્ટ કરવા પ્રયત્ન કરશું.

આવી રીતે ઉપોદ્ઘાત કરી જનતા પાસે આ ચાર યોગભાવનાનો પ્રદેશ રજૂ કર્યો. હવે આ ચાર ભાવના સંબંધી ગાન કરવાનું છે એવી ભૂમિકા રજૂ કરી.

બાર ભાવનાનો મૂળ પ્રદેશ અત્ર પૂરો થાય છે અને પરાભાવના અથવા અનુસંધાનભાવનાનો નવો વિશાળ પ્રદેશ ખુલ્લો થાય છે તે હકીકત મૂળ પ્રતિજ્ઞા કરતાં આગળ જનારી કોઈ જરૂરી પ્રસ્તાવોચિત સહજ વિવેચન માગે છે. આ ત્રણ શ્લોકમાં એ વાત કરી. હવે ક્રમપ્રાપ્ત મૈત્રીભાવનો વિચાર કરીએ. ઇતિ વિમધ્યમ ઉપોદ્ઘાત.

ઘ ૪. **મૈત્રી :** આ ભાવનામાં જીવનનો અતિ સાદો અને અતિ મહત્ત્વનો પ્રશ્ન વિચારવાનો છે. એની વિચારણા નાના આકારમાંથી શરૂ કરતાં એ અતિ વિશુદ્ધ દશામાં લઈ જાય એટલું આ ભાવનામાં બળ છે. આપણે એ સર્વ પરિસ્થિતિમાંથી પસાર થયા. હવે ચંચુપ્રવેશ કરવા પ્રયત્ન કરીએ.

આ જીવનનો વિસ્તાર પૂરેપૂરો મળ્યો હોય તો પણ તે કેટલો ટૂંકો છે તે વિચારીએ. અહીં બહુ રહેવાનું થાય તો વધારેમાં વધારે સો વર્ષ થાય. જો કે વર્તમાનકાળની અતિ ગૂંચવણમય જીવનકલહવાળી પરિસ્થિતિમાં એ વય સોએ એક ટકાને અથવા કદાચ લાખે એક વ્યક્તિને પણ મળતી નથી, છતાં પણ સ્વીકારી લઈ એ કે સો વર્ષનું આયુષ્ય મળ્યું છે તો પણ આટલા નાના જીવનમાં મારાં-તારાં કરવાં અને કોઇના ઉપર વૈર બાંધવું – એને શત્રુ ગણવો, એનો વિનાશ કરવા રચનાઓ કરવી, એને ઉખેડી નાખવા જાળો રચવી અને વૈરવૃત્તિને શાંત કરવા કારસ્થાનો ગોઠવવાં, છટકાંઓ માંડવાં અને ગોઠવણો કરવી એ શું ઘટિત વાત છે ? આટલા નાના જીવન માટે સર્વ કરવું તે કોઈ રીતે શોભે તેવી વાત છે ?

કોઈ પ્રાણી તરફ વૈરબુદ્ધિ હોય તો તે કેવાં કારણોથી હોય છે ? એ કારણોની બાંધછોડ કરવામાં આવશે તો જણાશે કે એમાં સ્વાર્થવૃત્તિને વિશેષ સ્થાન છે. દુનિયાના મોટા ભાગના વૈર, જર, જમીન અને જોરુ(સ્ત્રી)ને કારણે હોય છે. વૈર સ્વાર્થસંઘટ્ટથી જ બહુધા થાય છે. જર અને જમીનમાં મુદ્દા બહુધા એક જ હોય છે. 'અધિકારી એક વસ્તુકા, ઉસમેં હોત બિરોધ' એટલે કે વસ્તુ એક હોય એને પ્રાપ્ત કરવાનો પ્રયાસ બે જણાઓ કરતા હોય ત્યારે તેમની વચ્ચે વિરોધ-વૈર થાય છે. આમાં સ્વાર્થવૃત્તિ વિશેષ હોય છે. જરા વિશાળ નજરથી કામ લેવામાં આવે, જરા દિલની ઉદારતા બતાવવામાં આવે, જરા ત્યાગભાવ બતાવવામાં આવે તો ધન અને જમીન માટે વૈર થવાનું સંભવે નહિ.

સ્ત્રીસંબંધી વૈરમાં 'મોહ' વિશેષ કામ કરે છે. મોહ એ કેફ છે. એને વશ પડેલ પ્રાણી પોતાની જાત ઉપર અંકુશ ગોઈ બેસે છે. વગર વિરોધે સ્ત્રી સંબંધી વૈરો શમાવવાં શકય છે.

આ ઉપરાંત કીર્તિ કે પદવીને અંગે માનસિક વિરોધ થાય છે અને તે સ્થૂળ રૂપ લે છે ત્યારે દુશ્મનાવટનો આકાર ધારણ કરે છે. આવા વિરોધ તો જરા વિશાળ દૃષ્ટિએ ચર્ચવાથી, રૂબરૂ ખુલાસા કરવાથી અથવા અંતરની ઉદારતા બતાવવાથી શમી જવા શકય છે.

વૈર જેવી ચીજ આ જીવનમાં ન જોઈએ. વૈરવૃત્તિ ધીમે ધીમે એટલી વધી જાય છે કે એને અસ્ખલિત રીતે વધવા દેવામાં આવે તો એ બહુ નુકસાન કરે છે. વૈરવૃત્તિનું બાહ્ય દર્શન ક્રોધમાં થાય છે. ક્રોધ એ કષાય છે, કષાય એ સંસાર છે અને સંસાર એટલે ચકભ્રમણ છે. ક્રોધનો સ્વભાવ આગ જેવો છે. જે ઘરમાંથી આગ ઊઠે છે ત્યાં પ્રથમ તો તેને બાળે છે અને જલનો યોગ ન મળે તો પાડોશનાં ઘરો પણ આગમાં ઝડપાઈ જાય છે. આપણે આજુબાજુનાં ઘરોનો હાલ વિચાર ન કરીએ તો પણ જ્યાં આગ ઊઠે તે ઘર તો જરૂર બળે એ વાત ખાસ વિચારવા જેવી છે.

આવા મનોવિકારને તાબે થવું તને પરવડે તેમ નથી. તારે તો સર્વ પ્રાણીઓ તરફ મિત્રભાવ રાખવો અને આ દુનિયામાં કોઈ પણ પ્રાણી તારો શત્રુ નથી એમ તારે વિચારવું. પ્રાણીમાં મનુષ્ય, પશુ, પક્ષી, જળચર અને એક-બે-ત્રણ-ચાર ઇંદ્રિયવાળા સર્વ પ્રાણીઓ આવી જાય છે એમ તારે સમજી લેવું.

કોઈ પણ પ્રાણી, નાનો મોટો જીવ, સ્થાવર કે ત્રસ પ્રાણી તારો શત્રુ નથી એમ ચિંતન કર. જેનામાં જીવ આપવાની તાકાત નથી તેને જીવ લેવાનો અધિકાર નથી એમ તારે વિચારવું. જીવ લેવાનો અધિકાર નથી એટલું જ નહિ પણ કોઈની લાગણી દુઃખવવી એ પણ તને ઘટતું નથી. તું અહીં કેટલું બેસી રહેવાનો છે? અને આ સર્વ ધમાલ કોને માટે? ટૂંકા આયુષ્યમાં ગમે ત્યારે ઊડી જવાનું છે તેમાં વૈરનાં ખાતાં બાંધીને તારો વિકાસ બગાડી નાખીશ તો આવતે ભવે તારે પરાધીનપણે પાછાં તે જ પ્રાણીઓ સાથે વિરોધ કરવા પડશે. તું એમ વિચાર કર કે ઔરંગઝેબ અને શિવાજી અત્યારે જ્યાં હશે ત્યાં શું કરતા હશે? શાસ્ત્રકાર કહે છે કે કરોડો વર્ષના આયુષ્યે નારક થયેલા રાવણ અને લક્ષ્મણ અત્યારે પણ લડયા કરે છે; અને લડે નહિ તો બીજું કરે પણ શું? તારે જો આગળનો આખો રસ્તો આવા ખાડા-ખડીઆથી, કાંટાથી, શૂળોથી કે ખીલીઓથી ભરી દેવો હોય તો તારી મરજીની વાત છે. અમે તો તને એક જ વાત કહીએ છીએ કે તારો આ માર્ગ અતિ ભૂલ-ભરેલો છે; તારા વિચાર, વચન કે વર્તનમાં વૈર-દુશ્મનાવટ એવો શબ્દ પણ ન ઘટે.

તું તો સર્વત્ર મિત્રભાવ, સ્નેહભાવ, પ્રેમભાવ રચી દે. તારો આ દુનિયામાં કોઈ શત્રુ નથી એમ ધારી લે. તને પછી માલૂમ પડશે કે તારો કોઈ દુશ્મન છે જ નહિ.

'આપ તેવા જગ' એ ન્યાય છે. આપણા મનમાં જે ભાવના હોય છે તેની છાયા આજુ-બાજુ પડે છે; અને આપણા મનમાં વૈરબુદ્ધિ થઈ કે આજુબાજુ વૈર જ દેખાય છે. બાકી થોડા દિવસનો અહીં વાસ છે એમાં વળી દુશ્મન કોણ અને વૈરી કોણ ? તું પોતે કોણ છે ? તું ગમે તેટલી તારી જાતને ઊંચી માન, પણ અનંત જીવોમાંનો તું એક છે. એમાં તે તારે વૈર-વિરોધ શાં ? એ તને શોભતું નથી. તું કોની સાથે વૈર કરે છે તે જ પ્રથમ વિચાર.

ડ ૬. સર્વ પ્રાણીઓ તરફ મૈત્રી રાખવાનાં અનેક કારણો છે. એક કારણ ઉપર જણાવ્યું, હવે બીજું કારણ અત્ર રજૂ કરે છે. તારે પરભવ માન્યા સિવાય તો છૂટકો નથી. પ્રાણીઓની બુદ્ધિ અને સમૃદ્ધિની તરતમતા પરભવ સિવાય સમજી શકાય તેમ નથી. આવા અનેક ભવો તેં કર્યા છે. અનંતકાળથી આ જન્મ-મરણની પરંપરા ચાલ્યા જ કરે છે અને વિશ્વનો આદિ જડ્યો નથી અને જડી શકે તેમ પણ નથી. આ અનંતકોટિ ભવપરંપરામાં જે પ્રાણી સાથે તને વૈર કરવાનો પ્રસંગ આવે તે પોતે જ તારો અનેક વાર બંધુ થયેલો હોય છે. તેં તેની સાથે અનેક પ્રકારના આનંદો ઉજવ્યા હશે, અનેક વાર તેમની સાથે ફર્યો હોઈશ, એક સાથે ભોજન કર્યાં હશે અને કંઈક કંઈક જાતના સંબંધમાં તેઓ સાથે આવ્યો હઈશ.

'બંધુ' શબ્દમાં સર્વ સગપણોનો સમાવેશ થાય છે તે આગળ વર્ણવવાનાં છે. તું વિચાર કર કે જેની સાથે બંધુભાવ એક વખત કર્યો તેની સાથે લડવું કે મોરચા માંડવા એ શોભતી વાત લાગે છે ? અને આવા બંધુભાવો તેં એક-બે વખત કર્યા હશે એમ ન ધારતો. હજારો-લાખો વખત તે અને તું બંધુભાવે રહ્યા હશો.

આ પ્રાણીઓમાં એકલા પંચેંદ્રિય મનુષ્યો કે તિર્યંચોનો સમાવેશ થાય છે એમ તું ધારતો નહિ. એમાં સૂક્ષ્મનિગોદ એકેંદ્રિયથી માંડીને સર્વ જીવોનો સમાવેશ થાય છે, માટે સર્વ જીવો તારા બંધુઓ જ છે એમ માન અને કોઈ પણ તારો શત્રુ નથી એમ તું ધાર. જે એકવાર પણ બંધુભાવે થયો હોય તેની સાથે અબંધુભાવ કરવો એ તારા જેવાને શોભે નહિ, પાલવે નહિ, છાજે નહિ.

શત્રુ એટલે શું ? જરા ચાલુ સાધારણ ભૂમિકાથી ઊંચો આવીને વિચાર તો કર કે તારે શત્રુ હોવા ઘટે ? તારાથી કોઈને શત્રુ તરીકે મનાય ખરા ? તારાથી આટલી નીચી ભૂમિકા પર ઊતરી જવાય ખરું ? આ વસ્તુસ્થિતિ છે. અત્યારે તારે ખરો વિચાર કરવાનો છે. પશ્ચાદવલોકન કરીને તારું સ્થાન સમજી લે અને કોઈ પણ પ્રાણી તરફ જરા પણ અમિત્રભાવ, ગમે તેટલા સ્વાર્થના કારણે પણ ન જ થાય એવો નિર્ણય કર. વળી તું વિચાર કર—

ચ ૬. ઉપરના મુદ્દાને વધારે સ્પષ્ટ કરે છે, જો ભાઈ ! જે પ્રાણી તરફ તું દુશ્મના-વટ કરે છે અથવા જેને તું તારો દુશ્મન ધારે છે તે પ્રાણી અનંત પૂર્વકાળમાં

તારા પિતા તરીકે, ભાઈ તરીકે, કાકા તરીકે, માતા તરીકે, પુત્ર તરીકે, પુત્રી તરીકે, સ્ત્રી તરીકે, બહેન તરીકે, પુત્રવધૂ તરીકે એમ અનેક વખત તારા સંબંધમાં આવ્યા છે. અનાદિ સંસારમાં તેં અનેક સંબંધો કર્યા છે. આ ઉપરાંત મામા, માસી, ફોઈ અને બીજા અનેક સંબંધો કલ્પી શકાય. એ પ્રત્યેક સંબંધ તેં અન્ય સર્વ પ્રાણીઓ સાથે અનેકવાર કર્યા છે.

આ વાત તું સમજી શકે તો તારે વિચારવું ઘટે કે આખો પ્રાણીવર્ગ તે તારો કુટુંબવર્ગ છે અને એમાં કોઈ પારકો નથી, બહારનો નથી, દૂરનો નથી. એમ હોઈને તું તારા પોતાના કુટુંબી સાથે શત્રુતા કેમ કરી શકે ? જે તારા માતા-પિતા થયા તેની સાથે તારાથી દુશ્મનાવટ થઈ ન જ શકે. એણે તારી અનેક પ્રકારની ચીવટ કરી હશે, તને ઉછેર્યો હશે, સંસ્કૃતિ આપી હશે, જીવનમાં સ્થિત કર્યો હશે; તેની સાથે અત્યારે મોરચા માંડીને ઊભો રહે તે કોઈ રીતે લાજિમ ન ગણાય. આખો પ્રાણીગણ તારો કુટુંબવર્ગ છે એવો વિચાર કરીશ ત્યારે તારા મનમાં એક એવી જાતની વિશાળતા અને શાંતિ આવી જશે કે જેની તેની સામે ગમે તેટલા ભોગે વૈર કરવાનું મન થશે જ નહિ; અનંતકાળથી ચાલ્યા આવતા સંસારમાં તેં સર્વ રંગો કર્યા છે, સર્વના સંબંધમાં તું આવ્યો છે અને સર્વેએ તારા તરફ અનેક પ્રકારના પ્રેમ પ્રસાર્યા છે. જ્યાં પ્રેમ કર્યા, જ્યાંથી વાત્સલ્યો ઝીલ્યાં, જ્યાં સાથે હર્યા-ફર્યા ત્યાં વળી વૈરવિરોધ કેવો હોય ?

આમાં સમસ્ત પ્રાણીસમૂહ તરફ 'કુટુંબ'ભાવ જમાવવાની અને કેળવવાની જે વાત કરી છે તે ખૂબ સમજવા જેવી છે. આ સંબંધમાં ખૂબ વિચાર કરવાનો છે. સામાન્ય રીતે પોતાના ધર્મવાળા – સ્વધર્મી –ને બંધુ ગણવાનો ઉપદેશ અનેક સ્થાને મળી આવશે અને વધારે આગળ જશે તો મનુષ્યોને બંધુ તરીકે ગણવાની વાત અને તેવો ઉપદેશ અન્યત્ર પણ મળશે. જૈનધર્મ સમસ્ત પ્રાણીવર્ગને કુટુંબી ગણવાની જે ભાવના બતાવે છે તે અનુપમ છે. કોઈ પણ પ્રાણીને પર (દુશ્મન) કે અવર ન ગણવો એમાં અહિંસાભાવ ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠાને પામે છે, અને એવી વિશાળ મૈત્રી અન્યત્ર અપ્રાપ્ય છે તે તે સંબંધી અવલોકન, વાચન અને ચર્ચા કર્યા પછી કહી શકાય તેમ છે. સમસ્ત પ્રાણીવર્ગને કુટુંબી ગણવાની આ વિશાળ ભાવના મૈત્રીને એના અતિ સુંદર આકારમાં બતાવે છે. આવી રીતે મૈત્રીભાવને મજબૂત કરી, ટૂંકા જીવનમાં વૈરવિરોધ ન કરવાની વાત મજબૂત કરી, આખા સમસ્ત પ્રાણીવર્ગ તરફ કુટુંબભાવ જમાવવા ઉપદેશ કરી, હવે એવો મૈત્રીભાવનાભાવિત ચેતન કેવો વિચાર કરે અને પોતાની આસપાસ સુંદર આંદોલનો દ્વારા કેવું વાતાવરણ જમાવે તે પર કર્તાશ્રી ખાસ ધ્યાન ખેંચે છે.

આ સંબંધમાં આ જીવ ક્યાં ક્યાં ઊપજ્યો અને કેવા કેવા સંબંધો તેણે કર્યા તે વિષય પરત્વે અનિત્ય વગેરે ભાવનામાં ખૂબ વિસ્તારથી વિવેચન થઈ ગયું છે, તેમ જ સંસારભાવનાના ગેયાષ્ટકના પાંચમા શ્લોકમાં વિસ્તારથી ઉલ્લેખ થઈ ગયો છે, તેથી હવે તે પર વિશેષ વિવેચનની આવશ્યકતા રહેતી નથી. મુદ્દો અત્ર તદ્દન જુદો છે, પણ દલીલ તે જ છે, તેને તેના યોગ્ય આકારમાં વિવેકપૂર્વક સમજી લેવો.

છ ૭. સમસ્ત પ્રાણીવર્ગને પોતાના કુટુંબી ગણનાર પોતાના ગમે તેવા સ્વાર્થના ભોગે પણ તેનો કોઈ પ્રકારે વિરોધ તો ન જ કરે; પણ એ સર્વ પ્રાણીઓને અંગે એ શા શા વિચારો કરે તે હવે આપણે વિચારીએ.

મૈત્રીભાવમાં ઓતપ્રોત થયેલ પ્રાણી જ્યારે નિગોદનું સ્વરૂપ સમજે, ત્યાંના જન્મમરણના આંકડા વિચારે અને એ આખું ચક્ર અનાદિ કાળથી ચાલ્યા કરતું જુએ ત્યારે એને અંતઃ-કરણમાં બહુ વેદના થાય છે, એને પ્રાણીઓનાં દુઃખો અને ચક્રભ્રમણો માટે ભારે ત્રાસ આવે છે અને પ્રાણીઓના ઉદ્ધાર માટે એ કોઈ જાતના ઢોંગ વગર, દંભ વગર, અંતરની પ્રેરણાથી મહાકૃપા-ભાવિત ચેતનના તરંગો કરતો વિચાર કરે. એના વિચાર કેવા હોય? એ ચાલી જતા મંકોડાને કચરી નાખે નહિ, એ મચ્છરને આક્રમણ કરે નહિ, એ અનાજના કીડા ધનેડીઆને દાબી દે નહિ. એ કોઈ જીવને મારી નાખવાની કલ્પના કરે નહિ. એ નારકનાં દુઃખો સાંભળી 'ભલે એ પ્રાણીઓ એનાં કર્મો ભોગવે' એવું વિચારે નહિ. એનો અંતરાત્મા પ્રાણીઓનાં દુઃખો જોઈ કકળી ઊઠે, એને અંતરથી અનંત કૃપા જાગે અને એ પૂરા પ્રેમથી ઇચ્છે કે એક, બે, ત્રણ, ચાર ઇંદ્રિયવાળા પ્રાણીઓ પણ કચારે પંચેંદ્રિયપણું પ્રાપ્ત કરે? કચારે એ મનુષ્ય થાય? બોધિદુર્લભભાવનામાં બતા-વેલી સર્વ સામગ્રીઓ કચારે મેળવે? બોધિરત્ન કેમ જલ્દી પ્રાપ્ત કરે? તેઓ જ્ઞાન-પ્રકાશનો પૂરતો લાભ લઈ પોતાનો આત્મવિકાસ કેમ જલ્દી સાધે? અને એ રીતે આ સંસારભ્રમણના ભયથી સર્વથા વિરામ કચારે પામે? તેમ જ તેઓ કૃતકલ્યાણ કચારે થાય?

મૈત્રીભાવના જેના હૃદયમાં જાગે અને જે સર્વ પ્રાણીઓને કુટુંબી જાણે એની લાગણી કુંઠિત થઈ ન જાય, એ સર્વ જીવો તરફ બેદરકાર થઈ ન જાય, એને તો સર્વ જીવોનો મોક્ષ કેમ થાય અને આ સંસારચક્રમાંથી પ્રાણીઓ કેમ મુક્ત થાય તેની જ ચિંતા થાય અને તેને અંગે જ ભાવનાઓ થાય. શાસ્ત્રકાર આને ખરી **'ભાવદયા'** કહે છે. એમાં સર્વ પ્રાણી તરફ આવી મહાકૃપા અંતરથી જાગે છે. તીર્થંકરનો જીવ પૂર્વ-ભવમાં આવી અપૂર્વ દયા ધારણ કરે છે તે કોઈ પણ તીર્થંકરનું ચરિત્ર વાંચતાં પ્રાપ્ત થશે. સર્વ જીવો શાસનરસી થાય એ એમની ભાવના હોય છે. એ જૈનશાસન પોતાનું શાસન છે માટે અન્યે સ્વીકારવું જોઈએ એમ ભાવે નહિ, પણ ભવભ્રમણના ભયથી મુક્તિ અપાવનાર અને સંસારની સર્વ ઉપાધિ દૂર કરનાર આ અપ્રતિહત માર્ગ પ્રાપ્ત થઈ ગયો છે તેનો લાભ સર્વ જીવોને કેમ સત્વર મળે તે પ્રકારની જ તમન્ના તેના દિલમાં જાગે છે. આવી વિશાળ દૃષ્ટિએ સર્વને દુઃખથી મુક્ત કરી, સંસારભ્રમણની જાળમાંથી છોડાવી અનંત કાળ સુધી અવ્યાબાધપણાના સુખનો યોગ કરાવી, ચોરાશી લક્ષ જીવયોનિના ફેરામાંથી તેમને બચાવી લેવાની મહાવિશુદ્ધ ભાવના સત્પથગામીને હૃદયના ઊંડા ભાગમાં થાય છે. મૈત્રીનો એક વિશાળ આવિર્ભાવ રજૂ કર્યો.

જ ૮. મૈત્રીના બીજા આવિર્ભાવો કેવા હોય તેનાં દૃષ્ટાન્તો અત્ર આપે છે. આ તો સંક્ષેપમાં પ્રસંગો રજૂ કર્યા છે. તે અનુસાર વિશાળ મૈત્રીભાવનાના બીજા આવિર્ભાવો કલ્પી લેવા.

સાર્વત્રિક પ્રેમભાવવાળો પ્રાણી અંતરથી સમજે કે પ્રાણીઓના અંતરના રોગો રાગ-દ્વેષ વગેરે છે. રાગ એ મીઠો વ્યાધિ છે. દ્વેષ કડવો-આકરો વ્યાધિ છે. એ બન્ને મોહરાજાના ઘરના છે, મોહરાયના સેનાપતિઓ છે અને આખો સંસાર એમણે ઊંધા પાટા બંધાવીને પ્રાણીઓ પાસે મંડાવ્યો છે. અન્ય કોઈ પ્રાણી યા વસ્તુવિષયક અભિલાષ અથવા આકર્ષણ એ રાગ છે અને મનને ન પસંદ આવે તેવી વસ્તુ કે પ્રાણી તરફ અરુચિ તે દ્વેષ છે. એ ઉપરાંત 'આદિ' શબ્દથી મોહના બીજા અનેક આવિર્ભાવો સૂચવાય છે : જેવા કે હાસ્ય, ભય, શોક, રતિ વગેરે. આ સર્વ વ્યાધિઓનો સમાવેશ 'મોહ' શબ્દમાં થઈ જાય છે. એણે કરેલા વ્યાધિઓથી આખો સંસાર મંડાય છે અને એની સેવામાં જન્મારો જાય છે. એ ઉપરાંત બીજી વાત એ છે કે વ્યાધિઓ મન, વચન અને કાયાનો મહાભયંકર દ્રોહ કરનારા છે, એ ત્રણેનો દ્રોહ કરનારા છે, એના ખરા દુશ્મનો છે. મનને વલણ આપનાર રાગ-દ્વેષ છે. એને લઈને નિર્ણયો અનિષ્ટ અને એકતરફી આવે છે. એમાં આત્મહિતનું શુદ્ધ સાધ્ય લક્ષ્યમાં રહેતું નથી અને ન્યાયબુદ્ધિ કુંઠિત થઈ જાય છે. મનના વિચાર અને તેની દોરવણી પ્રમાણે વચન અને કાયાની પ્રવૃત્તિ થાય છે. રાગદ્વેષજન્ય વ્યાધિઓ આ પ્રમાણે મન-વચન-કાયાનો દ્રોહ કરનાર થાય છે. રાગદ્વેષ દૂર ન થાય કે ઓછા ન થાય ત્યાં સુધી સાચી પ્રવૃત્તિ-આત્મહિતસન્મુખતા-થવી અશક્ય નહિ તો અતિ મુશ્કેલ તો છે જ. આવી પરિસ્થિતિ હોઈને મૈત્રીભાવિત, ઉન્નત દશાએ ચઢતો અથવા ચઢવાની ઇચ્છાવાળો પ્રાણી ઉપર્યુક્ત પ્રકારના વ્યાધિઓ શમી જાઓ એમ અંતરથી ઇચ્છે છે.

સર્વ પ્રાણીઓના રાગદ્વેષના આવિર્ભાવો દૂર થઈ જાઓ એવી ભાવના મૈત્રી-વાસિત ચેતન કરે છે. એ રાગદ્વેષને ઓળખી ગયો છે અને અન્ય પણ તેના સપાટાથી દૂર રહે એમ અંતઃકરણથી ઇચ્છે છે. હૃદયપૂર્વક મૈત્રી થાય તે કેટલી ઊંડી ઊતરે છે તેનું અત્ર દિગ્દર્શન કર્યું. આમાં કોઈ આપણી ઉપર વૈર રાખનાર હોય, કોઈએ આપણું અપમાન કર્યું હોય, કોઈ આપણી નિંદા કરનાર હોય; કોઈએ આપણા ઉપર અપકાર કર્યો હોય-વગેરે પ્રકારના સર્વ પ્રાણીઓનો સમાવેશ થઈ જાય છે. એવા પ્રાણીઓના રાગદ્વેષો શમી જાઓ એમ મૈત્રીભાવના ભાવનારો ઇચ્છે. એ પોતે રાગદ્વેષ વશ ન થઈ જાય કે વૈર લેવા કદી ખ્યાલ પણ ન કરે. એ તો એના ભીતરમાં આવી જાય છે. મતલબ, દુનિયામાં રાગદ્વેષનો નાશ પામી જાઓ એમ તે ઇચ્છે અને તે હકીકતને અંગે પોતાની જાતને પણ તે નિયમમાં સામેલ રાખે.

વળી તે ઇચ્છે કે સર્વ પ્રાણીઓ ઉદાસીનભાવ-સમતાભાવના રસને ચાખો. જ્યાં રાગદ્વેષ નથી ત્યાં ઉદાસીનતા છે. રાગદ્વેષના અભાવનું એ સક્રિય રૂપ છે. દુનિયાના સર્વ

પ્રાણીઓ સમતારસ ધરાઈ ધરાઈને પીઓ એમ તે અંતરથી ઇચ્છે. તે જાણે કે સમતા વગર ગમે તેટલી બાહ્ય ક્રિયા કરવામાં આવે તે છાર ઉપર લીંપણ સમાન છે અને દીર્ઘદૃષ્ટિથી જોઈએ તો તેનો વસ્તુતઃ કાંઈ અર્થ જ નથી. સમતા આવી જાય એટલે અંદરના તરંગો, ખ્યાલો, ગૂંચવણો, ગોટાળાઓ બધું દૂર થઈ જાય છે અને અંતરાત્મા નીરવ શાંતિ અનુભવે છે. એ શાંતિનું સ્વરૂપ વાણીથી અવિવરણીય તેમજ અવર્ણનીય છે, માત્ર અનુભવગમ્ય છે. આવી શાંત મૈત્રી સમજનારમાં હોય છે અને તે સાર્વત્રિક થાય તેમ તે હૃદયથી ઇચ્છે છે. એને જગતની અશાંતિ જોઈ એના તરફ વિરાગ થાય છે અને શાંતિસામ્રાજ્યનો પ્રસાર એ પ્રેમભાવે સર્વ સ્થળે, સર્વ પ્રાણીઓમાં થતો જોવા મન કરે છે.

છેવટે તે અંતરથી ઇચ્છે છે કે 'સર્વત્ર સર્વ પ્રાણીઓ સુખી થાઓ.' આ અતિ ઉત્કૃષ્ટ હૃદયભાવના છે. મૈત્રીભાવવાળો ચેતન અન્યનું સ્થૂળ દુઃખ જોઈ શકતો નથી. આ દુનિયાના દુઃખ-દારિદ્રય અને મૂંઝવણો જોઈ એને ખેદ થાય છે. એ સ્થૂળ સુખે સર્વને સુખી જોવા ઇચ્છે છે. આ સંસારમાં કોઈ પણ જગ્યાએ દુઃખ ન રહે એવી એની વિશાળ ભાવના હોય છે. સર્વ પ્રાણી સર્વ પ્રકારે સુખી થાઓ એમ તે ઇચ્છે છે, અને આગામી ભવોમાં પણ પ્રાણીઓ હંમેશને માટે સાચા સુખી થાઓ અને તેમના જન્મ-મરણના ત્રાસો દૂર થઈ જાઓ એમ તે હૃદયપૂર્વક ઇચ્છે છે. આમાં 'સર્વત્ર' અને 'સુखिनः' એ બે શબ્દો મૂકીને કર્તાએ કમાલ કરી છે. સર્વ સ્થાન અને સર્વ પ્રાણીઓ, આ ભવ અને પરભવ એ સર્વનો સમાવેશ આ વિશાળ ભાવનામાં થઈ જાય છે. દુનિયામાં સર્વ પ્રાણીઓ સર્વ સ્થાનકે સુખી થાઓ અને પરભવે અનંત અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરો, આમ કહીને અતિવિશાળ મૈત્રીભાવ રજૂ કર્યો છે.

આ શ્લોકમાં ત્રણ બાબત રજૂ થઈ: ૧. પ્રાણીના રાગ-દ્વેષો શમી જાઓ, ૨. પ્રાણીઓ સમતારસને આસ્વાદો અને ૩. સર્વ પ્રાણીઓ સર્વત્ર સુખી થાઓ.

મૈત્રી : : ગેયાષ્ટકપરિચય

૧. મૈત્રીભાવનો ઉત્કૃષ્ટ પ્રસાદ ઉપરના પાંચ (છેલ્લા) શ્લોકોમાં રજૂ કર્યો છે. ગેયાષ્ટકમાં એ જ મુદ્દા પર વાત કરી છે તે આપણે સંક્ષેપમાં વિચારી જઈએ. મૈત્રીભાવ એ માનસવિદ્યાનો અદ્ભુત આવિર્ભાવ હોઈ એના પર અનેક દૃષ્ટિબિન્દુથી વિવેચન કરવું અતિ આવશ્યક છે. એ જૈન તત્ત્વજ્ઞાનની અપરિમિત સૂક્ષ્મદર્શિતાનો પ્રબળ પુરાવો છે અને વિશ્વદયાનો જીવંત દાખલો છે.

મૈત્રી જેના હૃદયમાં બરાબર જામેલ હોય તે ચેતન જૈનતત્ત્વરહસ્ય સક્રિય સ્વરૂપે સમજ્યો છે એમ કહી શકાય. આ મૈત્રીનાં ઘણાં લક્ષ્યબિન્દુઓ છે. એમાં માનસવિદ્યાના ઘણા વિશાળ પ્રશ્નોનો સમાવેશ થાય છે. આપણે થોડાં વધારે દૃષ્ટિબિન્દુઓ વિચારી જોઇએ.

મૈત્રીભાવના અને કરુણાભાવનાને બહુ ગાઢ સંબંધ છે; તેથી કેટલીક વાર એકના પ્રદેશમાં બીજીનું સંક્રમણ થઈ જાય તો તે અનિવાર્ય છે; પણ એમાં જો મૈત્રીની વ્યાખ્યા તરફ બરાબર લક્ષ્ય રહે તો પ્રદેશ બરાબર વહેંચી શકાય તેમ છે. જ્યાં પરહિતચિંતવન તરફ લક્ષ્ય રહે ત્યાં મૈત્રી છે અને જ્યાં વ્યાધિ-પીડામાંથી પ્રાણીને બચાવવાની ઇચ્છા થાય ત્યાં કરુણાભાવના છે. હિતબુદ્ધિ ઉપર લક્ષ્ય એ મૈત્રીભાવનાનો પ્રદેશ છે, દુઃખ દૂર કરવાની વૃત્તિ એ કરુણાભાવનાનો પ્રદેશ છે.

હિત-વિચારણામાં અહિત એટલે દુઃખોનો નાશ કે તેની વિચારણા તો જરૂર આવે, પણ તેમાં લક્ષ્ય તો હિત તરફ રહે છે, જ્યારે કરુણાભાવનામાં દુઃખ, વ્યાધિ કે અગવડ અને તેના દૂરીકરણ તરફ લક્ષ્ય રહે છે. આ તફાવત ધ્યાનમાં રાખવો. બન્ને ભાવનાના પ્રદેશો તદ્દન અલગ છે અને પૃથક્કરણ કરતાં સૂઝી આવે તેમ છે. બન્નેનું સાધ્ય તો આત્મારામનું અનુસંધાન ધર્મધ્યાન સાથે કરાવવાનું છે. તેથી બન્ને એકબીજામાં સંકળાઈ જાય તો તેમાં કાંઈ ખાસ વાંધો નથી; પણ પ્રત્યેક સંયુક્ત વિચારને છૂટા પાડતાં તેના અંતરવાહી પ્રત્યેક પદાર્થને યથાયોગ્ય સ્થાન આપી શકાય તેમ છે. આ માનસશાસ્ત્રનો વિષય છે.

ચેતન ! પ્રાણીઓ કર્મની વિચિત્રતાને લઈને જુદી જુદી ગતિમાં જાય છે. કોઈ નારક થાય છે, કોઈ સ્થળચર થાય છે, કોઈ પંખી થાય છે, કોઈ જળચર થાય છે, કોઈ સર્પ કે નોળિયા થાય છે અને કોઈ એક-બે-ત્રણ-ચાર ઇંદ્રિયવાળા થાય છે. એ ગતિઓમાં પણ કોઈ ગાય, ભેંશ, ઘોડો વગેરે લોકોપયોગી જીવન ગાળે છે અને કોઈ નિર્માલ્ય જીવન ગાળે છે. સર્વ પોતપોતાનાં કર્મોનુસાર ગતિ પ્રાપ્ત કરે છે. તે સર્વને તું તારા મિત્ર જાણ, એ સર્વ તારા મિત્રો છે એમ તું ભાવ. કોઈ કર્મયોગે ગધેડો થયો તો તે તિરસ્કારને યોગ્ય નથી અને કોઈ મચ્છર-માંકડ થયો તો તેને તુચ્છ ગણીને હણી નાખવાનો તને અધિકાર નથી. હરણ પણ તારો મિત્ર છે અને અશ્વ પણ તારો મિત્ર છે. એનો આત્મા સત્તાગતે મોક્ષાધિકારી છે અને તેને કાળાંતરે મોક્ષે જવાનો સંભવ પણ છે. કર્મના પરતંત્ર-

પણાથી એમાંના કોઈ તુચ્છ ગતિમાં ગયેલ હોય તેથી તારા મિત્રત્વ પરનો તેનો હક્ક દૂર થઈ જતો નથી. માટે સર્વ ગતિના સર્વ પ્રાણીઓ તરફ તારો મિત્રભાવ લંબાવ.

'જનતા'નો અર્થ સાધારણ રીતે મનુષ્યસમૂહ–સાધારણ જાહેર પ્રજા એવો થાય, પણ અહીં આખા પ્રાણીસમૂહને ઉદ્દેશીને એ શબ્દનો પ્રયોગ થયો છે. એ શબ્દ जन् ધાતુ પરથી નીકળે છે અને એમાં જે જન્મ લે તે સર્વનો સમાવેશ થાય છે. જૈન દર્શનમાં મૈત્રીના આ વિશિષ્ટ તત્ત્વ પર અગાઉ ધ્યાન ખેંચ્યું છે. વિશાળ મિત્રભાવ સમસ્ત પ્રાણીવર્ગ સુધી લંબાવ્યો છે. એમાં પોતાના ધર્મબંધુ કે મનુષ્યસમાજની મર્યાદા નથી, પણ સર્વ ગતિના સર્વ પ્રાણીઓ સુધી એની વિશાળતા લંબાવી છે.

૨. ઉપર ૫૭ શ્લોકમાં જણાવ્યું તે દલીલ મુજબ સર્વ પ્રાણીઓ તારા 'બંધુઓ' છે. માતા, પિતા, સ્ત્રી, ભાઈ, બહેન, પુત્ર આદિ સગાંઓનું સમુચ્ચય–નામ 'બંધુ' છે; અને તારા સગપણનો વિશાળ નજરે વિચાર કરીશ તો સર્વ તારા બંધુઓ છે. તારા એક અથવા બીજા સંબંધમાં સર્વ પ્રાણીઓ અનેક વખત આવી ગયા છે. આ દૃષ્ટિએ જોતાં તારે કોઈને પોતાના દુશ્મન કે પરાયા ગણવા ન ઘટે.

આ તો ભવાંતરની વાત થઈ. કોઈ પ્રશ્ન પણ ઉઠાવે કે એ વાતની પ્રતીતિ કેમ થાય ? એમને પણ સર્વત્ર મિત્રભાવ રાખવા માટે બીજા દૃષ્ટિબિંદુથી સમજાવે છે. કોઈને શત્રુ ગણવો અથવા કોઈના તરફ શત્રુવટ રાખવી એટલે દ્વેષ થવો, દ્વેષ એટલે અંતઃકરણની કાલિમા–કાળાશ અને એ કાળાશથી મન ગંદુ (કલુષિત) થાય છે.

મનને રૂપી દ્રવ્ય સમજીએ તો તેમાં શુકલ વર્ગણા અને શ્યામ વર્ગણા સંભવે છે, અને તે તેમ જ છે. પ્રત્યેક વિચારને આકાર હોય છે અને જેને વિશિષ્ટ જ્ઞાન (મનઃપર્યવજ્ઞાન) થાય તે અંદરના વિચારનો આકાર જોઈ શું વિચાર કર્યો તે જાણી શકે છે. જ્યારે મનમાં દ્વેષ થાય ત્યારે આખું ચિત્ર તદ્દન કાળું થઈ જાય છે. તું તારા મનનું આવું કાળું ચિત્ર દોરવા ઇચ્છતો હોય તો જ અંદર શત્રુતાને કે વૈરભાવને સ્થાન આપી શકે. તારે ધ્યાનમાં રાખવું કે ઉક્ત પ્રકારનું મન તારા પુણ્યનો નાશ કરનાર છે એટલે કે તારા વિકાસને વીંખી નાખનાર છે. આથી તારો વિકાસ અટકી જશે, એટલું જ નહિ પણ અધોગતિ થઈ જશે.

વાસ્તવિક રીતે તો સામો માણસ કદાચ તને નુકસાન કરનાર હોય તો પણ તું વિશાળતા રાખ. એ વિશાળતા, એ ઉચ્ચ મનોદશા, એ મહાનુભાવતા, એ સૌજન્યને તારા અન્તરમાં બરોબર ઉતાર. પછી તને કદી વૈર જાગશે જ નહિ. તું નિરર્થક વૈર કરવાનો તો વિચાર પણ ન કરે એમ માનીએ, પણ કારણ–પ્રસંગ પ્રાપ્ત થાય તો પણ તારા મનની ખાનદાની બતાવ અને આ દુનિયામાં કોઈ પણ પ્રાણી તારો દુશ્મન નથી, ન જ હોઈ શકે, એમ પરિપૂર્ણ શ્રદ્ધાથી અચળ ધ્યાન–વિચારણાથી ભાવ. તું એની મજા જોજે, એમાં તારો ઉચ્ચગ્રાહ અનુભવજે અને એથી તારા સંસ્કાર સુધારી આગળ વધજે. આ જીવનનો ઉદ્દેશ છે તે ભૂલતો નહિ અને નિરર્થક ગૂંચવણમાં પડી તારા વિકાસને બગાડી નાખતો નહિ.

'ખરડાયેલું મન સુકૃત્યનો નાશ કરનારું છે.' એના અંતરમાં આ વિશિષ્ટ ભાવ વિકાસને અંગે છે તે જરા ઊંડા ઊતરવાથી પ્રાપ્ત થશે. કોઈની સામે મોરચા માંડવાની હકીકત આદર્યા પછી મનમાં કેવી કેવી રચનાઓ કરવી પડે છે, એ પર વિચાર કરીશ તો આ ભાવ ઝળકશે.

૩. આ સંબંધમાં તને એક વાત કહેવાની છે. એક પ્રાણી પોતાના કર્મના ઉદયને લઈને તારી ઉપર કોપ કરે, કદાચ તને એકાદ ગાળ દે કે તારું અપમાન કરે તો શું તારે પણ તેના તરફ તેવા જ થવું ? તારે પણ તેના ઉપર ક્રોધ કરવો ? તો પછી તારામાં ને તેનામાં ફેર શો રહ્યો ?

પૂર્વ કાળમાં એક સાધુ બહાર જતા હતા. રસ્તે એને ઘોળી મળ્યો. એ ઘોળી સાધુને અથડાઈ ગયો; સ્વભાવે ક્રોધી હતો એટલે સાધુને માર મારવા લાગ્યો. સાધુએ એક-બે ઘોકા ખાધા, પરંતુ પછી સહન ન થઈ શકવાથી સાધુ સામે લાતો મારવા લાગ્યો. ઘોળી મજબૂત હતો. સાધુને વધારે માર પડ્યો એટલે તેણે કોઈ દેવને સંભાર્યો. દેવ આવીને ઊભો ઊભો જોયા કરે છે કે સાધુ માર ખાય છે અને સામે લાતો મારે પણ છે. સાધુએ દેવને પૂછ્યું : "આમ ઊભા ઊભા જોયા શું કરો છો ? મને મદદ કરો." દેવે કહ્યું : "હું તો સાધુને મદદ કરવા આવ્યો છું, પણ અહીં તો બે ઘોળીને જોઉં છું." સાધુ આ જવાબ સાંભળી સજ્જડ થઈ ગયા.

જેને 'ઘોળી' થવું પાલવે તે કોપ કરનાર ઉપર કોપ કરે, બાકી જે મિત્રભાવ સમજે એ તો સામાના આત્માને હાનિ થતી જોઈને ખેદ પામે, પણ પોતાની સમતા જરા પણ ન ગુમાવે. વિશિષ્ટતાની પરીક્ષા આવા પ્રસંગે જ થાય છે. મિત્રભાવની વાતો કરવી સહેલી છે, પણ આવો પ્રસંગ આવે ત્યારે મન ઉપર કાબૂ રાખવો અને પોતે પણ ઘોળી ન થવું એમાં જ ખરી કસોટી રહેલી છે.

૪. કોઈ પણ પ્રકારનો કજિયો, કંકાસ કે કલહ કરવો એ સજ્જન માણસનું કામ નથી. સજ્જન-સત્પુરુષ કોણ કહેવાય તે તું સમજી લે. જે ઘોળીની સાથે ઘોળી થાય તે સજ્જન નથી. સત્પુરુષ તો તે કહેવાય જેને પોતાની જાત ઉપર કાબૂ હોય, જેનામાં ક્ષમા-ગુણનું પ્રાધાન્ય હોય અને જે આત્મ-વિચારણામાં સ્થિર રહી ઊંડો ઊતરી જતો હોય.

એક સુપ્રસિદ્ધ શ્લોકમાં સજ્જનનાં પ્રકાર લક્ષણો બતાવ્યાં છે. તેમાં ક્ષમાગુણને દ્વિતીય સ્થાન આપ્યું છે. ક્રોધનો પ્રસંગ આવે ત્યારે શાંત રહેવું અને મન પર કાબૂ રાખવો એ અસાધારણ ધૈર્ય સૂચવે છે. એ નિર્બળતાનું ચિહ્ન નથી, પણ ખરેખરી મર્દાનગી છે. જમણા ગાલ પર ઘોલ વાગે ત્યારે સામો પ્રતિકાર કરવાની શક્તિ છતાં ડાબો ગાલ ધરવો એ અસાધારણ મનોબળ વગર બનવું અશક્ય છે. ખરો સંતપુરુષ એવો પ્રસંગ આવે ત્યારે શાંતિનું ધ્યાન કરે છે, શાંતિનાં આંદોલનો ફેલાવે છે અને શાંતિમય વાતાવરણ કરી મૂકે છે. જ્યાં શાંતરસની ખરી જમાવટ થઈ હોય ત્યાં કોપ, ક્રોધ, ધમાલ કે કંકાસને સ્થાન જ ન હોય.

× બાર લક્ષણો આ પ્રમાણે છે :—તૃષ્ણાછેદ, ક્ષમાભજન, મદત્યાગ, પાપમાં રત્યભાવ, સત્યવચન, સાધુપદઅનુસરણ, વિદ્વત્સેવન, માન્યને માન,દુશ્મનનો વિનય, સ્વગુણ પર છાદન,કીર્તિપાલન અને દુઃખી પર દયા.

હે આત્મા ! તું તો સમરસના સમુદ્ર કે જળપ્રવાહમાં વિહરનાર છે. જે ગંગા-જળમાં નાહ્યા હોય અથવા તેમાં ડૂબકી મારતા હોય તે કદી ખાબોચિયા સામું જુએ પણ ખરા ? સમરસ એ સરોવર કે સમુદ્રના જળ જેવું છે. જ્યારે ક્રોધ એ ગંધાતા ખાબોચિયાનું જળ છે. તારા જેવો સમરસનો ગ્રાહક તે આવા ગંધાતા પાણી સામે કદી દૃષ્ટિ કરે ખરો ? કદાચ આવી ભરાણો હોય તો તેમાં તે આનંદ માને ખરો ? માટે ભાઈ ! તું કલહ-કંકાસને તજ. કદાચ તારી પાસે એના બચાવો હશે, તું એમાં સકારણ તારા ગુન્હા વગર આવી ભરાણો હઈશ; તો પણ તને તે શોભતી વાત નથી. તારે ત્યાં કલહ-કંકાસનું નામ ન હોય, તને તે શોભે નહિ અને તારે તેનો પડછાયો પણ લેવો ન ઘટે.

તું કોણ ? તેં અનેક ગુણોનો પરિચય કર્યો છે, તું ગુણોના સંબંધમાં આવ્યો છે, તું એનાથી પુષ્ટ થયો છે. 'પરિ' એટલે ચારે તરફ અને 'ચય' એટલે વૃદ્ધિ. આ સ્થિતિમાં તું કેવો હોવો જોઈએ તે વિચાર. હંસનું કાર્ય શું છે તે વિચાર. એ દૂધમાંથી પાણી જુદું કરે છે અને દૂધ ખેંચી લે છે. જો તને ગુણનો ખરો પરિચય થયો હોય તો તું હંસવૃત્તિ ગ્રહણ કર, સારું હોય તે ગ્રહણ કર અને ફોફાં-ફોતરાં ફેંકી દે. તારા જેવા ગુણપરિચયથી પુષ્ટ થયેલાને કંકાસ કે વૈર હોઈ શકે જ નહિ. તારા દૂધશોધનમાં જળ આવી જાય તેનો ત્યાગ કર. તારી પોતાની પુષ્ટિ જળથી થવાની નથી અને તારામાં દૂધ અને જળને જુદા પાડવાનું વૈદગ્ધ્ય આવી ગયું છે એટલે દૂધને ગ્રહણ કર અને જળને ફેંકી દે.

'સમરસનો મત્સ્ય' અને 'હંસની વિવેકશક્તિ' આ બન્ને વાત મૈત્રીને ખૂબ પુષ્ટ કરનાર છે. એનો અંદરનો આશય જો બેસી જાય તો અંતરાત્મા ખૂબ પ્રસન્ન થાય એવો એમાં ચમત્કાર છે.

૫. સમરસનો મીન કેવા વિચાર કરે છે અને એનો અંતર-આશય કેટલો ઉચ્ચ હોય તેનો એક આવિર્ભાવ અત્ર રજૂ કરાય છે. એ દશા ખૂબ ખીલવવા યોગ્ય છે. એ અભ્યાસ અને પરિશીલનથી પ્રાપ્ય છે. એ ભાવ આપણે જરા સંક્ષેપથી અવગાહી જઈએ.

મૈત્રીવાસિત પ્રાણી વિચાર કરે કે જે મારા શત્રુ હોય, એટલે જે પોતાને મારા શત્રુ માનતા હોય તે પોતાનો મત્સર તજી દો. વિરોધપણાવાળા મનને દૂર કરી, શત્રુ-વટની બુદ્ધિ ફેંકી દો અને તેમ કરીને તેઓ પણ સુખી થાઓ !

મત્સર દૂર થાય એવું એ ઇચ્છે તે પોતાના હિત ખાતર નહિ, પણ સામા પ્રાણીની ઉન્નતિ તે રીતે જ થાય એવી અંતરની મૈત્રી-પ્રેમભાવના એમાં હોય છે. તે સાથે એમ પણ ઇચ્છે કે એવા પ્રાણીઓની શિવસુખવાસ પ્રાપ્ત કરવા પ્રત્યે પરિણતિ થાઓ. એ પોતાના વિરોધી સત્ત્વોનો પણ ઉદ્ધાર થાય તેમ હૃદયથી ઇચ્છે છે, અને તેઓ સાંસારિક દૃષ્ટિએ સુખી થાય એટલું જ ઇચ્છીને અટકી ન જતાં તેઓનો વિકાસ સુધરી

જાઓ, તેઓ મત્સર વગેરે અંતરંગ શત્રુ પર વિજય મેળવી શિવપુર-પ્રાપ્તિ માટે પ્રેરિત થાઓ એવી એ ઇચ્છા કરે. આ અતિ વિશિષ્ટ ભાવના લખી જવી કે વાંચી જવી જેટલી સહેલી છે તેટલી ક્રિયામાં મૂકવી સહેલી નથી. અંતરથી દુશ્મનને પણ સુખ અને મુક્તિ ઇચ્છવાં એ અસાધારણ ઉચ્ચ ભાવના અને ચિત્તનું પરમ ઔદાર્ય છે.

જ્યારે હૃદયમાં આવો વિશાળ ભાવ આવે છે, જ્યારે શત્રુ ઉપર સાચો સમભાવ આવે છે, જ્યારે શત્રુનું પણ સારું થાય એવો અંતરનો આશય વ્યક્ત થાય છે ત્યારે મૈત્રી એના વિશિષ્ટ આકારમાં રજૂ થાય છે.

મૈત્રીભાવનાવાળો કોઈને તેના શત્રુ માને નહિ અને જે પ્રાણી શત્રુ ગણાતા હોય તેના સંબંધી તે શું ધારે તેને લગતી આ હકીકત છે આ વાત ખાસ ધ્યાનમાં રાખવી. આવા વિશાળ મનોરાજ્યમાં વિહરનારો સમરસ-મીન કેવા ઉચ્ચ આશયવાળો હશે તે કલ્પી લેવું; અને જ્યાં આવી વિશાળ ભાવના હોય તેના હૃદયમાં મત્સર હોય એ તો કલ્પી પણ શકાય નહિ. એવા પુરુષને કોઈની સામે મોરચા માંડવાના ન હોય, કોઈની સાથે યુદ્ધ કરવાનાં ન હોય કે કોઈ સામે ટક્કર ઝીલવાની ન હોય. એનામાં અત્યંત સ્થૂળ અને માનસિક બળ હોય છે. તેનો ઉપયોગ એ મિત્રબુદ્ધિના વિકાસમાં કરે છે. એ સર્વત્ર બંધુભાવ જુએ છે અને એ આનંદ-કલ્લોલમાં વિલાસ કરે છે.

૬. એક મહાન સત્ય કહે છે. જો પ્રાણી એક વાર હૃદયપૂર્વક સમતારસનો એક લવલેશ પણ આસ્વાદ કરે તો પછી એને એનો શોખ થતાં વાર ન લાગે. આ તદ્દન સ્પષ્ટ વાત છે.

માણસને અફીણનું વ્યસન કેમ લાગે છે ? પ્રથમ સ્વાદ કરવા જરા લે. પછી સહેજ વધારે લે, પછી ન લે તો ચાલે જ નહિ. આ રીતે જો સમતારસનું વ્યસન પડી જાય તો પછી જીવન સમતામય થઈ જાય, પણ એ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે એક વખત જરા પણ સમતા અંતઃકરણપૂર્વકની જોઈએ. પછીની વાત એની મેળે-સ્વતઃ આવી જશે.

તમે એક વાર જરા સમતારસ ચાખો. કાંઈ નહિ તો ઉપાધ્યાયજીના આગ્રહથી ચાખો. એની મજા જુઓ. પછી તો તમને એનું વ્યસન પડી જશે-એના વગર ચાલશે નહિ. તમે જ્યારે ઢોંગ વગર, દંભ વગર, હૃદયના ઊંડાણથી સમતા ધારણ કરશો, સર્વ પ્રાણી તરફ બંધુભાવ દર્શાવશો ત્યારે તમને એવી મજા આવશે કે એનું વર્ણન તમે નહિ કરી શકો અને પછી તો તમારો વિકાસ એ માર્ગે ખૂબ વધતો જશે.

આ જીવનનું પ્રધાન કર્તવ્ય વિકાસક્રમને સુધારી દેવાનું છે. આપણે ચારે તરફથી એટલા બધા રાગ, દ્વેષ, મોહ, મદ, મત્સરના વાતાવરણમાંથી આવેલા હોઈએ છીએ કે કદાચ એનો સર્વથા ત્યાગ એકદમ મુશ્કેલ પડે, પણ એના ત્યાગના માર્ગે ચડી જવાય તો વિકાસ-માર્ગ જરૂર સરલ થઈ જાય; અને તે આશયથી જ સમતાલવને ચાટવાનો અત્ર ઉપદેશ છે, એ પ્રેરણા બહુ વિચારપૂર્વક આદરણીય છે. એનો આનંદ અનુપમ છે પણ માત્ર અનુભવગમ્યછે.

૭. મૈત્રીવાસિત ચિત્તને વિચાર થાય છે કે પ્રાણીઓ શા કારણે પાપમાં પડતાં હશે ? એનું કારણ તપાસતાં એને જણાય છે કે પ્રાણીઓ ઘણુંખરું પોતાના અભિમાનથી તદ્દન મૂર્ચ્છિત દશામાં પડી જાય છે અને તેઓની ચેતના તદ્દન ચાલી જાય છે, તેઓનું ભાન ખલાસ થઈ જાય છે. પ્રાણીઓને પોતાની સમજણ માટે ઘણું અભિમાન હોય છે. એનો અભિપ્રાય ઘણીખરી વખત અધૂરું જ્ઞાન, અનુભવનો અભાવ અને દીર્ઘદૃષ્ટિની ગેરહાજરીને લઈને થયેલ હોય છે. આવા તુચ્છ વિચારોના અભિમાનની મૂર્ચ્છામાં પડી પ્રાણી ગમે તેવાં પાપો કરી બેસે છે, અને પાપો કરે એટલે એનાં ફળો તો પછી ચાખવાં જ પડે તેમાં નવાઈ નથી. નવાઈ નથી એટલું કહેવાથી વાત પતે તેમ નથી.

પ્રાણી જાણે છે કે પોતાને પરભવનું જ્ઞાન નથી, પોતામાં કોઈ વિશિષ્ટ જ્ઞાન નથી અને છતાં એ પોતાના મગજના ફાંટામાં બહુ ચુસ્ત રહે છે. આ વ્યાધિ પાશ્ચાત્ય સંસ્કારના આગમન પછી વધતો જાય છે. એમાં ઊંડા અભ્યાસ કરતાં છીછરાપણું (ઉપરચોટિયાપણું) ઘણું છે. છેવટનો અભિપ્રાય બાંધતા પહેલાં પ્રેમપૂર્વક સાદર અભ્યાસ અને વિચારણાની જરૂર છે.

વિચારણા વગર માત્ર પૂર્વબદ્ધ વિચાર, ઓછા અભ્યાસે કરેલા નિર્ણયો અને આધારભૂત મૂળ પ્રકાશની અવજ્ઞાથી કરેલા નિશ્ચયો ઉપર મુસ્તકીમ રહેવામાં આવે તો એના પરિણામે ગાડું ગમે ત્યાં ભરાઈ પડે છે, તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. કોઈ પણ પ્રાણી પોતાના ગમે તેવા મતના આધારે કરેલા નિર્ણયોના અભિમાનને વશ થઈ કાર્યો કરવા લાગે તો એ ખરેખર દુઃખનો વિષય બને છે. મૈત્રીવાસિત પ્રાણીને ખેદ થાય કે એવા પ્રાણીઓ શા માટે પાપમાં પડતા હશે ?

તે વધારે એમ પણ વિચારે કે એવા પ્રાણીઓ જિનવચનને રસપૂર્વક શા માટે સ્વીકારતા નહીં હોય ? જિનવચનમાં ભૂતદયા, મત્સરત્યાગ અને અંતિમ સાધ્ય નિર્વાણ હોય છે. એ જો પ્રાણીને પ્રાપ્ત થઈ જાય તો એની મૈત્રી-વિશ્વબંધુત્વ સ્વીકારે અને એમ થાય તો તેવા પ્રકારનો પ્રાણી બચી જાય, તરી જાય, મુક્ત થઈ જાય. એને જિનવચન ઉપર જે આકર્ષણ છે તે પોતાના ધર્મના કારણે ન જ હોય. એણે સારી રીતે તપાસ, ચર્ચા, અભ્યાસ કરીને એ વચનમાં રહેલ અપાર મૈત્રી-વિશ્વબંધુભાવ બરાબર અનુભવ્યો છે અને એ દશા સાર્વત્રિક કરવી એ એવા જીવનનો ઉદ્દેશ હોય છે. એને નવાઈ લાગે છે કે આવી વિશાળ ભાવનાને પ્રતિપાદન કરનાર જિનવચનને પ્રાણીઓ આદર અને પ્રેમપૂર્વક શા માટે નહીં સ્વીકારતા હોય ?

આ મૈત્રીવાસિત ચેતનનો ઉદ્ગાર છે. એને પ્રાણીને પાપકર્મમાં પડતાં જોઈ ક્રૂજ આવે છે, એને કંકાસ-કલેશ જોઈ ત્રાસ થાય છે, ને મૈત્રીભાવનાના પરિપૂર્ણ સાક્ષાત્કારને સદા ઝંખે છે. એને હૃદયમાં પચાવી એ જે ઉદ્ગાર કાઢે છે તેને યથાપ્રકારે સમજવાની જરૂર છે. એમાં અન્યના અસ્વીકારનો ધ્વનિ નથી, પણ ઉત્કૃષ્ટ રસાસ્થાનના સ્વીકારની વિજ્ઞપ્તિ છે અને તે અંતરની ઊર્મિમાંથી ઊછળેલ છે. એમાં **हहा** શબ્દ મૂકીને ઊર્મિનાં

આંદોલન બતાવ્યાં છે. એ એક શબ્દ આખા વિચારની ભવ્યતામાં ખૂબ વધારો કરે છે. એને એ સ્વરૂપે સમજી ચેતન ઉપસંહારમાં પ્રવેશ કરે છે.

૮. છેવટે શ્રી વિનયવિજયજી મહારાજ કહે છે કે જેઓનાં ચિત્ત વિમળ થયાં છે એટલે જેનામાંથી મળ સર્વથા ગયો છે અથવા ઘણો ઓછો થયો છે તેઓ પરમાત્મભાવમાં પરિણામ પામો. જેઓને હૃદયની શુદ્ધિ થઈ છે અને મૈત્રીભાવનાનો જેને સાક્ષાત્કાર થયો છે તે ધર્મધ્યાનને પાત્ર થાય છે અને તેવો પ્રાણી અંતરાત્મભાવમાં પ્રવર્તી પરમાત્મભાવ ઉપર એકાગ્ર થાય છે. મૈત્રી ધર્મધ્યાન સાથે અનુસંધાન કરે છે, ધર્મધ્યાન આત્માને સન્મુખ કરે છે, સન્મુખ થયેલા આત્માનું સાધ્ય મુક્તિ છે અને તેનો ઉપાય પરમાત્મભાવમાં પરિણમન છે.

પરમાત્મા શુદ્ધ નિરંજન બ્રહ્મસ્વરૂપ છે, નિરંજન નિરાકાર છે, અનંત અવ્યાબાધ સુખના ભોક્તા છે, આત્માની મૂળ સ્થિતિને પ્રાપ્ત થયેલા છે અને અજર-અમર થઈ અનંત જ્ઞાનદર્શનમાં રમણ કરી સ્થિરતારૂપ ચારિત્ર પામેલા છે. એ પરમાત્મસ્વરૂપ સાથે એકભાવ-એકતાન લાગે એ ધર્મધ્યાન છે. વિમળ આત્માનું લક્ષ્ય તો એ જ હોય. એને પછી કાંઈ સંસારના નાચો નાચવાના હોય નહિ, નામાં માંડવાનાં હોય નહિ, અવ્યવસ્થિત દોડાદોડી કરવાની હોય નહિ. પરમાત્મદશાના નાદમાં એ અનાહત નાદ સાંભળે અને આત્મવિકાસ વધારતા જાય.

મૈત્રી જ્યારે ખરી વિકાસ પામે અને એના પરિપૂર્ણ આકારમાં જામે ત્યારે આવી વિશાળ પરિસ્થિતિ પ્રાપ્ત થાય છે. વિમળ આત્માના વિલાસો અનેરા હોય છે, એનાં ઉદ્યન જબરજસ્ત હોય છે અને એની ભાવના અતિ વિશાળ હોય છે.

'સર્વ જીવો સમતા-અમૃતનું પાન કરી તેમાં વિલાસ કરો'-આ મૈત્રીનું ઉત્કૃષ્ટ ધ્યેય અને ચિંતવન હોય છે. એને હૃદયથી એમ થાય કે સર્વ પ્રાણીગણ સમતા-અમૃતપાન કરી, એ રસપાન વારંવાર કરી ખૂબ આનંદ માણો. એનો આનંદ કેવો હોય તેનું વિવેચન કરવાની જરૂર હવે ન હોય. સમતારસનાં પાન અદ્ભુત આનંદને આપનારાં છે અને કર્યાં હોય તો અનુપમ આનંદને વિસ્તારનારાં છે.

મૈત્રી-મિત્રભાવ-વિશ્વબંધુત્વ કરનાર પોતાનો વિચાર કરવા કરતાં સર્વ પ્રાણીનો ખૂબ વિચાર કરે છે. એને પોતાની સાથે સર્વને લઈ જવા ભાવના થાય છે, મૈત્રીભાવનાનું એ સાચું રહસ્ય છે.

ઉપસંહાર ખૂબ સુંદર રીતે કરવામાં આવેલ છે. એ દશા જ્યારે આવે ત્યારે મૈત્રીનો વિસ્તાર કેટલો વધી જાય છે તે વિચારવું. વિનય-ચેતનને ઉપદેશ કરવા દ્વારા લેખકમહાશયનું નામ આપણે ઉચ્ચારીએ છીએ. આ મૈત્રીભાવનાનો સાર છે, ખૂબ આકર્ષક છે, હૃદયમાં ઊતરી જાય તેવો માર્મિક છે અને સ્વપરને પરિપૂર્ણ નિર્મળ લાભ આપનાર છે.

ઉપસંહાર : મૈત્રી

યોગનું એક સુપ્રસિદ્ધ સૂત્ર છે કે **अहिंसाप्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः** । (૨-૩૫) એટલે કે એક પ્રાણીમાં જ્યારે અહિંસા બરાબર જામી ગઈ હોય, એ સિદ્ધ થઈ હોય ત્યારે એની આસપાસના વાતાવરણમાં પણ વૈરનો ત્યાગ પ્રવર્તે છે. કહેવાની વાત એ છે કે એવો પ્રાણી પોતે હિંસા તો ન જ કરે, પણ એની છાયામાં, એના આજુ-બાજુના વાતાવરણમાં પણ હિંસક ભાવ ઊડી જાય છે. મહાતપસ્વી સાધુ કે સિદ્ધ યોગીના સાન્નિધ્યમાં આ દશાનો અનુભવ થાય છે. શ્રી તીર્થંકરદેવના વિહારપ્રદેશમાં અને સમવસરણમાં પ્રાણી કુદરતી વૈર પણ ભૂલી જાય છે એ આ યોગસિદ્ધિનો ચમત્કાર છે. કોઈ સિદ્ધ યોગીને મારવા કે તિરસ્કારવા આવે તે જ્યાં નજીક આવે ત્યાં અવાક્ થઈ જાય છે, તે આ વિશિષ્ટ ગુણનું પરિણામ છે. એના કષાયજિત્ અંતઃકરણની છાયા એવા વાતાવરણમાં પડે છે અને પ્રાણી સ્વાભાવિક વૈર પણ ભૂલી જાય છે.

મૈત્રી રાખવામાં કે તે આદર્શના પોષણમાં અત્યંત આનંદ છે. એક તો આ જીવન ઘણું ટૂંકું છે; તેમાં ઝઘડા-ટંટા ઘટે નહિ એ પ્રથમ વાત થઈ ગઈ છે અને બીજી વાત એ છે કે ચેતનના ગૌરવને વૈરવિરોધ શોભતા નથી. તું કોણ ? તારું મૂળ સ્થાન શું ? તારો વાસ અહીં કેટલો ? અને તું અત્યારના વૈરવિરોધ કયા ભવ માટે કરે છે ? આ દૃષ્ટિએ ખરેખરો વિચાર કરવાની જરૂર છે. પ્રાણી વિનાકારણ મોટા કલહ જમાવે છે અને હેરાન થાય છે. અંતે કલહથી કાંઈ લાભ મળતો નથી અને તેની ખાતર કરેલ ધન અને શક્તિનો વ્યય નિરર્થક નીવડે છે.

વર્તમાન યુગના કલહો દ્વંદ્વયુદ્ધ કે હથિયારની લડાઈનું રૂપ લેતા નથી. ન્યાયાસન પાસે જવું ત્યાં લંબાણ કરવા માટે ગમે તેવા બચાવો કરવા અને સાચા-ખોટા ઘાટ ઘડવા એ પણ વૈરનો એક પ્રકાર છે. એને સ્થાને શાંતિથી સમાધાન હિતકારી છે, અલ્પ ખર્ચાળ છે અને બિલકુલ કચવાટ વગરનું છે. એ જીદના કે અન્ય કોઈ કારણે અંદર અંદર સમાધાન શક્ય ન હોય તો લવાદીનો માર્ગ આદરણીય છે. ગમે તેમ કરીને વૈરવૃત્તિને અવકાશ ન મળે એવી પરિસ્થિતિ મૈત્રીવાસિત હૃદયવાળો જરૂર કરે. એના ઘણા માર્ગો છે, જે વ્યવહાર-કુશળ નથી કારણ કે તે અસ્થાને છે. મુદ્દો વૈરવિરોધ ઓછો કરવાનો છે. એના સંબંધમાં સલાહ આપનાર પણ આ દિશાએ ઘણું કાર્ય કરી શકે અને તે પ્રમાણે કરતાં આપણે કેટલાકને જોઈએ પણ છીએ.

આપણે વિરોધ કોની સાથે કરવો ? જેઓ અંતે આપણા જેવા પ્રાણીઓ છે તેઓ સાથે વિરોધ કરવો ઘટે ? તેઓ અનેક વાર આપણા સંબંધીઓ થયા હશે એ વાત

તો ઉપર થઈ ગઈ. એ ઉપરાંત એક બીજું પણ દૃષ્ટિબિંદુ વિચારવા યોગ્ય છે. પ્રત્યેક ચેતન મૂળ સ્વભાવે અનંત જ્ઞાન-દર્શનવાન્ છે અને મોક્ષનો અધિકારી છે. (બહુ અલ્પ-સંખ્ય 'અભવ્ય'ની વાત બાજુએ રાખીએ છીએ.) એવા મોટી સંખ્યાવાળા પ્રાણીઓના આઠ રુચકપ્રદેશો નિર્મળ થવા શક્ય છે. એવા મોક્ષ જવા યોગ્ય ચેતનો સાથે લડવું-વઢવું આપણને ઘટે ખરું ? એમની સામે આપણાથી મોરચા મંડાય ખરા ?

અને એવી રીતે વૈર વધારવાનું પરિણામ શું થાય ? વૈરને પોષવા યંત્રો ગોઠવવાં પડે, સાધનો યોજવાં પડે અને એ આખો વખત મનમાં અનેક ચક્રો ગોઠવવાં પડે. મનમાં દ્વેષ જામે, દ્વેષથી ધમધમાટ થાય અને એવા વાતાવરણમાં આત્મવિકાસ બગડી જાય, એટલું જ નહિ પણ બહુ પાછા પડી જવાય. એવાં સાધનોનાં પરિણામ ગમે તે આવે તે જુદી વાત છે. એ આખી દ્વેષવૃત્તિ આત્મવિકાસની આડે આવનાર છે, અંતઃકરણને વિરૂપ, અસ્થિર અને અધોગામી બનાવનાર છે. જેનો આશય આત્મવિકાસમાં પ્રગતિ કરવાનો હોય તે આવે રસ્તે ચઢે નહિ.

સંસારનું સ્વરૂપ સમજનાર અને મૈત્રીવાસિત હૃદયવાળો કેવા ભાવો રાખે તે જ અત્ર પ્રસ્તુત છે. વૈરવિરોધનું પૃથક્કરણ કરવું પડે તે આ ભાવનામાં અપ્રસ્તુત વિષય ગણાય. પણ મૈત્રીનું વિરોધી તત્ત્વ મૈત્રીની બરાબર સમજણ માટે સમજવું જરૂરી હોવાથી ટૂંકમાં પતાવી આપણે મૈત્રીના વાતાવરણમાં વિહરીએ. મૈત્રીભાવનાના વિશિષ્ટ પ્રસંગો આપણને 'બૃહત્શાંતિમાં સાંપડે છે. તેમાંથી મૈત્રીવાસિત જૈનહૃદય શું ભાવના કરે તેના બે-ત્રણ પ્રસંગો ચૂંટી કાઢીએ. તે ઇચ્છે છે કે— શ્રમણસંઘને શાંતિ થાઓ, જનપદના સર્વ લોકોને શાંતિ થાઓ, રાજા અને અધિકારીઓ (પ્રેસિડેન્ટ, ડિક્ટેટર વગેરે)ને શાંતિ થાઓ, રાજાઓની આજુબાજુ રહેનાર મંત્રી-પ્રધાનમંડળને શાંતિ થાઓ, સંબંધીઓને શાંતિ થાઓ, શહેરીઓને શાંતિ થાઓ.

આ ભાવ જૈન હૃદયનો હોય. એ આખા જનપદની શાંતિ ઇચ્છે. એ આખા શ્રીસંઘની શાંતિ ઇચ્છે, એ અધિકારી વર્ગની શાંતિ ઇચ્છે. એમાં એ કોઈ જાતની બાદબાકી ન કરે. એ પોતાને અનુકૂળ હોય તેટલાની જ શાંતિ ઇચ્છે એમ નહિ. સર્વ જનપદ અને તેના ભલા માટે યત્ન કરી રહેલ સત્તાની પણ શાંતિ ઇચ્છે. એની વિશ્વહૃદયા એટલી વિશાળ હોય કે એમાં એને મારાં-તારાં એવો ભેદ કરવાની ઇચ્છા પણ ન થાય; એ તો અંતરના નાદથી બોલે કે

शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखीभवन्तु लोकाः ॥

"આખા જગતનું કલ્યાણ થાઓ, સર્વ પ્રાણીઓ પારકાનું હિત કરવામાં તત્પર બનો, સર્વ દોષો નાશ પામે, લોકો સર્વ સ્થાનકે સુખી થાઓ." આમાં એને સ્વજન,

સ્વમતાવલંબી કે સ્વસગાની મર્યાદા હોય જ નહિ એ તો આખા જગતના સર્વ પ્રાણીઓ ખૂબ સુખી થાઓ, ઐહિક-આમુષ્મિક સાચા સુખના ભોક્તા થાઓ અને સર્વ દોષોનો નાશ થઈ જાઓ–એવું જોવા જ ઇચ્છે.

એને તો 'गृहे गृहे' શાંતિ જોઈ એ છે. એની પ્રાર્થના પોતે શાંતિ મેળવીને એને સાર્વત્રિક કરવાની હોય છે અને એ તો अम्ह सिवं तुम्ह सिवं એવો જ વિચાર કરતો હોય છે.

આ ખરી વિશિષ્ટ જૈન મૈત્રીભાવના છે. એને રાજદ્વારી વાતાવરણમાં અહિંસાનો પ્રસાર દેખાય તો એ રાજી રાજી થઈ જાય અને એવા પ્રસંગે પોતાથી બનતી સહાય સક્રિય સ્વરૂપે આપે. શસ્ત્રસંન્યાસ-સમિતિઓ જીનિવામાં મળે તો એના આનંદનો પાર ન રહે. એ દુનિયામાંથી દારુગોળા બંધ થતા જોવા ઇચ્છે. એ આખી જનતા પ્રેમમાં રહે અને સ્વાર્થ-સંઘટ્ટન વખતે લવાદીથી નિકાલ લાવે એવાં એનાં આંદોલનો હોય. એને અહિંસક કાર્યક્રમમાં મૈત્રીભાવનું પરમ પોષણ દેખાય અને જીવનની સાદાઈ તથા સ્વાવલંબનના ઉપદેશમાં એને મૈત્રીની પરમ પોષણા દેખાય.

આ આખા મૈત્રીના પ્રયોગમાં કદી એને અમુક વર્ગ કે વ્યક્તિને બાદ રાખવાનું ગમે નહિ. એના અભિપ્રાયથી વિરુદ્ધ હોય કે એને નુકસાન કરનાર હોય તેને પણ એ સુખ જ ઇચ્છે અને તેનો દ્વેષાગ્નિ સદાને માટે દૂર થાય તેવું સાચું શાશ્વત સુખ મેળવે એમ પણ એ ઇચ્છે. મૈત્રીની પોષણા કરવામાં એને દંભ ન હોય કે ગર્વ ન હોય, પોતાની વાત જ સાચી એવો દુરાગ્રહ ન હોય અને મનની વિચારધારા નિરંતર ઉઘાડી હોય; એની પાસે સમજણ-પૂર્વકની દલીલને અવકાશ હોય અને એનો વિશાળ ભવ્ય આત્મા આખા વિશ્વબંધુત્વમાં લયલીન હોય.

એવો પ્રાણી લડાઈના સમાચાર સાંભળી દુઃખી થાય, વિજ્ઞાનનો ઉપયોગ મનુષ્યના નાશને અંગે થતો જોઈ એને ત્રાસ થાય, એને મનુષ્યના ખોરાક ખાતર અનેક જીવોની થતી કતલના ખ્યાલથી પણ દુઃખ થાય અને કોઈપણ જીવનો સ્વચ્છંદથી પણ નાશ થતો જોઈ-જાણી એને ગ્લાનિ થાય; એની ભૂતદયાને મર્યાદા ન હોય, એમાં અપવાદ ન હોય, એમાં છીંડાં કે બારી-બારણાં ન હોય. સાંસારિક પ્રયોગથી થતી દુઃખશ્રેણી પર વેદના થાય એ બને તેટલા પ્રાણીને ત્રાસમાંથી છોડાવવા બનતો પ્રયાસ કરે અને એની વિશાળતા તરફ પ્રાણીવર્ગ આનંદની નજરે જુએ.

શ્રી વીરપરમાત્માને સંગમદેવે છ માસ સુધી ઉપદ્રવો કર્યા, પણ અંતે એ થાકીને ગયો ત્યારે પ્રભુની આંખમાં કેવળ કૃપાનાં આંસુ આવી ગયાં.

कृतापराधेऽपि जने, कृपामन्थरतारयोः ।
ईषद् बाष्पार्द्रयोर्भद्रं श्रीवीरजिननेत्रयोः ॥

'અપરાધ કરનાર પ્રાણી ઉપર પણ જેની આંખો આંસુથી જરા ભીની થઈ ગઈ, એવા શ્રી વીરપરમાત્માની આંખો તમારું કલ્યાણ કરો.' મતલબ કે, આવી મૈત્રી રાખતાં તમે શીખો. તમારે જો શ્રી વીરની દશા પ્રાપ્ત કરવી હોય અને તેને માર્ગે જવું હોય તો મૈત્રી એ અભેદ્ય માર્ગ છે. ચંડકૌશિક સર્પને ભયંકર જ્વાળા મૂકતો જોઈને 'બૂઝ, ચંડકોશિયા, બૂઝ' એમ જે પ્રેમપૂર્વક કહી શકે તેની ભૂતદયા સર્વ જીવો ઉપર કેવી હોય તેનો ખ્યાલ પ્રત્યેક મુમુક્ષુએ ધ્યાનમાં રાખવા યોગ્ય છે

કાનમાં ખીલા ઠોકનાર કે લોહ જેવી સળીઓ નાખનાર ઉપર મનથી પણ દ્વેષ ન કરનાર પગ ઉપર ખીર રાંધવા દે છે અને રાજવૈભવ ભોગવનાર બાર બાર વર્ષ સુધી તપ કરે છે – એવી ભૂતદયા પાળે એ મૈત્રીનો ઉત્કૃષ્ટ દાખલો છે. લગ્નમંડપની નજીક આવનાર શ્રી નેમિનાથ પ્રાણીઓનો પોકાર સાંભળે છે ત્યાં અંદરથી ભૂતદયા જાગે છે, અને અતિ-સ્વરૂપવાન રાજીમતીનો ત્યાગ કરી પ્રાણીદયા ખાતર રથ પાછો વાળે છે. આની કોટિમાં મૂકી શકાય એવું ભૂતદયાનું દૃષ્ટાંત બીજું મળવું મુશ્કેલ છે.

મૈત્રીને યોગમાં ઘણું વિશિષ્ટ સ્થાન છે. ચિત્તવૃત્તિનો નિરોધ એ યોગ છે. એને માટે નિરંતર અભ્યાસ કરવો પડે, ટેવ પાડવી પડે અને તે માટે શ્રદ્ધા, વીર્ય વગેરે સાધનોનો જરૂર ઉપયોગ કરવો પડે. ચિત્તસ્થિરતા માટે અથવા તેના પ્રસાદ માટે મૈત્રી આદિ ચાર ભાવનાને યોગગ્રંથોમાં પરિકર્મ તરીકે સ્થાન અપાયું છે.

મૈત્રીસંબંધી લખતાં પ્રો. કણિયા પાતંજલ યોગદર્શન ઉપરના વિવેચનમાં લખે છે : "મૈત્રી એટલે સૌહાર્દ. જે જે પુરુષો સુખ-બહુલ દેખાય તે સર્વ વિષે મિત્રભાવના રાખવી. પ્રાયઃ અન્યને સુખી જોઈને કલુષિત થતા જનોમાં ઈર્ષ્યા તથા અસૂયા હોય છે. ઈર્ષ્યા એટલે પારકાના ગુણો નહિ સહન થવા અને અસૂયા એટલે પારકા ગુણોમાં દોષોનો આરોપ કરવો તે. ચિત્તના એ બન્ને દોષો મૈત્રીભાવનાથી નિવૃત્ત થાય છે."

વળી જેમ પુત્રનું રાજ્ય હોય તો પણ પુત્ર વિષે મદીયબુદ્ધિ (એટલે મારો એવી બુદ્ધિ) હોવાથી પિતાને તે પોતાના રાજ્યવત્ લાગે છે, તેમ સર્વ સુખીજનો વિષે મદીયબુદ્ધિ સિદ્ધ થવાથી તે સર્વનું સુખ પણ સાધકને મદીયતુલ્ય લાગવાનું, જેથી સામગ્રીનો અભાવ છતાં પણ જાણે પોતે સર્વ સુખવાળો હોય તેમ જણાવાથી રાગ નિવૃત્ત થવાનો અને તેથી ચિત્તરૂપી નદીને કલુષિત કરનાર રાગરૂપ વર્ષાઋતુ જતી રહેવાથી ચિત્ત સ્વચ્છ વા પ્રસન્ન થવાનું. આ પ્રમાણે સુખી વિષે મૈત્રી અવશ્ય કર્તવ્ય છે.

ઉપરનું દૃષ્ટિબિંદુ અપેક્ષિત હોઈ એકદેશીય છે પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. ત્યાં મૈત્રીને સમાધિનું બહિરંગ સાધન હોવાને કારણે બાહ્યકર્મની કક્ષામાં મૂકવામાં આવેલ છે. ઉપાધ્યાયજીએ બતાવેલ જૈન મૈત્રી કેટલી આગળ વધી જાય છે તેનો માનસવિદ્યાને આધારે અભ્યાસ કરવા આ લંબાણ ટાંચણ જરૂરી છે. મૈત્રી ચિત્તપ્રસાદ જરૂર કરે છે,

પણ તે કરતાં એ ઘણી આગળ વધી જાય છે તે આખી ભાવના માનવદૃષ્ટિએ વિચારતાં અને એનું પૃથક્કરણ કરતાં જરૂર પ્રાપ્ત થાય છે.

મૈત્રી આદિ ચાર ભાવના બાર ભાવનાથી જુદી પડી જાય તેમ છે, કારણ તેમાં સાધ્ય એક હોવા છતાં દૃષ્ટિબિન્દુનો તફાવત છે. એટલા માટે બાર ભાવનાઓને 'અનુપ્રેક્ષા' ભાવના કહેવામાં આવે છે અને આ મૈત્ર્યાદિ ચાર ભાવનાને 'પરા ભાવના' અથવા 'યોગભાવના' કહેવામાં આવે છે. તેનાં કારણો ઉપર દર્શાવ્યાં છે.

અહીં એક મુદ્દો જરા સ્ફુટ કરવાની જરૂર છે. અનિત્યભાવનામાં સર્વની અનિત્યતા બતાવી, સર્વ સંબંધો અલ્પસ્થાયી બતાવ્યા અને અહીં તો સર્વને પોતાના માનવા અને સર્વ જીવો સર્વ પ્રકારે, સર્વ સ્થાનકે સુખી થાય એવી ભાવના બતાવી એમાં મુદ્દો તદ્દન જૂદો જ છે. એમાં વિરોધ દેખાય તો તેમાંથી એકતા શોધી લેવાની છે. અમુક દૃષ્ટિએ જે ત્યાજ્ય (તજવા યોગ્ય) હોય તે સર્વથા ફેંકી દેવા જેવા જ હોય એમ સમજવાનું નથી. પોતાના સ્વત્વ-સ્થાપનને અંગે જે પરકીય લાગે તેનું હિત ઇચ્છવાનો પ્રસંગ આવે ત્યારે તેને આખા જગતની અપેક્ષાએ પોતાના ગણાય. આ દ્વિર્ભાવ સમજવો એ સ્યાદ્વાદમાર્ગની વિશાળતા છે, અપેક્ષાવાદનો મહાન વિજય બતાવે છે અને એની બન્ને આંખો ખુલ્લી રાખવાની આવડત સૂચવે છે. અનિત્ય અને મૈત્રીભાવનું સંમિલન કરવામાં આવે અને તેના સમીકરણમાં એકતાનો અનુભવ થાય ત્યાં અનેકાંત મતની ઝાંખી છે એમ સમજાય. એનો મુદ્દા ઉપર દર્શાવાઈ ગયો છે. એની વિશેષ પ્રતીક્ષા કરવાનું કાર્ય દક્ષ વાચક પર છોડવું તદ્દન સલામત ગણાય.

મૈત્રીભાવનામાં ખ્રિસ્તી પ્રજાનો Love – પ્રેમનો સિદ્ધાંત તો શરૂઆતથી દૃષ્ટિગોચર થાય છે. બૌદ્ધ-પ્રતિપાદિત મૈત્રી મનુષ્યજાતિથી આગળ વધતી નથી. જૈન મૈત્રી ભાવદયામય છે, ભૂતદયામય છે અને અહિંસાના અપ્રતિહત વિશાળ સિદ્ધાન્તને ઉત્કૃષ્ટ આકારમાં મૂકનાર છે. એનો વિસ્તાર ન દેખી શકાય તેવા સૂક્ષ્મ જંતુથી માંડીને તિર્યંચ, મનુષ્ય, નારકો અને દેવો સુધી લંબાય છે.

એ ભાવ-વિચારણામાં મજા એ છે કે એમાં ભાવના કરતી વખત મનમાં વિષાદ આવે તેમ નથી, ગ્લાનિ થાય તેમ નથી, દુઃખ દેખાય તેમ નથી. એમાં આનંદના કલ્લોલ છે, વિશાળતાના વિસ્ફુલ્લિંગો છે અને શાંતિના રસોનો પ્રસાર છે. એ વિચારણા જ્યારે આવશે ત્યારે છાતી ગજ ગજ ફૂલશે, હૃદય વિશાળ, વિસ્તૃત અને ભાવવાહી બનશે અને મન નિર્મળતાને પામશે. એ કરનારને આનંદ છે અને જેના પ્રત્યે થાય તેને સુખ છે. એમાં એકના સુખને ભોગે બીજાને સુખ નથી, પણ બન્ને પક્ષને આનંદ અને આનંદ જ છે. એ એ ભાવનાના રાજમાર્ગો ગ્રંથકર્તાએ ખૂબ સુંદર રીતે પોષ્યા છે અને તે પર ચીવટથી ચર્ચા પરિચયમાં કરી છે. વિસ્તારભયે તે દૃષ્ટિબિન્દુઓ ઉપસંહારમાં ફરી વાર ચર્ચ્યાં નથી.

ભૂતદયાની વિચારણામાં લીન થયેલા આપણે કોઈ જાતના સંકોચ વગર આપણાં કાર્યક્ષેત્રોમાં મૈત્રીને તો જરૂર સ્થાન આપીએ, આપણે રાજદ્વારી ક્ષેત્રમાં વિહરતા હોઈએ તો શસ્ત્રસંન્યાસ અને લવાદી-ફેંસલાની વાતને બને તેટલું અનુમોદન આપીએ, દુનિયાની એકતા કરવા પ્રયત્ન કરીએ, દેશહિતને વધારીએ. આપણે વ્યાપારમાં હોઈએ તો પ્રામાણિક લાભ લેવા લલચાઈએ, હૃદયની કોમળતા વિકસાવીએ. આપણે વકીલાત કરતા હોઇએ તો કલેશ-કંકાસ અલ્પ કરવાની સલાહ આપીએ. આ જીવનમાં પોતાનો કોઈ વિરોધી છે એવું માનીએ નહિ અને પ્રેમરસથી, આનંદ-ઉત્સાહથી વગર સંકોચે આહુલાદપૂર્વક બોલીએ કે—

खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ति मे सव्वभूएसु, वेरं मज्झं न केणइ ॥

"સર્વ જીવો પ્રત્યેનો વૈર-વિરોધ હું ખમાવું છું, સર્વ જીવો મને ક્ષમા કરો. મારે સર્વ જીવો સાથે મૈત્રી છે અને મારે કોઈ સાથે વૈર નથી." પ્રત્યેક જૈન હૃદય-પ્રત્યેક મુમુક્ષુ આ વાતને હૃદયમાં કોરી રાખે અને નજર સન્મુખ આવે તેમ ગૃહદ્વારમાં, પુસ્તકમાં, ટેબલ પર લખી રાખે. આટલો આત્મવિકાસ આ ભવમાં થાય અને સર્વત્ર બંધુભાવ અંતરના આશયથી પ્રકટે તો જન્મારો સફળ છે, કાર્યસિદ્ધિના દ્વાર સુધી ગતિ છે અને અંતિમ સિદ્ધિ હસ્તામલકવત્ છે.

આ મહાન ભાવનાને ભાવવામાં દંભને કે ગોટાને સ્થાન ન ઘટે, એમાં મનનાં મનામણાં ન ચાલે, એમાં બાહ્ય દેખાવ ન છાજે. એ તો હૃદયની ઊર્મિઓ છે, આત્મ-તેજના ચમકારા છે અને સંસારસમુદ્રને સામે કાંઠે બળતા શાશ્વત દીપકનાં દર્શન છે. **सर्वत्र सुखीभवन्तु लोकाः** એ વાક્યનું પુનઃ સ્મરણ કરી શ્રી વિનયવિજયજીના નામસ્મરણ સાથે શ્રી વીર પરમાત્માની અવિચળ મૈત્રીને લક્ષ્ય કરતાં અત્રે વિરમીએ અને સમતા-રસના પાનમાં વિલાસ કરીએ.

પ્રકરણ ચૌદમું

પ્રમોદભાવના

સ્રગ્ધરા

धन्यास्ते वीतरागाः क्षपकपथगतिक्षीणकर्मोपरागा–
स्त्रैलोक्ये गन्धनागाः सहजसमुदितज्ञानजाग्रद्विरागाः ।
अध्यारुह्यात्मशुद्ध्या सकलशशिकलानिर्मलध्यानधारा–
मारान्मुक्तेः प्रपन्नाः कृतसुकृतशतोपार्जितार्हन्त्यलक्ष्मीम् ॥ क १ ॥

तेषां कर्मक्षयोत्थैरतनुगुणैर्निर्मलात्मस्वभावै–
र्गायं गायं पुनीमः स्तवनपरिणतैरष्टवर्णास्पदानि ।
धन्यां मन्ये रसज्ञां जगति भगवतस्तोत्रवाणीरसज्ञा–
मज्ञां मन्ये तदन्यां वितथजनकथां कार्यमौखर्यमग्नाम् ॥ ख २ ॥

निर्ग्रन्थास्तेऽपि धन्या गिरिगहनगुहागह्वरान्तर्निविष्टा,
धर्मध्यानावधाना समरससुहिताः पक्षमासोपवासाः ।
येऽन्येऽपि ज्ञानवन्तः श्रुतविततधियो दत्तधर्मोपदेशाः,
शान्ता दान्ता जिताक्षा जगति जिनपतेः शासनं भासयन्ति ॥ ग ३ ॥

ક ૧. વીતરાગા અરિહંતો; તીર્થંકરો. **ક્ષપક** કર્મનો ક્ષય કરનાર માર્ગ (શ્રેણી). **ગતિ** ગમન; વિકાસ. **ઉપરાગ** ગ્રસન; રતાશ; મલિનતા. **ગન્ધનાગ** હાથીઓમાં પ્રવર, જેની ગંધથી અન્ય હાથીઓ નાસી જાય છે. **સહજ** જન્મથી, સ્વભાવથી (અન્યના ઉપદેશ વગર). **સમુદિત** ઉદય આવેલ. **વિરાગ** વૈરાગ્ય; વિરક્તભાવ. **અધ્યારુહ્ય** આરોહણ કરીને; ચઢીને. **સકલ** પરિપૂર્ણ (પૂનમનો). **ધારા** અખંડ પ્રવાહ; ધાર. **આરાત્** તીરપ્રદેશ; કાંઠો. **પ્રપન્ના** પામ્યા. **સુકૃત** સારાં કૃત્યો. **આર્હન્ત્યલક્ષ્મીમ્** અરિહંતપદની વિભૂતિઓ (અતિશય, પ્રાતિહાર્ય વગેરે),

ખ ૨. તેષાં વીતરાગોમાં. **ઉત્થ** ઊઠેલા; ઉદ્ભવેલા. **અતનુ** અનેક. **ગાયં ગાયં** ગાઈ ગાઈને. **વર્ણાસ્પદ** અક્ષર બોલવાનાં સ્થાનો; દંત, ઓષ્ઠ, તાળવું, કંઠ, જિહ્વા, ઉર (છાતી.) મૂર્ધ (મસ્તક) અને નાસિકા. **રસજ્ઞા** જિહ્વા; જીભ; રસને જાણકારી. **અજ્ઞા** ન જાણનારી. **વિતથ** નકામી. **જનકથા** લોકવાર્તા; ગપ્પાંસપ્પાં. **મૌખર્ય** વાચાળપણું.

ગ ૩. નિર્ગ્રન્થ મુનિ. **ગહન** ઊંડો વનપ્રદેશ, **ગહ્વર** ખીણ; પર્વતમાં ઊંડી નીચી જગ્યા. **અવધાન** ઉપયોગવાળા. **સુહિત** તૃપ્ત. **શ્રુત** જ્ઞાન. **વિતત** વિસ્તૃત; વિશાળ. **શાન્ત** કષાય જીતનારા. **દાન્ત** અંતઃકરણ જીતનારા. **ભાસયન્તિ** દીપાવે છે; શોભાવે છે,

दानं शीलं तपो ये विदधति गृहिणो भावनां भावयन्ति,
धर्मं धन्याश्चतुर्धा श्रुतसमुपचितश्रद्धयाराधयन्ति ।
साध्व्यः श्लाघ्याश्च धन्याः श्रुतविशदधिया शीलमुद्भावयन्त्य–
स्तान्सर्वान्मुक्तगर्वाः प्रतिदिनमसकृद्भाग्यभाजः स्तुवन्ति ॥ घ ४ ॥

उपजाति

मिथ्यादृशामप्युपकारसारं, सन्तोषसत्यादिगुणप्रसारम् ।
वदान्यतावैनयिकप्रकारं, मार्गानुसारीत्यनुमोदयामः ॥ ङ ५ ॥

अग्धरा

जिह्वे प्रह्वीभव त्वं सुकृतिसुचरितोच्चारणे सुप्रसन्ना,
भूयास्तामन्यकीर्तिश्रुतिरसिकतया मेऽद्य कर्णौ सुकर्णौ ।
वीक्ष्यान्यप्रौढलक्ष्मीं द्रुतमुपचिनुतं लोचने रोचनत्वं,
संसारेऽस्मिन्नसारे फलमिति भवतां जन्मनो मुख्यमेव ॥ च ६ ॥

उपजाति

प्रमोदमासाद्य गुणैः परेषां, येषां [1]मतिर्मज्जति साम्यसिन्धौ ।
देदीप्यते तेषु मनःप्रसादो, [2]गुणास्तथैते विशदीभवन्ति ॥ छ ७ ॥

ઘ ૪. **चतुर्धा** ચાર પ્રકારનો (દાનાદિ). **समुपचित** જમાવેલી; એકઠી કરેલી. **श्लाघ्यः** પ્રશંસાયોગ્ય; વ્રતિની; શ્રાવિકાઓ. **शील** સદ્‌ગુણ અથવા બ્રહ્મચર્ય. **मुक्तगर्वा** ગર્વ–અભિમાન છોડી દેનારાઓ. **भाग्यभाजः** નસીબદારો; ભાગ્યશાળીઓ.

ङ ૫. **मिथ्यादृशः** મિથ્યાત્વી; પ્રથમ ગુણસ્થાનકે રહેનાર પ્રાણી. **सारं** પ્રધાન. **प्रसार** વિસ્તાર; મધુરભાષિતા. **वैनयिक** વિનયને લગતું; વિનયનો. **मार्गानुसारी** રસ્તે ચઢેલા.

च ૬. **प्रह्व** devoted; attached; તત્પર. **सुकृति** સુંદર કર્મવાળા; નસીબદાર. **भूयास्तां** થાઓ (દ્વિ. પુ. દ્વિ. વ). **श्रुति** શ્રવણ. **सुकर्ण** સારા કાન. **प्रौढ** વિશાળ; અનર્ગળ. **उपचिनुतं** પ્રાપ્ત કરો. **रोचनत्वं** રુચિ; પસંદગી; આનંદ.

छ ૭. **मज्जति** ડૂબે છે; મગ્ન થઈ જાય છે. **साम्यसिन्धु** સમતારૂપ સમુદ્ર. **देदीप्यते** શોભે છે; ઝળકે છે. **विशद** શુદ્ધ; નિર્મળ.

---

૧. પાઠાંતર : **मतिः सज्जति.**

૨. પાઠાંતર : **तथैति**

ક ૧. તે વીતરાગને ધન્ય છે જેણે ક્ષપકશ્રેણીના માર્ગે ગતિ કરીને કર્મોનો ગ્રાસ દૂર કર્યો છે (કર્મની રતાશ અથવા મલિનતા દૂર કરી છે), જેઓ ત્રણ લોકમાં ગંધહસ્તી સમાન છે, જેમનામાં સહજભાવે ઊઠી આવેલા જ્ઞાનથી વિરક્ત ભાવ જાગ્રત થયેલો છે, જેઓ પૂર્ણિમાના પૂર્ણચંદ્રની કળા જેવા નિર્મળ ધ્યાનની ધારાએ પોતાની આત્મ-વિશુદ્ધિથી આરોહણ કરીને તેમ જ સેંકડો સુકૃત્યો કરીને, અરિહંતપદની સર્વ વિભૂતિઓ ઉપાર્જન કરીને મુક્તિના નજીકના પ્રદેશને પ્રાપ્ત થાય છે (તે વીતરાગો ધન્ય છે.)

ખ ૨. તેઓ (વીતરાગ-તીર્થંકર દેવો)ના કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલા અનેક ગુણોદ્વારા અને તેમની સ્તુતિ કરવામાં પર્યવસાન પામેલા તેઓશ્રીના નિર્મળ આત્મસ્વભાવ-દ્વારા વારંવાર ગાન કરી કરીને અમે આઠે ઉચ્ચારસ્થાનોને પવિત્ર કરીએ છીએ. ભગવાનના સ્તોત્રનો ઉચ્ચાર કરનારી જીભ છે તે જ રસને જાણનાર હોઈ ધન્ય છે એમ માનું છું, બાકી જે જીભ નકામી લોકકથા કરનારી હોય કે કોઈના ભારમાં અથવા વાચાળપણામાં ડૂબી ગયેલી હોય તે ખરા રસથી અજાણ છે એમ માનું છું.

ગ ૩. પર્વતના શિખરની ઉપર, એકાંત વનપ્રદેશોમાં, ગુફાઓમાં કે ઊંડા પ્રદેશોમાં બેસીને ધર્મધ્યાનમાં ઉપયોગ દેનારા, સમતારસથી તૃપ્ત અને પંદર દિવસના અથવા માસ-માસના ઉપવાસ કરનારા સાધુઓ પણ ધન્ય છે અને બીજા જેઓ જ્ઞાનવાન (સાધુઓ) છે, શ્રુતજ્ઞાનથી વિશાળ બુદ્ધિવાળા છે, ધર્મનો ઉપદેશ આપી રહેલા છે અને જેઓ શાંત છે, દાન્ત (દમન કરનારા) છે, ઇંદ્રિયોને જીતનારા છે અને જગતમાં જિનેશ્વર ભગવાનના શાસનને દીપાવનારા છે તેઓ પણ ધન્ય છે.

ઘ ૪. જે ગૃહસ્થો દાન આપે છે, શીલ પાળે છે, તપ કરે છે અને ભાવનાઓ ભાવે છે, જેઓ જ્ઞાનદ્વારા જાણેલી શ્રદ્ધાપૂર્વક એ ચાર પ્રકારના ધર્મનું આરાધન કરે છે તે ધન્ય છે. સાધ્વીઓ અને શ્રાવિકાઓ — જેઓ જ્ઞાનથી નિર્મળ થયેલી બુદ્ધિ-પૂર્વક શીલગુણને શોભાવે છે તે ધન્ય છે. એ સર્વને ગર્વથી રહિત થઈને ભાગ્યશાળી મનુષ્યો વારંવાર દરરોજ સ્તવે છે–પ્રશંસે છે.

ઙ ૫. મિથ્યાદૃષ્ટિઓમાં પણ પ્રધાન ગુણ ઉપકાર હોય, સંતોષ સત્ય વગેરે ગુણોનો વિસ્તાર હોય, ઉદારતા (મધુરભાષિતા) હોય, નિયંત્રણનો પ્રકાર હોય તો તે માર્ગાનુસારી હોઈને અમે તેની પણ અનુમોદના કરીએ છીએ.

ચ ૬. હે જીભ! તું સારી રીતે પ્રસન્ન થઈને સારા નસીબદાર પ્રાણીઓનાં સુંદર ચરિત્રનું ઉચ્ચારણ કરવામાં તત્પર બની જા. અને મારા કાનો બીજા કોઈની કીર્તિના શ્રવણ તરફ રસિકતા બતાવવા દ્વારા આજ સારા, સાચા કાનો થઈ જાઓ. અન્યની પાસે અઢળક લક્ષ્મી જોઈ મારાં નેત્રો આનંદને પ્રાપ્ત કરો. આ સંસારમાં તમારા જન્મનું એ જ પ્રધાનફળ છે.

છ ૭. પારકાના ગુણો વડે પ્રમોદ પામીને જેઓની બુદ્ધિ સમતા-સમુદ્રમાં મગ્ન બને છે તેઓમાં મનની પ્રસન્નતા ખૂબ શોભે છે તેમ જ તેનામાં તે જ ગુણો ખૂબ નિર્મળ થાય છે.

गेयपद्याष्टक*

विनय ! विभावय गुणपरितोषं, निजसुकृताप्तवरेषु परेषु ।
परिहर दूरं मत्सरदोषं, विनय ! विभावय गुणपरितोषम् ॥ विनय० ॥ १ ॥

दिष्ट्यायं वितरति बहुदानं, वरमयमिह लभते बहुमानम् ।
किमिति न विमृशसि परभागं, यद्विभजसि तत्सुकृतविभागम् ॥ विनय० ॥ २ ॥

येषां मन इह विगतविकारं, ये विदधति भुवि जगदुपकारम् ।
तेषां वयमुचिताचरितानां, नाम जपामो वारंवारम् ॥ विनय० ॥ ३ ॥

अहह तितिक्षागुणमसमानं, पश्यत भगवति मुक्तिनिदानम् ।
येन रुषा सह लसदभिमानं, झटिति विघटते [1]कर्मवितानम् ॥ विनय० ॥ ४ ॥

अदधुः केचन शीलमुदारं, गृहिणोऽपि परिहृतपरदारम् ।
यश इह सम्प्रत्यपि शुचि तेषां, विलसति फलितफलसहकारम् ॥ विनय० ॥ ५ ॥

या वनिता अपि यशसा साकं, कुलयुगलं विदधति सुपताकम् ।
तासां सुचरितसञ्चितराकं, दर्शनमपि कृतसुकृतविपाकम् ॥ विनय० ॥ ६ ॥

तात्त्विकसात्त्विकसुजनवतंसाः, केचन युक्तिविवेचनहंसाः ।
अलमकृषत किल भुवनाभोगं, स्मरणममीषां कृतशुभयोगम् ॥ विनय० ॥ ७ ॥

इति परगुणपरिभावनसारं, सफलय सततं निजभवतारम् ।
कुरु सुविहितगुणनिधिगुणगानं, विरचय शान्तसुधारसपानम् ॥ विनय० ॥ ८ ॥

---

* રાગ : 'ભલા સોરઠીઆ-સારી સોરઠીઆ'ના રાગમાં ચાલે છે—પાંચમી ભાવનાનો રાગ જણાવ્યો હતો તેને મળતો આ પ્રમોદભાવનાનો રાગ છે. એની પ્રતમાં જણાવે છે કે ટોડી રાગમાં ગણાય છે 'ऋषभजी मेरे मन भक्ति वशीरी' એ દેશી એમ ત્યાં જણાવેલ છે.

૧. પાઠાંતર : निदानं

૧. અહો વિનય ! તું ગુણોના તરફ પરિપૂર્ણ પ્રમોદભાવ ધારણ કર. પોતાનાં સુંદર કૃત્યોને પરિણામે અન્ય પ્રાણીઓમાં જે પ્રાધાન્ય પ્રાપ્ત થયેલું દેખાય તે તરફ પૂર્ણ સંતોષ દાખવ અને તેઓના તરફની ઈર્ષ્યા (અદેખાઈ)ના દોષને દૂરથી છોડી દે અને ગુણરાગનું વિભાવન કર.

૨. કોઈ નસીબદાર અનેક પ્રકારનાં દાનો ખૂબ આપે છે, કોઈ આ સંસારમાં ખૂબ માનને પ્રાપ્ત કરે છે–એ સર્વ ઘણું મળ્યું છે. આવી રીતે પારકાના ઉત્કૃષ્ટ ભાગ્યના સંબંધમાં તું એવા પ્રકારના વિચારો શા માટે નથી કરતો કે જેથી કરીને તેમનાં સારાં કૃત્યોમાં ભાગ પડાવવાનો તને પણ લાભ મળી જાય ?

૩. જે (મહાપુરુષો)નાં મન વિકાર વગરનાં થયેલાં છે, જેઓ આ પૃથ્વી ઉપર રહીને જગતનો ઉપકાર કરી રહેલા છે એવું ઉચિત આચરણ કરનારાઓનાં નામો અમે વારંવાર જપીએ છીએ.

૪. અહાહા ! એક સહનશીલતા ગુણ જ અન્ય કોઈની સાથે સરખાવી ન શકાય તેવો છે (અસમાન છે). એ મુક્તિ પ્રાપ્ત કરવાના પરમ સાધન ગુણને તું તીર્થંકર દેવમાં નિહાળ. એવા ક્ષમાગુણ વડે ક્રોધનો ક્ષય થવા સાથે વૃદ્ધિ પામતાં કર્મોનાં મૂળ કારણો પણ એકદમ ઘટવા મંડી જાય છે.

૫. કેટલાક ગૃહસ્થો પણ પરસ્ત્રીનો ત્યાગ કરીને અતિ ઉદાર શ્રેષ્ઠ શીલને ધારણ કરે છે. ન ફળે તેવા આંબાના ઝાડને ફળ બેસે તેવો તેમનો પવિત્ર યશ અત્યારે પણ આ સંસારમાં શોભા પામે છે.

૬. જે વનિતા(સ્ત્રી)ઓ પણ બન્ને કુળને યશપૂર્વક સુંદર ધ્વજાપતાકાવાળું કરે છે એટલે સદ્ગુણોને પરિણામે પ્રાપ્ત કરેલ યશકીર્તિથી પિતા અને સાસરાનાં—બન્ને કુળોને અજવાળે છે તેઓનું દર્શન સુચરિતથી સંચિત કરેલ સુવર્ણ જેવું છે અને આચરેલાં સારાં કૃત્યોનું પવિત્ર ફળ છે.

૭. તત્ત્વવેત્તા મહાપુરુષો, સાત્ત્વિક યોગીઓ અને સજ્જન પુરુષોમાં જે અલંકારરૂપ થયા હોય, જેઓ હકીકતને સમજાવવામાં અને તે પર વિવરણ કરવામાં હંસ જેવી પૃથક્કરણ શક્તિવાળા હોય તેઓએ આ જગતના વિસ્તારને ખૂબ શોભાવ્યો છે. તેઓનું સ્મરણ કરવું તે પણ ધન્ય, શુભ પ્રસંગ–મહાન શુભ અવસરનો યોગ છે. (તે ધન્ય દિવસ ને ધન્ય ઘડી છે જ્યારે એવા પુરુષોનું નામસ્મરણ પણ થાય.)

૮. એ પ્રકારે પરના ગુણોનું સ્મરણ કરી તેમાં આનંદ માનવો અને તેનું ચિંતવન કરવું તેને જીવનનું સારતત્ત્વ ગણીને તારા આ અવતારને નિરંતર સફળ કર. સારી રીતે સ્થિત થયેલ ગુણના ભંડારોનું ગુણગાન કર અને શાંતસુધારસનું પાન જમાવી દે.

નોટ :—

૧. **સુકૃત** સારાં કૃત્યો. **આપ્ત** પ્રાપ્ત કરેલ. **વર** પ્રધાનતા. **પરેષુ** બીજાઓનાં. **મત્સર** માત્સર્ય; અદેખાપણું.

૨. **દિષ્ટ્યા** Fortunately; luckity. આનંદોદ્‌ગાર છે ભલે; સારું (કેવળપ્રયોગી અવ્યય). **વરં** બહુ સારું; Alright (કે૦ પ્રયોગી) **પરપરભાગં** પારકા પ્રધાન ભાગ. **વિભજસિ** તું ભાગ પડાવે. **સુકૃતવિભાગ** પુણ્યનો ભાગ; પુણ્યમાં ભાગ.

૩. **ઇહ** આ સંસારમાં. **વિદધતિ** કરે છે. **ઉચિતાચરિત** યોગ્ય આચરણ–કર્તવ્ય કરનારા; સદાચારપ્રવૃત્ત.

૪. **અહહ** અહાહા (કે૦ પ્રયોગી). **તિતિક્ષા** સહનશીલતા. **અસમાન** (Incomparable) અન્ય સાથે અનુપમેય. **નિદાન** મુખ્ય સાધન; મૂળ કારણ. **રુષા** ક્રોધ સાથે. **લસત્** વધતા–વૃદ્ધિ પામતાં. **વિઘટતે** ઘટી જાય છે; નાશ પામી જાય છે. **વિતાનમ્** સમૂહ.

૫. **અદધુઃ** ધારણ કરે છે; **ઉદાર** શ્રેષ્ઠ. **પરદાર** પરસ્ત્રી–પારકી સ્ત્રી. **વિલસતિ** દીપે છે; શોભે છે. **ફલિત** ફળ પામેલો. **અફલ** ન ફળે તેવો (unproductive).

૬. **વનિતા** સ્ત્રી. **સાકં** સાથે. **કુલયુગલ** બન્ને કુળ (પિતા અને સસરાનાં). **સુપતાકં** સુંદર પતાકાવાળું; સુપ્રસિદ્ધ; **રાકં** સુવર્ણ; સોનું. **વિપાક** પર્યવસાન; ફળ; પરિણામ; શુભ પુણ્યફળ.

૭. **તાત્ત્વિક** તત્ત્વજ્ઞાની; ફિલસૂફ. **સાત્ત્વિક** સત્ત્વગુણશાળી; યોગી. **અવતંસ** મસ્તકસ્થાનીય; અલંકાર. **અલં** ખૂબ સારી રીતે. **અકૃષત** આકર્ષણ કર્યું. **ભુવનાભોગ** દુનિયાનો વિસ્તાર. **યોગ** અવસર.

૮. **પરિભાવન** સ્મરણ; **સારં** પ્રધાન (વિશેષ્ય–અવતાર). **સફલય** તું સફળ કર. **સુવિહિત** (well settled) સારી રીતે સ્થિત થયેલા. **વિરચય** સારી રીતે બનાવ; ગોઠવ. કર.

—* * *—

પ્રમોદ : પરિચય

ક ૧. મનુષ્યસ્વભાવના મોટા ભાગનું બરાબર અવલોકન કરવામાં આવશે તો એક વાત બહુ સ્પષ્ટ રીતે જણાઈ આવ્યા વગર રહે તેમ નથી. તે એ કે એને પોતાની નાની વાત ઘણી મોટી લાગે છે અને પારકાની મોટી વાત પણ નાની લાગે છે અને ઘણી વખત તો એમાં હેતુની કલ્પના કરી તેને ઉતારી પાડવાના પ્રયત્ન થતા જોવામાં આવે છે. અન્યના ગુણ જોઈને રાજી થવું, એની પ્રશંસા કરવી, એ ગુણોનું બહુમાન કરવું અને એ ગુણવાનની કદર કરવાની વૃત્તિ રાખવી એ બહુ ઓછી જગ્યાએ દેખાય છે.

આવી સ્થિતિ શા માટે છે? તેનો વિચાર કરવાનું આ સ્થાન નથી. પ્રાણીને જો ગુણ તરફ ખરો પ્રેમ થયો હોય તો તે વધારવાની ખાસ જરૂર છે એ વાત સર્વ સ્વીકારે તેમ છે. આદરવા પહેલાં એ ગુણ ઓળખવાની પણ તેટલી જ જરૂર છે અને ગુણને બરાબર ઓળખીને તેની પ્રશંસા કરવા દ્વારા એ ગુણો તરફ સપ્રેમ આદર વધારવો એ ગુણપ્રાપ્તિનો આદર્શ સિદ્ધ કરવાનો રામબાણ ઉપાય છે.

ગુણ ઉપર રાગ થાય એટલે એની પ્રશંસા અનિવાર્ય છે. ગુણોના ધારક તરફ અસૂયા, મત્સર કે ઉપેક્ષા કોઈ રીતે ન જ ઘટે. જે ગુણ પ્રાપ્ત કરવો હોય તે પ્રથમ તો આદર્શમાં રહે છે. ગુણવાનદ્વારા ગુણને ઓળખાય. ગુણવાનની પ્રશંસા કરવી તે ગુણની કિંમત કરવા સરખું છે. જેને ગુણ પ્રાપ્ત કરવા હોય તેને ગુણ અને ગુણીની પ્રશંસા ખાસ કર્તવ્ય છે.

પ્રમોદભાવનામાં ઘણી અગત્યની બાબતો શીખવાની છે. તેનો મુદ્દો એક જ છે કે જ્યાં આ ગુણજ્ઞ પ્રાણી ગુણ જુએ–જાણે ત્યાં એનું ચિત્ત હર્ષથી પ્રફુલ્લ થઈ જાય, એ ગુણવાન ઉપર વારી જાય, એ ગુણવાનને અનેક પ્રકારે અંતરથી અભિનંદન આપે, એ ગુણવાનની ઉપાસના નિષ્કામ વૃત્તિએ કરવા ઉદ્યત થઈ જાય અને એને ગુણવાનની ધૂન લાગે.

કેટલાક ગુણો સામાન્યતઃ દૂર હોય છે અને કેટલાક વધારે દૂર હોય છે. આદર્શ ગુણો દૂર હોવા છતાં ખાસ પ્રાપ્ય છે. પણ તે દૂર હોવાને કારણે પ્રથમ એ જેનામાં હોય તેને ઓળખતા શીખવાની જરૂર ખાસ રહે છે. ગુણને ઓળખવા માટે ગુણવાનને અભિનંદન એ પ્રમોદભાવનાનો પ્રથમ નિયમ છે.

એ ભાવનાશીલ પ્રાણીમાં એક બીજો ગુણ પણ ખૂબ વિકાસ પામે છે અને તેનું નામ સહિષ્ણુતા (Toleration) છે. એ ગુણદૃષ્ટિ એટલી વિકાસ પામે છે કે એ સાધારણ વસ્તુ કે જનાવરમાં પણ ગુણ શોધી શકે છે અને એ કોઇ વ્યક્તિ, ધર્મ કે સંસ્થા તરફ તિરસ્કાર રાખતો નથી. આ ગુણથી કેટલી વિશાળતા આવે છે તે આપણે ઉપસંહારમાં ખાસ જોશું, પણ ભાવનાપરિચયમાં એ દૃષ્ટિબિન્દુ ધ્યાનમાં રહે તે ઘણું શિક્ષણીય હોઈ શરૂઆતમાં તેની તરફ ધ્યાન ખેંચવું જરૂરી ધાર્યું છે.

પ્રમોદભાવનાને લઈને ગુણ શોધવાની વૃત્તિ જાગૃત થાય છે, એને લઇને પ્રત્યેક પ્રાણીમાંથી ગુણ શોધી તેને તેટલા પૂરતું માન આપે છે. એને પોતાથી વિકાસક્રમમાં ઊતરતી કોટિના પ્રાણી તરફ પણ પ્રેમ આવે છે અને એનો પ્રેમ અમર્યાદિત બની વિશ્વભાવી થઈ જાય છે. એ જનાવરોમાંથી પણ ગુણ શોધી શકે છે. એ હાથી પાસેથી ચાલતાં શીખે છે, કૂતરા પાસેથી નિમકહલાલી શીખે છે, અશ્વ પાસેથી ઉદ્યોગ શીખે છે, બળદ પાસેથી શ્રમનો મહિમા જાણે છે, ગધેડા પાસેથી ધીરજ શીખે છે. એ નાના મોટા દરેક મનુષ્ય પાસેથી ગુણ શીખે છે. એમાં એને વય કે જાતિનો બાધ આવતો નથી, એને પોતાના મોટા-નાના સ્થાનનો ખ્યાલ થતો નથી; એ તો વિક્રમ જેમ ઉર્વશીને સ્થાને સ્થાને શોધતો હતો તેમ પ્રત્યેક જીવમાંથી ગુણ શોધે અને તે મળે ત્યારે રાજી રાજી થઈ જાય. આ ત્રીજો અગત્યનો મુદ્દો પ્રમોદભાવનામાં પ્રાપ્ય છે. તે શોધનારને જરૂર મળે તેમ છે.

એ જ મુદ્દાના પેટાવિભાગ તરીકે એક અતિ વિશિષ્ટ તત્ત્વ પ્રાપ્ત થાય છે. તે એ છે કે સામાન્ય રીતે સ્ત્રીજાતિનો અનેક રીતે તિરસ્કાર કરવાના પ્રસંગો ગ્રંથકારો લે છે જ્યારે પ્રમોદભાવનાવાળો તેમાંથી પણ અનેક ગુણો શોધી તેનો પ્રશંસા કરશે અને તેનું

જીવન ધન્ય બનાવશે. આ પ્રસંગનો મહિમા એના ઉપયુક્ત સ્થળે ખાસ નોંધવામાં આવશે. પણ સ્ત્રીની મુક્તિ માનનાર જૈનદર્શનનું આ વિશિષ્ટ મંતવ્ય કેવું સાર્થક થાય છે તે પ્રાચીન, અર્વાચીન વિચારધારા મારફત સ્પષ્ટ કરવા પ્રયત્ન કરવામાં આવશે. આ અતિ અગત્યનો પેટામુદ્દો પ્રમોદભાવનામાંથી સાંપડે છે. તેનું અત્ર માત્ર દિગ્દર્શન કર્યું છે.

એક આનુષંગિક મુદ્દો અનેક ગુણો તરફ ધ્યાન ખેંચવાનો છે. આ પ્રમોદભાવનામાં સુક્કી વાત નથી. એમાં કચવાટ થાય કે ધૂણા થાય તેવો એક પણ પ્રસંગ આવનાર નથી. એમાં તો સદાચાર, સદ્‌ગુણો અને શાંતિનાં ઝરણાં ફૂટશે અને ચારે તરફ આનંદ, શાંતિ અને પ્રગતિ-વિકાસ થતો દેખાશે; અને આપણે એ પુણ્યપ્રવાહમાં સ્નાન કરી મોટા સમુદ્રમાં ડૂબકી મારતા હોઈએ એવો અનુભવ થશે. એ સમુદ્રમાં તોફાન નથી, અવાજ નથી, ખારાશ નથી, જિંદગીનું જોખમ નથી અને એના નિર્મળ પરમ પવિત્ર પ્રવાહમાં, એના શાંત દુગ્ધજળમાં આજીવન પડ્યા રહેવાનો સિદ્ધ સંકલ્પ થાય તેવું છે.

બીજા નાના મુદ્દાઓ ઉપસંહારમાં ચર્ચવાના રાખી આપણે પ્રમોદભાવનામાં વિલાસ કરીએ. ત્યાં પ્રથમ દૃષ્ટિએ વીતરાગભાવ તરફ ધ્યાન જાય તે સ્વાભાવિક છે. આપણી સર્વોત્કૃષ્ટ ભાવના અને અંતિમ આદર્શ સર્વ રાગ-દ્વેષથી મુક્ત થઈ, બહિરાત્મભાવ છોડી અંતરાત્મભાવમાં રમણ કરીએ તે છે. તે સાથે પરમાત્મદશા પ્રાપ્ત કરવાનો પણ હોય એમાં નવાઈ નથી. આપણે પરમાત્મભાવની સર્વોત્કૃષ્ટ વાનગી અહીં જોશું. એ આદર્શને પહોંચવા અન્યદર્શની કોઈ પ્રયત્ન પણ કરી શક્યું નથી. જૈનદર્શન એ વીતરાગદશાને કેવી રીતરે છે તે વિચારીએ. આ વીતરાગને આપણે ઓળખવા–સમજવા પ્રયત્ન કરીએ.

વીતરાગભાવ પ્રાપ્ત કરનાર પ્રાણીઓનાં ચરિત્ર જોઈએ તો તેથી વિકાસના ક્રમો સમજાશે. શ્રી આદિનાથના જીવનું ધન્ના સાર્થવાહના ભવથી કે શ્રી વીરપરમાત્માનું નયસારના ભવથી જે ચરિત્ર વિચારીએ છીએ તેમાં પ્રાણીનો વિકાસ કેમ થાય છે તે સમજાય છે. પ્રાણી ક્રમશઃ ધર્મસન્મુખ થતો જાય છે, એની વિશ્વબંધુત્વભાવના ધીમે ધીમે વિશેષ જામતી જાય છે અને ગુણપ્રાપ્તિ અંતરદશા સન્મુખ થતી જાય છે. આ ગુણવિકાસ સાથે અંદરનો વિકાસ ખૂબ સંબંધ રાખે છે.

છેલ્લા ભવમાં એનો વિકાસ પામેલો આત્મા અવધિજ્ઞાન સાથે જન્મ લે છે. એ નિર્લેપ-પણે સાંસારિક કાર્યો કરે છે પણ એનું લક્ષ્ય સંસારથી છૂટવા તરફ હોય છે. પોતાના સ્થાનની જવાબદારી એ કદી વીસરતા નથી અને વ્યવહારધર્મોને યોગ્ય સ્થાન આપે છે. સંસારને છોડતી વખતે એનું વિશ્વબંધુત્વ દાનમાં (વાર્ષિક દાનમાં) દેખાય છે. એનો મહાન ત્યાગ આદર્શશાળી છે. એ ત્યાગ વખતે એને મનઃપર્યવજ્ઞાન પ્રગટ થાય છે. પછી એ બાકી રહેલાં કર્મોનો નાશ કરવા પ્રયાસ કરે છે. અપ્રમત્તદશાએ પ્રાયઃ કાળ પસાર કરે છે અને અંદરની જાગૃતિને સદૈવ પોષે છે. એનો પ્રખર આત્મા આગળ વધે છે. કર્મક્ષયના માર્ગે ચઢેલ એ

આત્મા ક્ષપકશ્રેણી આદરે છે, શુકલધ્યાનના બે પાયા સુધી વધતો જાય છે, કષાયો ને નોકષાયોનો નાશ કરે છે, ઇંદ્રિયો પર સંપૂર્ણ કાબૂ મેળવે છે અને યોગોને બરાબર અંકુશમાં રાખે છે. નિર્મળ ધ્યાનધારાએ વધતી આંતરશુદ્ધિથી એ ચાર મોટાં ઘાતી કર્મોનો સર્વથા ક્ષય કરી નાખે છે. એ ચાર કર્મો તે **જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય,** મોહનીય અને **અંતરાય** છે. આ ચાર કર્મોનો સર્વથા ક્ષય કરીને એ કૈવલ્ય-લક્ષ્મી પ્રાપ્ત કરે છે.

એના જ્ઞાનાતિશય, વચનાતિશય, પૂજાતિશય અને અપાયાપગમાતિશયનું વર્ણન કરીએ તો પુસ્તકો ભરાય. એમનું જ્ઞાન અતિ નિર્મળ છે. એ વસ્તુના ભૂત, ભવિષ્ય અને વર્તમાન સર્વ ભાવોને જાણે છે અને દેખે છે. એના વચનનો અતિશય અતિ વિશિષ્ટ છે. વાણી મનોહર, સર્વ-સુગમ્ય અને આરપાર ઊતરે તેવી–પ્રાણીનું એકાંત હિત કરનારી અને સાધ્ય–સન્મુખ લઈ જનારી થાય છે. તેમની બાહ્ય સમૃદ્ધિ વર્ણનાતીત છે. સમવસરણની રચના, એમાં અષ્ટ મહાપ્રાતિહાર્ય, એની બાર પર્ષદાઓ, એમાં સુગંધિ ધૂપ તથા પુષ્પોના સમૂહ, દેવ–મનુષ્યની ભગવાન તરફ ભાવના અને ગુણરાગદૃષ્ટિ એ સર્વ અતિ આકર્ષક છે. સર્વ પ્રકારના ઉપદ્રવો વાતાવરણમાંથી નાશ પામી જાય છે એ અપાયાપગમાતિશય છે.

વીતરાગપ્રભુના ચિન્તનમાંથી ઉપદેશ, ઉપદેશના વિષયો અને વિશ્વબંધુત્વનો વિશાળ ખ્યાલ સહેજે પ્રાપ્ત થાય છે. બાહ્ય વૈભવ તો અન્ય-દેવકૃત હોય છે અને પ્રમોદ ઉપજાવે તેવો હોય છે. પણ ખરો પ્રમોદ તો વીતરાગદશાનો છે. રાજ્ય-ઋદ્ધિ છોડનાર અંતરાત્માનો વિકાસ કરવા કેવા પ્રયત્ન આદરે છે એ સર્વ ખૂબ વિચારવા જેવું ત્યાંથી પ્રાપ્ત થાય છે.

એ વીતરાગદશાનો વિચાર કરતાં અંતઃકરણ અપૂર્વ આનંદ વેદે છે. એને બરાબર ઓળખી એને 'ધન્ય' સમજીએ એટલે પરમ ધ્યેયની સન્મુખ આવવા આપણે કાંઈક પ્રયત્ન કર્યા કહેવાય.

વીતરાગને બરાબર સમજવા માટે આખો વિકાસક્રમ સમજવો પડે. એ સમજાય એટલે વીતરાગભાવની વિશિષ્ટતા મનમાં આવે. આવા વીતરાગને ધન્ય છે! એની આપણે જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. આપણે સ્થૂળ કે આંતર ત્યાગનાં સ્વપ્નાં પણ સેવી શકતા નથી, ત્યારે સર્વસ્વને છોડી વીતરાગ અને વીતદ્વેષ થનારના વિશિષ્ટ મનોબળ માટે તો આપણે શું ધારી શકીએ?

એટલા માટે એમના સંબંધી વાપરેલા પ્રત્યેક વિશેષણને આપણે સંક્ષેપથી વિચારી જઈએ. વીતરાગદશામાં રાગનો ત્યાગ છે તેટલો જ દ્વેષનો ત્યાગ છે. મીઠું બંધન રાગ છે તેથી તેની મુખ્યતા કહી છે, પણ દ્વેષ તેના જેટલો જ અગત્યનો ભાગ સંસાર-ભ્રમણ વધારવામાં ભજવે છે; તેથી આપણે તેમને 'વીતદ્વેષ' પણ સાથે જ ગણીએ તો તેથી આપણો મુદ્દો બરાબર જળવાશે. તેઓ કેવા છે તે વિચારી જઈએ.

કર્મો પૈકી મોહનીય કર્મ ખૂબ આત્મ-મલિનતા કરે છે અને આત્માના આખા દૃશ્યને બગાડી નાખે છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ દૃશ્યની આડે ધરણ કરે છે.

ઉપરાગ એટલે મલિનતા, ઘરણુ (ગ્રહણ). આત્મદર્શન ઉપર ચડી ગયેલ મલિનતાને વીતરાગનો વિકસિત ચેતનરામ ક્ષપકશ્રેણીને માર્ગે દૂર કરે છે. સાતમા ગુણસ્થાનક પછી બે પ્રકારની શ્રેણી મંડાય છે : ક્ષપક અને ઉપશમ. ક્ષપકશ્રેણીવાળો આત્મા કર્મોને કાપતો જાય છે, ઉપશમશ્રેણીવાળો કર્મોને દબાવતો જાય છે. ક્ષપકશ્રેણીવાળો કર્મોનો ક્ષય કરી આગળ વધતો જાય છે, ઉપશમવાળો ખરી પ્રગતિ સાધી શકતો નથી અને અગિયારમે ગુણઠાણે જઈને પડી જાય છે. શ્રી વીતરાગદેવ ક્ષપકશ્રેણીનો માર્ગ લઈને કર્મોની મલિનતા દૂર કરે છે, ઘાતીકર્મોને કાપી નાખે છે અને બાકીનાં કર્મોને લૂખાં કરી મૂકે છે.

ગંધહસ્તી ચાલે ત્યારે એની ગંધથી બીજા હાથીઓ દૂર નાસી જાય છે. તીર્થંકરદેવ વિહાર કરે તે પ્રદેશમાંથી મહામારી, દુકાળ, રોગ વગેરે ઉપદ્રવો દૂર થઈ જાય છે; તેથી વીતરાગ ગંધહસ્તી સમાન છે.

તીર્થંકર મહારાજનો આત્મા પૂર્વભવોમાં ખૂબ વિકાસ સાધીને આવ્યો હોય છે, તેથી એમને ઉપદેશની જરૂર પડતી નથી. એમનામાં જ્ઞાન સહજ હોય છે, જન્મથી પ્રગત આત્મા આત્મ-પ્રત્યક્ષ (અવધિ) જ્ઞાન સાથે આવે છે અને તેમાં વધારો થતો જાય છે. એનામાં જે વિરાગ (વૈરાગ્ય) આવે છે તે કુદરતી છે, સહજ જાગેલ હોય છે અને વિમળ વિકાસનું પરિણામ હોય છે. એમને આખો સંસાર દુઃખમય, અસાર અને બંધનમય લાગે છે. તેમનામાં આ વૃત્તિ સાહજિક હોય છે. એમને અન્યના ઉપદેશની અપેક્ષા રહેતી નથી.

ધર્મધ્યાન ને શુકૂલધ્યાનમાં નિમજ્જન કરતો આત્મા આત્મશુદ્ધિથી ધ્યાન-ધારાએ ચઢે છે. એમનું ધ્યાન કેટલું વિશાળ અને એનો વિષય કેવો સુંદર હોય છે તે યોગગ્રંથોમાં ચચર્યું છે. પૂર્ણિમાના ચંદ્રની કળા કેવી શાંત, સુંદર અને નિર્મળ હોય ! તેમાં પણ શરદ પૂનમની ચાંદની કેટલી સ્વચ્છ અને આકર્ષક હોય ? તેનું વર્ણન જરૂરી નથી. આવી નિર્મળતા તેઓશ્રીની ધ્યાન-ધારામાં હોય છે અને વિશુદ્ધ ભાવે પ્રગતિના માર્ગે તેઓ આગળ વધતા જ જાય છે.

અનેક સુકૃત્યો કરીને તે આવ્યા હોય છે, વળી તીર્થંકરના ભવમાં પણ અનેક સુકૃત્યોની વૃદ્ધિ કરે છે અને અર્હન્ત-લક્ષ્મીને પ્રાપ્ત કરીને મુક્તિને કિનારે પહોંચી જાય છે. દેવતાઓ સમવસરણ રચે કે ચક્રવર્તીઓ નમે તેમાં તેમને રાગ નથી, અને કોઈ તેજોલેશ્યા મૂકી ઉપદ્રવ કરે તેના તરફ દ્વેષ નથી. એમની બાહ્ય વિભૂતિ અતુલ્ય છે, પણ એમનો આદર્શ ગુણસમૂહ અસામાન્ય હોઈ વિચારમાં પાડી દે તેવો હોય છે.

તીર્થંકરપદની ઋદ્ધિ સર્વ જીવોને પ્રાપ્ત થતી નથી, પરંતુ સામાન્ય સિદ્ધો પણ ભાવનાવાહી જીવન વહન કરી દુનિયાનો પાર પામે છે.

જે વીતરાગ અનંત ગુણના ધરનાર, દુનિયાને દુઃખમાંથી મુક્ત કરવા ઉપદેશ આપનાર અને આદર્શ વર્તનના જવલંત દૃષ્ટાન્ત હોય તેમને ખરેખર ધન્ય છે ! તેઓનો

અવતાર સફળ છે અને તેમનું કર્તવ્ય-નિષ્પણું આદર્શ છે, અતિ વિશાળ ભાવે જગતને ઉપદેશ આપનાર અને અંતરાત્મદશામાં રમણ કરી રહેલા એ પરમાત્મભાવને પામનારા વીતરાગદેવને ધન્ય છે. આપણો એ આદર્શ છે અને એમના માર્ગે અનુસરણ એ આપણો પંથ હોઈ સાધ્ય-સન્મુખ લઈ જનાર લોહચુંબક છે. આ વીતરાગભાવને અનેક દૃષ્ટિ-બિન્દુથી સમજી એને ઓળખવો એ ખરો જીવનનો લહાવો છે. વીતરાગની ધન્યતા ગણવામાં એમના અતિશયો, વાણીના ગુણો, અષ્ટ મહાપ્રાતિહાર્યો અને ખાસ કરીને ધર્મસામ્રાજ્યનું વાતાવરણ અવકાશને પામે છે અને તે એની ધન્યતા બતાવે છે.

આ શ્લોકમાં તીર્થંકર–વીતરાગદેવની સાત બાબતો પર ખાસ ધ્યાન ખેંચ્યું છે : ૧. વીતરાગદશા, ૨. કર્મનો ક્ષય, ૩. સહજ વૈરાગ્ય, ૪. નિર્મળ ધ્યાનધારા, ૫. આત્મ-શુદ્ધિ ૬. આર્હન્ત્ય-લક્ષ્મી અને ૭. મુક્તદશાની પ્રાપ્તિ. આમાં અરિહંતપદની લક્ષ્મી કાંઈક બહિરંગ છે અને બહુધા અંતરંગ છે, બાકીની છયે બાબતો અંતરંગ છે.

ख ૨. એ તીર્થંકર–વીતરાગ ભગવાનમાં કર્મક્ષયથી અનેક ગુણો ઉત્પન્ન થાય છે. એની સરખામણી કરી શકાય એવો કોઈ પદાર્થ કે પ્રાણી જગતમાં વિદ્યમાન નથી. વીતરાગદેવની વિશાળ ચર્ચાનો ખ્યાલ કરવા માટે શાસ્ત્રકારે એમને ચાર બિરુદ આપ્યાં છે. તે ઉપરથી તેમના સંબંધમાં સહજ ખ્યાલ આવશે.

(૧) તેઓ **'મહાગોપ'** કહેવાય છે. ગાયોના મોટા ધણનું રક્ષણ કરનાર, ચરાવનાર અને તેનું સુખ ઇચ્છનાર પાળક (ગોવાળ) જેવી એકતાથી ગાયો તરફ વર્તે છે તેવી વિશાળ વૃત્તિએ-રક્ષણભાવે અંતરના નાદથી જનતા તરફ તેઓશ્રીનું વલણ હોય છે. (૨) **'મહામાહણ'**. કોઈ કોઈ જીવને હણો નહિ એવી 'અમારી' ઘોષણાને પ્રવર્તાવનાર 'માહણ' કહેવાય છે. તેવા મહત્ત્વવાળા સ્થાનને પ્રાપ્ત થયેલ એ મહાત્મા આખા પ્રાણીગણ તરફ અહિંસાભાવ વિસ્તારે છે, તેથી તે મહામાહણ કહેવાય છે. (૩) **'નિર્યામક'** તારુ. સંસારસમુદ્ર અનેક તરંગથી વ્યાકુળ છે, એમાં પ્રાણીઓ તરંગો પર ચઢે છે અને અહીંતહીં અફળાય છે, કુટાય છે અને ડૂબતા જાય છે. એને તારી, કાંઠે લાવી અનંત શિવસદને પહોંચાડનાર વીતરાગ નિર્યામક કહેવાય છે. (૪) **'સાર્થવાહ'**. એક સ્થાનેથી બીજે સ્થાને જવામાં અગાઉના જમાનામાં સથવારાની બહુ જરૂર હતી. ચોર, લૂંટારા, ભયંકર પ્રાણીઓ અને માર્ગની અગવડોમાં સહાય વગર મુસાફરી લગભગ અશકય ગણાતી. મોટા સાર્થવાહો રક્ષકોની ટુકડી સાથે નીકળતા અને પોતાના સાર્થમાં અનેક પ્રવાસીઓને લઈ જતા. ધન્ના સાર્થવાહનું ચરિત્ર આદિનાથ-ચરિત્રમાં સુપ્રસિદ્ધ છે. સંસાર-અટવી કેવી ભયંકર છે તે આપણે આ ગ્રંથના પ્રથમ શ્લોકમાં જોયું છે. એ શ્લોકમાં જે કાર્યની મહત્તા બતાવી છે તે સાર્થવાહ બિરુદને સાર્થક કરે છે.

આ તો સહજ ખ્યાલ આપવા ચાર બિરુદની વાત કરી. આવાં અનેક ઉપનામો શ્રી વીતરાગદેવને લાગી શકે છે. એને લગતા અનેક અતુલ્ય મહાન ગુણો ભગવાનના

આત્મસ્વભાવમાંથી કર્મક્ષયને પરિણામે ઉદ્ભવે છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યને પરિણામે જે ગુણરાશિ જાગૃત થાય છે તે મહાન્ છે. એ ગુણ-રાશિની જેટલી સ્તુતિ, પ્રશંસા કે સ્તવના કરીએ તેટલી ઓછી છે.

સ્તવના કરવામાં વાણીનો આશ્રય લેવો પડે છે. વાણી આઠ સ્થાનકમાં સંમિશ્રણથી ઉદ્ભવે છે : કંઠ, તાળુ, મૂર્ધ, દાંત, હોઠ, જિહ્વા, ઉર અને નાસિકા. આ આઠ સ્થાનો વીતરાગના ગુણોની સ્તવના વડે વારંવાર પવિત્ર થાય છે. વીતરાગના પ્રત્યેક ગુણસ્તવનમાં ગુણ તરફ રાગ પ્રગટ થાય છે; અને ગુણરાગ એ ગુણપ્રાપ્તિનું અચૂક આહ્વાન છે. જેમ ગુણવાન વધારે થાય તેમ ગુણ તરફ પ્રેમ થાય છે અને પ્રેમપાત્ર વસ્તુ પ્રાપ્ત કરવા પ્રયત્ન થાય છે. ભક્તિરસનો આ પ્રકાર છે. ગુણગાનથી અનંતફળ પ્રાપ્ત થાય છે. ખરી ભક્તિમાં એકતાનતા થાય છે, અને યોગોની પ્રશસ્ત પ્રવૃત્તિ થાય છે. રાવણનું દૃષ્ટાન્ત આ સંબંધમાં સુપ્રસિદ્ધ છે. અષ્ટાપદ પર્વત પર એ પ્રભુ-ગુણગાનમાં લીન થયો, તાંત તૂટતાં શરીરમાંથી નસ કાઢી સાંધીને પણ લયભંગ થવા ન દીધો તેથી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. ગુણીના ગુણગાન એ તો જીવનનો મોટો લ્હાવો છે.

જે જિહ્વા પ્રભુસ્તોત્રનો રસ જાણનારી છે તે પણ ખરેખર ધન્ય છે. એને જે રસના – રસને પિછાણનારનું નામ આપવામાં આવે છે તે નામને એ ગુણગાનથી સાર્થક કરે છે.

બાકી નકામી વાત-વિકથાઓ કરનાર જિહ્વા ખાલી વાચાળ થઈ આખો વખત બોલાબોલ કર્યા કરે છે, નકામા તડાકા-ફડાકા માર્યા કરે છે. રાજ, સ્ત્રી, દેશ કે ભોજનની કથામાં રસ લે છે તેને 'રસજ્ઞ' ન કહેવાય, પણ અજ્ઞ કહેવાય. જિહ્વા-પ્રાપ્તિનો સદુપયોગ વીતરાગનાં સ્તોત્ર, સ્તવન, નામોચ્ચારણ કરીને સાધવાનો છે.

જે પ્રકારે ફાવે તે રીતે વીતરાગના ગુણોને ઓળખી તેનો અનેક પ્રકારે ઉચ્ચાર કરવા દ્વારા તેને હૃદયમાં સ્થાન આપી જીવન સફળ કરવાનો આમાં ધ્વનિ છે.

જે વિશાળ ચિત્ર વીતરાગદશાનું આલેખવામાં આવ્યું છે તેને અંતરમાં ઉતારવું, તેને ધન્ય સમજવું અને એવા વિશ્વબંધુ ભગવાનની દશા અંતરથી ભાવી તેમાં આનંદ પામવો તેમ જ તેવા ગુણોને બહલાવવા એ વિશાળ વૃત્તિને ખૂબ પોષક છે, જિહ્વા-પ્રાપ્તિનો સાર છે અને આત્મવિકાસનું પરમ સાધન છે.

ગ ૩. આત્મ-ધર્મસન્મુખ થઈ, સંસારનો સર્વ રાગ છોડી દઈ, જ્ઞાનગર્ભિત વૈરાગ્ય-વાસી થઈ જે સાધુ મહાત્માઓ અત્યારે તીર્થંકરદેવના મહાવિશાળ તત્ત્વજ્ઞાનનો દુનિયામાં પ્રકાશ કરી રહ્યા છે તેઓ ખરેખર ધન્ય છે.

નિર્ગ્રંથ એટલે ગ્રંથ વગરના. ગ્રંથ એટલે બંધન. સંસારબંધન જેનું છૂટી ગયું હોય તે નિર્ગ્રંથ કહેવાય. એમને માટે વાપરેલું પ્રત્યેક વિશેષણ ખૂબ અર્થ-રહસ્યગર્ભિત છે. એમાં બંધન-ત્યાગનો મહિમા બરાબર સમજાય છે. એ વિશેષણો આપણે સંક્ષેપથી જોઈ જઈએ.

એ પર્વતના શિખર ઉપર, ગહન વનના ઊંડાણમાં, વિશાળ ગુફાના અંતમાં કે નીચા પ્રદેશોમાં બેસીને આત્મધ્યાન લગાવી રહ્યા હોય છે. ધ્યાનસિદ્ધિમાં આસનને પ્રધાનસ્થાન છે. તેને માટે નીચેનાં સ્થાનો જ્ઞાનાર્ણવકાર બતાવે છે (પ્રકરણ ૨૮) :

"મહાતીર્થ સિદ્ધક્ષેત્રમાં ધ્યાનસિદ્ધિ થાય છે. સાગરના અંતભાગમાં, વનના અંતભાગમાં, ગિરિશિખર પર, નદીના પુલિનમાં, કમળવનમાં, કિલ્લામાં, શાલવૃક્ષોના જૂથમાં, નદીના સંગમ પર, દ્વીપમાં, નિર્જીવ વૃક્ષકોટરમાં, જીર્ણ બગીચામાં, સ્મશાનમાં, જંતુરહિત ગુફામાં, સિદ્ધકૂટમાં, શાશ્વત કે અશાશ્વત જિનચૈત્યમાં, જ્યાં કોળાહળ ન થતો હોય તેવા શાંત સ્થાનમાં, મનને પ્રીતિ કરનાર અને પ્રાણીઓને સુખ કરનાર સ્થાનમાં, શૂન્યસ્થાનમાં કેળલતામંડપમાં અને શીત કે ગરમી રહિત સ્થાનમાં ધ્યાન કરવું. જે સ્થાનમાં રાગ વગેરે દોષો લઘુતા પામે ત્યાં વસતિ કરવી અને ખાસ કરીને ધ્યાનકાળમાં તો જરૂર ત્યાં જ વસવું." આ હકીકત કાંઇક વીસરાતી જતી જણાય છે અને યોગનો અભ્યાસ નાશ પામતો જણાય છે, તેથી લંબાણ ટાંચણ કર્યું છે. આવા શાંત સ્થાનમાં ચેતનરામને ધ્યાવતા નિર્ગ્રન્થને ધન્ય છે ! વળી તે કેવા હોય ? તે કહે છે :—

એ શમરસમાં તૃપ્ત હોય, એના મુખ પર શાંતિના શેરડા પડતા હોય, એના વાતાવરણમાં અખંડ શાંતિ હોય, પક્ષ કે માસના ઉપવાસ કરનારા હોય, બાહ્ય અને આંતરિક તપના કરનાર હોય.

જે જ્ઞાનવાન્ હોય એટલે ધાર્મિક અભ્યાસ જેમણે સારી રીતે કરેલો હોય અને જ્ઞાનના પરિશીલનથી જેમની બુદ્ધિ વિશાળ થઈ ગઈ હોય, જેઓ ધર્મની વિશાળતા સમજી-સ્યાદ્વાદમાર્ગનું રહસ્ય સમજી અન્યને સમજાવી શકતા હોય, જે જૈનધર્મમાં રહેલી વિશ્વધર્મ બનવાની વિશાળતા હૃદયમાં ધારી શકતા હોય, જેઓ ઉપદેશ આપવાની પદ્ધતિ, અધિકાર અને યોગ્યતા સમજનાર હોય, જે પોતે 'શાંત' હોય એટલે કષાયરહિત હોય. પૂછનાર પણ ક્રોધ વગરના, પોતાના માટે અઘટિત ઉચ્ચ અભિપ્રાય નહીં રાખનારા, કપટ વગરના અને મૂર્ચ્છાના સર્વથા ત્યાગી હોય તે 'શાંત' કહેવાય.

જેમને પોતાના મન અને હૃદય પર કાબૂ હોય તે 'દાંત' કહેવાય. મન પરનો કાબૂ અને કાર્યનિર્ણય તે અપ્રતિમ ગુણ છે.

'જિતાક્ષ'—ઇંદ્રિય પર વિજય કરનારા, પંચેંદ્રિય વશ કરનારા—અને સર્વથા કાબૂમાં રાખનારા.

આવા સાધુપુરુષો નિર્ગ્રન્થ-પ્રવચનનો જગતમાં વિસ્તાર કરી ભગવાનના અહિંસાના સંદેશા જગતને પહોંચાડે છે અને શાસનને દીપાવે છે. ઉપદેશ દેવાની યોગ્યતામાં ધ્યાન, જ્ઞાન, ઇંદ્રિયદમન, પ્રકૃતિસૌમ્યત્વ અને શમરસલીનતા તથા તપને કેટલું અગત્યનું સ્થાન છે તે અત્ર જરૂર ધ્યાન આપવા યોગ્ય છે. જ્ઞાનથી પવિત્ર થયેલી બુદ્ધિવાળા મહાત્માઓ

વિજ્ઞાનમાં પણ પારંગત હોય છે, દર્શનના અભ્યાસી હોય છે, તત્ત્વજ્ઞાનના રસિયા હોય છે અને છતાં ઉપદેશનો પ્રસંગ પૂરો થતાં 'ગિરિગહન-ગુહાગહ્વર'માં ચાલી જઈ ત્યાં ચેતનરામને ધ્યાવનારા હોય છે.

આવા મહાત્મા પુરુષો જગતમાં જિનપતિના શાસનને ખૂબ દીપાવે છે. એવા મહા-ત્યાગી તપસ્વી, શાંત યોગીઓની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. એવી વિશાળ હૃદયવાળી જગદુદ્ધાર-રસિક મહાવ્યક્તિઓને અંતરના અનેક અભિનંદન હો !!!

આ રીતે નિર્ગ્રન્થોની કેવી વિશિષ્ટ સુવાસ હોય છે તે ખૂબ વિચારવું અને એવા પ્રસાદ્વિત મહાવિશાળ આત્મધન ધરનાર થવાની ભાવના રાખવી તેમ જ જે તેવા હોય તેને માટે ખૂબ પ્રમોદ ધરવો.

આ શ્લોકમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનો સમાવેશ થાય છે. એ પ્રત્યેકના ગુણો વગેરે અન્ય ગ્રંથોથી જોઈ લેવા.

ઘ ૪. પ્રમોદભાવનાવાળો પ્રાણી અમુક વસ્ત્ર કે વેશથી મર્યાદિત હોતો નથી. એ જ્યાં ગુણ જુએ ત્યાં રાજી રાજી થઈ જાય છે. એ અમુક વર્ગની જ પ્રશંસા થાય એવી મર્યાદા બાંધતો નથી. ગુણદૃષ્ટિવાળાની હૃદયવિશાળતા કેટલી હોય છે તે તુરતમાં જ જોવામાં આવશે.

ધર્મભાવનાનો પરિચય કરતાં આપણે દાન, શીલ, તપ અને ભાવનો મહિમા સમ-જ્યા છીએ (જુઓ પૃ. ૧૨ થી ૧૬). અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ધર્મોપગ્રહદાન, કીર્તિદાન વગેરે દાનના અનેક પ્રકાર છે. શીલનો અર્થ સંકુચિત અને વિસ્તૃત બે પ્રકારનો છે : સંકુચિત અર્થમાં દેશથી કે સર્વથી બ્રહ્મચર્ય અને વિસ્તૃત અર્થમાં સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન આવે છે. એ બીજા અર્થ પ્રમાણે બાર વ્રતો મુખ્યત્વે ધ્યાન ખેંચે છે. (તપના બાર પ્રકાર માટે અગાઉ જુઓ.) જ્ઞાનાદિ ગુણના ધારણ કરનાર માટે ભક્તિ, તેનું કાર્ય કરવાની ઇચ્છા, તેમના સુખની ચિંતા અને સંસારની નિંદા એ ભાવના કહેવાય છે. (આદીશ્વરચરિત્ર, પર્વ ૧ લું, શ્લો. ૨૦૦-૧)

એ ચાર પ્રકારનો ધર્મ પાળનાર ગૃહસ્થને ધન્ય છે. તે અવસર આવે ત્યારે મોટી રકમોનાં દાન કરે છે, પરસ્ત્રી સામે પણ જોતા નથી, યથાશક્તિ તપ-ત્યાગ કરે છે અને નિત્ય ભાવનાશીલ રહે છે. એ ચારે પ્રકારના ધર્મો કરવામાં તેઓને ખરી શ્રદ્ધા હોય છે અને તે શ્રદ્ધા જ્ઞાનથી સમુચિત થયેલી હોય છે. એનામાં વિચારશક્તિ તેમજ પૃથક્કરણ-શક્તિ ખીલેલી હોય છે, એનામાં વિવેક જાગેલો હોય છે, એની શ્રદ્ધા પુષ્ટ અને નિશ્ચળ હોય છે અને તે અંધ અનુકરણ ઉપર નહિ પણ વિશાળ સમજણ અને પ્રકાશ પર રચાયેલી હોય છે. આવી શ્રદ્ધાપૂર્વક સમજણ-વિવેકથી એ ચારે પ્રકારના ધર્મને આચરે છે. એનામાં 'શ્રુતસમુચિત' શ્રદ્ધા હોવાથી એ સર્વ પ્રકારે પ્રશંસાપાત્ર છે અને એનું

સાધ્ય ગુણપ્રાપ્તિ હોવાથી એ જરૂર આગળ વધે છે. એને જ્યાં અંધશ્રદ્ધા લાગે ત્યાં એ સ્પષ્ટ રીતે વિચાર જણાવે છે અને છતાં એની શ્રદ્ધાને, એના ધર્મરાગને જરા પણ વાંધો આવતો નથી. એની લાલસા 'ધર્મ કરનાર' હોવાનું ઉપનામ મેળવવાની ન હોય પણ એને ગુણ ઉપર ખૂબ રાગ હોય અને આગળ વધવા તાલાવેલી લાગેલી હોય. આવા ગૃહસ્થોને ધન્ય છે, તેઓ અભિનંદનને પાત્ર છે, ભગવાનના પુત્ર છે, ભગવાનના સાચા સેવક છે, નિર્ગ્રંથના ખરા સહાયક છે અને જગતના ખરા બંધુઓ છે.

પ્રમોદભાવના શ્રાવકના ગુણોની પ્રશંસા સર્વ ગુણગ્રાહી પાસે કરાવે છે, એ એની વિશિષ્ટતા છે.

જૈનદર્શનકારોએ પ્રથમથી જ સ્ત્રીઓને અનેક રીતે સરખું સ્થાન આપ્યું છે. એમના ચતુર્વિધ સંઘમાં સ્ત્રીઓ પણ છે. એનો મોક્ષ જવાનો હક્ક સ્વીકાર્યો છે અને એનાં પવિત્ર નામો પ્રભાતમાં લેવાનો ઉપદેશ કરીને એના સદ્ગુણોની કિંમત આંકી છે. જૈન ધર્મની આ વિશાળતાને કારણે એ સ્ત્રીની ધન્યતા પ્રમોદભાવે ભજે.

એ સ્ત્રીઓ કેવી હોય ? જેઓનું જીવન સાધુતામય હોય, જે અહિંસા, સંયમ અને તપોમય જીવન જીવી, પંચમહાવ્રત ધારણ કરી આત્મપ્રગતિ કરતી હોય તેવી સાધ્વીઓને ધન્ય છે. એવી સાધ્વી સ્ત્રીઓ બુદ્ધિશાળી હોય છે, શ્રુતના અભ્યાસથી નિર્મળ થયેલ બુદ્ધિવાળી હોય છે અને શીલને વિશાળ અર્થ (ધર્માચરણ, સદ્ગુણપાલન)માં શોભાવનારી હોય છે. વિચાર કરતાં ચંદનબાળા, બ્રાહ્મી, સુંદરી, મૃગાવતી આદિનાં ધન્ય ચરિત્રો આપણી નજર આગળ તરી આવે છે.

વળી શ્રાદ્ધી-શ્રાવિકાઓ જેઓ શિયળ બ્રહ્મચર્ય શ્રાવિકાની મર્યાદામાં પાળી અંતરાત્માને શોભાવતી હોય તેને પણ ધન્ય છે. રાજસભામાં વિદ્વત્તાપૂર્વક કર્મનો સિદ્ધાન્ત સ્થાપન કરનાર મયણાસુંદરી, ચંપાનગરીનાં દ્વાર ખુલ્લાં કરનાર સુભદ્રા તથા વિયોગદુઃખ સહન કરનાર અંજનાસુંદરી, સીતા આદિના વિશિષ્ટ સદ્ગુણો પ્રશંસનીય છે, તેમનાં જીવન ધન્ય છે.

નસીબદાર પ્રાણીઓ ગર્વમુક્ત થઈ આવા સાધુપુરુષો અને સાધ્વી સ્ત્રીઓની પ્રશંસા કરી ગુણાનુરાગ પ્રદર્શિત કરે છે, તેમના વિશિષ્ટ વર્તન માટે હૃદયનો ઉલ્લાસ પ્રકટ કરે છે અને તે કાર્ય તેઓ અનેક વાર કરવામાં વધતો વધતો આનંદ લે છે.

૯. ગુણનો ખરો રાગ થાય તેને ગુણ તરફ ખેંચાણ હોય છે, એને મર્યાદાનાં બંધનો અસર કરતાં નથી. વાડાની સંકુચિતતા એને કેદ કરતી નથી અને દૃષ્ટિમર્યાદાની હદ અંકિત રહેતી નથી. એ જૈન ધર્મના વિશાળ સિદ્ધાન્તો ન સમજેલા પ્રાણીઓ વિકાસક્રમમાં કદી પછાત હોય પણ માર્ગે ચઢી ગયેલા હોય તો તેના ગુણોની પણ પ્રશંસા કરી, એને માટે તેમને યોગ્ય માન આપે છે.

એ અન્યમાં સંતોષવૃત્તિ જુએ એટલે તેને પ્રશંસે છે, અન્યમાં સત્યપ્રિયતા જુએ ત્યાં એ વારી જાય છે, ધનવાનની ઉદારતા જોઈ એ હર્ષઘેલો થઈ જાય છે, વિનયનો કોઈ પણ પ્રકાર જોઈ એ રાજી રાજી થઈ જાય છે.

આટલા ગુણો ગ્રંથકર્તાએ નામ આપીને લખ્યા છે. માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો શાસ્ત્રકારે વર્ણવ્યા છે. એમાં પ્રામાણિકપણું, ન્યાયસંપન્ન-વિભવ એ મુખ્ય સ્થાનકે છે. એક એક ગુણ પ્રશંસાને પાત્ર છે. પ્રમોદભાવના-ભાવિત ચેતનના અન્ય ગુણને જ જુએ છે. એ સમ્યગ્ બોધ વગરના પ્રાણીમાં પણ ગુણો જુએ એટલે એનું હૃદય તો નમન કરે છે. એને રસ્તે ચઢેલા જોઈ એને આનંદ થાય છે. કોઈ મોટી રકમની યોગ્ય સખાવત દુનિયાનાં દુઃખ-દર્દો દૂર કરવા માટે આપનારની હકીકત સાંભળે કે તરત જ એ આનંદોદ્ગાર કાઢે છે, એને લોકોના જ્ઞાનપ્રસાર માટેના પ્રયત્નોમાં પ્રકાશ દેખાય છે અને જ્યાં જ્યાં નમ્રતા, દયાળુતા, સમતા, ધીરતા આદિ સદ્ગુણ જોવામાં કે જાણવામાં આવે ત્યાં આનંદ-આનંદમય વાતાવરણ દેખાય છે.

પ્રમોદભાવના પ્રાણીમાં કેટલી વિશાળતા ઉત્પન્ન કરે છે અને ગુણાનુરાગ કેટલો ગુણિયલ અને ગુણાકર્ષક બનાવે છે તેની પરાકાષ્ઠાનું આ દૃષ્ટાંત છે. આમાં વગર સંકોચની વિશાળતા છે અને એ ખરું જૈનત્વ છે.

અત્યાર સુધીમાં જ્યાં જ્યાં ગુણદર્શન થયા ત્યાં ત્યાં પ્રશંસા કરી એના સ્થાનકે વ્યક્તિની વિચારણા કરતાં ગુણપક્ષપાતની ભવ્યતા સ્પષ્ટ થાય છે. આ વાત ખૂબ વિચારવા યોગ્ય છે અને એનાં રહસ્યદર્શનમા જૈનત્વની ખરી ચાવી સાંપડે છે.

च દ. આટલા માટે પ્રેરકભાવે જીભ, કાન અને આંખોને ઉદ્દેશીને કહે છે કે-હે જીભ ! ભાગ્યવંત પ્રાણીઓનાં સુચરિત્રો બોલવામાં અથવા તેમના ગુણગાન કરવામાં તું સજ્જ થા. તારી પ્રાપ્તિનું પરમ રહસ્ય મહાત્માઓના ગુણસ્તવનમાં છે. કાનોને ભલામણ કરે છે કે અન્ય સદ્ગુણશાળી મહાપુરુષોના કીર્તિસ્તવન સાંભળવાની બાબતમાં રસિક બન. કર્ણપ્રાપ્તિનો એ સાચો લાભ છે અને ખૂબ મજા આપે તેવો એ પ્રસંગ છે. અને આંખોને ભલામણ કરે છે કે અન્ય પ્રાણીને યોગ્ય રીતે મોટી સંપત્તિ પ્રાપ્ત થઈ જાય એ જોઈને તું આનંદ પામ.

સંસારમાં ખરો લાભ આ છે. સાધારણ રીતે અન્યની મહત્તા જોઈ તેને ઉતારી પાડવાનું કાર્ય જીભ કરે છે, કાન એ પ્રશંસા સાંભળવા રાજી નથી હોતા અને પરોત્કર્ષ સહન કરવાની તાકાત બહુ અલ્પ પ્રાણીમાં હોય છે. આ વિચારો પુસ્તકિયા નથી, પણ વસ્તુતઃ અનુભવસિદ્ધ છે. મનુષ્યસ્વભાવનો અભ્યાસ કરનાર આ બાબતની સાક્ષી પૂરી શકે તેમ છે. વાત નાની દેખાય છે, પણ ખાસ મહત્ત્વની છે અને ખાસ કર્તવ્ય હોઈ ગુણની સન્મુખ કરનાર છે.

આ અસાર સંસારમાં આપણે કયાં ઘસડાઈ જવાના છીએ તે જાણતા નથી. અતિ અલ્પ જીવનમાં પણ જો આટલી વિશાળતા કેળવીએ તો વિકાસક્રમમાં કાંઈક ઊંચા આવીએ. પરના નાના સરખા ગુણને પણ બહલાવતા શીખીએ તો આપણો માર્ગ જરૂર સરળ થાય. આ જીવનનું મુખ્ય ફળ જીભ, કાન અને આંખોના સદુપયોગમાં છે. એ અતિ ગૌરવશાળી હકીકત એના વાસ્તવિક આકારમાં સમજવા યોગ્ય છે.

સંસારને અત્ર અસાર કહેવાનું કારણ એ છે કે એમાં વિષયરસની કદી તૃપ્તિ થતી નથી. આપણે ગમે તેટલાં ગાનો સાંભળીએ, દશ્યો જોઇએ કે ભાષણો, વિવેચનો ને ચર્ચાઓ કરીએ પણ એનાથી કદી ધરાતા નથી. નિંદા, વિકથા, મશ્કરી, ગપ્પાં કે અર્થ વગરની ખ્યાલતો કરવામાં, સાંભળવામાં અને કોઈની મોટાઈ જોઈ તેને ઉતારી પાડવામાં અથવા સાધ્ય કે શિક્ષાના આદર્શ વગરનાં દશ્યો જોવામાં આંખોનો ઉપયોગ કરીએ છીએ. પ્રમોદભાવના જેની રગેરગમાં જામી ગઈ હોય તેનાં જીવનવૃત્તો અનેરાં જ બની જાય છે. એ માર્ગે જીભ, કાન અને આંખોનો ઉપયોગ કરવાનો આમાં ગર્ભિત ઉપદેશ છે.

છ ૭. અન્યના ગુણ જોઈ–જાણી જે પ્રસન્નતા અનુભવે છે તેનું આખું જીવન જ જુદા પ્રકારનું થાય છે. એવા પ્રાણીના મનમાં વિશાળ ભાવ જાગૃત થાય છે, એનામાં એક પ્રકારની પ્રાસાદિક વૃત્તિ ઉદ્ભવે છે, એના મનોરાજ્યમાં આનંદનૃત્ય થાય છે અને એની છાતી ગજ ગજ ઊછળે છે.

સામાન્ય દાખલો લઈએ. એક શ્રીમાન્ શેઠે કેળવણીના પ્રસાર માટે એક લાખ રૂપિયા એક સંસ્થાને આપ્યા. પ્રમોદભાવનાવાળો એ હકીકત વાંચી જાણી ખૂબ રાજી થશે. એને એમાં શેઠશ્રીની ઉદારતા, ત્યાગવૃત્તિ અને વિવેકવૃત્તિ દેખાશે. એ શેઠશ્રીના ઔદાર્યની પ્રશંસા કરી લાભ મેળવશે. અન્ય તે શેઠની ટીકા કરશે. એણે લાખ જ કેમ આપ્યા ? બે લાખ કેમ ન આપ્યા ? એ તો સટ્ટામાંથી રળેલા હતા, એ તો લોભિયા છે, અભિમાની છે, પ્રશંસાના ઇચ્છુક છે વગેરે. આ આખી ટીકા અર્થ વગરની છે, પણ અનેક વાર સાંભળવી પડેલ છે. એનું કારણ વિશાળવૃત્તિનો અભાવ, પ્રમોદભાવનાની ગેરહાજરી અને ગુણદૃષ્ટિની ઊણપ છે. જેણે જેટલી ઉદારતા બતાવી તેટલા પૂરતો તેને ધન્યવાદ છે અને એનો અમુક આશય (motive) હતો એમ ધારી લેવાનો આપણને બિલકુલ અધિકાર નથી. ગમે તેમ હોય પણ ઉદારતા તો પ્રશસ્ય જ છે.

આ રીતે દૃષ્ટિભેદ થાય છે. પ્રશંસા કરનારના મનમાં કેટલો આનંદ થાય છે ! કેટલીક વાર ગુણરાગી પ્રાણી ગુણવાન્ પ્રાણીની જેટલો જ લાભ અનુમોદનાને અંગે મેળવી શકે છે. એના મનનો જે પ્રસાદ થાય છે તે અવર્ણનીય છે અને તેનો મનઃપ્રસાદ તો ખરેખરો જબરો હોય છે.

પ્રમોદભાવથી–અન્યના ગુણોની પ્રશંસાથી આપણા ગુણો નિર્મળ થાય છે. ગુણની નિર્મળતા એટલે એમાં પ્રગતિ. લાખ રૂપિયા આપનાર શેઠશ્રીની પ્રશંસા કરનારમાં પણ ગુણબુદ્ધિ હોય છે તે સહજ સમજી શકાય તેમ છે.

ગુણપ્રાપ્તિનો ઉપાય ગુણપ્રશંસા જ છે, ગુણશુદ્ધિનો ઉપાય પ્રમોદ છે. ગુણવૃદ્ધિનો માર્ગ અનુમોદન છે, ગુણપ્રવેશનું દ્વાર ગુણાનુવાદ છે અને ગુણસ્થિરતાનું સાધન પ્રમોદ છે.

ગુણપ્રશંસા કરવાથી ગુણવાનને ગેરલાભ થતો નથી. પ્રશંસા કરનાર તે માર્ગે ચઢે છે અને કેટલીક વાર ઉત્તેજનને કારણે–પ્રશંસાને પરિણામે ગુણમાં સ્થિર થાય છે અને પરને દૃષ્ટાંતરૂપ બની ગુણવૃદ્ધિનું કારણ પણ બને છે. આવી રીતે પ્રમોદભાવના પરસ્પરને અનેક રીતે ઉપકારી છે.

પ્રમોદ : ગેયાષ્ટકપરિચય

૧. પ્રમોદભાવનાના મુદ્દાઓ આપણે પૂર્વપરિચયમાં કાંઈક સમજ્યા, એની વિશાળતા, હૃદયદ્રાવકતા અને આકર્ષકતા આપણે વિચારી. અષ્ટકમાં એ મુદ્દાઓને અન્ય આકારમાં રજૂ કર્યા છે.

ચેતન ! તું ગુણ જોઈને પ્રસન્ન થા, રાજી રાજી થઈ જા. 'પરિ' એટલે ચારે તરફથી અને 'તોષ' એટલે આનંદ. આ માનસિક ગુણ છે. જ્યારે ચિત્ત પ્રસન્ન થાય ત્યારે આખી દુનિયા આનંદમય જણાય છે, કારણ કે આપણી દુનિયા સાધારણ રીતે આપણા ચિત્તનું જ પ્રતિબિંબ હોય છે. એ કલુષિત હોય ત્યારે એને હવામાં પણ અશાંતિ જણાય છે, ઘનઘોર વાદળાં ચઢેલાં અથવા ધુમસ થયેલી દેખાય છે અને જાણે આખી દુનિયા ઊંડ ઊંડ લાગે છે. જ્યારે એને અંદર તોષ થયો હોય ત્યારે એને દુનિયા ક્રીડા કરતી, હસતી, વધાવતી દેખાય છે. એમના પર જ્યારે એને પરિતોષ થયો હોય ત્યારે તો એની છાતી ઊછળે છે, એને સવિશેષ હર્ષ થઈ જાય છે અને એના વાતાવરણમાં એને સર્વત્ર મીઠાશ ભાસે છે.

ગુણદર્શન તરફ જ્યારે પરિતોષ થાય ત્યારે આવો આનંદ થાય છે. મારા એક દીર્ઘ પરિચિત મિત્ર બહુ ગુણાનુરાગી હતા. એમણે ગુણોનું પત્રક તૈયાર કર્યું હતું અને તેનો નિરંતર પાઠ કરતા હતા. વ્યવહારના નિત્ય ઉપયોગી ગુણના મથાળા નીચે તેમણે નીચેના ગુણો લખ્યા છે :—(મેં તેમના શબ્દોમાં જ તે અહીં લખ્યા છે.)

"દયાળુતા, સત્યતા, વિદ્વત્તા, ધૈર્યતા, ગંભીરતા, નમ્રતા, ઉદારતા, લઘુતા, દાક્ષિણ્યતા, સ્વચ્છતા, નિર્મળતા, મધ્યસ્થતા, મિત્રતા, સહ્યતા, નિયમિતતા, અક્રૂરતા, મિતાહારતા, મિત-વ્યયતા, પ્રેમાળતા, ઉદાસીનતા, અક્રોધતા, વૈરાગ્યતા, જિતેંદ્રિયતા, ક્ષમા–દયા–શાંતતા, જનપ્રિયતા, નિર્લોભતા, દાતારતા, ભયશોક-હીનતા, ઉદ્યોગતા, ગુણગ્રાહ્યતા, ગૃહસ્થતા, ચારિત્રતા, વ્યાયામતા." ગુણદર્શી કયાં કયાં ગુણો જુએ છે તેનું આ દૃષ્ટાન્ત તેમની ભાષામાં છે. સાદું જીવન અને ઉચ્ચ વિચારનાં જ્વલંત દૃષ્ટાન્ત એવા સાદા મનુષ્યોમાંથી સાંપડે છે. આ પ્રત્યેક ગુણ પૈકી કેટલાકનો ઉપયોગ દરરોજ

થયો તેની નિત્ય નોંધ કરનાર, અઢાર પાપસ્થાનકોના પત્રક ભરનાર અને વિચારણામાં કલાકો કાઢનારને એ વ્યવસાયી જીવનનો વિચાર કરતાં પ્રમોદભાવનાની વિશિષ્ટતા સાંપડે છે.

કોઈ પણ પ્રાણીમાં કોઈ પણ ગુણ પ્રકટ થતો દેખાય તો તેનું બહુમાન કરવું, આદર કરવો, એનામાં ગુણવૃદ્ધિ થાય તેવી તેની ખૂબ કરવી અને તેને ગુણમાં મજબૂત કરવો એ આપણું કર્તવ્ય છે.

પૂર્વસંચિત પુણ્યયોગે લક્ષ્મી આદિ સાધનને અંગે કોઈ ઉદારતા બતાવે તો એનો મત્સર ન કરવો, પણ એને મળ્યું છે અને મળશે એવી ભાવના કરી હૃદયથી એમાં આનંદ અનુભવવો. એની યોગ્ય પ્રશંસા કરવી એ ગુણપ્રાપ્તિનો સરળ ઉપાય છે.

પ્રમોદભાવિત આત્મામાં અસૂયા કે મત્સર તો હોય જ નહિ. એ તો ગુણ જુએ તો પોતાની જાતને પણ ભૂલી જાય. એ ભાષણથી, વચનથી, ગાનથી, નૃત્યથી અથવા જે રીતે યોગ્ય જણાય તે રીતે **સત્ત્વગુણ** ઉપર વારી જાય. પ્રમોદભાવનામાં આદરશો અને વર્તનો ઉચ્ચગ્રાહી જ હોય.

૨. જૈનદર્શનકારોએ ત્રિવિધ ત્રિવિધ શુભ-અશુભ બંધનની વાત કરી છે. મન-વચન-કાયાના યોગોથી કર્મબંધન થાય છે તે આપણે આશ્રવભાવનામાં જોઈ ગયા છીએ. તેના કરણ, કરાવણ અને અનુમોદન એમ પ્રત્યેકના ત્રણ ત્રણ વિભાગ છે. કાયાથી કોઈ કાર્ય કરવું, અન્ય પાસે કરાવવું અને કોઈ કરતો હોય તેની પ્રશંસા કરવી : આ ત્રણ રીતે શુભ અથવા અશુભ કર્મબંધ થાય છે. શુભાશુભ બંધનો કાર્યની આદેયતા-અનાદેયતા પર આધાર છે. એ જ પ્રમાણે વચન અને કાયાના ત્રણ ત્રણ પ્રકાર સમજી લેવા. આમાં કોઈ કોઈ વાર 'કરણ, કરાવણ ને અનુમોદણ સરખાં ફળ નિપજાયો' એટલે સુધી વાત બની જાય છે. અનુમોદના કરનારની અંતરભાવના તીવ્રતમ હોય તો તે મૂળ કરનાર જેટલો ગુણશ્રેણીમાં ચઢી જાય છે અને કોઈક અપવાદવાળા પ્રસંગોમાં કરનાર કરતાં વધારે લાભ પણ અનુમોદક મેળવી શકે છે. કરનારમાં કષાયપરિણતિ (માનાદિ) હોય અને અનુમોદકમાં સરળતા હોય તો આ પણ સંભવે. આ પ્રમાણે વિચારણા લાંબી થતી જાય છે, માટે હવે અહીં અટકી જઈએ.

કોઈ પણ પ્રાણી ખૂબ દાન આપે, કોઈ ને બહુ માન મળે એમાં તું આનંદ માન. દાન આપનારને ધન્ય છે, એ એના પૈસાનો સદુપયોગ કરે છે. માન એના પુણ્યથી મળ્યું છે.

જે પ્રાણી દાન અથવા ભોગમાં પૈસા વાપરતો નથી તેને અંતે ધનનાશ તો જરૂર જોવો પડે છે. ભોગ તો પાપનું દ્વાર છે. વળી ભોગ ભોગવાયો એટલે ખલાસ થઈ જાય છે. દાન એ ધનનો સર્વોત્કૃષ્ટ ઉપયોગ છે. ધન્ય છે એને કે જે દાન કરી ધન ઉપરની મૂર્છા ઉતારે છે.

માન પામવા યોગ્યને માન મળે એ તો ઘણું ઠીક થયું કહેવાય. દેશહિત કે સંઘહિતના કામ કરનારને માન મળે તે યોગ્ય જ છે. એના આપેલા ભોગો અને લીધેલ તસ્દીનો એને બદલો મળે છે. એ તો બહુ સારી વાત થાય છે.

આવી રીતે અન્યનો-પારકાનો બધી બાબતો વિષે સવળો અર્થ લે, એની સારી બાજુ ઉપર વિચાર કર અને એની ઊજળી બાજુની પ્રશંસા કર. આ પ્રમાણે કરવાથી એના સુકૃત્યનો પણ તને ઉપર જણાવેલા નિયમ પ્રમાણે કંઈક ભાગ જરૂર મળશે.

આપણે જગતમાં શું જોઈએ છીએ ? ઘણા દુઃખનો વિષય છે પણ સાચી વાત છે કે કોઈ દાન કરે તો લોકો તેમાં દૂધમાંથી પોરા શોધશે, એનો અમુક આશય હતો એવી વાતો કરશે અને સુંદર શરીરમાં સાચું-ખોટું છિદ્ર શોધી કાઢી ત્યાં ચંચુપ્રહાર કરશે. પ્રમોદ-ભાવનાવાળો તો એ માર્ગે જાય જ નહિ. પરના મનમાં શું હશે તે કલ્પવાનો વિચારસરખો પણ ન કરે. એ તો ત્યાગ અને સમર્પણનાં દૃષ્ટાન્તો જુએ એટલે ગુણદૃષ્ટિએ હર્ષઘેલો થઈ જાય.

માન આપવા યોગ્યને એ જ્ઞાતિ, વય કે દેશનો તફાવત ન રાખતાં માન આપે, સાચા ગુણ જુએ ત્યાં એ યોગ્ય રીતે પોતાનો હૃદયસત્કાર જાહેર કરે અને એ રીતે પારકાના સુકૃતમાં ભાગ પડાવે. છતાં પારકાને તો જે લાભ થવાનો હોય તે જ અને તેટલો જ થાય એ ખૂબીની વાત છે. આ પ્રમોદ કરનારનો લાભ એ મૂળ કાર્ય કરનારના લાભમાંથી નીકળતો આવતો નથી, પણ એ સ્વતંત્ર છે અને એ પ્રમોદમાંથી જ જાગે છે.

દુનિયાની સારી બાજુ જોનારને સારું જ મળ્યા કરે છે.

૩. હવે પ્રમોદ કરવાના કેટલાક પ્રસંગો રજૂ કરે છે : મહાત્માપુરુષોના મનમાંથી રાગ, દ્વેષ ને મોહનો વિકાર નીકળી ગયો હોય છે તેનું નામ અમે વારંવાર જપીએ છીએ. વીતરાગ પરમાત્માથી માંડી જેના જેના વિકારો નાશ પામ્યા હોય તેનાં નામ પ્રમોદપૂર્વક વારંવાર લઈએ છીએ. એ નામો લેવાથી એમના ગુણો તરફ રાગ થાય છે અને આપણી ભાવના આદર્શ સ્થાનને પામે છે.

જે પરોપકારી પુરુષો જગત ઉપર ઉપકાર કરી રહ્યા છે તેઓનાં નામો જપીએ છીએ. જગડુશા જેવા દુષ્કાળ-ઉદ્ધારકો અને આ સમયમાં ઉદ્ભવતા અનેક મહાપુરુષો પોતાની જાતને વિસારી દઈ જગત પર અનેક જાતના ઉપકાર કરે છે તે પ્રશંસાપાત્ર છે. કોઈ ગુલામ-ગીરીને નાશ કરવા મથે છે, કોઈ ગરીબોનાં કંગાળ મકાનોને બદલે સાદાં સસ્તાં મકાનો પૂરાં પાડવાનું કામ કરે છે, કોઈ શારીરિક વ્યાધિઓ દૂર કેમ થાય તેને લગતા પ્રયોગો કરે છે, કોઈ જગતની શાંતિ માટે પ્રયાસ કરે છે. એવા અનેકવિધ ઉપકારકોનાં નામો અમે વારંવાર લઈને અમારી જાતને કૃતાર્થ કરીએ છીએ. અસાધારણ સાહિત્ય તૈયાર કરનાર, દુઃખ દૂર કરનારી શોધો કરનાર, ધર્મોપદેશ કરનાર, સગુણત્વનો પ્રકાશ કરનાર સર્વ ઉપકારી છે, સર્વનાં નામો પ્રભાતમાં લેવા યોગ્ય છે, એમાં જાતિ કે ધર્મની મર્યાદા ન હોય.

૪. ગુણની કેટલી પ્રશંસા કરીએ ? એકેક ગુણને વિચારીએ તો પણ આશ્ચર્યમુગ્ધ કરી નાખે તેમ છે. ભગવાનનો એક તિતિક્ષાગુણ જ વિચારીએ. તિતિક્ષા એટલે સહનશીલતા, ક્ષમા. એ એક ગુણથી મુક્તિનું સાધન તૈયાર થાય છે. કર્મનું જોર એટલું આકરું હોય છે કે એકલો મોહરાજા જ અભિમાનપૂર્વક પ્રાણીને સંસારચક્રમાં દીર્ઘકાળ ભમાવી શકે છે, પણ ભગવાન પોતાની તિતિક્ષાશક્તિથી એ સર્વ કર્મસમૂહ, જે અભિમાનથી ગાજતો હોય છે તેને એકદમ વિદારવા માંડે છે અને અંતે તે સમૂળ નાશ પામી જાય છે.

ગુણની હકીકત એવી છે કે એક વખત એ ગુણને સર્વાંશે ગ્રહણ કરવા નિશ્ચય થયો કે એની પછવાડે અનેક ગુણો સ્વતઃ ચાલ્યા જ આવે છે. ક્ષમાગુણ નાનીમોટી બાબતોમાં ગમે તે ભોગે આદરવા નિર્ણય થયો એટલે અભિમાન ચાલ્યું જાય, દંભ ટકી શકે નહિ, મૂર્છાની ગંધ સંભવે નહિ, અસૂયા, મત્સર મૂળમાંથી ઊઠે જ નહિ, નિંદા પાસે પણ આવે નહિ વગેરે વગેરે. આ રીતે વિચારીએ તો કોઈપણ એક ગુણનો વિકાસ કરવાની જરૂર સમજાય. આપણે પાંચ-સાત બાબતને ન વળગતાં એક ગુણને ગમે તે ભોગે વિકસાવવા અડગ પ્રયાસ કરીએ તો પણ કાર્ય સફળ થાય છે, જીવન ધન્ય બને છે અને સાધ્ય સમીપ આવે છે.

જે મહાપુરુષોએ એક સહનશીલતા – ક્ષમાગુણનો વિકાસ કર્યો તેની અંતરથી પ્રશંસા કરીએ છીએ. કોઈ પણ એક ગુણની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરનારની પણ અમે પ્રશંસા કરીએ છીએ.

૫. એક બીજું દૃષ્ટાંત વિચારીએ. ગૃહસ્થ હોય, સાધન-સંપન્ન હોય અને શારીરિક અનુકૂળતા હોય છતાં પણ શિયળગુણને બરાબર વિકસાવે, પરદારાનો સર્વથા ત્યાગ કરે એને ધન્ય છે. એવા ગૃહસ્થનો પવિત્ર યશ અત્યારે પણ જગતમાં શોભા પામે છે, વિસ્તરે છે.

'પરદારા' શબ્દમાં વિધવા, કુમારી અને વેશ્યા એ સર્વનો સમાવેશ થાય છે, એમાં રખાયત સ્ત્રીનો પણ સમાવેશ થાય છે. જાહેર રીતે પરણેલ સ્ત્રીમાં સંતોષ રાખવો એ ગૃહસ્થનો ધર્મ છે. એ ઉપરાંત અન્ય કોઈ પણ સ્ત્રી તરફ એ પ્રેમ-રાગ નજરે ન જુએ, ન બોલે, ન વર્તે અને મન-વચન-કાયાથી પરસ્ત્રીને અંગે શિયળ-બ્રહ્મવ્રત પાળે.

આવા ગૃહસ્થનો યશ જગતમાં જરૂર વિસ્તરે છે. સાધારણ રીતે ન ફળે એવા કેટલાક અવકેશી આંબા હોય છે, એના ઉપર જ્યારે કેરી આવે ત્યારે જરૂર તે આંબાની કિંમત થાય છે. અનુકૂળતાવાળો ગૃહસ્થ અફળ આંબા જેવો બહુધા હોય છે. એ લાલચને વશ થઈ ફસી પડે છે અને ધનાદિની અનુકૂળતા એને એમાં મદદ કરે છે. એવું છતાં જે એકનિષ્ઠ રહે તે ધન્ય છે. એનો યશ જરૂર વિસ્તરે છે.

સામાન્ય રીતે આમાં ફરજ ઉપરાંત વિશેષતા નહિ લાગે, પણ એને અંગે મુંબઈ જેવા શહેરના ગૃહસ્થોનાં જીવનનો અભ્યાસ કરવાની જરૂર છે. શ્રી વિનયવિજયજી

ઉપાધ્યાયના વખતમાં જે સંયમપૂર્ણ ગૃહસ્થજીવનની પ્રશંસા થતી હતી તે આજે ૩૦૦ વર્ષ પછી જરા પણ ફરી હોય એમ લાગતું નથી. એનો અત્યારની કલબોની વ્યવસ્થા, મોટરોની અનુકૂળતા, વીજળીની લાઇટ અને સટ્ટાને કારણે ધનની અસ્થિરતા એ સર્વ ઉપરથી સહેજે ખ્યાલ આવી શકે તેમ છે.

આપણે એવા સંયોગોમાં બ્રહ્મચર્ય મર્યાદિત આકારમાં સ્વીકારી તે હદમાં પવિત્ર રહેનારની બલિહારી ગણીએ. સુદર્શન શેઠનું જીવન વિચારીએ, વિજય શેઠ તથા વિજયા શેઠાણીને સ્તવીએ અને પૂરતી અનુકૂળતા છતાં અનાસક્ત રહેનાર ધન્નાનું ગૃહસ્થજીવન પ્રશંસીએ. રામની પ્રશંસા એકપત્નીવ્રતને અંગે છે. લક્ષ્મણને સીતાજીનું મુખ કેવું છે તેની ખબર નથી અને દરરોજ પગે પડે છે તેથી માત્ર તેના પગનાં ઝાંઝરને તે ઓળખે છે.

અત્યારના યુગમાં મેં એવા ગૃહસ્થોને જોયા છે કે જેઓ આડકતરી રીતે પણ પરસ્ત્રીને નિહાળતા નથી અને પિછાનતા પણ નથી. આમાં કદાચ શરમાળપણાનો આરોપ આવે તે સંભવિત છે, પણ વિશુદ્ધ આચરણ તો સર્વ કાળમાં-સર્વ સમાજમાં પ્રશસ્ય જ છે. આપણા આવા સદાચારી સજ્જનોનાં સફળ જીવનને નમીએ. ઉપાધ્યાયજી તો એનો યશ ગાય, પણ આપણે તો ઝૂકી પડીએ, વારી જઈએ અને અંતરથી એકનિષ્ઠ સંસારી બ્રહ્મચારીને પ્રશંસીએ, ધન્ય માનીએ અને આદર્શ ગણીએ.

અહીં સાધારણ બાબતને મોટી બતાવવાનો પ્રયત્ન નથી. ગૃહસ્થજીવનના પ્રસંગમાં આવ્યા વગર, અનુકૂળતાના લાભ લેનારની સંખ્યા જાણ્યા વગર, લાલચ સામે ખડી હોય છતાં લાત મારનારની સંખ્યાના અભ્યાસ વગર, આ વાતની જેને મહત્તા ન લાગે તેણે આ બાબતમાં વિશેષ અવલોકન કરવાની આવશ્યકતા છે. ઉચ્ચ ગુણશ્રેણીની પ્રમોદ-ભાવનામાં આ અતિશયોક્તિ નથી, એમ વગર શંકાએ કહેવાય તેમ છે. અલ્પોક્તિ છે કે નહિ તે વિચારવાનું આ સ્થળ નથી. ધન્ય છે શુદ્ધ, પવિત્ર ગૃહસ્થજીવનને !

૬. જે પવિત્ર ગૃહિણીઓ શિયળગુણસંપન્ન રહી બન્ને કુળની ઉજ્જવળ કીર્તિમાં વધારો કરે છે એમને પણ ધન્ય છે. ઉપર ગૃહસ્થસંબંધી જે વિચાર બતાવ્યા છે તે અત્ર દાખલ કરવાના છે. સ્ત્રીઓનું બળવાનપણું વધારે પ્રશસ્ય એટલા માટે છે કે પુરુષો એમના તરફ બહુ મોહદૃષ્ટિએ જુએ છે. એમાં માનસવિદ્યાનો મોટો પ્રશ્ન છે. સ્ત્રીઓ કદી પુરુષ માટે એટલા મોહથી વિચાર કરતી નથી અને પુરુષો વાતો કે મશકરી સ્ત્રીસંબંધી જ બહુધા કરે છે એનાં કારણોમાં અત્યારે ઊતરવું પરવડે તેમ નથી, પણ એ સત્ય વાત છે. ચારિત્રની બાબતમાં સ્ત્રીઓ વધારે ગ્રેાગ્યતા દર્શાવનારી સર્વ યુગમાં નીકળી છે એ નિસ્સંશય છે.

ગ્રંથકર્તા કહે છે કે આવી પવિત્ર વનિતાઓનું દર્શન પણ ધન્ય છે. એ દર્શનમાં શું દેખાય ? સુંદર ચરિત્ર-વિશિષ્ટ આચરણરૂપ સુવર્ણનો સંચય દેખાય. એના મુખ કે

દેહનાં દર્શન થાય તો તેમાં એનું સત્ત્વગુણશાળી ચરિત્ર પ્રતિબિંબિત થયેલું દેખાય અને એ દર્શન તેમનાં પોતાનાં સુકૃત્યોનું ફળ બેસતું હોય તેવું આદર્શમય-ઉન્નત-વિશિષ્ટ જણાય.

પવિત્ર વનિતાઓની પાસે જતાં કદી વિકાર ન થાય, એનું દર્શન કરતાં એનું સદ્‌ગુણશાળી ચરિત્ર આંખ સામે રજૂ થાય. એના દર્શનથી આંખો પવિત્ર થતી લાગે. એના નામમાં ચમત્કાર લાગે.

સ્ત્રીઓનો શિયળગુણ પ્રધાનભાવે આદરણીય છે. ત્યાં શિયળ સંકુચિત અને વિશાળ બંને અર્થમાં પ્રાપ્ત થાય છે. બ્રાહ્મીઃસુંદરીનું આદર્શ જીવન મનમાં તેજઃપુંજ ખડો કરે છે, કળાવતી, સીતા, દમયંતી, સુભદ્રા, અંજનાસુંદરી પ્રભાવ પાડે છે. એવી સ્ત્રીઓ અત્યારે પણ વિદ્યમાન હોય છે. એનાં દર્શન કરીએ, એના દર્શનથી પવિત્ર થઈએ, એના ગુણમાં ખૂબ આનંદ પામીએ.

ગૃહસ્થની પ્રશંસા કરતાં પાંચમા શ્લોકમાં **अपि** શબ્દ લેખક-મહાત્માએ વાપર્યો છે અને આ શ્લોકમાં પણ વાપર્યો છે તે મને પાદપૂરણાર્થે જ લાગે છે, અને તે વાત સાતમા (નીચેના) શ્લોકમાં તે શબ્દ નથી મૂકયો તેથી સ્પષ્ટ પ્રતીત થાય છે.

એ ગમે તેમ હોય, આપણા જેવી સામાન્ય વ્યક્તિઓ માટે તો એવા ગૃહસ્થો અને એવી વનિતાઓ વંદનને યોગ્ય છે. "**गुणाः पूजास्थानं गुणिषु, न च लिंगं न च वयः ।**" એમના ગુણને જ માન છે અને પ્રમોદભાવનામાં અમુક લિંગ કે અમુક વયને સ્થાન જ નથી. ગુણ જ્યાં દેખાય ત્યાં નમી પડો એ એનો પ્રાસાદિક ધ્વનિ છે.

શિયળનો પ્રભાવ અવર્ણ્ય છે. શિયળ સંકુચિત અર્થમાં પતિપરાયણતાને નિર્દેશે છે અને વિશાળ અર્થમાં સદાચારને નિર્દેશી અનેક શુભ ગુણોને સંગ્રહે છે. જૈન સતી સ્ત્રીઓનાં ચરિત્રો જોવામાં આવશે તો તેમાં પરિણીતા સતીઓ ઉપરાંત કેટલીક તદ્દન અપરિણીતા સ્ત્રીઓ પણ એ કક્ષામાં આવેલ જણાય છે. ત્યાં શિયળનો વિશાળ અર્થ પ્રાપ્ત થાય છે.

કળાવતીનું દૃષ્ટાન્ત મર્મને સ્પર્શે તેવું છે. શિયળ-સંરક્ષણમાં એનાં બન્ને કાંડાં કપાયાં તો પણ એનું મન ચળ્યું નહિ. મયણાસુંદરીની પતિભક્તિ અને શ્રુત-વિશારદ શ્રદ્ધા અનુપમેય છે. એણે પતિનો હાથ ઝાલ્યો ત્યારે એને કોઢ હતો પણ એક ડગલું પાછી હઠી નહિ; રોગની સુધારણા કરી અને પતિની ગેરહાજરીમાં એના તરફની પોતાની એકનિષ્ઠા જાળવી. એક સાંજે એ સાસુ સાથે વાત કરે છે અને પૂજાનો આનંદ વર્ણવી અમૃતક્રિયાનું સ્વરૂપ કહે છે અને પછી કહે છે કે 'આજે મારા દિલમાં એવો આનંદ થયો છે કે તમારા પુત્રનો મેળાપ જરૂર થવો જોઈએ.' તે વખતે ઉજ્જયિની નગરીની આસપાસ ઘેરો છે, રાજા બચાવ કરવા અશક્ત છે, તેવા આપત્તિના સમયમાં આવી વાત સાંભળી તેની સાસુ કમળપ્રભા જરા હસી અને પરદેશ ગયેલા પુત્રના મેળાપની અશકયતા બતાવી. ત્યાં 'કરવા વચન પિયાનું સત્ય, કહે શ્રીપાળ તે દ્વાર ઉઘાડીએજી.' આનાં વચનો સાથે સાંકળ

ખખડી હશે ત્યારે પતિનો અવાજ સાંભળીને શા ઉમળકા આવ્યા હશે ? આવું ચમત્કારિક સતીત્વ આર્ય લલનામાં હતું, હજુ છે અને આવડે તો જાળવી શકાય તેમ છે. આવી વિશુદ્ધ વનિતાઓની પ્રમોદભાવે પ્રશંસા કરીએ અને તેમનાં નામ લઈ પવિત્ર થઈએ.

૭. તાત્ત્વિક મહાપુરુષો તત્ત્વજ્ઞાનને યથાર્થ રીતે બતાવે છે. સાત્ત્વિક મહાત્માઓ આત્મારામમાં રમણ કરી જગતની સર્વ ઉપાધિઓથી દૂર રહે છે. તત્ત્વજ્ઞાનીઓનો માર્ગ તત્ત્વવિવેચનનો હોય છે અને તે કાર્ય કરવા માટે જરૂરપૂરતા તેઓ સમાજના સંબંધમાં આવે છે. સાત્ત્વિક યોગીઓ જગતને ઓળખી ગયા હોય છે. એ સમાજથી બહુધા દૂર રહી ઉત્તમ આદર્શો પૂરા પાડે છે.

તત્ત્વજ્ઞાની અને સાત્ત્વિક યોગીમાં તફાવત એ હોય છે કે તત્ત્વજ્ઞાની હેતુ ને હેત્વાભાસાદિની ચર્ચા કરી શુદ્ધ નિર્ણય પર આવવા પ્રયત્ન કરે છે, સાત્ત્વિક યોગી બુદ્ધિની દરમ્યાનગીરી વગર સીધા અંતરાત્માને પૂછે છે અને ત્યાંથી એને શુદ્ધ ધ્વનિમાં ઉત્તર મળે છે. તત્ત્વજ્ઞાની અને યોગીમાં આ મોટો તફાવત છે.

બન્નેનું સાધ્ય એક જ હોય છે, માર્ગ પૃથક્ હોય છે; પણ અંતે મળી જાય છે. બાહ્ય નજરે એક વ્યવહારનું આલંબન દેખાય છે, બીજામાં નિશ્ચય તરફ વલણ વધારે દેખાય છે. સુજ્ઞ એ બન્નેનો સમન્વય કરે છે અને અનેકતામાં રહેલી એકતા શોધી કાઢે છે.

તાત્ત્વિક મહાપુરુષોમાં આપણે શ્રીમદ્ યશોવિજય મહારાજનું નામ સત્તરમી સદીના 'અવતંસ' તુલ્ય ગણીએ. યોગીમાં એ જ સદીના આનંદઘનજી શિખરસ્થાને આવે છે. આવા મહાપુરુષોના ગુણોનું કીર્તન કરવું, તેમનું નામસ્મરણ કરવું એ મહાન શુભ યોગ છે, મોંઘેરો લહાવો છે અને અવશ્ય કર્તવ્ય છે.

અનેક સજ્જન પ્રાણીઓ આ દુનિયામાં હતા અને અત્યારે છે. સજ્જન કોણ કહેવાય તેની વિચારણા માટે પ્રથમ ઘણું લખાયેલ છે.

આવા સજ્જન પુરુષોનાં સ્મરણો પ્રેરક છે, બોધક છે, નિયામક છે. એમને અનંત વંદન હો ! એવા મહાપુરુષો જગત પર ઉપકાર કરી દૃષ્ટાન્ત પૂરું પાડનારા છે.

કેટલાયે મહાપુરુષો વસ્તુપરીક્ષા કરવામાં અને તેનો વિવેક કરવામાં હંસબુદ્ધિવાળા હોય છે. એ ક્ષીર અને નીરને જુદાં પાડી સત્ત્વ સંગ્રહે છે, કચરો ફેંકી દે છે અને સત્યનો સ્વીકાર કરી અન્યને તે પર પ્રકાશ પાડે છે. યથાર્થ-અયથાર્થની પૃથક્કરણશક્તિ પ્રાપ્ત કરનારા આવા પુરુષો સ્વ-ઉપકાર કરે છે અને એ આપણા સર્વ માનને યોગ્ય છે. આવા મહાપુરુષો દૂર હોય કે નજીક હોય, પૂર્વકાળમાં થયા હોય કે અત્યારે વિદ્યમાન હોય, પુરુષ હોય કે સ્ત્રી હોય-ગમે તે હોય તે આપણા સ્મરણને પાત્ર છે અને તેનું સ્મરણ કરી આપણી જાતને પવિત્ર બનાવી કૃતાર્થ કરીએ છીએ.

૮. આવી રીતે અન્ય પ્રાણીઓમાં, અન્ય પાણીઓ પૈકીના મહાપુરુષોમાં જે જે ઉચ્ચ ગુણો જડી આવે, મળી આવે, પ્રાપ્ત થાય તેનું મનમાં રટણ કરી આ જીવનને સફળ કરવું. આ મનુષ્યભવ શા માટે મળ્યો છે ? કાંઈ ખાવા-પીવા કે પૈસા એકઠા કરવાનો એનો ઉદ્દેશ ન જ હોય. પૈસાવાળાને કોઈ પ્રકારનું અંતરનું સુખ હોય એવી માન્યતા વસ્તુસ્વરૂપનું અજ્ઞાન સૂચવે છે. અહીં તો ગુણને એકઠા કરી, સંગ્રહી, સ્વાયત્ત કરી, વિકાસમાં પ્રગતિ કરવાનું કર્તવ્ય છે. એ કાર્યના ગુણને ઓળખી તેનું બહુમાન કરવું અને તે દ્વારા ગુણના વાતાવરણમાં પડી જઈ વિકાસની સપાટી ઊંચી લઈ જવાની છે.

આપણે આ જીવનની શરૂઆતમાં અમુક વિકાસની સપાટી પર હોઈ એ છીએ. એની સપાટી ઊંચી લઈ ગયા કે નીચે ઉતારી ગયા કે હતી તેની તે જ સપાટી રાખી રહ્યા- એ પ્રશ્નના નિર્ણય ઉપર જીવનની સફળતાની ગણતરી થાય છે. આ ભવ સફળ કરવાનો વિશાળ માર્ગ પરગુણનું પરિભાવન છે અને પરગુણનું પરિભાવન એ જ પ્રમોદભાવના છે.

એટલા માટે કેટલાક ગુણના ભંડાર જેવાં મહારત્નો હોય છે, જેમનામાં ગુણો સારી રીતે સ્થિત થઈ ગયેલા હોય છે, ગુણો જામી ગયેલા હોય છે, ગુણો ઘર કરી રહેલા હોય છે; તેવાઓના ગુણોનું ગાન કર. એ ગુણની પ્રશંસા ભક્તિભાવે, પૂર્ણરાગથી કર. કવિતામાં આવડે તો તેમાં, ગદ્યમાં આવડે તો તેમાં, સાદા શબ્દોમાં આવડે તો તેમાં-તને ગમે તે રીતે તે ગુણગાનમાં લીન થઈ જા, એના ગીતના તાલમાં નિમગ્ન થઈ જા અને એનું બહુમાન કરવામાં તત્પર બની જા.

એ રીતે રાગાદિ-વિકારરહિત થઈ શાંતસ્વભાવમાં વિવિધ પ્રેમના ભારથી એકરસ થઈ વિનોદ કર. શાંતરસનું પાન કર. પ્રમોદભાવના એટલે શાંતરસની ઉત્કૃષ્ટ જમાવટ છે. આ રીતે હે વિનય ! ગુણ-પરિતોષની રચના તું કર.

ઉપસંહાર : પ્રમોદ

'પ્રમોદ' શબ્દમાં જ ચમત્કાર રહેલો છે. પ્રાણીમાં જો સહેજ પણ ગાંભીર્ય કે ઓજસ્ હોય તો એને 'પ્રમોદ' શબ્દ બોલતાં અંદર એક પ્રકારની વિશુદ્ધ લાગણી થયા વગર રહે નહિ.

પ્રમોદભાવનામાં ગુણચિન્તન, ગુણપ્રશંસા, ગુણસ્તવન, ગુણમહિમા અને ગુણગાનની વાત છે. ગુણસંબંધી આખું તત્ત્વજ્ઞાન બહુ સંક્ષિપ્ત શબ્દોમાં આ લેખકમહાશયના સમકાલીન તત્ત્વજ્ઞાની શ્રીમદ્યશોવિજય ઉપાધ્યાયે દ્વેષપાપસ્થાનકની સજ્ઝાયમાં રજૂ કર્યું છે. એ પ્રત્યેક પાપસ્થાનકની સજ્ઝાયો એક એક ગ્રંથ જેવી છે તેમ જ સૂત્ર જેવી છે, ચાવી જેવી છે. ગુણનું રહસ્ય ત્યાંથી સમજી લઈએ. તેઓશ્રી કહે છે કે—

નિર્ગુણી તે ગુણવંત ન જાણે,
ગુણવંત તે ગુણ દ્વેષમાં તાણે. લાલન૦

આપ ગુણી ને વળી ગુણરાગી,
જગમાં તેહની કીરતી ગાજી. લાલન૦

રાગ ધરી જે જીહાં ગુણ લસીએ,
નિર્ગુણી ઉપર સમચિત્ત રહીએ. લાલન૦

ભવથિતિ ચિંતન સુજસ વિલાસે,
ઉત્તમના ગુણ એમ પ્રકાસે. લાલન૦

આ મહાન સૂત્રો છે, અર્થાન્તરન્યાસો છે, વિશિષ્ટ અનુભવનાં પરિણામો છે. એના પર ખૂબ આકર્ષક વિવેચન મુરબ્બી કુંવરજીભાઈએ કર્યું છે તે તેમના શબ્દોમાં જ ઉતારી લઉં છું :

"જગતમાં બે પ્રકારના મનુષ્યો હોય છે : ગુણી અને નિર્ગુણી. તેમાં જે પોતે જ નિર્ગુણી હોય છે તે તો બીજાને ગુણી દેખતો જ નથી. કપટી માણસ બીજા સરલને પણ કપટી જાણે છે. પાપી માણસ બીજાને પાપી જાણે છે. દુરાચારી માણસ બીજાને દુરાચારી ધારે છે. લંપટ માણસ સાધ્વી સ્ત્રીને પણ કુલટા ધારે છે. આ પ્રમાણે જગત્પ્રવૃત્તિ છે તેમાં કાંઈ આશ્ચર્ય થાય તેમ નથી; કારણ કે જેવું પોતાના અંતરમાં હોય છે, તેવું જ બહાર દેખાય છે; પણ આશ્ચર્ય તો તેમાં થાય છે કે પોતે ગુણી છતાં પણ કેટલાક એવા ઈર્ષ્યાયુક્ત સ્વભાવવાળા હોય છે કે બીજાના ગુણને જોઈ શકતા નથી, સહન કરી શકતા નથી, અન્યથી થતી કોઈની પ્રશંસા સાંભળી શકતા નથી, તેથી તેના ગુણમાં મિથ્યા દોષારોપણ કરીને પોતાના હૃદયમાં રહેલો દ્વેષ પ્રકટ કરે છે. ખરો સુજ્ઞ તો તેનો ભાવ તરત જ સમજી જાય છે અને તેના ગુણીપણામાં આ મોટી ખોડ છે એમ વિચારી હૃદયમાં ખેદ પામે છે. શાસ્ત્રકાર આવા ગુણીની પ્રશંસા કરતા નથી. તે તો કહે છે કે–જે ગુણી અન્યના ગુણના રાગી હોય, પોતાના વિશેષ ગુણ કરતાં પણ અન્યના સામાન્ય ગુણની–અલ્પ ગુણની કિંમત વધારે

આંકતા હોય, શુદ્ધ અંતઃકરણથી તેની પ્રશંસા કરતા હોય, અનુમોદના કરતા હોય અને કરાવતા હોય તેવા પુરુષની જ કીર્તિ જગતમાં જાગૃત રહે છે, ફેલાય છે, વિસ્તાર પામે છે; માટે ગુણના ઇચ્છુક જનોએ પોતાનામાં અલ્પ ગુણ હોય કે વિશેષ ગુણ હોય, પણ તે તરફ દૃષ્ટિ નહિ કરતાં અન્ય મનુષ્યમાં રહેલા દાન, શીલ, સંતોષ, પરોપકાર, દયાળુતા, નિરભિમાનપણું, સરલતા, પ્રામાણિકતા, લોકપ્રિયતા, વિનય, વૈરાગ્ય અને ક્ષમા વગેરે ગુણોને થોડા કે વધતા પ્રમાણમાં જોઈ હર્ષિત થવું, તેની પ્રશંસા કરવી, તેની ખ્યાતિ થતી જોઈને રાજી થવું અને તેનામાં તે તે ગુણ બન્યા રહે, વૃદ્ધિ પામે અને વિશેષ પ્રશંસનીય થાય તેવી જિજ્ઞાસા રાખવી. આ પ્રમાણેના વર્ત્તનથી વાસ્તવિક રીતે કહીએ તો તેવા ગુણરાગી પ્રાણીની પોતાની જ કીર્તિ થાય છે, મનુષ્યમાત્ર તેને વખાણે છે. આવી સહનશીલતા રાખવી-રહેવી જેવી મુશ્કેલ છે તેવી જ જરૂરની છે.

"કર્તા મહાપુરુષ પ્રાંતે એવી ઉપયુક્ત શિક્ષા આપે છે કે-હે ભવ્ય પ્રાણીઓ ! જ્યાં જ્યાં ગુણો દેખો ત્યાં ત્યાં તે ગુણ અલ્પ પ્રમાણમાં હોય કે વિશેષ પ્રમાણમાં હોય, પણ તેના ઉપર રાગ કરો. ગુણ-ગુણી અભિન્ન હોવાથી ગુણી ઉપર રાગ કરવો તે જ ગુણ ઉપર રાગ કર્યા બરાબર છે; અને તેમ કરવાથી જ તે ગુણ પોતાનામાં ન હોય તો પ્રગટે છે અને હોય તો વૃદ્ધિ પામે છે. આટલાથી જ બસ ન કરતાં, કર્તા કહે છે કે ગુણી ઉપર રાગ કરવાની સાથે નિર્ગુણી કે દુર્ગુણી ઉપર દ્વેષ ન કરશો. મનમાં એમ માની ન લેશો કે ગુણી ઉપર રાગ કરવો એટલે નિર્ગુણી ઉપર દ્વેષ કરવાનું તો અર્થાપત્તિથી સિદ્ધ થઈ ગયું. તમારે તો નિર્ગુણી કે દુર્ગુણી ઉપર દ્વેષ ન કરતાં સમચિત્તવાળા રહેવું, સમભાવ રાખવો, ક્રોધ ન કરવો, તેનામાં પડેલા દુર્ગુણ કેમ નાશ પામે તેનું ચિંતવન કરવું, તેવો પ્રયત્ન કરવો, તે માણસ માને તેમ હોય તો તેને તેવા પ્રકારની હિતશિક્ષા આપવી. આપણાથી ન માને તો જેનાથી માને તેમ હોય તેની પાસે હિતશિક્ષા અપાવવી. તેની ઉપેક્ષા પણ ન કરવી. પ્રાંતે કોઈ પ્રયત્ને પણ જો તે માને નહિ, દુર્ગુણ છોડે નહિ, ઊલટો દ્વેષ વહન કરે તો પછી ઉત્તમજનોએ ભવસ્થિતિનું, સંસારમાં વર્તતા અનેક પ્રકારના જીવોના કર્માયત્ત વર્ત્તનનું પ્રાણીમાત્ર કર્મને વશ છે અને તે નચાવે તેમ નાચે છે એવી લોકસ્થિતિનું ચિંતવન કરવું, પણ હૃદયમાં તેના ઉપર દ્વેષ ન લાવવો, ખેદયુક્ત ન થવું, સમભાવ જ રાખવો. એવા દુર્ગુણી પ્રાણી પણ, તેની ભવસ્થિતિ ઘટશે ત્યારે, સંસાર અલ્પ રહેશે ત્યારે, જરૂર ગુણી થશે, સર્વમાન્ય થશે, પૂજ્ય થશે અને અનેક જીવોનું હિત કરી પોતાના આત્મસ્વરૂપને પ્રગટ કરશે એમ વિચારવું. ઉત્તમ જનોની વૃત્તિ નિરંતર આવી જ વર્તે છે."

("અઢારપાપસ્થાનકસજ્ઝાય, અર્થરહસ્ય")

આ ટાંચણ લંબાણથી મૂકવાનું કારણ છે. એમાં પ્રમોદભાવનાનું ક્ષેત્ર બહુ સુંદર રીતે સ્પષ્ટ કર્યું છે. એમાં મધ્યસ્થભાવનાનો ભાવ લાવી છેલ્લી યોગભાવનાને જરા આકાર આપ્યો છે, પણ તે પ્રસ્તુત હોઈ પ્રાસંગિક છે. વાત એમ છે, કે ગુણવાન પ્રાણી

ગુણ જુએ ત્યાં રાજી રાજી થઇ જાય છે, એના હૃદયની અંદર આનંદ થઈ આવે છે. એની એને ઊર્મિઓ થાય છે અને એ વ્યક્ત કર્યા વગર એ હૃદયને ખાલી કરી શકતો નથી. ગુણમાં તો અનેકનો સમાવેશ થાય છે, એ પ્રત્યેકમાં વળી તરતમતા હોય છે અને પ્રત્યેકનું સ્થાન વિકાસક્રમમાં જુદું જુદું હોય છે, પણ નાનો મોટો પ્રત્યેક ગુણ પ્રમોદને પાત્ર છે અને ખૂબ મજા આપે તેવો છે.

પ્રમોદભાવના અન્યને અનુલક્ષીને કરવાની છે. એક પરોપકારી માણસનું દૃષ્ટાંત લઈ તેની પ્રશંસા કરીએ ત્યારે મનમાં જે અવર્ણનીય આનંદ થાય છે તે અનુભવગમ્ય જ છે. એ ગરીબો માટે, જરૂરિયાતવાળા માટે રાતદિવસ જે અગવડો ખમતા હોય અને અનેક પ્રકારની ઉપાધિનું દુઃખ ઓછું કરાવવા કે દૂર કરાવવા યત્ન કરતા હોય તેનો વિચાર કરતાં આત્મા ઉન્નત દશા અનુભવે છે. એના કાર્યમાં કાંઈ ક્ષતિ હોય તો એ વિચારવાનું આપણું કામ નથી, એને પર-સેવા કરવામાં કાંઈ હેતુ હશે એમ ધારી લેવું એ આપણી નિર્બળતા અથવા અંદર રમી રહેલ ઈર્ષ્યા સૂચવે છે. એ આપણું કામ નથી, એ આપણું ક્ષેત્ર નથી, એ આપણો વિષય નથી. આપણે તો જે કોઈ પરોપકાર કરનાર હોય તેને પ્રશંસીએ અને તેમ ન જ બને તેમ હોય તો ચૂપ રહીએ, પણ પર-સેવા કરનારની નિંદા કે દોષારોપણમાં તો કદી ભાગ ન જ લઈએ.

આ પ્રમોદભાવના લખતાં દોષ પર કાંઈ ન લખાય તો સારું. ગુણ જોવા અને ગુણ જોઈ પ્રશંસા કરવી, આનંદમગ્ન થવું એ દૃષ્ટિએ લખવાનો જ વિચાર હતો. સહજ દુર્ગુણ તરફ ધ્યાન અતિ અનિવાર્ય હોય ત્યાં જ ખેંચ્યું છે.

ખરી પ્રમોદભાવનાવાળાને ભારે મજા છે. એના વિશાળ હૃદયમાં આ દુનિયામાં પ્રકાશ જ દેખાય છે. એ જનાવરમાં, પક્ષીમાં, જળચરોમાં અને નાનાં જંતુઓમાંથી પણ ગુણ શોધી શકે છે અને તેને બહલાવે છે, સાધારણ રીતે દુઃખ, દર્દ, શોક અને આપત્તિમય અસાર સંસારમાં ગ્લાનિના પ્રસંગો વધારે હોય છે, પણ પ્રમોદવાળા ચિત્તને તો એમાં પણ આનંદ જ હોય છે. એનું ધ્યાન જ ગુણ શોધવા તરફ હોય છે અને "જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ" એ ન્યાયે એ તો જ્યાં જુએ ત્યાં એને ગુણ જ દેખાય છે.

પ્રમોદભાવના કરનારમાં સહનશીલતા ગુણ એટલો વધી શકે છે કે એનું વિશ્વ-બંધુત્વ મૈત્રીભાવનાને એના ઉત્કૃષ્ટ આકારમાં રજૂ કરે છે. એ પ્રત્યેક ધર્મ કે સંપ્રદાયમાંથી વિશુદ્ધ તત્ત્વ શોધી તેની પ્રશંસા કરે છે, એ પ્રત્યેક ક્રિયામાંથી રહસ્ય શોધી તેનો લાભદાયક પ્રકાશ પ્રાપ્ત કરે છે, એ મહાતોફાની વિષયી કે વ્યસની પાસેથી પણ તત્ત્વ શોધી શકે છે અને એ તત્ત્વગવેષી થઈ આત્મવિકાસ વધારતો જ જાય છે.

પ્રમોદભાવિત આત્માને ધર્મરાગ ખૂબ હોય છે. એ કોઈ ધર્મ કે પંથની કદી નિંદા તો ન જ કરે, પણ તેમાંથી એ સત્ય તારવે, દૃષ્ટિબિન્દુઓ સમજે અને પોતે ખૂબ વિકાસ પામતો જાય. સાથે અન્યને આદર્શ દૃષ્ટાન્ત પૂરું પાડતો જાય.

પ્રમોદભાવનાવાળાને વય કે લિંગ ઉપર લક્ષ કદી જતું નથી. અમુક પ્રાણી વયમાં નાનો છે કે મોટો, અથવા તેણે અમુક પ્રકારનાં વસ્ત્રો પહેર્યાં છે કે નહિ કે હાથમાં અમુક ચીજો રાખી છે કે નહિ કે કપાળ ઉપર અમુક ચિહ્ન કર્યું છે કે નહિ એ તેની દૃષ્ટિમર્યાદાનો વિષય ન હોય. એનું ધ્યાન તો ગુણ તરફ જ હોય. ગમે તે વય કે ગમે તે લિંગ હોય, એ તો જ્યાં ગુણ જુએ ત્યાં નમન કરે અને બહલાવવા અનેકવિધ પ્રયોગો કરે. આ વિશાળતા ભવ્ય છે, સ્પૃહણીય છે, વિકાસને માર્ગે ખૂબ સહાયક છે. ગુણના સંબંધમાં એક વાર્તિકમાં કહેવામાં આવ્યું છે કે–'गुणा गुणज्ञेषु गुणा भवन्ति, ते निर्गुणं प्राप्य भवन्ति दोषाः।' 'ગુણો ગુણ જાણનારમાં ગુણરૂપે પરિણામ પામે છે, તે જ બાબતો નિર્ગુણીને પ્રાપ્ત થતાં દોષરૂપ થઈ જાય છે.' આ વાતમાં ખૂબ રહસ્ય છે. આપણે જે દૃષ્ટિએ જગતને નિહાળીએ તેવી સૃષ્ટિ આપણને દેખાય છે. આ મુદ્દા પર આપણે ઉપર સહજ વિચાર કર્યો હતો. નદીનાં સુંદર મીઠાં જળ સમુદ્રમાં જાય ત્યારે ખારાં થઈ જાય છે. આમાં સંસર્ગદોષ કેટલું કામ કરે છે તેનું દૃષ્ટાન્ત સમજાય છે. શત્રુંજયા નદી મૂળમાં બહુ મીઠી છે, પ્રવાહે મીઠી છે, પરંતુ તેમાં ગાગડીઓ નામની નદી ભળે છે ત્યારથી તે ખારી થઈ જાય છે. મતલબ એ છે કે–ગુણ જાણનાર, ગુણને ઓળખનાર, ગુણની પિછાન કરનાર ગુણને ગુણ તરીકે ઓળખે છે અને તે જ બાબતો નિર્ગુણી પાસે જાય છે ત્યારે તેમાંથી તે દોષો તારવે છે.

આપણે તો પરોપકાર કરનાર, ઉદારતા ધરાવનાર, સેવા કરનાર, સમાજ–ઉદ્ધારના કામ કરનાર, દુઃખ–દર્દ ઓછાં કરવાના પ્રયત્ન કરનાર, ધર્મોપદેશદ્વારા અંતરંગ વૃત્તિ સુધારનાર અને અહિંસા તથા સત્યના પયગામ પહોંચાડનારના ગુણો ગાવા, તેને માટે તેનું બહુમાન કરવું અને તે ગુણવિકાસ દુનિયામાં વિસ્તરે તેટલા માટે ઇષ્ટ પ્રયત્ન કરવા. અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે આખી દુનિયાને સુધારવાનો આપણે સોદ્દો (કોન્ટ્રેકટ) કર્યો નથી, પણ જ્યાં ગુણ દેખાય ત્યાં પ્રશંસવા અને ન દેખાય ત્યાં મૌન રહેવા તો જરૂર બંધાયા છીએ. બંધાયા છીએ એટલે જે આપણે આપણો આત્મવિકાસ સાધવો હોય તો તેમ કરવું એ આપણી આપણા તરફની ફરજ છે.

કોઈ સંતપુરુષ હોય, આધિ–ઉપાધિ–રહિત હોય, સંસારબંધનને છોડી આનંદ માણતા હોય–એના ત્યાગની, એના વર્તનની, એની સત્યપ્રિયતાની પ્રશંસા કરીએ ત્યારે અંતરાત્મા કઈ દશા અનુભવે છે? ત્યાં કેટલી શાંતિ થાય છે? કેવો વિલાસ થાય છે? કેટલો તેજઃપુંજ જણાય છે? આ વિચારીએ એટલે ગુણદૃષ્ટિ આવે છે અને એવી દૃષ્ટિ આવી ગઈ એટલે તો પછી ઉત્તરોત્તર વીતરાગભાવમાં પણ પ્રમોદ થાય છે અને જે ભાવનો પ્રમોદ થયો ત્યાં પહોંચવાનું લક્ષ્ય થાય છે. લક્ષ્ય નિર્ણીત થયું એટલે તેની પ્રાપ્તિ માટે પ્રયત્ન થાય છે અને પ્રયત્ન શરૂ થતાં સાધનોની શોધ થાય છે. સાધનો મળતાં જે આજનું સાધ્ય હોય તે આવતી કાલનું પ્રાથમિક પદચલન બને છે. આ રીતે પ્રમોદભાવ સાધ્યપ્રાપ્તિનો માર્ગ સરળ કરી આપે છે.

પ્રમોદભાવ સ્ત્રીપુરુષના ભેદને વિસરાવે છે, મહાન સહિષ્ણુભાવ પ્રાપ્ત કરાવે છે, નિરર્થક કથની કે નિંદામાંથી બચાવે છે, ઈર્ષ્યા–અસૂયાને ભુલાવી દે છે, માત્સર્યને ખસેડી નાખે છે, પૈશુન્ય કે અન્યાયને પાદપ્રહાર કરે છે, કલહ–કંકાસને તિલાંજલિ આપે છે, મનને વિશાળ બનાવે છે, કલ્પનાશક્તિને તીવ્ર બનાવે છે, વિચારણાશક્તિને વેગ આપે છે અને સંક્લિષ્ટ ભાવ, તુચ્છતા કે મંદતાને દૂર કરી દે છે.

એકાંતમાં બેસી જરા ચેતનરામ સાથે વાતો કરીએ, જે મહાપુરુષોએ એને જોયો છે, જાણ્યો છે તેને યાદ કરીએ, દુનિયાની જંજાળમાંથી જરા મુક્ત થઈ કોઈ પર્વતના શિખર પર કે ગિરિકંદરામાં કે વનપ્રદેશમાં બેસી જરા મહાપુરુષોનાં યશોગાન ગાઈએ, ત્યાં બેસી **'अब हम अमर भये न मरेंगे'** એવા ભાવો ગાઈએ, એના ગાનારને યાદ કરીએ, નિશદિન એનાં રટણ કરીએ ત્યારે જે અનિર્વચનીય આહ્લાદ થાય તે વચનાતીત છે, શબ્દાતીત છે, વર્ણનાતીત છે.

મનને વિશાળ કરનાર, આદર્શને નિર્મળ કરનાર, દુનિયાના સત્ત્વશાળી પુરુષોને પોતાની કૂખમાં લાવનાર, સદા ઉજ્જવળ બાજુ ઉપર લક્ષ્ય રાખનાર પ્રમોદભાવમાં શાંતસુધારસની જમાવટ છે, રેલછેલ છે, આનંદમહોદય છે અને પ્રગતિમંદિરનું તે ખરું સોપાન છે. શ્રીમદ્વિનયવિજય ઉપાધ્યાય પ્રમોદપૂર્વક પ્રમોદભાવમાં લીન થવા પ્રેરણા કરે છે. એ માર્ગે પ્રગતિ કરી ધર્મધ્યાનનું અનુસંધાન કરો.

इति प्रमोदभावना. १४.

જિહ્વા ડાહી થઇને ગુણીના ગુણનું પ્રેમે કરજે ગાન,
અન્ય-કીર્તિને સાંભળવાને સજ્જ થજો હે બંને કાન;
પ્રૌઢ લક્ષ્મી બીજાની નીરખી નેત્રો તુમ નવ ધરજો રોષ,
પ્રમોદભાવનાભાવિત થાશો તો મુજને તુમથી સંતોષ.

૫. અમૃતવિજયજી

પ્રકરણ પંદરમું

કરુણાભાવના

માલિની

प्रथममशनपानप्राप्तिवाञ्छाविहस्ता–
स्तदनुवसनवेश्मालङ्कृतिव्यग्रचित्ताः ।
परिणयनमपत्यावाप्तिमिष्टेन्द्रियार्थान्,
सततममभिलषन्तः स्वस्थतां क्वाश्नुवीरन्[1] ॥ क १ ॥

शिखरिणी

उपायानां लक्षैः कथमपि समासाद्य विभवं,
भवाभ्यासात्तत्र ध्रुवमिति निबध्नाति हृदयम् ।
[2]अथाकस्मादस्मिन्विकिरति रजः क्रूरहृदयो,
रिपुर्वा रोगो वा भयमुत जरा मृत्युरथवा ॥ ख २ ॥

स्रग्धरा

स्पर्धन्ते केऽपि केचिद्दधति हृदि मिथो मत्सरं क्रोधदग्धा,
युध्यन्ते केऽप्यरुद्धा धनयुवतिपशुक्षेत्रपद्रादिहेतोः ।
केचिल्लोभाल्लभन्ते विपदमनुपदं दूरदेशानटन्तः,
किं कुर्मः किं वदामो भृशमरतिशतैर्व्याकुलं विश्वमेतत् ॥ ग ३ ॥

क १. प्रथम પહેલાં તો (ક્રિ. વિ.) **अशन** ખાવાના પદાર્થો. **विहस्ता** વ્યાકુળ ચિત્તવાળા. **वसन** કપડાં. **वेश्म** ઘર. **अलंकृति** ઘરેણાં (સોના, રૂપા તથા ઝવેરાતની). **परिणयनं** લગ્નસંબંધ. **अश्नुवीरन्** મેળવે; પ્રાપ્ત કરે.

ख २. उपायानां लक्षैः લાખો ઉપાયો વડે. **कथमपि** મહામુશ્કેલીએ. **भवाभ्यास** અનાદિ અભ્યાસ; સંસ્કાર. **ध्रुव** સ્થાયી. **अकस्मात्** અણધારી રીતે; અણચિંતવી રીતે. **विकिरति** નાખે છે. **रजः** ધૂળ.

ग ३. स्पर्धन्ते સ્પર્ધા–હરીફાઇ કરે છે; મોટા કહેવરાવવા મથે છે. **मत्सर** માત્સર્ય; પરનો ઉત્કર્ષ ન સહન કરવાની વૃત્તિ; અદેખાઇ; ઈર્ષ્યા. **अरुद्धाः** કોઈ પણ જાતના અંકુશ વિનાના, **क्षेत्र** ખેતર; જમીન. **पद्र** ગામ; નગર. **अनुपदं** ડગલે ને પગલે. **अरतिशत** સેંકડો પીડા; ઉદ્વેગ; દુઃખ.

---

૧. પાઠાં. : **क्वाशु तीरन्**

૨. પાઠાં. : **कथा**

उपजाति

स्वयं खनन्तः स्वकरेण गर्तां,
मध्ये स्वयं तत्र तथा पतन्ति ।
[1]तथा ततो निष्क्रमणं तु दूरे–
ऽधोऽधः प्रपातादिरमन्ति नैव ॥ घ ४ ॥

प्रकल्पयन्नास्तिकतादिवाद–मेवं प्रमादं परिशीलयन्तः ।
[2]मग्ना निगोदादिषु दोषदग्धा, दुरन्तदुःखानि हहा सहन्ते ॥ ङ ५ ॥

शृण्वन्ति ये नैव हितोपदेशं, न धर्मलेशं मनसा स्पृशन्ति ।
रुजः कथंकारमथापनेया–स्तेषामुपायस्त्वयमेक एव ॥ च ६ ॥

अनुष्टुप्

परदुःखप्रतिकार–मेवं ध्यायन्ति ये हृदि ।
लभन्ते निर्विकारं ते सुखमायतिसुन्दरम् ॥ छ ७ ॥

घ ४. स्वकरेण પોતાના હાથ વડે જ. **गर्ता** ખાડો. **तथा** એવી રીતે. **निष्क्रमण** બહાર નીકળવાનું. **दूरे** છેટું રહે; દૂર રહે. **विरमन्ति** અટકે છે.

ङ ५. प्रकल्पयन् રચતાં; બનાવતાં; ગોઠવતાં. **प्रमादं** પ્રમત્તભાવ (પારિભાવિક–પરિચય જુઓ). **परिशीलयन्तः** પોષણ કરે છે (કૃદંત). **दुरन्त** છેડો ન આવે તેવાં; અપરંપાર. **हहा** આશ્ચર્ય.

च ६. धर्मलेश ધર્મનો અંશ; દેશથી ધર્મ. **कथंकारं** કયા ઉપાયે? **रुजः** વ્યાધિઓ. **अपनेया** નિવારણ કરવા; સારું કરવા.

छ ७. प्रतीकार નિવારણ; અટકાયત. **निर्विकारं** અનંત; વિકારરહિત; શાશ્વત. **आयतिसुन्दरम्** ભવિષ્યમાં કલ્યાણ કરનારું.

---

१. પાઠાં. : **यया**
२. પાઠાં. : **मग्ना**

ક ૧. પ્રથમ તો ખાવા-પીવાની વસ્તુઓની પ્રાપ્તિ કરવાની ઇચ્છા કરવામાં પ્રાણીઓ આકુળ-વ્યાકુળ રહે છે, ત્યાર પછી કપડાં લેવાં, ઘર બંધાવવાં, ઘરેણાં ઘડાવવાની બાબતમાં વ્યગ્ર રહે છે, ત્યારપછી લગ્ન-વિવાહ સંબંધમાં, પછી સંતતિની પ્રાપ્તિની બાબતમાં અને સાથે મનપસંદ ઇંદ્રિયોના ભોગો મેળવવાની અભિલાષાઓ કરવામાં વ્યાકુળ રહે છે–આમાં મનની સ્થિરતા કયાંથી મેળવે ?

ખ ૨. લાખો (સારા કે ખરાબ) ઉપાયો કરીને આ પ્રાણી જેમ તેમ સહજ વૈભવ મેળવે છે અને પ્રાપ્ત કરીને પૂર્વકાળના સંસ્કારના લાંબા અભ્યાસથી તે જાણે સ્થાયી જ હોય એમ ધારીને તેની સાથે હૃદયને જોડી દે છે, તેની સાથે પાકી ગાંઠ પાડી દે છે; પરંતુ દુષ્ટ ચિત્તવાળો શત્રુ અથવા રોગ અથવા ભય અથવા ઘડપણ અથવા તો વિકરાળ કાળ (મરણ) એ સર્વની ઉપર અણધારી રીતે ઓચિંતી ધૂળ ફેરવી દે છે.

ગ ૩. કેટલાંક પ્રાણીઓ બીજાની સાથે સ્પર્ધા–હરીફાઈ કર્યા જ કરે છે, કેટલાંક ક્રોધથી બળી-ઝળી જઈ પોતાના હૃદયમાં અંદર અંદર મત્સરભાવ (દ્વેષ–અસહનવૃત્તિ) રાખ્યા કરે છે, કેટલાંક પૈસા ખાતર, સ્ત્રી ખાતર, ઢોરઢાંખર ખાતર, જમીન ખાતર કે ગામ, નગર વગેરેની ખાતર નિરકુંશપણે મોટી લડાઈ માંડે છે, જંગ જમાવે છે, કેટલાં યે લોભની ખાતર દૂર પરદેશમાં રખડપાટી કરીને ડગલે ને પગલે આપદાઓને વહોરી લે છે. આ વિશ્વ-દુનિયા તો સેંકડો ઉદ્વેગો, આપત્તિઓ અને દુઃખોથી વ્યાકુળ થઈ ગયેલ છે. આમાં આપણે તે શું કરીએ અને શું બોલીએ ?

ઘ ૪. (પ્રાણી) પોતાના હાથથી ખાડો ખોદીને પોતાની જાતે જ તે ખાડામાં એવી રીતે ઊંડો ઊતરે છે કે તેમાંથી બહાર નીકળવાની વાત તો દૂર રહી, પણ એમાં વધારે ને વધારે ઊંડા પતનની બાબતથી પણ તે વિરામ પામતો નથી.

ઙ ૫. પ્રાણીઓ નાસ્તિક વગેરે વાદોની રચના કરીને પ્રમત્તભાવનું પોષણ કરે છે અને દોષોથી બળેલા-ઝળેલા રહીને નિગોદ વગેરેમાં ઊતરી જઈને અપરંપાર દુઃખોને, અહાહા ! સહન કરે છે.

ચ ૬. જે પ્રાણીઓ હિતનો ઉપદેશ સાંભળતા નથી અને ધર્મના એક અંશને મનથી પણ સ્પર્શતા નથી–સ્વીકારતા નથી, તેમના વ્યાધિઓ કયા ઉપાયથી દૂર કરવા ? તેમને માટે તો આ એક જ ઉપાય છે.

છ ૭. એવી રીતે પારકાનાં દુઃખોના નિવારણનો ઉપાય જે પ્રાણી પોતાના મનમાં ચિંતવે છે તે વિકાર વગરનું અને ભવિષ્યમાં મહા-કલ્યાણ કરનારું સુખ પ્રાપ્ત કરે છે.

गेयपद्याष्टक

सुजना ! भजत मुदा भगवन्तं, सुजना ! भजत मुदा भगवन्तम् ।
शरणागतजनमिह निष्कारणकरुणावन्तमवन्तम् रे ॥ सुजना !० ॥ १ ॥
क्षणमुपधाय मनः स्थिरतायां, पिबत जिनागमसारम् ।
कापथघटनाविकृतविचारं, त्यजत कृतान्तमसारं रे ॥ सुजना !० ॥ २ ॥
परिहरणीयो गुरुरविवेकी, भ्रमयति यो मतिमन्दम् ।
सुगुरुवचः सकृदपि परिपीतं, प्रथयति परमानन्दं रे ॥ सुजना !० ॥ ३ ॥
कुमततमोभरमीलितनयनं, किमु पृच्छत पन्थानम् ।
दधिबुद्ध्या नर जलमन्थन्यां, किमु निदधत मन्थानम् रे ॥ सुजना !० ॥ ४ ॥
अनिरुद्धं मन एव जनानां, जनयति विविधातङ्कम् ।
सपदि सुखानि तदेव विधत्ते, आत्माराममशङ्कम् ॥ सुजना !० ॥ ५ ॥
परिहरताश्रवविकथागौरव–मदनमनादिवयस्यम् ।
क्रियतां सांवरसाप्तपदीनं, ध्रुवमिदमेव रहस्यं रे ॥ सुजना !० ॥ ६ ॥
सह्यत इह किं भवकान्तारे, गदिनिकुरम्बमपारम् ।
अनुसरताहितजगदुपकारं, जिनपतिमगदङ्कारं रे ॥ सुजना !० ॥ ७ ॥
शृणुतैकं विनयोदितवचनं, नियतायतिहितरचनम् ।
रचयत सुकृतसुखशतसन्धानं, शान्तसुधारसपानं रे ॥ सुजना !० ॥ ८ ॥

---

१. **सुजना** सज्जन–सारा माणुसो. **कारण** अपेक्षा; हेतु. **अवन्तम्** रक्षण करता; बचावता.

२. **क्षणं** थोडो वखत. **उपधाय** स्थापीने. **कापथ** खोटो मार्ग. **घटना** रचना. **कृतान्त** धर्मनिर्णय; Degma.

३. **अविवेकी** हित–अहित न समजनार; अल्पज्ञ. **भ्रमयति** चक्करे चढावे छे; गोटाळामां नांखी दे छे. **मतिमन्द** ओछी बुद्धिवाळा; साधारण समजणवाळा.

४. **कुमत** मिथ्या अभिप्राय; तुच्छ मत. **भर** राशि. **मीलित** अंजायली; भींचाइ गयेली; चोंटेली. **दधि** दही. **जलमन्थनी** गोळी; **मन्थानं** रवैयो; मन्थानदंड; दही वलोववानुं साधन.

५. **अनिरुद्ध** रोध कर्या वगरनुं; निरंकुश. **आतंक** पीडा; संताप; व्याधि. **सपदि** शीघ्र; तुरत. **आत्माराम** आत्मभगीचामां फरनार.

---

* **२।७ :**—'आज गया'ता अमे समवसरणमां'ए देशीमां चालशे, पण पंक्तिने छेडे '२' नथी आवतो त्यां छेल्लुं पद जरा खेंचवुं पडशे. प्रतमां 'रामइली राग' जणाव्यो छे. 'हमारो अंबर देहु मुरारि'ए देशी जणावे छे.

૧. સજ્જન બંધુઓ ! અંતઃકરણના ઉલ્લાસપૂર્વક ભગવાનને ભજો. તમે પૂર્ણ આનંદથી ભગવાનને ભજો. એ ભગવાન કોઈ પણ પ્રકારની અપેક્ષા વગર કરુણાવાળા છે અને એમને શરણે આવેલાનું રક્ષણ કરનારા છે. એવા ભગવાનને ભક્તિથી ભજો.

૨. (તમારા) મનને થોડો વખત સ્થિરતામાં સ્થાપન કરીને જિનાગમનો સ્વાદ ચાખો અને આડા-અવળા માર્ગોની રચનાથી તમારું વિચાર-વાતાવરણ વિકાર પામી જાય છે તે વિચારશ્રેણીને નુકસાન કરનાર અને અસાર સમજીને તેનો ત્યાગ કરો.

૩. હિતાહિત ન સમજનાર ગુરુ (ધર્મોપદેશક) જે સાધારણ અથવા મંદબુદ્ધિવાળા પ્રાણીને ભ્રમમાં નાખી દે છે તેનો ત્યાગ કરવો ઘટે. સદ્‌ગુરુ-મહાત્માનું વચન એક વાર પણ સારી રીતે પીધું હોય તો લીલાલહેર વિસ્તારે છે.

૪. ખોટા અભિપ્રાયના અંધકાર-રાશિથી જેની આંખો અંજાઈ ગઈ હોય એવાને તું માર્ગસંબંધી સવાલો શા માટે પૂછે છે ? પાણીની ગોળીમાં દહીંની સમજણથી તારી રવઈને શા માટે નાખે છે ?

૫. પ્રાણીઓના મનને અંકુશ વગર છૂટું મૂકી દીધું હોય તો તે અનેક પ્રકારની પીડા-ઉપાધિઓ કરી મૂકે છે. એ જ મનને જો આત્મારામની વાટિકામાં રમણ કરતું અને શંકા વગરનું કર્યું હોય તો તે એકદમ સુખોને આપે છે.

૬. અનાદિ કાળના દોસ્ત થઈ પડેલા આશ્રવો, વિકથાઓ, ગૌરવો અને કામદેવને તું તજી દે અને સંવરને તારો મિત્ર બનાવ. ખરેખર, આ સાચેસાચું રહસ્ય છે.

૭. આ સંસારરૂપ મહા-અરણ્યમાં પાર વગરના વ્યાધિઓના સમૂહોને શા માટે સહન કરો છો ? જિનપતિ નામના વૈદ્યરાજ જે જગતની ઉપર ઉપકારો કરી રહ્યા છે તેને અનુસરો.

૮. વિનયે કહેલું વચન જે ચોક્કસપણે ભવિષ્યમાં (તમારા) હિતની રચના કરનાર છે તેને એકવાર બરાબર સાંભળો અને અનેક પ્રકારનાં પુણ્ય અને સેંકડો સુખોની સાથે અનુસંધાન કરી આપનાર શાંતસુધારૂપ અમૃતનું પાન કરો.

---

૬. **परिहरत** છોડો; તજો. **मदन** કામદેવ; સ્પર્શેન્દ્રિય રાગ. **संवर** સંવરની. **सातपदीन** મિત્ર. **ध्रुव** નક્કી; Certainly.

૭. **सह्यत** તમે સહો છો—ખમો છો. **कान्तार** જંગલ, અરણ્ય. **गद** વ્યાધિ. **निकुरंब** સમૂહ. **आहित** સંપાદિત; કરેલ. **अगदङ्कार** ઔષધ કરનારા; વૈદ્ય.

૮. **एक** અદ્વિતીય અથવા એકવાર. **विनयोदित** વિનયે કહેલું. **नियत** ચોક્કસ; **सुकृत** પુણ્ય; સદાચરણ. **सन्धानं** આત્મા સાથે સંયોજન. **रचयत** કરો; રચો; બનાવો.

ક ૧. ચિત્તની સ્થિરતા પ્રાપ્ત કરવા માટે એમાં જે રાગ-દ્વેષનો કચરો જામ્યો છે તે પ્રથમ દૂર કરવો જોઈએ, અને તે માટે આ મૈત્ર્યાદિ ચાર ભાવનાની યોજના કરવામાં આવી છે. જેમ મૈત્રીભાવનામાં રાગને વિશ્વ સુધી લંબાવતાં એ વિશાળ બની આખરે તેમાં લય પામી જાય છે, તેમ દ્વેષનો ત્યાગ કરવાનો ઉપાય આખા વિશ્વમાં દયાભાવને લંબાવતાં પ્રાપ્ત થાય છે. પારકાના દુઃખસંબંધી વિચાર કરતાં અને તેમાંથી તેને બચાવવાનો વિચાર કરતાં પ્રાણી વિશ્વબંધુત્વભાવની પેઠે પોતાની કરુણાની પાંખો ચારે તરફ વિસ્તારે છે અને પરિણામે એ પોતાની જાતને વીસરી જઈ વિશ્વદયામાં લીન થઈ જાય છે. આવા પ્રાણીને પારકાનાં દુઃખો જોવાનું, તેનો અભ્યાસ કરવાનું, તેનું પૃથક્કરણ કરવાનું, તેને દૂર કરવાના ઉપાયો વિચારવાનું અને તે દ્વારા ચિત્તનો પ્રસાદ પ્રાપ્ત કરવાનું સદ્ભાગ્ય સાંપડે છે. એટલા માટે પારકાનાં દુઃખોના પ્રકારો વિચારવા અને તેના પ્રતિકારો (દુઃખ દૂર કરવાના ઉપાયો) વિચારવા એ યોગપ્રગતિમાં મનને સ્થિર કરવાને અંગે અતિ અગત્યનો ભાગ ભજવે છે. દુઃખના પ્રકારો આ સંસારમાં એટલા બધા છે કે એને સર્વાંશે તો શું પણ એના એક વિભાગના નાના અંશને પણ પૂરતો ન્યાય આપી શકાય નહિ. એટલા માટે દુઃખના પ્રસંગો પર સામાન્ય અવલોકન કરી લેખક-મહાત્મા તેના ઉપર વિચારણા કરે છે અને બાકીની હકીકત વાચકની બુદ્ધિ પર છોડે છે.

આ દુઃખપરંપરાની વિચારણામાં પ્રતિકારના પ્રસંગો આવી જશે અને પ્રત્યેક પ્રસંગમાં દયા એના ઉત્કૃષ્ટ આકારમાં બહાર આવશે. આટલો સામાન્ય ઉપોદ્ઘાત કરી આપણે એ પ્રસંગો અને પ્રતિકારના માર્ગો વિચારી જઈએ.

બાહ્ય ક્રિયાઓ પર કાંઈ ખાસ આધાર નથી. આપણે જોયું છે કે બાહ્ય દૃષ્ટિએ સમાન ક્રિયા કરનારના કર્મબંધમાં ઘણો તફાવત પડે છે. તે ક્રિયા કરતી વખતે મનની પ્રવૃત્તિ કેવા પ્રકારની વર્તે છે તે પર કર્મબંધનો આધાર રહે છે. એક ટેબલ પર બેસી વાતો કરનારમાંથી એક તીવ્ર ક્લિષ્ટ કર્મબંધન કરે અને બીજો કર્મની નિર્જરા કરે એ બનવાજોગ છે. માનસિક હલનચલન પર કર્મબંધનો ઘણો આધાર છે.

એ મનને સ્થિરતા પ્રાપ્ત થાય, અને જ્યાં ત્યાં રખડતું બંધ કરાય અને એ ખૂબ પ્રસાદ પામે એ મુખ્ય કર્તવ્ય છે. મનને કબજામાં રાખવું એ રાજયોગ છે અને 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' એ યોગી આનંદઘનજીનું વચન નિઃશંક સત્ય છે. નીચેના પ્રસંગો વિચારો. એ જ્યાં હોય ત્યાં મનની સ્થિરતા સંભવે ખરી ?

આ પ્રાણીને સર્વથી પ્રથમ તો ખાવાની વસ્તુઓ મેળવવાની વાંછા પાર વગરની હોય છે. એ ગરીબ હોય તો અનાજ, શાક, ઘી, વગેરે કયાંથી લાવવા તેની પીડા તેને હોય, ધનવાન હોય તો આજે કેટલાં શાક કરવાં તેની ખટપટ, પરિચયવાળો હોય તો આજે મહેમાનોને શું જમાડવું તેની ખટપટ, ઉજાણીમાં કે જમણવારમાં કયાં કયાં શાકોના

સંયોગો કરવા, કેટલી ચટણીઓ બનાવવી, રસોઈ કેવી બનાવવી, ઠામ-વાસણ કયાંથી લાવવાં વગેરે અનેક પ્રકારની ભોજનને લગતી ગોઠવણો કરવાની હોય છે. જેને હોય છે એ કદી પણ ધરાતો નથી અને ન હોય તે તો ધરાય જ શેનો ? ઓછું હોય તેને 'जठरपीढरी दुःपुरेयं, करोति विडम्बनाम्'— આ પેટરૂપ ખાડો કદી પુરાતો નથી અને વિડંબના કર્યા કરે છે. જેને બહુ હોય તેને અપચો, બંધકોશ અને અતિસારની ગૂંચવણ થયા કરે છે. વાત એ છે કે, એક અથવા બીજા આકારમાં પ્રાણી ખાવાની બાબતમાં ઘડભાંજ કર્યા જ કરે છે અને તેને માટે વિહ્વળ રહ્યા કરે છે. એટલી જ ગૂંચવણ 'પાન'ની આવે છે. પાન એટલે પીણું. ઉનાળામાં ઠંડાં પાણી રાખવાં, શિયાળામાં સહેજ ગરમ રાખવું અને નવા યુગમાં ફૂલઓમાં મદિરા વગેરે અનેક પ્રકારનાં પીણાંની અનેક વિવિધતાઓ ચાલ્યા જ કરે છે. આમાં ભાંગ, દુધિયું, દૂધ, સોડાલેમન વગેરે ઠંડાં પીણાંનો સમાવેશ થઈ જાય છે. સર્વથી પ્રથમ ખાવાપીવાની વસ્તુઓની વાંછાથી ચિત્તમાં ઉદ્વેગ થાય છે. આ સ્થિતિમાંથી સંન્યાસી સાધુઓ પણ ભાગ્યે જ મુક્ત રહે છે. મુક્ત હોય તે જરૂર વંદ્ય છે.

પછી કપડાંની ખટપટ, તે ખરીદવાની વ્યગ્રતા અને ફેશનની તપાસણીમાં વ્યગ્રતા ખૂબ થાય છે. સ્ત્રીઓને તો આ વ્યગ્રતાનો પાર નથી. બ્લાઉઝના આકાર, બોડિસના પ્રકાર અને પીન લગાવવાની પીડામાં તથા બાલની ટાપટીપમાં વ્યગ્રતાનો પાર નથી. આમાં ન હોય તેને અને હોય તેને પણ અગવડો અને ચિત્તની અસ્થિરતા કેટલી થાય છે તે અવલોકન કરવા જેવું છે.

ત્યારપછી ઘરનું ઘર કરવું—તેના પ્લાનો (નકશાઓ) તૈયાર કરાવવા અને ચણતરની સેંકડો સામગ્રીઓ તથા કડિયા-સુતાર સાથેની માથાકૂટ અને ઘર બંધાવ્યા પછી પણ તેનાં રંગ, શોભા અને બગીચાની બાબતો તથા ગૃહોપસ્કરની ખરીદી અને ગોઠવણ ઇત્યાદિ અનેક પ્રકારની વ્યગ્રતા ઉત્પન્ન કરે છે.

ત્યારપછી એનું મન ઘરેણાં ઘડાવવા-તૈયાર કરવા તરફ જાય છે. ઝવેરાત અને સોનારૂપાના દાગીનાઓ મનુષ્યનો સમય રોકે છે. અને છતાં સાંપડેલ ચીજની કિંમત બહુ થોડા દિવસ જ ટકે છે એ જાણીતી વાત છે. આ સર્વ બાબતો પ્રાણીને આખો વખત ઊભો ને ઊભો જ રાખે છે. એને ઊંઘમાં પણ શાંતિ મળતી નથી.

આ ઉપરાંત પરણવાની ખટપટ ઓછી નથી. નવયુગમાં તો વળી તે નવા આકારો ધારણ કરતી જાય છે. ઊગતી વય, પૂર્વ-પશ્ચિમની ભાવનાનું સંઘર્ષણ અને આખી વિવાહ-પદ્ધતિને નવયુગ સાથે એકરૂપ થતાં બહુ સમય લાગે તેમ જણાય છે. પોતાના કે પોતાનાં જે હોય તેના લગ્નનો પ્રશ્ન ચિત્તને ખૂબ વ્યગ્ર કરે છે. પરણેલાને સુખ નથી અને વાંઢા (કુંવારા)નાં માનસિક દુઃખોનો પણ પાર નથી.

લગ્ન પછી છોકરાં થાય એટલે એને ઉછેરવાની, કેળવવાની, વ્યવહારમાં જોડવાની ખટપટ રહ્યા જ કરે છે. આને લીધે ચિત્તની સ્થિરતા પ્રાપ્ત થતી નથી.

સર્વથી વધારે તો પાંચે ઇંદ્રિયના વિષયો ખૂબ જોર કરે છે. એ જ્યાં ત્યાં પ્રાણીને માથાં મરાવે છે. એને કોઈ પ્રકારના ભોગથી તૃપ્તિ થતી નથી અને એક ઇચ્છા સહજ પૂરી થાય ત્યાં બીજી જાગે છે. એને રાગરાગણી સાંભળવાની ઇચ્છાઓ, નાટક-સિનેમા જોવાના શોખો, સંગીતને સ્વાયત્ત કરવાની ભાવનાઓ, સ્ત્રી ભોગવવાની અભિલાષાઓ એવી તો વળગેલી હોય છે કે એને એકે કાર્યમાં સ્થિરતા થતી નથી અને મન આખો વખત આકુળ-વ્યાકુળ રહ્યા કરે છે.

આમાં ચિત્તની એકાગ્રતા ક્યાં થાય ? પ્રાણી પોતાને હાથે સંયોગો ઊભા કરે છે અને પછી એનાથી જ મૂંઝાય છે. એમાં હોય તેને સંતોષ નથી અને ન હોય તેને તો દુઃખનો પાર નથી.

આવા પ્રકારની પરિસ્થિતિમાં શાંતિનો સવાલ ક્યાં થાય ? કેમ મળે ? કેવી રીતે મળે ? મનઃપ્રસાદ-ચિત્તસ્થૈર્ય કેમ થાય ?

આવા સંયોગોમાં પડેલા, સ્વયં દુઃખને ઊભું કરી તેનાથી હેરાન થનારા પ્રાણીન સંયોગો પર કરુણાભાવ ન આવે તો બીજું શું થાય ? ખૂબ વિચારવા જેવી આખી પરિસ્થિતિ છે. ચારે તરફ દાવાનળ સળગી રહ્યો છે, ભયંકર ઉકળાટ છે, હાથે ઊભો કરેલો ત્રાસ છે અને ગૂંચવણનું ચક્કર દેખાય છે. અનંત દયાવાન્ પ્રભુ કે યોગીને એ જોઈ હૃદયમાં શું ભાવ ઉત્પન્ન થતો હશે તેનો ખ્યાલ કરવા જેવું છે.

ख ૨. કરુણાના પ્રસંગોનો આ દુનિયામાં પાર નથી. અભિલાષાઓની વિવિધતા મનને સ્થિરતા આવવા દેતી નથી એ વાત ઉપર જોઈ. હવે વૈભવની પ્રાપ્તિ, રક્ષણ અને નાશને અંગે કેવી કરુણાસ્પદ સ્થિતિ પ્રાણી ઉત્પન્ન કરે છે તે વિચારીએ.

આ પ્રાણી વ્યાપાર કરે, સાચાં-ખોટાં કરે, પરદેશ જાય, ઉજાગરા કરે, ખાવા-પીવાનું વીસરે, પોતાના સિદ્ધાન્તો કે ધર્મના આદેશોને લાત મારે, ન બોલાવવા યોગ્યની ખુશામત કરે, મહાઆરંભવાળા કર્માદાનના વ્યાપાર આચરે, અપ્રામાણિકપણું કરે, ચોખ્ખો લૂંટારાનો ધંધો હોય તેમ છતાં શાહુકાર હોવાનો દાવો કરે અને સફલાગ્યથી વૈભવને એકઠો કરે; પણ એને એમાં કદી સંતોષ તો થતો જ નથી. એ સર્વ ધન, ગૃહ, અલંકારને પોતાનાં માની બેસે, એને સ્થાયી માની બેસે, એ ઘરનાં ઘર યાવચ્ચંદ્ર-દિવાકરૌ પોતાનાં જ છે એમ માને, એ ખરીદીના દસ્તાવેજમાં આકાશથી પાતાળ સુધીના હક્કો પોતાના જ લખાવે અને અઘાટ વેચાણ કરી લે. આ સર્વની અંદર એને 'ધ્રુવતા'(સ્થાયિત્વ)નો ખ્યાલ થાય છે. એ મારું છે એવો જ એને ખ્યાલ હોય છે, અને એનો પડોશી એક ઇંચ જગ્યા દબાવે તો એ ઊંચો-નીચો થઈ જાય છે.

પછી એ અનેક પ્રકારના મનસૂબા કરે છે. છોકરાંના લગ્ન આવાં કરશું અને અમુક અમુકને આમ નોતરશું વગેરે વગેરે. આવા શેખચલ્લીના વિચારો ચાલતા હોય

છે અને મનમાં તરંગો થતા હોય છે ત્યાં કોઈ દુશ્મન આવી ફટકો મારે, અથવા કોઈ અસાધ્ય વ્યાધિ (ક્ષય, સંગ્રહણી વગેરે) થાય અથવા ન્યુમોનિયા કે ટાઇફોઇડ જેવો વિષમ જ્વર લાગી જાય અથવા કોઈ ભયનો પ્રસંગ આવે અથવા તો જમરાજા ઓચિંતુ આહ્વાન કરે એટલે સર્વ મનની મનમાં રહી જાય છે અને એકઠો કરેલો વૈભવ, વસાવેલ સામગ્રી, તૈયાર કરેલ ઘરેણાં અને પોતાની માનેલી સર્વ ચીજો અને સર્વ સંબંધીઓને અહીં મૂકી એકલા ચાલ્યા જવું પડે છે, અથવા નુકસાનીમાં આવી પડવાથી પોતાની વસ્તુઓ પારકાના હાથમાં જતી અથવા લિલામ થતી જોવી પડે છે. આમાંની એક પણ વાત ઉપજાવી કાઢેલ નથી. લગભગ દરરોજના અનુભવનો આ વિષય છે અને પ્રત્યેકને એક અથવા બીજા આકારમાં જરૂર બને છે. મકાન અને માલ પર ટાંચો લાગે અને માલ વગેરે વેચાય એ સર્વ હૃદયદ્રાવક પ્રસંગો આમાં આવી જાય છે.

આવા પ્રસંગો પ્રાપ્ત થયે પ્રાણીની ધારણાઓ ધૂળ મળે છે, ગણતરી ઊંધી પડે છે અને ન ધારેલું બની આવી રચેલ સૃષ્ટિનું આખું ચક્ર ફેરવી નાખે છે, એ આપણે મહાન વિગ્રહ પછી તો એટલું અનુભવ્યું છે કે એ પર ઉલ્લેખ કરવાની જરૂર ભાગ્યે જ હોય.

આમાં વિચારવાની વાત અંદરથી કરુણા ઉત્પન્ન કરે તેવી છે. એક બાજુએ પ્રાણીના વૈભવ મેળવવાનાં વલખાંને વિચારો, બીજી બાજુએ તેમાં નિષ્ફળ જનારાના ટકાઓ વિચારો પછી જેને મળી જાય તેના મનની સ્થિતિ વિચારો, પછી મળેલ વૈભવને કેમ જાળવી રાખવો એની ચિંતાઓ વિચારો અને છેવટે એ વૈભવ જાય અથવા છોડવો પડે ત્યારે થતી દુઃખમય સ્થિતિ વિચારો.

એ સર્વથી જરા પર થઈ, સામાન્ય દુન્યવી ખ્યાલોથી જરા ઊંચા આવી, થોડા વખત માટે પણ એનાથી પોતાની જાતને અલગ રાખી ચિંતવી જોશો તો એ વૈભવની ઉત્પત્તિ, સ્થિતિ અને રક્ષણમાં પડેલા પ્રાણીઓ જાણે કેફ કરી, ઊંધું માથું રાખીને મચ્યા જ રહેતા હોય એમ જરૂર લાગશે. એ સ્થિતિથી એમની સર્વ કાર્યપ્રવૃત્તિ તરફ તમને કરુણા આવશે, તમને એના ઉજાગરા, દોડાદોડ અને પરસેવા તરફ ગ્લાનિ થશે અને અંતે એના છૂટકારા અથવા છોડાવવાના પરિણામ તરફ તમને અંતરથી દયા આવશે. આવો કરુણાભાવ થાય અને એનો પ્રતિકાર કરવાનો વિચાર થાય તે મહાન છે, ભવ્ય છે, દિવ્ય છે અને સંગ્રહવા યોગ્ય છે.

ઉપર વર્ણવ્યા તે ઉપરાંત બીજા અનેક પ્રસંગો દુનિયામાં પ્રાપ્ત થાય છે, પણ આ પ્રાણીમાં વાસનાના સંસ્કાર એવા જામેલા હોય છે કે એ તો વસ્તુઓ ને ઘરબાર સાથે મડાગાંઠ બાંધે છે અને એ વસ્તુઓ કોઈકે દિવસ પણ છોડવી પડશે એમ માનતો જ નથી અને કોઈ તેવું સૂચવે તો તેને અપશુકન ગણે છે. આ સર્વ કરુણા ઉત્પન્ન કરે તેવી સ્થિતિ છે. આ વિચારણા એ કરુણાભાવનાનું મૂળ છે, એના પ્રતિકારના પ્રસંગો વિચારવા એ સાધ્ય છે.

ગ ૩. વ્યાકુળતાના નીચેના પ્રસંગો વિચારો :—

કેટલાક તો અન્યની સાથે સ્પર્ધા કરવામાં જ વ્યગ્ર રહ્યા કરે છે. એને બીજાની નજરમાં પોતાના હરીફ કરતાં સારા દેખાવું છે. અંદર વસ્તુ કે આવડત છે કે નહિ એનું એને કામ નથી. એને તો માત્ર હરીફાઈ કરવી છે. જ્ઞાતિઓના પટેલો, શેઠિયાઓ અને વ્યાપારીઓની અંદર અંદરની સ્પર્ધા જોઈ હોય તો વ્યાકુળતાનો ખરો ખ્યાલ આવે. જ્ઞાતિમાં કોઈ સારો થયો હોય તો તેને કેમ બેસાડી દેવો અથવા કાંઈ નહિ તો તેની ખોટી વાતો કરવી એ જીવનમંત્ર નાનાં શહેરો અને ગામડામાં ખાસ જોવામાં આવશે.

સ્પર્ધા કરતાં પણ મત્સર વધારે આકરો હોય છે. પરનો ઉત્કર્ષ સહન ન થાય એટલે ક્રોધથી બળી જાય છે અને પછી વાતો કરે તો થોડીક વાત સહજ સમજાય તેવી અને બાકીની દલીલમાં **शेषं कोपेन पूरयेत्**–જ્યાં અટકે ત્યાં ક્રોધ કરીને દલીલો પૂરી પાડવી. આ માત્સર્યથી વ્યાકુળતા હદ બહારની થાય છે.

પૈસા, સ્ત્રી, ગોધન, વાડી, ખેતર અથવા ગામગરાસને અંગે પ્રાણીઓ મોટા જંગ માંડી બેસે છે. ધનની ખરી લડાઈઓ તો કોરટોમાં જોવા જેવી થાય છે. સ્ત્રીની ખાતર ખૂનો થાય છે અને ફાંસીને લાકડે લટકવું પડે છે. જમીન, ઘર, વાડી, બગીચા, ગામ–ગરાસના કજિયામાં પ્રાણી ખુવાર થઈ જાય છે. અસલના વખતમાં મોરચા મંડાતા હતા અને લોહીની નદીઓ ચાલતી હતી, ત્યારે અત્યારે કોરટ, પોલિસ અને વકીલની સહાય લઈ યુદ્ધની ઇચ્છા પૂરી કરવામાં આવે છે. જર, જમીન અને જોરુના કલહોના સંબંધમાં અગાઉ ખૂબ વિવેચનો થયાં છે. અહીં વિચારવાની વાત એ છે કે એવા ઝગડામાં પડે એને અંદરની માનસિક અસ્થિરતા એટલી બધી થાય છે કે એ નિરાંતે જંપી શકતો નથી અને પાટિયાં ગોઠવવામાં અને પુરાવા તૈયાર કરવામાં વ્યાકુળતાનો પાર રહેતો નથી. આવા ઝગડામાં પડેલાને મનઃપ્રસાદ શું થાય ? એને આત્મારામ સાથે વાતો કરવાનો વખત પણ કયારે આવે ?

લોભને વશ પડેલા પ્રાણીઓનો અવતાર તો ખરેખર શ્વાન જેવો થઈ જાય છે. અહીંથી પૈસા મેળવું કે ત્યાં માથું મારું, આમ કરી નાખું કે તેમ કરી નાખું– આવા આવા વિચારો તેને આવ્યા જ કરે છે. પછી એ દૂર દેશમાં જાય છે, સટ્ટા ખેલે છે, જુગાર રમે છે, અપમાનો સહે છે અને ન કરવાનાં અનેક કૃત્યો કરે છે. એના જીવનમાં શાંતિ, ધૈર્ય કે નિરાંતને સ્થાન નથી. આપત્તિ આવે ત્યારે તે જરા પાછો પડે છે પણ 'હાયો જુગારી બમણું રમે' તેમ એ પડતો જાય છે, ઊઠતો જાય છે અને સાત ડગલાં આગળ ભરે તો પાંચ ડગલાં પાછો પડે છે. આમ ધક્કે ચઢેલા એની વ્યાકુળતાનો પાર રહેતો નથી.

સ્પર્ધા, મત્સર, ક્રોધ અને લોભનાં આ તો થોડાં ચિત્રો બતાવ્યાં છે, પણ એ પ્રત્યેકમાં એને આપત્તિ, અથડામણ અને રખડપાટો જ મળે છે, છતાં દુનિયા અત્યારે જાણે વ્યાકુળતાને વાયરે ચઢી ગઈ હોય એમ દેખાય છે.

ચારે તરફ મનોવિકારનાં કાળાં વાદળો દેખાય ત્યાં અમે તે શું કરીએ અને શું બોલીએ ? કેવા મોટા ઉપાય બતાવીએ અને કેવો ઉપદેશ આપીએ ? જાણે આખી દુનિયા મોહની મદિરા પીને ઘેલી થઈ ગાંડાની માફક ઠેકાણા વગરનાં વર્તન કરી રહી હોય એમ દેખાય છે. લેખકમહાત્મા કહે છે કે–અમને ઘણો વિચાર થાય છે અને દુનિયાની આ વિચિત્ર ચર્યા જોઈ એના ગાંડપણને અંગે ત્રાસ થાય છે. તમે આ ત્રાસો સમજો અને એમાં રસ લઈ ઝૂકી પડ્યા છો તેને બદલે એ ત્રાસ છે એટલું સમજો.

કરુણાભાવનાવાળો વિચારો કરી વધારે વધારે અવલોકન કરતો જાય છે એમ એને વિશેષ કરુણાના પ્રસંગો સાંપડે છે. એ દુનિયામાં પીડા, ઉદ્વેગ, ગૂંચવણ, ખોટી હોંસાતુંસી અને દુઃખ, દારિદ્રય, દંભ, દમન અને ઝગડાઓ જ દેખે છે; એને શું કરવું અને શું બોલવું તેને માટે પણ એને વિચાર થઈ પડે છે. ભૂતદયાભાવિત આત્માને આ અવલોકનને અંગે ખૂબ કરુણા પ્રગટે છે અને તે અહર્નિશ વધતી જાય છે. એ ચારે તરફ અસ્થિરતા અને વ્યાકુળતા જોઈ દુનિયાની ટૂંકી નજર માટે મનમાં દ્રવે છે, ગૂંચવાય છે. અને અંતરથી માનસિક દુઃખ વેદે છે. જ્યાં જુએ ત્યાં એને કરુણાના પ્રસંગો દેખાય છે.

ઘ ૪, ભાવિતાત્મા વધારે અવલોકન કરે છે. ત્યાં એ શું જુએ છે ?–પ્રાણી પોતાને હાથે ખાડો ખોદે છે અને એ ખાડામાં પોતે જ પડે છે. એવો પડે છે કે એમાંથી બહાર નીકળવાની વાત તો બાજુ ઉપર રહી, પણ એ ખાડામાં પોતે વધારે વધારે ઊંડો ઊતરતો જાય છે.

આ વાત ખરી છે; ખરી છે એટલું જ નહિ, પણ તેમાં મહા-તથ્યાંશ રહેલ છે. આવો મનુષ્યભવ મળ્યા પછી પ્રાણી કામ-ક્રોધાદિને વશ થાય, અભિમાનમાં આનંદ માને, દંભ, કપટ-રચના-જાળમાં રસ લે, લોભની દોડાદોડીમાં પડી જાય, શોકથી વિહ્વળ બને, રમતગમત, હાસ્ય, ઠઠ્ઠા-મશ્કરીમાં સ્વતેજ ગુમાવે કે બીજા અનેક પ્રકારના મનોવિકારોને તાબે થઈ સંસારમાં રચ્યોપચ્યો રહે, ખાવાપીવામાં જીવનની સાર્થકતા માને કે મોટાઈમાં તણાઈ લાંબો-ટૂંકો થઈ જાય એ સર્વ શું છે ? એ સર્વ કોની પ્રેરણાથી થાય છે ? એનું પરિણામ શું આવે ? એ મોહરાયના વિલાસોમાં મજા કલ્પવી એ ખાડો ખોદવાનું જ કાર્ય છે.

મોહના વિલાસો એવા છે કે એને એક વાર અવકાશ આપ્યા પછી એ અટકે નહિ. એ તો ચાલ્યા તે ચાલ્યા. સ્ત્રીભોગ કે ઇન્દ્રિયના અન્ય વિષયો કે કષાયની એક પરિણતિ લઈ વિચાર કરશો તો પતનની વ્યાપકતા, સરળતા અને નિર્ગમનની વિષમતા સમજાઈ જશે.

સામાન્ય પ્રાણી એક વાર પરસ્ત્રી-સેવનના રસ્તે ઊતર્યો એટલે એ તો પછી તેમાં ઊતરતો જ જશે. 'જલકા ડૂબ્યા નીકસે, જો કછુ તારુ હોય; જો કોઈ ડૂબ્યા ઇશકમેં, નીકસ્યા સુન્યા ન કોય.' આ જાણીતી વાત છે. ખાડામાં પડ્યા તે નીચે નીચે પડતા જ જાય છે. ધનપ્રાપ્તિમાં પણ લાખ મળે ત્યારે દશ લાખની ઇચ્છા થાય છે. એક વાર

કોઈ પણ મનોવિકારને માર્ગ આપ્યો એટલે પછી અંદર ને અંદર ઊતરવાનું જ થાય, ડુંગર ચઢવું દોહ્યલું છે, ઊતરતાં વાર લાગતી નથી. આ પ્રસંગો વિચારવા યોગ્ય છે.

શું આ જીવનનો ઉદ્દેશ નીચે ઊતરવાનો છે? અહીં આવીને કાંઈ કમાઈ જવું છે કે હોય તે પૂંજી પણ ગુમાવવી છે? આ પ્રપાત અને વધારે પ્રપાતનો વિચાર કરતાં ખેદ થાય તેમ છે.

૬ ૬. કરુણાના પ્રસંગોનો કયાં પાર આવે તેમ છે? બુદ્ધિશક્તિ પ્રાપ્ત થઈ હોય તો પ્રાણી કલ્પનાઓ લગાવે છે. એને પરભવ સમજાતો નથી, આત્મા છે કે નહિ એની ખાતરી થતી નથી, મોક્ષની વાત એને સમજાતી પણ નથી અને પછી મતિ-કલ્પનામાં આવે તેવા ખુલાસો હાંકે રાખે છે. એને વૈભવ અને ગરીબાઈ કેવળ અકસ્માતનાં પરિણામો લાગે છે, એને શુભ-અશુભ વર્તનના લાભો અહીંથી આગળ જતા દેખાતા નથી અને એને આખા વિશ્વનો કોયડો ઉકેલવામાં અવ્યવસ્થા અને અન્યાય સિવાય કાંઈ બીજું દેખાતું નથી. એને નાસ્તિકવાદ કે જડવાદમાં કાંઈ વિચિત્રતા ભાસતી નથી. એ તો સંસારમાં ખાઓ, પીઓ અને આનંદ કરો એમાં જ સાર્થકતા સમજે છે અને તેનું આખું જીવન સાધ્ય કે હેતુ વગરનું બની જાય છે.

અહીં જડવાદમાં કયાં ભૂલ થાય છે અને તેમની માન્યતા કેટલી અવ્યવસ્થિત છે એ ચર્ચામાં ઊતરવાનું નથી. વાત એ છે કે, જડવાદના વમળમાં પડી જઈ પ્રાણી પોતાનો આખો વિકાસ અટકાવી દે છે. આખી સંસારરચનામાં કાર્ય કરી રહેલા નિયમોનું તેને કશું ભાન હોતું નથી અને કોઈ સંતોષકારક વિવરણ કરે તે તેને સમજવું નથી. પછી એ પોતાના નાના મગજમાંથી વિચિત્ર કલ્પનાઓ કાઢે છે અને એ રીતે પોતાનો સાધેલો વિકાસ પણ ગુમાવી બેસે છે.

આવા પ્રાણીઓ પછી રાગ, દ્વેષ અથવા વિકારનાં અવ્યવસ્થિત ધોરણો રજૂ કરે છે. જ્યાં નજર ન પહોંચે ત્યાં 'અજ્ઞાત અને અજ્ઞેય'નું તત્ત્વ મૂકે છે અને અંધપરંપરા ચલાવે છે. કોઈ વાત સમજવી નહિ અને સહાનુભૂતિથી કોઈના વિચારોને સાંભળવા નહિ, અભ્યાસ કે પરિશીલનને નિર્બળતા માનવી એ અલ્પજ્ઞાનના પ્રચંડ આવિર્ભાવો છે.

આવી રીતે પ્રમાદ(અજ્ઞાન)ના ભોગ થઈ પ્રાણીઓ કયાંના કયાં ફેંકાઈ જાય છે? કોઈ નિગોદમાં, કોઈ નરકમાં, કોઈ તિર્યંચમાં રખડી પડે છે અને જે બુદ્ધિશક્તિ એને મદદગાર થવી જોઈએ તે ન થતાં તેના દુરુપયોગથી એ નીચે ઊતરી જાય છે. પછી તો એને અશુભ ગતિઓમાં મૂંગે મોઢે અનેક દુઃખો ખમવાં પડે છે.

આમાં દુઃખનો વિષય એ છે કે પ્રાણી બુદ્ધિનો ઉપયોગ પ્રગતિ માટે કરવાને બદલે ઊલટો પાછો પડવામાં કરે છે. જવાબદારીને સ્થાને હોય તેના એક ઉત્સૂત્ર વાકયમાં અનંત સંસાર વધી જાય છે. મરીચિના ભવમાં 'અહીં પણ ધર્મ છે અને ત્યાં પણ ધર્મ છે,'

એટલા મિશ્ર વાકય ખાતર ભગવાન મહાવીરના જીવને લગભગ એક કરોડને એક કરોડે ગુણીએ તેની જે સંખ્યા આવે તેટલા સાગરોપમ સુધી સંસાર–પરિભ્રમણ કરવું પડયું. આ વાતમાં અતિશયોક્તિ નથી. ઉપદેશક કે જવાબદારના સ્થાનની મહત્તાનું એમાં ચિત્ર છે. આવા ભણેલા–ગણેલા માણસો પાછા પડી જઈ સંસારમાં રખડી પડે એ દુઃખનો વિષય છે.

ચ દ. એક વધારે કરુણાનું ચિત્ર કહી પછી મુદ્દા પર આવી જઈએ. કેટલાક પ્રાણીઓ એના પોતાના હિતનો ઉપદેશ સાંભળતા નથી. એને સદ્વર્તન, સદ્ગુણો અને ઉચ્ચગ્રાહની શિક્ષા આપવામાં આવે તો તે સાંભળવાની એને કુરસદ હોતી નથી. એવા પ્રાણીઓ હિતની વાતને નિર્માલ્ય, જરીપુરાણા જમાનાના અવશેષો અને સડેલા મગજના બકવાદો ગણે છે અને મોજમજામાં ગુલતાન બની રહે છે. કેટલાંએક પ્રાણીઓને ધર્મ 'હંબગ' લાગે છે. જાણે ધર્મ ભૂલભૂલમાં પણ પોતાને લાગી ન જાય એવા ભયમાં એ રહ્યા કરે છે અને ધર્મપરાઙ્મુખ રહેવામાં સમજણની મર્યાદા માને છે. એને વિકાસક્રમમાં ધર્મનું શું સ્થાન છે તે વિચારવાનો અવકાશ નથી. એ ધર્મના વાડા–ઝગડા અને બાહ્ય દેખાવો તરફ દૃષ્ટિ રાખી, ધર્મથી હિંદને કે અન્ય દેશોને કેટલો ગેરલાભ થયો છે એની વાતો કરે છે; પણ ખરો ધર્મ એ શી વસ્તુ છે અને થતી ભૂલો સુધારવી શકય છે તેનો અને કોઈ પણ સંયોગોમાં સંસ્કૃતિનો અમૂલ્ય વારસો ગુમાવવા યોગ્ય નથી એનો એને ખ્યાલ પણ આવતો નથી.

કેટલાકને તો કોઈ જાતના રચનાત્મક વિચાર વગર જ માત્ર સ્વચ્છંદ વર્તન ખાતર ધર્મનું નામ જ ગમતું નથી.

આવી નીતિથી દૂર ભાગનારા અને ધર્મના વિચારથી પણ વંચિત રહેતા પ્રાણીઓના સંસારવ્યાધિઓ કઈ રીતે મટાડવા ? ભાવિતાત્માને વિચાર થાય છે કે નીતિના સ્પષ્ટ ખ્યાલ વગરના અને સાધ્ય વગરના જીવનમાં રસ લઈ રહેલા પ્રાણીઓનું શું થશે ? એ બિચારા કયાં ખેંચાઈ જશે ? અને એમના પરિભ્રમણનો છેડો કઈ રીતે આવશે ?

આવી રીતે આખા સંસારમાં દોડાદોડી, ગ્લાનિ, ઉપાધિ, ભય, ત્રાસ, અથડા-અથડી, મારામારી જોનાર અવલોકન કરીને જુએ છે ત્યારે એના હૃદયમાં ભૂતદયા જાગે છે. એને બાહ્ય કે અંતર નજરે સંસારમાં ખોટા દેખાવો અને મોહરાજાનું સામ્રાજ્ય દેખાય છે. એને રાગ–દ્વેષના આવિર્ભાવો ચોતરફ ફેલાતા દેખાય છે અને પરવશ પડેલા પ્રાણીના હૃદયને આર્દ્ર કરે તેવી પરિસ્થિતિ એનામાં મહાદયાભાવ વિસ્તારે છે.

પછી એ આ દુનિયાનાં દુઃખો વિચારી, લમણે હાથ દઈ બેસી રહેતો નથી કે આશા વગરનો અસાધ્ય કેસ ગણી વાતને મૂકી દેતો નથી. એ આ સર્વ વ્યાધિઓ, ઉપાધિઓ ને ગૂંચવણોનો વિચાર કરે છે અને તેમાંથી તેને બહાર કાઢવાના ઉપાયો શોધે છે.

આ વ્યાધિઓનો અભ્યાસ અને વ્યાધિના ઉપાયોનું ચિંતવન એ કરુણાભાવના છે. આ વ્યાધિઓનો એક જ ઉપાય છે અને તે ગેયાષ્ટકમાં રજૂ કરવાનો છે.

છ ૭. આવી રીતે પ્રાણીઓ પારકાનાં દુઃખોનો વિચાર કરે અને તેને દૂર કરવાના ઉપાયો વિચારે તેથી અર્થાત્ સહાનુભૂતિ અને ભૂતદયાના વિચારોને પરિણામે મનઃપ્રસાદ પામે છે. એ મનઃપ્રસાદ એ માનસિક સુખ છે.

એ સુખને બે અતિ ઉપયોગી વિશેષણો આપવામાં આવ્યાં છે : 'નિર્વિકાર અને 'ભવિષ્યમાં મહાકલ્યાણ કરનાર'.

સુખ એટલે પરમાનંદ. આનંદ અહીં યૌગિક સમજવો. નિર્વિકાર આનંદમાં કોઈ પ્રકારનો ફેરફાર થતો નથી. ટૂંકામાં કહીએ તો તે આનંદ સ્થિર અને સ્થાયી થાય છે. વ્યવહારુ આનંદ ક્ષણમાં નાશ પામી જાય છે. તેને અને આ આનંદને કોઈ પ્રકારનો સંબંધ નથી. શાશ્વત આનંદ એ અપૂર્વ વસ્તુ છે અને એ ભાવિતાત્માને જ પ્રાપ્ય છે. એ સુખ ભવિષ્યકાળમાં મહાકલ્યાણ કરનાર છે. પરમ કલ્યાણ એટલે સાધ્યની સદાને માટે પ્રાપ્તિ. તે સર્વ પ્રયાસનું સાધ્ય અને પ્રાપ્ત કરવાનું અતિ સુંદર પરમ સ્થાન છે.

ભૂતદયા ચિંતવનાર, સંસારને એના સાચા સ્વરૂપે નિહાળનાર, માનસવિદ્યાનાં ધોરણો સમજનાર, વિકાસક્રમની શ્રેણીના પ્રત્યેક સોપાનને સમજનાર અને દુઃખમાં મગ્ન થયેલા પ્રાણીરાશિને બહાર કાઢવાના ઉપાયો વિચારનાર વિશાળ હૃદયવાળા મહાનુભાવોને આ સર્વ શક્ય છે. એમનો વિશાળ આત્મા ઉચ્ચ ઉડ્ડયન કરે છે, છતાં એ નીચામાં નીચા સ્થાનની પ્રત્યેક કૃતિઓ સમજવા યત્ન કરે છે, તેનાં પ્રેરક મૂળ કારણોને સમજે છે અને સર્વને ઘટતું સ્થાન આપી પોતાની ગતિ વધારતો જાય છે.

આ પરદુઃખમુક્તિના ઉપાય શા છે તે હવે આપણે નીચે વિચારશું. અત્યાર સુધી આપણે સાંસારિક-ઐહિક ભાવોને અંગે બાહ્ય અને આભ્યંતરમાં ગૂંચવાઈ ગયેલા પ્રાણીઓનાં ચિત્રો જોયાં અને એ જોવાને કારણે આપણે પણ જાણે એમનાં દુઃખથી મૂંઝાતા હોઈએ એવી મનોદશા ઊભી કરી. હવે આપણે તેનું અવલોકન પણ કરશું અને ઉપાયોનો વિચાર પણ કરશું.

કારુણ્ય : ગેયાષ્ટકપરિચય

૧. ઉપર જે ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે તે હૃદયદ્રાવક છે. જાણે આખો સંસાર અવળે માર્ગે ઊતરી ગયો હોય, જાણે ઐહિક સુખોમાં અથવા મનોવિકારના વમળમાં વલખાં મારતો એ આભ્યંતર દુશ્મનોને વશ પડી ગયો હોય એમ લાગે છે. કરુણા-ભરપૂર હૃદયવાળાને આ આખા દૃશ્યના અવલોકનથી ખૂબ ખેદ થાય છે. એને સ્વપરદયાનો ખ્યાલ બરાબર હોય છે. એ પોતાની જાતને અન્યના સ્થાનમાં મૂકી શકે છે અને પરદયાના ચિંતવનમાં સ્વદયા સિદ્ધ થઈ શકે છે એમ એ સમજે છે એ વસ્તુના ઉપરઉપરના ખ્યાલોથી કદી લેવાતો નથી. એ અંતરથી આ સર્વ દેખાવો વિચારી, અવલોકી, આર્દ્ર થાય છે. એના દુઃખના ઉપાયોને શોધનારા તેને સમુચિત દિલાસો મળે તેવી ગંભીર રચના રજૂ કરતાં વિનયવિજય મહારાજ ગાય છે : 'સજ્જનો ! તમે અંતરના ઉમળકાથી ભગવંતને ભજો.' આ એક વાકયમાં પરદુઃખનિવારણનો ઉપાય બતાવે છે. બીજા પણ ઉપાયો બતાવશે. પ્રથમ આ ચમત્કારિક ઉપાયની વિશિષ્ટતા જોઈ એ.

તમે ભગવંતને ભજો. જો તમારે ઉપરનાં સર્વ દુઃખો, ઉપાધિઓ અને અગવડો દૂર કરવાં હોય તો તમે ભગવાનને ભજો.

તમે કોણ છો ? તમે સજ્જન છો, સુજન છો, મોક્ષાભિલાષી છો, મોક્ષ જવા યોગ્ય છો. સજ્જનના નામને યોગ્ય કોણ ગણાય તે તમે અગાઉ જોઈ ગયા છો. આવા સજ્જન તમે છો. તો પછી ભગવાનને ભજો.

એ ભગવાન કેવા છે ? એ સર્વદર્શી, સર્વજ્ઞ, કોઈ જાતના બદલાની આશા વગર ધર્મોપદેશ દેનાર, સાચો માર્ગ બતાવનાર અને ભૂતદયાના સાગર છે. એવા મહાકૃપાળુ પરમાત્માને તમે ભજો.

એ ભગવાન એમનું શરણ કરનારને આશ્રય આપનાર છે અને બદલાની અપેક્ષા કે આશા વગર કરુણારસના ભંડાર છે તેમ જ અન્યને તેનો લાભ આપનાર છે. એમની ભાવના જ્યારે સર્વ પ્રાણીને કર્મબંધનથી મુક્ત કરવાની થાય, એમના આત્મદર્શનમાં સમસ્ત જંતુઓનું હિત આવે ત્યારે એ વિશાળ હૃદયવાળા મહાત્મા તીર્થંકર થવા યોગ્ય કર્મ બાંધે છે અને એ વિશાળતા તેમનામાં સતત ચાલુ રહે છે. આવા નિષ્કારણ કરુણા કરનાર ભગવાનને તમે ભજો.

એ ભગવાન ઉપર વર્ણવેલાં સર્વ દુઃખોમાંથી રક્ષણ કરનાર છે. એમનો ઉપદેશ જ એવા પ્રકારનો હોય છે કે તેઓ દુઃખોમાંથી રસ્તો બતાવે અને પ્રાણીઓનો વિકાસ કરે.

આવા નિષ્કારણ કરુણા કરનાર અને દુઃખમાંથી રક્ષણ કરનાર ભગવાનને કેમ ભજાય ? એમની પાસે ધૂપ-દીપકાદિ કરવામાં આવે તે તો ઉપચાર છે, એથી તો માત્ર આદર્શ-સન્મુખતા

થાય છે; બાકી ખરી પૂજના-ખરું ભજન તો એમના બતાવેલ અહિંસા, સંજમ અને તપના માર્ગે પ્રવૃત્તિ કરવામાં છે. 'શ્રી જિનપૂજા રે તે નિજ પૂજના રે' એટલે તીર્થંકરની પૂજા એ વસ્તુતઃ પોતાની જ પૂજા છે. બાહ્ય ઉપચાર નિમિત્તકારણ તરીકે ઉપકારક ભાગ ભજવે, પણ છેવટે જોતાં એ સાધન છે. ખરેખરી પૂજા તો એમના બતાવેલા માર્ગે ચાલી, રાગદ્વેષ પર વિજય મેળવી, મોહને હણી નાખી, આત્મપ્રગતિ સાધવી એ છે. તીર્થંકર આદર્શ પૂરો પાડે છે. બાકી એ કોઈ રીતે મોક્ષ આપી શકતા નથી કે મોક્ષને નજીક પણ લઈ આવતા નથી; પરંતુ એમણે બતાવેલા ત્યાગના બાહ્ય માર્ગોનું અને મનોવિકારના વિજયના અંદરના માર્ગોનું અનુસરણ એ ખરું પૂજન છે. ભજન-પૂજનની પાછળ રહેલો ખરો આશય પણ આ જ છે.

તમને સંસારમાં કરુણા ઉત્પન્ન કરે તેવા પ્રસંગો દેખાયા હોય તો જ્યાં ઉપાયની જરૂરિયાત લાગે ત્યાં ભગવંતને માર્ગે ચાલી તેમનું ભજન કરો, કરાવો, દુઃખથી પીડાતાને ઉપદેશો અને રક્ષણ કરનાર નિષ્કારણ દયાસાગરનું શરણ સ્વીકારો.

૨. પરિચયમાં અનેક કરુણાના પ્રસંગો વિચાર્યા. એનો એક એક પ્રસંગ ઊંડાણથી વિચારતાં મન ચક્કર ખાઈ જાય તેવું છે. આ સર્વ બાજીનો ખ્યાલ રમનારને આવતો નથી, પણ અવલોકન કરનાર તો આખી રમતનું વેવલાપણું જોઈ શકે છે. આવા કરુણાના પ્રસંગોમાં પડેલાને તેમાંથી બચવા સારુ નીચેની વાત કહે છે :

ભાઈ! અમને તારી સ્થિતિ જોતાં બહુ ખેદ થાય છે. તું આમ સાધ્યના ધોરણ વગર રખડ્યા કરે છે તેને બદલે જરા થોડો વખત તારા મનને સ્થિર કર, જરા એને જ્યાં ત્યાં ભટકતું અટકાવ. તને જે દુઃખો દેખાય છે અથવા થાય છે તે સર્વ મનની અસ્થિરતાને કારણે છે. મનની સ્થિરતા હશે એટલે ખાવાપીવાની અભિલાષાથી માંડીને ઇંદ્રિયાર્થોની અભિલાષાઓ સુધીથી થતાં દુઃખોનું નિવારણ થઈ જશે, વૈભવની અસ્થિરતા ભવાભ્યાસથી-અનાદિ વાસનાથી થઈ છે તે દૂર થઈ જશે અને સ્પર્ધા, ક્રોધ કે યુદ્ધ અથવા લોભના પ્રસંગોનું રહસ્ય સમજાઈ જશે અને આખી દુનિયાનો કોયડો ઉકેલાતો જણાશે. કરુણાના પ્રસંગો ઓછા કરવાનું અને છેવટે દૂર કરવાનું આ રીતે ચિત્ત-સ્થિરતાથી બનશે.

આવી ચિત્તની સ્થિરતા લાંબો વખત થાય તો તો ઘણું ઘણું અનુભવાશે, નહિ જણાયેલાં સત્યો સાંપડશે; પણ એમ લાંબો વખત ન બને તો થોડી થોડી વાર પણ ચિત્તસ્થિરતાનો અનુભવ કરી જુઓ અને એના લાભ તપાસો.

જ્યારે એવી સ્થિરતા કરો ત્યારે જિનાગમના ચક્ષુએ વિચાર કરજો. કરુણાના પ્રસંગો જોવા માટે યોગ્ય ચક્ષુની જરૂર છે. એ વગર તમે જ્યાં ત્યાં અથડાઈ પડશો. તપ અને ત્યાગના શુદ્ધ ધોરણ પર રચાયેલ એ આગમો તમને અવલોકન કરવા માટે સાચાં દૃષ્ટિબિંદુઓ પૂરાં પાડશે.

ઉપરના જેટલી જ અગત્યની બાબત વિકારમય વિચાર-વાતાવરણને દૂર કરવાની છે. અવ્યવસ્થિત રીતે બતાવેલી માર્ગશ્રેણીઓ વિકારમય હોય છે, એમાં પરસ્પર વિરોધ

હોય છે, સાધ્યનું લક્ષ્ય તેમાં હોતું નથી અને ઘણી વખત કુયુક્તિઓ, હેત્વાભાસો અને મર્મભેદી હોવાનો દાવો કરનાર મર્મસ્પર્શ વગરનાં ઉપલકિયાં પર્યાલોચનોથી ભરપૂર હોઈ તમને જ્યાં ત્યાં ખેંચી જનાર હોય છે. આવા આડાઅવળા માર્ગોની રચનાના વમળમાં પડી જશો તો તમારું વિચારક્ષેત્ર વિકારમય થઈ જશે. આવી વિચારપદ્ધતિ અસાર છે, પરમાર્થરહિત છે અને ગોટાળે ચઢાવનાર છે. 'કૃતાંત' એટલે ભિન્ન ભિન્ન ધર્મના સિદ્ધાંત. આવા વિકારમય અને અસાર મતોને મૂકી દો.

અહીં મુદ્દો ચિત્તને સ્થિર કરી સત્યમાર્ગને સમજવાનો છે અને અસત્ય મતોને તજી દેવાનો છે. જ્યાં સુધી પ્રાણી પોતાનાં ધર્મમંતવ્યોને અનુભવની સરાણે ચઢાવી સ્પષ્ટ નથી કરતો ત્યાં સુધી એને શાંતિ થતી નથી અને શાંતિ વગર ગમે તેટલી વાતો કરવામાં આવે તેમાં કાંઈ વળે તેમ નથી.

અવ્યવસ્થિત ધર્મમાન્યતા છોડી દઈ દર્શનશુદ્ધિ કરો અને ચિત્તની સ્થિરતા કરો એટલે તમને કરુણામય પ્રસંગોના પ્રતિકારો મળી આવશે.

૩. દર્શનશુદ્ધિના જેટલું જ મહત્ત્વ ગુરુને અંગે પ્રાપ્ત થાય છે. ગુરુ એટલે ધર્મોપદેષ્ટા, ધર્મનો અભ્યાસ કરાવનાર, ધર્મ બતાવનાર, અમુક નજરે દેવ કરતાં પણ ગુરુને મહત્ત્વનું સ્થાન ઘટે છે, કારણ કે દેવને ઓળખાવનાર પણ ગુરુ જ છે.

ગુરુની પસંદગીમાં ખૂબ ડહાપણ રાખવાની જરૂર છે. અનેક ભાવો પુસ્તકમાં લખાયેલા હોતા નથી. કેટલીક ચાવીઓ દ્વારા ગુરુ પદ્ધતિસર જ્ઞાન આપી શકે છે. સાંપ્રદાયિક જ્ઞાન ગુરુ વગર પ્રાપ્ત થઈ શકતું નથી. સર્વ ભાવો લખી શકાય તેમ નથી. ગુરુ વગર જ્ઞાનપ્રાપ્તિ થવી દુર્લભ છે, પણ કષાયવાળા અથવા મનોવિકારને વશ થનારા ગુરુ મળી જાય તો માર્ગને વિષમ કરી દે છે. ખૂબ વિચક્ષણતા વાપરી ગુરુની પસંદગી કરવી જોઈએ.

જે ગુરુ પોતે જ સ્વપરહિત સમજતા ન હોય, સત્યાસત્યના જ્ઞાન વગરના હોય, દીર્ઘદૃષ્ટા ન હોય, વ્યવહાર-નિશ્ચયનો સમન્વય કરવાના બુદ્ધિકૌશલ્ય વગરના હોય, ટૂંકમાં જે અવિવેકી હોય તેવા ગુરુને દૂરથી તજી દેવા. એવા ગુરુ સામાન્ય બુદ્ધિવાળા અભ્યાસીને આડે રસ્તે ચઢાવી દે છે.

વસ્તુભાવના પૂર્ણ જ્ઞાન વગરના, દેશ-કાળનાં પરિવર્તનોને ન સમજનાર, સંસારના ભાવોમાં આસક્ત, ધન કે સ્ત્રીના મોહમાં મૂંઝાઈ ગયેલા અને સામાન્ય જનોની સપાટી પર રહેલા ગુરુને તજી દેવા. આમાં દીક્ષિત-અદીક્ષિતનો સવાલ નથી. ગુરુની પસંદગીમાં તેમનું આંતર મનોરાજ્ય કેટલું ખીલેલું છે અને એ દૃષ્ટા છે કે નહિ એ મુખ્યત્વે કરીને તપાસવાનું રહે છે. દૃષ્ટા હોય તેને સ્વીકારવા. અવિવેકી ગુરુ હોય તો પોતે રખડે છે અને આશ્રિતને પણ રખડાવી દે છે.

સદ્ગુરુમાં મુખ્યત્વે કરીને ત્યાગ પ્રથમ તપાસવો. એની સંસારવૃદ્ધિ વિચારવી. એના મનોરાજ્યનાં ઉડ્ડયનો કેટલે સુધી પહોંચે છે તે બરાબર જોવું. એનામાં નય ને પ્રમાણજ્ઞાનનું પૃથક્કરણ અને સંગ્રહણ કેટલું જામ્યું છે તે તપાસવું. સદ્ગુરુ ખરા ત્યાગી હોય, સામાન્ય જનપ્રવાહથી ખૂબ આગળ વધેલા હોય, ભૂતકાળના તેમ જ ભવિષ્યકાળના ઊંડાણમાં નજર પહોંચાડનાર હોય અને ગીતાર્થ હોય.

આવા સદ્ગુરુ પાસેથી એક વચન પણ બરાબર લક્ષ્યપૂર્વક ઝીલ્યું હોય તો તે પરમાનંદ પ્રાપ્ત કરાવે છે. એવા વ્યુત્પન્ન મહાપુરુષના પ્રત્યેક વચનમાં ઉલ્લાસ ભરેલો હોય છે. એને સાંભળવાથી કાન પવિત્ર થાય છે. રોહિણિયા ચોરે અનિચ્છાએ પણ એક ભગવદ્વચન સાંભળ્યું હતું તેથી એની સિદ્ધિ થઈ ગઈ. એવા ગુરુનો યોગ થવો મુશ્કેલ છે, પણ શોધતાં મળવા શક્ય છે.

જે કરુણામય પ્રસંગો પરિચયમાં રજૂ કર્યા છે તે પ્રત્યેકનો અને સર્વનો ઉપાય આવા સદ્ગુરુ બતાવે છે અથવા તેવા ગુરુ પાસેથી મળેલા જ્ઞાનદ્વારા પ્રાપ્ત થયેલ કૌશલ્યને પરિણામે સ્વયં સ્ફુરી આવે છે. એટલા માટે ગુરુની પસંદગી કુશળતાથી કરવામાં આવે તો કરુણાભાવિત આત્માને શાંતિ થાય તેમ છે અને કરુણાપાત્રને પ્રાણ મળે તેમ છે. પરમાનંદ પ્રાપ્ત કરવાનો આ સ્પષ્ટ માર્ગ છે.

૪. તમે માર્ગસંબંધી સવાલો કોને પૂછો છો ? તમે તમારી પ્રેરણા કયાંથી મેળવો છો ? તમે સંસારમાં આસક્ત, સ્ત્રી-ધનની મૂર્છામાં પડેલા, આડંબરમાં મહિમા માનનારા, પૂર્વપુરુષોની પૂંજી ઉપર વ્યાપાર કરનારા અને જીવનની સરખાઈ વગરના પ્રાણી પાસે માર્ગ પર પ્રકાશ પાડવાની આશા રાખો છો ? એમની આંખો અવ્યવસ્થિત અભિપ્રાયરૂપ અંધકારથી મીંચાઈ ગયેલી હોય છે. ત્યાંથી પ્રકાશની આશા રાખવી એ પાણીથી ભરેલી ગોળીને રવૈયાથી વલોવીને તેમાંથી માખણ કાઢવા જેવો પ્રયાસ છે. પાણી વલોવવાથી કદી માખણ નીકળ્યું જાણ્યું છે ?

અત્યારે ચોતરફ નજર કરો. ધર્માધ્યક્ષસ્થાને બેઠેલામાં તમે સંસાર જુઓ છો કે સંસારથી કોઈ ઉપરિતન ભૂમિકા જુઓ છો ? જ્યાં ઘોડાની શરતો કે સ્ત્રીઓના નાચરંગો હોય, જ્યાં ધનની મસ્તી અને સ્થાન-મહત્તાની જ પૂજા હોય ત્યાંથી તમે માર્ગદર્શનની આશા રાખો એ અશક્યમાંથી શક્યની ઇચ્છા કરવા જેવું છે. આ સર્વ ભ્રમ છે અને કોઈ પ્રકારનું ઈષ્ટ પરિણામ આણવાની અશક્યતા દર્શાવનાર પ્રદેશ છે .

પ્રેરણા માટે તમે પાણી વલોવવાની વાત છોડી દો. વેળુ પીલવાથી તેલ નહિ નીકળે. પ્રેરણા જેનામાં હોય તે જ પ્રેરણા આપી શકશે. આદર્શ વગરનું, સાધ્ય વગરનું જીવન

ગાળનાર તમને માર્ગ બતાવે એ અંધારામાં આંટા મારવા બરાબર છે. બે-ચાર સારા શબ્દોમાં વાત કરનાર ઉપર મોહાઈ પડશો નહીં. ખરો ત્યાગ અંદર જામ્યો છે કે નહિ એ તપાસજો અને એ તપાસવામાં તમને સમય લાગે તો તેથી જરા પણ સંકોચ પામશો નહિ.

આ યુગમાં એક બીજી પણ ઉપાધિ વધતી જાય છે. ધર્મને અલ્પ સ્થાન અપાતું જાય છે એ પ્રથમ ફરિયાદ છે; પણ તે ઉપરાંત જે પ્રાણી ત્યાગીઓએ કરેલા નિઃસ્વાર્થ નિર્ણયો સમજવા, જોવા કે જાણવા પ્રયત્ન પણ કરતા નથી અને પાશ્ચાત્ય લેખકોના અભિપ્રાયોને કોઈ જાતની કસોટી વગર સ્વીકારી લેતા જાય છે તેઓ બેવડું નુકસાન કરે છે. આપણો અપૂર્વ વારસો નાશ પામતો જાય છે અને અવ્યવસ્થિત આદર્શોનું નિરર્થક સંમિશ્રણ થાય છે. ગુણ જરૂર પૂજ્ય છે, વિશિષ્ટ શિક્ષાસૂત્રો સર્વથા માન્ય છે, એને દેશ કે કાળની અવધિ નથી પણ વિચાર વગરનું સ્વીકરણ, પ્રાચીનો તરફનો તિરસ્કાર, શાંતિથી આદર્શ સમજવાની અસ્થિરતા અને અનુભવ-અભ્યાસ કે આવડત વગર અભિપ્રાય બાંધી નાખવાની ઉતાવળને પરિણામે ઘણું નુકસાન થાય છે.

પદ્યની આ ગાથામાં જે 'કુમત' શબ્દ વાપર્યો છે તે આવા સર્વ અવ્યવસ્થિત વિચારોને અંગે છે. એનો ઉપયોગ ધર્મ અને વ્યવહારની સર્વ બાબતોમાં એકસરખી રીતે થાય તેમ છે. ટૂંકમાં વાત એ છે કે તમારે ઉપાધિઓનો પ્રતિકાર કરવો હોય તો પાણી વલોવવું છોડી દો અને દૂધનું મંથન કરો. પાણી કયું અને દૂધ કયું એ શોધવાની મુશ્કેલી જરૂર છે, પણ એને વટાવે જ છૂટકો છે. એનાથી ગભરાઈ જઈને મંદ થઈ બેસી જવાથી કાંઈ વળે તેમ નથી. મનઃપ્રસાદનું આ અનિવાર્ય પરિણામ પ્રયાસ કરીને સાધવા યોગ્ય છે.

૫. કરુણાના પ્રસંગો દૂર કરવાનો એક સુંદર ઉપાય મનને અમુક પ્રકારનું વલણ આપવાનો છે. આ એક વિશિષ્ટ ઉપાય છે. અન્ય ઉપાયો બાહ્ય સાધનોને અપેક્ષિત છે, પણ આ (વિવક્ષિત) ઉપાય મનને એવા પ્રકારનું કરી દેવાનો છે કે જેથી મનની ગ્લાનિ દૂર થાય એ ઉપાય ખૂબ વિચારવા યોગ્ય છે. એમાં માનસવિદ્યાનો ઊંડો અભ્યાસ છે.

એનું મહાન સૂત્ર એ છે કે 'મનના ઉપર જ્યાં સુધી અંકુશ રાખવામાં ન આવે અને તેને તદ્દન વશ કરવામાં ન આવે ત્યાં સુધી તે અનેક પ્રકારના રાગ, સંતાપ, સંદેહ, ભય વગેરે કરે છે. એ જ મન જો આત્મારામમાં રમણ કરનાર થાય અને શંકારહિત થઈ જાય તો તે સુખોને આપે છે.'

બહુ સાદી, સીધી અને સમજાય તેવી વાત છે પણ પ્રવૃત્તિ વખતે એટલી સહેલી નથી. પ્રાણીને સુખ-દુઃખ લાગે છે કે સંતાપ-ચિંતા થાય છે એ સર્વ મનનું કારણ છે. મનમાં એક વાતને મોટી માની લીધી એટલે એ વિચારપરંપરાને અવકાશ આપે છે. ખાસ કરીને પૂર્વવાસનાને લઈને મનનો સ્વભાવ ઇંદ્રિયના વિષયોમાં વલખાં મારવાનો હોય છે અને એ

વિષયભોગ ન મળે એટલે મન મૂંઝાય છે તેમ જ જીવનને નિઃસાર બનાવી મૂકે છે. આવી સ્થિતિમાં મનને ઇંદ્રિયના વિષયોમાંથી ખેંચી લાવવા શક્તિ પ્રાપ્ત થાય અથવા અમુક પ્રકારની અશુભ વિચારસરણીમાં પડતું અટકાવી શકાય તો સર્વ ઉપાધિઓનો ઉપાય સુગમ છે. અંકુશરહિત મન સર્વ પ્રકારની વ્યાધિઓ ઉત્પન્ન કરે છે. મનમાં જે કલેશ અને સંતાપો થાય છે તે તેના ઉપરના અંકુશની ગેરહાજરીને લઈને જ થાય છે.

એ જ મન આત્મારામમાં રમણ કરતું હોય, આત્મવાટિકામાં વિહરતું હોય, ઉચ્ચ-ગ્રાહવાસિત હોય, ભાવનાશીલ હોય, આદર્શવાન્ હોય તો અકલ્પ્ય સુખ આપે છે. આત્મા-રામમાં મનને રમણ કરતું રાખવું એ જરા મુશ્કેલ વિષય છે, પણ અભ્યાસથી સાધ્ય છે.

એ ઉપરાંત મનમાં સંદેહ ન રાખવો ઘટે. સંદેહ એટલે શંકા-આશંકા. આમ હશે કે તેમ હશે એવી અવ્યવસ્થિત મનોદશાને પરિણામે અસ્થિરતા ખૂબ રહે છે; અને યોગનું જાણીતું સૂત્ર છે કે **संशयात्मा विनश्यति**. દુવિધામાં બન્ને જાય છે, સાધ્ય મળતું નથી અને સામાન્ય કક્ષાનું સ્થાન પણ જાય છે.

એટલા માટે કરુણાના પ્રસંગોની દરકાર જ ન કરે અને ગમે તે સંયોગોમાં મનને સ્થિર રાખી શકે એવી પરિસ્થિતિ નિપજાવવા યોગ્ય છે અને તે જ ખરો 'યોગ' છે. એ કાંઈ યોગીઓ માટે ખાસ રાખી મૂકેલ વિષય નથી, સંસારમાં પણ રાજયોગને મોટું સ્થાન છે અને તેની પ્રાપ્તિ કરુણાના પ્રસંગો આવે ત્યારે વિશેષ સ્પષ્ટ થાય છે.

આત્મારામમાં રમતું નિઃશંક મન પણ આ પ્રમાણે કરુણાના પ્રસંગોનો પ્રતિકાર કરનાર આડકતરી રીતે થાય છે. વસ્તુતઃ વસ્તુ પોતે કેવી છે તેના કરતાં તે મન પર શી અસર કરે છે તે પર તેના શિષ્ટત્વ-અશિષ્ટત્વનો આધાર રહે છે; અને એકને મન જે વસ્તુ વિનોદ કરાવે તે જ વસ્તુ અન્યને ઉદ્વેગ કરાવનાર થાય છે. મનને એ સંબંધમાં કબજે કરી દીધું હોય તો આ સર્વ ગૂંચવણોનો નિકાલ થઈ જાય છે.

૬. એક સાથે પ્રતિકારના અનેક ઉપાયો અહીં બતાવે છે. એ ઉપાયોનો અમલ પ્રાણી કરે તો કરુણાના પ્રસંગો આવે જ નહિ એ મુદ્દા પર અહીં આલંબન છે.

ત્રણ કાળમાં સત્ય, કોઈ પણ અપવાદ વગરનું મહાન સત્ય, તને અત્ર કહેવામાં આવે છે. શાસ્ત્રગ્રંથોમાં અનેક સ્થાનકે છૂટી છૂટી વાતો કરી હોય તેનું રહસ્ય તને અહીં જણાવે છે. 'કરોડો ગ્રંથમાં જે કહ્યું તે તને અર્ધા શ્લોકમાં કહી બતાવે છે.' આવી રીતે જે રહસ્યવાર્તા કહેવાણી છે તેવી આ વાત છે.

પ્રથમ તો તારે આશ્રવો, વિકથાઓ, ગૌરવો અને કામદેવને છોડી દેવા, તેનો પરિચય બંધ કરવો અથવા બને તેટલો ઓછો કરવો.

'આશ્રવો'ના બેંતાળીશ પ્રકાર સાતમી આશ્રવભાવનાના પરિચયમાં વિસ્તારથી વિચાર્યા છે. પાંચ ઇંદ્રિય, ચાર કષાય, પાંચ અવ્રત, ત્રણ યોગ અને પચ્ચીશ ક્રિયા. (એના વિવેચન માટે જુઓ આશ્રવભાવના, વિવરણ.)

'વિકથા' મુખ્યત્વે ચાર પ્રકારની છે : રાજ્યસંબંધી કથા, દેશસંબંધી કથા, સ્ત્રીઓસંબંધી કથા અને ભોજનસંબંધી કથા. આ વિકથાથી અર્થ વગરના પાપબંધ થાય છે. સર્વ નકામી, સંબંધ વગરની, લડાઈ કરાવે તેવી, ઉશ્કેરે તેવી, ગૂંચવે તેવી, વાતો વિકથાઓમાં આવે છે. પોતાની જંજાળ પૂરી ન કરનારા નકામી વાતોમાં અને આખા શહેરની ફિકર કરવામાં નિરર્થક ફૂંફળા થાય છે.

'ગૌરવો' : ઋદ્ધિ, રસ અને તંદુરસ્તીનું (સાતાનું) અભિમાન. આમાં આસક્તિનું તત્ત્વ વિશેષ હોય છે. વસ્તુ કરતાં તેના ઉપરની લોલુપતા જ મહાકર્મબંધ કરાવનાર થાય છે. સંસારમાં રખડાવનાર આ ત્રણે ગૌરવોને ખાસ ઓળખવા યોગ્ય છે.

'કામદેવ' : સ્ત્રીસંબંધી રાગ (સ્ત્રીને પુરુષ પરત્વે સમજી લેવું), તે સંબંધી વાચન, સરાગ ચિન્તન અને ચર્ચાઓ. આનો સમાવેશ આશ્રવમાં બરાબર થઈ જાય છે, છતાં કરુણાના પ્રસંગો આણનાર હોવાથી એની ખાસ વિવક્ષા અહીં જુદી કરવામાં આવી જણાય છે.

આ ચારેને તમે તજી દો, છોડી દો, વર્જી દો અને સંવરભાવનાના પરિચયમાં વર્ણવેલા સમિતિ, ગુપ્તિ, પરિષહ, ધર્મો, ભાવનાઓ અને ચારિત્રોની સાથે મિત્રતા કરો. એના પણ પ્રકાર પર વિસ્તારથી વિવેચન થઈ ગયું છે. (જુઓ સંવરભાવના : વિવરણ.)

આ આશ્રવના ત્યાગની અને સંવરને આદરવાની વાત અહીં ફરીવાર જણાવવાનો ખાસ હેતુ છે. આ પ્રાણી સંસારમાં એટલો ઊંડો ઊતરી ગયો છે કે એને આશ્રવો સાથે અનાદિકાળથી ઘર જેવો સંબંધ થઈ ગયો છે. આ સંબંધ દૂર કરવો વિકટ છે. એટલી જ મુસીબત સંવર સાથે સંબંધ કરાવવાની છે. એની વાસના ખૂબ ઊંડી ઊતરી ગયેલ હોવાને કારણે એને આશ્રવો ખૂબ ગમે છે. શાસ્ત્રકાર કહે છે કે—'જેમ લગ્નસંબંધને આર્યસંસ્કૃતિમાં પવિત્ર માનવામાં આવે છે, જેની સાથે સપ્તપદી થઈ તેની સાથે આજીવન સંબંધ રહે છે, તેવો 'સપ્તપદીન' સંબંધ તું સંવર સાથે કર. જાણે આર્યવિધિએ સંવર સાથે લગ્ન થયા છે એમ સમજ.' એ લગ્નમાં છૂટાછેડાને સ્થાન નથી, એ તો જીવન-મરણના સંબંધ થયા. આ વાત ન ભુલાય માટે ખાસ ભાર મૂકીને કરુણાપ્રસંગોના પ્રતિકાર તરીકે ધ્યાન પર લાવવામાં આવી છે.

૭. કરુણાભાવિત સહૃદય મહાત્મા કહે છે—ભાઈઓ ! ચેતનો ! તમે આ સંસારમાં શા સારુ અનેક વ્યાધિઓ સહન કરો છો ? તમે ભવાટવીમાં ભૂલા પડ્યા છો, તમે મોહરાજાને થકરાવે ચઢી ગયા છો, તમે રાગને પાલવે વળગી પડ્યા છો, તમે

અસ્થિર માનસને અધીન થઈ ગયા છો; તમે કૃતાંતથી કાયર થઈ ગયા છો, તમે આંટા મારીને થાકી ગયા છો, તમે જીવનકલહનો ચિંતામાં ગૂંચવાઈ ગયા છો, તમે આધિ, વ્યાધિ અને ઉપાધિના ભોગ થઈ પડચા છો, તમે વ્યવસ્થિત નિર્ણયને અભાવે અથડાઈ પછડાઈ રહ્યા છો, તમે સાધ્ય અને હેતુ વગરની પ્રવૃત્તિમાં મશગૂલ થઈ ગયા છો, તમે સ્પર્ધા, ઈર્ષ્યા અને શોકના વાતાવરણમાં ભાન ભૂલી ગયા છો, તમે આવા આવા અનેક સ્થૂળ અને માનસિક, સાચા અને કલ્પેલા વ્યાધિઓમાં પડી ગયા છો. આ તદ્દન સાચી વાત છે.

આ પત્રકમાં પાનાં ભરાય તેટલા વ્યાધિઓ લખાય તેમ છે, પણ તેની હવે જરૂર નથી. આ સર્વ શા માટે? તમે આમ કેમ ભૂલા પડી ગયા? કયાં ચઢી ગયા? કયાં દોડચા જાઓ છો? શા સારુ દોડાદોડી કરો છો? દોડીને કયાં પહોંચશો? તમારી ફાળ કેટલી લંબાશે? અને છેવટે શું? આ તે કાંઈ વાત કરો છો? તમારા જેવા પ્રાણી આટ-આટલા વ્યાધિઓ મુંગે મ્હોઢે સહન કરી જાય એ તે કાંઈ ચલાવી લેવા જેવી વાત છે?

ત્યારે કરવું શું? અરે ભાઈ! આમ ચિંતા કરશો કે મૂંઝાશો એમાં કાંઈ વળશે નહિ. કોઈ વ્યાધિને પારખી શકે એવા ચતુર વૈદ્યને શોધો. તે વૈદ્યને જો બરાબર નિદાન આવડશે તો તમારા વ્યાધિને પારખી એ તમારી ચિકિત્સા કરશે. વ્યાધિમાં સબડચા કરવું એ તમારા જેવાને ઘટે નહિ અને પ્રગતિ-ઇચ્છુકને તો પાલવે પણ નહિ.

વૈદકના ધંધામાં સાચા વૈદ્ય હોય તે દવા કરતાં પહેલાં વ્યાધિ શો છે તેનો નિર્ણય કરે છે. વૈદ્યની ખરી કિંમત નિદાન કરવામાં છે. નિદાન જેને આવડે તે ચિકિત્સા તો તુરત કરી શકે છે. તું એવા વૈદ્યરાજને શોધી કાઢ કે જે તારા આ કરુણ પ્રસંગોનું નિદાન બરાબર કરે, તારા વ્યાધિનાં મૂળોને શોધી તને ઉપાય બતાવે, એટલે તારા વ્યાધિઓ હંમેશને માટે ચાલ્યા જશે. તું સદાનો નીરોગી બનીશ.

અમે તપાસ કરી તો અમને જણાયું છે કે પ્રાણીઓના વ્યાધિઓ તીર્થંકરદેવને બરાબર સમજાયા છે. તેઓ તેનું નિદાન અને તેની ચિકિત્સા બરાબર જાણે છે. એ ઉપર-ઉપરની દવા કરનારા નથી. એ વ્યાધિને મૂળમાંથી કાઢી નાખનાર છે અને ચેતનને સ્વાસ્થ્ય આપનાર છે. અમે તને એ વૈદ્યરાજનો આશ્રય કરવા ભલામણ કરીએ છીએ. અમારો આગ્રહ એને માટે ખાસ નથી, પણ અમારો અનુભવ તને જણાવીએ છીએ. તું વૈદ્યને શોધ ત્યારે પણ બરાબર સાવધ રહેજે. જ્યાં ત્યાં ભરાઈ પડીશ તો વ્યાધિ કરતાં ઉપાય વધારે ભયંકર નીવડનારા થઈ પડવાનો સંભવ છે. ગમે તેમ કર, પણ વ્યાધિમાં પડી ન રહે, નકામો સબડચા ન કર, સિદ્ધવૈદ્યોની સલાહ લે અને તારા વ્યાધિઓ હંમેશ માટે દૂર કર. ચેતનના આરોગ્યની જરૂર છે અને તે વિશિષ્ટ વૈદ્ય દ્વારા પ્રાપ્ય છે.

૮. છેવટે ભવિષ્યકાળમાં લાંબી નજરે તેમને ખૂબ હિત કરે તેવું એક વચન તમે સાંભળો. એ વચન વિનયે કહેલું છે અથવા વિનયપૂર્વક બોલાયેલું છે.

વિનય એટલે એક તો આ ગ્રંથના કર્તા પૂજ્ય શ્રી વિનયવિજય ઉપાધ્યાય મહારાજ. 'સ્યાદ્વાદવાદી' એવો એનો બીજો અર્થ થાય છે. વિશેષ નયને જાણનાર, તેને ધ્યાનમાં રાખીને બોલનાર એ અર્થ થાય. જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓ ધ્યાનમાં રાખી પ્રવચન કરનાર વિશિષ્ટ શ્રુતજ્ઞાની અથવા સર્વજ્ઞ ભગવાન એવો પણ તેનો અર્થ થાય. સિદ્ધવચન બોલનાર, ત્રિકાલાબાધિત સત્યોને એના યથાસ્વરૂપે અતિશયોક્તિ કે અલ્પોક્તિ વગર રજૂ કરનારને માટે આ પરિભાષા ઘટે છે.

અહીં જે વચન તમને ઉપસંહારમાં કહેવામાં આવે છે તે તમને દીર્ઘકાળે ખૂબ લાભ કરનાર છે. એ ઉપરચોટિયો ઉપચાર નથી કે અર્થવગરનો બકવાદ નથી. એ નાના વચનમાં ખૂબ રહસ્ય સમાયેલું છે.

એ વાત એ છે કે જો તમારે કરુણાપ્રસંગોનો પ્રતિકાર કરવો હોય તો શાંતસુધારસનું પાન કરવું; એટલે શાંતરસને ખૂબ પીવો, પેટ ભરીભરીને પીવો, કચોળાં ભરીભરીને પીવો. એ પાન તમને અનેક પ્રકારનાં સુખ અથવા સદાચરણો સાથે અનુસંધાન કરાવી આપશે, એક પછી એક પુણ્યપ્રવાહની શ્રેણી બાંધી આપશે અને વળી એ સંયોજન આત્મામાં થશે એટલે એ ચિરકાળ ચાલે તેવું થશે.

શાંતરસના પાનની ભલામણ આ રીતે વારંવાર કરવામાં આવે છે તેનું કારણ છે અને તે એ છે કે કરુણા ઉત્પન્ન કરે તેવા પ્રસંગો ભવિષ્યમાં ન થાય, ન જાગે, ન ઊઠે તે માટેનો એ રાજમાર્ગ છે, એ સિદ્ધ માર્ગ છે અને બહુજનસંમત માર્ગ છે. ભાવનાને છેડે કર્તામહાશયનું નામ આડકતરી રીતે જણાવ્યું છે. તમે શાંતરસનું આસ્વાદન કરો, તેના રસમાં લુબ્ધ થઈ જાઓ અને તેના કેફના ઘેનમાં પડી જાઓ. એમ થશે એટલે કરુણાના પ્રસંગો પ્રાપ્ત થશે નહિ.

અંતરની વેદનાથી આ આખી ભાવના લખાઈ છે અને તેને છેડે આકરા, દુઃખમય રોગોના નિવારણનો માર્ગ બતાવ્યો છે. કરુણાભાવના કરતાં આવી રીતે મુદ્દ–આનંદ લાવી શકાય, ભગવાનનું ભજન આનંદથી કરતાં કરુણા અંતર્ગત થઈ જાય અને દુઃખની વિચારણામાં પણ લહેર આવે એવી વિશાળ શક્તિ આ ભાવના આપે તેમ છે. એને માટે ખરું આત્માનુસંધાન કરવાનું છે અને જુદા જુદા ઉપાયોનો વ્યવહારુ ઉપયોગ કરવાનો છે. કરુણાભાવ પણ ભગવદ્–ભજનનો આનંદ પ્રાપ્ત કરાવે છે. એ આ ભાવનાની વિશિષ્ટતા છે.

ઉપસંહાર : કરુણા

કરુણાભાવનાનું સ્વરૂપ રજૂ કરતાં શ્રી જ્ઞાનાર્ણવકાર નીચેના ત્રણ શ્લોકો રજૂ કરે છે તે બહુ અર્થસૂચક અને ગંભીર છે :

दैन्यशोकसमुत्त्रासरोगपीडार्दितात्मसु ।
वधबन्धनरुद्धेषु याचमानेषु जीवितम् ॥ १ ॥
क्षुत्तृदश्रमाभिभुतेषु शीताद्यैर्व्यथितेषु च ।
अविरुद्धेषु निर्घृणैर्यातमानेषु निर्दयम् ॥ २ ॥
मरणार्तेषु जीवेषु यत्प्रतीकारवाञ्छया ।
अनुग्रहमतिः सेयं करुणेति प्रकीर्तिता ॥ ३ ॥

"જે પ્રાણી દીનતાથી, શોકથી, ત્રાસથી, રોગથી, પીડાથી દુઃખિત હોય, વધ-બંધનથી રુંધાઈ ગયેલ હોય, પોતાના જીવન માટે પ્રાર્થના કરતા હોય, ભૂખ, તરસ, થાકથી પીડિત હોય, ઠંડી વગેરેથી હેરાન થઈ ગયેલો હોય, દયા વગરનાં પ્રાણીઓથી નિર્દયપણે મરાઈ મરાઈને હેરાન થઈ ગયેલો હોય અથવા મરણાંત કષ્ટ પ્રાપ્ત થઈ ગયેલ હોય–એવા કોઈ પણ પ્રકારના પ્રાણીના દુઃખમાં તેના દુઃખનો ઉપાય કરવાની ઇચ્છાપૂર્વકની જે ઉપકારબુદ્ધિ તેનું નામ **કરુણા** કહેવાય છે.

આ સૂત્રમાં સંક્ષેપમાં કરુણાભાવનાનો આદર્શ મુદ્દામ રીતે બતાવવામાં આવ્યો છે. માત્ર એમાં સ્થૂળ કરુણાના પ્રસંગો બતાવ્યા છે એ ધ્યાનમાં રાખવું. એમાં જે દીનતાથી માંડીને કરુણાના પ્રસંગો બતાવ્યા છે તે સર્વના સંબંધમાં ઉપાય (પ્રતિકાર) કરવાની ઇચ્છાપૂર્વક ઉપકાર કરવાની બુદ્ધિ તે કરુણા.

આપણા ગ્રંથકર્તાએ એની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે **कारुण्यमार्ताङ्गरुजां जिहीर्षा**। 'પીડા પામતા પ્રાણીઓના વ્યાધિઓને દૂર કરવાની ઇચ્છા.' (પ્રકરણ ૧૩, શ્લોક ૩.) આમાં વ્યાધિઓની વ્યાખ્યા કરતાં કહેવામાં આવ્યું છે કે તેમાં 'રોગ, સુખભંગ, ધનહાનિ, ધર્મહીનતા, વગેરેનો સમાવેશ થાય છે. તેઓએ નીચેના કરુણાજનક પ્રસંગો આપ્યા છે :

૧. ખાવું-પીવું, ઘર ચણાવવાં, ઘરેણાં ઘડાવવાં, લગ્ન, સંતતિ અને ઇંદ્રિયના ભોગ-વિષયોની અભિલાષાઓ (સ્થૂળ પદાર્થો પાછળ આયુષ્યવ્યય).

૨. વૈભવ મહામુસીબતે મેળવવો અને પછી તેને પોતાનો માનવો અને દુશ્મન, રોગ, ઘડપણ કે મરણને લઈને વૈભવને છોડવો પડે ત્યારે દયાપાત્ર થવું (રાગજન્ય).

૩. સ્પર્ધા, મત્સર, લડાઈ, લોભના આવિર્ભાવો (દ્વેષજન્ય).

૪. નાસ્તિકતા વગેરે વાદ ઊભા કરવા અને મિથ્યાજ્ઞાનને તાબે થઈ તેની પ્રરૂપણા કરવી અને તેને લઈને વિકાસક્રમ ઊલટાવી નાખવો (ધર્મહાનિ)

૫. હિતોપદેશ ન સાંભળવો અને ધર્મને સ્પર્શ પણ થવા ન દેવો (ધર્મહીનતા)

આવાં ચિત્રો રજૂ કરીને માત્ર અક્રિય કરુણા કરીને બેસી રહેવાનો આશય આ ભાવનાનો નથી. અનુગ્રહના પ્રકારો યોગાષ્ટકમાં નીચે પ્રમાણે બતાવ્યા છે તે પણ શોધી લેવા :

૧. ભગવંતની ભક્તિ કરવી, એને યથાસ્વરૂપે ઓળખવા. (ગાથા ૧)

૨. શાસ્ત્રગ્રંથોને સમજવા અને કુયુક્તિથી ફસાઈ ન જવું (ગા. ૨). આ બંનેમાં દેવતત્ત્વની શુદ્ધિ કરવાની વાત કહી.

૩. અવિવેકી ગુરુનો ત્યાગ કરવો અને સુગુરુનો સ્વીકાર કરવો (ગા. ૩). આ ગાથામાં ગુરુતત્ત્વની શુદ્ધિ કરવાની વાત કહી.

૪. કુમતનો ત્યાગ કરી સાચા પંથે પડી જવું (ગા. ૪). આ ગાથામાં ધર્મતત્ત્વની શુદ્ધિ કરવાની વાત કહી.

૫. મનની ઉપર અંકુશ રાખવો, એને આત્મવાટિકામાં રમણ કરાવવું અને એમાંથી શંકા, કાંક્ષા દૂર કરી નાખવી (ગા. ૫). આ ગાથામાં યોગસાધનાની વાત કહી.

૬. આશ્રવોનો ત્યાગ કરવો અને સંવરોનો સ્વીકાર કરવો (ગા. ૬). આ ગાથામાં હેય-ઉપાદેયની સમુચ્ચય સૂચના કહી.

૭. જિનપતિનું વૈદ્યપણું સ્વીકારી આરોગ્ય પ્રાપ્ત કરવું (ગા. ૭). આ ગાથામાં પ્રતિકારને અંગે ઉત્કૃષ્ટ ચિકિત્સાનો માર્ગ બતાવ્યો.

૮. શાંતસુધારસનું પાન કરવું.

આ ગાથામાં ગ્રંથનું સપ્રયોજનત્વ સ્થાપિત કર્યું. (ગા. ૮)

આ રીતે કરુણાભાવનાનો આખો પ્રશ્ન સંક્ષેપમાં વિચારવામાં આવ્યો છે. મનુષ્યની દુનિયામાં નજર કરતાં ચારે તરફ ભય, શોક, ઉપાધિ, કંકાસ, નિંદા, હૃદયની તુચ્છતા, ક્રોધની જ્વાળા, અભિમાનના ગર્જારવો, કપટ-દંભની નીચતા, તૃષ્ણાનાં ઝાંઝવાં અને એવા એવા અનેક હૃદયદ્રાવક પ્રસંગો જ જોવામાં આવશે. એમાં સ્થૂળ દૃષ્ટિએ પણ આનંદ થાય તેવા પ્રસંગો નહિવત્ જણાશે, જ્યારે દુઃખ, ત્રાસ, ભય, થાક, સંતાપના પ્રસંગોનો પાર દેખાશે નહિ. આ સર્વનું અવલોકન કરનારને શું થાય ?

આવા પ્રસંગો જોઈ સહૃદય પ્રાણીનું મન જરૂર દ્રવે. એ એવા પ્રસંગોમાં ચૂંચવાઈ ન જાય, એ એવા પ્રસંગે નાસભાગ કરવા ન લાગે, એ ડરી પણ ન જાય. એની અવલોકનશક્તિ એ પ્રસંગોનાં મૂળ શોધે અને પ્રાણીને તાત્કાળિક અનુગ્રહ તો જરૂર કરે અને દુઃખમાંથી બહાર કાઢવાની ઇચ્છા કરે અને ભવિષ્યમાં એવા પ્રસંગો ન આવે તે માટે ખૂબ વિચારણા કરે. આવા પ્રસંગોને વિચારવા, તેના તાત્કાળિક ઉપાયો યોજવા અને

તેના નિમિત્ત-કારણ દૂર કરવા ઉપરાંત ઉપાદાનકારણોને પણ શોધી, બહાર કાઢી બતાવી તે તરફ પણ પ્રાણીઓનું ધ્યાન ખેંચવું એ વિશાળ ભાવ આ કરુણાભાવનામાં પ્રાપ્ય થાય છે.

ઘણા પ્રસંગોમાં મૈત્રીભાવનાનો અને કરુણાભાવનાનો પ્રસંગ બહુ નજીક આવી જાય છે અને કેટલીક વાર તે એકબીજામાં સંક્રમણ કરે છે. 'સર્વ સુખી થાઓ' એવી ભાવના મૈત્રીપ્રેરિત ભાવિતાત્મામાં જેટલી શક્ય છે તેટલી જ કરુણાપ્રેરિત આત્મામાં શક્ય છે. માત્ર પ્રસંગ શો છે અને પરિસ્થિતિ શી છે તેના નિરાકરણ ઉપર જ તે ભાવનામાં કઈ પ્રવર્તે છે તેનો નિર્ણય કરી શકાય.

કોઈ પ્રસંગોમાં બન્ને ભાવનાઓ એકબીજામાં અન્તર્ગત બને તો તેમાં કોઈ પ્રકારનો વાંધો નથી. વિશાળ દૃષ્ટિમાં બન્નેની આવશ્યકતા એકસરખી છે. મૈત્રીમાં 'પ્રેમ' એના શુદ્ધ વ્યાપક અર્થમાં મુખ્ય સ્થાન લે છે અને કરુણાભાવનામાં 'દયા' એના વ્યાપક અર્થમાં મુખ્ય સ્થાનકે આવે છે. બન્નેમાં હૃદયની વિશાળતા છે. તીર્થંકરદેવ સર્વ જીવને શાસનરસિયા કરવા ભાવના કરે છે તેમાં મૈત્રી અને કરુણાભાવનાની મિશ્રતા છે તે બરાબર વિવેક કરવાથી સમજાઈ શકશે.

ચિત્તપ્રસાદના સાધન તરીકે અને તે દ્વારા સ્થિરતા પ્રાપ્ત કરાવનાર તરીકે આ ચારે ભાવનાનું યોગગ્રંથોમાં બહુ સુંદર સ્થાન છે. ત્યાં મૈત્રીભાવનાનો વિષય સુખ અથવા સુખી પ્રાણીઓ કરેલો છે અને કરુણાભાવનાનો વિષય દુઃખ અથવા દુઃખી પ્રાણીઓ કર્યો છે. પાતંજલ યોગદર્શનના પ્રથમ પાદના તેત્રીશમા સૂત્ર પર વિવેચન કરતાં પ્રો. કર્ણીઆ જણાવે છે કે-બીજી ભાવના દુઃખી વિષે કરુણાની છે; જે દુઃખી મનુષ્યો હોય તેના ઉપર કરુણા વા દયા રાખવી, એટલે જેમ પોતાનાં દુઃખોનો નાશ કરવાની ઇચ્છા સર્વને થાય છે તેમ સર્વનાં દુઃખો નાશ પામો એવી ઇચ્છા સાધકે રાખવી. એ ઇચ્છારૂપ ભાવનાના બળથી તે સાધક કોઈનો અપકાર નહિ કરવાનો; તેમ જ એ ભાવના બળ પામવાથી અન્યને અપકાર કરવાની વિરોધી વૃત્તિ પણ એ સાધકની શમેલી જ રહેવાની. આ રીતે આ ભાવનાથી પરાપકારની ઇચ્છારૂપ ચિત્તમળ દૂર થાય છે. વળી અયોગી પુરુષોમાં દ્વેષરૂપ મોટો મળ હોય છે. એ દ્વેષ વૈરી પ્રાણી ઉપર હોય છે. તેથી જ્યાંસુધી વૈરી પ્રાણીરૂપ વ્યાઘ્રાદિ હોય છે ત્યાં સુધી તેને દ્વેષ થયા કરે છે. તેમાં સમગ્ર વ્યાઘ્રાદિરૂપ વૈરબુદ્ધિના વિષયભૂત પદાર્થોનો તો નાશ થવો અશક્ય છે. તેથી દ્વેષ દૂર કરવા માટે તેમના વિષે વૈરબુદ્ધિનો ત્યાગ કરવો એ જ ઉપાય છે. એ ત્યાગ આ કરુણારૂપ ભાવનાથી થાય છે. જ્યારે 'જીવન્મુક્તિવિવેક'માં ઉદાહૃત—

प्राणा यथात्मनोऽभीष्टा, भूतानामपि ते तथा ।
आत्मौपम्येन भूतानां, दयां कुर्वन्ति मानवाः ॥

એ સ્મૃતિ અનુસાર આત્મવત્ સર્વ પ્રાણી વિષે 'સર્વ પ્રાણી સુખી થાઓ, સર્વ નિરામય થાઓ, સર્વ કલ્યાણને પામો, કોઈ પણ દુઃખને ન પામો' એ પ્રકારની કરુણાવૃત્તિનો ઉદય

થાય છે ત્યારે તેમને વિષે તેથી વિરોધી વૈરબુદ્ધિ કેવી રીતે રહે ? આ પ્રમાણે વૈરબુદ્ધિ જતી રહેવાથી આ ભાવના વડે દ્વેષરૂપ મળનો પણ બાધ થાય છે, તેમ જ દુઃખીની અપેક્ષાથી પોતે સુખી છે એમ જાણવાથી 'હું ઐશ્વર્યવાળો છું, અનેકભોગસાધનસંપન્ન છું, સિદ્ધ છું, બળવાન છું' વગેરે પ્રકારનો દર્પ (ગર્વ) પણ જતો રહે છે; કારણ કે સર્વ પ્રાણીને આત્મવત્ ગણી થતી દયા આ પ્રકારની અન્ય પ્રતિ થતી તિરસ્કારબુદ્ધિની વિરોધી છે. આમ આ ભાવના પરાપકારેચ્છા, દ્વેષ, દર્પ વગેરેની પરિપંથી હોવાથી સાધકે અવશ્ય આદરવા યોગ્ય છે. એ ભાવનાની સિદ્ધિથી પણ ચિત્ત એના વિરોધી દોષથી રહિત થવાથી પ્રસન્ન થાય છે.

કરુણાભાવનાનો આ આદર્શ યોગી પતંજલિનો છે એમ એના ટીકાકારો જણાવે છે. મૈત્રીભાવથી પ્રેમ વિશ્વવ્યાપી થતાં રાગ દૂર થાય છે અને અસૂયા અને ઈર્ષ્યા નામના દુર્ગુણો પર વિજય થાય છે અને પરિણામે ક્રોધ અને માન નામના દુર્ગુણો પર વિજય થાય છે. રાગ અને દ્વેષ પર વિજય થવાથી ચિત્તને ડોળી નાખનારાં બે ભયંકર તત્ત્વો પર સામ્રાજ્ય આવે છે અને આ રીતે રાગ અને દ્વેષના વિજય દ્વારા જ ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરાય છે. ચિત્તસ્થિરતા યોગમાં પ્રથમ સ્થાન ભોગવે છે અને એ સમાધિ આદિ વિશિષ્ટ યોગાંગમાં પ્રવેશ કરવા માટે ખાસ જરૂરી હોઈને આ રીતે સિદ્ધ કરી શકાય છે.

આ ચારે ભાવનાનો યોગને અંગે ઉપસ્થિત થતો પ્રસંગ ખાસ આકર્ષક હોઈને એનો વિચાર અહીં સંક્ષેપમાં ટપકાવી લઈએ. આથી ચારે ભાવનાનો યોગદૃષ્ટિએ ખ્યાલ પ્રાપ્ત થઈ જશે.

પ્રથમ પાદના ૩૩ મા સૂત્ર (પાતંજલ યોગદર્શન)નું અવતરણ કરીએ. એ સૂત્ર આ પ્રમાણે છે :—

मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातः चित्तप्रसादनम् ॥ ३३ ॥

સૂત્રાર્થ :-"સુખી, દુઃખી, પુણ્યવાન અને પાપી માણસો ઉપર અનુક્રમે મૈત્રી, દયા, મુદિતા અને ઉપેક્ષાની ભાવના કરવાથી ચિત્ત પ્રસન્ન થાય છે." આ સૂત્ર ઉપર સ્વામી બળરામ ઉદાસીનરચિત ટીકાનું ભાષાંતર કરતાં શ્રી છોટાલાલ સવાઈલાલ વોરા પૃ. ૯૯-૧૦૦ (પાતંજલદર્શનપ્રકાશ)માં જણાવે છે કે:- (લંબાણ ઉતારો છે તે પૂરો થશે ત્યાં નિર્દેશ કરવામાં આવશે.) "જે પુરુષ સુખભોગસંપન્ન-સુખી છે તેના પર મૈત્રીની ભાવના કરવી; જે પુરુષ દુઃખી છે તેના પર કૃપાની ભાવના કરવી; જે પુણ્યશાળી છે તેના પર મુદિતા (હર્ષ)ની ભાવના કરવી અર્થાત્ તેને જોઈ આનંદિત થવું અને જે પુરુષ પાપાચરણવાળો છે તેના ઉપર ઉપેક્ષા એટલે ઉદાસીનતાની ભાવના કરવી અર્થાત્ તેથી સાથે ઉદાસીનભાવથી વર્તવું.

એવી રીતે એ ચારે ભાવનાના અનુષ્ઠાનથી શુક્લધર્મની ઉત્પત્તિ થાય છે અને ત્યાર-પછી ચિત્ત પ્રસન્ન થઈ જાય છે. તે પછી પ્રસન્ન થયેલું ચિત્ત એકાગ્રતારૂપ સ્થિતિપદનો લાભ મેળવે છે.

ભાવ એવો છે કે-રાગ, દ્વેષ, ઈર્ષ્યા, પારકા ઉપર અપકાર કરવાની ઇચ્છા, અસૂયા અને અમર્ષ નામના રાજસ, તામસ છ ધર્મો ચિત્તને વિક્ષિપ્ત કરી મલિન કરી દે છે, તે છ ચિત્તમળ કહેવાય છે. એ છ જાતના ચિત્તમળ હોવાથી ચિત્તમાં છ જાતનું કાલુષ્ય પેદા થાય છે, જેમ કે રાગકાલુષ્ય, દ્વેષકાલુષ્ય અને ઈર્ષ્યાકાલુષ્ય, પરાપકારચિકીર્ષાકાલુષ્ય, અસૂયાકાલુષ્ય અને અમર્ષકાલુષ્ય.

'રાગકાલુષ્ય'-સ્નેહપૂર્વક અનુભવ કરેલા સુખમાંથી "આ સુખ મને સર્વદા પ્રાપ્ત હો" એવા આકારની જે રાજસ વિશેષ વૃત્તિ ઊપજે છે તે રાગકાલુષ્ય કહેવાય છે; કેમ કે તે રાગ સઘળા સુખસાધનના વિષયોની પ્રાપ્તિ ન થવાથી ચિત્તને વિક્ષેપ વડે કલુષિત કરી દે છે.

'દ્વેષકાલુષ્ય'-દુઃખભોગ પછી દુઃખ દેવાવાળા વિષયના અનિષ્ટ ચિંતનપૂર્વક "આ દુઃખ આપનારી વસ્તુ નષ્ટ હો અને મને દુઃખ ન હો" એવી જે તામસવૃત્તિ વિશેષ થાય છે તે દ્વેષકાલુષ્ય કહેવાય છે; કેમ કે દ્વેષ દુઃખહેતુ સિંહ, વાઘ વગેરેનો અભાવ ન હોવાથી સર્વદા ચિત્તને વિક્ષિપ્ત કરી કલુષિત કરી દે છે.

'ઈર્ષ્યાકાલુષ્ય'—બીજા માણસનું ગુણાધિકત્વ વા સંપત્તિ-આધિકત્વ જોઈ ચિત્તમાં જે ક્ષોભ અથવા એક જાતની બળતરા થાય છે, તે ઈર્ષ્યા-કાલુષ્ય કહેવાય છે; કેમ કે તે પણ ચિત્તને વિક્ષિપ્ત કરી કલુષિત કરી દે છે.

'પરાપકારચિકીર્ષાકાલુષ્ય'—બીજાને અપકાર (બૂરું) કરવાની ઇચ્છા. તે પણ ચિત્તને વિહ્વળ કરી કલુષિત કરે છે.

'અસૂયાકાલુષ્ય'—કોઈના વખાણવા લાયક ગુણોમાં દોષનો આરોપ કરવો. જેમ કે વ્રત આચારશીલ પુરુષને દંભી-પાખંડી જાણવો અને તે મુજબ જાહેરમાં બોલવું તે.

'અમર્ષકાલુષ્ય'—કુત્સિત વચનશ્રવણપૂર્વક પોતાના અપમાનને સહન ન કરતાં તેની ઉપર ક્રોધ કરવો અને તેની ઉપર વૈર લેવાની ચેષ્ટા કરવી તે અમર્ષકાલુષ્ય કહેવાય છે.

આ છ પ્રકારનાં કાલુષ્ય જ પુરુષોના ચિત્તમાં વિદ્યમાન હોવાથી ચિત્તને મલિન કરી વિક્ષિપ્ત કરી નાખે છે. એટલા માટે ચિત્તમાં તેઓના અસ્તિત્વમાત્રથી જ ચિત્તની પ્રસન્નતા અને એકાગ્રતા દુઃસાધ્યા-ન મેળવી શકાય તેટલી કઠિન બને છે.

મૈત્રી વગેરે ભાવનાથી એ ચિત્તમળોની નિવૃત્તિ કરવી એ યોગેચ્છુનું પ્રથમ કર્તવ્ય છે, જેથી નિર્મળ થયેલું ચિત્ત એકાગ્રતાની યોગ્યતાળું થઈ જાય એવો સૂત્રકારનો આશય છે.

તેમાં સુખી પુરુષોની સાથે મિત્રભાવથી વર્તીને રાગ અને ઈર્ષ્યાના કાલુષ્યની નિવૃત્તિ કરવી, અર્થાત્ જ્યારે કોઈ સુખી જોવામાં આવે ત્યારે તેની સાથે મૈત્રી કરી

એમ સમજવું કે આ સઘળાં સુખ મારા મિત્રનાં છે, તેથી તે મારાંજ છે. એથી જેમ પોતાને રાજ્યલાભ ન હોય અને પોતાના પુત્રને હોય તો તેને પોતાનો જાણવાથી રાજ્ય ઉપરનો રાગ નિવૃત્ત થાય છે, તેમ મિત્રના સુખને પણ પોતાનું સુખ માનવાથી રાગ અવશ્ય નિવૃત્ત થઈ જશે. એમ જ્યારે માણસ પારકું સુખ પોતાનું સમજશે ત્યારે બીજાના ઐશ્વર્યને જોઈ ચિત્તમાં દાહ ન પામતાં પ્રસન્ન થશે, અને ઈર્ષ્યા પણ નિવૃત્ત થઈ જશે.

આ પ્રમાણે દુઃખી પુરુષો ઉપર કૃપા કરીને દ્વેષ તથા પરાપકારચિકીર્ષારૂપ કાલુષ્યની નિવૃત્તિ કરવી. અર્થાત્ જ્યારે કોઈ દુઃખી મનુષ્ય જોવામાં આવે, તો પોતાના ચિત્તમાં "એ બિચારાને બહુ મોટું કષ્ટ થતું હશે, કેમ કે અમારા ઉપર પણ કોઈ સંકટ આવી પડે છે તો કેટલું દુઃખ ભોગવવું પડે છે તે અમે જાણીએ છીએ" એવો વિચાર કરી તેનું દુઃખ દૂર કરવાનો યત્ન કરવો; પણ એમ ન જાણવું કે તેના દુઃખ કે સુખમાં આપણે શું પ્રયોજન છે ? એમ ન ધારતાં જ્યારે એવી રીતની કરુણામયી ભાવના ચિત્તમાં ઉત્પન્ન થશે ત્યારે પોતાના જેવી સઘળાના સુખની ચાહનાથી વૈરીનો અભાવ થવાથી, દ્વેષ અને પરાપકારચિકીર્ષા નિવૃત્ત થઈ જશે.

એ પ્રમાણે જ્યારે પુણ્યાત્મા માણસ જોવામાં આવે ત્યારે ચિત્તમાં "અહો ! મોટું ભાગ્ય આનાં માતા-પિતાનું કે જેનાથી આવા પુણ્યશાળી કુળપ્રદીપ સત્પુરુષનો જન્મ થયો છે; અને તે પુણ્યશાળીને પણ ધન્યવાદ છે કે તન, મન અને ધનથી પુણ્યકાર્યમાં પ્રવૃત્ત થયેલો છે" એવી રીતના આનંદને પામે અને એવી રીતની મુદિતાભાવના ચિત્તમાં ઉત્પન્ન થશે ત્યારે અસૂયારૂપી ચિત્તનો મળ પણ અવશ્ય નિવૃત્ત થઈ જશે.

એવી રીતે પાપી પુરુષ જોવામાં આવે તો પોતાના ચિત્તમાં "તે આપણું કુત્સિત બોલશે અને આપણું અપમાન કરશે. તેની કુટિલતાનો આપણે બદલો લેવાનું શું પ્રયોજન છે ? તે જે ચાહે તે કરે, પોતાના કર્તવ્યનું ફળ પોતે ભોગવશે" એવી રીતે તેના ઉપર ઉપેક્ષાની ભાવના કરવી. આમ ઉપેક્ષાની ભાવનાથી અમર્ષરૂપ ચિત્તમળ નિવૃત્ત થઈ જાય છે.

એ પ્રમાણે જ્યારે એ ચારે ભાવનાના અનુષ્ઠાનથી આ સઘળાં કાલુષ્ય નિવૃત્ત થઈ જાય છે ત્યારે વર્ષાઋતુ પછીના જળની પેઠે ચિત્ત પણ અવશ્ય નિર્મળ થઈ જાય છે; એથી પ્રથમ, એ ચારે ભાવનાના અનુષ્ઠાનથી ચિત્તપ્રસાદન (સ્વચ્છ ચિત્ત) કરવારૂપી ફળ પ્રાપ્ત થાય છે."

અહીં સદર ગ્રંથનો ઉતારો પૂર્ણ થાય છે. આ લાંબાણ ઉતારો મુદ્દામ કારણસર ખાસ પ્રાસંગિક જણાયાથી દાખલ કર્યો છે. એ ઉતારો વાંચવાથી ચારે યોગભાવનાનું સ્વરૂપ સ્પષ્ટ થઈ જશે, ચારે ભાવનાના પ્રદેશો કેટલા સ્પષ્ટ અને નિરનિરાળા છે તેનો ખ્યાલ આવશે અને પ્રત્યેકનાં આશય, હેતુ અને લક્ષ્ય કયાં કયાં છે તે સમજાશે.

કરુણાભાવના સાથે મૈત્રીનો ખાસ ગાઢ સંબંધ છે અને એક રીતે જોઈએ તો એ ડાબી-જમણી આંખ જેવી છે; આનો એકી સાથે ખ્યાલ કરવા માટે આ આખો ઉતારો એક

સાથે આપી દીધો છે. એ ઉતારો યોગમતે કોઈ ખાસ વિચારવા યોગ્ય છે. ચિત્તપ્રસાદનમાં પ્રત્યેક યોગભાવના કેવી રીતે કામ આપે છે તેનો હાર્દિક ભાવ સ્પષ્ટ કરવાનો આ પ્રસંગ પ્રાસ્તાવિક હોવાથી સહજ લંબાણના ભોગે પણ આ ઉપસંહારમાં તેને સ્થાન આપ્યું છે.

આપણા મૂળ ગ્રંથને અંગે જણાવવાનું કે પ્રતિકારના માર્ગોનું નિદર્શન અન્ય કોઈ લેખકે જણાવ્યું નથી પરંતુ સર્વેએ તેની આવશ્યકતા જરૂર સ્વીકારી છે. આપણા લેખક-મહાત્મા ઉપાધ્યાયજીએ આખું અષ્ટક એ ઉપાયોની વિચારણામાં રજૂ કર્યું છે એ એમનું વિશિષ્ટ તત્ત્વ છે.

એમનું બીજું વિશિષ્ટ તત્ત્વ તે કરુણાજનક પ્રસંગોના કારણરૂપે ધર્મહીનતાનું તત્ત્વ દાખલ કરવું તે છે, અને તે દાખલ કરીને ન અટકતાં તેના પ્રતિકારનો પણ વિસ્તાર કરી બતાવ્યો છે. એની વિચારણામાં ભગવદ્ભજનની આવશ્યકતા, ગુરુશુદ્ધિ અને ધર્મમાર્ગની શોધ— એ ત્રણ માર્ગોનો નિર્દેશ કરી એમણે દેવ-ગુરુ-ધર્મની ત્રિપુટીને સાંભળવાની વાત કરી એક આકર્ષક ચિત્ર રજૂ કર્યું છે, એમ કોઈ પણ સહૃદય પુરુષને લાગ્યા વગર રહે તેમ નથી.

ધર્મહીનતાને કરુણાના પ્રસંગોમાં ગણવી એ અભિનવ વાત છે. એ માર્ગનો સ્વીકાર કરવામાં ઉપાધ્યાય વિનયવિજયજીએ બહુ દીર્ઘદૃષ્ટિ વાપરી છે. ધર્મહીનતાને કારણે અથવા કુમતના સ્વીકારનું પરિણામ શું આવે છે તે પર નજર રાખીને આ અતિ અગત્યનો વિષય તેમણે ચર્ચ્યો છે.

ધર્મહીન પ્રાણીઓને જ્યારે ધર્મરાગી પ્રાણી જુએ ત્યારે તેના ઉપર ચીડ આવે છે, પણ એમ ન થવું જોઈએ. કરુણાભાવિત આત્મા એવા પ્રાણીની મંદ વિકાસસ્થિતિ સમજે; એને એમ લાગે કે એ બિચારો પાણી વલોવીને માખણ તારવવાનો નિરર્થક પ્રયત્ન કરી રહ્યો છે. આવો કષ્ટસાધ્ય પ્રાણી ધર્મની મશ્કરી કરે, હેલના કરે, ધર્મને 'હંબગ' કહી નિંદે કે ધર્મરાગીને ધર્મના પૂંછડા કે એવાં ઉપનામો આપે તેથી એ જરા પણ ઉશ્કેરાતો નથી કે ગુસ્સે થતો નથી. એના અંતરમાં ધર્મને હસનારા કે ધર્મવિરુદ્ધ બોલનારા માટે ઊંડાણમાંથી દયા સ્ફુરે છે અને એને મીઠા શબ્દોથી, દલીલથી, ચર્ચાથી, લેખથી, ભાષણથી અને એવા વિધવિધ ઉપાયોથી ધર્મમાર્ગે લાવવા માટે પ્રેરણા થાય છે. આ રીતે મૈત્રીભાવના જેમ સહિષ્ણુતા આણે છે તેમ તદ્દન બીજા દૃષ્ટિબિન્દુથી કરુણાભાવના પણ એ જ પરિણામ પામે છે.

કરુણાભાવનાથી બે મુદ્દા ખૂબ સુસાધ્ય થાય છે તે ખાસ ધ્યાનમાં રાખવાનું છે. એક એનાથી દ્વેષ પર વિજય મળે છે અને બીજું એનાથી પર ઉપર વૈર લેવાની કે સજા કરવાની વૃત્તિ દૂર થાય છે. મૈત્રીમાં પ્રેમદ્વારા રાગ ઉપર વિજય મળે છે ત્યારે કરુણામાં દયાદ્વારા દ્વેષ ઉપર વિજય મળે છે. આ અતિ મહત્ત્વનો વિષય છે.

કરુણાભાવનાના પ્રસંગો પરત્વે પ્રતિકારની વિચારણામાં મન ઉપર વિજય કરવાની વાત કરી છે તેમાં આખો રાજયોગ સમાય છે. વાત એ છે કે ઘણીખરી વખત તો મુખ

અને દુઃખ એક મનની કલ્પના જ હોય છે. અમુક વસ્તુની ગેરહાજરીને લીધે એક પ્રાણીનું મન મોટું ભયંકર દુઃખ માની લે અને બીજાને તે જ બાબત કંઈ જરા પણ મહત્ત્વની લાગતી ન હોય. નાની નાની જરૂરિયાતો અને જેલમાં તેના અંગેના મનસ્વી હુકમો જુદા જુદા કારાવાસીઓનાં મન પર કેવી અવનવી અસર કરે છે તેનો અહીં જાતઅનુભવ થાય છે. મન પર અંકુશ જેટલે અંશે આવે તેટલે અંશે આ બાબત ઘટતા મહત્ત્વવાળી લાગે છે. કરુણાપાત્ર લાગતા પ્રાણીઓના મનમાં જો આ પ્રકારની વિચારણા આવી જાય અને તે પ્રાણી મન પર અંકુશનું ચાતુર્ય પ્રાપ્ત કરે તો દુનિયાનાં દુઃખો ઘણાં અલ્પસંખ્યક બની જાય.

આપણે હવે સમુચ્ચયદૃષ્ટિએ કરુણાભાવનાનો વિચાર કરીએ. દુનિયામાં ચારે તરફ દુઃખ, ઉપાધિ અને ત્રાસોમાં સબડતા પ્રાણીઓ જોવામાં આવે છે. એની દુઃખમુક્તિના ઉપાયો યોજવા એ કરુણાભાવના છે. એના કેટલાક ઉપયુક્ત પ્રસંગો વિચારીએ-

અનેક પ્રાણીઓ તદ્દન નિરાધાર જોવામાં આવશે. જેમનાં માતાપિતા ગુજરી ગયાં હોય, ઊંચે આભ અને નીચે ધરતી હોય, રહેવાને ઘર નહિ, પહેરવાને વસ્ત્ર નહિ, ખાવાને ચીજ નહિ અને પીવાના સાધન તરીકે એક વાટકો પણ નહિ; આવા પ્રાણીઓને કેમ વિચાર આવ્યા વગર રહે ? એના ઓશિયાળા ચહેરા અને અશ્રુથી ભરેલી આંખો જોતાં જો કરુણા ન ઊપજે તો હૃદય પથ્થરનું બનેલું ગણાય.

આવા નિરાધાર અનાથને માટે આપણી શક્તિને છુપાવ્યા વિના દુઃખનિવારણનો પ્રયત્ન સાચી કરુણા છે અને તે જ ખરી હિતાવહ છે એ નિર્વિવાદ છે.

આવી ભાવના જે હૃદયમાં વર્તતી હોય તેને દ્વેષ કે અન્યનું બૂરું કરવાની ઇચ્છા પણ ન જ થઈ શકે એમાં નવાઈ જેવું નથી. એ નાનામાં નાના જીવથી માંડીને મનુષ્ય સુધી સર્વ જીવોનાં દુઃખ વગેરે અનિષ્ટ પ્રસંગો જોઈ આર્દ્ર થઈ જાય છે અને તેને તેમાંથી છોડાવવા માટે પ્રયત્ન કરે છે, યોજના કરે છે, અમલ કરે છે.

આ કરુણાભાવનાને વિશાળ દૃષ્ટિએ વિચારવામાં આવશે તો એ શાંતરસ છે, અમૃતના પ્યાલા છે, આનંદોદધિના ઉછાળા છે, પ્રેમના પરિસ્પન્દો છે, દ્વેષનો તો તેમાં સર્વથા બહિષ્કાર છે અને વિજયમાર્ગે પ્રયાણ છે એમ જરૂર લાગશે. શ્રીવિનયવિજયજી કહે છે કે—આવા અનુપમ શાંતરસનું તમે પાન કરો, સક્રિય પાન કરો.

इति करुणाभावना. १५.

પ્રકરણ સોળમું

માધ્યસ્થ્યભાવના

श्रान्ता यस्मिन् विश्रमं संश्रयन्ते, रुग्णाः प्रीतिं यत्समासाद्य सद्यः ।
लभ्यं रागद्वेषविद्वेषिरोधादौदासीन्यं सर्वदा तत्प्रियं नः ॥ क १ ॥

लोके लोका भिन्नभिन्नस्वरूपा, भिन्नैर्भिन्नैः कर्मभिर्मर्ममिद्भिः ।
रम्यारम्यैश्चेष्टितैः कस्य कस्य, तद्विद्वद्भिः स्तूयते रुष्यते वा ॥ ख २ ॥

मिथ्या शंसन्वीरतीर्थेश्वरेण, रोद्धुं शेके न स्वशिष्यो जमालिः ।
अन्यः को वा रोत्स्यते केन पापात्तस्मादौदासीन्यमेवात्मनीनम् ॥ ग ३ ॥

अर्हन्तोऽपि प्राज्यशक्तिस्पृशः किं, धर्मोद्योगं कारयेयुः प्रसह्य ।
दद्युः शुद्धं किन्तु धर्मोपदेशं, यत्कुर्वाणा दुस्तरं निस्तरन्ति ॥ घ ४ ॥

तस्मादौदासीन्यषीयूषसारं वारं वारं हन्त सन्तो लिहन्तु ।
आनन्दानामुत्तरङ्गत्तरङ्गैर्जीवद्भिर्यद्भुज्यते मुक्तिसौख्यम् ॥ ङ ५ ॥

ક ૧. શ્રાન્ત થાકી ગયેલા; ક્ષીણ થઈ ગયેલા. **વિશ્રમ** વિશ્રામો; આરામ. **રુગ્ણાઃ** માંદા; વ્યાધિવાળા; વાંકા વળી ગયેલા. **વિદ્વેષિ** હાડશત્રુ. **રોધ** અટકાયત; અનુદ્‌ભવ. **ઔદાસીન્ય** રાગદ્વેષ-પક્ષ-પાતનો વિરહભાવ.

ખ ૨. સ્વરૂપ દેખાવ; આવિર્ભાવ. **મર્મભિદ્** મર્મ–અંતરનો ભાગ, તેને ભેદનારા, ઊંડે સુધી ઊતરી જનારા. **ચેષ્ટિત** ક્રિયા; પ્રવૃત્તિ. **રુષ્યતે** રોષ કરાય; ગુસ્સે થવાય.

ગ ૩. મિથ્યા અસત્ય; અછતાભાવ. **શંસન્** ઉપદેશતો; પ્રરૂપતો. **રોદ્ધું** નિષેધવાને; અટકાવવાને. **જમાલિ** શ્રીવીરભગવાનનો સંસારીપણાનો જમાઈ અને હસ્તદીક્ષિત શિષ્ય. **રોત્સ્યતે** અટકાવી શકાય; રોકી શકાય. **આત્મનીનં** આત્માને હિત કરનાર.

ઘ ૪. પ્રાજ્ય મહાન. **સ્પૃશઃ** સ્પર્શ કરનારા. **ધર્મોદ્યોગ** ધર્મમાર્ગે પ્રવૃત્તિ; ધર્મકાર્યમાં પ્રેરણા. **પ્રસહ્ય** બળજોરીથી; શિરજોરીથી. **દુસ્તરં** દુઃખે–મુશ્કેલીએ તરી શકાય તેવો (સંસાર-સમુદ્ર).

ઙ ૫. લિહન્તુ ચાટો; આસ્વાદો. **ઉત્તરંગત્તરંગ** ઉત્ એટલે વધારે વધારે વધતા જતા. જોસથી ઊછળતાં જતાં (સમુદ્રનાં) મોજાં. **જીવદ્ભિઃ** પ્રાણીઓ વડે (કર્મણિપ્રયોગ છે). **ભુજ્યતે** ભોગવાય છે; પ્રાપ્ત કરાય છે.

ક ૧. જેમાં થાકી ગયેલા પ્રાણીઓ આરામને મેળવે છે, જેને મેળવીને વ્યાધિ-ગ્રસ્ત પ્રાણીઓ અથવા શરીરે વાંકા વળી ગયેલા પ્રાણીઓ પ્રેમરસનો સ્વાદ કરે છે, જેમાં રાગ-દ્વેષ જેવા મહાઆકરા દુશ્મનોનો રોધ થવાથી એકદમ ઉદાસીનભાવ પ્રાપ્ત થાય છે એ (માધ્યસ્થ્યભાવ) અમને બહુ ઇષ્ટ છે.

ખ ૨. અંદરનાં મર્મસ્થાનને ભેદી નાખનારાં ભિન્ન ભિન્ન પ્રકારનાં કર્મોને લઈને આ લોકમાં પ્રાણીઓ ભિન્ન ભિન્ન સ્વરૂપના નાના પ્રકારના આવિર્ભાવોને દેખાડનારા થાય છે. તેમના પસંદ આવે તેવાં અથવા ન પસંદ આવે તેવાં વર્તનો જાણનારા સમજુ પ્રાણીઓ આમાં કોની પ્રશંસા કરે અને કોના ઉપર રોષ કરે ?

ગ ૩. ખુદ તીર્થંકર શ્રીમહાવીરપરમાત્મા જેવા પણ પોતાના શિષ્ય જમાલિને અગત્યની પ્રરૂપણા કરતો અટકાવી શક્યા નહિ, તો પછી કોણ કોને કયા પાપથી અટકાવી શકે ? તેટલા માટે ઉદાસીનતાને જ આત્મહિતકર સમજવી.

ઘ ૪. શ્રીતીર્થંકરદેવો અસાધારણ શક્તિ–બળવાળા હોય છે, છતાં તેઓ પણ શું બળજોરીથી ધર્મ તરફ પ્રવૃત્તિ કરાવે છે ? નથી કરાવતા. પણ તેઓ યથાસ્વરૂપ ધર્મનો ઉપદેશ જરૂર આપે છે, જેનો અમલ કરનારા પ્રાણીઓ દુસ્તર ભવસાગરને તરી જાય છે.

ઙ ૫. તેટલા માટે ઉદાસીનતા(માધ્યસ્થ્ય)રૂપ અમૃતના સારને સંતપુરુષો વારંવાર આસ્વાદે. એના આનંદનાં વધારે વધારે ઊછળતાં મોજાંઓ વડે મુક્તિનું સુખ પ્રાણી પ્રાપ્ત કરે છે.

गेयाष्टक*

अनुभव विनय ! सदा सुखमनुभव, औदासीन्यमुदारं रे ।
कुशलसमागममागमसारं, कामितफलमन्दारं रे ॥ अनु० ॥ १ ॥
परिहर परचिन्तापरिवारं, चिन्तय निजमविकारं रे ।
वदति कोऽपि चिनोति करीरं, चिनुतेऽन्यः सहकारं रे ॥ अनु० ॥ २ ॥
योऽपि न सहते हितमुपदेशं, तदुपरि मा कुरु कोपं रे ।
निष्फलया किं परजनतप्त्या ? कुरुषे निजसुखलोपं रे ॥ अनु० ॥ ३ ॥
सूत्रमपास्य जडा भाषन्ते, केचन मतमुत्सूत्रं रे ।
किं कुर्मस्ते परिहृतपयसो, यदि [1]पीयन्ते मूत्रं रे ॥ अनु० ॥ ४ ॥
पश्यसि किं न मनःपरिणामं, निजनिजगत्यनुसारं रे ।
येन जनेन यथा भवितव्यं, तद्भवता दुर्वारं रे ॥ अनु० ॥ ५ ॥
रमय हृदा हृदयंगमसमतां, संवृणु मायाजालं रे ।
वृथा वहसि पुद्गलपरवशतामायुः परिमितकालं रे ॥ अनु० ॥ ६ ॥
अनुपमतीर्थमिदं स्मर चेतनमन्तःस्थिरमभिरामं रे ।
चिरं जीव विशदपरिणामं, लभसे सुखमविरामं रे ॥ अनु० ॥ ७ ॥
परब्रह्मपरिणामनिदानं, स्फुटकेवलविज्ञानं रे ।
विरचय विनय ! विवेचितज्ञानं, शान्तसुधारसपानं रे ॥ अनु० ॥ ८ ॥

---

* રાગ :—આ અષ્ટકના રાગની દેશી પ્રસિદ્ધ છે. 'આજ ગયા'તા અમે સમવસરણમાં' એ જાણીતી ઢાળમાં ચાલે છે. પ્રતમાં એને પ્રભાતિરાગ લખે છે. 'આદર જીવ ! ક્ષમા ગુણ આદર' ની દેશી જણાવે છે.

૧. પાઠાંતર : पिबन्ति

ગેયાષ્ટક : માધ્યસ્થ્યભાવના

૧. વિનય ! અતિ પ્રધાન ઉદાસીનતાના સુખનો તું અનુભવ કર, નિરંતર અનુભવ કર. એ ઉદાસીનભાવનું સુખ પરમ કલ્યાણની સાથે સંગતિ કરાવી આપનાર છે, સર્વ સુવિહિત શાસ્ત્રોનો સાર છે અને ઇષ્ટ ફળ આપનાર કલ્પવૃક્ષ છે, માટે એ ઉદાસીનતાના સુખને અનુભવ.

૨. પરચિંતાનાં વિકલ્પજાળોને તજી દે અને તારું પોતાનું અવિકારી તત્ત્વ (આત્મ-સ્વરૂપ) ચિંતવ. કોઈ માણસ (ઘણું) બોલે છે પણ કાંટાવાળા કેરડાને માત્ર ઉપાર્જન કરે છે અને કોઈ બીજો આંબા(નાં ફળો)ને એકઠાં કરે છે–ચૂંટે છે.

૩. જો કોઈ (પ્રાણી)ને હિતનો ઉપદેશ કરવામાં આવે ને તેને તે સહન કરી લે નહિ –તેના ઉપર રુચિ પણ આણે નહિ, તો પણ તેના ઉપર તું કોપ કર નહિ. પારકા માણસ સંબંધી અર્થ વગરની નિષ્ફળ ચિંતા કરીને તું શા માટે તારા પોતાના સુખનો નાશ કરે છે ?

૪. કેટલાક મૂર્ખશિરોમણિઓ સુશાસ્ત્રવિહિત હકીકતને તજી દઈને સૂત્રસિદ્ધાંત-વિરુદ્ધ ભાષણ કરે છે તેને માટે આપણે શું કરીએ ? સુંદર દૂધ છોડી દઈને તેઓ ખરેખર મૂત્ર પીએ છે.

૫. જે પ્રાણી જે ગતિમાં જવાનો હોય છે તેને અનુસારે તેની ચિત્તવૃત્તિઓ પરિણામ પામે છે તે તું કેમ જોઈ શકતો નથી ? અને કયા પ્રાણીએ ક્યાં અને કેવા થવું, પોતાની ભવિતવ્યતાનો પ્રકાર કેમ મુકરર કરવો તે સંબંધમાં તારાથી કોઈ પણ પ્રકારની અટકાયત થવી દુષ્કર છે. (આ હકીકત તું કેમ જોઈ શકતો નથી ? કેમ જાણી શકતો નથી ? કેમ ઘટાવી શકતો નથી ?)

૬. ચિત્તને પસંદ આવે તેવી સમતાને હૃદયથી રમાડ અને માયાનાં જાળાંઓને ખલાસ કરી દે. પુદ્ગલોની તાબેદારી તું તદ્દન નકામી કરે છે. કેમ કે તારું આયુષ્ય તો મર્યાદિત વખત માટે જ છે. (માટે તું ઉદાસીનતાના સુખનો અનુભવ કર.)

૭. આ (ઉદાસીનતા અથવા અંદર બેઠેલો ચેતનરામ) કોઈની સાથે સરખાવી ન શકાય તેવું (અનુપમ) તીર્થ છે, સદા જાણી શકાય તેવું ચેતન (જીવન) છે, અંતરની અંદર બિરાજ-માન થયેલ છે, અતિ રમણીય છે અને શુદ્ધ પરિણામમય છે તેને તું વારંવાર સ્મરણપથમાં લાવ, તેને યાદ કર, તેને ધ્યાવ. એથી ચિરકાળપર્યંત શાશ્વત સુખને હે જીવ ! તું પ્રાપ્ત કરીશ.

૮. એ (ઔદાસીન્ય) પરબ્રહ્મ ચેતનભાવનું પરમ સાધન છે; એ સ્પષ્ટરૂપે કેવળ વિશિષ્ટ જ્ઞાન છે. અહો વિનય ! આ શાંતસુધારસ, જેમાં જ્ઞાનનું વિવેચન–પૃથક્કરણ કરવામાં આવેલ છે, તેના પાનને તું નિરંતર કર. (અથવા વિનયે કરેલા કે વિનયપૂર્વક કરેલા વિવેચન-વાળા જ્ઞાનમય આ શાંતસુધારસના પાનને તું કર, તું એનું પાન કર, તું એને પી.)

ગેયાષ્ટકની નોંધ :—

૧. **औदासीन्य** ઉદાસીનતા; મધ્યસ્થપણું. **उदार** મુખ્ય; પ્રધાન. **कुशल** પરમ કલ્યાણ (મોક્ષ). **सारं** રહસ્ય. **मन्दारं** કલ્પવૃક્ષ.

૨. **पर** પરવસ્તુ; પારકા; પરાયા. **परिवार** સમૂહ; વિકલ્પજાળ. **अविकारं** અવિકારી; શાશ્વત. **चिनोति** એકઠાં કરે છે; મેળવે છે; ચૂંટે છે. **सहकार** આંબો.

૩. **तप्त्या** ચિંતા, સંતાપ વડે–દ્વારા. **लोपं** નાશ; વિનાશ.

૪. **सूत्र** મૂળસૂત્ર, આગમગ્રંથો(માં કહેલી હકીકતો). **अपास्य** છોડી દઈને; ઉત્થાપીને. **उत्सूत्र** સૂત્રથી ઊલટું. **पयस्** દૂધ. **मूत्र** મૂતર.

૫. **परिणाम** વિચાર; વૃત્તિના સાક્ષાત્કારો. **गति** જન્માંતરનું સ્થાન; ભવિષ્યનું સ્થાન. **भवितव्यं** થવું તે; ભવિતવ્યતાની સ્થિતિ. **दुर्वारं** જેની અટકાયત કરવી મુશ્કેલ હોય તેવું.

૬. **हृदयंगम** હૃદયને પસંદ આવે તેવી; મનોહર **संवृणु** સંકેલી લે; સંકોચી લે; ખલાસ કરી દે; બંધ કર. **परवशता** તાબેદારી; ભાઈસાબી. **परिमित** મર્યાદિત; હદ બાંધેલ; મુકરર. (પરિણામે અતિ અલ્પ).

૭. **अनुपम** ઉપમા ન આપી શકાય તેવું; Incomparable. **चेतनम्** Conscious living; જીવંત. **अन्तःस्थितं** અંતરમાં રહેલ; ઊંડાણમાં ઘર કરેલ. **अभिराम** રમણીય; સુંદર. **विशद** શુદ્ધ; નિર્મળ. **अविरामं** નિરંતરને માટે; હંમેશને માટે.

૮. **परब्रह्म** નિર્વિકાર; નિરંજન, શુદ્ધ ચૈતન્ય. **परिणाम** ચેતન. **निदानं** પ્રધાન કારણ. **विज्ञान** વિશિષ્ટ જ્ઞાન. **विरचय** બનાવ; વારંવાર કર; ગોઠવ. **विवेचित** વિવેચન–પૃથક્કરણ કરેલું છે જેમાં એવું.

માધ્યસ્થ્ય : પરિચય

ક ૧. મનોવૃત્તિના અતિ વિચારણીય પ્રદેશમાં આપણે હવે જઈએ છીએ. માનસ-વિદ્યાનો જેટલો વધારે પરિચય કે અભ્યાસ હશે તેનો આ ભાવનામાં તેટલા પ્રમાણમાં ઉપયોગ થશે.

આ સંસારમાં અનેક પ્રકારના પ્રાણીઓ હોય છે. કેટલાક પ્રાણીઓ તદ્દન ઊંધી ખોપરીના હોય છે. તેને સલાહ કે ઉપદેશ આપવામાં આવે તો તે માને તો નહિ, એટલું જ નહિ પણ ઉપદેશ આપનાર ઉપર ગુસ્સો કરે, દ્વેષ કરે અને દ્વેષને પરિણામે અપમાન, ગાલીપ્રદાન કે તોફાન પણ કરે.

'પંચતંત્ર'માં વાનર અને સુઘરીનું દૃષ્ટાન્ત પ્રસિદ્ધ છે. સુઘરીનો માળો બહુ વ્યવસ્થિત હોય છે. એનાથી ઘી પણ ગાળી શકાય છે. ચોમાસામાં એ સુઘરી (પક્ષીવિશેષ) ઝાડ પર લટકતા પોતાના માળામાં બેઠેલી હતી. વરસાદ ખૂબ પડતો હતો, વીજળીના ઝબકારા થતા હતા અને વાદળનો ગર્જારવ થતો હતો. ત્યાં એક વાનર તે ઝાડ નીચે આવ્યો અને ઠંડીથી

દાંત કચકચાવવા અને શરીરે ધ્રૂજવા લાગ્યો. પેલી સુઘરીને એ સ્થિતિમાં એને જોઈ ને દયા આવી એટલે બોલી : 'ભાઈ! તું મનુષ્યની આકૃતિવાળો દેખાય છે, ચતુર જણાય છે, તો ઉનાળામાં માળો કે એવું રહેવાનું સ્થાન તેં તૈયાર કેમ ન કર્યું ? વાંદરો કહે : 'ચૂપ પડી રહે, ગડબડ ન કર.' વળી એ વધારે ધ્રૂજવા લાગ્યો, એટલે સુઘરી બોલી–"ભાઈ! આખો ઉનાળો તેં આળસમાં શા માટે ગુમાવ્યો ?" વાંદરો ચિડાયો. એક–બે ગાળ ચોપડી દીધી. વળી વરસાદ વધ્યો અને કડાકા થયા. વાંદરો વધારે ધ્રૂજવા લાગ્યો. સુઘરી દયા લાવી વધારે શિખામણ દેવા લાગી. વાંદરો બોલ્યો–'રાંડ, શુચિમુખિ ! પંડિતમાનિની ! ચૂપ રહે, નહિ તો ઘર વગરની કરી મૂકીશ.' સુઘરી ચૂપ રહી, પણ વળી ઠંડીનો માર વધ્યો અને વાંદરો ખૂબ ધ્રૂજવા લાગ્યો એટલે સુઘરીએ વળી પાછો સારા વખતમાં ઘર બાંધી લેવાના ડહાપણસંબંધી ઝાડ પર માળામાં બેઠાં બેઠાં ઉપદેશ આપ્યો. હવે વાંદરાથી રહેવાયું નહિ. એણે જવાબમાં કહ્યું–"ઘર બાંધવાની મારામાં શક્તિ નથી, પણ ઘર ભાંગવાની તો જરૂર છે." એટલું બોલી બે–ચાર ગાળો વર્ષાવી, ફલાંગ મારી સુઘરીનો માળો વીંખી નાખ્યો.

આવા સંયોગો દુનિયામાં ખૂબ આવે છે. આપણે કોઈને સલાહ કે સૂચના આપીએ અને તે સમજે કે અનુસરે નહિ ત્યારે શું કરવું ? આ પ્રશ્નનો નિર્ણય આ ભાવનામાં કરવાનો છે. બહુ વ્યવહારુ પણ ઉચ્ચ ભૂમિકાનો આ સવાલ છે.

આ દુનિયામાં દુષ્ટ બુદ્ધિવાળા પ્રાણીઓ અનેક હોય છે. જેના ઉપર તમે ઉપકાર કર્યો હોય તે સામે અપકાર કરનારા હોય છે. કેટલાક ખૂન, મારામારી, તોફાનમાં રસ લેનારા હોય છે, કેટલાક પારકું ધન કે પરની મિલકત પચાવી પાડવામાં આનંદ લેનારા હોય છે. કોઈ ચોર, કોઈ લૂંટારા, કોઈ ઠગારા, કોઈ વિશ્વાસઘાતી, કોઈ ફાંસિઆ, કોઈ દુરાચારી, કોઈ પરસ્ત્રીમાં આસક્ત, કોઈ મોડી રાત્રે રખડનારા, કોઈ દારૂડિયા, કોઈ માયાવી, કોઈ ઢંભી, કોઈ ક્રોધી, કોઈ જૂઠું બોલનારા, કોઈ લોભી, કોઈ અભિમાની, કોઈ નિંદા કરનારા, કોઈ હિંસક, કોઈ બીકણ, કોઈ ઈર્ષ્યાળુ–વગેરે અનેક પ્રકારે દુષ્ટ બુદ્ધિવાળા પ્રાણીઓ હોય છે. એવા પ્રાણીઓને બનતી સલાહ આપવી, સાચો માર્ગ બતાવવો અને તેમને દુષ્ટ માર્ગથી દૂર કરવા બનતા પ્રયાસો અનેક રીતે જરૂર કરવા.

પણ એવા પ્રયાસમાં સિદ્ધિ ન થાય તો શું કરવું એ પ્રશ્ન અહીં ઊભો થાય છે. અનેક પ્રકારના દુષ્ટ આચરણવાળા પ્રાણીઓ તરફ આપણે કયા પ્રકારનું વલણ દાખવવું ઘટે ? એ ઉપસ્થિત થતા પ્રશ્નને અંગે આપણે આપણા મનના ઊંડાણમાં ઊતરવું પડે.

આપણો ઉદ્દેશ રાગદ્વેષ ઓછા કરી, સર્વથા એનો ક્ષય કરી વીતરાગદશા પ્રાપ્ત કરવાનો છે. આવા પ્રકારનો વિકાસ સર્વથા ઇષ્ટ અને સાધ્ય છે એ ધારીને આપણે ચાલીએ છીએ.

વીતરાગદશા પ્રાપ્ત કરવાની ભાવનાવાળાને એ આદર્શે પહોંચવા માટે પોતાની ભૂમિકા શુદ્ધ કરવી ઘટે. એ માટે એણે મનને શોધવું પડે, સંમાર્જવું પડે, સાફ કરવું પડે.

મનમાં રાગદ્વેષની છાયાના પ્રસંગો આવે ત્યારે ચેતીને-ચોંકીને ઊભા રહેવાનું છે. આપણી વિશ્વદયાને અંગે આપણે ઉપદેશ, સલાહ કે સૂચના કોઈ પ્રાણીને કરીએ તેને અનુસરવા તે બંધાયેલ છે? કદાચ આપણા દૃષ્ટિબિંદુમાં પણ સ્ખલના હોવાનો સંભવ ખરો કે નહિ? અથવા એ તમારી સલાહ ન માને કે કદાચ તમારું અપમાન કરે તો પણ તમને શું? જો તમે તેના જેવા ઉપર ક્રોધ કરો તો તમારો ઉપર જણાવેલો આદર્શ ક્યાં રહ્યો? પછી તો તમે પણ નીચે ઊતરી જાઓ અને તેની બાજુમાં બેસી જાઓ.

આવા પ્રસંગે મન પર સંયમ રાખવો એ જ કર્તવ્ય છે. વિચારવું કે પ્રાણી કર્મવશ છે, કર્મનો નચાવ્યો નાચનાર છે અને એકંદરે પરવશ છે. એના ઉપર ક્રોધ કરવો કે એની સામે થવાનો પ્રયાસ કરવો એ તમારા જેવા ઉચ્ચ આદર્શવાળાને ન ઘટે. એવે પ્રસંગે તમારે 'ઉપેક્ષા' કરી દેવી, તમારે એવા દુષ્ટ બુદ્ધિવાળા પ્રાણી તરફ બેદરકારી કરી દેવી અને જાણે તમે તેના દુષ્કૃત્ય તરફ ઉપેક્ષા ધરાવો છો એમ ધારી લેવું. આનું નામ **ઉદાસીનતા** અથવા **માધ્યસ્થ્ય** કહેવાય.

'ઉદાસીનતા'માં બેદરકારી અને છતાં અંતરનો ભેદ એ પ્રધાનભાવ છે. એમાં મનને ઊલટું વલણ આપવાનો પ્રયાસ કરવાનો છે.

'માધ્યસ્થ્ય'માં મન તદ્દન સ્થિર થઈ જાય છે. દરિયાનાં તોફાન એમાં ન હોય. એ તો જાણે પોસ માસનું પાણી થઈ જાય. આમાં મનની સમતાનું પ્રાધાન્ય છે; છતાં આ આખી મનોદશામાં નિષ્ઠુરતા નથી, તિરસ્કાર નથી, નિષ્કાળજી નથી. પૂરતા પ્રયત્નો વડે અધઃપતિત પ્રાણીને માર્ગ પર લઈ આવવાનું કર્યા છતાં તે ઊંચો ન આવે ત્યારે તેના પ્રત્યે કેવું વલણ ધારણ કરવું તેને લગતા માર્ગનું એમાં નિદર્શન છે. એમાં વ્યવસ્થિત ઉપેક્ષાબુદ્ધિ છતાં સ્વાર્થ, બેદરકારી કે અયોગ્ય ત્યાગ નથી. આ ભાવ આખી ભાવનાની વિચારણામાં જોવામાં આવશે.

આ ભાવનાનો ઉદ્દેશ મુખ્યત્વે કરીને વિશાળ દૃષ્ટિ ખીલવવાનો છે, કર્મપારતંત્ર્ય સમજાવવાનો છે અને રાગ-દ્વેષ ઉપર સંપૂર્ણ વિજય મેળવવાનો છે.

આટલો ઉપોદ્ઘાત કરી આપણે આ **ઉદાસીનતા** અથવા **ઔદાસીન્ય** નામથી પણ ઓળખાતી, **'માધ્યસ્થ્ય'** તરીકે પ્રસિદ્ધ થયેલી અને **ઉપેક્ષા**ના નામને પણ યોગ્ય રીતે ધારણ કરતી છેલ્લી ચોથી યોગભાવનામાં પ્રવેશ કરીએ.

ઉદાસીનભાવ અમને સર્વદા પ્રિય છે, એ અમને બહુ ગમે છે, અમને તેનો વિચાર કરતાં પણ આનંદ આવે છે—એમ થાય છે તેનું કારણ શું? આપણે એ ઉદાસીનભાવનો જરા પરિચય કરીએ.

એ ઉદાસીનભાવ રાગ-દ્વેષરૂપ મહાઆકરા દુશ્મનોના રોધથી પ્રાપ્ત થાય છે. અહીં ઉદાસીનતાની પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો. રાગ-દ્વેષને તો આપણે આ વિચારણામાં સારી રીતે

જાણી ચૂકયા છીએ, એ મોહરાયના બન્ને પુત્રો છે અને એ આખા જગતને પોતાની મોરલી ઉપર નચાવે છે. એ જ્યાંસુધી પ્રાણી ઉપર સામ્રાજ્ય ભોગવે છે ત્યાંસુધી પ્રાણી સંસારથી દૂર જઈ શકતો નથી; અને એનો દોર વર્ણવતાં શ્રીયશોવિજયજી મહારાજ કહે છે કે—'વજ્રબંધ પણ જસ બળ તૂટે રે, નેહતંતુથી તે નવિ છૂટે રે.' એટલે પોતાની શક્તિથી વજ્રબંધ-મહાઆકરા બંધનને તોડી નાખી શકે એવા બળિયા પ્રાણી સ્નેહના તાંતણાને તોડી શકતા નથી. આવો આકરો રાગ સંસારમાં પ્રાણીને ખેંચી ખેંચીને રાખે છે. મોટા દેવો પણ એનું વશવર્ત્તિત્વ છોડી શકયા નથી અને અષાઢભૂતિ તથા નંદિષેણ જેવા મુનિઓ પણ એને વશ પડી ગયા છે.

દ્વેષની કાળાશ તો મહાભયંકર છે, ચિત્તને ડોળી નાખનાર છે, પ્રબળ વિકાર કરાવનાર છે અને બીજા અનેક મહાવિકારોને જન્મ આપનાર છે. રાગ-દ્વેષમાંથી કષાયો અને નોકષાયો જન્મે છે અને એ અનેક રીતે પ્રાણી પર આક્રમણ કરી એનો સંસાર વધારી મૂકે છે ને એના સાધ્ય-મોક્ષને દૂર ને દૂર રાખે છે. સાધ્યને પ્રાપ્ત થવા ન દેનાર આ રાગ-દ્વેષ પ્રાણીના ખરા આકરા દુશ્મનો એટલા માટે છે કે એ સાધ્યનું સામીપ્ય પણ થવા દેતા નથી.

એવા આકરા રાગ-દ્વેષરૂપ મહાભયંકર દુશ્મનોનો રોધ કરવાથી ઉદાસીનતા જન્મ પામે છે. રાગ-દ્વેષનો સંપૂર્ણ રોધ થાય તો સંપૂર્ણ ઉદાસીનતા આવે છે અને ઓછો-વધતો થાય તો તે પ્રમાણમાં ઓછી-વધતી આવે છે. રાગ-દ્વેષનો રોધ એ સાધ્ય-પ્રાપ્તિનું સાધન છે. ઔદાસીન્ય એ રોધથી પ્રાપ્ત છે અને એ રોધ કરવાથી કાર્યસિદ્ધિ થાય છે, તેથી એ ઉદાસીનતાને ઓળખવા જતાં આપણા હાથમાં ઇષ્ટસિદ્ધિનું એક અનેરું સાધન પણ આવી જાય છે. ઉદાસીનતા આવા પ્રકારની છે તેથી તે અમને ખૂબ ઇષ્ટ છે.

રાગ-દ્વેષનો રોધ કેમ કરવો એ અત્ર મુખ્ય વિષય નથી. એના પ્રસંગો, સાધનો અને માર્ગો અગાઉ ચર્ચાઈ ગયા છે. અત્ર તેનો નિર્દેશ જ કરવાનો છે. આ ભાવનામાં એ જરૂર મળી આવશે, તે શોધી લેવાની સૂચના કરીને અહીં ઔદાસીન્યના બે મોટાં ફળ બતાવીએ :—

શ્રમથી થાકી ગયેલા, ચિંતાથી મૂંઝાઈ ગયેલા, સંતાપના ભારથી દબાઈ ગયેલા પ્રાણીઓ આ ઉદાસીનતામાં આરામ મેળવે છે. સખ્ત ગરમીના સંતાપથી ગરમ ગરમ થઈ ગયા હોઈએ, માથે તડકો ધોમ ધખતો હોય અને ચારે તરફ ફાકા ઊડતા હોય ત્યારે નાની ઝૂંપડીમાં નિર્મળ ઠંડુ જળ મળે અને પગ લાંબા કરવા પથારી મળે ત્યારે જેવો આરામ થાય તેવો આરામ મોહજન્ય અનેકવિધ સંતાપોથી તપી ગયેલા ચેતનને ઉદાસીનભાવમાં મળે છે. ૧૧૫ ડિગ્રીમાં ઉઘાડે પગે મુસાફરી કરનારને પાણીનું પરબ આવે ત્યારે જેવો આરામ મળે છે તેવો આરામ ચેતનને ઉદાસીનભાવ આપે છે.

રોગી માણસને કોઈ બાબતમાં પ્રીતિ થતી નથી અને ખાવું, પીવું, બોલવું કે રમવું એમાં એનો રસ જામતો નથી. સંસારરોગથી હેરાન થઈ ગયેલા પ્રાણીને ઉદાસીન-

ભાવમાં પ્રીતિ મળે છે, રસ જામે છે અને આનંદ થાય છે. અથવા 'રુગ્ણ' એટલે પ્રેમભગ્ન, નિરાશાપ્રાપ્ત, આવાને પણ પ્રેમ સાંપડે છે.

આવી રીતે સંતાપને બદલે આરામ અર્પનાર અને રોગીને રુચિ ઉત્પન્ન કરનાર આ ઔદાસીન્ય છે. એને બરાબર ઓળખી જવાશે ત્યારે આ વિવેચનમાં વિશેષોક્તિ જરા પણ નહિ લાગે; ઊલટું, એમાં અલ્પોક્તિ લાગશે. એ આપણે જ્યારે એના સ્વરૂપમાં રમણ કરશું ત્યારે સ્પષ્ટ થશે.

અહીં જે થાક-ખેદ અને રોગ-વ્યાધિની વાત કરી છે તેના વિવિધ પ્રકાર છે. સર્વ પ્રકારના થાકથી અહીં આરામ મળે છે અને વ્યાધિ છતાં સુરુચિ જાગે છે.

અહીં રાગ-દ્વેષના રોધની વાત કરી છે તે અંશથી જ સમજવાની છે. સંપૂર્ણ રોધની દશા ગુણસ્થાનક્રમમાં આગળ આવે છે તેની અહીં માત્ર ભાવના હોય છે; આ વાત ધ્યાનમાં રાખવી. રાગ-દ્વેષનો બની શકે તેટલો રોધ એ મુમુક્ષુઓએ કરવાનો છે એ ધ્યાનમાં રહે પણ સંપૂર્ણ રોધ થયા વગર સાચી ઉદાસીનતા અપ્રાપ્ય છે એમ ધારવાનું નથી. આ સર્વ હકીકત નીચેનું સ્વરૂપ વાંચતાં સ્પષ્ટ થશે :

ख ૨. ઉદાસીનતા કેમ કરાય તેનો એક પ્રકાર ભવ્ય રીતે બતાવે છે. કર્મસ્વરૂપ આપણે જાણીએ છીએ. આશ્રવભાવનામાં એના આવવાના માર્ગો આપણે જોઈ ગયા છીએ. એ સર્વ નવાં કર્મોને અંગે વાતો હતી, પણ જે કર્મો અગાઉ પ્રાણીએ એકઠાં કર્યાં હોય તે તો ભોગવવાં જ પડે.

कृतकर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ''

'કરેલા કર્મનો ક્ષય સેંકડો વર્ષો જાય તો પણ થતો નથી. એનાં-શુભઅશુભ કર્મોનાં સારાં-ખરાબ ફળ અવશ્ય જ ભોગવવાં પડે છે.' એક નિર્જરાની વાત બાદ કરતાં કર્મની વાત એવી છે કે એને ભોગવે જ છૂટકો, એનાથી નાસી છૂટાય તેમ નથી અને નિર્જરાની વાત તો ઘણી પારિભાષિક અને વિશેષણવતી છે, જેનો વિચાર નવમી ભાવનામાં કર્યો છે.

કર્મથી પ્રાણી અનેક ગતિમાં જાય છે, ત્યાં કર્મો એને ઇંદ્રિયો આપે છે, ત્યાં એને ઓછું-વધતું આયુષ્ય કર્મ આપે છે, ત્યાં એના શરીરનું બંધારણ, એની આકૃતિ, એનાં અંગોપાંગ, એનાં રૂપ, વાણી, કીર્તિ, પ્રાપ્તિ, અપ્રાપ્તિ, તંદુરસ્તી, વ્યાધિગ્રસ્તતા, સૌભાગ્ય આદિ નાની-મોટી અનેક બાબતો પૂર્વોપાર્જિત કર્મોના યોગે પ્રાપ્ત થાય છે.

આથી લોકો જુદા જુદા સ્વરૂપના જોવામાં આવે છે. કોઈ મહેનત કરી થાકી જાય છતાં અપયશ પામે છે, કોઈ વગર મહેનતે કે અલ્પ પ્રયાસે કીર્તિ વિસ્તારે છે; કોઈ ભાષણ કરવા ઊભો થાય તો લોકોને ખસવું ગમતું નથી અને કોઈ બોલવા ઊઠે ત્યાં લોકો ચાલવા

માંડે છે, કોઈ રૂપવાન અને કોઈ કદરૂપા; કોઈ કાણા, આંધળા, બહેરા કે જડબું બેસી ગયેલા; કોઈ યુવાન, મજબૂત અને પડછંદો પડે તેવા; કોઈ નિરંતર દવા ખાવાવાળા દમલેલ, તો કોઈ તદ્દન તંદુરસ્ત; આવા હજારો લાખો પ્રકારના માણસો-પ્રાણીઓ દુનિયામાં છે.

સંસારભાવનામાં એનાં અનેક નાટકો આપણે જોઈ ગયા છીએ. સ્વરૂપભિન્નતા તો એટલી છે કે લગભગ પ્રત્યેક પ્રાણીમાં તેનું વ્યક્તિત્વ જરૂર હોય છે. અને સ્વરૂપભિન્નતા સાથે પ્રત્યેકનાં કાર્યોમાં પણ વિવિધતા જોવામાં આવશે. કોઈ દાન આપનાર, સદાચારી, મિતભાષી, સાચી સલાહ આપનારા, પોતાની ફરજનો ખ્યાલ કરનારા, જીવનને સારી રીતે વ્યતિત કરી વિકાસ સાધનારા જોવામાં આવશે અને કોઈ ધમાલિયા, તરંગી, અભ્યંગી, દુરાચારી, રખડુ, નાદે ચઢી ગયેલા, વ્યસની, અપ્રામાણિક જીવન વહનારા જોવામાં આવશે.

બાહ્યસ્વરૂપ અને ચેષ્ટિતનાં વર્ણનો કરવાં બિનજરૂરી છે. એ દરરોજના અનુભવનો વિષય છે.

સ્વરૂપપ્રાપ્તિ અને વર્તન કર્માધીન હોવાથી એને 'મર્મભેદ' કહેવામાં આવ્યા છે. મર્મ એટલે ઊંડાણભાગ. આ મર્મને ભાંગી નાખનાર કર્મો અનેક પ્રકારના નાચો કરાવી રહેલ છે. એને લઈને પ્રાણી સુરૂપ-કુરૂપાદિ અનેક રૂપો લે છે અને શુભ, અશુભ આચરણો-વર્તનો કરે છે. કોઈ ખરા 'ગૃહસ્થ' અથવા 'સાધુજીવન' ગાળનારા જોવામાં આવે છે અને કોઈ તદ્દન ખસી ગયેલા બદમાશો જેવા હોઈ પોતાનું સમગ્ર જીવન વેડફી નાખે છે.

આમાં પ્રશંસા કોની કરવી ? અને રીસ પણ કોના ઉપર ચઢાવવી ? જ્યાં જોઈએ ત્યાં કર્મનો પ્રભાવ એવો દેખાય છે કે એનું વર્ણન કરવા બેસીએ તો ઉપમિતિભવ-પ્રપંચાકથા જેવી મોટી કથા લખવી પડે અને છતાં તેનો છેડો કદી ન જ આવે. આખી રમત મંડાણી છે અને ચારે તરફ તુમુલ યુદ્ધ ચાલી રહ્યું છે. આવા અનેક પ્રાણીઓ અને તેમનાં વિધવિધ વર્તનો વિચારતાં કોના ઉપર રાજી થવું અને કોના ઉપર રીસ કરવી ? આ વાતમાં કોઈ રસ્તો નીકળે તેમ નથી.

જો પ્રાણી પોતાનાં કાર્યો પર કાબૂ રાખી શકતો હોય તો જુદી વાત છે, પણ પુરુષાર્થ કરનાર સિવાયનો મોટો ભાગ પરાધીન હોય છે, કોઈનો નચાવ્યો નાચનાર છે અને જન્મ પહેલાં તેમ જ મરણ પછી અંધકારના પડદા પછવાડે પડેલ છે.

આમાં પ્રશંસા કે નિંદા કોની કરવી ? આ વખતે વિચારણાને પરિણામે જે મનની સ્થિતિ થાય તેનું નામ ઉદાસીનતા. એ કર્મની રમત જુએ એટલે એ દારૂડિયાને ગટરમાં પડતો જોઈ નિંદા ન કરે, કે સારી રીતે કપડાં પહેરેલા આકૃતિવાન્ ગૃહસ્થને જોઈ પ્રશંસા ન કરે. એ કર્મનાં પરિણામ જાણે, જાણીને અનુભવે અને અનુભવીને મનમાં ખરી વાત સમજી જાય.

આવો પ્રાણી માધ્યસ્થ્યભાવ રાખી કોઈના ઉપર ક્રોધ કે કોઈની નિંદા કરતો નથી કે કોઇની પ્રશંસા કે સ્તુતિ કરતો નથી. એ બન્ને સ્થિતિને પોતાની ઇષ્ટસાધનામાં

વ્યાઘાત કરનારી સમજે છે અને એવી પારકી પંચાત કરવાની એને કુરસદ ન હોઈ એ દુનિયાના વિચિત્ર બનાવો કે પ્રાણીઓનાં વિચિત્ર સ્વરૂપો તરફ ઉદાસીન રહે છે.

સાધારણતઃ પરની પ્રશંસા કે નિંદા રાગ-દ્વેષજન્ય જ હોય છે અને વિશિષ્ટ વિકાસના હેતુવાળાને એ અકર્તવ્ય જ હોય છે. એને બીજાની બાબતમાં નકામું માથું મારવું પસંદ જ હોતું નથી. એને નિરર્થક ટોળટપ્પા મારવા ગમતા નથી અને એને એમાં આનંદ આવતો નથી.

આવા પ્રકારની વૃત્તિ એ ઉદાસીનતા છે. એ જાતે વિદ્વાન છે, કર્મને ઓળખનાર છે અને કર્મના બંધ, ઉદયાદિ ભાવોને સમજનાર છે. એને વિવિધતામાં નૂતનતા લાગતી નથી. આ દશા ઉદાસીન આત્માની હોય.

બાસ કરીને શિયાળ છતાં સિંહના ટોળામાં સિંહનું ચામડું ઓઢી સિંહ તરીકે પસાર થનારા દંભી કાર્યવાહકો અને રાગ-દ્વેષમાં રાચીમાચી રહેલા ઉપદેશકો, આદર્શ કે ભાવના વગરના સંન્યાસી સાધુઓને જોઈ ખેદ થાય છે; પણ એવા વખતે પણ ઉદાસીનતા ધારણ કરવી અને મર્મભેદી કર્મની સ્થિતિ વિચારવી એ જ કર્તવ્ય છે. કર્મ અનેક પ્રકારના નાચો કરાવે છે, એમાં કયાં રાજી થવું અને કયાં ખિન્ન થવું ?

આમાં પ્રયત્ન કરવાનો, માર્ગપ્રાપ્તિ કરાવવાનો નિષેધ નથી; પણ પ્રયત્ન છતાં પ્રાણી ન સુધરે તો પોતાના ચિત્તમાં વિક્ષેપ થવા ન દેવો અને રાગ કે દ્વેષની પરિણતિ ન થઈ જાય તે બાબત ઉપર ધ્યાન રાખવું. આવા પ્રકારના મનના વલણને 'ઉદાસીન' વિશેષણ અપાય છે.

ગ ૩. સમજુ માણસોને ઉદાસીનભાવ કેવો રાખવો ઘટે તે વાત શ્રીવીરપરમાત્મા અને જમાલિના દૃષ્ટાંતથી સમજાવે છે.

અનંત જ્ઞાનના ધણી અને જાતે સબળ હોવા ઉપરાંત અનેકસહાયસંપન્ન પણ અમુક સંયોગોમાં કેવું વલણ ધારણ કરે છે તે વિચારો. જમાલિ ભગવાનની પુત્રીનો પતિ એટલે પોતાનો સંસારીપક્ષે જમાઈ થાય. એણે વૈરાગ્ય પામી દીક્ષા લીધી, ખૂબ અભ્યાસ કર્યો, વિદ્વાન્ થયો.

ભગવાનનો એક સિદ્ધાન્ત હતો કે **कडेमाणे कडे** જે કરવા માંડયું તે કર્યું, **चलमाणे चलिए** એટલે ચાલવા માંડયો એટલે ચાલ્યો. આ હકીકત સમયજ્ઞાનની છે, ઘણી સૂક્ષ્મ છે. એક તંતુને તોડવા માંડયા તેને તૂટયો જ ગણવો. તૂટવા માંડવાના સમયે જેટલા તંતુ તૂટયા તેની નજરે ત્યાં જોવાનું છે. જો એ તૂટવા માંડવાની ક્રિયા અને તૂટવાની ક્રિયા જુદે જુદે સમયે થાય તો અનવસ્થાદોષ લાગી જાય છે. અને ધ્યાનમાં રાખવું કે આંખ મીંચીને ઉઘાડતાં અસંખ્યાત સમય થાય છે.

ઉપરનો સિદ્ધાન્ત સ્થૂળ બાબતોને લગાડવામાં વિભાગો પાડવા જ પડે. આ આખું પુસ્તક છાપવા માંડયું એટલે આખું છપાઈ ગયું એવો એનો ભાવ નથી, પણ આ ગ્રંથ

જે સમયે છાપવા માંડ્યા તે પૈકી એની જેટલી ક્રિયા એક સમયમાં શરૂ થઈ તે તેટલા પૂરતી તે સમયમાં પૂરી થઈ ગઈ. આ વાત સમયનો ખ્યાલ કરતાં સમજાય તેવી છે. એક સેકન્ડમાં ૧૮૦૦૦૦ માઈલ ચાલવાવાળો પ્રકાશ માર્ગના પ્રત્યેક પરમાણુને સ્પર્શીને જ ચાલે છે, પણ જે સમયે એ અમુક પરમાણુને સ્પર્શવા લાગે તે જ સમયે તેને સ્પર્શે છે. આ સાદું પણ સમજાય તેવું સૂત્ર છે.

જમાલિ એ સમય જેવા બારીક વિભાગને લગાડવાનું સૂત્ર મોટી બાબતને લગાડવા ગયો. એ માંદો થયો ત્યારે સંથારો કરવા શિષ્યને કહ્યું. પોતાને દાહજ્વર થયો હતો. તેણે 'સંથારો કર્યો ?' એમ પૂછતાં 'હા, કર્યો' એમ સાંભળતાં ત્યાં જઈને જોયું તો હજુ સંથારો પૂરો થયો નથી. તેમ જોઈને એને સૂઝ પડી કે શ્રીમહાવીરનો સિદ્ધાન્ત 'કરવા માંડ્યું તે કર્યું' એવો છે તે ખોટો છે.

આ એનો આખો મતિભ્રમ હતો. એને પૃથક્કરણ કરતાં આવડ્યું નહિ. સંથારો કરવાની ક્રિયાના અવયવો પાડીને એ પ્રત્યેક નાના અવયવને એ સિદ્ધાન્ત લાગુ કરત તો એ સમજી શકત, પણ તાવના જોરમાં એને ભ્રમ થયો અને વીરનો સિદ્ધાન્ત ખોટો છે એવા તર્કને એણે સિદ્ધ માન્યો.

આ શાસ્ત્રીય વિષયને વધારે લંબાવવો, સ્થળસંકોચને કારણે ઉચિત નથી. તે વાતનો સાર એ છે કે પોતાનો શિષ્ય અને સંસારપક્ષે જમાઈ જમાલિ હતો, એને એના ખોટા સિદ્ધાન્તથી રોકવાને ભગવાન પોતે શક્તિવાન્ ન થયા. આમાં અશક્તિનો સવાલ નથી, પણ ગાઢ મિથ્યાત્વમાં પડેલાની કદાગ્રહવૃત્તિનું જ્ઞાન પોતાને હતું તેથી એની ભવસ્થિતિ સમજી ભગવાન ઉદાસીન રહ્યા.

આવી રીતે ઉત્સૂત્ર બોલનાર, ધર્મને વગોવનાર અનેક પ્રાણી તરફ ખેદ થાય તેવું છે. કેટલાક ધર્મને નામે દુકાનદારી ચલાવે છે, કેટલાક ધર્મને નામે રળી ખાય છે, કેટલાક ધર્મ-સિદ્ધાન્તોને મરડી-મચડી પોતાને અનુકૂળ અર્થ કરે છે અને કેટલાક અનેક પ્રકારે ધર્મ સાથે ચેડાં કાઢે છે; પણ આપણું ગજું શું ? આપણને સાંભળનાર કોણ છે ? બનતા શાંતિમય પ્રયાસ કર્યા પછી નિરોધ ન થાય તો વિચારવું કે જે કાર્ય ભગવાન પોતે ન કરી શકયા તે તું કેમ કરી શકે ?

મતલબ, એવા ધર્મને મલિન કરનાર તરફ પણ માધ્યસ્થ્ય ભાવ રાખવો. એ એના કર્મને વશ છે અને એવી ખોટી પ્રરૂપણા કરનાર કે સમાજને સમજણ વગર ચકરાવે ચઢાવનાર જરૂર પોતાનાં કર્મફળ ભોગવશે એમ વિચારી પોતાના મનને અસ્થિર થવા ન દેવું. નિર્જીવ બાબતોના ઝગડા ઉપસ્થિત કરી સમાજના ટુકડા કરાવનાર તરફ

અંતે ઉદાસીનભાવ રાખવો. રાગ-દ્વેષના વમળમાં પડી ગયા પછી બહાર તરી આવવું ઘણું મુશ્કેલ છે અને ધર્મની બાબતમાં અવ્યવસ્થિત ઉપદેશ કરનાર કે સાધનધર્મોના નિરર્થક ઝગડા કરનાર, તત્ત્વ સમજ્યા નથી એમ વિચારી એમની અલ્પજ્ઞતા તરફ દયા ધરાવવી. મહાવિશાળ દૃષ્ટિબિંદુઓની સાપેક્ષ દૃષ્ટિવાળા આદર્શમાં ભિન્ન ભિન્ન ધર્મના મુખ્ય મુખ્ય મુદ્દાઓ સમજાવી શકાય છે, અને તેમનો સમન્વય કરી શકાય છે. એ માટે બને તેટલો પ્રયત્ન જરૂર કર્તવ્ય છે, છતાં વિશાળ દૃષ્ટિને અભાવે કે અપેક્ષા સમજવાની બિન-આવડતને કારણે કોઈ સામે પડે તો વીર પરમાત્માનું દૃષ્ટાંત વિચારવું, અંતરથી મધ્યસ્થભાવ રાખવો તેમજ કોઈ પણ બાબતને અંગત ન બનાવતાં પોતાના કાર્યમાં જરૂર મશગૂલ રહેવું અને તેમ કરતાં સામે પડનાર પર ઉદાસીનભાવ રાખવાનું ચૂકવું નહિ.

ષ ૪. મિથ્યા ઉપદેશ કરનારા તરફ ઉદાસીનતાની બાબત વિચારી, હવે પ્રચાર-કાર્યમાં પણ મધ્યસ્થવૃત્તિ રાખવાની અતિ જરૂરી બાબત કહે છે. ત્યાં પણ તીર્થંકર મહારાજની પોતાની સ્થિતિ જ વિચારવાથી આપણને દૃષ્ટાંત મળે છે.

તીર્થંકર મહારાજમાં ત્રણ જગતનો વિજય કરવા જેટલું બળ હોય છે. તેમના સંબંધમાં અંતરાયકર્મ સર્વથા ક્ષય પામેલ હોય છે. એવા તીર્થંકરદેવ પણ ધર્મપ્રચાર બળજોરીથી કરતા નથી. એ કોઈને પરાણે ધર્મ પળાવવા પ્રયત્ન કરતા નથી. એ પોતાની શક્તિનો કે વૈભવનો કશો ઉપયોગ કરી ધર્મપ્રચાર કરતા નથી. એ તો શુદ્ધ ધર્મનું સ્વરૂપ પ્રગટ કરે છે. એ કોમળ, મધુર ભાષામાં ધર્મનું શિક્ષણ આપે છે. એ બોલે છે ત્યારે 'મહાનુભાવ', 'દેવાનુપ્રિય', 'ભવ્ય સત્ત્વ' એવા સુંદર શબ્દોથી આમંત્રણ કરે છે. એમનો ભાષાપ્રયોગ અતિ મધુર, એમની ઉપદેશ-શૈલી સચોટ, સીધી અને હૃદયંગમ હોય છે. એમનો ઉપદેશ સર્વ પ્રાણીઓ સમજી શકે તેવો સરળ, માર્ગ-ગામી અને હિતાવહ હોય છે. એ સંસારનું સ્વરૂપ, મોક્ષનું સ્વરૂપ, જીવ અને કર્મનો સંબંધ અને કર્મ અને પુરુષાર્થનો સંબંધ વગેરે અનેક બાબતો બરાબર રીતે પ્રેમપૂર્વક–પ્રેમ ઉપજાવે તેવી ભાષામાં અને પ્રાણીનું હિત થાય તે દૃષ્ટિ ધ્યાનમાં રાખી પ્રકટ કરે છે અને તેમના ઉપદેશને અનુસરીને પ્રાણીઓ આ દુસ્તર ભવસમુદ્ર તરી જાય છે. આ તેમની પ્રચાર-પદ્ધતિ ખાસ અનુકરણીય છે. તેમાં નીચેનાં મુખ્ય તત્ત્વો આકર્ષક છે :

તીર્થંકરની ભાષા સર્વ સમજી શકે તેવી સરળ હોય છે.

તીર્થંકરની ભાષા અત્યંત મધુર હોય છે.

તીર્થંકરની ભાષા આક્ષેપરહિત હોય છે.

પ્રત્યેક પ્રાણી એમ સમજે છે કે એને પોતાને ઉદ્દેશીને જ ભગવાન ઉપદેશ આપે છે.

ઉપદેશનો સ્વર મધ્યમ અને વાણી યોજનગામિની હોય છે. વાણીના પાંત્રીશ ગુણ છે તે પૈકી મુદ્દાના ગુણો અત્ર બતાવ્યા છે. આ તત્ત્વ પ્રચારકાર્ય કરનારે ખાસ ધ્યાનમાં

રાખવા યોગ્ય છે. એમાં ભાષાની મધુરતા અને સચોટ શૈલી ઉપરાંત સહિષ્ણુતાનું તત્ત્વ ખાસ ખીલવવા યોગ્ય છે. પ્રચારકાર્ય કરનારનું કામ પ્રચાર કરવાનું છે; કોઈના માથા ઉપર પોતાનો મત જબરીથી બેસાડવાનું એનું કામ નથી. મારી-પીટીને ધર્મ કરાવાતો નથી, દબાણથી ધર્મ થઈ શકતો નથી, ફોસલાવવાથી ધર્મ થતો નથી, લાલચથી ધર્મ થતો નથી અને એવી બળજોરી, ધમકી કે લાલચથી કરાવેલ ધર્મ લાભકારક પણ થતો નથી.

પ્રચારકે પોતાનું કાર્ય જરૂર કરવું, પણ સાંભળનાર તેની વાત ન સ્વીકારે તો તેથી ગુસ્સે ન થઈ જવું, પોતાની વૃત્તિમાં ફેરફાર ન થવા દેવો. પ્રચાર કરનારનું આ ક્ષેત્ર છે અને પોતાના ક્ષેત્રની બહાર એ જેટલો જાય તેટલો તે પાછો પડે છે. કેટલાક પાદરીઓ-કાજીઓ ધર્મમાં વટલાવવા જે કાર્ય કરે છે તેમાં જે અયોગ્ય તત્ત્વ છે તે આ રીતે વર્જ્ય છે. પ્રચાર કરનારની ફરજ ઉપદેશથી પૂરી થાય છે. પ્રાણી સંસ્કારબળે ન સુધરે તો તેને અંગે વૃત્તિમાં વિક્ષોભ થવા દેવો ન ઘટે.

ધર્મની બાબતમાં મિથ્યા માન્યતાવાળો હોય તેને ગમે તેવા અયોગ્ય શબ્દોથી બોલાવવાની રીતિ અનેક રીતે ગર્હણીય છે. આ વર્તમાન સમયમાં કોઈ ગમે તેવી માન્યતા રજૂ કરે તો તેમાં રહેલું અસત્ય સમજાવવા માટે પ્રયાસ કરવો, ચર્ચા કરવી, પણ હલકા શબ્દો બોલવાની રીતિ યોગ્ય નથી. એમ કરવાથી તો પોતાનો વિકાસ પણ અટકી જાય છે. ઉપદેશ-પ્રચારકાર્યમાં મધ્યસ્થભાવ તજાઈ જવાનો ભય વધારે છે. ધર્મ-પ્રેમ જ્યારે જનૂનનું રૂપ લે છે ત્યારે બહુ નુકસાન કરી મૂકે છે. આ બીજી ચેતવણી.

ધર્મના નાના નાના તફાવતોમાં કે સાધન-ધર્મોમાં મધ્યસ્થતા ખોઈ બેસવી એ તો જૈનધર્મના સામાન્ય જ્ઞાનનો પણ અભાવ બતાવે છે. ગચ્છ અને પેટાગચ્છોના મતભેદો તદ્દન નિર્માલ્ય હોય છે, વિશાળતાની આવડતના અભાવ-મૂલક હોય છે અને વ્યવહારુ બુદ્ધિ, ધર્માભ્યાસ અને અન્યના દૃષ્ટિબિન્દુઓ સમજવાની આવડત હોય તો સમન્વય કરી શકાય તેવા હોય છે. સમન્વયની કળા ન આવડે તો પણ ઉશ્કેરણી ન જ જોઈએ. મંદિર-મૂર્તિને સાધનધર્મ માનનારાઓ સ્થાનક પાસે ઊભા રહી વરઘોડામાં ન છાજતાં ગાન કરે કે ખરતરને ગધેડા કહેવામાં આવે એમાં સામાન્ય સભ્યતા નથી, જૈનત્વ નથી, વ્યવહાર-દક્ષતા નથી અને પ્રસ્તુત યોગભાવનાનો તદ્દન અભાવ છે.

ધર્મમતભેદપ્રસંગે તથા ધર્મોપદેશનું કાર્ય કરતાં મધ્યસ્થભાવ રાખવાની જરૂર છે. જેને ધર્મ અસ્થિ-મજ્જાએ જામ્યો હોય તે જ મધ્યસ્થ રહી શકે છે. જૈનદર્શનનું આ વિશિષ્ટ તત્ત્વ વિશાળ દૃષ્ટિ વગર પ્રાપ્ત થાય તેમ નથી. ઘણી વખત તો ઉત્સાહ કે લાગણીને વશ થઈ દક્ષિણી લોકો જેને 'ભાંડણ' કહે છે તે કરવામાં ધર્મરાગ મનાય છે. આ સરિયામ ખોટી માન્યતા છે અને જૈનદર્શનના પ્રાથમિક જ્ઞાનનો પણ અભાવ બતાવે પ્રચારક અને ઉપદેશકે તો અખંડ શાંતિ રાખવી ઘટે, મધ્યસ્થવૃત્તિને બાસ કેળવવી ઘટે અને

ઉપાય કરવા છતાં ઉપદેશ ન લાગે તેવા પ્રાણી તરફ ઉદાસીન ભાવ રાખવો ઘટે. આ પ્રયોગ જરા મુશ્કેલ છે, પણ ખાસ જરૂરી છે અને ધર્મની વિશાળતા સિદ્ધ કરી બતાવનાર છે.

ઢ ૫. આ પ્રમાણે હકીકત હોવાથી સંતપુરુષો ઉદાસીનતારૂપ અમૃતના સાર-તત્ત્વને આસ્વાદે.

'આ પ્રમાણે' એટલે ઉપર જે હકીકત રજૂ કરી તે કારણને ધ્યાનમાં લઈને પ્રાણી ઉદાસીનતા ધારણ કરે. અહીં પ્રથમ ઉદાસીનતાનું ફળ બતાવ્યું, પછી સ્તુતિ કે રોષની નિષ્ફળતા કર્મના મર્મને લઈને રજૂ કરી અને પછી ધર્મસંબંધી મિથ્યા ઉપદેશ કરનાર પર અને ઉપદેશ સાંભળનાર શ્રોતાની કષ્ટસાધ્યતા પર મધ્યસ્થતા રાખવાની વાત કહી. એ સર્વનું પરિણામ શું ?

જે ખરા સંતપુરુષો હોય, જેને સંસાર મિથ્યા ભાસ્યો હોય, જેને આ સંસારમાંથી નાસી છૂટવાની તાલાવેલી લાગી હોય, જેને બંધન એ ખરું કેદખાનું સમજાયું હોય, જેને સાંસારિક ભાવમાં પ્રવૃત્તિ એ બાળકના ખેલ લાગ્યા હોય, જેણે આત્મારામનો કાંઈક અનુભવ કર્યો હોય અને જે સામે જોવાને બદલે અંદર જોતાં શીખ્યા હોય તેવા સંતપુરુષો વારંવાર આ ઉદાસીનભાવરૂપ અમૃતને જ સેવે છે.

એ ઔદાસીન્યને અમૃત કહેવાનું કારણ એ છે કે પુરાણકથા પ્રમાણે જેમ સમુદ્ર-મન્થન કરીને દેવોએ અમૃત શોધ્યું તેમ શાસ્ત્ર-મહાર્ણવનું મંથન કરીને આ ભાવનાઓ શોધી કાઢી છે.

એ અમૃતમાં પણ ખાસ 'તર' જેવો મુદ્દાનો માલ, એનો સાર, એનો ઉત્તમોત્તમ વિભાગ ઉદાસીનભાવ છે. એ બજારુ ચીજ નથી અને એ બજારમાંથી લભ્ય પણ નથી. ખૂબ પરિશીલન અને નિયંત્રણને પરિણામે વૃત્તિઓ પર કાબૂ આવે ત્યારે આ ભાવ ખીલે છે. સંતપુરુષો–જેમનું સાધ્ય આ પ્રપંચજાળ મૂકી એનાથી દૂર ચાલ્યા જવાનું છે તેઓ–આ અમૃતના ખરા સારને વારંવાર આસ્વાદે.

આ આસ્વાદન શોખ માટે નથી, પારખવા માટે નથી કે ઇંદ્રિયતૃપ્તિ માટે નથી. એના આનંદ-રંગમાં પડેલો પ્રાણી અંતે મુક્તિસુખને મેળવે છે. એનો અનુભવ એવો આહ્લાદક છે કે એના સુખ-ઉલ્લાસની લહરીમાં પ્રાણી સંસારસમુદ્ર તરી જાય છે. એને સંસારનાં મોજાંઓ ધક્કેલે ચઢાવી શકતાં નથી, પણ એને આ ઉદાસીનભાવરૂપ જે સ્ટીમર કે ત્રાપો મળ્યો છે તેની સહાયથી એ આનંદ-તરંગને હિલોળે ચઢે છે અને આનંદના પ્રવાહમાં તરતો તરતો મુક્તિ સુધી પહોંચી જાય છે. આટલી હદ સુધી કેમ વધી શકાતું હશે તેનો ખ્યાલ કરવો હોય તો, એકવાર ઉદાસીનભાવ રાખવા પ્રયત્ન કરો, ગમે તેવા ઉશ્કેરણીના પ્રસંગે પણ વૃત્તિ પર સંયમ રાખો અને પછી એનાં પરિણામ તપાસો તો જરૂર લાગશે કે એ મોક્ષ-સુખની વાનગી છે. આટલી વાનગીનું આસ્વાદન થાય તો પછીનો માર્ગ ઘણો સરલ છે.

માધ્યસ્થ્ય : ગેયાષ્ટકપરિચય

૧. ચાલુ દુનિયાના વ્યવહારમાં જે પ્રાણીઓ અતિ નીચા ઊતરી ગયેલા હોય, જેમનું નીતિ કે વર્તનનું ધોરણ અસત્ય કે અપ્રામાણિકપણા પર રચાયેલ હોય, જેઓ જીવવધને શાક સમારવાની ક્રિયા સમાન ગણતા હોય, જેઓ પરધનહરણ કરી વ્યવહાર ચલાવતા હોય એવા અનેક પ્રાણીઓ તરફ સમભાવ રાખવો. ધર્મના માર્ગનું ઉલ્લંઘન કરનારા હોય, મતિકલ્પનાથી ધર્મની સ્થાપના કરનારા હોય, આત્માની હયાતી પણ ન સ્વીકારનારા હોય, કર્મ, પરભવ કે મોક્ષને સમજવાનો યત્ન પણ ન કરનાર હોય અને ઉપદેશ આપનારને હીચકારા, જંગલી કે બાયલા, બબૂચક ગણતા હોય તેવા પ્રાણીઓ તરફ પણ સમભાવ રાખવો.

જેનાં હૃદયો વિકારોથી ભરેલાં હોય, સંસારને ચોટી પડેલાં હોય, ધન, સ્ત્રી, કુટુંબ કે વ્યાપાર સિવાય અન્ય વિચાર કરવાની જેમને કુરસદ પણ ન હોય અને ધર્મ તરફ ઉપેક્ષા નહિ પણ તિરસ્કાર હોય તેવા પ્રાણીઓ તરફ પણ સમભાવ રાખવો.

ક્રોધાદિ કષાય, હાસ્યાદિ નોકષાય, સ્ત્રી-પુરુષ-સ્નેહ, દાંપત્ય, નિંદા, અસૂયા, ઈર્ષ્યા, કલહ આદિ આંતર વિકારોમાં મસ્ત રહેનાર, જરા પણ વિકાસની ભાવના કે લાગણી વગરના અને તિરસ્કારથી ભરેલા તરફ પણ સમભાવ રાખવો.

આનું નામ ઉદાસીનતા અથવા માધ્યસ્થ્ય છે.

વિશાળ ઉદાસીનભાવને તું અનુભવ. એ ઉદાસીનતાનું સુખ ઉદાર છે. સર્વ સુખમાં પ્રધાન સુખ છે. તે કેવી રીતે તેનો વિચાર કર :—

પ્રથમ તો એ ઔદાસીન્ય કુશળની સાથે સમાગમ કરાવી આપનાર છે. આ 'કુશળ' બહુ સમજવા યોગ્ય છે. આપણે કુશળ-સમાચાર પૂછીએ છીએ એમાં આધિ-વ્યાધિ-ઉપાધિથી મુક્તતાનો સવાલ હોય છે અને ઘણું ખરું તો ઉપચારરૂપે હોય છે. પણ ખરું 'કુશલ' તો નિત્ય સુખ થાય તે છે. શાશ્વત, અવિનશ્વર સુખ એ કુશળ છે. સમજુ પ્રાણીની સર્વ પ્રવૃત્તિઓ સુખપ્રાપ્તિ અને દુઃખનાશ માટે હોય છે અને તે સ્થાયી હોય તો જ ઇષ્ટ ગણાય છે. એવું અબાધિત સુખ જ્યાં મળે તેવું સ્થાન છે તેની સાથે સમાગમ કરાવી આપનાર આ ઔદાસીન્ય છે. દ્વેષ અંદરથી નીકળી જાય એટલે પરંપરાએ એ સ્થાને પહોંચાય; તે કારણે એને સમાગમ કરાવી આપનાર ગણાય. અને અહીં પણ રાગ-દ્વેષની પરિણતિ ગઈ એટલે મોક્ષતુલ્ય સ્વભાવ-પ્રાપ્તિ થતી હોવાથી એને આ વિશેષણ યોગ્ય રીતે અપાયું છે.

બીજું, એ ઉદાસીનતા આગમનો સાર છે, સુવિહિત શાસ્ત્રોનું એ રહસ્ય છે, આગમ-ગ્રંથોમાંથી તારવી કાઢેલ માખણ છે. બહુ શાસ્ત્રગ્રંથો વાંચી-લખી છેવટે પર્યવસાન પામવાનું સ્થાન આ ઔદાસીન્યભાવમાં આવે છે. ઉપાધ્યાય શ્રીયશોવિજયજીએ જીવનને અંતે

'જ્ઞાનસાર' લખ્યો. એમાં આ ભાવ બતાવ્યો છે અને **'ઉપશમસાર છે પ્રવચને'** એ વાત એમણે એકથી વધારે સ્થળે કરી છે. એનો સાક્ષાત્કાર કરાવનાર આ વિશેષણ છે.

છેવટે એ ઉદાસીનતા ઇષ્ટ ફળ આપનાર કલ્પવૃક્ષ છે. એ વૃક્ષ પાસે જે જોઈએ તે માગો તે મળે. એ જ મિસાલે માધ્યસ્થ્યવૃત્તિ એક વખત પ્રાપ્ત થાય તો પછી ગુણ-વિકાસને અંગે જે માગો તે મળે તેમ છે. ઉદાસીનભાવ સમજનાર કાંઈ પૈસા, ઘરબાર કે સ્ત્રી તો માગે જ નહિ, એને તો ગુણવૃદ્ધિ જ ઇષ્ટ હોય; અને ઉદાસીનતામાં એવો ચમત્કાર છે કે એ બરાબર જામેલ હોય તો સર્વ ઇષ્ટ ગુણો એની પછવાડે જરૂર ચાલ્યા આવે છે.

આ ત્રણ વિશેષણયુક્ત ઔદાસીન્યભાવ, જે ખરેખર પ્રધાનસુખ છે, અપરિમિત આનંદમય છે, આંતરવૃત્તિનો શાંત પ્રવાહ છે તેનો તું જરા અનુભવ કર, એને જરા સેવી જો, એને જરા વ્યવહારુ આકારમાં પોતાનો બનાવ.

જગતમાં અનુભવની બલિહારી છે. વાતો ગમે તેટલી કરવામાં આવે કે તે પર મોટા લેખો લખવામાં આવે એમાં કાંઈ વળે તેમ નથી, એમાં ખરી મજા કદી નહિ આવે. આ વિષય બુદ્ધિવિલાસ કરવા જેવો નથી, એ તો જાતે અનુભવવા જેવો છે અને અનુભવીને જીવવા જેવો છે. અનુભવ કરવો એટલે એકાદ વખત અનુભવ કરીને પાછા જ્યાં હતા ત્યાં જઈને બેસવું એવો અર્થ નથી. એનો દરરોજ અનુભવ-અભ્યાસ કરવા યોગ્ય છે. તેની જેમ ટેવ પડશે એમ એ જામશે, જામશે એટલે રાગ-દ્વેષ ખસતા જશે, એ ખસશે એટલે સ્વરૂપાનુસંધાન થશે અને તેમ થયું એટલે કુશળ-સમાગમ થશે. આ વિશિષ્ટ સુખનો અનુભવ સદા કરો, એનાથી આંતર-પ્રદેશને રંગી દો અને ચિત્તનો પ્રવાહ એ માર્ગે વહેવા દો. પછી એનો આનંદ જોજો.

૨. કર્તા કહે છે કે તને એક તદ્દન રહસ્યની વાત કહેવાની છે અને તે પર તારે ખૂબ વિચાર કરવાનો છે. તને એમાંથી આ આખી ભાવનાનું આંતરરહસ્ય પ્રાપ્ત થશે પણ તે ખૂબ વિચારણાથી જ મળશે.

તું ખૂબ પરચિંતા કરે છે તેને છોડી દે. પરચિંતા એટલે પારકાની ચિંતા. તું તારી સંતતિની અથવા તારા સંબંધીની ચિંતા કરે છે, તેઓના અનેક પ્રસંગો, તેમની તંદુરસ્તી વગેરે અનેક બાબતોની તું એટલી ચિંતા કરે છે કે એને પરિણામે તને તારો પોતાનો વિચાર કરવાનો સમય જ મળતો નથી. ઉપરાંત તું દેશના બનાવોની રાજ-દ્વારી ખટપટોની, રશિયામાં આમ બન્યું અને આયર્લાંડમાં તેમ બન્યું, સમાજવાદીઓ આમ ફાવ્યા અને સામ્યવાદીઓ એમ ફટકાયા, હર હિટલરે આમ કર્યું અને સ્ટેલીને તેમ કર્યું-આવી આવી નકામી ચિંતા કરે છે; પણ એમાં તારું સ્થાન શું અને તું પોતે ક્યાં ઘસડાતો જાય છે તેનો વિચાર જ કરતો નથી.

અથવા તું પરભાવની ચિંતા કર્યા કરે છે. ધન, શરીર વગેરે સર્વ પરવસ્તુઓ છે. પરસંબંધી વિચારણા તે પરવિચારણા છે અને પરભાવમાં રમણ કરવું એ પણ પરરમણ છે. પર એ નિરંતર પર છે, ક્રોડ ઉપાયે પણ પર એ પોતાનું થનાર નથી એમ જાણવા છતાં આ બન્ને પ્રકારની 'પરચિંતા' તું કરે છે તે છોડી દે. આ વિકલ્પજાળો નિરર્થક છે, એકાગ્રતાનાં વિઘાતક છે અને તને નીચે ઉતારનારાં છે.

તું તારા પોતાના અવિકારી તત્ત્વને વિચાર. તું પોતે જ અસલ સ્વરૂપે તદ્દન વિકાર-રહિત, સચ્ચિદાનંદમય, પરબ્રહ્મસ્વરૂપ, જ્યોતિર્મય, નિરંજન, નિરાકાર, અનંત, જ્ઞાનાદિમય છે એને તું ચિંતવ. દુઃખની બાબત એ છે કે તારી સાથે એ સંબંધી વાત કરતાં પણ જાણે એ કોઈ અપર પુરુષ હોય, જાણે કોઈ દૂરનો સહેજ ઓળખાણવાળો હોય એવા શબ્દોમાં વાત કરવી પડે છે. તારી પોતાની વાત કરતાં તને કહેવું પડે કે તું તારો વિચાર કર એ ઘણી શરમની વાત છે. એમાં કહેનાર કે સાંભળનારની શોભા નથી; છતાં તને સાફ કહી દેવાની જરૂર છે કે તું તને ઓળખતો નથી, ઓળખવા પ્રયત્ન પણ કરતો નથી, એની સાથે એકાંતમાં વાતો કરતો નથી, એનો પરિચય કરતો નથી એની સાથે કદી સ્વરૂપ-સામ્ય સાધતો નથી.

વિકાર એટલે સમુદ્ભવ ને વિગમ-ઉત્પત્તિ ને નાશ-જન્મ અને ઉધાર. આવા પ્રકારના વિકાર વગરનો તું છે. તું પોતે અવિનાશી-શાશ્વત છે, પણ તે તારા સ્વરૂપને તેં અનુભવ્યું -જીવ્યું-જાણ્યું નથી. એને તું વિચાર, એનો અભ્યાસ કર અને એમાં મગ્ન બની જા.

જો, વાત એવી છે કે તું સાંભળીશ તો તને નવાઈ લાગશે, પણ ખરેખર સાચી વાત છે અને તે એ છે કે એક પ્રાણી મોટી મોટી વાતો કરે છે પણ સરવાળે માત્ર કેરડો મેળવે છે અને બીજો મોટી વાતો કરતો નથી પણ આંબાનાં ફળ (કેરીઓ) મેળવે છે. આ કોયડો છે તે ઉકેલીશ તો તને ઉદાસીનભાવના સ્વરૂપનો અનુભવ થશે. વાત કરવી એ એક હકીકત છે અને ખરો લાભ મેળવવો એ તદ્દન જુદી જ હકીકત છે. વાતો કરવાથી મોક્ષ મળી જાય તેમ હોય તો મારા-તારા જેવા કચારના યે ત્યાં પહોંચી ગયા હોત! પણ સાચી વાત કરજે, કદી મોક્ષ જવાની સાચી ઇચ્છા થઈ છે? કદી પૂર્ણ ગંભીરપણે મોક્ષે જવું જ છે એવો વિચાર થયો છે ખરો? બરાબર મનને પૂછીશ તો જવાબ મળશે કે-ખાતાં-પીતાં મોક્ષ મળી જાય તેવું હોય તો ભલે મળે; એવી વાત ઊંડાણમાં હશે. એની બે કસોટીઓ પૂછું?

મોક્ષનાં ગાડાં બંધાતાં હોય તો તેનું ભાડું ઠરાવવામાં ખેંચતાણ કરે? કે જે માગે તે આપીને તે ગાડીમાં ચઢી બેસે?

મોક્ષમાં કાંઈ ખાવા-પીવાનું મળવાનું નથી, ત્યાં દરરોજનાં છાપાં આવવાનાં નથી, ત્યાં રંગરાગ નથી-વગેરે સ્થિતિનો વિચાર કર્યો છે?

આ તદ્દન નિર્માલ્ય લાગતા સવાલો ખૂબ મહત્ત્વના છે. એમાં ખૂબ રહસ્ય છે અને એકાંતમાં બેસીને ચેતનની સાથે વાતો કર્યા વગર એનું રહસ્ય સમજાય તેમ નથી.

વાત એ છે કે ઘણું બોલનાર કેટલીક વાર સમયનો મિથ્યા વ્યય જ કરે છે. એની વાત સાંભળો તો આનંદ થાય, પણ એનો વ્યવહાર તેનાથી પ્રતિકૂળ હોય છે; તો તે કેરડો જ મેળવે છે. એ કેરડાનું ઝાડ કાંટાથી ભરેલું હોય છે અને અલ્પ નાનાં પાંદડાંવાળું હોઈ આરામ લેવા લાયક પણ હોતું નથી. એનાં ફળ તૂરાં અને મોળાં હોય છે. બહુ બોલનાર હોય પણ અંતરમાં સાધ્યની જાગૃતિ વગરનો હોય તો તે કાંઈ પણ લાભ મેળવતો નથી અને બીજો બોલનાર ન હોય પણ એકાગ્ર ચિત્તે ચેતનરામને ધ્યાવનાર હોય તો આંબાનાં ફળો – ઇષ્ટ ફળો પ્રાપ્ત કરે છે.

'બહુ બોલે તે બાંઠો' એ આખું સૂત્ર તારે વિચારવાનું છે. સાધુ ગોચરીએ ગયા, ત્યાં એક વગરવિચાર્યું વચન બોલાઈ જવાથી એમને રાણીની કૂખે જન્મ લેવો પડ્યો. એ જન્મ બાદ પૂર્વભવનું સ્મરણ થતાંવેંત ત્યાં એણે ન બોલવાનો નિયમ રાખ્યો. એકદા બાજુના જંગલમાં એ સૈન્ય-પરિવાર સાથે ફરવા ગયો ત્યાં કાગડાને બોલવાને કારણે મરવું પડ્યું ત્યારે એ માત્ર માર્મિક 'કચાં બોલ્યો ?' એટલું જ બોલ્યો અને સાથેના નોકરને પણ એ જ રીતે સમજાવ્યો. એ આખી કથા મૌન અથવા તો વાણી-સંયમનું મહત્ત્વ સમજવા માટે બહુ જ ઉપયોગી છે.

આપણે આખા દિવસમાં નકામું કેટલું બોલીએ છીએ તેનો વિચાર કરીએ તો શક્તિના દુર્વ્યયનો ખરો ખ્યાલ આવે.

આ સર્વ સાધારણ રીતે સમજાય તેવાં સત્યો છે, એ વાત તારા ચિત્તમાં બેઠી હોય તો હવે ઉદાસીનતાને અંગે તે તપાસી જા.

અન્ય મનુષ્યોમાં તું અવગુણ જુએ, દુરાચાર જુએ, ધમાલ જુએ કે પાપવૃત્તિ જુએ ત્યારે તું તેની ચર્ચા, ટીકા કે નિંદા શા માટે કરવા મંડી જાય છે ? તે કેવળ નકામી પરચિંતા છે. એ છોડી દે. એને બદલે તારો પોતાનો નિર્વિકાર ભાવ વિચાર એટલે તને પરચિંતા કરવી ગમશે જ નહિ. વળી તું વિચાર કે એવી ટીકા કરનારા કેરડા મેળવે છે તો તારે કેરડા મેળવવા છે કે આંબાના ભોગી થવું છે ?

અર્થ વગરની પરચિંતા કરનારને ઉદાસીનતા પ્રાપ્ત થતી નથી, એ તો નકામો વ્યવસાય છે. મધ્યસ્થવૃત્તિ રાખનારને પરચિંતા કરવી શોભે નહિ, એના ઉચ્ચ ધોરણ પાસે એ વાત પાલવે નહિ. એ માર્ગે લાવવા પ્રયાસો કરે પણ ચિંતા ન કરે. ચિંતાને તો વ્યવહારમાં ચિતાસમાન કહી છે અને ઘણા પ્રાણીઓ લેવા-દેવા વગર પારકી ચિંતામાં પોતાની જાતને હોમે છે. ઉદાસીન આત્માની એ દશા ન હોય.

શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયે માયાની સજ્ઝાયમાં કુસુમપુરના શેઠને ઘેર ઊતરેલા બે સાધુઓ – એક તપસ્વી અને બીજા મોકળા(શિથિળ)નું દૃષ્ટાન્ત આપ્યું છે. તપસ્વી સાધુ પોતાથી ઊતરતા સાધુની નિંદા જ ક-ી કરે છે અને શિથિળ સાધુ તપસ્વીના ગુણ ગાય છે. આમાં તપસ્વીને ભવદુસ્તર કહ્યો અને શિથિળને ખરો ત્યાગી કહ્યો. આપણી ચાલુ ગાથામાં એવો તપસ્વી હોય તેને કેરડો મળે અને એવો શિથિળ હોય તે આંબાનાં ફળ મેળવે.

અહીં ચિંતાની વાત કરી છે તે કેટલીક વાર નિષ્ફળ હોવા છતાં ઘણી વખત મૂળમાં સારા આશયથી થયેલી હોય છે. પાપી, દ્વેષી, દુરાચારીને જોઈ ચિંતા કરવી એ એક નજરે સારી લાગે, પણ નિરર્થક હોઈ નકામી છે. પ્રયાસ કર્યા પછી વાત છોડી દેવાનો અહીં ઉદ્દેશ છે. ચિંતા કરી શક્તિનો વ્યય કરવો નહિ એ સીધો ઉપદેશ છે. મનની સ્થિરતા એ સાધ્ય છે.

૩. ઉપર જણાવેલી વાત અહીં જુદા આકારમાં કહે છે. તદ્દન શુદ્ધ હિતબુદ્ધિથી સાચા હિતના માર્ગે લાવવાનો ઉપદેશ અથવા સલાહ તું કોઈને આપ અને તે માણસ તે સાંભળે નહિ, સાંભળે તો તેને તે રુચે નહિ અને રુચે તો પણ તે પ્રમાણે વર્તવાનો તારી પાસે વિચાર બતાવે નહિ – આ સર્વ બનવાજોગ છે.

આવા સંયોગોમાં પણ તું તારા મન ઉપરનો કાબૂ ખોઈ નાખ નહિ. તેં સાચી સલાહ આપીને તારી ફરજ બજાવી, પણ પછી એથી આગળ જવાનો તારો અધિકાર નથી. સામો મનુષ્ય તારી વાત સાંભળે નહી એટલે તારાથી તેના ઉપર કોપ કેમ થાય ? એ રીતે તું તારી જાતને નકામી દુઃખી બનાવે છે. ગુસ્સે થવાથી તારું માનસિક સુખ તું બગાડી મૂકે છે. મનની સ્થિરતા એ આત્માનું સુખ છે, ચંચળ મન એ આત્માનું દુઃખ છે. તારે તારા ઉપદેશનાં પરિણામો તરફ શા માટે જોવું જોઈએ ? તું તારા અધિકારની બહાર જાય છે એનો ખ્યાલ કરજે. પ્રથમ તો તારો ઉપદેશ અમોઘ કે અપ્રતિપાતી (infallible) હોય એમ ધારવાનું તારે કારણ નથી. બીજું, સામા પ્રાણીનો વિકાસ સદ્ગુણક્રમારોહમાં એટલો વધી શકે તેવો છે કે નહિ તેનું તને જ્ઞાન નથી.

સામા પ્રાણીની દુર્નિવાર પરિસ્થિતિનાં ઘણાં કારણો હોઈ શકે. કેટલીક વાર વય, અનુભવની કચાશ આદિ પણ કારણો હોય છે. ગમે તેમ હોય પણ તારે એ સંયોગોમાં અસ્વસ્થ થઈ જવું કોઈ રીતે યોગ્ય નથી.

બીજું તારે એ વિચારવાનું છે કે એવા પ્રકારનો તારો સંતાપ નિષ્ફળ છે એમ ધાર કે તેં સભા સમક્ષ સત્ય બોલવા પર અસરકારક ભાષણ કર્યું, છતાં કોઈ સત્યવ્રત લેનાર શ્રોતામાંથી ન નીકળ્યો તો તારે ગુસ્સે થઈ સભા છોડી ચાલ્યા જવું એ વાત યોગ્ય છે ?

એક વ્યક્તિની પાસે તેં ત્યાગનો ઉપદેશ કર્યો, તે પીગળ્યો નહિ, તો તું તેને શું શાપ આપી શકે ? તેના પર ગુસ્સે થઈ શકે ? ગુસ્સે થઈશ તો તારું મન વંટોળિયે ચઢી

જશે, એથી તું કાંઈ બગડેલા બાજી સુધારી શકીશ ? આ રીતે તારા માનસિક-આત્મિક સુખનો નાશ કરવાનો રસ્તો કદાપિ લઈશ નહિ. એ વખતે મનની સ્થિરતા જાળવી રાખવી એ ઉદાસીનભાવ છે. કાર્ય કરીને છૂટી જવું અને પછી એ વાતની 'તથા' ન કરવી એ જીવનનો મંત્ર જેને પ્રાપ્ત થઈ જાય તે અનંત મનઃશાંતિ મેળવી શકે છે.

ધાર્મિક બાબતમાં ઉપદેશકોએ અને વ્યવહારમાં વડીલવર્ગે આ સૂત્ર ખૂબ ધ્યાનમાં રાખવા જેવું છે. એના તરફ બેદરકારી રાખવાથી ઘણી ગેરસમજ, કદાગ્રહ અને વિષવાદ વધી જતાં જોવામાં આવ્યાં છે. ઉપદેશ આપનારે એક વાત ધ્યાનમાં રાખવી કે સમજાવટથી જ માર્ગ પ્રાપ્ત કરાવાય છે. પોતે દબાણ કરવાનું સ્થાન ભોગવે છે તેનો ખોટો ઉપયોગ ઉપદેશક, વડીલવર્ગ, વકીલ કે ડોકટર કરે તો તે અયોગ્ય છે અને સામો પ્રાણી તે ઉપદેશ, સલાહ કે સૂચના માન્ય ન કરે ત્યારે તપી જવું એ તો લગભગ સ્થાનભ્રષ્ટ થવા જેવું છે.

૪. કેટલાક જડ મનુષ્યો મૂળ સિદ્ધાન્તની હકીકત ઉલટાવી નાખી સૂત્રસિદ્ધાન્તવિરુદ્ધ પ્રરૂપણા કરે છે. આવા મનુષ્યો ઘણું અયોગ્ય કામ કરે છે, પણ આપણે શું કરી શકીએ ?

અહીં ઉત્સૂત્રને અંગે ઘણા વિચારવા લાયક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. દરેક દર્શનમાં અમુક મૂળ મુદ્દાઓ હોય છે. આત્માની હયાતી, પરભવ, કર્મ, આત્માનો અનાદિ સંબંધ અને પ્રયાસથી કર્મથી મુક્તિ વગેરે મૂળ બાબતો છે. જીવ અને જગતનો સંબંધ, નિગોદનો સિદ્ધાંત એ મૂળ બાબતો છે. આવી બાબતોમાં જે સમજી-જાણી વિરુદ્ધ વાત કરે તે ઉત્થાપક ગણાય છે. એવા પ્રાણીને સમજવા પ્રયત્ન કરવો, એની પાસે દલીલો કરવી અને એને મૂળ સિદ્ધાંતો સમજાવવા; છતાં તે ન સમજે તો પછી તેની સાથે કષાય ન કરવો. તેની ભવસ્થિતિ પાકી નથી એમ વિચારવું. આપણું કર્તવ્ય સમજાવટથી પૂરું થાય છે.

વિધિ-સાધનધર્મોની બાબતમાં વિચાર કરી એક માર્ગ સ્વીકારવો, પણ સામાન્ય બાબતમાં મતભેદ પડે તો તેથી ઉશ્કેરાઈ જવું નહિ. ઘણીખરી વાર એમાં દૃષ્ટિબિંદુનો જ તફાવત હોય છે. કોઈ પ્રાણી વ્યાખ્યાન કરતી વખતે મુહપત્તિ બાંધવા ઇચ્છતો હોય અને અન્ય તે બિનજરૂરી ગણતો હોય તો પોતાનો અભિપ્રાય શાંતિથી જણાવવો, પછી કદી સામા મોરચા માંડવા નહિ. એમાં મુદ્દાનો સવાલ જ નથી અને મતભેદને અવકાશ હોય ત્યાં 'ઉત્થાપક', 'મિથ્યાદૃષ્ટિ' કે 'ઉત્સૂત્રપ્રરૂપક' એવા આકરા શબ્દનો ઉપયોગ કરી બેસવો નહિ. ગચ્છના ભેદો પડ્યા છે તે આ વિશાળ દૃષ્ટિની ગેરહાજરીમાં પડ્યા છે. એમાં તત્ત્વ જેવું કાંઈ નથી. કોઈ ચોથનો સ્વીકાર કરે કે કોઈ પાંચમનો સ્વીકાર કરે અને કોઈ ઇરિયા-વહિયા આગળ, પાછળ કે બંને વાર બોલે, એમાં મૂળ મુદ્દાનો કાંઈ સવાલ નથી. બનતો સમન્વય કરવો, પડેલા ભેદો ઓછા કરાવવા પ્રયત્ન કરવો, પરંતુ મુદ્દા કદી ચૂકવો નહિ.

જેઓ ઉત્સૂત્ર ભાષણ કરે છે તે સુંદર દૂધ તજી દઈને 'મૂત્ર' પીએ છે એવો શબ્દપ્રયોગ શ્રીમાન્ વિનયવિજયજી મહારાજે કર્યો છે. મને લાગે છે કે સૂત્ર (પંક્તિ

બીજીમાં)ની સાથે અનુપ્રાસ મેળવવા એ પ્રયોગ કર્યો હશે. બાકી આવા અનુપમ ગ્રંથમાં એવા શબ્દપ્રયોગને સ્થાન ન ઘટે. કદાચ એવો શબ્દપ્રયોગ એમના વખતની પ્રચલિત ભાષામાં અશિષ્ટ નહીં ગણાતો હોય. સૂત્ર-ઉત્સૂત્રની વાત આવે ત્યાં આકરો ભાષા-પ્રયોગ કરવાથી મધ્યસ્થભાવ પોષાવાને બદલે હાનિ પામતો, આઘાત પામતો લાગે છે.

જે અનુપમ ભાષાશૈલીમાં આખો ગ્રંથ લખ્યો છે એને અનુરૂપ આ ઉક્તિ નથી એટલું અત્યંત ક્ષોભ સાથે લખવાનું ધાષ્ટર્ય કરવું અપ્રાસંગિક લાગે છે. સાહિત્યની ભાષામાં એને 'હીનોપમા' કહેવાય. શાંતરસનાં પરબ મંડાયાં હોય ત્યાં એ દુર્ગંધ ન ઘટે; આ મારો પોતાનો મત છે.

ધર્મચર્ચા, તત્ત્વનિવેદન કે વ્યાપ્તિવિશિષ્ટ ન્યાયચર્ચા ચાલતી હોય ત્યારે મનની સ્થિરતા ખૂબ રાખવી. વ્યવહારમાં પણ ઉશ્કેરાઈ જવાની વાત વર્જ્ય ગણાય તો ધર્મ-ચર્ચામાં તો સવિશેષ વર્જ્ય ગણાય. અને ધર્મચર્ચામાં હકીકતની અગત્ય કદી ખ્યાલ બહાર ન જવા દેવી. કેટલાક ગચ્છભેદના ઝગડાઓ વર્ષો સુધી અને કેટલાક તો સેંકડો વર્ષ સુધી ચાલ્યા છે. પણ એમાં તત્ત્વનો-મુદ્દાનો સવાલ જ હોતો નથી. વિધિમાર્ગનો ઝગડો કરવો એ વિશાળ જૈન તત્ત્વજ્ઞાનનાં દૃષ્ટિબિંદુઓ સમજવાની અલ્પ શક્તિ બતાવે છે.

ગમે તેવા ધર્મચર્ચાના પ્રસંગો આવે ત્યારે મનને સ્થિર રાખવું, સમજવા માટે ખુલ્લું રાખવું, સામાના દૃષ્ટિકોણ સમજવાની કે કલ્પવાની જિજ્ઞાસા રાખવી, સત્ય શોધવું-સત્યનો નિર્ણય કરવો મુશ્કેલ છે એમ સમજવું. પોતાની માન્યતા સિવાય અન્ય સત્ય ન જ હોઈ શકે એવા ધોરણથી વાત શરૂ ન કરવી. વિચારવાન્ સર્વનો સમન્વય કરી શકે છે અને વિશાળતા પાસે સર્વ ખુલાસા શક્ય છે. પરિપૂર્ણ પ્રયાસ કરવા છતાં પણ વિચાર-ઐક્ય ન જ થઈ શકે તો પણ પ્રેમથી છૂટા પડવું. ચર્ચા એ વિદ્વાનોની મોજ છે; અને રમતનો નિયમ (Sportsman's spirit) એવો છે કે હારે, જીતે તે બન્ને પ્રેમથી ભેટીને હસ્તધૂનન કરી છૂટા પડે. આ વિશાળ ભાવ ખીલવવા જેવો છે. પ્રયાસ કરતાં ન સમજે તો પછી કર્તાશ્રી કહે છે તેમ 'किं कुर्मः ?' (આપણે શું કરીએ ?) આવો ભાવ રાખવો. આ વિશિષ્ટ મધ્યસ્થભાવ છે. એનો અમલ અત્યાર સુધીનો ઇતિહાસ જોતાં મુશ્કેલ દેખાય છે, પણ સુખને માટે જરૂરી છે, ઉપયોગી છે, આદરણીય છે.

૫. આ સંસારમાં તું નકામો મૂંઝાય છે. વાત એમ છે કે પ્રત્યેક પ્રાણીનું મન અમુક વિકાસક્રમમાંથી આવેલું હોય છે એટલે એને જેવા સંસ્કારો પડ્યા હોય અને અહીં એણે જે વિશેષ સંસ્કારો મેળવ્યા હોય તેને અનુસરીને એ ચાલ્યો જાય છે. મનને જે રસ્તે જવાનું હોય ત્યાં તે જાય છે અને એની અટકાયત અશક્ય છે અથવા મુશ્કેલ છે.

આ વાત ઘણી સરળ છે. તમે કોઈ પણ મનુષ્ય માટે કહેવા ધારો કે અમુક સંયોગોમાં તે કેમ વર્તશે, તો જો તમારે તેનો પરિચય હોય તો બરાબર કહી શકશો.

એકને માટે તમે કહેશો કે એ પ્રાણાંતકષ્ટે પણ જૂઠું નહિ બોલે, બીજાને માટે કહેશો કે એ તો લટુજી છે, વખત પ્રમાણે સઢ ફેરવશે. દરેક સંયોગ માટે પરિચયને અંગે તમે કહી શકો.

આ બતાવે છે કે પ્રત્યેક પ્રાણી અમુક રેષા પર ચાલનાર હોય છે અને તે તેના વિકાસ પર આધાર રાખે છે. વિકાસમાં તરતમતા એટલી હોય છે કે એની ગણના ન થાય. એનું વર્ણન અશક્ય હોવા છતાં એ સમજી શકાય તેવી ચીજ છે. શરત એટલી જ કે પરિચય પૂરતો હોવો જોઈએ.

જે પ્રાણીનો વિકાસ જેટલો થયેલો હોય તેટલો તે કાર્યપ્રસંગે ભાગ ભજવી શકે છે; અને પ્રત્યેક પ્રાણીનો વિકાસ કેટલો થયો છે અને અહીં તેમાં વધારે પ્રગતિ કરશે કે પાછો પડશે તે વાતનું નિયામક યંત્ર તારા હાથમાં નથી, તેથી તું એ સંબંધી ચિંતા કરે તે તદ્દન નિરર્થક છે.

અમુક પ્રાણી તારી ઇચ્છાને અનુરૂપ નથી એ પર ચર્ચા, નિંદા કે પ્રશંસા કરવાને બદલે 'તે એવો છે' એમ ધારીને ચાલ. જે બાબતમાં તારી જવાબદારી નથી તે બાબત અન્યથા હોવી જોઈએ અથવા અન્ય સ્વરૂપે હોવી જોઈએ એવી તારી કલ્પનાઓ પણ અર્થ વિનાની છે. અન્યના દુરાચાર, દુરાચરણ, અસભ્ય વર્તન, અયોગ્ય સંભાષણ કે અન્ય કોઈ કૃત્ય માટે તું તેના ઉપર કોપ કઈ રીતે કરી શકે? તને તે તારા ધોરણ પ્રમાણે ન ગમે તે ખરી વાત છે. કોઈ પરસ્ત્રી પર અત્યાચાર કરે, ખૂન કરે, મારામારી કરે કે ચોરી, લૂંટ, બખાડા કરે ત્યારે તેણે તેમ ન કરવું ઘટે એવો તને વિચાર થાય તે જુદી વાત છે, પણ તેટલી મર્યાદાએ તારું કાર્ય પૂરું થાય છે. તે પહેલાં બને તો સમાજને કે વ્યક્તિને સુધારવા પ્રયત્ન કર; ઉપદેશ આપ; છતાં પણ એના મન પર એને કાબૂ ન હોય તો તારે વાત મૂકી દેવી. તારે ગુસ્સે થવાનું કે તારું લોહી ગરમ કરવાનું કાંઈ કારણ નથી. તારો યોગ્ય પ્રયાસ છતાં પ્રાણી પાપકર્મથી ન મુકાય તો તેનો એવો જ વિકાસ થયો છે એમ સમજી તું તારા કાર્યમાં રત રહેજે.

પ્રત્યેક પ્રાણીનું માનસિક બંધારણ જુદા જુદા પ્રકારનું હોય છે, જેનો જેટલો વિકાસ થયો હોય તે ધોરણે તે વર્તે છે. તેની ગતિ અનુસાર તેની બુદ્ધિ થાય છે અને કોનું શું થયું તે અટકાવી શકવાની તારામાં શક્તિ નથી, એટલી વાત ધ્યાનમાં રાખી સાચા માર્ગની પ્રાપ્તિ કરાવવા માટે યોગ્ય પ્રયત્ન જરૂર કરજે, પણ ધારેલ પરિણામ ન આવ્યે તારા મનને અસ્થિર કરીશ નહિ. તું વિચારજે કે તેં તારી સમજ પ્રમાણે પ્રયાસ કર્યો છે; અને એટલા ખ્યાલથી સંતોષ પામજે.

આખી દુનિયાને સુધારવાનું કાર્ય અશક્ય છે. આખી દુનિયા ગરમીથી ત્રાસ પામતી હોય તો સર્વ સ્થાને ચંદરવા ન બંધાવી શકાય, પણ ગરમી ઓછી કરવા બીજા પ્રયત્નો થઈ શકે. આવી શુભ બાબતમાં યોગ્ય પ્રયત્ન કરવાની ના નથી, પરંતુ અશક્ય વાતો

વિચારવી તે ગાંડપણ છે. પોતાની શક્તિ, આવડત અને સંયોગો અનુસાર પ્રયત્ન કરતાં ફળ ન દેખાય તો મૂંઝાવાનું નથી. એ વખતે મનની સ્થિરતા રાખવી એ ઉદાસીનભાવ છે.

વળી અન્યની ભવિતવ્યતા દુર્વાર છે એ વાત તારે છેવટે દિલાસારૂપે અને ઉદાસીનભાવની ખીલવણી પૂરતી જ વિચારવાની છે, કારણ કે અન્યની ભવિતવ્યતા શી છે તેનું તને જ્ઞાન નથી. પુરુષાર્થને પૂરતો અવકાશ છે. માટે એને માર્ગ પર લઈ આવવા, તેનામાં પ્રગતિ કરાવવા જરૂર પ્રયત્ન કરજે અને પછી મધ્યસ્થભાવ ભજજે.

૬. ઉદાસીનભાવનામાં ખાસ કરીને ક્રોધ-કષાયનો ત્યાગ કરવાનો છે અથવા તે મનોવિકાર ઉપર જેટલો બને તેટલો કાબૂ મેળવવાનો છે. ક્રોધ, કોપ, અમર્ષ, ગુસ્સો અથવા એને લગતી અંદરની વૃત્તિ થવા ન દેવી અથવા થાય તો તે પર કાબૂ મેળવવો એ આખી ભાવનાનું ફળ છે. એ ફળ પ્રાપ્ત કરવાના જુદા જુદા માર્ગો બતાવે છે :

(ક) તું હૃદયંગમ-મનોહર સમતા સાથે ક્રીડા કર. સમતા જાણે તારી પ્રેમેશ્વરી હોય એમ તું એની સાથે રમ. એની સોબતમાં આનંદ માણ. એના વિયોગે દુઃખી થા. એનું અને તારું એક ભાવદાંપત્ય કર. સર્વ સંયોગોમાં મનને તુલ્ય પરિણામવાળું રાખવું એ સમતા છે. એ સમતા હોય તો ક્રોધનો વિકાર સ્થાન પામી શકતો નથી. શમ એ સ્વભાવાલંબન છે અને જ્ઞાનનો પરિપાક છે એમ શમાષ્ટકમાં શ્રીયશોવિજયજી કહે છે એ હોય તો વિકારનો નાશ થઈ જાય છે.

(ખ) તું માયાનાં જાળાંઓને ખલાસ કર. મનમાં કાંઈ હોય અને બહાર કાંઈ બોલવું, વર્તન, વચન અને વિચારણામાં વિરોધ રાખવો અને અનેક પ્રકારના ગોટાળા વાળવા એ વૃત્તિનો તું ત્યાગ કર. જે પ્રાણીને ઉદાસીનભાવ કેળવવો હોય તેને દેખાવ-દંભ પાલવે નહિ. એ તો આગળ અને પાછળ, ભૂતકાળમાં કે ભવિષ્યમાં, રાય કે રંક સાથેના વર્તનમાં એકરૂપ જ હોય; એને દંભ ગમે નહિ, દેખાવ પાલવે નહિ, છળ ગમે નહિ, કપટ આવડે નહિ અને કોઇની ઉપર ખોટો લાભ લેવો ગમે નહિ. મધ્યસ્થ દેખાવાનો એ કદી દંભ ન કરે. એને અંતરથી મધ્યસ્થવૃત્તિ ગમે અને તે પર પોતાના વર્તનની રચના કરે. ઉદાસીનભાવ અને દંભનો સંબંધ અશક્ય છે, દંભ હોય ત્યાં ઉદાસીનતા રહી શકે નહિ.

(ગ) તું જડ વસ્તુ કે જડ ભાવો પર ખોટો આધાર રાખે છે. પુદ્ગળ તારા નથી, તું પુદ્ગળનો નથી, એને વશ પડવાથી તું ઉદાસીન રહી શકતો નથી. પરજનનો સંબંધ કે તેને વશવર્તિત્વ જેટલું ભયંકર છે તેટલું પરવસ્તુના સંબંધમાં પણ ભયંકરત્વ છે. એક ચા કે દારૂની ટેવ હોય તો પરવશતા કેટલી પ્રગતિ રોકે છે એ વાત પર વિવેચનની ભાગ્યે જ જરૂર હોય. એ જ પ્રમાણે મનોવિકારનું વશવર્તિત્વ પણ પરવશતા જ છે. મનોવિકારો પણ ઉદાસીનતાના વિરોધી છે.

આ ત્રણે વાત ઉદાસીનભાવમાં કહેવાનું કારણ એ છે કે તારું આયુષ્ય ઘણું મર્યાદિત છે. તું અહીં બહુ બહુ તો પણ કેટલાં વર્ષ રહેવાનો છે ? એમાં પુદ્ગળનું વશવર્તિત્વ કે પરભાવનું વશવર્તિત્વ તને ભારે પડી જશે; માટે ઉપરની ત્રણે બાબતો સુધારી લે અને ઉદાસીનભાવ સ્વીકાર, સમજ, આદર.

૭. આ ઔદાસીન્ય મહાન તીર્થ છે.

'તીર્થ' શબ્દના ઘણા અર્થ છે. તીર્થ એટલે મોટી નદી ઊતરવાનો ઘાટ, ઓવારો. સંસારસમુદ્ર કે મોટા નદને ઊતરવા માટે એ ઓવારો છે. તીર્થ એટલે માર્ગ, રસ્તો. ઉદાસીનતા ખરો રસ્તો છે, પવિત્ર માર્ગ છે.

તીર્થ એટલે પવિત્ર જગ્યા, યાત્રાનું સ્થાન. ઉદાસીનતાનું આ તીર્થત્વ આ ભાવના જ બરાબર બતાવી રહી છે અને પૂરી થતાં સુધીમાં જરૂર ઝળકી જશે. તીર્થ એટલે ઊતરવાનો દાદરો. સંસારથી ઊતરી જવું હોય તો આ દાદરાથી ઊતરી અન્ય માર્ગ પકડી શકાય છે. તીર્થ એટલે સામુદ્રધૂની, બે મોટા સમુદ્રને જોડનાર. આ તીર્થ સંસાર અને મોક્ષને જોડનાર છે. તીર્થ એટલે ઉપાય, વચ્ચેના સહાયક વગેરે અનેક અર્થ એ શબ્દને લાગે તેમ છે. એ ઉદાસીનભાવ (ઔદાસીન્ય) અથવા માધ્યસ્થ્ય (મધ્યસ્થભાવ) નામના તીર્થને નીચેનાં વિશેષણો લાગુ પડે છે.

એ તીર્થ 'અનુપમ' છે. એની સાથે સરખાવી શકાય એવો બીજો ઘાટ કે ઓવારો અમારા જાણવામાં આવ્યો નથી.

એ તીર્થ ચેતન છે, સમજી શકાય તેવું છે, જીવતું-જાગતું છે અને અન્યથી છૂટું પાડી શકાય તેવું છે.

એ તીર્થ અંતરમાં પ્રતિષ્ઠિત છે. એનો પ્રદેશ અંતરદેશમાં છે. ત્યાં શોધવાથી તે જડે તેમ છે.

એ તીર્થ અતિ રમણીય છે, બહુ મનોહર છે. એનો સાક્ષાત્કાર અનુભવે થાય. એક વાર ઉદાસીન રહો અને એ ભાવની રમણીયતા અનુભવો. એ ખૂબ આકર્ષક છે. તમને છોડવું નહિ ગમે.

એ તીર્થ અત્યંત સ્વચ્છ, સુંદર ફળ આપનાર છે. કોઈ ક્રિયા નિષ્ફળ હોતી જ નથી; અતિ વિશુદ્ધ ફળ આપવાં એ આ તીર્થનો સ્વભાવ છે.

આવા ઔદાસીન્ય અથવા માધ્યસ્થ્ય તીર્થનું તું સ્મરણ કર. તેને તું યાદ કર. તેનો તું પાઠ કર. એ નામમાં પણ એટલી પવિત્રતા છે કે એ લેવાથી પણ તને એક જાતની શાંતિ આવી જશે.

આ પ્રમાણે એ અનુપમ તીર્થનું સ્મરણ કર એટલે તને ચિરકાળપર્યંત અવિરામ સુખ મળશે. નિરંતરનું શાશ્વત સુખ પ્રાપ્ત કરાવી આપે એવું આ અનુપમ તીર્થ છે.

'આ તીર્થ' એમ કહીને ગ્રંથકર્તાએ તીર્થનું નામ અધ્યાહાર્ય રાખ્યું છે. એમનો ઉદ્દેશ ઔદાસીન્ય કહેવાનો જ હોવો જોઈએ. ત્યાં પોતાના ચેતનને તીર્થસ્થાને લેવામાં આવે તો પણ ઉપરનાં સર્વ વિશેષણો તેને લાગુ પડે તેમ છે. ચેતન પોતે તીર્થ છે, અનુપમ છે, અંતઃસ્થિત છે, અભિરામ છે અને વિશદ પરિણામવાન્ છે. એ પણ સત્તાએ પરમાત્મા હોવાથી અને સર્વ પ્રયત્ન એને માટે હોવાથી એનું સ્મરણ કરી, તદ્દ્વારા અવિરામ સુખ એને પ્રાપ્ત કરાવવાનું છે. એ સર્વ વાત બરાબર બેસતી આવે છે. એ તીર્થને પણ યાદ કરો–સ્મરો.

આ આખી ગાથા ઔદાસીન્ય માટે છે એ સમજાય તેવું છે. શકયાર્થ બતાવવો જોઈએ તેથી ચેતનજીને પણ ત્યાં દાખલ કર્યા છે. ચેતનનું વિશેષણ 'ચેતનમ્' મૂકવું શોભે નહિ, તેથી પ્રથમનો અર્થ જ વધારે સમીચીન છે.

ઔદાસીન્ય આવું છે. ખરેખર એ તીર્થ છે, ભેટવા યોગ્ય આદર્શરૂપ પવિત્ર જગ્યા છે, જાતે પવિત્ર છે અને આશ્રય લેનારને પવિત્ર કરે તેવી એ વિશુદ્ધ ભૂમિકા છે.

આપણે તીર્થભૂમિએ શા માટે જઈએ છીએ ? એના વાતાવરણમાં એવી વિશુદ્ધિ હોય છે કે એથી વિચારશુદ્ધિ અને ક્રિયાશુદ્ધિ થાય છે. જે પવિત્રતા અને પવિત્ર વાતાવરણનો ત્યાં અનુભવ થાય છે તે માધ્યસ્થ્યભાવમાં પ્રાપ્ય છે.

આ ગાથાનો અર્થ બીજી રીતે પણ શકય છે. પ્રત્યેક વિશેષણને ઔદાસીન્ય સાથે જ લેવું. ઉદાસીનભાવ અનુપમ તીર્થ છે, એ જીવંત છે, અંતરમાં સ્થિત છે, મનોહર છે, વિશદપરિણામવાન્ છે અને અવિનાશી સુખ આપનાર છે. આ અર્થ સર્વાંગસુંદર લાગે છે.

૮. એ ઔદાસીન્ય–માધ્યસ્થ્યભાવનું વર્ણન કરી શકાય તેમ નથી. હજુ પણ થોડા વર્ણનાત્મક ભાવો બતાવે તેવાં વિશેષણો આપે છે. એ પરબ્રહ્મરૂપ પરિણમનનું પરમ સાધન છે. પરબ્રહ્મ એટલે પ્રકૃષ્ટ બ્રહ્મ; નિર્વિકાર, નિરંજન, શુદ્ધ ચૈતન્ય. એ પરબ્રહ્મનું સ્વરૂપ 'જ્ઞાનસાર'ના બીજા મગ્નાષ્ટકમાં શ્રી યશોવિજય ઉપાધ્યાયે બતાવ્યું છે. આ વિકાર વગરના, શરીર વગરના શુદ્ધ ચૈતન્યસ્વરૂપને પરબ્રહ્મસ્વરૂપ કહેવામાં આવે છે. ચેતનનું તદ્રૂપ જે પરિણમન થાય, તદ્રૂપ થવાપણું થાય તેનું નિદાન (પરમ સાધન) ઉદાસીનભાવ છે. ઉદાસીનભાવ આવી જાય તો અંતે સ્વાભાવિક રૂપ ચેતન પ્રાપ્ત કરે છે અને તેને લાગેલ સર્વ મળ દૂર થઈ જાય છે. ઔદાસીન્યભાવને એના ઉત્કૃષ્ટ આકારમાં આ વિશેષણ રજૂ કરે છે. ઉદાસીનભાવ પ્રાપ્ત થયા પછી જુદાં જુદાં પગલાં લઈ ચેતન કેવી રીતે પરબ્રહ્મસ્વરૂપ સાધે છે તે પર વિવેચન કરવાની ભાગ્યે જ જરૂર હોય.

એ ઉદાસીનતા સ્પષ્ટ રીતે કેવળ વિશિષ્ટ જ્ઞાન છે. વિશિષ્ટ જ્ઞાનમાં મલિનતા નથી હોતી. ત્યાં અખંડ શાંતિ અને રાગાદ્દિપરિણતિ પર કાબૂ હોય છે. જ્યાં સમજણ હોય ત્યાં સાંસારિક ભાવને રજૂ કરનાર રાગાદિભાવોની દરમ્યાનગીરી ન જ સંભવે. આ વિશિષ્ટ જ્ઞાન એટલે નિર્મળ શ્રુતજ્ઞાન સમજવું, અને તે આત્મવિશિષ્ટ ભાન સુધી લઈ જઈ છેવટે સંપૂર્ણ વિજ્ઞાન (કેવળજ્ઞાન) પ્રાપ્ત કરાવે છે એમ સમજવું.

એ ઔદાસીન્ય જાતે જ વિવેચિત જ્ઞાન છે. એમાં શુદ્ધ-અશુદ્ધ, યથાર્થ-અયથાર્થ, ગ્રાહ્ય-ત્યાજ્ય વસ્તુ અથવા ભાવોનું વિવેચન હોય છે. ઉદાસીનતાની સાથે વિવેચનશક્તિ જરૂર પ્રાપ્ત થાય છે. વિવેચનજ્ઞાનથી-વિવેકથી સદ્ કે અસદ્નો તફાવત સમજાય છે અને ચેતન માર્ગપ્રાપ્તિ બરાબર કરે છે.

વિનય ! આવા શાંતસુધારસ અમૃતના રસનું તું પાન કર. એ અમૃતને ઘરાઈ ઘરાઈને પી, એના રસના ઘૂંટડા લેતો જા અને એના આનંદના ઓડકાર આવે તેમાં મસ્ત થઈ મોજ માણ.

આવાં અનેક વિશેષણને યોગ્ય ઉદાસીનભાવ છે. તેને તું સમજી-ઓળખી તારા જીવન સાથે વણી નાખ. એના આનંદતરંગો તને ભવસમુદ્રને કાંઠે લઈ જશે.

અહીં વિનયને ઉદ્દેશ કરવા દ્વારા કર્તા શ્રીવિનયવિજય ઉપાધ્યાયના નામનું સૂચન કર્યું છે. આ ગ્રંથ અહીં પૂરો થાય છે તેથી એનું પાન કરવાની-એ ભાવનાઓને વારંવાર ભાવવાની ભલામણ પણ કરી અને એ રીતે આ ગ્રંથનું અતિ રમ્ય સોળમું ચિત્ર પૂરું કર્યું.

ઉપસંહાર : માધ્યસ્થ્ય (ઔદાસીન્ય)

ચોથી યોગભાવના **માધ્યસ્થ્ય** અત્ર પૂરી થાય છે. તેને ઉદાસીનભાવ. પણ કહેવામાં આવે છે. એને કવચિત્ ઉપેક્ષાભાવનાના નામથી પણ સંબોધવામાં આવેલ છે.

આ ત્રણે શબ્દોના ત્રણ જુદા જુદા ભાવો છે. તેનું પર્યવસાન આખરે તો પોતાની જાતને સાંસારિક ભાવોથી દૂર રાખવામાં જ આવશે. ત્રણ દૃષ્ટિબિન્દુઓ આપણે જરા તપાસી જઈએ.

ઉદાસીનભાવ-ઔદાસીન્યમાં મુખ્ય ભાવ ચિત્તને અંદર ખેંચવાનો છે. જ્યારે જ્યારે આનંદ અથવા શોકની વૃત્તિમાં કોઈ પણ પ્રકારનો ક્ષોભ થવાનો પ્રસંગ આવે ત્યારે તે વૃત્તિ પર કાબૂ રાખી એ વૃત્તિથી મનને-ચિત્તને પાછું ખેંચી લેવું એ ભાવ ઉદાસીનતામાં આવે છે. એક મોટો વરઘોડો નીકળે ત્યારે ઉદાસીન આત્માની આંખ ખુલ્લી હોય તો પણ એની નજર કાંઈ જોતી નથી. એના મન ઉપર કાંઈ અસર થતી નથી. એને ગમે તેવા આપ્તજનના મરણથી ક્ષોભ થતો નથી. આ વૃત્તિ અને નિષ્ઠુરતામાં ઘણો ભેદ છે. ઉદાસીનતામાં તે તરફ લક્ષ્યનો અભાવ છે, જ્યારે નિષ્ઠુરતામાં વૃત્તિને દારૂ પાયેલો હોય છે.

માધ્યસ્થ્યવૃત્તિમાં ક્રોધ કે રોષ કરવાનો પ્રસંગ આવી પડે ત્યારે મનમાં શાંતિ રાખવાની મુખ્યતા છે. આમાં વૃત્તિમાં હલનચલન થાય છે, પણ ક્ષોભ થતો નથી.

ઉપેક્ષામાં એ તરફ ધ્યાન જાય છે પણ સહજ તિરસ્કારપૂર્વક એ બાબતની જાણે દરકાર નથી એવી વૃત્તિ થાય છે.

આમાંની ઘણીખરી બાબતો દાખલાઓ લેવાથી બરાબર બેસે તેવી છે. આ જીવનમાં ઉદાસીનભાવ રાખવાના પ્રસંગો તો ઘણા આવે છે, પણ તેવે વખતે પ્રાણી પૂર્વબદ્ધ વિચારોથી, ખોટી લાગણીઓના ખેંચાણોથી અથવા બીજા અનેક મનોવિકારોથી શાંત રહી શકતો નથી. આપણે એક માણસને બરી બણીને વખતે હજાર રૂપિયાની સહાય કરી હોય, પછી આપણે તે રકમ તેની પાસે માગી પણ ન હોય, થોડા વખત પછી એ જ માણસ આપણને શરમાવે તેવું આળ આપણા ઉપર મૂકે, આપણને ન શોભે તેવા આરોપો મગજમાંથી ઉઠાવીને મૂકે અને અપશબ્દો કહે ત્યારે તેને માટે શું વિચાર થાય? એવા પ્રસંગમાં પણ જે તદ્દન અલિપ્ત થઈને ઊભો રહે અને જાણે પોતાને એ આરોપ સાથે કાંઈ લેવાદેવા નથી એવું વર્તન કરે એ ઉદાસીનભાવ પામ્યો કહેવાય.

એ પ્રાણી વિચાર કરે કે સામો મારા ઉપર ગમે તેટલા આક્ષેપો કરે તેથી મારે શું? આ વૃત્તિ રહેવી ઘણી મુશ્કેલ છે. આ વૃત્તિ કેળવતાં કેળવતાં એ જાણે સાક્ષીભાવે જ ઊભો હોય એટલે સુધી એ પહોંચી જાય છે. "સ્વભાવસુખમાં મગ્ન અને જગતના તત્ત્વનું અવલોકન કરનાર પુરુષનું પરભાવને વિષે કર્તૃત્વ નથી, માત્ર સાક્ષિત્વ છે." (મણ્યાષ્ટક,

જ્ઞાનસાર ૨-૩) આ ઘણી પ્રગતિમય સ્થિતિ છે. સામાન્ય વ્યવહારમાં પ્રાણી પરભાવ સાથે એટલો તો એકરૂપ થઈ જાય છે કે એને જુદો પાડવો એ લગભગ અશક્ય વાત બની જાય છે.

જાહેર સભામાં કે મેળાવડામાં તમારું ગેરવ્યાજબી રીતે અપમાન કરનાર તરફ પણ મધ્યસ્થવૃત્તિ રહે, એની વાત વિચારતાં પેટમાંથી પાણી પણ હાલે નહિ અને એની ચર્ચા કરતાં ઉશ્કેરણી થાય નહિ ત્યારે માધ્યસ્થ્ય આવ્યું છે એમ સમજવું.

એ મધ્યસ્થવૃત્તિ આવે ત્યારે તે નીતિ (પોલિસી) તરીકે નહિ પણ નૈસર્ગિક શુદ્ધ વિચારણાને પરિણામે આવવી ઘટે. એ વિચારકને એમ થાય કે તું કોણ ? તારું અપમાન શું ? તને માન કેવું ? જે સમાજ કે વર્તુલમાં તું માન માને છે તેની સ્થિતિ કેટલી ? તારી સ્થિતિ કેટલી ? અને જે માન મળશે તેને અને તારે, જ્યારે તું અહીંથી જઈશ ત્યારે અને ત્યારપછી શો સંબંધ રહેશે ? આવા આવા વિચારોને પરિણામે એના મનમાં માધ્યસ્થ્ય આવે છે અને પછી ચિર-અભ્યાસથી, વારંવારના આસેવનથી જામી જાય છે. છેવટે એ એનો સ્વભાવ બની જાય છે. જ્યારે પ્રાણીમાં ધાર્મિક વૃત્તિ વધી હોય છે, પણ વિવેચન-શક્તિ ખીલી હોતી નથી ત્યારે એ કોઈને હિંસા કરતો સાંભળીને ઉશ્કેરાઈ જાય છે. શરૂઆતમાં ધાર્મિક વૃત્તિ સર્વદા ઊનૂનનું રૂપ લે છે. કોઈ પણ પ્રકારના પાપને અટકાવવા પ્રયત્ન કરવાની પ્રત્યેક પ્રાણીની ફરજ છે, પણ પ્રયત્ન કરતી વખતે અથવા તેમાં નિષ્ફળતા મળ્યા પછી ચિત્તવૃત્તિ પર કાબૂ રાખવો એ મુશ્કેલ છે. એ ભાવ ચીવટથી આવે છે, ખીલવવાથી વધે છે અને અભ્યાસથી જામે છે. એ ભાવને માધ્યસ્થ્ય કહેવામાં આવે છે.

'જ્ઞાનાર્ણવ'માં શ્રીશુભચંદ્રગણિ બહુ સંક્ષેપમાં નીચેની વાત કરે છે :

क्रोधविद्वेषु सत्त्वेषु, निर्दयक्रूरकर्मसु ।
मधुमांससुरान्यस्त्रीलुब्धेष्वत्यन्तपापिषु ॥
देवागमयतिव्रातनिन्दकेष्वात्मशंसिषु ।
नास्तिकेषु च माध्यस्थ्यं, यत्सोपेक्षा प्रकीर्तिता ॥

"ક્રોધી પ્રાણીઓ ઉપર, નિર્દયપણે ઘાતકી કર્મ કરનારા પર, મધ, માંસ, મદ્ય (દારૂ) અને પરસ્ત્રીમાં લુબ્ધ પ્રાણી ઉપર, અત્યંત પાપી પ્રાણીઓ ઉપર, દેવ, આગમ (શાસ્ત્ર) અને સાધુસમુદાયની નિંદા કરનાર પ્રાણીઓ ઉપર, પોતાની પ્રશંસા કરનારા પ્રાણીઓ ઉપર અને નાસ્તિક પ્રાણીઓ ઉપર જે રાગદ્વેષરહિત ભાવ – મધ્યમા વૃત્તિ રાખવી તેને ઉપેક્ષા કહેવામાં આવે છે."

આ વર્ણનમાં કહેલા પ્રત્યેક પ્રકારના પ્રાણી ઉપર ઊંચું મન થયા વગર રહેવું મુશ્કેલ છે. સદ્ગુણી સ્વભાવવાળા પુરુષ અહિંસાના નિયમને બરાબર સમજનાર હોઈ જ્યારે અન્ય પ્રાણી નિર્દયપણે વધ કરે છે એમ સાંભળે ત્યારે એના મનમાં જરૂર રોષની લાગણી થઈ આવે. પરંતુ એક માણસે દશ-બાર ખૂન કર્યાં હોય કે પાંચ-પચાસ જનાવરનો શિકાર

કર્યો હોય એની વાત સાંભળે યા નજરે જુએ ત્યારે જેની વૃત્તિમાં ઉશ્કેરણી ન થાય તે મધ્યસ્થભાવ પામ્યો છે એમ સમજવું. આ ભાવે પહોંચવાની આપણી ભાવના છે.

સદ્‌ગુણી પ્રાણી વેશ્યાગમન કરનારની, રાત્રે રખડનારની કે દારૂ પીનારની વાત સાંભળે ત્યારે એ પ્રાણી તરફ એને તિરસ્કાર આવે, પરંતુ આવે પ્રસંગે મધ્યસ્થવૃત્તિવાળો પ્રાણી આવા નીતિભ્રષ્ટ પ્રાણીઓની પણ ઉપેક્ષા કરે. એ વિચારે કે એનાં કર્મ એ ભોગવશે, એ સંબંધી આપણે ઉશ્કેરાવાથી લાભ શો ?

પ્રાણીને યોગ્ય માર્ગ બતાવવાના પ્રયત્નને આમાં બાધ નથી. જેમાં ઉપાય ચાલે તેવું ન હોય અથવા કરેલ ઉપાય નિષ્ફળ નીવડેલ હોય ત્યાં મધ્યસ્થભાવ રાખવાનો છે. એના તરફનો તિરસ્કાર નિષ્ફળ છે, નકામો છે, આપણને રાગ-દ્વેષમાં નાખનાર છે અને પરિણામ વગરનો છે.

અત્યંત પાપી માણસને જોઈ આપણે ઉશ્કેરાઈએ તેમાં વળે શું ?

આ પ્રશ્ન ધાર્મિક બાબતમાં વધારે અગત્યનો છે. ધર્મની નિંદા કરનાર, ગુરુની નિંદા કરનાર કે તદ્દન નાસ્તિક હોય તેના તરફ પણ મધ્યસ્થભાવ રાખવાની જરૂર છે. એ પ્રાણીનો જેટલો વિકાસ થયો હોય તેટલો જ તે વધી શકે. એને ધર્મમાર્ગમાં સ્થિર રાખવા જરૂર પ્રયત્ન કરવો, એને મુદ્દાઓ સમજાવવા, પણ અંતે એણે ન સમજવાનો નિશ્ચય કર્યો હોય તો તેને છોડી દેવો. એની ખાતર મનને ઊંચું-નીચું કરવાની જરૂર નથી. આ ભાવ જો બરાબર સમજવામાં આવે તો પરમત-સહિષ્ણુતાનો ગુણ સહેજે પ્રાપ્ત થાય તેમ છે. માધ્યસ્થ્ય સમજનાર પરમત સહી શકે છે, એ સર્વત્ર સત્ય જોવા પ્રયત્ન કરે છે. એ પોતાના મુદ્દા કરતાં અન્ય મુદ્દાઓમાં સત્યાંશ હોવાનો અસ્વીકાર ન કરે. મધ્યસ્થભાવ ખીલે તો ધર્મના અનેક ઝગડાઓ દૂર થઈ જાય. ખાસ ધર્મ જેવી વિશાળ બાબતો દુનિયાદારી ઝગડાઓથી દૂર જ રહેવી ઘટે. એને બદલે અત્યારે સર્વ ઝગડાઓ જાણે ધર્મમાં જ આવી ચઢ્યા હોય એવું દેખાય છે. એ મધ્યસ્થભાવની ઉપેક્ષા છે, ઉપેક્ષાની પણ ઉપેક્ષા છે અને ઊંડી ધાર્મિક વૃત્તિના પાયા વગરનું ચણતર છે.

જ્યારે કોઈ પ્રાણી તમારી આગળ પોતાની મોટી મોટી વાતો કર્યા કરતો હોય, સાધારણ બનાવને મોટું રૂપ આપતો હોય, પોતે આગેવાન હોવાનો ન ઢકે તેવો દાવો કરતો હોય અને સાધારણ બનાવ પોતાના સંબંધમાં બન્યો હોય તેને અતિશયોક્તિથી મોટાં રૂપકો આપતો હોય ત્યારે પ્રથમ દૃષ્ટિએ કાં તો તમને હસવું આવે અથવા ઘૃણા ઉત્પન્ન થાય. જેમ માણસ નાના વર્તુળમાં ફરનાર હોય છે તેમ તે આત્મ-પ્રશંસા વધારે કરે છે. અજ્ઞાન અને આત્મ-પ્રશંસા સાથે જ જાય છે. નાના ગામડાના પાંચ ઘરની નાતનો શેઠ પોતાની જાતની વાતો કરે ત્યારે આકાશના તારા જ ઊતરવા બાકી રહે છે. આમાં ઉદાસીનતાનો છાંટો નથી અને મધ્યસ્થતાનો સવાલ જ નથી, પણ આવાની વાતો સાંભળવામાં આવે ત્યારે મનની સ્થિરતા રાખવી અને તેના પર ગુસ્સે ન થતાં એની પામરતા વિચારવી એ મધ્યસ્થ દશા છે.

આત્મપ્રશંસાના પ્રસંગો વ્યવહારમાં આવે છે તેટલા જ ધાર્મિક બાબતોમાં પણ જોવામાં આવે છે. એક સાધારણ સંઘની વાતો કરે ત્યારે તે પોતાના સંઘને ભરત ચક્રવર્તીના સંઘ સાથે સરખાવે અથવા અર્ધા પૃષ્ઠનું અવ્યવસ્થિત કાવ્ય (જોડકણું) લખી તેની પછવાડે બે પંક્તિ જેટલું પોતાનું નામ લખે ત્યારે આપણને ચીડ આવે છે. પણ એવા સંયોગોમાં એના આત્માનો વિકાસ અને કર્મનો વિપાક તથા મોહરાજાના જાસૂસોના કાર્ય પર વિચાર કરી મનને સ્થિર રાખી શકે એની બલિહારી છે.

ધાર્મિક પ્રશ્નોની ચર્ચા કરતાં, વિધિમાર્ગની ગૂંચવણોનો નિકાલ કરતાં, નિત્યાનિત્ય, ભેદાભેદાદિ પ્રશ્નો પર વાદવિવાદ ચાલતાં ટપાટપી થઈ જવાના પ્રસંગે માધ્યસ્થ્ય રાખે એ વંદ્ય છે. એ આપણો આદર્શ છે. આ મુશ્કેલ પ્રસંગ છે, પણ વધારે ધ્યાન રાખવા યોગ્ય છે. ધર્મ-ચર્ચામાં નરકનાં દ્વારો બતાવનાર, પોતાના મતથી જુદા અભિપ્રાય ધરાવનારને હીનોપમા આપનાર કે અપશબ્દ બોલનાર પોતાનો મુદ્દો મજબૂત કરતા નથી. અહીં એ વાતનો સવાલ નથી. પણ એવો પ્રસંગ આવે અને સામો તમને નરકનાં દ્વારો બતાવે કે અયોગ્ય સવાલો જાહેરમાં પૂછી અપ્રસ્તુત બાબતો તેમાં દાખલ કરી, જાણે તમે તેનાથી મહાત થઈ ગયા હો એવો દેખાવ કરે ત્યારે મધ્યસ્થવૃત્તિ રાખવી એ આ ભાવનાનો ઉદ્દેશ છે.

આ પ્રાણી કોઈ મનુષ્ય ઉપર અથવા કોઈ વસ્તુ ઉપર અથવા કોઈ ભાવ ઉપર રાગ કે દ્વેષ કરતો હશે ત્યારે તે કદી વિચારતો હશે કે એમ કરવામાં એ શું કરે છે? રાગનાં પાત્ર પ્રાણી, ચીજ કે ભાવ બેસી રહેવાનાં નથી, પોતે બેસી રહેવાનો નથી, કરેલ રાગનો અનુભવ પણ ઊડી જવાનો છે, તો પછી આ બધી ધમાલ અને રતિ કે અરતિ શા માટે? સર્વ સંયોગોમાં મનને નિશ્ચળ રહેતાં શીખવવાનું છે. મનની ચંચળતા સર્વથી વધારે નુકસાન કરનાર છે. મન પર વિજય એટલે જીવનયાત્રાનું સાફલ્ય છે. એ રાજયોગ છે. માધ્યસ્થ્ય કે ઔદાસીન્ય ચંચળ મનવાળા બહુધા પ્રાપ્ત કરી શકતા નથી, અને અન્ય પ્રાણીઓ પોતાનાં કાર્યોનાં ફળ લેવાનાં-મેળવવાનાં જ છે. એને અંગે આપણામાં સકારણ કે અકારણ ઉશ્કેરણી ઘટતી નથી.

ઉદાસીનભાવ જરા ભાવી જુઓ. આપણે જાણે સાક્ષીભાવે બેઠા છીએ, હાથપગ જોડી શાંત થઈ જોયા જ કરીએ છીએ, અવલોકન કરીએ છીએ અને જાણે આપણી આસપાસ જે નાટક થાય છે તેની સાથે આપણને પોતાને કાંઈ લેવાદેવા નથી. આ સ્થિતિમાં એવાં એવાં સત્યો સમજવામાં આવશે કે જેનો ખ્યાલ કદી સ્વપ્ને પણ નહિ થયો હોય. જેવું કોઈ પણ હકીકત સાથે તાદાત્મ્ય કર્યું કે તરત સાક્ષીભાવ ચાલ્યો જાય છે અને પછી તો મોહરાજા પોતાનું લશ્કર છોડી મૂકે છે. મનોવિકારને ચકરાવે ચઢ્યા એટલે ક્રોધ, માન, રતિ, અરતિ, શોક વગેરે ઘાણ કાઢી નાખે છે અને પ્રાણીને કદી ઊંચો આવવા દેતા નથી.

યોગાધિરાજ પરમાત્માએ કદી વચ્ચે પડવાનો પ્રયાસ કર્યો નથી. એની પાસે ઇંદ્ર આવે કે ચક્રવર્તીઓ આવે તો ત્યાં પણ સાક્ષીભાવ અને ગોશાળક એમના શિષ્યો પર

તેજોલેશ્યા મૂકે તો ત્યાં પણ સાક્ષીભાવ, જમાલિ, ઉત્સૂત્ર પ્રરૂપણા કરે તો ત્યાં પણ સાક્ષીભાવ અને દશાર્ણભદ્ર અપૂર્વ સામૈયું કરે તો ત્યાં પણ સાક્ષીભાવ.

આ માધ્યસ્થ્ય જાળવવું મુશ્કેલ છે. આ યુગમાં વળી અનેક પ્રસંગોમાં ગૂંચવાડા થતા જાય છે તેથી વધારે મુશ્કેલ છે. પણ પ્રસંગ વગર કસોટી નથી અને આંખો મીંચીને ઝંપલાવવા જેવો બીજો કોઈ ઉન્માદ નથી. માટે શ્રીમાન્ વિનયવિજયજી ઉપાધ્યાયજી કહે છે તેમ **तस्माद्दौदासीन्यपीयूषसारं वारं वारं हन्त सन्तो लिहन्तु !**

'સંતપુરુષો ઉપરનાં કારણોને લઈને ઔદાસીન્યરૂપ અમૃતને વારંવાર આસ્વાદો.' એ આસ્વાદનથી મંગળમાળા વિસ્તરે છે.

ઉપેક્ષાભાવમાં પાપ કરનાર તરફ બેદરકારી રહે છે. ગમે તેવા ભયંકર પાપી સંબંધી હકીકત જાણી અથવા જોઈ એને એના કર્મ ઉપર છોડી દેવાની વૃત્તિને 'ઉપેક્ષા' કહેવાય. પાપ કરનારને પાપમાંથી છોડાવવાનો અથવા તેને ઠેકાણે લાવવાનો અત્ર પ્રતિબંધ નથી, એ સર્વ કર્યા પછી પણ પ્રાણી પાપકાર્યમાંથી નિવૃત્ત ન થાય તો તેના તરફ બેદરકારી રાખવી. 'એ જાણે અને એનાં કર્મ જાણે,' આવા પ્રકારની ચિત્તવૃત્તિ થાય તેને ઉપેક્ષા કહેવામાં આવે છે.

ઘણી વખત પાપની વાતો સાથે આપણને સીધો સંબંધ હોતો નથી. અમેરિકા કે યૂરોપમાં કોઈ ખૂની, લૂંટારા, દગાબાજી કરનારાની વાત વાંચીએ તે વખતે તેના તરફ ઉપેક્ષા જ શક્ય છે; અને પાપના પ્રકારો તો એટલા છે કે તેના પ્રાણીના ભેદો કરતાં પણ વધારે ભેદો કલ્પી શકાય. આ સર્વના સંબંધમાં આપણે શું કરી શકીએ ? નકામી એવી વાતની ચર્ચા કરી મનને બગાડવામાં લાભ નથી. આવી સમજણ નિત્ય આચારમાં ઊતરે એ આ ભાવનાનો ઉદ્દેશ છે.

આ ભાવના અને મુદિતા–પ્રમોદભાવના અનુક્રમે પાપ અને પુણ્યસંબંધી વિચારણા કરે છે. પ્રમોદમાં પુણ્ય તરફ પ્રશંસા થાય છે ત્યારે આ ઉપેક્ષાભાવનામાં પાપ તરફ ઉદાસીનભાવ થાય છે. આ બન્ને ભાવનાના સંબંધમાં પ્રો. કણીઆ પાતંજલ યોગદર્શનમાં લખે છે કે–અન્ય ભાવનામાં મુદિતા તથા ઉપેક્ષા છે. મુદિતા એટલે પ્રીતિ અને ઉપેક્ષા એટલે ઉદાસીનપણું. પુણ્ય કરનાર જનો વિષે પ્રીતિની ભાવના તથા પાપી વિષે ઉદાસીનવૃત્તિ સાધકે રાખવી. પ્રાયઃ લોકો પુણ્યના ફળની ઇચ્છા રાખે છે છતાં પુણ્ય કરતા નથી અને પાપના ફળની અનિચ્છા છતાં પાપ કરે છે, તેથી પાછળથી 'મેં કેમ પુણ્ય ન કર્યું', મેં શાથી પાપ કર્યું' એ પ્રકારનો પશ્ચાત્તાપ થાય છે. એ પ્રકારનો પશ્ચાત્તાપ કરવાનો વખત આ બે ભાવનાથી આવતો નથી કારણ કે જે સાધકની લોકો વિષે પુણ્યાત્મા તરીકે પ્રસિદ્ધિ થાય છે તે માણસની સ્વભાવથી જ પુણ્ય વિષે પ્રીતિ થવાની, તેથી અનેક વિઘ્નો વચ્ચે પણ અડગ રહી તે ભૂલ્યા વિના પુણ્ય કરવાનો. તથા પાપી વિષે થતી ઉપેક્ષાબુદ્ધિથી સ્વાભાવિક રીતે જ પાપથી દૂર રહીને ચાલવાનો. પાપી વિષે યોગના સાધકે દ્વેષ ન કરવો પણ માત્ર ઉદાસીનવૃત્તિ ચાલુ રાખવી, એ પણ આ ભાવનાનો ધ્વનિ છે." (પૃ. ૧૧૨)

આ ટાંચણમાં એક નવું દૃષ્ટિબિન્દુ છે. ઉદાસીનભાવ કેળવનાર સ્વભાવતઃ પાપ-માર્ગે જઈ શકતો નથી અને આ લાભ પણ ઘણો મોટો છે. મનમાં ગમે તે હેતુ ધારીને ઉદાસીનવૃત્તિ કેળવવાની જરૂર છે.

આ ચારે યોગભાવનાને અંગે માનસશાસ્ત્રનો ખૂબ અભ્યાસ કરવાની જરૂર રહે છે. મનનું કાર્ય કેવી રીતે થાય છે, વૃત્તિ કેમ ઉદ્ભવે છે, એની વાસના કેવી રીતે રહે છે અને એને કબજામાં લાવવા કેવા પ્રયત્ન કરવા પડે છે એ સર્વનો હિસાબ આ ચારે ભાવનામાં સારી રીતે થાય છે.

ચારે ભાવનાથી આત્માની ભૂમિકા ખૂબ ઊંચી થાય છે. એ ભાવના ભાવતાં ચિત્તમળ દૂર થાય છે અને વ્યવહારની ચાલુ શ્રેણીથી ઊંચે ઉહ્યન કરવાનું આંતર-સામર્થ્ય પ્રાપ્ત થાય છે. જ્યાં પ્રાણીને પોતાના સ્થાનનો ખ્યાલ થવા માંડે, અનંત વિશ્વમાં પોતાની લઘુતા જણાય, જ્યાં વિચારણાનું ક્ષેત્ર વિસ્તારવાળું બનતું જાય ત્યાં પછી એ નજીવી બાબતોમાં પડતો નથી અને ઉચ્ચગ્રાહી આત્મા ઉચ્ચ આદર્શ તરફ પ્રયાણ કરતો જાય છે. એને વિજ્ઞાનપદ્ધતિએ રચાયેલા માર્ગે ચાલવાનું મન થાય છે અને એનું સાધ્ય તરફ પ્રયાણ સ્પષ્ટ હોય છે.

પ્રયાણના માર્ગો સર્વના જુદા જુદા હોય, પણ સાધ્ય તો સર્વનું એક હોય છે : અનંત-અવિનશ્વર સુખ પ્રાપ્તિ અને દુઃખનો હંમેશને માટે ત્યાગ. માર્ગનો આખો નકશો વિશિષ્ટ યોગગ્રંથોમાં બતાવ્યો છે અને ત્યાં પસંદગી માટે અવકાશ પણ પૂરતો આપવામાં આવ્યો છે.

ઉદાસીનભાવ પીયૂષનો સાર છે, ખૂબ આનંદમાં લય કરી દે તેવો અને ચાલુ વ્યવહા-રમાં ભાત પાડે તેવો છે. એ ભાવ વર્તે ત્યારે અંતરમાંથી રાગ-દ્વેષ નાશ પામતા જાય છે અને વૃત્તિઓ પર કાબૂ આવે છે. યોગીરાજ આનંદઘનજી **'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું'** એ નાના સૂત્રને જે મહત્ત્વ આપે છે તેનો ઉદ્દેશ આ ભાવને ખીલવવાનો છે. મન એક વખત કાબૂમાં આવી જાય એટલે સર્વ પ્રકારનો આનંદ સર્વ સંયોગોમાં વર્તે છે.

આવી રીતે આ ચાર યોગભાવનાઓ ધર્મધ્યાનની સાથે અનુસંધાન કરાવનાર છે. એનાથી આત્મનિશ્ચય થાય છે, વિષય તરફના મોહનો વિલય થઈ જાય છે, યોગચિંતા સ્થિર થાય છે, મોહનિદ્રા ઊડી જાય છે અને છેવટે એનું આત્મતેજ એટલું વધી જાય છે કે આ સંસારમાં એ મુક્તના જેવી સ્થિતિ અનુભવે છે.

અહીં આ અત્યંત વિશિષ્ટ ભાવનાનો વિષય ઉપાધ્યાયજી પૂરો કરે છે. પ્રશસ્તિમાં પ્રસ્તુત હકીકત રજૂ થશે. આ ચોથી ભાવનાથી ભાવિત ચેતન યોગમાર્ગે પ્રગતિ કરો એટલું ઇચ્છી અત્ર વિરમીએ.

इति माध्यस्थ्यं. १६

प्रशस्ति

स्रग्धरा

एवं सद्भावनाभिः सुरभितहृदयाः संशयातीतगीतो-
न्नीतस्फीतात्मतत्त्वास्त्वरितमपसरन्मोहनिद्राममत्वाः ।
गत्वा सत्त्वाऽममत्वातिशयमनुपमां चक्रिशक्राधिकानां,
सौख्यानां मंक्षु लक्ष्मीं परिचितविनयाः स्फारकार्चिं श्रयन्ते ॥ १ ॥

दुर्ध्यानप्रेतपीडा प्रभवति न मनाक्काचिदद्वन्द्वसौख्य-
स्फातिः प्रीणाति चित्तं प्रसरति परितः सौख्यसौहित्यसिन्धुः ।
क्षीयन्ते रागरोषप्रभृतिरिपुभटाः सिद्धिसाम्राज्यलक्ष्मीः,
स्याद्वश्या यन्महिम्ना विनयशुचिधियो भावनास्ताः श्रयध्वम् ॥ २ ॥

पथ्यावृत्तम्

श्रीहीरविजयसूरीश्वरशिष्यौ सोदरावभूतां द्वौ ।
श्रीसोमविजयवाचकवाचकवरकीर्तिविजयाख्यौ ॥ ३ ॥

---

१. **संशयातीत** સંશયરહિત; શંકા વગરનું **गीत** well sung; સારી રીતે કીર્તન કરાયેલું; પ્રશંસા પામેલું. **उन्नीत** ઊંચે ચઢેલું; મહત્ત્વ પામેલું. **स्फीत** ગુણસમૃદ્ધ. **अपसरन्** દૂર થતાં. **सत्त्वा** સત્ત્વવંત પ્રાણીઓ. **अममत्वातिशय** નિર્મમત્વસ્વભાવપ્રકર્ષ. **मंक्षु** શીઘ્ર; જલદી. **परिचितविनया** વિનયના–વિનીત ભાવના પરિચયવાળા. **स्फार** વિશાળ.

२. **प्रेत** પિશાચ. **प्रभवति** જોર કરે છે. **मनाक्** જરા પણ. **काचिद्** કોઈ અનિર્વચનીય; અપૂર્વ. **अद्वन्द्व** અદ્વિતીય. **स्फाति** વૃદ્ધિ; growth. **परितः** ચારે તરફ. **सौहित्य** તૃપ્તિ; satiety; satisfaction. **सिन्धुः** સમુદ્ર; દરિયો. **रोष** દ્વેષ. **रिपुभटा** દુશ્મનના લડવૈયા. **साम्राज्य** એકછત્ર રાજ્ય. **वश्या** સ્વાધીન. **श्रयध्वम्** ભજો; સેવો; આશ્રય કરો.

३. **सोदरौ** ભાઈઓ. **वाचक** ઉપાધ્યાય.

गीति

तत्र श्री कीर्तिविजयवाचकशिष्योपाध्यायविनयविजयेन ।
शान्तसुधारसनामा संदृष्टो(ब्धो) भावनाप्रबन्धोऽयम् ॥ ४ ॥
शिखिनयनसिन्धुशशिमितवर्षे हर्षेण गन्धपुरनगरे ।
श्रीविजयप्रभसूरिप्रभावतो यत्न एष सफलोऽभूत् ॥ ५ ॥

उपजाति

यथा विधुः षोडशभिः कलाभिः सम्पूर्णतामेत्य जगत्पुनीते ।
ग्रन्थस्तथा षोडशभिः प्रकाशैरयं समग्रैः शिवमातनोतु ॥ ६ ॥

इन्द्रवज्रा

यावज्जगत्येष सहस्रभानुः पीयूषभानुश्च सदोदयेते ।
तावत्सतामेतदपि प्रमोदं, ज्योतिःस्फुरद्वाङ्मयमातनोतु ॥ ७ ॥

---

૪. **सन्दृष्टो** બનાવ્યો; અસલ અર્થ : અવલોકયો–જોયો. ભાવાર્થ : તૈયાર કર્યો. **प्रबन्ध** ગ્રંથ; સાહિત્યરચના.

૫. **शिखि** અગ્નિ; ત્રણની સંજ્ઞા. **नयन** આંખ; બેની સંજ્ઞા. **सिन्धु** સમુદ્ર; સાતની સંજ્ઞા. **शशि** ચંદ્ર; એકની સંજ્ઞા.

૬. **विधुः** ચંદ્ર. **पुनीते** પ્રકાશ કરે છે; આનંદ પમાડે છે. **शिवं** મોક્ષ; કલ્યાણપરંપરા. **आतनोतु** વિસ્તારો.

૭. **सहस्रभानु** હજાર કિરણવાળો સૂર્ય. **पीयूषभानु** અમૃતરશ્મિ; ચંદ્ર. **उदयेते** પ્રકાશ પામે છે; ઉદય થાય છે. **प्रमोदं** આનંદ. **ज्योतिःस्फुरद्** જ્યોતિને ફેલાવતું. **वाङ्मय** શાસ્ત્ર. **आतनोतु** વિસ્તારો, ફેલાવો.

૧. એવી રીતે અતિ સુંદર ભાવનાઓ વડે સુગંધિત થયેલા હૃદયવાળા પ્રાણીઓ– જેમનું આત્મતત્ત્વ સંશયરહિત હોઈ યોગ્ય પ્રશંસા અને મહત્ત્વને પામેલ છે તથા જે (આત્મતત્ત્વ) ગુણસમૃદ્ધ છે એવા વિશિષ્ટ આત્મતત્ત્વવાળા પ્રાણીઓ – મોહ-નિદ્રા અને મમત્વ દૂર કરી દઈને અને વિનયગુણનો સારી રીતે પરિચય કરીને ખરા સત્ત્વવંત થઈ, નિર્મમત્વભાવનો પ્રકર્ષ પામીને, મોટા ચક્રવર્તી અને દેવોના પતિ ઇંદ્રથી પણ અધિક એવી પ્રાણીઓના સુખોની અનુપમ લક્ષ્મીને અને અતિ વિશાળ કીર્તિને શીઘ્ર પામે છે.

૨. જે ભાવનાના મહિમા–પ્રભાવથી, અપધ્યાનરૂપ પિશાચોની પીડા જરા પણ જોર પકડી શકતી નથી, જેના મહિમાથી કોઈ અનિર્વચનીય અદ્વિતીય સુખભાવની વૃદ્ધિ ચિત્તને પ્રસન્ન કરે છે અને જેના પ્રભાવથી સુખની તૃપ્તિનો દરિયો ચારે બાજુએ ફેલાઈ જાય છે અને જેને લઈને રાગ–રોષ વગેરે શત્રુસૈન્યના લડવૈયાઓ ક્ષય પામી જાય છે તથા એકછત્ર મોક્ષના રાજ્યરૂપ આત્મઋદ્ધિ સ્વાધીન થાય છે તે ભાવનાઓને તમે વિનયથી પવિત્ર થયેલી બુદ્ધિવાળા થઈને સેવો–ભાવો.

૩. શ્રી હીરવિજયસૂરીશ્વરના બે શિષ્યો થયા તે (સાંસારિકપણે પણ) ભાઈઓ હતા : શ્રી સોમવિજય વાચક અને શ્રી કીર્તિવિજય વાચકવર.

૪. તેઓ પૈકી શ્રી કીર્તિવિજય વાચકના શિષ્ય ઉપાધ્યાય **વિનયવિજયે** આ ભાવના-સંબંધી રચનાવાળો **શાંતસુધારસ** નામનો ગ્રંથ વિચાર્યો–અવલોકયો (બનાવ્યો).

૫. સંવત્ ૧૭૨૩માં શ્રી **ગન્ધપુર** (ગાંધાર) નગરમાં શ્રી વિજયપ્રભસૂરિના પ્રસાદથી અત્યંત હર્ષ સાથે આ યત્ન સફળ થયો – ગ્રંથ પૂરો થયો.

૬. જેવી રીતે ચંદ્ર પોતાની સોળ કળાથી પરિપૂર્ણતા પામીને જગતને આનંદ આપે છે – પ્રકાશ આપે છે તેવી જ રીતે આ ગ્રંથ સર્વ મળીને સોળ પ્રકાશ (પ્રકરણો) વડે કલ્યાણને વિસ્તારો.

૭. જ્યાં સુધી આ જગતમાં હજાર કિરણોવાળો સૂર્ય અને અમૃત કિરણવાળો ચંદ્ર પ્રકાશ કરે ત્યાંસુધી સદા જ્યોતિને સ્ફુરાવતું આ વાઙ્મય (શાસ્ત્ર) સજ્જન પુરુષને આનંદ આપો.

પ્રશસ્તિપરિચય

૧. આ શ્લોકમાં ભાવનાનું ફળ સામાન્ય રીતે બતાવે છે. મુખ્ય કેન્દ્રસ્થ વિચાર એ છે કે ભાવનાભાવિત પ્રાણીઓ લક્ષ્મી અને કીર્તિ પ્રાપ્ત કરે છે. એ પ્રાપ્ત કરવાની લક્ષ્મી કેવા પ્રકારની હોય તેના વિવેચનમાં જણાવે છે કે આ દુનિયામાં ચક્રવર્તીની લક્ષ્મી અને દેવ-લોકમાં ઇન્દ્રની લક્ષ્મી સર્વોત્કૃષ્ટ ગણાય છે. તેનાથી વધારે લક્ષ્મી કઈ હોઇ શકે તે શોધી કાઢવું. એ લક્ષ્મી તે મોહલક્ષ્મી છે; ભાવનાભાવિત પ્રાણીઓ તે મોક્ષસંપત્તિ પ્રાપ્ત કરે છે.

ચક્રવર્તીની લક્ષ્મી ઐહિક છે અને ઇંદ્રની પણ તે ભવ પૂરતી છે, તેથી અધિક લક્ષ્મી અંતરલક્ષ્મી છે. તે સિદ્ધદશામાં મળે છે. એવા આંતરસુખનું વર્ણન અશક્ય છે. આ મહાન લક્ષ્મી સદ્ભાવનાશાળી પ્રાણીઓ મેળવે છે.

તેવા પ્રાણીઓને વિસ્તૃત કીર્તિ પણ મળે છે. એવા ભાવનાશીલ પ્રાણીઓને કીર્તિની દરકાર હોતી નથી, પણ આંતર સામ્રાજ્યનું એ વિશિષ્ટ પરિણામ છે અને વણમાગ્યું મળી જાય છે.

એવા ભાવનાશીલ પ્રાણીઓ કેવા હોય છે તેનું વર્ણન જરા વિચારવા જેવું છે અને લક્ષ્મી તથા કીર્તિ કોને મળે છે તેનો ઊંડો અભ્યાસ કરવા જેવો છે. તે ભાવના-ભાવિત સાધકનું ચિત્ર જોઈએ :—

(ક) પ્રથમ તો સદ્ભાવનાશીલ પ્રાણીઓનું હૃદય ભાવનાથી સુગંધિત થયેલું હોય છે. ઈર્ષ્યા, અસૂયા, કષાય કે કોઈ પણ પ્રકારની કલેશવૃત્તિ વગરનું ચિત્ત હોય તે સુગંધી ચિત્ત કહેવાય છે. એ પોતે સુગંધમય હોય છે અને વાતાવરણમાં સુગંધને ફેલાવે છે. જેના ચિત્તમાં એક ભાવના જામે તે પણ કૃતકૃત્ય થઈ જાય તો પછી અનિત્યાદિ વિવિધ ભાવના-ઓથી ભરેલા પ્રાણીનું ચિત્ત કેટલી સુવાસથી ભરપૂર હોય તેને વર્ણવવાની ભાગ્યે જ જરૂર હોય.

(ખ) એવા પ્રાણીઓને વિનયગુણનો સારી રીતે પરિચય થયેલો હોય છે. વિનય-ગુણ વગર ભાવનાજ્ઞાન પ્રાપ્ત થતું નથી. વિનેય એટલે આજ્ઞાંકિત શિષ્ય. યોગપ્રગતિ કે ભાવનાપ્રગતિમાં ગુરુપારતંત્ર્ય અને ગુરુમાર્ગદર્શનની ખાસ અગત્ય છે. ભાવનાશીલ પુરુષ મહાત્મા યોગીઓના ચરણની ઉપાસના કરી, વિનયગુણ વડે તેમનો પ્રસન્નતા પ્રાપ્ત કરી આત્મ-પ્રગતિ સાધે છે.

(ગ) એવા પ્રાણીનું આત્મતત્ત્વ ખૂબ વિકાસ પામેલું હોય છે, એને માટે ચાર યોગ્ય વિશેષણો વાપર્યાં છે તે પ્રત્યેક વિચારવા યોગ્ય છે. આત્મતત્ત્વ એટલે ચેતનરામ, આત્મા. જેને માટે આ સર્વ તૈયારી છે તે અંદર બેઠેલા ચેતનજી એ ચાર વિશેષણથી વિશિષ્ટ હોય છે.

એ આત્મતત્ત્વ 'સંશયાતીત' હોય છે. સંસારમાં વિકલ્પનો પાર હોતો નથી અને સંશય હોય ત્યાંસુધી સિદ્ધિ થતી નથી. संशयात्मा विनश्यति । એ આત્મા શંકા કે આકાંક્ષાથી રહિત શુદ્ધ નિશ્ચયવાળો હોય છે, એ મેરુ પેરે નિષ્કંપ હોય છે અને સ્પષ્ટ નિર્ણયવાળો હોય છે.

એ આત્મતત્ત્વ 'ગીત હોય છે, એટલે પ્રશંસા પામેલ હોય છે. કેવા પ્રકારના આત્મતત્ત્વની (પ્રશંસા સમુત્કીર્તન) થાય તે પ્રશ્ન સ્વાભાવિક છે. જે મળથી રહિત થતો જતો હોય તે આત્મા તેટલે અંશે સમુત્કીર્તનને યોગ્ય છે. તદ્દન વિશુદ્ધ આત્મતત્ત્વ પ્રાપ્ત થવાના કાંઠા પર બેઠેલાનું આત્મતત્ત્વ પ્રશંસાયોગ્ય કહેવાય.

એ આત્મતત્ત્વ 'ઉન્નીત' હોય. ઊંચે લઈ જનાર–મહત્ત્વના સ્થાનને માર્ગે ચઢી જનાર આ આત્મતત્ત્વ વિશુદ્ધિને માર્ગે પ્રગતિ કરનાર હોય. ગીતમાં બાહ્ય પ્રશંસાનો સવાલ આવે છે અને ઉન્નતિમાં આત્મતત્ત્વની પોતાની પ્રગતિનો પ્રસંગ પ્રાપ્ત થાય છે.

વળી એ આત્મતત્ત્વ 'સ્ફીત' હોય છે એટલે એ ગુણસમૃદ્ધ હોય છે. આત્મતત્ત્વના ગુણો કેટલા છે તે આ સ્થાને જણાવવાની જરૂર ન જ હોય. એના અનેક ગુણો ઓછા-વધતા પણ એટલા પ્રમાણમાં તેનામાં વિકાસ પામેલા હોય છે કે એને 'સમૃદ્ધ' કહી શકાય.

(ઘ) એવા પ્રાણીઓ મોહનિદ્રા અને મમત્વને દૂર કરનારા હોય છે. આ બહુ વિશિષ્ટ ગુણ છે. ખાસ વિચારવા યોગ્ય વિશેષણ છે. મોહ એટલે અનાદિ અજ્ઞાન. આ પ્રાણીને સંસાર સાથે જોડનાર અજ્ઞાન–અવિદ્યા ભયંકર છે. એના પરિણામે એ સાચા-ખોટાને ઓળખી શકતો નથી. અનાદિ અજ્ઞાન એ ખાસ દૂર કરવા યોગ્ય વસ્તુ છે. આ અજ્ઞાન જાય ત્યારે પ્રાણીને સત્યજ્ઞાન થાય છે.

ત્યાર પછી નિદ્રા મહા-દુઃખદાયી છે. નિદ્રા એટલે પ્રમાદ. પ્રમાદથી પ્રાણી સંસાર-યુક્ત રહે છે. એને પ્રગતિ કરવાની પ્રેરણા જ થતી નથી. એ જેમ હોય તેમ પડ્યો રહે છે. આ પ્રમાદભાવ ઉક્ત સત્ત્વવંત પ્રાણીને દૂર થતો જાય છે.

અજ્ઞાન જાય અને પ્રમાદ દૂર થાય તો પણ મારા–તારાના મમત્વરૂપ અનાદિ સંસ્કાર છૂટતો નથી. સંસારમાં રખડાવનાર આ મમત્વ પણ ખૂબ આકરું છે. તે આપણે પ્રત્યેક ભાવનાના વિવેચનમાં જોઈ ગયા છીએ.

એ મોહ, પ્રમાદ અને મમત્વના નાશથી ખૂબ પ્રગતિ થાય છે, એ પ્રાણી તેને દૂર ફેંકી દે છે. એ ફરી વખત આવે નહિ અને સત્તામાં પણ રહે નહિ એવી રીતે એના ઉપર સામ્રાજ્ય મેળવતો જાય છે.

(ઙ) એવો પ્રાણી પછી સત્ત્વવંત થાય છે, એને પોતાની જાત પર કાબૂ અને વિશ્વાસ આવે છે અને પછી તે 'અમમત્વાશ્રયત્વ' પ્રાપ્ત કરે છે, એટલે એ નિર્મમત્વ-ભાવનો પ્રકર્ષ પ્રાપ્ત કરે છે.

ઉપરના વિશેષણમાં તો એ મમત્વને દૂર કરે છે એમ કહ્યું છે; પણ એટલાથી એનો પૂરો પત્તો લાગતો નથી. પૂરી પ્રગતિ કરવા માટે એણે નિર્મમત્વભાવનો પ્રકર્ષ પ્રાપ્ત કરવો પડે છે. એટલે એનામાં મમત્વભાવનું અપસરણ હોય તે ઉપરાંત નિર્મમત્વ-નિર્મોહિત્વનો પ્રકર્ષ એનામાં રાજમાન થવો ઘટે.

આવો પ્રાણી અનુપમ લક્ષ્મી અને કીર્તન પામે છે. એ આત્મઋદ્ધિ(લક્ષ્મી)ને ઉપમા આપી શકાય તેવો કોઈ શબ્દ આ દુનિયામાં વિદ્યમાન નથી. એ અનિર્વચનીય છે, અનુપમેય છે અને માત્ર અનુભવગમ્ય છે.

વિનયથી પવિત્ર થયેલી બુદ્ધિવાળા થઈને તમે એ ભાવનાઓ ભાવો. વિનયનો મહિમા ઉપર બતાવ્યો છે. એ ભાવના એટલે બાર અને ચાર મળીને ઉપર વર્ણવેલી સોળ ભાવના. એ ભાવનાનો મહિમા કેવો છે તેનું સંક્ષિપ્ત વર્ણન વિચારો.

ક. એ ભાવનાના પ્રભાવથી અપધ્યાનોની પીડા થતી નથી.

અપધ્યાન અથવા દુર્ધ્યાન એટલે આર્ત-રૌદ્રધ્યાન. એ ખરેખર પીડા કરનારાં છે, એ દુર્ધ્યાન થાય ત્યારે પાર વગરની માનસિક વ્યથા કરનાર છે અને જૂના વખતમાં ભોળા માણસોને ભૂત-પ્રેત વળગતાં તેના જેવો એ ખરેખરો વળગાડ છે. ભાવનામાં એટલું બળ છે કે એ કોઈ પ્રકારના દુર્ધ્યાનને થવા જ દેતી નથી, એટલે પછી એ દુર્ધ્યાનની પીડા ઉદ્ભવતી જ નથી. આ અસાધારણ લાભ છે. યોગગ્રંથમાં તો આ અપધ્યાનના વિષય પર અનેક પ્રકરણો લખાયાં છે; તે ખૂબ સમજવા યોગ્ય છે.

ખ. એ ભાવનાઓના પ્રભાવથી કોઈ અનિર્વચનીય અદ્વિતીય સુખ-ભાવની વૃદ્ધિ ચિત્તને પ્રસન્ન કરે છે.

એ ભાવના ભાવતાં જે સુખ થાય છે તે વર્ણન કરી શકાય તેવું નથી; કોઈ અચિંત્ય અનનુભૂત, અપૂર્વ સુખ તેથી પ્રાપ્ત થાય છે અને એવું સુખ ચિત્તને પ્રસન્ન કરે છે. એ તો શાંત પ્રદેશમાં બેસી અનિત્ય કે મૈત્રીભાવના ભાવી હોય અને આ સુખનો અંતઃસ્પર્શ થયો હોય તો જ તેનો ખ્યાલ આવે. બાકી સાકરની મીઠાશ કયા શબ્દોમાં વર્ણવી શકાય ? એ તો સાકર ખાવામાં આવે તો જ સમજાય. ભાવનાથી થતી ચિત્ત-પ્રસન્નતા અનુભવ જ સમજાવે. અત્ર વર્ણનમાં તો માત્ર તેનું રૂપક આપી શકાય. એનું રૂપક પણ બરાબર પ્રાપ્ત થતું નથી. કર્તા 'કોઈ' એવા શબ્દથી કલ્પના કરવાની પ્રેરણા કરે છે. આ અદ્વિતીય ચિત્તપ્રસન્નતા ભાવનાના પ્રભાવથી પ્રાપ્ત થાય છે.

ગ. ભાવનાના પ્રભાવથી સુખતૃપ્તિનો દરિયો ચારે તરફ રેલાઈ જાય છે. ભાવનાનું સુખ ચારે તરફ, દિશાઓમાં અને વિદિશાઓમાં ફેલાઈ જાય છે. ભાવનાથી સુખની તૃપ્તિ થાય છે; એથી ચિત્ત ધરાઈ જાય છે, એનો વિસ્તાર દરિયા જેટલો વધી જાય છે, તેનો ચારે તરફ પ્રસાર થાય છે. ભાવનાનું વાતાવરણ ચારે તરફ કેવા ઉજ્જવળ, શાંત, સુખી, પ્રકાશમય દિગંત કરી દે છે તે વર્ણવવાની ભાગ્યે જ જરૂર હોય.

ઘ. ભાવનાના મહિમાથી રાગ-રોષ વગેરે શત્રુસૈન્યના લડવૈયાઓ ક્ષય પામી જાય છે. અંતરમાં બે પ્રકારનાં યુદ્ધો ચાલતાં જ હોય છે : એક બાજુએ ચારિત્રરાજનું લશ્કર અને બીજી બાજુએ વૃદ્ધ મહા-મોહરાયનું લશ્કર. એનું અનાદિ યુદ્ધ ચાલતું હોય છે. મોહરાય પોતાના બે પુત્રો-રાગકેસરી અને દ્વેષગજેન્દ્ર(રાગ ને રોષ)ને પોતાનું લશ્કર સોંપે છે પણ જરૂર પડે તો ઘરડે ઘડપણે બે હાથમાં બે તરવાર લઈ વૃદ્ધ મોહરાજ પોતે પણ ઊતરી પડે છે. એના કષાય, નોકષાય આદિ અનેક લડવૈયાઓ-સૈનિકો છે. ભાવનાના મહિમાથી આ સર્વ લડવૈયાઓ પ્રથમ નાસભાગ કરે છે, પછી છુપાઈ જાય છે અને ભાવનાનું બળ વધી જાય તો અંતે ક્ષય પામી ખલાસ થઈ જાય છે. અન્યત્ર આ યુદ્ધનું વર્ણન થઈ ગયું છે.

ङ. એ ભાવનાઓના મહિમાથી એકછત્ર મોક્ષસામ્રાજ્યરૂપ આત્મઋદ્ધિ સ્વાધીન થાય છે.

આ આત્મઋદ્ધિનો કે સામ્રાજ્યનો પરિચય કરાવવો હવે બાકી રહેતો નથી.

આવી ભાવનાઓને તમે ભાવો-સેવો-આદરો. એમાં કોઈ વાત બાકી રહેતી નથી. દુર્ધ્યાનની નાની વાતથી માંડીને તેને દૂર કરવાથી આદરેલી શ્રેણી અંતે આત્મઋદ્ધિ ઘેર લાવીને સિદ્ધિસામ્રાજ્યલક્ષ્મી અપાવે છે. આથી વધારે શું જોઈએ ?

૩. શ્રીહીરવિજયસૂરિ સોળમી સદીમાં થયા. તેમના જીવનવૃત્ત માટે જુઓ શ્રીહીર-સૌભાગ્ય કાવ્ય. એમનો જન્મ વિક્રમ સંવત્ ૧૫૮૩ (વીર સંવત ૨૦૫૩), દીક્ષા વિ. સં. ૧૫૬૬, આચાર્યપદ વિ. સં. ૧૬૧૦, સ્વર્ગગમન વિ. સં. ૧૬૫૨. એમણે પાદશાહ અકબરને જૈન તત્ત્વજ્ઞાન સંબંધી માહિતી આપી હતી.

એમના સંબંધી શ્રીવિદ્યાવિજયજીનો 'સૂરીશ્વર અને સમ્રાટ્' ગ્રંથ વાંચવા યોગ્ય છે. તેઓ તપોગચ્છની પટમી પાટે ગચ્છાધિપતિ થયા છે.

એમને બે શિષ્યો હતા : શ્રીસોમવિજય વાચક અને શ્રીકીર્તિવિજય વાચક. વાચક એટલે ઉપાધ્યાય. આ બન્ને સંસારીપણે પણ ભાઈઓ હતા, એક મા-બાપના પુત્રો હતા એમ આ શ્લોકથી જણાય છે.

૪. એ પૈકી શ્રીકીર્તિવિજય ઉપાધ્યાયના શિષ્ય શ્રીવિનયવિજય ઉપાધ્યાયે આ **શાંતસુધારસ** ગ્રંથ બનાવ્યો, રચ્યો.

મૂળમાં 'संदृष्टो' એમ લખ્યું છે તેનો અર્થ 'વિચાર્યો', 'અવલોકયો' એમ થાય છે. આ શબ્દ લેખકમહાત્માની નમ્રતા સૂચવે છે.

૫. પુસ્તકલેખનની સાલ અંકના ઊલટા ક્રમમાં આપવાનો રિવાજ પ્રચલિત છે. પિંગળમાં પણ બે અંક થાય ત્યારથી તેની ગતિ વામ કરવાનું જણાવેલ છે.

એ સંજ્ઞાજ્ઞાન માટે એકાક્ષરી કોશ જોવો.

અહીં જે ચાર સંજ્ઞા આપી છે તે અનુક્રમે નીચે પ્રમાણે છે :

શિખી (અગ્નિ)	૩;	નયન (આંખ)	૨
સિન્ધુ (સમુદ્ર)	૭;	શશી (ચંદ્ર)	૧

એ અંકોને ઉપરના નિયમે ઉલટાવતાં વિક્રમ સંવત્ સત્તરશેં ને ત્રેવીશ (૧૭૨૩) પ્રાપ્ત થાય છે.

આ ગ્રંથ ગંધપુર નગરમાં પૂરો થયેલ છે. એ ગંધપુર તે ગાંધાર જંબુસર પાસે છે તે સંભવે છે. ત્યાં અત્યારે જૈન વસ્તીનું નામ નથી. અઢારમા સૈકામાં એની જાહોજલાલી કેવી હતી તે પર વિવેચન શ્રીવિનયવિજયજીના જીવનવૃત્તમાં જોવામાં આવશે.

આ ગ્રંથ પૂરો થયો ત્યારે તપગચ્છના મુખ્ય આચાર્ય શ્રીવિજયપ્રભસૂરિ હતા. એમનો જન્મ વિ. સં. ૧૬૭૫, દીક્ષા સં. ૧૬૮૯, આચાર્યપદ સં. ૧૭૧૩, સ્વર્ગગમન સં ૧૭૪૯. તે સમયે જૈન સમાજની દશા કેવી હતી અને ભારતની રાજકીયાદિ પરિસ્થિતિ કેવી હતી તે માટે જુઓ એમનું જીવનવૃત્ત.

૬. આ ગ્રંથના સોળ પ્રકાશ (પ્રકરણો) પાડવામાં આવ્યાં છે. પ્રત્યેકમાં એક એક ભાવના ગાઈ છે.

૭. પ્રાંતે શુભ ઇચ્છાપૂર્વક આશીર્વચન છે.

इति प्रशस्तिपरिचय

ઇતિશ્રી
વિનયવિજયોપાધ્યાયવિરચિત
'શાન્ત-સુધારસ ગ્રંથ
વિવેચનસહિત
સંપૂર્ણ

